વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૦૯ છૂટક નકલ રૂા. ૧૦/-

✶✶✶ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✶✶✶

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૫ વીર સંવત : ૨૫૩૫ પોષ વદ – તિથિ – ૬

## જિન-વચન

### સંયમ-ધર્મ અને સિદ્ધપદ

चउरंगं दुल्लहं मत्ता संजमं पडिवज्जिया ।
तवसा धुयकम्मंसे सिद्धे हवइ सासए ।।

–उत्तराध्ययन–३-२०

ચાર અંગો (મનુષ્યજન્મ, શાસ્ત્રશ્રવણ, ધર્મમાં શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ) દુર્લભ જાણીને જીવ સંયમધર્મનો સ્વીકાર કરે છે અને તપ દ્વારા કર્મોનો નાશ કરીને શાશ્વત સિદ્ધપદને પામે છે.

चार अंगों (मनुष्यजन्म, शास्त्रश्रवण, धर्म में श्रद्धा और संयम में पुरुषार्थ) को दुर्लभ समझ कर जीव संयम का स्वीकार करता है । फिर तपस्या द्वारा सभी कर्मों को नष्ट कर जीव शाश्वत सिद्धपद प्राप्त करता है ।

Realizing that four things (viz human birth, listening to scriptures, faith in religion and strength to practise self-control) are difficult to obtain, one who observes self-control and destroys all the past Karmas through penance, becomes Siddha for ever.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

## ગાંધી ગંગા

### નાગનો ચમત્કાર

સાબરમતી આશ્રમમાં સાંજની પ્રાર્થના પૂરી થઈ છે. કિનારાને ઘસાઈને સાબરમતીના નીર ખળખળ વહી રહ્યાં છે. આકાશમાં વસંતની પૂર્ણિમા ખીલી છે.

પ્રાર્થના પછી એક બિછાનામાં તકિયા પર જમણા હાથનો ટેકો રાખી ગાંધીજી આડા પડ્યા છે. તેઓ ઉઘાડે શરીરે છે. ઠંડી લાગશે એમ માની બા એમને એક ચાદર ચોવડી કરીને ઓઢાડે છે. ચાદરનો અર્ધો ભાગ પીઠ પાછળ છે.

સામે રાવજીભાઈ બેઠા છે. વાતો કરતાં રાવજીભાઈની નજર બરડા પરની સફેદ ચાદરમાં પડેલી કાળી ભાત પર જાય છે. અરે કાળો સાપ! સાપ ચાદર ઉપર થઈ ગાંધીજીના બરડા પર ચડે છે અને બીજી બાજુ ઊતરવા ડોક લંબાવે છે.

રાવજીભાઈનું ધ્યાન વાતમાંથી ખસે છે એ જોઈ–અને પોતાને પણ કાંઈક હોય એમ લાગવાથી–ગાંધીજી પૂછે છેઃ શું છે?

રાવજીભાઈનો જીવ અદ્ધર થઈ ગયો છે. ગાંધીજી હાલ્યા તો સાપ ડંખવાનો. પોતે ભયથી કંઈ બોલે તો હાજર રહેલા ભડકશે. ધીમેથી એ જવાબ આપે છે. કાંઈ નહિ, એ તો સાપ છે.

સાંભળીને બા વગેરે ચિંતાથી ઊઠે છે, પણ ગાંધીજી અને રાવજીભાઈ સ્થિર રહે છે. સાપ આગળ વધતો નથી. પણ ચાંદનીમાં ક્યાંય જતો પણ દેખાયો નહિ. પીઠ અને ચાદર વચ્ચે છુપાયો હશે? રાવજીભાઈ ધીમેથી કહે છે, બાપુજી, આપ સહેજ પણ હાલતા નહિ.

હું તો નથી હાલવાનો, પણ તમે શું કરો છો?

હું આ વાળેલી ચાદરના ચાર ખૂણા પકડીને તેને દૂર ફેંકી દઉં છું. સાપ તેમાં હશે તો ચાદર સાથે દૂર પડશે અને ચાલ્યો જશે. પણ આપ હાલશો નહિ.

હું નહિ હાલું, પણ તમે સાચવશો.

રાવજીભાઈ ચાદર ઊંચકે છે. ઠીકઠીક વજન છે. જોરથી ચાદર એ દૂર ફેંકી દે છે. સાપ ચાદરમાંથી બહાર આવે છે. રાવજીભાઈ વગેરે એને પકડે છે અને દૂર નાખી આવે છે.

છાપાંએ વાત ચગાવીઃ 'મહાત્માજીને મસ્તકે નાગે ધરેલી ફેણ.' લોકમાન્યતા છે કે નાગ મસ્તક પર ફેણ ધરે તો માણસ ચક્રવર્તી થાય. આ બધી ચમત્કારની રીતે દંતકથા ચાલી. પણ મોટામાં મોટો ચમત્કાર ગાંધીજીના ને નાગના પ્રસંગમાં એ હતો કે તેઓ શાંત ચિત્તે સ્વસ્થતાથી રૂંવાડું પણ ન ફરકે એ રીતે, જે સ્થિતિમાં પડ્યા હતા તે સ્થિતિમાં પડ્યા રહ્યા.

❑ **ઉમાશંકર જોશી**

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | ગાંધી બાપુ! દંડો લઈને હવે તો આવો! | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ભવિષ્યવાણી | ડૉ. રણજિત પટેલ | ૫ |
| (૩) | મહાત્મા ગાંધી અને પંચ મહાવ્રત | ડૉ. યોગેન્દ્ર પારેખ | ૭ |
| (૪) | મુંબઈ જૈન યુવક સંઘના ૮૦માં વર્ષમાં પદાર્પણ નિમિત્તે યોજાયો ભવ્ય સમારોહ | કેતન જાની | ૧૦ |
| (૫) | શ્રી મુ. જૈ. યુ. સંઘ : પ્રાપ્ત થયેલ અનુદાનની યાદી | ... ... ... | ૧૧ |
| (૬) | શું ગાંધીજી ભારતીય તત્ત્વજ્ઞાન જાણતા ન હતા? | પ્રા. પ્રતાપકુમાર જે. ટોલિયા | ૧૨ |
| (૭) | જયભિખ્ખુ જીવનધારા | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૮ |
| (૮) | જૂજવાં રૂપ મનનાં | શ્રી શાંતિલાલ ગઢિયા | ૨૦ |
| (૮) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૩ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૨ |
| (૧૧) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૫ |
| (૧૨) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૭ |
| (૧૩) | પંથે પંથે પાથેયઃએક અમૂલ્ય સલાહ | વિજયાલક્ષ્મી પંડિત | ૨૮ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/**–(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/**–(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/**–(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/**–(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/**–(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

❑ **મેનેજર**

- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : info@mumbai_jainyuvaksangh.com

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● ● અંક : ૧ ● ● તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૦૯ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## ગાંધી બાપુ! દંડો લઈને હવે તો આવો!

*કૃષ્ણ જન્મ કાલિંદી તટ, સોરઠ તટ હત પ્રાણ હુએ,*
*સોરઠ તટ જન્મે મોહન, કાલિંદી તટ હત પ્રાણ હુએ,*
*ગગન વિહારી ગરુડ વર્તુમ, કિસ ધરતી પર આન ચડે?*
*પક્ષ હિન કી ભૂમિ હમારી, યહાઁ કહાઁ તુમ ભૂલ પડે?*

**દુલેરાય કારાણી**
(‘ગાંધી બાવની’માંથી)

પૂ. બાપુ! તમને વિદાય કર્યાને આજે ૬૧ વર્ષના વહાણા વાઈ ચૂક્યા, તમને વદાય કર્યા પછી આ દેશે ઘણી ભૌતિક પ્રગતિ કરી છે બાપુ...

રામ ધનુષ્ય, સત્ય અને વચન પાલનને લઈને, કૃષ્ણ સુદર્શન ચક્ર અને કર્મ-કર્તવ્ય તેમજ ભક્તિનો આદર્શ લઈને, ઇસુ પ્રેમ અને ક્ષમાનો સંદેશો લઈને, મહંમદ પયગંબર સાહેબ સમાનતા, બંદગી, અને દાનનો આદર્શ લઈને, સોક્રેટીસ ડહાપણના વિચારો લઈને અને ગાંધી બાપુ તમે તો આ બધાંના સરવાળા જેવા આ ભારતની ધરતી પર પધાર્યા. આવા તો અનેક મહાપુરુષો આ ધરતી ઉપર અવતર્યા, પરંતુ કૃષ્ણને તીર, ઈશુને વધ સ્તંભ, સોક્રેટીસને ઝેરનો પ્યાલો અને તમને ગોળી...

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ડી. શાહ**
**સ્મૃતિ : સ્વ. કુમારી સ્મિતા શાહ**
**અને હર્નિશ શાહના સ્મરણાર્થે**

બાપુ! એક પ્રશ્ન પૂછું? બે અદબી માફ, તમે પૂ. બા સાથે ગીતાના સ્થિતપ્રજ્ઞ ભાવથી ચાલતા હો, પૂ. બા પણ તમારી સાથે મીઠી મીઠી વાતો કરતા હોય અને એકાએક કોઈ ગુંડો પ્રગટ થઈને અમારા એ પૂ. બાનો હાથ પકડે તો તમે પતિ પુરુષ શું કરો? તમે પેલા ગુંડાને એમ તો ન કહોને કે ‘લે ભાઈ, મારો આ દંડો લે તને તારા રક્ષણ માટે કામ આવશે.’ કે ગીતાનો સ્થિતપ્રજ્ઞ ભાવ કોરાણે મૂકી, કૃષ્ણે અર્જૂનને બાણ ચડાવવા કહ્યું હતું તેમ તમે તમારા બૌધિક જ્ઞાનની તો એસી તૈસી કરીને તમારો દંડો ગોફણની જેમ પેલા ગુંડાઓ તરફ ઘૂમાવો? સાચું બોલજો હો બાપુ, તમે તો સત્યના પૂજારી છો.

‘તમારા એક ગાલે કોઈ તમાચો મારે તો તમારો બીજો ગાલ ધરજો,’ એમ ઈશુએ કહ્યું હતું પણ બીજા ગાલે પણ પેલો ‘કોઈ’ તમાચો મારે તો શું કરવું એવી કોઈ ઈન્સ્ટ્રક્શન કે ઉપદેશ ઈશુએ આપ્યો હોય એવું કાંઈ વાંચવામાં નથી આવ્યું.

તો આજે અમારી ભારત માતાની આ આતંકવાદી-ઓએ છેડતી કરી છે, તમાચા માર્યા છે, બોલો અમે શું કરીએ? આ સંજોગોમાં પ્રજા જ્યારે ત્રસ્ત છે ત્યારે, અત્યારે અમારા દેશ નેતાઓ તો પોતાની ચર્ચા સુરક્ષા અને ટાપટીપમાં વ્યસ્ત છે. એમની ટાપટીપમાં શોભે એવા શણગાર શોધીને એ શણગાર એમને પહેરાવવા માટે આક્રોશભરી પ્રજા હવે જાગી રહી છે. આ અંદરના આતંકવાદીઓથી અમારું લોહી ગરમ થઈ રહ્યું છે. પણ ભોળા ભારતીયજનોને પોતાની મીઠી મીઠી વાણી અને ધનની વહેંચણીથી એ લોહીને ઠંડું કરવાની એ બધામાં ગજબની આવડત છે. અમારા અંદરના આતંકવાદીઓ તો નેતા–અભિનેતાનું અદ્‌ભૂત મિશ્રણ છે.

બાપુ, તમારા નામે આજના રાજકારણીઓ તરી ગયા, અને પ્રજાને ડૂબાડી દીધી. એક બે દાયકા પહેલા જેમની પાસે નોકરી પણ ન હતી એવા દેશ નેતાના સુપુત્રોના લગ્નમાં આજે કરોડોના ખર્ચ થાય છે. બાપુ, તમારા સાદાઈના પાઠ તો આજે બચારો ગરીબ અને મધ્યમ વર્ગ લાચારીથી સાચવી રહ્યો છે. તમને ખબર છે? તમારી ખાદીને તો આ બધાંએ છોડી જ નહિ પણ તરછોડી દીધી છે. અને ખાદીમાં પણ કૃત્રિમ તાંતણાની મિલાવટ સ્વીકારાઈ ગઈ છે, અને તમારી દારૂ ન પીવાની ઝૂંબેશના તો અહીં ધંધા અને વિકાસના નામે ચૂરેચૂરા ઊડી ગયા છે, એ પણ બાપુ, તમારા ગુજરાતમાં તો ખાસ. ધંધો લાવો, પાવ, પીવડાવો અને પૈસા ઉગાડો...

બાપુ, આ બધું સાંભળીને રડતા નહિ, તમારા વતી સામાન્ય અને આદર્શવાદી પ્રજા રડી રહી જ છે!

બાપુ, હવે દંડો લઈને આવો...અહિંસાના પૂજારી જૈન મંત્રીઓ સવાર સાંજ પ્રતિક્રમણ કરી દેશની રક્ષા કાજે યુદ્ધમાં જઈને તલવાર ચલાવતા હતા જ. **સ્વધર્મ કરતા સમયધર્મને વફાદાર રહેવું એ જ સાચો ધર્મ છે.**

બાપુ, બસો વર્ષોના શાસક અંગ્રેજોને તમે અહિંસાના શસ્ત્રોથી હંફાવ્યા, હરાવ્યા અને એમને રવાના કર્યા, પણ આજે અમે તમારી સાથે શરત લગાડીએ છીએ કે તમારા આ દેશવાસીઓની આવી છેડતી–પરિસ્થિતિ જોઈને ગુસ્સે થઈને તમે જો તમારો દંડો લઈને આવો તો વર્તમાન દેશ નેતાઓ અને અમલદારો તમને ગાંઠવાના નથી, તમે એમને મહાત નહિ કરી શકો, સમજાવી નહિ શકો, વિષકન્યાને ઝેર કે કોઈ ઔષધ આપવાથી એ મરતી નથી એવા આ રીઢા બૌધિકો ક્યાંક તમને કોઈ કાયદાની જાળમાં એવા 'ફીટ' કરી અંદર 'ફીટ' કરી દેશે, કદાચ તમારું એન્કાઉન્ટર પણ થઈ જાય, તો તમે એ ૩૦ મી જાન્યુઆરીના ગોળી ખાધી હતી એ આ એન્કાઉન્ટરની ગોળી કરતા વધુ સારી હતી એવું તમને લાગશે. પછી રડી રહેલા અમારે ફરી રડવાનું? અમે કેટલું રડીએ? હવે તો અમારા આંસુ પણ સૂકાઈ ગયા છે!

બાપુ, તમે અહીં હતા ત્યારે આઝાદી માટે ઘણાં કારાવાસો અને ઉપવાસો સહ્યાં હતાં. એટલે બાપુ હવે તમે ન આવશો, તમારા અપમાનો અમારાથી સહન નહિ થાય. પાકિસ્તાનમાં જનાબ જિન્હાની શું દશા થઈ હતી એ તમને ખબર છે બાપુ? વળી આ દેશમાં હમણાં 'વૃદ્ધાશ્રમો' પણ વધી રહ્યાં છે!!

બાપુ, તમારી જીવન કથામાં સાચા સુખનો મહાસાગર છે. દેશ–પરદેશની યુવા પેઢી હોંશે હોંશે એ વાંચે છે, વિચારે છે અને તમારા ચીંધેલા આદર્શ પ્રમાણે જીવવાનો સંકલ્પ કરે છે. તમારી ગાંધી કથા અમારી વ્યથા ઉપર ગંગાજળનું કામ કરે છે. અમને એમાં ઘણાં 'ઉકેલો' દેખાય છે. બાપુ, તમે અમારા ઉપર ઘણાં ઉપકારો કર્યાં છે.

પણ આજે તમે ન આવશો.

ભારતની આજની લોકશાહીને આજે ગાંધીની નહિ, પરશુરામની જરૂર છે, પરશુરામ અવતારની રાહ છે, અને એ પરશુરામ એટલે પ્રજાની પૂરી જાગૃતિ, મતાધિકારનું શસ્ત્ર.

બાપુ, આશીર્વાદ આપો કે પ્રજા પરશુરામ થઈ જાય, અને દંભી, ભ્રષ્ટાચારી અને નકામા રાજકારણી અને અમલદારોને નીચે ઉતારી દે.

બાપુ, પ્રત્યેક દેશવાસીને હુકમ કરો કે, આ 'હોશિયાર' શાસકો મતદિવસની આજુબાજુ રજાના દિવસો રાખે તો પણ પ્રત્યેક નાગરિક, ગ્રામપંચાયત, નગરપાલિકા, વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં પોતાના મત અધિકારના 'પરશુ'ને લઈને જાય અને વીણી વીણીને તકસાધુ અને ભ્રષ્ટાચારીઓને એમના ઘર ભેગા કરી દે અને પોતાના શુભ મતથી આ દેશને શુભ અને કલ્યાણમય બનાવે...સ્વરાજને સુરાજનો આકાર આપે. આ ધરતી પુણ્યશાળી છે. એટલે આ શ્રદ્ધા છે. ડહોળાયેલા પાણીમાંથી કચરો કાઢી, ગાળીને, ગરમ કરીને શુદ્ધ તો કરવું પડશે જ.

બાપુ, આ ધરતી ઉપર તમારા જેવા અનેક મહા માનવના ચરણો પધાર્યા છે, એ સર્વેના અમારા ઉપર આશીર્વાદ ઉતરો. અમે અમારી રક્ષા કરવા સર્વ શક્તિમાન બનીએ, ભૌતિકની સમાંતર આધ્યાત્મિક સિદ્ધિ પામીએ અને જગતના સર્વે જીવો પ્રત્યે પ્રેમ, કરુણા અને ક્ષમાનો ભાવ અમારા સર્વેના હૃદયમાંથી ધ્વનિત થાય, ફરી કૃષ્ણની વાંસળી વાગે, મહાવીરના વચનો ઝરણાંની જેમ ખળખળ વહે અને એ મધુર નાદો વિશ્વના કણકણમાં ગોરંભી ઊઠે.

હે મહામાન બાપુ, અમારા કોટિ કોટિ પ્રણામ.

**❑ ધનવંત શાહ**


**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રકાશિત**
**ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત**
**નવા ગ્રંથોનું પ્રકાશન**

**૧. જિનતત્ત્વ ગ્રંથ–૧**–આવૃત્તિ બીજી, જુલાઈ–૨૦૦૭, પૃષ્ટ સંખ્યા–૫૦૩, મૂલ્ય રૂા. ૩૦૦/– ૧ થી ૫ ભાગમાં વિસ્તરિત આ ગ્રંથમાં જૈનધર્મ વિષયક ૪૭ લેખો છે.

**૨. જિનતત્ત્વ-ગ્રંથ–૨**, ઑગસ્ટ–૨૦૦૭, પૃષ્ટ સંખ્યા–૩૬૪, મૂલ્ય રૂા. ૨૪૦/– છ થી ભાગ ૯ સુધી વિસ્તરિત આ ગ્રંથમાં જૈન ધર્મ વિષયક બીજાં ૨૬ લેખો છે.

**૩. પ્રભાવક સ્થવિરો (ભાગ–૧ થી ૬)** આવૃત્તિ–બીજી માર્ચ–૨૦૦૬, પૃષ્ટ સંખ્યા–૬૧૨, મૂલ્ય–રૂા. ૩૫૦/–.

છ ભાગમાં વિસ્તરિત આ ગ્રંથમાં ૨૫ જૈન પ્રસિદ્ધ અને સિદ્ધ સાધુ ભગવંતોના ચરિત્રનું વિગતે આલેખન થયું છે.

**આ પુસ્તકો એક સાથે ખરીદનારને ૨૫% ડિસ્કાઉન્ટ.**

**❑ મેનેજર**

# ભવિષ્યવાણી

**❑ ડૉ. રણજિત પટેલ (અનામી)**

(૧)

રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજી કેવળ આદર્શવાદી, ભાવનાવાદી જ નહોતા પણ વ્યવહારદક્ષ ક્રાન્તદર્શી મનિષી પણ હતા. પોતાના સમયની મર્યાદાઓને અતિક્રમીને આગળનું જોઈ શકતા હતા ને કોઈપણ યક્ષપ્રશ્નને પૂંછડેથી પકડવાને બદલે શીંગડેથી પકડતા એટલે તો ગોખલે અને લોકમાન્ય તિલક સાથે પણ મેળ પાડી શક્યા. અંગ્રેજોમાં શ્રદ્ધા રહી ત્યાં લગી વિનીત, મવાળ વલણ રાખ્યું પણ શ્રદ્ધાલોપ થતાં 'તમે ટળો' (ક્વિટ ઈન્ડિયા) જેવું ઉદ્દામવાદી વલણ પણ દાખવ્યું.

સને ૧૯૩૦ સુધીના ભારતભરના રાષ્ટ્રનેતાઓમાં પૂ. ગાંધીજી જ એક એવા નેતા હતા–લોકનેતા હતા–જેમણે રાષ્ટ્રની નાડ નખશિખ પરખેલી. આપણી રાષ્ટ્રીય વિશેષતાઓ-મર્યાદાઓના તેઓ અચ્છા પારેખ હતા. વર્તમાનના ધુમ્મસને ભેદીને ભવિષ્યનો પ્રકાશ પરખી શકતા હતા. એટલે તો સ્વરાજ્ય–પ્રાપ્તિ પછી ભારતની શી સ્થિતિ હશે તેની આગાહી...આગાહી નહીં પણ આજની પરિસ્થિતિ જોતાં તો 'ભવિષ્યવાણી' એમણે સને ૧૯૨૨માં ભાખેલી. એમના જ શબ્દો વાંચીએ–સાંભળીએઃ–

'સ્વરાજ, કંઈ લાંબા વખત સુધી પણ ચાલુ રાજ્ય (બ્રિટીશ રાજ્ય) કરતાં બહુ સારુ હોવાનું નથી...સ્વતંત્ર થઈશું, તેની સાથે જ ચૂંટણીમાં રહેલા બધા જ દોષો, અન્યાય, શ્રીમંતોની સત્તા, જુલમ તેમજ વહીવટી બિનઆવડત–એ બધું આપણી પર ચઢી બેસવાનું. લોકો અફસોસની સાથે ગયા દહાડા (અંગ્રેજ રાજ્યનાઃ યાદ કરશે...લાભ એટલો જ થયો હશે કે એક જાતિ તરીકે આપણા માથેથી અપમાન અને કલંક ઉતરશે. આખા દેશમાં કેળવણીનો પ્રચાર કરીએ તો જ આશા છે...નહિ તો જુલમનો ભરેલો ઘોર નરક આવાસ જ હશે.'

મને તો, આજથી ૮૨ સાલ પૂર્વે ભાખેલી આ ભવિષ્યવાણીમાં મહત્ત્વના ત્રણ મુદ્દા આજેય તે સો ટકા નહીં પણ સવાસો ટકા સાચા લાગે છે.

(૧) ચૂંટણીનાં બધાં અનિષ્ટો તેઓ જોઈ શક્યા છે. લોકશાહીમાં આજે મોટે ભાગે મસ્તક નહીં પણ ધડ મતદાન કરે છે. 'મની પાવર'ને મસલ્સ પાવર'ની બોલબાલા છે. 'રાષ્ટ્ર કે રાજ્યકક્ષાએ નહીં પણ ક્ષેત્રીય ને ક્યાંક તો જ્ઞાતિય કક્ષાએ લોકશાહીનું અધઃપતન થયું છે. હાથે કંકણ ને અરીસામાં શું જોવું ? આવી ભવિષ્યવાણી ઉચ્ચારનાર ક્રાન્તદર્શીનો જન્મ થયો સને ૧૮૬૯માં. સને ૧૮૬૧ થી ૧૮૭૧નો એ મંગલ દાયકો એક નહીં પણ ચચ્ચાર ક્રાન્તદર્શીઓને જન્મ આપનાર છે. સને ૧૮૬૧માં કવિવર રવિન્દ્રનાથનો જન્મ થયો, સને ૧૮૬૩માં સ્વામી વિવેકાનંદનો, સને ૧૮૬૯માં મહાત્મા ગાંધીનો ને સને ૧૮૭૧માં મહર્ષિ અરવિંદનો. 'સંસ્કૃતિનું સંકટ' નામના એક ઉદ્બોધક લેખમાં રવીન્દ્રનાથે ભવિષ્યવાણી ઉચ્ચારી છેઃ 'આજે હું એટલું કહેતો જાઉં કે પ્રબળ પ્રતાપશાલીનાં પણ સામર્થ્ય, મદમત્તતા, આત્મંભરિતા સલામત નથી, એ પુરવાર થવાનો દિવસ આજે સામે આવીને ઊભો છે, અને જરૂર એ સત્ય સાબિત થશે કેઃ–

'અધર્મેણૈધતે તાવત્ તતો ભદ્રાણિ પશ્યતિ ।
તતઃ સપત્નાત્ જયતિ સમૂલસ્તુ વિનશ્યતિ ।।

મતલબ કે અધર્મથી માણસ અમુક વખત પૂરતો સંપત્તિમાન થાય છે, સુખો પામે છે, હરીફો ઉપર વિજય મેળવે છે, પણ અંતે સમૂળગો નાશ પામે છે.' 'દરિદ્રનારાયણ' શબ્દ આપનાર હતા સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીના પુરોગામી જેમણે સિંહગર્જના કરી ઉદ્બોધન કર્યુંઃ ઊઠો, જાગો, ને શ્રેષ્ઠ પુરુષો પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરો. (ઉત્તિષ્ઠત, જાગ્રત પ્રાપ્ય વરાન્નિ બોધત) ભારતના આ ભગીરથ સંન્યાસીએ ભગવાં ધારણ કરીને રાષ્ટ્રવાદને જાગ્રત કર્યો ને ભારતના ભૂતકાળની ભવ્યતા દર્શાવી. ભાવિ માટે ઉજ્જવળ આશાવાદ પ્રગટાવ્યો. એમણે કહ્યુંઃ 'જેનું જીવન અન્ય જીવોના કલ્યાણ માટે વ્યતીત થાય છે, તેનું જ જીવ્યું સાર્થક છે. તે જ યથાર્થરૂપે જીવે છે. તે સિવાયના બીજા જીવો જીવવા છતાં મરણ પામેલા જેવા જ છે.'

શ્રી અરવિંદ તો રાષ્ટ્રીયતાના જ્યોતિર્ધર જેવા હતા. તેમના 'વંદેમાતરમ્' પત્રે દેશમાં ચેતના જગાવેલી. પત્ની પરના એક પત્રમાં તેઓ લખે છેઃ 'લોકો સ્વદેશને જડ પદાર્થ–કૈંક મેદાન, ખેતર, વન, પર્વત, નદી ઇત્યાદિ સમજે છે. સ્વદેશને હું મા સમજું છું., એની ભક્તિ કરું છું, પૂજા કરું છું, હું જાણું છું કે આ પતિત જાતિનો ઉદ્ધાર કરવાનું બળ મારામાં છે-'શારીરિક બળ નહીં' તલવાર, બંદૂક લઈને જ હું યુદ્ધ કરવા જતો નથી. મારું બળ જ્ઞાનનું છે. ક્ષાત્રતેજ એ જ કેવળ બળ નથી, બ્રહ્મતેજ પણ છે. આ તેજ જ્ઞાનની ઉપર પ્રતિષ્ઠિત છે.' 'નોલેજ ઈઝ પાવર' એ એમણે સિદ્ધ કરી બતાવ્યું. લગભગ એક જ દાયકામાં આવી ચચ્ચાર વિભૂતિઓ પાકે ને તેય ગુલામ હિંદમાં એ વિશ્વનું મોટું આશ્ચર્ય ગણાવું જોઇએઃ

(૨) પૂ. બાપુની ભવિષ્યવાણીનો બીજો મુદ્દો વહીવટી બિન આવડતનો સ્વરાજ્યપ્રાપ્તિ ટાણે તો સાચો હતો જ પણ આજેય તે શો ભલીવાર છે ?' ફ્રીડમ એટ મિડનાઈટ' મળ્યું. રાષ્ટ્રના દેહછેદન સાથે...ને એ પછીની અરાજકતાએ કાળો કેર વર્તાવ્યો. વ્યવસ્થા ને 'લો એન્ડ ઑર્ડર' માટેય વદાય લેતા માઉન્ટ બેટનનો સહારો લેવો પડ્યો ! એ કટોકટીના કાળે જવાહર ને સરદાર પણ ડઘાઈ ગયેલા. જવાહર કરતાંય સરદારે આઈ.સી.એસ. કેડરનો સમયોચિત સદુપયોગ કરી પરિસ્થિતિને ઠેકાણે પાડીને ભારતના પાંચસો બાસઠ (૫૬૨) રજવાડાંને એકત્રિત કરી ભારતની અખંડતાને અકબંધ રાખી. આજે અર્ધી સદી બાદ વિચાર કરીએ તો પણ વહીવટી બિન આવડતનો પ્રશ્ન તો અનેક રાજ્યો પૂરતો સળગતો જ રહ્યો છે. નેતાગીરી ઉત્તરોત્તર ઊતરતી કક્ષાની જોવા મળે છે. અરે ! એક સમય હતો જ્યારે ભારતનો વહીવટ ગુજરાતીઓના હાથમાં હતો. સરદાર વલ્લભભાઈ, મોરારજી દેસાઈ, શ્રી હીરુભાઈ

એમ. પટેલ, શ્રી મનુભાઈ શાહ, શ્રી બી. પી. પટેલનો એ જમાનો હતો. આજે કેન્દ્રમાં ગુજરાતીઓની શી સ્થિતિ છે? 'ગ્રેટ નેશન' ને 'પુવર લીડર'નો મેળ શી રીતે મળવાનો? આપણી વહિવટી બિનઆવડતને કારણે અન્યાય, જુલમ ને અનધિકારીઓની સત્તા જોવા મળે છે. એકવાર એક અબજોપતિએ કહેલું કે પાંચસો કરોડમાં ભારતની લોકસભા ખરીદી શકાય! આયારામ-ગયારામનાં લાખે લેખાં હતાં તે હવે કરોડોયે પહોંચ્યાં છે! આજેય નિર્દલીયના ભાવ આસમાને પહોંચી ગયા છે! જ્યાં આવા સોદા થતા હોય ત્યાં રાષ્ટ્રભક્તિ, વ્યવસ્થાશક્તિ કે સેવાનિષ્ઠાની શી વાત કરવી? જો આપણામાં વહીવટી આવડત હોત તો બ્યૂરોક્રસી, રેડ ટેપીઝમ, લાંચરૂશ્વત, પ્રમાદ, વિલંબનીતિ, હોતી હૈ ચલતી હૈ વૃત્તિ જેવાં લોકશાહીને વિઘાતક તત્ત્વો ન હોત બલકે પ્રમાણમાં ઓછાં હોત. જે બિહારમાંથી બુદ્ધ, મહાવીર, રાજેન્દ્રબાબુ, જયપ્રકાશ જેવી વિભૂતિઓ પ્રાપ્ત થઈ ત્યાં રાબડીદેવીનું રાજ્ય! લાલુપ્રસાદ યાદવ 'રીમોટ કન્ટ્રોલ'થી ચલાવતા! જેના પર કરોડોનો ઘાસચારા કૌભાંડનો કેસ ચાલતો હોય! શી બલિહારી છે આપણી લોકશાહીની!

(૩) સને ૧૯૨૨માં આપણા દેશમાં કેળવણીનું પ્રમાણ ઘણું જ ઓછું હતું, અને તેમાં ય ભારતના કેટલાક ભાગોમાં તો તે પ્રમાણમાં ન-ગણ્ય જેવું હતું. સ્વરાજ્ય આવે તો ગાંધીજીને મન લાભ એટલો ખરો કે એક જાતિ તરીકે આપણે માથેથી અપમાન ને કલંક ટળે પણ જો આખા દેશમાં કેળવણીનો વ્યાપ ને પ્રચાર ન વધારીએ તો પરિસ્થિતિ એટલી હદે વણસે, કથળે કે, સ્વરાજમાં 'જુલમનો ભરેલો ઘોર નરક-આવાસ જ હોય.' ગાંધીજીને મન કેળવણી એટલે કેવળ અક્ષરજ્ઞાન કે ઉપાધિઓની પ્રાપ્તિ જ નહીં પણ હેડ, હેન્ડ એન્ડ હાર્ટ...મતલબ કે બુદ્ધિનો વિકાસ, કર્મશક્તિનો વિકાસ અને હૃદયનો કહેતાં લાગણીતંત્રનો વિકાસ અભિપ્રેત હોય. સ્વતંત્ર પ્રજા તરીકે આપણે આપણા હક્કો ને ફરજો સમજીએ, નાગરિક ધર્મ સમજીએ, દેશના સામાજિક, આર્થિક, રાજકીય પ્રશ્નોની આપણી સમજ વધે ને લોકશાહી પ્રજાતંત્રમાં આપણી ભાગીદારી ને જવાબદારી સમજીએ. આવી કૈંક એમની કલ્પના હોય; જો કે ગાંધીજી તો કેળવણીનો અર્થ વ્યક્તિમાં ચારેય વર્ણની શક્તિનો આવિર્ભાવ ને વિકાસ એવોય સમજે છે. દરેક વ્યક્તિમાં બ્રાહ્મણની જ્ઞાન-સાધના, ક્ષત્રિયનું ક્ષાત્રતેજ, વૈશ્યની વ્યવહાર દક્ષતા ને શુદ્રની સેવાવૃત્તિ વિકસાવવાનું લક્ષ્ય કેળવણીનું હોવું જોઇએ. એવો ગાંધીજીનો ખ્યાલ છે. સમગ્ર પ્રજા કેળવણીના આ લક્ષ્યને સિદ્ધ ન કરી શકે એ વાત સાચી પણ પ્રજાજીવનના પ્રાણપ્રશ્નોને સમજવામાં સારાસારનો વિચાર વિવેક કરી શકે એટલી કેળવણી તો સમગ્ર પ્રજાને મળે એ આશા વધુ પડતી ન ગણાય. 'ઈટરનલ વિજિલન્સ ઈઝ ધ પ્રાઈસ ઓફ લિબર્ટી' નિરંતર અતંદ્ર જાગ્રતિ સિવાય સ્વતંત્રતા સલામત નથી. એ સૂત્ર સતત સ્મૃતિમાં રહેવું જોઇએ.

(૨)

'હિંદને સ્વરાજ્ય આપવું કે નહીં?' એની બ્રિટીશ પાર્લામેન્ટમાં ચર્ચા ચાલતી હતી. એ ચર્ચા ખૂબ જ ઉગ્ર પ્રકારની હતી. પાર્લામેન્ટની ગરિમાને ગૌરવ આપે એવી ચર્ચાની ભાષા નહોતી. ક્લેમન્ટ એટલી (Clement Attlee) સ્વરાજ્ય આપવાની તરફેણમાં હતા. વિન્સ્ટન ચર્ચિલ એકદમ વિરુદ્ધમાં હતા. ચર્ચિલે પ્રહારાત્મક ભાષામાં કહ્યું: 'પાવર વિલ ગો ઈન્ટૂ ધ હેન્ડ્સ ઓફ રાસ્કલ્સ, રોગ્ઝ એન્ડ ફ્રી બુટ્સ, નોટ એ બોટલ ઓફ વોટર ઓર લોફ શેલ એસ્કેપ ટેક્સેશન. ઓન્લી એર વિલ બી ફ્રી એન્ડ ધ બ્લડ ઓફ ધીઝ હંગ્રી મિલિયન્સ વિલ બી ઓન ધી હેડ ઓફ ક્લેમન્ટ એટલી. ધીઝ આર મેન ઓફ સ્ટ્રો ઓફ હુમ નો સ્ટ્રેસ વિલ બી ફાઉન્ડ આફ્ટર એ ફ્યૂ ઈયર્સ. ધે વિલ ફાઈટ એમોન્ગ ધેમસેલ્વઝ એન્ડ ઇન્ડિયા વિલ બી લોસ્ટ ઈન પોલિટિકલ સ્કવેબલ્સ.' (ફિફ્ટી ઈયર્સ આફ્ટર (પૃ. ૩) એડીટેડ બાય એસ.વી.રાજુ

સ્વરાજ્ય માટે વ્યવસ્થિત, દેશવ્યાપી લડત આપનારાઓમાં તે કાળે મુખ્ય નેતાઓ હતા પૂ. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રી જવાહરલાલ નહેરુ, મૌલાના અબુલ કલામ આઝાદ વગેરે સ્ફટીક-શુદ્ધ રાષ્ટ્રીય નેતાઓ એટલે ચર્ચિલે આ વંદનીય વિભૂતિઓ કાજે 'રાસ્કલ્સ, રોગ્ઝ એન્ડ ફ્રી-બુટર્સ' એવા આકરા શબ્દો નહીં વાપર્યા હોય એમ માની લઈએ તો પછી આવો, આ બધો આક્રોશ કોને માટે? ભારત માટેનો ચર્ચિલનો પૂર્વગ્રહ બોલતો હતો? 'ભાગલા પાડો ને રાજ કરો'ની બ્રિટીશરોની કૂટ-નીતિ તો વિશ્વ-વિખ્યાત હતી. મુસ્લિમ લીગના મહમ્મદઅલી ઝીણા એમનું રાજકીય પ્યાદુ હતું. હિંદુઓમાં પણ ભાગલા પડાવવા હરિજનોના સ્વતંત્ર મતાધિકારની સોગઠી ક્યાં વાપરી નહોતી? ચર્ચિલનું સામ્રાજ્યવાદી માનસ ભારતના રાષ્ટ્રભક્તોને મૂલવવામાં ગોથું ખાઈ ગયું હોય એમ બને? પૂ. ગાંધીજીની ૧૯૨૦-૨૧ની, ૧૯૩૦-૩૧ની ને છેલ્લે ૧૯૪૨ની 'ક્વીટ ઈન્ડિયા' મૂવમેન્ટે ચર્ચિલના માનસને રીઢુ ને સંવેદનાવિહીન બનાવ્યું હોય? બ્રિટીશ લોકશાહીની રીતિ-પદ્ધતિએ આ કોંગ્રેસીઓ રાજ કરી શકવાના નથી એવી દૃઢ માન્યતાથી પ્રેરાઈ ચર્ચિલે આવા આકરા પ્રહારો કર્યા હોય એ સંભવિત છે. આમેય ચર્ચિલનું વ્યક્તિત્વ અ-ગમ્ય હતું. દ્વિતીય વિશ્વ-યુદ્ધના વિજયમાં ભારતનો સાથ-સહકાર ન-ગણ્ય નહોતો, પણ ચર્ચિલે એ પહાડ-મોટા મુદ્દાને નઝર અંદાઝ કરેલો. ક્યાંક વાંચેલું એ પ્રમાણે, આ મુદ્દાને ઉજાગર કરવામાં ને ચર્ચિલ તથા પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટનું ધ્યાન દોરવામાં શ્રીમતી રૂઝવેલ્ટનોય ફાળો હતો.

ચર્ચિલના ધખધખતા બખાળાને સૌમ્ય ઉત્તેજન આપે એવી વિચાર સરણીવાળા કેટલાક અર્ધદગ્ધ રાજકારણીઓ પણ તત્કાલીન ભારતમાં હતા. પ્રથમ તો મને એ સમજાતું નથી કે લોકશાહીમાં આટલા બધા-ડઝનબંધ-રાજકીય પક્ષો હોઈ શકે? વધુમાં વધુ ત્રણેક પક્ષોથી ચાલે. આપણે ત્યાં, 'દેડકાંની પાંચશેરી' જેવા રાજકીય પક્ષોનો રાફડો ફાટ્યો છે! લગભગ બે ડઝન પક્ષોના સાથ-સહકારથી શ્રી અટલબિહારીએ જે લોકશાહી-તંત્ર ચલાવ્યું છે તે તો 'મિરેકલ' ગણાય! ચર્ચિલે અંતમાં કહ્યું છે: 'ઈન્ડિયા વિલ બી લોસ્ટ ઈન પોલિટિકલ સ્કવેબલ્સ' એનો આછો અણસાર મેળવવો હોય તો લોકસભાના સાંપ્રત અધ્યક્ષ શ્રી સોમનાથ ચેટરજીના તાજેતરના આ શબ્દો યાદ રાખવા

જેવા છે. 'સંસદ સભ્યોએ ભેગા મળીને આ મહાન લોકસભાને અખાડામાં ફેરવી નાખી છે.' આ વિધાનમાં કેટલો બધો આક્રોશ, પુણ્યપ્રકોપ ને કટુ અનુભવની બળતરા છે ને મહાન લોકસભાની ગરિમા જાળવવાની ચીવટ પણ. તાજેતરમાં જ શ્રી ચેટરજીએ બીજી એક અગત્યની વાત કહી તેઃ– 'ધેર મસ્ટ બી એ સિસ્ટમ ઓફ રાઈટ ટુ રિકોલ એમપીઝ એન્ડ એમએલએઝ ટુ ડીલ વીથ મિસબિહેવિયર ઓફ ઇલેક્ટેડ રિપ્રેઝેન્ટેટીઝ–મતલબ કે ગેરવર્તન કરતા ધારાસભ્યો–સાંસદોને પાછા બોલાવવાનો અધિકારનો અમલ કરવાની કોઈ વ્યવસ્થા હોવી જોઇએ.' ખૂદ લોકસભાના અધ્યક્ષ જ જ્યારે આવી ને આટલી બધી ગંભીરતાથી વાત કરે ત્યારે ચર્ચિલની 'ભવિષ્યવાણી'ની ઉપેક્ષા કરી શકાય તેમ નથી.

બ્રિટીશ રાજ–પદ્ધતિએ, ખોડંગાતી ચાલે ચાલતી આપણી લોકશાહીને કરદાતાઓના પરસેવાની કમાણીનો કેવડો મોટો હિસ્સો આપવો પડે છે તેની જાણ આ સાંસદોને નહીં હોય? સને ૨૦૦૭ના સપ્ટેમ્બરમાં સોમનાથ ચેટરજીએ 'રાઈટ ટુ રિકોલ રિપ્રેઝન્ટેટીવ'ની વાત કરેલી ત્યારે આંકડા આપતાં કહેલું કે લોકસભાની કાર્યવાહી ચલાવતાં એક મિનિટે રૂપિયા છવ્વીસ હજારનો ખર્ચ થાય છે. કરોડોનો ખર્ચ કર્યા બાદ પણ આ સાંસદો એમની નિષ્ઠા ને કાર્યક્ષમતાનો કેવો હિસાબ આપે છે? હાથે કંકણ ને દર્પણમાં શું દેખવું?

શ્રી એસ.વી.રાજુ લિખિત 'મીનુ મસાણી' પુસ્તક વાંચતો હતો. એમાં એક એવું વિધાન આવે છે કે 'આપણા ધારાસભ્યો કે સાંસદો એમના પગાર વધારાની વાત આવે છે ત્યારે પક્ષાપક્ષી ભૂલી જઇને બધા ડાહ્યા ડમરા થઈ જાય છે.' મસાણી હંમેશાં આવી વાતનો વિરોધ કરતા હતા ને સભ્યોને પણ વિરોધ કરવા આદેશ આપતા હતા. 'વોટ હેવ ધ એમપીઝ ડન?' એવો અંતર્મુખ કરનારો એમનો પ્રશ્ન હતો.

સાંપ્રત રાજકારણ ને રાજકારણીઓએ ચર્ચિલના મીઠું પાયેલા ચાબખામાંથી કૈંક તો શિખવા જેવું છે જ.

✷ ✷ ✷

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૭
ફોન નં.: (૦૨૬૫) ૬૬૨૧૦૨૪

# મહાત્મા ગાંધી અને પંચ મહાવ્રત

❑ ડૉ. યોગેન્દ્ર પારેખ

જૈન યુવક સંઘ–પર્યુષણ વ્યાખ્યાનમાળાના અધ્યક્ષ માનનીય ડૉ. ધનવંતભાઈ શાહ, શ્રોતાઓ, આજની આ સભામાં 'મહાત્મા ગાંધી અને પંચ મહાવ્રત' વિષય પર વ્યાખ્યાન આપતી વખતે ભરપૂર આનંદ અને સંકોચનો સમાંતરપણે અનુભવ કરી રહ્યો છું. પ્રસ્તુત વ્યાખ્યાન-માળાના મંચ પરથી વર્ષોથી જે પૂર્વસૂરિઓ–પ્રબુદ્ધ વક્તાઓ, સાક્ષરો વક્તવ્ય આપી ચૂક્યા છે તેમનું સ્મરણ આ ક્ષણે મારી જવાબદારીનો મને અહેસાસ કરાવે છે. ૧૯૮૬ થી ૧૯૯૦ના ચાર વર્ષના મારા મુંબઈ નિવાસ દરમ્યાન આ વ્યાખ્યાનમાળાનું શ્રવણનો યુવાન શ્રોતા તરીકે, સહૃદય શ્રાવક તરીકે મેં પૂરેપૂરો લાભ લીધેલ છે. મોહમયી મુંબઈ નગરી આ વ્યાખ્યાનમાળાના દિવસોમાં પુણ્યભૂમિ બને છે એવી આસ્તિકતા દરેક શ્રોતા–વક્તાની જેમ મારા હૃદયમાં પણ છે.

મારા વક્તવ્યનો વિષય છે, 'મહાત્મા ગાંધી અને પંચ મહાવ્રત.' જૈન શ્રાવકો પંચ મહાવ્રતથી પરિચિત છે. મહાત્મા ગાંધી જન્મથી જૈન ન હતા પણ કર્મથી જૈન હતા. સાવ સાચુકલા વૈષ્ણવજન પણ હતા. મહાવીરની જીવદયા, બુદ્ધની કરુણા અને ઈસુની ક્ષમાના સંગમતીર્થ સમા મહાત્મા ગાંધી કોઈ પણ ખ્રિસ્તી અભ્યાસુને–શ્રદ્ધાળુને પરમ અર્થમાં ઈસુના સાચા વારસદાર લાગે એટલા ખ્રિસ્તી હતા. જગતના કોઈપણ ધર્મની વ્યાપક સ્વીકૃતિ અને સહમતિ ભળે એવા પાંચેય મહાવ્રતના પાલનકર્તા હતા. અને એ અર્થમાં મહાત્મા સાચા અર્થમાં પંચ મહાવ્રતધારી હતા. જૈન સાધુની જેમ તેમણે પંચ મહાવ્રતની પ્રગટપણે પ્રતિજ્ઞા નહોતી લીધી. પણ સહજ રીતે પાંચેય મહાવ્રત એમની જિંદગીમાં વણાઈ ગયા. અલ્પ આત્માથી મહાત્મા સુધીની જીવન સફરમાં પંચ મહાવ્રત ઉપરાંત બીજા છ વ્રત–એમ બધા મળીને અગિયાર વ્રતના આરાધક તેઓ હતા. તેમનો વેશ–પહેરવેશ પણ કેવો! જૈન સાધુ જેવો. આમ જુઓ તો રાજનેતા! પણ વસ્ત્રોને એક પણ ખિસ્સું ન હોય એવો હિન્દુસ્તાનનો કદાચ પ્રથમ અને આખરી નેતા. સત્યનું આચરણ તો બાળવયે 'હરિશ્ચંદ્ર' નાટક જોયું ત્યારથી સંકલ્પપૂર્વક શરૂ થયું. ખિસ્સા વગરના વસ્ત્રોએ પરિગ્રહના પ્રવેશને જ અટકાવી દીધો.

સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસ્તેય અને બ્રહ્મચર્ય–એમ પાંચેય વ્રતનું પરસ્પરનું અનુસંધાન. એકના પણ અભાવમાં અન્ય ચારનું પાલન અશક્ય. એક વ્રતના પાલન માટે પણ અન્ય ચાર માટેની નિષ્ઠા આવશ્યક. આ પંચ મહાવ્રતની આરાધના માટે અત્યંત અનિવાર્ય છે અંતરાત્માના અવાજનું અનુસરણ. સત્ય વ્રતના પાલનની વાત કરીએ ત્યારે આ વાત વિશેષ લાગુ પડે. 'સત્ય એટલે શું?' એનો તર્કથી સીધો જવાબ આપી શકાય તેમ નથી. ગાંધીજીએ કહ્યું, 'હું સત્યનો શોધક છું. સત્ય હજી જડ્યું નથી. તેથી પોતે પણ સત્ય એટલે શું? એ પ્રશ્નનો અંતિમ અભિપ્રાય કે જવાબ આપતા નથી. આત્મકથાની પ્રસ્તાવનામાં જ તેમણે નોંધ્યું છે કે, 'એક જ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે. એ સત્ય મને જડ્યું નથી પણ હું એનો સાધક છું. એ સત્યનો સાક્ષાત્કાર ન કરું ત્યાં લગી, મારો અંતરાત્મા જેને સત્ય ગણે છે તે કાલ્પનિક સત્યને મારો આધાર ગણી, મારી દીવાદાંડી ગણી, તેને આશ્રયે મારું જીવન હું વ્યતીત કરું છું.' – આમ, નિર્મળ અંતઃકરણને જે સમયે જે સત્ય લાગે તે આચરણમાં મૂકતા ગયા. જીવનભર સત્યના આચરણે જ એમને અન્ય વ્રતોનો ભેટો કરાવ્યો. ગાંધીજીએ જીવનભર સત્યના પ્રયોગો કર્યા. પ્રયોગવીર હતા તેથી પરંપરાથી મુઠ્ઠી ઊંચેરા સહજપણે સિદ્ધ થયા. પંચ મહાવ્રતની શાસ્ત્ર સંમત પ્રતિજ્ઞા નહિ પણ

અંતઃકરણ-પૂર્વકનું આચરણ. જીવાતા જતા જીવનનું, પ્રયોગશીલ જીવનનું સહજ રીતે નીતરેલું નવનીત એટલે પંચ મહાવ્રત.

અંતઃકરણનો અવાજ છેક બાળપણમાં જ એમને સત્યની પ્રાપ્તિ કરાવે છે. ઘરનું પાયખાનું સાફ કરવા આવનાર ઉકાને અડકાય નહિ એમ માતાએ કહેલું. આજ્ઞાંકિત અને વિવેકી એવા મોહને તો માતાની આજ્ઞાનું પાલન જ કરવાનું હોય. પણ ના! માતાની આજ્ઞા કરતાં અંતરાત્માના અવાજને સર્વોપરિ ગણવાની તેમની સમજ છેક બાળપણથી જ સાબદી હતી. કોઈ મનુષ્યને નીચો ગણવા માટે તેમનું હૃદય તૈયાર ન હતું. એક મનુષ્ય બીજા મનુષ્યને પોતાનાથી નીચો ગણે એ વાત તેમના હૃદયે ત્યારથી જ અવગણી. પરિણામે અસ્પૃશ્યતા નિવારણ સુધી આ ભાવના વિસ્તરી. આ અસ્પૃશ્યતા નિવારણ તો એકાદશ વ્રતમાંનું એક મૂલ્યવાન વ્રત. પોતાને સનાતની હિન્દુ ગણવામાં ગૌરવ અનુભવનાર મહાત્માએ એમ પણ કહ્યું કે, 'જો કોઈ પંડિત મારી આગળ એમ સિદ્ધ કરી આપે કે વેદમાં અસ્પૃશ્યતા ઉપદેશાઈ છે, તો હું વેદોનો ત્યાગ કરીશ પણ અસ્પૃશ્યતાને નહીં માનું' – ગાંધીજી પૂર્વે કે પછી કોઈ શંકરાચાર્યએ આમ કહ્યું હોત તો માનવધર્મની લાજ જળવાઈ હોત. નરસિંહ મહેતાએ હરિજનવાસમાં જઈ ભજન કર્યા અને ગાંધીજીએ પસંદગીનો અવતાર મળે તો હરિજનને ત્યાં જન્મ લેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

અહિંસાનો પદાર્થ પાઠ સહુપ્રથમ તેમને સાંપડે છે પિતાએ તેમને માફ કર્યા તે ખૂબ જાણીતા પ્રસંગમાંથી. સજા કરવાને સમર્થ એવા પિતા કિશોર મોહનની ચિઠ્ઠી–ચોરીનો એકરાર વાંચી રડી પડે છે. આ અશ્રુ–મોતીબિંદુથી એમનું અંતઃકરણ શુદ્ધ થાય છે.

સત્ય અને અહિંસાના ભોગે સ્વરાજ પણ તેમને ખપતું ન હતું. સાધ્ય શુદ્ધિ અને સાધન શુદ્ધિનો અપૂર્વ સમન્વય. જે મહાભારતકાળમાં દુર્લભ હતો. ધર્મરાજ યુદ્ધિષ્ઠિર અશ્વત્થામાં હણાયો ? – ના જવાબમાં 'નરો વા કુંજરો વા' કરી શકે. અર્જુનના પ્રાણની રક્ષા ખાતર કૃષ્ણ સૂર્યાસ્તને થંભાવી શકે. પણ મહાત્મા ગાંધીની યુદ્ધનીતિના મૂળમાં જ સત્ય અને અહિંસા. સાબરમતીનો આ સંત 'બિના ખડગ બિના ઢાલ' આઝાદી લેવા નીકળ્યો હતો. ૧૯૨૨માં અસહકારનો કાર્યક્રમ સફળતાની ચરમસીમાએ હતો. સવિનય કાનૂનભંગ અને ના–કરનો કાર્યક્રમ શરૂ કરવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો હતો. એ વખતે ગાંધીજી બારડોલી હતા. એ વખતે તેમને જાણવા મળ્યું કે હાલના ઉત્તર પ્રદેશના ગોરખપૂર જિલ્લાના ચૌરી ચૌરા ગામમાં લોકોના ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ ચોકી સળગાવી જેમાં ૨૧ સિપાઈઓ અને ૧ અધિકારી બળીને ભડથું થઈ ગયા છે. ગાંધીજીને લાગ્યું કે હજી લોકો અહિંસાનો ધર્મ–મર્મ સમજ્યા નથી. અને તેમણે સફળતાની પૂરી શક્યતા હોવા છતાં ચળવળ આટોપી લીધી. આમ કહી શકાય કે તેમણે અહિંસાનું રાષ્ટ્રીયકરણ કર્યું.

મુઝફ્ફરપુરની કૉલેજમાં કૃપાલાની ઇતિહાસના અધ્યાપક. કાકા સાહેબે તેમને તાર કરી ગાંધીજીને મળવા બોલાવ્યા. કૃપાલાનીએ બાપુને કહ્યું, 'હું ઇતિહાસનો અધ્યાપક છું. અહિંસા દ્વારા રાષ્ટ્ર સ્વતંત્ર થયાનો એક પણ દાખલો મને માનવજાતિના ઇતિહાસમાં મળ્યો નથી.' ગાંધીજીએ અત્યંત નમ્રતાપૂર્વક પણ પૂરા આત્મવિશ્વાસથી જવાબ આપ્યો, 'તમે ઇતિહાસ શીખવનારા છો, હું ઇતિહાસ ઘડનારો છું. અહિંસક પ્રતિકાર દ્વારા આપણે ભારતને સ્વરાજ્ય મેળવી આપીશું. પછી ઇતિહાસના અધ્યાપકો એના પર વ્યાખ્યાનો આપશે.'

ચળવળના સ્તરે અહિંસાનો પ્રયોગ એટલે અહિંસા દ્વારા રાજ્યક્રાંતિ. વ્યક્તિગત સ્તરે પણ અહિંસા પ્રત્યેની શ્રદ્ધા જાનના જોખમે પણ બુલંદીએ પહોંચે છે. ચંપારણના નીલવરો એટલે કે ગળીની ખેતી કરનારા ગોરા જમીનદારો ખૂબ અત્યાચાર કરતા. તેથી ગાંધીજી ચંપારણ ગયા. તેમની હાજરીથી સ્વાભાવિક રીતે જનચેતના જાગૃત થઈ. ગોરા જમીનદારો માટે તો ગાંધીજીની હાજરી જ ભારે મુસીબતરૂપ થઈ પડી. બાપુ એમની આંખમાં કણાની જેમ ખૂંચવા લાગ્યા. એવામાં કોઈએ કહ્યું કે, 'અમુક જમીનદાર બહુ માથાભારે છે અને આપની હત્યા કરવા તેણે મારા રોક્યા છે.' અહિંસાનો માત્ર ઉપદેશ નહિ, સીધું જ આચરણ. ગાંધીજી તો પહોંચ્યા પેલા માથાભારે ગોરાના બંગલે. ત્યાં જઈને એટલું જ કહ્યું, 'મને મારી નાખવા આપે મારા રોક્યા છે તેમ મેં સાંભળ્યું છે. આપે વધારે કષ્ટ ન લેવું પડે તેથી હું જાતે જ કોઈ ન જુએ એમ આપની પાસે આવ્યો છું.' – પેલો બિચારો સ્તબ્ધ થઈ ગયો. ગાંધીજીને સ્વરક્ષણ માટે આશ્રમમાં બંદૂક રાખવી પડી નહોતી. અહિંસા પ્રત્યેની શ્રદ્ધા અને અભયની સાધના હોય તો જ આ વાત શક્ય બને. બાપુ હિંદુહૃદય સમ્રાટ ન હતા, હિન્દુસ્તાનનું હૃદય હતા.

ગાંધીજીએ પ્રબોધેલા–આચરેલા એકાદશ વ્રતમાં 'અભય' પણ એક મહત્ત્વનું વ્રત છે. 'અભય'નો અર્થ બાપુમાં વિસ્તરે છે. 'અભય' એટલે કોઇથી ભય ન પામવો એટલું જ નહિ કોઈને ભયભીત પણ ન કરવા. પૂ. નારાયણ દેસાઈએ ગીત લખ્યું છે, કોઈથી અમે ડરીએ ના, કોઈને પણ ડરાવીએ ના.' પ્રતિપક્ષને પરાજિત કરવાની પૂરી ક્ષમતા અને સંજોગો હોય ત્યારે પ્રતિપક્ષના સન્માનનું જતન કરી તેનું હૃદય પરિવર્તન કરવા સુધીની ધીરજ ગાંધીજીમાં હતી.

અપરિગ્રહની વાત કરીએ તો મૂળ તો ગાંધીજી વર્ષે ૧૦૫ પાઉન્ડના વળતરનો કરાર કરી દક્ષિણ આફ્રિકા વકીલાત કરવા ગયેલા. સત્યપ્રીતિ અને નીતિના કારણે વકીલ તરીકેની શાખ એટલી વધી કે કરાર કરતાં ૫૦–૬૦ ગણીકમાણી થવા લાગી. દુન્યવી દૃષ્ટિએ જાહોજલાલી કહી શકાય એવી રહેણી–કરણી સાવ સરળ બની ગઈ. દક્ષિણ આફ્રિકામાં ગોરાઓને આંજી દે એવી મોભાદાર જીવનશૈલી ગાંધીજી માટે સહજ બની. પણ અપરિગ્રહની ભાવના વીસ્તરતી ગઈ. તેમની કમાણી પરિવાર પૂરતી સીમિત રહેતી નથી. દેશમાં વસેલા કુટુંબીજનોએ એમના ભણતર અને એમના કુટુંબનું ગુજરાન ચલાવવા માટે ખર્ચેલા નાણાથી બમણું વળતર ચુકવીને ધીરે ધીરે ત્યાગપંથે જિંદગી આગળ ધપાવે છે. પત્ની

અને બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખી ઉતરાવેલો વીમો પણ રદ કરાવે છે. બધી કમાણી દક્ષિણ આફ્રિકાની હિંદી કોમ માટે, ગિરમીટિયાઓની સેવા માટે, ફિનિક્સ આશ્રમ માટે અને 'ઈન્ડિયન ઓપીનિયન' ચલાવવા માટે ખર્ચી નાંખે છે. ગરીબો માટે અને જાહેર કામો માટે મફત વકીલાત કરી અંતે વકીલાત પણ છોડે છે. અપાર ભૌતિક સુખ અને વૈભવને તિલાંજલિ આપે છે.

અપરિગ્રહ માત્ર વસ્તુઓના ત્યાગ કે સંપત્તિ વિસર્જનમાં જ નહિ, પણ સમાજ દ્વારા મળતા સન્માનનો પણ પરિગ્રહ નહીં; એવી સૂક્ષ્મતા ગાંધીજીનો વિવેક છે. મુંબઈના એક્સેલસિયર થિયેટરમાં તેમના સન્માન માટે યોજાયેલી સભામાં શ્રી જમનાદાસ દ્વારકાદાસ ગાંધીજી પ્રત્યે પૂરો આદર હોવા છતાં 'મહાત્મા' શબ્દ ઉચ્ચારતા નથી. ઉપસ્થિતો 'ગાંધીજી' નહિ 'મહાત્મા' કહો એવો શોરબકોર કરી દુરાગ્રહ રાખે છે. જમનાદાસ જાણે છે કે બાપુને મહાત્મા સંબોધનથી વાંધો છે. પણ અનુયાયી શ્રોતાઓનો દુરાગ્રહ જમનાદાસના અપમાન સુધી વિસ્તરે છે ત્યારે ગાંધીજી મધ્યસ્થી કરીને મહાત્મા શબ્દ માટેનો અણગમો જાહેર કરીને શોર મચાવનારા શ્રોતાઓને જમનાદાસની માફી માંગવાનું કહે છે. જમનાદાસનો અવિનય કરનાર આખરે ક્ષમા માંગે છે. આપણા સમયમાં તો 'મહાત્મા'નું વિશેષણ નાનું પડે એટલાં અને એવાં સંબોધનો ચલણમાં છે. પ. પૂ. ધ. ધુ, ૧૦૦૮, વિશ્વવંદનીય, મહામંડલેશ્વર, જગદ્‌ગુરુ, પ્રગટ બ્રહ્મ સ્વરૂપ અને શ્રી શ્રીનો ટ્રાફિક જામ છે. હમણાં વળી દક્ષિણ ભારતમાં એક નવા મહાપુરુષનો ઉદય થયો છે જેઓ ત્રણ વખત શ્રી શ્રી શ્રી એમ લેબલ લગાડે છે. મને થાય છે કે બીજો કોઈ જાગે એ પહેલાં ચાર વખત શ્રી શ્રી શ્રી શ્રી ની પેટન્ટ કે રજિસ્ટ્રેશન કરાવી લઉં.

દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમથી અગિયારેક માઈલ દૂર વેરૂલમમાં એક ધનવાન હિંદુસ્તાનીની સખાવતથી લક્ષ્મીનારાયણનું મંદિર બાંધવામાં આવ્યું. ગાંધીજીને મંદિરનું ઉદ્‌ઘાટન કરવા માટે વિનંતી કરવામાં આવી. ઉદ્‌ઘાટન બાદ ગાંધીજીને ચાંદીના તાળા–ચાવી અને સોનાના પતરાથી મઢેલું 'ગીતા'નું પુસ્તક ભેટ આપવામાં આવ્યું. ગાંધીજીએ કહ્યું, 'ગીતા સ્વયં ઝગમગતું રત્ન છે. હીરાને કથીરથી ઢંકાય નહિ.' – અને સોનુ–ચાંદી વેચી તેની રકમ આશ્રમ ખાતે જમા કરી. અપરિગ્રહ અને અનાસક્તિના આવા ઢગલાબંધ ઉદાહરણો સમગ્ર ગાંધીગાથામાંથી મળે.

અસ્તેય એટલે ચોરી ન કરવી એવો સ્થૂળ અર્થ નહિ. અપરિગ્રહનો અર્થ વિસ્તાર. પોતાની પાસે જરૂરિયાત કરતા વધારે વસ્તુ હોય તો તે પણ અન્યનું પડાવી લીધેલું ગણાય એવી સૂક્ષ્મ સમજ. આર્થિક અસમાનતાને દૂર કરવા માટે ગાંધીજીની અસ્તેય વ્રત અંગેની સમજ આજે પણ કેટલી પ્રસ્તુત છે. તેમણે તો ત્યાં સુધી કહ્યું કે, 'જો આપણી જાણમાં એક પણ માણસ ભૂખ્યા પેટે હોય તો ભરપેટ ભોજન લેવું એ પણ અપરાધ છે.' ગાંધીજી આવો તીવ્ર અપરાધ બોધ અનુભવતા. ગરીબી એ હિંસાનું સહુથી વરવું સ્વરૂપ છે. એમ કહીને ગાંધીજીએ આપણી હિંસક જીવનશૈલી પર ઊંડી મીમાંસા પ્રગટ કરી છે. છેવાડાના માણસ માટેની સાચુકલી પ્રીતિ જ આ પ્રકારની જાગૃતિ પ્રગટાવે.

બાપુ ખૂબ મનોમંથન પછી ૧૯૦૬માં ૩૭ વર્ષની વયે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. કસ્તુરબાની સહમતિ ભળે છે. એકાદશ વ્રતમાંનું એક તે અસ્વાદ. સ્વાદેન્દ્રિય પર કાબુ મેળવાય તો બ્રહ્મચર્ય અતિશય સરળ છે એ તેમના અનુભવનો નિચોડ. ખોરાકના પ્રયોગો બ્રહ્મચર્યની દૃષ્ટિએ જ થયા. ઉપવાસની અનિવાર્યતા પણ બ્રહ્મચર્ય સાધવા અર્થે પણ વિશેષ રીતે સમજાય છે. તેમને મન બ્રહ્મચર્ય એટલે મન, વચન, કાયાથી સર્વ ઇંદ્રિયોનો સંયમ. પૂરા સત્યવાદી. તેથી જ બ્રહ્મચર્ય અંગેની પોતાની સાધનામાં પોતે માનસિક વ્યભિચારમાંથી કસ્તુરબા પ્રત્યે મુક્ત નથી રહી શક્યા એવો ઉલ્લેખ પણ મોટા પુત્ર હરિલાલ પરના એક પત્રમાં કરે છે. બ્રહ્મચર્ય અંગેનો તેમનો વિવાદાસ્પદ પ્રયોગ પણ સત્યનિષ્ઠ જીવનની ચરમસીમા. સ્વજનો–મિત્રોની ના છતાં અગ્નિપથમાંથી સફળતાપૂર્વક પસાર થયા. આજના તથાકથિત સાધુઓ નિષ્ફળ જવાની પૂરી તૈયારી સાથે આવો માત્ર પ્રયોગ નહિ – પ્રયોગો કરે છે અને એમના પ્રયોગની સી. ડી. બહાર પડે ત્યારે જ આપણને ખબર પડે છે.

દુનિયા આખીએ કહ્યું કે, 'ઈશ્વર સત્ય છે' ત્યારે બાપુએ કહ્યું કે 'સત્ય ઈશ્વર છે.' જીવનની પળેપળ સત્યનું આચરણ સહજ બન્યું. તેમણે કહ્યું, 'જે એકને માટે શક્ય છે તે સહુને માટે શક્ય છે.' પોતે કશું વિશિષ્ટ કરી રહ્યાં છે કે કહી રહ્યાં છે એવો લેશમાત્ર અહંકાર નહિ. સાવ સાધારણ પ્રસંગમાં પણ અસાધારણ સત્યનિષ્ઠા નિતરતી. ગાંધીજી યરવડા જેલમાં હતા ત્યારે કસ્તુરબા એમની મુલાકાતે આવ્યા. જેલ અધિકારીને થયું કે પોતે વચ્ચેથી ખસી જાય તો બન્ને નિરાંતે વાતો કરી શકે. અરધા કલાક પછી અધિકારીએ આવીને પૂછ્યું, 'તમારે વાતચીત થઈ ગઈ?' બાપુએ કહ્યું, 'આપ જેલના નિયમો જાણો છો. જેલ અધિકારીની ગેરહાજરીમાં મુલાકાતી કેદી સાથે વાત ન કરી શકે. અમે તો આપની ગેરહાજરીમાં મૂંગા જ બેસી રહ્યા.' જરૂર પડ્યે રાષ્ટ્ર હિતમાં સવિનય કાનૂન ભંગ કરનાર મહાત્મા પોતાને માટે થઈને સવિનય કાનૂન જતન પણ કરી જાણતા.

પંચ મહાવ્રત ઉપરાંત અસ્વાદ, અભય, અસ્પૃશ્યતા નિવારણ, સર્વધર્મ સમભાવ, સ્વાશ્રય અને સ્વદેશી એમ બધા મળીને અગિયાર વ્રતની આધારશીલા મહાત્માગાંધીનું જીવન. વૈષ્ણવજનની અંતિમ પંક્તિ છે કે 'ભણે નરસૈયો તેનું દર્શન કરતા કુળ એકોતેર તાર્યા રે'–આવા નિરાળા વૈષ્ણવજનનું જેમણે સદેહે કે અક્ષરદેહે ભાવપૂર્વક દર્શન કર્યું છે તેવા સર્વ ગાંધીજનને વંદન કરી વિરમું છું.

✷✷✷

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૨૦૦૮ની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧-૯-૨૦૦૮ના પ્રસ્તુત થયેલ વક્તવ્ય

પ્રેમ નિવાસ, મુકામ કોટડા (૪), તાલુકો નખત્રાણા-૩૭૦ ૬૦૫.
મોબાઈલ : ૯૪૨૭૧૦૩૫૩૬, ૯૭૨૫૨૭૪૫૫૫

# મુંબઈ જૈન યુવક સંઘના ૮૦માં વર્ષમાં પદાર્પણ નિમિત્તે યોજાયો ભવ્ય સમારોહ

❑ કેતન જાની

સેવા, કરુણા અને શુભ-વિચારોના પ્રસાર માટે કાર્યરત મુંબઈ જૈન યુવક સંઘના ૮૦માં વર્ષમાં પદાર્પણ નિમિત્તે પ્રભાદેવી સ્થિત રવીન્દ્ર નાટ્યમંદિરમાં તા. ૧૦ જાન્યુ. ૨૦૦૯ના જૈન સમાજના શ્રેષ્ઠી દીપચંદભાઈ ગાર્ડીની અધ્યક્ષતા હેઠળ ભવ્ય અને દબદબાભર્યો સમારોહ યોજાયો હતો. ધરમપુર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના ડૉ. રાકેશભાઈ ઝવેરી નાદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત ન રહેતા દીપચંદભાઈ ગાર્ડીએ અધ્યક્ષસ્થાનેથી આશીર્વચન આપ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ દીપચંદભાઈ ગાર્ડીએ દીપ પ્રગટાવીને કર્યો હતો.

અધ્યક્ષસ્થાનેથી દીપચંદભાઈ ગાર્ડીએ જણાવ્યું હતું કે ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં ચાલતી સંસ્થાઓ-સેવા પ્રવૃત્તિઓમાં પ્રાણ પુરવા આ સંસ્થાએ ત્રણ કરોડ રૂપિયા એકઠા કર્યા છે. તો તેના પોતાના માટે એક કરોડ રૂપિયાનું ભંડોળ એકત્રીત કરવાનું મુશ્કેલ નથી. પરમાણંદ કાપડીયાના સમયથી હું આ સંસ્થામાં રસ લઉં છું અને ચીમનભાઈ ચકુભાઈ શાહ લખતા હતા તે સમયથી 'પ્રબુદ્ધ જીવન' વાંચું છું.

કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેલા બિપીનભાઈ જૈને જણાવ્યું હતું કે આ સંસ્થા લાંબા સમયથી સમાજમાં સાહિત્ય અને સંસ્કાર સિંચવાની પ્રવૃત્તિ ચલાવે છે. તેનો હું ૪૦ વર્ષથી સાક્ષી રહ્યો છું. આ સંસ્થાની પ્રવૃત્તિઓ ભાવિ પેઢી માટે અતિ ઉપયોગી છે. ડૉ. રમણભાઈ શાહે લેખો અને પુસ્તકો દ્વારા વિતરાગદર્શન અને જ્ઞાનનો ભંડાર રજૂ કરીને આપણા ઉપર ઉપકાર કર્યો છે.

'સંઘ'ના માનદ્‌મંત્રી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. ધનવંત શાહે ઉપસ્થિત અતિથિઓનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે ઈ. સ. ૧૯૨૯માં પાયધુની પાસે ધનજી સ્ટ્રીટમાં સાત જૈન આગેવાનોએ આ સંસ્થા સ્થાપવાનો નિર્ણય લીધો હતો. તે નિર્ણય કોઈ શુભ ઘડીમાં લેવાયો હશે કે આ સંસ્થા આજે ૮૦ માં વર્ષમાં પ્રવેશી છે. સંસ્થાની પ્રગતિમાં ૨૫મું, ૫૦મું, ૭૫મું અને તેની જેમ ૮૦માં વર્ષનું પણ અદકેરું મહત્ત્વ છે. આઠનો આંકડો વિશિષ્ઠ છે. જૈનોમાં અઠ્ઠમ, અઠ્ઠાઈ અને અઢાર અભિષેક હોય છે. ભગવાન મહાવીર કરતાં ગૌતમ સ્વામી આઠ વર્ષ મોટા હતા. દિવસ રાત્રિના આઠ પ્રહર છે. અષ્ટાપદ પર જઈ જિનબિંબના દર્શન કરે તેને જલદી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ગૌતમ પૃચ્છામાં ગૌતમસ્વામી ભગવાનને અષ્ટમી-આઠમની તિથિનું મહત્ત્વ પૂછે છે ત્યારે તેઓ તેનો મહિમા વર્ણવતા કહે છે કે ''ગોયમા, સુદ અને વદ આઠમે આઠ ભગવાનના વિવિધ કલ્યાણકો થયા તે ઋષભદેવ, અજીતનાથ, સંભવનાથ, અભિનંદન, મુનિસુવ્રત, નેમનાથ, નેમિનાથ અને પાર્શ્વનાથ. આ કારણથી આઠમની તિથિનો મહિમા વિશિષ્ઠ છે. જે જીવ આ તિથિ પાળશે, સાધના-આરાધના કરશે તેના આઠેય કર્મોનો ક્ષય થશે.''

ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન ૮૦માં વર્ષે જ પ્રાપ્ત થયું હતું એમ ડૉ. ધનવંતભાઈ શાહે ઉમેર્યું હતું. આ ઉપરાંત એઓશ્રીએ સંઘની અનેકવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો, અને આ ૮૦ વર્ષના પ્રવેશ નિમિત્તે સંઘને રૂા. ૮૦ લાખથી ૧ કરોડ રૂપિયાનું સ્થાયી ભંડોળ એકત્રિત કરી આપવાની સંઘવતી દાતાઓને વિનંતિ કરી હતી. આ વિકટ પરિસ્થિતિમાં પણ છેલ્લા ત્રણ મહિનામાં સંઘે સમાજ તરફ વિનંતિ કરતા રૂા. ૪૧ લાખ જેટલી માતબર રકમ એકત્રિત થયાની હર્ષભેર જાહેરાત પણ કરી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી નહિ શકનારા પ્રા. તારાબહેન રમણલાલ શાહનો સંદેશ તેમના પુત્રી શૈલજાબહેન શાહે વાંચી સંભળાવ્યો હતો. આ સંદેશમાં પ્રા. તારાબહેન શાહે જણાવ્યું હતું કે મારા પિતા અને સંસ્થાના ભૂતપૂર્વ મંત્રી દીપચંદ શાહ અને મારા પતિ અને સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ શાહ થકી હું ૫૮ વર્ષથી સંસ્થા સાથે સંલગ્ન રહી છું. કરુણા અને શુભ વિચારોના પ્રસાર માટે કાર્યરત સંસ્થાની ઝોળી આપણે સહુએ પ્રેમ અને ધનથી છલકાવી દેવી જોઈએ.

આ કાર્યક્રમમાં આરોગ્યના કારણસર ટોરન્ટ ઔદ્યોગિક જુથના શારદાબહેન મહેતા અને ઉદ્યોગપતિ દામજીભાઈ એન્કરવાળા ઉપસ્થિત રહી શક્યા નહોતા. અમદાવાદમાં 'જીતો'ના કાર્યક્રમને લીધે ઉદ્યોગપતિ રસિકલાલ ધારીવાલ હાજર રહી શક્યા નહોતા. મંચ ઉપર 'સંઘ'ના

---

**ભક્તિ યાત્રા**

**સ્મરણિકા અને સી. ડી.**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના એંસીમાં વર્ષના પ્રવેશના અવસરે યોજાયેલ 'ભક્તિ યાત્રા' કાર્યક્રમની વી.સી.ડી. અને સી.ડી. સંઘના કાર્યાલયમાંથી ઉપલબ્ધ થશે.

આ અવસરે એકસો એંસી પાનાની 'પ્રબુદ્ધ' શીર્ષકથી પ્રકાશિત થયેલ સુશોભિત સ્મરણિકા પણ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો વિના મૂલ્યે સંઘના કાર્યાલયમાંથી પ્રાપ્ત કરી શકશે.

આ સ્મરણિકા માત્ર જા.xખ.નો સંપૂટ જ નથી, પરંતુ એમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સચિત્ર ઈતિહાસ અને અનેક વિગતો સાથે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ 'પંથે પંથે પાથેય' વિભાગના લગભગ ચોત્રીસ સત્ય ઘટનાત્મક પ્રસંગો પણ સમાયેલા છે.

'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને આ સ્મરણિકા પ્રાપ્ત કરવા વિનંતિ.

**મેનેજર**

પ્રમુખ રસિકલાલ શાહ, ઉપપ્રમુખ ચંદ્રકાંત શાહ, મંત્રી શ્રીમતી નીરુબહેન શાહ, કોષાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્ર જવેરી ફંડ રેઈઝીંગ કમિટીના અધ્યક્ષ ચંદ્રકાંત ગાંધી, શ્રી લલિતભાઈ શાહ અને શ્રી નીતિન સોનાવાલા ઉપસ્થિત રહ્યા હતા.

મુંબઈ જૈન યુક સંઘના ૮૦માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ફંડ રેઇઝીંગ કમિટીના સભ્ય શ્રી નિતીનભાઈ સોનાવાલાની પરિકલ્પના અનુસાર યજાયેલા 'ભક્તિ યાત્રા'ના કાર્યક્રમમાં કુમાર ચેટર્જી, સોલી કાપડીયા, હંસિકા ઐયર અને વિભાવરી જોશીએ ગીત–સંગીત રજૂ કર્યા હતા. તેનું સંચાલન કવિ અંકિત ત્રિવેદીએ કર્યું હતું. કાર્યક્રમના અંતે 'સંઘ'ના મંત્રી નીરુબહેન શાહે આભારવિધિ કરી હતી.

આ ૮૦ મા વર્ષના પ્રવેશ અવસરે સંઘે ૧૭૦ પાનાની દળદાર સ્મરણિકા 'પ્રબુદ્ધ' શીર્ષકથી પ્રકાશિત કરી છે. એમાં માત્ર જાxખ જ નહિ પરંતુ સંઘનો યશભર્યો સચિત્ર ઇતિહાસ અને 'પંથે પંથે પાથેય' એ ચિંતન પ્રસંગો પણ પ્રસ્તુત થયા છે. ✷✷✷

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
### ફંડ રેઈઝીંગ અભિયાનમાં તા. ૭–૧–૨૦૦૯ સુધી પ્રાપ્ત થયેલ અનુદાનની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧૧,૦૦,૦૦૦ | મે. જ્વેલેક્સ ઈન્ડિયા પ્રા. લિ. | ૧૧,૧૧૧ | મે. કોમ્પ્રેસર પાર્ટસ કું. |
| ૨,૫૦,૦૦૦ | શ્રી લાલજી વેલજી ચેરિટેબલ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ | મે. વી. ગુણવંત એન્ડ કું. |
| ૨,૦૦,૦૦૦ | મે. એશિઅન સ્ટાર કું. લી. | ૧૧,૦૦૦ | મે. ન્યૂઓટરીક ઈન્ફરમેટીક લી. |
| ૨,૦૦,૦૦૦ | શ્રી પ્રવિણભાઈ શાંતિલાલ કોઠારી | ૧૧,૦૦૦ | શ્રીમતી રમાબેન વી. મહેતા |
| ૨,૦૦,૦૦૦ | શ્રી રોઝી બ્લુ ડાયમંડ | ૧૦,૦૦૧ | શ્રીમતી મીનલ વી. પટેલ |
| ૨,૦૦,૦૦૦ | મે. એચ. દિપક એન્ડ કું. | ૧૦,૦૦૦ | શ્રી ઘેલાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨,૦૦,૦૦૦ | મે. ફાઈન જ્વેલરી લી. | ૧૦,૦૦૦ | શ્રી એક સદ્ગૃહસ્થ |
| ૧,૨૧,૦૦૦ | શ્રી ભણશાલી ટ્રસ્ટ | ૧૦,૦૦૦ | શ્રી યશોમતીબેન શાહ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી ઓનવર્ડ ફાઉન્ડેશન હસ્તે હરેશ મહેતા | ૧૦,૦૦૦ | શ્રી ઠાકુરલાલ કેશવલાલ મહેતા |
| ૧,૦૦,૦૦૦ | મે. જયશ્રી એન્જિનિયરિંગ કું. | ૧૦,૦૦૦ | શ્રી કલાવતીબેન હસમુખલાલ વોરા ચેરિ. ટ્રસ્ટ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી બિપીનભાઈ કાનજીભાઈ જૈન | ૧૦,૦૦૦ | શ્રી નીતિનભાઈ કાંતિલાલ સોનાવાલા |
| ૧,૦૦,૦૦૦ | શ્રી કાન્તિલાલ નારણદાસ શાહ | ૧૦,૦૦૦ | શ્રી રાજેન ચંદ્રકાંત શેઠ |
| | (કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ) | ૯,૨૨૫ | શ્રીમતી બિંદુ શ્રીકાંત શાહ |
| ૫૧,૦૦૦ | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ | ૯,૨૨૫ | શ્રી શ્રીકાંત પ્રમોદચંદ્ર શાહ |
| ૫૧,૦૦૦ | શ્રી કમલાબેન ગંભીરચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ | ૫,૦૦૦ | શ્રીમતી તારાબેન મોહનલાલ શાહ ચેરિ. ટ્રસ્ટ |
| ૫૧,૧૧૧ | શ્રીમતી સવિતાબેન નગીનદાસ ટ્રસ્ટ | ૫,૦૦૦ | શ્રી અનીશ શૈલેશ કોઠારી |
| ૫૦,૦૦૦ | શ્રીમતી આશાબહેન હસમુખભાઈ | ૫,૦૦૦ | શ્રીમતી ભારતીબેન દિલીપભાઈ શાહ |
| ૫૦,૦૦૦ | શ્રીમતી કંચનબેન શાહ | ૫,૦૦૦ | મે. એડવાન્સ ટેકનો ટાઈમ ઈન્ડસ્ટ્રીઝ |
| ૫૧,૦૦૦ | શ્રી ગુણવંત ભાઈલાલ દોશી | ૫,૦૦૦ | શ્રી સુશીલાબેન અને સેવંતીભાઈ કપાસી |
| ૫૧,૦૦૦ | શ્રીમતી ઉષાબેન પ્રવિણભાઈ શાહ | ૫,૦૦૦ | શ્રી લીના વી. શાહ |
| ૨૫,૦૦૦ | શ્રીમતી રમાબહેન જે. વોરા | ૫,૦૦૦ | શ્રી શિવાનંદ મિશન |
| ૨૫,૦૦૦ | શ્રી અરૂણભાઈ ગાંધી | ૫,૦૦૦ | શ્રી તરૂલતાબેન નાનજી શાહ |
| ૨૧,૦૦૦ | મે. મિનલ જ્વેલર્સ | ૫,૦૦૦ | સ્વ. અતુલ પરીખ અને નીતિન પરીખ |
| ૨૧,૦૦૦ | શ્રીમતી નિર્મળા ચંદ્રકાંત શાહ | ૩,૦૦૦ | સ્વ. ગુણવંતીબેન રસિકલાલ શાહ |
| ૧૫,૭૫૦ | શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ્ર શાહ | ૩,૦૦૦ | શ્રી રમણિકભાઈ ગોસલીયા |
| ૧૫,૦૦૦ | શ્રીમતી નીરૂબહેન સુબોધભાઈ શાહ | ૩,૦૦૦ | શ્રી હીરજી વસનજી ગોસર |
| ૧૫,૦૦૦ | શ્રીમતી કુસુમબેન ભાઉ | ૧,૫૦૦ | શ્રી દેવચંદ જી. શાહ |
| ૧૫,૦૦૦ | શ્રી અમીચંદ આર. શાહ | ૫,૬૦,૦૦૦ | પ્રબુદ્ધ સ્મરણિકા દ્વારા પ્રાપ્ત |
| ૧૫,૦૦૦ | શ્રી ચીમનલાલ ચકુભાઈ માનવરાહત ટ્રસ્ટ | ૪૧,૫૧,૯૨૩ | |

# શું ગાંધીજી ભારતીય તત્ત્વજ્ઞાન જાણતા ન હતા?

❑ પ્રા. પ્રતાપકુમાર જે. ટોલિયા

'ભૂમિપુત્ર'ના સુન્દરમ્ જન્મ-શતાબ્દી વિશેષાંકના ૩૬મા પાને 'શ્રી અરવિંદ સાથેની વાતચીત' (આશ્રમવાસીઓ સાથે તા. ૯-૪-૧૯૨૪) શીર્ષક નીચે ગાંધીજી વિષે શ્રી અરવિંદે આમ કહ્યું હોય તે છપાયું છે:

(શ્રી અરવિંદ ગાંધીજી વિષે કહે છે) '-એમનામાં મને હંમેશાં મિશ્રણ જણાયું છે (?). આ બાબતમાં તો વળી વધારે ગોટો વાળ્યો છે. પહેલાં ટૉલ્સ્ટૉય, ખ્રિસ્તીધર્મ અને જૈનધર્મનું શિક્ષણ હતું. હવે એમણે તેમાં વેદ, કુરાન અને ગીતા ઉમેર્યાં છે! પરંતુ મારું કહેવાનું જુદું છે. એમના મગજનું આખું યે વલણ યુરોપિયનો જેવું છે. **ભારતીય તત્ત્વજ્ઞાનના વિચારો વિષે એમને પકડ હોય એમ મને લાગતું નથી** (?) વળી, તેઓ હંમેશાં અમુક વસ્તુને જીવનમાં ઠોકી બેસાડે છે, અને તેનો એક નિયમ કે વ્રત બનાવી દે છે. એ પણ યુરોપિયન વલણ છે - દરેક વસ્તુને અમુક નિયમ કે કાનૂનમાં પલટી નાંખવી. ગાંધીજી તેને ભારતીય પરિભાષામાં રજૂ કરે છે એટલું જ...'

અહીં ઘણાં પ્રશ્નો ઊઠે છે :

(૧) શ્રી અરવિંદ જેવા ગંભીર ક્રાન્તદૃષ્ટા આમ બોલ્યા હોય ખરા?
(૨) જો તેમણે આમ કહ્યું જ હોય-ગાંધીજી વિષે-તો તેમાં તેમની પૂર્ણયોગની સાધનાની પરિપક્વતાનું દર્શન થાય છે ખરું?
(૩) તેમના જેવા પરાવાણીના પારગામીઓએ આવી (ચિન્હિત શબ્દો - વાક્યોવાળી) રજૂઆત કરી હોય તે ગળે ઉતરે તેવું છે ખરું?
(૪) ગાંધીજી ભારતીય તત્ત્વજ્ઞાનને આ યુગમાં, જાણતા-જીવતા-પ્રસરાવતા સર્વાધિક સફળ ને સિદ્ધ થયા ન હતા?

આ અને આવા બીજા આનુષંગિક પ્રશ્નોના સમાધાન માટે તો પ્રથમ તેમના આ વક્તવ્યની અધિકૃતતા (authenticity)ની ચકાસણી થવી જોઈએ. અને તેઓ જો આમ બોલ્યા જ હોય તો એ કયા સંયોગોમાં, કયા પૂર્વાપર સંદર્ભમાં, કઈ દૃષ્ટિથી કહ્યું હોય તેનો વિશદ ને સ્પષ્ટ તાગ મેળવવો-અપાવવો જોઈએ, જેથી શ્રી અરવિંદને પણ ટાંકવામાં તેમને કોઈ અન્યાય ન થાય. જો કે 'ભૂમિપુત્ર' જેવું જવાબદાર પત્ર જ્યારે આ ઉધ્ધરણ ટાંકે છે ત્યારે તેની અધિકૃતતા માનીને ચાલી શકાય.

આ થઈ પ્રથમ વાત.

હવે બીજી વાતઃ મહાત્મા ગાંધીજી અને મહાયોગી શ્રી અરવિંદ જેવા આ યુગના બે મહાન પુરુષો (ભારતની આઝાદી તેમજ ભારતની આધ્યાત્મિક અસ્મિતા-સંપદા બંને આશયોને વરેલા એવા)ના જીવનનાં મૂલ્યાંકનો અને તેની જગત પર અસર આ પ્રશ્નોના સંદર્ભમાં ફરીને છણાવા જોઈએ.

અહીં ખાસ કરીને ગાંધીજીની સર્વધર્મ સમન્વય-સમભાવની, આ યુગની આવશ્યકતા ભરેલી યુગધર્મની શોધયાત્રાના ઉપક્રમમાં આમ થવાની આવશ્યકતા છે. ગાંધીજીની આ યુગધર્મ-સર્વધર્મ સમન્વય- સમભાવ-શોધયાત્રા તેમની સાયંપ્રાર્થનાઓમાં અનેકોની જેમ આ પંક્તિલેખકે સ્વયં પણ પોતાની કુમારાવસ્થામાં પૂનામાં નિહાળી અને માણી છે. આપણે સૌ જાણીએ છીએ તેમ ગાંધીજીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી અને પ્રથમ સત્યાગ્રહી આચાર્ય વિનોબાજીએ ગાંધીજીની આ યુગધર્મ શોધયાત્રાને પોતાની ચિંતન અને ધ્યાનપૂર્વકની સર્વોદય- ભૂદાન ગ્રામદાન આંદોલન પદયાત્રાઓ, શાંતિસેના સ્થાપનાઓ, 'ૐ તત્સત્' જેવી સર્વધર્મ પ્રાર્થનાની પદરચનાઓ, સર્વધર્મોના ('સમણસુત્તં' જેવા) ગ્રંથનિર્માણો અને વીસ જેટલા વિનોબા-સાહિત્યના લખાણ સંગ્રહો, વગેરે દ્વારા આગળ ધપાવી છે, વિસ્તારી છે, મૂર્તિમંત કરી છે એ આ ગાંધી-ઉત્તર યુગની કોઈ નાનીસૂની ઘટનાઓ નથી!

ગાંધીજીની આ યુગધર્મ-શોધયાત્રા પાછળ આ 'વર્તમાન સમયની માંગ' (Demand of the Age)નો સારો સંદર્ભ અને સમાનાંતર ઇતિહાસ પાછલી ઘણી સદીઓથી રચાતો આવ્યો છે એનો અભ્યાસ થવો જોઈએ. ભારતીય સંસ્કૃતિની પ્રાચીનમાં પ્રાચીન આર્હત્ધારા, શ્રમણધારાએ 'પંદર ભેદે સિદ્ધ' હોઈ શકે એવો ઉદારતાભર્યો સિદ્ધાંત આપ્યો અને 'સામાની-અન્યની-દૃષ્ટિમાં પણ બીજી બાજુનું, આ બાજુથી નહીં દેખાતું એવું સત્ય શોધી શકાય છે' એવી સરળ સમજભર્યો અનેકાંતવાદ, સ્યાદ્વાદ અનંત અનંત નય-નિક્ષેપવાદ આપ્યો. અદ્ભુત રહ્યા આ અભિગમો. આ અસમાન્ય પ્રદાનથી વિશ્વ સંસ્કૃતિના પુરસ્કર્તાઓના આદિનાથથી માંડીને શ્રમણ ભગવાન મહાવીરની આર્હત્ પરંપરાના મહાવીરોત્તર-કાલીન અનેક યુગદૃષ્ટા જૈન આચાર્યોએ સમય સમય પર આ સમુદારતા ભરેલા અભિગમોને વ્યક્ત કર્યા. છેલ્લે છેલ્લે શ્રી હેમચંદ્રાચાર્યે સોમનાથ મંદિરમાં જઈ મહાદેવ સમક્ષ પણ 'ભવબીજાંકુર જનના'ના શ્લોક-શબ્દો દ્વારા 'બ્રહ્મ વા વિષ્ણુ વા મહેશ્વરો વા' કહીને રાગાદિ ક્ષય પ્રાપ્ત સર્વ મહાપુરુષોને વંદના કરી અને મહાયોગી આનંદઘનજીએ 'રામ કહો, રહમાન કહો કોઉ, કાન્હ કહો મહાદેવ રી' ગાઈને સર્વના અંતરસ્થ રહેલા 'સકલ બ્રહ્મ સ્વયમેવજ્ઞ'ની જે અભિવ્યંજના અને અધ્યાત્મના રહસ્યોદ્ઘાટનની ઉદ્ઘોષણા કરી તે અસામાન્ય સર્વધર્મ-ઉદારતા અને સત્ય-તત્ત્વ નિષ્કર્ષ-સંશોધનાના ઉદાહરણો છે. આવા તો અનેક દૃષ્ટાંતોથી શ્રમણ પરંપરા ભરી પડી છે. તે જ રીતે મધ્યકાળના જૈનેતર ધારાના પ્રાયઃ આનંદઘન-સમકાલીન કહી શકાય તેવા રહસ્યવાદી, સર્વધર્મ સમન્વયી, સંત કબીરે પણ 'ઘટ ઘટ મેં વહ સાંઈ રમતા' અને તેરા સાંઈ તુઝમેં જેવી અનેક પદરચનાઓ દ્વારા આવી જ વાત કરીને, આવા જ સમન્વય સૂરોમાં નથી ગાયું? અકબર બાદશાહ જેવાના, નિષ્ફળ ગયેલા છતાં, 'દીને-ઈલાહી'ના સમન્વિત ધર્મ શોધન પાછળ પણ આવી જ દૃષ્ટિ, આવી જ ભાવના કંઈક અંશે ન હતી?

આ યુગમાં પણ શ્રી રામકૃષ્ણ પરમહંસની સર્વ ધર્મોની એક પછી એક ઉપાસનાની ઘટના શ્રી શિરડી સાંઈબાબાની 'સૌનો માલિક એક'ની સર્વધર્મ સમન્વય ભાવના, થિયોસોફિસ્ટો અને શ્રી જે.

કૃષ્ણમૂર્તિની બધા જ ધર્મોથી ઉપર ઊઠીને આત્માની સતત, સર્વત્ર, પસંદગી વિહીન, સજગતા–જાગૃતિ' (Constant, Choiceless Awareness) સાધવાની પ્રેરણા–આ બધી સાધનાઓ શો સંકેત આપે છે?

આ સર્વ સંદર્ભોમાં આ કાળના યુગધર્મ એવા સર્વધર્મ સમન્વયના, 'સ્વાત્મામાં સકલ બ્રહ્મ'ના દર્શનના, 'નામધારી ધર્મોથી અતીત' એવા શુદ્ધ સજગ આત્મધર્મના આર્ષ–દર્શનભર્યા ગાંધીજીના સર્વધર્મ સમભાવના અભિગમને 'મિશ્રણ' શી રીતે કહી શકાય? એમાં 'યુરોપિયનો જેવું વલણ' કેમ જોઈ શકાય? જો તેને આવાં લૅબલ લગાડવાનું અંતર્દર્શન શ્રી અરવિંદને થતું હોય તો સર્વધર્મોથી ઉપર ઊઠીને, જૂદા પડીને, મૌલિક રૂપે, દિવ્યજીવનને પૃથ્વી પર ઉતારવાનો, 'અતિમનસ્'ની સાધનાનો તેમનો જ જે અભિગમ છે, દાવો છે, (એ કેટલો શક્ય, સંભવ, સફળ છે તે જૂદી વાત) એ શું છે? ગાંધીજીના યુગધર્મરૂપ સર્વધર્મ દર્શનમાં પણ પૃથ્વીને હિંસાકલુષશૂન્ય અને દેશને, ભારતને, 'રામરાજ્ય'માં પરિણત કરવાનો પુરુષાર્થ નથી? એને 'મિશ્રણ', 'ગોટો', યુરોપિયનો-શું વલણ – આવા બધામાં ઘટાવી શકાય?

ગાંધીજીને સર્વ ધર્મ પ્રત્યે ઉદારતા અને સમભાવનો સંદેશ આપનાર તેમના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રનું ગાંધીજી પ્રત્યેનું આ કથન કે–

'તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય એ કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ, અને તે સદાચારનું તું સેવન કરજે.'–(સંદર્ભ: 'પુષ્પમાળા'–૧૫) કોઈ એક નામધારી ધર્મથી ઉપર ઊઠવાનું અને સંસારકલુષ તોડી સર્વસામાન્ય, સદાચાર–ધર્મ અપનાવવાની પ્રેરણા નથી આપતું?

સંક્ષેપમાં ગાંધીજીના સર્વધર્મ સમન્વયની સાધનાના સારાયે અભિગમને, તેની પાછળના બળો–પરિબળો શોધના વિકસતા ઉપક્રમો અને યુગાંકાંક્ષાઓના સંદર્ભોમાં મૂલવવો જોઈએ. તેને 'મિશ્રણ' કહી દઈ ગાંધીજીની આમ આલોચના કે મૂલવણી કરી દેવી સમુચિત, સહેલી કે સુયુક્તિસંગત નથી જણાતી. તેનું વિશદ,તલસ્પર્શી સર્વસંદર્ભયુક્ત સમગ્ર મૂલ્યાંકન અને વિશ્લેષણ થવું ઘટે છે.

'ભારતીય તત્ત્વજ્ઞાનના વિચારો વિષે એમને પકડ હોય એમ મને લાગતું નથી.'–આવું શ્રી અરવિંદનું વિધાન–કંઈક આક્ષેપાત્મક તારણ–પણ જો અધિકૃત હોય તો તે અધૂરું જણાય છે, ચકાસણીની અપેક્ષા રાખે છે અને ઊંડાણમાં વિશ્લેષણ માગે છે. કેમકે, ઓછામાં ઓછું, ગાંધીજીના જીવનની નીચેની ઘટનાઓ અને રચનાઓમાં તેમનું ભારતીય તત્ત્વજ્ઞાન અંગેનું શોધપૂર્ણ ચિંતન અને સ્પષ્ટ પ્રત્યક્ષ અમલીકરણ મળે છે :

(૧) વિદેશમાં અધ્યયનકાળ દરમ્યાન થયેલું તેમનું ચિંતન અને મુંબઈમાં શ્રીમદ્ રાજચંદ્રનું પ્રથમ મિલન.

(૨) વિદેશ–આફ્રિકામાં કાર્યકાળ દરમ્યાન અન્ય ધર્મીઓ સાથેના તેમના સંપર્ક અને હિંદુધર્મ–વિષયક સંદેહ અને સાગરમંથનમાંથી, અધ્યયન–સ્વચિંતન અને ગુરુગમ–વત્ માર્ગદર્શનમાંથી તેમને લાધેલું અમૃત–દર્શન (શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ–સુખધામ; બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ'ના 'આત્મ–સિદ્ધિ' વર્ણિત તત્ત્વ–ન્યાયે).

(૩) ગાંધીજીના આ અમૃતોપલબ્ધિકાળના પ્રાથમિક આધારો તેમના પોતાના ભગવદ્ગીતા જેવા અધ્યયનો ઉપરાંત શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા મુંબઈથી પ્રેરિત, તેમની જ મૂળ હિંદુધર્મની ભૂમિકાના યોગવસિષ્ઠ મહારામાયણ, પંચદર્શી, મણિરત્નમાળા, શ્રીમદ્ ભાગવત આદિ ગ્રંથો (જેમાં પણ શ્રીમદ્ના પોતાના જૈનધર્મનો કોઈ ગ્રંથ ન હતો એ શ્રીમદ્ની ધર્મોદારતા માટે નોંધણીય છે, જેનું પછીથી વિનોબાજી જેવાએ શ્રીમદ્ પ્રત્યે અંજલિ–અનુમોદન કર્યું છે!) અને શ્રીમદ્ના અતિ મહત્ત્વના પત્રોત્તરો હતા. તેમાં ગાંધીજીના પ્રથમ વિસ્તૃત જિજ્ઞાસા–પત્ર દ્વારા ૨૭ ઊંડા મંથન–ચિંતનભર્યા પ્રશ્નો અને તેના તેવા જ ઊંડાણભર્યા, નિરાગ્રહ તટસ્થભર્યા શ્રીમદ્જીનાં વિશદ પ્રત્યુત્તરો અધ્યયનયોગ્ય છે. ૨૦-૧૦-૧૮૯૪ના રોજ લખાયેલ આ વિસ્તૃત પત્રોત્તર પછી બીજા પણ બે પત્રોત્તરો અગત્યના છે. (આ સર્વે 'મહાત્મા ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્ર વચ્ચેનો પત્રવ્યવહાર' શીર્ષકથી શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન પ્રચારક ટ્રસ્ટ અમદાવાદ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, ઈ. દ્વારા પ્રકાશિત થયેલ છે.) 'અથાતો બ્રહ્મજિજ્ઞાસા' ભરેલા ગાંધીજીના આ ચિંતન–મંથન– અમૃતોપલબ્ધિકાળનું અવશ્ય મહત્ત્વ છે. તેમની ભારતીય તત્ત્વજ્ઞાનના વિચારોની પકડ માટે.

(૪) સમગ્ર ભારતીય તત્ત્વજ્ઞાનના ષડ્દર્શનો સમેતના નિષ્કર્ષ અને આત્મજ્ઞાનના સર્વોચ્ચ સુવર્ણ શિખર એવા શ્રીમદ્ રાજચંદ્ર રચિત, વિશ્વના દર્શનોમાં સ્થાન પ્રાપ્ત કરનાર ગ્રંથ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ના ગહન અધ્યયન બાદ તેનો સ્વયં ગાંધીજીએ પોતે કરેલો ગુજરાતીમાંથી અંગ્રેજી અનુવાદ, જે પછીથી લંડનમાં બસમાં ખોવાઈ ગયેલો!

(૫) 'સત્યના પ્રયોગો–આત્મકથા' 'ગાંધીજીનું ધર્મદર્શન' સર્વોદય, મંગળ પ્રભાત, ગીતાનો અનાસક્તિયોગ, मेरा धर्म, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, હિંદ સ્વરાજ, નિસર્ગોપચાર, આરોગ્યની ચાવી, ગાંધીજીનું ધર્મમંથન, ગાંધીજીનું શિક્ષણદર્શન, શિક્ષણ વિચાર, ઇત્યાદિમાં દેખાતું જીવનના અનેકવિધ સમગ્ર પાસાંઓને આવરી લેતું એક સંપૂર્ણ નવીન જીવન દર્શન 'નવજીવન', 'હરિજનબંધુ', Young India ઈ. પત્રોમાંના તેમના લેખો.

(૬) દક્ષિણ આફ્રિકાના ફિનિક્સ આશ્રમ–સ્થાપન બાદ ભારતમાં આવીને ૧૯૧૬માં અમદાવાદ સાબરમતી આશ્રમની અને વર્ધા–સેવાગ્રામ આશ્રમની સ્થાપના દ્વારા, ભારતીય પરંપરાઓના જ મહાવ્રતોના નૂતન રૂપે ૧૧ એકાદશ વ્રતોની સાધના. તે આધારે ગાંધીજીએ સ્વયં જીવેલું પોતાનું જાહેર જીવન–લોકજીવન!

(૭) વિવિધ સત્યાગ્રહોમાં ચંપારણ અને દાંડીયાત્રાઓમાં–સત્ય અને અહિંસાની નિષ્ઠાપૂર્વકની સાધન–સામગ્રી સાથે અભૂતપૂર્વ 'અહિંસક યુદ્ધ', દુશ્મન પ્રત્યે પણ દ્વેષ રાખ્યા વિનાનું સ્વમાન, સ્વાતંત્ર્ય અને સ્વાધિકાર માટેનું પ્રેમયુદ્ધ, જે ભારતીય સંસ્કૃતિના પ્રાક્ આદિકાળના બાહુબળી–ભરત વચ્ચેના અહિંસક યુદ્ધ પછી

યુગો અને શતાબ્દિઓ પછી પણ ક્યાંય જોવા મળતું નથી!

'વણભાલાં વણબરછી, વણ તલવાર વણ તોપ!
તારું કટક કાળો કોપ, વણ હથિયારે વાણિયા!'
(શ્રી મેઘાણી)

ગાંધી તેરા નામ મૈંને દૂર દૂર સુના,
દુનિયા ડોલ ડોલ ઊઠી...'
(શ્રી દુખાચલજી)

–આવી તો કંઈ કંઈ બિરદાવલીઓ, પ્રશસ્તિઓ ગાંધીજીની કેટકેટલા કવિઓએ લખી અને ગાઈ!!

શ્રી કૃષ્ણની ગીતાનો 'અનાસક્તિયોગ' તો તેમણે અપનાવી લીધો, પરંતુ હિંસક શસ્ત્રાસ્ત્ર પ્રતિકાર તેમણે વિવેકથી અપનાવ્યો નહીં, એ તેમની 'અહિંસક યુદ્ધ શોધ'ની કેટલી બધી મોટી મૌલિક અને આગવી ઉપલબ્ધિ છે!!!

તેમના માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજીએ વ્યવહાર શુદ્ધિ અને દયા–અહિંસાની પોતાના વ્યાપાર–ધર્મમાં અણીશુદ્ધ અનુપાલના કરી બતાવી અને અહિંસક મહાસૈનિક ગાંધીજીએ તેની પોતાના રાષ્ટ્રધર્મ– સત્યાગ્રહધર્મ–સેવાધર્મમાં, ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે! ઉપવાસોનું નવું અર્થતંત્ર શસ્ત્ર!

(૮) શાંતિનિકેતનમાં ગુરુદેવ રવિન્દ્રનાથનું મિલન, અન્યોન્યનું 'ગુરુદેવ' અને 'મહાત્મા' રૂપે અનુમોદન અને પ્રેરણાપાન.

(૯) આઝાદીના લોહિયાળ ભાગલા પછી, ભાંગેલ હૃદયે અને 'એકલા' જ નોઆખલી જેવા દુર્ગમ સ્થળોની શાંતિયાત્રા જેને ગુરુદેવ રવીન્દ્રનાથના 'એકલો જાને રે!' અને કવિશ્રી ઉમાશંકર જોશીના 'નોઆખલીનો યાત્રી' જેવા અનેક આર્ષ–કવિઓમાં વ્યક્ત કરાઈ! પંડિતશ્રી સુખલાલજીએ પણ, અહીં આગળ ટાંકીશું તેમ, નોઆખલી, કલકત્તા આદિની આગો વચ્ચોની તેમની યાત્રાઓ બિરદાવી.

(૧૦) 'ગાંધીજીનો જીવનધર્મ' જેવા પ્રજ્ઞાચક્ષુ ડૉ. પંડિતશ્રી સુખલાલજી જેવા દાર્શનિકોના ગાંધીજીની ભારતીય તત્ત્વ સાધનાને આચરી બતાવતી સિદ્ધિને અંજલિ આપતાં અનેક લેખો, લખાણો અને 'શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી' જેવા અનેક પુસ્તકો જેમાં 'ગાંધી : જોયા–જાણ્યા' (કાન્તિ શાહ), 'મારું જીવન એ જ મારી વાણી' (નારાયણ દેસાઈ) વિનોબાજીના અનેક પ્રવચનો–લેખો અને વિદેશી લેખકોના પુસ્તકો પણ સમાવિષ્ટ છે.

(૧૧) વિદેશના 'ભવિષ્યની' પ્રજા આવો સંદેહ કરશે કે વીસમી સદીમાં આવા હાડ–માંસનો પુરુષ આ ધરતી પર વિચર્યો હશે કે કેમ? ભાવિ પેઢીઓના માન્યામાં પણ ભાગ્યે જ આવશે કે, એમના જેવા હાડમાંસના માનવીએ આ ધરણી પર કદાચ પગલાં માંડ્યા હતાં!' જેવા વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને ચિંતક લેખકો બટ્રાન્ડ રસેલ, બર્નાર્ડ શો, ઈ.થી માંડીને એરિક ફ્રોમ જેવાની ગાંધી અંજલિઓ.

ઉપર્યુક્ત મનિષીઓ–ચિંતકોના કથનો, વચનો, તારણો, ઘટનાઓ, ક્ષુબ્ધ વર્તમાન વિશ્વની ગતિવિધિઓ અને ગાંધીજીની સ્વયંની જીવન સાધના–સારા સંસાર સામેની ખુલ્લી 'જીવન સાધના'ના સર્વ સંદર્ભોમાં સમગ્રતાથી વિચારીએ તો આપણને શું દેખાય છે?

એ જ ને કે, આમ ભારતીય તત્ત્વજ્ઞાનને માત્ર જાણ્યું જ નહીં, 'ઈશાવાસ્ય ઉપનિષદ્'માં તેમણે જ નવાજેલા જીવન આદર્શ મુજબ ગાંધીજીએ પોતે 'જીવી પણ જાણ્યું' અને તદ્નુસાર સારા યુગને જીવાડી, શીખવાડી પણ જાણ્યું! એટલું જ નહીં, માત્ર જીવી–જીવાડીને જ નહીં, પોતાના અપ્રતિમ બલિદાનમય જીવનોત્સર્ગ દ્વારા, એ જ ધર્મસમન્વયના જાણે દૃષ્ટાંતરૂપે, મરીને ય તે સિદ્ધ કરી બતાવ્યું!! તેમણે વિશ્વ વિચારોને આવવા દેવાના ભારતીય સંસ્કૃતિના ઉદાર દ્વારોને ખુલ્લા રાખ્યા અને છતાં ભારતની ધરતી પર રહ્યા.

દેહથી મર્યા છતાં પોતાના એ તત્ત્વ–વિચાર દ્વારા જીવતા રહ્યા. તેમના એ ભારતીય તત્ત્વજ્ઞાન–આધારિત, ત્યાગના, સંયમના, સત્ય–અહિંસાના, સર્વધર્મ સમન્વયના જીવન દર્શનને તેમના 'આધ્યાત્મિક વારસદારો' જેવા વિનોબાજી–જયપ્રકાશજી જેવા અનેકોએ સર્વોદય, ભૂદાન, ગ્રામદાન, ગ્રામરાજ્ય, રામરાજ્ય, સંપૂર્ણ ક્રાન્તિ, શાંતિસેનાદિ અભિગમો, અભિયાનો, આંદોલનો દ્વારા વિકસિત કર્યું. (એ તદ્દન જૂદી અને વિપરિત વિડંબનાની વ્યથા–કથા છે કે ગાંધીજીના નામને દૂષિત–પ્રદૂષિત કરી રહેલા અને તેમના 'ધરાર વારસદાર' બની બેઠેલા રાજકારણી વારસદારો તેમના જ જીવનાદર્શોથી ઊલ્ટી જ દિશામાં જઈ તેમની અને અગણિત શહીદોની શહાદતને છેહ આપી ચૂક્યા અને આપી રહ્યા છે! જો આ છેહ, આ વિશ્વાસઘાત, ગાંધીજી સાથે કર્યાની વાત સત્ય ન હોય તો ગાંધીજીના આ દેશને તેમણે આવો ન કરી મેલ્યો હોત!! ગાંધી વિચાર વિરુદ્ધની જ આ દેશના રાજકારણીઓની કેવી કેવી વિદેશી હવાની પંચવર્ષીય યોજનાઓ 'યથા રાજા તથા પ્રજા'ના–ન્યાયતંત્ર સુધી પણ પહોંચેલા, ભીષણ ભ્રષ્ટાચારો, આઝાદી પછી વણબદલાએલી ચારિત્ર્યશૂન્ય શિક્ષણપ્રથાના તંત્રો; દેશના પશુધનને હડપી જતાં જંગી રાક્ષસી કતલખાનાઓ અને માંસાહાર પ્રચારો, અનાજ, ખેતી, ફળ અને સ્થળ–વાયુને જ નહીં, જળને–જીવનના આધારને–પણ દૂષિત અને દુર્લભ કરી દેતી સોફ્ટ–ડ્રિંક્સ અને મિનરલ વોટર્સની નોબત લાવતી આ યોજનાઓ, સાવ સસ્તા અને સરળ એવા ગાંધીજીના નિસર્ગોપચારને સ્થાને અતિ હિંસક, અતિ ખર્ચાળ, અતિ ખતરનાક અલોપથી; બાળકોનેય ફરજિયાત કામ–વ્યાપાર, સૅક્સ–વ્યભિચાર ભણી ધકેલતા બેરોકટોક, વણનિયંત્રિત એવા બિભત્સ ટી.વી. સિનેમાની બિછાવેલી જાળના નેટવર્કો; 'સર્વધર્મ'ના વિકૃત અંચળા હેઠળ એક બે ધર્મોને ખુશ કરવાની વૉટ–બૅન્કો, ચૂંટણી પ્રથામાંની ગેરરીતિઓ અને સંવિધાન તેમજ કાનૂનની છટકબારીઓ; એકબાજુ મલ્ટીનેશનલ કંપનીઓ વધતી જતી ને થોડાને ધનસમૃદ્ધ બનાવતી બોલબાલાઓ અને બીજી તરફથી ખતરનાક ગરીબી અને અસહ્ય મોંઘવારીમાં રહેંસાતો–પીસાતો વિશાળ જનસમાજ, અને બાપુનો 'દરિદ્રનારાયણ', ભાંગી નંખાયેલા ગામડાઓ, ગ્રામોદ્યોગો, ગ્રામધંધાઓ અને રાક્ષસી હદે વિસ્તરતા અને મ્હોં ફાડીને ભરખી જતાં મહાનગરો; હિંસાના તાંડવો અને આતંકવાદને ડામવામાં નિષ્ફળ–સરકારી તંત્રો; આ સારું યે ઊલ્ટી ગંગાનું સ્વરૂપ શું સૂચવે છે? ગાંધી ક્યાં, ગાંધીનું સર્વકલ્યાણકર અહિંસક, સર્વોદયી જીવનદર્શન ક્યાં,

તેમના જીવન ધર્મનું તત્ત્વજ્ઞાન ક્યાં ને આ સર્વ ક્યાં?'

અને આ છતાં યે, ભલે લઘુમતીમાં પણ, ગાંધીએ ઊભી કરેલી અને પાછળ મૂકેલી અપરંપાર ચિંતકો, સાધકો, કાર્યકર્તાઓ, કવિમનીષિઓની ફોજ આજે પણ ચુપચાપ, એકલખૂણાઓમાં કાર્યરત છે અને અંધકાર વચ્ચે ભાવિની આશાનું કિરણ બનેલ છે.

ગાંધીજીની આ અહિંસક ફોજના ગાંધીયુગીન પુરોગામીઓ, સત્યાગ્રહીઓ, કાર્યકર્તાઓ, સાધકો, ચિંતકોમાંથી થોડાનું પાવનસ્મરણ કરીને આ ચિંતનપત્રનું અહીં સમાપન કરીશું. ભારતના ભવ્ય લોકસાગરના થોડા-શા મહામૂલા મોતીઓનું સર્જન, શોધન, નિર્માણ એ ગાંધીજીના વિરાટ જીવનદર્શનનું કેટલું મોટું પ્રદાન છે! તેઓ પોતાના આ જીવંત, સદા ધબકતા ભારતીય તત્ત્વજ્ઞાનભર્યા જીન દર્શનને, તેમના કેટકેટલા સુયોગ્ય ઉત્તરાધિકારી રત્નપુરુષો જગતને આપવા દ્વારા, પ્રસારિત કરી ગયા છે. તે તો જુઓ! કેટકેટલા ક્ષેત્રોના, કેટકેટલા નાના-મોટા જીવનસમર્પિતો!! પારંપારિક અર્થમાં 'પ્રત્યક્ષ દીક્ષા' આપ્યા વિના પોતાના પ્રભાવમાં સહજ, સ્વયં જ પ્રભાવિત ને પ્રત્યક્ષ-પરોક્ષપણે તૈયાર થયેલા આ કેટકેટલા ધન્યાત્માઓ!!! વિનોબાજી-જયપ્રકાશજી ઉપરાંતના આ રહ્યાં થોડાઃ

પ્રભાવતીદેવી, સરોજિની નાયડુ, મીરાબેન, સરદાર વલ્લભભાઈ, વિજયાલક્ષ્મી પંડિત, જવાહરલાલ નહેરુ, જમનાલાલ બજાજ, રવિશંકર મહારાજ ને વિષ્ણુભાઈ, બબલભાઈ મહેતા, બાળકોબાજી-શિવાજી ભાવે, મહાદેવભાઈ, પ્યારેલાલજી, કેદારનાથજી, મશરૂવાળા, કાકા કાલેલકર, આચાર્ય કૃપલાણી, મામાસાહેબ ફડકે, સુરેન્દ્રજી, સ્વામી આનંદ, ધર્માનંદ કોસમ્બી, મુનિ જિનવિજયજી, પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી, પુરુષોત્તમદાસ ટંડન, કૃષ્ણદાસ જાજુજી, ઠક્કરબાપા, કુમારપ્પા, આર્યનાયકમ્, સંતશ્રી મોટા, ગુરુદયાલ મલ્લિકજી, સિદ્ધરાજ ઢઢ્ઢા, મુનિશ્રી સંતબાલજી, મુનિશ્રી નાનચંદજી 'સંતશિષ્ય', દાદા ધર્માધિકારી, વિમલા ઠકાર, નિર્મલા દેશપાંડે, વલ્લભસ્વામી, ગોપબંધુ અને મનમોહન ચૌધરી, ધીરેન્દ્ર મજુમદાર, પરીક્ષિતલાલ મજુમદાર, ગણેશ માવણંકર અને પુરુષોત્તમ માવળંકર, નારાયણ ખરે, છગનભાઈ જોશી, નટવરકાકા, નરહરિ પરીખ અને મોહન પરીખ, ઈમામ સાહેબ, તરુણ ગાંધી, કનુ ગાંધી, પુરુષોત્તમ ગાંધી, નારાયણ ગાંધી, દેવદાસ ગાંધી, મોરારજી દેસાઈ, મણિભાઈ દેસાઈ, મગનભાઈ દેસાઈ, ધીરુભાઈ દેસાઈ, પ્રભુદાસ પટવારી, હરજીવનદાસ કોટક, મૂળશંકર ભટ્ટ, નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી 'દર્શક', ઊમાશંકર જોશી, સુન્દરમ્, સ્નેહરશ્મિ, ઝવેરચંદ મેઘાણી, દુલા કાગ, હંસરાજ યુદ્ધકવિ, દુઃખાયલજી, રામધારી સિંહ દિનકર, મૈથિલીશરણ અને સિયારામશરણ ગુપ્ત, મુન્શી પ્રેમચંદ, સુમિત્રાનંદન પંત, સુબ્રહ્મણ્યમ્ ભારતી, ઈકબાલ, વજુભાઈ શાહ, ડૉ. દ્વારકાદાસ જોષી, જુગતરામ દવે, પ્રબોધ ચોકસી, ડૉ. વસંત પરીખ, હરીવલ્લભ પરીખ, પરમાનંદ કાપડિયા, સૂર્યકાંત પરીખ, કિસન ત્રિવેદી, અમૃત મોદી, મનુ પંડિત, કાન્તિ શાહ, મ. જો પટેલ, ચુનીભાઈ વૈદ્ય, ડૉ. રાજીવ દીક્ષિત અને 'ગાંધીકથા' દ્વારા ગાંધીને સદા જીવતા રાખી આજે નૂતન પેઢી સુધી હાડોહાડ પહોંચાડનારા નારાયણ દેસાઈ !

ગાંધીજીના ભારતીય તત્ત્વદર્શનથી નિષ્પન્ન અનેકમાંના થોડા એવા આ મૌક્તિક રત્નો! આ સર્વે ઉપર અને સર્વે દ્વારા સારા યે યુગ ઉપર પોતાના તત્ત્વજ્ઞાનમય પ્રત્યક્ષ જીવનનો કેવો અમિટ-પ્રભાવ પાથર્યો યુગપુરુષ ગાંધીજીએ! આ વિશાળ ગાંધી-રત્ન સંપદામાંથી આજે સદેહે શેષ રહેલાઓ પાસે ગાંધીવિચારનું માર્ગદર્શન લેવા જવાનું આપણા રાજનેતાઓને સૂઝે છે ખરું?

આટલા વિરાટ પ્રભાવનું કારણ શું? રહસ્ય શું?

કારણ અને રહસ્ય ગાંધીજીનો જીવતો-જાગતો-પ્રત્યક્ષ ધબકતો જીવનધર્મ!

'તૂ કહતા કાગઝ કી લેખી, મૈં કહતા આંખન કી દેખી'વાળી સંત કબીરની ઉક્તિને સિદ્ધ કરતું એવું-'પોથીમાં નહીં, 'પ્રયોગ'માં મૂકાયેલ તેમનું તત્ત્વજ્ઞાન, તેમનું અધ્યાત્મ!!

નથી લાગતું કે યુગોથી, સદીઓથી ભારતનું અધ્યાત્મ-ભારતનું તત્ત્વજ્ઞાન પ્રાયઃ 'વાતોનું જ અધ્યાત્મ' ને 'વાતોનું જ તત્ત્વજ્ઞાન' બની ગયું હોય? પોતાના આંતરિક અનુભવ સાથે, જીવાઈ રહેલા જીવન સાથે જાણે એનો કોઈ સંબંધ જ ન રહ્યો હોય? વિવેકાનંદે જેને 'ચોકાનો ધર્મ' કરી પડકાર્યો તે ધર્મ અને વ્યવહારના જૂદા જૂદા 'કમ્પાર્ટમેન્ટ' પડી ગયા હોય? જાણે પ્રત્યક્ષ જીવન સાથે આ 'વાતોના અધ્યાત્મ'નો કોઈ અનુબંધ-સંબંધ જ નહીં! રાજસ્થાનીમાં એક હસવા જેવી મર્મભરેલી કહેવત છે કે-જે આપણી 'વાતોનાં વડા' વાળી કહેતી યાદ અપાવે છેઃ-

'બાતાં પાપડ, બાતાં વડી; બાતાં રી વહુ ગધેડે ચડી!'

આ વાતોના અધ્યાત્મને, વાતોના તત્ત્વજ્ઞાનને નવું દર્શન, નવું જીવન, મડદામાં પ્રાણ ફૂંકતું જીવન ગાંધીજીએ આપ્યું એ એમનું કોઈ નાનુંસૂનું પ્રદાન છે ભારતીય સંસ્કૃતિને? તે જ રીતે 'અહિંસક યુદ્ધ'ને સફળ કરી બતાવ્યું એ તો સારાયે વિશ્વની માનવ સંસ્કૃતિને તેમનું મૌલિક ને અસામાન્ય પ્રદાન નથી? આ બધાનું સંપૂર્ણ, સમુચિત ને વાસ્તવિક મૂલ્યાંકન થવું તો હજી શેષ છે. આપણે કદરહીન અને સુપ્ત શા સમકાલીનો નહીં? ભવિષ્યનો સજગ ઇતિહાસકાર એ કરવાનો છે અને કરવાનો છે-ત્રસ્ત, અશાંત, શાંતિ તૃષાતુર ભાવિ વિશ્વસમાજ!

અંતમાં, પૂર્વસંદર્ભ પર આવીને કહેવાનું કે ગાંધીજી કે શ્રી અરવિંદની અથવા તેમનાં દર્શનોની તુલના નથી કરવી. એ સૌ પોતપોતાના સ્થાને છે. 'ભૂ. પૂ.' માં શ્રી અભિપ્રેતે પોતાના આ લેખના પ્રારંભથી લખ્યું છે તેમ આ બંને દર્શનોનો સમન્વય કરી શકાય. પરંતુ અહીં મૂળ વાત છે ગાંધીજીને-ગાંધીજીના આવા મૌલિક ને અપૂર્વ દર્શનને સમજવા ને મૂલવવામાં શ્રી અરવિંદની થઈ રહેલી ભૂલની. એ સાપેક્ષ, સમગ્ર, સર્વાંગી, સર્વદૃષ્ટિપૂર્ણ પરિપ્રેક્ષ્ય (in integrated perspective)માં થવી જરૂરી છે, જે સમુદાર અને અનેક નયો-દૃષ્ટિઓથી શોધતા સ્યાદ્વાદ-અનેકાંતવાદ દ્વારા સંભવ છે.

અને આ લખતાં કહેવું પ્રાપ્ત થાય છે કે, પ્રસ્તુત પંક્તિલેખકનો માત્ર જૈન દર્શન-રાજચંદ્ર દર્શન કે ગાંધીદર્શનનો જ થોડો-શો

અભ્યાસ નહીં, શ્રી અરવિંદ દર્શનનો પણ કિંચિત્ અભ્યાસ થયો છે. પંડિતશ્રી સુખલાલજી અને પ્રોફેસર આથવલેની સંયુક્ત બેઠકોમાં અમદાવાદમાં અનેક દિવસો ને મહિનાઓ સુધી બેસીને શ્રી અરવિંદના સુદીર્ઘ ચિંતન– વાક્યો ભરેલા `THE LIFE DIVINE' ગ્રંથનો,શ્રી અરવિંદ આશ્રમ પોંડીચેરી પર અનેકવાર જઈને શ્રી અંબુભાઈ પુરાણી અને શ્રી સુંદરમ્ સાથે પ્રત્યક્ષ ચર્ચા–વિચારણાઓ, પત્રવ્યવહારો અને તેમના `SAVITRI' તેમજ `THE HUMAN CYCLE' (આધ્યાત્મિક સમાજ) જેવા પુસ્તકો પરનાં પ્રવચનો–આ બધાનું શ્રવણ–મનન થયું છે. `Letters of Shri Aurobindo' વગેરે પણ વાંચવાનું –સમજવાનું બન્યું છે. આવી સ્વયંની જિજ્ઞાસાની ભૂમિકાને કારણે અહીં શ્રી અરવિંદ પ્રત્યે પણ સદ્ભાવપૂર્વક, માત્ર ગાંધીજીને સમજવામાં થતી તેમની ભૂલ દેખાતા આ ચિંતન–પ્રશ્નો અને વિધાનો સુજ્ઞ, પ્રબુદ્ધ ચિંતકો અને દ્રષ્ટાઓ સમક્ષ મૂકી રહ્યો છું. આશા છે એ સર્વ આ વિષય પર વિશેષ પ્રકાશ પાડશે, આવી આશા સાથે ગાંધીજી વિષેના શ્રી ઝવેરચંદ મેઘાણી અને શ્રી દુલકાગના મર્મભર્યા કાવ્યોદ્ગારો અને પંડિતશ્રી સુખલાલજીના ગહન અધ્યયનભર્યા થોડા તારણરૂપ શબ્દો, વગેરે વ્યક્ત કરીને આ ચિંતનનું, અહીં પૂરતું, સમાપન કરું છું.

શ્રી મેઘાણીનાં, બાલ્યકાળથી સ્વયં સુણેલાં, ઝીલેલાં એવા અનેક ગાંધી–કાવ્યો–ગીતોમાંથી આ એકાદ પ્રાસંગિક છે :

'સો સો વાતુંનો જાણનારો, ગાંધીડો મારો;
ઝાઝી વાતુંનો જાણનારો...'

અને લોકકવિ ભક્તશ્રી દુલાભાયા 'કાગ'નું આ આ આર્ષદૃષ્ટિનું નૂતન ગાંધીદર્શનનું ગાંધીજી પ્રત્યેનું અંજલિ ગીત પણ તેવું જ પ્રાસંગિક જણાશે :

'નવાં પુરાણ લખાશે જોગીડાં! તારાં, નવાં પુરાણ રચાશે,
હાટે ને વાટે વંચાશે, ગાંધીડા! તારાં નવાં પુરાણ રચાશે..
ઊંચા ખોરડાં નીચા નમશે, ને ઝૂપડાં ઊંચા થાશે,
ઓલ્યાં ઘટશે, ને ઓલ્યાં વધશે તે દિ', દુનિયા સ્વર્ગ દેખાશે–
ગાંધીડા ! તારાં...
પશુ પંખી ને માનવ જે દિ' હળી મળીને ખાશે,
ભેંશ ને બકરાં તજી ભવાની (કાળકા) જે દિ' છાશ ને રોટલા ખાશે–
ગાંધીડા ! તારાં નવાં પુરાણ રચાશે..

આ સ્વયંસ્પષ્ટ ગીત પંક્તિઓની સાથે જ પંડિતશ્રી સુખલાલજી જેવા અંતર્દષ્ટાના ગાંધીજીના જીવનધર્મ દર્શન વિષયક નિમ્ન તારણમાં તો સ્વયંથી અરવિંદના જ સંન્યાસ–વિહીન કર્મયોગ–પૂર્ણયોગના દર્શનનો Life Negation વિનાનો, સમન્વય કરી શકાય છે :

'...ગાંધીજીનો અહિંસાધર્મ આત્મલક્ષી અને સમાજલક્ષી હોઈ તેમાં દુન્યવી નિવૃત્તિનો આગ્રહ સંભવી જ શકતો નથી. સમાજના પ્રેય અને શ્રેય અર્થે અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવવી–એ વિશાળ ભાવના જ તેમને અનેક પ્રકારના પરસ્પર વિરોધી તેવાં વિધાનો કરવા પ્રેરે છે. જો કે વસ્તુતઃ તે અવિરોધી જ ગણી શકાય. ગાંધીજીએ જૈન પરંપરાને માન્ય એવી નિવૃત્તિપક્ષી દેખાતી અહિંસા અપનાવી છે ખરી, પણ તેમણે પોતાના સર્વ કલ્યાણકારી સામાજિક ધ્યેયની સિદ્ધિ અર્થે તે અહિંસાના અર્થનો એટલો બધો વિસ્તાર કર્યો છે કે આજની સ્થિતિમાં ગાંધીજીનો અહિંસા ધર્મ એ એક પોતાનો જ અહિંસા ધર્મ બની ગયો છે. એ જ રીતે આ દેશ અને પરદેશની અનેક અહિંસા વિષયક માન્યતાઓને તેમણે પોતાના લક્ષની સિદ્ધિને અનુકૂળ થાય એવી રીતે જીવનમાં વણી છે અને તે જ તેમનો સ્વતંત્ર ધર્મ બની તેમની અનેકમુખી પ્રવૃત્તિઓના દ્વાર ખુલ્લાં કરે છે. આ દૃષ્ટિએ વિચારતાં એમ કહેવું જ પડે કે ગાંધીજીના જીવનમાં જૈન ધર્મ એના મૂળ અર્થ કે પારિભાષિક અર્થમાં નથી જ. એ રીતે એમ પણ કહી શકાય કે તેમના જીવનમાં બૌદ્ધ કે બીજા કોઈ ધર્મો તેના સાંપ્રદાયિક અર્થમાં નથી જ એ છતાં તેમના જીવનમાં જે જાતનો ધર્મ સક્રિયપણે કામ કરી રહ્યો છે તેમાં બધા જ સાંપ્રદાયિક ધર્મોનો યોગ્ય રીતે સમન્વય છે.'

ગાંધીજી વિષેના આ તારણના શબ્દો કોઈ સામાન્ય અભ્યાસીના નથી, પરંતુ જેમની જિહ્વાગ્રે છેલ્લા ૨૫૦૦ વર્ષોનો ઇતિહાસ અને ભારતના સર્વ દર્શનો કંઠસ્થ હતા એવા અદ્ભુત પ્રજ્ઞાસ્મૃતિવાન અને ભારતના રાષ્ટ્રપતિ ને વર્તમાન દાર્શનિક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ દ્વારા પણ સન્માનિત એક એવા વિરલ પ્રજ્ઞાપુરુષના છે, કે જેમણે પોતાના જીવનકાળમાં પ્રત્યક્ષપણે નિકટ રહીને ગાંધીજીને ભારતીય તત્ત્વજ્ઞાનના નવીનરૂપમાં જોયા છે!

આવા પ્રજ્ઞાત્માએ, પોતાના અંતર્ચક્ષુ દ્વારા ગાંધીજીનું કેવું સુંદર, ચિંતનીય અને સદાસ્મરણીય દર્શન પોતાની રસમય કાવ્યાત્મક શૈલીમાં કરાવ્યું છે તે દર્શનીય છે :

'જો કોઈ પણ સાધક માનવજીવનના વિધવિધ ક્ષેત્રોમાં નિત્યનવા ઊભા થતા કોયડાઓનો ઉકેલ ધાર્મિક દૃષ્ટિથી કરવા ઈચ્છે તો તે સહેલાઈથી ગાંધીજીના જીવનધર્મની દિશા જાણી શકે. તેથી જ હું માનું છું કે ગાંધીજીનો જીવનધર્મ જીવંત અને નવીન છે. નવીન એટલે તે જૂના ઉપર અભૂતપૂર્વ મહેલ છે. એ જ કાગળ, એ જ પીંછી અને એ જ રંગ છતાં તે અદૃષ્ટપૂર્વ ચિત્ર છે. સારેગમના એ જ સ્વરોનું અભૂતપૂર્વ સંગીત છે. અંગો કે અવયવો એ જ છતાં એ અપૂર્વ તાંડવ અને અલૌકિક નૃત્ય છે; કારણ કે ગાંધીજીની દૃષ્ટિમાં આ લોક અને પરલોક વચ્ચેની ભેદરેખા ભૂંસાઈ ગઈ છે. તેમને મનુષ્ય જીવનરૂપ કે બળતી મિથિલાની અંદર જ રહી તેની આગ શમાવવાના પ્રયત્નમાં જ પારલૌકિક નરકયંત્રણા નિવારવાનો સંતોષ છે, અનેઃ માનવજીવનમાં જ સ્વર્ગ કે મોક્ષની શક્યતા સિદ્ધ કરવાની તાલાવેલી છે.'

(–'ગાંધીજીનો જીવનધર્મ' લેખઃ અર્ધ્યઃ 'દર્શન અને ચિંતનઃ' પૃ. ૧૮, ૧૯).

ગાંધીજીના આ 'જૂના ઉપર ઊભા થયેલા અભૂતપૂર્વ નવીન મહેલ'માં વસ્યું છે તેમનું જીવંત ધર્મદર્શન, ભારતભૂમિમાં જ ઊગેલું તત્ત્વજ્ઞાન ને અધ્યાત્મ. એના બે પાયારૂપ તત્ત્વો હતા મહાકરુણા અને ઋતંભરા પ્રજ્ઞા'–

'જે મહાકરુણા અને ઋતંભરા પ્રજ્ઞા થોડા વખત પહેલાં એક મર્યાદિત દેહની વાટે કામ કરી રહી હતી, તે કરુણા અને પ્રજ્ઞા પોતાને અવલંબન આપનાર કૃશ કાયનો અંત થતાં માનવતાના મહાદેવમાં

સમાઈ ગઈ,–તેમાં વસતા અંતરાત્માના શુદ્ધ તત્ત્વોને સ્પર્શી તે પોતાનું કામ સદા અનંતમુખે જારી રાખશે એમાં શંકા નથી.'

(ગાંધીજીના પ્રબુદ્ધ થયા પછી લખાયેલ–'કરુણા અને પ્રજ્ઞામૂર્તિનું મહાપ્રસ્થાન' લેખઃ 'દર્શન–ચિંતન' ૫૬).

'મહાકરુણાનો વિયોગ પડ્યો છે. બાપુજીની કરુણા કોઈ પણ સંત કે મહંતની કરુણા કરતાં નોખા જ પ્રકારની હતી. ત્રિવિધ દુઃખના તાપથી તપી રહેલ માનવતાને શાન્તિ આપવાની તેમની ધગશ અને તેમના પ્રયત્નોએ પણ જગતે આજ સુધી નહીં જોયેલ એવી જ વસ્તુ છે. અને બાપુજીનો દુઃખની મહાહોળી ઠારવાનો પ્રયત્ન પણ કેવો અદ્‌ભુત? નોઆખલીમાં વર્તેલ કાળાં કેરના અગ્નિને તેઓની કરુણા એક રીતે ઠારે, તો કલકત્તામાં વર્તેલ હત્યાકાંડને બીજી રીતે. બિહારમાં સળગેલી હોળીને એક રીતે શમાવે તો દિલ્હીના મહાદાવાનળને બીજી રીતે...આવું મહાકરુણાનું વિરાટ દૃશ્ય શું જગતે કદી જોયું હતું?'

('દર્શન અને ચિંતન' પૃ. ૭–૮)

હકીકતમાં ગાંધીજીએ ભારતીય તત્ત્વજ્ઞાનને ભૂત–વર્તમાનની સઘળી વિશ્વવિભૂતિમાંથી સર્વથા વેગળીને મૌલિક રીતે પ્રત્યક્ષ જાણ્યું, જીવ્યું, પચાવ્યું ને પ્રસરાવ્યું!

બાપુજીની કરુણા અને તેમની પ્રજ્ઞા વિશ્વની વર્તમાન વિભૂતિઓ તેમજ ભૂતકાળની વિભૂતિઓ કરતાં પણ સાવ નોખી તરી આવે છે. તેઓ હરકોઈના આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક દુઃખને નિવારવા માટે જ જાણે જન્મ્યા અને મૃત્યુને ભેટ્યા ન હોય! તેથી જ તેમની કરુણા મહાકરુણા કોટિની હતી એમ માનવું રહ્યું.' ('દર્શન અને ચિંતન' પૃ. ૩–૪)

–ગાંધીજીની ભારતીય તત્ત્વમૂળના આ મહાકરુણા ને ઋતંભરા પ્રજ્ઞા આજે પણ સતત જીવંત છે, ગતિશીલ છે. ગાંધીદર્શનના ઉપર્યુક્ત મૌક્તિકરત્નોના શ્રીમુખે વહેતી 'ગાંધીકથાઓ' દ્વારા અને તેમના સાધના, શિક્ષણ, સેવા આદિના નિસર્ગોપચાર આશ્રમ, ઉરુલી કાંચન, સમન્વય આશ્રમ બોધગયા, પરમધામ આશ્રમ પવનાર, ગાંધીગ્રામ સંસ્થાન મદુરાઈ, ગુજરાત, વિદ્યાપીઠ અમદાવાદ, લોકભારતી સણોસરા જેવા અનેકાનેક સાધના કેન્દ્રો અને પ્રજ્ઞા–કરુણાવંત માનવોમાં!

✷ ✷ ✷

'જિન ભારતી', વર્ધમાન ભારતી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન,
પ્રભાત કૉમ્પ્લેક્ષ, કે. જી. રોડ,
બેંગ્લોર–૫૬૦ ૦૦૯.
ફોન : ૦૮૦–૬૫૯૫૩૪૪૦.

---

## પંથ પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

મારી પ્રવૃત્તિ પ્રમાણે કોઈ પણ કાર્ય અધૂરું અથવા કાચું રહી જાય તે મને બિલકુલ નાપસંદ હતું. સાંધ્ય–ભોજનના બે–ત્રણ દિવસ પહેલાં જ મેં તૈયારી શરૂ કરી દીધી. માત્ર ભોજનની વાનગીઓ જ નહીં, ભોજન–ખંડ તથા ભોજન ટેબલને યોગ્ય શણગાર આપવા માટે પુષ્પ-ગુચ્છોની પસંદગીથી લઈને મીણબત્તીના રંગો સુદ્ધાં મેં મનોમન નક્કી કરી રાખ્યા.

સમય થતાં જ અતિથિવિશેષ તથા અન્ય મહેમાનો મારે ત્યાં આવ્યા અને સામાન્ય વાતચીત પૂરી થતાં જ સહુએ જમવાના ટેબલ પર પોતાનું સ્થાન લીધું.

ડ્રિન્ક્સનો પહેલો દોર શરૂ થયો અને પૂરો થયો પરંતુ રસોઈગૃહમાંથી જમણ બહાર ન આવ્યું. કોઈ કારણસર મોડું થયું હશે તેમ સમજી અમે ડ્રિન્ક્સનો બીજો દોર શરૂ કર્યો અને તે પણ પૂરો થવા આવ્યો તો પણ જમવાની વાનગીઓ પીરસવા બાબત કોઈ જાતની હિલચાલ શરૂ ન જ થઈ. ત્યાં ઊભા રહેલા બટલરને મેં ઈશારો કર્યો. પરંતુ તે પોતાની જગ્યા પર જ ઊભો રહ્યો. મને ભારે આશ્ચર્ય થયું અને મારે ડ્રિન્ક્સનો ત્રીજો દોર શરૂ કરવો પડ્યો અને મહેમાનોની માફી માંગી મેં રસોઈગૃહ પ્રતિ જાણે દોટ જ મૂકી!

રસોઈગૃહની હાલત જોતાં જ હું તદ્દન સ્તબ્ધ થઈ ગઈ! રસોડાના એક ખૂણે રસોયણ ગભરાયેલી હાલતમાં ઊભી હતી. બીજે એક ખૂણે ઘરનોકર બાઘાની જેમ બેઠો હતો. મુખ્ય રસોયો રસોડાના ટેબલ પર હાથમાં એક કડછી લઈ ડ્રિન્ક્સની અસર હેઠળ 'સમાધિ' દશામાં બેઠો હતો. તેને સમય અથવા સ્થળનું કોઈ જ ભાન નહોતું.

પગ નીચેથી ભૂમિ સરકતી હોવાનો આ અનુભવ હોવા છતાં મેં ખૂબ શાંતિથી રસોયાને પૂછ્યું: 'જમવાનું કેમ હજી સુધી તૈયાર નથી?'

'તૈયાર છે, મેડમ, બિલ્કુલ તૈયાર છે.' કેટલીક વાનગીઓ તૈયાર થઈ ન હોવા છતાં અભાન રસોયાએ પોતાની મસ્તીમાં જ મને ઉત્તર આપ્યો. હું ગુસ્સાથી લાલચોળ થઈ ઊઠી. હોંઠો પર શબ્દો આવી ગયા :-'ગેટ આઉટ, મારે તારી કોઈ જરૂર નથી.'

ફરી ગાંધીજીની સલાહ સ્મૃતિપટ પર આવી ગઈ. મેં વિચાર્યું કે આ સંધ્યા બગડી તો રસોયાને ક્યાં કોઈ નુકશાન ઉઠાવવું પડે તેમ હતું! જે કંઈ નુકશાન ભોગવવાનું આવે તે મારે જ ભોગવવું પડે તેમ હતું. અતિથિઓમાં હાંસીપાત્ર થવું પડે તે પણ મને મંજૂર નહોતું.

મેં ખૂબ શાંતિ પકડી લીધી. જેટલી પણ વાનગીઓ તૈયાર હતી તે જમવાના ટેબલ પર લઈ આવવાની મેં નોકરોને આજ્ઞા કરી. વાનગીઓ આવતી ગઈ, મહેમાનો જમવામાં પડ્યા એટલે અતિથિવિશેષને મેં જણાવ્યું કે સાંધ્યભોજનમાં શા કારણે ગડબડ થઈ હતી. બ્રિટિશ વડાપ્રધાને સમય સંભાળી લીધો અને હળવી મજાક કરતાં કહ્યું: 'રસોયો પીધેલી હાલતમાં આવી સરસ વાનગીઓ બનાવી શક્યો તો પીધેલો ન હોય તો કેવી સરસ વાનગી બનાવી શકે?' હળવા વાતાવરણમાં સાંધ્યભોજન પૂરું થયું.

આપણે ગમે ત્યાં હોઈએ અથવા ગમે તે ક્ષેત્રમાં કાર્યભાર સંભાળતા હોઈએ પરંતુ ગાંધીજીની અમૂલ્ય સલાહને ક્યારે પણ અવગણી ન શકીએ–'તમે જ તમારી જાતને નુકશાન પહોંચાડી શકો, અન્ય કોઈ તે ન પહોંચાડી શકે.'

✷ ✷ ✷

(સૌજન્ય : રીડર્સ ડાઈજેસ્ટ)

સંક્ષિપ્ત ભાવાનુવાદ : **જિતેન્દ્ર શાહ**
૨૦૧, 'વસુંધરા' ઍપાર્ટમેન્ટ,
૨૯–A, નૂતન ભારત સોસાયટી,
અલકાપુરી, વડોદરા–૩૯૦ ૦૦૭.
ફોન નં. : 99258 35527.

# જયભિખ્ખુ જીવનધારા : ૨

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

*[જીવનને જિંદાદિલીથી જીવનાર અને મૂલ્યનિષ્ઠ સાહિત્ય રચનાર સાક્ષર 'જયભિખ્ખુ'એ કલમને ખોળે જીવન વ્યતીત કરવાનો સંકલ્પ કર્યો હતો. રાષ્ટ્રપ્રેમ, નારીગૌરવ અને માનવમૂલ્યોને આલેખતાં ૩૦૦ જેટલાં નાનાં-મોટાં પુસ્તકોની એમણે રચના કરી હતી. એમની જન્મશતાબ્દી નિમિત્તે એમની જીવનકથાનું આ બીજું પ્રકરણ.]*

## આપણા કરમના આપણે ધણી

ફરી વાર માસીબાને ચક્કર આવતાં ભીખાલાલના માસા તેમના માટે દવાખાનેથી દવા લઈ આવ્યા.

બાળક ભીખાલાલને કાજે માતા, પિતા કે પરિવાર, બધું જ વહાલસોયાં માસીબા હતાં. આકાશના તારાઓમાં ભીખાલાલે સ્વર્ગસ્થ માતાને ઘણી શોધી, પણ ક્યાંય કોઈ અણસાર મળ્યો નહીં. આથી હૃદયમાં માતાને સ્થાને માસીની મૂર્તિને બિરાજમાન થયેલી અનુભવી હતી. આવાં માસીની કથળેલી તબિયતે ભીખાલાલને મૂંઝવી નાંખ્યા. એમની બાળપણની આનંદો-લ્લાસભરી સૃષ્ટિમાં એકાએક ઝંઝાવાતી તોફાન આવ્યું અને જાણે સઘળું આમતેમ ફંગોળાઈ ગયું. દવાખાનેથી માસા દવા લાવ્યા, પણ એ કારગત નીવડી નહીં અને રોગ તો વધતો ચાલ્યો.

ગામડાગામમાં ફરતા એક જોશી આવી ચડ્યા. એમણે માસાને કહ્યું કે તમારા પર શનિની વક્ર દૃષ્ટિ પડી છે. પનોતી તમારી છાતી પર લોઢાના પાયે ચડીને બરાબર બેસી ગઈ છે. એને કોઈ પણ હિસાબે હઠાવવી જોઈએ.

બાળક ભીખાલાલને પનોતીના પરાક્રમની કે શનિની વક્ર દૃષ્ટિની કશી ખબર નહોતી, પણ એટલું લાગ્યું કે માસીને કોઈ હેરાન-પરેશાન કરે છે. માસાએ જોશી મહારાજને હાથ જોડીને વિનંતી કરતાં કહ્યું કે કંઈક એવો ઉપાય બતાવો કે જેથી આ પનોતી ટળી જાય. જોશી મહારાજે કહ્યું કે 'શનિવારે ઉપવાસ રાખો અને બાર બ્રાહ્મણને જમાડો. તો જ શનિની વક્ર દૃષ્ટિથી સર્જાતા અનિષ્ટમાંથી ઊગરી શકશો. આમ નહીં થાય તો ચોપાસ આપત્તિથી ઘેરાઈ જશો અને દુઃખના દરિયામાં ડૂબી જશો.'

બાળક ભીખાલાલ જિજ્ઞાસાભરી આંખે અને આતુરતાભર્યા કાને આ સઘળી વાત સાંભળી લાચાર બનતા જતા હતા. માસીની માંદગીમાં આખું ઘર નિરાધાર અવસ્થામાં આવી ગયું. ભીખાલાલના ચહેરા પરનું નૂર ઊડી ગયું હતું. ધીંગામસ્તીને તિલાંજલિ આપીને એ બીમાર માસી પાસે સૂનમૂન બનીને બેસી રહેતા હતા.

આજથી એકસો વર્ષ પહેલાંના જમાનામાં અને તેય નાના ગામડામાં વહેમો અને માન્યતાઓનું મહારાજ્ય હતું. જીવનની પ્રત્યેક દુઃખદ ઘટનાના કારણ રૂપે કોઈ વહેમ કે માન્યતાને સાંકળી દેવામાં આવતી હતી.

આથી ગરુડી જેવા લાગતા એક સ્નેહી મંત્રધારકને બોલાવી લાવ્યા. એણે ભગવા રંગનાં કપડાં પહેર્યાં હતાં. નીચે મદ્રાસીની માફક ધોતિયું વીંટાળ્યું હતું. શરીર પર પહોળું ફાળિયું વીંટાળ્યું હતું. ધોળી લાંબી દાઢી અને ડરામણી લાલઘૂમ આંખો. જેવો એનો દેખાવ ડરામણો, એવો જ એનો અવાજ ઘોઘરો અને ભયપ્રદ. એના મોટા ઘોઘરા અવાજથી નાનાં બાળકો છળી પડતાં. એના હાથમાં રહેલી ઝોળીમાં જાણે તિલસ્મી સંસારનો ખજાનો ભર્યો હોય તેવું લાગતું હતું. એમ કહેવાતું હતું કે એની આ ઝોળીમાં કંઈ કેટલીય ચમત્કારિક વિદ્યાઓ વસે છે. એમાં અલ્લાદીનની જાદુઈ વીંટી છે. અલીબાબાનો એકાએક દરવાજો ખોલી દેતો તિલસ્મી મંત્ર છે. સહુને નિદ્રાધીન કરવાની ખાપરા-ખોડિયાની વિદ્યા પણ એમાં પડેલી છે. કંઈ કેટલીય સિદ્ધિઓથી એની ઝોળી ભરપૂર હોવાનું મનાતું.

ડરામણા ગારુડીને બીમાર માસી પાસે લાવવામાં આવ્યો. એનો દેહ ડોલતો હતો. માસીને જોઈને એનો ચહેરો વધુ તંગ અને બિહામણો બન્યો. લાલઘૂમ આંખોથી એ એકીટશે માસીને જોઈ રહ્યો. માસા એના ભેદને સાંભળવા મૌન ધારણ કરીને ઊભા હતા. બાળક ભીખાલાલને આ સઘળો તાલ સમજાતો નહોતો. મંત્રધારકના દેખાવથી હૃદયમાં થોડો ભય જાગ્યો, પરંતુ માસીની બીમારીની એનાથી વધુ મોટી ચિંતા આગળ એ બાજુએ રહી ગયો. ગારુડી થોડી વાર લાલઘૂમ આંખે માસીને ધારીધારીને જોઈ રહ્યો. થોડા અડદના દાણા આડા-અવળા નાંખીને કંઈક ઊંડો વિચાર કરતો હોય તેમ મૂંગો બની ગયો અને પછી એકાએક કોઈ ભેદ કળી આપતો હોય એ રીતે ગારુડીનો ઘોઘરો અવાજ ગાજી ઊઠ્યો: 'અરે ઉસ્તાદના ઇલમની બલિહારી છે. માઈ, તને કોઇએ ભારે મૂઠ મારી છે. ઓમ, કાલી, મહાકાલી, ખુદાઈ ખપ્પરવાલી, તેરા વચન ન જાય કબુ ખાલી, અરે માઈ, કહો તો સામી મૂઠ ફેંકુ. લોહીના ઝાડા કરાવું. ઉસ્તાદના ઇલમની પરખ તો જુઓ.'

ગારુડીના આ શબ્દો સાંભળીને સહુ કોઈ ઉશ્કેરાઈ ગયા. બાળક ભીખાલાલને થયું કે સામી મૂંઠ ફેંકવામાં હવે વાર શી? માસી જેવા ભગવાનના માણસ પર મૂઠ ફેંકનારા મહાપાપીનો તો તત્કાળ નાશ થવો ઘટે. આ પૃથ્વી પરથી આવા અધર્મીનો ભાર તો હળવો કરવો જોઈએ. ભીખાલાલને થયું કે અબઘડી એ મૂઠ મારનારને સામી મૂઠ ફેંકીને મારી નાખવો જોઈએ. એને લોહીના ઝાડા કરાવવા જોઈએ. પાપીનો તો આવો જ અંત હોય ને! આમ સહુ એક અવાજે ગારુડીને સંમતિ આપવા તૈયાર થઈ ગયા હતા, ત્યાં માસીએ ઉશ્કેરાઈને કોઈ

કશું બોલે, તે પહેલાં ઉત્સાહ પર ઠંડું પાણી ઢોળતાં હોય તેમ બોલ્યા, 'ભાઈ ઉત્સાદજી, મારે કોઈને લોહીના ઝાડા–ઊલટી કરાવવાં નથી. કોઈ આપણું ભૂંડું શું કરે, એ તો આપણાં કરમ. વળી કરનારનાં કરમ કરનાર જાણે. આપણે આપણાં કરમનાં ધણી. કોઈ ભૂંડું થાય તો સામા આપણે ભૂંડા શા માટે થવું ? એમ ને એમ સારું થતું હોય તો કરો.'

માસીના ઉત્તરથી આખું વાતાવરણ પલટાઈ ગયું. એમનો પરગજુ અને લાગણીશીલ સ્વભાવ ગંભીર બીમારીમાં કપરે સમયે પણ પ્રગટ થયો. ગારુડી ગમે તે કહે, પણ તેઓ કોઈના પર સામી મૂઠ મારવા તૈયાર નહોતાં. જો પોતાના પર કોઈએ મૂઠ મારી હશે તો એને એ દુષ્ટ કર્મનો બદલો ચૂકવવો પડશે. એનો ન્યાય કે સજા કરનાર પોતે કોણ ? કર્મ જ માનવીના જીવનનો અધિપતિ છે.

આજ સુધી મહારાજસાહેબો પાસેથી વ્યાખ્યાનોમાં કર્મની ન્યારી ગતિના ઉપદેશ સાંભળનાર માસી અંતિમ વેળાએ એ ધર્મસંસ્કાર ભૂલ્યાં નહીં. જીવલેણ બીમારીથી ડર્યા વગર અને કશાય ઇલાજથી લોભાયા વગર એમણે પોતાની ભાવના નિખાલસ દૃઢતાથી પ્રગટ કરી. ગારુડીને લાગ્યું કે આ તો એની ધારક–મારક શક્તિનો સમૂળગો ઈન્કાર છે. એ ભયનું એક એવું વાતાવરણ રચતો કે ભલભલા હિંમતવાન પણ એની વાત સાંભળીને થરથરવા લાગતા હતા, પરંતુ માસીએ સ્વસ્થ ચિત્તે એને જવાબ વાળ્યો. માસા ચૂપ રહ્યા. ભીખાલાલને આવી નામરદાઈ પસંદ પડી નહીં.

ગારુડીએ નવો દાવ અજમાવ્યો અને એણે ફરી વાર જરા વધુ કરડાકીભર્યા અવાજે કહ્યું,

'ભાઈ, આ તો મૂઠનું કામ. ફેંકવી સહેલી, પણ વાળવી આસાન નહીં. 'ભલા ભલાઈ ના તજે' એ પણ ઉસ્તાદના બોલ છે. તમારી મરજી હશે તો તેમ કરીશ.'

ગારુડીએ માસા તરફ જોયું અને બોલ્યો, તમારે ફક્ત દસ રૂપિયા વધુ આપવા પડશે. મૂઠ હું ઝીલી લઈશ અને પછી એનું વમન કરીને બહાર કાઢી નાંખીશ. બાકી કહો તો ગુનેગારનું નામ–ઠેકાણું સુદ્ધાં આપું. આ કંઈ બડી બડી બાતાં નથી. જીવતી–જાગતી બિદ્યા છે.'

ગારુડી 'વિદ્યા' શબ્દને બદલે 'બિદ્યા' શબ્દ બોલ્યો, તેનું ઉચ્ચારણ બાળક ભીખાલાલને ખૂબ ગમી ગયું. 'બિદ્યા' શબ્દ પર કેવો લહેકાદાર ભાર મૂકે છે ! સહુને એમ થયું કે આવું અનિષ્ટ કરનારનું નામ તો જાણવું જોઈએ, તો જ ભેદ કળાય અને તો જ ગુનેગાર ઝબ્બે થાય. કાળું કૃત્ય કરનારનું નામ જાણવા સહુ ઉત્સુક હતા અને તે માટે માસા વધુ દસ રૂપિયા આપવાનું સ્વીકારે એ પહેલાં જ માસીએ કહ્યું, 'ના રે ભાઈ, મારે નામઠામ કંઈ જાણવાં નથી. થનારું થઈ ગયું. હવે વળી નામ જાણીએ, એટલે મનમાં ઝેર–વેર વધે. મારે તો ઉસ્તાદજી, બહોત ગઈ ને થોડી રહી.'

સહુના ઉત્સાહ પર ઠંડું પાણી ફરી વળ્યું. ભીખાલાલે તો વેર વાળવાની તૈયારી રૂપે મુઠ્ઠીઓ પણ વાળી દીધી હતી. આવું ભારે દર્દ આપનારને ઓળખીને સજા કરવી જોઈએ. ભીખાલાલને નામ જાણવાની ચટપટી હતી, પણ ઉદાર મનનાં માસીએ ઘસીને ના પાડી. ઘણી સમજાવટ છતાં માસીની 'ના' 'હા' થઈ જ નહીં.

એ પછી ગારુડી રોજ ઘેર આવતો હતો. ધીરે ધીરે ઘરોબો થતાં છોકરાઓ સાથે હસીને વાતો કરતો અને સાથે એની ઝોળી ખોલીને ભીખાલાલ અને બીજાં બાળકોને બતાવતો. એ ઝોળીમાં એકાદ–બે સાપ હોય, એકાદ આંધળી ચાકણ હોય, બે પાટલા-ઘો હોય, કોડા–શંખ અને મોરાંનો તો પાર નહીં. બાળકો એની વાતો સાંભળે. ગારુડી કહેતો હોય કે દુનિયાના કોઈ પણ માણસનું જીવન અને મોત એની મુઠ્ઠીમાં છે. એ ધારે એને મારી શકે છે, એ ઈચ્છે એને બચાવી શકે છે. મરણની અણીએ પહોંચેલાને ફરી જીવતા કરી શકે છે. ધીરે ધીરે ભીખાલાલનો ભય જતો રહ્યો. ગારુડીની માયાવી સૃષ્ટિમાં થોડા દિવસ વિહરતા રહ્યા. અદ્‌ભુત રસ ભરેલી એ દુનિયાનું કેટલોક સમય એમને આકર્ષણ રહ્યું.

માસીનો રોગ વધતો ચાલ્યો. આવી બીમારીમાં પણ એ સતત ભીખાલાલની ચિંતા કરતાં. ક્યારેક ખૂબ વહેલાં ઊઠીને રસોઈ કરી નાખતાં હતાં. પડોશીને ત્યાંથી પોતાને માટે નહીં, પણ ભીખાલાલને માટે વાટકો દાળ કે કઢી માંગી લાવતાં, તો કોઈક વાર બાજુના ઘેર જઈ લોટ આપીને ભીખાલાલને માટે ચારેક રોટલી કરાવી આવતાં. ભીખાલાલને માટે બધું કરે, પોતાને માટે કશું નહીં. એને માટે પડોશીની મદદ લે, પરંતુ પોતાની બાબતમાં ભારે ટેકીલાં હતાં. આથી શરીર સહેજ સ્વસ્થ લાગે ત્યારે થોડુંક રાંધી લે. જોકે એ રાંધેલું પણ ઘણી વાર એમ ને એમ પડ્યું રહેતું. એ ખવાય કે ન પણ ખવાય. રોગનો ક્યારેક એકાએક હુમલો થઈ આવે અને રાંધ્યાં ધાન રખડી પડે. ઘણી વાર તો છાસ અને પાણી પર દિવસ પસાર કરતા. ભીખાલાલને સતત માસીની અને માસીને ભીખાલાલની ચિંતા રહેતી. આવે સમયે એક દિવસ માસીએ કહ્યું,

'મારું મોત હું દેખું છું. તે મારી પાંગતે આવી બેઠું છે.'

અને ચારેક દિવસમાં તો માસીની કુદરતી હાજતો બંધ થઈ ગઈ. મૃત્યુને સામે જોતાં હોય એ રીતે ઔષધ નહિ લેવાનો નિયમ લીધો. ભજન, સ્તવનો અને સજ્ઝાયો સાંભળવા માંડી. અંત સમયને ઓળખી ગયેલાં માસીએ સગાંવહાલાંઓને સંભારી– સંભારીને બોલાવ્યાં અને મોટી જાત્રાએ જતાં હોય, તેમ સહુને ખમાવી (ખમાપના કરી) લીધાં. ધીરે ધીરે પાણી પણ ગળાની નીચે ઊતરતું બંધ થયું. ચાર દિવસથી તો વાચા પણ બંધ થઈ ગઈ હતી.

સહુને લાગ્યું કે માસીનો અંતકાળ આવી ગયો છે. ઘડી–બે ઘડીનાં મહેમાન છે. સગાં–વહાલાંઓ આવી ગયાં હતાં. સહુ આસપાસ ટોળે વળીને બેઠાં હતાં; પણ પરગજુ માસીનો જીવ કંઈક કહેવા માંગતો હોય એમ સહુને લાગ્યું. ભીખાલાલ સામે એકીટશે જોયા કરે અને

આંખમાંથી દડદડ આંસુ નીકળે. ચાર બહેનોમાં મોંજોણાં જેવો એક આ છોકરો અને તે પણ અળવીતરો, શરમાળ, ખાઉધરો, નબળો અને કજિયાવાળો. અરે, ન જાણે આ નમાયા અકોણા બાળકને કોમ જાળવશે ? અંતરની દયા-માયા વિના આ રીસના છોડને કોણ ઉછેરશે ?

અનુભવી સગાંઓ આ વાત સમજી ગયા. એમને થયું કે જ્યાં સુધી આ છોકરો નજર સામે છે ત્યાં સુધી આંખમાંથી આંસુ અટકવાના નથી. એના તરફનું વહાલ એના જીવને મુંઝવે છે અને તેથી જીવ જતો નથી. આથી ભીખાલાલને સમજાવી, ખાવાનું અને રમકડાં ખોળામાં ભરાવીને મોસાળ મોકલી આપ્યો.

એ પછી ભીખાલાલને માસી મરી ગયાના સમાચાર મળ્યા. એ જાણીને આંખમાં આંસુ આવ્યા હતા કે નહીં, એ તો ભીખાલાલમાંથી સાહિત્યકાર બનેલા 'જયભિખ્ખુ'ને યાદ નહોતું, પરંતુ જીવનભર એમને જ્યારે કોઈનાં માસીના અવસાનના સમાચાર સાંભળવા મળે ત્યારે જેટલો સંતાપ થતો, એટલો સંતાપ કે એટલું દુઃખ કોઈની માતાના અવસાનથી થતાં નહીં. (ક્રમશઃ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫.

---

# જૂજવાં રૂપ મનનાં

❑ શાંતિલાલ ગઢિયા

મન ચંચળ મર્કટ છે.

મન જ મનુષ્યનો મિત્ર અને શત્રુ છે.

મુક્તિ અને બંધનનું કારણ મન છે.

સુખદુઃખ તો મનના ખેલ છે.

જેણે મન જીત્યું એણે જગ જીત્યું.

મન વિષે શાસ્ત્રકારો, સંત-મહાત્માઓ, ચિંતકો, સાહિત્યકારો, જ્ઞાનીઓ ઉપરકથિત વિધાનો કરે છે, તો ય આજપર્યંત મનનો તાગ પૃથ્વી પર કોઈ પામી શક્યું નથી, મનોવિજ્ઞાન સુદ્ધાં નહિ. તેનું કારણ છે મનનું જટિલ સ્વરૂપ.

મન + શરીર = માનવ, એ સાદું સૂત્ર સ્વીકારીએ તો તેમાં શરીર ઈન્દ્રિયગમ્ય છે. અર્થાત્ ઈન્દ્રિયો વડે તેનું અસ્તિત્વ અનુભવી શકાય છે, પણ મન ઈન્દ્રિયગમ્ય નથી. તે આનુભવિક કે પ્રયોગમૂલક (empirical) પદાર્થ પણ નથી. જો એમ હોત તો પ્રયોગશાળાના ટેબલ પર એનો પદ્ધતિસર અભ્યાસ થઈ શકત. વસ્તુતઃ મન આંતરિક છે, અને જે આંતરિક હોય એનું નિરીક્ષણ કરવું કઈ રીતે ?

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં જે વિદ્વાનો મનોવિજ્ઞાનને 'પૂર્ણ વિજ્ઞાન'નો દરજ્જો આપવા ખૂબ ઉત્સાહી હતા, તેમણે એક પદ્ધતિ શોધી હતી : સ્વ-મન-નિરીક્ષણ (Introspection). અમુક પરિસ્થિતિમાં વ્યક્તિના વિચારો અને ભાવો અમુક પ્રકારના હોય છે. બીજી વ્યક્તિ આ બધું જોઈ-જાણી શકતી નથી, સિવાય કે એનું બાહ્ય વર્તન, હાવભાવ વગેરે ખબર પડે. અનુભવમાંથી પસાર થતી વ્યક્તિ પોતે પોતાના મનની ભીતર ડોકિયું કરી મનના આંતરપ્રવાહોની નોંધ લે, એ જ એક માર્ગ બચે છે. આમ સ્વ-મન-નિરીક્ષણ એટલે માનસિક અનુભવના સ્વરૂપ પ્રત્યે વ્યક્તિ પોતે ધ્યાન આપે તે. મુશ્કેલી એ છે કે અંતર્મુખ થઈને સ્વનિરીક્ષણ કરવું એ દર્પણમાં મુખ જોવા જેટલી સરળ ક્રિયા નથી, કારણ કે વ્યક્તિએ ધ્યાનને બે વિભાગોમાં વહેંચવું પડે છે. મન સ્વયં દૃષ્ટા અને દૃશ્ય વિષય બને છે. નિરીક્ષણ કરનાર મન અને નિરીક્ષ્ય પણ મન. આ અસંભવ છે. ઉદાહરણાર્થ, શોક, પ્રેમ કે ક્રોધની પરિસ્થિતિમાં વ્યક્તિને કેવો માનસિક અનુભવ થઈ રહ્યો છે, એ જાણવા વ્યક્તિએ મનને જ કામે લગાડવું પડે છે અને એમ કરવા જતાં પેલો માનસિક અનુભવ ચાલ્યો જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, મનોવ્યાપાર ચાલુ હોય અને મનોવ્યાપારનું નિરીક્ષણ કરવું, એ યંત્રના ગતિશીલ ચક્રને પકડવા જેવું દુષ્કર છે. ચક્રની ગતિ સમજવા ચક્રને થંભાવવું પડે. એમ અહીં મનોવ્યાપારનો અંત આવે ત્યારે જ સ્મૃતિના આધારે વ્યક્તિ એનું સ્વરૂપ જાણવા કોશિશ કરે છે. તેથી સ્વ-મન-નિરીક્ષણ પદ્ધતિની ટીકા થઈ કે એ તો 'પશ્ચાત્ નિરીક્ષણ' (Retrospection) છે. અનુભવ ચાલ્યો જાય પછી વ્યક્તિ એનો અહેવાલ આપે છે. આમ કરવામાં સ્મૃતિદોષ કે હકીકતદોષ રહી જવાનો પૂરો સંભવ છે.

વળી વ્યક્તિ પોતાના વિષેના નકારાત્મક ખ્યાલો છુપાવી સારું સારું જ કહેશે. આમ તાટસ્થ્યનો લોપ થવાથી માહિતી વિશ્વસનીય રહેતી નથી.

સ્વ-મન-નિરીક્ષણ બાહ્ય નિરીક્ષણ (Observation) જેટલું વસ્તુનિષ્ઠ (Objective) હોતું નથી. ટેબલ પર પડેલા લોખંડના ટુકડાને બે વિજ્ઞાનીઓ લોખંડ જ કહેશે, પણ ક્રોધનો અનુભવ કરતી બે વ્યક્તિઓ સ્વનિરીક્ષણ દ્વારા જે માહિતી આપશે તેમાં નોંધપાત્ર ભિન્નતા હશે, કેમકે વ્યક્તિના અંગત ભાવો, અભિપ્રાયો, પૂર્વગ્રહો વગેરે તેમાં પ્રવેશી જાય છે.

વિશેષતઃ વિરોધનો સૂર મનોવિશ્લેષણવાદ તરફથી આવ્યો. આ વિચારધારાનો પ્રણેતા સિગ્મંડ ફ્રોઈડ (૧૮૫૬-૧૯૩૯) ગણાય છે. તે કહે છે, 'જ્ઞાત મનના અનુભવનું સ્વનિરીક્ષણ કદાચ થઈ શકે, પણ મનના અજ્ઞાત પ્રદેશનું શું ?' વાચકે મનના ત્રણ સ્તર-જ્ઞાત, અર્ધજ્ઞાત અને અજ્ઞાત (Conscious, Sub-Conscious and Unconscious) સમજી લેવા જરૂરી છે.

અત્યારે હું હાથમાં પેન પકડી લખી રહ્યો છું, તો મારો લખવાનો અનુભવ જ્ઞાત મનનો પ્રદેશ છે. જે અનુભવથી આપણે પોતે સભાન હોઈએ, જાગૃત હોઈએ, એ આપણા જ્ઞાત મનનો અનુભવ છે. લખતી વખતે સામે દિવાલ પર એક જીવડું ચાલી રહ્યું છે, એનો પણ મને ઝાંખો ખ્યાલ છે. એ થયું અર્ધજ્ઞાત મન. લેખન દરમિયાન ધારો કે, 'મનન' શબ્દની જગ્યાએ મારાથી 'મગન' લખાઈ જાય (ભૂલ નહિ જ કરું એવા સંકલ્પ છતાં), તો એ ભૂલ Slip of Pen નહિ, પણ અજ્ઞાત મનના કારણે હોઈ શકે છે. ફ્રોઈડ કહે છે કે નીતિમત્તા, ધર્મ, સંસ્કાર વગેરે જેને અમાન્ય કરે છે એવા આપણા વિચારો કે ભાવોને જ્ઞાત મન ધક્કો મારીને અજ્ઞાત મનના પ્રદેશમાં ધકલી દે છે (દમન – Repression – કરે છે), જેથી રોજ–બ–રોજના આપણા વ્યવહારમાં આ વૃત્તિઓ વિક્ષેપ ન પાડે અને આપણે સભ્ય, સુસંસ્કૃત દેખાઈએ. (કેવો દંભ આચરીએ છીએ આપણે!) જ્ઞાત મન એટલે સુસંસ્કૃત મન અને અજ્ઞાત મન એટલે દુર્વૃત્તિઓથી સભર આપણું ખાનગી મન. અજ્ઞાત મનની સામગ્રી પણ બહાર આવવાની કોશિશ તો કરે જ ને! તોફાની બાળકને બાથરૂમમાં પૂરી દીધો હોય, પણ એ મુક્ત થવા ઘડી ઘડી ટેં...ટેં...કર્યા કરશે અને તક મળતાં જ બહાર નીકળી આવશે. એવું જ છે અજ્ઞાત મનનું.

ધારો કે મને વ્યક્તિગત રીતે મારા પિતરાઈ ભાઈ 'મગન' સાથે અણબનાવ છે. કાળક્રમે અણગમો ભયંકર તિરસ્કારમાં પરિણમે. પછી સમાજ–સંસ્કૃતિના મૂલ્યો (જે જ્ઞાત મનની સામગ્રી છે) મને કહેશે, આવો વેરભાવ ન રાખવો જોઈએ. હું ચૂપ થઈ જાઉં છું, પણ આ વૃત્તિ અજ્ઞાત મનમાં ધરબાઈ રહે છે. ધ્યાનમાં રહે, આપણી કોઈ વૃત્તિ કદી નાશ પામતી નથી. એનો સ્થાનફેર થાય છે એટલું જ . જેમ પીડાશામક દવા થોડા સમય પૂરતી રાહત આપે છે, એમ વૃત્તિનું દમન ક્ષણિક વિશ્રાંતિ આપે છે. હવે જ્યારે હું સભાનપણે 'મનન' લખવા જાઉં છું, ત્યારે અજ્ઞાત મનમાં પડેલો 'મગન' ઊંચોનીચો થઈ બહાર આવી જાય છે અને જ્ઞાત મનને માત કરી મારી પેન પાસે 'મગન' લખાવડાવે છે! તંત્રીશ્રી કે વાચકો મારી ભૂલ પ્રત્યે ધ્યાન દોરે તો હું અજાણ થઈ મારો બચાવ કરીશ કે અરે, આવું કેમ થયું હશે? મારે તો 'મનન' શબ્દ જ લખવો હતો. આ અજાણ હોવું એ જ અજ્ઞાત મનની સાબિતી છે.

ફ્રોઈડ વ્યક્તિના જીવનવ્યવહારમાં અજ્ઞાત મનનો પ્રભાવ કેટલો બધો છે, એ સમજાવવા મનને હિમશિલા સાથે સરખાવે છે. સમુદ્રમાં હિમશિલાની ટોચ દેખાય છે, પણ એ તો ફક્ત ૧/૧૦ ભાગ છે. બાકીનો ૯/૧૦ ભાગ તો પાણીની અંદર હોય છે. તેવી જ રીતે જ્ઞાત મન દ્વારા પ્રેરિત વિચાર–વાણી–વર્તન એ તો ફક્ત ટોચ છે. શેષ મહત્તમ ભાગ અજ્ઞાત મન દ્વારા પ્રેરિત હોય છે.

સ્વપ્ન અજ્ઞાત મનનો ઓર પુરાવો છે. એક કવિને સ્વપ્ન આવતું કે પોતે મહાકવિ કાલિદાસ છે. દિવસ દરમિયાન તો પોતે કહી શકે નહિ કે 'હું કાલિદાસ છું', કારણ કે જ્ઞાત મન એમ કહેતાં રોકે. બહુમાન પ્રાપ્ત કરવાની ઝંખના અજ્ઞાત મનમાં ચૂપચાપ પડી રહે છે. રાત્રે નિદ્રાધીન થતા જ્ઞાત મનનો ચોકીપહેરો ખસી જાય છે. ત્યારે અજ્ઞાત મનમાં છુપાયેલા તસ્કરોને છૂટો દોર મળી જાય છે. કવિ મહાશયને સ્વપ્ન આવે છે કે નગરમાં ભવ્ય કવિસભાનું આયોજન થયું છે. પોતે મંચ પર આકર્ષક સિંહાસને બિરાજમાન છે. ગળામાં મઘમઘતા ફૂલોનો હાર છે. ચારે તરફ 'મહાકવિ કાલિદાસનો જય હો..જય હો...' પ્રશસ્તિગાન સંભળાય છે. કવિ હરખાય છે, પણ રે! સવારનું એલાર્મ ઘડિયાળ રણકે છે.

સ્વપ્ન આશીર્વાદરૂપ છે, કેમ કે જીવનની અણગમતી વાસ્તવિકતાને પરોક્ષ રીતે ઈચ્છાપૂર્તિ દ્વારા સહ્ય બનાવે છે, પરંતુ ક્યારેક સ્વપ્ન વ્યક્તિનો પીછો કરી જીવન કેવું અંધકારમય બનાવી દે છે, એનું એક દૃષ્ટાંત :

બે ભાઈઓનું સંયુક્ત કુટુંબ છે. સુખ, સંપ અને પ્રેમથી હર્યુંભર્યું કુટુંબ. દુઃખ એક જ વાતનું કે નાના ભાઈની વહુ નિઃસંતાન છે. રન્નાદે ખોળાનો ખૂંદનાર ક્યારે આપશે, એની અહર્નિશ ચિંતા કરે છે. જેઠાણીને વહાલસોઈ એક દીકરી છે. એક દિવસ દેરાણી જેઠાણી આગળ દિલ ખોલે છે, 'ભાભી, જીવતર દોહ્યલું થઈ ગયું છે. ક્યાંક ચાલી જઉં એમ થાય છે.' આટલું કહતાં એ રડી પડી. જેઠાણી સ્તબ્ધ થઈ ગઈ. સાંત્વન આપ્યું. ધીરજ ધરવા કહ્યું, પણ દેરાણીના આંસુ રોકાતા નહોતા. આખરે અંતરમનના દ્વાર ખુલી જ ગયાં :

'કેટલાય દિવસથી સતત મને સ્વપ્ન આવે છે કે હું નાની રીચાને તમારા બિછાનામાંથી ઉપાડી મારા પડખે સુવડાવી દઉં છું. એકબે વાર તો ઊંઘમાંથી જાગીને તમારા બિછાના તરફ આવી હતી અને લજ્જિત થઈ પાછી ફરી હતી. ભાભી, હું ત્રાસી ગઈ છું આવા દુઃસ્વપ્નોની ભરમારથી.'

આપણાં કેટલાક વિસ્મરણનું કારણ 'દમન' હોય છે. ચર્ચગેટવાસી યુવાનને વિરારની એક કંપનીમાંથી નોકરીનો ઈન્ટરવ્યૂ આવે છે. વહેલી સવારની ડબલ ફાસ્ટ ટ્રેન પકડે છે. નિયત સ્થળે પહોંચીને આવકારખંડમાં બેસે છે. એનો નંબર આવે છે. થેલી ફંફોસતાં જાણ થાય છે કે પ્રમાણપત્રોની ફાઈલ ભૂલી ગયો છે. વીલે મોઢે પાછો આવે છે. મનોવૈજ્ઞાનિક સમક્ષ વાતવાતમાં કહી દે છે કે વિરાર સુધી નોકરીએ જવાની એને ઈચ્છા ન હતી. અંધેરી–બોરીવલી સુધી ઠીક છે. આમ અજ્ઞાત મનમાં પડેલો અણગમો ઘેરથી નીકળતી વખતે યુવાનને અગત્યની ફાઈલ લેવાનું ભુલાવડાવી દે છે.

રે મન, જૂજવાં છે તારાં રૂપ! ✱✱✱

એ–૬, ગુરુકૃપા સોસાયટી,શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા–૩૯૦ ૦૦૬. ફોન : ૦૨૬૫–૨૪૮૧૬૮૦.

# શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૩

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ

**તૃતીય અધ્યાય : કર્મ યોગ**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં ત્રીજો અધ્યાય કર્મયોગ છે. આ પ્રકરણમાં ૨૨૯ શ્લોક છે.

યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'કર્મયોગ'ની વાત માંડે છે તેનું વિસ્તરણ, ઊંડાણ અને માર્મિકતા ધ્યાનાર્હ છે.

જૈન ધર્મ જે કર્મનું તત્ત્વજ્ઞાન કહે છે તે એક અદ્‌ભૂત વિજ્ઞાન છે. જીવને થતો કર્મબંધ, તેમાંથી નિપજતી સુખ-દુઃખની માયા અને ભવભ્રમણ ઇત્યાદિ જે સૂક્ષ્મતાથી જૈનધર્મ સમજાવે છે તે વિશ્વના એકપણ ધર્મમાં નિહાળવા મળતું નથી. જૈનધર્મનો પાયો જ કર્મમુક્તિના હેતુ પર ઉભો છે. કર્મવિજ્ઞાન Karma Philosophy સમજવા માટે ઊંડું ચિંતન, અગાધ શ્રદ્ધા અને આંતરિક મથામણ જોડવા પડેઃ કર્મની તીવ્રતા માપવી સહેલી નથી. એ એક ક્ષણમાં મુક્તિ આપી શકે, એક ક્ષણમાં કંપાવનારી દૂર્ગતિમાં ફેંકી દે-કર્મની અમાપ સત્તાને પડકારવા માટે જોઇએ સમતા, તપ અને શ્રદ્ધા. જૈન ધર્મનું કર્મવિજ્ઞાન આ વિશ્વની અજાયબી ગણવી જોઇએ, એવું એ મહાન દર્શન છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'કર્મયોગ'માં જે ભૂમિકા બાંધે છે તે જૈન ધર્મના પરંપરાગત કર્મ વિજ્ઞાનથી ભિન્ન છે. 'કર્મયોગ'માં શ્રી ગૌતમ સ્વામીએ પૂછ્યું કે,

भक्तियोग निशम्याथ, प्रपच्छु गौंतमादय्: ।
भगवन् सर्वथा सिद्धिर्येन, स्यात्तन्निवेद्यताम् ।। १ ।।

(કર્મયોગ, શ્લોક ૧)

**'શ્રી ગૌતમ વગેરેએ ભક્તિયોગ વિશે સાંભળીને પછી પૂછ્યું કે, હે ભગવાન, જેનાથી સર્વ સિદ્ધિ મેળવી શકાય તે જણાવો !'**

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી પ્રથમ શ્લોકથી જ પોતાને જે દિશા નિર્દેશ કરવો છે તે માટે સ્પષ્ટ છે. જીવનમાં સફળતા મેળવવાની તમન્ના પ્રત્યેક વ્યક્તિની હોય છે. સુખ, ઉન્નતિ, સમૃદ્ધિ માટેની આશા સૌને હોય છે. આજના માનવજીવનની રોજની મહેનત, દોડધામ પણ તે માટે જ છે. આશા અને નિરાશા આજના માનવજીવનના બે અભિન્ન સાથીદાર બની ગયા છે. આશાથી દોડતા માનવીને કાયમ સફળતા કે નિષ્ફળતા મળતા નથી પણ જે મળે છે તેનાથી તે તૃપ્ત પણ નથી. આકાંક્ષાઓની આરપાર જોવું સહજ નથી પણ માનવી માત્રની અખૂટ સુખ માટેની તડપન કલ્પનાતીત હોય છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'કર્મયોગ'ના બીજા શ્લોકમાં સૌ પ્રથમ 'પ્રવૃત્તિ'ને પ્રાધાન્ય આપે છે.

श्री वीर: प्रोचिवान्कर्मयोगं, प्रवृत्ति लक्षणम् ।
यस्याराधानतो लोक:, व्रजन्ति परमं पदम् ।।

**'શ્રી વીરે કહ્યું કે, કર્મયોગ એટલે પ્રવૃત્તિનું લક્ષણ. જેના આરામ ધનથી લોકો પરમપદને પામે છે.'**

આ 'પ્રવૃત્તિ' શબ્દ જ બધું સ્પષ્ટ કરી દે છે. જે વ્યક્તિ પોતાના જીવન વિશે સ્પષ્ટ છે તેને પ્રવૃત્તિ વિના એક પળ પણ ચાલવું જોઇએ નહિ. પ્રવૃત્તિથી જ ઉન્નતિ સાંપડે. ભગવાન મહાવીર 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં શ્રી ગૌતમસ્વામીને સતત અપમત્ત રહેવાનું કહે છે તે સૂચક છે. કોઈપણ કાર્યમાં સતત મંડ્યા રહેવું જ પડે. પ્રવૃત્તિશીલ રહેવું પડે. પ્રયત્નશીલને જ સફળતા મળે, જે પ્રયત્ન જ કરતો નથી તેને સફળતા શું મળે? 'શ્રી જૈન મહાવીર ગીતા'માં શ્રી મહાવીર સ્વામીનો સ્પષ્ટ નિર્દેશ છે કે પ્રવૃત્તિમય રહો. 'જેના (ધર્મ)ના સતત આરાધનથી લોકો પરમપદ પામી જાય છે.' સદૈવ ધર્મમય-ધર્મની પ્રવૃત્તિમય રહેનાર તો મોક્ષ પણ મેળવી લે છે તો બીજી તો શી વિસાત?

પ્રવૃત્તિ, કર્મ, કાર્યઃ પ્રગતિનો પાયો છે. જીવનનું કાર્યચક્ર Score board of life સતત ઘૂમતું રહે તો ઉન્નતિ તરફ ગતિ થાય. નિષ્ક્રિયતા, પ્રમાદ, આળસ તો જીવનને ખંડેર બનાવી મૂકે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સ્વયં કર્મયોગી સાધુપુરૂષ હતા; એ સતત પ્રવૃત્તિમય રહેતા. માત્ર ૨૪ વર્ષના સાધુજીવનમાં એમણે જે કાર્યો કર્યા છે તે વાંચીએ તો આપણી વિચારધારા સ્તબ્ધ થઈ જાય તેવું છે!

'શ્રી જૈન મહાવીર ગીતા'માં શ્રી મહાવીર વાણી માર્મિક તો છે જ, સ્પષ્ટ પણ છેઃ 'કર્મયોગ'ના ત્રીજા શ્લોકમાં શ્રી મહાવીર વચન જુઓઃ

प्रवृत्ति लक्षणो धर्म: सर्व धर्मोपकारक:।
मद्भक्तै: सर्वदा सेव्यो, निवृत्तिकांक्षियोगिभि:।।

(કર્મયોગ, શ્લોક ૩)

**'પ્રવૃત્તિપરાયણતા બધા ધર્મોમાં ઉપકારક ધર્મ છે, મારા ભક્તોએ, નિવૃત્તિ ઇચ્છનારા યોગીઓએ (પણ) હંમેશાં તેનું સેવન કરવું જોઇએ.'**

સૌએ સક્રિય રહેવું જોઇએ-કોઇએ પણ નિષ્ક્રિય ન થવું જોઇએ તેવી સ્પષ્ટ સૂચના અહીં પ્રાપ્ત થાય છે. સંસારી હોય કે સાધુ (યોગી)-સૌએ પ્રવૃત્તિમય રહેવું જોઇએ. સંસારમાં રહીને જે પ્રવૃત્તિ વિના જીવે તે છેવટ દુઃખી જ થાય. સાધુ બનીને ધર્મપ્રવૃત્તિ વિના જીવે તે પણ છેવટ આત્મકલ્યાણ સાધી નહિ જ સકે. જ્ઞાની અને સાધુની પ્રવૃત્તિપરાયણતા સ્વ-પર કલ્યાણકારક હોય છે. શાંત દેખાતો સજ્જન પણ નાનકડી પ્રવૃત્તિથી ઘણું મોટું કામ કરતો હોય છે. આવતી કાલનો સમય પ્રવૃત્તિમય જીવનને જ સફળતા આપવાનો છેઃ **દોડધામ એ પ્રવૃત્તિ નથી પણ સમજણપૂર્વકનું પ્રત્યેક પગલું એ પ્રવૃત્તિ છે.** વિશ્વનો જે ઝડપે અને જે સ્વરૂપે આર્થિક વિકાસ ગોઠવાઈ રહ્યો છે તે એવું સિદ્ધ

કરી રહ્યો છે કે પ્રત્યેક માનવીને માટે આળસ છોડીને સતત મહેનત અને સતત કર્મનિષ્ઠા અનિવાર્ય છે. જુઓઃ

प्रवृत्तिमन्तरा शक्तिः कुत्राऽपि नापपद्यते ।
प्रवृत्तिमन्तरा कार्यं, साध्यते नैव योगिभिः ।।

(કર્મયોગ, શ્લોક ૧૨)

**'પ્રવૃત્તિ વિના શક્તિ ક્યાંય હોય નહિ, પ્રવૃત્તિ વિના યોગીઓ પણ કાર્ય સિદ્ધ કરી શકતા નથી.'**

આવતીકાલનું સુંદર સ્વપ્ન નિહાળવાનો તમને હક છે પણ તમને નિષ્ક્રિય બનીને બેસી રહેવાનો હક નથી. પ્રવૃત્તિમાંથી શક્તિ જન્મે છે, સમર્થ બનાય છે. જીવનના, ધર્મના, સાધનાના-પ્રત્યેક ક્ષેત્રોમાં પ્રવૃત્તિમય રહેવું પડે. અલબત્ત, એ માટે દરેકે પોતાની બુદ્ધિ મુજબ સમજણ પૂર્વક આગળ વધવું જોઇએ. આ માટેનો માર્મિક નિર્દેશ જુઓઃ

ज्ञानयोगं समासाद्य, प्रवृत्तिः स्वाऽधिकारिका: ।
क्षेत्रकालानुसारेण साध्यते कर्मयोगिभिः ।।

(કર્મયોગ, શ્લોક ૧૦)

**'કર્મયોગીઓએ ક્ષેત્ર અને કાલ અનુસાર પોતાના અધિકાર પ્રમાણે જ્ઞાનયોગનો આશ્રય લઈને પ્રવૃત્તિ કરવી જોઇએ.'**

તમે માત્ર સતત પ્રવૃત્તિમય રહો એટલું જ જરૂરી નથી પણ તમારી યોગ્યતા મુજબ, યોગ્ય હોય તેવી અને યોગ્ય દિશામાં પ્રવૃત્તિ કરો તે પણ જરૂરી છે. તમે જે કરો તે સ્પષ્ટ સમજણ સાથે, તમારી યોગ્યતા અનુસાર કરશો તો સમય નહિ બગડે, કાર્ય સિદ્ધિ નજીક આવશેઃ સાયન્સના વિદ્યાર્થીને એ જ ક્ષેત્રમાં જવાનું યોગ્ય ઠરે, તેને આર્ટ્સમાં ન મોકલાયઃ એમ કરવાથી સમય, પૈસા, શક્તિ બધું જ વેડફાય; એના જેવું. આપણી આસપાસ અનેકવાર જોવા મળે છે કે પોતાને લાયક ક્ષેત્ર પસંદ કરવામાં અનેક લોકો થાપ ખાઈ જાય છે. 'કર્મયોગ'ના ૨૬માં શ્લોકમાં કદાચ એથી જ કહ્યું છેઃ **'બધા કાર્યો કરનારા લોકો પોત પોતાના કર્મ અનુસાર શુભ અને અશુભ ફળ મેળવે છે, જ્યારે યોગીઓ બ્રહ્મશુદ્ધતા પ્રાપ્ત કરે છે.'** યોગીજનોને તેમની પ્રવૃતિ બ્રહ્મશુદ્ધતા આપે છે તેમ કહ્યું તેની સ્પષ્ટતા પણ 'કર્મયોગ'ના ૨૮માં શ્લોકમાં છેઃ **'આસક્તિ વિના કરવામાં આવેલું કર્મ નિર્જરા રૂપ છે. સકામ અને નિષ્કામ-જેવી વૃત્તિ હોય તેવું થાય છે.'**

જૈન ધર્મ માને છે કે તીર્થંકર પરમાત્મા અનંત શક્તિસંપન્ન હોય છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'માં મહાવીરવાણી સાંભળોઃ

यत्र यत्र महाशक्तिस्तत्र तत्र वसाम्यहम् ।
सर्वशक्ति स्वरुपं मां जानन्ति कर्मयोगिन: ।।

(કર્મયોગ, શ્લોક ૧૦)

**'જ્યાં જ્યાં મહાશક્તિ હોય છે ત્યાં હું વસું છું. કર્મયોગીઓ મને સર્વ શક્તિ રૂપ જાણે છે.'**

જૈનધર્મ માને છે કે પ્રત્યેક પ્રવૃત્તિ કરતી વખતે મનથી તેમાં લિપ્ત થવું ન જોઇએ, એ મુમુક્ષુનું કર્તવ્ય છે. સંસારમાં રહેવું પડે છે માટે રહીએ છીએ, તેમાં જે કામ કરવાના છે તે કરીએ છીએ પણ અંતરદશા શુદ્ધ છે કે 'આ કશું મારું નથી.' આ નિર્લેપપણું જ આપણને ત્યાગદશા સુધી પહોંચાડશે, તેવું જૈનધર્મ કહે છે. 'કર્મયોગ'માં કહ્યું છે, **'કર્મયોગીઓ જ્ઞાન દ્વારા મોહ રાખ્યા વિના નિર્લેપ બનીને કર્મ કરે છે, જેમ પાણીમાં કમળ રહે છે તેમ!'**

(કર્મયોગ, શ્લોક ૪૩)

વળી કહે છે, **'કર્મયોગીઓ પ્રવૃત્તિ વડે જ સર્વશક્તિ પ્રાપ્ત કરી શકે છે, જેમ માતા વિના પુત્રનું અસ્તિત્વ નથી તેમ પ્રવૃત્તિ વિના શક્તિ સંભવ નથી.'**

(કર્મયોગ, શ્લોક ૪૩)

ધાર્મિક વ્યક્તિ આરાધનાથી આત્મકલ્યાણ માટે મથે છે તેમ ધર્મના રક્ષણ માટે પોતાની આહૂતિ આપતા પણ કદીય ખચકાતો નથી. 'કર્મયોગમાં મહાવીર સ્વામી કહે છે,

मध्धर्मस्य विवृद्धयर्थ रक्षार्थ कर्मयोगिन: ।
मध्धर्मस्तैः र्धर्म कर्माणि कर्तव्यानि विशेषतः ।।
बाह्यान्तरा सदा साध्या वीरता विश्वरक्षिणः।
अहं वीर्यात्मना लभ्यो, निर्बलैर्न कदाचन ।।

(કર્મયોગ, શ્લોક ૪૭, ૪૮)

**'મારા ધર્મની વૃદ્ધિ માટે, રક્ષા માટે કર્મયોગીઓએ, મારા ભક્તોએ ધર્મકાર્યો વિશેષ કરવા જોઇએ.'**

**'બાહ્ય અને આંતરિક એવી વિશ્વનું રક્ષણ કરનારી વીરતાનું આરાધન હંમેશાં કરવું જોઈએ, હું વીરવ્યક્તિ દ્વારા પ્રાપ્ય છું, નિર્બળથી કદી નહિ.'**

સાચા ભક્તની હંમેશાં શ્રદ્ધા રહી હોય છે કે પ્રભુ સદાય મારી સાથે છે. ગાંધીજીની પ્રાર્થના યાદ કરવા જેવી છેઃ 'નિર્બલ કે બલ રામ!' પ્રભુનો આશ્રય મોટી વાત છે. જો આપણે પ્રભુની નજીક છીએ તો પ્રભુ તો સાવ નજીક છેઃ He is nearer to me than my self. એક અનુભૂતિ સાથે ચાલવું પડે, તો કંઈક અંદર સળવળે. આનંદ નિષ્પન્ન થાય. એવો આનંદ કે જે તમે વર્ણવી ન શકો. You can't explain it. yes, you can experience it. શ્રી મહાવીરસ્વામીનું આ ટંકશાળી વચન, સાવ જૂદી રીતે મમળાવવા જેવું છેઃ

कर्मभ्यो नैव भेतव्यं मद्मक्तैः कर्मयोगिभिः ।
येषां चित्तेष्वहं वीरस्तत्र मोहस्य किं बलम् ।।

(કર્મયોગ, શ્લોક ૬૧)

**'મારા ભક્ત એવા કર્મયોગીઓએ કર્મથી ડરવું જોઇએ નહિ. જેમના ચિત્તમાં વીર એવો હું છું તેમને મોહનો ડર કેવો?'**

શ્રી યશોવિજયજી મહારાજ શ્રી શીતલનાથ પ્રભુના સ્તવનમાં આવું જ કહે છેઃ

**વિષય લગન કી અગન બુઝાવત, તુમ ગુણ અનુભવ ધારા;**
**ભઈ મગનતા તુમ ગુણ રસ કી, કુંણ કંચન કુંણ દારા?**

જ્યારે વાસનાનો અગ્નિ ભભૂકે ત્યારે પ્રભુના ગુણની શીતળ ધારા વરસવા માંડે, તેમાં તન્મય થઈ જવાય તો કંચન કે કામીનીની યાદ પણ નહિ આવે!

જીવનમાં સદાચારની વાડ–Border-જરૂરી છે. જીવનની સફરમાં એકાદ પગલું ચૂકીએ એટલે પવિત્રતા, પ્રતિભા અને પ્રતિષ્ઠા–સઘળુંય ખંડિત થઈ જાય. ગુરૂજનો, શિક્ષકો, વડિલો દ્વારા મળેલા સંસ્કાર સાચવવા અને પામવા જરૂરી હોય છે. એનાથી જે લાભ થાય છે તે તરત નહિ સમજાય પણ એના સમયે સમજાશે અને ત્યારે થશે કે સંસ્કાર કેવું કીમતી ધન છે! 'શ્રી જૈન મહાવીર ગીતા' કર્મયોગમાં વીર વચનામૃત જુઓ:

कायिकादि बलं रक्ष्यं ब्रह्मचर्यादि सद् वर्तैः ।

सर्वशक्ति प्रकाशार्थं कर्तव्यं कर्म मानवैः।।

**'બ્રહ્મચર્ય વગેરે વ્રતો દ્વારા કાયિક ઇત્યાદિ બળનું રક્ષણ કરવું જોઇએ, અને સર્વ શક્તિના પ્રકાશ માટે મનુષ્યે પ્રયત્ન કરવો જોઈએ.'**

(કર્મયોગ, શ્લોક ૬૨)

બ્રહ્મચર્ય એક અમાપ શક્તિ છે. પ્રત્યેક ધર્મમાં તેનું વર્ણન જોવા મળે છે. યોગીજનોને સાધનાના ક્ષેત્રમાં બ્રહ્મચર્યના પાલનથી અસામાન્ય સફળતા મળે છે તે સર્વ વિદિત છે. શરીરમાં શક્તિ, મનમાં દૃઢતા, જીવનમાં તેજ બ્રહ્મચર્યના પાલનથી પ્રતિદિન વધે છે. નૈષ્ઠિક બ્રહ્મચર્યના પાલનથી અનેક ભવના પાપ ધોવાય છે અને અનેક નવા કર્મબંધથી બચી જવાય છે. પૂર્વસૂરિઓ બ્રહ્મચર્ય 'એ વ્રત જગમાં દીવા' સમાન કહીને તેનું ઘણું મૂલ્ય વર્ણવે છે. અહીં પણ 'કર્મયોગ'માં તેનો જ નિર્દેશ છે. સર્વશક્તિ અને સામર્થ્ય માટે બ્રહ્મચર્ય વગેરે વ્રતોનું પાલન જરૂરી છે. મૌન વિશે સૌ જાણે છે. જેને નિર્મળ અને પવિત્ર જીવન જીવવું છે તેને એક વિશેષ મૌનની જરૂર પડે, તે છે આંખનું મૌન. Sight Restrain. જ્યાં ત્યાં ભટકતી અને ભમતી આંખને રોકવી તે શિયળ વ્રત–Celebacy- પાલન માટે ઉપયોગી છે.

થોડાંક શ્લોકાર્થ જોઇએ :–

**'શક્તિવાળા જીવે છે, સારા બળવાળા રક્ષણ કરે છે, અને ધર્મસંસદના રક્ષણ માટે કર્મયોગીઓ સમર્થ છે.'** (ગાથા, ૬૩)

**'નિરહંકારી વૃત્તિથી સર્વ કર્તવ્ય કરનારા, સત્યના આગ્રહી સંતો અને કર્મયોગીઓ જય પામે છે.'** (ગાથા, ૬૭)

**'જે લોકો સર્વ જીવોને આત્મસમાન માનીને વૈષમ્ય છોડી દે છે તેઓ સારા કાર્ય કરે છે, તેમને હું શાંતિ આપું છું.'** (ગાથા, ૭૪)

**'સર્વ તીર્થંકરોએ સેવાધર્મને સનાતન ધર્મ કહ્યો છે, મેં પણ તેને સર્વજીવોનો કલ્યાણ કરનાર માન્યો છે.'** (ગાથા, ૭૮)

**'નાસ્તિકો મોહથી સંમૂર્ચ્છિત છે, તેઓ કર્મયોગીઓ નથી, જેમના ચિત્તમાં મારી ભક્તિ નથી તેઓ કર્મ કરવા છતાં નિર્બળ છે.'** (ગાથા, ૮૫)

**'તેઓ મહા અવતાર રુપ છે અને ભક્તિથી મારામાં રહેલા છે, પ્રભાવક એવા ધર્માચાર્યો વિશ્વના ઉદ્ધાર માટે જન્મે છે.'** (ગાથા, ૮૭)

**'ગૃહસ્થોએ ગૃહકાર્યમાં અને ત્યાગીઓએ ત્યાગકાર્યમાં કદી ભ્રષ્ટતા કરવી જોઇએ નહિ તેવી મારી આજ્ઞા છે.'** (ગાથા, ૯૪)

**'મારા ભક્તો બ્રાહ્મણો, સંતો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો વગેરે ધર્મરક્ષકો છે, અને ભક્તિની શક્તિની સાધના કરનારા છે.'** (ગાથા, ૯૬)

**'જૈનધર્મમાં પરાયણ એવા લોકોએ હંમેશાં કર્મયોગ સાધવો જોઇએ, તેને સર્વલોકોના જીવન માટે સજ્જનોએ આવશ્યક ગણ્યો છે.'** (ગાથા, ૧૦૯)

**'જૈન ધર્મમાં વિજ્ઞાનનો સમાવેશ થયેલો છે, તે મારા સ્વરૂપ છે અને તેની ઉત્પત્તિ યોગથી થયેલી છે.'** (ગાથા, ૧૩૩)

**'અસંખ્ય મોક્ષમાર્ગો છે. તેને કર્મયોગીઓએ જાણવા જોઇએ. તે પરસ્પર વિરોધી નથી, તે સનાતન છે, તેમનું રક્ષણ કરવું જોઇએ.'** (ગાથા, ૧૫૦)

**'જૈન ધર્મ જેવો ધર્મ થયો નથી અને થવાનો નથી, સજ્જનોએ જૈન ધર્મની વૃદ્ધિ માટે કર્તવ્ય કર્મ કરવા જોઇએ.'** (ગાથા, ૧૬૦)

**'મને સર્વ બ્રહ્મ તરીકે માનીને જે રાગીઓ વર્તે છે તે ત્યાગી હોય કે કર્મયોગી પણ શુદ્ધ બ્રહ્મપદ પામે છે.'** (ગાથા, ૧૭૫)

**'યોગીઓ નિરાસક્તિથી કર્મ કરનારા હોવાથી કર્મથી બંધાતા નથી, તેઓએ કામ્યભાવનાનો ત્યાગ કરીને પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરવા જોઈએ.'** (ગાથા, ૧૮૮)

**'ધર્મરક્ષકો 'મહાવીર' એવી ભક્તિથી મને ભજે છે તેઓ ધર્મભાવના કરીને સ્વર્ગ અને મારાપદને પામે છે.'** (ગાથા, ૧૯૦)

**'મારા આચાર્યો અને સંઘો વગેરેનો દ્વેષ કરવો જોઇએ નહિ, કલિયુગમાં સંઘબળથી જ જૈન શાસન ટકી રહે છે.'** (ગાથા, ૨૦૧)

**'પોતાની શક્તિ પ્રમાણે આજીવિકા મેળવવામાં અજાણતા કરવામાં આવેલા દોષોમાં (મોટું) પાપ લાગતું નથી.'** (ગાથા, ૨૦૫)

**'સર્વસ્વ સમર્પણ કરીને પણ ધર્મપ્રભાવના કરવી જોઇએ, ધાર્મિક આચાર અને વિચારમાં મને પૂર્ણ ભક્તિથી જોવો જોઇએ.'** (ગાથા, ૨૧૯)

**'હંમેશાં બધા દેહધારીઓએ ઉદ્યોગ કરવો જોઈએ, યોગીઓને શું દુર્ગમ છે? પ્રયત્નથી શું અધ્યાય છે?'** (ગાથા, ૨૨૧)

**'હે મનુષ્યો! તમે કર્તવ્ય કાર્યોની સિદ્ધિ માટે સ્વાશ્રયી બનો, આત્માથી કરાયેલા કર્મો સ્વર્ગની સિદ્ધિ અને સ્વાયત્તા આપે છે.'** (ગાથા, ૨૨૮)

**'કર્તવ્ય કર્મ ન કરવાથી જ્ઞાની પણ શુષ્ક બને છે, આથી શ્રદ્ધાનું આલંબન લઇને તમે કર્મયોગી બનો!'** (ગાથા, ૨૨૯)

**'પૂર્ણ નિષ્કામી એવા મેં લોકકલ્યાણના, લોક સંગ્રહના ન્યાયથી કૃત કૃત્યતાને લઈને સુખાવહ એવો આ 'કર્મયોગ' કહ્યો છે.'** (ગાથા, ૨૧૨)

સતત સક્રિય રહેવાની અને કર્તવ્ય માટે ક્યાંય ચૂકી ન જવાય તેવી અખૂટ પ્રેરણા આપતો 'શ્રી મહાવીર ગીતા'નો આ 'કર્મયોગ' જેમ

જેમ વાંચતા જઈએ છીએ તેમ આપણને આશ્ચર્ય મુગ્ધ કરે છે. આ પ્રકરણમાં શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી સમાજ, જીવન, કુટુંબ, ધર્મ અને સાધનાના એકપણ ક્ષેત્રને પ્રેરણા આપવાથી મુક્ત રાખતા નથી. પરંતુ તે સર્વ ક્ષેત્રોને પ્રેરીને નવપલ્લવિત કરવાનું ધ્યાન રાખે છે.

સાંપ્રત જગત એકદમ નજીક આવી ગયું છે અને સમગ્ર વિશ્વ એકબીજા પર આધારિત બની ગયું છે. આર્થિક જગત કલ્પનાતીત ચઢાવ-ઉતાર જોઈ રહ્યું છે અને વધુમાં વધુ ઉપભોગ માટે દુનિયા તલસી રહી છે તેવા સમયમાં જીવનની સ્થિરતા અને આત્માની ઉન્નતિ સમજાવનારા સંતપુરુષો સૌ માટે શાતાદાયક વડલા જેવા બની રહેતા હોય છે. કર્મયોગી બનવા માટેની પ્રેરણા આજના સમયની સૌથી મહત્ત્વની પ્રેરણા છે. પોતાની આસપાસમાં થતી પ્રગતિ અને વિકાસ જોઇને જે થનગની ન ઉઠે તેવા આળસુ માટે આ દુનિયાના નકશામાં કોઈ સ્થાન નહિ રહે. પ્રત્યેક પ્રભાત આગેકદમ માટેની ગૂંજતી ઝાલર સમાન છે. આજની સવાર કોયલના ટહૂકાની રાહ જોતી નથી, આપણી સવાર પણ તકની પ્રતીક્ષા પર આધારિત નથીઃ સવાર પડે એટલે કોઈક કાર્ય માટે મચી પડવાની નવી શક્તિનો અભ્યુદય થવો જોઇએઃ 'શ્રી જૈન મહાવીર ગીતા'નો 'કર્મયોગ' એ પ્રેરણા આપે છે, એ વિવેક શીખવે છે, એ દૃષ્ટિનું દાન કરે છે.

(ક્રમશઃ)

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ, જૈન ઉપાશ્રય,
૭, રૂપ માધુરી સોસાયટી, સંઘવીના રેલ્વે ક્રોસીંગ પાસે,
નારણપુરા,અમદાવાદ-૩૮૦૦૧૩.0

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **સ્મરણમ્...મધુરમ્**
**લેખક : ભારતી પંડિત**
**પ્રકાશક : જીવન સ્મૃતિ સ્વાધ્યાય મંદિર,**
મનુ પંડિત -૧૭, વસંતનગર સોસાયટી,
ભૈરવનાથ માર્ગ, મણિનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.
કિંમત રૂા. ૨૫, પાના : ૧૧૨, આવૃત્તિ-પ્રથમ ઑગસ્ટ-૨૦૦૮.

માણસનું જીવન વહેતી સરિતા જેવું છે. સરિતામાં અખંડ જળ વહ્યા કરે તેમ માનવજીવન પળ પળ વહ્યા કરે, તેમાં ક્યારેક ખટાશ તો ક્યારેક મીઠાશના અનુભવ થાય છે. ભારતીબેન પંડિતે પોતાના જીવનના ૭૫મા વર્ષમાં પ્રવેશતાં કેટલાંક મધુર સંસ્મરણોને લખ્યા અને એને 'સ્મરણમ્ મધુરમ્' એ નામ આપ્યું છે.

રાષ્ટ્રીય ભાવનાને સમર્પિત એવા કુટુંબમાં જન્મેલા અને ઉછેર પામેલા, પરિશ્રમભર્યું જીવન જીવનારા ભારતીબેને આલેખેલ ૨૧ સંસ્મરણોમાં પૂ. રવિશંકર મહારાજ, મણિબા નાણાવટી, બબલભાઈ મહેતા, નવલભાઈ શાહ, શ્રીકાંત આપ્ટેજી સાથેના સંસ્મરણો નોંધપાત્ર છે.

ભારતીબેને અમૃત પર્વ નિમિત્તે સેવાગ્રામની તાલીમ અને વાત્સલ્યધામમાં ગૃહમાતાના અનુભવોના આલેખનમાં એમના સાચા જીવનના આસ્વાદનો અનુભવ કરાવે છે.

'સ્મરણમ્...મધુરમ્'ની આનંદ યાત્રામાં સત્ય અને સૌંદર્યની પ્રતીતિ વાચકને થશે જ થશે.

XXX

પુસ્તકનું નામ : **ફ્લોરેન્સ નાઈટિંગલ**
**લેખક : ઉષાબેન જાની-ગુલાબભાઈ જાની**
**પ્રકાશક : સિસ્ટર નિવેદિતા પબ્લિકેશન,**
C/o. સિસ્ટર નિવેદિતા પબ્લિકેશન ટ્રસ્ટ,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭.
કિંમત રૂા. ૧૦, પાના : ૩૦, આવૃત્તિ-દ્વિતીય, ઈ. સ. ૨૦૦૬.

આ નાનકડી પુસ્તિકામાં લેખકે ફ્લોરેન્સ નાઈટિંગલનું જીવન ચરિત્ર વાંચ્યા પછી ઇંગ્લેંડના ધનાઢ્ય ઘરની પુત્રી ગરીબ દર્દીઓની સેવા માટે અનેક અવરોધો વચ્ચે જીવન સમર્પણ કરે છે અને એ રૂઢિચુસ્ત સમાજમાં સ્ત્રીઓને કંઈ પણ સેવાકાર્ય કરવું કેટલું મુશ્કેલ છે તેનો અને ફ્લોરેન્સના જીવન સંઘર્ષનો પરિચય કરાવ્યો છે.

એક મહાન મહિલાના જીવનમાંથી અનેક વાચકોને આ નાનકડી પુસ્તિકા પ્રેરણા આપશે.

XXX

પુસ્તકનું નામ : **ભક્તિથી મુક્તિ**
સંપાદક-પ્રકાશક : **રાયચંદ મગનલાલ શાહ**
બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨.
કિંમત રૂા. ૧૫, પાના : ૧૨૪, આવૃત્તિ-પ્રથમ મે-૨૦૦૧.

ભક્તિ એટલે પરમાત્મા સાથે વાત કરવાની અણમોલ તક. આત્માને પરમાત્મા સાથે વાત કરવા માટે ભક્તિ સીધું અને સરળ માધ્યમ છે. સાચા હૃદયથી કરેલી ભક્તિ માનવને ભગવાન બનાવી શકે છે. આ વાતને નજર સમક્ષ રાખી અનુભવબદ્ધ શાસનરસિક, પરમશ્રદ્ધાળુ શ્રી રાયચંદભાઈએ ૯૫ વર્ષની જૈફ વયે ખૂબ પરિશ્રમ કરી ભક્તજનોને ઉપયોગી થાય એવા ભક્તિભાવ ભરપૂર, પ્રાચીન સ્તવનો, સ્તુતિઓ, મંગલકારી નવસ્મરણ, રાસ અને પ્રભાતિયા વગેરેનો આ પુસ્તકમાં સંગ્રહ કર્યો છે.

શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિ કરતી વખતે પુણ્યશાળી આત્માઓ આ પુસ્તકનું પઠન કરીને આત્માને આત્મધ્યાનમાં લીન બનાવશે.

XXX

પુસ્તકનું નામ : **વીણેલાં ફૂલ (૪૦ ટૂંકી વાર્તાઓ)**
**ગુચ્છ-૧૬. રૂપાંતર : હરિશ્ચંદ્ર**
**પ્રકાશક : જગદીશ શાહ, યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર,**
હજરતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧.
કિંમત રૂા. ૩૦, પાના : ૮૦, આવૃત્તિ-પ્રથમ ૨૦૦૭

પ્રસ્તુત વાર્તાઓના રૂપાંતરકાર એક વ્યક્તિ નહિ પણ બે વ્યક્તિઓ છે. બન્ને સ્ત્રીઓ, એકનું નામ ચંદ્રકાંતા અને બીજીનું નામ હરવિલાસ છે. બન્ને વિનોબાની શિષ્યાઓ, સેવાયજ્ઞમાં સક્રિય, આજીવન કાર્ય કરનારી વ્રતધારિણીઓ છે. જેમણે સાહિત્યના રસ ઘૂંટી ઘૂંટીને પીધા છે. લેખકે દેશભરના લેખકોની વાર્તાઓનું રૂપાંતર કર્યું છે. દરેક વાર્તા માત્ર બે જ પાનાની, ૬૦ લિટી અને સાડા સાતસો શબ્દોમાં.

કુલ ૪૦ વાર્તાઓની પસંદગીમાં રૂચિની ઉચ્ચતાની અને જીવન અને સમાજ વિશેના ધ્યેયનિષ્ઠ છતાં કલાતત્ત્વને વફાદાર એવા અભિગમની પ્રતીતિ થાય છે. આ વાર્તાઓમાં સ્ત્રી જીવનનું સાચું છતાં સુરેખભર્યું ચિત્ર વાચકના હૃદય સમક્ષ ઉપસે છે.

XXX

પુસ્તકનું નામ : **જીવનનું સર્વાંગી વિજ્ઞાન**
**લેખક : ઈ. એસ. શુમાખર**
**પ્રકાશન : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર,** હજરતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧.
કિંમત રૂા. ૨૫, પાના : ૮૦, આવૃત્તિ-પ્રથમ, મે-૨૦૦૭.

છેલ્લા ચાલીસ વર્ષના સમયગાળામાં માનવે ભૌતિક પદાર્થ વિજ્ઞાનના ક્ષેત્રે મોટી હરણફાળ ભરી છે. આધુનિક વિજ્ઞાનનો ભારે પ્રભાવ

વર્તમાનકાળમાં માનવજીવન પર પડેલો છે. પરંતુ હવે ધીરે ધીરે તેની મર્યાદાઓ પણ સમજાતી જાય છે. માણસની વિકાસયાત્રાના ભાવિ પથ માટેનું મનોમંથન શરૂ થઈ ચૂક્યું છે. એ સંદર્ભમાં શુમાખરનું ઈ. સ. ૧૯૭૭માં પ્રગટ થયેલ (મુંઝાયેલાને માર્ગદર્શન) ઉપયોગી થાય તેવું છે. એમણે ભૌતિક વિજ્ઞાનની મર્યાદાઓ દર્શાવી છે તથા જીવનના અન્ય ક્ષેત્રોમાંના તેના અનાધિકાર આક્રમણ અને આપખુદી સામે જેહાદ જગાવી છે.

ઉપરોક્ત પુસ્તકના નિચોડ રૂપ વિચારો કાન્તિ શાહે અહીં રજૂ કર્યાં છે. આજે વિજ્ઞાન-આધ્યાત્મના સમન્વયના નવા યુગ ભણી જ્યારે આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે ચિંતન-મંથનમાં આ પુસ્તક ઘણું મદદરૂપ બની રહેશે.

X X X

પુસ્તકનું નામ : **યાકિની મહત્તરા ધર્મપુત્ર** શ્રી હરિભદ્રસૂરિજી (જીવન ચરિત્ર–હિન્દીમાં)
**લેખક :** શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી
**અનુવાદક :** ડૉ. કેશુભાઈ દેસાઈ–ગાંધીનગર
**પ્રકાશક :** પંચ પ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન–સુરત
**પ્રાપ્તિસ્થાન :** (૧) સોહનરાજ સૂરજમલજી સુરાણા, જૈન સન્સ અમ્બ્રેલા મેન્યુફેક્ચરર્સ,૬૦, સ્ટેનબર્થ, ઉથલસર, થાને (પ.) ૪૦૦ ૬૦૧. (૨) ચમ્પાલાલ જૈન, જિતેન્દ્ર બ્રધર્સ, ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૪.
મૂલ્ય : રૂા. ૧૫/–, પાના ૭૨, આવૃત્તિ–પ્રથમ. નવેમ્બર–૨૦૦૮.

પ. પૂ. આચાર્યદેવ વિજય પૂર્ણચન્દ્રસૂરિજી રચિત 'યાકિની મહત્તરા ધર્મપુત્ર–શ્રી હરિભદ્ર-સૂરિજી', 'કલ્યાણ' માસિકમાં ક્રમશઃ પ્રકટ થયેલ જીવન કથા–એક ધારાવાહિક કથા છે, જે વાચકને લઘુનવલનો અનુભવ કરાવે છે. આ જીવનચરિત્ર દ્વારા એક જૈનાચાર્ય પોતાના એક પૂર્વાચાર્યની પરાક્રમ ગાથાને ગૂંથી જિનશાસનની ઉજ્જવળ આચાર્ય પરંપરાના વિલક્ષણ નાયકને તર્પણ કરે છે.

આ વિશિષ્ટ રચનામાં બે મહત્ત્વના જિન સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. (૧) વાત્સલ્ય, (૨) અવેર. પૂ. આચાર્ય હરિભદ્ર-સૂરિજીનું જીવન આ બે ઉત્તુંગ શિખરોનું વારાફરતી આરોહણ કરે છે.

યાકિની મહત્તરાને હરિભદ્રસૂરિ, જીવન પર્યંતના ધર્મમાતા રૂપમાં અંગીકાર કરી પોતાની દરેક રચનાઓમાં તેમનું સ્મરણ કરે છે.

પૂ. આચાર્યદેવ વિજય પૂર્ણચન્દ્ર વિજયસૂરિજીની કલમ દ્વારા સંપ્રદાયના પ્રશસ્ત શાસ્ત્રકારનું આ જીવન ચરિત્ર અનુપમ છે. તેમાં વાત્સલ્ય, કરુણા, ક્ષમાપના, અહિંસા અને અવેર જેવા ઉચ્ચત્તર મૂલ્યોની પ્રતિષ્ઠા થઈ છે.

જૈન સાહિત્યના ઇતિહાસમાં વિશિષ્ટ સ્થાને બિરાજે તેવી લઘુનવલ–જીવનકથા વાચકના રસને પ્રેરણા આપે તેવી છે.

X X X

પુસ્તકનું નામ : **નમસ્કાર મહામંત્ર મહિમા** સત્ય ઘટનાઓ (હિન્દીમાં)
**લેખક :** પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજ; **અનુવાદક :** શ્રી જે. કે. સંઘવી–થાણા.
**પ્રકાશક :** પંચ પ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન–સુરત.
**પ્રાપ્તિસ્થાન :** ચંપાલાલ સી. જૈન, જિતેન્દ્ર જ્વેલર્સ, ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૪.
મૂલ્ય : નવકારનિષ્ટા, પાના ૭૨, આવૃત્તિ–પ્રથમ, નવેમ્બર–૨૦૦૮.

પ. પૂ. આચાર્યદેવ વિજય પૂર્ણચન્દ્રસૂરિજી મહારાજ રચિત 'નમસ્કાર મહામંત્ર મહિમા'–સત્ય ઘટનાઓ હિન્દીમાં લખાયેલ પુસ્તક છે. આ નાનકડા પુસ્તકમાં આચાર્યદેવે જિનશાસનના સાર, ચૌદ પૂર્વનો સમ્યગ્ ઉદ્ધાર એવા નમસ્કાર મંત્રનો પ્રભાવ રજૂ કરી કરતી કેટલીક સત્યઘટનાઓનું આલેખન કર્યું છે. આ હિન્દી પુસ્તક મૂળ ગુજરાતીમાં 'રક્ષણહાર એક નવકાર' એ શીર્ષક નીચે લખાયેલું છે.

આ નાનકડા પુસ્તકમાં ગુરુદેવે કૂલ બાર સત્ય ઘટનાઓ આલેખી છે. જેના વાંચન દ્વારા જૈન સમાજની પ્રજાના હૃદયમાં નવકાર મંત્ર પ્રત્યે શ્રદ્ધા જાગૃત થાય છે. નવકારની સાધના દ્વારા સમર્પણની ભાવના તીવ્ર બને છે. પૂ. શ્રીની કલમમાં એવો જાદૂ છે કે દરેક પ્રસંગો વાચકની નજર સમક્ષ તાદૃશ બની તરવરે છે.

આ પુસ્તકના વાંચન દ્વારા વાચક નવકાર પ્રતિ દૃઢ શ્રદ્ધાવાન બની સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે એ જ અભ્યર્થના.

X X X

પુસ્તકનું નામ : **(Through the looking glass)**
(ગુજરાતી આવૃત્તિ)
**લેખક–પ્રકાશક :** ચન્દ્રકાન્ત વર્ધમાન શાહ ૨૯, જયહિન્દ સોસાયટી, જીનતાન રોડ, સુરેન્દ્રનગર–૩૬૩૦૦૨.
મૂલ્ય : રૂા. ૨૫૦/– પાના : ૨૫૬, આવૃત્તિ–૧ ડિસેમ્બર–૨૦૦૬.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રી કે. ટી. શાહ લખે છેઃ 'વિવિધલક્ષી આયામો સિદ્ધ કરતું આનંદોપલબ્ધિ કરાવતું આ પુસ્તક સૌએ વાંચવા–વસાવવા લાયક છે.'

ડૉ. પી. એન. ખરોડ લખે છેઃ 'આ પુસ્તક સૌએ વાંચવા જેવું, મિત્ર વર્ગ–સ્નેહીઓને ભેટ આપવા જેવું, જરૂર લોકપ્રિય અને લોકોપયોગી બનશે તે નિઃશંક છે.'

લેખકે પોતાના ચશ્મામાંથી જે જોયું, વાંચ્યું, અનુભવ્યું તેનો નિચોડ આ પુસ્તકમાં છે. આ પુસ્તકની પ્રથમ વિશેષતા એ એનું વિષય વૈવિધ્ય છે. સંગીત, ફિલ્મી ગીતો અને ભજનોનું સુંદર સંપાદન, આરોગ્ય અને આહાર તથા વ્યાયામ વિષયક સરળ અને સરસ આલેખન ઉપરાંત મહાત્મા ગાંધીજી, રજનીશજી, જે. કૃષ્ણમૂર્તિ તથા જૈન સાધુ ભગવંતોના ઉપદેશ વગેરે વિષયો પુસ્તકને લોકોના હૃદય સુધી પહોંચાડશે.

આ પુસ્તકની બીજી વિશેષતા એ છે કે તેમાં વ્યક્ત થયેલ વિષયો વિસ્તારપૂર્વક લાંબાલચક અને શુષ્ક નથી પણ નાના નાના ઊડીને આંખે વળગે અને સીધે સીધા હૃદયમાં સોંસરા ઉતરી જાય તેવા સુવાક્યો અને ભાવકના ચિત્તમાં ચિર સ્મરણીય બની જાય તેવા સૂત્રો છે.

લેખકશ્રી ચન્દ્રકાન્તભાઈ શાહે આ પુસ્તકમાં મબલખ માહિતી આપી છે. મહાન ચિંતકોના જીવન વિષયક વિચારો, નરસિંહ, મીરા જેવા ભક્તોની જીવન ઝલક, જીવનોપયોગી સોનેરી સૂત્રો, સલાહો, વસીયતનામા વિશેની સમજ, ગૃહિણીઓને ઉપયોગી શબ્દકોશ, અંગ્રેજી શબ્દો પર્યાયો, જૈન તીર્થંકરો, જૈન મૂર્તિઓની તથા મંદિરોની પ્રાચીનતા, ગુજરાતી ફિલ્મો વિશેનું પોતાનું ચિંતન ઇત્યાદિનો સુંદર સમાવેશ કર્યો છે. આ પુસ્તકમાં લેખકે આપેલા યાદગાર ફિલ્મોના ગીતોના મુખડા સંવેદનશીલ ભાવકોના હૃદયને સ્પર્શી જાય તેવા છે. તો આધિવ્યાધિ, વૃદ્ધાવસ્થા, ઔષધિ, આહાર–વિહારનું આયોજન વગેરે વર્તમાન જીવનમાં ઉપયોગી થાય તેમ છે.

વર્તમાન યુગનો માનવી જ્યારે ટેન્શન નામના રોગથી પીડાઇને પોતાના જીવનને ઢસડી રહ્યો છે તેવા સમયમાં આ પુસ્તક મનોવૈજ્ઞાનિકની ભૂમિકા પૂરી પાડે એવું છે.

લેખક ચન્દ્રકાન્તભાઇએ આ પુસ્તક દ્વારા ભાવકને બૃહત્ ચૈતન્ય સાથે જોડવાનો પ્રયાસ પોતીકી રીતે કર્યો છે. ✶ ✶ ✶

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩. ફૉનઃ૦૨૨-૨૨૯૨૩૭૫૪

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ડિસેમ્બર-૨૦૦૮ના અંકથી આગળ)

૫૧૪.પંકપ્રભા : પંક-કાદવની અધિકતાવાળી ચોથી નરકભૂમિ.
પङ्कप्रभा : पङ्क–कीचड की अधिकता वाली चौथी नरकभूमि ।
PankPrabha : The fourth hellish ground is named so as owing to an excess of panka or mud.

૫૧૫.પંકબહુલ : રત્નપ્રભા ભૂમિનો બીજો કાંડ જે કાદવથી ભરેલો છે.
पङ्कबहुल : रत्नप्रभा भूमि का दूसरा काण्ड जो कीचड से भरा है ।
Pankbahula : The middle part (kanda) of the hell ratnaprabha so called because of its predominance of mud.

૫૧૬.પંચેન્દ્રિય (જીવ) : જેને પાંચે ઈંદ્રિય હોય છે તે.
पंच्चेन्द्रिय (जीव) : पाँचो इन्द्रियवाले जीव ।
Pancendriya : Those who possess five indriyas (sense organs).

૫૧૭.પંચેંદ્રિય જાતિ(નામકર્મ) : પુણ્ય ગણાતી ૪૨ પ્રકૃતિમાંની પ્રકૃતિ.
पंच्चेंद्रिय जाति(नामकर्म) : पुण्य रुप से प्रसिद्ध ४२ प्रकृतियों में से एक प्रकृति ।
Pancendriya Jati (namkarma) : One of the Karmaprakrti from the 42 auspicious Karma Prakrti.

૫૧૮.પટક (દેવ) : વ્યંતર નિકાયના પિશાચ જાતિના એક દેવ.
पंटक (देव) : व्यंतर निकाय के पिशाच जाति के एक देव ।
Pataka (Dev) One of the Sub-types of Pisacas of the Vyantanikaya.

૫૧૯.પટુક્રમ : પટુક્રમમાં ઇંદ્રિયની સાથે ગાહ્ય વિષયનો સંયોગ થયા વિના જ જ્ઞાનધારાનો આવિર્ભાવ થાય છે, જેનો
पटक्रम : પ્રથમ અંશ અર્થાવગ્રહ અને અંતિમ અંશ સ્મૃતિ રૂપ ધારણા છે.
पटुक्रम में इन्द्रिय के साथ ग्राह्य विषय का संयोग हुए बिना ही ज्ञानधारा का आविर्भाव होता है जिसका प्रथम अंश
Patukrama अर्थावग्रह और चरम अंश स्मृतिरुप धारणा है ।

૫૨૦. પરત્વ : The fast order of Succession in the production of matijnana
पटक (देव) : જ્યેષ્ઠત્વ.
Paratva ज्येष्ठत्व ।

૫૨૧.પરપ્રશંસા : Superiority (as to age)
परप्रशंसा બીજાના ગુણોની પ્રશંસા કરવી, ઉચ્ચગોત્રકર્મના બંધહેતુનો એક પ્રકાર છે.
Paraprasamsa : दुसरे के गुणों की सराहना परप्रशंसा है ।
The nature of the cause of bondage obtaining in the Uccagotra Karma, to priase others

૫૨૨. પરમાણુ : means to admire the merits belonging to others.
परमाणु : અતીન્દ્રિય સૂક્ષ્મ દ્રવ્ય.
Paramanu : अतीन्द्रिय सूक्ष्म पुद्‌गल द्रव्य ।

૫૨૩.પરમાધાર્મિક (દેવ) Paramanu (atom) is suprasensuous yet rupin.
परमाधार्मिक (देव) : પરમાધાર્મિક એક પ્રકારના અસુર દેવો છે, જે ઘણા ક્રૂર સ્વભાવવાળા અને પાપરત હોય છે.
Paramadharmika(Dev): परमाधार्मिक एक प्रकार के असुर देव है, जो बहुत क्रूर स्वभाववाले और पापरत होते है ।
The Paramadharmikas are such a species of asura-gods as are extermely cruel by nature and ever engaged in sinful activities.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/ SOUTH-146 / 2009-11



# પંથે પંથે પાથેય...

# એક અમૂલ્ય સલાહ

❑ વિજયાલક્ષ્મી પંડિત

*વિજયાલક્ષ્મી પંડિત–પંડિત નહેરૂના બહેન–ઈ. સ. ૧૯૫૫માં જ્યારે પોતે યુ.કે.માં ભારતીય હાઈકમિશ્નર હતા ત્યારે આ લેખ 'રીડર્સ ડાઈજેસ્ટ' માટે લખ્યો હતો. તેમનું નિધન ૧૯૯૦માં દહેરાદૂનમાં થયું હતું.*

બરાબર એક દાયકા પહેલાની એટલે કે ૧૯૪૫ની આ ઘટના છે. બપોર પછીનો સમય હતો અને તે દિવસ પણ સૂર્યપ્રકાશથી સભર હતો.

કાયમી નિવાસ માટે અમેરિકા જતા પહેલાં પૂ. બાપુને–ગાંધીજીને મળીને જવાની તીવ્ર ઈચ્છા મનમાં હતી. બાપુને મળી અને તેમણે જે અમૂલ્ય સલાહ આપી તેનાથી મારું જીવન સાર્થક થઈ ગયું.

માત્ર થોડા સમય પહેલાં જ મારા પતિનું દુ:ખદ નિધન થયું હતું અને તેમને સદા–સદા માટે ગુમાવ્યાના સંતાપમાંથી હજી બહાર આવી નહોતી અને મારા સાસરીજનોએ મને જાણ કરી કે હું વિધવા થઈ હોવાના કારણે અને પુત્રવતી ન હોવાના કારણે સંયુક્ત પરિવારના વારસા હક્કમાંથી મારું નામ આપોઆપ રદબાતલ થતું હતું. એક નારી હોવાના જ કારણે જાણે મારું પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ નહોતું!

મનની ભીતર એક ઊંડી વેદનાનું વહેણ વહેવા લાગ્યું. મને યાદ આવ્યો સ્વાતંત્ર્યની લડતનો તે સમયગાળો જ્યારે અમે સ્ત્રીઓએ ખભેખભા મીલાવી પુરુષો સાથે અંગ્રેજો સામેના તે સંગ્રામમાં પૂરી તાકાતથી ઝંપલાવ્યું હતું. તે સંગ્રામમાં મર્દોએ જે અને જેટલી આપત્તિ સહી હતી તેટલી જ સ્વાતંત્ર્ય મળ્યું ત્યાં સુધી અમે પણ સહી હતી. આમ છતાં પણ તે વખતના જરીપુરાણા કાયદાકાનૂન મુજબ પુરુષો સાથેના પારિવારિક સંબંધોમાંથી જ અમારા અસ્તિત્વને અર્થ મળતો હતો–તે સિવાય જાણે બધું જ અર્થહીન હતું!

અરે! આશ્ચર્યની વાત હજી ક્યાં પૂર્ણ થઈ હતી? તે સમયનો કાયદો કહેતો હતો કે કૌટુંબિક વારસામાંથી માત્ર મારું જ નામ રદબાતલ નહોતું થતું. મારી કુમળી કળી જેવી બે સગીર પુત્રીઓના હક્ક પણ ડૂબી જતા હતા! જમાનાજૂના કાયદાનો આશ્રય લઈ મારા પરિવારજનો મને જરા સરખો પણ સહકાર આપવા તૈયાર નહોતા. સહકાર તો બહુ દૂરની વાત રહી–મારા પર તે લોકોએ જે માનસિક ત્રાસ ગુજારવો શરૂ કર્યો તેનાથી મારું મન કડવાશથી ઊભરાઈ ઊઠ્યું હતું.

તે અરસામાં જ મારે અમેરિકા જવાનું નક્કી થયું. સાંસારિક દુ:ખમાંથી ભાગી છૂટવાની જાણે મને એક સોનેરી તક મળી આવી! જતાં પહેલાં બાપુની સાથે મુલાકાત કરવાનું નક્કી કર્યું.

સામાન્ય વાતચીત પછી તેમણે ઓચિંતો જ એક ધારદાર પ્રશ્ન પૂછ્યો: 'અમેરિકા જતા પહેલાં પરિવારજનો સાથે તેં પોતે સમાધાન કર્યું કે નહીં?' દિલચોરી કર્યા સિવાય કહું છું કે તેમના પ્રશ્ને મને એક આઘાત આપ્યો. તેમણે મારો પક્ષ ન લેતાં મારા પરિવારજનોનો પક્ષ લીધો હતો તેવું મેં માન્યું.

'હું ક્યાં કોઈની સાથે ઝઘડી છું? અન્યાયી કાયદાની ઓથે જે લોકોએ મારું અપમાન કર્યું છે અને મને મારા હક્કથી વંચિત રાખી છે તે લોકો સાથે હવે હું સંબંધ રાખવા નથી ઈચ્છતી.' મેં થોડા ઊંચા અવાજે બાપુને જવાબ આપ્યો.

જે ખંડમાં બેસી અમારી વાતચીત ચાલી રહી હતી તેની બારીમાંથી બાપુએ ક્ષણભર બહાર જોયા કર્યું. પછી ફરી દૃષ્ટિ મારા પર સ્થિર કરી પોતાના લાક્ષણિક સ્મિત સાથે મને કહ્યું: 'આપણો વિનય–વિવેક કહે છે કે તે લોકોને 'આવજો' કહ્યા સિવાય તારાથી અમેરિકા જઈ શકાય નહીં.'

'બાપુ, મને ક્ષમા કરશો પણ મને મારા હક્કથી વંચિત રાખનાર સાથે હું કોઈ સંબંધ રાખવા નથી ઈચ્છતી.' આક્રોશથી ભરેલ હોવાથી મારાથી બસ બોલાઈ જ ગયું.

'એક વાત નોંધી રાખજે કે તારી જાત સિવાય કોઈ તને ભારે નુકશાન ન જ કરી શકે.' ત્યારે તો બહુ સમજી નહોતી તેવી આ સલાહે અનેકવાર નાના–મોટા પ્રસંગોએ મને બચાવી લીધી હતી.

મેં ઉત્તર ન વાળ્યો એટલે બાપુએ પોતાની વાત આગળ ચલાવી. 'સાંસારિક દુ:ખોથી ભાગી છૂટવા તું અમેરિકા જઈ રહી છો પરંતુ તું તારી જાતથી ભાગી છૂટે તે શક્ય ખરું? મનમાં અપરંપાર કડવાશ ભરી હોય ત્યારે બહાર સુખ–શાંતિ મળી શકે ખરા? પ્રેમાળ પતિ ગુમાવ્યાનું તારું દુ:ખ ક્યાં ઓછું છે કે મનમાં કડવાશ ભરી રાખી તારી જાતને વધારે દુ:ખી કરે છે?'

બાપુ સાથેની મુલાકાત તો પૂરી થઈ પરંતુ તેમના હૃદયમાંથી સીધા બહાર આવેલા શબ્દો મારો કેડો નહોતા મૂકતાં. મનમાં એક મહાભારત શરૂ થઈ ચૂક્યું હતું. સાસરીના સંબંધીઓને મળીને અમેરિકા જવું કે 'ગુડબાય' કર્યા સિવાય જ અમેરિકા પહોંચી જવું? દિવસોના સંઘર્ષ પછી મેં મારા સાસરીજનોને ફોન કર્યો અને બાપુની સલાહ પ્રમાણે તે સહુને મળીને અમેરિકા જવાની ઈચ્છા વ્યક્ત કરી.

તે લોકો સાથેની દસ–પંદર મિનિટમાં જ મને ખ્યાલ આવી ગયો કે મારા જતાં પહેલાની આ મુલાકાતથી તેમના મન પરનો ભાર ઓછો થઈ ગયો હતો. અમેરિકાગમનની મેં તેમને વિગતવાર વાત કરી અને નવજીવન પ્રત્યે લઈ જતી મારી યાત્રા માટે તેમની પાસે મેં માત્ર શુભેચ્છાની અપેક્ષા રાખી. તેમની સાથેની વાતચીતથી મારા હૈયા પરનો બોજ ઓછો થયાની મેં અનુભૂતિ કરી.

બાપુની સલાહે મને રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય રાજકારણના અનેક પ્રશ્નોમાં અકારણ પેદા થતા સંઘર્ષમાંથી મને બચાવી હતી.

અહીં મને મારા ઘરમાં જ પેદા થયેલી એક સમસ્યાની–એક ઘટનાની મને યાદ અપાવે છે.

એક સલૂણી સંધ્યાએ બ્રિટનના વડાપ્રધાન ઈડન તથા લેડી ઈડન અન્ય કેટલાક મિત્રો સાથે મારે ત્યાં સાંધ્યભોજન લેવા આવવાના હતા. ભારતના હાઈ કમિશ્નર તરીકે મારે તેમનું સ્વાગત કરવાનું હતું.

(વધુ માટે જુઓ પાનું ૧૭)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-     તા. ૧૬ માર્ચ, ૨૦૦૯     છૂટક નકલ રૂા. ૧૦/-

✶✶✶ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✶✶✶

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૫     વીર સંવત : ૨૫૩૫     ફાગણ વદ – તિથિ – ૬

## જિન-વચન

### ઇચ્છા અનંત છે..

सुवण्णरुप्पस्स उ पव्वया भवे
सिया हु केलाससमा असंखया ।
नरस्स लुद्धस्स न तेहि किंचि
इच्छा हु आगाससमा अणन्तिया ।।

–उत्तराध्ययन–९-४८

લોભી માણસને કદાચ કૈલાસ પર્વત જેવા સોના અને ચાંદીના અસંખ્ય પર્વત મળી જાય તો પણ તેને સંતોષ થતો નથી, કારણ કે ઇચ્છા આકાશની જેમ અનંત છે.

कदाचित् सोने और चांदी के कैलास पर्वत समान असंख्य पर्वत मिल जाएँ तो भी लोभी मनुष्य को संतोष नहीं होता, क्योंकि इच्छा आकाश के समान अनंत है ।

A greedy person is not satisfied even if he accumulates gold and silver worth numerous Kailas mountains because de-sire, like the sky, is endless.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

## એક પ્રેરણાદાયક ઘટના

પૂનાની મનુષા મસ્જિદના મિનારા, ઘુમ્મટ, દરવાજો અને તેના સહિતની ૩૬૦ ચોરસ ફૂટ જગ્યા પૂનાના રેલવે ગુડઝ યાર્ડ અને ગુમટેકરી માર્કેટ યાર્ડની વચ્ચે નડતરરૂપ હતી. રોજ હજારો લોકોની અવરજવરમાં મુશ્કેલી થતી. પણ કોઈ કશું બોલી શકતું નહીં. કારણ કે આ એક ધાર્મિક ઈમારત હતી. તેની વિરુદ્ધમાં કશું બોલવાથી ઉહાપોહ જાગવાની પૂરી શક્યતા હતી.

પણ નાનાપેઠની એક બસો વર્ષ જૂની મસ્જિદના સંચાલકોના ધ્યાનમાં આ વાત આવી. લોકોની તકલીફ તેમણે જોઈ અને નિર્ણય કર્યો કે મસ્જિદવાળી જગ્યા મ્યુનિસિપાલિટીને સોંપી દેવી.

તો પણ મુશ્કેલી હતી. મસ્જિદ તોડશે કોણ? જો મ્યુનિસિપાલિટી કર્મચારીઓ મસ્જિદ તોડે તો લોકોમાં કોમી તંગદિલી ફેલાય. દંગા થઈ જતાં વાર ન લાગે. જૂની મસ્જિદના સંચાલકોએ તેનો પણ રસ્તો કાઢ્યો. તેમણે પચાસ મુસ્લિમ યુવકોને જ મસ્જિદ તોડવાનું કામ સોંપ્યું. તેમણે મસ્જિદ તોડી ત્યાં સુધી મ્યુનિસિપાલિટી કર્મચારીઓ એક તરફ ઊભા રહ્યા. મસ્જિદ તોડી પાડ્યા પછી જગ્યા મ્યુનિસિપાલિટીને સોંપાઈ. આટલું જ નહીં, જગ્યા સોંપતી વખતે મસ્જિદના મુખ્ય ટ્રસ્ટી શેખ અબ્દુલનો અધિકૃત પત્ર પણ આપવામાં આવ્યો કે, 'શહેરના વિકાસ અને સુવિધા માટે આ મસ્જિદ તોડી પાડવી જરૂરી હતી.'

કેટલું ઉમદા અને પ્રશંસનીય કાર્ય! દરેક ધર્મના નેતાઓ આમાંથી પ્રેરણા લઈ ભાઈચારો અને સદ્‌ભાવ વધારવા બનતું બધું કરવું જોઈએ.

આ સર્વેને અભિનંદન. ✷✷✷

સૌજન્ય : 'સત્યાન્વેષણ', ૧૧ સપ્ટેમ્બર,૨૦૦૮

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | કલાને નામે કરુણ વાસ્તવિકતા વેચવાની કળા | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | જૈન સાયકોલોજી | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૫ |
| (૩) | મૃત્યુ : કબીર અને ટાગોર | ડૉ. રણજિત પટેલ | ૮ |
| (૪) | જૈન દર્શનમાં મૃત્યુ વિશેની અવધારણા | અનુ પુષ્પાબેન પરીખ | ૧૦ |
| (૫) | સમયસુંદરની શીખડી રે, સુખડી અમૃતવેલ | ડૉ. ગુલાબ દેઢિયા | ૧૨ |
| (૬) | શ્રી દેવચંદ્રજી રચિત વિહરમાન શ્રી ચંદ્રાનન જિન-સ્તવન | સુમનભાઈ શાહ | ૧૫ |
| (૭) | જયભિખ્ખુ જીવનધારા | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૮ |
| (૮) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૫ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૦ |
| (૧૦) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૫ |
| (૧૧) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૭ |
| (૧૨) | પંથે પંથે પાથેય:માતાની મહેર | મનસુખભાઈ ઉપાધ્યાય | ૨૮ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/-**(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/-**(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/-**(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/-**(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

❑ **મેનેજર**

- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : shrimjys@gmail.com

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● ● અંક : ૨ ● ● તા. ૧૬માર્ચ, ૨૦૦૯ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## કલાને નામે કરુણ વાસ્તવિકતા વેચવાની કળા

काव्यं यशसेऽर्थकृते व्यवहारविदे शिवतरक्षतये ।
सद्यः परनिर्वृतये कान्तासंमिततयोपदेशयुजे ।।2।।

કાવ્યશાસ્ત્રજ્ઞ પંડિત મમ્મટે પોતાના ‘કાવ્ય પ્રકાશ’ ગ્રંથમાં કાવ્યની આ વ્યાખ્યા આપી છે: ‘કવિઓ કાવ્યની રચના, યશ અને અર્થની પ્રાપ્તિ માટે તેમજ ભાવકને જગત વ્યવહારની સમજ આપવા માટે અને લોકોના કલ્યાણ માટે, ઉપરાંત ભાવકને ત્વરિત અશુભમાંથી શુભના અન્ય જગતમાં લઈ જવા માટે અને પ્રિયતમા જેવી રીતે વાતવાતમાં પ્રિયતમને ખબર પણ ન પડે એ રીતે પ્રેમથી ઉપદેશ આપી દઈને આનંદ પ્રદાન કરાવી દે એ પ્રમાણે કરવાની છે.’

આ કવિધર્મ છે. આ કવિ કર્મ છે.

આ વ્યાખ્યા માત્ર કાવ્ય માટે જ નથી, પણ સમગ્ર કલા પ્રકાર માટે છે.

ઓસ્કાર જગતમાં ભારતની કરુણ વાસ્ત-વિકતાને પ્રસ્તુત કરતી બ્રિટીશ ફિલ્મ કલા કૃતિ ‘સ્લમ ડોગ મિલ્યનર’થી ભારતીય કલાકારોને એમના પોતાના પ્રદાન માટે, અનેક પુરસ્કારો અને બહુમાન મળ્યા એથી ભારતીયજન છાતી ફૂલાવીને પોરસાઈ રહ્યો છે અને ભારતીય કલા જગત હરખ હરખ થઈ ગયું છે.

એક કલાકૃતિ તરીકે આ ફિલ્મ અતિ ઉત્તમ નહિ પણ ઉત્તમ તો ખરી જ. ફિલ્મમાં રહેલી ગતિ એનું મોટું યશ પાસું છે. પણ કથાનકની એટલી બધી ગતિ એમાં છે–જાણે ભારતની ઘણી બધી ગરીબીઓ, ગુનાઓ અને લાચારી દેખાડી દેવાની એના નિર્માતા–દિગ્દર્શકને ઉતાવળ હોય–કે પ્રેક્ષક સહેજ મટકું મારે તો એના રસ પ્રવાહમાં વિક્ષેપ પડી જાય. કથાનો તાંતણો પોતાની બુદ્ધિ સાથે ફરી જોડતા પ્રેક્ષક મુંઝવણમાં મૂકાઈ જાય.

ભારતની ગરીબીનું અને એમાંથી પ્રગટતી અનેક લાચારીઓનું અને એ લાચારીઓમાંથી જન્મતા અનેક દુષણોનું સચોટ અને યથાતથ પ્રદર્શન ફિલ્મકારે અહીં કર્યું છે અને દર્શનિય કલાની એક ઊંચાઈ અવશ્ય સર્જકોએ સિદ્ધ કરી છે. પરંતુ પોતાની કલાને ઉચ્ચ આસને બેસાડવા ફિલ્મકારે ભારતની આવી ગરીબી અને લાચારીઓની જ પસંદગી કરી? ધર્મને નામે જગતમાં થતી હિંસા અને એના થકી અનેકોના જીવન આ ધરતી ઉપર આજે પણ વેરણ છેરણ થઈ રહ્યાં છે એવા ધર્મોને સ્પર્શ કરવાની હિંમત તેમજ મૂળ કથા કૃતિમાં પાદરીઓની જે વિકૃત વિષય લીલા દેખાડી છે એ યથાતથ આ સર્જકોએ દેખાડી હોત તો આ સર્જકોએ સાચો કલાધર્મ બજાવ્યો લેખાત. ગરીબી અને લાચારીનું પ્રદર્શન કરવાથી એ ગરીબી નથી હટવાની. આવી ગરીબી વેચીને અંતે તો એના સર્જકો જ શ્રીમંત બનવાના છે. આ ફિલ્મે અત્યાર સુધી ૧૧ અબજનો નફો કર્યો છે. આટલી રકમમાં તો અનેક ધારાવીઓનો ઉદ્ધાર થઈ જાય. હકીકતમાં તો ભારતની આવી ગરીબીના જવાબદાર આપણા ઉપર બસો વરસ રાજ કરી ભારતીય પ્રજાનું એટલી હદે એ અંગ્રેજોએ શોષણ કર્યું હતું કે આજે આઝાદીના સાઠ વરસ પછી પણ આપણને કળ વળી નથી! અલબત્ત હજી આવી યથાતથ ગરીબી અને લાચારી માટે આપણા રાજકરણીઓ અને વહિવટકારો પણ એટલા જ જવાબદાર છે જ.

આ ફિલ્મના સર્જક અંગ્રેજો છે. આઝાદીના સાંઠ વર્ષ પછી ભારત હજી આવી ગરીબી ને લાચારીમાં જ છે, એવું કહી ભારતીય પાત્રોને ડોગ–કૂતરા કહી ભારતીય પ્રજાનું નાક કાપી એના ઉપર મધ લગાડી એ વેપારીઓએ આપણને એ પાછું આપ્યું છે અને એ મધને ચાટવા કલા જગતના આપણા માંધાતાઓ હોંશે હોંશે ઓસ્કારમાં દોડ્યા! આપણા કલાકારોને એની સર્જકતાનું બહુમાન મળ્યું એ ગૌરવની ઘટના છે. પણ એ ગૌરવની પાછળ કેટલી બધી ભારતીય ગરિમાનું અપમાન થયું છે એ તો આ ઢોલ-નગારાના ઘોંઘાટમાં સાવ વિસરાઈ ગયું! આ ફિલ્મને આટલા બધાં માન–સન્માન

આ અંકના સૌજન્યદાતા

શ્રીમતી દીનાબેન જીતેન્દ્ર વોરા

સ્મૃતિ : પિતાશ્રી સ્વ. રમણીકલાલ તારાચંદ વોરા

મળ્યા એમાં ફિલ્મની કલા કરતાં એ ફિલ્મની માર્કેટીંગની કળાને વિશેષ યશ આપવો જોઈએ.

ફિલ્મના એક જુગુપ્સાકારક દશ્યને–બાળ કલાકાર અમિતાભનો ઓટાગ્રાફ લેવા જાય છે એ–પત્રકારોએ બહુ ચગાવ્યું પણ એની પાછળ રહેલા પાગલપણાને ફિલ્મકારે તમતમતો તમાચો ધરી દીધો છે એ ધ્વનિ કોઈએ પ્રગટ કર્યો જ નથી.મૂળ કથામાં આ દશ્ય નથી. ફિલ્મકારે આ જુગુપ્સા દેખાડી પોતાના માનસનો પરિચય કરાવ્યો છે એની ચર્ચા તો કોઈએ કરી જ નથી.

ભારતીય લેખક વિકાસ સ્વરૂપની અંગ્રેજી નવલકથા 'ક્યુ એન્ડ એ' માંથી આ ફિલ્મનું સર્જન થયું છે, પણ એ મૂળ કથા વાંચો અથવા એનું ગુજરાતીમાં થયેલું ભાષાંતર 'જેકપોટ' વાંચો તો પ્રતીતિ થાય કે મૂળ કથાની માત્ર કેન્દ્ર ઘટના 'ધારાવી' જ એ અંગ્રેજે પોતાની સમક્ષ રાખી એમાંથી પોતીકા વિચારોની ગુંથણી કરી છે અને એનું વિકૃત નિરૂપણ કર્યું છે. મૂળ કથાના નાયકનું નામ રામ મુહમ્મદ થોમસ છે. સર્વ ધર્મ સમન્વયનું કેટલું સરસ નામ! આ નાયક અનાથ છે. જ્યારે ફિલ્મમાં એને મુસલમાન બનાવી રજૂ કરી એનું નામ જમાલ મલિક રાખ્યું છે. જાણે ભારતમાં મુસલમાનો જ આવા ગરીબ રહ્યાં છે! ઉપરાંત આટલું ઓછું હોય તેમ કોમી તોફાનમાં આ જમાલ પોતાની માતાને ગુમાવે છે એ બતાવ્યું છે, ઉપરાંત પુસ્તકમાંના એના મિત્ર સલીમને અહીં જમાલનો ભાઈ બનાવ્યો છે. આ અંગ્રેજ સર્જકનો આ ફેરફાર પાછળ શો ધ્વનિ છે? પુસ્તકમાં છે એ પ્રમાણે પાત્રો રાખ્યા હોત તો એની ફિલ્મ નબળી તો ન જ બનત.

ધારાવીમાં આવી ગંદકી, વિકૃતિ અને લાચારી તેમજ ગુનાહો જ છે? એ અંધકારભરી લાચારીમાં પુરુષાર્થ અને સિદ્ધિના, પ્રમાણિકતા અને મહેનતના અનેક તારાઓ ઝગમગે છે. આ ફિલ્મ સર્જકની ગંદકી અને વિકૃતિ શોધવાની દૃષ્ટિ છે એટલે એને એજ દેખાય અને એમાં અતિશયોક્તિ ભરી એનું પ્રદર્શન કરી કલાને નામે પ્રસ્તુતી કરવાનો એનો અભિગમ છે. ધારાવીના તારલાઓ વિશેની વિગત 'જન્મભૂમિ–પ્રવાસી'ના ૮ માર્ચના અંકમાં જ્યોતિન્દ્ર–ભારતી શાહે લખેલા 'જય હો...' લેખ વાંચવાની આ લખનાર ભલામણ કરે છે.

આવી ફિલ્મ એ એક ભારતીય ફિલ્મકારે બનાવી હોત તો એને ઓસ્કાર પુરસ્કાર મળત? ઓસ્કાર માટે નોમિનેટ થયેલી અન્ય ફિલ્મો મનોવિશ્લેષણ અને વૈચારિક મનોમંથન તરીકે આ સ્લમ ડોગથી ઘણી ચડિયાતી હતી.

અને આપણે ત્યાં પણ આ સ્લમડોગ કરતા પહેલાં અને આ વરસમાં પણ 'જોધા–અકબર', 'વેડનસડે' વગેરે જેવી વિચારવંત અને કલાવંત ફિલ્મો બની હતી જ. જે જે વ્યક્તિને જે જે કલા પ્રદાન માટે ઓસ્કાર પુરસ્કાર મળ્યો એ કલાકારોએ ભારતીય સિને જગતમાં વર્તમાનમાં જ આથી વિશેષ પ્રદાન કર્યું છે એ સિદ્ધ હકીકત છે. એમની સિદ્ધિ ઓસ્કારથી ઘણી આગળ છે.

ઓસ્કાર પ્રાપ્ત ઈનામોથી ભારતનું બહુમાન નથી થયું, ભારતની ધરતી અને એની કરુણ વાસ્તવિકતાનું અપમાન થયું છે. આમેય પરદેશથી પ્રાપ્ત થયેલા સન્માનને જ આપણે સન્માન સમજીએ છીએ એવી આપણને આદત વરસોથી પડી ગઈ છે.

ગરીબી, લાચારી, અદ્‌ભૂત નિરીક્ષણ શક્તિ, દૃઢ નિશ્ચય, અજબ સ્મરણશક્તિ, પ્રચંડ પુરુષાર્થ અને ભાગ્યની અપ્રતિમ ઘટનાઓ વાંચવી હોય તો આ જ ધારાવીમાં આકાર લેતી મૂળકથા 'જેકપોટ' વાંચવાની ભલામણ કરું છું. એ વાંચનથી કલાનો અર્થ અને સંદેશ વાચકના હૃદયમાં સ્થાપિત થશે જ, એ પણ મમ્મટે કહ્યું છે તેમ કાન્તા સંમિત તયો ઉપદેશની જેમ.

કલા વિવેચકોનો આગ્રહ છે કે ફિલ્મને માત્ર સિનેમેટિક કલાના સંદર્ભમાં જ મૂલવવી જોઈએ, પરંતુ જે જીવનમાંથી કલા જન્મે છે એ જીવનનું શું? જીવન છે તો કલા છે, કલાએ તો જીવનમાંથી 'કાંઈક' શોધીને એ 'શોધ'ને કલાપૂર્ણ રીતે આસ્વાદ્ય બનાવીને જગત જીવનને કાંઈક સત્ય તત્ત્વ સાથે આપવાનું છે. કલા ખાતર કલાનો સિદ્ધાંત સ્વીકારાશે તો શુભ અને સુંદર ઓછું પીરસાશે અને કલાકારને પોતાના પૂર્વગ્રહોને પ્રદર્શન કરવા માટે મોકળું મેદાન મળી જશે. કલા જીવનમાંથી જન્મે છે એટલે કલા જીવન માટે જ છે. જીવનને સુંદરતમ્ અને સાચી સમજ તરફ દોરે એ જ કલાનું કર્મ છે, મર્મ–ધર્મ છે.

❑ **ધનવંત ટી. શાહ**


## પ્રબુદ્ધ જીવન

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝપેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન'ની માલિકી અને તે અંગેની માહિતી.

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થાન | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. કામચલાઉ સરનામુ : ૩૩, મહમ્મદી મીનાર, ૧૪મીખેતવાડી,મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : માસિક. દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| ૪. પ્રકાશકનું નામ | : શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામુ: | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૫. તંત્રી | : શ્રી ધનવંત તિલકરાય શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામુ | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |

હું ધનવંત તિલકરાય શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬-૩–૨૦૦૯ ☐ **ધનવંત તિલકરાય શાહ**, તંત્રી

# જૈન સાયકોલોજી

❑ ડૉ. પ્રવિણભાઈ સી. શાહ

સ્કૂલ કૉલેજોમાં મનોવિજ્ઞાન આવે છે પરંતુ જૈન શાસ્ત્રોમાં જે મનોવિજ્ઞાનની વાતો આવે છે તેમાં ખૂબ તફાવત છે; કારણ કે જ્ઞાની ભગવંતોએ જે મનોવિજ્ઞાનનું વિશ્લેષણ શાસ્ત્રોમાં કર્યું છે તેનો મુખ્ય ધ્યેય આત્મતત્ત્વની પ્રાપ્તિ જ છે. જ્યારે આધુનિક વૈજ્ઞાનિકોએ, માનવીના વિચારોનું પ્રધાનપણે મન ઉપર ભાર મૂક્યો છે. આત્મતત્ત્વનો ઉલ્લેખ જરાય નથી.

ભૌતિક દુનિયાની ભૂમિકા ઉપર મનોવિજ્ઞાનની વાતોમાં મનને કોઈ એક વિષય ઉપર કેન્દ્રિત કરવાની અને સામેનાના મનોવિચાર જાણી તેના ઉપર પ્રભુત્વ મેળવવું, સંસારની રીત રસમો પોતાની સુખ સગવડો અને પોતાની જીતમાં પરિણમે એવા મનોભાવ કેળવવા, પ્લાન કરવા, પ્રવૃત્તિઓ કરવી એ મુખ્ય આશય હોય છે. તેમાં પછી નીતિમત્તા, પ્રમાણિકતા, પરોપકાર, કરુણા, સત્ય, અહિંસા, સંયમ વગેરે પાયાના અધ્યાત્મના મુલ્યોની અવગણના–ઉપેક્ષા થાય તો વાંધો નહિ. પોતાનો સ્વાર્થ યેનકેન પ્રકારે સધાવો જોઈએ.

અધ્યાત્મની દુનિયાની ભૂમિકા ઉપર મનોવૈજ્ઞાનની વાતોમાં અનાદિથી મનની અશુભ પ્રવૃત્તિઓનો વિરોધ કરી મનોવિજય મેળવી સાચા અર્થમાં ધર્મ–સાધના કરવાની હોય છે. આ મનોવિજ્ઞાન ઘણું ગહન–સૂક્ષ્મ છે. જેના રહસ્યો અત્રે રજૂ કરવામાં આવશે ત્યારે મન વિષેની શુભા–શુભ કર્મબંધ વિષેની સમજણ સાંપડશે, આત્મવિકાસ અંગેની ભ્રામક ભ્રમણાઓ દૂર થઈ જશે અને મોક્ષ માર્ગે ચડવાની સાચી દિશા પ્રાપ્ત થશે.

સૌથી પ્રથમ અધ્યવસાય શું છે? મન એટલે શું? તે સમજીએ. દુનિયા જેને મન માને છે તે દ્રવ્યમનની વાતો છે. જેનું મહત્ત્વ અધ્યાત્મના વિકાસમાં માત્ર ૧ ટકા છે. જ્યારે બાકી ૯૯ ટકા જેટલો આધાર ભાવ મન ઉપર છે. આજ વાત સાબિત કરે છે કે, દુનિયાનું મનોવિજ્ઞાન કેટલું ઉપરછલ્લું, સ્થૂળ અને અધુરું છે અને છતાં હજારો પુસ્તકો દેશ–પરદેશના ચિંતકોએ, વિવેચકોએ લખ્યાં છે જેનાથી સાચા અર્થમાં કોઈ કલ્યાણ થવાનું નથી. અધ્યવસાયનો શબ્દાર્થ કરીએ તો અધિ+અ+વસાય વસ્તુનું ચારે બાજુથી પરિજ્ઞાન જેના દ્વારા થાય તે ચૈતન્યનું પરિણામ તેને અધ્યવસાય કહે છે.

મનના બે ભેદ છે. (૧) દ્રવ્યમન (૨) ભાવમન. દ્રવ્યમન એ જડ રચના છે. આખા શરીરમાં ફેલાયેલી નર્વસ સિસ્ટમ છે. મગજનું સેન્ટર ખોપરીમાં છે. આ રચનાને જૈન પરિભાષામાં મનપર્યાપ્તિ કહે છે. મનોવર્ગણા મનપર્યાપ્તિ કરતાં વધુ સૂક્ષ્મ છે. જેને વૈજ્ઞાનિક સાધનોથી હજુ સુધી પકડી શકાયા નથી. આત્મા પોતાની આસપાસના વાતાવરણમાંથી મનોવર્ગણા ગ્રહણ કરી દ્રવ્ય મનની રચના કરે છે જે વિચાર કરવાનું સાધન બને છે. જેમ આંખ એ જોવાનું સાધન છે, આત્મા આંખ દ્વારા જુએ છે, આંખ પોતે જોતી નથી તેમ આત્માએ ગ્રહણ કરેલા મનોવર્ગણામાંથી બનેલા મન દ્વારા આત્મા વિચારી શકે છે. આમ દુનિયાએ જે મનની વિચારણા કરી છે તે આ દ્રવ્યમનથી થતા વિચાર અંગેની છે. પણ હકીકતમાં જીવના તમામ શુભ–અશુભ કર્મબંધમાં આ વિચારની અસરકારકતા નહિવત્ જેવી છે. મગજ કે મન વિચારતું નથી પણ આત્મા વિચારે છે. જ્ઞાનતંતુઓનું કેન્દ્ર–મગજ અને મગજ કરતાં મન સૂક્ષ્મ છે.

મનનો બીજો પ્રકાર ભાવ મન છે. ભાવ મન એ પરિણાત્મક–સંવેદનાત્મક મન છે. ભાવમન એ આત્માનો પરિણાત્મક ચૈતન્યમય પરિણામ છે.

ભાવમનના બે પ્રકાર છે. (૧) ઉપયોગમન–જાગૃત મન (૨) લબ્ધિમન–અજાગૃત મન.

ઉપયોગ મનમાં ૨૪ કલાક મનનું કામકાજ ચાલુ છે. ઉંઘમાં પણ ઉપયોગ મન ચાલુ છે. ઉંઘમાં પણ ભાવાત્મક લાગણીઓ થાય છે. સુખની સંવેદના, દુઃખની લાગણીઓ અજાગૃત રીતે થાય છે. આ લાગણીઓ બધી સ્મૃતિપટ ઉપર અંકિત થઈ શકે એવા સંસ્કારો પડતા નથી માટે ઉઠ્યા પછી તેની સ્મૃતિ રહેતી નથી. જો કે હું સુખથી ઉંઘી રહ્યો છું એવી અનુભૂતિ ઉંઘમાં પણ હોય છે. ગાઢ નિંદ્રામાં મન મંદગતિએ ચાલતું હોય છે. ઉપયોગ શૂન્ય ચૈતન્ય હોઈ શકે જ નહીં.

**ઉપયોગો જીવસ્ત લક્ષણામ્**

જીવોનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ સાતત્યરૂપે વર્તી રહ્યું છે. ખાતા–પીતા, બોલતા–વાતો કરતા–આપણી ચેતના જ્યાં–જ્યાં જેમાં પ્રવર્તે ત્યારે તેના સારા–નરસાનું પૃથકરણ થવા જ માંડશે. વિચારશૂન્ય દશા હોઈ શકે જ નહિ, મન તો કોઈ ને કોઈ વિષયમાં પ્રવૃત્ત જ રહે છે. ઉપયોગ એ લબ્ધિમનની બારી છે. લબ્ધિમનમાં ધરબાયેલા ભાવો ઉપયોગ દ્વારા મનની સપાટી ઉપર આવે છે. ઉપયોગ દ્વારા લબ્ધિમનના ભાવો ઓળખી શકાય છે. અધ્યવસાયનો ૯૯ ટકા જેટલો ભાગ લબ્ધિમન છે. લાગણી, ભાવો, સંવેદનો, પ્રતિભાવો બધા સંગ્રહરૂપે લબ્ધિમનમાં છે. આપણા મનનો ખરો ભાગ લબ્ધિમનનો છે. તેને જે ઓળખી શકે તે જ આત્માના હાથમાં મનની લગામ આવી શકે, મનની નાડ પકડી શકે અને મનોવિજય મેળવી શકે, પોતાના અધ્યવસાય ઉપર કાબુ–સંયમ મેળવી શકે છે.

લબ્ધિમનના બે વિભાગ છે. (૧) મોહાત્મક ચૈતન્ય અને (૨) જ્ઞાનાત્મક ચૈતન્ય.

પ્રતિક્ષણો બંને ચૈતન્ય વર્તી રહ્યા છે. જ્ઞાનાત્મક ચૈતન્ય આત્માનો મૂળ સ્વભાવ છે. આત્માનો ગુણ છે. તે આત્માનું કંઈ નુકશાન કરી શકે નહીં. મોહાત્મક ચૈતન્ય એ આત્માની વિકૃતિ છે. મનોવિજય એટલે મોહાત્મક ચૈતન્યને સમજીને નાબુદ કરવું તે છે. ટેબલ જોઈને તે ટેબલ છે, નાનું મોટું છે, લાકડા લોખંડનું છે તે જ્ઞાનાત્મક ચૈતન્યથી આત્મા જાણી શકે છે. પણ તે સારું નરસું છે, મારું તારું છે એવા શુભ–અશુભ વિચારો જો કષાયો ઉત્પન્ન કરે તો તે મોહાત્મક ચૈતન્યનો પ્રભાવ છે. આપણા બધા વિચારો–

પરિણામો-અધ્યવસાયો ભાવો કષાયયુક્ત છે. પાંચે વિષયોનું આપણે સારા- નરસામાં વિભાજન કરીએ છીએ, રાગ દ્વેષ દ્વારા કે રતિ-અરતિ દ્વારા કે રૂચિ-અરૂચિ, ગમા-અણગમા દ્વારા તે ભાવો મોહાત્મક ચૈતન્યથી થાય છે. ભાવમનની-લબ્ધિમનની મોહાત્મક પરિણતિ જાગતા-ઉઠતા, ખાતા-પીતા, કોઈપણ પ્રવૃત્તિ કરતા સારા-નરસાની લાગણી જન્માવે છે. ગણા-અણગમાનું પૃથકરણ કરાવે છે.

લબ્ધિમનમાં મોહાત્મક પરિણામોનો જે વિભાગ છે તે કર્મજન્ય છે તેમ કહેવાય. લેશ્યા લબ્ધિમનનો જ એક ભાગ છે તો તે પણ કર્મજન્ય કહેવાય. બધા કર્મોનો ઉદય પ્રવૃત્તિ રહ્યો છે તેથી પરિણિતિ અનુસાર લેશ્યા કહેવાય.

હકીકતમાં અનાદિ કાળથી મને આપણા ઉપર પ્રભુત્વ જમાવ્યું છે. મન આપણને જ્યાં લઈ જાય ત્યાં આપણે જઈએ છીએ. આરાધક બનવું હોય તો મનની સાધના કરવી જોઈએ. આનંદઘનજી કહે છે કે 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું.' પૂ. યશોવિજયજી મહોપાધ્યાય કહે છે કે 'કલેશ વાસિત મન સંસાર કલેશ રહિત મન તે ભવપાર.' પાંતજલિ મહર્ષિ કહે છે કે ચિત્તની સંક્લિષ્ટ વૃત્તિઓનો નિરોધ એ જ યોગની સાધના, એ જ વિકલ્પ રૂપે મોક્ષનો ઉપાય છે. મનનું પ્રાધાન્ય ધર્મ શ્રદ્ધામાં આવે છે. જૈન પરિભાષામાં તે મનને અધ્યવસાય તરીકે વર્ણવે છે.

સાચો સાધક તે જ કહેવાય જેણે મનોવિજય પ્રાપ્ત કર્યો છે. અનાદિ મનની અશુભ વૃત્તિઓનો નિરોધ કરવો એ જ સાધના છે. જો જીવે જીવનમાં આરાધક બનવું હોય તો તેણે મનને કાબુમાં લેવા માટે અગાઉ જણાવ્યા મુજબ મનનું સ્વરૂપ જાણી મનના પરિણામોનું પોતાના અધ્યવસાયોનું પરિમાણ મેળવવું જોઈએ. જે મનથી આપણે એક ક્ષણ વિખુટા પડતા નથી તે મનની રિબામણ સમજવાની જરૂર છે. મન આપણને કઈ કઈ રીતે સતાવે છે તે જાણવું જોઈએ. ૨૪ કલાક જે સૌથી નિકટ છે તે મનને ઓળખવાની આપણને ફુરસદ નથી. જયારે દુનિયાભરની બીજી બધી ચીજો પાછળ આપણી સતત દોડધામ રહે છે.

અરે ભૌતિક ક્ષેત્રમાં પણ જેનું મન નિરંકુશ અસંયમી રહે છે તે પણ સંસારમાં સુખી થતો નથી. સફળતા મેળવતો નથી. જીવોનું મન અંકુશ વિનાના ઘોડા જેવું છે. મન જે બાજુ લઈ જાય તે બાજુ ધ્યેયશૂન્ય બની આપણે દોડીએ છીએ, જીવનમાં એક લક્ષ્ય, એકાગ્રતા કે નિશ્ચયતા નથી આવતી. આવું મન આપણને લગામ વિના ક્યાં પછાડશે તે નિશ્ચિત નથી. ભાવ મનને જીતવાની કડીઓ હાથમાં આવી જાય તો જ આત્મવિકાસ થઈ શકે.

મનોવિજય સંપૂર્ણ કરવા ઘણા તબક્કાઓમાંથી પસાર થવું પડશે. મનની લાક્ષણિકતા કઈ બાબતોમાં કઈ રીતે પ્રતિભાવ આપે છે તે બધું જ જાણવું મુમુક્ષુ માટે અનિવાર્ય છે. એક વાત નક્કી છે કષાયો વિના આપણા કોઈ વિચાર હોતા નથી. આપણા બધા જ વિચારો કષાયો સંક્રાંત છે. શુભ વિચારો શુભ કષાયોથી અને અશુભ વિચારો અશુભ કષાયોથી ભરેલા છે. સારો શબ્દ આપો તે ગમે, સારા લાગે ત્યાં રૂચિ થાય, ખરાબ લાગે કે ન ગમે ત્યાં અરૂચિ થાય. આ રીતે ભાવ મન રાગ દ્વેષથી સંક્રાંત થઈ સારાં-નરસાનું પૃથ્થકરણ કરે છે માટે રતિ-અરતિ, હર્ષ, શોક, રાગ, દ્વેષ આદિ કષાયોની પરિણિતિ સતત ચાલુ જ છે. આ બધાને સમજવા આપણા અધ્યવસાયનો અભ્યાસ કરવા આંતર નિરીક્ષણ કરવું પડશે. જે તેના માટે તૈયાર નથી તે મોક્ષ માર્ગ માટે અનધિકારી છે. પ્રત્યેક ચિત્તવૃત્તિને સર્વાંગી પરિક્ષણ દ્વારા તેની નાડ પકડવી જોઈએ.

આમ જોતા આપણી દુનિયા ખરેખર આપણું આંતરમન છે જ્યાં સુધી મનોવિજય કરી મન ઉપર સંપૂર્ણ પ્રભુત્વ ન આવે ત્યાં સુધી વીતરાગ દશા કે કૈવલ્યજ્ઞાન પામી શકાય નહીં.

મનની સપાટી ઉપર આવતાં વિચારો એ પૂર્ણપણે મન નથી. જેમ કૉમ્પ્યુટરની મેમરીમાં લાખો અક્ષરો પ્રમાણ ડેટા હોય છે પણ સ્ક્રીન પર તો થોડા પ્રમાણમાં ડેટા જોઈ શકાય છે. જે પડદા પર દેખાય છે તેટલી જ માહિતી નથી પણ તેનાથી કરોડગણી માહિતી કૉમ્પ્યુટરની મેમરીમાં સંગ્રાહેલી છે અને જ્યારે જોવી હોય ત્યારે પડદા દ્વારા જોઈ શકાય છે. એમ દ્રવ્ય મન દ્વારા જેટલા વિચારો કરીએ છીએ એટલો જ મનનો વ્યાપાર નથી પણ તેનાથી અનંતગણો અધ્યવસાય મનમાં ધરબાયેલો રહેલો છે.

ઉપયોગાત્મક મનમાં જે ગુસ્સો આવે છે તે ખરેખર તો બાહ્ય નિમિત્તોથી આંતરિક લબ્ધિમનમાં ધરબાયેલા અસંખ્ય ભાવોમાંથી ગુસ્સાનો ભાવ મનની સપાટી ઉપર આવે છે. નિમિત્તને અનુરૂપ લાગણીઓ અંદરના મોટા કોઠારમાં ભરેલા સંગ્રહમાંથી બહાર આવે છે. ક્રોધ, લોભ, અભિમાન વગેરે દોષોના મળવાથી તે તે પ્રકારના ભાવો મનની સપાટી ઉપર તરવરે છે. આ ભાવો અંદર પડેલા હતા તેથી ઉલેચાઈને બહાર આવે છે.

ઉપયોગમન કે વિચારની વિશુદ્ધિ એ સંપૂર્ણ શુદ્ધિ નથી પણ ભાવાત્મક મનની વિશુદ્ધિ એ સાચી વિશુદ્ધિ છે અને ત્યારે જ મનના માલિક બની શકાય. વિચાર, વૃત્તિ, પ્રકૃતિ, કષાયની પરિણિતિઓ વગેરે-જાણવાથી ભાવમન જાણી શકાય. ઉપયોગ મન કે વિચારો કોઈપણ વસ્તુ સમજવા માટે ઉત્તમ સાધન છે. વિચાર ખરાબ હોય આયુષ્ય ખરાબ વિચારોમાં બાંધ્યું, છતાં જીવ સદ્‌ગતિમાં ગયો હોય અને વિચારો સારા હોય, આયુષ્ય સારા વિચારોમાં બાંધ્યું હોય તો જીવ દુર્ગતિમાં ગયો હોય એવું બને કારણ કે અધ્યવસાય કે ભાવમન જ કર્મ બંધનું કારણ બને છે. ભાવમન એટલે ભાવોનો અધ્યવસાયોનો સમૂહ.

આપણા બધાં અનુષ્ઠાનો-ધર્મ ક્રિયાઓ આ મનોભાવ-મનને શુદ્ધ કરવાના પ્રયોજનવાળા છે. લબ્ધિમનને શુદ્ધ કરવાની જરૂર છે. ઉપયોગ મન કે વિચારોની કોઈ વિશેષતા નથી એટલે જ ઉંઘતો કસાઈ જીવહિંસા નથી કરતો છતાં ચોવીસે કલાક હિંસાનું પાપ સતત બાંધતો હોય છે. લબ્ધિમનમાં રહેલાં હિંસાના ભાવો તેને તીવ્ર કર્મબંધ કરાવે છે. જ્યારે ક્રોધના આવેશમાં ઘડીભર આવેલો સંતપુરુષ કર્મબંધ ઓછો કરે છે. અવિરતિ શ્રાવકને ગમે તેવી પ્રવૃત્તિ કરતો હોય તો પણ ૨૪ કલાક અવિરતિનું પાપ લાગે છે.

આપણા રોજીંદા જીવનનો દાખલો જોઈએ. એક માણસ રસ્તા ઉપર જાય છે અને એક સુંદર બંગલો જુએ છે. રંગ જોઈને તેને રાગ

થયો પણ રાગ તરંગ જેવો છે. થોડીવારમાં રાગ વિસરી ગયો. બીજી વ્યક્તિએ તે જ બંગલો જોયો તેની આંખ ખસતી નથી. તેની ડિઝાઈન, રંગ, આકાર વગેરે જોવામાં મશગૂલ બની ગયો. આમ બંનેના કષાયાત્મક ભાવમાં ફેર છે. ત્રીજી વ્યક્તિએ બંગલાને જોયો તેને તીવ્ર રાગ થયો. ઘરે ગયો તો પણ ભૂલ્યો નથી અને એવો બંગલો કરવાના મેળવવાના મનોરથો સેવવા લાગ્યો. ચોથી વ્યક્તિએ બંગલો જોયો પણ સમજે છે કે બંગલામાં રાગ કરવો ખરાબ છે. બંગલો ક્ષણિક છે, નાશવંત છે. એના માલિકને એકવાર જવું પડશે અને બંગલો ત્યાંનો ત્યાં જ રહેશે આવા વૈરાગ્યથી જુએ છે. તેનો કષાય પ્રશસ્ત કષાય છે. શુભભાવ છે. આમ શુભ, અશુભ વિચારો એ અધ્યવસાયનો નાનકડો ભાગ છે. અધ્યવસાયનો મોટો ભાગ લબ્ધિમન છે. ઉપયોગ કે વિચાર એ લબ્ધિમનને જ જાણવાની બારી છે. લાગણી, ભાવો, સંવેદનો, પ્રતિભાવો બધા સંગ્રહરૂપે લબ્ધિમન છે. જેના લીધે જીવને સતત શુભ–અશુભ કર્મબંધ થયા કરે છે. કૂવો એ લબ્ધિમન છે. હવાડો એ ઉપયોગ છે. કૂવામાં હોય તો હવાડામાં આવે એટલે ઉપયોગ શુદ્ધિ નહિ પણ લબ્ધિમનની શુદ્ધિ મહત્ત્વની છે. લબ્ધિમનને ઓળખી શકે તે આત્મા મનની લગામ હાથમાં લઈ શકે, ખરી નાડ પકડી શકે. ધર્મ સાધના એટલે ઉપયોગ મનની શુદ્ધિ નહીં પણ લબ્ધિમનની શુદ્ધિ જ છે.

એક કૂતરો શાંતિથી બેઠો છે. પરંતુ કૂતરાના મન ઉપર રૂચી કેવી છે? હિંસાની રૂચિ તેના માનસ ઉપર છે માટે શાંત કૂતરાને પણ હિંસાની રૂચિરૂપ–અશુભ કર્મબંધ ચાલુ છે, પછી ભલેને તે હિંસા કરતો નથી. આજ તો લબ્ધિમનની ખાસિયત છે.

આપણને ચોવીસેય કલાક કેવો કર્મબંધ થાય છે તે આપણી રૂચી–માન્યતા તપાસતા માલૂમ પડે; પછી ભલે બાહ્ય પ્રવૃત્તિ આપણે ગમે તે કરતા હોઈએ, ઉંઘમાં પણ જો પાપ રૂચિ પડેલી છે તો પાપબંધ ચાલુ છે.

વિચારો શાંત કરવા કરતા લબ્ધિમનના ભાવો રૂચિ, માન્યતાઓ શુભ કરવાથી આંતરિક નવું સુખ જુદું જ અનુભવશો. આપણી બધી ક્રિયાઓનું લક્ષ્ય આ મનશુદ્ધિ છે. મનશુદ્ધિ કેવી રીતે થશે. એક નાનકડી ધર્મક્રિયા પણ વિધિપૂર્વક કરવી હોય તો આપણું માનસ સ્થિતપ્રજ્ઞ હોવું જોઈએ. જે સ્થિતપ્રજ્ઞ નથી તે ભાવક્રિયા સંપૂર્ણ રીતે શુદ્ધ કરી શકે જ નહિ. વળી જે ક્રિયા દ્વારા રૂચિ, માન્યતા, પ્રકૃતિ, પરિણિતિમાં પરિવર્તન ન થાય તે ક્રિયામાં પ્રાણ પૂરાયો જ નથી. માત્ર તુચ્છ પુણ્ય થોડું બંધાય છે.

વિચાર એ ભાવનો એક પ્રકાર છે. એક મનુષ્યમાં કામનો વિચાર એક જ વાર ક્યારેક આવે છે પણ કામવૃત્તિ ચોવીસેય કલાક રહે છે અને તેને અનુરૂપ અશુભ કર્મ ચોવીસેય કલાક બંધાય છે.

ગમવાપણું બે માંથી એકમાં જ હોય, ધર્મ પણ ગમે ને ધંધો પણ ગમે એ ન બને. ખાવાનું–પીવાનું ગમે અને તપ પણ ગમે તે શક્ય નથી, નક્કર રૂચિ તો એકમાં જ હોય. અનાથિ મુનિએ જેમાં અનાથતા બતાવી તે નક્કર સત્ય છે. બધી જ વસ્તુઓ, સંપત્તિ, વૈભવ, કુટુંબ જેના આધારે આપણને સહાય સુખ મળશે તે માની બેઠા છે તે બધાં વખત આવે–નિઃસહાય બને છે, ત્યારે આપણને અનાથતા સમજાય છે. આની વેધક અનુભૂતિ જોઈએ, સમજણ જોઈએ. જ્યાં સુધી તલસ્પર્શી સંવેદન ન થાય, ગુણમાં સુખાનુભૂતિ, દોષમાં દુઃખાનુભૂતિ ન થાય ત્યાં સુધી ગુણમાં રૂચિ અને દોષમાં અરૂચિ જેવું જીવનમાં પરિવર્તન ન આવે.

આપણું મન આપણી માન્યતા ઉપર ચાલે છે. મનની ગતિનું સુખ આપણી રૂચિમાં છે. જેટલી માન્યતાઓ સાચી, સબળ, સત તેટલું ધર્મમાં બળ વધુ. મનનો અનુભવ સંતોષમાં છે કે અસંતોષમાં તે અનુભવવું કઠણ છે.

મન સલામત તો બધું સલામત.

મન અસલામત તો બધું અસલામત.

જગતની દરેક વ્યક્તિને–દરેક જીવને જેમાં એની રૂચિ છે, તીવ્ર રૂચિ છે, અત્યંત રસ છે જેમાં તેનું મન અત્યંત સ્થિર છે. મનને કળથી સ્થિર બનાવવાનું છે. સંગીત ગાતો ગાયક તમામ વાંજિત્રોના સૂર સાથે મન સ્થિર રાખી ગાય છે. ફોટોગ્રાફર ચિત્ર માત્ર વસ્તુ તરફ મન સ્થિર રાખી ફોટો લે છે. ક્રિકેટ રમનાર–જોનાર ગજબની એકાગ્રતાના નમૂના છે. મનને બળજબરીથી સ્થિર કરવાની જરૂર આપી આપીને મનને કેળવીને સ્થિરતા લાવવાની છે. આ કળા કઈ તે આપણા કર્મશાસ્ત્રો, અધ્યાત્મ શાસ્ત્રોએ સુંદર રીતે બતાવી છે.

જગતના મોટા ભાગના જીવો જાત બાબત ઉંઘતા હોવા છતાં એમ જ માને છે કે અમે સજાગ છીએ. તેથી કરીને મોહરૂપી ચોરો આવીને આત્મખજાનાને લૂંટી જાય છે. બધાં કર્મોનું મૂળ મોહાત્મક ચેતના છે. નિર્મોહીને કોઈ કર્મનો બંધ હોતો નથી. તેને કોઈ આંતરિક દુઃખ રહેતું નથી.

પ્રથમ મનનું પરિજ્ઞાન–દર્શન.

પછી મનનું પ્રભુત્વ–સ્વામિત્વ.

પછી મનનો નિરોધ–મનોજય.

ત્રણ તબક્કામાંથી પસાર થવાનું પછી અમનસ્ક યોગ પ્રાપ્ત થશે. મોહાત્મક ચેતના ઉપયોગ મનમાં તો ઘણી અલ્પ છે. લબ્ધિમનમાં જ વધુ છે.

શુભરૂચિ–ગુણરૂચિ–પુણ્યબંધ.

અશુભરૂચિ–દોષરૂચિ–પાપબંધ.

ગુણ ગમવા તે જમા પાસુ છે. દોષ ગમવા તે મનનું ઉધાર પાસુ છે. ગુણના આત્મામાં પ્રાદુર્ભાવ જ્યારે પ્રકૃતિમાં વણાઈ જાય તે પરિણિતિ બને છે.

(૧) ગુણની રૂચિ હોય અને ગુણની પરિણતિ હોય–અનાથિ મુનિ.
(૨) ગુણની અરૂચિ હોય અને ગુણની પરિણિતિ હોય કબૂતર (અહિંસક).
(૩) ગુણની રૂચિ હોય અને ગુણની પરિણિતિ ન હોય–મહારાજા શ્રેણીક.
(૪) ગુણની અરૂચિ હોય અને ગુણની પરિણિતિ ન હોય–ચકલી, ગીલોડી.

ગુણની રૂચિ અને પરિણિતિ બંને આવે ત્યારે–સાધકની દશા ઉંચી બને છે. અવિરત સમ્યગ્ દૃષ્ટિને રૂચિ વિભાગ અત્યંત વ્યવસ્થિત હશે પણ પરિણતિમાં ઘણો પાછો પડશે. ✷✷✷

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન નં. ૨૬૬૦૪૫૯૦, ૨૬૬૧૨૮૬૦

# મૃત્યુ : કબીર અને ટાગોર

**❑ ડૉ. રણજિત પટેલ (અનામી)**

'કાવ્યમાં આધુનિકતા'ના લેખક અબૂ સઈદ ઐયૂબે કબીર અને ટાગોરની સરખામણી કરતાં લખ્યું છેઃ 'કબીર કેવળ ચોકખા ભક્ત જ નથી, **મૂળે ભક્ત છે.** કવિતા તેમને મન ગૌણ કાર્ય હતું, કવિ ન થયા હોત તો યે તેમનો ભક્તિરસ લગીરે ખંડિત થવાનો નહોતો. બીજી બાજુ, રવીન્દ્રનાથ ચોક્ખા કવિ છે અને **મૂળે કવિ જ છે.** ભક્તિ તો તેમના કાવ્યસર્જનનું ઉપાદાન છે અને તે પણ એકમાત્ર ઉપાદાન નથી, ભક્ત થયા વગર પણ તેઓ ઉચ્ચ કક્ષાના કવિ થયા હોત.' (કાવ્યમાં આધુનિકતાઃ પૃ. ૨૦૦) જીવનનાં સિત્તેર વર્ષ વટાવતાં તેઓ, 'હું કવિ છું' એ નામના લેખમાં કહે છેઃ 'જીવનના એ દીર્ઘ ચક્રપથની પ્રદક્ષિણા કરતાં કરતાં આજે વિદાયની વેળાએ એ ચક્રને જ્યારે સમગ્ર રીતે જોઈ શકું છું ત્યારે એક વાત મને સમજાય છે કે **'મારા પરિચયમાં હું કવિ છું.'**–એ સિવાય બીજું કશું કહેવાનું નથી.' ('રવીન્દ્ર સંચય'–પૃ. ૫૦૭).

વિચારવંત વ્યક્તિને મૃત્યુ અંતર્મુખ બનાવે છે ને તત્ત્વજ્ઞાન પ્રતિ અભિમુખ કરે છે. જીવન અને મૃત્યુ, માનવની વિકાસગતિના બે ચરણ છે ને કવિવર ટાગોરે એ બંનેને વિશ્વજનનીના બે સ્તન કહ્યા છે જેથી માનવનો ઉત્કર્ષ થાય છે. અરે, એક કાવ્યમાં તો ટાગોર કહે છેઃ 'મરણ! તું મારે મન તો શ્યામ!' કહી મૃત્યુને મંગલમય કહ્યું છે, માન્યું છે.

વિશિષ્ટ આશયથી કવિવર રવીન્દ્રનાથે કબીરનાં સો કાવ્યોનો અંગ્રેજીમાં અનુવાદ પ્રગટ કર્યો પણ વીસમી સદીની શરૂઆતમાં તો, પાશ્ચાત્ય વિવેચનની પરિપાટીને અનુસરીને, હિંદી ભાષા–સાહિત્યના મૂર્ધન્ય વિવેચક શ્રી રામચન્દ્ર શુક્લે તો કબીરને કવિ નહીં પણ સમાજ સુધારક તરીકે ગણાવ્યા છે. (He was a Social reformer, not a poet).

મોહનસિંઘ કારકી એમના 'કબીર' પરના પુસ્તકમાં કબીરના શિક્ષણ સંબંધે કબીરના એકરારનો અંગ્રેજીમાં અનુવાદ કરતાં લખે છેઃ – [મસિ કાગદ છુઓ નહીં કલમ ગ્રહી નહીં હાથ]

I did not touch ink and paper,
Nor a pen in hand did I hold;
Essence of Four-Ages wisdom
By words of mouth I did unfold.

અધ્યાત્મનો અઠંગ અનુભવી જ આવી નમ્ર પણ સચોટ વાણી ઉચ્ચારી શકે.

'એકોત્તરશતી'ની પ્રસ્તાવનામાં હુમાયૂન કબીર રવીન્દ્રનાથને જગતના શ્રેષ્ઠ ઊર્મિ કવિઓમાંના એક ગણાવે છે. તેઓ સર્વ યુગોના અને સર્વ સંસ્કૃતિઓના વારસદાર છે. અનેક જુદા જુદા તંતુઓ અને વિષયોના સંયોજનને લીધે જ એમની કવિતાને લવચીકતા, સર્વદેશીયતા અને અપાર હૃદયગ્રાહિતા પ્રાપ્ત થઈ છે.'

કબીર અને ટાગોરની આટલી પૂર્વભૂમિકા સાથે હવે આપણે એ બંને કવિઓનાં મૃત્યુ–વિષયક કાવ્યોનો આસ્વાદ કરીશું.

'રવીન્દ્રનાથનો સાહિત્ય–વારસો–પુસ્તક–૧'માં ટાગોરના કાવ્યો છે. 'લોક મિલાપ ટ્રસ્ટે' એનું સંપાદન કર્યું છે ને એના સંપાદક શ્રી નગીનદાસ પારેખ છે. 'ટાગોરનાં કાવ્યો'માંનું પ્રથમ જ કાવ્ય છેઃ હે મરણ, તું મારે શ્યામ સમાન છે.' શ્રી પારેખનો અનુવાદ આ પ્રમાણે છેઃ–'હે મરણ' તું મારે શ્યામ સમાન છે. તારી મેઘ જટાજાળ મેઘના વર્ણની છે, તારા હાથ રક્તકમળ જેવા છે, તારો અધરપુટ લાલ છે, તાપ દૂર કરનારો તારો કરુણાભર્યો ખોળો મૃત્યુરૂપી અમૃતનું દાન કરે છે.

આકુલ રાધાનું હૃદય અત્યંત જર્જરિત થઈ ગયું છે. (એની) બંને આંખો ક્ષણેક્ષણ ઝરઝર ઝર્યા કરે છે, તું મારો માધવ, તું મારો સાથી, તું મારો તાપ મટાડ. મરણ, તું આવ, આવ! મને બોલાવીને તારા ભુજપાશમાં લે, મારાં પોપચાંને તું બંધ કરી દે. તારા ખોળામાં રડી રડીને આખો દેહ નીંદરથી ભરી દઈશ. તું ભૂલીશ નહિ, તું છોડીશ નહિ, રાધાનું હૃદય કદી ભાંગીશ નહિ. રોજ રોજ, ક્ષણે ક્ષણે તું હૃદય ઉપર રાખજે–તારો પ્રેમ અતુલ્ય છે.

અત્યારે વાદળાં ગાઢાં થયાં છે, જગત અંધારામાં ડૂબી ગયું છે, વીજળી અતિશય ચમકે છે, મેઘનો અવાજ અતિ ઘોર છે, શાલ તાલનાં વૃક્ષો બધાં ભયથી સ્તબ્ધ થઈ ગયાં છે, નિર્જન માર્ગ અતિ ભયાનક છે.

હું એકલી તારા અભિસારે આવીશ. તું મારો પ્રિયતમ છે. પરિણામનો વિચાર કર્યે શું ? ભય–બાધા બધાં અભયની મૂર્તિ ધારણ કરીને મને માર્ગ બતાવશે. ભાનુ કહે છે : અરે રાધા! છી! છી! તારું ચિત્ત ચંચળ છે; જીવનવલ્લભ તો મરણથી પણ અધિક છે; હવે તું વિચારી જો! 'ભાનુ કહે છે'માં રવિને બદલે ભાનુ શબ્દપ્રયોગ કર્યો છે–પર્યાયરૂપે.

ટાગોરના આ કાવ્યનો વિચાર કરતા પહેલાં આપણે કબીરના પણ મૃત્યુ-વિષયક વિચારો જોઈએ. 'અવિનાશીકી ગોદમેં, વિલસૈં દાસ કબીર' કહી તે તત્ત્વજ્ઞાનીની ખુમારીથી કહે છેઃ

હમ ન મરિ હૈ, મરિ હૈ સંસારા
હમકો મિલા જિયાવન હારા.

–હું મર્યો નથી, આ સંસાર મરી ગયો છે. સદૈવ જીવાડનાર મને (ઇશ્વર) મળી ગયો છે.

'અબ ન મરો મરને મન માના,
તેઈ મુએ જીન રામ ન જાના.'

–આ સંસારમાંથી મારું મન મરી ગયું છે. મરણ તો તેને છે

જેણે રામને-ઇશ્વરને જાણ્યો નથી.

*'સાકુંથ મરૈં સંતજન જીવૈ,*
*ભરિ ભરિ રામ-રસાયન પીવૈ.'*

-મરે તો છે અજ્ઞાની, ઇશ્વરને જાણનાર તો અમર છે. તે તો રામ-રસાયણનું નિરંતર પાન કરે છે.

*'હરિ મરહૈં તો હમ હૂં મરિહૈં?*
*હરિ ન મરિહૈં, હમ કાહે કો મરિહૈં?'*

-જો હરિ મરતા હોય તો હું પણ મુઓ, પણ જો હરિ ન મરતા હોય તો હું કેમ મરું?

અંતમાં તે કહે છે-

*'કહે કબીર મન હી મિલાવા,*
*અમર ભએ સુખ-સાગર પાવા.'*

કબીર કહે છે, જે પ્રભુમય થઈ ગયો છે તે તો 'અમર ભએ' અને 'સુખ-સાગર પાવા'. જીવ, જગત ને માથાના સૂક્ષ્મ ભેદ સમજનારાઓ-ટાગોર કે કબીરને માટે તો 'મરણ! તું મારે મન તો શ્યામ-સ્વરૂપ જ હોય ને?'

ટાગોરમાં રાધાનો અભિસાર એ જાણે કે 'આત્માવૈ રાધિકાપ્રોક્તા'-જીવરૂપી રાધાનો શિવરૂપી પરમતત્ત્વ પ્રત્યેનો અભિસાર છે. કબીરના એક પદમાં તે અભિસારને બદલે 'પુરુષ એક અવિનાશી'નું લગ્નસ્વરૂપે વર્ણન છે. પદ આ પ્રમાણે છેઃ

'દુલહની! ગાવો મંગલ ચાર
હમ ઘર આએ રાજા રામ ભરથાર.'
તન રત કરહુ, મન રત કરહુ, પાંચો તત્ત્વ બરાતી,
રામદેવ મોરે પાહુન આએ, મેં જોબન મદમાતી.
શરીર સરોવર બેદી કરહુ, બ્રહ્મભાવ વેદ ઉચારા;
રામદેવ સંગ ભાવર લેહો, ધનિ ધનિ ભાગ હમારા.
સુર તેતીસોં કૌતુક આએ, મુનિજન સહસ અઠાસી;
કહે કબીર હમ બ્યાહ ચલે હૈં, પુરુષ એક અવિનાશી.'

'મૃત્યુરૂપી અમૃતનું દાન' તો ટાગોરના રાધા-અભિસારમાં છે જે પ્રકૃતિના ફલક પર ઉઠાવ પામે છે તો કબીરમાં અભિસારથી ય આગળ 'પુરુષ એક અવિનાશી'નો બ્યાહ છે; અલબત્ત, કબીર અધ્યાત્મની પરિભાષામાં અભિવ્યક્તિ સાધે છે. આવું જ એક પ્રખ્યાત પદ છેઃ

'કર લે સિંગાર ચતુર અલબેલી!
સાજન કે ઘર જાના હોગા,
ન્હાલે - ધોલે, શિશ ગૂંથા લે
ફીર યહાં નહીં આના હોગા
કર લે સિંગાર ચતુર અલબેલી!'

ઋગ્વેદની યમઋચામાં મૃત્યુના દેવતા યમને માનવજાતિનો પિતા કહ્યો છે જેણે પોતાની સંતતિ માટે (Eternal Abode) અનંતધામ શોધી રાખ્યું છે; મતલબ કે મૃત્યુને કરાલરૂપે નહીં પણ મંગલમય રીતે નિરૂપ્યું છે. રાષ્ટ્રકવિ કાલિદાસે પણ જીવનને વિકૃતિ ને મરણને જીવાત્માની પ્રકૃતિ ગણાવી છે. મૃત્યુ ન હોય તો વિકાસ અટકી પડે. મૃત્યુવિહીન વિશ્વની કલ્પના કરી જુઓ. આ અનિશ્ચિત વિશ્વમાં જો કોઈ નિશ્ચિત વસ્તુ હોય તો તે મૃત્યુ છે પણ અજ્ઞાતની ભીતિને કારણે આપણને તે અમંગલકારી લાગે છે; બાકી, ઉત્ક્રાન્તિના ક્રમમાં, વિકાસની દૃષ્ટિએ એ મંગલકારી છે, એટલે જ કવિવર રવીન્દ્ર ગાય છેઃ

'મરણ! તું મારે મન તો શ્યામ.'

અને કબીર ગાય છેઃ

'દુલહની ગાવો મંગલ ચાર
હમ ઘર આએ રાજા રામ ભરથાર.'

અને ગીતાએ પણ ગાયું છે કે મરણ એટલે જીર્ણ વાઘા ઉતારી નવા જામા સજવાનો મંગલ અવસર. ✷✷✷

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭.
ફોન : ૬૬૨૧૦૨૪

## જૈનસાહિત્ય જ્ઞાનસત્ર-૫

અર્હમ સ્પીરીચ્યુઅલ સેંટર-મુંબઈ સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેંટર દ્વારા ગુણવંત બરવાળિયા સંયોજિત જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૫નું આયોજન કરવામાં આવેલ છે.

મુનિશ્રી સંતબાલજી પ્રેરિત મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર ચીંચણી વાયાબોઈસર જિલ્લો થાણા મુકામે તા. ૨૧ અને ૨૨ માર્ચ ૨૦૦૯ શનિવાર-રવિવારના આચાર્ય પૂજ્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ.સા., અજરામર સંપ્રદાયના પૂજ્ય શ્રી ભાસ્કરજી સ્વામી આદિ સંતો- સતીજીઓની પાવન નિશ્રામાં યોજાનારા આ જ્ઞાનસત્રનું પ્રમુખસ્થાન પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ શોભાવશે.

વિદ્વાન લેખકો અને સંશોધકો માટે જ્ઞાનસત્રના વિષયો..

(૧) સાંપ્રત વિશ્વની સમસ્યાઓના સમાધાન માટે જૈન ધર્મના સિદ્ધાંતોનું યોગદાન-અહિંસાની પ્રભાવકતા, પર્યાવરણની સમસ્યાના ઉકેલમાં જૈનધર્મનું યોગદાન, સાંપ્રત આર્થિક મંદિની સમસ્યામાં જૈનધર્મની વાણિજ્ય દૃષ્ટિનું મહત્ત્વ, વર્તમાન જીવનમાં જૈન મૂલ્યોની આવશ્યકતા.

(૨) મહાત્મા ગાંધીજી, આચાર્ય વિનોબાજી અને મુનિશ્રી સંતબાલજીના સર્વધર્મ સમભાવ તથા સર્વધર્મ ઉપાસના વિશેના વિચારો (૩) પ્રભાવક જૈન પ્રતિભાઓ.

જ્ઞાનસત્ર-૪માં રજૂ થયેલા નિબંધોનો સંગ્રહ જ્ઞાનધારા-૪નું આ પ્રસંગે વિમોચન થશે.

સંપર્ક સૂત્ર : સંયોજક : **ગુણવંત બરવાળિયા-**
ફોન : ૦૨૨-૨૫૦૧૦૬૫૮; (મો.) ૯૮૨૦૨૧૫૫૪૨

# જૈન દર્શનમાં મૃત્યુ વિશેની અવધારણા

❑ લે.: સ્વ. ડૉ. શ્રીમતી શાંતા ભાણાવત અનુ.: પુષ્પા પરીખ

આ સંસારમાં જે જન્મે છે તેનું મૃત્યુ તો નિશ્ચિત છે જ. જેમ પ્રાતઃકાળ પછી સંધ્યાનું આગમન નક્કી છે તેમ જ. જન્મ સાથે મૃત્યુ અને મૃત્યુ સાથે જન્મનો અનાદિકાળથી જ સંબંધ છે. આ સંસારમાં પ્રત્યેક જીવ, ભલે તે સૂક્ષ્માતિસૂક્ષ્મ હોય તો પણ જીવન જ પસંદ કરે છે, મૃત્યુ કોઈ પસંદ નથી કરતું. અનાદિકાળથી આ રહસ્ય, 'મૃત્યુ એટલે શું' તો વણઉકેલ્યું જ રહ્યું છે. આયુષ્ય પૂર્ણ થતાં આ દેહનો સંબંધ આત્મા સાથેનો પૂર્ણ થવો; આત્માનું પરમાત્મામાં વિલીન થવું એટલે 'મૃત્યુ' અને નવી સ્ફૂર્તિ પ્રાપ્ત કરવી એટલે 'જીવન'. આ જીવન મરણનો ક્રમ આપણા સર્વે કર્મોના બંધનમાંથી આત્મા જ્યાં સુધી મુક્ત ન થાય ત્યાં સુધી ચાલુ રહે છે. મનુષ્યને માટે મૃત્યુ એ તો મુક્તિની યાત્રામાં થાક ઉતારવાનું સ્થળ કહેવાય. મૃત્યુ એ કાંઈ જીવનનો અંત નથી. એ તો જીવનને નવી સ્ફૂર્તિ અને શક્તિ પ્રદાન કરવાની પ્રક્રિયા છે. જેમ એક યાત્રી આરામ કર્યા બાદ તાજગી અનુભવે તેવી જ રીતે મૃત્યુ પછીનું જીવન

# અલવિદા....ચંદ્રકાંતભાઈ

વર્ષોથી આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે સંકળાયેલા અને સંઘની વર્તમાન કારોબારી સમિતિના સંન્નિષ્ઠ સભ્ય તેમજ સંઘની ફંડ રેઈઝીંગ કમિટિના પ્રમુખ **શ્રી ચંદ્રકાંત ધુડાલાલ ગાંધી** ૧૬ ફેબ્રુઆરીના અચાનક આ જગતને અલવિદા કરી ગયા.

સદાય હાસ્ય વેરતા અને સર્વ જીવોને ઉપયોગી થવા તત્પર એવા હીરા જગતના ઉદ્યોગપતિ, વિશ્વપ્રવાસી અને સામાજિક કાર્યકર એવા શ્રી ચંદ્રકાંતભાઈ ગાંધીનો જન્મ પાલનપુરમાં ૩૦ જુલાઈ ૧૯૨૯માં થયો હતો. ઈકોનોમિક્સ, પોલિટિક્સ અને સોશિયોલોજી સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ.ની પદવી એઓ શ્રીએ પ્રાપ્ત કરી હતી, અને એ સમયે ૧૯૪૨માં 'ભારત છોડો' આંદોલનમાં સક્રિય થયા હતા. એઓ સ્વાતંત્ર-સેનાની અને અનેક ક્ષેત્રે શાંત ચળવળકાર અને દીર્ઘ દૃષ્ટા હતા.

૭૯ વર્ષના જીવન પટ દરમિયાન હીરા તેમજ ખાણ અને એન્જિનિયરિંગ ઉદ્યોગ સાથે એઓ સંકળાયેલા રહ્યા પણ એમનો જીવનમંત્ર તો 'સેવા' અને 'સેવા' જ હતો.

ગુજરાત મહારાષ્ટ્રની લગભગ પચીસથી વધુ સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને તબીબી સંસ્થાઓને એમણે તન, મન, ધનથી સેવા આપી હતી. પાંજરાપોળ સંસ્થાઓનો એમનો અભ્યાસ ગહન હતો. અને જીવદયા ક્ષેત્રે એમની સેવા ખૂબ જ નોંધનીય હતી.

શ્રી ચંદ્રકાંતભાઈનું વિવિધ વિષયો અને અનેક ભાષાઓમાં વિશાળ વાંચન હતું જે એમણે પોતાના જીવનમાં શક્ય એટલું ઊતાર્યું હતું. જૈન સાહિત્યની સેવાના ક્ષેત્રે પણ એમનું વિશિષ્ટ પ્રદાન હતું. પાલનપુર તેમજ પૂના વિરાલયમ્‌માં યોજાયેલા જૈન સાહિત્ય સમારોહના એઓ યજમાન આયોજક હતાં.

એઓ પૂ. જૈન સાધુ–સાધ્વીશ્રીઓના સતત સાન્નિધ્યમાં રહેતા અને એ સર્વે મહાત્માઓની સેવામાં સતત ઉત્સુક અને સક્રિય રહેતા. અનેક આચાર્ય ભગવંતોના એઓ પ્રીતિપાત્ર હતા.

આ સંસ્થા જૈન યુવક સંઘના સ્થાયી ફંડની વિકટ પરિસ્થિતિથી એઓ ખૂબ ચિંતિત હતા અને સંઘની વર્તમાન ફંડ રેઈઝીંગ કમિટિનું પ્રમુખસ્થાન સ્વીકારી છેલ્લા ત્રણ મહિનાથી આ કાર્ય માટે એઓ સતત પ્રવૃત્ત રહ્યા હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રત્યેક કાર્યમાં એઓ સદાય સ્મરણિય રહેશે.

કુટુંબ અને સમાજના આ લાડિલા અને ઉત્તમ ધ્યેયલક્ષી તેમજ દીર્ઘદૃષ્ટા ચંદ્રકાંતભાઈનું જીવન એક મઘમઘતા પુષ્પ જેવું હતું તેમજ એમનું જીવન કાર્ય જ એક ગુલદસ્તા જેવું હતું. એક પ્રેરક અને ઉત્તમ જીવનકથા લખાય એવું એમનું જીવન હતું. આપણે ઈચ્છીએ કે એમના કુટુંબીજનો આવું પ્રેરણાત્મક કાર્ય કરી આવતા વર્ષે એઓશ્રીની પ્રથમ પુણ્યતિથિના દિવસેઆવા સર્જન કાર્યથી ચંદ્રકાંતભાઈને શ્રદ્ધાંજલિ અર્પે!

ચંદ્રકાંતભાઈની આ વિદાયથી અનેક સામાજિક સંસ્થાઓને ન પૂરાય તેવી ખોટ પડી છે.

એઓશ્રીના ધર્મપત્ની ગુણવંતીબેન અને પુત્રો, પૌત્રો અને એમનો વિશાલ પરિવાર આ દુઃખ સહન ન કરી શકે એવી શ્રી ચંદ્રકાંતભાઈની વિદાય છે, પણ કાળની પાસે ક્યાં કોઈનું ચાલ્યું છે ?

આ પૂણ્યવંત આત્મા જ્યાં વિહરતો કે બિરાજતો હોય ત્યાં એ આત્માને પરમ શાંતિ અર્પો એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવારની આ ભાવભરી શ્રદ્ધાંજલિ.

ૐ શાંતિ

ધારણ કરનાર શરીરનું પણ છે.

મૃત્યુ તો જીવનનું ચિરંતન સત્ય છે. જેનો સ્વીકાર આપણે ક્યારેક તો કરવાનો જ છે તો પછી એનો ડર શું? વિલિયમ હંટરે મૃત્યુ પહેલાં જ અતિ મૃદુ સ્વરમાં કહ્યું હતું, 'જો મારામાં લખવાની શક્તિ હોય તો હું વિસ્તારપૂર્વક લખતે કે મૃત્યુ કેટલું સહજ અને સુખદ હોય છે.'

અંતિમ સમયે મનુષ્યને કેવો અનુભવ થતો હશે? મૃત્યુ પશ્ચાત એ કેવું જીવન પ્રાપ્ત કરશે? આ સર્વે પ્રશ્નોના ઉત્તર એ વ્યક્તિની અંતિમ સમયની માનસિક પરિસ્થિતિ તથા ભાવના પર અવલંબીત છે. (૧) જો વ્યક્તિ અંત સમયે ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોથી ઘેરાયેલ હોય તો તે સમયે તેને અનંત શારીરિક વ્યાધિઓની અનૂભુતિ થાય અને તેનું બીજું જીવન પણ આવા જ પ્રકારનું થાય. (૨) જો તેનું મૃત્યુ નિષ્કામ ભાવ સહિત રાગદ્વેષ વગરનું શાંત વાતાવરણમાં થાય તો તેને પીડાની જરાય અનૂભુતિ ન થાય; તેનું આગલું જીવન પણ આદર્શ જીવન બનવાની પૂરી સંભાવના છે.

જૈન શાસ્ત્રોમાં પહેલા પ્રકારના મૃત્યુને 'બાલમરણ' અને બીજા પ્રકારના મૃત્યુને 'સમાધિમરણ' અથવા 'પંડિતમરણ' કહેવામાં આવ્યું છે. જેનું 'પંડિતમરણ' કે 'સમાધિમરણ' થાય તે વ્યક્તિ પુણ્યવાન અને સૌભાગ્યવાન ગણાય છે. બાલમરણમાં વ્યક્તિનું મૃત્યુ સ્વભાવતઃ નથી ગણાતું. આત્મહત્યાના કિસ્સાઓ બાલમરણમાં આવે. આજકાલ આવા કિસ્સાઓનો ઉલ્લેખ આપણને લગભગ રોજ વર્તમાનપત્રોમાં થતો જણાય છે. વિશ્વભરમાં લગભગ ૩૨ લાખ વ્યક્તિઓ દર વર્ષે આત્મહત્યાની કોશિષ કરતા હોય છે. આની પાછળ ધર્મરક્ષા કે સંયમશીલતાનો ભાવ નથી દેખાતો. આવા કિસ્સાઓમાંથી અધિકાંશ વ્યક્તિઓ મહારોગથી પીડાતા, પરિવારમાં અશાંતિના કારણે દુઃખી, ગરીબી, ભૂખમરો, બેકારી, પ્રેમમાં નિરાશા, અથવા જીવનમાં ધારેલી સફળતા ન મળવાના કારણો હોય છે. આ સર્વે મહેનત અને સંઘર્ષથી દૂર રહેનારા તથા કષાયોના વશીકરણને લીધે પોતાના જીવનને નષ્ટ કરવા ચાહતા હોય છે. મૃત્યુ સમયે આવી વ્યક્તિઓના પરિણામ શુદ્ધ નથી હોતા. ભાવાવેશમાં કર્તવ્યાકર્તવ્યનું ભાન રહેતું નથી. પોતાના પાપોની સંલ્લેખના નથી કરી શકતા અને આ બધા કારણોને લીધે સારી ગતિ તો નથી જ મળતી પરંતુ સમાજમાં પણ નિંદનીય બનવાનો વારો આવે છે.

જેઓ મૃત્યુને મિત્ર સમાન માની તેને આવકારવા હંમેશાં ઉત્સુક રહેતા હોય તેવા જ્ઞાની જીવોને જ 'પંડિત મરણ' પ્રાપ્ત થાય છે. મૃત્યુ તેઓને માટે વિષાદનું કારણ નથી બનતું. તેઓ પોતાનું આયુષ્ય પૂરું થવાની અનૂભુતિ કરતાં પોતાના જીવનમાં કરેલા સત્કર્મો, પુણ્યકર્મો તથા ધર્મનું ફળ પ્રાપ્ત કરવા મૃત્યુનું આહ્વાન કરતા હોય છે. આવી વ્યક્તિઓ આ તથા પરલોકમાં સમસ્ત કામનાઓનો પરિત્યાગ કરી પ્રશાન્ત ચિત્તે, આત્મિક ચિંતન કરતાં કરતાં સમભાવપૂર્વક પ્રાણોત્સર્ગ કરતા હોય છે.

આ પ્રકારના મરણ મેળવનાર અંતિમ સમયે પોતાના ભૂતપૂર્વ સમસ્ત કર્મોની આલોચના કરતા હોય છે. આ પણ એક પ્રકારનું મરણાન્ત–અનશન જ છે. આમાં શ્રાવક કે શ્રમણ આહારાદિનો ત્યાગ કરી સમાધિપૂર્વક મૃત્યુને પ્રાપ્ત કરે છે. આવા સમાધિમરણ અથવા પંડિત મરણને સંથારો પણ કહી શકાય.

આગળ કહ્યું તેમ જેણે જન્મ લીધો તેનું મૃત્યુ તો નિશ્ચિત જ છે તો પછી મૃત્યુનો ભય શા માટે? કાય અને કષાયોને નષ્ટ કરતાં સલ્લેખનાપૂર્વક મૃત્યુને ભેટવું એજ જન્મની સાર્થકતા છે.

કાયરતાપૂર્વક પશુપક્ષી કે પતંગિયાની માફક મરવું તે તો જન્મ મરણના બંધનને ઉછેરવા બરાબર છે. ભગવાન મહાવીરનું કથન છે 'હે માનવ, તું મરવાની કળા પ્રાપ્ત કર. જ્યારે મૃત્યુ સત્ય છે તો તેને શિવ અને સુંદર બનાવ. તેના વિકરાળ સ્વરૂપની કલ્પના કરી તું મૃત્યુના નામે ધ્રુજી ઉઠે છે પરંતુ તેને શિવ–સુંદર સ્વરૂપે કેમ નથી નિહાળતો?'

મૃત્યુ તો જીવનનો અનિવાર્ય અંતિમ મહેમાન ગણાય. મહાપુરુષોએ આ અનિવાર્યતાને સમજી જાણીને એનો ભય ટાળી સરળ અને સુખદ બનાવ્યું છે. તેમનું કહેવું છે, 'જેમ થાક ઉતારવા આપણે આરામ અથવા નિદ્રાનો આશરો લઈએ છીએ તો મૃત્યુને તો અધિક લાંબી નિદ્રા ગણી તેનો ડર રાખવો જરાય યોગ્ય નથી.' જ્યોર્જ વૉશિંગ્ટન જ્યારે મૃત્યુ શય્યા પર હતા ત્યારના એમના શબ્દો છે, 'મૃત્યુનું આગમન થયું, ચાલો, સારૂં થયું. પૂરો આરામ મળી ગયો.' હૅનરી થોરે પણ મૃત્યુથી ન ડરતાં શાંત અને ગંભીર મુદ્રા સહિત મૃત્યુનું સ્વાગત કરતાં કહ્યું, 'મને સંસાર ત્યાગનો કોઈ પશ્ચાતાપ નથી.' હેનરીએ તો અંતિમ સમયે પણ પોતાની અલંકારી ભાષામાં કહ્યું, 'દીવાઓ ચાલુ કરો'–હું અંધકારમાં નહીં જાઉં.' સ્વામી દયાનંદ સરસ્વતીએ પ્રસન્નતાપૂર્વક મૃત્યુનું સ્વાગત કરતાં કહ્યું, 'ઈશ્વર, તારી ઈચ્છા પૂર્ણ થઈ.'

સંક્ષેપમાં કહેવાય કે જે જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત છે. મૃત્યુ તથા મૃત્યુ બાદનું જીવન સુંદરતમ અને સુખદ કેમ બનાવવું એની અગત્યતા જીવનમાં વધુ છે. જીવનને ઉજ્જવળ તથા પવિત્ર બનાવવા માટે સમાધિમરણ જરૂરી છે. જ્ઞાનીજનોનું તથા સાધુ પુરુષોનું કહેવું છે કે જે જીવ સમાધિપૂર્વક દેહત્યાગ કરે છે તે સાત આઠ ભવોથી વધુ ભ્રમણ સંસારમાં કરતા નથી.

✶ ✶ ✶

('શ્રી સતીષ જૈન અભિનંદન ગ્રંથમાંથી')

૬/બી, કેવને હૉઉસ, ૧લે માળે, વી. એ. પટેલ માર્ગ,
મુંબઈ–૪૦૦ ૦૦૪.

# સમયસુંદરની શીખડી રે સુખડી અમૃતવેલ રે

**❑ ગુલાબ દેઢિયા**

કવિ સમયસુંદરનો જન્મ સંવત ૧૬૧૦ (ઈ.સ.૧૫૫૩)ની આસપાસ મારવાડના સાચોર ગામમાં પ્રાગ્વાટ (પોરવાડ) વણિક જ્ઞાતિમાં થયો હતો. એમની માતાનું નામ લીલાદેવી અને પિતાનું નામ રૂપસિંહ હતું. એમણે સંવત ૧૬૩૦ ની આસપાસ દીક્ષા લીધી હતી. ખરતર ગચ્છના યુગપ્રધાન આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિએ પોતાને હાથે કવિને દીક્ષા આપી હતી અને પોતાના પ્રથમ શિષ્ય સકલચંદ્રગણિના શિષ્ય તરીકે જાહેર કરી એમનું 'સમયસુંદર' નામ રાખ્યું હતું. સમયસુંદરજીના જન્મનામનો ક્યાંય ઉલ્લેખ મળતો નથી. સંવત ૧૬૪૦માં ગણિ પદ, સંવત ૧૬૪૯માં વાચનાચાર્યનું પદ અને સંવત ૧૬૭૧માં ઉપાધ્યાયપદ મળ્યું હતું.

સંવત ૧૬૪૮માં લાહોરમાં અકબર બાદશાહને આચાર્યશ્રી જિનચંદ્રસૂરિ, બાદશાહના નિમંત્રણને માન આપી મળ્યા ત્યારે ૩૧ સાધુઓમાં સમયસુંદર પણ સાથે હતા. એમણે આઠ અક્ષરના એક વાક્યના આઠ લાખ અર્થ કરી બતાવ્યા હતા. સંવત ૧૭૦૨ (ઈ. સ. ૧૬૪૫) માં સમયસુંદરજી અમદાવાદમાં કાળધર્મ પામ્યા હતા. નેવું વર્ષ જેટલું આયુષ્ય પ્રાપ્ત કર્યું હતું.

સમયસુંદરની સાહિત્યસેવા વિપુલ અને બહુમૂલ્ય છે. સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને રાજસ્થાની ભાષામાં એમણે રચનાઓ કરી છે. સંસ્કૃતમાં વીસ અને ગુજરાતીમાં ત્રીસ જેટલી મોટી કૃતિઓ લખી છે. એમણે પ્રબંધ, રાસ, ચોપાઈ, સંવાદ, બાલાવબોધ, ચોવીસી–છત્રીસી, સ્તવન, સજ્ઝાય, ગીત વગેરે પ્રકારોમાં એમણે સર્જન કર્યું છે.

સમયસુંદરના સમકાલીન કવિ ઋષભદાસે સમયસુંદરની પ્રશંસા કરતાં લખ્યું છે:

*સુ સાધુ હંસો સમયો સુરચંદ, શીતલ વચન જિમ શારદ ચંદ,*
*એ કવિ મોટા, બુદ્ધિ વિશાલ, તે આગલિ હું મુરખ બાલ.*

'મૃગાવતી ચરિત્ર' ચોપાઈમાં કવિ શીલનો મહિમા દર્શાવતાં કહે છે :

*દાન સીલ તપ ભાવના ચ્યારે ધરમ પ્રધાન;*
*સીલ સરીખઉ કો નહી, ઈમ બોલઈ વ્રધમાન.*
*કનક કોડિ કો દાન ધઈ, કનક તણો જિન ગેહ;*
*સીલ અધિક એ બિહું થકી, ઈહાં કો નહિ સંદેહ.*

શતાનીક રાજાનો અંતકાળ નજીક આવે છે ત્યારે રાણી મૃગાવતી ધર્મોપદેશ આપતાં કહે છે:

*અમ્હ તણી ચિંતા મત કરઈ, તું સમરિ શ્રી વીતરાગ;*
*સંસારની માયા તજી, તું વાલિ મન વયરાગોજી,*
*જગમાંહિ કો કેહનઉ નહીં, કારિમઉ સગપણ એહ;*
*વિહડંતા વેલા ખિણ (ક્ષણ) નહીં, તડકઈ પડઈ જિમ ત્રેહોજી.*
*(વરસાદનું પાણી)*
*દોહિલઉ આહિજ ખેત્ર એ, દોહિલઉ માણસ જમ્મ,*
*સંજોગ ગુરુનઉ દોહિલઉ વલિ જિણ ધમ્મોજી.*

મહાકવિ પ્રેમાનંદના પૂર્વસૂરિ સમયસુંદરજી દવદંતી ('દમયંતી' માટે જૈન નામ)નું સૌન્દર્ય વર્ણવતાં લખે છે કે સ્વયં બ્રહ્મા પણ એને ઘડ્યા પછી એવું બીજું રૂપ ઘડવાની કલા ભૂલી ગયા.

*એક રૂપ ઉત્તમ ઘડ્યઉ રે, વલિ બીજઉ ન ઘડાય;*
*વિગન્યાયન માહરઉ વીસર્યઉ રે, વિહિ ચિંતાતુર થાય.*
*ગુણ ગણિવા ભણી સરસતી રે, હાથિ ગ્રહિ જયમાલ,*
*પાર અજી પામઈ નહિ રે, કેતઉ હી ગયઉ કાલ.*

કવિ સમયસુંદર સાધુકવિ છે. એમની કૃતિઓમાં ધર્મબોધની પ્રધાનતા હોય તે સ્વાભાવિક છે. સંસારના સુખોની અનિત્યતા દર્શાવી વૈરાગ્યભાવને દૃઢ કરી શકાય એવા કથાનકો એમણે પસંદ કર્યા છે. જૈન સાધુ કવિઓની સર્જનાત્મક કૃતિઓમાં અન્ય રસ હોય પણ શિરમોર તો શાંત રસ હોય. કવિ લખે છે:

*અથિર ચંચલ એ આઉખું, જાત ન લાગઈ વાર જી;*
*જનમ મરણના ભય થકી, કો નહિ રાખણહાર જી.*
*સહુ કો વિહડઈ (વિયોગ) જગિ સહી, વિહડઈ નહિ જિન ધર્મ્મ;*
*આરાધઉં ધ્રમ એક મનાં, ભૂલઉ મા ભવ મર્મ.*

સંયમની કઠોરતા દર્શાવતાં કવિ લખે છે:

*દરિયઉ તરિયઉ બાંહિ કરી, અગનિ ઉલ્હામણિ પાય;*
*ગંગાજલ સામઉ જાયવઉ, તિમ સંયમ કહિવાય.*

શ્રાવકના એકવીસ ગુણમાં સૌથી પહેલો પાયાનો ગુણ તે વ્યવહારશુદ્ધિ છે. તે વિશે કવિ કહે છે:

*સખર વસ્તુ ન કહઈ નિખર, નિખર સખર ન કહેય;*
*જિણ વેલા દેવઉં કહ્યાં, તિણ વેલાં તે દેય.*
*જૂઠું કદિ બોલઈ નહીં, સાચું કહે નિતમેવ;*
*પહિલું વ્યવહાર શુદ્ધ ગુણ, ઈમ કહ્યો અરિહંત દેવ.*

ગુરુના ગુણોનો મહિમા કરતાં કવિએ શબ્દાલંકારની ચમત્કૃતિવાળી સુંદર પંક્તિઓ લખી છે:

*લલિત વયણ ગુરુ લલિત નયણ ગુરુ;*
*લલિત રયણં ગુરુ લલિત મતિ રી;*
*લલિત કરણ ગુરુ લલિત વરણ ગુરુ,*
*લલિત ચરણ ગુરુ લલિત ગતિ રી.*
*ગુરુ દીવઉ, ગુરુ ચંદ્રમા રે, ગુરુ દેખાડઈ વાટ;*
*ગુરુ ઉપગારી, ગુરુ બડા રે, ગુરુ ઉતારઈ ઘાટ.*

સમયસુંદર વિવધ રાગરાગિણીઓના સારા જાણકાર હતા. મધ્યકાલ તો ગેય કવિતાનો હતો. એમની ગેય રચનાઓ સંગીતના

માધુર્યથી સભર છે. એમણે રચેલ ૫૦૦ જેટલાં સ્તવન, સજ્ઝાય અને પદ માટે કહેવાયું છે કે,

*'સમયસુંદરનાં ગીતડાં, કુંભારાણાનાં ભીંતડાં,*
*ભીંતો પરનાં ચીતડાં.'*

'વિમલાચલ મંડન આદિ જિન સ્તવન'માં કેવી ભક્તિ પ્રગટ કરી છે !

*ક્યોં ન ભયે હમ મોર વિમલગિરિ*
*ક્યોં ન ભયે હમ મોર;*
*ક્યોં ન ભયે હમ શીતલ પાની,*
*સીંચત તરુવર છોર.*
*અહનિશ જિનજી કે અંગ પખાલત,*
*તોડત કર્મ કઠોર;*
*ક્યોં ન ભયે હમ બાવનચંદન,*
*ઓર કેસર કી છોર;*
*ક્યોં ન ભયે હમ મોગરા માલતી,*
*રહતે જિનજી કે મૌર.*
*ક્યોં ન ભયે હમ મૃદંગ ઝાલરિયા*
*કરત મધુર ધ્વનિ ઘોર,*
*જિનજી કે આગલ નૃત્ય સુહાવત, પાવત શિવપુર ઠૌર..*

અકળ મન વિશે કવિ લખે છે:

*મના તને કઈ રીતે સમજાવું ?*
*સોનું હોવે તો સોગી રે મેલાવું,*
*તાવણી તાપ તપાવું;*
*લઈ ફૂંકણી ને ફુંકવા બેસું, પાણી જેમ પિગલાવું.*

રૂપક શૈલીનું જાણીતું પદ આજે પણ ગવાય છે:

*ધોબીડા તું ધોજે રે મન કેરું ધોતિયું,*
*મત રાખે મૈલ લગાર;*
*ઈણ મઈલૈ જગ મૈલો કરયઉ રે*
*વિણ ધોયું તું મત રાખે લગાર.*
*જિન શાસન સરોવર સોહામણો રે,*
*સમકિત તણી રૂડી પાલ;*
*દાનાદિક ચારૂં હી બારણા માંહે*
*નવતત્ત્વ કમલ વિશાલ.*
*આલોયણ સાબુડો સુધો કરે રે,*
*રખે આવે માયા શેવાળ રે.*
*નિશ્ચે પવિત્રપણું રાખજે રે,*
*પછે આપણા નિયમ સંભાળ રે.*
*રખે મૂકતો મન મોકળું રે,*
*પડ મેલીને સંકેલ રે,*
*સમય સુંદરની શીખડી રે,*
*સુખડી અમૃતવેલ રે.*

આવા પદો અત્યાર સુધી થયેલા સજ્ઝાય સંપાદનોમાં વધુ સંગ્રહાયા નથી. ઉદયરત્ન, યશોવિજયજી, ઋષભદાસ, આનંદ-ઘનજી, માનવિજય, જ્ઞાન વિમળ વગેરે સાધુ કવિઓની રચનાઓ વિશેષ જોવા મળે છે.

'અનાથી મુનિની સજ્ઝાય'માં સમયસુંદર અલંકાર વાપરતાં, આમ લખે છે:

*ગોરડી ગુણમણિ ઓરડી, મોરડી અબળા નાર,*
*કોરડી પીડા મેં સહી, ન કોણે કીધી રે મોરડી સાર.*

સમયસુંદરજીએ પોતાની વાક્છટાથી સિંધના મુખ્ય અધિકારી મખનૂમ મહંમદ શેખ કાજીને આંજી દઈને એમણે સમગ્ર સિંધ પ્રાંતમાં ગૌહત્યા પર અને પંચ નદીઓના જલચર જીવોની હત્યા પર પ્રતિબંધ મુકાવ્યો હતો.

તેઓ અન્ય ગચ્છવાસીઓની ટીકાથી દૂર રહ્યા હતા. સર્વ ગચ્છ પ્રત્યે એમના મનમાં સમભાવ હતો.

'ક્ષમા બત્રીસી'માં ઉપશમથી કોણ કોણ તર્યા તેના દૃષ્ટાંત આપી ક્રોધથી અળગા રહેવાની વાત સરળ ભાષામાં કરી છે.

*આદર જીવ ક્ષમા ગુણ આદર, મ કરીશ રાગ ને દ્વેષજી;*
*સમતાએ શિવસુખ પામીજે, ક્રોધે કુગતિ વિશેષજી.*
*વિષ હળાહળ કહીયે વિરુઓ, તે મારે એક વારજી;*
*પણ કષાય અનંતી વેળા, આપે મરણ અપારજી.*
*ક્રોધ કરંતા તપ જપ કીધાં, ન પડે કાંઈ ઠામજી;*
*આપ તપે પરને સંતાપે, ક્રોધ શું કેહો કામજી?*
*ક્ષમા કરંતા ખરચ ન લાગે, ભાંગે ક્રોડ કલેશજી;*
*અરિહંત દેવ આરાધક થાયે, વ્યાપે સુજશ પ્રદેશજી.*
*આદર.*

'શ્રી સીમંધર જિન સ્તવન'માં વિનંતી છે, સરળતા છે, ઘરગથ્થુ ઉદાહરણ છે.

*ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી, ધન્ય પુંડરિગિણી ગામ,*
*ધન્ય તિહાંના માનવીજી, નિત્ય ઊઠી કરે રે પ્રણામ.*
*જયવંતા જિનવર! કહીયે રે હું તમને વાંદીશ, સીમંધર.*
*ચાંદલીઆ સંદેશડોજી, કહેજો સીમંધર સ્વામ;*
*ભરત ક્ષેત્રના માનવીજી, નિત્ય ઊઠી કરે રે પ્રણામ.*
*રાયને વહાલા ઘોડલાજી, વેપારીને વહાલા છે દામ;*
*અમને વહાલા સીમંધરસ્વામી, જેમ સીતાને શ્રીરામ.*

'નિંદા વારકની સજ્ઝાય'માં બોલચાલની ભાષાની તાજગી અને સહજતા છે, સાથોસાથ વાસ્તવિકતાનો સ્વીકાર છે. નિંદા છોડી પરના ગુણની અનુમોદના કરવાનું કવિ કહે છે:

*નિંદા ન કરશો કોઈની પારકી રે,*
*નિંદામાં બહોળાં મહાપાપ.*
*દૂર બળતી કાં દેખો તુમે રે,*
*પગમાં બળતી દેખો સહુ કોય રે.*

*પરનાં મેલમાં ધોયાં લૂગડાં રે,*
*કહો કેમ ઊજળાં હોય રે.*
*થોડે ઘણે અવગુણે સૌ ભર્યા રે,*
*કેહનાં નળિયાં ચુએ કેહનાં નેવ રે.*
*નિંદા કરો તો કરજો આપણી રે,*
*જેમ છૂટકબારો થાય રે.*
*ગુણ ગ્રહજો સહુકો તણા રે,*
*જેહમાં દેખો એક વિચાર રે.*
*કૃષ્ણ પરે સુખ પામશો રે,*
*સમયસુંદર સુખકાર રે.*

સમયસુંદર સંગીતના સારા જાણકાર હતા તેથી એમની રચનાઓમાં માણવા જેવા ગીતના ઉપાડ મળે છે.

*કિસીકું સબ દિન સરખે ન હોય,*
*પ્રહ ઉગત અસ્તંગત દિનકર*
*દિન મેં અવસ્થા દોય.*
*હરિ બલભદ્ર પાંડવ નળરાજા,*
*રહે ષટખંડ રિદ્ધિ ખોય.*
*ચંડાળ કે ઘર પાણી આણ્યું, રાજા હરિશ્ચંદ્ર જોય.*
*ગર્વ ન કર તું મૂઢ ગમારા,*
*ચડત પડત સબ કોય.*
*સમયસુંદર કહે ઈતર પરત સુખ,*
*સાચો જિન ધર્મ સોય.*

કવિ પોતાના સાધુજીવનની ધન્યતા, મનોકામના 'ચાર શરણાં'ની પ્રાર્થના આ રીતે કરે છેઃ

*ધન ધન તે દિન મુજ કદી હોશે,*
*હું પામીશ સંયમ સૂધોજી.*
*પૂર્વે ઋષિ પંથે ચાલશું, ગુરુ વચને પ્રતિબુદ્ધોજી.*
*અંતપ્રાંત ભિક્ષા ગોચરી, રણવને કાઉસ્સગ્ગ કરશુંજી.*
*સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગ સૂધો ધરશું જી,*
*સંસારના સંકટ થકી હું છૂટીશ જિનવચને અવધારોજી,*
*ધન્ય ધન્ય સમયસુંદર તે ઘડી,*
*તો હું પામીશ ભવનો પારોજી.*
*ધન ધન તે દિન મુજ કદી હોશે.*

ઊંચી ભાવના, સરળ પ્રાર્થના, સાધુત્વની જ ઝંખના આ બધું સમયસુંદરના અંતરમાં અને લેખનમાં હતું. ✶ ✶ ✶

ગુજરાતી સાહિત્ય પરિષદ અને શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર આયોજિત 'સાહિત્ય પર્વ'માં ૨-૧૨-૨૦૦૭ના વંચાયું.

૫૯, આરામનગર નં. ૧, સાત બંગલા ગાર્ડન,
અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૧

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## પ્રબુદ્ધ જીવન નિધિ કાયમી ફંડ

| | |
|---|---|
| **૧૧,૦૦૨૧૮/-** | **તા. ૧-૭-૨૦૦૮ સુધી આવેલી રકમ.** |
| ૧૦,૦૦૦/- | શ્રી અરુણભાઈ યુ. સંઘવી |
| ૧૦,૦૦૦/- | શ્રી એક શુભેચ્છક |
| ૧૦,૦૦૦/- | શ્રી પ્રજ્ઞા ચંપકરાજ કોરશી |
| ૭,૦૦૦/- | શ્રી લીના વી. શાહ |
| ૫,૪૦૦/- | શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ્ર શાહ |
| ૫,૪૦૦/- | શ્રી શ્રીકાંતભાઈ પ્રમોદચંદ્ર શાહ |
| ૫,૪૦૦/- | શ્રી બિન્દુબેન શ્રીકાંતભાઈ શાહ |
| ૫,૪૦૦/- | શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ શાહ-HUF |
| ૫,૦૦૦/- | શ્રી ડી. કે. સી. ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦/- | શ્રી જ્યોતિ શાહ |
| ૩,૦૦૧/- | શ્રી પ્રેમજી રાયસી ગાલા |
| ૩,૦૦૦/- | શ્રી વર્ષાબેન આર. શાહ |
| ૨,૭૦૦/- | શ્રી ગુણવંતભાઈ બી. શાહ |
| ૨,૫૦૧/- | શ્રી ભરતકુમાર એમ. શાહ |
| ૨,૫૦૦/- | શ્રી મહેન્દ્ર બી. વોરા |
| ૨,૫૦૦/- | શ્રી મનોજ નેમચંદ શાહ |
| ૨,૦૦૦/- | શ્રી મહેન્દ્ર આર. શાહ |
| ૨,૦૦૦/- | શ્રી એક સદ્ગૃહસ્થ તરફથી |
| ૨,૦૦૦/- | શ્રી હરિશ શાહ |
| ૧,૫૦૦/- | શ્રી એન. આર. પારેખ |
| ૧,૦૦૦/- | શ્રી કલાવતી શાંતિલાલ મહેતા |
| ૧,૦૦૦/- | શ્રી ધનેશભાઈ બી. ઝવેરી |
| ૧,૦૦૦/- | શ્રી એક બહેન તરફથી |
| ૧,૦૦૦/- | શ્રી રમેશ એમ. શેઠ |
| ૧,૦૦૦/- | શ્રી ગીતાબેન જૈન |
| ૧,૦૦૦/- | શ્રી દમયંતી નવીનચંદ્ર શાહ |
| ૧,૦૦૦/- | શ્રી ચંદ્રકાન્ત મગનલાલ શાહ |
| ૭૫૦/- | શ્રી દિલિપભાઈ કાકાબળીયા |
| ૫૦૧/- | શ્રી ભારતી કોઠારી |
| ૫૦૦/- | શ્રી અશોક એસ. મહેતા |
| ૫૦૦/- | શ્રી મનોજ રાજગુરુ |
| ૨૫૦/- | શ્રી ધનસુખ છાજેડ |
| ૧,૦૧,૮૦૩/- | **તા. ૧-૭-૨૦૮ પછી તા. ૨૮-૨-૨૦૦૯ સુધી આવેલી રકમ** |
| ૧૧,૦૦,૨૧૮/- | **આગળની રકમ** |
| ૧૨,૦૨,૦૨૧/- | **કુલ રકમ તા. ૨૮-૨-૨૦૦૯ સુધી.** |

**વિનંતિ :** 'પ્રબુદ્ધ જીવન નિધિ'માં આપનો અમૂલ્ય દાન પ્રવાહ મોકલી જ્ઞાનદાનનો લાભ લેવા વિનંતિ. રૂપિયા ૨૫ લાખનું અમારું લક્ષ છે. તો જ 'પ્રબુદ્ધ જીવન'ના પાયા મજબૂત બને. 'પ્રબુદ્ધ જીવન' સંઘના સભ્યો, વિદ્વાનો, પૂ. સાધુ-સાધ્વીશ્રી તેમજ સંતોને વિના મૂલ્યે પ્રત્યેક મહિને નિયમિત અર્પણ કરાય છે.

❑ **પ્રમુખ**

# શ્રી દેવચંદ્રજી રચિત વિહરમાન શ્રી ચંદ્રાનન જિન-સ્તવન

❑ સુમનભાઈ શાહ

ભરતક્ષેત્રમાં હાલ દુ:સમ-કાળ પ્રવર્તે છે, જેમાં કેવળી-ભગવંત કે જ્ઞાનીપુરુષોનો અભાવ વર્તે છે. પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષોની દુર્લભતા હોવાથી મનુષ્યગતિમાં અવતરણ પામેલાઓની વિરહ-વેદના પ્રસ્તુત સ્તવનમાં વ્યક્ત થઈ છે. ધર્મના નામે કહેવાતા ગુરુઓ, તેઓના અનુયાયીઓને કષાય-સહિતની પ્રરુપણા કરતા હોવાથી તેઓ શુદ્ધ-ધર્મથી વંચિત થયા છે. વર્તમાન કાળમાં મહાવિદેહ ક્ષેત્રે તીર્થંકર પરમાત્મા સદેહે વિચરી રહ્યા છે એટલે સાધક તેઓને પ્રાર્થના કરે છે અને ભાવના સેવે છે કે ક્યારે તેને પ્રભુનું સાન્નિધ્ય સાંપડશે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઈએ.

**ચંદ્રાનન જિન, ચંદ્રાનન જિન, સાંભલીએ અરદાસ રે;**
**મુજ સેવક ભણી, છે પ્રભુનો વિશ્વાસો રે.**

ચંદ્રાનન જિન...૧

વીતરાગ-ભગવંત પ્રણીત શુદ્ધ-ધર્મ પામવાનો અર્થી શ્રી ચંદ્રાનન જિનને પ્રાર્થના કરતાં કહે છે કે 'હે પ્રભુ! હે દેહધારી પરમાત્મા! આ સેવકની અરજી કૃપા કરી ધ્યાનમાં લેશો. હે પ્રભુ! મને આપના પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસ છે કે મારી પ્રાર્થના આપના સુધી પહોંચે અને મને આપના જેવા સમર્થનું પ્રત્યક્ષ સાન્નિધ્ય પ્રાપ્ત થાય, જેથી મારું આત્મ-કલ્યાણ નીપજે.

**ભરત ક્ષેત્ર માનવપણો રે, લાધો દુ:સમ કાલ;**
**જિન પૂરવધર વિરહથી રે, દુલહો સાધન ચાલો રે.**

ચંદ્રાનન જિન...૨

મુક્તિમાર્ગના પ્રાથમિક સાધન તરીકે ભરતક્ષેત્ર (જે આત્મિક-વિકાસ માટે એક કર્મ-ભૂમિ છે) અને મનુષ્યગતિમાં અવતરણ આવશ્યક જણાય છે. આ વાત વ્યક્ત કરતાં સાધક જણાવે છે કે કંઈક પુણ્યયોગે આ સાધનો મને પ્રાપ્ત થયાં છે, પરંતુ હાલમાં અહીં દુ:સમ કાળ વર્તે છે, જ્યાં સર્વજ્ઞ કે ચૌદ પૂર્વધર જ્ઞાની-પુરુષોનો અભાવ વર્તે છે. આવા વિકરાળ કળિકાળમાં મુક્તિમાર્ગને પમાડી શકે એવા સદ્‌ગુરુની પ્રાપ્તિ અતિશય દુર્લભ છે. હે ચંદ્રાનન પ્રભુ! આવી વિરહ-વેદનાથી હું આકુળ-વ્યાકુળ થયો છું, કે મારું મનુષ્યગતિમાં અવતરણ એળે તો નહીં જાય!

**દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા રે, ભાવ ધર્મ રુચિહીન;**
**ઉપદેશક પણ તેહવા રે, શું કરે જીવ નવીન રે.**

ચંદ્રાનન જિન...૩

ભરતક્ષેત્રે દુ:સમ કાળમાં કહેવાતા ધર્મના અનુયાયીઓ અને તેઓના ઉપદેશકો માત્ર યંત્રવત્ બાહ્ય-ક્રિયા અને ભાવ-વિહીન સાધનોને મુક્તિમાર્ગમાં ખપાવે છે, તેનો નિર્દેશ પ્રસ્તુત ગાથામાં સ્તવનકારે કરેલો જણાય છે.

પોતાને ધાર્મિક-કહેવડાવતા ધર્મના અનુયાયીઓ માત્ર બાહ્ય-ક્રિયાકાંડમાં જ ધર્મ સમાયેલો છે એવી માન્યતાઓ ધરાવે છે, જેમાં લેશમાત્ર પણ શુદ્ધ-ભાવના હોતી નથી. આવી બાહ્ય-ક્રિયા અને અનુષ્ઠાનો કોઈ પણ લક્ષ વગરની હોવાથી તે નિષ્ફળતાને વરે છે. બીજી રીતે જોઈએ તો સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર્યાદિ જેવા રત્નત્રયોની રુચિનો આવા જીવોમાં અભાવ વર્તે છે. આમ આત્મ-ધર્મના રુચિ વગરના અને શુન્યવત્ ક્રિયામાં રચ્યા-પચ્યા રહેતા જીવોના ઉપદેશકો પણ બહુધા તેઓ જેવા જણાય છે. પદ, પ્રતિષ્ઠા, કીર્તિ અને મોહવશ ઉપદેશકો પાસેથી વીતરાગ-પ્રણીત ભાવ-ધર્મ પામવો અત્યંત દુર્લભ છે. આવી પરિસ્થિતિમાં જીવ નવું કશું કરી શકતો નથી. ઉપરાંત જે સાધકોને મુક્તિમાર્ગે પ્રયાણ કરવું છે, તેને સુયોગ્ય ધાર્મિક વાતાવરણ અને માર્ગદર્શન અલભ્ય જણાય છે.

**તત્ત્વાગમ જાણંગ તજી રે, બહુજન સંમત જેહ;**
**મૂઢ હઠી જન આદર્યા રે, સુગુરુ કહાવે તેહ રે.**

ચંદ્રાનન જિન...૪

પ્રસ્તુત ગાથામાં સ્તવનકાર કહેવાતા-સુગુરુઓની પોલ ખોલે છે. શુદ્ધ આત્મિક જ્ઞાન-દર્શનાદિ ગુણોના અનુભવી એવા સમ્યગ્દૃષ્ટિ સત્‌પુરુષને આરાધવાનું બાજુ ઉપર મૂકી માત્ર ગાડરિયા પ્રવાહ જેવા મૂઢ-જીવોના મોટા સમૂહથી જે સંમત હોય, સન્માનિત હોય, મોહાધીન હોય તેવા ઉપદેશકો હાલમાં પોતાને સદ્‌ગુરુ તરીકે ખપાવે છે. આવા ઉપદેશકોના અનુયાયીઓ પણ સાંપ્રદાયિક આગ્રહોથી ખંડન-મંડન અને વાદ-વિવાદમાં પડી માનવ-ભવ વેડફી રહેલા જણાય છે. માત્ર પોતાનું પદ અને પ્રતિષ્ઠા પોષવા માટે હાલના કહેવાતા ધર્મગુરુઓ વિશ્વાસુ જીવોને વીતરાગ-પ્રણીત ધર્મથી વંચિત કરી રહેલા જણાય છે. માત્ર શિષ્યો વધારવાની તૃષ્ણાથી અને પોતાનો અહં પોષવા માટે આજના કહેવાતા ગુરુઓ સમય વ્યતિત કરતા હોવાથી મુક્તિ-માર્ગનું લક્ષ ચૂકી ગયેલા છે. રુચિવંત મુમુક્ષુઓને આ કાળની દુ:સમતા પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થતાં, એવી ભાવના સેવે છે કે ક્યારે તેઓને કોઈ આત્માનુભવી તરણતારણનો ભેટો થાય.

**આણા સાધ્ય વિના ક્રિયા રે, લોકે માન્યો રે ધર્મ;**
**દંસણ નાણ ચારિત્રનો રે, મૂળ ન જાણ્યો મર્મ રે.**

ચંદ્રાનન જિન...૫

'આજ્ઞા એ જ ધર્મ અને આજ્ઞા એ જ તપ' એવું સર્વજ્ઞ પ્રતિપાદિત આગમ-વચન છે. સમ્યગ્-દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યરૂપ આત્મધર્મ જેઓને પ્રગટપણે આંતર-બાહ્ય દશામાં વર્તે છે, એવા જ્ઞાનીપુરુષની

આજ્ઞા એ ધર્મ છે. એટલે સદ્ગુરુમાં પ્રત્યક્ષપણે જ્ઞાન-દર્શનાદિ આત્મિકગુણો હોવા ઘટે, તો તેઓની આજ્ઞામાં ધર્મ સમાયેલો છે. પ્રવર્તમાન દુઃસમ કાળમાં આવા સદ્ગુરુ જ જ્યાં અલભ્ય હોય ત્યાં મૂળ-ધર્મ કહેવાતા ગુરુઓ પાસેથી કેવી રીતે મળી શકે? લૌકિક માન્યતાઓ મુજબ ધાર્મિક-ક્રિયાઓ અને બાહ્ય-તપમાં ધર્મ સમાયેલો છે એનાથી જીવ કેવી રીતે મૂળ-ધર્મનો મર્મ પામી શકે? બીજી રીતે જોઈએ તો આત્માનો મૂળ સ્વભાવ અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્યાદિ છે, જેનું જેમ છે તેમ સ્વરૂપ પ્રત્યક્ષ-સદ્ગુરુ પાસેથી જ યથાર્થપણે જાણી શકાય, એ ધર્મનો મૂળ-મર્મ ગણી શકાય. આવા મૂળ-ધર્મથી અને સદ્ગુરુની આજ્ઞાના પરિપાલનથી આત્મ-કલ્યાણ સાધી શકાય.

**ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ;**
**આતમ ગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ.**

ચંદ્રાનન જિન...૬

પ્રવર્તમાન દુઃસમ-કાળમાં કહેવાતા ઉપદેશકો કે ગુરુઓની આંતર-બાહ્યદશા કેવી કષાય-યુક્ત છે, તેનું ખેદપૂર્વક વર્ણન પ્રસ્તુત ગાથામાં સ્તવનકારે કરેલું છે.

હાલમાં ધાર્મિક-ગુરુઓ પોતાના જ ગચ્છનું મંડન અને અન્ય-મતોના ખંડનમાં રચ્યા-પચ્યા રહેલા જણાય છે. આવા ગુરુઓ પોતાના ગચ્છની જ માન્યતાઓમાં ધર્મ સમાયેલો છે અને તેનો જ આગ્રહ સઘળા અનુયાયીઓમાં વર્તાવે છે. નાની-નાની ક્ષુલ્લક માન્યતાઓને (જેવી કે વસ્ત્ર, મુહપત્તી, રજોહરણ ઈત્યાદિ) ધાર્મિક ક્રિયાઓ મનાવી તેનો કદાગ્રહ પ્રવર્તાવે છે. ઉપરાંત સર્વજ્ઞ-ભગવંતે પ્રરુપેલ આગમ-વચનોનું પોતાની મતિ-કલ્પનાએ અર્થઘટન કરી ગચ્છ-કદાગ્રહાદિ સાચવવામાં જ વીતરાગનો ધર્મ સમાયેલો છે એવું ગુરુઓ ઘટાવતા હોય છે. તેઓ ધર્મનો મૂળ-મર્મ જ ભૂલી ગયા છે કે રાગદ્વેષરૂપ કષાય અને 'સ્વ'-સ્વરૂપનું અજ્ઞાનનો ક્ષય થાય અને આત્મિક-ગુણો નિરાવરણ થાય તેમાં જ ધર્મ સમાયેલો છે. આમ શુદ્ધ-ઉપયોગરૂપ વીતરાગ ધર્મ વિસારે પડ્યો છે. અથવા વીતરાગ પ્રણીત આત્મ-ધર્મ પ્રત્યે કહેવાતા ગુરુઓનું દુર્લક્ષ નજરે પડે છે.

**તત્ત્વરસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ;**
**જાણો છો જિન રાજજી રે, સઘલો એહ વિષાદ રે.**

ચંદ્રાનન જિન...૭

ઉપર જણાવ્યા મુજબ હે પ્રભુ! હાલના ગુરુઓની પ્રરુપણા કષાય-યુક્ત હોવા ઉપરાંત ગચ્છ, સંપ્રદાય અને ભાવ-શૂન્ય ક્રિયાકાંડના આગ્રહવાળી હોય છે. એટલે ઉપદેશક જ જો તત્ત્વજ્ઞ ન હોય તો તેઓના શ્રોતાઓ અને અનુયાયીઓ પણ તેવા જ હોય ને! અથવા તો સમગ્ર જનસમુદાયમાં તત્ત્વરસિક કહી શકાય તેવા ભવ્યજીવ અલ્પ-સંખ્યામાં હોય છે, જ્યારે વિશાળ સમુદાયને ગાડરિયા પ્રવાહમાં હે ચંદ્રાનન પ્રભુ! આપ સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાને નાતે ભરતક્ષેત્રમાં હાલ પ્રવર્તમાન ધર્મની અવદશાને આપની અતીન્દ્રિય જ્ઞાનદ્દષ્ટિથી જોઈ-જાણી શકો છો. હે પ્રભુ! આપ સર્વ વિષાદ, ખેદ અને ધર્મની દુર્દશા સારી રીતે જાણો છો.

**નાથ ચરણ વંદન તણો, મનમાં ઘણો ઉમંગ;**
**પુણ્ય વિના કિમ પામીએ રે, પ્રભુ સેવનનો રંગ રે.**

ચંદ્રાનન જિન..૮

હે પ્રભુ! ભરતક્ષેત્રમાં આપના જેવા સમર્થ જ્ઞાનીપુરુષની ખોટ અમોને વર્તાય છે. આપના ચરણમાં વંદન અને આપના આજ્ઞાધીનપણામાં રહેવાનો અમોને ઘણો ઉમંગ અને હોંશ થાય છે, જેથી અમો પણ શુદ્ધ આત્મ-ધર્મ પામીએ. પરંતુ હે પ્રભુ! પુણ્ય વિના આપની સેવા અને પ્રત્યક્ષ દર્શનનો યોગ અમો પામી શકતા નથી. આમ અમો શુદ્ધ-ઉપયોગરૂપ આત્મધર્મથી વંચિત હોવાથી વિરહ-વેદના અનુભવી રહ્યા છીએ. આમ છતાંય અમો ભાવના સેવીએ છીએ કે અમોને આપના જેવા સમર્થનું સાન્નિધ્ય સાંપડે.

**જગતારક પ્રભુ વંદીએ રે, મહાવિદેહ મઝાર;**
**વસ્તુ ધર્મ સ્યાદ્વાદતા રે, સુણિ કરીએ નિર્ધાર રે.**

ચંદ્રાનન જિન...૯

મહાવિદેહ ક્ષેત્રમાં સદેહે વિહરમાન હે શ્રી ચંદ્રાનન પ્રભુ! આપ જગતના તરણ-તારણ અને પતિત-પાવન છો. આપને અમારા હૃદયપૂર્વકના નમસ્કાર અને પ્રણામ. જીવ-અજીવાદિ સત્-તત્ત્વોના ગુણ-પર્યાયોનું સ્વરૂપ આપની સ્યાદ્વાદમયી મધુર-ધર્મદેશનાથી સાંભળવાની અમારી અભિલાષા છે. આપની અપૂર્વ-વાણીના શ્રવણથી અમોને આત્મતત્ત્વ પ્રાપ્તિની રુચિ ઉત્પન્ન થાય, જેથી અનાદિકાળનું અમારું ભવ-ભ્રમણ નિર્મૂળ થાય. અથવા આપનો સુબોધ અમોને કેવી રીતે શુદ્ધ આત્મ-દશામાં પરિણમે એ વિષે નિર્ણય અને નિશ્ચય થાય. પરંતુ હાલમાં આવી ભાવના અમો ભાવીએ છીએ કે અમોને સુયોગ્ય ક્ષેત્ર અને કાળ-લબ્ધિની પ્રાપ્તિ થાય.

**તુજ કરુણા સહુ ઉપરે રે, સરખી છે મહારાય;**
**પણ અવિરાધક જીવને રે, કારણ સફલુ થાય રે.**

ચંદ્રાનન જિન...૧૦

હે ચંદ્રાનન પ્રભુ! આપની નિષ્કારણ-કરુણા અને ઉપકારકતા સર્વ જીવો પ્રત્યે એક-સરખી હોય છે, જેમાં ભેદભાવ હોતો નથી. હે પ્રભુ! આપની સ્યાદ્વાદમયી ધર્મ-દેશનાના શ્રવણથી અનેક ભવ્યજનોનું આત્મ-કલ્યાણ અવશ્ય થાય છે. આવા શ્રોતાજનો આપનો સુબોધ લક્ષમાં રાખી આજ્ઞાધીનપણામાં ઉપાસના કરે છે, તેઓ મુક્તિમાર્ગના અધિકારી નીવડે છે. એટલે આપની કરુણા અને સુબોધ (અવિરાધક) આજ્ઞાધીન સાધકને સફળ નીવડે છે. બીજી રીતે જોઈએ તો જે આત્માર્થી જ્ઞાની-પુરુષની આશ્રય-ભક્તિમાં

મુક્તિમાર્ગના કારણો સેવે છે, તે છેવટે પોતાનું લક્ષ પાર પાડે છે.

એહવા પણ ભવિ જીવને રે, દેવ ભક્તિ આધાર;
પ્રભુ સ્મરણથી પામીયે રે, દેવચંદ્ર પદ સાર રે.
ચંદ્રાનન જિન...૧૧

હે ચંદ્રાનન પ્રભુ! જે ભવ્યજનો આપની આજ્ઞાના આરાધક છે અને જેઓને નિરંતર આત્મલક્ષ વર્તે છે, તેઓને આપની જ આશ્રય-ભક્તિનો પરમ આધાર છે. આવા ભવ્યજીવો આપની ભક્તિ ગુણકરણ અને નામ-સ્મરણથી શરૂઆત કરે છે અને સાથે-સાથે પોતાનામાં અનાદિ કાળથી જડ ઘાલી ગયેલા દોષો ઓળખી હૃદયપૂર્વકનો પશ્ચાતાપ કરે છે. ઉત્તરોત્તર આવા સાધકોના આત્મિક વિશેષ ગુણો નિરાવરણ થવા માંડે છે. છેવટે ભવ્યજીવો દેવામાં સર્વોત્કૃષ્ટ એવા સિદ્ધપદ પ્રાપ્તિના અધિકારી નીવડે છે.

✷ ✷ ✷

૫૬૩, આનંદ સોસાયટી, ન્યુ સમા રોડ,
વડોદરા-૩૯૦ ૦૦૮. ફોન : ૦૨૬૫-૨૭૯૫૪૩૯

## પ્રબુદ્ધ જીવન આજીવન સભ્ય

**(તા. ૧૮-૩-૨૦૦૬ પછીના નવા આજીવન સભ્યો તા. ૨૮-૨-૨૦૦૯ સુધી)**

| | |
|---|---|
| ૨,૫૦૦ | શ્રી હિમાંસુ જે. સંઘવી-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી વિપુલ કલ્યાણજી દેઢિયા-મુંબઈ |
| ૪,૫૬૩ | શ્રી વિજય એફ. દોશી-યુએસએ |
| ૨,૫૦૦ | શ્રી અમિત જે. મહેતા-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી પ્રકાશભાઈ જે. ઝવેરી-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી હર્ષા હેમેન્દ્ર શાહ-અમરાવતી |
| ૨,૫૦૦ | શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી કે. આર. મોદી-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી જયંતીલાલ એફ. શાહ-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રીમતી સોનલ નગરશેઠ-મુંબઈ |
| ૨,૫૦૦ | પ્રો. જશવંત શેખડીવાલા-શેખડી |
| ૨,૫૦૦ | શ્રી મુલચંદ લાલજી શાહ-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી અરુણ પી. શેઠ-મુંબઈ (મનીષા સમીર શાહ) |
| ૨,૫૦૦ | શ્રીમતી પ્રીતિ એન. શાહ-અમદાવાદ |
| ૨,૫૦૦ | શ્રીમતી કલ્પના મનોજભાઈ શાહ-અમદાવાદ |
| ૨,૫૦૦ | શ્રીમતી તારાબેન મણિલાલ ગાલા-મુંબઈ |
| ૨,૦૦૦ | શ્રી બાબુભાઈ કે. શાહ-વલસાડ (શ્રીમતી સંગીતા કે. શાહ) |
| ૧,૨૫,૦૦૦ | શ્રી દીપચંદભાઈ ગાર્ડી-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી માણેકલાલ મોરારજી સંગોઈ-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી ધર્મસિંહ મોરારજી પોપટ-મુંબઈ |
| ૨,૦૦૦ | શ્રી જયેન્દ્ર વી. ગાંધી-મુંબઈ (શ્રીમતી ઇન્દુબેન ખેતાણી) |
| ૨,૫૦૦ | શ્રી શામજી વેરશી નીસર-મુંબઈ |
| ૨,૦૦૦ | શ્રી શામજી વેરશી નીસર (મિતલ મયુર ફુરિયા)-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી ભવાની નરેન્દ્રકુમાર મહેતા-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી પ્રવિણા અશ્વિન મહેતા-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી જયંત એમ. શાહ-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી કુમારી રેશ્મા બિપીનચંદ્ર જૈન-મુંબઈ (આચાર્ય શ્રી લધાભાઈ ગણપત હાઇસ્કૂલ) |
| ૨,૫૦૦ | શ્રી પૃથ્વીરાજ સી. શાહ (ધારિણી સચિન ઝવેરી)-મુંબઈ |
| ૨,૦૦૦ | શ્રી ખીમજી ડી. વીરા (મનોજ્ઞા વિનોદ કેનિયા)-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી જાદવજીભાઈ એલ. શાહ-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી લખમશી રતનશી કારીયા-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી રમણીક રતનશી કારીયા-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી જીનેશ લખમશી કારીયા-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી મણીલાલ રતનશી કારીયા-મુંબઈ |
| ૨,૦૦૦ | શ્રી લખમશી રતનશી કારીયા (રીન્કી જીજ્ઞેશ દેઢિયા)-મુંબઈ |
| ૨,૦૦૦ | શ્રી લખમશી રતનશી કારીયા (જશોમતી મધુકાંત છેડા) |
| ૨,૦૦૦ | શ્રી લખમશી રતનશી કારીયા (દિવાળી લખમશી ગાલા) |
| ૨,૫૦૦ | શ્રી વિરજી રતનશી કારીયા-મુંબઈ |
| ૨,૫૦૦ | મે. બી. સી. એમ. કોર્પોરેશન-અમદાવાદ |
| ૨,૫૦૦ | ડૉ. કવીન શાહ-બીલીમોરા |
| ૨,૫૦૦ | ડૉ. એ. સી. શાહ-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી કિરણ પીયૂષ વોરા-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી યોગેશ ખીમજી મારૂ-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી ભરત ભગવાનજી ગાલા-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી શૈલેશ એન. શાહ-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી દિનેશ બહુવા-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી પાર્થ જયંત ટોલિઆ-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી નકુલ હર્ષદ શાહ-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી ધીરજ એસ. શાહ-મુંબઈ (શાહ શાહ એન્ડ કાં.) |
| ૨,૫૦૦ | શ્રી વસંત છેડા-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી રોહિત કે. ઠક્કર-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી વિજય ચંદુલાલ શાહ-મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી પીયૂષ ઈ મજુમદાર-મુંબઈ |
| **૨,૫૩,૫૬૩** | **કુલ રૂપિયા** |

# જયભિખ્ખુ જીવનધારા : ૪

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

*[સત્ત્વશીલ સાહિત્યનું સર્જન કરનારા સાક્ષર જયભિખ્ખુએ લખેલાં પુસ્તકોમાં હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મની પ્રાણીકથાઓનાં પુસ્તકો ઉપરાંત પશુપ્રેમ ગ્રંથાવલિ વગેરે મળે છે. જયભિખ્ખુની જન્મશતાબ્દીનું આ વર્ષ છે. એ સર્જકની પ્રાણીપ્રેમની ભાવનાનાં બીજ એમના બાળપણની ઘટનાઓમાં પ્રતિબિંબિત થાય છે. એમના બાળપણના પ્રસંગો આલેખતું જીવનકથાનું આ ચોથું પ્રકરણ.]*

## માયાની મીઠી ગાંઠ

ચાર વર્ષની વયે માતાનું વાત્સલ્ય ગુમાવનાર બાળક ભીખા (જયભિખ્ખુનું હુલામણું નામ)ના સંવેદનશીલ હૃદયમાં વાત્સલ્યની વણછીપી ઝંખના સતત રહેતી હતી. એ વાત્સલ્ય બાળક ભીખાને મળતું અને થોડો સમય એની હૂંફ પામીને મન ઠરીઠામ થાય, તે પહેલાં હાથતાળી આપીને ચાલી જતું! જીવનની કેવી વિષમતા! આ સચરાચરમાં એની ખોજ માતાનું વાત્સલ્ય પામવાની હતી. એનું ભીરુ–બીકણ મન સતત વાત્સલ્યની હૂંફાળી ગોદ ઝંખતું હતું. પોતાના નટખટ તોફાન અને ધીંગામસ્તીને ભૂલીને પોતા પર હેત વરસાવે એવી માતૃ–મૂર્તિ એની શોધ હતી. માસીની પાસેથી એને મમતા મળી, પણ માસીએ અલ્પ કાળમાં જ અણધારી વિદાય લઈ લીધી. મામી પાસે વસવાનું બન્યું, કિંતુ એ મામી વિધવા થતાં મામાનું ઘર કમને છોડવું પડ્યું. પિતાની પાસે વરસોડામાં આવ્યા, ત્યારે ફઈબા મળ્યાં અને ફઈબાના હેતમાં ભીખાનો જીવ પરોવાઈ ગયો.

બાળપણમાં ઘુવડ અને ચીબરીથી ખૂબ ડરતા આ બાળકને માટે ફઈબાની ગોદ રક્ષાકવચ બની રહી, પણ આ સુખેય ક્યાં સદા ટકનારું હતું? એક દિવસ ફઈબા સરસામાન લઈને નીકળ્યાં. વૈધવ્ય પામેલાં ફઈબા ક્યાં જતાં હશે? બાળક ભીખાને થયું કે જ્યાં માસી ગયાં એવા દૂર–દૂરના દેશમાં જતાં હશે? માસી તો કશોય સરસામાન લીધા વિના ગયાં હતાં, જ્યારે ફઈબા તો એમનો સરસામાન બાંધી રહ્યાં છે. ફઈબાને પૂછવાની ભીખાને હિંમત ચાલી નહીં. બીજી બાજુ મનની અકળામણ વધતી ગઈ. શા માટે આટલું બધું હેત વરસાવનારા ફઈબા ભાઈનું ઘર છોડીને જતાં હશે? બાળકે પડોશીને પૂછ્યું. પડોશીએ કહ્યું, 'ભાઈ, તારા ફઈબાને તો ઘણું સારું છે. એમને આશરો તો મળે છે ને! બાકી હિંદુ વિધવાને માંગ્યું મોત પણ મળતું નથી, સમજ્યો?'

બાળક ભીખો આ વાત સમજી શક્યો નહીં. મનોમન મૂંઝાતો રહ્યો. ધીરે ધીરે એને ખબર પડી કે ફઈબા તો વૃદ્ધ દાદીમાની સારસંભાળ લેવા એમને ગામ રહેવા જઈ રહ્યાં છે. બાળક ભીખાનું મન ફઈબાને છોડવા તૈયાર નહોતું. એણે ફઈબાને વળગીને કહ્યું, 'મને તમારી સાથે લઈ જાઓ. મને તમારી પાસે રાખો; હું ક્યારેય તોફાન નહીં કરું.'

ફઈબાની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. એમણે વહાલથી ભીખાને છાતીસરસો ચાંપ્યો અને કહ્યું, 'તને સાથે લઈ જાઉં, પણ તારી નિશાળ પડે ને!'

આ શબ્દોએ બાળક ભીખાને આંચકો આપ્યો. એણે વિચાર કર્યો કે આ નિશાળ તે વળી કેવી છે? આ દુષ્ટ નિશાળ તો મને વહાલાથીય વિયોગ કરાવે છે! ફઈબાની સાથે જવું છે, પણ આ નિશાળ મને અહીં બાંધી રાખે છે.

બાળક ભીખાએ કહ્યું, 'અરે, મને તો એ ગમતી જ નથી. તમારા કરતાં મારે મન નિશાળ વધુ નથી. મને તમારી પાસે જ રાખો.' બસ, એ બાળકની તો આ એક જ હતી રટણા.

ભીખો નિશાળે જતો હતો અને ધીંગામસ્તી કરતો હતો. ગોઠિયાઓ વચ્ચે એ ઘેરાયેલો રહેતો હતો, પરંતુ એ નિશાળ કરતાં ફઈબાની ગોદ એને વધુ વહાલી હતી. વળી ફઈબાના હેતનું રક્ષાકવચ ગુમાવતાં એને ડર લાગતો હતો.

નિશાળ છોડવાની ભીખાની વાત સાંભળીને ફઈબા હસી પડ્યાં અને બોલ્યાં, 'દીકરો ન ભણે અને દીકરી ન પરણે, એ બે વાત કેમ ચાલે? નિશાળ તો છોડાય જ નહીં અને વાર–તહેવારે અહીં ભાઈને ઘેર હું જરૂર આવતી રહીશ.'

સરસામાન લઈને ફઈબા દેશમાં ગયાં. માસી ગયાં, ત્યારે આ બાળકને મામી મળ્યાં. પણ ફઈબા બીજે ગામ ગયા, પછી કોઈ ન મળ્યું!

બન્યું પણ એવું કે ફઈબાની વિદાય પછીના દિવસોમાં ઘુવડે ભારે ઉપાડો લીધો. રોજ રાત્રે કલાકો સુધી ઘુવડ ઘૂરક્યાં કરે. એનો અવાજ બાળક ભીખાને ખૂબ ડરાવે. એ રૂંવે રૂંવે ધ્રૂજ્યાં કરે. ઘુવડ બોલે અને ભીખાની રાત બેચેન બની જાય. ભયથી થરથરતો બાળક પહેલાં હૂંફાળી ગોદમાં લપાઈ જતો હતો, પરંતુ હવે એવી કોઈ ગોદ નહોતી કે જ્યાં લપાઈને તે ભયમુક્ત બની રહે. આથી જેમ જેમ રાતના અંધારાં ઊતરતાં, તેમ તેમ ભીખાના મનમાં ફડકો વધતો. ઘુવડનો અવાજ સાંભળી એનાં ગાત્રો કંપવા લાગતાં. જાણે સાક્ષાત્ યમરાજ ઘરમાં આવીને ઊભા રહ્યા ન હોય!

ભીખો ઘુવડના ભય પમાડતા અવાજની વાત ગોઠિયાઓને કહેતો, તો એના ગોઠિયાઓ કહેતા, 'જોજે અલ્યા, ભૂલેચૂકેય એને ઈંટનો ટુકડો કે માટીનું ઢેફું મારતો; નહીં તો એ ઘુવડ ટુકડો કે ઢેફું લઈને કૂવામાં નાંખશે અને કૂવાના પાણીમાં જેમ જેમ ઢેફું

ગળતું જશે તેમ તેમ તું ગળતો જઈશ.'

ભીખાને ભારે મૂંઝવણ થઈ. કહેવાય નહીં અને સહેવાય નહીં એવી સ્થિતિ થઈ. રાત પડે અને ફાળ પડે. ઘુવડ બોલે એટલે ભયથી છળી ઊઠે. એમાં વળી એક ગોઠિયાને એણે ખાનગીમાં પોતાની આફતની વાત કરી, તો એણે ભીખાને કહ્યું, 'વાત છૂપી રાખજે. જો, રાત્રે ઘરના મોભારે (છાપરાના ટેકારૂપ મુખ્ય આડા લાકડાવાળા ભાગ પર) બેસીને ઘુવડ તારું નામ બોલશે. તને એમ થાય કે તને કોઈ બોલાવે છે એટલે તું સામે ભૂલેચૂકેય હોંકારો દેતો નહીં, હોંકારો દેશે તો તારું ધનોતપનોત નીકળી જશે.'

આ વાત સાંભળીને ભીખાનાં રૂંવાડાં ઊભા થઈ ગયાં. ફઈબા યાદ આવવા લાગ્યાં. છાને ખૂણે બેસીને રડવા લાગ્યો. ભય એવો ઘેરી વળ્યો હતો કે જીવન અકારું અને આકરું થઈ ગયું. કોને કહેવું? કઈ રીતે જીવવું? ઉપર આભ ને નીચે ધરતી. મનમાં વિચાર્યું કે ઘર છોડીને બહાર નીકળી જઉં. કોઈ બીજે ગામ જતો રહું. આ ઘુવડથી તો પીછો છોડાવવો જ છે, પરંતુ જવુંય ક્યાં? માસી ચાલ્યાં ગયાં અને ફઈબા બીજે ગામ રહેવા ગયાં. પોતે બીજે ગામ રહેવા જાય તો? પણ ફઈબાને તો રહેવાનું ઘર હતું. ગામના ઘરમાં રહીને દાદીમાને સંભાળવાના હતા, પણ ભીખાને માટે આ દુનિયામાં જવા જેવું કોઈ ઠેકાણું નહોતું. હવે કરવું શું?

મનમાં થયું કે માસી અને મામા ગયા, ત્યાં જવાનું મળે તોય સારું; પણ ત્યાં જવું કઈ રીતે? એને માટે તો સારો સથવારો જોઈએ. બીજે ગામ જવા માટે સથવારા વિના કઈ રીતે જવું? બસ, કોઈ સથવારો મળે અને બીજે ગામ ચાલ્યો જાઉં. પણ ક્યાંય કોઈ એવો સથવારો મળ્યો નહીં., આથી આ બાળક અતિ અજંપો અનુભવવા લાગ્યો.

ભીખાએ સાંભળ્યું હતું કે ભગવાન ખૂબ દયાળુ છે. એ કોઈ ને કોઈ સાથ કે સથવારો આપી રહે છે. ઘુવડનો ભય લાગ્યા પછી ભીખાને જમવાનું ભાવતું નહીં. મરણ ઘરના મોભ પર આવીને બેઠું હોય અને જમણ કઈ રીતે ભાવે? આથી ભીખો થોડુંક ખાતો અને બાકીનું વધેલું શેરીની કૂતરીને આપી દેતો.

ધોળી બાસ્તા જેવી એ કૂતરી રોજ ભીખા પાસે આવીને ઊભી રહે. પૂંછડી પટપટાવે, એની પીળી આંખોથી એકીટસે ભીખા સામે જોઈ રહે. જાણે કંઈ કહેતી ન હોય!

એક દિવસ ભીખો ખાટલામાં સૂતો હતો અને આ કૂતરી એની પથારી પર ચડી ગઈ. ભીખાને એના પર હેત જાગ્યું. દૂર હાંકી કાઢવાને બદલે એને પંપાળવા લાગ્યો. કૂતરીએ પોતાનું મોં ઊંચું કરીને ભીખાનું મોં સૂંઘ્યું. એવામાં ઘુવડનો અવાજ આવ્યો. કૂતરી એની સામે જોરથી ઘૂરકી અને ઘુવડ ચૂપ થઈ ગયું. ભીખાની બીક નીકળી ગઈ. એનું ભયભીત મન શાંત થયું અને જાણે એની કૂતરીએ ઈડરિયો ગઢ જીતી આપ્યો હોય એવો આનંદ થઈ રહ્યો. પછી તો ભીખાનું સઘળું હેત એના પ્રતિ વહેવા લાગ્યું.

કૂતરી પણ ભીખાની હેવાઈ બની ગઈ. ભીખો રોજ રોટલાની ઝીણી ઝીણી કરચો દૂધમાં બોળીને ખવડાવતો. નિશાળેથી આવીને પહેલાં એની ભાળ મેળવતો. વારંવાર એને બુચકારતો અને લાંબા વખત સુધી પંપાળતો. ક્યારેક એની સાથે ગેલ કરતો અને રાત્રે કૂતરી જાણે એનો પહેરો ભરતી. ધીરે ધીરે મનમાંથી ઘુવડનો ભય ચાલ્યો ગયો. બીજે ગામ જવાની ઈચ્છા ઓસરી ગઈ. એ મિત્રો સાથે મોજ માણતો હતો, પરંતુ સુખ ક્યાં ઝાઝા દિવસ ટકે છે?

એક દિવસ આ ધોળી કૂતરીને એકાએક ઘૂરી ચડી આવી, એની જીભ બહાર નીકળી ગઈ, જીભ પરથી લાળ ટપકવા લાગી, ચકળ-વકળ આંખોથી એ ચારે બાજુ જોવા લાગી. આ જોઈને પડોશીઓએ બુમરાણ મચાવી દીધી. 'અરે, કૂતરી હડકાઈ થઈ છે.' બસ, પછી તો બધા એકઠા થઈને હડકાઈ કૂતરીનો પીછો કરવા લાગ્યા. લાઠી, ભાલા, વાંસી (દાતરડા જેવું ફળું બેસાડેલો લાંબો વાંસ) જે મળ્યું તે હાથમાં લઈને લોકો બહાર નીકળ્યા. કોઈએ એની પાસે જતા ભીખાને જોરથી ખેંચી લીધો અને એને ઘરમાં પૂરી દઈને બારણાં બંધ કરી દીધાં. ભીખાને થયું કે આ લોકો કૂતરીને આંતરીને મારી નાંખશે. મારે એને બચાવવા જવું જોઈએ.

એણે જોરથી બૂમ પાડીને કહ્યું, 'એને મારશો નહીં.' પડોશીઓ જાણતા હતા કે ભીખાને આ કૂતરી પર ઘણી માયા છે. એથી એને બચાવવા બૂમો પાડે છે. બે જણાએ ભીખાનું બાવડું પકડી રાખ્યું. એના ગાલ પર એકાદ તમાચો પણ પડ્યો. થોડી વાર લાકડીઓ વીંઝાતી રહી. જોશભેર હોંકારા થતા રહ્યા. કૂતરીની ચીસ સંભળાતી રહી. ભીખાની આંખે અંધારાં આવ્યાં. એ આંખો દાબીને નીચે બેસી રહ્યો અને જ્યારે એ બહાર નીકળ્યો ત્યારે એણે જોયું કે એની વહાલી કૂતરીના મૃત દેહને દોરડીથી બાંધીને ઢસડીને લઈ જવાતો હતો.

ભાગ્યની કેવી છેતરામણી રમત! જે ઝાડનો છાંયો લીધો હોય, તે જ બળીને ખાખ થઈ જાય છે. જેની પાસેથી હેત મળ્યું હોય, એને જ નસીબ હણી લે છે. શું આ દુનિયામાં હેત-પ્રીત ઓછાં થયાં છે કે પછી પોતાનું ભાગ્ય જ એવું છે કે એ છીનવાઈ જાય છે?

ભીખાએ વિચાર્યું કે આવા દુર્ભાગ્યથી જીવવા કરતાં તો ભગવાનને ઘેર જવું શું ખોટું ? વળી જીવનમાં ક્યાં કોઈનો સથવારો મળે છે! ભગવાનને ઘેર જવું છે, પણ કોણ લઈ જાય મને? બસ, ભગવાનને જ પ્રાર્થના કરું કે 'તમે આવીને મને લઈ જાઓ. મારે તમારે ત્યાં રહેવું છે.'

ભીખો વિચારે છે કે એની સાથે જન્મ્યાં હતાં તે કાળી કૂતરીના બે કુરકુરિયાં, ઘરની મંગળા ગાયનો વાછરડો અને ગામના રાજાનો કુંવર એ બધાં ભગવાનને ખોળે જઈને નિરાંતે રહ્યાં, તો ભલા, હું કેમ નહીં? ભીખાએ સાંભળ્યું હતું કે ભગવાન ખૂબ ન્યાયી છે. એ કદી કોઈને અન્યાય કરે નહીં, આવો ન્યાય હોય તો પછી મને કેમ

લઈ જતા નથી? મારો કોઈ વાંકગુનો?

બાળકનું મન દિવસોના દિવસો સુધી અકળાયેલું રહ્યું. ભગવાનને ઘેર જવા માટે ભારે માથાકૂટ કરી. કેટલીય ફરિયાદો કરી, કેટલાય તર્ક અને વિચારો કર્યા; પરંતુ કશું વળ્યું નહીં. વહાલ ઝંખતા આ બાળકને એના વહાલનું એક બીજું સ્થાન મળી ગયું. બોટાદથી મામી પાસેથી નીકળીને વરસોડા આવ્યા, ત્યારે મામીના વિયોગને કારણે પહેલાં તો વરસોડા વસવું વસમું લાગ્યું હતું, પણ ધીરે ધીરે વરસોડાની ભૂમિ સાથે મીઠી માયા બંધાતી ગઈ. બાળકનું મન એ ભૂમિ પર ખેલવા અને ખીલવા લાગ્યું. આજ સુધી જે ભૂમિ અણગમતી લાગતી હતી, એના પર હૈયું ઠરવા લાગ્યું. ધરતીની મીઠી માયા લાગી. બાળકને નિશાળમાં શીખવવામાં આવ્યું કે ભૂમિ પણ આપણી માતા કહેવાય. બસ, પછી એને થયું કે આ જો મારી માતા હોય, તો એને ખોળે રહું. આ કદી ક્યાંય જશે નહીં. સદા સાથે રહેશે. વરસોડા ગામના વન-જંગલોથી વીંટળાયેલા અને સાબરમતી નદીની ઊંચી ભેખડ પર વસેલા એ નાના પણ સુખી ગામ વરસોડા સાથે બાળક ભીખાના હેતપ્રીતની ગાંઠ બંધાઈ.

(ક્રમશઃ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મોબાઇલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

---

# શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૫

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ

### પંચમ અધ્યાય : નીતિ યોગ

### (૫)

'શ્રી જૈન મહાવીર ગીતા'માં પાંચમો અધ્યાય નીતિયોગ છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'માં સૌથી અધિક શ્લોક આ પ્રકરણમાં છે. તેની શ્લોક સંખ્યા ૪૬૯ છે.

જૈન ધર્મની પ્રાચીનતા વિશે કહેવાનું આવે ત્યારે નિઃસંદેહ વિદ્વાનો હવે એમ કહે છે કે એ અતિ પ્રાચીન ધર્મ છે. પહેલા એમ કહેતા હતા કે જૈનધર્મ ઘણો પ્રાચીન નથી પણ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ વિદ્વજ્જનો કહેતા થયા કે જૈનધર્મ ઘણો અતિ પ્રાચીન છે. જૈન ધર્મની પરંપરા એમ માને છે કે જૈનધર્મની હયાતી આ પૃથ્વી પર અનાદિ કાળથી છે અને અનંતકાળ પર્યંત રહેશે : ઉત્સર્પિણી કાળ અને અવસર્પિણી કાળના બે વિરાટ તબક્કામાં, છ છ આરામાં પૃથ્વી પરના ભરત/ઐરાવત ક્ષેત્રમાં એક એવો સમય હોય છે કે જ્યારે કોઈ ધર્મ જ હોતો નથી પણ પુનઃ પુનઃ શ્રી તીર્થંકર પરમાત્માની પધરામણી થાય છે ને જૈન ધર્મની પુનઃ સ્થાપના થાય છે. યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી નીતિયોગના પ્રારંભમાં કહે છેઃ

सर्वागमा समापलम्ब्य् जैनधर्म प्रवर्तते ।
ऋषयाद्यैः कृता जैनधर्म सत्य प्रकारणा ।।
जीवाऽजीवादि तत्त्वानाम्रिष्टनेमिना कृता ।
व्याख्या कृष्णादि यक्तानामग्रे मुक्ति प्रदर्शिका ।।

(નીતિયોગ, શ્લોક ૧, ૨)

'જૈન ધર્મ બધા આગમોનો આશ્રય લઈને ચાલે છે. ઋષભદેવ વગેરેએ જૈનધર્મના સત્યનો પ્રચાર કરેલો છે. મુક્તિ આપનારી એવી જીવ/અજીવ તત્ત્વોની વ્યાખ્યા કૃષ્ણભક્તો સમક્ષ યરિષ્ટનેમિએ કરી છે.'

જૈનધર્મ માને છે કે વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ પ્રભુએ આ પૃથ્વી પર સૌને જીવન, કુટુંબ, સમાજ, રાષ્ટ્રના નીતિનિયમ શીખવ્યા. 'નીતિયોગ'ના વિશાળ ફલકને વૈશ્વિક કક્ષાએ મૂકવાનો પ્રારંભ કરતા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી પ્રથમ ગાથામાં જ શ્રી ઋષભદેવનો ઉલ્લેખ એ હેતુથી કરે છે કે 'નીતિયોગ'ની જે વ્યાખ્યા તેઓ સ્પષ્ટ કરવા ઈચ્છે છે જેની માંડણી તે સમયથી થઈ છે. બાવીશીમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિનો ઉલ્લેખ પણ એજ પ્રાચીનતાની પુષ્ટિના સંદર્ભમાં છે. નવતત્ત્વસ્વરૂપ જૈનધર્મની મંગળ વ્યાખ્યા શ્રી અરિષ્ટનેમિએ કરી એમ કહ્યા પછી નીતિયોગમાં કહે છેઃ

अरिष्टनेमिनाथेन सर्वदेशाः प्रबोधिताः ।
पाण्डव कौरवीयश्च युद्धं तत्समयेऽजनि ।।

(નીતિયોગ, શ્લોક ૪)

**'અરિષ્ટનેમિનાથે સર્વ દિશામાં તેનો ઉપદેશ કર્યો હતો, આ સમયે પાંડવ/કૌરવ વચ્ચે યુદ્ધ થયું હતું.'**

તે કાળે અને તે સમયે શ્રી ઋષભદેવના સમયથી અને ત્યારપછી પ્રસિદ્ધ મહાભારતકાળમાં પણ શ્રી અરિષ્ટનેમિનાથે નીતિધર્મની શિક્ષા-દીક્ષા સૌને આપી તે જ હું, મહાવીર સ્વામી, સૌને પુનઃ કહું છું-એ રીતે શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી નીતિયોગનો પ્રારંભ કરે છે.

જીવનના ઉત્થાન માટેની નીતિ, ન્યાય-અન્યાય માટેની નીતિ, રાષ્ટ્રના સંચાલન માટેની નીતિ, જૈન ધર્મની નીતિ, જૈન સંઘના સંચાલનની નીતિ, જૈનધર્મના રક્ષણની નીતિ, માતૃભાષા માટેની નીતિ, ઉંચ-નીચ જાતિના રિવાજોની નીતિ, સૂરિજનો દ્વારા ધર્મકથનની નીતિ, વેપાર વ્યવસ્થાની નીતિ, શક્તિની પ્રાપ્તિ માટેની નીતિ જેવા સંખ્યાબંધ ક્ષેત્રોની એક સાથે ચર્ચા 'નીતિયોગ'માં

નિહાળવા મળે છે. પરંતુ તે સમજાવતા પૂર્વે શ્રી મહાવીર સ્વામી કહે છે :

नीतिधर्मो मया प्रोक्ता नित्याऽनित्याः स्वरुपतः।

जैनाः श्रयन्ति तान्युक्ताः देशकालविवेकतः।।

(નીતિયોગ, શ્લોક ૮)

**'નિત્ય અને અનિત્ય સ્વરૂપવાળા નીતિધર્મો મેં કહ્યાં છે. જેનો દેશ અને કાળને આશ્રયીને વિવેકની મુક્તિપૂર્વક તેનો આશ્રય લે છે.'**

દ્રવ્ય, ક્ષેય, કાળ અને ભાવને આશ્રયીને સમયે સમયે જે જે પરિવર્તન આવ્યા તેમાંથી કોઈ બાકાત રહી શકે નહિ. અહીં પણ એજ સૂચન ઉપલબ્ધ થાય છે કે હવે જે નીતિયોગનું કથન થશે તે વિવેકની મુક્તિપૂર્વક સૌ માનશે અને તે પંથે ચાલશે.

નીતિયોગમાં દર્શાવાયેલ ધર્મોનો શો હેતુ છે તે વિશે ગ્રંથકાર સ્પષ્ટ છે. શ્રી મહાવીર વાણી સાંભળોઃ

**'સર્વ વિશ્વના હિત માટે તથા વ્યવસ્થા માટે વિવેક આપનાર, ધર્મના સામ્રાજ્યને વધારનાર નીતિધર્મો મેં કહ્યાં છે. દેશ અને કાળનો વિચાર કરીને ગૌણ તથા મુખ્યનો વિવેક કરીને સર્વશક્તિ વધારનાર હોય તે નીતિને જ અનુસરવું જોઇએ.'**

(નીતિયોગ, શ્લોક ૧૧, ૧૨, ૧૩)

પ્રામાણિકતા જીવનનો પાયો છે ને તેમાંથી જ ઉન્નતિ પ્રાપ્ત થાય છે. આજે સૌથી વધુ જરૂર ઈમાનદારીની ઉભી થઈ છે.દરેકને જલદી, ગમે તે રસ્તે શ્રીમંત થવું છે ને તે માટેના પ્રયત્નમાં સૌથી વધુ ભોગ પ્રામાણિકતાનો જ લેવાય છે. લોભ માનવી પાસે શું ન કરાવે? પિતા પુત્રને હણે, પુત્ર પિતાને હણે : મા પરિવારની ન રહે, સંતાનો માતાને હડે હડે કરે! પેલી જાણીતી ઉક્તિ છે ને કે માતાની ઝૂંપડીમાં પાંચ પુત્રો સમાય, પણ પાંચ પુત્રોના મહેલમાં એક મા ન સમાય! લોભને કારણે જ છેતરપિંડી થાય, લોભમાંથી જાતજાતના પ્રપંચ ઉભા થાય. દયા જેનો ધર્મ છે તેવો ડૉક્ટર સેમ્પલની દવા વેચીને દર્દીને લૂંટતો જોવા મળે. મજબૂત કન્સ્ટ્રક્શન કરવું જેની ફરજ છે તેવો બિલ્ડર હલકો માલ વાપરે, ગરીબ વ્યક્તિને સસ્તું અનાજ આપવું જેનું કાર્ય છે તેવો વેપારી બ્લેક માર્કેટમાં રેશનીંગનો માલ વેચી નાંખે, સ્કૂલમાં સરસ શિક્ષણ આપવું જેનું કર્તવ્ય છે તેવો શિક્ષક ટ્યૂશનના કલાસમાં જ ભણાવે–આ બધું શું છે? દૂધમાં પાણી ભેળવવું, પેટ્રોલમાં સોલવન્ટની ભેળસેળ કરવી, માલ ઓછો ભરીને વધુ પૈસા પડાવવા, અમલી ને નકલી ચોપડા રાખવા–આ બધું શું છે? ધર્મના નામે પૈસા પડાવવા, ટ્રસ્ટી બનીને પૈસાની ગોલમાલ કરવી, ઘાસચારાના પૈસા જ હજમ કરી જવા–આ બધું શું છે?

લોભનું લીસ્ટ ધારીએ તેટલું લાંબું કરી શકાય તેમ છે. લોભની વાતનો કોઈ અંત નથી. લોભને થોભ નથી. લોભને અટકાવે માત્ર એક જ ચીજ : સંતોષ. સંતોષની સખીનું નામ છે પ્રામાણિકતા.

**પ્રામાણિકતાથી વ્યવહાર કરવાથી સુખ પ્રાપ્ત થાય છે, વિજય મળે છે જ્યારે અપ્રમાણિકતાથી પરાજય મળે છે. અપ્રમાણિક લોકોનો વિશ્વાસ કરવો જોઈએ નહિ. લોકોનું કલ્યાણ કરનાર પ્રામાણિકતા એજ મોટો ધર્મ છે. અપ્રમાણિક વર્તન કરનાર લોકોની ઉન્નતિ થતી નથી, દેશ, રાજ્ય કે મહાસંઘમાં પ્રામાણ્ય એ પૂર્ણ શાંતિદાયક છે.'**

(નીતિયોગ, શ્લોક ૧૫, ૧૬, ૧૭)

આજકાલ કોઈનું લેવું અને પછી ન આપવું, પડાવી લેવું એ ફેશન બનવા માંડી છે. વચનની કિંમત જેવું જાણે રહ્યું જ નથી.

હવે શ્રી મહાવીર વાણી સાંભળોઃ

**'આપેલા વિશ્વાસનો ઘાત કરવો એ મહાપાપ છે.'**

(નીતિયોગ, શ્લોક ૨૩)

પ્રત્યેક ધર્મી માટે શ્રી દેન, ગુરુ અને ધર્મ તો શરણાધાર છે. તેની સદાય પૂજા, ભક્તિ, સેવા કરવા જોઈએ. જૈનધર્મમાં કોઈની પણ નિંદા પાપ ગણાય છે, વિધર્મીની પણ નિંદા ન થાય તો પોતાના પૂજ્ય એવા ધર્મની નિંદા તો કેમ થાય? ધર્મની નિંદાથી આપણે ધર્મથી તો દૂર થઈએ જ છીએ પણ જે ઉત્તમ પ્રાપ્તિ થઈ છે તેની શ્રદ્ધા ગુમાવીએ છીએ. સજ્જનો કોઈ પણ નિંદા કે ટીકાથી દૂર જ રહે છે કેમ કે તેનાથી મનની શાંતિ ખંડિત થાય છે. વાંચોઃ

**'મારી નિંદા કરનારા ગુરુ વગેરેની નિંદાના દોષને કારણે પાપકર્મના વિપાકથી નરાધમ બનીને નરકમાં પડે છે. જૈનધર્મની નિંદા કરનારા ધર્મઘાતકો છે. સાધુઓને દુઃખ આપનારા લોકો નરકમાં જનારા બને છે. પરસ્પર વિધર્મી હોય તેવા લોકોની પણ નિંદા કરવી જોઈએ નહિ. સત્યનો વિચાર કરીને હંમેશાં સત્યનો સ્વીકાર કરવો જોઈએ.'**

(નીતિયોગ, શ્લોક ૨૪, ૨૫, ૨૬)

માતા, પિતા કે માતૃભાષાનું મૂલ્ય ઘણું મોટું છે. ગ્રંથકાર તેમને યાદ કરે છેઃ

**હંમેશાં માતા પિતાની પૂર્ણભક્તિથી સેવા કરવી જોઈએ. તેમજ, કુટુંબ વગેરે પોતાના જ્ઞાતિબંધુઓની સહાયતા અને પાલન કરવા જોઇએ.'**

**'હમેશાં માતૃભાષાની સેવા કરવી જોઈએ. દેશ પ્રેમ રાખવો જોઈએ. ગુરુ વગેરેની પ્રેમપૂર્વક સેવા કરવી જોઈએ.'**

(નીતિયોગ, શ્લોક ૨૯, ૩૦).

વ્યસનની ભયંકરતાનો ખ્યાલ સૌને છે. જીવન, પરિવાર, સમાજ, રાષ્ટ્રના કલ્યાણ માટે વ્યસનમુક્ત સમાજનું નિર્માણકરવું જોઈએ. વ્યસનમાંથી ગરીબી, કુટુંબ કલેશ, કર્મબંધન અને ભવાંતરમાં દુઃખદ ભવભ્રમણ વગેરે કેવી મુશ્કેલી સર્જાય છે તે જ્ઞાનીઓ હંમેશાં કહે જ છે. આજકાલ ખાવા–પીવામાં દારૂ, માંસાહાર જે રીતે વધતા જાય છે તે માટે તમામ ધર્મપુરુષોએ ચેતીને સમાજને તેનાથી મુક્ત કરવા વિરાટ અભિયાન ચલાવવા જેવું છે. સુખી થવું હોય તો આ વિલાસોને છોડવા જ પડશે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં તે માટેના નિર્દેશ મળે છે :

**'જે દેશ ને જે સમાજમાં સુરાપાન થાય છે ત્યાં સાત્ત્વિક શક્તિનો વિનિપાત હજારો રીતે થાય છે.'**

**'સુરાપાનથી મહાન માણસો માટે નીચ બને છે અને નીચના સંગથી ધર્મના માર્ગથી ભ્રષ્ટ બને છે.'**

**'નિર્દય માણસો માંસને માટે પશુ પક્ષી વગેરેની હિંસા કરે છે. તેઓ હિંસાના પાપવાળા થવાથી ચારિત્ર પામતા નથી.'**

**મનુષ્યોએ જાણી લેવું જોઈએ કે જ્યાં હિંસા થાય છે ત્યાં હું (પ્રભુ, ધર્મ, સુખ) હોતો નથી.** (નીતિયોગ, શ્લોક ૫૯, ૬૦,૬૧, ૬૨)

અનીતિની જેમ જ અન્યાયનું પ્રાધાન્ય પણ વધી રહ્યું છે. ચોરી લેવું, બીજાને નીચે પાડી મોટા થવું, બીજાના સુખને જોઈ દુઃખી થવું વગેરે ઘટનાઓ ચારે તરફ પુષ્કળ પ્રમાણમાં બનવા માંડી છે. આ બધાથી છેવટ શું થાય છે? અનેક આપત્તિ, સંકટ, ઉપાધિ, ખડાં થાય છે. 'શ્રી મહાવીર જૈન ગીતા'માં 'નીતિયોગ'માં તે દિશામાં જે નિર્દેશ મળે છે તે વાંચીએ છીએ ત્યારે આપણું આજકાલનું વિશ્વ જે રીતે દુઃખી, દુઃખી છે તે જોઈને બધું હસ્તકમલવત્ સ્પષ્ટ થઈ જાય છે. આ શ્લોકાર્થમાંથી મળતો નિર્દેશ ભવિષ્યની આગાહી સમાન જણાય છે.

**'જે દેશ, સમાજ, રાષ્ટ્ર અને સંઘમાં ધાર્મિકતા નથી અને અન્યાય વગેરે મહાદોષો રહેલા છે ત્યાં કરોડો વિપત્તિ રહે છે. જ્યાં અન્યાયી રાજા હોય છે ત્યાં લોકોને ખૂબ દુઃખ પડે છે. જ્યાં દુષ્ટ પ્રજા રહે છે ત્યાં સર્વત્ર દુષ્કાળનો ભય રહે છે. જ્યાં લોકો ધર્મકાર્યોનો નાશ કરનારા, સાધુઓના વિરોધી, દુષ્ટો અને મહાપાપી હોય કે ત્યાં રોગો પણ સ્થિર નિવાસ કરે છે.'** (નીતિયોગ, શ્લોક ૬૮, ૬૯, ૭૦)

આ શ્લોકોમાં કહેવાયેલી વિગત અક્ષરસઃ સાચી નથી?

આજે સર્વત્ર દારૂપાન drinks કેટલું બધું વધી ગયું છે?

અન્યાય આજના જીવનમાં કેટલો વણાઈ ગયો છે?

પ્રજા અને સરકાર કેટલી બધી હિંસા વધારી રહ્યાં છે?

અનીતિ વિના સુખી નહિ જ થવાય તેવું વાતાવરણ જામી ગયું છે.

ભેળસેળ અને દગો એ આજનું જીવનધોરણ બની ગયું છે.

ન્યાયના મંદિરોમાં ન્યાયનું શાસન છે?

ન્યાય મેળવવો કેટલો મુશ્કેલ, ખર્ચાળ, લાગવગથી યુક્ત બની ગયો છે?

ભણતર વધે છે પણ તેમાંથી વિનય-વિવેક વધ્યાં કે વિલાસ વધ્યો ?

પ્રજા તથા રાજકીય નેતાઓમાં ભ્રષ્ટાચાર કેટલો બધો વધી ગયો છે ?

આવા આવા અનેક દુર્ગુણો જીવનમાં વણાઈ ગયા પછી જીવનમાં પ્રગટ થાય?

- કરોડો આફતો
- લીલા કે સૂકા દુકાળ
- રાષ્ટ્રીય યુદ્ધો
- પ્રાદેશિક તોફાનો
- રાજકીય પરિતાપ
- સામાજિક કલહ
- કૌટુંબિક કલેશ
- પરસ્પર અવિશ્વાસ
- રોગોનો વસવાટ

આજે આપણી ચારે તરફ શું છે? અશાંતિ, હિંસા, આતંકવાદ, યુદ્ધના ભણકારા, મંદીનું તાંડવ અને વિનાશક રોગોની અસર : આ બધામાંથી છૂટવાનો પ્રયત્ન સમગ્ર વિશ્વએ કરવો પડશે. એવી નીતિ ઉભી કરવી પડશે જેને પૂર્વસૂરિઓ ધર્મનીતિ કહે છે.

શ્રી મહાવીર વાણી સાંભળોઃ

**'જ્યાં સાધુ પુરુષોનું દાન, સન્માન વગેરે દ્વારા સત્કાર થાય છે, તે દેશ અને સમાજમાં શ્રી, ધૃતિ, કીર્તિ અને કાન્તિ હોય છે.'**

**'જે દેશમાં, સદાચાર હોય છે, લોકો સદ્વિચારવાળા હોય છે, ત્યાં વૃષ્ટિ વગેરે થાય છે અને તેનાથી શાંતિ, યોગ, ક્ષેમ, સુખ વગેર મળે છે.'**

**'જે દેશમાં, સમાજમાં, જ્ઞાતિમાં લોકો નિર્વ્યસની હોય છે ત્યાં સંપત્તિ, સુખ, દાનવીરો અને શૂરવીરો પ્રકટ થાય છે.'**

**'જે દેશમાં ત્યાગીઓની, જ્ઞાનીઓની, ખાસ કરીને યોગીઓની પૂજા તથા સત્કાર થાય છે ત્યાં ધર્મ ચોક્કસ રહે છે.'**

**'જે દેશમાં ભૂખ્યાં માણસોને અન્નદાન, સહાયતા વગેરે આપવામાં આવે છે ત્યાં મારા પ્રભાવથી લક્ષ્મી નિવાસ કરે છે.'**

(નીતિયોગ, શ્લોક ૭૬, ૭૭, ૭૮, ૭૯, ૮૦)

સાંપ્રત સમયમાં માનવીય સંવેદનાની કટોકટી ઉભી થઈ છે. સમગ્ર દુનિયા દુઃખમાં વ્યાકુળ છે. આજની દુનિયાએ બેમાંથી એક વસ્તુ પસંદ કરી લેવી પડશે, સંયમ અથવા વિનાશ. સૌ પોતાની જાતે, પોતાના જીવનને સંસ્કારથી અને સંયમથી ઉજ્જવળ બનાવે. મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કરૂણાના ભાવથી સૌ જીવો સાથે એકાત્મતા કેળવે. તો, આજે વિનાશના આરે ઉભેલું વિશ્વ ઉગરી શકે. નહિ તો વિનાશ છે જ. ગુણો નહિ કેળવીએ તો વિનાશ આપણી સામે જ છે.

જૈન ધર્મ જ એવો ધર્મ છે કે જેણે જ્ઞાતિ ભેદના બંધન તોડ્યા. જૈન ધર્મના નિયમ પાળવાની જેની સંપૂર્ણ તૈયારી હોય તેવી કોઈપણ જ્ઞાતિની વ્યક્તિ દીક્ષા લઈ શકે છે. આ એક ક્રાન્તિકારી ઘટના છે. વ્યક્તિ સંસ્કારથી, ગુણથી મહાન બને છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'માં જુઓઃ **'કર્મની (વર્ણની) ઉચ્ચતા કે નીચતા તાત્ત્વિક રીતે હોતી નથી, બધા જ વર્ણમાં મને જોનાર (ભજનાર) મહાન બને છે.'**

(નીતિયોગ, શ્લોક ૧૩૭)

સંસ્કાર ઘડતર નાનપણથી જ કરવું જોઈએ. નિયમબદ્ધ જિંદગીનું મૂલ્ય ઘણું મોટું છે. બાળવયમાં, યુવાનીમાં અને ઘડપણમાં આપણો સાથી સંસ્કાર જ હોય છે. નાનપણમાં તાલીમબદ્ધ ઘડતર થવું જોઈએ, બ્રહ્મચર્યયુક્ત વિકાસ પામવો જોઈએ અને તે માટે ગુરુકુળ ખડું કરવું જોઈએ તેનો ઉપદેશ આ શ્લોકમાં મળે છેઃ **'વિદ્યાપીઠ જેવા બ્રહ્મચર્યાશ્રમ ખડાં કરવા જોઈએ અને દેશ, કાળ અનુસાર તેની વ્યવસ્થા કરી જોઇએ.'**

(નીતિયોગ, શ્લોક ૧૪૫)

જૈનધર્મમાં સાધુ ધર્મ (સર્વ વિરતિ ધર્મ) અને અને ગૃહસ્થ ધર્મ (દેશ વિરતિ ધર્મ) એમ બે પ્રકારે ધર્મ પાલનના પંથ નિરૂપાયા છે. જે સર્વથા ત્યાગ કરે છે તેવા સર્વ વિરતિધરો તો સૌથી મહાન છે જ પણ જે હજી સર્વ ત્યાગ કરી શક્યા નથી તેવા દેશ વિરતિધરોના માટે ગૃહસ્થ ધર્મનું પાલન યથાયોગ્ય સ્વરૂપે કરવું જોઈએ અને ક્રમબદ્ધ વિકાસ કરતા કરતા સર્વ ત્યાગ સુધી પહોંચવું જોઈએ. ગૃહસ્થ જીવન પણ ઉત્તમ સ્વરૂપે જીવીને મહાન બનવાના પંથે જઈ શકાય. '(શ્રી જૈન મહાવીર ગીતા'માં જુઓઃ

**'જ્યારે ગૃહસ્થોમાં વૈરાગ્યની પરિપક્વતા થાય છે ત્યારે જ ત્યાગની યોગ્યતા આવે છે. નહિતર તો ગૃહસ્થોની યોગ્યતા ગૃહકાર્યમાં જ છે. ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે. ગૃહજીવનની શક્તિ વડે શ્રેષ્ઠ છે. જ્ઞાન અને વૈરાગ્યના પરિપાક માટે ધર્મ જેનું મૂળ છે એવો ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે. (સંસારી) સ્ત્રી અને પુરુષ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરીને ગૃહસ્થી બનીને પછી ત્યાગી બને છે. ગૃહસ્થ ધર્મી લોકોનો આ ક્રમ છે.'**

(નીતિયોગ શ્લોક ૧૪૯, ૧૫૦, ૧૫૧)

યજ્ઞની વ્યાખ્યા પણ 'શ્રી જૈન મહાવીર ગીતા'માં ગ્રંથકાર મૂકે છેઃ

**'સર્વ વિશ્વની વ્યવસ્થા માટે જે જે ઉપાયો કરી શકાય તેમાં સારા વિચારની પ્રવૃત્તિ અને ધાર્મિક ઉપાય તે મહાયજ્ઞ છે. કર્મયોગ મહાયજ્ઞ છે. જ્ઞાનયોગ તેનાથી શ્રેષ્ઠ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે (સાધના દ્વારા) પણ શુભ યજ્ઞો છે. ધાર્મિક લોકોને સહાય કરવી એ પાપ માર્ગના નિવારણનું કાર્ય છે. 'આવશ્યક કાર્યો (સામાયિક, ચતુર્વિશતિ સ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાઉસગ્ગ, પચ્ચક્ખાણ) રૂપી યજ્ઞો મોક્ષ આપનારા છે.'**

(નીતિ યોગ શ્લોક ૧૯૮, ૧૯૯, ૨૦૦)

'સોબત તેવી અસર' જેવી જૂની કહેવત જેણે સાંભળી હશે તેને ખ્યાલ હશે કે 'સંગ'નું કેટલું બધું મહત્ત્વ તેમાંથી વ્યક્ત થાય છે. જીવનમાં અનેકનો સંગ સૌને થાય છે. સારા લોકોનો, ખરાબ લોકોનો–જેવો સંપર્ક થાય તેનો પ્રભાવ જીવનમાં ઓછે-વત્તે અંશે પડે જ છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી પોતાના પ્રત્યેક કથનમાં જીવનની ઉન્નતિ, ખુમારી, ઉચ્ચાદર્શ ઇત્યાદિનો સતત ઉપદેશ આપતા હોય છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'માં કહે છેઃ

**'મારા ભક્તોએ સજ્જનોના સંગ દ્વારા સદ્‌ગુણો પ્રાપ્ત કરવા જોઈએ, દુષ્ટલોકોનો વિશ્વાસ કરવો જોઈએ નહિ અને પોતાની (તેનાથી) રક્ષા કરવી જોઈએ. સજ્જનો સામે પ્રયત્નપૂર્વક લઘુતાભાવ ધારણ કરવો જોઈએ, પોતાની શક્તિથી દુષ્ટ લોકો સામે પોતાના મહત્ત્વની રક્ષા કરવી જોઈએ.'** (નીતિયોગ, શ્લોક ૨૩૧, ૨૩૨)

ધાર્મિક વ્યક્તિત્વ જીવનનો અંતિમ હેતુ આત્મસાધના, આત્મશુદ્ધિ, આત્મકલ્યાણ જ હોય છે. શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરીશ્વરજીએ પોતાના તમામ લેખનમાં આ વિશે સતત ચિંતન, મનન, પ્રરૂપણ કર્યું છે. શ્રી મહાવીર વાણી સાંભળોઃ

**મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ, કારુણ્ય–આ શુભ ભાવનાઓ છે. ધર્મીજનોએ તે ભાવના ભાવવી જોઈએ, કારણ કે તેનાથી આત્મશુદ્ધિ પ્રાપ્ત થાય છે. હંમેશાં વ્યવહારમાં (પણ) મૈત્રી વગેરે શુભભાવના રાખવી જોઈએ. કેમકે તેનાથી પરમ પદને પમાય છે. (અને) જેનો આત્મા મૈત્રી વગેરે ભાવનાના ગુણવાળો હોય છે તે આ પૃથ્વી પર મહાન જગદ્‌ગુરુ સ્વરૂપ બને છે.'**

(નીતિયોગ, શ્લોક ૨૪૫, ૨૪૬, ૨૪૭)

જીવનમાં પ્રત્યેક મિનિટ કિંમતી છે. ભગવાન મહાવીરે પ્રમાદ છોડીને સાધના કરવી તેવો ઉપદેશ વારંવાર આપ્યો છે. એક સેનાપતિ માત્ર એક જ મિનિટ ચૂકે તો આખું યુદ્ધ હારી જતો હોય છે. અહીં એજ પ્રેરણા સંપ્રાપ્ત થાય છે. **'આળસ એ દુઃખદાયક શત્રુ છે. તેને આત્મશક્તિપૂર્વક જીતવી જોઈએ. અપ્રમાદથી મોક્ષ મળે છે. જ્યારે પ્રમાદથી સંસાર મળે છે. હે લોકો, નિંદ્રા છોડીને, મારા આશ્રયે આવીને શુભ કર્મો કરો અને દુષ્કૃત્યોનો ત્યાગ કરીને અક્ષય પદને પામો.'**

(નીતિયોગ, શ્લોક ૨૪૯, ૨૫૦)

થોડાંક શ્લોકાર્થ જોઈએઃ

**'દુષ્ટ માણસોનો પક્ષ ત્યજીને ધાર્મિક માણસોનો પક્ષ તમારે લેવો. બધામાં હું રહેલો છું, એમ જાણીને તમે ગુણવાન બનો.'** (ગાથા, ૨૫૧)

**'કલિયુગમાં સંઘોમાં યોગ્ય રાગ–પ્રેમ હોય તો તે સર્વ પાપનો નાશ કરે છે. આથી જૈનોમાં પ્રેમભાવના હોવી તે મારી ભક્તિ બરોબર જ છે.'** (ગાથા, ૨૫૫)

**'જૈનોની સંખ્યામાં વૃદ્ધિ કરવાથી મારી ભક્તિ થાય છે. તેમાં સર્વસ્વ અર્પણ કરનારા શિઘ્ર મારા પદને પામે છે.'** (ગાથા, ૨૫૮)

**'જૈનોએ વિદ્યાલય વગેરે તૈયાર કરીને હંમેશાં વિદ્યા વૃદ્ધિ કરવી જોઈએ. કલિયુગમાં વિદ્યા વડે શૂદ્રોમાં પણ શક્તિ ઉત્પન્ન થાય છે.** (ગાથા, ૨૬૨)

**'કલિયુગમાં હંમેશાં બધા પ્રયત્નો દ્વારા સંઘની એકતા જાળવી રાખવી જોઈએ. સંઘની એકતાથી જ જૈનોની મહત્તા વિશ્વમાં વધે છે. દરેક વર્ષે મહાસંઘનું સંમેલન કરવું જોઈએ, અને જનસંખ્યાની વૃદ્ધિ માટે યોગ્ય**

**કર્મ કરવું જોઇએ.'** (ગાથા, ૨૬૩ અને ૨૬૬)

**'શક્તિદાયક મંત્રો, રહસ્યપૂર્ણ મંત્રો અને વ્યવહાર વડે જૈનધર્મની ઉન્નતિ સાધવી જોઈએ. જૈન ધર્મની વૃદ્ધિ માટે સર્વ મંત્ર, યંત્ર, તંત્ર વગેરેનો ઉપયોગ લોકોએ પોતાની શક્તિ–સામર્થ્યપૂર્વક કરવો જોઈએ.'** (ગાથા, ૩૧૦, ૩૧૧)

**'જો જૈન બીજા ધર્મમાં જાય તો તે જૈન સંઘ માટે શોકજનક છે. ધર્મના (માત્ર) અભિમાનથી તીર્થનો નાશ થાય છે. તેવા સમયે જૈન મહાસંઘની પ્રગતિ માટે પ્રયત્ન કરવો જોઈએ. યોગ, સત્તા વગેરે સાધનો વડે સર્વ સંઘોએ પ્રવૃત્તિ કરવી જોઈએ. ઉપદેશ, સહાય, શક્તિ વગેરે પ્રયત્નોથી અન્ય ધર્મમાં ગયેલા જૈનોને પ્રાયશ્ચિત વડે જૈન ધર્મમાં પાછા સ્વીકારવા જોઈએ.** (ગાથા, ૩૧૪, ૩૧૫ ૩૧૬)

**'જે જે સમયે જે જે પરિવર્તનો કરવા યોગ્ય હોય તે તે ધર્મ, આચાર, વિચાર, રાજ્ય વગેરેમાં યોગ્ય રીતે કરવા જોઈએ. સર્વત્ર નીતિયોગના જૈનધર્મના પ્રચારમાં બધી જાતના ઉપાયો આપત્કાલમાં પણ કરવા જોઈએ.'** (ગાથા, ૩૨૪, ૩૨૫).

**'જૈનોએ પરસ્પર યુદ્ધ કરીને એકબીજાનો દ્રોહ કરવો જોઈએ નહિ. જૈનોનો વિરોધ કરનારા જૈનો મારા પદને પામતા નથી.'** (ગાથા, ૩૩૧)

**'ધર્મીજનો પશ્ચાત્તાપ કરવાથી નિર્દોષ બને છે, અને પ્રતિક્રમણ વગેરે દ્વારા તેમના દોષોનો નાથ થાય છે.** (ગાથા, ૩૬૫)

**'જૈન શાસન શાંતિ અને શ્રેષ્ઠતા આપનારું છે. તે સર્વ ધર્મના લોકોને પણ શાંતિ આપે છે.'** (ગાથા, ૩૭૮)

**જૈન ધર્મના પ્રચાર માટે અને વિદ્યાવ્યાપારની વૃદ્ધિ માટે સમુદ્ર પાર જવું જોઈએ. બીજા દ્વીપોમાં અને ખંડોમાં સર્વ જાતિના પ્રબંધ વડે જૈન ધર્મના પ્રચાર માટે ધર્મોપદેશકો મોકલવા જોઈએ.** (ગાથા, ૩૮૫, ૩૮૬)

**'ગૃહસ્થ નર–નારીઓ માટે સેવા એ સનાતન ધર્મ છે. ઘરે આવેલાનો ભોજન વગેરે દ્વારા પ્રેમપૂર્વક સત્કાર કરવો જોઈએ. ગુરુજનોના સેવા, સત્કાર અને ભક્તિ પ્રેમપૂર્વક કરવા જોઈએ. ખાસ કરીને ત્યાગીજનોની સેવા આત્મભોગ આપીને પણ કરવી જોઈએ.'** (ગાથા ૩૯૧, ૩૯૨)

**'જૈનોએ પરસ્પર નમન કરવા જોઈએ, (જય જિનેન્દ્ર કહેવું જોઈએ) પરસ્પર વ્યવહાર રાખવો જોઈએ. સર્વ જૈનોએ કદી પરસ્પર નિંદા કરવી જોઈએ નહિ, સર્વ જીવો પરમેશ્વર સમાન છે.'**

**'સાધુઓએ પરસ્પર નમન કરી હાથ જોડવા જોઈએ (મત્થએણ વંદામિ કહેવું જોઈએ.) બાહ્ય ક્રિયા જુદી હોવા છતાં સૌમાં બ્રહ્મ રહેલ છે.'** (ગાથા, ૪૦૨, ૪૦૩)

**ઘોર પાપ કરનારાઓ પણ મારા સ્વરૂપમાં લીન થાય અને મારા નામના મંત્રનો જપ કરે તો તરત જ શુદ્ધ થાય છે. ભિન્ન ભિન્ન ક્રિયા અને મતવાળા લોકો મને પૂર્ણ પ્રેમથી, ભક્તિથી એકવાર પણ નમસ્કાર કરે તો પણ સંસાર સાગર પાર તરી જાય છે.** (ગાથા, ૪૨૦, ૪૨૧)

**'જે લોકો જુદા જુદા ગણવાળા (ભિન્ન ભિન્ન ગચ્છ કે સંપ્રદાયના) મુનિઓનો દ્વેષ (કે નિંદા) કરે છે તેઓ વસ્તુમાત્રથી મારા રહસ્યને જાણતા નથી.'** (ગાથા, ૪૩૪)

**વસ્ત્ર કે ક્રિયા વગેરેના ભેદથી ભેદ કરવો જોઈએ નહિ. બધા ગચ્છના જૈનો અંતરાત્માથી તો નિર્ગચ્છ છે. સર્વ ગચ્છના જૈનોને જેઓ મારા સમાન જુએ છે અને કોઈ ભેદ જોતા નથી તે જૈનો મને પામે છે. ગચ્છની ક્રિયાઓમાં હું વાસ્તવિક રીતે રહેતો નથી. હું તો શ્રદ્ધા અને ભક્તિથી સર્વ જૈનોમાં રહેલો છું.'** (ગાથા, ૪૪૫, ૪૪૬, ૪૪૭)

'શ્રી જૈન મહાવીર ગીતા'નો નીતિયોગ રાષ્ટ્ર, દેશકાળ, સાધુઓ અને ગૃહસ્થો, વિદ્યાભ્યાસ, સંઘની એકતા અને સંઘની અભિવૃદ્ધિ, પરસ્પર સંપ વગેરે અનેક દિશા તરફ આપણને નિર્દેશ કરીને વ્યવહારકુશળ અને સમયજ્ઞ બનવા પ્રત્યે ધ્યાન દોરે છે. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી હંમેશાં ઇચ્છતા હતા કે પ્રત્યેક જૈન, જૈન સંઘ, અત્યંત પ્રભાવશાળી, શક્તિવંત અને સમર્થ હોવા જોઈએ. જૈન સંઘની અભિવૃદ્ધિ માટે તેમણે અનેક સૂચનો 'શ્રી જૈન મહાવીર ગીતા'માં અને નેપોતાના અન્ય ગ્રંથોમાં હંમેશાં કર્યા છે. ધ્યાન સાધના, પ્રવચન, લેખન, સતત વિહાર, તીર્થ સ્થાપના, વિદ્યાલયોની સ્થાપના આદિ અનેકવિધ પ્રવૃત્તિ દ્વારા નિત્ય અપ્રમત્ત જીવન જીવતા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી પ્રખર કાન્તદર્શી આચાર્ય ભગવંત છે. નયસાપેક્ષ દૃષ્ટિથી જ્યારે પણ આ ગ્રંથનું અધ્યયન અધ્યયન કરીએ છીએ ત્યારે જૈનધર્મની વિરાટતાના મૂળ કેટલાં ઉંડા છે તે સમજાય છે. માત્ર ઇતિહાસ વાંચીને ખુશ થઈએ કે જૈનો કેટલા મહાન હતા તે ન ચાલે, મહાન બનવાના પંથે સ્વયં ચાલવું અને મહાન બનવું એમાં જ જીવનનું ગૌરવ છે. ભવિષ્ય તરફ દૃષ્ટિ રાખીને ચાલીએ ત્યારે જ ઉન્નતિના નવા નવા શિખરો સાંપડે. હિમાલય પરથી પટકાતી ગંગાનો વિરાટ ધોધ સમુદ્રના અમાપ મિલનને ઝંખે છે તે તેનું ગૌરવ છે. મનુષ્ય ભવ પામ્યા પછી ઉત્તમ શ્રાવક જીવન જીવીએ, શ્રેષ્ઠ સાધુ બનીએ, સંઘનો નવો ઉચ્ચ આદર્શ સ્થાપીએ અને આવતી કાલના જૈનો માટે એક યશવાન સમયની સ્થાપના કરીએ એ આપણું ગૌરવ છે. એ આ ગ્રંથની પ્રેરણા છે.

**(ક્રમશઃ)**

(નોંધ : બીજા 'પ્રેમયોગ'માં ઉલ્લેખ કરેલો કે તેની શ્લોક સંખ્યા સૌથી વધુ છે, પણ તે ભૂલ છેઃ પાંચમા અધ્યાય 'નીતિયોગ'ની શ્લોક સંખ્યા વધુ છે. – લેખક)

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ,
C/o. અનંત ચશ્માઘર,
મનીષ હૉલ પાસે,
અંકુર રોડ, નારણપુરા,
અમદાવાદ–૩૮૦૦૧૩.

# સર્જન સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **સમય સ્પર્શ**
**લેખક : પ્રીતિ શાહ**
**પ્રકાશક : કુસુમ પ્રકાશન,**
૨૨૨, સર્વોદય કોમર્શિયલ સેન્ટર, રિલીફ સિનેમા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન નં. ૨૫૫૦૧૮૩૨.
મૂલ્ય-રૂ. ૧૮૦/-, પાના : ૨૨૨, આવૃત્તિ-૧. સપ્ટેમ્બર-૨૦૦૮.

'નવચેતન' માસિકના સંપાદક તરીકે પ્રીતિબેન શાહે લખેલા અને 'સમયનો સ્પર્શ'માં સંઘરેલા લેખોનો આ સંગ્રહ જે સમયનો સ્પર્શ કરે છે તે એકવીસમી સદીના પ્રથમ દાયકાનો છે. આ લેખોમાં પ્રવર્તમાન સમયની રાષ્ટ્રીય, આંતર-રાષ્ટ્રીય ઘટનાઓ, ધર્મ, સમાજ, શિક્ષણ અને સાહિત્યની ગતિવિધિઓનું આલેખન જોવા મળે છે. સમૂહ માધ્યમના જુદાં જુદાં પાસાઓની વિગતે છણાવટ કરી છે.

આ પુસ્તકમાં બનતા બનાવો વિશેની ચર્ચા કરવામાં આવી છે. ભારતીય જનજીવનમાં મૂલ્યોને અને સંસ્કાર વારસાને કેન્દ્રમાં રાખી આપણી સામાજિક, રાજકીય, આર્થિક એવી સમસ્યાઓ વિશે ચર્ચા કરી છે.

આ પુસ્તકનું નામ 'સમયનો સ્પર્શ' જેટલું સૂચક છે તેવું જ પુસ્તકમાં સંઘરેલા લેખોના મથાળાઓનું છે.

સંપાદકની કલમે દેશ અને દુનિયાના પ્રશ્નો વિશેની જાગ્રત ચિંતા ઘણી જગ્યાએ ઉપસી આવે છે. એકવીસમી સદીના પ્રથમ દાયકામાં જે ધરખમ પરિવર્તન આવ્યું તેનું વિશ્લેષણ આ લેખ સંગ્રહમાં મળે છે. પ્રીતિબેનના ચિંતનના પરિપાક સમું આ પુસ્તક એના વિષયોનો વ્યાપ એમની વ્યાપક વાંચન સૃષ્ટિનો પરિચય આપે છે. અને એની છણાવટ એમની ઊંડી અભ્યાસશીલતાની પ્રતીતિ કરાવે છે.

સંપાદકીય લેખોનો આ સંગ્રહ સાહિત્ય પ્રેમીઓ અને પત્રકારો માટે મૂલ્યવાન છે અને આવનારા સમયને ઓળખવાની મૌલિક દૃષ્ટિ પૂરી પાડે તેમ છે.

XXX

પુસ્તકનું નામ : **શ્રુત સરિતા (પત્રાવલિ સહિત)**
**લેખક અને સંકલનકાર : રજનીભાઈ ચુનીલાલ શાહ** (U.S.A.)
**પ્રકાશક : નરેન્દ્ર મૂળચંદ શાહ,**

**પ્રાપ્તિ સ્થાન : (૧) નરેન્દ્ર મૂળચંદ શાહ,**
૨૫, ગૌતમધન, દાદાભાઈ રોડ (કચ્છી ચાલ), વિલેપારલે વેસ્ટ, મુંબઈ.
(૨) **રજનીભાઈ ચુનીલાલ શાહ,**
20, Brent Wood Lane,
Cranbory, New Jersey-08512
Telephone : 609-716-0009
મૂલ્ય-અભ્યાસ અધ્યયન આરાધન,
પાના : ૪૪૮, આવૃત્તિ-૧, ૨૦૦૮.

આ પુસ્તક (ગ્રંથ)ના લેખક રજનીભાઈ ઈ. સ. ૧૯૯૧માં ભારત છોડી અમેરિકા ગયા. ભારતમાં અનેક સાધુભગવંતોના સાન્નિધ્યમાં મૌલિક સિદ્ધાન્તોનો તેમ જ શાસ્ત્રોનો અભ્યાસ તેમણે કરેલો. તેથી અંતરમાં અંકાયેલો હતો. અમેરિકાના વિવિધ સંઘોમાં સ્વાધ્યાય કરાવવા માટે તેઓ છેલ્લા પંદર વર્ષથી કાર્યરત છે. જૈન તત્ત્વજ્ઞાનને પામવા માટેના પ્રવેશદ્વાર જેવા વિષયો પર સ્વાધ્યાય તેઓ કરાવે છે. તેઓએ એવા વિષયો પસંદ કર્યા છે જે જિનશાસન પ્રત્યે દૃઢ અનુરાગ પ્રગટાવવામાં આલંબનરૂપ બને, રત્નત્રયી-પ્રાપ્તિના માર્ગમાં ઉત્કૃષ્ટ સાધન બને. રત્નત્રયીના જિજ્ઞાસુ આત્માઓને સાધનો પૂરા પાડવાનું કાર્ય રજનીભાઈએ કર્યું છે. તેમણે કરેલા શાસ્ત્રદોહન અને સંકલન બે ભાગમાં મૂક્યા છે. પ્રથમ ભાગ શ્રુતસરિતા જેના ૨૭ પ્રબંધ છે જે એક સાધુના ગુણસૂચક છે અને સૌને માટે પ્રેરણારૂપ છે. બીજો ભાગ પત્રાવલિનો છે. જેનો આંક ૯૦ છે. એ પત્રો વ્યક્તિ વિશેષ કે પ્રસંગને અનુરૂપ લખાય છે. તેમાં પણ જીવનદૃષ્ટિ વિષયક આત્મોન્નતિનો બોધ મળે તેમ છે.

અંતમાં લેખક લખે છે.

'આ પુસ્તક તમારા વરદ્ હસ્તમાં આવે ત્યારે તેને સૌ વધાવજો, વાંચજો, વિચારજો, આચરજો, આત્માશ્રેય સાધજો, સાથે જગતના કલ્યાણની ભાવના કરજો. આનંદ હો મંગળ હો.'

XXX

પુસ્તકનું નામ : **સૌંદર્ય તન મનનું**
**લેખક : સુવર્ણા જૈન**
**પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન : સુવર્ણા જૈન,**
૨૫૦૧, મોન્ટ્રીઅલ ટાવર, બિલ્ડીંગ નં. ૩૧, ૨૫ મે માળે, શાસ્ત્રીનગર, લોખંડવાલા કોમ્પ્લેક્સ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૩.
મૂલ્ય-રૂા. ૧૦૦/- ભારતમાં, ૨૦ ડોલર વિદેશમાં. પાના : ૧૯૦, આવૃત્તિ-૧.

વિજ્ઞાન, કાયદો, જૈન દર્શન, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કાવ્ય, ચિત્રકલા, યોગ, પ્રેક્ષાધ્યાન વગેરે વિષયોમાં જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે એવા જિજ્ઞાસુ સુવર્ણા જૈનના આ લેખ સંગ્રહમાં સર્વના જીવનને સ્પર્શ કરતા અનેક પાસાઓનું સરસ અને રસપ્રદ આલેખન છે.

યુનિવર્સમાં કોઈપણ દ્રવ્ય કે પદાર્થ, તરંગ, કિરણ, પંચતત્ત્વોમાંથી કોઈપણ એક કે એકથી વધારેનું મિશ્રણ હોય છે. કોઈપણ વસ્તુ જે આપણા વાતાવરણની આસપાસ છે, આપણા તન અને મન પર અસર કરે છે. વિદ્વાનો, વિજ્ઞાનીઓ, ઋષિ, મુનીઓએ પોતાના અનુભવ અને જ્ઞાનથી પ્રયોગ કરી યોગ, એક્યુપ્રેશર, રત્ન, રંગ, ફૂલ, જડીબુટ્ટી વગેરેથી થતી ચિકિત્સાનું આપણને મળે તેવું આલેખન આ પુસ્તકમાં કરવાનો પ્રયત્ન કર્યો છે.

XXX

બી/૪૨, દયાનંદ સોસાયટી,એ/૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : ૨૨૯૨૩૭૫૪

## 'જૈન સાહિત્યમાં નારીનું પ્રદાન'

હંસાબેન ઉ. ગાલા **'જૈન સાહિત્યમાં નારીનું પ્રદાન'** એ વિષય પર માનનીય વિદૂષી ડૉ. કલાબેન શાહના માર્ગદર્શનમાં મુંબઈ યુનિવર્સિટીમાંથી Ph.D.ની પદવી માટે સંશોધન કાર્ય કરી રહ્યા છે. જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યના ક્ષેત્રમાં જે કોઈપણ સંપ્રદાયમાં સાધ્વી ભગવંતો તથા જૈન-જૈનેતર સન્નારીઓએ કરેલ રચનાઓ અથવા પ્રકાશનો નીચેના સરનામે મોકલવા-જાણ કરવા વિનંતી છે. આ માહિતી શોધ નિબંધ માટે અતિ મહત્ત્વની અને ઉપયોગી બની રહેશે.

સરનામું :
**હંસાબેન ઉમરશી ગાલા**
૬૦૧, આવિષ્કાર ઈમ્પ્રેસ, ચિતલે પથ, પોર્તુગીઝ ચર્ચની પાછળ, દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૮.
ફોન : ૬૫૨૯૬૯૩૦

## પંથ પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

એણે માનવતાને મંડિત વિચારોને આચરણમાં મૂક્યો હોય તે જરૂર આ ધરતી ઉપર મહામાનવની ગણનામાં આવે છે. કાર્ય મહત્ત્વનું છે, પરંતુ એ કાર્યમાં એમણે પોતાના અંતરના અવાજને માનવીય મહોર લગાવી હોય તો એના જેવું પુણ્યનું કામ ક્યાં હોઈ શકે? સ્વર્ગ અને નરકની ભાવનાનો ચિતાર સૌ કોઈને ધરતી ઉપર મળી રહે છે. ત્યાં જાત–પ્રાંત ધર્મ, લિંગ, ભેદ કે રંગભેદની ભાવના ભૂંસાઈ જાય છે.

સાસણગીરની મજા માણી અમે એટલે હું–મારી ધર્મપત્ની જ્યોતિ અને મારી સ્વ. બેન નિર્મળા ત્રિવેદી અવઢવમાં પડી ગયેલા. અજાણી ભૂમિ. છતાંય અમે ચાલતા ચાલતા એસ.ટી. સ્ટેન્ડે પહોંચ્યા. અમે ત્રણ જણા જ હતા. સાંજે સાડા–છનો સમય હતો. એસ.ટી. સ્ટેન્ડની બાજુમાં પાછળ એક ડોસીમાં ગરમા ગરમ ગાંઠિયા બનાવી રહ્યા હતા. એની સોડમ અમને ખાવા માટે ઉત્તેજિત કરી રહી હતી. એટલે શ્રીમતીએ કહ્યું: 'ગરમા ગરમ ગાંઠિયાનો નાસ્તો કરીએ તો કેમ?' અને એ ડોસીમાના ઝૂંપડા જેવા સ્થળમાં ઈંટો ઉપર ગોઠવેલા પાટિયા ઉપર અમે બેસી ગયા અને ગાંઠિયાનો ઑર્ડર આપ્યો. પણ અમે ત્યાં વિચારતા હતા ક્યાં જવું? કેમ જવું? અંધારું ઉતરી રહ્યું છે. રાતે કેવી રીતે સ્થળ મેળવવું? એની ચર્ચા અમારી વચ્ચે ચાલુ હતી. ગાંઠિયા તળતા ડોસીમા અમારી અવઢવ સમજી ગયા. તેણે સૂચવ્યું:

'આપ અજાણ્યા છો? પહેલા વહેલા આવ્યા છો? તો પછી અહીંથી વેરાવળ સાવ નજીક છે. ત્યાં પહોંચી જાઓ.'

અમને એક તો ગાંઠિયાના સ્વાદે મધુરતા આણી દીધી હતી. લીલા મરચાં એમાં અનેરી મીઠાશ મૂલવી રહ્યા હતા. એટલે ડોસી માની વાત અમારે હૈયે ઊતરી ખરી.

'વેરાવળમાં ભાલકા તીર્થ છે. કાનુડાનું અનોખું સ્થાન. સોમનાથ મહાદેવનું મંદિર છે અને આમ ભગવાનના દર્શન–હિલોળા લેતો સાગર પણ તમને સહુને હૈયે આનંદ ઓરશે.' ડોસીમાએ વિગત સમજાવી.

શ્રીમતીને મરચાંનો ખાવા ભારે શોખ. મોળા મરચાં હતાં અને ગાંઠિયા હતા. પણ મરચાં ખલાસ થઈ ગયાં હતાં. માજીનું ધ્યાન ગયું અને એમણે ખોબો ભરી મરચાં અમારા નાસ્તામાં મૂકી દીધાં.

નાસ્તો પૂરો કર્યો. આનંદનો અભરખો મન જીતી ગયો અને અમે માજીને ગાંઠિયાના ખર્ચની રકમ આપી. તો એમણે ગાંઠિયાના જ પૈસા લીધા. મરચાંના નહિ જ.

મેં પૂછી નાંખ્યું, 'માજી મરચાં તો તમે અમને ખોબો ભરીને આપ્યા એનું શું?'

'દીકરા આ સોરઠ ભૂમિ છે. સોરઠી મન અને હૈયાં છે. અમે માનવીયુંનું મન પારખી લઈએ છીએ. તમે અહીંઆ આવ્યા–તમારી વાત સાંભળી એટલે મેં તમને સોમનાથ દરશનની વાત કરી. બાકી તો બધાય ભગવાનના વિચાર અંગે મળે છે. મુસાફરો આવે ને જાય. પણ બહારગામના માનવીયું ક્યાંથી મળે? તમે આમ તો અમારા અતિથિ. ગાંઠિયાના રૂપિયા ન લેવાય.' માજી એમની નિખાલસપૂર્વક વાત જણાવી રહ્યા હતા.

'માજી, અમારા મુંબઈમાં નાસ્તામાં એક મરચું માગો તો એના રૂપિયા દેવા પડે.' મેં હસતાં હસતાં કહ્યું.

'દીકરા, જ્યારથી રૂપિયા ફદિયા આવ્યા છે ને ત્યારથી માણહ માણહ વચાળે નેહનો–પ્રેમનો ભાવ ઓગળતો ગ્યો છે. મરચાં કરતાંય તમારી ભાવના અમને ગમી ગૈ છે,' અને માજીના હૈયાની વાતને વાગોળતા અમે બાજુના બસ સ્ટેન્ડે પહોંચ્યા.

નિર્મળાએ કહ્યું: 'માજી કેવા ઉદાર!'

પત્નીએ ટાપશી પૂરી: 'ગામડામાં હજીય માનવતાના મંદિરો અડીખમ છે.'

મેં કહ્યું: 'ગામડાની ધૂળમાં આજ પણ દૈવી હૈયાની મહોલાતો સોડમ ફેલાવી રહી છે.'

અમે બસ સ્ટેન્ડે ઊભા હતા. અમે વેરાવળ ક્યાં કોને ત્યાં ઊતરવું એ વિચારતા હતા. ત્યાં શ્રીમતી બોલી ઊઠ્યા. 'મારા મામા વેરાવળમાં નાની હવેલીના મુખિયાજી છે-પણ વેરાવળમાં એનું ઘર ક્યાં એની ખબર નથી.'

બસ આવી. અમે બેઠા. અમારી પાછળ એક યુવાન ચશ્માધારી–મજાના ચહેરાવાળા ભાઈએ મને કહ્યું: 'હું અહીંનો ગિરનારની ભૂમિનો એન્જિનિયર છું. પાણીના સંચયનું સંભાળું છું. હું વેરાવળનો છું અને નોકરી માટે દરરોજ સાસણગીર આવું છું. તમે કહેલી નાની હવેલીના સ્થળે હું મૂકી પછી મારે ઘેર જઈશ.'

અને અમે ૯–૩૦ કલાકે રાત્રે વેરાવળ ઊતર્યા. પેલા ભાઈ અમને નાની હવેલીના દરવાજા સુધી મૂકી ગયા અને અમે હવેલીમાં મામાને ઘેર પહોંચ્યા. લગભગ દસ વાગ્યા હતા. મામાને ત્યાં વાળુની તૈયારી થઈ રહી હતી અને ઓચિંતા અમે પહોંચી ગયા.

કેટલાય વરસો પછી મામા ભાણકી (મારી ધર્મપત્ની) અને મને અને મારી બહેનને જોઈ આનંદ વિભોર બની ગયા. ✷✷✷

૧૩-એ, આશીર્વાદ, પ્લોટ નં. ૩૫૩–બી–૧૪, વલ્લભ બાગ રોડ, સાઈબાબા મંદિરની સામેની ગલ્લી, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ–૪૦૦ ૦૭૭.
ફોન નં.: ૨૫૦૬૯૧૨૫

**ગુજરાત વિદ્યાપીઠ**

**આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર**

**INTERNATIONAL CENTRE FOR JAINA STUDIES**

ધોરણ ૧૨ પાસ થયેલ કોઈ પણ જૈન–જૈનેતર ભાઈ–બહેનો માટે ગુજરાત વિદ્યાપીઠના સર્ટિફિકેટ કોર્સના પ્રવેશ માટે અરજી મંગાવવામાં આવે છે. લંડન, મુંબઈ યુનિવર્સિટીમાં જૈન ફિલોસોફી ડિપાર્ટમેન્ટમાં ચાલતા કોર્સમાં જૈન દર્શનના વિવિધ વિષયોનું પ્રાથમિક અને ઉચ્ચ કક્ષાનું અધ્યયન કરાવવામાં આવે છે. જે હવે અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠમાં પણ કરાવવામાં આવે છે.

વાર્ષિક સત્ર જાન્યુઆરી ૨૦૦૯ થી ડિસેમ્બર–૨૦૦૯ સુધી
વાર્ષિક કોર્સ ફી રૂા. ૫૦૦/–
દર શનિવારે બપોરે ૧–૦૦ થી ૫–૦૦ નો સમય રહેશે.
પ્રવેશ ચાલુ છે. વહેલી તકે સંપર્ક કરો.

**સંપર્ક : ડૉ. પૂર્ણિમા એસ. મહેતા,**
આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્ર,
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪.
ફોન નં. ૨૭૫૪૨૦૯૮.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ફેબ્રુઆરી-૨૦૦૯ના અંકથી આગળ)

૫૩૧. પરિદેવન : વિયોગી પાત્રના ગુણો યાદ આવવાથી ઉત્પન્ન થતું કરુણાજનક રુદન તે પરિદેવન.
वियुक्त व्यक्ति के गुणों का स्मरण होने से जो करुणाजनक रुदन होता है वह परिदेवन कहलाता है ।
The pitiful weeping that ensure on recalling the merits of a departed one is paridevana. (bewailling)

૫૩૨. પરિહાર (પ્રાયશ્ચિત) : દોષપાત્ર વ્યક્તિને તેના દોષના પ્રમાણમાં પક્ષ, માસ આદિ પર્યંત કોઈ જાતનો સંસર્ગ રાખ્યા વિના જ દૂરથી પરિહરવી, તે પરિહાર.
दोषपात्र व्यक्ति को उसेक दोष के अनुसार पक्ष, मास आदि पर्यन्त किसी किस्म का संसर्ग न रखकर दूरसे त्याग करना।
To keep an offender at a distance from oneself and not to have with him dealings of any sort for a fortnight, a month or the like as might suit the gravity of his offence that is called parihara.

૫૩૩. પરિહારવિશુદ્ધિ : જેમાં ખાસ વિશિષ્ટ પ્રકારના તપપ્રધાન આચાર પાળવામાં આવે છે, તે 'પરિહારવિશુદ્ધિ'.
जिसमे खास विशिष्ट प्रकार के तप:प्रधान आचार का पालन किया जाता है वह परिहारशुद्धि चारित्र है ।
That which is charaterized by a course of conduct dominated by certain special types of penance is called `Pariharvisuddhi-Caritra.'

૫૩૪. પરીષહ : માર્ગથી ચ્યુત ન થવા અને કર્મ ખપાવવા માટે જે સહન કરવા યોગ્ય છે તે પરીષહ.
मार्ग से च्युत न होने और कर्मो के क्षयार्थ जो सहन करने योग्य हो वे परीषह हैं ।
To remain steady in the path of religiosity that has been adopted and so as to annihilate the accumulated karmic bondages whatever contingencies are to be put up with, with a sense of equanimity-those are called Parisaha.

૫૩૫. પરોક્ષ : જે જ્ઞાન ઇંદ્રિય તથા મનની મદદથી ઉત્પન્ન થાય છે તે પરોક્ષ.
जो ज्ञान इन्द्रिय और मन की सहायता से उत्पन्न होता है वह परोक्ष है ।
That cognition which originates with the aid of the sense-organs and manas is Paroksa.

૫૩૬. પર્યાપ્ત (નામકર્મ) : જેના ઉદયથી પ્રાણી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરે, તે 'પર્યાપ્તનામ.'
जिसके उदय से प्राणी स्वयोग्य पर्याप्ति पूर्णत करे वह 'पर्याप्तनाम' कर्म है !
The Karma whose manifestation makes it possible for a being to attain all the paryaptis appropriate to it-that is called `ParyaptaNama Karma'

૫૩૭. પર્યાયાર્થિક નય : માનવ બુદ્ધિ વસ્તુઓના વિશેષ અંત તરફ ઢળે ત્યારે તેનો તે વિચાર 'પર્યાયાર્થિકનય' કહેવાય છે.
मनुष्य की बुद्धि जब वस्तुओं के विशेष अंश की ओर झुकती है, तब वह विचार 'पर्यायार्थिक नय' कहलाता है ।
Man's intellect inclines sometimes towards the specific aspect it is called Paryayarthik Naya

૫૩૮. પાણિમુક્તા : વક્રગતિ જેમાં એક વાર સરળરેખાનો ભંગ થાય તે 'પાણિમુક્તા'.
जिसमें एक बार सरलेखा का भंङ्ग हो वह 'पाणिमुक्ता'।
The curved motion in which the straight line is broken.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/ SOUTH-146 / 2009-11



# પંથે પંથે પાથેય...

## (૧) માતાની મહેર
## (૨) સોરઠની ધરતીની સોડમ

**મનસુખલાલ ઉપાધ્યાય**

(૧)

રાજકોટથી મારી બહેન નિર્મળા ત્રિવેદી, ધર્મપત્ની જ્યોતિ અને હું બસમાં લીમડી પાસે બળદાણા ગામે અમારા કૂળદેવીના દર્શન માટે નીકળ્યા.

એસ. ટી. બસમાં બેઠા. સવારના લગભગ દસેક વાગ્યા હશે. બધાય ગામડાં કરતી બસ સાયલા થઈ લીમડી જવાની હતી.

૧૦ થી ૧૨ વરસ પહેલા એસ.ટી. બસો ઠચૂક ઠચૂક ચાલે. ગામના બસ સ્ટેન્ડ ઉપર ઊભેલા લોકો ધીમે ધીમે બાદશાહી રીતે ચડે. એમને સમયની કિંમત નહિ.

બપોરના ૧૨-૪૦ની આસપાસ અમે સાયલા ગામે પહોંચ્યા. કહેવાય છે કે સાયલા ગામ એક ભગતનું. એનું સવારના પહોરમાં નામ લ્યો તો જમવાના ઠેકાણા ન રહે. આ લોકવાયકા કેટલી સાચી હશે એની અમને ખબર ન હતી. પણ અમે સાયલા બસ સ્ટેશને ઊતર્યા. અને કન્ડક્ટરે અમને કહ્યું કે તમે અહીં ઊતરી જાઓ. બસ લીમડી નહિ જાય.

ધોમ ધખતો ઉનાળાનો તડકો. લૂ પણ વાય. બસ સ્ટેશન પર ઊંચાણ ઉપર એક છાપરું અને થોડાક બાકડા. અમે ઊતરતા ઊતરતા કન્ડક્ટરને પૂછ્યું: 'લીમડી જવાની બસ ક્યારે મળશે ?' અને એણે જવાબ આપ્યો: 'સાંજે પોણા પાંચે.'

અમે વિમાસણમાં પડી ગયા. ગામ અજાણ્યું. લોકો અજાણ્યા. ચાર કલાક ક્યાં ગાળવા. તડકો માઝા મૂકી રહ્યો હતો. અમારા કૂળદેવીનું સ્મરણ કરી અમે છાંયડો શોધવા માટે વિચારતા હતા. ન કોઈને પૂછાય, ન કોઈની સંગે વાત થાય; કારણ કે બસ સ્ટેશન ઉપર કોઈ પણ મુસાફર રહ્યો ન હતો.

એટલામાં એક વ્યક્તિ જાણે ધરતીમાંથી ફૂટી નીકળી હોય તેમ મારી પાસે હાથ જોડીને ઊભી રહી. હું આશ્ચર્ય સહ એની સામે જોઈ રહ્યો. એનો ગોરો વાન, આંખે કાળા ચશ્મા, કપડાં સ્વચ્છ, ચહેરો ભરાવદાર, ભરાવદાર મૂછ અને ખડતલ શરીર.

મેં તેને પૂછ્યું: 'આપ કોણ ? હું ઓળખી શક્યો નથી.'

'હું સી. એમ. રાવળ. ગુરુકુળ હાઈસ્કૂલમાં ઘાટકોપરમાં આપના હાથ નીચે ભણી ગયો છું. હા, લગભગ વીસ વરસ થઈ ગયા. તમે ન ઓળખી શકો, કારણ તમારા હાથ નીચેથી હજારો વિદ્યાર્થીઓ ભણી ગયા હોય. તમે મને ગુજરાતી, અંગ્રેજી અને સમાજ શાસ્ત્ર ભણાવ્યા છે. પણ તમે અહીંયા ક્યાંથી ?' રાવળે ટૂંકમાં વિગત જણાવી.

મેં કહ્યું: 'હું-મારી ધર્મપત્ની, મારી નાની બહેન બળદાણામાં અમારા કૂળદેવી હૉલમાતાના દર્શને નીકળ્યા છીએ પણ બસ લીમડી નહિ જાય એટલે અમને ઉતારી મૂક્યા. અજાણ્યું સ્થળ, તડકો માથાભારે. એટલે અમે વિચારતા હતા.'

'ચાલો મારી સાથે. હું તમને હાઈ વે ઉપર કેટલીય ટ્રકના ડ્રાઈવરો મુસાફરોને બેસાડે છે અને રૂપિયા લઈ ઉતારી દે છે યોગ્ય સ્થળે.' એણે સમજાવ્યું.

'પણ...મારું મન ટ્રકમાં મુસાફરી કરવા નથી માનતું.' મેં જણાવ્યું.

'જુઓ ઉપાધ્યાય સાહેબ, હું અહીં શિક્ષક છું. ગામમાં શિક્ષકની કિંમત મોટી હોય છે. કોઈ ને કોઈ ટ્રકવાળો ઓળખીતો મળશે. બધાય ખરાબ નથી હોતા. વિશ્વાસ તો મૂકવો જોઈએ ને ?' એણે સમજાવ્યું.

અને અમે હાઈ વે ઉપર આવ્યા. ત્યાં એક ટ્રક આવી. એણે હા પાડી. એમાં ડ્રાઈવર પાસે ત્રણેક સીટ હતી. એ ટ્રકમાં ચડવાનો પડથાર ઊંચો. પણ રાવળે અમને ચડાવ્યા. નમસ્તે થયા. ટ્રક ઊપડી. અને પાંચેક મિનિટમાં બળદાણા ગામ પાસે હાઈવે પર ઉતર્યા. રૂપિયા ત્રણ ત્રણ એક જણના લીધા પણ અમે શાંતિથી ઉતર્યા એનો હરખ હૈયે ભારે હતો.

બળદાણા ગામમાં રસ્તો પૂછતા અમે પાંચેક મિનિટમાં માતાજીના મંદિરે પહોંચ્યા. પૂજા-અર્ચના કર્યા. એક વાગ્યા પહેલાં તો મંદિરમાં દર્શન કરી શક્યા. આસ્થા, શ્રદ્ધા હોય તો દેવી દેવતા પડખે ઊભા રહે છે એનો સચોટ દાખલો અમે માણી શક્યા.

પૂજા થઈ. માતાજીના દર્શન આનંદપૂર્વક કર્યા. હોંશ-આસ્થા-માનતા જે કહો તે પૂરી થઈ. પછી મંદિરના મહારાજને પૂછ્યું અમારે લીમડી સ્ટેશને પહોંચવું છે તો એણે રીક્ષા મંગાવી દીધી. અને અમે ત્રણેય જણા રીક્ષા દ્વારા લીમડી બસ સ્ટેશને પહોંચી ગયા.

એક કાર્ય સફળ બને એટલે પછીના બધાય કામોમાં સફળતા ડોકાતી રહે છે. બસ સ્ટેશને નાસ્તો કર્યો. અને પછી અમે ત્યાંની સ્ટેશનની ઑફિસમાં રાજકોટ જવાની બસ માટે પૂછ્યું. અને એ સમયે એસ.ટી.બસ ગઈ કાલ રાતની બગડી ગઈ હતી તે જવાની તૈયારીમાં હતી. એ બસ સીધી રાજકોટ પહોંચવાની હતી. વચ્ચે ગામડા કરવાની ન હતી. હાઈ વે પર સડસડાટ જવાની હતી. અમે ત્રણેય ગોઠવાઈ ગયા અને બસ તો વેગ પકડતી ઊપડી. બસમાં મુસાફરમાં અમે ત્રણેય જણ. કન્ડક્ટર અને બસ ડ્રાઈવર. અમે તો આ બધોય પ્રતાપ કૂળદેવીને આપતા, ઈશ્વર સ્મરણ કરતાં બસની મુસાફરી માણી રહ્યા હતા.

અમે પાંચેક વાગે રાજકોટ એસ.ટી.ના મુખ્ય સ્ટેશને ઊતર્યાં. અને રીક્ષા દ્વારા મારી બહેનને ઘેર પહોંચી ગયા. મારા બનેવી અને ભાણિયાઓ તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા.

અને અમે શાંતિથી બધીય વાત કરી.

શ્રદ્ધા ગુમાવનાર જીવનનો હેતુ ગુમાવે છે. મનની અંદર પરમાત્મા પ્રત્યેનો કે દેવી પ્રત્યેનો ઊંડો ભાવ ભારેમાં ભારે મુશ્કેલી મીટાવી દે છે.

કૂળદેવીનો અનોખો ઉપહાર કે ચમત્કાર!

(૨)

જૂનાગઢના સાસણ ગીરમાં સિંહદર્શનનો આનંદ મન ભરીને માણ્યો. ત્યાં શ્રી જાડેજાભાઈ સફારીના ચાલક હતા. એમણે અમને સંપૂર્ણતઃ માણસાઈના દર્શન કરાવ્યા.

માનવી ગમે તે કામ કરતો હોય પરંતુ જીવનમાં

(વધુ માટે જુઓ પાનું ૨૬)

Printed & Published by Niruben S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- તા. ૧૬ એપ્રિલ, ૨૦૦૯ છૂટક નકલ રૂા. ૧૦/-

✶✶✶ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✶✶✶

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૫ વીર સંવત : ૨૫૩૫ ચૈત્ર વદિ - તિથિ - ૭

## જિન-વચન

### આત્મા સર્વત્ર

अप्पा नदी वेयरणी अप्पा मे कूडसामली ।

अप्पा कामदुहा धेणू अप्पा मे नंदणं वणं ।।

–उत्तराध्ययन– २०-३६

આત્મા પોતે જ વૈતરણી નદી છે. આત્મા જ કૂટશાલ્મલી વૃક્ષ છે. આત્મા જ કામદુધા ગાય છે અને આત્મા જ નંદનવન છે.

आत्मा ही वैतरणी नदी है और आत्मा ही कूटशाल्मली वृक्ष है । आत्मा ही कामदुधा धेनु है और आत्मा ही नंदनवन है ।

The soul itself is the river Vaitarani. The soul is a Kutashalmali tree. The soul is Kama-duha (wish-fulfilling) cow and the soul is the Nandanavana (a park in paradise).

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

# આત્મજ્ઞાનની સલામતી

હજરત મહંમદ પયગંબર સાહેબ એક વાર પોતાના સાથીઓ સાથે હજરત અલી સાહેબને ઘેર વિરાજ્યા હતા. હજરત અલી સાહેબે અતિથિઓનું સ્વાગત કરવા માટે એક તાસકમાં મધ મૂકી તેઓની સેવામાં ધર્યું.

એવામાં હજરત મહંમદ સાહેબની નજર મધમાં પડેલા એક વાળ પર પડી. એ જોઈને પયગંબર સાહેબે કહ્યું: 'આ થાળીમાં પડેલો આ બારીક વાળ જોઈને તમને બધાંને કંઈ કહેવા જેવું લાગે છે ખરું ?'

મહંમદ પયગંબર સાહેબની સૂચના સાંભળીને એક પછી એક જણાએ પોતપોતાની રીતે પોતાના વિચારો દર્શાવવા માંડ્યા.

હજરત અબુબકર સિદ્દીક સાહેબે કહ્યું: 'મુસલમાન આ થાળી કરતાંય વધારે પવિત્ર છે, અને મુસલમાનોના દિલમાં રહેલી શ્રદ્ધા આ મધ કરતાંય વધારે મીઠી છે. પરંતુ શ્રદ્ધાને જિંદગીભર ટકાવી રાખવી આ વાળ કરતાંય વધારે બારીક છે.'

હજરત ઉમર ફારૂક સાહેબે કહ્યું: 'હકૂમત આ થાળી કરતાંય વધારે પવિત્ર છે. અને હકૂમત કરવાની તમન્ના આ મધ કરતાંય વધારે મીઠી છે. પરંતુ અદલ ઈન્સાફ કરવો આ વાળ કરતાંય વધારે બારીક છે.'

હજરત ઉસ્માન ગની સાહેબે કહ્યું: 'વિદ્યા આ થાળી કરતાંય વધારે પવિત્ર છે. અને વિદ્યા મેળવવાની તત્પરતા આ મધ કરતાંય વધારે મીઠી છે. પરંતુ તે પ્રમાણેનું આચરણ કરવું આ વાળ કરતાંય વધારે બારીક છે.'

હજરત અલી સાહેબે કહ્યું: 'અતિથિ આ થાળી કરતાંય વધારે પવિત્ર છે. અને તેમનો આદરસત્કાર કરવો આ મધ કરતાંય વધારે મીઠો છે. પરંતુ અતિથિનું દિલ જીતવું આ વાળ કરતાંય વધારે બારીક છે.'

હજરત ફાતિમા સાહેબ બોલ્યાઃ 'સ્ત્રી માટે લજ્જા આ થાળી કરતાંય વધારે પવિત્ર છે. અને સ્ત્રીનું શીલ આ મધ કરતાંય વધારે મીઠું છે. પરંતુ પોતાની જાતને બીજાની કુદૃષ્ટિથી બચાવવી આ વાળ કરતાંય વધારે બારીક છે.'

પછી હજરત મહંમદ સાહેબ બોલ્યાઃ 'આત્મજ્ઞાન આ થાળી કરતાંય વધારે પવિત્ર છે. અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું આ મધ કરતાંય વધારે મીઠું છે. પરંતુ આત્મજ્ઞાનને પોતાના દિલમાં સલામત જાળવી રાખવું આ વાળ કરતાંય વધારે બારીક છે.' ✱✱✱

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | હે વાણી દેવતા, આ વિશ્વના અણુ અણુમાં પ્રવેશો ! | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ઈલેક્ટ્રોનનો સમુદ્ર અને નિશ્ચય-વ્યવહાર | ડૉ. જવાહર પી. શાહ | ૫ |
| (૩) | દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૯ |
| (૪) | માન : કષ્ટદાયક કષાય | શાંતિલાલ ગઢિયા | ૧૦ |
| (૫) | ચૂંટણી પર એક વેધક નજર | કાકુલાલ છગનલાલ મહેતા | ૧૨ |
| (૬) | કસ્તુરબા સેવાશ્રમ-મરોલી-ચેક અર્પણવિધિ કાર્યક્રમ | મથુરાદાસ ટાંક | ૧૩ |
| (૭) | 'ગામઠી આરોગ્ય વિજ્ઞાન' | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૫ |
| (૮) | ચંદ્રાઉલા : કાવ્ય પરિચય | ડૉ. કવિન શાહ | ૧૬ |
| (૯) | જયભિખ્ખુ જીવનધારા | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૯ |
| (૧૦) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૬ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૨ |
| (૧૧) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૫ |
| (૧૨) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૭ |
| (૧૩) | પંથે પંથે પાથેય:પૂ. વિમલાતાઈ | પ્રા. પ્રતાપકુમાર ટોલિયા | ૨૮ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/-(U.S. $ 15) ● **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/-(U.S. $ 40) ● **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/-(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/-(U.S. $120) ● **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/-(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : shrimjys@gmail.com

❑ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● ● અંક : ૪ ● ● તા. ૧૬એપ્રિલ, ૨૦૦૯ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## હે વાણી દેવતા, આ વિશ્વના અણુ અણુમાં પ્રવેશો !

जगत वत्सल महावीर जिनवर सुणी, चित्त प्रभु चरणने शरण वास्यो ।
तारजो बापजी बिरुद निज राखवा, दासनी सेवना रखे जोशो ।।

[મહાવીર પરમાત્મા ત્રણે જગતનું હિત કરનારા છે. એમ સાંભળીને મારા ચિત્તે આપનાં ચરણોનું શરણ સ્વીકાર્યું છે. તેથી હે જગતાત! હે રક્ષક! પ્રભુ! આપ તારકતાના બિરુદને સાર્થક કરવા માટે પણ મને આ સંસાર-સાગરથી તારજો. પરંતુ, દાસની સેવા-ભક્તિ તરફ ધ્યાન ન દેતાં અર્થાત આ સેવક તો મારી સેવા-ભક્તિ બરાબર કરતો નથી, એમ જાણી મારી ઉપેક્ષા ન કરશો પણ મારી સેવા તરફ જોયા વિના ફક્ત આપ મને એ તારક બિરુદને રાખવા માટે તારજો–પાર ઉતારજો.]

(શ્રી પ્રેમલ કાપડિયા સંપાદિત અદ્ભુત ગ્રંથ 'શ્રીમદ્ દેવચંદ્ર કૃત ચોવીસી'માંથી ઋણ-સ્વીકાર સાથે)

ભગવાન મહાવીરને કોટિ કોટિ વંદન.

આજે ભગવાન મહાવીર જન્મ કલ્યાણક દિવસ છે. આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં આ ભારતની ધરતી ઉપર એક ભવ્ય આત્મા વિહરતો હતો. ઉગ્ર તપશ્ચર્યા અને સ્વ અનુભવે એ મહામાનવના આત્મામાંથી જગત કલ્યાણ માટે દિવ્ય વાણી વહી હતી. આ વર્તમાન જગતને આજે આજ વાણી વિશ્વશાંતિ પાસે લઈ જશે.

આ અંકના સૌજન્યદાતા
શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ

એટલે આવો, આજના આ ભવ્ય દિવસે એ વાણી દેવતાને પ્રાર્થના કરી વિનંતિ કરીએ કે હે મહાવીર વાણીદેવ આપ આ જગતના અણુએ અણુમાં પ્રવેશો અને પ્રાણી માત્ર ઉપર ઉપકાર વર્ષાવો.

*સવ્વે જીવા વિ ઈચ્છંતિ*
*જીવીઉં ન મરિ જિજીઉં*

–દશ વૈકાલિક સૂત્ર-૬/૧૧

(બધાં પ્રાણીઓને જીવન પ્રિય છે, અને પ્રત્યેક પ્રાણીમાં જિજિવિષા અને સુખાકાંક્ષાની ચાહ રહે છે. બધાં પ્રાણીઓ જીવિત રહેવા ચાહે છે. કોઈ પણ મરવા ચાહતું નથી.)

આ વાણીસૂત્ર પ્રત્યેક આતંકવાદી અને કતલખાનાના કર્મચારીમાં હૃદયસ્થ થાવ. પછી કોઈ ગોળીઓની ધનધનાટી નહિ સંભળાય, એ ગોળીઓના ભોગ બનેલ કોઈ નિર્દોષ પરિવારના મુખમાંથી આહ અને શાપના શબ્દો નહિ નીકળે, કોઈ અબોલ પ્રાણીઓની હૃદયભેદક ચિચિયારી નહિ સંભળાય, કોઈ પર્યાવરણ સમતુલા નહિ ગુમાવે, કોસ્મિક લય ખોરવાઈ નહિ જાય, આકાશમાંથી ચોમાસાના ચારે માસ અનરાધાર વરસાદ વરસશે, ધરતી ધાનથી ફાટ ફાટ થશે, નદીઓ ક્યારેય સૂકાઈ નહિ જાય, ગાય માતા પોતાના સર્વ સત્ત્વથી જીવ માત્રને પોષણ આપશે. મોર, પોપટ અને કોયલના સંગીતથી ધરતી ગુંજી ઊઠશે. પછી સ્વર્ગ આ ધરતી પર છે, આ ધરતી પર છે એવી પ્રતીતિ થશે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચે વ્રતોની ઊંડી સમજ જીવનમાં 'રસાયણ'ની જેમ ઓગળી જશે. પછી કોઈ કોઈનો દુશ્મન નહિ બને. સર્વને પોતાના પૂરતું મળી રહે પછી લડાઈ શેના માટે? પ્રત્યેક માનવ સ્યાદ્વાદ અને અનેકાંતવાદની દૃષ્ટિ કેળવશે. પછી કોઈ ધર્મોએ પોતાના અસ્તિત્વ માટે 'ઊંચા' અવાજે ગર્જવાનું નહિ રહે.

જે પ્રાપ્ત થયું છે એ બધું અનિત્ય છે. કોઈ પણ પદાર્થ, પુદ્ગલ કે સંજોગ નિત્ય નથી જ. પછી મમત્વ શા માટે? એ સિદ્ધાંત સમજાઈ જશે પછી એને પકડી રાખવાની મથામણ નહિ રહે, એટલે દુઃખ તો બચારું દેશવટો લઈ લેશે, સમજનો સૂરજ ઉગશે ત્યારે જીવન ઝળાંહળાં

થઈ જશે, ત્યારે અંધકારમાં પણ પ્રકાશ દેખાશે, શરીરની માંસપેસીમાંથી યુદ્ધ નહિ પણ અંતરમાંથી બુદ્ધત્વના અનેક સૂર્યો અનેરા પ્રકાશ લઈને ઉગશે, એ કિરણોમાંથી ગરમી નહિ પણ જીવ માત્ર માટે ચાંદની જેવી શીતળતા વરસતી હશે.

સ્વાદ્‌વાદ અને અનેકાંતવાદનું તત્ત્વ સમજાશે ત્યારે 'મમ સત્ય'નો આગ્રહ ઓગળી જશે, પછી યુદ્ધનું કારણ શું?

મહાવીરે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ આપણા શરીરમાં બેઠેલા આ છ અરિ–શત્રુઓને જાણ્યાં અને સર્વ દુઃખોના કારણ આ છ જ છે એવું સત્ય અનુભવ્યું એટલે એ છને જીત્યા. તેથી જ મહાવીર અરિહંત થયા.

મહાવીરવાણીએ માનવને જીવન જીવવાની કળા બતાવી. કર્યું, કરાવ્યું, અનુમોદ્‌યું એના સૂક્ષ્મ ભેદ સમજાવ્યા. જીવનના શુદ્ધિકરણ માટે શ્રાવકજનને પ્રતિક્રમણ અને સામાયિકનો ભવ્ય ઉપહાર આપ્યો.

તમારા કર્મના કર્તા તમે જ છો, જેવું કર્મ કરશો એવું પામશો એવો કર્મવાદ મહાવીર વાણીએ જગતને આપીને સમાજ રચનાને સ્વસ્થતા આપી.

મહાવીરવાણીની યાત્રાના અંતે માનવને શૂન્ય મળે, મહાશૂન્ય મળે અને મોક્ષ મળે.

મહાવીરના અનુયાયીઓ આજે મહાવીરને યાદ કરશે. પર્યુષણમાં એ મહામાનવનું પૂજન કરશે, પણ તીર્થંકરની વાણીને ઊંડાણપૂર્વક સમજો અને અનુસરો તો જ એ વાણી એના સેવકને તારશે. જ્ઞાન વગરની ક્રિયા એક પાંખના પંખી જેવી છે.

પોતાના જીવન વ્યવહારના અણુએ અણુમાં મહાવીરવાણીને ઓગાળે એ સાચો મહાવીરનો અનુયાયી, પછી એને બાહ્ય આડંબરની કોઈ જરૂર નથી. ભીતરની સમજનો સૂરજ જ એને મોક્ષ યાત્રા કરાવશે.

મહાવીરની સેવા કરવી હોય તો **મહાવીર વાણીની સેવા કરો**, જગત કલ્યાણનો આ રાજમાર્ગ છે.

સાચો મહાવીર અનુયાયી આતંકવાદીને પણ ક્ષમા આપશે, કારણ કે એણે શું કર્યું એનું એને ભાન નથી, કરાવનારને ય 'સમજ' નથી. એની પાસે શસ્ત્ર કરતાં સ્યાદ્‌વાદ હોત તો 'આમ' ન થાત.

ભલે આપણે ભવ્ય રથયાત્રાનું આયોજન કરીએ, ભલે ઉત્તુંગ મંદિરોનું નિર્માણ કરીએ, પરંતુ આ બેથી પણ એક ભવ્યાતિ ભવ્ય કામ મહાવીરના અનુયાયીઓએ કરવાનું છે.

ભગવાન મહાવીરનું જીવન અને મહાવીરની વાણીનેસમાવતા એક પ્રમાણભૂત ગ્રંથનું સર્જન થવું જોઈએ અને એ ગ્રંથને **વિશ્વની પ્રત્યેક ભાષામાં– હા, પ્રત્યેક ભાષામાં એ** જીવન અને વાણીનું અવતરણ થવું જોઈએ અને એ પુસ્તકો ત્યાંના યુવાનોને અર્પણ કરીને એ વાણી એ સર્વને સમજાવવી જોઈએ. આ ધર્મ પ્રચાર નથી, શાંતિ પ્રસાર છે, કારણ કે આ રથના ધ્વજની ઉપર સ્યાદ્‌વાદ બિરાજમાન હશે. આટલું થયા પછી ત્રણ દાયકા પછી વિશ્વના કોઈ ખૂણે યુદ્ધ નહિ હોય, આતંક નહિ હોય, ધર્મના ભેદભાવ નહિ હોય, એની ખાત્રી.

પૂ. સાધુ ભગવંતો અને દાનવીર શ્રેષ્ઠિજનો આ કાર્ય, આ મહાન અને ભગીરથ કાર્ય કરવા પૂરા સમર્થ છે, એ સર્વના હૃદયમાં આ ભાવ પ્રગટો અને એ સાર્થકતા માટે એક વિશાળ આયોજન થાય એવી પરમાત્માને પ્રાર્થના.

આ પુણ્ય કાર્ય કરવાની ફરજ પ્રત્યેક જૈનની છે. મહાવીરનો પ્રત્યેક અનુયાયી પોતાનું યોગદાન આ કાર્ય માટે આપે તો સાગર જેવું આ મહાન કાર્ય માત્ર એક દશકામાં સિદ્ધ થાય.

આ મહાવીર વાણી જ જગતનો ઉદ્ધાર કરશે, એ વાણી જ જગતમાં શાંતિ પાથરશે.

તા. ૭-૪-૨૦૦૯ **❑ધનવંત શાહ**

(આ લેખ નિમિત્તે મારા પરમ મિત્ર ડૉ. ગુણવંત શાહનું એક અદ્‌ભૂત પુસ્તક 'મહામાનવ મહાવીર' – જે એઓશ્રીએ બે વર્ષ પહેલાં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પધારેલા ત્યારે મને ભેટ આપ્યું હતું–એ વાંચવાનો લાભ મળ્યો. ૧૯૮૫થી ૨૦૦૭ સુધી આ પુસ્તકની સાત આવૃત્તિ પ્રગટ થઈ છે. કોઈ જૈન વિદ્વાનની મહાવીર ઉપરના પુસ્તકની આટલી બધી આવૃત્તિ ભાગ્યે જ પ્રગટ થઈ હશે! આ પુસ્તક વિશે અમારા ડૉ. રમણલાલ શાહ લખે છેઃ 'આગમ ગ્રંથોના દોહન રૂપ 'સમણ સુત્ત' નામના ગ્રંથનો આધાર લઈ ડૉ. ગુણવંત શાહે ભગવાન મહાવીરની અમર વાણીના કેટલાંક અમૂલ્ય તત્ત્વોની વર્તમાન સંદર્ભમાં સુંદર છણાવટ આ ગ્રંથના લેખોમાં મનોહર શૈલીથી કરી છે.'

આ પુસ્તક વાંચવા સર્વ જિજ્ઞાસુજનને હું વિનંતિ કરું છું, એ વાંચનની સફરને અંતે વાચકને પોતાના પુદ્‌ગલમાં ફેરફાર થયેલો જણાશે જ. ગુણવંતભાઈ કહે છે કે 'હું જન્મે જૈન નથી પણ પટેલ છું.' પરંતુ હું તો ગુણવંતભાઈને સવાઈ જૈન કહીશ. ધ.)

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કોષાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્રભાઈ ઝવેરીને પુત્રશોક

વરસોથી આ સંસ્થાને કોષાધ્યક્ષ તરીકે માનદ્ સેવા આપતા શ્રી ભૂપેન્દ્રભાઈ ડાહ્યાભાઈ ઝવેરીના યુવાન પુત્ર શ્રી પ્રશાંતનું તા. ૨૦–૩–૨૦૦૯ના અચાનક અવસાન થયું.

શ્રી ભૂપેન્દ્રભાઈ અને એમના કુટુંબીજનો તેમજ એમના સ્વજન અને મિત્રો માટે આ અસહ્ય ઘટના બની છે. આ વેદના સહન કરવાની પરમાત્મા એઓ સર્વને શક્તિ આપે.

ભાઈ પ્રશાંતના આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાય એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

ૐ શાંતિ શાંતિ શાંતિ

**–શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવાર**

# ઈલેક્ટ્રોનનો સમુદ્ર અને નિશ્ચય-વ્યવહાર

❑ ડૉ. જવાહર પી. શાહ

**પ્રાસ્તાવિક:**

અર્વાચીન વિજ્ઞાન અસ્તિત્વ કે સત્તા (reality) વિષે જે કાંઈ પણ કહે છે તેમાં આપણી પરંપરાના પ્રાચીન જ્ઞાનનું કંઈક અંશે પુનરાવર્તન થતું હોવાનું જોવા મળે છે. જો કે બન્ને સ્વતંત્ર પણે નિષ્કર્ષો તારવે છે. વિજ્ઞાનની પરિભાષા તેને સૂત્રો કે સમીકરણ દ્વારા વ્યક્ત કરે છે. જ્યારે પ્રાચીનકાળમાં ધાર્મિક પ્રતીકો કે શબ્દ રૂપકો દ્વારા તેની રજૂઆત થતી.

આપણને કોઈ પૂછે કે તમારી દૃષ્ટિએ ગઈ સદીની મહાન શોધ કઈ? તો આપણે જવાબ આપીએ કે આઈન્સ્ટાઈનનું જાદુઈ સૂત્ર $E=mc^2$. આ સૂત્રમાં ઊર્જા અને દળનો સંકુલ સંબંધ સ્થાપિત થયો છે.

પ્રાચીન શાસ્ત્રોના અવગાહન દ્વારા આપણે તેને લગતા પ્રતીક કે શબ્દરૂપક શોધી શકીએ. જૈન દર્શનમાં પુદ્ગલની વિભાવના છે. આપણે બહુધા તેને ભૌતિક પદાર્થ રૂપે જ ગણીએ છીએ પરંતુ શાસ્ત્રીય વ્યાખ્યામાં જેમાં પૂરણ અને ગલનની પ્રક્રિયાઓ સૂચિત થાય છે તે પદાર્થને પુદ્ગલ કહેવામાં આવેલ છે. रूपिण: पुद्गला: એ તત્ત્વાર્થની ઉક્તિમાં અન્ય અરૂપી પદાર્થોની સરખામણીમાં તેનું વિશેષ લક્ષણ વ્યક્ત કરવામાં આવ્યું છે પણ વસ્તુતઃ તેના મૂળભૂત એકમ – પરમાણુમાં રહેલી શક્તિનું પણ તે પ્રક્રિયાઓ અર્થઘટન કરે છે.

આ જગત કે સમસ્ત બ્રહ્માંડમાં બધું પુનરાવર્તન પામતું રહે છે. જેને Law of cyclic periodicity કહે છે. આપણા શાસ્ત્રોમાં કાલચક્રની અવધારણા છે. અર્વાચીન વિજ્ઞાન કહે છે કે કાલ સીધી લીટીમાં ગતિ કરતો નથી. તેમાં વળાંક છે. (curveture of time). ઉત્સર્પિણી અને અવસર્પિણી મળીને એક કાલચક્ર થાય છે એવી શાસ્ત્રીય વાત ત્યારે કેટલી સંગત લાગે છે!

બાદર કે સ્થૂળ પદાર્થ ઊર્જા રૂપે પલટાઈ જાય છે. પુદ્ગલ પરમાણુની સ્થૂલ કે સૂક્ષ્મ થવાની વાત સ્થાનાંગ અને ભગવતી-જીમાં યુગોપૂર્વે કહેવામાં આવી છે જેને આજનું વિજ્ઞાન સમર્થન આપી રહ્યું છે.

ક્વોન્ટમ્ ફિલ્ડ થિયરી દર્શાવે છે કે સમગ્ર આકાશ (space) ઊર્જા ક્ષેત્રો (energy fields)થી ભરેલું છે. અણુની નાભિમાં જે ન્યુટ્રોન છે તે જ દૂર દૂરની આકાશગંગાઓમાં કે તારા વિશ્વોમાં ન્યુટ્રોનના પલ્સાર્સ તારાઓ છે. ઈલેક્ટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોનની ત્રિમૂર્તિ ક્વાર્કસ નામના તેથી પણ સૂક્ષ્મ કણોની બનેલી છે. સિગ્મા, ન્યુટ્રિનો, મ્યુઓન, પાયોન કે લેપ્ટોન કે ટાઉ વગેરે પરમાણુ કણો એકમેકના સંઘાતથી ઉત્પન્ન થાય છે. પરમાણુ જગતમાં દરેક કણના પ્રતિરૂપો પણ છે. Matter-દ્રવ્યનું પ્રતિરૂપ-anti matter તરીકે ઈલેક્ટ્રોન-પોઝિટ્રોન પ્રોટોન-એન્ટી પ્રોટોન રૂપે અસ્તિત્વ ધરાવે છે અને વાસ્તવમાં બબલ ચેમ્બર નામના ઉપકરણમાં તેની વાસ્તવિકતા ચકાસવામાં પણ આવી છે.

ઊર્જાના અનંત પ્રવાહને સમાવિષ્ટ કરી કણો પરિવર્તનના અવનવા રૂપો તરીકે આ પારસ્પરિક અસરોને વ્યક્ત કરે છે. પરમાણ્વિક કણો ઊર્જા રૂપોની સાતત્યપૂર્ણ વિવિધતામાં સર્જાય છે અને નાશ પામે છે. કણોની આ પારસ્પરિક અસરોમાં સ્થિર સંરચના પણ ઊભી થાય છે જે આપણે સખત-Solid ભૌતિક જગત રૂપે નિરખીએ છીએ.

ભગવાન મહાવીરે તેમની સમવસરણ સભામાં ગણધરોના किं तत्तम्? એ પ્રશ્નના જવાબમાં તત્ત્વનું સ્વરૂપ દર્શાવતા કહ્યું હતું 'उपन्ने इ वा, विगमेइ वा, धुवे इवा।'

આમ સમસ્ત લોકોમાં સતત ગતિ (પરિસ્પંદ) કે ક્રિયા રૂપે ઊર્જાનું વૈશ્વિક નૃત્ય થતું રહે છે. ડૉ. ફ્રિટજ્યોફ કાપ્રા પણ કહે છે કે `Movement and rhythm are essential position of matter, all that matter, whether here on the Earth or in outerspace is involved in a continuous cosmic dance.'

મોટા ભાગના કણો એક સેકંડના અબજમાં ભાગ કરતા પણ ઓછો સમય અસ્તિત્વ ધરાવે છે! (૧ સેકંડ=$૧૦^{૨૩}$ પાર્ટિકલ સેકંડ!)

વૈજ્ઞાનિક વાસ્તવિકતાના નિર્દેશનમાં મોટી મુશ્કેલી એ છે કે આધુનિક વિજ્ઞાનના આધારસ્થંભ સમો હાઈઝનબર્ગનો અનિશ્ચિતતા સિદ્ધાન્ત કહે છે કે પરમાણુ કણનું એક જ સમયે સ્થિતિ અને વેગમાનનું નિર્ધારણ અશક્ય છે. આમ વૈજ્ઞાનિક વાસ્તવિકતા સ્વનિર્ભર નથી. જે સિદ્ધાન્તો વડે વૈજ્ઞાનિક વાસ્તવિકતા સમજાવાય છે તે વાસ્તવિક સત્યના અખંડિત પ્રવાહની અમુક બાજુઓનું ખંડગ્રાહી જ્ઞાન માત્ર છે. જો કે વિજ્ઞાનીઓના સિદ્ધાન્તો અને સાધનો અમૂર્ત (abstract) વિચારણાના અંગોને આકાર આપે છે.

વૈજ્ઞાનિક સિદ્ધાન્તો વિશ્વ કે લોક (જૈન પરિભાષામાં લોક અને બ્રહ્માંડ પર્યાયવાચી ગણી શકાય)ને જે વ્યવસ્થા કે ઓર્ડરમાં ગોઠવે છે તેમાંથી જ 'વાસ્તવિકતા' અંગેના ખ્યાલો નિર્મિત થતા રહે છે. આઈન્સ્ટાઈનની થિયરી ઓફ રિલેટીવીટી કે ક્વોન્ટમ્ થિયરી પણ લોકનું વર્ણન કરનાર પૂર્ણ સિદ્ધાન્તો નથી.

વિજ્ઞાનીઓને ઘણીવાર એવું લાગે છે કે વિશ્વના બંધારણના સૂક્ષ્મ ઘટકો-fundamental building blocks of Universe-અનિશ્ચિત રૂપે વર્તતા કોઈ અનિર્ણિત અને અવ્યાખ્યેય સત્યને રજૂ કરે છે.

ફ્રેંચ વિજ્ઞાની de Brogliએ પુદ્ગલ કણની તરંગ પ્રકૃતિનો સિદ્ધાન્ત

રજૂ કર્યો હતો. અણુવિજ્ઞાનનો મૂળભૂત એકમ–electron એ કણ છે કે તરંગ છે? દૃષ્ટા એને કઈ રીતે મૂલવે તેના પર એનો આધાર છે. પરંતુ આ બે નિરીક્ષણોમાં ઈલેક્ટ્રોન એ ખરેખર શું છે? ડૉ. ડેવિડ બ્હોમની થિયરી ઈલેક્ટ્રોન અને બીજા કણોને સાવ નવા પરિપ્રેક્ષ્યથી જોવા પ્રેરાય છે. ભૌતિક વિજ્ઞાનમાં અત્યાર સુધી એમ માનવામાં આવતું હતું કે ઈલેક્ટ્રોન એ એક કણ છે જે દરેક પળે આકાશના એક પ્રદેશમાં અસ્તિત્વ ધરાવે છે અને સમય જતા તે પોતાની સ્થિતિ (Position) બદલતો રહે છે. બ્હોમની વિચાર- સરણી પ્રમાણે ઈલેક્ટ્રોન એક કણ છે જે pilot wave દ્વારા guide થાય છે. આમ એકી સાથે તે–તરંગ અને કણ બન્ને છે. મહત્ત્વની વાત એ છે કે તે વાસ્તવિક (real) છે અને તેનું વર્ણન કરી શકાય છે.

ડૉ. ડેવિડ બ્હામે તેના wholeness and the Implicate order નામના પુસ્તકમાં ક્વોન્ટમ્ થિયરી અને આઈન્સ્ટાઈનની રિલેટિવીટી થિયરીમાં રહેલી સૈદ્ધાન્તિક ક્ષતિઓની પૂર્તિ કરી. તેણે અખંડિત સમગ્રતા (undevided wholeness)ના સિદ્ધાન્ત સાથે એક નવા orderની વાત કરી છે. આ સિદ્ધાન્ત ગૂઢ છે પણ વાસ્તવદર્શી છે. બ્હોમ માને છે કે પ્રકૃતિની વ્યવસ્થા કે order સમજવા માટે પ્રજ્ઞા કે આંતર્ દર્શનની જરૂર છે.

ડૉ. બ્હોમનો પૂર્વના તત્ત્વજ્ઞાન પ્રત્યેનો આદર અહીં જોઈ શકાય છે. તેમના અખંડિત સમગ્રતા સિદ્ધાન્તને પ્રાયોગિક ધોરણે જોઈએ. આ પ્રયોગને ગ્લીસરીન–ડાય–એક્સપેરિમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે. તેનું સાધન છે એક એવો નળાકાર (Cylinder) જેમાં વચ્ચે વર્તુળાકારે ફરી શકે તેવો પહોળો કાચનો સળિયો રાખવામાં આવેલો છે. હવે આ પ્રમાણે પ્રયોગની શરૂઆત કરવામાં આવે છે.




Glycerin dye Experiment

આ સિલિન્ડરમાં ગ્લીસરીન ભરેલું છે. વચ્ચે ગોળ ઘુમાવી શકાય તેવો કાચનો સળિયો છે. ગ્લીસરીન ઉપર શાહી પૂરવાની ટોટીથી શાહીનું ટીપું ગ્લીસરીનની ઉપરની સપાટી ઉપર નાંખવામાં આવે છે. તે ટીપું ગ્લીસરીનમાં ડૂબતું નથી. પણ ત્યાં જ રહે છે, કારણ ગ્લીસરીન એક ઘટ્ટ અને ચીકણું (Viscous) પ્રવાહી છે.

હવે આ સિલિન્ડર વચ્ચે આવેલો સળિયો ગોળ ગોળ ફેરવવામાં આવે છે. એટલે શાહીનું ટીપું પાતળી રેખાનો આકાર ધારણ કરી ધીમે ધીમે અદૃષ્ય થઈ જાય છે. આવી રીતે કોઈ બીજું ટીપું નાંખી ફરી એ જ રીતે સળિયો ઘુમાવતા તે પણ અદૃષ્ય થઈ જાય છે. આવું જ ત્રીજા ટીપાં પછી પણ બને છે. આપણે ટીપાની જગ્યાએ ઈલેક્ટ્રોન કલ્પીએ તો તેઓ પણ અવ્યક્ત જગતમાં તીરોભાવ પામી જાય છે. ત્રણ ઈલેક્ટ્રોન જે આંખેથી જોઈ શકાતા હતા તે દેખાતા બંધ થઈ જાય છે.

હવે પ્રયોગનો બીજો તબક્કો વિચારીએ. સળિયાને પહેલા ફેરવતા હતા તેનાથી અવળી દિશામાં (reverse direction)માં ફેરવવામાં આવે છે. તો સૌથી પહેલા, જે ત્રીજું ટીપું ગ્લીસરીનમાં નાંખવામાં આવ્યું હતું તે એક પાતળી રેખાના આકારમાં ફેલાઈને છેવટે ટીપાના રૂપે આંખ આગળ છતું થઈ જાય છે. પછી ફરી સળિયાને વધુ ફેરવતા બીજું ટીપું અગાઉ નાંખેલું તે એક રેખાનો આકાર ધારણ કરી ટીપાની મૂળ દશામાં વ્યક્ત થાય છે. આ સમયે થોડીવાર પહેલાં દેખાયેલું ત્રીજું ટીપું સામેની દિશામાં અદૃશ્ય થવા લાગે છે. ત્રીજીવાર સળિયો ફેરવતા ત્યાં પહેલું ટીપું બહાર પ્રગટ થઈ જાય છે અને બીજું ટીપું પાતળી રેખાના આકારે અદૃશ્ય થવા લાગે છે. આ રીતે આ મોડેલમાં ટીપા વ્યક્તમાંથી અવ્યક્ત કે સૂક્ષ્મ દશામાં પ્રવેશે છે કે તેમાંથી બહાર નીકળે છે.

ક્વોન્ટમ્ મિકેનિક્સ પણ આ જ વાત કરે છે કે ઈલેક્ટ્રોન એક સમયે વ્યક્ત દેખાય અને બીજા સમયે પાછો અવ્યક્ત પણ થઈ જાય! શું જૈન દર્શનના પરમાણુવાદમાં આ વાત નથી?

પદાર્થનું થતું પ્રત્યક્ષીકરણ સતત ચાલતી પ્રત્યક્ષ–પરોક્ષ સ્થિતિની હારમાળાથી થાય છે. આમ સમગ્રનો વિચાર કરવાથી જ જુદા જુદા ઘટકોનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

ગ્લીસરીનમાં શાહીનું ટીપું નાંખી તેને તિરોહિત કરી દેવામાં આવ્યું છે તો ફરીથી પ્રગટ થતું ટીપું નવું સર્જન હોય તેમ જ લાગે. પણ વાસ્તવમાં એવું નથી–કે બનતું પણ નથી. તે તો પ્રવાહીમાં દરેક જગ્યાએ વ્યાપેલું હતું જ. તિરોહિત દશામાં હોવાથી–આપણે તેના મૂળ આકારમાં જોઈ શકવા સમર્થ ન હતા.

હવે આપણે બીજી રીતે ગ્લીસરીનમાં ટીપાં મૂકીએ. પહેલા એક ટીપું મૂકી તેને અંદર ભેળવી દો. પછી બરાબર તેની બાજુમાં આવે તેવી રીતે બીજું ટીપું મૂકો. તેને પણ અંદર ભેળવો. તેવી જ રીતે ત્રીજું ટીપું પણ બરાબર તેની બાજુમાં તેવી રીતે ભેળવી દો. આમ અનેક ટીપાં તિરોહિત ક્રમમાં લઈ જાવ. હવે કાચના સળિયાને ઉલટી દિશામાં ઘુમાવો. ઝડપથી ઘુમાવતાં છેલ્લું ટીપું દેખાય પછી તેના પહેલાનું, પછી તેના પહેલાનું અને એ રીતે અવિરત પણે ઝડપથી સળિયો ઘુમાવ્યા કરીએ તો તે ટીપાં વારાફરતી પ્રગટ થતા જણાશે નહિ પણ આકાશમાં પરિભ્રમણ કરતા એક માત્ર ટીપા જેવા દેખાશે.

આ પ્રયોગમાં ઊંડા ઊતરી ફેરફાર કરીએ. ગ્લીસરીનની સપાટી પર એક સ્થળે એક ટીપું નાંખી તેને પ્રવાહીમાં ભેળવી દો. બરાબર એ જ સ્થાને બીજું ટીપું નાંખી તેને પણ તિરોહિત કરી દો. આમ અનેક ટીપા એક ચોક્કસ સ્થાનેથી ભેળવતા તિરોહિત ક્રમમાં લઈ જાઓ. હવે વચ્ચેના ગોળાકાર સળિયાને ઊલટી દિશામાં ગોળાકાર ફેરવો. બધાને આવિર્ભૂત ક્રમમાં લાવવા પ્રયત્ન કરો. તો શું દેખાશે? અનેક ટીપાં હોવા છતાં આકાશમાં સ્થિર હોય એવું એક ટીપું જ દૃશ્યમાન થશે. તિરોહિત ક્રમમાં લઈ જતી વખતે એક જ સ્થાનેથી તે ટીપા મૂકવામાં આવતા આવું બને છે જે સૂચિત કરે છે કે તિરોહિત ક્રમનું આ 'એક' વ્યક્ત સ્વરૂપ છે.

ગ્લીસરીન ભરેલો સિલિન્ડર તો એક રૂપક છે. તેમાં ટીપાંની ગતિનું જ્ઞાન પણ યથાર્થ નથી. પરમાણ્વિક ક્ષેત્રમાં તો આવા કોઈ વિભાગો નથી. ડૉ. બ્હોમની દૃષ્ટિએ પરમાણુ કણો, ગ્રહો, આકાશગંગાઓ એ બધા જુદા જુદા લાગતા આવિર્ભૂત ક્રમો પણ તિરોહિત ક્રમના આધારે રહેલા છે. સિલિન્ડરને બ્રહ્માંડ સમજી લો અને શાહીના ટીપાંને પરમાણુઓ તો આ વાત સારી રીતે સમજાઈ જશે.

ડૉ. બ્હોમે વિશ્વની અવધારણા વિષે નવો વિચાર રજૂ કર્યો. ભૌતિક રસાયણ વિજ્ઞાન (Physical Chemistry) માં ધાતુ અને અધાતુ (metal and non metal) ની અણુસંરચનામાં મૂળભૂત ભેદની વાત ઘણી જાણીતી છે. ધાતુઓ free electrons ધરાવે છે જેનો અધાતુઓમાં અભાવ હોય છે. આ free electrons બીજા electrons સાથે પારસ્પરિક ક્રિયા કે interactions કરી શકે છે. ધાતુઓને આપણે free electronsના સમુદ્ર તરીકે પણ ઓળખી શકીએ.

ડૉ. બ્હોમ દર્શાવે છે કે સમગ્ર ઈલેક્ટ્રોન-સમુદ્રની સામૂહિક ગતિ સમગ્રતાથી સંકળાએલી છે. દરેક ઈલેક્ટ્રોન અવ્યવસ્થિત રીતે વર્તે છે અને જુદા જુદા પદાર્થો બનાવે છે તે સિદ્ધાન્ત ખોટો છે. સમગ્રતાથી સંકળાએલ ઈલેક્ટ્રોન-સમુદ્રને માટે ડૉ. બ્હોમે નવો શબ્દ પ્રયોજ્યો–ઈલેક્ટ્રોન-પ્લાઝમા. આવી સામૂહિક પ્રમાલિકા દરેક ઈલેક્ટ્રોનની ગતિ ઉપરછલ્લી રીતે જોઈએ તો અતંત્ર કે યાદૃચ્છિક (random) જણાય. અસંખ્ય ઈલેક્ટ્રોનની સૂક્ષ્મ ગતિની સંચયી અસર (collective effect) સમગ્ર સાથે સંકલિત રહે છે. પ્રાયોગિક રીતે આ સામૂહિક અસર સિદ્ધ થઈ ચૂકી છે, જેને તેણે પ્લાઝ્મોન તરીકે દર્શાવી. આમ જોઈએ તો પ્લાઝમોનની ગતિ ધાતુમાં રહેલ દરેક ઈલેક્ટ્રોનનું વર્તન દર્શાવે છે. દરેક ઈલેક્ટ્રોન સમગ્ર રીતે પ્લાઝ્મોનની ગતિ સૂચવે છે. આ સિદ્ધાંત દર્શાવે છે કે સામૂહિક ગતિના ક્રમો દરેક પૃથક્ક લાગતી ગતિમાં છૂપાએલા જ હોય છે.

જુદી જુદી પ્રક્રિયાઓ સાથે સંકળાએલ આ ક્રમ શું છે? વિજ્ઞાનની દૃષ્ટિએ order કે ક્રમ વ્યવસ્થા એટલે to give attention to similar differences and different similarities અર્થાત્ સમાન તફાવતો અને જુદી સમાનતાઓને ધ્યાનમાં લેવી.




આ આકૃતિમાં જુદી જુદી દિશાઓમાં જતી સીધી રેખાઓ વાળી વક્રરેખા પણ જુઓ. A B C D – રેખા પરના બિંદુઓ સહજ રીતે સરખા અંતરે છે. તે રીતે D E F G ની ક્રમિકતા પણ સ્પષ્ટ જોઈ શકાય છે. જ્યારે આપણે આખી વક્ર રેખાને જોઈએ છીએ ત્યારે આપણને તેના એક સરખા તફાવતો અને જુદી જુદી સમાનતાઓનો ખ્યાલ આવે છે. અહીં સરખાપણાની ત્રણ ડીગ્રી જોવા મળે છે. આ ઉપરથી આપણને પ્રશ્ન થાય કે આપણે યાદૃચ્છિકતા (randomness) કોને કહીએ છીએ? અવાવરૂ અંધારા ઓરડામાં પ્રકાશના કિરણનો શેરડો પડે ત્યારે તેમાં ઊડતી રજકણો આપણે જોઈ શકીએ છીએ તેમાં કોઈ વ્યવસ્થા હોતી નથી. આ પ્રકારની ગતિને બ્રાઉનીઅન મોશન કહે છે. ડૉ. બ્હોમે આ પ્રકારની યાદૃચ્છિક ગતિને–તેની અતંત્રતાને પણ એક ઊંચીમાત્રામાં ક્રમબદ્ધ સુવ્યવસ્થા રૂપે ગણાવી છે. તેના મત પ્રમાણે યાદૃચ્છિક (random) દશા ક્રમબદ્ધતાનો ભંગ થતા ઊભી થતી અવ્યવસ્થા નથી પણ કોઈ છૂપાએલ (implicit order) ક્રમ વ્યવસ્થાની જ સૂચક છે. આમ Implict--Explicate order કે તિરોહિત–આવિર્ભૂત ક્રમ એક સિક્કાની બે બાજુઓ જેવા છે.

તિરોહિત ક્રમની પરિભાષામાં અનેક ટીપાંની હારમાળા હોવા છતાં ગ્લીસરીનમાં ફરતા એક માત્ર ટીપાં કે કણ જેવું પ્રત્યક્ષીકરણ થાય છે. આપણે જાણીએ છીએ કે તિરોહિત ક્રમની દશામાં ટીપાના રંગનો કણ પદાર્થ રૂપ છે જ નહિ, કેવળ સંકેલાવાની જુદી જુદી માત્રાવાળા એક બીજાની અંતર્ગત્ રહેલા ઘટકોની પરંપરા જ છે. તિરોહિત ક્રમમાં પરમાણ્વિક કણની ગતિ time and spaceમાં એક બિંદુથી બીજા બિંદુ સુધી પરિભ્રમણ કરતા કોઈ ગતિમય પદાર્થ જેવી નથી પણ એક સમાન સમયે સર્વ સમુપસ્થિત પ્રાગટ્યની ભિન્ન ભિન્ન માત્રાઓ છે. તેથી તિરોહિત ક્રમમાં ગતિને એક બિંદુ સાથે સંકળાએલા બીજા બિંદુ જેવી વર્ણવવાને બદલે વર્તમાનમાં એક સ્વરૂપ (તિરોભાવની એક યાત્રા) સાથે વર્તમાનનું બીજું સ્વરૂપ (તિરોભાવની બીજી યાત્રા) સંકળાએલું હોય છે. ડૉ. બ્હોમના મત પ્રમાણે આ બધા વર્તમાનો કોઈપણ ક્ષણે એક સાથે આવિર્ભૂત કે પ્રગટ થતા રહે છે. તે પ્રતિપાદિત કરે છે કે time and spaceમાં કોઈ વિભાગો કે ખંડો છે જ નહિ. અહીં તો પ્રવર્તે છે સદા સર્વત્ર 'અખંડિત સમગ્રતા.'

ડૉ. બ્હોમની થિયરી ઈલેક્ટ્રોન અને બીજા કણોને નવા પરિપ્રેક્ષ્યથી જ કાર્યાન્વિત થતા જુએ છે. તેની દૃષ્ટિએ ઈલેક્ટ્રોન સમસ્તમાં તિરોહિત વસ્તુ સ્થિતિનું સમગ્ર દર્શન કરાવતો અખંડિત સંપૂર્ણ સમૂહ છે.

આમ બ્રહ્માંડમાં વ્યાપ્ત ઈલક્ટ્રોનનો સમૂહ તો સદાય છે જ. તેની ઉત્પત્તિ કે નાશ કેવળ આવિર્ભૂર્ત કે તિરોહિત દશાનો અવસ્થા ભેદ માત્ર છે.

તિરોહિત ક્રમાનુસાર બ્રહ્માંડ સતત અને અસતત બન્ને રૂપે દેખાઈ શકે છે. તિરોહિત સર્વગ્રાહી ઘટક સમૂહો (Implicate ensambles) કેવી રીતે પ્રગટ થાય છે તેના પર એનો આધાર છે. તિરોહિત ક્રમમાંથી આવિર્ભૂત ક્રમમાં આવેલા ઘટકો દૃશ્યમાન જગતમાં જુદા જુદા લાગે પણ વાસ્તવમાં તે એક જ સમુદ્રના અખંડ પ્રવાહમાં દેખાતા વમળો સમાન છે.

**ઉપસંહાર :**

ડૉ. બ્હોમના તિરોહિત ક્રમ (Implicit Order) અનુસાર સૃષ્ટિ કે બ્રહ્માંડ સનાતન અને ક્ષણિક એમ બન્ને રીતે દેખાય છે. 'કણ' કે 'તરંગ'નો દ્વિસ્વભાવ પણ તિરોહિત ક્રમ અંતર્ગત્ ઘટક પ્રગટ થવાની તૈયારીમાં હોય તે સમયે તેના માર્ગમાં અવરોધ મૂકતા તેનો આવિર્ભૂત ક્રમ બદલાય જાય છે.

ક્વોન્ટમ્ ફિઝિક્સ અને થિયરી ઓફ રિલેટિવીટીએ જગતનો દૃષ્ટિકોણ બદલી નાંખ્યો છે. અનંત વિશ્વોના એક એક ઘટક બાકીના એક એક ઘટક સાથે જોડાઈને રહ્યા છે. એક પરમાણુ કણ બીજા પરમાણુ કણથી જુદો છે એમ જોવું કે માનવું જ ભૂલ ભરેલું છે. બન્ને થિયરી બ્રહ્માંડ અવિભાજ્ય સમગ્રતા ધારણ કરે છે તે વાત સાથે સંમત છે પણ તેમના સિદ્ધાંતોમાં ક્યાંક ક્યાંક મતભેદ પડી જાય છે અને વિભક્ત થઈ જાય છે. ડૉ. બ્હામે બન્નેનો ઊંડો અભ્યાસ કરી તે સિદ્ધાંતોમાં રહેલી ત્રુટિઓ અને સીમિતતા દૂર કરી.

સાપેક્ષવાદ સંકેતો (Signal) પર ભાર મૂકે છે અને માને છે કે સંકેતો ખંડોને જોડી રાખે છે. સ્પેશ્યલ રિલેટીવીટી થિયરીમાં સંકેત પ્રકાશની નિયત કે બદ્ધ ઝડપે જ ગતિ કરી ખંડોને જોડે છે તેમ માનવામાં આવ્યું. પ્રકાશ-ઊર્જા કે રેડિયો તરંગો જેવી બીજી વસ્તુ કોઈ તંત્રના એક સ્વતંત્ર ભાગથી બીજા સ્વતંત્ર ખંડ તરફ પ્રેષણ કે સંચરણ કરે છે ત્યારે આપણે પદાર્થગત પૃથક્કતાને તો માન્યતા મળે જ છે એ વિસંગતતા બ્હોમે સમજાવી. ક્વોન્ટમ્ મિકેનિકસમાં પણ સંપૂર્ણ અખંડિતતા જળવાઈ રહેતી નથી કારણ કે 'વેવ ફંક્શન' તરંગવિધેયનો ખ્યાલ પણ વસ્તુ ગત છે. 'વેવ ફંક્શન' અનુસાર સત્તાની જુદી જુદી પ્રશાખાઓમાં એક બીજાથી સાવ જુદું ઘટિત થાય છે તેમ દર્શાવેલ છે. ક્વોન્ટમ્ સ્થિતિનો ઉલ્લેખ એક પૃથક્ક હયાતીનું જ પ્રમાણપત્ર છે. જ્યારે વાસ્તવિક રીતે તો તેનો મૂળ મંત્ર એમ કહે છે કે પૃથક્ક હયાતી જેવું કંઈ જ નથી.

ગ્રાન્ડ યુનિફિકેશન થિયરીમાં પણ ક્વોન્ટમ્ ફિલ્ડસને time and spaceના દરેક બિંદુએ સ્વતંત્ર હયાતી ધરાવતા દર્શાવવામાં આવ્યા છે.

ડૉ. બ્હોમના આ પ્રકારના વિશ્લેષણથી આપણે એમ વિચારવા પ્રેરાઈએ છીએ કે કોઈપણ વિચાર, સમજ કે અનુભવ પર આધારિત સિદ્ધાન્ત કે વૈજ્ઞાનિક થિયરી એ કેવળ એક પરિપ્રેક્ષ્ય કે દૃષ્ટિકોણ છે, જે કુદરત કે પ્રકૃતિ સાથે એક રહસ્યમય સંબંધ (mysterions relation) ધરાવે છે જે સીમિત માત્રામાં હોય છે. તત્ત્વજ્ઞાની માર્ટિન હીડેગરે આપેલું દૃષ્ટાંત અહીં ઉપયુક્ત છે. પીવાના પ્યાલાનું રૂપક સમજીએ તો તેનો એક ભાગ તમારી સામે ધરો તો બાકીનો ભાગ આપોઆપ દૃષ્ટિથી જાણે ઓઝલ થઈ જાય છે. આ રીતે સમગ્રતાને પણ ઈન્દ્રિયો પૂરેપૂરી પકડી શકતી નથી. સમગ્રતાને સમજ્યા વિના આપણે સમગ્ર અને તેના ભાગો વચ્ચેનો સંબંધ ગૂંચવી દઈએ તેવું બને. સાચી સમજ અને ઊંડી અનુભૂતિથી એકમાં અનેકનું જ્ઞાન થઈ શકે છે.

અહીં આચારાંગની ગાથા યાદ આવે છે.

जे एगं जाणई से सव्व जावइ

जे सव्वं जाणइ से एगं जाणइ ।

એક એટલે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થના મૂળભૂત દ્રવ્ય રૂપ પુદ્ગલનો એક સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુ - સકલ પદાર્થના સર્જન માટેનો એકમ છે; અને એ એક પરમાણુને સંપૂર્ણ રીતે જાણવો એટલે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થને જાણવા, કારણ કે એ એક પરમાણુ આ બ્રહ્માંડના દરેક પદાર્થોના ભાગ રૂપે રહેલો હતો અને ભવિષ્યમાં દરેક પદાર્થના મૂળભૂત એકમ તરીકે રહેવાનો છે, એટલે તે એક જ પરમાણુને જાણવા માટે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થનું જ્ઞાન જરૂરી છે. તેથી કહ્યું છે કે એક પરમાણુનું સંપૂર્ણ જ્ઞાન મેળવે છે તેને સમગ્ર બ્રહ્માંડનું જ્ઞાન થઈ જાય છે અને જેને સમગ્ર બ્રહ્માંડનું જ્ઞાન છે, તે દરેક પરમાણુને પણ સંપૂર્ણ જાણે છે.' આચાર્યદેવ શ્રી શીલાંક સૂરિનું આ વિવેચન કેટલું સ્પષ્ટ દર્શન કરાવે છે.

આ રીતે ડૉ. બ્હોમનો આવિર્ભૂત ક્રમ (explicate order) ભૌતિક વાસ્તવિકતાને જૈન દર્શન નિર્દિષ્ટ વ્યવહાર નયના નિરૂપણ સાથે ઘણે અંશે મળતો આવે છે.

જૈન આગમોમાં નિશ્ચય નયનું સ્વરૂપ અને ભાવ નિક્ષેપનું વર્ણન મળી આવે છે. ભાવ નિક્ષેપની મુખ્યતાનો સ્વીકાર કરી નિશ્ચયનયના પ્રકાશમાં આત્મતત્ત્વનું નવું જ રૂપ જૈન દાર્શનિકોએ જગત સમક્ષ મૂક્યું છે. તેમાં પર દ્રવ્ય, પર્યાય, ગુણ, ધર્મ અને ધર્મી, અવયવ અને અવયવીનો ભેદ સમાપ્ત થઈ સ્વતઃ અભેદ સ્થપાઈ જાય છે. વસ્તુનું પારમાર્થિક અને શુદ્ધ સ્વરૂપનું ગ્રહણ નિશ્ચય નયથી થાય છે. જ્યારે અપારમાર્થિક અને અશુદ્ધ સ્વરૂપનું ગ્રહણ વ્યવહાર નયથી થાય છે. બન્ને નય પરસ્પર સાપેક્ષ છે અને પરમ તત્ત્વ-પુદ્ગલનું-વર્ણન બન્ને નયો દ્વારા જ પરિપૂર્ણ થાય છે. તે જ રીતે બ્હોમના આવિર્ભૂત ક્રમ અને તિરોહિત ક્રમના પરસ્પર સાપેક્ષ નિરૂપણથી જ અખંડિત સમગ્રતો સિદ્ધાન્ત પૂર્ણ થાય છે. ડૉ. બ્હોમ કહે છે કે આવિર્ભૂત ક્રમદશામાં પૃથક્ક ભૌતિક વિશ્વનો આપણને અનુભવ થયા કરે છે એટલે આપણું અસ્તિત્વ મહદંશે તેનો જ ખ્યાલ રાખે છે. પરંતુ ટાઈમ અને સ્પેસ-સમય અને અવકાશની પરંપરાગત મર્યાદાઓને અતિક્રમી તિરોહિત દશામાં અંતઃજ્ઞાન કે પ્રજ્ઞાનું પ્રાગટ્ય થાય છે.

આવિર્ભૂત વિશ્વ અંગોના સરવાળા (Sub totals) થી બને છે અને પદાર્થની સંરચના સ્થિર લાગે છે. આવિર્ભૂત ક્રમ કે તિરોહિત ક્રમ પરસ્પર વિરોધી કે સ્વતંત્ર ક્રમ નથી. તે એક જ સિક્કાની બે બાજુઓ જેવા છે. તેઓ પરસ્પર પૂરક બની ભૌતિક વાસ્તવિકતાનો પરિપૂર્ણ કે સમગ્રતાથી અનુભવ કરાવે છે.

જો સંસાર નથી તો મોક્ષ નથી એવું ક્યાંક વાંચેલું યાદ આવે છે તેમ અહીં પણ કહી શકાય કે જો આવિર્ભૂત ક્રમ નથી તો તિરોહિત ક્રમ પણ નથી.

✷✷✷

૬૫, શિવાલિક બંગલોઝ,૧૦૦' રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
Phone No. : (079) 26930998

# દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત

❑ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

જનક રાજાના સમયની વાત છે. એના રાજ્યમાં એક બ્રાહ્મણે એક એવો ગુનો કર્યો, જેની સજા 'દેશનિકાલ' હતી. સજા સાંભળી એ રાજદરબારમાં આવ્યો અને જનક રાજાને પૂછ્યું-'હે રાજન! મને આપે દેશનિકાલની સજા કરી છે, તો કહો કે તમારો દેશ-તમારો અધિકાર ક્યાં સુધી છે?' આ પ્રશ્ને જનક રાજાને વિચાર કરતાં કરી મૂક્યા. 'મારા દેશની સીમા તો બહુ મોટી છે, પણ શું એ બધા પ્રદેશો પર મારો અધિકાર છે? ના. આ બધામાં તો ઘણાં ચોર-ડાકુઓ અને અપરાધીઓ પણ વસે છે, જે મારી આજ્ઞા વિરૂદ્ધ કાર્યો કરે છે. તો શું મારા પાટનગર પર મારો અધિકાર છે? ના-એમાં પણ એવા ઘણા લોકો છે જે મારા અધિકારની અવજ્ઞા કરી રહ્યા છે. તો શું મારા રાજમહેલ પર, રાજમહેલના મારા ઉઠવા બેસવાના કક્ષ પર, મારા શયનખંડ પર, મારા છત્ર પલંગ પર, મારા શરીર પર-કોઈના ઉપર મારો અધિકાર છે?' આમ વિચારતાં વિચારતાં એને જ્ઞાન થયું કે મારો અધિકાર તો માત્ર મારા આત્મા પર જ છે. એણે પેલા બ્રાહ્મણની સજા માફ કરી. બ્રાહ્મણ પોતાના અસલ સ્વરૂપમાં પ્રગટ થયો અને કહ્યું કે 'હે જનક! હું તો ધર્મ છું. તને પ્ર તિબોધ દેવા આવ્યો હતો. હવે તું તારા આત્મામાં રહે.'

ત્યાર બાદ જનક રાજાએ 'વિદેહ' રૂપે જીવન વિતાવ્યું. એમની પુત્રી સીતા 'વૈદેહી'ના નામથી જાણીતી બની. આનું જ નામ 'દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,' આધ્યાત્મિકતાનો અર્થ જ એક છે-ચેતનાની જાગૃતિ.

જનક મહારાજ જેવું જ એક દૃષ્ટાંત પ્રમાણ શાસ્ત્રમાં પણ આપવામાં આવે છે. સાત પ્રકારના નયમાં નિશ્ચય દૃષ્ટિથી તો સાતમો 'એવંભૂત' નય જ આખરે સત્ય છે. એ સમજાવવા 'વસતિ' દૃષ્ટાંત આપવામાં આવે છે. એક ભાઈએ બીજાને પૂછ્યું કે 'તમે ક્યાં રહો છો?' એ માણસ રાષ્ટ્રવાદી હતો. એણે જવાબ આપ્યો કે હું 'ભારતવાસી છું-ભારતમાં રહું છું.' ફરી પ્રશ્ન કર્યો 'ભારતમાં કયા પ્રાંતમાં?' જવાબ મળ્યો 'મહારાષ્ટ્ર'માં. ફરી સવાલ પૂછ્યો, 'મહારાષ્ટ્રમાં કયા શહેરમાં?' 'મુંબઈમાં.' મુંબઈમાં કઈ જગ્યાએ તો જવાબ મળ્યો સાયનમાં. એમ કરતાં કરતાં નિશ્ચય નય અથવા એવંભૂત નય આખરે કહે છે કે 'તું' તારા આત્મામાં જ રહે છે. બાકી બધું 'અન્ય' છે. આમ એકત્વ ભાવના અને અન્યત્વ ભાવના જેણે ભાવી છે તે દેહમાં રહેવા છતાં અંદરથી 'દેહાતીત' રહે છે. શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શની દુનિયામાં શબ્દાતીત, રૂપાતીત (અમૂર્ત), ગંધાતીત, રસાતીત અને સ્પર્શાતીત થઈને રહે છે. નામની દુનિયામાં અનામી બને છે. શોક અને હર્ષના દ્વન્દ્વમાં શોકાતીત અને હર્ષાતીત બની જાય છે. મધ્યસ્થ ભાવનાના સમતા રસમાં તરબોળ બની જાય છે. એ રહે છે અંદર અને જીવે છે બહાર. નિશ્ચય નયની દૃષ્ટિથી આત્મામાં જીવે છે અને વ્યવહાર નયની દૃષ્ટિથી બહાર-દેહાદિમાં જીવે છે. દૃશ્યમાન પુદ્ગલની દુનિયામાં રહેવા છતાં એ પોતાની ચેતનામાં મસ્ત રહે છે. જે પદાર્થની ચેતનામાં રહે છે એને વ્યામોહ વ્યાપે છે, સદા ચિંતિત રહે છે, Depression દૂર કરવા Prozac ની ગોળીઓનો સહારો લે છે. ઊંઘ લાવવા ઊંઘની ગોળીઓ ખાય છે. પણ આ બધા બાહ્ય ઉપચારો આખરે તો 'નકામા' બની જાય છે. એ ફાયદા કરતાં નુકસાન વધુ કરે છે. આ રોગ માટે તો પદાર્થાતીત ચેતનાનો વિકાસ કરવો અભિપ્રેત છે. એકત્વ/અન્યત્વ ભાવના દ્વારા આત્માને ભાવિત કરવાથી જ આવી 'દેહાતીત' દશા પ્રાપ્ત થશે.

આવી જ ભાવનાનું દર્શન ધીરા ભગતની રચનામાં જોવા મળે છે.

*'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં,*
*અજા-જૂથ માંહી રે, સમરથ ગાજે સહી.*

ધીરો ભગત પણ મહાન તત્ત્વચિંતક હતા. એમણે અનેક ઉપમાઓ આપી આત્માની પિછાણ કરાવી છે. ઘેટાંના ટોળામાં સિંહ, કસ્તુરી મૃગની નાભિમાં જ રહેલી કસ્તૂરી, તલમાં તેલ, લાકડીમાં અગ્નિ, દહીમાં ઘી, આદિ ઉપમાઓ આપી આખરે ભગત કહે છે-*'પોતે પોતાની પાસ રે.'*

એવી જ રીતે ભક્ત કવિ નરસિંહ મહેતાએ આ ફિલસૂફી એમના ભજનમાં વણી લીધી છે.

*'જ્યાં લગી આત્મ-તત્ત્વ ચીન્યો (ચિંતવ્યો) નહીં*
*ત્યાં લગી સાધના સર્વ જૂઠી.*

ભજનના અંતમાં સારાંશ છે-

*'આ છે પરપંચ સહુ પેટ ભરવા તણા,*
*આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;*
*ભણે નરસૈયો કે તત્ત્વદર્શન વિના,*
*રત્નચિંતામણિ જન્મ ખોયો.'*

આમ આ બધા કવિઓએ જીવનની સાચી ફિલસૂફી સરળ શબ્દોમાં સમજાવી છે.

આવી 'વૈદેહી' દશા પ્રાપ્ત કરવા નીચેના જપનું એકાગ્રતાથી સતત રટણ કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે-

'હું દેહાદિ સ્વરૂપ નથી, દેહ, સ્ત્રી, પુત્ર આદિ મારા નથી, હું શુદ્ધ ચેતન અવિનાશી, એવો આત્મા છું.'

અત્યંત ભાવથી, તીવ્ર એકાગ્રતાથી અને સંપૂર્ણ જાગૃતિ સાથે આ પદનું રટણ કરવાથી આત્મામાં સ્થિત થઈ શકાય છે; પરભાવમાંથી સ્વભાવમાં આવી શકાય છે. પણ જો દ્રવ્ય જપ એટલે

કે માત્ર શબ્દોના ઉચ્ચારણ સાથે જો અર્થની જાગૃતિ નહીં રહે તો 'આત્મા છું' ને બદલે આત્મા 'છૂ' થઈ જશે, વિસ્મૃત થઈ જશે.

શ્રી કૃપાળુદેવ કહે છે તેમ જો 'દેહાધ્યાસ' છૂટે તો જ આત્મ સ્વભાવમાં રમણ થાય. આત્માના પોતાના સ્વભાવગત ચાર મૂળ ગુણ છે–જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિ. આ મેળવવા માટે એના પર લાગેલા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય કર્મનો ક્ષય કરવાની આવશ્યકતા છે. બહિરાત્મામાંથી અંતરાત્મા પ્રવેશીને પરમાત્મા બની શકાય છે.

આપણે આપણા પોતાના બનવાનું છે. જગત સાથે માત્ર વ્યવહાર પૂરતો formal સંબંધ જ રાખો. પૂ. નમ્રમુનિ લખે છે કે જે એક વખત પોતાના આત્માનો થઈ જાય છે એ જગત સાથે વ્યવહારથી જીવતો હોય છે. માત્ર formality નિભાવતો હોય છે. એને કોઈનું વળગણ–ગમો–અણગમો નથી હોતો. પણ 'પર' સાથે હોય છે, ત્યારે એ પરભાવમાં જીવે છે. એ વળગણ વ્યક્તિનું હોય, સંબંધીનું હોય, પુદ્ગલનું હોય કે 'સ્વ' સિવાય બીજા કોઈનું પણ હોય; ત્યારે એ સ્વભાવ ભૂલી જાય છે. જ્યાંસુધી તમે પારકાના ઘરમાં છો ત્યાં સુધી પારકું તમારા ઘરમાં રહેશે. તમે જેવા તમારા સ્વઘરમાં રહેવા જશો એટલે 'પારકું' બહાર નીકળી જશે. આ પારકું કોણ છે? આત્મા સિવાય બીજું બધું પારકું છે. આવી અન્યત્વ ભાવના ભાવવાથી જ એકત્વ ભાવના દઢતર થતી જશે. વ્યક્તિ પોતાના ઘરમાં ક્યારે હોય છે? એ જ્યારે ક્ષમા, સમતા, સરળતા, નમ્રતા અને સંતોષ રાખે છે ત્યારે એ સ્વગૃહમાં રહે છે. પણ કષાય, નોકષાય, રાગ–દ્વેષ, ઈર્ષા, વેર–ઝેર, બદલાની ભાવના, તીવ્ર વાસના આદિ જ્યારે વ્યક્તિનો કબજો લે છે ત્યારે એ 'સ્વભાવ'માંથી 'પરભાવ'માં જતો રહે છે. માણસ જ્યારે ઈન્દ્રિયોના વિષયોનો કે મનની કલ્પનાઓનો ગુલામ બને છે ત્યારે એ દેહ અને એના અસુરોની માગણીનો તાબેદાર બની જાય છે.

અન્યના વર્તનથી સુખી–દુઃખી બનવા કરતાં આપણે પોતે જ આપણું ચિંતન, વાણી, ક્રિયા, પ્રતિક્રિયા, આદિ પર પ્રભુત્વ મેળવી લઈએ. પ્રિયના સંયોગમાં કે અપ્રિયના વિયોગમાં સુખ નથી શોધવાનું. 'સાગરવરગંભીરા'–સાગર જેવા ગંભીર સમભાવી બનવાથી પ્રત્યેક પરિસ્થિતિનો શાંત સ્વભાવથી સ્વીકાર કરી, એમાં સાક્ષીભાવની સાધના કરવાની છે. જ્યારે આવો જ્ઞાતા–દ્દષ્ટા ભાવ પ્રગટ થશે તો આપણે આપણા ઘરમાં આવી જઈશું.

આવી દેહાતીત અવસ્થામાં રમણ કરવા માટે કુન્દકુન્દાચાર્યકૃત સમયસારનું સાંગોપાંગ અધ્યયન કરવા જેવું છે. એમાં નિશ્ચય અને વ્યવહારની યાત્રા ગુંથાયેલી છે. એની એક ગાથા આત્માના ખરા સ્વરૂપને સુંદર રૂપે વર્ણવે છે–

*'અહં એક્કો, ખલુ સુદ્ધો, દંસણ–નાણ મઈજો સદા અરૂવી,*
*નવિ અત્થિ મજ્ઝા કિંચિવિ, અણ્ણં પરમાણુ મેત્તં વિ.'*

હું એક છું, ખરેખર શુદ્ધ છું, દર્શન–જ્ઞાન મય અને સદા અરૂપી છું. પરદ્રવ્યનું એક પરમાણું માત્ર પણ મારું નથી.

પણ માણસ આ ચેતનરૂપ આત્માને કેમ ભૂલી જાય છે? કારણ વ્યક્તિ પ્રત્યક્ષને જ જુએ–જાણે છે. પરોક્ષની–શાશ્વતની અવગણના કરે છે. આપણું પોતાનું શાશ્વત ઘર તો આપણો આત્મા જ છે. એને બદલે અશાશ્વત પણ પ્રત્યક્ષ એવા શરીરને આપણું ઘર માની લેવાની ભૂલ આપણે કરી રહ્યા છીએ. આજ દુઃખનું મૂળ કારણ છે. ધ્યાનની સતત સાધના દ્વારા આત્માનંદનો સાક્ષાત્કાર કરવાથી બધાં દુઃખ દૂર થાય છે. આનંદનો–આત્માનો સ્વભાવ છે. એ કદી દુઃખી થઈ જ ન શકે–આવી ભાવના સ્થિર થાય તો સ્વગૃહમાં–આત્મામાં રહી શકાય. ✷✷✷

અર્હમ, ટોપ ફ્લોર, ૨૬૬, ગાંધી માર્કેટ પાસે, સાયન (ઈસ્ટ), મુંબઈ–૪૦૦૦૨૨.ફોનઃ(૦૨૨)૨૪૦૯૫૦૪૦/૨૪૦૯૪૧૫૭

# માન : કષ્ટદાયક કષાય

## ❑ શાંતિલાલ ગઢિયા

શાસ્ત્રો કહે છે, મનુષ્યના દુઃખનું કારણ એના ૬ આંતર-શત્રુઓ (ષડ્‌રિપુ) છેઃ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. જૈન ધર્મ ચાર કષાય ગણાવે છેઃ ક્રોધ, માન, માયા અને લોભ. પ્રથમ યાદીમાં 'મદ' અને બીજીમાં 'માન' સમાન વૃત્તિનો નિર્દેશ કરે છે. કોઈ વળી અહંકાર કહે છે, કોઈ અભિમાન કહે છે, તો કોઈ ગર્વ કે ઘમંડ. એક જ વિષવૃક્ષનું કટુ ફળ.

અહંકાર મનુષ્યનો શતમુખે વિનિપાત કરે છે. છતાં કેવું મહદ્ આશ્ચર્ય છે કે મનુષ્ય એમાંથી મુક્તિ મેળવવા નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરતો નથી! મનઃચક્ષુ આગળનો અહંકારનો પડદો જગતનું યથાતથ દર્શન કરવા દેતો નથી. એક કારીગરે તસવીરને સુંદર ફ્રેમમાં મઢીને તૈયાર રાખી હતી. નિયત સમયે ગ્રાહક લેવા આવ્યો. તેને તસવીરના નવાં રૂપરંગ ગમ્યા, પણ કાચ પર રજકણ જોતાં કારીગરને એ લૂંછવા કહ્યું. કારીગરે કાચ સાફ કર્યો. તો ય ગ્રાહકને સંતોષ ન થયો. કારીગરે ફરી કાચ લૂંછ્યો. છતાં ગ્રાહકની એ જ ફરિયાદ. આખરે કારીગરે ગ્રાહકની આંખ પરના ચશ્મા જોઈ કહ્યું કે આપના ચશ્માના કાચ પર ધૂળનો કણ છે. અહંકારી મનુષ્યની સ્થિતિ પણ આવી જ હોય છે.

રૂપ, યૌવન અને સંપત્તિનો અહંકાર મનુષ્યને કઠપૂતળીની જેમ નિરંતર નચાવે છે અને મનુષ્ય તોરમાં ને તોરમાં તેમાં ડૂબેલો રહે છે.ડાયોસ્થિનીઝે વિજેતા સિકંદરને પૂછ્યું, 'આટલા વિજય પછી હવે તારી શી યોજના છે?' 'પેલો પ્રદેશ જીતવાની'. સિકંદરે જવાબ આપ્યો. 'ત્યાર પછી?' 'બીજો પ્રદેશ જીતવાની.' આમ બંને વચ્ચે

સવાલ-જવાબ ચાલતા રહ્યા. છેવટે ડાયોસ્થિનીઝે કહ્યું, 'દુનિયા જીત્યા પછી તું શું કરીશ?' 'બસ-વિશ્રાંતિ લઈશ શાંતિથી.' 'તો પછી અત્યારે જ વિશ્રાંતિ લે ને!' સિકંદર મૌન. લાલસા અને અહંકાર જોડિયા ભાઈ-બહેન છે.

અહંકારને દુર્વૃત્તિ ગણી જે રીતે વ્યક્તિની ટીકા કરવામાં આવે છે, એમાં અતિશયોક્તિ હોય છે. અહંકાર ક્યાંથી, કેવી રીતે જન્મે છે એની પૂરી સમજ આપણને હોતી નથી. શુભ્ર શ્વેત ચાંદની રેલાવતા ચન્દ્રમાં ય ડાઘ હોય છે, પર્વતમાંથી ખળખળ વહેતી નદીમાં ય કંકર ને કસ્તર હોય છે; જ્યારે આ તો જીવતો-જાગતો માણસ. તેનો સ્વ (Self) વિકાસ પામતો હોય છે ત્યારે આપોઆપ અહ્‌મનું મલિન તત્ત્વ તેમાં ભળી જાય છે.

જન્મથી માંડી ક્રમશઃ બાળકનો વિકાસ એક સળંગ પ્રક્રિયા રૂપે થાય છે. શારીરિક-માનસિક વિકાસને સમાંતર બાળકનો સામાજિક વિકાસ પણ થતો રહે છે. લગભગ ૩ મહિનાની ઉંમરે તેનામાં સામાજિક વર્તનની શરૂઆત થાય છે. સામાજિક વર્તન એટલે આસપાસની વ્યક્તિઓને અનુલક્ષીને થતું બાળકનું વર્તન. આ ઉંમરે બાળક અમુક વ્યક્તિની હાજરી-ગેરહાજરીની નોંધ લઈ તદનુરૂપ વર્તન કરે છે. ૬ મહિનાનું થતાં ઘરની પરિચિત વ્યક્તિઓના ચહેરા ઓળખતું થઈ જાય છે. ૮ થી ૧૦ માસનું બાળક વિશિષ્ટ અવાજો કરીને પોતાની પ્રતિક્રિયા બતાવે છે. અઢી-ત્રણ વર્ષના ગાળામાં બાળકની સામાજિક પ્રતિક્રિયા સુસ્પષ્ટ બને છે. 'મોન્ટુ'ને ખાવું છે,' એમ પોતાના માટે ત્રીજા પુરુષમાં વાતો કરતો મોન્ટુ હવે 'મને ખાવું છે' બોલતો થાય છે. 'આ મારું છે, તને નહિ આપું,' કહીને તે પોતાનો 'સ્વ' અન્ય સમક્ષ જાહેર કરે છે. પછી બાળક શાળાએ જતો થાય છે ત્યારે એનામાં મારા-તારાપણાનો ભાવ દૃઢતર થાય છે. પુખ્તાવસ્થાએ આ ભાવને આપણે 'મમત્વ'થી ઓળખીએ છીએ. 'મમતા છોડો.' 'માયા છોડો', એવા આદર્શવચનો મોટેરા ઉચ્ચારે છે.

'સ્વ'નો ઉદ્‌ભવ જરૂરી છે. સ્વ-ભાન ન હોત તો આપણું શું થાત, એની કલ્પના જ થઈ શકતી નથી. દેહપ્રાણ ધરાવતું ખોળિયું માત્ર હોત આપણે! સ્વ-સન્માન (self-esteem) કે સ્વ-વિશ્વાસ (self-confidence) વગરના આપણે જડ યંત્રો હોત. બગીચામાં હીંચકે ઝૂલવાની બાળકને હોંશ હોય છે. શરૂઆતમાં મમ્મી ઝૂલાવે છે. ધીમે ધીમે બાળક પોતે જમીન પર પગના ટેકાથી હીંચકો ખાય છે ત્યારે પોતાની શક્તિ પર વારી જઈ ખુશ થાય છે. મનોમન બોલી ઊઠે છે, 'અરે, હું જાતે હીંચકો ખાઉં છું. ઊંચે હવામાં ઊડું છું.' બાળકનું આ સ્વ-સન્માન એવરેસ્ટ સર કરનાર તેનસિંગ-હીલેરીની સિદ્ધિ કરતાં સહેજે ઊતરતું હોતું નથી. સ્વ-સન્માનમાંથી સ્વ-વિશ્વાસ જન્મે છે અને વ્યક્તિ નવાં નવાં સાહસ કરી પોતાના કાર્યક્ષેત્રમાં નોંધપાત્ર ઉપલબ્ધિઓ સ્થાપિત કરે છે. ફળસ્વરૂપ વ્યક્તિનું મહત્ત્વાકાંક્ષા-સ્તર (Level of aspiration) ઉત્તરોત્તર ઊંચે જાય છે.

આફતના ઓળા ત્યારે ઊતરે છે, જ્યારે સ્વ-ભાન અહંકારમાં રૂપાંતરિત થાય છે. કદાચ વ્યક્તિને ખુદને આ અવસ્થાંતરની જાણ હોતી નથી. 'મારું રૂપ', 'મારું ઘર', 'મારો દેશ' કહેતાં કહેતાં વ્યક્તિ 'હું જ એક સ્વરૂપવાન', 'મારું ઘર સૌથી સુંદર', 'મારો જ દેશ મહાન' એવું રટણ કરવા લાગે છે. ગૌરવની ભાવના સંકુચિત ગર્વમાં ફેરવાઈ જાય છે.

'સ્વરૂપ ગર્વ' માટે અંગ્રેજીમાં Narcissism શબ્દ છે. એની વ્યુત્પત્તિની કથા રસપ્રદ છે. ગ્રીક પુરાણકથા છે કે નાર્સિસસ નામનો રાજકુમાર અતિ સ્વરૂપવાન હતો. એક વાર સ્વચ્છ સરોવરમાં પોતાનું પ્રતિબિંબ નિહાળે છે. સુંદરતાના વિચારમાં પાણીમાં ડૂબી મૃત્યુ પામે છે. કાળાંતરે એ જગ્યાએ ફૂલછોડ ઊગે છે, જે નાર્સિસસ તરીકે ઓળખાય છે. અરબી ભાષાનો 'નરગિસ' શબ્દ એના પરથી ઊતરી આવ્યો છે. આથી જ સ્વપ્રીતિ (સ્વરતિ)માં ગરકાવ રહેતો મનુષ્ય 'નાર્સિસિઝમ'થી પીડાય છે, એવું કહેવાય છે. જગન્નિયંતા મરક મરક હસતો હશે કે અન્યના રૂપથી આકર્ષિત થતો મનુષ્ય ખુદના રૂપ પર પણ મોહી પડે છે!

વ્યક્તિને અહંકારથી દૂર રાખવામાં કેળવણી અને સંસ્કાર મહત્ત્વનો ભાગ ભજવે છે. તેનાથી વ્યક્તિમાં આદર્શો અને મૂલ્યો વિકાસ પામે છે. વળી આત્માર્થીએ અંતર્મુખ થઈ પોતાની જાતને પૂછવું જોઈએ-હું શું છું? આ દેહ એ હું છું? દેહથી પર શું છે? આ રીતે આત્મ-સ્વરૂપની ઓળખ થશે અને અહમ્-મુક્તિનો માર્ગ સરળ બનશે. સત્સંગ, સદ્‌ગ્રંથ-વાંચન અને ગુરુકૃપાથી અહંકારમાંથી છુટકારો મળી શકે. બાલ્યાવસ્થાનું સ્મરણ થાય છે. અમે ઘરના સૌ રાત્રે સૂતા પહેલાં સ્તુતિ અને પ્રાર્થનાઓનું ગાન કરતા. એક સ્તુતિના શબ્દો હતાઃ

*અહમ્ મમત્વને ટાળી દઈને*
*આત્મ સ્વરૂપ ઓળખાવ્યું*
*ત્રિવિધ સંતાપો હરનાર*
*ગુરૂજીને કોટિ વંદન!*
*ગુણિયલ ગોવિંદ સ્વરૂપ*
*ગુરૂજીને કોટિ વંદન!*

જો કે બાહ્ય બળોની તુલનામાં સ્વતઃસિદ્ધ અહમ્‌મુક્તિ સર્વોત્તમ કહી શકાય, કારણ કે તે ચિરંતન હોય છે. મહાવીર, બુદ્ધ, ઈશુ આદિ વિભૂતિઓને આ કક્ષામાં મૂકી શકાય. કેટલી સહજ હતી એમને આ સ્થિતિ! ભગવાન મહાવીરનો એક પ્રસંગ છે-

એક યજ્ઞમાં વિદ્યાસભાનું આયોજન થયું હતું. તેમાં અગિયાર બ્રાહ્મણ વિદ્વાનો ઉપસ્થિત હતા. ભગવાન મહાવીરને સભામાં ભાગ લેવાની ઈચ્છા થઈ. પગપાળા ચાલીને સ્થળ પર આવ્યા. ભારેખમ

સંસ્કૃત ભાષામાં વાદવિવાદ ચાલ્યો, પણ મહાવીરે તો લોકબોલીમાં સીધી સરળ શૈલીમાં પોતાનો મત રજૂ કર્યો અને પરિણામ ચોંકાવનારું આવ્યું. તમામ વિદ્વાનો મહાવીરના ચરણોમાં શિષ્ય બની ગયા! આ પ્રસંગ સૂચવે છે કે નિરહંકારી મનુષ્યનું દૃષ્ટાંતરૂપ વર્તન સામી વ્યક્તિનું પણ અહંકાર-નિરસન કરે છે.

અહંકારમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવવાનો માર્ગ આત્માર્થીને ક્યારેક કંટકમય લાગે છે, કારણ કે વચ્ચે વચ્ચે અહમ્ ડોકાય છે અને પ્રજ્ઞા અસ્થિર બનતી હોય તેવું ભાસે છે. આ સંદર્ભમાં ભગવાન મહાવીરનો બીજો પ્રસંગ જોઈએ.

એક રાજા ભગવાન મહાવીરને પૂછે છે, 'મેં માર્ગમાં રાજા પ્રસેનચંદ્રનાં દર્શન કર્યાં. કેવું તપઃપૂત મુખારવિંદ! અલૌકિક છે એમની શ્રમણતા અને સાધુતા. જાણવા માગું છું કે એ સ્થિતિમાં એમનું નિર્વાણ થયું હોત તો એમની ગતિ શી હોત?' મહાવીર કહે, 'નરકમાં.' ક્ષણાર્ધ વિરામ બાદ મહાવીરે ઉમેર્યું, 'અને અત્યારે થાય તો સ્વર્ગમાં.' રાજાને અચરજમાં પડેલો જોઈ મહાવીરે ખુલાસો કર્યો, 'તમે આ માર્ગથી પસાર થયા તે પહેલાં તમારા સેવકો પ્રસેનચંદ્રને કહેતા હતા કે એના કારભારીઓ દુરાચારી બની ગયા છે. તુરત જ પ્રસેનચંદ્રનો હાથ મ્યાનમાંથી તલવાર ખેંચવા કમર પર ગયો. પછી હાથ મુગટ શોધવા માથા પર ગયો; પણ તલવાર કે મુગટ હવે કેવા! પોતાના સાધુત્વનું સ્મરણ થયું. તમે પસાર થતા હતા ત્યારે પ્રસેનચંદ્રના મનમાં રાજાશાહીના તરંગો દોડતા હતા. હાથ હેઠે પડ્યા એને થોડી જ વાર થઈ હતી, પણ અત્યારે એમનું ચિત્ત સંપૂર્ણ શાંત છે.'

✷✷✷

એ-૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્ત જીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦ ૦૦૬.

# ચૂંટણી પર એક વેધક નજર

❑ કાકુલાલ છગનલાલ મહેતા

આપણું રાજ્ય એક પ્રજાસત્તાક રાજ્ય છે. ૧૮ વર્ષથી ઉપરના દરેક નાગરીકને વિધાનસભા કે લોકસભામાં પોતાને પસંદ ઉમેદવારને મત આપવાનો અધિકાર છે. ઉમેદવારનો અર્થ શું? ઉમેદવારનો અર્થ અહિં એવો છે કે મતદાતા જેને મત આપે તે ઉમેદવાર તે મતદાતાના હિતનું રક્ષણ કરવા બંધાયેલો છે જે રીતે કોઈ વ્યક્તિ પોતાની સંપત્તિનું સંચાલન કરવાનો કે પોતાના હિતના રક્ષણ કરવા માટે કોઈ બીજી વ્યક્તિને અધિકાર કે 'પાવર ઑફ એટર્ની' આપે તે રીતે મતદાતાના વિશ્વાસને અને હિતને પ્રમાણિકપણે સાચવવાનો હોય છે.

હવે આપણે ચૂંટણીમાં શું થાય છે એ તરફ એક દૃષ્ટિ કરીએ. દરેક રાજકીય પક્ષ, સામાન્ય રીતે એવી વ્યક્તિને ઉમેદવાર તરીકે ઊભા રહેવા મંજૂર કરે છે જેની શક્તિ, યોગ્ય કે અયોગ્ય, કોઈ પણ માર્ગે જીતી જવાની હોય. દેખીતી રીતે એ વ્યક્તિ જે પક્ષ તેને ઉમેદવાર બનાવે તેને વફાદાર બનીને જ રહી શકે, પક્ષના હિતનું જ ધ્યાન રાખવાનું એનું કર્તવ્ય બની જાય છે. જ્યારે રાજકીય પક્ષનો ઈરાદો ન કેવળ સત્તા ભોગવવાનો પણ સાથે સાથે આર્થિક લાભ અને તેમાંથી ઉદ્‌ભવતા અન્ય લાભ અને માનપાન મેળવવાનો હોય છે. પ્રજાસત્તાકમાં વિરોધ પક્ષ હોવો જરૂરી છે એમ માનવામાં આવે છે પણ એ ત્યારે જ ઉપયોગી બને જ્યારે ભેદ સૈદ્ધાંતિક હોય, પરંતુ આપણો અનુભવ એ બતાવે છે કે બધા જ રાજકીય પક્ષોનો ઈરાદો અને નીતિ એક સમાન જ છે. આપણે એ જોઈએ છીએ કે ચૂંટાયેલ વ્યક્તિ મંત્રીપદ કે એવા જ લાભદાયક હોદ્દા માટે આગ્રહ સેવતા હોય છે. અઢળક ખર્ચ કરીને જીતેલ વ્યક્તિ સ્વાભાવિક રીતે જ પહેલા કરેલ ખર્ચને વસુલ કરવામાં અને પછી ભવિષ્ય માટે બચત કરવામાં લાગી જાય. ભ્રષ્ટાચારના પગરણ અહિંથી શરૂ થાય છે, મુખિયા ઊંડા ઉતરે છે. જ્યારે સત્તાધારી વ્યક્તિ પોતે જ ભ્રષ્ટાચારી બને ત્યારે નોકરિયાતનો ભય જતો રહે છે અને એ રીતે ભ્રષ્ટાચાર છેક નીચે સુધી પહોંચી જાય છે. સત્તાધારી કે સંચાલકને જ્યારે આ જ માણસો થકી કામ લેવાનું હોય છે એટલે એમની સામે કોઈ પણ જાતના પગલાં લેવાનું બની શકતું નથી. એક નાગરીક કે મતદાતા તરીકે સરકાર સાથે કામ લેવામાં આપણો આ અનુભવ છે. એટલે આવા ઉમેદવારને મત આપવામાં મુર્ખાઈ નહિ તો બીજું છે શું?

શિક્ષિત અને અનુભવી મતદાતા વર્ગ એમ સમજીને મત આપવાથી દૂર રહે છે કે આવા ઉમેદવારને મત આપવો એટલે ઉલમાંથી ચુલમાં પડવાનું છે. આ રીતે મતદાતાનો આંક ઘણો જ નીચે આવી જાય છે. જે મત આપે છે તે મહદ અંશે ગ્રામીણ અભણ વર્ગ છે જેનો કીમતી મત એક સાડી, ધોતિયું કે દારુની બોટલ આપીને ખરીદી શકાય છે. જ્યાં આ નથી થઈ શકતું ત્યાં ધાકધમકીથી અથવા છેતરપિંડીથી અને બંદૂક બતાવીને, કોઈને ઉપાડી જઈને કે ખૂન સુદ્ધા કરીને પણ વર્ચસ્વ ધરાવનાર પક્ષ ફક્ત ૩૦ ટકા મત મેળવે તો પણ પૂરા પાંચ વર્ષ માટે સત્તા હાંસલ કરી શકે છે, કરે છે. આ રીતે મતદાતા પોતાની જાતને એવી રીતે બંધનમાં જકડે છે કે એમાંથી ઉમેદવાર વિશ્વાસ ભંગ કરે તો પણ એ છૂટી નથી શકતો. આમાં મતદાતાને પોતાના અધિકારીને ચૂંટવાની સ્વતંત્રતા ક્યાં રહી? અરે ખુદ ઉમેદવાર પણ પોતાના અંતરાત્માના અવાજને વળગીને ચાલવા ચાહે તો પણ પક્ષ એને છૂટ નહિ આપે.

રાજ્ય સંચાલન માટે લોકશાહી પદ્ધતિ સૌથી સારી માનવામાં આવે છે. બીજી પ્રમુખશાહી પદ્ધતિ માટે સૂચનો આવે છે. લોકશાહી

પદ્ધતિ આપણે અનિચ્છાએ સ્વીકારવી પડી છે. બન્ને પદ્ધતિ પરદેશી હોવા ઉપરાંત એમનો ઉદ્ભવ પણ ઘણાં વર્ષો પહેલા અને જુદા જ સંયોગોમાં થયેલ છે જે આપણા ઈતિહાસ, ભૂગોળ, શિક્ષણ પદ્ધતિ, સંસ્કૃતિ, અર્થ વ્યવસ્થા અને આપણી આકાંક્ષા અને ઈરાદાને અનુકૂળ નથી. પશ્ચિમના દેશોએ જે વિકાસ સાધ્યો છે, એમનું શિક્ષણ અને એમની રાષ્ટ્રભાવના અને ઉમેદવારની ક્ષમતાનું પૃથ્થકરણ કરવાની શક્તિ એમને યોગ્ય વ્યક્તિને જ ચૂંટવાની શક્તિ અર્પે છે જે આપણામાં નથી.

ઉપાય શું? શ્રેષ્ઠ ઉપાય એ છે કે મતદાતાઓ પોતે જ પોતાના મતદાન ક્ષેત્રમાંથી કોઈ એક ઉચ્ચ ચરિત્ર ધરાવનાર શિક્ષિત અને દેશપ્રેમી વ્યક્તિને પસંદ કરીને એમને ચૂંટણીના ઉમેદવાર તરીકે ઊભા રહેવા વિનંતિ કરે અને એ ચૂંટણીમાં સફળ થાય એ માટે સખત શ્રમ ઊઠાવે અને જીતાડે. મતદાતા જ્યારે પોતે જ કોઈ વ્યક્તિને પસંદ કરે ત્યારે ઉમેદવારને ખાસ કાંઈ ખર્ચ કરવાનો આવે નહિ અને થોડા ખર્ચ માટે મતદાતાઓ જ વ્યવસ્થા કરી શકે. આમ થાય તો જ આપણે સ્વાર્થી અને સંવેદનહીન રાજકારણીઓથી છૂટી શકશું. આ કાંઈ અસંભવ વાત નથી. આઝાદી મળી ત્યારે નેતાઓ આ રીતે જ ચૂંટાયેલા. એક સફળ પ્રયોગ એવી જ સફળતા માટેની હારમાળા ઊભી કરી શકે. આમ બને ત્યારે જ આપણે ત્યાં સાચી લોકશાહી સ્થપાશે. યુવાનો દ્વારા વ્યવસ્થિત પ્રયાસ અને અનુભવી, શિક્ષિત, દેશપ્રેમી વયસ્ક નાગરિકના સહકારથી આ ચોક્કસ બની શકે છે. આવું ન બને ત્યાં સુધી આપણી સરકાર પક્ષસત્તાક જ રહેવાની અને ભૂલશો નહિ કે પક્ષસત્તાક એટલે વિભાજિત–ઐક્યનો દુશ્મન.

તમે કોઈ ગુનેગારને, ખૂનીને, દગાખોરને, લુટેરાને, પૈસા કઢાવવા બાળકને ઉપાડી જનારને કે વિશ્વાસને નાલાયક વ્યક્તિ પર વિશ્વાસ મૂકવાનું પસંદ કરો ખરા? તો પછી તમે શા માટે ખરેખર કોઈ વિશ્વસનીય વ્યક્તિને ન પસંદ કરો? અલબત્ત આવી વ્યક્તિને શોધવા માટે ખંતપૂર્વક પ્રયાસ કરવો રહ્યો અને એમને વિશ્વાસમાં લઈ એમને જીતાડવા મહેનત કરવી પડે પણ એ બધું તો સુચારુ રાજ્યવ્યવસ્થા અને અંતે પ્રજાના લાભાર્થેજ હશેને? અગર બધા સાથે મળીને વિચારે અને પ્રયત્ન કરે તો આ કંઈ અશક્ય તો નથી જ. ખરું જોઈએ તો આજ સાચો અને વ્યવહારુ માર્ગ છે.

ચૂંટણી અધિકારીએ તો સરકારને કાનૂનમાં 'આમાંથી કોઈ નહિ' એવો મતપત્રકમાં સુધારો કરવાનું સૂચન અંદાજે બે વર્ષ પહેલા કરેલ છે; પણ સરકારે કોઈ નિર્ણય હજુ સુધી લીધો નથી અને લેશે એવી આશા રાખવી પણ વ્યર્થ છે કેમકે એ તો બધા જ પક્ષોના સ્થાપિત હિતસંબંધોની વિરુદ્ધ જવાનું તે એમ કેમ સ્વીકારે? આ સુધારો ન થાય ત્યાં સુધી આપણી પાસે કોઈ ઉપાય નથી. ઈલેકટ્રોનિક મશીનમાં તો એક જ બટન દબાવી શકાય એટલે એમાં તો અનિચ્છાએ પણ અયોગ્ય વ્યક્તિને મત આપવાનો રહ્યો. ચૂંટણી આવી રહી છે. પ્રજાનો વિશાળ વર્ગ એમ નિર્ણય કરે કે 'આમાંથી કોઈ નહિ' એવો સુધારો ન થાય ત્યાં સુધી અમે મત નહિ આપીએ તો કદાચ બહુ જ નાની ટકાવારીથી જીતી જાય તો પણ એ વ્યક્તિ પ્રજાનું પ્રતિનિધિત્વ નથી ધરાવતી એ વાત સાબિત થઈ જાય. મત આપવાની ફરજ હોવા છતાં આજ એક વ્યવહારુ ઉપાય સુઝે છે. યુવા વર્ગ આ પડકારને ઝીલે એ જ અભ્યર્થના. ✶✶✶

તા. ક.: વાચક ભાઈ-બહેનોના મંતવ્ય આવકાર્ય.

1704, ગ્રીન રીડ્જ ટાવર–2, 120, લિંક રોડ, ચિકુવાડી, બોરીવલી (પ), મુંબઈ–400 092. ફોન : (022) 28988878

---

# કસ્તુરબા સેવાશ્રમ–મરોલી–ચેક અર્પણવિધિ કાર્યક્રમ

**❑ શ્રી મથુરાદાસ ટાંક**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા છેલ્લા ૨૪ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ગુજરાત રાજ્યની પછાત, આદિવાસી કે શિક્ષણક્ષેત્રે માનવસેવા, લોકસેવાનું કામ કરતી સંસ્થા માટે દાનની અપીલ કરવામાં આવે છે.

દાનની અપીલ કરતાં પહેલા સંઘના હોદ્દેદારો અને કાર્યવાહક સમિતિના સભ્યો બે કે ત્રણ સંસ્થાની મુલાકાતે જાય છે. સંસ્થાની વિગતોની ચર્ચા કરવામાં આવે છે. તેમાંથી આર્થિક રીતે જેની વધારે જરૂરીયાત હોય તે સંસ્થાને મદદ કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૮ની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આ વર્ષે કસ્તુરબા સેવાશ્રમ–મરોલીને આર્થિક સહાય કરવી એમ ઠરાવવામાં આવ્યું હતું.

અમને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે સંઘની અપીલના જવાબમાં રૂપિયા પચીસ લાખ જેવી માતબર રકમ કસ્તુરબા સેવાશ્રમ–મરોલીને માટે મળી છે. તેને અર્પણ કરવાનો કાર્યક્રમ મરોલી મુકામે ગુરૂવાર તા. ૧૯મી માર્ચ ૨૦૦૯ના રોજ સવારના ૧૧ કલાકે રાખવામાં આવ્યો હતો.

સંઘના હોદ્દેદારો, સભ્યો અને દાતાઓ મળી કુલ ૧૭ ભાઈ–બહેનો ગુરૂવાર તા. ૧૯મી માર્ચ, ૨૦૦૯ના રોજ સવારે ૬–૨૫ કલાકે શતાબ્દિ એક્સપ્રેસમાં મુંબઈ સેન્ટ્રલથી રવાના થઈ સવારે ૧૦–૦૦ કલાકે સુરત સ્ટેશને ઉતર્યા. કસ્તુરબા સેવાશ્રમના શ્રી કરસનભાઈ એરકંડીશન્ડ બસ લઈને હાજર હતાં. બધા બસમાં ગોઠવાઈ ગયાં અને મરોલી ૧૧–૩૦ કલાકે પહોંચ્યાં. સંઘના પ્રવાસનું સંચાલન હંમેશાં અમારા પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ અને ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદ શાહ સંભાળે છે પણ આ વખતે બીજા રોકાણને લીધે એઓશ્રી આવી શક્યાં ન હતાં.

મરોલી મુકામે પહોંચતાં આશ્રમના કાર્યકરો સર્વશ્રી ઉષાબેન ગોકાણી (પૂ. ગાંધીજીના પૌત્રી) ભૂપેન્દ્રભાઈ દેશાઈ, કનુભાઈ પટેલ, ભીખુભાઈ પટેલ, તેમજ સ્કૂલની બાળાઓએ બધા મહેમાનોને ચાંદલો કરી ગુલાબનું

ફૂલ આપી સ્વાગત કર્યું. પરિચયવિધિ શ્રી ભૂપેન્દ્રભાઈ દેશાઈ તેમજ શ્રી ભીખુભાઈ પટેલે કરી.

મંચ ઉપર બેઠેલા આજના અતિથિવિશેષ સર્વશ્રી મહેશભાઈ કોઠારી, અર્જુનભાઈ ધોળકિયા, ઉષાબેન ગોકાણી, ભૂપેન્દ્રભાઈ દેશાઈ, કનુભાઈ પટેલ, ડૉ. રમણિકલાલ દોશી, ડૉ. ધનવંતભાઈ શાહ, નીતિનભાઈ સોનાવાલા અને ભૂપેન્દ્રભાઈ જવેરીનું ફુલહારથી અભિવાદન કરવામાં આવ્યું.

પ્રારંભમાં આશ્રમના ટ્રસ્ટી અને ગાંધી પરિવારના મોભી ઉષાબેન ગોકાણીએ આશ્રમમાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. એઓશ્રીએ પોતાના વક્તવ્યમાં કહ્યુંઃ 'અહીં પૂ. ગાંધીજીના મૂલ્યોનું જતન કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. શ્રી ભૂપેન્દ્રભાઈ દેશાઈ અને કનુભાઈ પટેલ બંને ઉદ્યોગપતિઓ છે પણ જ્યારે આશ્રમનું નામ આવે ત્યારે બધા કામ મૂકી હાજર થઈ જાય છે. શ્રી અર્જુનભાઈ ધોળકિયા જેઓ હીરા બજારના મોટા વેપારી છે, હજારો, લાખનું દાન એમના અને એમના મોટાભાઈ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા આપે છે. કોઈપણ સેવાના કામમાં તેઓ પીછેહઠ નથી કરતાં. ચિખોદરાના આંખના સર્જન ડૉ. દોશી કાકા પૂ. રવિશંકર મહારાજની પ્રતિકૃતિ હોય એમ જ લાગે છે. ૯૩ વર્ષની જૈફ ઉંમરે આવા જાહેર કાર્યક્રમમાં હાજરી આપે છે તે આશ્રમ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ગર્વ લેવા જેવી વાત છે. એમની આ સેવાની કદર રૂપે ગુજરાત રાજ્યે તેમને માનવસેવાના એવૉર્ડથી વિભૂષિત કર્યા છે.'

અતિથિવિશેષ શ્રી અર્જુનભાઈ ધોળકિયા અને પ્રમુખ શ્રી મહેશભાઈ કોઠારીએ કહ્યું કે ઓબામા (અમેરિકન રાષ્ટ્રપ્રમુખ) ગાંધીજીનો ફોટો નજર સમક્ષ રાખીને કામ કરે છે. શ્રી નેલશન મંડેલા પણ આજે એ પ્રમાણે જીવન જીવી રહ્યાં છે. **ગાંધીજીના મૂલ્યોનું જતન આશ્રમમાં થાય એવા પ્રયત્નો કરવામાં આવે છે, જેથી એમની યાદ હંમેશાં રહ્યાં કરે.** સંઘના માનદ્ મંત્રી ડૉ. ધનવંતભાઈ શાહે કહ્યું કે ભાષણો થતાં રહેશે પણ અમે જે કામ માટે મુંબઈથી આવ્યાં છીએ તે પહેલા પૂરું કરવું જોઈએ. ચિખોદરાના ચક્ષુરોગ નિષ્ણાત ડૉ. રમણિકલાલ દોશીને ડૉ. ધનવંતભાઈ શાહના હસ્તે આશ્રમના ટ્રસ્ટી ઉષાબેન ગોકાણીને ચેક એનાયત કરવામાં આવ્યો. ડૉ. ધનવંતભાઈ શાહે પોતાના વક્તવ્યમાં કહ્યું કે અમને આશ્રમે સદ્કાર્ય કરવાની ઐતિહાસિક તક આપી તે માટે અમે આશ્રમના આભારી છીએ. અમે કોઈ દાન આપતાં નથી. આપના વતી અમે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ટહેલ નાખી તેના પ્રત્યુત્તર રૂપે જે ફાળો મળ્યો તે અમે આપને અહીં આપવા આવ્યાં છીએ. અમે ફક્ત ટપાલીનું કામ કર્યું છે. તમારું હતું અને તમને આપ્યું એમાં અમે ફક્ત નિમિત્ત બન્યા છીએ. સંઘના માનદ્ મંત્રી શ્રી નીરુબહેન શાહે પ્રાર્થનાથી શરૂઆત કરી કહ્યું કે અમે દાન લેનારને ઓશીયાળા નથી કરતાં. મદદ કરીએ પણ લાગણી ન દુઃભાવવી જોઈએ તેમજ આભારની ઉઘરાણી ન હોય અને લેનાર ઉપકારથી દબાઈ ન રહે એવી અમારી હંમેશાં શુભ ભાવના છે. ડૉ. દોશી કાકાએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે તેઓ બધી સંસ્થાઓથી ખૂબ જ માહિતગાર છે પણ સંઘે જે આ સંસ્થાની વરણી કરી તે ખૂબ જ યોગ્ય પાત્ર ગોત્યું છે એમ તેમણે કહ્યું. સંઘ એમની સલાહ સૂચનાથી સંસ્થાની વરણી ઘણીવાર કરે છે.

આશ્રમના માનદ્ સભ્યો ને વ્યવસ્થાપક શ્રી ભીખુભાઈ પટેલે મુંબઈથી પધારેલા સંઘના સભ્યોને પુરસ્કાર રૂપે પુસ્તકો અને પૂ. ગાંધીજીનું સ્મૃતિ ચિન્હ ભેટ આપી અભિવાદન કર્યું. અંતમાં શ્રી ભીખુભાઈ પટેલે મરોલી પધારવા માટે બધાનો ખૂબ આભાર માન્યો તેમજ આ આશ્રમની ભલામણ કરવા માટે શ્રી નીતિનભાઈ સોનાવાલાને અભિનંદન આપ્યાં. અંતમાં આશ્રમની બાળાઓએ જન ગણ મન... મંગલ ગીત ગાયા બાદ સભાનું વિસર્જન કરવામાં આવ્યું.

સભા દરમિયાન, મોડું થવાથી બધા ભોજનની પ્રતિક્ષાએ હતાં એટલે જેવી સભા પૂરી થઈ કે તરત જ બધા ભોજન હૉલમાં ગોઠવાઈ ગયાં. અમારે બીજી સંસ્થા જોવા જવાનું હતું. ભોજન પછી જરા પણ આરામ કર્યા વગર બધા એરકંડીશન્ડ બસમાં ગોઠવાઈ ગયાં.

સુરત–ઉમરા ગામે અમે બધા ૪–૩૦ કલાકે વિકલાંગની સંસ્થા ડીસેબલ્ડ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈંડિયા જોવા ગયા. ત્યાંના સંચાલક શ્રી કનુભાઈ ટેલરે બધાનું સ્વાગત કર્યું. સ્કૂલની બાળાઓએ બધાને ગુલાબનું ફૂલ આપી અભિવાદન કર્યું. શ્રી કનુભાઈ ટેલર જેઓ પોતે વિકલાંગ છે, તેમણે ૧૦ વર્ષ પહેલાં આ સંસ્થાની સ્થાપના કરી હતી. શૂન્યમાંથી એમણે એક મોટું સર્જન કર્યું છે તેમાં જરાય અતિશયોક્તિ નથી. તેમણે સ્કૂલની શરૂઆતથી તે આજસુધીની પ્રવૃત્તિની ખૂબ જ સરળ અને સંક્ષિપ્તમાં રજૂઆત કરી બધાને ભાવવિભોર કર્યા; કારણ કે તેમણે જે કામ વિકલાંગ હોવા છતાં ૧૦ વર્ષમાં કર્યું તે બીજું કોઈ કદાચ ૨૫ વર્ષમાં પણ ન કરી શક્યું હોત. એમનું વીઝન ખરેખર અદ્ભુત છે. આ સ્કૂલમાં હાલમાં ૪૦૦ બાળકો અભ્યાસ કરે છે. સ્કૂલમાં ૧૨ ધોરણ સુધી અભ્યાસ થાય છે. વધારે પડતાં છોકરા–છોકરીઓ ઝુંપડપટ્ટીમાંથી આવે છે. ભણવાનું, સ્કૂલ ચોપડીઓ, જમવાનું, ઘરેથી લાવવા–પાછા મુકવા જવાનું બધું જ મફતમાં સ્કૂલ કરી આપે છે.

આ સ્કૂલમાંથી ૧૨મું પાસ કરી બે બાળકોને લંડન MBA કરવા માટે મોકલ્યાં છે. ગુજરાતની જુદી કૉલેજમાં ૭ બાળકો MBBSમાં દાખલ કર્યા છે. તેમજ ૧૭ બાળકો એન્જિનિયરીંગમાં અભ્યાસ કરે છે. એમનો ભવિષ્યનો પ્લાન છે કે વિકલાંગોનું વૃદ્ધાશ્રમ સ્કૂલમાં ખોલી શકીએ તો સારું. રસ્તા ઉપર એક પણ વિકલાંગ દેખાય નહીં એવું એમનું સપનું છે.

સંઘના માનદ્ મંત્રી ડૉ. ધનવંતભાઈ શાહે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે 'કોઈ પરિકથા સાંભળતા હોઈએ એવું વર્ણન શ્રી કનુભાઈ ટેલરે કર્યું હતું. આવું પણ થઈ શકે છે તેનો અહીં અમે સાક્ષાત્કાર થયો જોયો.' અમારી પાસે વખત ઓછો હતો છતાં ઓછા સમયમાં તેમણે અમને ઘણું સમજાવ્યું, બતાવ્યું. એમના ખૂબ આગ્રહથી અમે ચા–નાસ્તાને ન્યાય આપ્યો; કારણ કે અમારે સુરત સ્ટેશને ૫–૩૦ કલાકે પહોંચવું હતું કેમકે શતાબ્દિ એક્સપ્રેસમાં અમે બધા મુંબઈ પાછા જવાના હતાં.

જ્યારે બધા સ્ટેશને પહોંચ્યા અને શતાબ્દિ એક્સપ્રેસમાં સીટ ઉપર બેઠા ત્યારે શ્રી કનુભાઈ ટેલરની વાતો વાગોળતા હતા. એક વિકલાંગ વ્યક્તિએ દસ વરસના ટૂંકા ગાળામાં કેટલું મહાન સર્જનાત્મક કામ કર્યું છે તે સમજ બહારની વાત છે. અમે બધા રાતના ૯–૪૫ કલાકે મુંબઈ સેન્ટ્રલ સુખરૂપ પહોંચી ગયાં હતાં.

✶ ✶ ✶

# 'ગામઠી આરોગ્ય વિજ્ઞાન'

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

હું સને ૧૯૩૨માં કડી–'સર્વ વિદ્યાલય'માં ભણતો હતો ત્યારે શ્રી ડાહ્યાભાઈ હરગોવિંદદાસ જાની નામના એક તરવરિયા વિજ્ઞાન–શિક્ષક હતા. શાસ્ત્રીય વિજ્ઞાનની સાથે તેઓ ગામઠી આરોગ્ય વિજ્ઞાનની વાતો પણ કરતા હતા. એકવાર એમણે આખા વર્ગને એક પ્રશ્ન પૂછ્યોઃ

'દુનિયામાં વધુમાં વધુ ડોસા કયા દેશમાં છે?'

એમનો પ્રશ્ન રાષ્ટ્રીય આયુષ્ય આંક (નેશનલ સ્પેન ઑફ લાઈફ)નો હતો.કોઈ વિદ્યાર્થી સાચો જવાબ આપી શક્યો નહીં એટલે એમણે કહ્યુંઃ 'ડેન્માર્ક દેશના ડોસા–ડોસીઓ લાંબામાં લાંબું જીવે છે.' એ પછી એમણે એ દેશના દીર્ઘાયુષ્યના કેટલાંક કારણો ગણાવ્યાં તેમાં એના ડેરી ઉદ્યોગના જબ્બર વિકાસનો ઉલ્લેખ કર્યો ને પછી ઘી–દૂધ–છાશનું આપણા આહારમાં શું મહત્ત્વ છે તે સમજાવ્યું. છાશનું આહારશાસ્ત્રમાં ગૌરવ કરતાં કહેઃ–

'તક્રમ્ શક્રસ્ય દુર્લભમ્'–મતલબ કે છાશ તો ઈંદ્ર જેવા ઈંદ્રને પણ દુર્લભ છે. પૈસાદારોએ છાશની મફત 'પરબો' માંડવી જોઈએ. धृतम् एव आयुः। ऋणम् कृत्वा धृतम् पिबेत! ઘી એ આયુષ્ય છે...દેવું કરીને પણ ઘી પીઓ. સુશ્રુતે કહ્યું છે કે જે વ્યક્તિ દરરોજ ત્રણ રૂપિયાભાર (તોલા) ઘી ખાય છે તેની આંખોનું તેજ ગરૂડની આંખો જેવું થાય છે. દૂધે વાળુ જે કરે તે ઘર વૈદ્ય ન જાય! એ દેશી કહેવત કહી બોલ્યાઃ–

'દૂધ ને રોટલો, દહી ને ભાત,

લાડવા ને વાલ, ખાઓ મારા લાલ!' આ કહેવત કહી, દૂધ–રોટલો, દહીં–ભાત ને લાડવા–વાલના યુગ્મનું આરોગ્યલક્ષી મહત્ત્વ સમજાવ્યું. વાત, પિત્ત, કફની વાત કરી આહારના સમીકરણની ચર્ચા કરી. એ પછી આરોગ્યનું એક બીજું સૂત્ર સંભળાવ્યુંઃ–

'આંખે પાણી, દાંતે લૂણ,
પેટ ન ભરીએ ચારે ખૂણ;
ડાબું પડખું દબાવી સૂવે,
તેનું દુઃખ સીમાડે રુવે.'

દરરોજ આંખે, ઠંડું પાણી છાંટવાથી, મીઠાથી દાંત ઘસવાથી પેટને ¼ ઊણું રાખવાથી અને ડાબે પડખે સૂવાથી આરોગ્ય સારું જળવાય છે. મતલબ કે એનું દુઃખ સીમાડે પોક મૂકીને રડે છે! ડાબે પડખે ઊંઘવાની વાત આવી એટલે કહેઃ–

ઊંધો સૂવે અભાગિયો,
ચત્તો સૂવે રોગી;
ડાબે તો સૌ કોઈ સૂવે,
જમણે સૂવે જોગી.

મેં તો અનેકને ઊંધા સૂતા જોયા છે પણ એ બધા કૈં અભાગિયા નહોતા! સામાન્ય રીતે રોગી ચત્તા સૂતા હોય છે અને સૌ કોઈ ડાબે પડખે સૂતા નથી હોતા. રાતની આઠેક કલાકની નિદ્રામાં અજાણતાં પણ પડખાં ફરતાં રહે છે...ડાબે–જમણે, જમણે–ડાબે. ડાબે પડખે સૂવાનું કારણ આપતાં કહેલું કે તે બાજુ હૃદય આવેલું છે...એટલે રક્તધબક ને સંચારમાં સુવિધા રહે એટલા માટે ડાબે પડખે સૂવાનું મહત્ત્વ. જોગી લોકો કયા કારણે જમણે પડખે સૂવે છે, ન–જાને!

શ્રી જાની સાહેબ, વર્ગમાં પાટલી પર, ઘરમાં જમતી વખતે પાટલા પર ને દીર્ઘશંકા ટાણે સંડાસમાં કઈ રીતે બેસવું જોઈએ એ બધું શારીરિક અભિનય સાથે શિખવતા હતા. ડોક, કરોડરજ્જુ, કટિ પ્રદેશની સ્થિતિનો ખ્યાલ આપતા હતા. પેટ સાફ રાખવાનું મહત્ત્વ સમજાવતાં કહેતાંઃ–

'એક વાર જાય જોગી,
બે વાર જાય ભોગી;
ને ત્રણ વાર જાય રોગી'.

જોગી–ભોગી ને રોગીનો પ્રાસ મળેલો જાણીને આનંદ થયેલો પણ વસ્તુતઃ એક, બે ને ત્રણની વાત તદ્દન સાચી છે. જાની સાહેબ કહેતા કે આપણા એંશી ટકા રોગો વિપરીત આહાર ને અતિ આહાર–અકરાંતિયાવેડાને કારણે થાય છે. આપણે પેટને પૂછીને ખાતા નથી, જીભને ચટાકા કરવા ખાઈએ છીએ ને એમ સમજીએ છીએ કે પેટમાં દાંત છે. મારા આ શિક્ષકે આગળ જતાં આરોગ્ય–વિષયક કેટલાંક પુસ્તકો લખેલાં જેમાંના ત્રણનાં નામ મને યાદ છેઃ 'સાનમાં સમજાવું', 'દાયકે દશ વર્ષ' અને 'વાસીદામાં સાંબેલું'. મને એવો ખ્યાલ છે કે વડોદરાની વિશ્વવિખ્યાત સંસ્થા 'પ્રાચ્ય વિદ્યા મંદિર' (ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ)ના એકવારના અધ્યક્ષ ડૉ. ભટ્ટાચાર્ય લિખિત અંગ્રેજી પુસ્તકનો અનુવાદ શ્રી જાની સાહેબે કરેલો તે પુસ્તકમાં આયુર્વેદ અને હોમિયોપેથીનો સમન્વય કરેલો છે. તેઓ કહેતા કે આપણે મુખ્યત્વે વનસ્પતિ–આહારી છીએ. વનસ્પતિ આહારમાં ઈંડા સુદ્ધાંનો નિષેધ છે. એટલે માત્ર પૂર્ણ નત્રિલો ખાતર દુગ્ધાન્ન ઉપર આધાર રાખવો પડે છે. ઘી વિના ચાલે, દૂધ વિના નહીં. દૂધમાં છેવટે સેપરેટ દૂધ પણ કમ નથી, બલ્કે લગભગ દૂધ જેવું જ છે–પોષણમાં તો વળી વધારે–પણ જો તે ચોકખું હોય તો.'

આ જાની સાહેબનો આગ્રહ કઠોળોમાં મગ માટેનો હતો. કહેતાઃ 'મગ ચલવ્યે પગ' ને 'મગ કરે ઢગ.' મતલબ કે મગથી ચાલવાની શક્તિ વધે ને 'ઢગ' કહેતાં મળશુદ્ધિ કરે. જુવાર, બાજરી, મગ ને ઘઉંના 'તોઠા'–ઘી–ગોળ મિશ્રિતનો તેમનો આગ્રહ ભારે હતો.

આ પછી તો આગળ જતાં અમને આરોગ્ય વિષયક કેટલાંક

કવિત-સૂત્રો જાણવા મળ્યાં...જેમ કેઃ-

'આંખમેં અંજન, દાંત મેં મંજન
નિત કર, નિત કર, નિત કર' અને
નાકમેં અંગુલિ, કાનમેં લકડી
મત કર, મત કર, મત કર'.

શું કરવું, શું ન કરવું...એ વિધિ-નિષેધમાં આરોગ્યનો મુદ્દો ગર્ભિત છે. સાધારણ રીતે દાળ, ભાત, ખીચડી, રોટલી આપણો આહાર છે; તો એ આહારની ગુણવત્તા પણ આવાં કવિત-સૂત્રોમાં અંકિત થયેલી જાણવા મળે છે. દા. ત. :-

'ખીચડી કહે મેરા હલકા ખાના,
મેરે ભરોસે કહી ન જાના'.
રોટી કહે મૈં આવું, જાવું;
દાળભાત કહેઃ મંઝિલ પહોંચાઉં.'

આ બધા આહારમાં રહેલી પાચન-પોષક-શક્તિનો ખ્યાલ આપ્યો છે. આહારશાસ્ત્રની સાથે લોકકવિએ વ્યવહાર શાસ્ત્ર ને સમાજ શાસ્ત્રને પણ આ રીતે સાંકળી લીધું છેઃ-

'અમલદારી ગરમની,
વહુ-બેટી નરમની,
ઈજ્જત-આબરૂ ભરમની
ને દાલરોટી કરમની.'

'કરમની'માં બે અર્થો અભિપ્રેત છે. 'કરમ' એટલે Fate નશીબ...નશીબમાં હોય તો દાળ રોટી નશીબ થાય ને કરમનો બીજો અર્થ-કર્મ-પુરુષાર્થ...પુરુષાર્થ કરીએ તો દાળરોટી પામીએ.

એક જમાનામાં સુરત શહેરમાં નવરાત્રિના નવ દિવસ સુધી પળાતા 'ઘોઘારાણા'ના પ્રસંગમાં છોકરાઓ મશ્કરીમાં આ પ્રકારનું જોડકણું લલકારતાઃ-

'ઘોઘારાણા, વાલવટાણા,
પાછલી રાતે, થાય અઘાણા.'

આમ તો જોડકણામાં કેવળ મશ્કરીનો જ ભાવ છે પણ સાથે સાથે વાલવટાણાની ખાસિયત-વાયડાપણું ને એનું રેચકતત્ત્વ પણ એમાં ગૂંથાઈ ગયાં છે. આપણા મોટા ભાગના ધાર્મિક તહેવારો સાથે સંલગ્ન ખાણીપીણીનો ઝીણવટથી વિચાર કરીશું તો તેમાં મૂળે તો વૈજ્ઞાનિક દૃષ્ટિ રહેલી જણાશે જેનું રૂપાંતર આવા ગામઠી પ્રયોગોમાં જોવા મળે છે. ✷✷✷

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭.
ફોન : ૬૬૨૧૦૨૪

# ચંદ્રાઉલા : કાવ્ય પરિચય

❑ ડૉ. કવિન શાહ

જૈન સાહિત્યમાં વિવિધ પ્રકારના કાવ્યો સર્જાયાં છે તેમાં અલ્પ પરિચિત કાવ્ય પ્રકાર ચંદ્રાઉલા વિશેની માહિતી આ લેખમાં પ્રગટ કરવામાં આવી છે.

પદ્ય રચનામાં છંદ પ્રયોગની સાથે દેશીઓનો મોટા પ્રમાણમાં પ્રયોગ થયો છે. દેશીઓની સંખ્યા ૨૩૨૮ છે તેની માહિતી જૈન ગૂર્જર કવિઓ ભાગ ૮માંથી પ્રાપ્ત થાય છે.

દેશી, ઢાળ, વલણ, ચાલ વગેરે પર્યાયવાચી શબ્દો કાવ્ય ગાવાની શૈલીનો સંદર્ભ દર્શાવે છે. દેશીઓની વૈવિધ્યપૂર્ણ સૂચિમાં 'ચંદ્રાઉલા-વલા' એ એક પ્રકારની દેશી છે જેનો નં. ૫૪૭/૧ છે. આ દેશીનો પ્રયોગ કરનાર કવિઓમાં કવિ સમયસુંદર સં. ૧૬૭૩, કવિ જયરંગ-સં. ૧૭૦૦, કવિ જ્ઞાન કુશળ-સં. ૧૭૦૭, કવિ જયવંત સૂરિ સં. ૧૬૪૩. આ દેશીનો પ્રયોગ કરીને રચાયેલી ચાર કૃતિઓ પ્રાપ્ત થાય છે. ૧. કવિ ઋષભદાસના સમયના કવિ લીંબોની કૃતિ પાર્શ્વનાથ નામના સંવેગ રસ ચંદ્રાઉલા ૨. કવિ જયંતસૂરિ કૃત સીમંધરના ચંદ્રાઉલા (૧૭મી સદી). ઉપરોક્ત બે કૃતિઓ અપ્રગટ છે. ત્રીજી કૃતિ અજ્ઞાત કવિની શ્રી પાર્શ્વનાથજીના ચંદ્રાવલા સંવત ૧૯૩૯માં પ્રગટ થયેલ છે. ચોથી કૃતિ કવિ જ્ઞાન સાગરની નેમિચંદ્રાવલા છે. ચંદ્રાઉલા દેશીમાં રચાયેલી કૃતિઓનો પરિચય નીચે પ્રમાણે છે.

૧. પાર્શ્વ નામના સંવેગરસ ચંદ્રાઉલાની રચના કવિ લીંબોએ કરી છે. આ કૃતિમાં ૪૯ કડી છે. તેનો આરંભ પરંપરાગત કાવ્ય રચના શૈલી પ્રમાણે દેવ-ગુરુની સ્તુતિથી થયો છે.

*સકલ સુરિંદ નમઈ સદા રે, પાસ જિણેસર દેવો,*
*માનવ ભવ પામી કરી રે, અહર્નિશ કરજે સેવો.*

કવિએ જીવાત્માના ચાર ગતિમાં પરિભ્રમણ રૂપ આત્મવૃતાંતનું નિવેદન કર્યું છે. આ નિરૂપણકર્યું છે. આ નિરૂપણ દ્વારા આત્માની કરૂણ સ્થિતિનો પરિચય થાય છે. નમૂના રૂપે ભવ ભ્રમણનો પરિચય કરાવતી પંક્તિઓ નીચે મુજબ છે.

વૃષભ તણો ભવ દોહિ લો રે, ભારવહે નિશીદીસો.
હરિણ સમા બાણે કરી રે, હરખતા પાડે ચીસો.
હણતાં છાગ કરે અલિ ચીસ, તેહના દુઃખ લઈ
જગદાસ ભાર તલે, દાઝલાં વૃષભ પ્રમુખ અતિ દુઃખ સહતા.
જીરેજી. ।।૧૭।।

નગર વાસ પાગુ અરિ દુઃખ તણો ભંડારો,
કાદવ દુર્ગંધ પૂરિયો રે, સાતઈ નરગ મઝારો.
સાતઈ નરગ મઝારઈ, બંધતા આઉખમ
સાગરોપમ ચઢંતા મોભો, દેહ વાંછતો તે મરણ પામૈ.
ઉભો રાખી દુઃખૈ દામી. જીરેજી. ।।૧૦।।

નારકીના જીવો દુઃખ-વેદના ભોગવે છે ત્યારે પરમાધામી દેવ પૂર્વે કરેલાં પાપની સ્મૃતિ તાજી કરાવતાં કહે છે કે,

દેવ કહે સાંભલો, અમ્હરીએ કાં તુ મદમાતો હાંડલો રે,
કરતો પાપ અનેકો, પાપ અનેકો પદાતું લોક પ્રતઈ

વળી કહેતો એહવો, નથી સાત નરગ.
રાત્રિભોજન, પરદારાસેવન, મહાઆરંભ
સમારંભ કર્યા, વગેરે પાપોની યાદી અપાવે છે.
માનુસને ભવ ઉપનો રે, તૌ પહિલું ગર્તાવાસો રે,
ઘોર અઘોરી જીવ, મનુશ પીડિ જઈ
દસમાસો પીડિખામ, દસમાસો મગર તણા પરે
દુઃખ સહઉ, રોમિ કરઉ તે આહાર,
મનુસને ભવિ દુઃખ અપાર. જીરેજી।।૩૦।।

સમકિતધારી જીવ પાપના ફળને જાણીને જિન ધર્મની આરાધના કરી માનવ જન્મ સફળ કરે છે. જિન પૂજા-દાન-શીલ-તપ ભાવ ધર્મની આરાધના કરવી જોઈએ. મનુષ્ય ગતિમાં આરાધના થઈ શકે છે. કવિના શબ્દો છે.

માનવની ગતિ મલો રે, લીલા અપારો, શ્રીજિન
શાસન આદરો રે પાલૈ સંજમ ભાર,
પાલૈ સમકિતસ્યું વ્રત બાર, જાણી જીવાજીવ વિચાર,
પંચમી ગતિ પામી નિર્વાણ, કે માણ લહઈ અમર વિમાન

અંતે કવિના શબ્દો છે,

લીંબોકહી સાંભલો રે, અભય તણાં દાતારો રે,
સરણાઈ લુમ્હારીય આવીયો, સ્વામી જગદાધાર રે,
સ્વામી ધ્યાઉં શ્રી જિનચંદ ધ્યાન ધરંતા પરમાનંદ.
જેચ્છઈ, શાશ્વત સુખ અનંત લીંબોનૈ
આપઉ ભગવંત. જીરેજી. ।।૪૯।।

૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતા જીવાત્માના દુઃખોનું વર્ણન કરીને આત્મા સમકિતધારી બની વ્રત સ્વીકારીને કર્મ ખપાવી મોક્ષ સુખ પામે છે એવો સારભૂત વિચાર વ્યક્ત કર્યો છે. જિનવાણીનો સાર સર્વવિરતિ ધર્મની આરાધના અને તેનાથી મોક્ષ પ્રાપ્તિ એટલે કે જન્મ-જરા-મૃત્યુના ચક્રમાંથી સર્વથા મુક્તિ અને આત્માના શાશ્વત સુખની પ્રાપ્તિ.

કવિએ શિર્ષકમાં ચંદ્રાઉલાનો નિર્દેશ કર્યો છે પણ કાવ્યમાં કોઈ જગાએ આ શબ્દનો કે રચના સમયનો ઉલ્લેખ થયો નથી. સમયની મહત્તા દર્શાવતી આ રચના શિર્ષકની યથાર્થતા સૂચવે છે.

૨. કવિ સમય સુંદરે જિનચન્દ્રસૂરિ ચંદ્રાઉલા ગીતમ્‌ની ચાર કડીમાં રચના કરીને ખરતર ગચ્છના મહાન ગુરુદેવના આગમન અને તેનાથી સકળ સંઘમાં હર્ષોલ્લાસ પ્રગટ્યો છે તેનું વર્ણન કરીને ગુરુ મહિમા ગાયો છે. કવિએ ચંદ્રાઉલા શબ્દ પ્રયોગ કરતાં જણાવ્યું છે.

'એ ચંદ્રાઉલા ભાસ મઈ ગાઈ, પ્રીતિ સમયસુન્દર મનિ પાઈ।।
એ ચંદ્રા ઉલઉ ગાઈ, હજૂરઈ, તઉ યુ ઝુ આરી ફલઈ સવિ નૂરઈ.'
'એ ચંદ્રાઉલઉ સાંભલ ન્યોરી, હું બલિહારી પૂજ જી તોરી.'

ચંદ્રાઉલા દેશીમાં આ રચના દ્વારા ગુરુ મહિમા ગાવામાં આવ્યો છે અને 'ચંદ્રાઉલા'નો તેમાં સ્પષ્ટ ઉલ્લેખ થયો છે.

૩. કવિ જયવંતસૂરિએ સીમંધર ચંદ્રાઉલાની રચના ૨૭ કડીમાં કરીને પરંપરાગત રીતે સીમંધર સ્વામીના ગુણ ગાવામાં આવ્યા છે. સીમંધર સ્વામીના સ્તવનમાં જે વિચારો પ્રગટ થાય છે તેનું જ અહીં નિરૂપણ થયું છે. નવીનતા એ છે કે કવિએ ચંદ્રાઉલા દેશીનો પ્રયોગ કર્યો છે.

કવિએ સીમંધર સ્વામીનો મહિમા ગાતાં જણાવ્યું છે કે,

તું ત્રિભુવન મનમોહન સ્વામી, વિજયવંત
પુષ્કલાવતી, ત્રિભુવન દીપઈ, કેવલ ન્યાનઈ

કુમત જ જીવઈ, વગેરે વિશેષણો દર્શાવીને ભગવાનને વિનંતી રૂપે ચંદ્રાઉલાની રચના કરી છે. ભરતક્ષેત્રથી ઘણે દૂર વસેલા આપનું વારંવાર સ્મરણ થાય છે.

કવિએ ભક્ત હૃદયના વિરહનું કરૂણ રસમાં ભાવવાહી નિરૂપણ કર્યું છે. સીમંધર સ્વામી મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે પણ ભરતક્ષેત્રના માનવીઓ ત્યાં પહોંચી શકતા નથી છતાં પ્રતિદિન એમનું સ્મરણ-ગુણગાન કરે છે. પ્રભુ દર્શન ક્યારે થશે તેની આકાંક્ષા રાખે છે. દૃષ્ટાંતરૂપ પંક્તિઓ નીચે પ્રમાણે છે.

અરતિ અભૂખ ઉનાગરઉ રે, આવરણઉ
નિશિ દી હો, અહવા તે દુરજન બોલડા રે,
તેઈ સંતાપ્યા નેહે, તઈ સંતાપ્યા ફિટિર
ઝૂરી ઝૂરી પંજર હુઈ દેહ, તુમ્હથી શીખ હવ નહીં
મુજ હુઈ, નેહન કીજઈ તાં સુખ તેહીઈ જી-જીવન।।૧૩।।
વેધ દાવાનળ લાઈ રહ્યા રે બલઈ હૈડ
એહવો ચવટાઈ મનમાં હેઈ રહું રે, કુણ
જાણઈ પર પીડ્યો, પરની પીડા થોડા જાણઈ
જેહ નઈ ભાર પડઈ, તે તાંણઈ, ધૂલિ
વરાંસ્યા, હઈડઈ આપી, નેહ વેલિ ધૂરથી
કાપી જી જીવન ।।૧૨।।
નેહ સંભારઈ દુઃખ દહઈરે, ગહિવર હુઈશરીરો
કાગલ શી પરિ મોક લઉ રે, કોઈ નહીં ગંભીરો
કોઈ નહીં ગંભીર જે સાથઈ, કાગલ પુહચઈ
તુમ્હા રઈ હાથઈ. ગુણ સંભારઈ હઈડઈ
ખીજઈ આંસુ નીરઈ કાગલ ભીંજઈ.
જી જીવનજી ।।૧૪।।

કાગલ કોના સાથે મોકલું! સંદેશો કોણ લઈ જાય? મારી વિરહ વેદના કેવી રીતે પ્રગટ કરું? હે પ્રભુ તમારા ગુણનું વર્ણન સાંભળીને આંખમાંથી આંસુ સરી પડે છે. આ તો પરદેશીની પ્રીત છે. દૈવ વૈરી થયો. મને પાંખ ન આપી. સગપણ થાય પછી સંબંધ જાહેર થયો એટલે તેને ઢાંકી શકાય નહિ. તમારા ગુણો અવર્ણનીય છે. ભક્ત પ્રભુનું સ્મરણ કરે છે તેનું વિવિધ ઉપમાઓ દ્વારા નિરૂપણ કરવામાં આવ્યું છે.

હાથી સમરઈ વંઝનઈ (વિંધ્યાચલ) રે, ચાતક
સમરઈ મેહો, ચકવા સમરઈ સૂરજઈ રે,
પાવસિ પંથિ ગેહો, પાવસિ પંથ ગેહ સંભારઈ
ભમરૂ માલતી નવી વીસરઈ, થોડઈ

કહણિ ઘણઉ કરિ જાણ્યો. જીવન જી ।।૧૯।।

સીમંધર સ્વામીને વીનતીની અન્ય રચનાઓમાં પ્રભુ ગુણ ગાવાની ભક્તોની સમર્થતા નથી તેનું રૂપકાત્મક નિરૂપમ કરતાં કવિ જણાવે છે કે–

આભ મંડલ કાગલ કરૂં રે, સાયર જલ મષિ થાઈ
તજઉ તુમ્હ ગુણ સુર ગુરુ લિખઈ રે,
તુહઈ પાર ન આવઈ, ગુણ સંભારઈ
વિરહ સંતાવઈ. જી જીવન જી. ।। ૨૩ ।।

અંતમાં કવિના શબ્દો છે–

જયવંત સૂરિ વર વયણ રસાલાં,
ભગતઈ ગાઈ જિન ગુણ માલા.

સીમંધર સ્વામીની ભક્તિ કરવાથી અંતે શિવ રમણી પ્રાપ્ત કરશે એમ ફળશ્રુતિનો ઉલ્લેખ કર્યો છે.

આ ચંદ્રાઉલા સીમંધર સ્વામીના ગુણગાન સાથે ભક્તની સાચા હૃદયની પ્રભુભક્તિ અને વિરહની માહિતી પ્રાપ્ત થાય છે. રસ અને અલંકારની દૃષ્ટિએ પણ કવિત્વ શક્તિનો પરિચય પ્રાપ્ત થાય છે.

૪. ૧૭મી સદીના કવિ જ્ઞાન સાગરે સં. ૧૬૫૫ જીર્ણગઢ (જૂનાગઢ)માં નેમિ ચંદ્રાવલા કૃતિની રચના ૧૪૪ કડીમાં કરી છે. આ કૃતિમાં નેમનાથ ભગવાનના ગુણ ગાવામાં આવ્યા છે. તેમાં ચંદ્રાવલા દેશીનો પ્રયોગ થયો છે એટલે કૃતિનું નામ નેમિ ચંદ્રાવલા નિર્ધારિત થયું છે. આરંભના શબ્દો છે.

સરસતિ ભગવતી મન ધરી રે, સમરી શ્રી ગુરુપાય
નેમકુમર ગુણ ગાયવા રે, મુજ મન ઉલટ થાય,
મુજ ઉલટ થાય અપાર, સ્તવસ્યું યાદવ કુલ સિણગાર,
બાવીસમા જિનવર બ્રહ્મચારી, જય જય નેમજી જગ હિતકારી
રાજીમતી ભરથાર વલી વલી વંદીયે રે,
રેવંત ગિરિ હિતકાર,
દેખ્યાં ચિત્ત આણંદી યે રે. રાજીમતી.

આ રચના અપ્રગટ છે. અત્રે તેની સંક્ષિપ્ત નોંધ આપી છે.

૫. શ્રી પાર્શ્વનાથજીના ચંદ્રાવલા કૃતિ શ્રી જૈન હિતેચ્છુ મંડળ ભાવનગરના એક સભ્ય દ્વારા સં. ૧૮૩૯માં પ્રકાશિત થયેલ છે. આ કૃતિની પ્રસ્તાવનામાં નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે.

અન્ય દર્શનીઓમાં વસંત ઋતુને વિશે ગાવાને માટે યુધ વિગેરે કર્મબંધનના હેતુરૂપ પાંડવવલા વગેરે ચંદ્રાવલા દૃશ્યમાન થાય છે. પરંતુ આપણા સર્વોત્કૃષ્ટ જૈન ધર્મ તેવા ચંદ્રાવાગ બે-ત્રણ ઉપરાંત વિશેષ બનેલા જણાતા નથી. તેમાં વળી છપાયેલા તો બિલકુલ છે જ નહીં. તેથી એવી લખેલી પરતો સઘળાઓના ઉપયોગમાં આવી શકતી નથી. તેવી તરહની એક સાધારણ ખોટ પુરી પાડવાને અર્થે શ્રી જૈન જ્ઞાન હિતેચ્છુ મંડળના એક અલ્પમતિ સભાસદે સ્વશક્તિ અનુસાર શ્રી શ્રી પાર્શ્વજીના જન્મ ચરિત્રના વૃત્તાંત યુક્ત ચંદ્રાવલા બનાવેલા છે.'

પ્રસ્તાવનાને આધારે ચંદ્રાવલા રચનાનું પ્રયોજન જાણવા મળે છે. જૈન ધર્મમાં મિથ્યાત્વનો ત્યાગ કરવાનો ભગવંતનો સાચો ઉપદેશ છે. એટલે મિથ્યાત્વમાંથી બચીને સમકિતને શુદ્ધ કરવા–ટકાવી રાખવા માટે આ પ્રકારની રચનાનું પઠન–પાઠન–શ્રવણ ઉપકારી છે એમ સમજાય છે. આ રચના ચરિત્રાત્મક હોઈ તેની વિશેષ વિસ્તારથી નોંધ ન લખતાં કૃતિનો મિતાક્ષરી પરિચય આપવામાં આવ્યો છે.

કવિએ ચંદ્રાવલા દેશીનો પ્રયોગ કરીને પાંચ પ્રકરણમાં વિભાજન દ્વારા પાર્શ્વનાથ ભગવાનનાં પાંચ કલ્યાણકનું વર્ણન કર્યું છે. ચંદ્રાવલાના કર્તા વિશે કોઈ ઉલ્લેખ મળતો નથી પણ પ્રસ્તાવનામાં જે માહિતી છે તેનો પ્રથમ પ્રકરણના અંતમાં સંદર્ભ મળે છે.

*'હિતેચ્છુ નિત ધામે પરવરી એણી પરે*
*છપ્પન દિક કુમારી, ગુણ ગાવે પ્રભુ પાસ.'*

કવિએ વસ્તુ વિભાજન માટે પ્રકરણ શબ્દ પ્રયોગ કર્યો છે. અને અંતે દોહારાથી પછીના પ્રકરણની માહિતી આપી છે.

*બીજે સર્ગે એ કહ્યો, પાર્શ્વતણો અધિકાર*
*મન સ્થીર રાખી સાંભળો, છે બહુ વાત રસાળ.*

'સર્ગ' શબ્દ પ્રયોગ વિભાજનનું સૂચન કરે છે.

કવિએ મધ્યકાલીન કાવ્ય શૈલીનું અનુસરણ કરીને ચંદ્રાવલાની રચનાના આરંભમાં દેવ અને સરસ્વતીની સ્તુતિ કરીને વસ્તુ નિર્દેશ કર્યો છે.

*પ્રથમ નમી જીન રાજને, સમરી સારદ માય,*
*પભણું પાર્શ્વ જીણંદનું, જન્મચરિત્ર ઉછાંય ।।૧।।*

કવિએ ચંદ્રાવલાની ફળ શ્રુતિ વિશે નીચે પ્રમાણે જણાવ્યું છે.

એણીપરે પાર્શ્વતણા ગુણ ગાવે, હરખે ધરી મન માંહી.
શ્રવણે સુણલાં પાતીક નાસે સમકિત દીલ ઉછાંહિ.
સમકિત દીલ ઉછાંહિથી લેશે, આતમ તત્ત્વનો
અનુભવ થશે, અચળ સુખ અમર પદ પાવે
એણી પરે પાર્શ્વ તણા ગુણ ગાવે, હરખીથકી મનમાં હિ ।।૧૫૧।।
(પા. ૪૫)

પ્રથમ પ્રકરણમાં પ્રભુનો જન્મ, બીજા પ્રકરણમાં પ્રભુના જન્મ મહોત્સવની ઉજવણી, ત્રીજામાં પ્રભુનો દીક્ષા મહોત્સવ, ચોથામાં કેવળજ્ઞાન, પાંચમામાં નિર્વાણ કલ્યાણકની માહિતી દ્વારા પાર્શ્વનાથ ભગવાનના જીવન ચરિત્રનો પરિચય થાય છે. કૃતિ ચંદ્રાવલાની છે પણ તેનો અંતર આત્મા 'વધાવા' પંચ કલ્યાણક સ્તવનની સાથે સામ્ય ધરાવે છે. આજથી ૧૬૫ વર્ષ પૂર્વે ચંદ્રાવલા પ્રકારની કાવ્ય કૃતિ પ્રગટ થઈ છે. અન્ય ચંદ્રાવળા હસ્તપ્રતમાં સુરક્ષિત છે તેનો સમય ૧૭મી સદીનો છે એટલે ચંદ્રાવલા કાવ્યનો ૧૭મી સદીથી પ્રારંભ થયો છે. જૈન સાહિત્યના કાવ્ય પ્રકારોની વિવિધતામાં એક અભિનવ સ્વરૂપનો પરિચય ભક્તિ માર્ગની અને કાવ્ય સૃષ્ટિની અનોખી સફર કરાવે છે. ✷✷✷

૧૦૩-સી બિલ્ડિંગ, જીવનજ્યોત એપાર્ટમેન્ટ,
વખારીયા બંદર રોડ, બીલીમોરા-૩૯૬ ૩૨૧.

# જયભિખ્ખુ જીવનધારા : ૫

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

*[મૂલ્યનિષ્ઠ સાહિત્યસર્જન કરનાર સર્જક 'જયભિખ્ખુ'ની જન્મશતાબ્દીનું આ વર્ષ છે. સાહિત્યકારનું સર્જન આપણી પાસે હોય છે, પરંતુ સાહિત્યકારોના જીવનચરિત્ર બહુ ઓછાં મળે છે. આ છે સર્જક જયભિખ્ખુના બાળપણના પ્રસંગો આલેખતું એમની જીવનકથાનું આ પાંચમું પ્રકરણ.]*

## મહાન દેવતાની પધરામણી

જીવનના ઝંઝાવાતોમાં આમતેમ ફંગોળાતું બાળક ભીખા (જયભિખ્ખુનું હુલામણું નામ)નું મન સતત દ્વિધા અનુભવતું હતું. વારંવાર એ ઊંડા વિચારમાં ડૂબી જતો કે ચાર વર્ષની વયે માતાને ગુમાવનાર બાળકને ક્યારેય માતા સમા વાત્સલ્યની કોઈ મીઠી હૂંફ નહીં મળે? બાળક ભીખાને ક્યાંક હેતનો શીળો છાંયડો મળી જતો અને મમતાના વૃક્ષ નીચે નિરાંતે બેસીને સ્નેહભરી લહરીઓનો માંડ થોડો અનુભવ કરતો, ત્યાં તો જીવનમાં એવી અણધારી ઘટના બનતી કે હેતનું આખું વૃક્ષ જ બળીને ખાખ થઈ જતું. જે છાપરા નીચે આશરો મળ્યો હતો, તે આખુંય છાપરું એકાએક ઊડીને બાજુમાં પછડાતું. સુખની એવી છેતરામણી રમત હતી કે એનો હાથ પોતાના હાથમાં મેળવે, ત્યાં તો એ હાથ કોઈ ખૂંચવી લે અને દુઃખદ સ્મૃતિનો એક વધુ આઘાત હૈયામાં મૂકતું જાય. સુખની જરા તાળી વાગી, ત્યાં તો એ આખું સુખ જ છટકીને ક્યાંક દૂર દૂર અદૃશ્ય થઈ જાય.

બાળકનું મન વિચારના ચગડોળે ચડે છે કે આવું બનતું હશે કેમ? ગમતું રમકડું મળે અને થોડું રમે ત્યાં કોઈ ખૂંચવી લે તે કેવું? વિચાર કરે કે નસીબ જ એવું વક્ર છે કે સુખ સાથે સદાનું આડવેર છે. કયારેક એમ પણ લાગે કે આ દુનિયાના માનવીમાંથી હેતપ્રીત ઓછાં થઈ ગયાં છે. વિંછીયા અને બોટાદ થઈને બાળક ભીખો એના પિતા વીરચંદભાઈ પાસે વરસોડા આવે છે. સતત માનવીની માયા શોધનારા આ બાળકને જીવવા માટે કોઈ લાગણીના આશરાની જરૂર હતી. ઠેર ઠેર ભટકતા રહેલા આ બાળકને ક્યાંક ઠરીઠામ થવાની ઈચ્છા હતી.

માતાના વહાલને શોધતા બાળકને એક એવી માતા મળે છે કે જે અવસાન પામીને આકાશનો તારો બને નહીં અને ક્યારેય એને ત્યજી નહીં દે. પ્રકૃતિની ગોદમાં વસેલા વરસોડા ગામની ધરતીમાં બાળક ભીખાને માની હૂંફનો અનુભવ થયો વરસોડાની આખી પ્રકૃતિએ આ બાળકને આનંદસૃષ્ટિમાં ડુબાડી દીધો. માનવીની માયા ઝંખનારા બાળકને ભૂમિની માયા લાગી ગઈ. માનવીની માયામાં ભરતી–ઓટ આવે, માનવી પરગામ કે પરલોક પણ સિધાવે, જ્યારે આ ધરતી તો સદાકાળ એની સાથે રહે. એના હેતમાં ક્યાંય કશી ખોટ–ઊણપ જોવા ન મળે.

સાબરમતી નદીના કિનારાની ઊંચી ભેખડ પર વસેલું, વડ–જંગલોથી વીંટળાયેલું વરસોડા ગામ બાળક ભીખાનું અતિ વહાલું ગામ બની ગયું. એ ગામની પ્રત્યેક જગા સાથે એને અતૂટ ભાઈબંધી બંધાઈ ગઈ. એના મંદિરો એના આનંદસ્થાનો બન્યાં અને એની વાડી, કૂવા અને ભોંયરાં રોજના એના સાથી બન્યા. સવારથી સાંજ સુધી આ ગામ ભીખાને પોતાની ગોદમાં ખેલાવે. આ બાળક એના હેતનો એવો તો અનુભવ કરે કે જિંદગીના સઘળાં દુઃખો વીસરી જાય.

ગામના છેડે આવેલી શંકરની દેરી એ ભીખાની રોજની જગા. આ દેરી પાસે આવીને એ બેસે. એની માટીની ભેખડમાં ચડવાની અને કૂદવાની ભારે મજા આવે. એ દેરી પાસેથી કલકલ નાદે વહેતા ઝરણાનો અવાજ સાંભળે અને પછી એ ઝરણાની ધારે ધારે થોડો આગળ ચાલે અને એ ઝરણું સાબરમતી નદીને મળે તેના સંગમસ્થાનને નિહાળે. એ જ સાબરમતી નદીને કાંઠે આવેલા સંત ઋષિરાયજીએ બાંધેલી 'એકલસંગી' પાસે ઊભો રહે. આ એકલસંગી વાદળ સાથે વાતો કરતી લાગે. એની નીચે જલપ્રવાહ મીઠું-ધીમું ગુંજન કરીને ગાતો હોય, બાજુની ભેખડ પર નાના દેવવિમાન જેવું ધોળી ધજા ફરકાવતું મંદિર દેખાય. નાનાશા મારુતિ મંદિરની પાસે નાની ધર્મશાળા પણ હતી. સાબરમતીને કાંઠે આ બાળક ઘૂમવા નીકળે, ત્યારે શંકરની દેરી, મારુતિનું મંદિર અને સંત ઋષિરાયજીનો આશ્રમ એ એના રોજના સ્થળો બની ગયા.

આ બાળક શિવજીના દર્શન કરે, મારુતિને નમન કરે અને વળી કુલેશ્વરી માતાના ધામ પાસે જાય. ઘેઘૂર વડલાની છાંય નીચે ગામના પાદરે થઈને સ્ટેશન જતા રસ્તા પર આવેલા આ કલેસર (કુલેશ્વરી) માતાના દર્શનની બાળકને ભારે લગની. એના ઘેઘૂર વડલાના છાંયડે બેસે અને બાજુમાં વહેતી તળાવડીને નીરખે. શિયાળામાં અને ચોમાસામાં આ તળાવમાં પાણી હોય અને ઉનાળામાં એમાં કુંભાર ઈંટો પાડે. એક સરસ મજાનો બાગ માતાના ધામમાં રહેતાં એક મૈયાએ ઉગાડ્યો હતો. સાંજ પડે આ બાળક ત્યાં પહોંચી જાય. બાગમાં દોડે અને વડલા નીચે મંડળી જમાવે.

રોમાંચ અને રહસ્ય, ભાવ અને ભયના કેટલાં બધાં સ્થાનો એક જ ગામમાં હોય છે! આ ગામમાં આવેલું ભોંયરું અલ્લાઉદ્દીનની ગુફા જેવું લાગતું હતું. ગામમાં સહુ કોઈ કહેતા કે આ ભોંયરામાં

સાત ખંડ છે અને એના બીજા ત્રણ ખંડ ઊંડે જમીનમાં છે. વળી એ ખંડોમાં પણ સોનાની હિંડોળાખાટ અને પાતાળકૂવો છે. ભોંયરાની બહાર બેસીને ગોઠિયાઓ વિચારતા કે આ ભોંયરામાં તો કેટલું બધું હશે? બાળકનું મન ઘણી કલ્પના કરતું. એક-બે વખત મીણબત્તી સળગાવીને ભીખા અને એના ભાઈબંધોએ એમાં દાખલ થવાનો પ્રયત્ન કર્યો, પરંતુ જેવા થોડાંક ડગ ભર્યા કે કાનકડિયાઓએ (એક જાતના ચામાચીડિયાઓએ) એકસામટી એવી ચિચિયારીઓ કરી કે બધા ભાગીને બહાર નીકળી ગયા.

કોઈએ કહ્યું, 'અરે, આ કાનકડિયા તો ભોંયરાના ચોકીદાર છે. આગળ વધશો તો નાક-કાન કરડી ખાશે.'

આ સાંભળ્યા પછી બાળક ભીખો અને એના ભાઈબંધો ભોંયરા આગળ એકઠા થતા. ભોંયરાના ભેદ વિશે કેટલીય અવનવી, વિચિત્ર કલ્પનાઓ કરતા, પરંતુ એમાં પગ મૂકવાની કોઈ હિંમત કરતા નહીં. જોકે થોડાં વર્ષો પછી કોઈએ બાળક ભીખાને કહ્યું, 'આ તો છપ્પનિયા દુકાળના કામે આવેલા મજૂરોએ માટી ખોદતાં આ રીતનું ઘર બનાવ્યું હતું. આને કારણે ઉનાળામાં એમાં થોડી ઠંડક રહેતી.' જોકે આવા ખુલાસાઓ બાળક ભીખાની કલ્પનાસૃષ્ટિને બહુ પસંદ પડ્યા નહોતા.

ગામના પ્રત્યેક કૂવાઓ સાથે કેટલીય કથાઓ વીંટળાયેલી હોય છે. દરેક કૂવાની ઓળખનું પોતીકું નામ હતું. ગામમાં આવો એક 'દેખતો કૂવો' હતો. એમ કહેવાતું કે એક વાર જીવાભાથી નામના રજપૂતનો આંધળો બળદ આ કૂવામાં પડી ગયો હતો. એ પછી મહામહેનતે એને બહાર કાઢવામાં આવ્યો અને એ દેખતો થઈ ગયો! એ દિવસથી આ કૂવો ગામમાં 'દેખતા કૂવા' તરીકે જાણીતો હતો.

વરસોડાનો બીજો કિયાડીનો કૂવો હતો. એનું પાણી લાવવું એ ભારે મહેનતનું કામ હતું. પાણી ભરનારીને અડધો માઈલ ચાલવું પડે અને પછી માથે બેડું લઈને ઊંચો ચડાવ ચડવો પડે. વળી આવું એક બેડું ન હોય, પણ બબ્બે બેડાં માથા પર હોય અને આવી રીતે ચાર-પાંચ વખત બેડાં સારી લાવવાના હોય. કિયાડીના કૂવાના નરવાં પાણી ઉપરાંત એનું મહત્ત્વ બીજી બાબત માટે હતું. એના જળે કેટલીય ગામડાંની નારીઓના આંસુ સમાવ્યાં હતાં. પંદર દિવસે કે મહિને એકાદ સ્ત્રી એમાં પડીને આત્મહત્યા કરતી હતી. આવું બને ત્યારે કૂવાની આસપાસ આખું ગામ એકઠું થતું હતું. મરનારી સ્ત્રી વિશે કંઈ કંઈ બોલાતું હતું. એના કુટુંબ વિશે કેટલીય વાતો થતી. એના આખા વંશને ઉકેલવામાં આવતો. કેટલાય આધારો અને કેટલીય અટકળો એક કાનેથી બીજે કાને પસાર થતી. સ્ત્રી પુત્રવિહોણી હોય કે સાસરિયાનો ત્રાસ હોય તો તે બાબતો ઓછી ચર્ચાતી, પરંતુ એ સિવાયનું કોઈ કારણ હોય તો આખા ગામમાં દિવસો સુધી એની વાતો લોકકંઠે ચાલતી. આવો બનાવ બન્યા પછી કિયાડીનું પાણી બે-ચાર દિવસ કોઈ પીતું નહીં, પરંતુ એ પછી તો એ જ ઘટમાળ ચાલુ થઈ જતી.

સ્ત્રીની આવી અવદશા જોઈને ભીખાના મન પર ગામડાં પ્રત્યેનો તિરસ્કાર જાગ્યો. એને થયું કે ગામડાની સ્ત્રીઓને કેટકેટલું સહેવું પડ્યું છે! પણ ત્યારે એને કોઈએ કહ્યું કે સ્ત્રી ગામડાંની હોય કે શહેરની હોય, બધી સ્ત્રીઓની દશા સરખી હોય છે. ગામડાની સ્ત્રી કૂવે પડે છે તો શહેરની સ્ત્રી 'પ્રાયમસના અકસ્માતે રાંધતાં દાઝી જતાં ગુજરી ગયા'ના બનાવ બનતા હોય છે. માત્ર રીતમાં ભેદ છે, આપઘાતના કારણ સમાન છે.

ભીખો અને તેના ભાઈબંધોને ખબર પડે કે આજે ગામના રાજા રસ્તા પરથી પસાર થવાના છે ત્યારે એમને માટે એ આશ્ચર્યની ઘટના બની રહેતી. ભીખાએ સાંભળ્યું હતું કે ગામના રાજા એ પાટણના જયશિખરી અને વનરાજ ચાવડાના સીધા વંશજ હતા આથી ભીખો રાજાને જોઈને એમનામાં જયશિખરીનાં પરાક્રમની કલ્પના કરતો. તેઓ જાણે જયશિખરીનો અવતાર હોય તેમ એમને જોઈને ભક્તિભાવપૂર્વક મસ્તક નમાવતો હતો. રાજા બે ઘોડાની બગીમાં બેસીને બહાર ફરવા નીકળતા હતા. સુંદર મુગટ, કિનખાબના કેડિયા, કમર પર સોનાની તલવાર, ગળામાં મોતી-માણેકની માળા, કાનમાં હીરાની કડીઓ, પગે સોનાનો તોડો, હાથમાં સોનાની પોંચીઓ, સુંદર વાંકડિયાળી મૂછો અને રાજતેજથી ચમકતું પ્રભાવશાળી મુખ-આ બધું નિશાળિયા ભીખાને આશ્ચર્યમાં ડુબાડી દેતું હતું.

ભીખાની નિશાળમાં રાજકુમારી ભણતી હતી. અત્યંત રૂપવાન આ રાજકુમારી શીંગડાવાળા ઘેટાની ગાડીમાં બેસીને રોજ આવે અને નિશાળમાં અલાયદી જગાએ બેસીને ભણે. નિશાળિયા ભીખાને માટે તો આ બધી દેવમૂર્તિઓ હતી અને દૂર રહ્યે રહ્યે એનું દર્શન-પૂજન કરતો હતો.

એક દિવસ રાજા ખુદ દોડાદોડ કરતા નજરે પડ્યા. ગામને પાદર આંબલીઓમાં મોટા મોટા તંબૂ ખોડાવા લાગ્યા. લશ્કરના ઘોડાઓ હમચી ખૂંદતા આવી પહોંચ્યા. આખું ગામ જાણે ગાઢ નિદ્રામાંથી એકાએક સફાળું જાગતું હોય તેમ ધમધમી રહ્યું. નિશાળના માસ્તરો બાળકોને સંવાદ ગોખાવવા લાગ્યા. ગામમાં, ઘરમાં અને નિશાળમાં બધે સાફસૂફી થવા લાગી. નિશાળિયો ભીખો વિચારે કે ખુદ રાજા આટલી બધી દોડધામ કરે છે, તો આવનારી વ્યક્તિ કોણ હશે? એવું તે કોણ આવે છે કે આખું ગામ એના સ્વાગત માટે થનગને છે! ભીખાને તો હતું કે રાજાનો તે કંઈ રાજા ન હોય, પણ હવે એને લાગવા માંડ્યું કે જરૂર રાજાનો પણ કોઈ રાજા છે.

ચાર-છ ભાઈબંધોને લઈને ભીખો આંબલીઓની આસપાસ ફર્યા કરતો હતો. એવામાં વળી એક અણધારી ઘટના બની. વરસોડામાં મહાજનનું એવું જોર કે ખુદ રાજા પણ જીવહત્યા કરી શકે નહીં. આવે સમયે એક દિવસ બે-ત્રણ સવારો નજીકના ગામમાં

જઈ માછલાં અને માંસ લઈ આવ્યા. નિશાળિયાઓ વિચારવા લાગ્યા કે એવું તે કોણ આવે છે કે જેને માટે આટલી બધી છૂટ મુકાઈ હશે! ગામના પાદરે મોટો માંડવો ઊભો કરવામાં આવ્યો અને એના પ્રવેશદ્વાર પર સુંદર કોતરણી કરવામાં આવી. વળી દારૂખાનું પણ ફૂટવાનું હતું અને એ માટે સઘળી ગોઠવણ તૈયાર કરવામાં આવી.

નિશાળિયાઓ મહાન દેવતાની સવારીની રાહ જોઈને બેઠા હતા. ખરેખર એ ઘડી આવી પહોંચી અને એકાએક અનેક જાતના હથિયારોથી સજ્જ બે સવારો ઊંચા પહાડી અશ્વો દોડાવતા બાજુમાં હારબંધ ઊભેલી પ્રજા વચ્ચેથી પસાર થઈ ગયા. બધા આંખની કીકી સ્થિર રાખીને એને નિહાળી રહ્યા. એ પછી બે પાણીદાર ઘોડા પર ચડીને આવતાં ગોરા સ્ત્રીપુરુષ દેખાયાં. એક હતા પોલિટિકલ એજન્ટ અને બીજાં હતાં એમનાં મૅડમ. એમનો રુઆબ પણ અનેરો હતો. જાણે આખી પૃથ્વીનો વિજય કરીને આવતા ન હોય! ગામલોકોની નજર પોલિટિકલ સાહેબ કરતાં એમના 'મડમ' પર વિશેષ ગઈ. બધા ફાટી આંખે નિહાળી રહ્યા. અરે આ તે કેવું ? સ્ત્રી થઈને મરદનો પોષાક પહેરે છે, ઘોડા પર બેસે છે અને મરદની હારોહાર એની માફક ઘોડો ચલાવે છે.

નામદાર પોલિટિકલ એજન્ટને સહુ કોઈ નમી રહ્યા. ગામના શેઠ અને શાહુકાર, વેદ અને પુરાણી સહુ કોઈ એમને નમન કરતા હતા. અરે! ગામના રાજાએ ખુદ જ્યારે એમની અદબ કરી, ત્યારે તો આ નિશાળિયાઓની નજરમાં એ ગોરા સ્ત્રી-પુરુષ અલૌકિક પ્રતિભા બનીને મનમાં વસી ગયાં.

વરસોડાની ભૂમિના વાતાવરણ સાથે નિશાળિયા ભીખાનું મન ગૂંથાઈ ગયું. પોતાને પરદેશી માનતો ભીખો હવે દેશી બની ગયો.

(ક્રમશઃ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મોબાઇલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

## પંથ પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

ભક્ત ભાઈને મિઠાઈ અંદરથી લાવીને મ્હોંમાં મૂકી ખવડાવી ત્યારે એ મોંઘેરા મહેમાનઅંદર પધાર્યા!'

(૨)

૧૯૬૭ના ડિસેમ્બર અંતના દિવસોની વાત છે.

ત્યારે વિસનગર મહિલા આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ તરીકેના કાર્યકાળ વેળાએ અમે અન્ય સાથી-સહયોગ મેળવીને ઉત્તર ગુજરાતમાં ગોઠવાતી, વિદ્યાર્થી-શિબિર શ્રૃંખલામાં મુખ્યપણે અમારી કૉલેજ-છાત્રાઓને લક્ષ્યમાં રાખી વિમલાદીદીનો ત્રણ દિવસનો શિબિર-યોજેલો. તેમની અનુગ્રહ-સંમતિથી તેમનું અને તેમની સાથે પધારેલા ડૉ. પ્રેમલતા શર્માનું આતિથ્ય કરવાનો અમને લ્હાવો મળ્યો. શિબિરની બેઠકો ઉપરાંત અમારા નિવાસમાં જ અમ પરિવારજનો, નાની બાલિકાઓ ચિ. પારુલ-વંદના-ભવિતા અને સહધર્મિણી સુમિત્રાને તેમનો અલભ્ય લાભ મળે. રાત્રે સત્સંગ બેઠક અને પ્રાતઃકાળે મૌન ધ્યાન બેઠક જામે. આનંદની, અંતરાનંદની છોળો ઊડે...! દીદીના પ્રચંડ હાસ્યના ફુવારાઓ પણ છૂટે...!!

એક પરોઢની વાત છે.

આગલી રાતની સત્સંગ બેઠકને અંતે ડૉ. પ્રેમલતા શર્માએ કે જેઓ પંડિત ૐકારનાથ ઠાકુરના શિષ્યા અને બનારસ હિન્દુ યુનિવર્સટીની મ્યુઝિક ફેકલ્ટીના ડીન હતા, પં. ઓમકાર-નાથજીના પ્રિય ભજનો ભાવ વિભોર બની ગાઈ સંભળાવ્યાં હતાં. પંડિતજીએ વિમલાદીદીને પોતાના આત્મજા ગણીને તેમને ખૂબ વાત્સલ્ય આપ્યું હતું એ વાત પણ કરી હતી. એ દિવસોમાં પંડિતજી મુંબઈ બોમ્બે હૉસ્પિટલમાં બિમાર હતા. આ ભૂમિકા સાથે તે રાતે સૌ નિદ્રાધીન થયા હતાઃ પંડિતજીના 'જોગી મત જા!' ભજનના ભૈરવીના સ્વરોમાં રમતાં રમતાં.

પરોઢે દીદી વહેલાં તો ઊઠ્યાં જ હોય, પરંતુ તે પરોઢે તો બહુ જ વહેલા મધરાત પછી વહેલા-ઊઠીને પદ્માસન વાળી ધ્યાનમાં બેસી ગયા. મેં પણ તેમને જોતાં, તેમને વિક્ષેપ કર્યા વિના, તેમની સામે નીચે વિનમ્રપણે આસન જમાવ્યું અને તેમના મૌન-ધ્યાનની અંતર્યાત્રામાં જોડાવાનો પ્રયાસ આદર્યો. કલાકેક પછી જ્યારે દીદી લઘુશંકાર્થે જવા ઊઠ્યા ત્યારે તેમના વધુ વહેલા જાગી જવાનું સહેજે કારણ પૂછ્યુંઃ પુનઃ ધ્યાનમાં બેસતાં બેસતાં તેમણે મને એટલો જ ઉત્તર વાળ્યો કે, 'પંડિતજી-ઓમકારનાથજી મને તેમની છેલ્લી નૂતન સંગીત-રચનાઓ સંભળાવવા બોલાવી રહ્યાં છે'-અને તેઓ પુનઃ ધ્યાનસ્થ થઈ ગયાં-પંડિતજી સાથે તેમનો દૂરસ્થ અંતર-તાર જોડતા! માંદગીના બિછાનેથી મુંબઈથી તેઓ પોતાના આ વ્હાલાં આત્મજાને વાત્સલ્યભર્યું છેલ્લું દિવ્યસંગીત સંભળાવી રહ્યાં હતાં!! સાડા પાંચેક વાગે દીદીએ આંખો ખોલી આ ખુલાસો કરતાં કહ્યું: 'પંડિતજીની મહાયાત્રા શરૂ થઈ ગઈ...તેમણે પોતાના પાર્થિવ દેહને છોડી દીધો!!!'

પુનઃ તેઓ મૌનમાં સંચરી ગયા. પ્રાતઃકાળ છ વાગ્યાના ઓલ ઇન્ડિયા રેડિયોએ સમાચાર પંડિતજીના દેહત્યાગના આપીને સાક્ષી આપી-દીદીના આ દૂરસ્થ દર્શન અને શ્રવણની-Clairvoyance & Mental Telepathyની ! 'મત જા' ગાતો જોગી પોતે જ અગમ-જાત્રાએ નીકળી ચૂક્યો હતો...।। ૐ શાંતિઃ।।

બીજા દિવસે શિબિર બેઠકમાં પંડિતજીને શ્રદ્ધાંજલિ દીદીએ આપી અને પ્રેમલતાજીએ 'જોગી મત જા!' હૂબહૂ ઓમકારનાથજીના જ સ્વરોમાં ગાઈ સૌની અશ્રુધારા વહાવી દીધી.

(Voyage within Vimalajee' ની લેખકની કૃતિના આધારે) ✷✷✷

'જિન ભારતી', વર્ધમાન ભારતી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, 'પારૂલ', ૧૫૮૦, કુમારસ્વામી લેઆઉટ, બેંગ્લોર-૫૬૦૦૭૮.
ફોનઃ૦૮૦-૬૫૯૫૩૪૪૦.

# શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૬

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ

**ષષ્ઠમ અધ્યાય : સંસ્કાર યોગ**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં છઠ્ઠો અધ્યાય 'સંસ્કાર યોગ' છે. સંસ્કાર યોગની શ્લોક સંખ્યા ૫૪ છે.

જીવનની સૌથી મોંઘી મૂડી સંસ્કાર છે. જગતના તમામ ધર્મો, તમામ દેશો, તમામ મનુષ્યો સંસ્કારની મહત્તા જાણે જ છે. સંસ્કાર વિનાના જીવનની કશી જ કિંમત નથી તે સૌ જાણે છે. બાળકના જન્મથી મૃત્યુ પર્યંત સંસ્કારનો સંબંધ જોડાયેલો રહે છે. જીવનની ધરતી પરથી ઉન્નતિના શિખર પર પહોંચવા માટે માનવી પાસે સંસ્કારનો પુલ-bridge જોઈએ.

સંસ્કારનું આટલું બધું મહત્ત્વ છે? એક પ્રસંગ ક્યાંક વાંચેલો કે એક દંપતીને કોઈ સંતાન નહોતું. એમણે ભગવાન શિવજીની ઉપાસના કરી. શિવજીએ પ્રસન્ન થઇને પૂછ્યું કે 'શું જોઇએ છે?' દંપતીએ સંતાન માટે પ્રાર્થના કરી. થોડીકવાર પછી શિવજી બોલ્યા કે 'તને પુત્ર તો થશે પણ તેનામાં દુનિયાના બધા જ અવળા સંસ્કાર હશે તો ચાલશે?' દંપતીએ મૂંઝવણ તો અનુભવી પણ પછી વિચારીને કહ્યું કે, 'પુત્ર તો જોઈએ જ છે માટે અમને આપો. એનામાં કુસંસ્કાર હશે તો તમે જેમ કહો તેમ પણ તેનામાં 'વિવેક' નામનો સંસ્કાર જરૂર મૂકજો, જેથી કોઈપણ ખોટું કામ કરતા તે ડરશે અને પછી તે ખોટું કામ નહિ કરે.' કથા તો ઘણી લાંબી છે પણ દંપતીએ વિવેક નામના એક જ સંસ્કારથી તે વ્યક્તિની જિંદગી ઉત્તમ બનાવી દીધી હતી તેમ કહેવાય છે. સંસ્કારનું આવું મહત્ત્વ છે. માતા-પિતા કે વિદ્યાગુરૂ કે ધર્મગુરુઓ પોતાની પાસે આશીર્વાદ માંગતા બાળકને 'સંસ્કારી બનજે' તેવા આશીર્વાદ આપે છે. વિદ્યાના સંસ્કાર, લગ્નના સંસ્કાર, ધર્મના સંસ્કાર વગેરે અનેકવિધ સંસ્કાર-પ્રકારથી જીવન સજ્જ કરવાનું હોય છે. નમ્રતા, સરળતા, ઉદારતા, ક્ષમા, વિનય, વિવેક-આ સંસ્કારરત્નો આપણને વિધ-વિધ સ્વરૂપે ધન્ય બનાવે છે.

સદ્ગુણ એ જીવનની આધ્યાત્મિક સંપત્તિ Spiritual Property છે, એ હંમેશાં સ્મરણમાં રાખવું જોઈએ. કાર્લ માર્ક્સની આ વાત ગાંઠે બાંધવા જેવી છેઃ Our goal should be much not to have much. આપણું પોતાનું જીવનલક્ષ્ય પોતાના ભીતરને અંદરથી સમૃદ્ધ કરવાનું હોવું જોઈએ; બહારની સમૃદ્ધિના ઢગ ખડકવાનું નહિ. જીવનની મહાનતા સત્યનિષ્ઠામાં છે, આત્મસન્માનમાં છે.

યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની એક અપ્રકટ ડાયરીનું પાનું અહીં ઉતારવાનું મન થાય છે. સર્વકાલીન સમાજમાં સૌને સદાય ઉપયોગી એવા ૨૭ નિયમોથી તેમણે પોતાના જીવનને સમૃદ્ધ કરેલું. આ માત્ર નિયમો છે કે જીવનના અલંકાર સમાન સુવર્ણના અલંકાર છે તે વિચારજો, તો સમજાશે કે જીવનને મહાન બનાવવા માટે પુરૂષાર્થ આમ કરાય :

૧. પ્રતિદિન દેવ ગુરુ વન્દનાદિ કાર્ય કરવું.
૨. આવશ્યક લૌકિક કાર્યોનો વિવેક કરવો.
૩. ગુરુએ જે પ્રમાણે આજ્ઞા ફરમાવી હોય તે પ્રમાણે વર્તવું અને ભવિષ્યમાં જે ફરમાવે એવા ભવિષ્ય માટે વર્તમાનમાં ફરમાવે તે પ્રમાણે વર્તવું.
૪. પ્રત્યેક મનુષ્યની સાથે સભ્યતાથી વર્તવું.
૫. કોઈ પણ સમયે ક્રોધ ન થાય અને સર્વ કાર્યો કરવામાં આવે તેનો અભ્યાસ સેવવો.
૬. રીસ/ક્રોધ ટાળવા માટે સદ્ગુરુનું સ્મરણ કર્યા કરવું.
૭. કોઈપણ મનુષ્યને હૃદયની વાતો પૂર્ણ પરિચયથી અનુભવ કર્યા વિના કહેવી નહિ.
૮. ગમે તેવા સમયમાં મગજની સમતોલતા જાળવવી અને સુખ-દુઃખના વખતમાં હર્ષ શોક વિના આત્માનન્દના ઉપયોગી થવું.
૯. ગૃહકલેશ-કુસંપ વગેરે જેમ ન પ્રકટે તેમ વર્તવું.
૧૦. ગમે તેવા પ્રસંગે હિંમત ધારણ કરવી અને ગભરાઈ જવું નહિ.
૧૧. મનમાં સર્વ સમજવું પણ મુખથી કોઈને ખાસ કારણ વિના ખોટો કહેવો નહિ.
૧૨. પ્રત્યેક મનુષ્યના હૃદયના આશયો સમજવા અને સમાગમમાં આવનાર કોઈ મનુષ્યથી છેતરાવું નહિ.
૧૩. કાર્ય કરતાં પહેલાં મુખથી વાચાળપણું બતાવવું નહિ.
૧૪. જેમ બને તેમ ખાસ ઉપયોગી કારણ વિના નકામું ખર્ચ કરવું નહિ.
૧૫. મુખ વગેરેની એવી ચેષ્ટા રાખવી કે જેથી કોઈપણ સુજ્ઞ મનુષ્ય પોતાનું દિલ જાણી શકે નહિ. (ખાસ પ્રસંગે)
૧૬. જેમ બને તેમ પ્રમાણિક વર્તનની છાપ અન્ય મનુષ્યો પર પડે એ રીતે વર્તવા અભ્યાસ વધારવો.
૧૭. મન, વચન, કાયાની શક્તિઓ ખીલે અને આધ્યાત્મિક જ્ઞાન ખીલે એવી રીતે વર્તવું.
૧૮. દરેક કાર્યમાં અપ્રમત્ત સાવધાન રહેવું, અને કોઈપણ કાર્ય કરવું તેમાં આત્મશક્તિનો પ્રથમથી નિર્ણય કરવો.
૧૯. કોઈના ભરમાવ્યાથી કુટુંબ કલેશ-ગૃહકલેશ વગેરે ન થાય એવો ઉપયોગ સદા રાખ્યા કરવો.
૨૦. સર્વત્ર પોતાના સહાયકો વધારવા અને સર્વ હિતેચ્છુ મનુષ્યોના ભલામાં ભાગ લેવો.
૨૧. દરરોજની પોતાની સ્થિતિ તપાસ્યા કરવી અને પોતાના સંબંધી સર્વ મનુષ્યોની બાહ્ય તથા આંતરિક સ્થિતિ તપાસ્યા કરવી.

૨૨. પ્રત્યેક મનુષ્યની સાથે સભ્યતાથી બોલવું પણ ઉપયોગથી બોલવું. પોતાના સમાગમમાં આવનારાથી પોતાને લાભ થાય અને પોતાનાથી અન્યોને લાભ થાય એવું ખાસ લક્ષ્યમાં રાખવું.

૨૩. ગંભીર રહેવું પણ મૂંગા રહેવું નહિ. પોતાની શક્તિ વધે છે કે ઘટે છે તેની આલોચના કરવી.

૨૪. શ્રદ્ધા, પ્રેમ, ભક્તિ, સદાચાર ઈત્યાદિ ગુણો ખીલવવા માટે કાળજી રાખવી.

૨૫. પરસ્ત્રી આદિ વ્યસનનો ત્યાગ કરવો. નિંદા બને ત્યાં સુધી કોઈની ન કરવી પણ નિંદકો/દ્વેષીઓથી સદા સાવધાન રહેવું.

૨૬. ગુરુને જ્યારે બને ત્યારે વન્દન કરવા જવું અને એમના કહ્યા પ્રમાણે આત્મગુણો ખીલવવા પ્રયત્ન કરવો.

૨૭. દરરોજ કોઈક નવું અનુભવજ્ઞાન પ્રાપ્ત કરવું.

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સં. ૧૯૭૨ની અપ્રકટ ડાયરીનું મહા સુદિ ૨ના લખેલું આ પાનું છે. એમ નથી લાગતું કે આ સર્વકાલીન સંસ્કારની કિંમતી સુવર્ણમુદ્રાઓ છે?

'શ્રી જૈન મહાવીર ગીતા'માં 'સંસ્કારયોગ'નો પ્રારંભ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી આમ કરે છેઃ

मनोवाक्काय येदेन् संस्कारास्त्रिविधा स्मृताः।
पुनस्ते कार्ययोगेन बहुधा वर्णिता मया।।
संस्काराज्जायते शुद्धिः शक्तिः संजायते ततः।
शक्त्या कार्माणि सिद्धन्ति बीजादिवाङ्कुरादद:।।
सर्वजातीय संस्कारा विद्यादिशक्ति दायकाः।
कर्तव्या मंत्रयोगेन जैनानां प्रगतिप्रदाः।।

(સંસ્કારયોગ, શ્લોક ૧,૨,૩)

અહીં પણ પૂર્વવત્ સમજવાનું છે કે શ્રી ગૌતમસ્વામી વગેરેના પૂછવાથી શ્રી મહાવીર સ્વામી બોલ્યા કે,

**'મન, વચન અને કર્મના ભેદથી સંસ્કાર ત્રણ પ્રકારના છે.જુદા જુદા કાર્યયોગને કારણે તેના ઘણાં પ્રકાર થાય છે.'**

**'જેમ બીજમાંથી અંકુર વગેરે થાય છે તેમ સંસ્કાર વડે શુદ્ધિ, શુદ્ધિ વડે શક્તિ, અને શક્તિ વડે કાર્યસિદ્ધિ થાય છે.'**

**'સર્વ જાતિના સંસ્કારો વિદ્યા વગેરે શક્તિ આપે છે. મંત્ર યોગ વડે તે બધા જૈનોની પ્રગતિ કરનારા છે.'**

આખું કથન સ્પષ્ટ છે કે પ્રારંભથી સંસ્કારના મંડાણ કરવા જોઈએ તથા મન, વચન, કાયાના સહયોગથી સાંસ્કારિક વિકાસ કરવો જોઈએ. સંસ્કાર જ એક એવી અમૂલ્ય સંપત્તિ છે કે જે નિશદિન અને નિરંતર સાથે જ રહે છે. વિદ્યાની પ્રાપ્તિ, કાર્યકુશળતા, દયાવાન બુદ્ધિ, દીર્ઘદૃષ્ટિ, ધર્મભાવના, આત્મકલ્યાણ માટેનો પ્રયત્ન ઈત્યાદિ સદ્‌ગુણોથી જીવન મઢવું પડે. ગમે તેવા ક્રૂરને પણ છેવટ દયાના શરણે જવું તો પડે જ, ગમે તેવા વ્યસનીને પણ છેવટ ત્યાગના શરણે જવું તો પડે જ, ગમે તેવા શ્રીમંતને પણ છેવટ નિર્ધન સાધુના શરણે જવું તો પડે જ, ગમે તેવા માયાવીને પણ છેવટ પ્રભુનું શરણ લેવું તો પડે જ – આ સંસ્કારની સિદ્ધિ છે; સંસ્કારની યશોકથા અસીમ છે, અમર છે.

સંસ્કારની જાળવણી અને સંસ્કારી જીવન એ દૈનંદિન સાધના છે. અભિમાનમાં જીવનારા, વ્યસનોમાં મસ્ત રહેનારા, અજ્ઞાનમાં જીવનારા, વાતોના તડાકામાં સમય પસાર કરનારા, બીજાને છેતરીને સુખી થવાના સપના જોનારાની આ ધરતી પર કોઈ કિંમત નથી : એવા તો અસંખ્ય આવ્યા ને ભૂલાઈ પણ ગયા. ઉચ્ચ આદર્શ સાથે જ પ્રગતિ થાય છે. 'સંસ્કાર યોગ'માં કહે છેઃ **'સંસ્કારયુક્ત સંસ્કૃતિને છોડી દેનાર મારો ભક્ત નથી, અશુદ્ધ હૃદયવાળો અને (સંસ્કારથી) ખાલી સ્વર્ગની સિદ્ધિ પામતો નથી.'**

(સંસ્કાર યોગ, શ્લોક ૬)

ધાર્મિક વ્યક્તિ, ધાર્મિક જીવન, ધાર્મિક પરંપરા સમાજ, દેશ, રાષ્ટ્રની મહામૂલી મૂડી છે. આપણી લોકશ્રદ્ધા એવી છે કે એકાદ પુણ્યશાળી વ્યક્તિથી પણ સૌનું રક્ષણ થાય છે. આગમસૂત્રોમાં આવો ઉલ્લેખ પણ મળે છે. 'કલ્પસૂત્ર'માં કથા મળે છે કે કેવળજ્ઞાન પામતા પહેલા શ્રી વર્ધમાન સ્વામી નૌકામાં નદી પાર કરતા હતા ત્યારે નાવિકે સૌને કહ્યું કે 'નદીમાં તોફાન મચ્યું છે પણ આ તપસ્વીના પુણ્યપ્રભાવથી સૌની રક્ષા થશે.' એમ જ થયું. સંસ્કારની સુગંધ ક્યાંય છૂપી રહેતી નથી. સંસ્કારથી જીવન અને સમાજ અને રાષ્ટ્રની પ્રગતિ થાય છે, ઉત્થાન થાય છે, રક્ષણ થાય છે. એ માટે જ સંસ્કારનું પ્રયોજન છે. 'સંસ્કાર યોગ'માં વાંચો : **'સર્વ જાતિના જૈનોનો ઉદ્ધાર નિજકર્મો વડે થાય છે. જેનાથી પ્રગતિ થાય તેવા સંસ્કાર કેળવવા જોઈએ. વિશ્વ અને સમાજની શાંતિ માટે અને રક્ષણ માટે વિવેકી લોકોએ સર્વત્ર અને વિદ્યાના સંસ્કાર કેળવવા જોઈએ. ધર્મયુક્ત સંસ્કાર વિશ્વને શાંતિ આપે છે. અધર્મનો નાશ કરવા માટે સંસ્કારનું પ્રયોજન છે.' (સંસ્કાર યોગ, શ્લોક ૧૦,૧૧,૧૨).**

જગતભરમાં અનેક ઘટનાઓ નિહાળવા મળે છે કે વ્યક્તિત્વનો વિકાસ/નિખાર થતાં પૂર્વે વ્યક્તિ આકરી કસોટીમાંથી પસાર થઈને, કહો કે કસોટીની અગ્નિમાંથી પસાર થઈને બહાર નીકળી હોય અને મહાન બની હોયઃ પણ એ આકરી તાવણીમાંથી શુદ્ધ કાંચન જેવું જીવન એ વ્યક્તિનો તો ઉદ્ધાર કરે જ છે પણ સૌને માટે પણ અચૂક પ્રેરક બની રહે છે. કુસંસ્કારમાંથી છૂટેલો માણસ કેટલો બધો સુખી છે તે તો ખુદ જ કહી શકે! સંસ્કારી વ્યક્તિ જ કહી શકે કે સારા સંસ્કારના કારણે તેને શું શું મળ્યું છે! એક બાળક પ્રભુની તસ્વીર સન્મુખ હાથ જોડીને કંઈક ગણગણતો હતો. કોઈએ પૂછ્યું કે 'શું કરે છે?' બાળક કહેઃ 'પ્રભુને વિનંતી કરું છું કે સારું કરજો.' પૂછનારે કહ્યું કે, 'ખરેખર એવું થશે?' બાળકનો જવાબ જુઓઃ 'મમ્મી કહેતી હતી કે, પ્રભુ સારું કરશે પણ આપણે પ્રાર્થના કરીએ એટલે આપણાંથી ખરાબ કામ થતાં અટકે છે. એટલે પ્રભુએ સારું કર્યું જ કહેવાય.' પૂછનાર ચૂપ થઈ ગયો. આનું નામ સંસ્કાર!

થોડાંક શ્લોકાર્થ જોઈએઃ

**'આચાર અને વિચારની સારા સંસ્કારની પરંપરા શક્તિવર્ધક છે.**

**તેને દેશ અને કાળ અનુસાર સુસંસ્કૃત કરવી જોઈએ.'** (ગાથા, ૮)

**'મારામાં એકાગ્ર ચિત્તવાળા લોકોના સંતાનો ધાર્મિક, તેજસ્વી અને સદાચારી થાય છે.'** (ગાથા, ૨૩)

**'ત્યાગીઓએ પોતાના અધિકારથી યોગ્ય સંસ્કાર સેવવા જોઈએ અને સુસંસ્કારોના રહસ્યને જાણવું જોઈએ.'** (ગાથા, ૨૫)

**'દુર્ગુણોનો ત્યાગ એજ ગુણ સંસ્કાર કહેવાય છે. ક્ષાત્ર વગેરેએ બળના સંસ્કાર કેળવવા જોઈએ. (શક્તિમાન બનવું જોઈએ) તે વિશ્વના રક્ષક છે.'** (ગાથા, ૨૮)

**'અન્ય ધર્મીઓ પાસેથી પણ વિશેષ શક્તિ આપનારા ધર્મ, અર્થ, કામ અને મોક્ષને આપનારા સંસ્કાર પ્રાપ્ત કરવા જોઈએ.'**

(ગાથા, ૩૫)

**'જે શ્રેષ્ઠ માર્ગો વર્તમાનમાં ઉદ્‌ભવેલા હોય, સર્વ શક્તિ આપનારા હોય, અને શક્તિ સ્વરૂપ હોય તેને (પણ) સંસ્કાર ગણવા જોઈએ.'**

(ગાથા, ૪૦)

**'ત્યાગીજનોના સર્વ સંસ્કાર પ્રત્યક્ષ શક્તિવર્ધક હોય છે. વિવેકપૂર્વક તેમનો ઉપયોગ આચાર અને વિચારમાં કરવો જોઈએ.'**

(ગાથા, ૪૧)

**'નવી શક્તિની પ્રવૃત્તિમાં કદી આગ્રહ કરવો નહિ, સર્વકર્મના સંસ્કારો દેશ અને કાળની રીતે સાપેક્ષ હોય છે.'** (ગાથા, ૪૫)

**'જેના વડે ગુરુ અને શિષ્યોની વચ્ચે પૂર્ણ પ્રેમયુક્ત એવા સંબંધો થાય તેવા મંત્રની ભાવનાવાળા સંસ્કારો યોગ્ય છે.'** (ગાથા, ૪૭)

**'જે સંસ્કારો અધર્મનો નાશ કરે, યુગે યુગે મહાશક્તિ આપે તથા ધર્મની વૃદ્ધિ કરે તેના સંસ્કારો ઉત્તમ છે.'** (ગાથા, ૪૯)

**'જે જૈનો શક્તિ અને સંસ્કાર વિહીન છે તે માત્ર નામથી જ જૈન છે. તેઓ મૂઢ છે અને પરતંત્રના વાહક છે અને નાશ પામે છે.'**

(ગાથા, ૫૨)

સંસ્કારની સતત પ્રેરણા આપતા આ અધ્યાયમાં પરંપરા જાળવવાની, ક્રાંતિના પંથને અનુસરવાની, નવીન શક્તિને પરખવાની અને અપનાવવાની તથા જીવનને સંસ્કારી રાખીને ઉદય પ્રાપ્ત કરવાની દૃઢ પ્રેરણા પ્રાપ્ત થાય છે. સમ્યક્ ભાવના સાથે અપાતો બોધ હદયંગમ છે. **(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ,
C/o. અનંત ચશ્માઘર, મનીષ હોલ પાસે, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : કાર્યવાહક સમિતિ ૨૦૦૮–૨૦૦૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૦૭–૦૩–૨૦૦૯ના રોજ તથા કાર્યવાહક સમિતિની સભા શુક્રવાર તા.૧૦-૦૪-૨૦૦૯ના મારવાડી વિદ્યાલય, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ મધ્યે **મળી હતી.** જેમાં સને ૨૦૦૮–૨૦૦૯ના વર્ષ માટે હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો, કોપ્ટ તથા નિમંત્રિત સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

## હોદ્દેદારો

**પ્રમુખ:**
શ્રી રસિકલાલ લહેરચંદ શાહ

**ઉપપ્રમુખ:**
શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ

**મંત્રીઓ:**
શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ

**સહમંત્રી :**
શ્રીમતી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ

**કોષાધ્યક્ષ :**
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી

## સમિતી સભ્યો

પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ
શ્રી લલિતભાઈ પોપટલાલ શાહ
શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી
શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
કુ. વસુબહેન ચંદુભાઈ ભણશાલી
કુ. મીનાબહેન શાહ
શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા
શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ
શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી
શ્રી નિતીનભાઈ કાંતિલાલ સોનાવાલા

## કો–ઓપ્ટ સભ્યો

શ્રી શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી
શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ
શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
શ્રી ભરતભાઈ મેઘજીભાઈ મામણિયા

## નિમંત્રિત સભ્યો

શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા
શ્રીમતી શૈલજાબહેન ચેતનભાઈ શાહ
શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ
શ્રી રશ્મિભાઈ ભગવાનદાસ શાહ
કુ. યશોમતીબહેન શાહ
શ્રીમતી કલાવતી શાંતિલાલ મહેતા
શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ
શ્રીમતી ચંદ્રાબહેન પીયૂષભાઈ કોઠારી
શ્રી નીતિનભાઈ ચીમનલાલ શાહ
શ્રીમતી અલકાબહેન કિરણભાઈ શાહ
શ્રી મહેન્દ્રભાઈ શામજીભાઈ ગોસર
શ્રી શાન્તિભાઈ કરમશીભાઈ ગોસર
શ્રી કાકુલાલ છગનલાલ મહેતા
શ્રી માણેકલાલ એમ. સંગોઈ
શ્રી પ્રકાશભાઈ જીવનચંદ કોઠારી
શ્રી પ્રેમળભાઈ એન. કાપડિયા
શ્રી ઉમેશભાઈ ગાલા
શ્રીમતી નીનાબહેન ગાલા
શ્રીમતી રેણુકા જિનેન્દ્ર પોરવાલ

# સર્જન સ્વાગત

## ❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **કર્મનો સિદ્ધાંત**
**લેખક : હીરાભાઈ ઠક્કર**
**પ્રકાશકો : પંકજભાઈ એ. ભટ્ટ, વિનોદ જે. વસા, ભોગીલાલ પી. મહેતા**
મૂલ્ય–અમૂલ્ય, પાના : ૧૦૫, આવૃત્તિ-૧.

શ્રીમદ્ ભગવદ્‌ગીતા પર અનેક પુસ્તકો લખાયા છે. ગીતા મુખ્યત્વે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિ યોગની ફિલસૂફી બતાવતો ગ્રંથ છે. જે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મરાઠી, કન્નડ, તેલુગુ, સિંધી વગરે ભાષામાં પ્રકાશિત થયેલ છે.

કર્મના સિદ્ધાંત મુજબ આ જન્મમાં નથી મળ્યા તેવા અસંખ્ય કર્મોનું ફળ ભોગવવા બીજો જન્મ લેવો પડે છે. કર્મફળ ભોગવવા વારંવાર જન્મ લેવો પડે છે અને બધાં કર્મો ભોગવાઈ જાય પછી બીજો જન્મ લેવો પડતો નથી. બધાં કર્મો કરવા છતાં કર્મથી બંધાયા વિના ફળથી કેવી રીતે બચી શકાય તે લેખકે અહીં સમજાવ્યું છે. કર્મના સિદ્ધાંતમાંથી પુનર્જન્મ કઈ રીતે નિવારી શકાય તે લેખકે ખૂબ જ સરળતાથી સમજાવ્યું છે.

લેખક હીરાભાઈ ઠક્કરે નિવૃત્ત થયા પછી ગુજરાત, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ભારત, દક્ષિણ ભારત, લંડન, સાઉથ આફ્રિકા તથા મોરેશિયસ પ્રવચનો આપ્યા છે. તેઓ માને છે કે–

પુસ્તક વાંચો અન્યને વંચાવો વેચશો નહીં.

શ્રી હીરાભાઈએ આ પુસ્તક વિના મૂલ્યે સમાજમાં વહેંચવું હોય તો છાપવાની મંજૂરી આપેલ છે.

XXX

પુસ્તકનું નામ :
**જૈન સાહિત્યના કાવ્ય પ્રકારો: સ્વરૂપ અને સમીક્ષા**
**લેખક : ડૉ. કવિન શાહ**
**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : શ્રુતનિધિ**
૩૦૩, વાલેશ્વર સ્કવેર, ઈસ્કોન મંદિર,
સરખેજ, ગાંધીનગર હાઈવે, અમદાવાદ.
મૂલ્ય–રૂા. ૪૦૦/–, પાના : ૩૭૨, આવૃત્તિ-૧ સંવત–૨૦૬૪.

સંશોધનાત્મક, તલસ્પર્શી અને ઉત્તમ સાહિત્ય સર્જન જ્યારે બહુ ઓછા પ્રમાણમાં થતું જોવા મળે છે તેવા સમયમાં જૈન સાહિત્યના વિદ્વાન અને સંશોધક ડૉ. કવિન શાહનો આ ગ્રંથ જૈન સાહિત્યના કાવ્ય પ્રકારો પરની વિવિધ માહિતી પૂરી પાડે તેવો છે.

શ્રી અગરચંદજી નહાટા (બિકાનેરવાસી) 'જૈન કાવ્યોકી રૂપ પરંપરા' પુસ્તક પ્રગટ કર્યું છે. તેમાં સ્વરૂપ લક્ષી ૧૫ કાવ્ય પ્રકારોની માહિતી ઉપલબ્ધ થાય છે. નહાટાજીએ એમના પુસ્તકમાં નાના મોટા ૧૧૭ કાવ્યપ્રકારોની સૂચિ આપી છે. અને તેમાંના ૮૦ કાવ્ય પ્રકારોની માહિતી દર્શાવી છે; ડૉ. કવિન શાહે મુખ્યત્વે બે પ્રકારમાં સમગ્ર કાવ્ય પ્રકારોનું વિભાજન કર્યું છે. સ્વરૂપલક્ષી અને વસ્તુલક્ષી કાવ્ય પ્રકારો. સ્વરૂપલક્ષી કાવ્ય પ્રકારોમાં દરેક કાવ્ય પ્રકારના વિશિષ્ટ લક્ષણો છે. વસ્તુલક્ષી કાવ્ય પ્રકારોમાં–ભક્તિ પ્રધાન, ઉપદેશાત્મક, જ્ઞાનાત્મક, છંદમૂલક અને સંખ્યામૂલક એમ ચાર વિભાગ કરવામાં આવ્યા છે. આ બધા પ્રકારો જૈન સાહિત્યમાં લોકપ્રિય છે.

લોકોની રુચિ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. તેમાં પણ કાવ્યરુચિવાળા ભક્તો ઓછા હોય છે. છતાં કાવ્ય પ્રકારોનું જ્ઞાન પ્રાપ્ત થાય તો રુચિનો વિકાસ થાય.

કાવ્ય પ્રકારો ઉપરાંત જૈન સાહિત્યમાં સંશોધન કરવા લાયક વિષયોની સૂચિ આપવામાં આવી છે. વિદ્વાનો, જ્ઞાનમાર્ગના ભક્તો અને સાહિત્ય પ્રેમી વર્ગને આ સૂચિ ઉપયોગી થાય તેવી છે. આ એક વિશિષ્ટ સાહિત્ય ગ્રંથ છે. જે દરેક પુસ્તકાલય તથા સંશોધન કરનાર પીએચ.ડી.ના અભ્યાસીઓ તથા વિદ્વાનોએ વસાવવા જેવો ગ્રંથ છે.

XXX

ગ્રંથનું નામ : **હૃદય નયન નિહાળે જગધણી ભાગ–૧–૨–૩**
**(આનંદઘન સ્તવન ચોવીશી વિવરણ)**
**સ્તવન રચયિતા : યોગીરાજ શ્રી આનંદઘનજી**
**વિવરણકર્તા : પં. પ્ર. મુક્તિદર્શન વિજયજી**
**સંયોજક સંગ્રાહક**–સૂર્યવદન ઠાકોરદાસ જવેરી
**પ્રકાશક : શ્રી માટુંગા શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન સંઘ, માટુંગા**
**પ્રાપ્તિસ્થાન :**
**(૧) સૂર્યવદન ઠાકોરદાસ જવેરી**
૮૦૨, સ્કાય હાઈ ટાવર, શંકર લેન,
મલાડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૬૪.
**(૨) લાવણ્યશ્રીજી જૈન ઉપાશ્રય**
૦૦૩, સૃષ્ટિ, એપાર્ટમેન્ટ,
સંજીવની હૉસ્પિટલ પાસે, નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.
મૂલ્ય–રૂા. ૪૦૦/– (ત્રણ પુસ્તકના સેટની કિંમત), પાના–૧૨૮૦, આવૃત્તિ–૧ ઈ. સ. ૨૦૦૮.

પૂ. યોગીરાજ આનંદઘનજીએ પોતાની સ્તવન ચોવીશીમાં અધ્યાત્મ રસને ઘૂંટી ઘૂંટીને પીધો છે અને જગતને અધ્યાત્મરસનું પાન કરાવ્યું છે. આ મહાપુરુષના હૃદયમાં રહેલા ગંભીર ભાવોને ખોલવા અતિ કઠિન છે. પ. પૂ. આ. વિજયઘોષ સૂરીશ્વરજી મહારાજના શિષ્ય આજ્ઞાવર્તી, શાંત અને સરળ સ્વભાવી પં. મુક્તિદર્શન વિજયજીએ ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાનો દ્વારા ગહન પદાર્થોને સરળ શૈલીમાં મૂકી અધ્યાત્મરસનું પાન કરાવ્યું છે.

આનંદઘન ચોવીશી ઉપર તેમણે લખેલા વિવેચન-'હૃદય નયન નિહાળે જગધણી ભાગ–૧–૨–૩ લોકોના જીવનમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે દીવાદાંડી સમાન બની રહેશે.

આ ગ્રંથ સાધક, સાધન, સાધ્યનું સ્વરૂપ સ્પષ્ટ બતાવનાર હોઈ તે અમૂલ્ય બને છે. અધ્યાત્મથી તરબતર આ ગ્રંથનું પરિશીલન આપણને ઉત્તરોત્તર વિશુદ્ધ ભૂમિકાએ પહોંચાડવા સક્ષમ છે.

ભૌતિકવાદની બોલબાલાથી દૂષિત થયેલા આ પંચમ કાળમાં અધ્યાત્મના અજવાળા કરવા એ સહરાના રણમાં ખેતી કરવા જેવું કઠિન કામ છે; પણ અધ્યાત્મના વિષયમાં સુજ્ઞ એવા પૂજ્યશ્રીએ કાર્ય ખંત અને ઉલ્લાસથી, ઊંડાણ અને અંતરથી આલ્હાદક રીતે પાર પાડીને જૈન જગતમાં એક નવા જ પ્રકારની કેડી કંડારી છે. આ વિષયના વિવેચનોમાં પૂજ્યશ્રીએ કરેલ આ વિવેચન જૈન જગતમાં તેમ જ ચોવીશી સાહિત્યમાં અનેરી ભાત પાડે તેમ છે. આ સ્તવનોમાં પૂજ્યશ્રીએ આનંદઘનજીના ભાવોને જાણ્યા અને માણ્યા છે. તેને પામવા મથામણ કરી છે, એ તેમના સ્વાધ્યાય અને સાધનાની સિદ્ધિ છે.

જૈન શ્વેતાંબર આમ્નાયમાં એક નવી જ ભાત ઉપસાવનાર આ મહાકાય, વિશાળ, દળદાર ઉત્તમ ગ્રંથ ગૌરવવંતો અને પરમ પદના પંથે પ્રયાણ કરવામાં દીવાદાંડી સમાન નીવડે તેવો છે.

XXX

પુસ્તકનું નામ :
**Jainism-The Cosmic Vision**
**લેખક : કુમારપાળ દેસાઈ**
**પ્રકાશકો** : મહાવીર ફાઉન્ડેશન,
૧૧, લિન્ડસે ડ્રાઈવ, કેન્ટોન, લંડન, યુ. કે.
**પ્રાપ્તિસ્થાન :** (૧) ગુર્જર એજન્સીસ, રતનપોળ નાકાની સામે, ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧.
(૨) નવભારત સાહિત્યમંદિર, ૧૩૪, પ્રિન્સેસ

સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨. પાના : ૨૫૮, આવૃત્તિ-૧. જૂન-૨૦૦૮.

જૈન ધર્મ અને સાહિત્યના પ્રખર વિદ્વાન શ્રી કુમારપાળ દેસાઈ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દેશ-વિદેશમાં જૈનદર્શન, તત્ત્વજ્ઞાન અને સાહિત્યના વિષયો પર તેમની મધુર વાણીમાં વ્યાખ્યાનો આપી પરદેશમાં વસતા જૈન અને જૈનેતરોમાં રહેલી જૈન ધર્મ પ્રત્યેની જિજ્ઞાસાને સંતોષે છે. જૈન ધર્મના પ્રચાર-પ્રસારમાં કુમારપાળ દેસાઈનું નોંધપાત્ર વિશિષ્ટ યોગદાન રહ્યું છે.

અંગ્રેજી ભાષામાં જૈનઝમ-'ધ કોસ્મિક વિઝન' જૈન ધર્મ-વૈશ્વિક દર્શન-પુસ્તકમાં લેખકની વિશાળ દૃષ્ટિની પ્રતીતિ થાય છે અને સાથે સાથે જૈન ધર્મના વિવિધ પાસાઓનું વિશ્લેષણ અને માહિતી અંગ્રેજી ભાષામાં પ્રાપ્ત થાય છે.

આ પુસ્તકને લેખકે ૧૬પ્રકરણમાં વિભાજિત કરી જૈન ધર્મની પ્રાચીનતા, જીવદયા, પ્રભુ મહાવીરનો સંદેશ, ક્ષમાપના, અહિંસા, જીવન જીવવાની કળા, જૈનધર્મમાં સ્ત્રીઓનું પ્રદાન, અંતિમ સદીમાં જૈન ધર્મની પ્રવૃત્તિઓ વગેરે લેખો દ્વારા લેખક માનવીને આધ્યાત્મિક, નૈતિક અને પર્યાવરણીય પ્રકૃતિ દ્વારા જીવન જીવવાની રીતિનો માર્ગ દર્શાવે છે. તો સાથે સાથે ગ્લોબલાઈઝેશનનો સામનો જૈન ધર્મની દૃષ્ટિએ કેવી રીતે કરવો તે સમજાવી 'જીવો અને જીવના દો'નો સંદેશો આપે છે.

આ પુસ્તક કુમારપાળ દેસાઈના જૈન ધર્મના વિશાળ વાંચન અને ગહન ચિંતનની પ્રતીતિ કરાવે છે.

અંગ્રેજીમાં ભણતા દેશ-પરદેશમાં વસતા વિદ્યાર્થીઓ તથા જિજ્ઞાસુઓ સર્વને જૈન ધર્મ સમજવા માટે અતિ મહત્ત્વનું આ પુસ્તક છે.

XXX

પુસ્તકનું નામ :

**Ahimsa From Mahavir to Mahatma**

**લેખક : ડૉ. ગીતા મહેતા (એમ.એ., ડી.એસ., પીએચ.ડી.)**

**પ્રકાશક :** ગાંધી સ્મૃતિ અને દર્શન સમિતિ ન્યુ દિલ્હી.

મૂલ્ય-રૂા. ૨૨૫/-, પાના : ૨૦૦, આવૃત્તિ-૧ સંવત-૨૦૦૮.

તીર્થપતિ પ્રભુ મહાવીરે જૈન ધર્મના પાંચ વ્રતો પ્રરૂપ્યા છે, સત્ય, અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. પૂજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ આ સિદ્ધાંતોને જીવનમાં ઉતાર્યા અને જીવ્યા. તે ઉપરાંત ભારતની અંગ્રેજો સામેની સ્વતંત્રતાની લડતમાં અહિંસાને શસ્ત્ર બનાવી સમગ્ર વિશ્વને અહિંસાની શક્તિની પ્રતીતિ કરાવી.

ગાંધીવાદી વિચારસરણી ધરાવનારા અને વર્ષો સુધી વિનોબાજીની ભૂદાનની લડતમાં સહયોગ આપનારા ડૉ. ગીતાબેન મહેતાએ 'મહાવીર ટુ મહાત્મા' નામના ગ્રંથમાં અહિંસાની વિભાવના સુંદર રીતે સમજાવી છે.

દસ પ્રકરણમાં વિભાજિત આ ગ્રંથના પ્રથમ ચાર પ્રકરણમાં અહિંસાના વિવિધ અર્થો આપી વિવિધ દર્શનો જેવાં કે વૈદિક, જૈન, બૌદ્ધ, પુરાણ વગેરેના સંદર્ભમાં અહિંસાની વિભાવના સદૃષ્ટાંત આલેખી છે. અને ત્યારબાદ ભારતના સંતો તથાગત બુદ્ધ, તિરુવલ્લવર, નામદેવ, તુકારામ, રામાનંદ, કબીર, નાનક, તુલસીદાસ અને નરસિંહ મહેતા તથા શીખપત્રી વગેરેના દૃષ્ટાંતો દ્વારા અહિંસાની વિભાવનાની પરિપૂર્તિ કરી છે.

ભારતમાં સામાજિક સુધારાના માધ્યમ તરીકે અહિંસા અને રાજા રામમોહનરાય, દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, રવીન્દ્રનાથ ટાગોર વગેરેના મતે અહિંસા વિષયક દૃષ્ટિકોણ સમજાવ્યો છે. સત્ય એ જ અહિંસા અને સત્ય એ જ ઈશ્વર માની સત્યના આગ્રહી બાપુ સત્યથી જીવ્યા અને રાજકારણમાં પણ સત્યનો આગ્રહ રાખ્યો એ વિચારને સ્પષ્ટ કર્યો છે. છેલ્લા બે પ્રકરણમાં ગાંધીજીના અનુયાયી અને વિચારકોના મતે 'અહિંસા'ના સિદ્ધાંતની સમજ આપી છે.

સરળ અને અંગ્રેજી ભાષામાં તૈયાર કરેલ આ પુસ્તક વિદેશીઓ તથા અંગ્રેજી માધ્યમમાં ભણનારા યુવાનોને પ્રભુ મહાવીરથી શરૂ થયેલ અહિંસાનો સિદ્ધાંત ગાંધીજી અને વર્તમાન યુગ સુધી કઈ રીતે પ્રસ્થાપિત થયો તે સમજવા માટે અત્યંત ઉપયોગી છે.

XXX

પુસ્તકનું નામ : **સમ્મેઅ શૈલં તમહં થુણામિ**

(વારાણસીથી શિખરજી સુધીની કલ્યાણ ભૂમિઓની ભાવયાત્રા)

**લેખક : ડૉ. શેફાલી શાહ**

**પ્રકાશક :** સદ્ભાવના કલા અકાદમી

૪૦૧, હેમદેવ હાઉસ, ધરણીધર દેરાસર સામે, અક્ષત ફ્લેટ્સની બાજુમાં, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ગુજરાત (ભારત) ફોન : ૦૭૯-૨૬૬૦૬૪૧૪. મોબાઈલ : ૯૮૨૫૪ ૮૧૪૦૨

**પ્રાપ્તિસ્થાન :**

(૧) શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૦૭૯-૨૫૩૫૬૬૯૨

(૧) મલ્ટી ગ્રાફિક્સ, ૧૮, ત્રીજે માળે, ખોટાચી વાડી, વર્ધમાન બિલ્ડીંગ, વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૦૨૨-૨૩૮૭૩૨૨૨

મૂલ્ય રૂા. ૫૫૦, પાના : ૪૮૧, પ્રથમ આવૃત્તિ ૧૪-૧૨-૨૦૦૮.

'સદ્ભાવના કલા અકાદમી'ના પ્રણેતા, ભક્તિ સંગીત અને સુગમ સંગીતના જાણીતા કલાકાર એવા ડૉ. શેફાલીબહેન શાહે અતિ પ્રાચીન મહાતીર્થ, અનેક તીર્થંકરોની કલ્યાણભૂમિ સમેતશિખરજીની સચિત્ર શબ્દયાત્રાનો આ ગ્રંથ તૈયાર કરી જિન શાસનને સુંદર ભેટ આપી છે. વારાણસીથી શિખરજીની યાત્રાનો આ ગ્રંથ એ માત્ર માહિતી નથી પણ યાત્રાનો સત્ય પુરાવો છે.

નયનરમ્ય અને નયનગમ્ય સુંદર તસ્વીરો પ્રભુ પરમાત્માની છબીને તાદૃશ કરે છે. પ્રભુજીના ફોટાઓ સાથે તેમની કલ્યાણકારી ભૂમિરૂપી થાવર તીર્થના ચિતારની નોંધ પણ આબેહૂબ છે. તે ઉપરાંત આ પુસ્તકનું આયોજન, સંયોજન અને પ્રકાશન જૈન શાસનના ઈતિહાસમાં અતિ મહત્ત્વનું અને નોંધપાત્ર ગણી શકાય તેવું છે જેમાં ભક્તિભાવથી ઐતિહાસિક સંદર્ભો, શિલ્પકળાની સૂક્ષ્મ અને જ્ઞાનસભર માહિતી ઉપરાંત યાત્રિકો માટે જરૂરી આવાસ આહાર આદિ સગવડોનું વર્ણન પણ કરેલું છે. કુમારપાળ દેસાઈના શબ્દોમાં કહીએ તો, 'વારાણસીથી શિખરજી સુધીની કલ્યાણક-ભૂમિઓ વાચકના માનસચક્ષુ સમક્ષ પસાર થતી જાય છે અને એનું હૃદય એના અનુપમ આનંદની ભરતી અનુભવે છે. વળી એ કલ્યાણક ભૂમિઓની સાથોસાથ સાધક ચાલતો જાય, સ્તવન-વંદના કરતો જાય અને એ રીતે ઉર્ધ્વગામી યાત્રા ચાલતી રહે છે.'

આ પુસ્તક દરેક જૈનને તેમજ સમ્મેત શિખરજીની યાત્રાએ જનાર પ્રત્યેક મુમુક્ષુને સુંદર માર્ગદર્શન પૂરું પાડશે અને જે ન જઈ શકે તેને પ્રત્યેક પૃષ્ઠ ફેરવતાં તીર્થોની ભાવયાત્રા જેવી અનુભૂતિ થશે. સામાન્ય યાત્રિકોથી માંડીને આધ્યાત્મિક સાધકો અને સંશોધકોને પણ ઉપયોગી થાય તેવી વિસ્તૃત અને વૈવિધ્યપૂર્ણ માહિતી પીરસીને આ ગ્રંથને બહુજનોપયોગી બનાવવા બદલ ડૉ. શેફાલીબેનને અભિનંદન. XXX

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(માર્ચ :–૨૦૦૯ના અંકથી આગળ)

૫૩૯. પારિગ્રહિકી ક્રિયા : જે ક્રિયા પરિગ્રહનો નાશ ન થવાને માટે કરવામાં આવે, તે 'પારિગ્રહિકી ક્રિયા'.
जो क्रिया परिग्रह का नाश न होने के लिए की जाय वह 'पारिग्रहिकी क्रिया' है ।
Action undertaken with a view to preventing the destruction of one's acquisitions.

૫૪૦. પારિણામિક (ભાવ) : કોઈ પણ દ્રવ્યનું સ્વાભાવિક સ્વરૂપપરિણમન જ પારિણામિક ભાવ કહેવાય.
किसी भी द्रव्य का स्वाभाविक स्वरूप परिणमन ही पारिणामिक भाव कहलाता है ।
The natural self transformation undergone by a substance is called its parinamikbhava.

૫૪૧. પારિતાપનિકી ક્રિયા : પ્રાણીઓને સતાવવાની ક્રિયા 'પારિતાપનિકી.'.
प्राणियों को सतानेवाली क्रिया पारितापनिकी क्रिया है ।
Action of the form of inflicting pain the living beings.

૫૪૨. પારિષદ્ય : જે મિત્રનું કામ કરે છે તે પારિષદ્ય છે.
जो मित्र का काम करते हैं वो पारिषद्य है ।
Those who act as companion.

૫૪૩. પિંડપ્રકૃતિ : નામ કર્મની ૪૨ પ્રકૃતિઓમાંની ૧૪ પિંડ પ્રકૃતિઓ કહેવાય છે.
नाम कर्म की ४२ प्रकृतिओं में से १४ पिंड प्रकृति कहलाती है ।
Out of the 42 subtypes of Nama-Karma the 14 subtypes are designated Pindaprakrti.

૫૪૪. પિપાસાપરીષહ : ગમે તેવી તૃષાની વેદના છતાં સ્વીકારેલ મર્યાદા વિરુદ્ધ આહારપાણી ન લેતાં સમભાવપૂર્વક એ વેદનાઓ સહન કરવી.
तृषा की चाहे कैसी भी वेदना हो, फिर भी अङ्गीकार की हुई मर्यादा के विरुद्ध जल न लेते हुए समभावपूर्वक ऐसी वेदनाओं को सहन करना क्रमश: पिपासा परीषह है ।
Should thus suffer these sensations with a sense of equanimity. These are respectively called trsa Patisha or Pipasaparisaha.

૫૪૫. પિશાચ : વ્યંતરનિકાયના દેવનો એક પ્રકાર છે.
व्यंतरनिकाय के देव का एक प्रकार है ।
One of the sub types of Vyantaranikaya gods.

૫૪૬. પુદ્‌ગલપ્રક્ષેપ (અતિચાર) : કાંકરી, ઢેફું વગેરે ફેંકી કોઈને પોતાની નજીક આવવા સૂચના આપવી, તે પુદ્‌ગલપ્રક્ષેપ.
कंकड, ढेफा आदि फेंक कर किसी को अपने पास आने के लिए सूचना देना–पुद्‌लप्रक्षेप है ।
Throwing outwards some physical stuff like a gravel. stone, or a lump of dry mud with a view to calling someone from outside to come near oneself.

૫૪૭. પુદ્‌ગલપરાવર્ત : જ્યારે કોઈ એક જીવ જગતમાંનાં સમગ્ર પુદ્‌ગલ પરમાણુઓને આહારક સિવાય બીજાં શરીરો રૂપે તથા ભાષા, મન અને શ્વાસોચ્છ્‌વાસ રૂપે પરિણમાવી ને વિસર્જન કરે. એમાં જેટલો કાળ લાગે તે પુદ્‌ગલપરાવર્ત.
जीव पुद्गलों को ग्रहण करके शरीर, भाषा, मन और श्वासोच्छ्‌वास रूप में परिणत करता है। जब कोई एक जीव जगत में विद्यमान समग्र पुद्गल परमाणुओं को आहारक शरीर के सिवा शेष सब शरीरों के रूप में तथा भाषा, मन और श्वासोच्छ्‌वास रूप में परिणत करके उन्हें विसर्जन करे-इसमें जितना काल लगता है, उसे पुद्गालपरावर्त कहते है ।
When in the case of particular it so happens that it appropriates all the existing material paricles of the univese and releases them after transforming them into each of the types of body except the aharaka type-also into speech, manasound breath (then the period of time required for all this is period technically called Pudagalaparavarta)

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month ● Regd. No. MH/ MR/ SOUTH-146 / 2009-11



## પંથે પંથે પાથેય...

**(૧) વિદુષી વિમલાતાઈ ઠકાર અને સૂફી સંત આચાર્ય ગુરુદયાલ મલ્લિકજી**

**(૨) મહાગાયક ઓમકારનાથ ઠાકુરે આત્મજાને અંતિમ ભજન સંભળાવ્યું!**

**પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા**

### સિદ્ધ યોગિની વિમલાતાઈ

*આધુનિક યુગના મૈત્રેયી અને ગાર્ગી, શ્રીમદ્ રાજચંદ્ર, ગાંધીજી, જે. કૃષ્ણમૂર્તિ, વિનોબાજી, દાદા ધર્માધિકારી અને અનેક ચિંતકોના ચિંતનને આત્મસાત્ કરી એક આધ્યાત્મિક મહાકાવ્ય જેવું જીવન જીવી જનાર પરમ યોગિની વિમલાતાઈ ઠકારેએ ૮૮ વર્ષની ઉંમરે આબુ શિખરે પોતાના દેહને સ્વૈચ્છાએ અને ઉમળકાથી વિદાય આપી દેહ વિલયને મહોત્સવ બનાવ્યો.*

*પૂ. વિમલાતાઈની હજારોને મંત્રમુગ્ધ કરી દે એવી, હિમાલય-માંથી ઋષિકેશ-હરદ્વારની ગંગા જેવી નિર્મળ અને ઓઘવતી વાણીનો લાભ આ સંસ્થાની પર્યુષણ વ્યાખ્યાનમાળાને મળ્યો હતો.*

*૧૯૬૩માં શ્રી પરમાનંદભાઇએ 'પ્રબુદ્ધ જીવન'માં પૂ. વિમલાતાઈ વિશે લખ્યું હતું. ત્યારે એ લેખના ઉત્તરમાં પૂ. તાઈએ પરમાનંદભાઈને પત્રમાં લખ્યું હતું.*

*'હું ૧૯૫૩માં ભૂદાન આંદોલનમાં જોડાઈ ત્યારે લોક કલ્યાણની કોઈ એક પ્રવૃત્તિ સમજીને જોડાઈ નહોતી, પણ એ આંદોલનની જે એક આધ્યાત્મિક બાજુ હતી તેનાથી હું મુગ્ધ બની રહી અને તે કારણે હું આકર્ષાઈ હતી. માનવીમાં રહેલી INNATE GOODNESS વિષેની- પાયાના શુભ તત્ત્વ વિષેની-શ્રદ્ધા પર આધારિત એવા આ ક્રાંતિકારી આંદોલને માનવજાત પ્રત્યેના પ્રેમથી ભરેલા મારા ચિત્તને આકર્ષ્યું હતું. એને લગતી પ્રવૃત્તિ પાછળ મારામાં રહેલી કર્તૃત્વ શક્તિને અભિવ્યત કરવાની કોઈ ખાસ વૃત્તિ નહોતી, પણ માનવજાત માટેના પ્રેમને અભિવ્યક્ત કરવાનો આશય હતો.'*

*એઓશ્રી રાષ્ટ્રિય ચળવળમાં સક્રિય બન્યા, પરંતુ 'અંદર' તો કોઈ અજબની 'ખોજ' હતી. એ ખોજ તરફ એઓ વળ્યા, પામ્યા અને અનેકોના અનેકરીતે માર્ગદર્શક બન્યા.*

*આ પરમ શ્રદ્ધેય વિમલા ઠકારનું ગુજરાતી ભાષા ઉપર પ્રેરક પ્રભુત્વ હતું. ગુર્જર ગિરાનું એ સદ્ભાગ્ય. નૈષ્ઠીક બ્રહ્મચારિણી વિમલાતાઈ ખરેખર સરસ્વતી સ્વરૂપા હતા.*

*શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન' પરમ પૂજ્ય તાઈને શબ્દાંજલિ અર્પી એઓશ્રીના શિષ્ય પ્રા. પ્રતાપભાઈ ટોલિયા દ્વારા પ્રાપ્ત પ્રસંગો પ્રસ્તુત કરી પૂજ્યશ્રીને શ્રદ્ધાંજલિ અર્પી નત મસ્તકે એ ભવ્ય આત્માને કોટિ કોટિ વંદન કરે છે.*

❑ **ધનવંત શાહ**

(૧)

શિવકુટી માઉન્ટ આબુના શાંત-પ્રશાંત વાતાવરણમાં અને વિમલાદીદીના વિમલ સાન્નિધ્યમાં અદ્ભુત અનહદ અંતર્નાદ જગાવતી-સંભળાવતી મૌન બેઠકને અંતે અનાહતમાંથી આહત-નાદ પ્રગટ્યા... સિતારના તારના ધ્વનિ-પ્રતિધ્વનિ રણક્યા..ધ્વનિ-નાદ પછી પ્રણવ-ગાન અને રવીન્દ્ર સંગીતના મૃદુલ મંજુલ સ્વરગાન ગુંજ્યા...અને અંતે ગવાયું મલ્લિકજી રચિત હિન્દી ભજન :

*'પ્રભુજી! તૂ હી સબકુછ જાને પ્રિયતમ!*
*ફિર મૈં કરું ક્યોં ક્યાસ રે, મૈં તો તેરા દાસ...*
*અબ તો એક વરદાન મૈં માગું,*
*વહ હૈ તેરા સહવાસ, પ્રભુજી! મૈં તો તેરા દાસ...'*

શ્રવણાંતે બાહ્યાંતર મૌનમાંથી અનુગુંજિત થતી દીદીની પરાવાણી પ્રગટીઃ પ્રભુનો દિવ્ય સહવાસ ઝંખતા ચાચાજી પોતે જ પોતાનું આ ભજન ગાવા અને સૌને પોતાની મસ્તીમાં ભીંજવવા અનેક વેળાની જેમ એકવાર અચાનક, અણધાર્યા જ અહીં આવી ચઢ્યા...ન કોઈ પત્ર કે ન કોઈ પૂર્વસૂચના!

'શિવકુટીના દરવાજે આવી ઊભા અને 'સહવાસ' માગતું આ ભજન ગાવા લાગ્યા અને પછી બૂમ પાડી ત્યાંથી જ, અંદર પગ મૂક્યા વિના જ-

'તાઈ રે તાઈ ! આયા તેરા ભાઈ...
ખિલા દે કુછ મિઠાઈ...!!'

'સાંભળીને અમે સફાળા દરવાજે દોડ્યા... પ્રણામ કરી સાનંદાશ્ચર્ય અનુભવતા અંદર આવવા વિનવ્યા, નિમંત્ર્યા...

'પણ આ મસ્ત મૌલા એમ પગ અંદર મૂકે શાના?

'એ તો બાળકની જેમ હઠ પકડીને માથું ધુણાવતા બેવડાવતા રહ્યાઃ

'ખિલા દે કુછ મિઠાઈ તાઈ!
તબ આવે અંદર તેરા ભાઈ!'

'અને જ્યારે આ બહેને આ મોંઘા-મશ્કરા

(વધુ માટે જુઓ પાનું ૨૧)

Printed & Published by Niruben S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

# પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૬૯ અંક : ૫ મુંબઈ, મે ૨૦૦૯ પાના : ૨૮ કીમત રૂપિયા દસ

## જિન-વચન

### સંસાર સમુદ્ર

शरीरमाहु नाव त्ति जीवो वच्चइ नाविओ ।
संसारो अण्णवो वुत्तो जं तरंति महेसिणो ।।

–उत्तराध्ययन– २३-७३

શરીરને નાવ કહી છે. જીવને નાવિક કહ્યો છે. સંસારને સમુદ્ર કહ્યો છે. મહર્ષિઓ એને તરી જાય છે.

शरीर को नौका, जीव को नाविक और संसार को समुद्र कहा गया है । महर्षि इसे तैर जाते हैं ।

The body is called a boat; the soul is called a navigator; worldly life is called an ocean. The great sages cross this ocean.

**(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)**

## આચમન

# વિરલ પુરુષાર્થ

દાદા રવિશંકર મહારાજ હંમેશાં સવારે ત્રણ વાગે ઊઠી જાય અને ગીતાજીના અઢારે અધ્યાયનું વાચન કરે. પ્રાર્થના કરે. પછી નિત્ય કર્મ. ગીતાજીના અઢાર અધ્યાય વાંચવા માટે દીવો જોઈએ. દીવો થાય ત્યારે જેને ઘેર ઊતર્યા હોય તેની, સવારની ઊંઘમાં ખલેલ પડે એનો તેમને ઘણો સંકોચ થતો. મને કહેતા, 'તમે તમારે સૂઈ જજો. જાગશો નહિ. મારી આ ટેવને લીધે બીજાને અગવડમાં મૂકું છું. પણ શું થાય? આખી ગીતાજી કંઠસ્થ થઈ જાય તો કેવું સારું!'

મેં કહ્યું, 'દાદા, હવે પાકે ઘડે કેવી રીતે કાંઠલો ચઢે? આટલે વરસે વૃદ્ધાવસ્થામાં હવે કેવી રીતે આ બધું કંઠસ્થ થાય?'

તેમણે કહ્યું, 'એવું નથી. શરીર વૃદ્ધ થાય છે પણ બુદ્ધિ, મન, સ્મૃતિ, યાદશક્તિ એ બધાં નિર્બળ નથી થતાં. ધાર્યું હોય અને પુરુષાર્થ કરીએ તો જરૂર કંઠસ્થ થાય.'

'દાદા, હવે એ પુરુષાર્થ આ ઉંમરે કેવી રીતે થાય?' મારા શબ્દો મારી પાસે રહ્યા. જ્યારે વિસનગર ૧૯૫૮માં મારે ત્યાં આવ્યા ત્યારે મને કહ્યું, 'હવે તમને સવારના પહોરમાં બત્તી કરીને જગાડીશ નહિ.'

'કેમ દાદા? હું ઉઠીશ, બત્તી કરીશું. તમારો નિત્યક્રમ ચાલુ રાખજો.'

'એ તો ચાલુ રહેશે જ, ગીતાના તમામ અધ્યાય મને કંઠસ્થ થઈ ગયા છે.' આ સાંભળી હું આશ્ચર્ય સાથે આનંદમાં ડૂબી ગયો. કેવો વિરલ પુરુષાર્થ!

**'મહારાજ' શબ્દને ઊંચે ચડાવ્યો**

રાજા મહારાજાઓના વખતમાં 'મહારાજ' શબ્દ સત્તા, શ્રીમંતાઈ અને સંપત્તિનું પ્રતીક ગણાતો. રજસતમસમાં લપેટાયેલો શબ્દ અદ્ધર ઊંચે ચઢેલો. વખત જતાં નિસ્તેજ થઈ જઈ અધોગતિએ પહોંચી નિમ્ન કોટીનો થતો ગયો. એ મહારાજ શબ્દ જ્યારે દાદા પાસે આવ્યો ત્યારે પાછી ચઢતી થઈ. એક પુણ્ય-પુનિત-પવિત્ર અને ત્યાગની ભાવનાનું સ્વરૂપ પામી નિર્મળ થયો. અને 'મહારાજ' એટલે નિર્મળ, પવિત્ર ત્યાગમૂર્તિ, વાત્સલ્યમૂર્તિ અને કર્મયોગની મરક મરક હસતી દેહયષ્ટી.

વિશ્વમાં સર્વત્ર ઈશ્વરનો જ વાસ જોનાર મહાન આત્માને કર્મો કદી લેપતાં નથી અને તેમને સો વરસ જીવવાની ઈચ્છા રાખવાનો અધિકાર છે. ઉપનિષદના મંત્રોને ચરિતાર્થ કરનાર પરમ પૂજ્ય 'દાદા'ને – જ્ઞાની, તપસ્વી અને બ્રહ્મનિષ્ઠ અર્વાચીન ઋષિને–આપણાં લાખ લાખ વંદન. ✷✷✷

**સૌજન્ય : નવનીત સમર્પણ**

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | અમારા પૂજ્ય દોશી કાકા | ડૉ. રમણલાલ ચી. શાહ | ૩ |
| (૨) | સેવા અને સમર્પણની જંગમ વિદ્યાપીઠ : રવિશંકર મહારાજ | શ્રી શાંતિલાલ ગઢિયા | ૧૨ |
| (૩) | વિધેયાત્મક અભિગમ | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૫ |
| (૪) | ચૈતન્યમય અરૂપી અને જીવ અને રૂપી જડપુદ્ગલનો અન્યોન્ય નિમિત્ત-નૈમિત્તિક (ઔપાધિક) સંબંધ | સુમનભાઈ એમ. શાહ | ૧૭ |
| (૬) | જ્ઞાનસત્ર : અધ્યાત્મ રસમાં તરબોળ થવાનો ઉત્સવ | ગુણવંત બરવાળિયા | ૧૯ |
| (૭) | જયભિખ્ખુ જીવનધારા-૬ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| (૮) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૭ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૩ |
| (૯) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૧૦) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૧) | પંથે પંથે પાથેય... | ગાંગજી શેઠિયા, ચીમનલાલ ગલીયા | ૨૮ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/–(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/–(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/–(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/–(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/–(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : shrimjys@gmail.com

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૫ ● મે, ૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૫ ● વીર સંવત ૨૫૩૫ ● જેઠ વદિ – તિથિ ૭ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## અમારા પૂજ્ય શ્રી દોશીકાકા

(અમારા દોશીકાકા એટલે પૂ. રવિશંકર મહારાજની પ્રતિકૃતિ. અમારા માટે જંગમ તીર્થ સ્વરૂપ. આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે એમનો પચ્ચીસ વરસથી ગાઢ સંબંધ અને સંઘની પ્રત્યેક પ્રવૃત્તિને એમના સતત આશીર્વાદ અને પ્રેરણા મળતાં રહ્યાં. પ્રત્યેક વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા સમયે જે સંસ્થા માટે દાનની ટહેલ નાખવાની હોય એ સંસ્થાને શોધવામાં એઓશ્રી પૂરતી મદદ કરે, કારણ કે ગુજરાતની પ્રત્યેક સામાજિક સંસ્થાઓથી એઓશ્રી પૂરા પરિચિત હતા. નક્કી કરેલી સંસ્થાને દાન અર્પણ કરવા જઈએ ત્યારે પણ પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં, ઉંમરની મર્યાદાને ઓળંગી એ પ્રસંગે એઓ ઉપસ્થિત થાય અને મનનીય પ્રવચન આપે. હમણાં જ ૧૯ માર્ચના ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા સમયે મળેલી રકમ કસ્તુરબા આશ્રમ સુરત પાસેના મરોલી આશ્રમમાં રૂા. ૨૫ લાખનું દાન અર્પણ કરવા અમે ગયા ત્યાં પણ ૯૩ની ઉંમરે પૂ. દોશી કાકા અમારા સર્વેના આશ્ચર્ય વચ્ચે હાજરાહજૂર! અમે સર્વે અને સર્વ આશ્રમ વાસીઓ એમના આ દર્શન અને શ્રવણથી ધન્ય થઈ ગયા. પરંતુ કોને ખબર કે આ અમારું એમની સાથેનું એ અંતિમ મિલન હશે. તા. ૧૦–૪–૨૦૦૯ના ૯૩ વર્ષની ઊંમરે આ ભવ્ય આત્માએ દેહ છોડ્યો.

દોશી કાકા એટલે નિષ્ણાત ચક્ષુ સર્જન ડૉ. રમણલાલ દોશી. પિતા રામજીભાઈ, માતા દિવાળીબહેન, જન્મ સ્થળ-રાજકોટ–૧૯૧૬. ૧૯૪૦માં ભાનુબહેન સાથે લગ્ન. ઉજળું દામ્પત્ય. ૧૯૪૩માં અમદાવાદમાં પ્રેક્ટીસ શરૂ કરી.

આ નિષ્ણાત નેત્ર તબીબના હૃદયમાં ભારોભાર કરુણા. હૃદય સેવાથી ભીંજાયેલું. ધર્મે ઉત્તમ જૈન શ્રાવક એટલે વિના મુલ્યે નેત્ર યજ્ઞો કરવાનો પ્રારંભ કર્યો.

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રીમતી શારદાબેન બાબુભાઈ શાહ**
**સ્મૃતિ : સ્વ. બાબુભાઈ જયંતીલાલ શાહ**

૧૯૪૯ થી ૧૯૭૨ સુધી ૧૨૦ નેત્રયજ્ઞો કર્યા. અને ૧૦૦ મા નેત્ર યજ્ઞની શુભ પળે પૂ. રવિશંકર મહારાજનો પરિચય થયો. બન્ને વિભૂતિઓ મળ્યા. અન્યોન્યથી પ્રભાવિત થયા અને 'ગુજરાત નેત્ર રાહત અને આરોગ્ય મંડળ સંચાલિત' 'રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ'નું આણંદ પાસે ચિખોદરામાં ૧૮ એકરના વિશાળ પટમાં નિર્માણ થયું. પૂ. દોશીકાકા અને પૂ. ભાનુબહેન આ હૉસ્પિટલને પૂરેપૂરા સમર્પાયા.

આ હૉસ્પિટલના પટાંગણમાં જ પૂ. રવિશંકર મહારાજની પ્રતિમાની નિકટ જ હજારો શોકાતુર માનવોના સમૂહની ઉપસ્થિતિમાં આ પૂ. દોશી કાકાના દેહને અગ્નિ સમર્પાયો.

જીવનની અંતિમ પળ સુધી પૂ. દોશી કાકાએ કુલ ૮૩૫ નેત્રયજ્ઞો કર્યા, ૩૦,૧૦,૮૨૬ દરદીઓને તપાસ્યા અને ૪,૬૦,૫૪૫ (ચાર લાખ સાંઠ હજાર પાંચસો પિસ્તાલીસ) આંખના ઓપરેશનો નિઃશુલ્ક કરી અનેક દરિદ્રનારાયણોની આંતરડી ઠારી. આજના ધનાઢ્ય તબીબશ્રીઓ સાંભળો છો કે?

પૂ. દોશી કાકાનું જીવન જ એવું સાધુચરિત કે એમનાથી બધાં આકર્ષાય. અમારા પૂ. રમણભાઈએ દોશી કાકા સદેહે હતા ત્યારે આ દોશી કાકા વિશે 'પ્રબુદ્ધ જીવન'માં આ ઋષિ તુલ્ય દોશી કાકાના જીવનની સુવાસ 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને અર્પી હતી. એ જ શબ્દો આજે પૂ. દોશી કાકાને શ્રદ્ધાંજલિ સ્વરૂપે પુનઃ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોના કરકમળમાં મુકતા વિષાદ સાથે ધન્યતા અનુભવીએ છીએ.

આ શબ્દો આપણા જીવનને ઉજાળે એવા પ્રેરક છે એની પ્રતીતિ વાચકને થશે જ.

એ ઋષિ તુલ્ય ઉત્તમ શ્રાવકના જીવનને અને એ ભવ્ય આત્માને અમારા કોટિ કોટિ વંદન.

પૂ. ભાનુબહેન માટે તો અંતરમાંથી આપણા કવિ કલાપીની આ જ કાવ્યપંક્તિ સ્મૃતિમાંથી ઊગે છે:

'મહાણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું.'

ધોયેલાં સ્વચ્છ પણ ઈસ્ત્રી વગરના ખાદીનો ઝભ્ભો, બંડી અને પાયજામો પહેરેલા, ખભે ખાદીનો આછા લીલા રંગનો થેલો ભરાવેલા, ગામઠી ચંપલવાળા નીચું જોઈને ચાલતા સિત્તેર–એંસી વર્ષના કોઈ કાકા આણંદથી અમદાવાદની કે ગાંધીનગર જતી બસમાં) ચડે અને જગ્યા હોય તો બેસે, નહિ તો દાંડો ઝાલીને ઊભા ઊભા પ્રવાસ કરે એમને તમે જુઓ તો સમજજો કે એ ચિખોદરાની આંખની

હૉસ્પિટલવાળા ડૉ. રમણીકલાલ દોશી–દોશીકાકા છે. અમદાવાદ–ગાંધીનગરની બસમાં જ નહિ, બીજી કોઈ બસમાં પણ તમે એમને જોઈ શકો. ગુજરાતની બસોમાં સેંકડો વાર એમણે પ્રવાસ કર્યો હશે. ગાંધીજી અને રવિશંકર મહારાજ દાદાના પ્રભાવ નીચે આવેલા, અને લોકસેવાનો ભેખ ધારણ કરેલા ડૉ. દોશીકાકાને આજે ૮૯–૯૦ની ઉંમરે એ જ તરવરાટથી કામ કરતા તમે જોઈ શકો! એમના પરિચયમાં આવો તો તમને એમની મહત્તાનો ખ્યાલ આવે. એ ચાલ્યા જતા હોય તો એમના પહેરવેશ પરથી કોઈ અજાણ્યા માણસને ખ્યાલ ન આવે કે આ ડૉક્ટર છે, આંખના મોટામાં મોટા ડૉક્ટર છે.

એક વખત કાકાને અમે પૂછ્યું કે, 'કાકા, તમારી પાસે સંસ્થાની પાંચ ગાડી છે, તો તમે સંસ્થાના કામ માટે અમદાવાદ કે ગાંધીનગર બસમાં કેમ જાવ છો? કાકાએ કહ્યું, 'જો મારે એકલાએ જવાનું હોય અને સમય હોય તો હું જીપ નથી વાપરતો. બીજા એક–બે વધારે હોય તો હું જીપમાં જાઉં છું. અમારી સંસ્થાની બધી જીપ આખો વખત કામ માટે ક્યાંથી ક્યાં જતી હોય છે. કોઈ વાર એક જ ડૉક્ટર હોય અને જીપ લઈ જાય છે. પરંતુ આ નિયમ તો મેં મારે માટે રાખ્યો છે. એથી સંસ્થાનું પેટ્રોલ બચે છે. જ્યાં સુધી મારાથી બસમાં જવાય છે ત્યાં સુધી બસમાં જાઉં છું. અમારી સંસ્થા શક્ય એટલી કરકસરથી અમે ચલાવીએ છીએ.'

કાકા ટ્રેનના પ્રવાસમાં સાદા બીજા વર્ગમાં બેસે છે. તેઓ કહે, 'રિઝર્વેશન'ના પૈસા બચે એટલે સંસ્થાના પેસા બચે. સાદા બીજા વર્ગમાં બેસવાની જગ્યા મળી જાય. ન મળે તો વચ્ચે નીચે બેસી જાઉં છું. મને બેઠાં બેઠાં સારી ઊંઘ આવી જાય છે. ક્યારેય ખીસું કપાયું નથી. મારો દેખાવ જોઈને જ કોઈ ખીસું કાપવા ન લલચાય. જવા–આવવાની ટિકિટ હોય પછી વધારે પૈસા રાખતો નથી. કેટલાંયે શહેરોમાં સ્ટેશનથી રિક્ષા કે ટેક્ષી, અનિવાર્ય ન હોય તો કરતો નથી. સ્ટેશનથી ચાલી નાખું છું.'

ગુજરાતમાં અનેક ગામોમાં નેત્રયજ્ઞ કરવાને કારણે બસ કે ટ્રેનમાં કાકાને ઓળખનાર કોઈક ને કોઈક તો નીકળે જ અને જગ્યા આપવા તૈયાર હોય જ. વળી કાકા કહે કે 'આ રીતે પ્રવાસ કરવાથી જનતાની વચ્ચે આપણને રહેવાનું મળે. આપણામાં મોટાઈ આવી ન જાય.'

પૂજ્ય દોશીકાકાનું નામ તો મુ. મફતકાકા અને અન્ય કેટલાક દ્વારા સાંભળ્યું હતું. પણ એમને મળવાનો સંયોગ પ્રાપ્ત થયો નહોતો. ૧૯૮૪ દરમિયાન એક દિવસ અમારા વડીલ, અમારા રેખા બિલ્ડિંગમાં રહેતા ભૂદાન કાર્યકર્તા શ્રી કીર્તનભાઈ ધારિયાનો ફોન આવ્યો કે, 'દોશીકાકા અત્યારે અમારે ઘરે આવ્યા છે. તમને અનુકૂળતા હોય તો અમે મળવા આવીએ.'

મેં કહ્યું, 'જરૂર આવો, ઘરમાં જ છું.'

શ્રી કીર્તનભાઈ અને દોશીકાકા પધાર્યા. કીર્તનભાઈએ એમની ક્ષયનિવારણ અને ચિખોદરાની આંખની હૉસ્પિટલનો પરિચય આપ્યો.'

વાતવાતમાં કાકાએ કહ્યું, 'કોઈ વાર સમય કાઢીને અમારી આંખની હૉસ્પિટલ જોવા આવો.'

મેં કહ્યું, 'હમણાં હું કપડવંજ પાસે ઉત્કંઠેશ્વર આવવાનો છું. પરંતુ ત્યાંથી ચિખોદરા આવવાનો સમય નહિ રહે, કારણ કે ત્યાંથી પાંચ વાગે બસમાં નીકળી અમદાવાદથી ટ્રેન પકડવાનો છું. 'તમને અનુકૂળ હોય તો તમે ભોજન કરી લો પછી સાડા બારે ઉત્કંઠેશ્વર તમારે માટે જીપ મોકલું. ત્યાંથી અઢી કલાકમાં ચિખોદરા આવી જાવ. પછી ચિખોદરા હૉસ્પિટલ જોઈ જમીને છ વાગે નીકળો તો અમારી જીપ તમને નવ વાગે અમદાવાદ સ્ટેશને પહોંચાડે. તમારી ટ્રેન રાતના દસ વાગ્યાની છે. તમને શ્રમ ન લાગતો હોય તો આ રીતે ગોઠવો.'

મેં કહ્યું, 'તમે આટલી બધી સગવડ કરી આપો છો તો પછી કેમ ન ફાવે.'

આ ગોઠવણ પ્રમાણે કાકાના ડ્રાઈવર રમેશભાઈ બરાબર સાડાબારના ટકોરે લેવા આવ્યા. અમે–હું, મારા પત્ની અને નિરુબહેન (સંઘના મંત્રી) તૈયાર હતાં. અમે જીપમાં બેસી ચિખોદરા પહોંચ્યાં.

ચિખોદરા પહોંચીને હૉસ્પિટલની મુલાકાત લીધી. દોશીકાકાએ અમારું ભાવભીનું સ્વાગત કર્યું. હૉસ્પિટલમાં સરસ અતિથિગૃહ હતું. એટલે બીજા મિત્રોને લઈ આવીએ તો સગવડ સારી મળે. નીરવ શાંત વાતાવરણ, વૃક્ષો, મોરના ટહુકા વગેરેને કારણે ઉપવન જેવું લાગતું હતું. હૉસ્પિટલ પણ અમે જોઈ. સાંજે ભોજન વખતે કાકાના ધર્મપત્ની મુ. ભાનુબહેને પણ ભાવથી પીરસ્યું. અમને એક સરસ Worth repeating, અનુભવ થયો. જીપ અમને અમદાવાદ સ્ટેશને સમયસર પહોંચાડી ગઈ. અમને એમ થયું કે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આ સંસ્થાને સહાય કરવાની અપીલ કરવા જેવી છે.

ત્યાર પછી બીજા કેટલાક સભ્યો પણ ચિખોદરા જઈ આવ્યા. અમે યુવક સંઘની કાર્યવાહક સમિતિમાં કાકાની હૉસ્પિટલને સહાય કરવાને નિર્ણય કર્યો. એ માટે ઘણી સારી રકમ એકત્ર થઈ. એ રકમ આપવાનો કાર્યક્રમ ચિખોદરામાં યોજાયો. એનો જે પ્રતિસાદ સાંપડ્યો એને પરિણામે દોશીકાકા સાથે એવો ગાઢ નાતો બંધાયો કે વરસમાં ચાર–પાંચ વખત ચિખોદરા ન જઈએ ત્યાં સુધી ગમે નહિ. દોશીકાકા અને ભાનુબહેન સાથે વડીલ સ્વજન હોય એવો સંબંધ બંધાઈ ગયો.

ત્યાર પછી અમારા યુવક સંઘના ઉપક્રમે ચિખોદરાની હૉસ્પિટલ દ્વારા વર્ષમાં ચાર–પાંચ વખત નેત્રયજ્ઞ યોજાવા લાગ્યા. એ માટે દાતાઓ તરફથી મળેલી રકમ અમે હૉસ્પિટલને પહોંચાડીએ છીએ.

તદુપરાંત બીજી રકમો મોકલાવતા રહીએ છીએ. નેત્રયજ્ઞની તારીખો બે મહિના અગાઉ નક્કી થાય. કાકા સ્થળ જણાવે અને સાથે પૂછે કે 'આ વખતે કયા તીર્થની જાત્રાએ જશો ?'

મુંબઈથી અમે આઠ–દસ સભ્યો ચિખોદરા જઈએ અને ત્યાંથી નેત્રયજ્ઞના સ્થળે જઈએ. આ રીતે બાવીસ વર્ષ દરમિયાન અમારા સિત્તેરથી વધુ પ્રવાસ થયા હશે અને એટલી જ તીર્થયાત્રા થઈ હશે.

અમારા જૈન યુવક સંઘ તરફથી આ રીતે આણંદ, પંચમહાલ, વડોદરા અને સુરત જિલ્લામાં ઘણું ફરવાનું થયું હતું. અમે ઠાસરા, બોરસદ, વડવા, વડતાલ, બોચાસણ, ધોળકા, વેડછી, નારેશ્વર, સરભોણ, સાગતાળા, ધોળી ડુંગરી, રાજપીપળા, ઝઘડિયા, મંગલભારતી, બાંધણી, કપડવંજ, માતર, ગોધરા, દાહોદ, દેવગઢ બારિયા, બોડેલી વગેરે સ્થળોએ દોશીકાકાની આંખની હૉસ્પિટલ દ્વારા નેત્રયજ્ઞનું આયોજન કર્યું હતું. કેટલેક સ્થળે એક કરતાં વધારે વાર નેત્રયજ્ઞો યોજાયા હતા. દરેક નેત્રયજ્ઞનો જુદો જ અનુભવ થતો. વળી કાકાની સાથે સતત પ્રવાસ દરમિયાન કાકાના વિવિધ અનુભવોની વાત નીકળે. કોઈ વાર ગાંધીજી, કોઈ વાર રવિશંકર દાદાની, કોઈ વાર ગંગાબાની પ્રેરક વાતો જાણવા મળે. કોઈ વાર નજીકમાં કોઈ જોવા જેવી સંસ્થા હોય તે બતાવે. કોઈ વાર નજીકમાં હોય એવા કબીર વડ, માલસર, અંગારેશ્વર, મનન આશ્રમ, બહાઈ મંદિર, નારેશ્વર, ગરુડેશ્વર, નર્મદા ડેમ, વણાકબોરી ડેમ, અગાસ આશ્રમ, વડવા, બાંધણી, વેડછીનો આશ્રમ, બાજુમાં શબરીશાળા, વાત્સલ્યધામ, પાવાગઢ વગેરે અમને બતાવ્યાં હતાં.

કાકાને ખેડા (આણંદ સહિત) જિલ્લામાં અને પંચમહાલ જિલ્લામાં ગામેગામ કેટલાય કાર્યકરો ઓળખે. કાકાની સરળ, નિરભિમાની, પ્રામાણિક, સેવાભાવી પ્રકૃતિને કારણે કાકાનું કામ સૌ કોઈ કરવા તૈયાર. આથી જ કાકા ગામેગામ નેત્રયજ્ઞોનું આયોજન કરે ત્યારે બધા સ્થાનિક કાર્યકર્તાઓની ટીમ વ્યવસ્થાની બધી જવાબદારી ઉપાડી લે. પ્રત્યેક અઠવાડિયે કાકાના નેત્રયજ્ઞો ચાલતા જ હોય. ચિખોદરા હૉસ્પિટલનો સ્ટાફ ખાટલા, ગાદલાં, અનાજ, ઑપરેશન થિયેટરની સામગ્રી, ચશ્માં–વગેરે માટે દરેકને સોંપવામાં આવેલી જવાબદારી તેઓ બરાબર સંભાળે. સ્ટાફ પણ અત્યંત વિનયી. ક્યારેય કોઈ પ્રશ્ન ઊભો થયો હોય તો છેવટનો નિર્ણય કાકાનો રહેતો.

દોશીકાકા સાથેના અમારા અનુભવના કેટલાક પ્રસંગો વર્ણવતાં પહેલાં દોશીકાકાના જીવનની અહીં ટૂંકી રૂપરેખા આપી છે. શ્રી આર. કે. દેસાઈએ 'કર્મયોગી શ્રી રમણીકભાઈ દોશી' નામની પુસ્તિકા લખી છે જેમાં દોશીકાકાના જીવનની વિસ્તૃત રૂપરેખા આપી છે.

દોશીકાકાનો જન્મ ઈ. સ. ૧૯૧૬ની બીજી સપ્ટેમ્બરના રોજ રાજકોટમાં થયો હતો. એમના પિતાશ્રી સ્વ. રામજીભાઈ દોશી રાજકોટ રાજ્યના દીવાન હતા. તેઓ કાર્યદક્ષ, સત્યનિષ્ઠ, પ્રામાણિક, દૃઢસંકલ્પ, ધીરગંભીર સ્વભાવના અને પ્રગતિશીલ વિચાર ધરાવનાર હતા. એટલે રાજકોટના નરેશ લાખાજીરાજ પર એમનો ઘણો સારો પ્રભાવ હતો. તેઓ પોતે સુશિક્ષિત હતા એટલે સંતાનોને પણ ઉચ્ચ શિક્ષણ અપાવવાની દૃષ્ટિવાળા હતા. તેઓ એટલા પ્રમાણિક હતા કે રાજ્યના કારભાર માટે પેન જુદી રાખતા અને અંગત વપરાશની જુદી રાખતા. રાજ્ય તરફથી મળેલ ટેલિફોનનો ઉપયોગ તેઓ અંગત કામ માટે કરતા નહિ. રામજીભાઈએ બે વાર લગ્ન કર્યાં હતાં અને એમને સાત દીકરા અને એક દીકરી એમ આઠ સંતાન હતાં. રામજીભાઈએ પોતાના કેટલાક દીકરાઓને અભ્યાસ માટે કરાંચી મોકલ્યા હતા. એટલે દોશીકાકાએ પણ થોડો વખત કરાંચીમાં અભ્યાસ કર્યો હતો. એ દિવસોમાં બહુ ઓછા વિદ્યાર્થીઓ દાક્તરી વિદ્યાનો અભ્યાસ કરી ડૉક્ટર થતા. રામજીભાઈના પાંચ દીકરા ડૉક્ટરો થયા હતા. દોશીકાકા અમદાવાદમાં એલ.સી.પી.એસ. થયા અને મુંબઈમાં ડી.ઓ.એમ.એસ. થયા. એમણે કચ્છના ભચાઉમાં, તથા પાનેલી, જામજોધપુર વગેરે સ્થળે દાક્તર તરીકે અને નડિયાદમાં તે વિષયોના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી હતી.

દોશીકાકાના ધર્મપત્ની ભાનુબહેન કાકાને દરેક કાર્યમાં સહયોગ આપતાં રહે છે. જૂનાગઢનાં વતની, પરંતુ રંગૂનમાં ઊછરેલાં ભાનુબહેન બીજા વિશ્વયુદ્ધ પછી પોતાના માતાપિતા સાથે જૂનાગઢ પાછાં ફર્યાં હતાં. રાજકોટના ડૉ. રમણીકલાલ દોશી સાથે એમનાં લગ્ન થયાં. દોશી–દંપતીને સંતાન નહિ, પણ તેઓએ પોતાના ભાઈઓના સંતાનોને ઘરે રાખી પોતાના સંતાનોની જેમ સારી રીતે ઉછેર્યાં.

ભાનુબહેન શ્રીમંતાઈમાં ઊછર્યાં હતાં, પણ કાકા સાથે લગ્ન પછી એમણે કાકાની સાદાઈ, સેવા અને સમર્પણની ભાવનાને આત્મસાત્ કરી લીધી હતી. અમે વડોદરા જઈએ તો કેટલીયે વાર ત્યાં ભાનુબહેનની સાથે એમના ભાઈનું પણ આતિથ્ય માણ્યું છે. હૉસ્પિટલમાં ભાનુબહેન રસોડાનું ધ્યાન રાખે. દોશીકાકા બહારગામ હોય તો ડૉ. છોટુભાઈ અને અંબાલાલ ધ્યાન રાખે, પણ ભાનુબહેન પણ હૉસ્પિટલનું ધ્યાન રાખે. વિદેશથી આવેલાં કપડાંનું ગરીબોમાં વિતરણ કરે. ભાનુબહેન સવારના આંગણામાં પક્ષીઓને ચણ નાંખે ત્યારે મોર, પોપટ, કબૂતર, કાબર, ચકલી વગેરે પક્ષીઓ એકસાથે મળીને ચણે એ રંગબેરંગી મનોહર દૃશ્ય રળિયામણું અને શાંતિપ્રેરક લાગે. આણંદમાં ઉપાશ્રય બંધાવવા માટે ફંડ એકત્ર કરવામાં ભાનુબહેને ઘણે ઘરે ફરીને સારી મહેનત કરી હતી. આમ કાકાની અર્ધાંગિની તરીકે ભાનુબહેને પણ પોતાના જીવનને સાર્થક કર્યું છે અને શોભાવ્યું છે.

ત્યાર પછી દોશીકાકાએ અમદાવાદમાં રીલિફ રોડ ઉપર એક

ડૉક્ટર મિત્રની ભાગીદારીમાં 'હિંદ મિશન હૉસ્પિટલ' શરૂ કરી. આ હૉસ્પિટલમાં ફક્ત એક રૂપિયો ફી લઈ દર્દીને આંખની સારવાર કરી આપવામાં આવતી. દરમિયાન દોશીકાકા પૂ. રવિશંકર દાદાના ગાઢ પરિચયમાં આવતા ગયા. ૧૯૪૩માં આઝાદી પૂર્વે દાદાએ રાધનપુરમાં નેત્રયજ્ઞ યોજ્યો હતો અને એમાં દોશીકાકાને સેવા આપવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. દોશીકાકાને આ વખતે દાદાની સાથે રહેવાની અને એમની કામ કરવાની કુનેહના દર્શન થયાં. દર્દીઓની સ્ટ્રેચર રવિશંકર મહારાજ પોતે પણ ઉપાડતા. દાદાએ દોશીકાકાને શહેરને બદલે ગામડામાં જઈને લોકોની સેવા કરવાની ભલામણ કરી. એટલે દોશીકાકા અમદાવાદથી આણંદ અને બોચાસણ સેવા આપવા જવા લાગ્યા. પછીથી તો અમદાવાદ છોડીને આણંદમાં દવાખાનું કર્યું. પછી તેઓ દર શનિ, રવિ બોચાસણમાં નેત્રશિબિર યોજતા. એમાં એક પણ દર્દીને પાછો મોકલતા નહિ.

આમ દોશીકાકાની મફત નેત્રયજ્ઞોની પ્રવૃત્તિ વધતી ચાલી. ૧૦૦મો નેત્રયજ્ઞ વ્યારામાં થયો. ત્યાર પછી દોશીકાકાએ પોતાની આણંદની હૉસ્પિટલ, ટ્રસ્ટ બનાવી ટ્રસ્ટને સોંપી દીધી. હવે પોતાની અંગત મિલકત રહી નહિ. કાકાની પાસે પોતાની માલિકીનું મકાન, જમીન, મિલકત, બૅંકમાં ખાતું વગેરે કશું જ નથી. કાકાને ઈન્કમટૅક્ષ ભરવાનો હોતો નથી. કાકાએ પોતાનું જીવન સમાજને સમર્પિત કરી દીધું.

દોશીકાકાને ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા, પૂ. મોટા, સ્વામી સચ્ચિદાનંદજી, ગંગાબા, દાંડિયાત્રાવાળા શ્રી કૃષ્ણજી વગેરે પાસેથી લોકસેવાની પ્રેરણા મળી છે. ડૉ. છોટુભાઈ પટેલ, શ્રી ગોરધનભાઈ ઠક્કર, ડૉ. પ્રો. ભાનુપ્રસાદ ચોકસી, રવિશંકર મહારાજના પુત્ર પંડિત મેઘવ્રત, ડૉ. ચંપકભાઈ મહેતા, ડૉ. નરેન્દ્રભાઈ મહેતા વગેરેનો સરસ સહકાર સાંપડ્યો છે. અહીં તો થોડાંક જ નામ આપ્યાં છે.

દોશીકાકાનો નિત્યક્રમ તે વહેલી સવારે ઊઠી સીધા સામાયિકમાં બેસી જવું અને લોગસ્સનો જાપ કરવો. પછી દૂધ પીને (ચા તો કાકાએ જિંદગીમાં ક્યારેય ચાખી નથી.) હૉસ્પિટલમાં ઑપરેશન કરે અને ત્યાર પછી આણંદના દવાખાનામાં જાય.

દોશીકાકા સાંજે જમીને ભાનુબહેન સાથે સારા ગ્રંથોનું વાંચન કરે. રાત્રે દોશીકાકા ઑફિસમાં ટેબલ પર માત્ર ચાદર પાથરી, ટેલિફોન પાસે રાખી સૂઈ જાય. સૂતાં જ ઊંઘ આવી જાય. રાત્રે કોઈનો ફોન આવે તો દોશીકાકા તરત ઉપાડે. પછી જો ઊંઘ ઊડી જાય તો તરત સામાયિકમાં બેસી જાય.

દોશીકાકાએ પાંચ દાયકા કરતાં વધારે સમયથી ક્ષયનિવારણ અને અંધત્વ નિવારણના ક્ષેત્રે સંગીન, સંનિષ્ઠ, સેવાભાવી કાર્ય કર્યું છે. એટલે એમની એ ક્ષેત્રની સિદ્ધિઓની કદરરૂપે વખતોવખત જુદી જુદી સંસ્થા કે સરકાર તરફથી એવોર્ડ, સન્માનપત્ર વગેરે ઘણાં મળ્યાં છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, સ્વિત્ઝરલેન્ડ, સ્વીડન, જર્મની વગેરે દેશો તરફથી એમને સહાય મળી છે. દોશીકાકાએ કેટલીયે સંસ્થામાં પ્રમુખ, માનદ્ મંત્રી, ટ્રસ્ટી, સમિતિના સભ્ય તરીકે કાર્ય કર્યું છે. સરકારની સમિતિઓમાં પણ કાર્ય કર્યું છે. આ બધાંની વિગતો આપવામાં આવે તો એક મોટી યાદી થાય.

દોશીકાકાએ જ્યારથી મફત નેત્રયજ્ઞનું કામ ઉપાડી લીધું ત્યાર પછી ચિખોદરા હૉસ્પિટલ દ્વારા દર અઠવાડિયે ગુજરાતના જુદાં જુદાં ગામોમાં નેત્રયજ્ઞો થવા લાગ્યા. તે માટે મહિના અગાઉથી નક્કી કરેલાં ગામોમાં સર્વે કરવા માટે ટીમ રોજેરોજ રવાના થતી. દોશીકાકાને કેટલાયે સેવાભાવી આંખના ડૉક્ટરોની સેવા મળવા લાગી. આમ અત્યાર સુધીમાં ૮૦૦ થી વધુ જેટલા નેત્રયજ્ઞોનું દોશીકાકાએ આયોજન કર્યું છે. દરેક નેત્રયજ્ઞમાં દોશીકાકા પોતે હાજર હોય જ. ચિખોદરાની હૉસ્પિટલમાં અગાઉ દોશીકાકા ઑપરેશન કરતા. હાલ ૮૯ વર્ષની ઉંમર થઈ, પણ ડૉક્ટર ન આવ્યા હોય તો દોશીકાકા પોતે ઑપરેશન કરે. અત્યાર સુધીમાં અઢી લાખથી વધુ મફત ઑપરેશનો થયાં છે. કુદરતની મહેરબાની કેવી છે કે ૮૯–૯૦ વર્ષની ઉંમરે કાકાને પોતાને હજુ મોતિયો આવ્યો નથી.

સાપ્તાહિક નેત્રયજ્ઞ ઉપરાંત ગાંધી પરિવાર તરફથી જમશેદ-પુરમાં અને રાજસ્થાનમાં જયપુર નજીક જૂનજૂન જિલ્લામાં એક સ્થળે અંબુજા સિમેન્ટ તરફથી આઠ–દસ દિવસનો મોટો નેત્રયજ્ઞ યોજાય છે. કાકા એમાં પણ સમયસર પહોંચી જાય છે.

આંખના દવાખાનામાં રોજ સવારથી જ ઘણા માણસો આંખ બતાવવા આવી જાય. દોશીકાકા ઉપરાંત આંખ તપાસનારા બીજા ડૉક્ટરો પણ હોય. પણ ઘણા દર્દીઓ પોતાની આંખ દોશીકાકાને જ બતાવવાનો આગ્રહ રાખે. એટલે એમને માટે ઘણી મોટી લાઈન થાય. એટલે કાકાના સહકાર્યકર્તાઓમાંથી કોઈકે સૂચન કર્યું કે 'કાકા, તમને બતાવવાનો આગ્રહ રાખનાર દર્દી પાસે પાંચ કે દસ રૂપિયાની ફી રાખીએ તો કેમ? એથી થોડો બોજો ઓછો થશે, વિના કારણ આગ્રહ રાખનારા નીકળી જશે અને સંસ્થાને આવક થશે!' કાકાએ થોડી વાર પછી હસતાં કહ્યું, 'ભાઈ, દરિદ્રનારાયણ પાસે ફીની વાત કરવી એ મને યોગ્ય લાગતું નથી. દર્દી એ આપણા દેવ જેવો છે. એનું દર્દ દૂર કરીએ એ જ આપણું ધ્યેય હોવું જોઈએ.'

એક વખત એક નેત્રયજ્ઞમાં એક બાપ પોતાના નાના દીકરાને લઈને આવ્યા હતા. તેની બંને આંખ સદંતર ગઈ હતી. કાકાએ કહ્યું ત્યારે બાપ કાકાના પગ પકડી કરગરવા લાગ્યા. કાકાને કડવું સત્ય કહેવું પડ્યું. પણ એ કહેતાં કહેતાં કાકા પોતે રડી પડ્યા. ત્યાર પછી કાકાએ પોષણના અભાવે બાળકની આંખ ન જાય એ માટે બાળકોને ખવડાવવા માટે સુખડી કરી અને ગામેગામ જઈ વહેંચવાનો-અંધત્વનિવારણનો કાર્યક્રમ ઉપાડ્યો.

ઈ. સ. ૧૯૮૪ થી ૨૦૦૪ સુધીમાં જૈન યુવક સંઘ તરફતી દાતાઓના દાનથી ચિખોદરાની 'રવિશંકર મહારાજ' આંખની હૉસ્પિટલ દ્વારા ગુજરાતમાં કેટલાંયે સ્થળે નેત્રયજ્ઞ થયા છે. પહેલી–બીજી વખતના અનુભવથી અમને એમ થયું કે નેત્રયજ્ઞમાં અવશ્ય જવું અને ગરીબ દર્દીઓ માટે થતી મફત આંખની શસ્ત્રક્રિયા જાતે નિહાળવી. ગુજરાતની ગરીબીનો એથી વાસ્તવિક ખ્યાલ મળે. કેટલાય ગરીબ દર્દીઓ પાસે નેત્રયજ્ઞ સુધી આવવાનું બેચાર રૂપિયા જેટલું પણ બસભાડું ન હોય. એટલે આ નેત્રયજ્ઞોમાં અમે ગરીબોને બીજી પણ સહાય કરતા. દોશીકાકાના જુદી જુદી સંસ્થાઓ તરફથી થતા નેત્રયજ્ઞો આખું વરસ ચાલતા હોય એટલે અમે અમારા નેત્રયજ્ઞની તારીખ ત્રણ મહિના અગાઉ નક્કી કરી લેતા. અમારા સંઘની સમિતિમાં સાત–આઠ સભ્યો એવા છે કે જે અવશ્ય નેત્રયજ્ઞમાં આવે. વળી આરંભથી જ કાકાને ખાતરી થઈ હતી કે જ્યાં નેત્રયજ્ઞ હોય ત્યાં નજીકમાં જે કોઈ તીર્થ હોય એની અમે યાત્રા કરતા. એટલે આ બાવીસ વર્ષ દરમિયાન સંઘ દ્વારા સિત્તેર જેટલા નેત્રયજ્ઞ યોજાયા હશે અને એટલી જ અમે તીર્થયાત્રા કરી હશે. દોશીકાકા સાથે આવે અને પહેલેથી પુછાવે કે આ વખતે તમારે યાત્રા કરવા કઈ બાજુ જવું છે? દોશીકાકા એટલે આંખનું મોબાઈલ દવાખાનું. મેં કેટલીયે વાર જોયું છે કે અમે ચાલ્યા જતા હોઈએ ત્યાં સામેથી આવતો કોઈક માણસ કહે, 'દોશીકાકા, રામરામ.' કાકા ઓળખે નહિ, પણ વાત કરવા પ્રેમથી ઊભા રહે. ત્યાં આવનાર વ્યક્તિ કહે, 'કાકા, મારી આંખ જોઈ આપોને, મોતિયો તો નથી આવતોને?'

કાકા એમ ન કહે કે 'ભાઈ અત્યારે ટાઈમ નથી. દવાખાને બતાવવા આવજે.' તેઓ તરત થેલીમાંથી બૅટરી કાઢે અને બિલોરી કાચ કાઢે. પેલાની બંને આંખ વારાફરતી પહોળી કરી, ટૉર્ચ મારીને અને જરૂર પડે તો કાચનો ઉપયોગ કરીને જુએ અને સંતોષકારક જવાબ આપે. આવું કામ કરવામાં કાકાને ક્યારેય મોડું ન થાય. કાકાને મન દર્દી એટલે દરિદ્રનારાયણ. કાકાએ હજારો માણસની આંખ રસ્તામાં જ બરાબર ધ્યાનથી જોઈ આપી હશે. કોઈ વાર એવું બને કે આંખ જોયા પછી કાકા કહે 'ભાઈ, તમારી આંખ મશીનમાં જોવી પડશે. દવાખાને આવજો.'

અમે યુવક સંઘના આઠ–દસ સભ્યો નેત્રયજ્ઞ માટે જ્યારે ચિખોદરા જઈએ ત્યારે કોઈકને આંખ બતાવવાની હોય, નંબર કઢાવવાનો હોય તો કાકા દવાખાનામાં બધાંની આંખો જોઈ આપે. કાકા નંબર કઢાવવા માટે લાઈટ કરીને નાનામોટા અક્ષરોના ચાર્ટમાં અમને અક્ષરો વંચાવે. એમાં નીચે ઝીણા અક્ષરોની લીટી આવે. લ ન ગ ક ર. અમારા એક મિત્રે ભૂલથી વાંચ્યું 'લગન કર' એટલે હસાહસ થઈ પડી. ત્યારથી આંખો બતાવવી હોય તો અમે કહીએ, 'કાકા, લગન કર'. એટલે કાકા તરત સમજી જાય અને બધાંની આંખો જોઈ આપે. ચશ્માંનો નંબર કાઢી આપે.

એક વખત અમે ગુજરાતના એક નગરમાં એક નવી થયેલી હૉસ્પિટલની મુલાકાતે ગયા હતા. હૉસ્પિટલ આધુનિક સાધનોથી સજ્જ હતી અને ડૉક્ટરો પણ સેવાભાવી હતા. હૉસ્પિટલમાં બીજે હોય એના કરતાં પંચોતેર ટકા ચાર્જ ઓછો હતો. જે માટે બીજી હૉસ્પિટલમાં સો રૂપિયા ખર્ચ થાય તે માટે આ હૉસ્પિટલમાં પચીસ રૂપિયા ખર્ચ થાય. એકંદરે મધ્યમવર્ગના લોકોને સારો લાભ મળી શકે.

હૉસ્પિટલની મુલાકાત પછી ઉતારે અમે આવ્યા ત્યારે દોશીકાકાને અભિપ્રાય પૂછ્યો. એમણે કહ્યું, હૉસ્પિટલ ઘણી જ સારી છે અને મધ્યમવર્ગના લોકો માટે ઘણી જ રાહતરૂપ છે. આ વિસ્તારના ઘણા લોકોને એનો લાભ મળશે. પણ...

કાકા બોલતાં અટકી ગયા. અમે કહ્યું, 'કાકા, પણ શું?'

કાકાએ કહ્યું, 'પણ મારે કરવાની હોય તો આવી હૉસ્પિટલ ન કરતાં ગરીબ લોકો લાભ લે એવી હૉસ્પિટલ કરું. મારું ક્ષેત્ર જુદું છે. અમેરિકા કે યુરોપના દેશોમાં લોકોની આર્થિક સ્થિતિ એવી છે કે કોઈને રાહત આપવાનો વિચાર થતો નથી. રવિશંકર મહારાજના હાથે તાલીમ પામેલા અમે લોકો ગાંધીજીએ જે રસ્કિનનો વિચાર અપનાવ્યો Un to this last એટલે અમે સાવ છેવાડાના ગરીબ માણસોનો વિચાર કરીએ. આ હૉસ્પિટલમાં સોને બદલે પચીસ રૂપિયા ચાર્જ છે. પરંતુ જેની પાસે પચીસ રૂપિયા ન હોય, અરે હૉસ્પિટલ સુધી આવવાના બસભાડાના રૂપિયા નથી એવા લોકો માટે કામ કરવું એ અમારું ક્ષેત્ર છે. શહેરોમાં નહિ, પણ દૂર દૂરના ગામડામાં અમે જઈએ ત્યાર ચીંથરેહાલ દશામાં જીવતા લોકોને જોઈ અમને દયા આવે.' ત્યારે અમને લાગ્યું કે ખરેખર, દોશીકાકા એટલે ગરીબના બેલી.

એક વખત કાકા મારે ત્યાં જમવા પધાર્યા હતા. ઉનાળાનો સમય હતો. કાકા સવારના જમવામાં પાંચ વાનગી લે એ અમને ખબર હતી. અમે અમારે માટે પણ પાંચ વાનગી બનાવી હતી. જમવા બેઠા ત્યારે ઉનાળામાં કેરીની મોસમ હતી એટલે કાકાને પણ રસ પીરસ્યો હતો. બધા બેસી ગયા અને 'સાથે રમીએ, સાથે જ રમીએ...' એ પ્રાર્થના કર્યા પછી જમવાનું ચાલુ કર્યું ત્યારે કાકાએ રસની વાટકી બહાર મૂકી. અમે પૂછ્યું, 'કાકા, કેરીની બાધા છે?' એમણે કહ્યું, 'ના, પણ કેરી ખાવી નથી.' 'કેમ?' તો કહ્યું 'પછી વાત!' અમે પાંચમી વાનગી તરીકે બીજી કોઈ વાનગી આપવાનું કહ્યું તો તે માટે પણ અમને ના પાડી. કાકાએ રસ લીધો નહિ એટલે અમે રસની વાટકી બહાર મૂકતાં હતાં તો અમને આગ્રહપૂર્વક અટકાવ્યાં.

જમ્યા પછી અમે કાકાને કારણ પૂછ્યું તો એમણે કહ્યું, 'મોટાં શહેરોમાં બધે કેરી ચાલુ થઈ ગઈ છે, પણ અમારા ગામડાઓમાં ગરીબ લોકોને ત્યાં હજુ ચાલુ નથી થઈ. કેરી થોડા દિવસમાં સસ્તી

થશે અને એમને ત્યાં ચાલુ થશે, પછી હું કેરી ખાઈશ.' કાકાની ગરીબો માટે કેટલી બધી સહાનુભૂતિ છે એનો ત્યારે ખ્યાલ આવ્યો.

ગાંધીજીની જેમ વ્યવહારમાં કરકસર કરવી એ દોશીકાકાનું પણ જીવનનું મુખ્ય લક્ષ. દરેક વિષયમાં કરકસરપૂર્વક વિચાર કરે. બે જોડ ખાદીનાં કપડાં આખું વર્ષ ચલાવે. ફાટે તો સાંધી લે. સાંધેલું કપડું પહેરવામાં શરમ નહિ . દોશીકાકા પાસે એક ગરમ કોટ છે. છેલ્લાં બાવીસ વર્ષથી અમે જોતા આવ્યા છીએ કે કાકાએ શિયાળામાં બહારગામ જવું હોય તો આ એક જ કોટ પહેર્યો હોય. કાકા કરકસર કરે, પણ મનથી દરિદ્રતા નહિ. જરૂર પડે, અનિવાર્ય હોય તો ગમે તેટલું મોટું ખર્ચ કરતાં અચકાય નહિ.

દોશીકાકા વૈશાખ મહિનામાં ઑફિસમાં બપોરે એક દિવસ કામ કરતા હતા અને ભયંકર ગરમી પડતી હતી. એ વખતે એક શ્રીમંત ભાઈ પોતાની એ.સી. કારમાંથી ઊતરીને કાકાને મળવા આવ્યા. એમનાથી ગરમી સહન થતી નહોતી. એમણે કહ્યું, 'કાકા. આવી ગરમીમાં તમે કેવી રીતે કામ કરી શકો છો?' કાકાએ કહ્યું, 'હું ગરમીથી ટેવાઈ ગયો છું.' પેલા શ્રીમંતે કહ્યું, 'કાકા, ઑફિસમાં મારા ખર્ચે એ.સી. નંખાવી આપું છું. એના વીજળીના બિલની જવાબદારી પણ મારી.' કાકાએ કહ્યું, 'ભાઈ, તમારી દરખાસ્ત માટે આભાર. પણ એ.સી.વાળી ઑફિસ મને ન શોભે.'

નેત્રયજ્ઞની સભાઓમાં કાકા ઘણી વાર કહેતા કે આવા યજ્ઞનું આયોજન ત્રણ નારાયણ એકત્ર થાય ત્યારે થાય. દર્દીઓ તે દરિદ્રનારાયણ, દાક્તરો અને બીજા કાર્યકર્તાઓ એ સેવાનારાયણ અને યજ્ઞ માટે દાન આપનાર, તે લક્ષ્મીનારાયણ. કાકાના વક્તવ્યમાં આ ત્રણ નારાયણ તો હોય જ, પણ કોઈ વાર પ્રસંગાનુસાર કાકા બીજા એકબે નારાયણ જોડી દેતા. કોઈ વાર લક્ષ્મીની વાત નીકળે તો કહેતા કે લક્ષ્મી ત્રણ પ્રકારની છે, શુભ લક્ષ્મી, અશુભ લક્ષ્મી અને મહાલક્ષ્મી. પાપ કરીને, છેતરપિંડી કરીને જે ધન કમાય તે અશુભ લક્ષ્મી. પ્રમાણિકપણે જે કમાણી થાય તે શુભ લક્ષ્મી. અને લોકસેવાના કાર્યો જે કરે તેની લક્ષ્મી તે મહાલક્ષ્મી. અશુભ અને શુભ લક્ષ્મી અવશ્ય નાશ પામે. મહાલક્ષ્મી તો ક્યારેય નાશ ન પામે. તે ભવાંતરમાં પણ સાથે આવે.

જ્યાં નેત્રયજ્ઞ હોય ત્યાં કાકા સ્થાનિક કાર્યકર્તાઓને એક નાનકડી સભા યોજવાનું કહે. દર્દી અને એમના બરદાસીઓ તથા ડૉક્ટરો, કાર્યકર્તાઓ, સ્થાનિક લોકો એ અમારો શ્રોતાગણ. અડધો કલાક કાર્યક્રમ ચાલે. અમારામાંના કોઈક કાર્યકર્તાઓને આ સભાઓ દ્વારા જાહેરમાં બોલવાનો મહાવરો થયો હતો. એક વખત એક સભ્યને બોલતાં બીજું કંઈ આવડ્યું નહિ તો એમણે દોશીકાકાના ત્રણ નારાયણની જ વાત કરી. એટલે દોશીકાકાને તે દિવસે બીજો વિષય લેવો પડ્યો હતો. દરેક નેત્રયજ્ઞમાં સભા પછી ભોજનનું નિમંત્રણ સ્થાનિક કાર્યકર્તાઓ તરફથી હોય જ.

આરંભના વર્ષોમાં નેત્રયજ્ઞમાં ૭૦૦–૮૦૦ દર્દીઓ આવતા. કાકાની સુવાસ એવી કે દર્દીઓને જમાડવા માટે અનાજ વગેરે સામગ્રી ગામના શ્રેષ્ઠીઓ તરફથી મળતી. બળતણ માટે લાકડું દરેક ઘરેથી એક એક આવે. એટલે કશી મુશ્કેલી ન રહે. કાકામાં કુશળ વહીવટી શક્તિ અને સૂઝ છે. નેત્રયજ્ઞ એટલે આખા ગામનો ઉત્સવ. કાકા સવારના પાંચ વાગ્યાથી રાતના બાર સુધી કામ કરે. કોઈક વખત તો તેઓ એક દિવસમાં ૧૨૫થી વધુ ઑપરેશન કરે, છતાં થાકનું નામ નહિ.

પહેલાં સરકારી નિયમ એવો હતો કે જે નેત્રયજ્ઞમાં સો કે તેથી વધુ દર્દીઓ થયા હોય તો તે નેત્રયજ્ઞ માટે સરકાર સહાય કરે. એક વખત એક નેત્રયજ્ઞમાં બધું મળીને નવ્વાણું દર્દીઓ થયા. કાર્યકર્તાઓએ કહ્યું, 'કાકા, કોઈ એક માણસની આંખ જોઈને પછી એનું નામું–સરનામું ચોપડામાં લખી દઈએ તો સો દર્દી થઈ જાય અને આપણને સરકારી ગ્રાન્ટ મળે.'

પરંતુ કાકાએ કહ્યું, એવી રીતે ખોટું આપણાથી ન કરાય.' કાર્યકર્તાઓનો આગ્રહ છતાં કાકા મક્કમ રહ્યા હતા.

મહીકાંઠાના હરિલાલભાઈ બે આંખે વર્ષોથી સદંતર અંધ હતા. એક વખત સાણંદની કૉલેજના સેવાભાવી પ્રોફેસર ડૉ. ભાનુપ્રસાદ ચોકસી એમને કાકા પાસે લઈ આવ્યા. કાકાએ કહ્યું કે કદાચ ઑપરેશનથી પચીસેક ટકા તેજ આવે. એ રીતે ઑપરેશન થયું અને હરિલાલભાઈ થોડુંક દેખતા થયા. તેઓને જાણે કે નવી જિંદગી મળી. દોશીકાકાની તેઓ રોજ સાંજે એક માળા-'દેશીકાકા, દોશીકાકા' એ નામની માળા–જપતા.

એક વખત અમારો નેત્રયજ્ઞ પંચમહાલમાં દેવગઢ બારિયા પાસે સાગતાળા નામના ગામમાં હતો. જંગલ વિસ્તાર પાસે આવેલું આ ગામ છે. અમારો ઉતારો જંગલ વિભાગના ગેસ્ટ હાઉસમાં હતો.

નેત્રયજ્ઞ પછી બીજે દિવસે અમે અલિરાજપુર પાસે મધ્યપ્રદેશમાં આવેલા લક્ષ્મણી તીર્થની જાત્રાએ ગયા. કાકાએ આ તીર્થ જોયું નહોતું. અમારામાંના બીજા પણ ઘણાખરા પહેલી વાર આવતા હતા. આખો રસ્તો ખરબચડો. અમે પહોંચી, પૂજા કરી, ભોજન અને આરામ કરી પાછા આવવા નીકળ્યાં. પણ ત્યાં તો રસ્તામાં ધોધમાર વરસાદ ચાલુ થયો. અંધારું થઈ ગયું હતું. એંસી કિલોમીટરનો રસ્તો વટાવતાં ઘણી વાર લાગી. રસ્તામાં થાકેલા હોવાથી કોઈ ઝોલાં ખાતા તો કોઈ વાતો કરતા. એક કલાક પછી કાકાએ ગીત ઉપાડ્યું:

'આંખો પવિત્ર રાખ, સાચું તું બોલ,
ઈશ્વર દેખાશે તને પ્રેમળનો કોલ,
સત્ય એ જ પરમેશ્વર, બાપુનો બોલ
તારામાં ઈશ્વર છે કે નહિ ખોળ.'

બધાંએ કાકાનું ગીત ઝીલ્યું. પાંચ કલાક પછી અમે સાગતાળા

આવ્યા. બીજે દિવસે કાકાએ કહ્યું, 'તમને ખબર છે, કાલે આપણે કેટલું જોખમ ખેડ્યું? આ ભીલ વિસ્તાર છે. રાતના કોઈ વાહન આવે તો ભીલો જરૂર લૂંટી લે. મને થયું કે હેમખેમ પાછા પહોંચી જઈએ તો સારું. આખે રસ્તે હું મનમાં ભક્તામર સ્તોત્ર બોલતો રહ્યો હતો. વચ્ચે 'આંખો પવિત્ર રાખ'નું ગીત ઝિલાવ્યું કે જેથી તમને ડરનો વિચાર ન આવે.'

એક વખત અમારા સંઘ તરફથી ઠાસરામાં નેત્રયજ્ઞ હતો. પચાસ જેટલા દર્દીઓનાં ઑપરેશન હતાં. અમે મુંબઈથી સંઘના સાતેક સભ્યો ચિખોદરા પહોંચ્યા. ઑગસ્ટ મહિનો હતો અને વરસાદના દિવસો હતા. ચિખોદરામાં સ્નાનાદિ વગેરેથી પરવારી, અમે જીપમાં બેઠા ત્યારે કાકાએ કહ્યું કે કાલે રાતના બહુ વરસાદ પડ્યો છે અને જોરદાર પવન ફૂંકાયો છે એટલે દર્દીઓ ઓછા આવશે એવો સંભવ છે. અમે ઠાકરા નેત્રયજ્ઞના સ્થાને પહોંચી ગયા. ઑપરેશન માટે દાક્તરો આવી ગયા હતા. ખાટલા પથરાઈ ગયા હતા. ઑપરેશન થિયેટર તૈયાર થઈ ગયું હતું. પરંતુ નવ વાગ્યા તો પણ કોઈ દર્દી આવ્યો નહોતો. રાહ જોવાતી ગઈ, સમય પસાર થતો ગયો. એમ કરતાં અગિયાર વાગ્યા તો પણ કોઈ દર્દી આવ્યા નહિ. અમે બધા બેસીને માંહોમાંહે ગપાટા મારતા રહ્યા. અમારા માટે ભોજનની વ્યવસ્થા ત્યાં જ થઈ હતી એટલે બાર વાગે જમવા બેઠા. સાડા બાર સુધી કોઈ દર્દી ન આવ્યો એટલે એક વાગે નેત્રયજ્ઞ બંધ જાહેર કરવામાં આવ્યો. કાકાએ કહ્યું, અત્યાર સુધી આટલા બધા નેત્રયજ્ઞો કર્યા, પણ દર્દી વગરનો આ પહેલો થયો, તેનું કારણ ધોધમાર વરસાદ અને વાવાઝોડું છે.

દોશીકાકા અને ભાનુબહેન એક વખત અમેરિકા જવાનાં હતાં ત્યારે અમારા યુવક સંઘ તરફથી અમે વિદાયમાનનો કાર્યક્રમ યોજ્યો હતો. આટલી મોટી ઉંમરે તમને ફાવશે કે કેમ એમ અમે પૂછ્યું ત્યારે કાકાએ કહ્યું હતું કે 'મારા ભત્રીજાઓ ત્યાં રહે છે અને એરપૉર્ટથી એરપૉર્ટ અમને એટલા બધા સાચવે છે કે અમને જરાય તકલીફ પડતી નથી.' આ ભત્રીજાઓ નાના હતા ત્યારે કાકાએ અને ભાનુબહેને પોતાને ઘરે રાખીને સાચવ્યા હતા અને તૈયાર કર્યા હતા. આ અમેરિકા જવાના પ્રસંગે મારા ધર્મપત્ની તારાબહેને કાકાને ખાદીની ગરમ શાલ ભેટ આપી તે કાકાએ કહ્યું કે 'મારી પાસે એક શાલ છે અને એકથી વધારે ન રાખવાનો મારો નિયમ છે. એટલે તમારી શાલ હું તો જ સ્વીકારું કે મને જ્યારે યોગ્ય લાગે ત્યારે કોઈ યોગ્ય વ્યક્તિને હું આપી દઉં, એ માટે તમારી મંજૂરી હોય તો જ લઉં.' આ શરત અમે મંજૂર રાખીને અમે કાકાને શાલ ભેટ આપી.

દોશીકાકા અને એમના ધર્મપત્ની ભાનુબહેન અમેરિકા ત્રણેક વાર ગયા છે. તેમના ભત્રીજાઓને ત્યાં રહે છે. કાકા જાય ત્યારે હૉસ્પિટલ માટે કંઈક ફંડ લઈને આવે. છેલ્લે ગયા ત્યારે કાકાની ઉંમર ૮૭ અને ભાનુબહેનની ૮૩, વૃદ્ધવસ્થાને લીધે કોઈ પણ તેમને અમેરિકા જવાની સલાહ ન આપે. પણ તેઓ બંને મનથી દૃઢ હતાં. વળી આરોગ્યમાં કોઈ ખામી નહોતી. ભાનુબહેનનું શરીર ભારે, પણ તેઓ કહે, 'અમારે તો બધા જ એરપૉર્ટ પર વ્હીલચેર મળવાની છે.' અમેરિકા જતા હતા ત્યારે ભાનુબહેને કાકાને કહ્યું, 'તમારા ચંપલ ઘણા ઘસાઈ ગયા છે. અમેરિકામાં તૂટશે તો બહુ મુશ્કેલી થશે. માટે તમે નવી જોડ લઈ લો.'

પણ કાકા જૂના ચંપલ પહેરીને જવામાં મક્કમ હતા. તેમનો નિયમ હતો કે એક ચંપલ ઘસાઈને તૂટી જાય ત્યારે જ નવાં ચંપલ ખરીદવાં. એટલે કાકાએ કહ્યું, 'ચંપલ તૂટી જશે તો ત્યાં ઉઘાડા પગે ચાલીશ. નહિ વાંધો આવે. બધે ગાડીમાં ફરવાનું છે. વળી ત્યાંનો ઉનાળો છે.' દોશીકાકામાં આત્મવિશ્વાસ ઘણો. પાછા ફર્યા ત્યાં સુધી ચંપલને વાંધો આવ્યો નહિ. આવ્યા પછી જૂનાં ચંપલ ઘસાઈ ગયાં ત્યારે નવા ચંપલ લીધાં.

એક વખત અમે નેત્રયજ્ઞ પછી એક તીર્થની યાત્રાએ ગયા હતા. રાતનો મુકામ હતો. થાકેલા હતા એટલે હું અને દોશીકાકા સૂઈ ગયા અને મિત્રને પરવારતાં થોડી વાર હતી. સવારે વહેલા ઊઠી, સ્નાનાદિથી પરવારીને અમે તૈયાર થયા. બહાર જતાં દોશીકાકાએ કહ્યું, 'મારાં ચંપલ ક્યાં ગયાં?' તો મિત્રે તરત એમના ચંપલ બતાવ્યાં. કાકાએ કહ્યું, 'આ મારા ચંપલ નથી.' મિત્રે ફોડ પાડતાં કહ્યું, 'કાકા, રાતના મારા બૂટ પાલીશ કરતો હતો ત્યાં પછી વિચાર આવ્યો કે તમારા બંનેનાં ચંપલને પણ પાલિશ કરી લઉં.'

કાકાએ કહ્યું, 'મને પૂછ્યા વગર તમે મારા ચંપલને પાલિશ કર્યું તે બરાબર ન કહેવાય. પાલિશવાળા ચંપલ મને શોભે નહિ. હવે પાલિશ કાઢી નાખો.' મિત્રે લૂગડા વડે પાલિશ કાઢવા પ્રયત્ન કર્યો, પણ પાલિશ બહુ ઓછી થઈ નહિ. ત્યાં બહાર જઈ કાકા મૂઠી ધૂળ ભરીને લાવ્યા અને ચંપલ પર નાખી. એટલે ચંપલ કંઈક બરાબર થયા.

અપંગ કન્યાઓ માટે ગુજરાતમાં કલોલ પાસે આવેલી સંસ્થા 'મંથન'ને માટે અમે પર્યુષણ પર્વ દરમિયાન સહાય માટે શ્રોતાઓને અપીલ કરી હતી અને એકત્ર થયેલ રકમ સંસ્થાને અર્પણ કરવાનો કાર્યક્રમ અમે ગોઠવ્યો હતો. એ માટે કાકાને પણ પધારવાનું નિમંત્રણ અમે આપ્યું હતું. કાકાએ 'મંથન' સંસ્થા જોઈ નહોતી અને ક્યાંથી જવાય એ તેઓ જાણતા નહોતા. એટલે અમે એમને અમદાવાદથી અમારી સાથે બસમાં જોડાઈ જવા કહ્યું હતું. અમદાવાદ સ્ટેશને 'ઈન્કવાયરી'ની બારી પાસે તેઓ ઊભા રહેવાના હતા. પરંતુ તે દિવસે ટ્રેનમાં અમારો ડબ્બો ઘણો આગળ આવ્યો એટલે અમે બધા પાર્સલના ફાટકમાંથી નીકળ્યા કે જેથી તરત સામે બસ પાસે પહોંચાય. સવારની ઉતાવળમાં અમે જે ભાઈને કાકાને લઈને આવવાનું સોંપ્યું હતું તે ભૂલી ગયા અને બીજા પણ ભૂલી ગયા.

અમે શેરિસા પહોંચ્યા ત્યારે ખબર પડી કે કાકાને લેવાનું રહી ગયું છે. શેરિસા સ્નાનપૂજા કરી અમે મંથનમાં પહોંચ્યા તો કાકા ત્યાં આવીને બેઠા હતા. અમે કાકાની માફી માગી, પણ તેમની વાણીમાં જરા પણ ઠપકો નહોતો. એમણે હસતાં કહ્યું, 'તમે ભૂલી ગયા તે સારું થયું. એટલે તમારા કરતાં હું વહેલો અહીં આવી ગયો.' પછી કાકાએ કહ્યું કે 'બધા પૅસેન્જરો નીકળી ગયા અને કોઈ મારી પાસે આવ્યું નહિ એટલે થયું કે તમે નીકળી ગયા હશો. પછી નિમંત્રણ પત્રિકા જોઈ અને એમાંના એક સભ્યને ફોન કર્યો. તેઓ હજુ નીકળ્યા નહોતા. એટલે એમના ઘરે પહોંચી એમની સાથે ગાડીમાં અહીં આવી ગયો છું.' અમારી ભૂલ માટે એમણે હસતાં કહ્યું, 'તમે ભૂલી ગયા તે સારું થયું. મને ગાડીમાં તમારા કરતાં વહેલા આવવા મળ્યું.'

સાયલાના શ્રી રાજસોભાગ આશ્રમમાં મુંબઈની રત્નવિધિ ટ્રસ્ટ નામની સંસ્થા દ્વારા વિકલાંગો માટે એક કૅમ્પનું આયોજન થયું હતું. એમાં દોશીકાકાને પણ નિમંત્રણ આપ્યું. સામાન્ય રીતે મંચ પર બેસવાનું દોશીકાકા ટાળે અને આગળની હારમાં બેસવાનું પણ ટાળે. દોશીકાકા થોડા પાછળ બેઠા હતા. આગળ આવવાનો આગ્રહ કર્યો ત્યારે કહ્યું કે તેઓ નિશ્ચિત સમયે નીકળીને ચિખોદરા પહોંચવા ઈચ્છે છે. સાયલાથી અમદાવાદ બસમાં અને અમદાવાદથી બસ બદલીને તેઓ સાણંદ જવાના હતા. સભામાં એક સજ્જન પધાર્યા હતા, તેઓ કાર્યક્રમ પછી પોતાની ગાડીમાં આણંદ જવાના હતા. એટલે મેં તેમની સાથે ગાડીમાં જવાનું સૂચન કર્યું. પરંતુ દોશીકાકાએ કહ્યું મને એમ કોઈની ગાડીમાં જવાનું નહિ ફાવે. કોઈને મોડું-વહેલું થાય. બસ તરત મળી જાય છે એટલે મારે મોડું નહિ થાય.' અમે બહુ આગ્રહ કર્યો ત્યારે કહ્યું, 'ભલે જોઈશું.' પરંતુ કાર્યક્રમ પૂરો થયો ત્યારે દોશીકાકા તો નીકળી ગયા હતા. દોશીકાકાને શ્રીમંતો પ્રત્યે એલર્જી છે એવું નથી, પણ તેમને આમજનતા વચ્ચે આમજનતાના થઈને, જાણે કે કોઈ પોતાને ઓળખતું નથી એવા થઈને રહેવું ગમે છે. એમના વિગલિત થયેલા માનકષાયનું આ પરિણામ છે.

એક વખત અમારે આગલોડ અને મહુડીની યાત્રાએ જવું હતું. કાકા કહે 'અમારી જીપ લઈ જાવ.' અમે કહ્યું, 'પણ કાકા તમારે ગાંધીનગર જવું છે તો તમે જ જીપ લઈ જાવ, અમે બીજી વ્યવસ્થા કરી લઈશું.' કાકા કહે, 'એમ કરો, મારું કામ પતાવી હું મહુડી આવીશ અને વળતાં તમારી સાથે પાછો આવી જઈશ.'

કાર્યક્રમની વિગતો નક્કી થઈ. મહુડી પહોંચવાનો અમારો સમય પણ નક્કી થયો. પરંતુ ચિખોદરાથી નીકળ્યા પછી તરત અમારામાંના એક મિત્રે બીજું પણ એક સ્થળ સમાવી લેવાનો આગ્રહ કર્યો. અને ચિખોદરાથી પહેલાં એ સ્થળે જવું અને પછી જ આગલોડ અને મહુડી જવું. પણ એ સ્થળનો રસ્તો લાંબો હતો. એટલે એમ કરતાં અમારી બસ સાંજના સાત વાગે મહુડી પહોંચી. પહોંચતાં જ ત્યાંના એક કર્મચારીભાઈએ કહ્યું, 'દોશીકાકા તો તમારી બે કલાક રાહ જોઈને બસમાં ચિખોદરા ગયા.'

આ સાંભળીને અમને બહુ અફસોસ થયો. જેમની જીપ છે તે બસમાં જાય! અમારે એમની જીપમાં જવાનું? વળી એમને બે કલાક રાહ જોવી પડી.

ચિખોદરા અમે પહોંચ્યા તો કાકાએ પૂછ્યું, 'કેમ મોડું થયું?' અમે એમની ક્ષમા માગી પણ એમણે એ વાતને સહજ ગણી, જરા પણ ચિડાયા નહિ કે ન ઠપકો આપ્યો, બલકે તેઓ હસતાં હસતાં અમારી સરભરામાં લાગી ગયા. દોશીકાકાની સમતાનું ત્યારે દર્શન થયું.

દોશીકાકાની ભોજનની પ્રવૃત્તિ અત્યંત શાંત અને સંયમિત. સવારે તેઓ ચાર કે પાંચ વાનગી લે. આખા દિવસમાં આઠ વાનગી લે. જરૂર પડ્યે દાળ અને શાકનું મિશ્રણ કરે. પછી આખો દિવસ વચમાં કશું ન લે. ચોવિહાર કરે અને તેમાં ફક્ત ત્રણ વાનગી લે. પ્રવાસમાં અમે હોઈએ અને સાંજ પડવા આવે પણ પોતે કશું બોલે નહિ. ડ્રાઈવર યાદ રાખે. સૂકી ત્રણ વાનગીઓનો ભાનુબહેને ડબ્બો બાંધી આપ્યો હોય તો તે આપે. ચાલુ પ્રવાસે જ તેઓ આહાર લે. એ માટે ગાડી થોભાવે નહિ. કોઈ વખત વેળાસર હૉસ્પિટલમાં પહોંચી જવાની ધારણા હોય એટલે ભાનુબહેને કશું બંધાવ્યું ન હોય, પણ મોડું થાય તો ડ્રાઈવર કહે કે ભાનુબહેને કશું આપ્યું નથી. પછી પોતે જ રસ્તામાં કોઈ કેળાંની લારી ઉભી હોય તો કેળાં લાવે. તેમાંથી દોશીકાકા એક અથવા બે લે. કોઈ વાર રસ્તામાં કેળા ન મળે તો કાકા ભૂખ્યા રહે, પણ કોઈને કહે નહિ, કોઈની ભૂલ ન કાઢે કે કોઈને ટોકે નહિ. મહેમાનોનું પ્રેમભર્યું સ્વાગત કરવું, તેમને અતિથિગૃહમાં ઉતારો આપી તેમનાં ભોજનાદિની સગવડ કરવી, તેમની સેવામાં કર્મચારીઓને જુદાં જુદાં કામ સોંપવાં, ગાડીમાં બેસાડીને તેઓને આસપાસ ફેરવવા ઈત્યાદિ પ્રવૃત્તિઓમાં દોશી-દંપતીના ઉત્સાહની આપણને પ્રતીતિ થાય. કાકા અને ભાનુબહેન અતિથિગૃહમાં આવી બધી વસ્તુનું બરાબર ધ્યાન રાખે. કોઈ દિવસ એવો ન હોય કે માત્ર કાકા અને ભાનુબહેન- એમ બે જણે સાથે ભોજન લીધું હોય. અતિથિ બારે માસ હોય અને તેમને ઉત્સાહથી જમાડે. મહેમાન વગર ખાવાનું ન ભાવે. ચિખોદરાની હૉસ્પિટલને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળેલી છે એટલે દેશવિદેશથી મુલાકાતે આવનાર મહેમાનોની અવરજવર આખું વર્ષ રહે, છતાં નહિ થાક કે નહિ કચવાટનું નામનિશાન. તેઓ કામ કરવામાં ચોક્કસ, પણ નોકરચાકરની કંઈ ભૂલ થઈ હોય છતાં દોશી-દંપતીએ ક્યારેય ગુસ્સો કર્યો હોય, બરાડા પાડ્યા હોય એવું ક્યારેય ન બને. સમતાનો ગુણ તેમના જીવનમાં વણાઈ ગયો છે.

શ્રી આર. કે. દેસાઈએ એમના જીવનવૃત્તાંતમાં લખ્યું છેઃ 'દોશીકાકામાં ક્રોધ કરમાઈ ગયો છે, ગુસ્સો ગાયબ થઈ ગયો છે. બધાં કામ પ્રેમથી જ કરવાનાં. અધરાત-મધરાત ગમે ત્યારે ગમે તે કામ માટે એમને મળી શકાય. તેની સમક્ષ કોઈ ગુસ્સો લઈને આવ્યું તો તરત જ આવનાર વ્યક્તિ બરફ બની જતો. ભયંકર ગણાતી ક્ષતિને પણ માફ જ કરવાની વૃત્તિ. સૌ સાથે પ્રેમભાવનો ધોધ જ વહેતો જણાશે. કોઈના પ્રત્યે શત્રુતા નથી, વેર નથી કે કડવાશ નથી. શિથિલતા દર્શાવનાર વ્યક્તિઓ પ્રત્યે આકરા થવાની વૃત્તિ નથી. નરી શીતળતા, ચંદ્રથી પણ વિશેષ શીતળતા. સૌનું વિશ્રામસ્થાન એટલે દોશીકાકા; થાક્યાપાક્યાનું એ વિશ્રામસ્થાન છે. એમને મળતાંની સાથે જ બોજ હળવો બને છે. તેઓ આબાલવૃદ્ધ સૌના વાત્સલ્યમૂર્તિ છે. તેઓ ઘેઘૂર વટવૃક્ષ સમી શીતળ છાયા પ્રદાન કરનાર છે.

દોશીકાકા એટલે ગાંધીયુગના છેલ્લા અવશેષોમાંના એક. એમની કેટલીક વાતો, ભવિષ્યમાં લોકો જલદી માનશે નહિ. જેમની પાસે પોતાની માલિકીનું ઘર નથી, મિલકત નથી, બેંકમાં ખાતું નથી એવા આ લોકસેવકે ભરયુવાનીમાં રવિશંકરદાદાના પ્રભાવ હેઠળ આવી સેવાનો ભેખ લીધો. તેઓ સાચા વૈષ્ણવજન છે, સાચા શ્રાવક છે. એમને ગીતાની પરિભાષામાં કર્મયોગી તરીકે ઓળખાવવા તે યોગ્ય જ છે.

ભાનુબહેન અને દોશીકાકા પાસે અમે હોઈએ તો જાણે માતા-પિતા પાસે હોઈએ એવું અપાર વાત્સલ્ય અનુભવ્યું છે. જાણે કે જન્માન્તરનો સંબંધ ન હોય!

પૂ. ડૉ. દોશીકાકા અને મુ. ભાનુબહેનને ભાવપૂર્વક વંદન કરું છું અને એમના શતાયુ માટે પ્રાર્થના કરું છું.

❑ **ડૉ. રમણલાલ શાહ**

(૧૬, જૂન ૨૦૦૫ના અંકમાં તેમ જ 'વંદનીય હૃદયસ્પર્શ' (૨૦૦૭) પુસ્તકમાં પ્રકાશિત લખનું પ્રસંગોચિત પુનઃ પ્રકાશન)

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યોને કરેલી વિનંતિનો ઉષ્માભર્યો પ્રતિભાવ

'પ્રબુદ્ધ જીવન'ના ઑગસ્ટ અંકમાં ૩૪ મે પાને વર્તમાનમાં આજીવન સભ્યપદની ફી રૂા. ૫,૦૦૦/- છે અને વર્ષો પહેલાં થયેલા સભ્યોને વર્તમાન પ્રમાણે પૂરક રકમ મોકલવા અમે વિનંતિ કરી હતી, એનો અમને ઉષ્માભર્યો પ્રતિભાવ મળ્યો છે અને પરિણામે નીચે મુજબના માનવંતા સભ્યોએ અમને પૂરક રકમ મોકલી આપી છે એ સર્વેનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

| નામ | રૂપિયા | નામ | રૂપિયા |
|---|---|---|---|
| તરૂલતાબેન બિપિનભાઈ શાહ | ૨૫૦૦ | સુરેખાબેન એમ. શાહ | ૨૫૦૧ |
| અનંતભાઈ ખેતાણી | ૨૫૦૧ | ભારતી ઉપેન્દ્ર શાહ | ૫૦૦ |
| ભરતકુમાર મેઘજીભાઈ મામણિયા | ૨૫૦૦ | ખીમજી શીવજી શાહ | ૪૨૫૦ |
| હંસાબેન ડી. શાહ | ૨૫૦૦ | કચરાલાલ ચુનીલાલ શાહ (કે. સી. શાહ) | ૨૫૦૦ |
| નેમચંદ હીરજી છેડા | ૫૦૦૦ | મનીષ મહેતા | ૫૦૦૦ |
| મીતાબેન ગાંધી | ૨૫૦૧ | બિપીન નેમચંદ શાહ | ૫૦૦૦ |
| મનસુખલાલ કે. કામદાર | ૨૫૦૦ | હીના એસ. શાહ | ૫૦૦૦ |
| પરાગ બી. ઝવેરી | ૫૦૦૧ | નવીનચંદ્ર રતિલાલ શાહ | ૫૦૦૦ |
| પ્રકાશ ડી. શાહ | ૨૫૦૦ | મહેશ કાંતિલાલ શાહ | ૫૦૦૦ |
| ભરત કાંતિલાલ શાહ | ૫૦૦૦ | રેશ્માબેન બિપિનચંદ જૈન | ૫૦૦૦ |
| પ્રવિણાબેન અશ્વિન મહેતા | ૨૫૦૦ | મનીષ ધીરજલાલ અજમેરા | ૫૦૦૦ |
| હસમુખ એમ. શાહ | ૨૫૦૦ | વિજય ડી. અજમેરા | ૫૦૦૦ |
| યતિન કે. ઝવેરી | ૪૫૦૦ | પ્રકાશભાઈ જી. ઝવેરી | ૫૦૦૦ |
| ધીરજલાલ કે. કાપડિયા | ૨૫૦૦ | રમણિક ઝવેરી U.S.A. | ૫૦૦૦ |
| ડૉ. સ્નેહલ સંઘવી | ૨૧૦૦ | સવિતા શાન્તિ શાહ U.K. | ૫૦૦૦ |
| અશોક ડી. દોશી | ૪૭૫૦ | | ૧,૨૦,૬૦૪ |

જે મહાનુભાવ સભ્યોએ હજી સુધી પૂરક રકમ ન મોકલી હોય એ સર્વેને અમે પૂરક રકમ મોકલવા વિનંતિ કરીએ છીએ. શક્ય છે કે આપ ક્યારે આજીવન સભ્ય બન્યા હતા એની વિગત આપની પાસે ન હોય તો આપ સંઘની ઑફિસમાં ફોન (ફોન નંબર-૨૩૮૨૦૨૯૬) કરી આપનું નામ વગેરે જણાવી અમારા રેકોર્ડમાંથી વિગત પ્રાપ્ત કરી શકશો.

પ્રત્યેક મહિને 'પ્રબુદ્ધ જીવન' આપને અર્પણ થતું રહેશે જ. આપની જ્ઞાન જિજ્ઞાસા અને અનુમોદનાને અમારા અભિનંદન.

–મેનેજર

# સેવા અને સમર્પણની જંગમ વિદ્યાપીઠ : રવિશંકર મહારાજ

**❑ શાંતિલાલ ગઢિયા**

*(પૂ. રવિશંકર મહારાજની ૧૨૫મી જન્મ જયંતી પ્રસંગે પ્ર.જી.ની આ ભાવાંજલિ. પૂજ્ય રવિશંકર મહારાજ જેવા સેવાભાવી સંતો ભારતની ધરતી ઉપર જન્મ ધારણ કરતા રહે તો ભારતનું ભાવિ ઉજ્જ્વળું જ ઉજ્જ્વળું છે.)*

'જો ઈશ્વર અદલાબદલી કરવા દે અને તમે ઉદાર થઈ જાવ તો જરૂર તમારી સાથે અદલાબદલી કરું.'–આ શબ્દો છે ગાંધીજીએ રવિશંકર મહારાજને ઉદ્દેશીને લખેલા પત્રના.

સ્વામી આનંદ (૧૮૮૭–૧૯૭૬) મનની વાત અહોભાવથી કહેતાં એક જગાએ લખે છેઃ 'હું તો રોજ સવાર–સાંજ માળા–પ્રાર્થના વખતે पुण्यश्लोको नलो राजा पुण्यश्लोको युधिष्ठिरः સાથે જ પૂજ્ય રવિશંકર મહારાજનું નામ પણ આધુનિક પુણ્યશ્લોકોમાં આજે વરસોથી લઉં છું. શ્લોક શબ્દ જોડે છૂટ લઈને કહું તો પુણ્યશ્લોક એટલે પુણ્યનો પહાડ.'

કેવો હશે એ મૂઠી ઊંચેરો માનવ કે જેની ખુદ ગાંધીજી મીઠી ઈર્ષ્યા કરે અને સ્વામી આનંદ ઈશ–પ્રાર્થનામાં જેની વિભુતાનો ગુણાનુવાદ કરે! ગુજરાતના ખેડા જિલ્લામાં માતર તાલુકો છે. ત્યાંનું રઢુ ગામ રવિશંકરનું જન્મસ્થળ. મહેમદાવાદ તાલુકાનું સરસવણી ગામ એમનું વતન. તા. ૨૪–૨–૧૮૮૪, સં. ૧૯૪૦ મહાશિવરાત્રીના દિવસે માતા નાથીબાની કૂખે રવિશંકર શિવરામ વ્યાસનો જન્મ થયો. આગળ જતાં તેઓ રવિશંકર મહારાજ કહેવાયા. નાથીબા અભણ હતાં, પણ એમના ધર્મસંસ્કાર ઊંડા હતા. રવિશંકરને આ સંસ્કાર વારસામાં મળ્યા હતા. પિતાજી શિવરામ શિક્ષક હતા. તેઓ સારી ટેવોની કેળવણી પર ભાર મૂકતા. રવિશંકરનું જીવન ઉત્તમ બને તેની તેઓ કાળજી રાખતા. શિવરામ શિસ્તના આગ્રહી છતાં વિદ્યાર્થીવત્સલ હતા. તેમને સાધુસંન્યાસીનો સત્સંગ ગમતો. કોઈ પણ અઘરું કામ કષ્ટદાયક ન લાગે એ રીતે કરવાની તાલીમ રવિશંકરને પિતાજી પાસેથી મળી હતી.

રવિશંકર ૧૯ વર્ષના હતા અને પિતાજી પ્લેગના રોગથી અવસાન પામ્યા. ચારેક વર્ષ પછી માતુશ્રીને પણ એ જ રોગ ગ્રસી ગયો. રવિશંકરનો અભ્યાસ ફક્ત પ્રાથમિક ૬ ધોરણ સુધીનો. 'હું તો ભઈલા, અભણ ગામડિયો છું', એમ તેઓ નમ્રતાથી કહેતા. જો કે એમની જીવનદૃષ્ટિ અને અનુભવજ્ઞાન ગહન હતા. રવિશંકરમાં ત્રણ મુખ્ય ગુણો હતાઃ સાહસ, નિર્ભયતા અને પીડિતો પ્રત્યે અનુકંપા. રમતો રમવી, વૃક્ષો પર કૂદાકૂદ કરવી, દૂર દૂર ખેતરોમાં રખડવું અને નદીમાં તરવું, એમની ગમતી પ્રવૃત્તિઓ હતી. રવિશંકર તરણવિદ્યાનો ઉપયોગ અન્યની પ્રાણરક્ષા માટે પણ કરતા. એક દિવસ સરસવણી ગામમાં રવિશંકર મિત્ર સાથે નદીએથી પાછા ફરતા હતા. એવામાં લોકોની બૂમ સાંભળી કે કોઈ માણસ પાણીમાં તણાયો છે. અમદાવાદથી આવેલો કોઈ સાધુ હતો. રવિશંકરે એ તરફ દોટ મૂકી. એક સ્ત્રીએ સોગંદ ખાઈને રવિશંકરને પાણીમાં ન પડવાની વિનંતી કરી. રખે ને રવિશંકર ડૂબી જાય! પણ રવિશંકર એમ કાંઈ માને? એમણે તો ઝંપલાવ્યું. સાધુને બોચીએથી પકડ્યો. મુશ્કેલીથી કિનારા તરફ આવતા હતા. રવિશંકર ખૂબ થાકી ગયા હતા. પાણીનો પ્રવાહ જોરમાં હતો. મિત્ર મદદે આવ્યો. બંનેએ મળીને સાધુને બહાર કાઢ્યો.

અંગ્રેજીમાં ઉક્તિ છેઃ Example is better than precept. અર્થાત્ ઉપદેશ આપવા કરતાં જાતે આચરણનો દાખલો બેસાડવો ઉત્તમ છે. રવિશંકરમાં આ સૂત્ર પૂર્ણપણે વણાયેલું જોવા મળે છે. એક દિવસ તેઓ અમદાવાદ રેલ્વે સ્ટેશન પર ટ્રેનની રાહ જોતા ઊભા હતા. તેમને બોરીઆવી જવું હતું. ટ્રેન આવવાની તૈયારી હતી અને એનાઉન્સમેન્ટ થઈ કે અમુક પ્લેટફોર્મને બદલે અમુક પ્લેટફોર્મ પર ટ્રેન આવશે. એક સ્ત્રી નાના બાળકને તેડીને હાંફળીફાંફળી દોડતી હતી. માથા પર સામાન હતો. દૂરથી એક માણસ મોટેથી બોલ્યો, 'અરે, આને કોઈ મદદ કરો!' રવિશંકર તરત જ સ્ત્રી પાસે ગયા, સામાન ઊંચકી લીધો અને નિયત પ્લેટફોર્મ પર લઈ જઈ ટ્રેનમાં બેસાડી. પછી રવિશંકરે પેલા માણસને પૂછ્યું, 'તમે બીજાને સૂચના આપી, પણ જાતે મદદ કરવા કેમ તૈયાર ન થયા?' ત્યારે પેલાનો જવાબ સાંભળી રવિશંકર દંગ થઈ ગયા. 'મારો ધર્મસંપ્રદાય કોઈ બાઈમાણસને અડવાની ના પાડે છે!'

રવિશંકરના લગ્ન ૨૧ વર્ષની ઉંમરે બોરસદ તાલુકાના નાપા ગામની કન્યા સૂરજબા સાથે થયા. સૂરજબાનું ભણતર નહિવત્. પ્રાથમિક બેએક ધોરણ સુધીનું. સ્વભાવે પરગજુ. રવિશંકરનો પરિવાર એટલું સ્પષ્ટપણે બતાવે છે કે વ્યક્તિની મહાનતાનો માપદંડ ઔપચારિક શિક્ષણ (Formal Education) નહિ, પણ જીવનલક્ષી કેળવણી છે. દંપતીને ચાર સંતાન–મેધાવ્રત, મહાલક્ષ્મી, વિષ્ણુ અને લલિતા.

રવિશંકર સરસવાણીની શાળામાં અભ્યાસ કરતા હતા તે ગાળામાં નાગરદાસ સાહેબની અસર તેમના પર ઘણી હતી. નાગરદાસ નિષ્ઠાવાન ને સૌજન્યશીલ શિક્ષક હતા. શાળા છોડ્યા બાદ રવિશંકરને છોટાલાલ કવિનો પરિચય થયો. કવિ આર્યસમાજી હતા. વીસ વર્ષના યુવાન રવિશંકર છોટાલાલના ધર્મજ્ઞાનથી આકર્ષાયા. મહર્ષિ દયાનંદ સરસ્વતી વિષે જાણ્યું. આર્યસમાજના ધર્મગ્રંથ 'સત્યાર્થ પ્રકાશ'થી પણ પ્રભાવિત થયા. રવિશંકર યજમાનવૃત્તિ કરતા. ખેતી પણ કરતા. હવે આ કામોમાંથી એમનો રસ ઓછો થવા લાગ્યો. બીજી બાજુ દેશમાં ચાલતી રાષ્ટ્રીય લડત તરફ તેમનું ધ્યાન ગયું અને અંતરમાં દેશપ્રેમની જ્યોત પ્રગટી. છોટાલાલ કવિ સાથે વડોદરા આવવાનું બન્યું ત્યારે કવિએ મોહનલાલ કામેશ્વર પંડ્યાનો પરિચય કરાવ્યો. પંડ્યાજીના સંપર્ક પછી રવિશંકરને ગાંધીજીના દર્શન કરવાની તાલાવેલી લાગી.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પરત આવ્યા બાદ અમદાવાદમાં

કોચરબ આશ્રમમાં સ્થાયી થયા હતા. અહીં રવિશંકરને પહેલી વખત ગાંધીજીના દર્શન થયાં. તેઓ મુગ્ધભાવે ગાંધીવાણીનું અમૃતપાન કરી ધન્ય બની ગયા. ગાંધીજીના વ્યક્તિત્વની એમના પર અદ્‌ભુત અસર થઈ. એ દિવસ હતો વિ. સં. ૧૯૭૨, કારતક સુદ ૧૫. પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રનો જન્મદિન. રવિશંકર છિપિયલ (તા. કપડવંજ)ના બે સાથીદારો સાથે અહીં આવ્યા હતા. એક રૂમમાં નાના બિછાના પર વિનોબા ભાવે (૧૮૯૫-૧૯૮૨) બેઠા હતા. તેમને ગાંધીજી માની ત્રણે જણા પગે લાગ્યા. કોઈ કશું બોલ્યું નહિ. એવામાં કેટલીક વ્યક્તિઓ વાત કરતી ત્યાં આવી. એમના બોલવા પરથી યુવા મિત્રોને ખ્યાલ આવ્યો કે આમાંના એક ગાંધીજી છે. રવિશંકર અને સાથીઓ શરમના માર્યા મૌન રહ્યા. ગાંધીજીને મળવા માટે ત્રણેક કલાક પ્રતીક્ષા કરવી પડી. ખાવાપીવાની ચિંતા છોડી ત્યાં જ બેસી રહ્યા. પછી રવિશંકરે ગાંધીજીને આશ્રમપ્રવેશના નિયમો, સ્વરાજ્યનો અર્થ વગેરે વિષે સવાલો પૂછ્યા. ગાંધીજીએ સભામાં જવાનો સમય થઈ ગયો હોઈ ટૂંકમાં જવાબો આપ્યા.

પ્રેમાભાઈ હૉલમાં યોજાયેલી ગાંધીજીની સભામાં રવિશંકર અને સાથીઓ પણ જોડાયા. સભાખંડમાં પુષ્કળ ઘોંઘાટ અને અવ્યવસ્થા હતા કવિ નાનાલાલ, કેશવ ધ્રુવ, પંડિત લાલન વગેરે વિદ્વાનો ત્યાં આવ્યા હતા. લોકો બૂમબરાડા પાડતા હતા. ભોળા રવિશંકરને આશ્ચર્ય થયું. એકદમ ગાંધીજી ટેબલ પર ઊભા થયા અને એમની ભાવવાહી વાણી વહેતી થઈઃ 'દિવ્યાત્મા શ્રીમદ્ જીનો જન્મદિન મનાવવા આપણે અહીં એકત્રિત થયા છીએ. પ્રસંગોચિત પ્રવચનના મારા બે બોલ સાંભળવા આપ સૌ ઈચ્છો છો, પરંતુ આવા શોરગુલમાં હું શું બોલું? છતાં આપ શાંતિ નહિ જાળવો ત્યાંસુધી હું મંચ છોડીશ નહિ. હું ભારે જિદ્દી છું.' ગાંધીજીના હૃદયમાંથી નીકળેલા શબ્દો કારગત નીવડ્યા. શ્રોતાવર્ગમાં શાંતિ પથરાઈ. ગાંધીજીની મર્મભેદી વાણી અને લોકો પ્રત્યેના આત્મીય વ્યવહારથી રવિશંકર અત્યંત પ્રભાવિત થયા. ક્રમશઃ ગાંધીજીનો વિશેષ પરિચય થતાં રવિશંકરના અંતરનીરમાં વિસ્મય અને આનંદની લહેરો ઊઠતી. તેમના જ શબ્દો જોઈએ–

'મારા ઘડતરમાં અનેક વ્યક્તિઓએ ફાળો આપ્યો છે, પણ પૂ. ગાંધીજી તો મારા માટે પ્રેરણામૂર્તિ છે. એમણે મને જીવન જીવવાની દૃષ્ટિ આપી. મારા જીવનમાં વધારેમાં વધારે આનંદ આપનાર વ્યક્તિ ગાંધીજી છે. એ મહાપુરુષ ન હોત તો હું ક્યાં હોત? એમના કાળમાં મારો જન્મ થયો છે એ માટે હું મારી જાતને હંમેશાં ધન્ય માનું છું.'

૧૯૧૭માં ગોધરાની રાજકીય પરિષદમાં જવાની રવિશંકરની ઈચ્છા હતી. સરસવણીથી ડાકોર ચાલતા જવાનું હતું. બહારવટિયાઓની બીકના કારણે મિત્રોએ સાથ ન આપ્યો. આથી એકલા જ ચાલી નીકળ્યા. ડાકોરથી ટ્રેનમાં ગોધરા ગયા. સભામાં મોટામોટા નેતાઓને મળવાનું થયું. ગાંધીજીએ દેશસેવા માટે કાર્યકર્તાઓને જોડાવાની અપીલ કરતાં સરદાર વલ્લભભાઇએ સૌ પ્રથમ પોતાનું નામ નોંધાવ્યું. રવિશંકર રોમાંચિત થઈ ઊઠ્યા.

૧૯૧૮માં રવિશંકર સ્વામી નિત્યાનંદના સંસર્ગમાં આવ્યા. પરસ્પર ભાવસેતું રચાયો. શ્રદ્ધેય સ્વામીજી ઊર્ધ્વ પથના યાત્રીના હોઈ રવિશંકરે સૌ પ્રથમ સાબરમતી આશ્રમ જોયો. આમ તો તેઓ મિલના હેન્ડલુમના વસ્ત્રો પહેરતા. અહીં તેમને રેંટિયા પર હાથથી કંતાયેલા સૂતર પાછળની ઊંડી દૃષ્ટિ સમજાઈ. રવિશંકરે શુદ્ધ ખાદીનો તાકો ખરીદ્યો અને હંમેશ માટે ખાદી પહેરવાનો નિર્ધાર કર્યો. કસ્તૂરબાએ એમને રેંટિયો આપ્યો. આ રીતે રવિશંકરને જાતે કાંતવાની પ્રેરણા મળી.

૧૯૧૯માં મુંબઈમાં માહિમ ખાતે રોલેટ એક્ટ વિરૂદ્ધ સભાનું આયોજન થયું હતું. લોકોએ રવિશંકરને બોલવા આગ્રહ કર્યો. આખરે રવિશંકરે સીધીસાદી શૈલીમાં ધ્યાનાર્હ પ્રવચન આપ્યું. બપોરે માધવભાગમાં ગાંધીજીની સભા હતી. પંડ્યાજી (મોહનલાલ કામેશ્વર પંડ્યા) પણ આવ્યા હતા. તેઓ રવિશંકરને પોતાની સાથે રાખતા, જેથી મહાનગરમાં રવિશંકરને અજાણ્યું ન લાગે. ગાંધીજીની ઈચ્છા હતી કે ખેડા જિલ્લામાં 'હિન્દ સ્વરાજ્ય' પુસ્તિકાનો પ્રચાર થાય. તેમણે રવિશંકરને આ કામ સોંપ્યું. અંગ્રેજ સરકાર પકડશે એવો ડર રાખ્યા વગર રવિશંકરે કામ સ્વીકાર્યું અને પાર પાડ્યું. ખેડા જિલ્લાના લોકો એમને 'સ્વરાજવાળો' કહીને બોલાવતા.

આંતરિક પરિવર્તન સાથે રવિશંકરમાં પહેરવેશ, ખોરાક આદિ બાહ્યાચારોમાં પણ પરિવર્તન આવ્યું. રાતી પાઘડીનું સ્થાન સફેદ ટોપીએ લીધું. લાંબો કોટ અને ખભા પરનો ખેસ પણ ગયા. તેની જગાએ બંડી આવી. ૧૯૨૦માં અમદાવાદમાં એક મિત્રને ત્યાં બેઠા હતા. પાછા ફરતાં બહાર આવીને જોયું તો પગના જોડા ગાયબ. 'ચાલો, એક બલા ટળી' વિચારી જોડા પહેરવાનું બંધ કર્યું. એવું જ હાથની લાકડીનું થયું. રસ્તા પર ચાલતાં પાછળથી ઘોડાગાડીના ચાલકે બાજુ પર ખસવાનું કહ્યું. રવિશંકરને સંભળાયું નહિ. પેલાને ગુસ્સો આવ્યો. સામે રવિશંકરના મગજનો પારોય ઊંચે ચડ્યો અને લાકડી ઉગામવા જતા હતા ત્યાં જ ગાંધીજીનું સ્મરણ થતાં મનને રોક્યું. ત્યારથી હાથમાં લાકડી નહિ રાખવાનો નિર્ણય કર્યો. દેશ માટે હું શું કરું? આવું ચિંતન નિત્ય એમના મનમાં ચાલ્યા કરતું ખૂબ મંથનના અંતે પરદેશી ખાંડ નહિ ખાવાની પ્રતિજ્ઞા લીધી. બેએક વાર અજાણતાથી પ્રતિજ્ઞા તૂટી ત્યારે દૃઢ નિશ્ચય કર્યો કે દેશી શું કે પરદેશી શું, ખાંડ જ નહિ ખાઉં. મધ અને કેસર પણ છોડ્યા.

જેમની સન્મુખ થવાનું તો બાજુ પર, જેમના નામ માત્રથી લોકો ધ્રૂજી ઊઠતા એવા બહારવટિયાઓ પાસે રવિશંકર વિશ્વાસ અને પ્રેમપૂર્વક જઈ પહોંચતા અને એમ કરતાં કરતાં એમનું હૃદયપરિવર્તન કરાવતા. રવિશંકરના મુખેથી આ બધા પ્રસંગો સાંભળીને ઝવેરચંદ મેઘાણીએ તેને શબ્દદેહ આપ્યો અને 'માણસાઈના દીવા' પુસ્તક લખ્યું. એક સમયે ગુજરાત યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં તેને પાઠ્યપુસ્તક તરીકેનું સ્થાન મળ્યું હતું. એક દૃષ્ટાંત અત્રે પ્રસ્તુત છેઃ

રવિશંકર છિપિયલથી સરસવણી પગપાળા આવતા હતા.

રસ્તામાં એક જણે ધીમા અવાજે એમને ચેતવ્યા, 'મહારાજ, પાછો વળો.' 'પણ છે શું અલ્યા પૂંજા?' 'કહું છું કે જીવ વહાલો હોય તો પાછા જાવ. બહારવટિયા છે.' ડગલું ભરનાર રવિશંકર હોય ત્યાં પાછા હઠવાનું કઈ રીતે સંભવે? ગતિમાં કોઈ ફેર ન પડ્યો. સામે જ એક બહારવટિયો આવી ઊભો. હાથમાં બંદૂક હતી. રવિશંકરના મોં પર સ્મિત ફરક્યું. પ્રશ્ન કર્યો, 'બીજા ક્યાં છે?' આજુબાજુથી બધા આવી ચડ્યા. રવિશંકરે એમને પોતાની પાસે બેસાડી ધીરજ અને શાંતિથી વાત માંડીઃ

'જુઓ, અમે પણ બહારવટે પડ્યા છીએ, પણ અમારું બહારવટું અંગ્રેજ સરકાર સામે છે. ભલા, આપણને ગુલામ બનાવનાર આવી સરકાર કંઈ ચલાવી લેવાય? અમારી 'ટોળકી'નો નેતા છે ગાંધી. તમને કદીક મેળાપ કરાવીશ.'

બહારવટિયા મનમાં ગણગણ્યા, 'મહાત્મા ગાંધી?'

રવિશંકરે વાત આગળ ચલાવી, 'તમે સૌ અમારી સાથે જોડાવ. અમને તમારી જરૂર છે, ભઈલા.' બહારવટિયા આંખો ઢાળી નિઃશબ્દ બની ગયા. શસ્ત્રો પરથી હાથ હેઠે પડ્યા અને રવિશંકરના ભેરુ બની ગયા.

૧૯૨૨માં ગાંધીજીને ૬ વર્ષની જેલની સજા થઈ હતી. રવિશંકર એમને મળવા ગયા. ગાંધીજી મુક્તપણે હસતા હતા, પણ દુઃખી રવિશંકર રડતા હતા! ગાંધીજીએ વાતનો વિષય બદલતાં કહ્યું, 'તમે પેલા બહારવટિયાઓનો મેળાપ કરાવી આપવાના હતા. ખબર નહિ, ક્યારે મળાશે. પણ એ કોમની સેવા કરવાનું તમારા માથે નાંખું છું.'

૧૯૨૩માં નાગપુરમાં ઝંડા સત્યાગ્રહ થયો. વાત એમ હતી કે શહેરમાં ત્રિરંગી ઝંડા સાથે સરઘસ નીકળ્યું હતું. અંગ્રેજ સરકારને એ ખૂંચ્યું. બહાનું કાઢ્યું કે એ વિસ્તારના ગોરા લોકોને ખલેલ પહોંચે છે. એટલે ત્રિરંગી ઝંડા સાથે કોઈએ એ રસ્તેથી નીકળવું નહિ, એવો મેજિસ્ટ્રેટ પાસે હુકમ કઢાવ્યો. આ અન્યાય સામે સત્યાગ્રહ થયો. દેશના ખૂણેખૂણે તેના પડઘા પડ્યા. ગુજરાતમાં ખેડા જિલ્લાની ટુકડીએ પહેલ કરી. એમાં રવિશંકર પણ શામેલ હતા. એમને ૭ માસની સજા થઈ. જેલવાસનો પહેલો અનુભવ. શરીરનું અંગ અંગ તૂટી પડે એવું સખત કામ કરવું પડતું.

પાટણવાડિયા કોમને ઉપર લાવવા માટે રવિશંકરે ભારે પરિશ્રમ કર્યો. વટાદરા ગામમાં રોજ રાત્રે આ કોમના માત્ર પુરુષોએ નહિ, સ્ત્રીઓ અને બાળકોએ પણ હાજરી પુરાવવા ચોરામાં એકઠા થવું પડતું. આ દૃશ્ય જોઈ રવિશંકરનું હૈયું કરુણાથી દ્રવી ઊઠતું. માણસની દશા પશુથી ય બદતર! આજુબાજુના આઠેક ગામોમાં આ સ્થિતિ હતી. આ દૂષણ દૂર થવું જ જોઇએ એવો રવિશંકરે મનોમન નિર્ણય કર્યો. વટાદરાથી વડોદરાનો ૪૦ માઈલનો રસ્તો ભૂખ્યા-તરસ્યા પગે ચાલીને કાપ્યો. ગરમીમાં પગ દાઝે, કાંટા વાગે, પણ રવિશંકરને આવી પીડાની કોઈ અસર થતી નહિ. કોઈ પૂછે તો કહેતા, 'પગ જ એવા સખત થઈને ટેવાઈ ગયા છે કે કાંટાનું જોર ચાલતું નથી.' થાક, આરામ, ઊંઘ વિષે કોઈ પૂછે તો કહેતા, 'ચાલતાં ચાલતાં જ ઊંઘ થઈ જાય છે. તેથી આપોઆપ થાક પણ ઊતરી જાય છે.' છેવટે વડોદરા આવ્યા. પોલિસ કમિશ્નરને મળ્યા. કમિશ્નર મદદરૂપ થયા. હાજરી પુરાવવાની હીણપતભરી પ્રવૃત્તિ અટકી. જો કે કોમના આગેવાનોએ હવેથી ચોરી નહિ કરવાની કબૂલાત આપી.

૧૯૪૧માં અમદાવાદમાં હુલ્લડ ફાટી નીકળ્યું. રવિશંકર તરત જ અમદાવાદ દોડી ગયા. સૂમસામ રસ્તા અને સર્વત્ર ભયનું વાતાવરણ. જીવણલાલ દીવાનનો ભેટો થયો. એમની સાથે સિવિલ હૉસ્પિટલે ગયા. ત્યાં નરહરિ પરીખ પણ હતા. ચાલીસેક શબ ગંધાતા પડ્યાં હતાં. ક્ષણભર રવિશંકર પોતે હેબતાઈ ગયા. મન મક્કમ કર્યું. પોતે મડદાંને અગ્નિદાહ દેવા ઈચ્છે છે એવી માગણી મૂકી. જિલ્લા મેજિસ્ટ્રેટે માંગણી મંજૂર રાખી. રવિશંકર મ્યુનિસિપાલિટીની બસમાં શબોને લઈ દૂધેશ્વરને આરે નદીના પટ પર આવ્યા. મિત્રોની મદદથી ઘણી તકલીફ સાથે શબોને ચિતા પર ચડાવ્યા. અને અગ્નિસંસ્કાર કર્યો. ચાર દિવસ આ ક્રમ ચાલ્યો. રવિશંકરે આ રીતે ૮૩ શબોને અગ્નિદાહ આપ્યો.

જ્યાં આપત્તિના એંધાણ વર્તાય ત્યાં મહારાજ અચૂક પહોંચી જાય. એ આપત્તિ અતિવૃષ્ટિની હોય કે દુકાળની, હુલ્લડની હોય કે રોગચાળાની. પીડિતો તરફ રવિશંકરનો હાથ મદદ માટે ફેલાયેલો જ હોય. અન્યની વેદના સ્વયંની વેદના બને એવી સંવેદના રવિશંકરમાં હતી.

૧૯૫૨માં ચીનની યાત્રાએથી પાછા ફર્યા બાદ રવિશંકર વિનોબાજીના સંપર્કમાં આવ્યા. તેમની ભૂદાન-પ્રવૃત્તિથી રવિશંકર પ્રભાવિત થયા. દાન કરવાનો રૂડો અવસર સામે ચાલીને મારે આંગણે આવ્યો છે, એમ વિચારી રવિશંકરે પત્નીને વાત કરી. સૂરજબાએ સહર્ષ બધી જમીન ભૂદાનમાં આપી દેવાની ઈચ્છા બતાવી. રવિશંકરે ગુજરાતમાં પદયાત્રા કરીને ભૂદાનનો પ્રચાર કર્યો.

રવિશંકર મહારાજે શ્રીમદ્ ભગવદ્ગીતા પર 'ગીતા બોધવાણી' ભાષ્ય લખ્યું છે. આ ગ્રંથ એમને ૧૦૧ મા જન્મદિને અર્પણ કરવામાં આવ્યો. હવે હંસલો પિંજરમાંથી ઊડવા આતુર હતો. પુત્ર વિષ્ણુભાઈ 'ગીતા બોધવાણી' પિતાશ્રીને વાંચી સંભળાવતા. તા. ૧-૭-૧૯૮૪ના રોજ સવારે ૬-૩૦ વાગે રવિશંકર મહારાજ બોરસદ હૉસ્પિટલમાં કાળધર્મ પામ્યા. સાંજે ૪ વાગે બોસાચણમાં વલ્લભ વિદ્યાલય ખાતે એમના નશ્વર દેહના અગ્નિસંસ્કાર થયા.

પૂ. વિમલાતાઈ ઠકાર કહે છેઃ 'પ્રભુશ્રદ્ધા અને માનવ સેવાનો એક અનુપમ અને અદ્વિતીય મહોત્સવ એટલે પૂ. રવિશંકરદાદાનું જીવન.'

જેમનામાં કથની-કરણીનો સુભગ સમન્વય હતો એવા પ્રાતઃસ્મરણીય પૂ. રવિશંકર મહારાજને નત મસ્તકે શતશઃ વંદન...

✷ ✷ ✷

એ-૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦ ૦૦૬. ફોન નં. : (૦૨૬૫) ૨૪૮૧૬૮૦

# વિધેયાત્મક અભિગમ

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

આઠેક દાયકા પૂર્વે, મારા વતન ડભોડા (જિલ્લોઃ ગાંધીનગર)ની 'કુમારશાળા'માં ભણતો હતા ત્યારે એક એવો પાઠ આવતો હતો (હાથી અને સાત આંધળા?) કે જેમાં કેટલાક અંધજનો, હાથીના અક્કેક અંગને સ્પર્શી, હાથી કેવો છે તેનું વર્ણન કરતા હતા. હાથી થાંભલા જેવો છે, એવો એક અંધનો અનુભવ હતો, કારણ કે તેણે કેવળ એના પગને સ્પર્શ કરીને અનુમાનથી કહેલું...એ જ પ્રમાણે કો'ક પેટ, સૂંઢ, પુચ્છ, દાંતને સ્પર્શ કરીને ભિન્ન ભિન્ન અનુમાન કરેલાં. સમગ્ર હાથીનો કોઈને અનુભવ જ નહીં, કારણ કે તેઓ બધા અંધ હતા એટલે હાથીના ભિન્ન ભિન્ન અંગોને તેઓ સમજતા હતા. આ તો બધા અંધ હતા એટલે કોઈને પણ સમગ્રતાનો તો ખ્યાલ આવી શકે જ નહીં પણ જે લોકો આંખથી ને બુદ્ધિથી દેખતા છે તેઓ પણ એક જ વસ્તુ કે ઘટનાને ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુથી જુએ છે નેઘણીવાર એકવાક્યતા સરજી શકતા નથી ને કવચિત્ લડી પણ પડે છે. આપણાં ષડ્દર્શનો જુઓ...જીવ, જગત ને જગન્નાથ સંબંધે દરેકના ભિન્ન ભિન્ન મત છે. 'માણસ એટલે શું?' એમ ડઝનેકને પૂછવામાં આવે તો તેઓ એની ભિન્ન ભિન્ન વ્યાખ્યાઓ આપવાના જેમાં માનવીના વ્યાવર્તક લક્ષણો છતાં થતાં હોય. સંસ્કૃતિના ઉગમકાળથી વિશ્વના અનેકવિધ તત્ત્વચિંતકોએ મનુષ્યની ભિન્ન ભિન્ન પ્રકારે વ્યાખ્યા આપવા પ્રયાસ કર્યો છે. એ બધી વ્યાખ્યાઓ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ કે અતિશયોક્તિ જેવા તર્કશાસ્ત્રના કોઈ ને કોઈ દોષથી સાવ મુક્ત તો નથી જ, છતાંયે અત્યાર સુધીમાં મનુષ્ય સંબંધી જે વ્યાખ્યાઓ બંધાઈ છે, તે ભલે સંપૂર્ણ ન હોય, તો પણ સૂચક દ્યોતક ને અર્થ સારે તેવી કામચલાઉ તો છે જ.

કોઈકે માણસને બે પગવાળું પશુ કહ્યું તો કોઈકે તેને 'હસતું પ્રાણી' કહ્યું (લાફીંગ એનીમલ). કોઈકે વળી તેને સામાજિક પ્રાણી કહ્યું. એક તત્ત્વચિંતકે માણસને બૌદ્ધિક સામાજિક પ્રાણી કહ્યું તો પ્રખ્યાત અંગ્રેજ તત્ત્વચિંતક સી.ઈ.એમ. જોડે તેને તર્કશક્તિ, સારાસાર વિવેક ધરાવનાર ને સૌંદર્યદૃષ્ટિ ધરાવનાર પ્રાણી કહ્યું. કેટલાકે તેને દિક્કાલનું ભાન ને જ્ઞાન ધરાવનાર પ્રાણી કહ્યું તો ડૉ. સિગમંડ ફ્રોઈડે મનુષ્યને સુખદુઃખના સિદ્ધાંત અનુસાર જીવવા માટે તરફડતા પ્રાણી તરીકે ઓળખાવ્યું. આમ, નૃવંશ શાસ્ત્રીઓ, માનસશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ પોતાની વિચારસરણીને અનુરૂપ એની વ્યાખ્યા કરવાના...પણ એમાં સંપૂર્ણ એકવાક્યતા તો આવવાની નહીં; કારણ કે દરેકના દૃષ્ટિ બિન્દુ ભિન્ન ભિન્ન હોવાનાં. જૈન ધર્મના, તત્ત્વજ્ઞાનમાં 'સ્યાદ્વાદ' યાને 'સપ્તભંગીનય' મુખ્ય છે,. જેમાં કોઈપણ વસ્તુ આવી છે કે તેવી છે એમ એક જ રૂપે વર્ણવી શકાતી નથી; એક જ વસ્તુ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી જુદી જુદી તહેરની ઠરે છે. આ વસ્તુ ધ્યાનમાં રાખતા, મતભેદના ઘણા કજિયાઓ શમી શકે છે.'

ભારતીય રાજકારણમાં કેટલા બધા પક્ષો છે? દરેક પક્ષ ગરીબી હટાવવા ને દેશની પ્રગતિ કરવાનો દાવો કરે છે. કેટલાય વાદો આમને સામને આવી જાય છે ને પોતાનો કક્કો ખરો કરાવવાનો પ્રયત્ન કરે છે. કવચિત્ એમના હઠાગ્રહમાં અન્યના દૃષ્ટિબિંદુને સમજવાની પણ બૌદ્ધિક ઉદારતા દાખવતા નથી!

આપણા વ્યવહાર-જીવનમાં જો સ્યાદ્વાદ કે સપ્તભંગીનયનો 'સ્પીરીટ' આવી જાય તો ઘણો બધો કલેશ-કંકાસ મટે ને જીવન જીવવા માટે નવું દૃષ્ટિબિન્દુ પ્રાપ્ત થાય. જીવનનો અભિગમ જ બદલાઈ જાય ને વિધેયાત્મક વલણ કેળવાય. અહીં હું સાહિત્યમાંથી ત્રણેક દાખલા મારા મુદ્દાને સ્પષ્ટ કરવા રજૂ કરીશ.

આમ તો લંગડો, આંધળો, મૂંગો, બધિર-દુઃખી ગણાય. સૌ પોત પોતાની શારીરિક ઉપાધિઓ માટે કચવાટ કરે ને દુઃખ વ્યક્ત કરે તો આપણે એમનો દોષ કાઢીએ નહીં બલ્કે સહાનુભૂતિ દર્શાવીએ, પણ આ એક સંસ્કૃત શ્લોક એવો છે કે જેમાં કવિએ દુઃખ કે સહાનુભૂતિ દર્શાવ્યા નથી પણ એમની મર્યાદાઓને વિશેષતાઓ રૂપે નિરૂપી છે ને માટે એમને ધન્યવાદ આપ્યા છે.

'પંગો વન્દ્યસ્ત્વમસિ ન ગૃહં યાસિ યોડર્થી પરેષાં
ધન્યોડન્ધ-ત્વં ધનમદવતાં નેક્ષસે યન્મુખાનિ।
શ્લાઘ્યો મૂક ત્વમસિ કૃપણં સ્તૌષિ નાર્થાશયા યઃ
સ્તોતવ્યસ્ત્વં વધિર ન વચો યઃ ખલાનાં શૃણોષિ।।

મતલબ કે 'હે લંગડા માણસ! તું વંદન કરવાને લાયક છે, કારણ કે તું પારકાને ઘેર કંઈ માગવા જતો નથી, હે આંધળા માનવ! તને ધન્ય છે કારણ કે ધનથી ઉન્મત્ત બનાલા માણસોનાં મુખ તારે જોવાં પડતાં નથી, હે મૂંગા માણસ! તું પ્રશંસાને પાત્ર છે, કારણ કે કંજૂસ માણસની પાસે ધન મેળવવાની આશાથી તું પ્રશંસા કરતો નથી. ને હે બહેરા માનવ! તું વખાણને પાત્ર છે કારણ કે તારે દુર્જનોનાં ખરાબ વચનો સાંભળવાં પડતાં નથી.' કેવળ જે તે વ્યક્તિની શારીરિક મર્યાદાઓના રોદણાં રડવાં તેને બદલે અહીં એ મર્યાદાઓને વિશેષતાઓ રૂપે નિરૂપી કેવું તંદુરસ્ત સમનિદર્શન કર્યું છે! કોથળામાં પાંચશેરી રાખીને સમાજના ઉન્નતભ્રૂ-વર્ગને ટીપ્યો પણ છે!

પિતા દશરથે, બીજા દિવસે તો રામનો રાજ્યાભિષેક કરવાનું નક્કી કર્યું છે ને આગલે દિવસે જ કૈકેયી કોથળામાંથી બિલાડું કાઢે છે ને રામને ચૌદ વર્ષનો વનવાસ અને પોતાના દીકરા ભરતને રાજગાદી માટે પતિ દશરથ સમક્ષ બે વરદાન માગે છે. વચનથી બંધાયેલ દશરથની સ્થિતિ સાપે છછૂંદર ગળ્યા જેવી થાય છે.' રામની જગ્યાએ અન્ય કોઈ હોત તો આ પ્રસ્તાવનો જબ્બર પ્રતિકાર કરે ને અનેક પ્રકારની ખટપટોય કરે પણ રામનો પ્રતિભાવ કેવો છે તે સાંભળોઃ 'હે માતા! તમે મને વનમાં જવાની આજ્ઞા આપી માત્ર મારા જેવાને પોતાના શરીરનું જ રક્ષણ કરવાનું સોંપ્યું છે, ને તમારા દીકરાને માથે સકલ ભુવનની રક્ષાનો ભાર મૂક્યો..આ બેમાં વધારે સહેલું કયું છે તેનો વિચાર કરું છું, તો મને લાગે છે કે હે માતા! તમે મારા તરફ જ પક્ષપાત બતાવ્યો છે.' કૈકેયીએ કોના

પ્રત્યે પક્ષપાત દર્શાવ્યો છે તો સૌ કોઈ જાણે છે પણ તે તેની રીતે સાચી છે તો રામ જે દૃષ્ટિ બિંદુથી સમગ્ર પરિસ્થિતિને નિહાળે છે તે જોતાં તે પણ સાચા છે! આ બંનેની વિચારસરણીમાં એમના આગલા વ્યક્તિત્વના વ્યાવર્તક લક્ષણો પણ વ્યક્ત થાય છે.

ચૌદ વર્ષનો વનવાસ વેઠીને રામ પાછા અયોધ્યામાં આવે છે ત્યારે એમના મનમાં એવું થાય છે કે જો હું પ્રથમ મારી માતા કૌશલ્યાને મળવા જઈશ તો કૈકેયીમાતાના અંતરમાં ડંખ રહી જશે...એનો અપરાધભાવ ઓછો કરવા માટે તે પ્રથમ કૈકેયીમાતાને મળે છે ને એમના પ્રેમને પ્રતાપે વનવાસમાં રામને શો લાભ થયો તે દર્શાવતાં કહે છેઃ–

'તાત સ્નેહો ભરત મહિમા પૌરુષ વાયુસૂનોઃ
સખ્યં ચાપિ પ્લવગનૃપતઃ કવાપિ સૌમિત્રભક્તિઃ।
સીતાસત્યં મમ ભુજબલં વૈરિણાં વૈરભાવઃ
જ્ઞાતં સર્વં તવ ચરણયોર્માંતરેષ પ્રસાદ : ।।

મતલબ કે 'હે માતા! પિતાનો સ્નેહ એ કેવી અમોલી ચીજ છે, ભરતનો બંધુભાવ કેવો મહિમાવંત છે, હનુમાનનું પૌરુષ, વાનરોમાં પણ મૈત્રી જાળવવાની સચ્ચાઈ, લક્ષ્મણની મૂંગી ભક્તિ, સીતાનું સત, મારી પોતાની ભુજાઓનું પાણી, વૈરીઓનું વેર-આ બધાં કેવાં છે, તે કેવળ તારી કૃપા વડે જ હું જાણી શક્યો છું. (જો તેં વનવાસ ન આપ્યો હોત તો પિતા મને કેટલા ઊંડાણથી ચાહતા હતા ને ભરત કેવો અમોલો ભાઈ છે, એ બધું હું કેમ જાણી શકત?)

આ દુનિયામાં બધી જ આપત્તિઓ દુઃખદ નથી હોતી; કેટલીક તો ઈષ્ટાપત્તિઓ બની જતી હોય છે. 'ધરતીનું લૂણ'માં સ્વામી આનંદે મોનજી રદરની અદ્ભુત–કથા આલેખી છે. જ્ઞાતિ–બહિષ્કારનું દુઃખ કેવું તો અસહ્ય હોય તેનું તાદૃશ–વાસ્તવિક–કરુણ–આલેખન મોનજી રૂવર'માં જોવા મળે છે પણ એ ઈષ્ટાપાત્રને કારણે સ્વામી આનંદ લખે છે તે પ્રમાણે 'બહિષ્કાર તેની કારમી વ્યથાવેદનાઓ છતાં મોનજી દંપતીને સાચે જ આડકતરા આશીર્વાદ સમો નીવડ્યો. મોનજી સદાય પોતાના ખેતીવ્યવસાયમાં મસ્ત રહ્યા. બહિષ્કારને એમણે ઈશ્વરના ઘરની દેણ ગણી.; જેને પ્રતાપે પોતાને નીચું ઘાલીને અખંડ પુરશારથ કરવા મળ્યો, ઉમ્મરસાડીમાં આંબાની કલમો ઉછેરવાનો ઉદ્યોગ એમણે જ પહેલવહેલો શરૂ કર્યો. (૧૩૦૦ કલમો ઉભી કરેલી.) ઉદ્યમ ભાગ્યનો તેડાગર.'

આગળ આપણે પંગુ, અંધ, મૂક અને બધિરની વાત કરી. પૂ. બાપુએ જેને વિશ્વનો પ્રથમ સત્યાગ્રહી કહ્યો છે એવા સોક્રેટીસનું નાક ચીબું હતું. લોકો એ પર હસતા ત્યારે હસતાં હસતાં સોક્રેટીસ કહેતો; 'મારું જ નાક સુંદર છે. મોટાં નસકોરાંવાલું નાક અંદર ભરપુર હવા ખેંચે છે માટે તે જ સુંદર છે.' વસ્તુને અનેક દૃષ્ટિબિંદુથી જોવાથી સ્યાદ્વાદ કે અનેકાન્તવાદથી સમગ્રતાનો ખ્યાલ આવે છે ને એકાંગી વિચારસરણીના દોષથી બચી જવાય છે. 'ગીતા પ્રવચનો'માં, વિનોબાજીએ, કર્મ, જ્ઞાન અને ભક્તિની ચર્ચા કરતાં કેવળવાદ, સમુચ્ચયવાદ, ઉપયોગિતાવાદ, ક્રમવાદ, સામંજસ્યવાદ વગેરેની ચર્ચા કરી છે ને સારરૂપે હ્યું છે કે કર્મ, ભક્તિ, અને જ્ઞાન અક્ષરશઃ એકરૂપ હોય એવી પરમ દશાને પુરુષોત્તમયોગ કહે છે–જીવનની અંતિમ સીમા ત્યાં આવી ગઈ.' સત્યની એકરૂપતા સિદ્ધ કરવા માટે આવી અનેકાન્તવાદની રીતિ નીતિ સરવાળે સહાયરૂપ નીવડતી હોય છે. આમાં Positive Thinking અનિવાર્ય હોય છે. સમગ્ર પ્રશ્ન વિમલ દૃષ્ટિ અને તંદુરસ્ત અભિગમનો છે.

✷✷✷

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૬૬૨૧૦૨૪

## જૈનધર્મ – તત્વજ્ઞાન અભ્યાસ

**મુંબઈ યુનિવર્સિટી**

**મુંબઈ યુનિવર્સિટીમાં જૈન તત્વજ્ઞાનના નીચેના કોર્સ ચાલુ કરવામાં આવેલ છે.**

**૧) સર્ટીફીકેટ, ૨) ડીપ્લોમા, ૩) એમ.એ., ૪) પીએચ.ડી.**

સરળ, સચોટ તથા સુવ્યવસ્થિત અભ્યાસ દ્વારા જૈનધર્મ તત્વજ્ઞાન વિશે પૂરી જાણકારી મળશે. ૧૨ વર્ષથી ચાલી રહેલ આ કોર્સનો લાભ ૧૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ લીધેલ છે.

ઉપરના કોર્સ માટે ખાસ અનુભવી શિક્ષકો, લાઈબ્રેરી તેમજ બીજી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

**'સર્ટીફીકેટ કોર્સની માહિતી'**

કોર્સ સમય : ૧ વર્ષ – જુલાઈ ૨૦૦૯ થી એપ્રીલ ૨૦૧૦.
શૈક્ષણિક લાયકાત : એચ.એસ.સી. / ડીપ્લોમા / ઓલ્ડ એસ.એસ.સી. પાસ. (ઉમર ની કોઈ મર્યાદા નથી.)
અભ્યાસ : વિશ્વના મુખ્યધર્મો, જૈન ધર્મના સિદ્ધાંત, લોકાલોક, છદ્રવ્ય, નવતત્વ, સાધુના આચારો, શ્રાવકના આચારો, કર્મ સિદ્ધાંત, ચોવીસ તીર્થંકર, આગમ ગ્રંથ, પંચપરમેષ્ઠી, ચતુર્વિધ સંઘ, સ્ત્રીઓનું સન્માન, અહિંસા અને શાકાહાર, જૈન સંપ્રદાય, પંચજ્ઞાન, જૈન સાહિત્ય, જૈન યોગ અને ધ્યાન, અનેકાંત, તપ, ઉત્સવ, વર્ણાશ્રમ, મોક્ષમાર્ગ વગેરે...
અભ્યાસનું માધ્યમ : સાદી અંગ્રેજી (તેમજ બીજી ભાષામાં સમજ)
ઉત્તર વાહિની : અંગ્રેજી, ગુજરાતી, મરાઠી અને હિંદી.
સંપર્ક : મુંબઈ યુનિવર્સિટી, તત્વજ્ઞાન વિભાગ, જ્ઞાનેશ્વર ભવન, ૧લા માળે, વિદ્યા નગરી, કાલીના કેમ્પસ, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૯૮. બસ નંબર – ૩૧૩, ૩૧૮ (સાંતાક્રુઝ – કુર્લા) બસ. ફોન : ૨૬૫૨ ૭૩૩૭

**વર્ષ ૨૦૦૯ – ૨૦૧૦ ના એડમીશન : ૨૫ જૂન થી શરૂ થશે.**

**– : વિશેષ માહિતી માટે સંપર્ક કરો :–**

**ડૉ. મિનલ કાતરનીકર** – ૯૮૩૩૩૬૯૭૧૯
**ડૉ. કામિની ગોગરી** – ૯૮૧૯૧૬૪૫૦૫
**ડૉ. બિપીન દોશી** – ૯૮૨૧૦૫૨૪૧૩
**શિલ્પા છેડા** – ૯૩૨૩૯૮૦૬૧૫

# ચૈતન્યમય અરૂપી જીવ અને રૂપી જડ પુદ્ગલદ્રવ્યનો અન્યોન્ય નિમિત્ત-નૈમિત્તિક (ઔપાધિક) સંબંધ

❑ સુમનભાઈ એમ. શાહ

જીવ અને પુદ્ગલ દ્રવ્યનો મિશ્રભાવે ઘનિષ્ઠ સંબંધ અનાદિકાળથી સાંસારિક જીવમાં ચાલ્યો આવે છે, જેથી આત્મદ્રવ્ય જીવના શરીરાદિમાં પુરાયેલું રહે છે. જે ભવ્યજીવને સાંસારિક બંધનોમાંથી છૂટવાની તીવ્ર જિજ્ઞાસા વર્તે છે તે કોઈ આત્માનુભવી જ્ઞાનીની શોધખોળમાં લાગી જાય છે, કે જેઓ મુક્તિમાર્ગ પામેલા છે અને અન્યને પમાડવાની ક્ષમતા ધરાવે છે. આવા સદ્ગુરુનું પુષ્ટ-નિમિત્ત પામી પુરુષાર્થી ભવ્યજીવ મુક્તિમાર્ગના સત્સાધનોનો ઉપયોગ સદ્ગુરુની નિશ્રામાં કરે છે. ઉર્ધ્વગમનમાં આત્મા અને પુદ્ગલદ્રવ્યનું નિમિત્ત-નૈમિત્તિકપણું શું ભાગ ભજવી શકે તેને પ્રકાશિત કરવાનો આ અલ્પ પ્રયાસ છે.

**1 પૂર્વ ભૂમિકા :**

આત્માનુભવી જ્ઞાનીઓએ નીચેની સૈદ્ધાંતિક હકીકતો જગત કલ્યાણાર્થે પ્રતિપાદિત કરેલી છે તે જોઈએ.

૧. જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ એ પાંચ (પંચાસ્તિકાય) સત્દ્રવ્યો ઉત્પાદ્, વ્યય અને ધ્રુવાત્મક છે. સત્દ્રવ્યો પોતપોતાના ગુણોમાં દ્રવે છે કે પરિણમે છે, જેને વર્તના પર્યાયો કે 'સ્વકાળ' કહેવામાં આવે છે. સ્વકાળ કે નિશ્ચયકાળને પણ એક ઔપચારિક દ્રવ્ય ગણવામાં આવ્યું છે.

૨. આ પાંચ સ્વતંત્ર દ્રવ્યો એક બીજાને મળે છે, છૂટાં પડે છે, નિમિત્ત થાય છે પરંતુ પોતપોતાના સ્વભાવમાં પરિણમે છે અને એ જ એનો ધર્મ છે.

૩. પંચાસ્તિકાયના જીવ અને પુદ્ગલ દ્રવ્યો એકબીજાનું નિમિત્ત પામી પ્રભાવિત થાય છે, જેને વૈભાવિક શક્તિ કહેવામાં આવે છે. ઉપરાંત આ બન્ને દ્રવ્યોમાં ગતિ અને સ્થિતિ કરવાની શક્તિ છે, જે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની ઉદાસીન નિમિત્ત કારણતાથી થાય છે. આ બન્ને દ્રવ્યોને અવગાહન કે અવકાશ આકાશદ્રવ્યના નિમિત્ત કારણતાથી થાય છે.

૪. સાંસારિક જીવના આત્મપ્રદેશો શરીરમાં વ્યાપ્ત થયેલા હોય છે (સ્વદેહ પ્રમાણ) અને મન, વચન, કાયાદિની પ્રવૃત્તિ કે પ્રયોગથી આત્મપ્રદેશો પણ કંપાયમાન (પરિસ્પંદન) થાય છે જેને 'યોગ' કહેવામાં આવે છે અને તે જીવદ્રવ્યનો ક્રિયાત્મક વિભાગ અપેક્ષાથી કહી શકાય.

૫. સંજોગોની સાપેક્ષતામાં આત્માની ચેતનાશક્તિના પ્રયોગને ઉપયોગ કહેવામાં આવે છે, જે જીવનું પ્રધાન લક્ષણ છે. એટલે આત્મા સ્વયં જ્યારે પોતાની જ્ઞાન-દર્શનરૂપ શક્તિનો પ્રયોગ નિરાકાર અને જ્ઞાનગુણનો પ્રયોગ સાકાર છે. પરંતુ આવો ઉપયોગ જ્ઞાન-દર્શનગુણ ઉપર કર્મરૂપ આવરણના ક્ષયોપશમ, ક્ષય આદિની તરતમતાના આધારે થાય છે. અથવા જેટલા પ્રમાણમાં આ ગુણો આવરણ રહિત થયા હોય તે મુજબ જોવા-જાણવાદિનું કાર્ય થાય છે. જીવદ્રવ્યનો આ ભાવાત્મક વિભાગ કહેવાય છે.

૬. ચૈતન્યમય જીવની ચેતનામાં કર્તૃત્વ-ભોક્તૃત્વની નિમિત્ત-ભૂત મૂળશક્તિ રહેલી છે અને તે પારિણામિક સ્વભાવ છે, જે આપમેળે કાર્યાન્વિત થયા કરે છે. અસ્તિત્વાદિ માત્રથી.

૭. જીવદ્રવ્યના કોઈપણ ગુણનું પર્યાયો મારફત પરિણમન થાય છે, ત્યારે સઘળા આતમપ્રદેશોનું સહિયારું કે એક સામટું પ્રવર્તન થાય છે. પુદ્ગલ દ્રવ્યના ગુણનું પરિણમન પર્યાયો મારફત દરેક પ્રદેશે અલગ અલગ થાય છે અને તે એક સામટું નથી, જેવું જીવ-દ્રવ્યમાં થાય છે. માટે જીવદ્રવ્યમાં કર્તૃત્વ-ભોક્તૃત્વ શક્તિ છે એવું જ્ઞાનીઓનું કથન છે.

**2 જીવ અને પુદ્ગલદ્રવ્યનું નિમિત્ત-નૈમિત્તક (ઔપાધિક) પ્રવર્તન :**

ઉપરની સૈદ્ધાંતિક હકીકતો ધ્યાનમાં રાખી જીવની વર્તમાન અવસ્થામાં આ બન્ને દ્રવ્યોમાં નિમિત્ત-નૈમિત્તિક વર્તના કેવી રીતે થયા કરે છે તે વિવિધ અપેક્ષાએ જોઈએ.

**(A) જીવાત્મ કે બહિરાત્મદશા :**

રાગદ્વેષ અને અજ્ઞાનવશ જીવ નવાં કર્મબંધ થાય એવા કારણો (જેવાં કે મિથ્યાત્વ, કષાય, યોગ, પ્રમાદ અને અવિરતિ-ભાવાશ્રવ) સેવે છે જેથી તેને રાગાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને શરીરાદિ નોકર્મની પરંપરાનું સર્જન થાય છે. આનાથી જીવ ચારગતિરૂપ ભવભ્રમણ કરે છે.

બીજી રીતે જોઈએ તો જીવાત્માને 'પર' પદાર્થો, સંજોગો, પારિવારિક સંબંધો ઈત્યાદિમાં 'સ્વ'પણાનું આરોપણ થયા કરે છે, જે એક પ્રકારનું કર્તૃત્વ છે. અથવા બહિરાત્મદશામાં સ્થિત જીવને

● *લેવા કરતાં આપવું એ વધારે ઈષ્ટ વસ્તુ છે. આપણી જાતને ભૂલી જવી જોઈએ. બીજાની જરૂરીઆતને પહેલાં મૂકવી જોઈએ. જ્યારે આ સમજાય છે અને અમલમાં મૂકાય છે, ત્યારે મનુષ્ય માટે માનસિક શાંતિનું જે નિર્માણ થયું છે, તે વાસ્તવિક રૂપે પ્રાપ્ત થાય છે.*

'હું અને મારાપણું' 'પર'માં વર્તે છે જેથી તેને કર્મબંધ-કર્મફળની પરંપરા કુદરતી નિયમાનુસાર થયા કરે છે.

જીવાત્મદશામાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવી રીતે કાર્યાન્વિત થાય છે તે જોઈએ. જીવાત્માને જ્યારે ઉદયાધીન કરમરૂપ સંજોગો પ્રાપ્ત થાય છે ત્યારે તેની આત્મચેતના ઉપયોગમયી થાય છે. આવી ચેતનામાં અલ્પ માત્રામાં દર્શન અને જ્ઞાનગુણના પ્રગટીકરણમાં જોવા-જાણવાદિ કાર્ય હોવાથી, તેને અજ્ઞાનદશા કે જ્ઞાનગુણના પ્રકાશનમાં રૂકાવટ કર્મરૂપ આવરણોથી થતી હોય છે. આવો અવરોધ દ્રવ્યકર્મોથી થાય છે, જેથી જીવાત્માને રાગાદિ ભાવકર્મો થાય છે. ઉપરાંત ચેતના શક્તિમાં કર્તૃત્વ-ભોકતૃત્વ મૂળભૂત શક્તિનો પણ સંચાર થયા કરે છે. બન્ને નિમિત્તકારણોથી નવાં કર્મબંધનું સર્જન થાય છે. અથવા જીવદ્રવ્યનો આવો સ્રોત કે નિમિત્ત પામી દ્રવ્યકર્મોની ઉપસ્થિતિ નવીન ભાવકર્મમાં પરિણમે છે. માટે જ વ્યવહારદૃષ્ટિએ જીવને ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મનો કર્તા કહેવાય છે. ટૂંકમાં જીવ જ્યારે પોતાના આત્મિક સ્વભાવના ભાનમાં વર્તતો નથી ત્યારે તેને વ્યવહારદૃષ્ટિની અપેક્ષાએ કર્મના પ્રભાવનો નૈમિત્તિક કર્તા કહ્યો છે અથવા કર્મ જ કર્તા કર્મ. બીજી રીતે જોઈએ તો આવી વિભાવદશામાં કર્મ જ નૈમિત્તિક કર્તા થઈ પડે છે, જેનો સ્રોત આત્મદ્રવ્યમાંથી નિમિત્તભૂત થાય છે. પરંતુ આવું કથન વ્યવહારદૃષ્ટિની અપેક્ષાએ ઘટાવી શકાય.

**(B) અંતરઆત્મદશા કે સાધકદશા :**

આત્મદશાનો સાધક એ કે જેને ક્ષાયિક સમકિત વર્તે છે અને જે પોતે દરઅસલપણે કોણ છે અને કોણ નથી તેની નિરંતર પ્રતીતિ વર્તે છે. અથવા જે સાધકને પરમશ્રુતજ્ઞાનરૂપ સુબોધ (ભેદજ્ઞાન) કોઈ પ્રત્યક્ષ (દેહધારી) જ્ઞાનીપુરુષ મારફત વિધવત્ પ્રાપ્ત થયો છે અને તે આત્માનુભવમાં પરિણમે એ હેતુથી આજ્ઞાપાલનાદિના પુરુષાર્થમાં રત રહે છે. આવા સાધકની પ્રજ્ઞાશક્તિ કે અંતરઆત્મદશા જ્ઞાનપ્રકાશ પ્રદાન કરે છે અને તે ચેતનાશક્તિરૂપે કાર્ય કરે છે. આવી ધ્યેયલક્ષી સાધકદશામાં નિમિત્ત-નૈમિત્તિક (ઔપાધિક) કારણ-કાર્યાદિ પરિણામો કેવી રીતે ઘટાવી શકાય તે જોઈએ.

પૂર્વકૃત કર્મોના ઉદયો અથવા સંજોગોની ઉપસ્થિતિમાં સાધક પોતાની ચેતનાશક્તિનો પ્રયોગ (ઉપયોગ) કરે છે. આવા ઉપયોગમાં સાધકનો આત્મિક દર્શન અને જ્ઞાનગુણ કાર્યાન્વિત થઈ જોવા-જાણવાદિનું કાર્ય કરે છે. પરંતુ સાધકનો દર્શન અને જ્ઞાનગુણ અમુક માત્રામાં જ નિરાવરણ થયેલો હોય છે જેની તેના પરિણમનમાં અપૂર્ણતા વર્તે છે. અથવા સાધકનો દર્શન અને જ્ઞાનગુણ અમુક પ્રમાણમાં જ્ઞાનાવરણાદિ દ્રવ્યક્રમોથી આચ્છાદિત થયો હોવાથી પરિણામમાં કચાશ વર્તે છે. આવી અપૂર્ણતાની પૂર્તિ થવા માટે સાધક (૧) એક બાજુ પરમશ્રુતજ્ઞાનરૂપ સુબોધનું અવલંબન લે છે (૨) અને બીજી બાજુ આજ્ઞાપાલનાદિરૂપ પુરુષાર્થ (વ્યવહાર ચારિત્ર્યાચાર આંતરબાહ્ય પણે) વર્તાવે છે. ઉપરના બન્ને પુરુષાર્થને અમુક અપેક્ષાએ મુક્તિમાર્ગના કારણોનું સેવન કે કર્તૃત્વ ઘટાવી શકાય કારણ કે તે અવલંબનરૂપ છે અથવા સ્વાધીન નથી. સાધકની આવી વર્તનાના પરિણામમમાં તેને શરૂઆતમાં ઉદાસીનવૃત્તિ (સંજોગોમાં) રહે છે. અને જે છેવટે ઉત્તરોત્તર વીતરાગતા કર્મનિર્જરામાં વર્તાવે છે.

ઉપરની જીવ અને પુદ્ગલદ્રવ્યોમાં કારણ-મર્યાદિ એકબીજાનું નિમિત્ત પામી નૈમિત્તિક કાર્ય નીપજે છે. તેમાં નિમિત્ત શું ભાગ ભજવે છે તે જોઈએ.

આત્મદ્રવ્યના નિમિત્તભૂત સ્રોતમાં દર્શન અને જ્ઞાનગુણનો ઉપયોગ (જોવા-જાણવાદિનું કાર્ય) અને જેટલા પ્રમાણમાં આ ગુણોનું પ્રગટીકરણ થયું નથી તેની પૂર્તિ માટે નિર્મળ આત્મસ્વરૂપની ભાવનાથી ભાવિત રહેવું એવું અવલંબનરૂપ કર્તૃત્વ હોય છે.

આ પ્રકારનું નિમિત્ત પામી દ્રવ્યકર્મોરૂપ કાર્મણ વર્ગણાના ઉદયમાં ભાવકર્મનું સર્જન ન થાય એ પ્રકારની સાધકની આત્મજાગૃતિ વર્તતી હોવાથી કર્મ નિર્જરા ઘણેભાગે સંવરપૂર્વકની થાય છે. આમ થવાથી આત્મિકગુણો આવરણ રહિત ક્રમશઃ થયા કરે છે. આ થવામાં મુખ્યપણે પ્રજ્ઞાશક્તિ કે અંતરઆત્માનું યોગદાન મહત્ત્વપૂર્ણ હોય છે. આ અપેક્ષાએ એવું કહી શકાય કે શુદ્ધ નિશ્ચયદૃષ્ટિએ અંતરઆત્મા નિર્મળ આત્મિક સ્વભાવનો કર્તા છે.

**ઉપસંહાર :**

(૧) જીવાત્મદશામાં દ્રવ્યકર્મોના ઉદયનું નિમિત્ત પામી ભાવકર્મોનું સર્જન થાય છે, જેમાં જીવની ચેતનાશક્તિનો કર્તૃત્વ-ભોક્તૃત્વ પારિણામિક સ્વભાવનો સ્રોત વહે છે.

(૨) અંતર આત્મદશામાં દ્રવ્યકર્મોના ઉદયનું નિમિત્ત પામી સાધક નવીન ભાવ કર્મો ન સર્જાય તેવા પુરુષાર્થમાં રત રહે છે, જેથી જ્ઞાનાદિ ગુણો નિરાવરણ થયા કરે છે. આવો પુરુષાર્થ, ચેતના-શક્તિમાં કર્તૃત્વ-ભોક્તૃત્વ શક્તિ છે તેનું મુખ્ય યોગદાન છે.

(૩) ઉપરની બન્ને દશામાં છેવટે આત્મદ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્ય પોતપોતાના સ્વભાવમાં જ પરિણમે છે, જો કે બન્ને દ્રવ્યોમાં વૈભાવિક શક્તિ રહેલી છે. ✷✷✷

'સૌરભ', ૫૬૩, આનંદવન સોસાયટી, બી/એચ, નવયુગ સ્કૂલ, ન્યુ સામા રોડ, વડોદરા-૩૯૦૦૦૨. (ગુજરાત). ફોન : ૦૨૬૫-૨૭૯૫૪૩૯.

**ભૂલ સુધાર**

૧૬ એપ્રિલ, ૨૦૦૯માં 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં પ્રગટ થયેલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ૨૦૦૮/૨૦૦૯ માટેની કાર્યવાહક સમિતિમાં નિમંત્રિત સભ્ય તરીકે શ્રી પ્રકાશભાઈ જીવનચંદ જવેરીનું નામ સરતચૂકથી છપાયું છે, એના બદલે શ્રી પ્રકાશભાઈ જીવનચંદ કોઠારી નામ સુધારીને વાંચવું. થયેલ ક્ષતિ બદલે ક્ષમા.

# જ્ઞાનસત્ર : અધ્યાત્મ રસમાં તરબોળ થવાનો ઉત્સવ

❑ ગુણવંત બરવાળિયા

અર્હમ સ્પીરીચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેંટર આયોજિત જૈન સાહિત્ય જ્ઞાનસાત્ર-૫ તા. ૨૧ અને ૨૨ માર્ચ ૨૦૦૯ના મહારાષ્ટ્રના મુંબઈ નજીક ચીંચણી મુકામે સંપન્ન થયું.

આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજ સાહેબના મંગલાચરણથી કાર્યક્રમની શરૂઆત થઈ. પૂજ્યશ્રીએ મંગલ પ્રવચનમાં શ્રુતજ્ઞાનની ઊંડાણપૂર્વકની આરાધના કરવાનું તથા વૈવિધ્યસભર મહાન ઉપકારક જૈન સાહિત્યની સંશોધન-સંપાદન અને લેખનની પ્રવૃત્તિને વિકસાવવાની અને શ્રમણ સંસ્કૃતિના ભવ્ય વારસાને લોકો સુધી પહોંચાડવા માટે સક્રિય બની રહેવાની પ્રેરણા આપી હતી.

જ્ઞાનસત્રના ઉદ્‌ઘાટક શ્રેષ્ઠીવર્ય શ્રી ચમનલાલ વોરાએ જ્ઞાનસત્રનો શુભારંભ જાહેર કરી ભગવાન મહાવીરની વાણી પ્રગટ કરવા માટે પધારેલા વિદ્વાનોને પુરુષાર્થ કરવા વિનંતી કરી હતી.

જ્ઞાનસત્રના સંયોજક ટ્રસ્ટી ગુણવંતભાઈ બરવાળિયાએ સ્વાગત પ્રવચનમાં બધાને ખૂબ જ ઉમંગથી આવકાર્યા હતા. ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિ હોવાથી આ જ્ઞાનસત્રને તેમણે સમકિતનું આનંદપર્વ ગણાવી આમંત્રિત વિદ્વાનોના સુભગ મિલનને સહચિંતનની યાદગાર ધન્ય પ્રવૃત્તિ કહી હતી. મુનિશ્રી સંતબાલજીએ જ્યાં સાધના કરી હતી એવા પ્રાકૃતિક, રમ્ય પવિત્ર વાઈબ્રેશન્સથી સભર વાતાવરણમાં આ જ્ઞાનસત્રને અધ્યાત્મ રસમાં તરબોળ થવાની મોસમ ગણાવી હતી ને આચાર્યશ્રી પ્રદ્યુમ્નસુરિ મ.સા. તથા અજરામર સંપ્રદાયના મૌન તપસ્વી પૂ. ભાસ્કરજી સ્વામીની અભિવંદના કરી હતી.

શાસન અરુણોદય પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ તથા અધ્યાત્યોગિની પૂ. બાપજીના સુશિષ્યા પૂ. ડૉ. તરુલતાબાઈ મ.સ.જીના આશિર્વચન સંદેશાનું વાચંન યોગેશભાઈ બાવીશીએ કરેલ હતું.

પ્રમુખસ્થાનેથી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દર્શાવ્યું કે આ જ્ઞાનસત્ર જ્ઞાનયજ્ઞ છે. ધર્મ સાથે કર્મને જોડનાર આ તપોભૂમિ છે. જ્ઞાનના સાગરમાંથી ઉત્તમ જીવનમૂલ્યો પ્રગટ કરવા માટેનો પુરુષાર્થ કરવાનો વિદ્વાનોને અનુરોધ કર્યો હતો. ઉદ્‌ઘાટન પ્રવચનમાં તેઓએ 'વીરચંદ રાઘવજી ગાંધીનું જીવન અને કર્તૃત્વ' વિશે મનનીય વક્તવ્ય આપ્યું હતું.

જ્ઞાનસત્ર-૪ના નિબંધોનું ગુણવંત બરવાળિયા સંપાદિત 'જ્ઞાનધારા-૪'નું વિમોચન શ્રેષ્ઠીવર્ય શ્રી અનિલભાઈ સુતરીયાએ કર્યું હતું અને વિદ્વાનોની સભામાં ઉપસ્થિત રહેવાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

પ્રથમ બેઠકનો પ્રથમ વિભાગ ડૉ. કોકિલાબહેન શાહના અધ્યક્ષ સ્થાને અને દ્વિતીય વિભાગ કલાબેન શાહની અધ્યક્ષતામાં યોજાયો.

ડૉ. સુધાબહેન પંડ્યા (વડોદરા)એ નિર્ભિક જૈન ચિંતક વા. મો. શાહ, કાંતિભાઈ બી. શાહ (અમદાવાદ)એ મોહનલાલ દલીચંદ દેસાઈનું જૈન સાહિત્ય, ડૉ. કલાબેન શાહે અમૃતલાલ કાલીદાસ દોશીની જૈન સાહિત્ય સેવા, ડૉ. અભય દોશીએ પૂ. પુણ્યવિજયજી મ.સા.નું જૈન સાહિત્ય, ડૉ. રેખાબહેન વોરાએ આચાર્ય માનતુંગસુરિ, ડૉ. છાયાબહેન શાહ-અમદાવાદએ પ્રભુદાસ પારેખનું જીવન અને કાર્ય, ડૉ. રેણુકાબહેન પોરવાલે 'બહુમુખી પ્રતિભાવંત ભીમજી હરજીવન સુશીલ', ડૉ. પ્રફુલ રાવળ-અમદાવાદે 'જયભિખ્ખુનું જીવન કવન', સેજલબેન શાહ-મુંબઈએ 'ભોગીલાલ સાંડેસારાનું સંપાદન કાર્ય', શ્રીમતી જયશ્રીબેન દોશી-મુંબઈએ પંડિત હીરાલાલ દુગ્ગડની સાહિત્ય યાત્રા, ડૉ. જવાહર શાહ-અમદાવાદએ 'શુભ વીર વિજયજીનું પૂજા સાહિત્ય', કુ. તરલાબેન દોશીએ ધર્મક્રાંતિવીર લોંકાશાહ, પ્રવિણભાઈ શાહ-અમદાવાદે શાસન પ્રભાવક આચાર્ય નેમિસુરી મ.સા.ના જીવન કવન વિશે નિબંધો પ્રસ્તુત કર્યા હતા.

જ્ઞાનસત્રના પ્રમુખસ્થાનેથી ડૉ. કુમારપાળ દેસાઈએ વિદ્વાનોને વૈવિધ્યસભર અભ્યાસપૂર્ણ નિબંધો પ્રસ્તુત કરવા બદલ અભિનંદન આપ્યા હતા. તેમણે સુશીલના સાહિત્ય, ખારવેલના શિલાલેખો, અષ્ટાપદ તીર્થ અંગે સંશોધન વિશે અને જયભિખ્ખુના જીવનના પ્રસંગો રસમય શૈલીમાં પ્રસ્તુત કર્યા હતા.

'વર્તમાન જીવનમાં જૈન મૂલ્યોની આવશ્યકતા' વિષયની બેઠક કલકત્તાથી પધારેલ શ્રી હર્ષદભાઈ દોશીના અધ્યક્ષસ્થાને શરૂ થઈ હતી.

પૂર્વભૂમિકામાં હર્ષદભાઈએ વિષય અંગે પોતાના વિચારો જણાવ્યા હતા.

બીનાબહેન ગાંધી, ડૉ. ઉત્પલાબેન મોદી, રમેશભાઈ ગાંધી અને ડૉ. કવિન શાહ (બીલીમોરા)એ નિબંધો પ્રસ્તુત કર્યા હતા. રાત્રિ બેઠકમાં આશ્રમવાસીઓ સાથે તમામ વિદ્વાનો સર્વધર્મ પ્રાર્થનામાં જોડાયા હતા.

સંયોજક ગુણવંત બરવાળિયાએ સંતબાલજીની ગદ્ય પ્રાર્થનાનું પઠન કર્યું હતું. સૌએ તેના શબ્દો ઝીલ્યા હતા. પાંત્રીશ વર્ષ પહેલા મુનિશ્રીએ લખેલા આ શબ્દો સાંપ્રત પરિસ્થિતિમાં પણ હંમેશની પ્રાર્થનામાં સ્થાન આપવા જેવા છે તેમ કહી આ પ્રાર્થનાનું રસદર્શન કર્યું હતું.

'અહિંસાની પ્રભાવકતા' બેઠકનું અધ્યક્ષસ્થાન ડૉ. ધનવંતભાઈ શાહે સંભાળ્યું હતું.

વિદ્વાનોનો પરિચય આપવા સાથે તેમણે જૈનધર્મની અહિંસાની વર્તમાન વિશ્વની સમસ્યાના ઉકેલમાં કેટલી ઉપયોગીતા છે તેની વાત સુપેરે સમજાવી હતી. ડૉ. નલિનીબેન શાહ અને ડૉ. વર્ષાબેન શાહે આ વિષયના નિબંધો પ્રસ્તુત કર્યા હતા.

ડૉ. રસિકભાઈ મહેતાએ લોકસાહિત્યની રસલ્હાણમાં સીમંત, પુત્રજન્મ, લગ્નથી માંડીને મૃત્યુ સુધીના પ્રસંગોની લોકસાહિત્યની કૃતિઓ બુલંદ અવાજે વિશિષ્ટ શૈલીથી રજૂ કરી વાતાવરણને હળવું

અને પ્રસન્ન બનાવી દીધું હતું.

'સાંપ્રત આર્થિક મંદીની સમસ્યામાં જૈનધર્મની વાણિજ્ય દૃષ્ટિનું મહત્ત્વ' વિષયની બેઠક ડૉ. કાંતિભાઈ શાહ (અમદાવાદ)ની અધ્યક્ષતામાં યોજાઈ. શ્રી યોગેશભાઈ બાવીશી, શ્રી પ્રવીણભાઈ શાહ, નીતિબહેન ચુડગર અને શ્રી કે. આર. શાહે નિબંધો પ્રસ્તુત કર્યા હતા.

પર્યાવરણની સમસ્યાના ઉકેલમાં જૈનધર્મનું યોગદાન વિષયની બેઠકનું અધ્યક્ષસ્થાન ડૉ. અભય દોશીએ સંભાળેલ, જેમાં ડૉ. કોકિલાબેન શાહ, પારુલબેન ગાંધી (રાજકોટ), શ્રી હિંમતભાઈ શાહ, ડૉ. રમણીકભાઈ પારેખ–અમદાવાદ, શ્રીમતી રતનબેન છાડવા અને શ્રીમતી ડૉ. ધનવંતીબેન મોદીએ નિબંધો પ્રસ્તુત કર્યા હતા. ગુણવંત બરવાળિયા સંપાદિત પૂ જયંતમુનિ કૃત અરિહંત વંદનાવલીના વિવેચનોના ગ્રંથનું વિમોચન શ્રી સી. ડી. મહેતા તથા વાત્સલ્યનું અમીઝરણું ગ્રંથનું વિમોચન શ્રી ધનસુખભાઈ બાવીશીના હસ્તે કરવામાં આવેલ.

મહાત્મા ગાંધીજી, આચાર્ય વિનોબા ભાવે અને મુનિ સંતબાલજીના સર્વધર્મ સમભાવથી સર્વધર્મ ઉપાસના વિશેના વિચારોની બેઠક ડૉ. રસિકભાઈ મહેતાની અધ્યક્ષતામાં મળી જેમાં ડૉ. ગીતાબેન મહેતા, રશ્મિબેન (તરુ રિમ), શ્રી હર્ષદ મહેતા તથા કિશોરભાઈ બાટવીયા (ભાવનગર)એ નિબંધો પ્રસ્તુત કર્યા હતા.

જ્ઞાનસત્રના પ્રમુખસ્થાનેથી પ્રત્યેક વિષયોનું ઊંડાણપૂર્વકનું સંપાદન ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું હતું.

ગુણવંતભાઈ બરવાળિયાએ વિદ્વાનો, સહકાર્યકરો, પૂ. સંતોનો અને મહાવીર નગર સંસ્થાનો આભાર માન્યો હતો.

જ્ઞાનસત્રના બન્ને દિવસ સાત્ત્વિક ચિંતનની આબોહવા સર્જાઈ હતી. વિશેષ ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. ધનવંત શાહ અને ડૉ. અભય દોશીએ પ્રત્યેક બેઠકમાં ઉપસ્થિત રહી દરેકમાં ઉત્સાહ પ્રેર્યો હતો.

યોગેશભાઈ બાવીશીએ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. તમામ વિદ્વાનોનું મહાનુભાવોના હાથે સારસ્વત સન્માન કરવામાં આવેલ હતું.

પૂ. પ્રદ્યુમ્નસુરિ મ. સાહેબે બોધપ્રેરક સમાપન પ્રવચન કર્યું હતું.

વિદ્વાનોને રહેવા-જમવાની ઉત્તમ વ્યવસ્થા, હૉલ, સ્ટેજ, સાઉન્ડ, વિડીયો વિગેરેની સુંદર વ્યવસ્થા માટે શ્રી યોગેશભાઈ બાવીશી, શ્રી પ્રદીપભાઈ શાહ, શ્રી પ્રકાશભાઈ શાહ અને શ્રી સુરેશભાઈ પંચમીયાએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ✷ ✷ ✷

---

## પંથ પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

જાળવતા. કૌમાર્ય અવસ્થામાં ઝાડ પરથી પડી જવાથી દેમૂમા નાનપણથી એક પગે કાયમના માટે લંગડા બની ગયા હતા. આ ખોડના કારણે એમના લગ્ન મોટી ઉંમરના, આગળના લગ્નથી સંતાનો ધરાવતા આધેડ વયના બીજવર સાથે થયા. પરિણામ સ્વરૂપ દેમૂમાનું લગ્ન જીવન ટૂંકા ગાળામાં સમાપ્ત થઈ ગયું હતું.

દેમૂમા પછી લગભગ અઢાર વર્ષે એ જ ઘરમાં પુત્રવધૂ તરીકે પ્રવેશેલા દેવકાબાઈ માટે જીવનની વિષમતાઓ દેમૂમા કરતા જરીકે ઓછી નહોતી. દેવકાબાઈના પતિ એક પ્રમાણિક અને મર્યાદિત આવક સ્વેચ્છાએ સ્વીકારી, સંતોષી જીવન જીવનારા ઉમદા જીવ હતા. ચાર પુત્ર અને એક પુત્રીના પરિવારવાળા દેવકાબેન વર્ષો સુધી ઓરમાન સાસુ સાથે કચ્છના ગામડાના નાનકડા ઘરમાં રહ્યા. પુત્રોને એસ.એસ.સી. સુધીનો અભ્યાસ ગામડાની હાઈસ્કૂલમાં પૂર્ણ કરાવી એમને કામધંધા અર્થે મુંબઈ મોકલી આપ્યા. ધીરે ધીરે પુત્રો ધંધામાં સ્થિર થઈ સંપન્ન થયા ત્યારે દેવકાબાઈના જીવનમાં રોનક આવી.

જીવનની વિષમતાઓએ દેમૂમાના સ્વભાવમાં કડકાઈ અને થોડા પ્રમાણમાં જીદ આણી હતી, જ્યારે આનાથી ઉલટ દેવકાબાઈ સહનશીલ,નમ્ર અને ધર્મપરાયણ બન્યા હતા. દેમૂમા પોતાના સાવકા સાસુ હોવા છતાં દેવકાબાઈએ એ કારણે સાસુની સેવામાં કોઈ ઓછપ આવવા દીધી નહીં. દેવકાબાઈના બધા પુત્રો પરણી જતા એક સૂચન એવું આવ્યું કે દેમૂમા હવેથી એમના સગા દીકરા ભેગા રહે. દેમૂમાને એ માન્ય ન હતું. અને એમણે દેવકાબાઈ સાથે જ રહેવાનું પસંદ કર્યું. દેવકાબાઈએ આ નિર્ણયનો સ્વેચ્છાએ સ્વીકાર કર્યો.

એક રાતે ગરમીના ઉકળાટને કારણે હું ઘરમાં આંટા મારી રહ્યો હતો ત્યારે રાતના નવેક વાગ્યાના સુમારે મેં દેવકાબેનને સૂવા પૂર્વે એમના ઘરના બધા બારી બારણા બંધ કરતા દીઠા. આ જોઈને મેં એમને પ્રશ્ન કર્યો કે, 'તમે બારીઓ બંધ કરી રહ્યા છો. તમને ગરમી નથી થતી?' જવાબમાં એમણે કહ્યું કે, 'ગરમી તો ઘણી થાય છે પણ દેમૂમાને બારીઓ ખુલી હોય તો સતત ભય હોય છે કે ઘરમાં કોઈક ઘૂસી આવશે અને અમને મારી નાંખશે અને એના કારણે બારીઓ ખુલી રહેવા દેતા નથી. એમની ઈચ્છા વિરૂદ્ધ મારાથી બારીઓ ખુલ્લી રાખી ન શકાય.' પોતે પણ ચાર પુત્રવધૂઓના સાસુ બની ગયેલા દેવકાબાઈનું આજ્ઞા પાલન અને સાસુ પ્રત્યેનો આદરભાવ આશ્ચર્ય પમાડે એટલી ઉચ્ચ કક્ષાનો હતો. સવારમાં વહેલા ઊઠી દેવકાબાઈનું પહેલું કામ દેમૂમાને 'બેડ ટી' પથારીમાં ચહા આપવાનું. ત્યાર પછી પ્રાતઃ કર્મ પતાવી એમને ફરી એક કપ ચહા અને અનુકૂળ આવે એવો ગરમ નાસ્તો આપે. બપોરના અઢી વાગ્યાની અને રાત્રે સૂતી વખતે મળી આખા દિવસમાં ચાર–પાંચ વખત ચહા બનાવી આપે. આટલી બધી સગવડ સાચવવા છતાં દેમૂમા જરાક વાંકુ પડતા દેવકાબાઈ સંબંધીનો પોતાનો ઉકળાટ ગરમ ભાષામાં ઠાલવી દે. સામે પક્ષે દેવકાબાઈની જાણમાં આ બધું આવે; છતાં મનમાં કશું ઓછું ન આણતાં સમર્પિત ભાવે દેમૂમાની સેવા કરવાનું ચાલુ રાખે. સર્વ માટે પરમ ઉપકારી સંયુક્ત કુટુંબ પ્રથાને દેવકાબાઈ જેવા સમર્પિત આત્માઓએ જીવીત રાખી છે ✷ ✷ ✷

૪૦૯, હિંદ રાજસ્થાન બિલ્ડીંગ, દાદા સાહેબ ફાળકે રોડ, દાદર (પૂર્વ), મુંબઈ–૪૦૦ ૦૧૪.
ફોન નં. : ૨૪૧૦૪૨૨૨.

# જયભિખ્ખુ જીવનધારા : ૬

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ગુજરાતી સાહિત્યમાં નવલકથા, નવલિકા, ચરિત્ર, બાલસાહિત્ય જેવા સ્વરૂપોમાં મૂલ્યવાન પ્રદાન કરનાર સર્જક જયભિખ્ખુના જન્મશતાબ્દીના વર્ષમાં એમનું જીવનચરિત્ર અહીં પ્રસ્તુત કરીએ છીએ.. પ્રત્યેક સર્જકના ચિત્તમાં એનું બાળપણ સૌથી વધુ જડાઈ જતું હોય છે. એમના બાળપણના પ્રસંગો આલેખતું એમની જીવનકથાનું છઠ્ઠું પ્રકરણ. ]*

## મહાન દેવતાની પધરામણી

વ્યક્તિમાં બાળપણની સમગ્ર સૃષ્ટિનું કેન્દ્ર એની નિશાળ હોય છે. બાલ્યાવસ્થામાં ચિત્તમાં નિશાળનું સ્મરણ એવું જડાઈ જાય છે કે ગમે તેટલી મોટી વયે પણ પોતાની નિશાળની છબી માનસચક્ષુથી તાદૃશ કરી શકે છે. આ નિશાળ એને મિત્રો, ગુરુજનો અને જીવનનો રાહ આપે છે. વરસોડાની નિશાળ ભીખાલાલ (જયભિખ્ખુનું હુલામણું નામ)ના ચિત્તમાં એના રમણીય પ્રાકૃતિક વાતાવરણને કારણે સદાકાળ માટે વસી ગઈ. આમેય દૂધે ભરેલી રૂપાળી સાબરમતી નદીના કિનારાની ઊંચી ભેખડ પર વસેલું વરસોડા ગામ ભીખાલાલના મનમાં છવાઈ ગયું હતું. માનવીની માયા ઝંખનારા બાળકને આ ભૂમિની ગોદ વધુ વહાલસોયી લાગી. ગામનો કૂવો, ધર્મશાળા, સ્ટેશન એ સઘળાં એની બાળસૃષ્ટિના રમણીય સ્થળો બની ગયા. અહીં ફરતી વખતે એના અંતરમાં એવો મીઠો આનંદ થતો કે મન આનાથી ધરાતું નહીં, બલ્કે વારંવાર એ જગાએ રખડવા માટે પ્રેરતું હતું. હવે સ્વજનોની ખોટ એને સાલતી નહોતી, કારણ કે ગામનું પાદર, નિશાળ, પાંજરાપોળ અને સાબરમતી નદીના કોતરો એના પ્રિય સ્થાનો બની ગયાં હતાં.

વરસોડાની ભૂમિને ચાહનાર ભીખાલાલને મિત્રો કે શિક્ષકો કરતાં વધુ આકર્ષણ નિશાળની આસપાસની સૃષ્ટિએ જગાવ્યું. નિશાળના આંગણામાં નાનો એવો ફૂલબાગ હતો. ગુલાબ, મોગરો અને જાસૂદના ફૂલછોડ ઊગ્યા હતા. નિશાળના થાંભલા પર ચડીને વીંટળાયેલી જાઈ-જૂઈની વેલીઓ આ નિશાળિયાની આંખમાં અનેરી ચમક જગાવતી હતી. એના રળિયામણા આંગણામાં અને એના છાપરા પર મોર આખો દિવસ મીઠા ટહુકા કરતો રહેતો.

એની એક તરફ પારસગુંદી ઊગી હતી. નિશાળના આંગણામાં આવેલો ઘેઘૂર વડલો ભીખાલાલને સૌથી પ્રિય. એ ઘેઘૂર વડલો બળબળતા ઉનાળે મીઠો છાંયડો આપતો હતો અને છોકરાઓ નિશાળની રિસેસમાં એની નીચે પીપળી-દાવ રમીને વાતાવરણને ગજવી દેતા હતા. નિશાળના છાપરા પર વિલાયતી નળિયાં જોઈને નિશાળિયા ભીખાલાલને ભારે આશ્ચર્ય થયું હતું. કારણ એટલું જ કે છાપરા પર આવાં વિલાયતી નળિયા એણે પહેલી વાર જોયાં અને તે પણ પોતાની નિશાળ પર. આથી જીવનમાં ક્યારેય નિશાળની ગૌરવગાથાનો વિચાર કરતા ત્યારે એમને એના વિલાયતી નળિયા યાદ આવતાં હતાં. નિશાળિયા ભીખાલાલને સૌથી વધુ રોમાંચ તો બાજુમાં આવેલી નાની ધર્મશાળામાં લટાર લગાવે ત્યારે થતો. દુનિયા કેવી વૈવિધ્યમય છે અને એમાં કેવા ભાતભાતના લોક વસે છે, એને એ જિજ્ઞાસાભરી આંખે જોઈ રહેતો. આ ધર્મશાળાના આંગણામાં દૂર દૂરથી આવતા બાવાઓ ધૂણી ધખાવીને બેઠા હોય. કોઈ આડે પડખે લંબાવીને પડ્યા હોય તો કોઈ પગ પર પગ વાળીને ચલમ ફૂંકતા હોય.

ધર્મશાળાના આંગણામાં આવેલા પીંપળા અને નાની મજાની લીંબડી પાસે ફાટેલાં-તૂટેલાં વસ્ત્રોવાળાં ગરીબ બાળકો ફરતાં હોય. બાજુમાં ગુલાબી કરેણના ચારેક સરસ છોડ આંખોને આકર્ષતા હતા. આ ધર્મશાળાની પરસાળમાં બાજુના ગામોમાંથી અનાજ લેવા-વેચવા આવેલા ખેડૂતો રાતવાસો કરતા હતા.

નિશાળિયા ભીખાલાલના આકર્ષણનું કેન્દ્ર તો ધર્મશાળાની ચાર ઓરડીઓ હતી. ગામના માનવંતા મહેમાનોને અહીં ઉતારો અપાતો હતો. રાજના સલાટ આવે તો પોતાના કાફલા સાથે અહીં ઊતર્યા હોય. ગામમાં રામલીલાની મંડળી આવી હોય, ત્યારે એનો માલિક દિવસે અહીં આરામ ફરમાવતો હોય અને એની ચારે બાજુ રામલીલાવાળા દોડધામ કરતા હોય. કોઈ જમવાનું લાવતા હોય, તો કોઈ રાજા-રાણીનો ડ્રેસ સીવતા હોય.

કોઈક વાર દરબારગઢના ગોઠવાયેલા જલસા માટે આવેલી સોનપરી કે ફૂલપરી જેવી ગાનારીઓ અહીં દબદબાભેર ઊતરી હોય. એ પચરંગી હીર-ચીર ઓઢતી, પાન ચાવતી, હોકા પીતી, પાર વગરનું અત્તર વાપરતી. નિશાળિયા ભીખાલાલે 'અરેબિયન નાઈટ્સ'ની વાર્તાઓ વાંચી હતી. એ વાર્તાઓમાં હૂરના વર્ણનો આવતાં. આ ગાનારીઓને જોતાં જાણે એ હૂર પોતાના ગામમાં જીવતીજાગતી ઊતરી આવી હોય તેવું લાગતું!

આ નાનકડી ધર્મશાળા મોટી સૃષ્ટિને સમાવતી હતી. એમાં રોજ નવા નવા લોકો આવે અને નવાં નવાં દૃશ્યો જોવા મળે. નિશાળિયા ભીખાલાલને તો ભારે મજા પડવા લાગી. ઘરની દીવાલોમાં જીવનારને દુનિયા આખીની જાણકારી ધર્મશાળામાંથી મળવા લાગી. ભૂમિના પ્રેમમાં ડૂબેલા અને બાળકની મુગ્ધ આંખે કુદરતને પીતા નિશાળિયા ભીખાલાલને સાબરના કોતરોમાં ઘૂમતી વખતે નવીન સૃષ્ટિનો અનુભવ થતો. આ કોતરોમાં આવેલા જુદાં જુદાં સ્થાનોનું એને અતિ વળગણ હતું. એની કથાઓ એના મનમાં ઘૂમતી રહેતી. ક્યારેક એકલો-અટૂલો હૃદયમાં ભયની કંપારી વછૂટતી હોય, તેમ છતાં આ કોતરોમાં એ ઘૂમ્યા કરતો. કોતરોનું આકર્ષણ એવું કે મન સતત એમાં ઘૂમવા માટે આતુર રહેતું.

કોતરો પર જવાના રસ્તે પીલુડી, ગુંદી અને ચણીબોરના ઝુંડ

પડ્યાં હોય. પહોળા પટમાં સાબરમતી વિસ્તરેલી હોય. મગફળીના ખેતરો અને ચીભડાના વાડા પથરાયેલા હોય. રસ્તો એવો રળિયામણો કે આ રસ્તેથી બીજે ગામ જતાં કદી થાક ન લાગે. માત્ર એટલું જ કે કેટલાંક કોતરમાં જતાં થોડી બીક લાગતી.

ગામમાં સાપ નીકળે ત્યારે મહાજનનું જોર એટલું કે કોઈ એને મારી શકે નહીં, એટલે એને સાણસામાં પકડીને ગામના ભડવીરો સાથે છોકરાંઓનું ટોળું થોડે દૂરના કોતરમાં મૂકી આવતાં. આવા કોતરમાં જવાને બદલે નિશાળિયો ભીખાલાલ બીજો રસ્તો પસંદ કરતો.

એક વાર નિશાળિયા ભીખાલાલને એક મિત્ર મળ્યો. ગિરજા જોશી એનું નામ. એણે ભીખાલાલને કહ્યું, 'તારે રામલીલા જોવા આવવું છે?'

'ક્યાં છે?' રામલીલાનું નામ સાંભળતાં નિશાળિયાનું મન નાચી ઊઠ્યું.

'અંબોડ ગામમાં.'

બે ગોઠિયા વાતો કરતા હતા ત્યાંથી અંબોડ ગામ બે ગાઉ દૂર હતું, પણ સૂર્યનારાયણ ધીરે ધીરે અસ્તાચળ પર જઈ રહ્યા હતા. આ અંબોડ ગામ જવાના બે રસ્તા હતા. લાંબા રસ્તે જાય તો તો રાત પડી જાય અને અડધી રામલીલા પૂરી થઈ ગઈ હોય. વળી રસ્તો એટલો લાંબો કે અર્ધા રસ્તા સુધી ચાલતાં તો સાવ થાકી જવાય. જે ટૂંકો રસ્તો હતો તે એવા કોતરમાંથી જતો હતો કે જ્યાં સાપ પકડીને છોડી દેવાતા હતા. આમ, લાંબે રસ્તે જવું શક્ય નહોતું અને ટૂંકા રસ્તે ભય હતો. કરવું શું? વળી ઘેર જાણ પણ કરવી પડે. પગમાં જોડાં નહોતા એટલે પહેરવાં પડે અને એથીય વધુ રામલીલાની આરતીમાં નાખવા માટે પાઈ કે પૈસો પણ આંટીએ ચડાવી લેવો પડે.

રામલીલાની મજા જ એ કે રાય અને રંક સહુ સાથે જુએ. પહેલાં પૈસા પછી ખેલ એવું નહીં, પરંતુ ખેલ ગમે તો કોઈ રામલીલા-વાળાઓને જમાડે, દક્ષિણા આપે અને વસ્ત્ર–પાત્ર પણ આપે. વળી આવું કરી ન શકે એ આરતીમાં પાઈ–પૈસો નાખે. કોઈ નાંખે કે ન નાંખે એનીય રામલીલાવાળા ફિકર કરે નહીં. નાખે તોય વાહવાહ અને ન નાખે તોય વાહવાહ. રામલીલા જોવા માટે ભીખાલાલને અપરંપાર મુશ્કેલીઓનો ઉકેલ શોધવો પડે તેમ હતું. એક તો ઘેર જવું, જમવું અને પછી રામલીલા જોવા માટે રજા માગવી અને એની આરતીમાં નાખવા માટે પૈસો માગવો. આ બધા કોઠા ભેદતાં ઘણો સમય થઈ જાય. આવી કપરી પળોમાં મદદ કરે તે મિત્ર. ગિરજો જોશી મૂંઝાયેલા મિત્રની વહારે આવ્યો.

એણે કહ્યું, 'જો, ઘેર જઈને આ બધી માથાકૂટ કરવાની કશી જરૂર નથી. મારા જોડાં તને આપી દઈશ અને નાસ્તો મારા ગજવામાં તૈયાર છે.' આમ કહીને ગિરજાએ તાજા પાડેલા આંબલીના કાતરા, મરચાં–મીઠાંનું પડીકું અને ગફુર વહોરાની દુકાનના શેકેલા દાળિયા કાઢ્યા. ગફુર વહોરાની દુકાનના બોર જેવા મોટા શેકેલા દાળિયાની મીઠાશ જુદી અને એમાંથી મળતી તાકાતની તો શી વાત થાય?

બે ગોઠિયાઓએ સાબરમતીનાં કોતરોમાં જ આસન જમાવીને વાળુ (સાંજનું ભોજન) શરૂ કર્યું. મોંમાં દાળિયા ફાકતા ગિરજાએ કહ્યું, 'જો, તારે ઘેર જાણ કરવાની પણ જરૂર નથી. હું તારા ઘેર થઈને આવ્યો છું અને કહેતો આવ્યો છું કે રાત્રે લેશન કરવા બેસવાના છીએ. મોડું થશે તો તું મારે ત્યાં સૂઈ રહીશ, એમ કહ્યું.'

નિશાળિયો ભીખાલાલ તો પોતાના વર્ગના આ વિદ્યાર્થીની અગમબુદ્ધિ પર વારી ગયો. એણે અગમબુદ્ધિ વાણિયાની વાત સાંભળી હતી. પણ થયું કે આ ગિરજો બ્રાહ્મણ તો ભલભલા વાણિયાને આંટે એવો છે. વળી ભીખાલાલનું મન વિચારે ચડ્યું કે ગમે તેમ તોય ગિરજો મારાથી એક વર્ષ નાનો છે, હું મોટો કહેવાઉં. આથી ભીખાલાલે જરા મુરબ્બીવટ દાખવતાં કહ્યું, 'અરે, તું તો જુઠ્ઠું બોલ્યો કહેવાય! તને ભારે પાપ લાગ્યું!'

ગિરજા પાસે જવાબ તૈયાર હતો. એણે કહ્યું, 'આ પાપ સામે ભગવાન પાસે મેં ક્યારનુંય પુણ્ય જમા કરાવી દીધું છે. પરમ દિવસે એક ડાઘિયા કૂતરાએ ખિસકોલીને મોંમાં પકડી. બધા એને જોઈ રહ્યા, ત્યારે એ ડાઘિયા કૂતરાના જમના મુખ જેવા ડાચાને પકડીને મેં ખિસકોલીને બચાવી હતી. હવે કહે, હું જુઠ્ઠું બોલ્યો એનું પાપ મારા ઉધાર ખાતે લખાશે તો ખિસકોલીનો જીવ બચાવ્યો એનું પુણ્ય પણ ભગવાન જમે કરશે ને! તું જ કહે, આ જમા–ઉધારમાં કયું પલ્લું નીચું નમશે?'

નિશાળિયો ભીખાલાલ નિરુત્તર થઈ ગયો. વાળુ પતી ગયું. સામે સૂરજ ધીરે ધીરે ઢળી રહ્યો હતો. રામજી મંદિરના શંખના સ્વર સંભળાતા હતા. ગામ પર અંધારપટ બિછાતો જતો હતો, ત્યારે ગિરજાએ કહ્યું, 'લે, આ જોડાં પહેરી લે.'

'ના, નથી પહેરવાં. તું પહેરી રાખ.'

'ના ભાઈ ના, એ તો હવે તારે જ પહેરવાનાં. કોણ કોને લઈ જાય છે? મારા કહેવાથી તું આવે છે. હું તને લઈ જાઉં છું. માટે મારે તને જાળવવો જોઈએ.'

'એ વાત સાચી. પણ આ કેમ બને? હું તારાથી મોટો ખરો ને! તું ઉઘાડા પગે ચાલે ને હું જોડાં પહેરીને ચાલું તે સારું લાગે!'

બે મિત્રો વચ્ચે ખૂબ રકઝક થઈ. ભરત રામને ગાદી પર બેસવાનું કહે અને રામ ભરતને કહે એવો સવાલ ઊભો થયો. પોતાનાથી નાનો ગિરજો ખુલ્લા પગે રહે અને પોતે જોડાં પહેરે તે નિશાળિયા ભીખાલાલને ગમતું નહોતું. ગિરજો એમ માનતો કે ભીખાલાલે મારું વેણ રાખ્યું તો એની રાખ–રખાપત મારે કરવી જોઈએ. આખરે જોડાં હાથમાં રાખી બંને મિત્રોએ હાથના આંકડા ભીડ્યા અને આગળ વધવા લાગ્યા.

ગિરજાએ કહ્યું, 'દોસ્ત, બને એટલી ઝડપ કર. બરાબર ઝપાટો લગાવ. જો વહેલા પહોંચીશું તો રામલીલામાં આગળ બેસવાનું મળશે અને જોવાની ભારે મજા આવશે.'

બંને મિત્રોએ હાથના આંકડા ભીડીને ઝપાટો લગાવ્યો. કોતરમાં કૂદતાં–ઠેકતાં આગળ ચાલવા લાગ્યા. થોડું અંધારું થયું. બોરડીના ઝુંડમાં પાકાં બોર ખાવા પેઠેલાં શિયાળિયાં આ ગોઠિયાઓને જોઈને નાસભાગ કરતાં હતાં. સાબરનાં ઊંચાં અને ઊંડાં કોતરો વચ્ચે

એક પગદંડી ચાલી જતી હતી. મખમલ જેવી રેતી પર આ બે મિત્રો ઝડપભેર દોડવા લાગ્યા.

અડધાથી વધુ મજલ કાપી નાખી હતી. પણ હવે પેલા સર્પવાળા કોતરમાં આવી પહોંચ્યા. એનો એક ખેતરવા જેટલો આ ભયાવહ માર્ગ કાપવો ભીખાલાલને અતિ મુશ્કેલ લાગતો હતો. ભીખાલાલની આંખો ચકળ-વકળ થવા લાગી. ક્યાંય સર્પ નથી ને! એ ઝીણી નજરે ચારે બાજુ જોતાં હતાં. પગ જાણે વજનદાર થઈ ગયા હોય તેમ લગાતું હતું અને શ્વાસ ધમણની પેઠે હાંફતો હતો. કંઈ દોરડી જેવું દેખાય કે પોદળો પડ્યો હોય, તો પણ ચમકી જાય. ગિરજાને બીક લાગતી હતી, પરંતુ એ ભીખા જેટલો ડરતો નહોતો

બીકના ભારથી દબાયેલા હૃદયે ભીખાએ પૂછ્યું, 'ગિરજા, નોળિયા પકડી શકાતા હશે?'

'હા.'

સર્પવાલા કોઠામાં આવેલા નિશાળિયા ભીખાલાલે કહ્યું, 'બોડા મુખીના ખેતરમાં નોળિયા ખૂબ છે. પંદરવીસ અહીં લાવીને છોડી દીધા હોય તો 'મોટા જીવ'નો જરાય ડર લાગે નહીં.'

ઘરડાં ડોશીમાઓએ ભીખાલાલને કહ્યું હતું કે રાત્રે કદી સાપનું નામ ન લેવાય. જો ક્વચિત્ લેવું પડે તો 'મોટો જીવ' એમ કહેવું. બંને મિત્રો સાપનું નામ અધ્યાહાર રાખીને વાત કરવા લાગ્યા.

ભીખાલાલની વાત સાંભળીને ગિરજો ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, 'હાથે ન મારવા અને બીજા પાસે મરાવવા – ખરું ને અલ્યા, વાણિયાભાઈ!'

નિશાળિયા ભીખાલાલે વાતને વાળી લેતાં કહ્યું, 'હું તો એ માટે કહું છું કે એ કોઈના પગમાં ન આવે, પોતાના દરમાં પડ્યા રહે. કોઈ એને મારી ન નાખે.'

વાહ રે પરગજુ.' આમ બોલીને ગિરજો મોટેથી હસ્યો. ભયભીત ભીખાલાલને આ હાસ્ય અપમાનજનક લાગ્યું. એણે ગિરજાનો હાથ છોડી દીધો એટલે ગિરજાએ કહ્યું,

'અરે દોસ્ત, આટલી વાતમાં આવું ખોટું લાગી ગયું? દોસ્તીમાં ખોટું લગાડવાનું ન હોય. મન મોટું રાખીએ તો જ મિત્રતા ટકે.'

અરે ગિરજાએ ભીખાલાલનો હાથ ખેંચી જોરથી આંકડા ભીડ્યા અને વાતવાતમાં સર્પવાળો કોઠો પાર કરી ગયા. અંબોળ ગામની નજીકમાં આવ્યા ત્યારે રામલીલાની ભૂંગળો સંભળાઈ રહી હતી.

(ક્રમશઃ)

***

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

# શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૭

### ❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ

**સપ્તમ અધ્યાય : શિક્ષા યોગ**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં સાતમો અધ્યાય 'શિક્ષા યોગ' છે. તેની શ્લોક સંખ્યા ૫૩ છે.

જૈન ધર્મમાં શિક્ષણ, સાહિત્યનું પ્રાધાન્ય નિહાળવા મળે છે. જૈન ધર્મ જ્ઞાનની પણ પૂજા કરે છે. વિશ્વમાં જૈનધર્મ એક માત્ર એવો ધર્મ છે કે જેણે 'જ્ઞાન'ને પોતાના સર્વોચ્ચ નવપદમાં સ્થાન આપ્યું છે, પૂજા કરી છે અને જ્ઞાનભક્તિને ધર્મ માન્યો છે. આ એક વિરલ ઘટના ગણવી જોઈએ. જૈનધર્મનું એક વિશિષ્ટ કથન છે કે જ્ઞાન ભણવું જેમ મહત્ત્વપૂર્ણ છે તેમ સ્વાધ્યાય કરવો તે પણ ઉત્તમ છે. સ્વાધ્યાયથી અનંતા ભવથી બંધાયેલા પાપકર્મનો નાશ થઈ જાય છે! જ્ઞાનના આવા અભૂતપૂર્વ મહિમાને કારણે જૈનસંઘમાં વિપુલ સાહિત્ય સચવાયું, વિપુલ સાહિત્ય સર્જન પામ્યું અને વિપુલ સંખ્યામાં વિદ્વાનો આ દેશ વિશ્વને સાંપડ્યા તેમ કહી શકાય. નૂતન વર્ષનો પ્રારંભ થયા પછી જૈનો કાર્તકી પાંચમને જ્ઞાન પાંચમ તરીકે મનાવે છે અને તેનાથી વાર્ષિક પર્વારંભ કરે છે! એવું કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી કે જૈનધર્મે વિશ્વને જ્ઞાન પાંચમ તરીકે 'સ્ટડી ડે' આપ્યો છે!

યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી શિક્ષણને ખૂબ મહત્ત્વ આપતા હતા. તેઓ સ્વયં વિરલ અભ્યાસી હતા તેમ શિક્ષણ માટે સદાય ઉપદેશ પણ આપતા હતા. તેમણે અનેક શાળા, બોર્ડીંગ, ગુરુકુળ, વાંચનાલય, જ્ઞાનપ્રસારક મંડળની સ્થાપના કરાવેલી જેમાંથી અનેક સંસ્થા અદ્યાપિ સુંદર રીતે ચાલે છે!

માનવ જીવનના વિકાસ માટે શિક્ષણ અને આત્મકલ્યાણ માટે ધર્મજ્ઞાન વિના ન ચાલે. વર્તમાન વિજ્ઞાને જે અદ્ભુત સિદ્ધિઓ મેળવી છે તેની ઉપેક્ષા ન કરી શકાય. આજની દુનિયા સાવ નાની થઈ ગઈ છે. કેમકે સંવાદ-Communication-ના સાધનો ખૂબ વધ્યાં છે. માનવી પોતાના દિમાગ કરતાં વધુ મદદ વિજ્ઞાન પાસેથી મેળવે છે. આધુનિક દવાઓ અને વાઢકાપ alopathy and surgery હરણફાળ ભરીને આગળ વધે છે, એજ રીતે આયુર્વેદ અને યોગવિજ્ઞાને ઝડપી વિકાસ સિદ્ધ કરવો જોઈએ. આધુનિકને જ્યાં સુધી પરંપરા સાથે જોડવામાં ન આવે ત્યાં સુધી વિકાસની નવી ક્ષિતિજો વિસ્તરતી નથી. ધર્મ પોતે જ એક સંપૂર્ણ વિજ્ઞાન છે. પરંતુ તેની માર્મિકતાને ઉજાગર કરવા માટે આધુનિક સંદર્ભ જોડવો તો પડે જ.

'શ્રી જૈન મહાવીર ગીતા'ના સાતમા અધ્યાય 'શિક્ષાયોગ'માં શિક્ષણ માટે જે દિશાનિર્દેશ મળે છે તે ખૂબ મહત્ત્વપૂર્ણ, આધુનિક અને માર્મિક છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી પોતાના સ્વાનુભવનો નીચોડ આ પ્રકરણમાં મૂકી રહ્યાં છે તેવું લાગે છે.

'શિક્ષા યોગ'નો પ્રારંભ આમ થાય છેઃ

शिक्षायोगो महायोगः सर्वयोगप्रकाशकः।

शिक्षणं सर्वयोगानां शिक्षायोगं सतां गुरुः।।

(શિક્ષાયોગ, શ્લોક ૧)

**'શિક્ષાયોગ મહાયોગ છે, તે સર્વયોગનો પ્રકાશક છે. સર્વયોગના શિક્ષણને શિક્ષાયોગ કહે છે. શિક્ષા યોગ સજ્જનોનો ગુરુ છે.'**

'શ્રી જૈન મહાવીર ગીતા' ભગવાન મહાવીર પોતાના શ્રીમુખે શ્રી ગૌતમસ્વામી વગેરેના પૂછવાથી કહે છે તે મુજબ અહીં આ અધ્યાયનો પ્રારંભ થાય છે. પ્રથમ શ્લોકમાં જ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી શિક્ષાયોગને જ 'મહાયોગ' કહે છે. તેનું માર્મિક સંવેદન ઘણું ઊંડું છે. આપણે જે જોઈએ છીએ, જાણીએ છીએ, અનુભવીએ છીએ તેનાથી પણ અનેક ઘણું વધુ રોચક, રોમાંચક આ વિશ્વ છે અને તેનાથી પણ વધુ અલૌકિક, અદ્‌ભુત આપણી જાણ બહારનું વિશ્વ છે. તેને જાણવાની તત્પરતા, તે માટેનો પ્રચંડ પુરુષાર્થ એ જેવી તેવી વાત નથી. એ પાઠશાળાનો વિદ્યાર્થી જે શિક્ષા પ્રાપ્ત કરવા માટેનો યોગ પ્રારંભ કરે છે તે સ્વયં મહાયોગ છે. સર્વ જ્ઞાનની ક્ષિતિજો ખોલનારો એ મહાયોગ છે. આ શિક્ષાયોગ સજ્જનોનો ગુરુ જ છે કેમકે તેને તો પળભર પણ આ વિદ્યા વિના નહિ ચાલે.

શિક્ષણ કેવું આપવું જોઈએ? શિક્ષણ માટે તમામ આધુનિક સાધનો અપનાવવા જોઈએ, બોંતેર કળાઓ – એટલે કે બધું જ શિક્ષણ–શીખવવું જોઇએ, તે માટે તમામ વ્યવસ્થા ખડી કરવી જોઈએ વગેરે નિર્દેશ નીચેના શ્લોકમાંથી મળે છેઃ

**'મારા ભક્તો, ગૃહસ્થો, ત્યાગીઓ અને મારા આપ્તજનોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર શિક્ષણ આપવું જોઈએ.'**

**'બોંતેર કે ચોસઠ કળાની શિક્ષા માટે યુક્તિપૂર્વક (આયોજનપૂર્વક) સર્વ શક્તિ સજ્જનોએ અર્પણ કરવી જોઇએ.'**

**'પુત્રો અને પુત્રીઓના સ્વરક્ષણ માટે વ્યાયામ વગેરેનું શિક્ષણ પણ આપવું જોઈએ. તે સંઘના અસ્તિત્વનું પણ રક્ષણ કરે છે.'**

**'શ્રેષ્ઠ એવા બ્રહ્મચર્યાશ્રમની સ્થાપના કરવી જોઈએ અને બ્રહ્મચર્યની રક્ષા માટે ઉત્તમ જીવન જીવવું જોઈએ.'**

**'સંઘ, ધર્મ અને સમાજના સ્વાતંત્ર્યના રક્ષણ માટે જે શિક્ષણ યોગ્ય હોય તે આપવું જોઈએ.'**

(શિક્ષાયોગ, શ્લોક ૩, ૪, ૫, ૬, ૭)

જીવનની ઉન્નતિ માટે શિક્ષિત હોવું જરૂરી છે તેટલું જ શરીર મજબૂત હોવું, મન સંસ્કારી હોવું જરૂરી છે. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી જે સમયમાં વિદ્યમાન હતા તે એક રૂઢિચુસ્ત સમાજ હતો, તે સમયમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર શિક્ષણ પદ્ધતિ અપનાવવી, પુત્ર–પુત્રીઓને વ્યાયામ શીખવવો તથા ઉત્તમ બ્રહ્મચર્યાશ્રમની સ્થાપના કરવાનું કહેવું વગેરે ક્રાંતિકારી ઘટના હતી. વર્તમાન સમયમાં યુવક–યુવતીઓમાં ટી.વી., ઈન્ટરનેટ અને અમર્યાદ વ્યસનના કારણે સંસ્કારનો જ શતમુખી અધોપાત નિહાળવા મળે છે ત્યારે બ્રહ્મચર્યાશ્રમની વાત કેવી પ્રેરક બની રહે છે!

પાઠશાળાની ઉત્તમ પ્રવૃત્તિના કારણે જૈનસંઘમાં આજે પણ ધર્મશિક્ષા જીવંત છે અને પાઠશાળાના કારણે આપણે અનેક સચ્ચારિત્ર્યવંત સાધુ–સાધ્વીજીને મેળવી શક્યા છીએ. પાઠશાળા જૈન સંઘની ધરોહર મજબૂત અને સક્ષમ બનાવે છે. એ માટેની પ્રેરણા જુઓ : **'જેનાથી મારામાં શ્રદ્ધા ઉત્પન્ન થાય તે શ્રેષ્ઠ શિક્ષણ છે. આવું સર્વ શક્તિદાયક શિક્ષણ બાળકો, યુવાનો, વૃદ્ધો વગેરે સૌને આપવું જોઈએ. મહાજનોએ ધર્મ, સંઘ, સમાજ, વગેરેના અસ્તિત્વ માટે સર્વની ઉન્નતિમાં સહાયક એવું (જૈન) ધર્મનું શિક્ષણ સૌને આપવું જોઈએ.** (શિક્ષાયોગ, શ્લોક ૮, ૯) શિક્ષણ અનેક લાભ આપે છે તે સર્વવિદિત છે. શિક્ષિત વ્યક્તિ સર્વત્ર પોતાનો પંથ ઉભો કરી શકે છે. આ માટેનો નિર્દેશ જુઓઃ **'જે મહાજનો પ્રાણાન્તે પણ શિક્ષાકાર્ય છોડતા નથી તેઓ દુષ્ટો દ્વારા થતી કોઈપણ પ્રવૃત્તિના કારણે પણ કદીય પરતંત્ર થતા નથી.** (શિક્ષાયોગ, શ્લોક ૧૫).

શિક્ષણથી સાર–અસારની દૃષ્ટિ મળે છે. શિક્ષણથી વિવેકદૃષ્ટિ–હંસદૃષ્ટિ પ્રાપ્ત થાય છે અને શિક્ષણથી જ શ્રદ્ધા દૃઢ બને છે. શ્રદ્ધાની ધરોહર મજબૂત ન હોય તો તમે ક્યાંય આગળ વધી શકતા નથી. ભગવાન મહાવીરના સમયમાં થયેલી સુલસા શ્રાવિકાને યાદ કરવી જોઈએ. અંબડ શ્રાવકે તેને પારખવા માટે વિધવિધ દેવતાઓના રૂપ ધારણ કરેલા પણ તેનું સમ્યક્ત્વ એટલું દૃઢ હતું કે સુલસા શ્રાવિકા ચલિત ન થઈ. આ જ્ઞાન, આ શ્રદ્ધા ઉંડી ધર્મશિક્ષામાંથી આવે છે. **'શિક્ષાયોગ'**માંથી આ ઉલ્લેખ જોઈએ :

**'મેં કહેલ સર્વશિક્ષાઓમાં ગુપ્ત રીતે વિરોધ કરનારાઓ જો સત્યના આભાસનો ઉપદેશ આપે તો પણ તે મોહ પામતો નથી.'**

(શ્લોક, ૧૬)

**'મેં કહેલ સર્વ શિક્ષાઓમાં મારા લોકો વિશ્વાસ રાખે છે અને તેમાં કદી તેઓ શંકા કરતા નથી. તેઓ વેગપૂર્વક ઉન્નતિ કરે છે.**

(શ્લોક, ૧૭)

**'ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું શિક્ષણ ક્રમ પ્રમાણે મારા લોકોએ હંમેશાં બધી રીતે ગ્રહણ કરવું જોઈએ. તેનાથી જૈન ધર્મનો પ્રસાર થાય છે.'** (શ્લોક, ૨૦)

**'વિવેક પૂર્વક સ્વદેશ અને પરદેશમાં વિદ્યાપીઠ વગેરેની સ્થાપના કરવી જોઈએ, અને તેમાં મારા ભક્તોએ દક્ષ બનીને કાર્ય કરવું જોઇએ.'** (શ્લોક, ૨૨)

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી હંમેશાં માનતા હતા કે જૈન ગુરુકુળોની સ્થાપના ઠેર ઠેર કરવી જોઈએ. ધર્મશિક્ષા કોઈ શુષ્ક ઘટના નથી પણ ધર્મજ્ઞાનથી વ્યક્તિત્વનો સર્વરૂપેણ વિકાસ થાય છે. જૈન શ્રેષ્ઠિઓએ સેંકડો વર્ષોથી દેશ–વિદેશમાં પોતાની વ્યવહાર-કુશળતાથી જે પ્રભાવ પાડ્યો છે તે અવિસ્મરણીય છે. જૈન ધર્મે સદાય ઉદારતા, સહિષ્ણુતા, દયા, પરોપકારના જે પાયામાંથી ગુણ શીખવ્યા છે તે સંસ્કારશિક્ષાનો વ્યાપક પ્રભાવ જૈનોએ નિર્માણ

કરેલી અસંખ્ય પરોપકારી પ્રવૃત્તિમાં જોવા મળે છે. પં. સુખલાલજી કહેતા કે ગુજરાતમાં આજે જે જીવદયાની ભાવના જોવા મળે છે તેના મૂળમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને જગદ્‌ગુરૂ વિજય હીરસૂરિજીની પ્રેરણા જ નિમિત્ત છે. જૈનો સ્થાપત્ય, કલા, શિક્ષણ, આરોગ્ય, પાંજરાપોળ ઈત્યાદિ તમામ પ્રવૃત્તિમાં ભાગ લે છે કેમકે જૈનમુનિઓ નિરંતર શીખવે છે કે આ કાર્યો કરવા જેવા છે અને તેનાથી સદ્‌ગતિ મળે છે. આ શિક્ષણનો જ આ પ્રભાવ છે. પરોપકારના તમામ શુભકાર્યો એ તો ઉત્તમ શિક્ષણની શ્રેષ્ઠ ફલશ્રુતિ છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની પ્રેરક પંક્તિઓ યાદ કરવા જેવી છેઃ

**ખરી છે એ પ્રભુ મળવાની નિશાની**
**ભૂખ્યાંને ભોજન, તરસ્યાંને પાણી**
**બોલો મીઠી વાણી**
**ઉંચ–નીચના ભેદ ગણ્યાં વિણ**
**કરો ઉપકાર કમાણી**
**ખરી છે એ પ્રભુ મળવાની નિશાની**

વિદ્યાની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ શું આપે છે? વિદ્યાથી શું શું મળે છે તેનો નિર્દેશ 'શિક્ષાયોગ'માં આમ જોવા મળે છેઃ **'વિદ્યાના બળથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તત્ત્વજ્ઞાનથી મારી પ્રાપ્તિ થાય છે અને મારી પ્રાપ્તિથી કર્મનો નાશ થાય છે.'** (શ્લોક, ૨૩)

જેમ શિક્ષણનું મૂલ્ય છે તેમ શિક્ષક પણ ગુણવાન હોવો જોઈએ. આજકાલ શિક્ષકો શાળા કે કૉલેજમાં નહિ પણ ટ્યૂશનમાં વધુ શીખાશે તેમ કહીને પૈસા પડાવવામાં વધુ વ્યસ્ત જોવા મળે છે. કોઈપણ જાતની તૈયારી – home work – વિના વર્ગમાં જતો શિક્ષક કે ટ્યૂશનમાં જ ઓતપ્રોત રહેતો શિક્ષક કે વિદ્યાર્થીને કૂમાર્ગે ચડાવતો શિક્ષક સમાજને કલ્પનાતીત નુકશાન કરે છે. ભાવનાની દુનિયામાં વિહરતો વિદ્યાર્થી નિર્દોષ, અણસમજુ અને દુનિયાદારીના ભાન વિનાનો હોવાથી તેને ગમે તેવા રૂપ આપી શકાય છે. એ તકનો લાભ ઉઠાવીને શિક્ષણના નામે શિક્ષક તેને ઉન્માર્ગે ચઢાવે, શોષણ કરે તેના જેવી હીન ઘટના કઈ હોઈ શકે? 'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'શિક્ષયોગ'માં વાંચો :

**'દુષ્ટ આશયવાળા, શઠ, વિધર્મી શિક્ષકો ત્યજવા જોઈએ. મારા ભક્ત શિક્ષકોને (તૈયાર કરવા જોઈએ અને) સ્વીકારવા જોઈએ અને તેમને ધન ઈત્યાદિ આપીને પૂજવા જોઈએ.'** (શ્લોક, ૩૫)

વિદ્યાદાન એ મોટું દાન છે. એક દાનવીર ભાઈને હું જાણું છું. એ કોઈપણ નાના ગામડામાં જઈને ગરીબ તથા નિરાધાર બાળકોની સ્કૂલની ફી ભરી આવે છે અને કોઈને જાણ પણ થવા દેતા નથી. વર્ષોથી આમ કરે છે. એમના મનમાં આ કાર્યનો ખૂબ સંતોષ પણ છે. પોતાના સત્કાર્યમાંથી જે સંતોષની સુગંધ પામે તે ખૂબ સુખી હોય છે. એ ભાઈ બહુ મોટા શ્રીમંત નથી પણ પોતાને દુનિયાના સૌથી સુખી માણસ ગણે છે. સત્કાર્યની કેવી વિરલ પ્રાપ્તિ!

'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'શિક્ષાયોગ'માં સતત શિક્ષણ અને શિક્ષાદાનની પ્રવૃત્તિને વેગ મળે, તેનાથી જીવન અને આત્માની ઉન્નતિ સાંપડે, સમાજનો વિકાસ થાય તેનો ઉપદેશ નિહાળવા મળે છે.

થોડાંક શ્લોકાર્થ જોઈએ :

**વિદ્વાનોએ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ વગેરેની છત્રછાયામાં રહીને મારા ધર્મ અને શાસ્ત્રની શિક્ષા મેળવવી જોઈએ.'** (ગાથા, ૩૯)

**'શિક્ષણમાં હંમેશાં ધાર્મિક જ્ઞાન શ્રેષ્ઠ છે. અશાંતિ, કલેશ, દુઃખ આપનાર અધાર્મિક શિક્ષણ છોડવું જોઈએ.'** (ગાથા, ૪૩)

**'હંમેશાં જૈન સંઘની ઉન્નતિ થાય એવી શિક્ષણ પ્રવૃત્તિ વિકસાવવી જોઈએ. મારા વચનોમાં કદી જૈનોએ શંકા કરવી જોઈએ નહિં.'** (ગાથા, ૪૪)

**'મોહ કરવો જોઈએ નહિ. મોહને કારણે જેઓ મારા વચનોમાં આશંકા (અથવા પાલનમાં આળસ) કરે છે તેઓની આત્મશક્તિ હણાઈ જાય છે.'** (ગાથા, ૪૬)

**'મારો ભક્ત પૂર્ણ ધન વાપરીને સર્વથા યોગ્ય એવા પ્રબંધકો (વ્યવસ્થાપકો) સાથે રાખીને તીર્થસ્થાનોમાં વિદ્યાપીઠની સ્થાપના કરે, તેમ કરવું જોઈએ.** (ગાથા, ૪૮)

**'સર્વજાતિના શિક્ષણમાં મારા–તારાનો ભેદ કરવો ન જોઈએ. યોગ્ય વ્યક્તિને યોગ્યવિદ્યાનું દાન વિદ્વાનોએ જરૂર કરવું જોઇએ.'** (ગાથા, ૪૯)

**'પરતંત્ર અને નિરાધાર બાળકોને માટે યોગ્ય શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ. એમ કરવાથી મારી પ્રાપ્તિ થાય છે.'** (ગાથા, ૫૦)

**'મારા ભક્તોએ હંમેશાં મેઘ, વૃક્ષ, નદી, સૂર્ય વગેરેની જેમ ઉદારતાથી, છૂટા હાથે ધન ઈત્યાદિનું દાન કરવું જોઈએ.'** (ગાથા, ૫૧)

શિક્ષણ સમયાતીત ધર્મ છે.

શિક્ષણથી જીવનનું સંપૂર્ણ, સાંગોપાંગ ઘડતર થાય છે. વિદ્યા વ્યક્તિને માનવ બનાવે છે. વિદ્યા માનવીને મહાન બનાવે છે. વિદ્યા માનવીને મોક્ષ પ્રાપ્તિ કરાવે છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'શિક્ષાયોગ'નું આલેખન કરીને પોતાની વિશાળ ક્રાન્ત દૃષ્ટિનો પરિચય તો કરાવે જ છે પણ સાથોસાથ જૈન સંઘ અને સર્વ ઉત્તમના અનુરાગીઓને એક સમ્યક્‌જ્ઞાનના પંથે મૂકીને વર્તમાન સમયની અનિવાર્ય જરૂરત પર ભાર મૂકે છે, એ માર્ગે ચાલવા સૌને પ્રેરણા કરે છે. હમણાં જ ક્યાંક વાંચ્યું કે જીવન એક કોરું કેનવાસ છે. જીવનમાં સંસ્કારના અક્ષર પડતાં રહે છે અને આ જીવન આ જ રીતે કોઈ બુદ્ધ, કોઈ કબીર, કોઈ કૃષ્ણ, કોઈ મહાવીર થઈ જાય છે! **(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ, જૈન ઉપાશ્રય,
૭, રૂપ માધુરી સોસાયટી, સંઘવીના રેલ્વે ક્રોસીંગ પાસે,
નારણપુરા,અમદાવાદ–૩૮૦૦૧૩.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(એપ્રિલ ૨૦૦૯ના અંકથી આગળ)

૫૪૮. પુરુષ (દેવ) : વ્યંતરનિકાયના કિંપુરુષ નામના દેવોમાંના એક દેવનો પ્રકાર છે.
व्यंतरनिकाय के किंपुरुष नाम के देवोमें से एक देव का प्रकार।
One of the subtype of Kinpursura type of Vyantaras god.

૫૪૯. પુરુષવૃષભ : વ્યંતરનિકાયના કિંપુરુષ નામના દેવોમાંના એક દેવનો પ્રકાર છે.
व्यंतरनिकाय के किंपुरुष नाम के देवोमें से एक देव का प्रकार।
One of the subtype of Kinpursura type of Vyantara-nikaya god.

૫૫૦. પુરુષોત્તમદેવ : વ્યંતરનિકાયના કિંપુરુષ નામના દેવોમાંના એક દેવનો પ્રકાર છે.
व्यंतरनिकाय के किंपुरुष नाम के देवोमें से एक देव का प्रकार।
One of the subtype of Kinpursura type of Vyantara-nikaya god.

૫૫૧. પુલાક : મૂલ ગુણ અને ઉત્તર ગુણમાં પરિપૂર્ણતા પ્રાપ્ત ન કર્યા છતાં વીતરાગપ્રણીત આગમથી કદી પણ ચલિત ન થાય, તે 'પુલાક નિર્ગ્રંથ'.
मूलगुण तथा उत्तरगुण में परिपूर्णता प्राप्त न करते भी वीतराग प्रणीत आगम से कभी अस्थिर न होनेवाला पुलाक निर्ग्रन्थ है ।
He who has not yet developed full proficiency in the basic and derivative virtues of a monk but who never wavers in his faith in the scriptures composed by the personages devoid of passion – he is called Pulaka.

૫૫૨. પુષ્કરોદધિ : પુષ્કરવરદ્વીપને ફરતો પુષ્કરોદધિ નામનો સમુદ્ર છે.
पुष्करवरद्वीप के चारो और वलय की आकृतिवाला पुष्करोदधि समुद्र है ।
The continent puskaravara is surrounded by the ocean Puskarodadhi from all sides.

૫૫૩. પૂર્ણ (ઈંદ્ર) : ભવનપતિનિકાયના દ્વીપકુમાર પ્રકારના દેવોમાંના એક ઈન્દ્રનું નામ છે.
भवनपतिनिकाय के द्वीपकुमार प्रकार के देवो में से एक इन्द्र का नाम है ।
One of the Indra of dvipakumaras a type of Bhavaniapati-nikaya god.

૫૫૪. પૂર્ણભદ્ર (ઈંદ્ર) : વ્યંતરનિકાયના યક્ષ પ્રકારના દેવોમાંના એક ઈન્દ્રનું નામ છે.
व्यंतरनिकाय के यक्ष प्रकार के देवों के एक इन्द्र का नाम है ।
One of the Indra of Yaksas a sub-types of Vyantara-nikaya.

૫૫૫. પૂર્વધર : પૂર્વનું જ્ઞાન મેળવનાર.
पूर्व का ज्ञान प्राप्त करनेवाला ।
One versed in the Purva-texts.

૫૫૬. પૂર્વપ્રયોગ : પૂર્વબદ્ધ કર્મ છૂટી ગયા પછી પણ તેથી આવેલો વેગ-આવેશ.
पूर्वबद्ध कर्म के छूट जाने के बाद भी उससे प्राप्त वेग–आवेश ।
The impulse imparted by the karma which had been bound down earlier but was released just now.

૫૫૭. પૂર્વરતાનુસ્મરણવર્જન : બ્રહ્મચર્ય સ્વીકાર્યા પહેલાં જે ભોગો ભોગવ્યા હોય તેમનું સ્મરણ ન કરવું તે પૂર્વરતાનુસ્મરણવર્જન.
ब्रह्मचर्य स्वीकार करने से पहले के भोगों का स्मरण न करना पूर्वरतिविलासस्मरण–वर्जन है।
To refrain from recalling the sexual enjoyments earlier experienced.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **અરિહંત વંદનાવલી**
**વ્યાખ્યાન : પરમ દાર્શનિક પૂ. જયંતમુનિ મ.સા.**
**સંપાદન : ગુણવંત બરવાળિયા**
**પ્રકાશક :** એસ. કે. પી. જી. જૈન સેન્ટર, અર્હમ્ સ્પીરીચ્યુઅલ સેન્ટર, મુંબઈ.
મૂલ્ય-રૂા. ૧૨૦/-, પાના : ૯૬, આવૃત્તિ-બીજી, માર્ચ-૨૦૦૯.

સર્વ ભાવિકોના હૃદયમાં ભક્તિનો પ્રકાશ પાથરે એવા આ પુસ્તકની દરેક પંક્તિ આત્માને કલ્યાણકારી ભાવ પ્રગટાવનારી છે.

પ્રભુ મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્રમાં વંદનાના ફળ સ્વરૂપ સૌભાગ્યની પ્રાપ્તિ બતાવેલ છે. આ પુસ્તક મૂળ પ્રાકૃત ભાષામાં રચેલ છે. તેનો ભાવાનુવાદ સરળ ગુજરાતી ભાષામાં શ્રી ચંદુભાઇએ કર્યો છે. 'અર્હત્ વંદના' એ મુખ્યત્વે નમસ્કાર મંત્રના પ્રથમ પદની વંદના છે. અને તેમાંય ખાસ કરીને દેવાધિદેવ અને તીર્થંકરોને લક્ષમાં રાખીને 'અરિહંત' શબ્દથી તેમની વંદના કરવામાં આવી છે.

સમગ્ર કાવ્યમાં દેવાધિદેવના વૈભવ, બાહ્ય પ્રતિહાર્ય તથા પ્રભુમાં વિશેષ શક્તિ, ચમત્કાર અને પ્રભાવનું મુક્તમને વર્ણન કરી આવી શક્તિના ધારક અરિહંત પ્રભુને વંદ્યા છે.

આ આખું કાવ્ય મૂળ પ્રાકૃત ભાષામાં છે તેનો મહિમા ગુજરાતીમાં ઉતારવાનું ચંદુભાઈએ વિચાર્યું અને સ્વયં ભક્તિરૂપે તેમાં જોડાયા. આ કાવ્ય સરળ ગુજરતી ભાષામાં હોવાથી જૈન માનસને સ્પર્શે તેવું છે.

૪૯ કડીનું આ સુદીર્ઘ કાવ્ય ભિન્ન ભિન્ન પ્રકારે દેવાધિદેવના દર્શન કરાવે છે. 'અરિહંતવંદના' એક પ્રયોજન કાવ્ય છે. દૈનંદિની ક્રિયાઓમાં, ઉપાસનાઓમાં તેને સ્થાન આપવામાં આવે તો ઉપાસના પણ ભવ્ય બને અને બીજી રીતે કહીએ તો અરિહંતવંદના એ સરસ્વતીવંદના જ છે.

તીર્થંકર ભગવાનના આરાધકોએ વસાવવા જેવું આ પુસ્તક છે.

X X X

પુસ્તકનું નામ : **વાત્સલ્યનું અમીઝરણું**
**લેખક : ગુણવંત બરવાળિયા**
**પ્રકાશક : યોગેશભાઈ બાવીશી**
અલકનંદા, બીજે માળે, નીલકંઠવેલી, વિદ્યાવિહાર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
**પ્રાપ્તિસ્થાન :** સરસ્વતી પુસ્તક ભંડાર, રતનપોળ, હાથીખાના, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
મૂલ્ય-રૂા. ૬૦/-, પાના : ૮૮, આવૃત્તિ-પ્રથમ, ફેબ્રુઆરી-૨૦૦૮.

ગુજરાતી ભાષાના કવિ બોટાદકરે મા પ્રત્યેની લાગણીને વ્યક્ત કરતાં 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ' જેવી શાશ્વત પંક્તિ આપણને આપી.

એ જ રીતે 'વાત્સલ્યનું અમીઝરણું' પુસ્તક આપીને લેખકે માતૃપ્રેમનો મહિમા વીશે લેખોમાં વિવિધ રીતે આલેખીને માતાના વિવિધ સ્વરૂપોની પ્રતીતિ ભાવકોને કરાવી છે. માતા એટલે જન્મદાત્રી, સંસ્કૃતિનો આધાર સ્તંભ જીવનદાયિની સરિતા, વૈભવદાનની દેવી મા લક્ષ્મી, વિદ્યાની દેવી સરસ્વતી, તીર્થંકરોની માતા વગેરેનું સ્વરૂપ ચિંતક-વિચારકની કલમે લેખકે પ્રગટ કર્યું છે. તે ઉપરાંત આદર્શ માતાનું અને પિતાનું ઉપનિષદ તથા પ્રસન્ન ગૃહજીવનના કેટલાંક પાઠો પણ આપ્યા છે તો સાથે સાથે કેટલીક જીવનોપયોગી વાતો પણ લેખકે ગૂંથી લીધી છે.

આ પુસ્તકનું ઉડીને આંખે વળગે એવું પાસું છે લેખકની સરળ, રસાળ ભાષા અને હૃદયમાં સોંસરી ઉતરી જાય તેવી દૃષ્ટાંત શૈલી.

માતૃવાત્સલ્ય અને પિતાનો મહિમા ગાતું આ પુસ્તક વાંચવા, વસાવવા અને નવી પેઢીના યુવાનોએ સમજવા જેવું છે.

X X X

પુસ્તકનું નામ : **જ્ઞાનધારા-૩**
**સંપાદન : ગુણવંત બરવાળિયા**
**પ્રકાશક : સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફીકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર**
જૈન કન્યા શાળા, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન : ૨૫૧૨૫૬૫૮
મૂલ્ય-રૂા. ૧૦૦/-, પાના : ૨૦૮, આવૃત્તિ-પ્રથમ, ઑક્ટોબર-૨૦૦૭.

ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ પ્રેરિત તથા સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર દ્વારા આયોજિત તા. ૩ અને ૪ ડિસેમ્બર, ૨૦૦૫ના મુંબઈ મુકામે યોજાયેલ તૃતીય જ્ઞાનસત્રમાં વિદ્વાનો દ્વારા રજૂ થયેલ નિબંધો અને શોધપત્રોનો સંગ્રહ એટલે 'જ્ઞાનધારા-૩' જેનું સંપાદન શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ કર્યું છે.

આ પુસ્તકમાં કુલ ૩૫ લેખો છે જેમાં વિષયનું વૈવિધ્ય નજરે પડે છે. શ્રીમદ્ રાજચંદ્ર, અવધૂ યોગી કવિ આનંદઘનજી, વિદેશમાં જૈન ધર્મની પ્રવૃત્તિ, કર્મ સિદ્ધાંત, વર્તમાનમાં યુવાનો અને બાળક માટે જૈન ધાર્મિક શિક્ષણની રૂપરેખા, પ્રજ્ઞાપના સૂત્ર, જૈન દર્શન અને વિધિનું સ્વરૂપ, વિજ્ઞાનના સંદર્ભે વગેરે લેખોમાં દરેક લેખકે પોતાના વિષયને સંપૂર્ણ ન્યાય આપ્યો છે, તેની પ્રતીતિ થાય છે. આ પ્રકારના 'જ્ઞાનસત્રો'ના આયોજન દ્વારા ઉગતા લેખકોને સ્વાધ્યાય, સંશોધન અને લેખનકાર્ય કરવાની પ્રેરણા મળે છે. અને વાચકોને જૈન ધર્મની વિવિધ તાત્ત્વિક તથા સાહિત્યિક કૃતિઓની ગહનતા માણવાનો અવસર મળે છે.

X X X

પુસ્તકનું નામ : **વિષ્ણુસહસ્ર નામ**
**લેખક : વિનોબા; પ્રકાશન : યજ્ઞ પ્રકાશન**
ભૂમિપુત્ર, હુઝરાત પાગા, વડોદરા-૩૯૦ ૦૦૧.
મૂલ્ય-રૂા. ૧૦/- પાના-૧૧૨, આવૃત્તિ-૧, સાતમું પુનર્મુદ્રણ. ઑક્ટોબર-૨૦૦૭.

ભારતના અનેક લોકો દરરોજ 'વિષ્ણુ સહસ્ર નામ'નો પાઠ કરે છે. વિનોબાજી અને બ્રહ્મવિદ્યા મંદિર પવનારની સાધિકા બહેનો રોજ નિયમિત 'વિષ્ણુ સહસ્ર નામ'નો પાઠ કરતા. આ પુસ્તિકામાં 'વિષ્ણુસહસ્ર નામ'નો મહિમા ઠેર ઠેર વર્ણવાયો છે. શરૂઆતમાં શંકરભાષ્ય અનુસાર મૂળ પાઠ આપ્યો છે. અહીં વિનોબાજીને સાંપ્રદાયિક નહિ પણ સર્વસંગ્રાહક સ્વરૂપ જ અભિપ્રેત છે. પરિશિષ્ટ-૨માં ઈસ્લામના 'અસ્માઉલ હુસ્ન' સાથેનું સામ્ય દર્શાવ્યું છે. 'વિષ્ણુસહસ્ર નામ'માંના કેટલાંક નામોનું વિવરણ કરીને વિનોબાજીએ તેમનો અર્થ સ્ફૂટ કરી બતાવ્યો છે. અર્થ મહાત્મ્ય અને પાઠ મહાત્મ્ય પણ દર્શાવ્યા છે અને મહાભારતમાંના તેના સ્થાન વિશેની માહિતી પણ આપી છે.

ભગવદ્ ચિંતનથી થતી આધ્યાત્મિક સ્નાનની અનુભૂતિ વિનોબાજીએ કરેલી તે આ પુસ્તિકામાં છે.

✷✷✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month ● Regd. No. MH/ MR/ SOUTH-146 / 2009-11



## ભારતીય સંસ્કારની સુગંધ

❑ ગાંગજી શેઠિયા

વ્યવસાય અર્થે ૧૯૮૬-૮૭માં હું અવારનવાર લંડન જતો. લંડનમાં સોમવારથી શુક્રવાર બિઝનેસનું કામ કરી, શનિ-રવિવારે લંડનથી કેમ્બ્રિઝ, બાથ, ઓક્સફર્ડ જેવાં સ્થળોએ ફરવા જતો. પરંતુ મારું મન-ગમતું સ્થળ તો લેઈક-ડિસ્ટ્રીક્ટ રહ્યું છે. લંડનથી ઉત્તર તરફ જતાં હાઈલેન્ડ (સ્કોટલેન્ડ) આવે ને વચ્ચે મીડલેન્ડ (લેઈક-ડિસ્ટ્રીક્ટ) આવે.

પ્રકૃતિનું વરદાન પામેલું ૪૦-૫૦ માઈલનું આ લેઈક ડિસ્ટ્રીક્ટ ખૂબ જ શાંત, પ્રદુષણરહિત, સુંદર બાગ-બગીચાઓ ને તળાવોથી શોભતો રમ્ય પ્રદેશ છે. તમારો બધો જ થાક ઉતરી જાય ને મનને પ્રફુલ્લિત કરી દે એવો સુંદર વિસ્તાર છે.

નાના-મોટા ગામો જેવા કે કેન્ડાલ, મોફત, વિન્ડરમિયર. નાનાં પહાડો, ખૂબ જ ઓછી વસ્તી, ફૂલોથી લથબથ બગીચાઓ અને શાંત સરોવરો આ પ્રદેશને મનોહર બનાવે છે.

શશીકપુરની પત્ની સ્વ. જેનિફર આ પ્રદેશના કેન્ડાલ ગામના હતાં.

ઈંગ્લેંડમાં પોતાનું મકાન હોય જેમાં ઉપલે માળે ૩-૪ કે ૫ બેડરૂમ હોય અને નીચે રસોડું તથા લીવીંગ રૂમ હોય. રિટાયર્ડ લોકો વધારાના બેડ-રૂમ પ્રવાસીઓને ભાડે આપે. બેડ એન્ડ બ્રેકફાસ્ટનું બોર્ડ મકાન બહાર હોય.

સવારના બ્રેડ-બટર, જામ, કોર્નફ્લેક્ષ, દૂધ-ચા-કોફી સાથે રહેવા ૧ બેડરૂમ ભાડે આપે.

હૉટલ કરતાં આ રીતે સસ્તી સગવડ પ્રવાસીઓને મળે ને ઘર માલિકને આવક મળે.

એક વખત વીક એન્ડમાં શનિવારે સાંજે ઝરમર-ઝરમર વરસાદ શરૂ થતાં, નાના ગામમાં બેડ એન્ડ બ્રેક ફાસ્ટનું બોર્ડ જોઈ, ગાડી ઊભી કરી. તપાસ કરતાં ઘરમાં કોઈ જ ગેસ્ટ આવ્યા નહોતા. મેં મકાન માલિક ડોશીમાને દશ પાઉન્ડમાં રાત રોકાવાનું નક્કી કર્યું.

લગભગ ૮૦-૮૫ વયનાં વયોવૃદ્ધ દંપતી એકલા મકાનમાં હતાં. બંનેની તબિયત પણ થોડી નરમ હતી.

થોડીક વાતચીત દ્વારા એ લોકો કેટલા વાગે ઊઠે, ક્યારે નાસ્તો કરે, ચા પીએ કે કોફી એ જાણી લીધું.

રાત્રે સૂતા પહેલાં વિચાર આવ્યો. મારા માતા-પિતાને તો હું ગુમાવી ચૂક્યો હતો,

## પંથે પંથે પાથેય...

પરંતુ માતા-પિતા જેવા આ દંપતીની કંઈક સહાય કરવી.

સવારના બ્રહ્મ મૂહૂર્તમાં ઊઠવાની આદત હોઈ, વહેલો ઊઠી, કીચનમાં નીચે જમા થયેલાં વાસણો-પ્લેટો, હાથમાં ગ્લવઝ ચડાવી, લીક્વીડ સાબુથી ધોઈ નાંખ્યાં. પછી રૂમની સફાઈ કરી. ઘરને ચોખું બનાવી, ટોસ્ટરમાં બ્રેડ અને કોફી મેકરમાં પાણી ગરમ કરવા મુક્યું. ઉપર જઈ નોક કરી દંપતીના બેડરૂમમાં બંન્નેને વારા ફરતી પગે લાગ્યો.

માજી ઊઠો, બાપા ઊઠો, ચાલો નાસ્તો કરવા નીચે. બંન્ને દિગ્મૂઢ થઈ મને જોવા લાગ્યા. કોણ છે તું? કયા દેશનો છે? આમ કેમ કરે છે? એવા વિચારો એમને આવ્યા હશે. ત્યારે સાથે નાસ્તો કરતાં મેં ભારતીય સંસ્કારોની વાતો કરી-પિતૃ દેવો ભવઃ, માતૃ દેવો ભવઃ, અતિથી દેવો ભવઃની વિગતથી વાત સમજાવી.

એમણે જ્યારે નીચે બધું કામ થઈ ગયેલું જોયું ત્યારે એમની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં.

રવિવારે સવારે વરસાદ બહાર પડી રહ્યો હતો, તેથી આ દંપતી સાથે અલક-મલકની વાતો કરી. એમના સુના જીવનમાં ખુશી બનીને હું આવ્યો છું. એમ મને કહ્યું. પોતાના ફોટો-આલ્બમો બતાવ્યાં. કુટુંબની વાતો કરી. મને એમણે રવિવારે રોકાઈ જવા કહ્યું. મને કહે ભાડું નથી જોઈતું. તું હજી અહિં રહે તો અમને ગમશે.

મેં એમને કહ્યું કે સોમવારની વહેલી સવારથી મારું કામ શરૂ થાય એટલે આજે મારે જવું જ પડશે.

બંન્નેને પગે લાગી રજા લીધી.

આ પ્રવાસના મધુર સંભારણાં આજે પણ આનંદ અને સંતોષની લાગણી જન્માવે છે.

આજથી ૨૫ વર્ષ પહેલાં બ્રિટનમાં ભારતીયો તરફ અંગ્રેજોને સૂગ રહેતી. પહેલી વખત ભારતીય સંસ્કારોની મૂડીએ એમના હૃદયમાં પ્રેમ રોપ્યો. એમના મનમાં એક સુંદર છાપ પડી.

જીવનમાં દેશ-વિદેશના ઘણાં પ્રવાસો કર્યા છે પણ આ એક અનોખો પ્રવાસ સદાયે યાદ રહેશે.

✱✱✱

૧૨, તુલીપ્સ, ૭૧, નેપિયન સી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૬. ફોન : ૬૫૦૫૭૭૬૭

## બુઝુર્ગ સાસુ-વહુની જોડ

❑ ચીમનલાલ ગલીયા

ફળિયામાં મારા ઘરની સામે રહેતા ચોરાણુ વર્ષના દેમૂમા અને છોત્તેર વર્ષ પાર કરી ગયેલા એમના પુત્રવધૂ દેવકાબેન એટલે ભાગ્યે જ જોવા મળે એવી વિરલ બુઝુર્ગ સાસુ વહુની જોડ. હાકેમ જેવા સ્વભાવવાળા દેમૂમાની ગર્જનાઓથી ફળિયાના લોકો સુપરિચિત હતા અને સૌ એમની આમન્યા

(વધુ માટે જુઓ પાનું ૨૦)

Printed & Published by Niruben S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

# પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૬૯ અંક : ૬ મુંબઈ, જૂન ૨૦૦૯ પાના : ૨૮ કીમત રૂપિયા દસ

## જિન-વચન

### પાંચ મહાવ્રતો

अहिंसं सच्चं च अतेणयं च
तत्तो य बंभं अपरिग्गहं च ।
पडिवज्जिया पंच महव्वयाइं
चरेज्ज धम्मं जिणदेसियं विदू ।।

–उत्तराध्ययन– २१-१२

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ–આ પાંચ મહાવ્રતોને અંગીકાર કરીને વિદ્વાન મુનિએ જિનેશ્વરોએ ઉપદેશેલા ધર્મનું આચરણ કરવું.

अहिंसा, सत्य, अस्तेय, ब्रह्मचर्य और अपरिग्रह–इन पांच महाव्रतों को अपना कर विद्वान मुनि जिनेश्वर कथित धर्म का आचरण करे ।

A learned monk having adopted the five great vows of non-violence, truthfulness, non-stealing, celibacy and non-possessivenss should practise the religion preached by the Jineshwara.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

## આચમન

### તલ્લીનતા

અસલના વખતમાં યુરોપમાં આવેલા ગ્રીસ દેશમાં પ્લેટો નામના એક મહાન ફિલસુફ થઈ ગયા.

એક વાર સાઈરક્યુસના રાજા ડાયોનિસિયસે પ્લેટોને પોતાને ત્યાં બોલાવ્યો. ત્યાં જઈને પ્લેટોએ રાજાને એક શાણો માણસ રાજ શી રીતે ચલાવી શકે એ બધું સમજાવ્યું.

પ્લેટોના આવા ક્રાંતિકારી વિચારો સાંભળીને ડાયોનિસિયસ ચમક્યો. તેને થયું, આવા માણસને જીવતો રાખવો એ ખતરનાક વસ્તુ છે. તેથી તેણે પ્લેટોને દેહાંત દંડની સજા ફરમાવી.

પરંતુ પ્લેટોના કેટલાક મિત્રોએ રાજાને સમજાવ્યો. એટલે રાજાએ પ્લેટોને ગુલામ તરીકે વેચી દેવાનો હુકમ કર્યો.

પરંતુ સદ્ભાગ્યે પ્લેટોને ખરીદનાર માલિક દયાળુ હતો. તેણે પ્લેટોને છોડી મૂક્યા અને એથેન્સ જવાની રજા આપી.

પ્લેટો એથેન્સ પહોંચ્યા. એટલે ડાયોનિસિયસે તેમના પર પત્ર લખીને, જણાવ્યું કે, 'તમારી વાત સમજવામાં મેં ભારે ભૂલ કરી છે. માટે મને માફ કરજો અને મારા માટે તમારા મનમાં કશું ઓછું આવ્યું હોય તો એ કાઢી નાખજો તથા મારા માટે સારા વિચારો સેવજો.'

મહાન ફિલસૂફ પ્લેટોએ એના જવાબમાં લખ્યું: 'જીવનમા સત્યની શોધમાં હું એટલો તો રચ્યોપચ્યો રહું છું કે તમારા વિશે કોઈ પણ રીતનો વિચાર કરવામાં વખત બગાડવાનો મને અવકાશ જ મળતો નથી.'

**કોનાથી ચેતવું જોઈએ?**

એક વાર ચીનના એક વિચારક ચીજુને કોઈએ પૂછ્યું: 'આપણે કેવા માણસથી ચેતતા રહેવું જોઈએ?'

ચેન ચીજુ કહે: 'બીજા માણસનું કંઈક સારું સાંભળે ત્યારે હંમેશાં જે શંકાશીલ રહે છે, પરંતુ બીજાનું કંઈક ખરાબ સાંભળવા મળે ત્યારે એને તરત જ માની લેવા તૈયાર થઈ જાય, એવા માણસથી સર્વદા ચેતતા રહેજો.'

✶✶✶

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | ડૉ. રણજિત પટેલ (અનામી) : એક પ્રાજ્ઞ વિદ્યાપુરુષ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | શ્રીમત્ શંકરાચાર્ય-વિરચિત 'મણિરત્નમાલા'માં સ્ત્રી | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૭ |
| (૩) | કૉંગ્રેસ જીતી, હવે શું? | શ્રી કાકુલાલ છ. મહેતા | ૧૦ |
| (૪) | ચાદરનો ચમત્કાર | શ્રી હરજીવન થાનકી | ૧૨ |
| (૫) | ઝળહળતી જ્યોતથી મનાવ્યો મૃત્યુ મહોત્સવ | શ્રી હર્ષદ દોશી | ૧૩ |
| (૬) | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ફંડ રેઈઝીંગ અભિયાનમાં પ્રાપ્ત થયેલ અનુદાનની યાદી | — | ૧૭ |
| (૭) | જયભિખ્ખુ જીવનધારા-૭ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૮ |
| (૮) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૮ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૧ |
| (૯) | જ્ઞાન અને ક્રિયાનો સમન્વય | શ્રી સુમનભાઈ એમ. શાહ | ૨૫ |
| (૧૦) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૧૧) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૧) | પંથે પંથે પાથેય... | ચીમનલાલ ગલીયા | ૨૮ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/-**(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/-**(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/-**(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/-**(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : shrimjys@gmail.com

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૬ ● જૂન, ૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૫ ● વીર સંવત ૨૫૩૫ ● જેઠ વદિ – તિથિ ૮ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## બિછડે સભી બારી બારી

## ડૉ. રણજિત પટેલ (અનામી) : એક પ્રાજ્ઞ વિદ્યાપુરુષ

એપ્રિલમાં અમારા પૂજ્ય દોશી કાકા ગયા એ શ્રદ્ધાંજલિના શબ્દોની મે મહિનાની શાહી હજુ તો સૂકાઈ નથી ત્યાં મે ૨૫મીના વિદ્યાપુરુષ અને 'પ્રબુદ્ધ જીવન'ના 'સ્ટાર' લેખક ડૉ. અનામી સાહેબની વિદાય વિશે આ જૂનમાં શ્રદ્ધાંજલિ શબ્દો લખતા હું અપાર વેદના અનુભવું છું.

માતા પિતાની વિદાયથી આપણે છત્રહિન થઈ જઈએ, રાતોરાત આપણે 'નાના' લાડકાથી 'મોટા' થઈ જઈએ, પણ જ્યારે કોઈ વિદ્યાગુરુની વિદાય થાય ત્યારે તો જાણે આપણા ઉપરથી આકાશ જતું રહ્યું હોય એવી દિગ્મૂઢ અવસ્થામાં આપણે ઊભા રહી જઈએ.

'પ્રબુદ્ધ જીવન'ના વાંચન દ્વારા વર્ષોથી પૂ. અનામી સાહેબનો મને શબ્દ પરિચય હતો. વિદ્યાજગતમાંથી એમના વિશે ઘણી ઘણી વાતો સાંભળીને દિન-પ્રતિદિન એમના વિશેનો અહોભાવ વધતો ગયો હતો. અમારા સાહેબ પૂ. રમણભાઈના એઓ ખાસ સ્નેહી-મિત્ર, એઓ વડોદરા જાય ત્યારે અનામી સાહેબને અચૂક મળે જ મળે, ૨૦૦૫માં સાહેબે પોતાનું છેલ્લું પુસ્તક જેમાં વિદ્વાન સાહિત્યકારો, ચિંતકો, સમાજસેવકો અને સાધકોના જીવનચરિત્રો છે એ 'વંદનીય હૃદયસ્પર્શ' અનામી સાહેબને અર્પણ કર્યું હતું. આ નિકટ હૃદય સંબંધને કારણે પૂ. સાહેબ અનામી સાહેબની ઘણી ઘણી વાતો મને કહે. એટલે પૂ. અનામી સાહેબને મળવા હું ખૂબ જ ઉત્સુક હતો. પણ સમયનો મેળ ખાતો ન હતો. પ્રસંગનો જન્મ કાળ પાકે ત્યારે જ થતો હોય છે. આપણો અધિકાર તો માત્ર ઈચ્છાઓ કરવાનો.

પૂ. સાહેબે 'પ્રબુદ્ધ જીવન'ની જવાબદારી મને સોંપી અને સૌ પ્રથમ પ્રોત્સાહનનો પત્ર મને પૂ. અનામી સાહેબનો આવ્યો, પછી તો એ પ્રોત્સાહનની ધારા સતત વહેતી રહી જ, તે એઓશ્રીના અંતિમ શ્વાસ સુધી. 'પ્રબુદ્ધ જીવને' જે કાંઈ પ્રગતિ કરી એ શ્રેયના એઓશ્રી પૂરા અધિકારી છે.

૨૦૦૬માં પૂ. સાહેબના ગ્રંથોનું સંપાદન કાર્ય ગતિમાં હતું ત્યારે એ વિશે પ્રા. જશવંત શેખડીવાળાને ત્યાં પેટલાદ મારે જવાનું થયું. શેખડીવાળા સાહેબ પણ અનામી સાહેબના પરમ મિત્ર, અનામી સાહેબ માટે એમને ઊંડો આદર, એ વખતે પેટલાદ જતાં પહેલાં હું વડોદરા અનામી સાહેબના દર્શને ગયો.

પૂ. અનામી સાહેબ સાથેનું મારું એ પ્રથમ મિલન. પિતાથી વિશેષ વહાલ કર્યા જ કરે. પ્રોત્સાહન અને વ્હાલનો જાણે 'નાયગ્રા' વહેતો હોય એવું સતત અનુભવાય. આપણો હાથ જોરથી પકડે, ઊંડા વ્હાલથી એવો દબાવે કે વાત્સલ્યની વિજળી વહેતી લાગે. જમવા તો બેસાડે જ, ભલે તમે જમીને આવ્યા હો. એઓશ્રીની સેવામાં રત પુત્રી રંજનબેનને એક પછી એક વસ્તુ લાવવા હુકમ કરે, અને ભલે તમને કેટલો બધો ડાયાબિટીસ હોય, પણ એમની સુખડી તો ખાવાની જ. સુખડીમાંથી તમે છૂટી ન શકો. સાહિત્ય અને સાહિત્યકારોની વાતો કરતા જ રહે, અને ખડખડાટ એવા હસે કે જાણે દેવલોકના કોઈ દેવનું નર્તન! વિદાય થઈએ ત્યારે ઝાંપા સુધી મૂકવા આવે અને 'હવે ક્યારે આવશો?' એવા ભાવ એ વાત્સલ્ય નીતરતી આંખોમાં દેખાય. આ પ્રસંગો મારા જીવનમાં ઉત્તમ શિલ્પની જેમ અંકિત થઈ ગયા છે.

આ અંકના સૌજન્યદાતા
વીણાબહેન સુરેશભાઈ ચોકસી
સ્મૃતિ : સ્વ. સરસ્વતીબહેન સારાભાઈ ચોકસી

અમારી વચ્ચે પત્ર વ્યવહાર તો નિયમિત થતો. એમના ઉષ્મા અને પ્રોત્સાહન ભર્યા પત્રો પામવા એ પણ એક લ્હાવો હતો. મારી પાસે એમના લગભગ ૫૦ થી પણ વધુ અપ્રગટ લેખો પ્રકાશન માટે પડ્યાં છે, કારણ કે દર મહિને એકાદ-બે નવા લેખો લખીને મને મોકલે જ. 'પ્રબુદ્ધ જીવન' સિવાય એઓ ભાગ્યે જ કોઈ સામયિકને લેખો મોકલે. ત્રણેક મહિના પહેલાં કોણ જાણે મને શું સૂઝ્યું કે એમના લગભગ ૨૮ લેખોની હસ્ત પ્રતો મેં અમારા જવાહરભાઈ પાસે કૉમ્પ્યુટરમાં ઑપરેટ કરાવીને તપાસવા મોકલી, જેથી કરીને મારી પાસે તૈયાર મેટર પડ્યું રહે. અનામી સાહેબે દશેક દિવસોમાં એ લેખો તપાસીને મને પરત કર્યા. તપાસેલું મેટર હું જોવા બેઠો તો જણાયું કે એમાંની ઘણી મુદ્રણ ભૂલો સુધાર્યા વગરની હતી. મને તરત જ અંતરમાં સંદેહ થયો કે જરૂર આ ૯૩ વર્ષના ઋષિ પુરૂષને હવે શરીર સાથ આપતું નહિ હોય. તરત જ મેં ફોન કર્યો, અને મારો સંદેહ સાચો પડ્યો. એઓ હૉસ્પિટલમાંથી પાછાં આવ્યા હતા, પણ અસ્વસ્થ હતા. મેં કહ્યું, મારે ૩૧ મે અને ૧ જૂનના સામાજિક પ્રસંગે વડોદરા આવવાનું છે, એટલે આપના દર્શને આવીશ. ગણતરીઓ કરવામાં માનવી કેટલી બધી ભૂલો કરી બેસે છે, અને આવી સ્વ-અર્થી ગણતરીઓને કારણે અને બધું ભેગું કરવાની વાંછામાં અદૃશ્ય એવું કેટલું બધું એ ગુમાવી બેસે છે એનું ભાન ત્યારે એને નથી થતું અને કુદરતના સંકેતોને એ સમજી શકતો નથી. આ સત્યનો અત્યારે મને અહેસાસ થાય છે. મારે એ વખતે જ વડોદરા દોડી જવું જોઈતું હતું, મારા પિતાની આવી અવસ્થા હોત તો હું દોડી ન જાત? એક સાંજે અચાનક મારા પરમ સ્નેહી અને 'પ્રબુદ્ધ જીવન'ના લેખક શ્રી જિતેન્દ્રભાઈ શાહે મને ફોન ઉપર સમાચાર આપ્યા કે પૂ. અનામી સાહેબનો આત્મા ૨૫ મી મેના જ આ ધરતી ઉપરથી વિદાય થયો. એવા સમાચાર મળ્યા ત્યારે મારી જાતને મેં ક્ષમા ન અપાય એવી ગુનેહગાર ગણી. 'એક પંથ ને દો કાજ' કરવા જવામાં હું ક્યાંયનો ન રહ્યો! કેવા પૂનિત દર્શનથી હું વંચિત રહ્યો? મારા હાથમાંની ટિકિટો ફાડી નાંખવાનું મન થયું.

'અનામી' તો એમનું સાહિત્ય નામ, તખલ્લુસ હતું. બાળપણનું નામ રણછોડ હતું, પણ કોઈ તત્ત્વજ્ઞ વિદ્યાપુરુષે બાળપણમાં જ એમને જોઈને એમના પિતાને કહ્યું કે આ બાળક જીવનના કોઈ પણ 'રણ'ને 'છોડે' એવો નથી, અને 'રણજિતી'ને જ આગળ વધે એવો છે, એટલે 'રણજિત' નામ પાડો, એટલે શાળા રજિસ્ટરમાં નામ નોંધાયું રણજિત.

આ પૂ. રણજિત પટેલના પિતાશ્રી મોહનલાલ પટેલ ગાંધીનગર પાસેના ડભોડા ગામના, વ્યવસાય ખેતીનો, આપણા રણજિત-ભાઈનો જન્મ ૨૬ જૂન, ૧૯૧૬. ચાર સંતાનોમાંના રણજિતભાઈ એક. પ્રાથમિક શિક્ષણ આ ડભોડા ગામમાં જ, પછી કડી ગામે આગળ અભ્યાસ કરવા ગયા, ચરોતરની વિખ્યાત ડી. એન. હાઈસ્કૂલમાં મેટ્રિક પાસ થયા, મેટ્રિક પછી આજીવિકા માટે કલકત્તા દોઢ બે વર્ષ થોડું કામ કર્યું. ૧૯૩૮માં અમદાવાદની ગુજરાત કૉલેજમાં ભણવાનું શરૂ કર્યું, અને ૧૯૪૪માં એમ.એ. બી.ટી. અને 'મલયચંદ્ર કૃત સિંહાસન બત્રીશી', ઉપર ૧૯૫૬માં પીએચ.ડી. સુધી અભ્યાસ કરી ડૉ. રણજિત પટેલ બન્યા.

૧૯૫૦ માં નડિયાદ આર્ટ્સ કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. પછી તો અધ્યાપન ક્ષેત્રને જ જીવન સમર્પિત કર્યું, અને એ વિભાગમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી, છેલ્લે વડોદરાની શ્રી મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયમાં ગુજરાતી વિભાગના વડા પ્રોફેસરના દરજ્જા સુધી પહોંચી ત્યાં ૧૯ વર્ષ સુધી સેવા આપી. ૧૯૭૭માં નિવૃત્ત થયા.

પૂ. અનામી સાહેબની વિદ્યા પ્રીતિ કરતાં વિદ્યાર્થી પ્રીતિ વિષેશ હતી એવા આ ગુરુજન પોતાના વિદ્યાર્થીઓની બધી રીતે કાળજી રાખે, આર્થિક તકલીફ હોય તો એ માટે પણ પૂરતી સહાય કરે, ઉપરાંત પોતાના વિદ્યાર્થીને કારકિર્દી માટે પણ પૂરતું માર્ગદર્શન આપે, તેમજ એમના માટે જીવનસાથી પણ શોધી આપે. પૂ. અનામી સાહેબના એક તેજસ્વી વિદ્યાર્થિની ભારતી ભટ્ટ પોતાના લેખમાં અનામી સાહેબને મુઠ્ઠી ઊંચેરા માનવી તરીકે સંબોધીને લખે છે. 'મારા પિતાશ્રીના મૃત્યુના સમાચાર મેં આપ્યા, અને વળતા પત્રમાં તેમણે લખ્યું 'હવે તે સ્થાન હું લઉં છું.'

પિતા બની જાય એવા આ ગુરુ જેને જેને પ્રાપ્ત થયા એ સર્વ સદ્ભાગી છે. એમના એક વિદ્યાર્થી ડૉ. ગોવિંદ સી. કાછિયાએ અનામી સાહેબના જીવન અને સર્જન વિશે ('અનામી વ્યક્તિ અને વાઙ્મય') પીએચ.ડી.ની થિસિસનો દળદાર ગ્રંથ લખ્યો છે. અનામી સાહેબ કદાચ એક જ એવા જ સાહિત્યકાર હશે કે જેમની હયાતિમાં જેમના ઉપર પીએચ.ડી. નો ગ્રંથ લખાયો હોય. અનામી સાહેબના ઘણાં વિદ્યાર્થીઓ ગુજરાત અને ગુજરાત બહાર ભારતમાં આજે ઉચ્ચ કક્ષાએ બિરાજ્યા છે. સાહિત્ય અને અધ્યાપન ક્ષેત્રની ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે જે એમની સુવાસને મ્હાણવા સદ્ભાગી બન્યું ન હોય.

ગુજરાતી સાહિત્યના ગદ્ય–પદ્ય ક્ષેત્રે અનામી સાહેબનું સર્જન વિપૂલ. કવિતા એમનો પ્રાણ. ઉપરાંત વાર્તા, નાટક, વિવેચનો અને લલિત નિબંધોની સંખ્યા પણ મોટી. 'કાવ્ય સંહિતા', 'રટણા', 'અનામી ભક્તિ સુધા', 'આપણી વાત', 'શિવમ્', ટાગોરનું 'જીવન કવન' વગેરે લગભગ ૨૫ થી વધુ પુસ્તકો અને ૨૦૦ થી વધુ અભ્યાસ લેખોનું સર્જન. અનામી સાહેબ પિંગળ શાસ્ત્રના અદ્ભુત જ્ઞાતા હતા અને છંદ પ્રેમી હતા. એમના કાવ્યોમાં આત્મભાવ, અનંત સાથેનું એકત્વ, ભાવની અલૌકિક અનુભૂતિ અને મન પ્રદેશની અનંત ચેતનાની અભિવ્યક્તિ છે. એમાંની ઘણી કૃતિઓને એવોર્ડ પ્રાપ્ત થયા છે. એવા એમના આ સત્ત્વશીલ અને માતબર સર્જનોથી ગુજરાતી સાહિત્ય સૃષ્ટિ ધન્ય બની છે.

આ સત્ત્વશીલ સર્જક, વિદ્યા પ્રચારક અને સમાજ સેવક અનામી સાહેબને સાહિત્ય જગત અને એમના સમાજે ઊંડા આદરથી ચાહ્યા છે અને 'સંસ્કાર એવોર્ડ', 'કમળાશંકર પંડ્યા સાહિત્યકાર એવોર્ડ', સુવર્ણ ચંદ્રકો વગેરેથી વિભૂષિત કર્યા છે. એક સન્માન સમારંભમાં એઓશ્રીએ કહ્યું હતું, 'આ દુનિયા અને દુનિયાના માણસો મને એટલા બધા સારા લાગે છે કે હજુ મને આ ઉંમરે મરવાનું મન થતું નથી.' સારા માણસોને બધા સારા જ લાગે. જગતને ચાહનાર આ બંદાને લાખો સલામ કરવાનું મન થાય છે.

સ્વાતંત્ર સેનાની, સંપૂર્ણ ગાંધીવાદી અને ખાદીધારી આ શિવભક્ત અનામી સાહેબ કુટુંબ વત્સલ પણ ઘેઘૂર વડલા જેવા. પત્ની લક્ષ્મીબહેન અનામી સાહેબ જેટલા ડીગ્રીધારી નહિ, છતાં એમનું સમજભર્યું દામ્પત્ય જીવન કવિ ન્હાનાલાલ અને માણેકબા જેવું મધુર પ્રસન્ન હતું. લક્ષ્મીબહેન પોતાની છેલ્લી અવસ્થામાં અનેક બિમારીથી ઘેરાઈ ગયેલા ત્યારે અનામી સાહેબે પ્રેમળ પત્નીની એક પિતા-મિત્રની જેમ સેવા કરી હતી. મોટા માણસના જીવનની આ મહાન ઘટના. ૨૦૦૨માં લક્ષ્મીબહેન આ જગતમાંથી વિદાય થયા પછી અનામી સાહેબે પોતાના જીવનને પહેલાંની જેમ જ પ્રવૃત્તિથી ધમધમતું રાખ્યું અને કુટુંબીજનો પણ એવા સંસ્કારી કે પુત્ર રસિકભાઈ અને પુત્રવધૂ ઇન્દુબહેનની પાસે ગ્રીન કાર્ડ હતું, એમના પુત્રો અમેરિકા સ્થાયી થયા હતા છતાં એ દંપતી અમેરિકા ન ગયું અને પિતા અનામી સાહેબની સેવામાં તત્પર રહ્યાં, એટલું જ નહિ સાસરવાસી પુત્રી રંજનબહેન તો છેલ્લા અઢી ત્રણ વર્ષથી સાસરિયાથી દૂર પિયરમાં પોતાના પિતાની સેવામાં ખડે પગે રહ્યા, તે છેક અનામી સાહેબના અંતિમ શ્વાસ સુધી. અનામી સાહેબનો ૯૧મા વર્ષમાં પ્રવેશ થવાનો હતો ત્યારે અમેરિકા સ્થિત પૌત્ર મલયે દાદાના ૯૧ વર્ષ પ્રવેશ વખતે અમેરિકામાં બેઠા બેઠા અહીં એક Surprise સંમેલનનું આયોજન કરી દાદાને અચંબામાં નાખી દીધાં હતા. બે પુત્રો, એક પુત્રી અને પૌત્રો, દોહિત્રોનો આજે લગભગ ૨૫ વ્યક્તિઓનો હિલ્લોળતો અનામી સાહેબનો પરિવાર અનામી સાહેબના સંસ્કાર સિંચનની બાંગ પોકારે છે. સમાજ અને જીવન બન્ને ક્ષેત્રે સફળ એવી વ્યક્તિ ભાગ્યે જ જોવા મળે. કુટુંબને પ્રેમની સંપત્તિ વારસામાં આપી જનાર અનામી સાહેબ આવા અનામી, નામી હતા.

એઓ કહેતા, 'માતા-પિતા અને ગુરુની સેવા કરો તો બીજી કોઈ જાત્રા કરવાની જરૂર નથી.'

એમની કવિતામાં એક જગ્યાએ એમણે ગાયું છેઃ

મને હવે ક્યાંય કશાનો રંજ નથી,<br>
કોણ આવ્યું ને કોણ ગયું, વળી.<br>
કોણ રહ્યું ને કોણ વણ રહ્યું,<br>
સ્વપ્નેય એનો અફસોસ નથી.

અનામી સાહેબ સ્પષ્ટ વક્તા, આખાબોલા પટેલ ભાયડા, શિસ્તના આગ્રહી, જીવનમાં નિયમિત, અને વિદ્યા પ્રાપ્તિ માટે એવા ખંતિલા કે સમયસર થિસિસ પૂરી કરવામાં એટલાં બધાં ઉજાગરા કર્યા, ખાવા-પીવામાં અનિયમિત રહ્યાં કે પરિણામે એસીડીટી અને અલ્સરનો ભોગ બન્યા, જે રોગે એમને જીવનના અંતિમ શ્વાસ સુધી સતાવ્યા.

ઉર્દુ સાહિત્યના બાદશાહ નટવર ભટ્ટ મારા જૂના મુરબ્બી મિત્ર. મુંબઈ છોડી નટવરભાઈ વડોદરા સ્થાયી થયા, અને વડોદરે અનામી સાહેબને ત્યાં એમની મહેફિલ જામે, આ બધી વાતો નટવરભાઈ મને ફોનમાં કહે. અનામી સાહેબના દેહવિલય બાદ એમના ઉદ્‌ગારો હતાઃ

અજબ તેરી અનામી સૂરત,<br>
નઝર સે ગિર ગયે સબ ખૂબસૂરત.<br>
જિસ હસ્તિ કી 'અનામી'સે મુલાકાત હુઈ હૈ,<br>
વહ ઇન્સાન મહોબ્બત કે પયગંબર સે મિલા હૈ.

આવા અનામી સાહેબના પરિચયમાં જે વ્યક્તિ એક વખત આવે, એ એમનો થઈ જાય. એ 'માણસને ઝંખતો માણસ હતા'. સંપર્કમાં આવેલી વ્યક્તિ સાથે પોતાના હૂંફાળા પત્રો વરસાવીને સંબંધની નાડી ધબકતી રાખે. 'પ્રબુદ્ધ જીવન'ના એમના લેખો દ્વારા એમની સાથે ઘણાંના નવા નવા પરિચય થાય, એમાંના એક મારા મુરબ્બી મિત્ર સમાજ સેવક અને સાચા શ્રાવક સી. કે. મહેતા વડોદરા જાય ત્યારે અનામી સાહેબને મળે જ, અને એ બધી વાતો મહેતા સાહેબ મને ફોન ઉપર ઉષ્મા અને હોંશથી કરે. એવી જ રીતે બૅંક ઑફ બરોડાના પૂર્વ ચેરમેન મારા વિદ્વાન મિત્ર ડૉ. એ. સી. શાહ જેમની આત્મકથાના પુસ્તકનું અનામી સાહેબે વડોદરામાં વિમોચન કર્યું હતું, એઓ અને એમના ધર્મપત્ની કોકિલાબહેન પણ અહોભાવથી અનામી સાહેબની વાતો મને કરે – આવા ભર્યા ભર્યા હતા અનામી સાહેબ.

નટવરભાઈની જેમ જ વડોદરાના બીજા મારા મિત્ર જિતેન્દ્રભાઈ એ. શાહ જેમણે ડૉ. એ. સી. શાહની અંગ્રેજી આત્મકથા Brick by Brickનો ગુજરાતી ભાવાનુવાદ કર્યો હતો અને 'પ્રબુદ્ધ જીવન'માં છપાયેલો – એનું નિમિત્ત પણ અનામી સાહેબ. આ જિતેન્દ્રભાઈ સાથે મારે અનામી સાહેબ વિશે ઘણી વાતો થાય. જિતેન્દ્રભાઈએ વડોદરાથી બેંગલોર સ્થળાંતર કર્યું ત્યારે એમના ઉપર અનામી સાહેબે લખેલા બે પત્રોના અંશો અહીં પ્રગટ કરું છું.

(૧)

વડોદરા-૭, તા. ૯-૮-'૦૭

પ્રિય ભાઈ,

...ગાંધીજીએ અને જૈનોએ એને અપરિગ્રહ કહ્યો, અત્યારે એને `Small is beautiful' કહે છે. ઝાઝે ગુમડે ઝાઝી વેદના. હા, હવા, પાણી, અન્ન, વસ્ત્ર, આરોગ્ય અને શિક્ષણ વિના ન ચાલે; આટલું મળે પછી ઝાઝાના ઓરતા કે ધખારા એ દુઃખી થવાનાં રાજમાર્ગ.

તૃષ્ણા તરૂણી કદાપિ વૃદ્ધ થતી નથી. ઓછામાં ઓછી વસ્તુઓથી જે ચલાવી શકે તેને બાદશાહી. પછી તે ચીમન બાદશાહ હોય કે સમ્રાટ અશોક હોય! મને ૯૨મું ચાલે છે. પુરાણું અલ્સર તો છે...હવે જઠરાગ્નિ સાવ મંદ પડી ગયો છે. ખવાય એકદમ અલ્પ; એ પણ પચે નહીં એટલે અશક્તિ આવે. આ બધી નિયતિની નોટીસો છે જે અમુક અવસ્થાએ દરેકને મળવાની. એમાં અપવાદ કે પ્રૉક્સીનો અવકાશ નથી.

**અનામી**ના જય શિવ.

(૨)

તા. ૨-૧૦-'૦૮

પ્રિય ભાઈ જિતેન્દ્ર તથા
અ. સૌ. ચિ. નીલા

તમારું તા. ૨૬-૯નું અંતર્દેશીય તા. ૧-૧૦ના રોજ મળી ગયું છે. સારા સામયિક માટે લેખ લખવાનો તમારો સંકલ્પ શ્રેષ્ઠ છે. હંમેશાં કંઈક ને કંઈક વાંચવું–લખવું–Creative રહેવું. કલાપીએ ગાયું 'જીવીશ તો કેવળ પુસ્તકોથી.' હરીન્દ્ર દવે કહેતા: 'લખાય છે એટલે જીવાય છે.'

બુદ્ધિવૈભવ વધે એટલો વધારવો – બીજો વૈભવ ભલે સ્થિર રહે! તમારે ત્યાં બેંગલોરમાં નામી ઘણાં છે, અનામી નથી તો અમારે અહીં 'ઇન્દ્રો'ની કંઈ કમી નથી – કેવળ એક જિતેન્દ્રની જ ખોટ વરતાય છે! એક એક દિવસ જાય છે તેમ તેમ લાગે છે–

'દિ' અંજળ ખૂટવાના આવ્યા,
દિ' અહીંથી ઊઠવાના આવ્યા
સંબંધે જે સીવ્યો મુજને
તે ટાંકા તૂટવાના આવ્યા.

દિન પ્રતિદિન હેડીના ભેરુઓ પ્રેમગાંઠ તોડીને હાલ્યા જાય છે. ભેરુ વિના કોની સાથે રમવાનું?'

જીવન સંકેલાઈ જશે એની આગાહી આ ઋષિ પુરુષને થઈ ગઈ હતી એની પ્રતીતિ એમના જ શબ્દોમાં આપણે અનુભવી. સૌના સાહિત્ય ભેરુ 'અનામી' હવે રમવા ક્યાં ગયા?

ખરેખર એ તો મુક્ત થયા. પણ વડોદરામાંથી એક વડલો જ મૂળ સાથે ઉખડી ગયો. હવે વડોદરા અને અન્ય પ્રાંતના સાહિત્યકારો, મિત્રો, સ્વજનો અને સંબંધીઓ કઈ ડાળે બેસશે? કઈ હૂંફાળી વડવાઈને વિંટળાશે?

જેમણે શિક્ષકત્વને શોભાવ્યું છે, જે કર્મને જ જીવનનો મર્મ સમજ્યા હતા એ અજાતશત્રુ, સર્વમિત્ર, 'પાટીદાર શિરોમણિ' (આ શિરપાવ એમના પાટીદાર મહા અધિવેશને આપ્યો હતો), ગુજરાતના આકાશવાણી કેન્દ્રો ઉપરથી સતત સાંઠ વર્ષ સુધી જેમની સાહિત્યવાણી ગુંજતી રહી – (અનામી સાહેબના પરિવારને વિનંતિ છે કે સાહેબની પ્રથમ પુણ્યતિથિએ એ આપણને સાહેબના સ્વરની સી.ડી. અને સાહેબના પત્રોનો સંપાદિત સંપૂટ આપે) એવા સૌરભના સાગરસમા, સત્યમ્, શિવમ્, સુન્દરમ્‌ના આરાધક આ ખરા માણસ પૂ. અનામી સાહેબ દેહથી બિછડી ગયા!!

મારી ફાઈલમાં એમના પચાસ લેખો ધબકે છે, જે પચાસ મહિના સુધી તો 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોના હૈયે ચંપાશે જ – ગયા તો ય અનામી આપણી વચ્ચે જ રહેશે, આપણું કેટલું મોટું સદ્‌ભાગ્ય!

'રહેવા અનામી તખલ્લુસ ધર્યું,
'અનામી' અ - નામી તમે,
'અનામી' નામે નામી ખરા તમે,
દુન્યવી દુઃખોની બાંધી નનામી,
ચિર નિદ્રામાં અહીં પોઢ્યો અનામી.'

અનામી સાહેબ તમને અલવિદા કેમ કહેવાય? તમે ક્યાં બિછડ્યા છો? અમારામાં ધબકી રહ્યા છો, ધબકતા રહેવાના જ.

નટવરભાઈ! હવે એક શે'ર સંભળાવો, અનામી સાહેબ બોખા મોઢે, ખડખડાટ હસતા, ૯૩ની કરચલીઓને તંગ કરતા તમને 'વાહ' કહેશે, એ ધ્વનિમાં આપણી 'આહ' તો ક્યાંય ઓગળી જશે.

❑ **ધનવંત શાહ**

## માળામાં ૧૦૮ મણકા જ કેમ ? : જૈન ધર્મ પ્રમાણે

**મૂળ લેખક: કટારિયા અશોકકુમાર જૈન**

**અનુવાદક : પુષ્પા પરીખ**

૧. અરિહંતના ૧૨ ગુણ, સિદ્ધ ભગવાનના ૮ ગુણ, આચાર્ય ભગવંતના ૩૬ ગુણ, ઉપાધ્યાય ભગવંતના ૨૫ ગુણ તથા સાધુ ભગવંતના ૨૭ ગુણ હોય છે. આ હિસાબે ૧૨+૮+૩૬+૨૫+૨૭= એકંદરે૧૦૮ ગુણ પરમેષ્ઠીના હોવાના કારણે માળામાં ૧૦૮ મણકાની માન્યતા છે.

૨. જ્યોતિષશાસ્ત્રના હિસાબે ૨૭ નક્ષત્રો છે અને પ્રત્યેક નક્ષત્રમાં ચાર વિભાગ છે જેનો ૨૭ સાથે ગુણાકાર કરવાથી ૧૦૮ વિભાગ થાય છે.

૩. આ નક્ષત્રોના આધારે જ બાર રાશિઓનો ઉદ્‌ભવ થયો છે. દરેક રાશિમાં ૯ અક્ષરો સમાયેલ છે જેના થકી આપણને નામાક્ષરનું જ્ઞાન થાય છે, તથા ગ્રહદશાનું પણ અધ્યયન કરવામાં આવે છે. આ હિસાબે બાર રાશિઓના પણ ૧૦૮ અક્ષરો થાય છે.

૪. સમસ્ત દૃષ્ટિએ ઓમને બીજ મંત્ર ગણવામાં આવ્યો છે. આ ઓમનું નિર્માણ અ+અ+આ+ઉ+મ આ પાંચ અક્ષરોની સંધિથી થયું છે. આ ઓમના પણ ૧૦૮ ગુણ ગણાય છે.

૫. તીર્થંકર અવતાર તથા પૈગમ્બરના પણ આ જગતમાં ૧૦૮ના નામ સ્મરણ રૂપ જાપ જપવામાં આવે છે.

# શ્રીમત્ શંકરાચાર્ય-વિરચિત 'મણિરત્નમાલા'માં સ્ત્રી

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

સ્ત્રીની પ્રશંસા–પ્રશસ્તિ કરવામાં ને નિંદા–બદબોઈ કરવામાં ધર્મશાસ્ત્રો ને સાહિત્યના કોઈપણ પ્રકારે બાકી રાખતી નથી. 'નારી રત્નની ખાણ' ને 'નારી નરકની ખાણ'...તરીકે ગવાઈ–નિંદાઈ છે. વર્ષો પહેલાં મેં 'પંચતંત્ર'માં નારી સંબંધે એક લેખ 'પ્રબુદ્ધ જીવન'માં લખેલો. હમણાં શ્રીમત્ શંકરાચાર્ય–વિરચિત 'મણિરત્નમાલા' વાંચતાં પુનઃ 'પંચતંત્ર'ની નારી યાદ આવી ગઈ.

પ્રશ્નોત્તરી રૂપે લખાયેલી 'મણિરત્નમાલા ખંડ ૧૦માં અર્ધો ડઝનવાર નારી–નિંદા જોવા મળે છે..ને તેય શંકરાચાર્યને મુખેથી જેમને સાંસારિક બાબતોનો કશો જ અનુભવ નથી ને જેમનો જન્મ એક સાધ્વીન્નારીની કુખેથી થયો છે! મંડનમિશ્ર ને શંકરાચાર્યના વાદ–વિવાદની કથા તો આપણે જાણીએ છીએ! ભલે એમને સાંસારિક–જીવનનો અનુભવ ન હોય પણ સમાજ–દર્શન ઉઘાડી આંખે ને જાગ્રત મનથી કર્યું હોય એટલે અને અધ્યાત્મ–યાત્રામાં અનેકોને નારી અવરોધરૂપ બનેલી દીઠી હોય તેથી અથવા પરંપરાથી પ્રાપ્ત થયેલી એક પ્રકારની રૂઢ પરિપાટીથી પણ આવો અભિપ્રાય દૃઢ થયો હોય!

'નારી નરકની ખાણ'ના સંદર્ભમાં આ પ્રશ્ન જુઓ:-

'દ્વારં કિમેકં નરકસ્યં?...નરકનું દ્વાર કયું? તો ઉત્તર છેઃ 'નારી' (દ્વારં કિમેક નરકસ્ય! 'નારી'...મૂળ પંક્તિ).

સમાજમાં 'મદિરાપાન' નિંદનીય છે ભગવાન કૃષ્ણનો યદુવંશ મદિરાપાને મસ્ત–છાકટો બનવામાં નાશ પામ્યો. માનિનીને મદિરાપાન સાથે સરખાવતો પ્રશ્ન છેઃ–સમ્મોહ યત્યેવ સુરેવ કા? ઉત્તર છે 'સ્ત્રી'.

આપણામાં કહેવત છેઃ 'જર, જમીન ને જોરું, એ ત્રણ કજિયાનાં છોરું'...એ ત્રણનો લાઘવથી બેમાં સમાસ કરવો હોય તો કહી શકાયઃ 'કંચન અને કામિની.' 'મણિરત્નમાલા'માં પ્રશ્ન છેઃ 'કિમત્ર હેયં?..મતલબ કે આ દુનિયામાં તજવા યોગ્ય શું છે? તો ઉત્તર છેઃ 'કનકં ચ કાન્તા'...સુવર્ણ અને સ્ત્રી. કવિવર ન્હાનાલાલના ગીતની એક પંક્તિ છે...અર્થાન્તરન્યાસી સત્ય સમોવડઃ 'કામ જીત્યો તેણે સંસાર જીત્યો.' કામદેવના બાણોથી પણ જે વીંધાતો નથી તેના શૌર્યની પ્રશંસા સર્વત્ર થાય છે. આ રત્નમાલામાં શૌર્ય- સમેત અન્ય બે ગુણોની પર્ણ્પ્રશસ્તિ કરવામાં આવી છે. પ્રશ્ન છેઃ-પ્રાજ્ઞૌડય ધીરશ્ચ સમસ્તુ કો વા?' મતલબ કે આ જગતમાં પ્રાજ્ઞ એટલે બુદ્ધિમાન અને ધીર....સમદર્શી કોણ? તો જવાબ છેઃ–

'પ્રાપ્તો ન મોહં લલનાકટાક્ષૈઃ...મતલબ કે જે કોઈ સ્ત્રીઓના નેત્ર કટાક્ષથી મોહિત થતો નથી તે પ્રાજ્ઞ-ધીર છે.

પિશાચ એટલે અવગતિયો જીવ, પ્રેત...ભૂતપ્રેત જેવી એક હીન, અધમ યોનિ. 'પિશાચિણી' શબ્દ ભર્ત્સનાજનક છે. જ્ઞાની કરતાં વિજ્ઞાની વિશેષ ને એથીય વિશેષ પ્ર-જ્ઞાની. તો પ્રશ્ન છેઃ જ્ઞાનીમાં પણ મહાન જ્ઞાની કોણ? 'વિજ્ઞાન્મહાવિજ્ઞતમોડસ્તિ કો વા?' તો ઉત્તર છેઃ 'નાર્યા પિશાચ્યા ન વંચિતોયઃ'...મતલબ કે જે નારીરૂપી પિશાચિનીથીય ન વંચિતો...એટલે કે ઠગાતો નથી તે. એ જ પંદરમા શ્લોકમાં બીજો પ્રશ્ન છેઃ 'આ સંસારમાં પ્રાણીઓ માટે મોટામાં મોટી સાંકળ – બેડી કઇ?' કા શ્રૃંખલા પ્રાણ ભૂતાં? તો એકાક્ષરી જવાબ છે, 'નારી'... નારી જ સંસારનું બંધન છે.

ખરેખર! નારી રહસ્યમયી છે. એને અત્યાર સુધી કોણ સમજી કે પામી શક્યું છે? ખૂદ નારી જ નારીહૃદયને પામી શકી હશે? આઈ ડાઉટ! અને આપણે પણ કહી શકીએઃ `Who knows his own?' એવું ક્યાંક વાંચ્યું છે. કોઈકે મહાત્મા ટૉલ્સ્ટૉયને પ્રશ્ન પૂછ્યો–નારી અંગે સ્તો? એમનો જવાબ હતોઃ 'હું કૉફિનમાં પૂરાઈશ ત્યારે જવાબ આપીશ.' મણિરત્નમાલાનો પ્રશ્ન છેઃ 'જ્ઞાતું ન શક્યં ચ કિમસ્તિ સર્વૈ.' મતલબ કે સૌ કોઈથી જાણી શકવું અશક્ય અને અસંભવિત છે તે શું? તો જવાબ છેઃ 'યોષિન્મનો' ને વિશેષમાં 'યચ્ચરિતં તદીયમ્' મતલબ કે સ્ત્રીનું મન અને તેનું ચરિત્ર જાણવું સર્વ કોઈને માટે અશક્ય છે.

આ વિશ્વને ટકાવનારું કોઈ તત્ત્વ હોય તો તે વિશ્વાસ છે. વિશ્વાસઘાતીની ભર્ત્સના કરતું નાટ્યસમ્રાટ શેક્સપિયરનું એક પાત્ર બોલે છેઃ 'યુ ટૂ બ્રુટસ!' વિશ્વાસઘાત જેવું જઘન્ય અન્ય કોઈ પાપ નથી. ભીરુ–ચંચલ પ્રકૃતિનું એ સંતાન છે. 'ફ્રેઈલટી! ધાઈ નેઈમ ઈસ વુમન.' લગભગ આ જ ભાવની પ્રશ્નોત્તરી અહીં જોવા મળે છે. પ્રશ્ન છેઃ 'વિશ્વાસપાત્રં ન કિમસ્તિ?' ઉત્તર છે, 'નારી.'

વિશ્વનો પ્રત્યેક જીવ સુખ ઇચ્છે ને દુઃખથી દૂર રહેવા માગે છે. આપણને તો દુઃખનો વિચાર પણ દુઃખદ થઈ પડતો હોય છે. જ્યારે આ પ્રશ્નોતરીમાં તો સુખને ત્યજવાની વાત આવે છે. પ્રશ્ન છેઃ 'તાજ્યં સુખમ્ કિં?'...કોનું સુખ ત્યજવા યોગ્ય? ઉત્તર છે, 'સ્ત્રિયમેવ.'...એટલું જ નહીં પણ સમ્યગ્ મતલબ કે સર્વ પ્રકારનું... સર્વ પ્રકારથી.

રાણી પિંગલાએ, ભર્તૃહરિને પણ–રાજવી કવિને સંસારની ભેખડે એવો ભીડાવી–ભટકાવી દીધો કે દ્વિધાવૃત્તિથી ગાવું પડ્યુંઃ

'ન જાને સંસાર કિમ વિષમયં? કિમૃતમય?

'આ સંસાર વિષમય છે કે અમૃત-મય?ન–જાને, હું જાણતો નથી. આવડો મોટો અનુભવાર્થી આવું વિધાન કરે તો પછી આપણું તો શું ગજું? 'મણિરત્નમાલા'નો પ્રશ્ન છેઃ–

કિન્તદ્વિષં ભાતિ સુધોપમં?...મતલબ કે એવું કયું વિષ છે જે

અમૃત સમાન જણાય છે? જવાબ છેઃ 'સ્ત્રી'...મતલબ કે સ્ત્રી અમૃતમય–વિષ છે. ઉપરથી અમૃત, અંદરતી વિષ. આમ, 'નારી તું નારાયણી!' એ જ 'નારી નરકની ખાણ' થઈ ગઈ.

અધ્યાત્મની યાત્રામાં, નારી–ભીત–સાધકોને નારી સંબંધે જે કહેવું હોય તે કહે પણ કવિવર રવિન્દ્રનાથને મતે તો 'માણસોની સૃષ્ટિમાં નારી પુરાતન છે. નર સમાજમાં નારીને આદ્યશક્તિ કહી શકાય. એ તે શક્તિ છે જે જીવલોકમાં પ્રાણને વહન કરે છે, પ્રાણનું પોષણ કરે છે...માનવના સંસારને રચવાનું અને તેને બાંધી રાખવાનું આદિય બંધન આ જ છે. બધા સમાજના, બધી સભ્યતાના મૂળ પાયા રૂપ જે સંસાર તે આ છે. સંસારનું આ મૂળ બંધન ન હોત તો માણસ આકાર પ્રકાર વગરની વરાળની પેઠે વીખરાઈ જાત; સંહત થઈને ક્યાંય મિલનકેન્દ્ર સ્થાપી શકત નહિ. સમાજ બાંધવાનું આ પહેલું કામ સ્ત્રીઓનું છે...અને જે ચિંતકો–સર્જકો એને રહસ્યમયી કહે છે તેનો ખુલાસો કવિવર કરે છેઃ આદિ પ્રાણની સહજ પ્રવૃત્તિ નારીના સ્વભાવમાં રહેલી છે. એટલા માટે નારીના સ્વભાવને માણસે રહસ્યમય કહ્યો છે...ઘણીવાર અચાનક નારીના જીવનમાં આવેગનો જે ઉભરો જોવામાં આવે છે તે તર્કથી પર છે–તે પ્રયોજન પ્રમાણે વિધિપૂર્વક ખોદેલા જળાસય જેવો નથી, તે ઝરણા જેવો છે જેનું કારણ તેના અહૈતુક રહસ્યમાં રહેલું છે.' નારીને 'અમૃત–મય વિષ' કહેનારાઓએ નથી કર્યું હોતું અમૃત–પાન કે વિષપાન'. નારીને નારાયણી–રત્નની ખાણ કહેનારાઓએ એના સેવાનિપુણ માધુર્યના ઐશ્વર્યને પ્રમાણ્યું હોય છે જ્યારે વિષપાન કરનારાઓએ કેવળ ચમારદૃષ્ટિએ એનો ઉપયોગ કર્યો હોય છે. 'નારીને નારાયણી' કે 'નરકની ખાણ' કહેનારા લગભગ બધા જ સ્મૃતિકારો, સમાજશાસ્ત્રીઓ, કથાકારો કે લલિત-લલિતેતર સાહિત્યકારો પુરુષો જ છે. 'ભદ્રંભદ્ર'ના લેખક શ્રી રમણભાઈ નીલકંઠે, સમાજ સુધારાનું એક સુંદર નાટક લખ્યું છે- 'રાઈનો પર્વત.' તેમાંહળવાશથી તેમણે કહ્યું છે કે જો સ્મૃતિકાર કોઈ મહિલા હોત તો 'સામ, દામ, ભેદ, દંડમાં એણે એક વધારાનો મુદ્દો ઉમેર્યો હોતઃ 'અશ્રુપાત'. 'અશ્રુપાત પાંચમો લખાત. શાસ્ત્રમાં નહીં.' રમણભાઈએ ભલે હાસ્યકારની અદાથી, હળવાશથી લખ્યું બાકી પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામે તો 'સ્નેહમુદ્રા'માં નારી–જાતિના શુભેચ્છક વકીલ તરીકે લખ્યું છેઃ–

'નરજાત સુખી હશે અહીં કદી મહાલતી સ્વચ્છંદથી,
પણ નારીને રોયા વિના નહિ કર્મમાં, બીજું 'કંઈ' અને રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તની પેલી પ્રસિદ્ધ પંક્તિઓ પણ યાદ આવે છેઃ–

'અબલા જીવન હય તુમ્હારી યહી કરુણ કહાની,
આંચલમેં હૈ દૂધ ઔર આંખોંમેં પાની.'

મને એક વિચાર આવે છેઃ પુરુષોને બદલે જો મોટા ભાગની મહિલાઓ સ્મૃતિકાર હોત તો તેમણે પુરુષજાત માટે શું લખ્યું હોત? સાહિત્ય વિશ્વમાં પુરુષદ્વેષિણી નારીઓ નથી એવું પણ એમણે નરાધમ પુરુષો માટે આટલી બધી ભર્ત્સના ને અંતિમ કોટિનું લખ્યું નથી. વિશ્વામિત્રનું પતન થાય છે એમની કામુકતાને પાપે. સ્નાન કરતી મહિલાઓ વ્યાસથી લજ્જિત થાય છે જ્યારે શુકદેવની ઉપસ્થિતિની નોંધ પણ લેતી નથી. નારી ઉપર બળાત્કાર કરનાર કિન્નરો કે કિશોરો નથી હોતા...નરકના કીડા પુરુષો હોય છે. પુરુષો પર બળાત્કાર કરનાર નારીઓ કેટલી? અધ્યાત્મની યાત્રા–સાધનામાં નિજી અલ્પતા-અધૂરપોને કારણે માયાની માયાને અતિક્રમવામાં નિષ્ફળ નિવડેલાઓ કેવળ સ્ત્રીને જ માયાવિની સમજી એની ભર્ત્સના કરે છે બાકી અક્ષય રસનો જ્ઞાનિ કવિ અખો કહે છે તે પ્રમાણે તોઃ–

'ઝીણી મળ્યા તે છાની છરી, મીઠી થઈને મારે ખરી,
વળગી પછી અળગી નવ થાય, જ્ઞાની–પંડિતને માંહ્યથી ખાય.
વળી જો કોઈને જ્ઞાન ઉપજે તો જ્ઞાની થઈને ભેળી ભજે,
અખા જે હોય તજવા જોગ માયા તેનો જ કરાવે ભોગ!

હાથે કંકણ ને અરીસામાં જોનારને, મુખડા કયા દેખો દર્પનમેં? સિવાય બીજું કહી પણ શું શકાય?

આ લેખ લખાતો હતો ને મુંબઈથી એક બહેન શ્રીમતી મંજુલાબહેન મહેતા આવ્યાં. તેમણે આ લેખ વાંચ્યો. મેં એમનો પ્રતિભાવ જાણવા પૂછ્યું તો કહેઃ 'મારે પુરુષો માટે કંઈ જ કહેવાનું નથી...કહેવા જેવું તમે કહી જ દીધું છે. પણ મારે તો અદ્યતન નારી માટે કહેવાનું છે. વર્ષોથી હું અમેરિકા રહું છું. નારીનું આર્થિક સ્વાતંત્ર્ય સિદ્ધ થતાં ને પુરુષપ્રધાન સમાજનું આધિપત્ય ઘટતાં, નારી પુરુષ–સમોવડ જ થઈ છે એમ નહીં પણ કેટલીક બાબતોમાં તો તે પુરુષથી આગળ નીકળી જવામાં 'મને મહિલાજગતની પ્રગતિ–ઉન્નતિ જણાતી નથી પણ આ આગળ નીકળી જવામાં મને મહિલા જગતની પણ અધોગતિ જણાય છે. આપણી આર્યસંસ્કૃતિની કેટલીક સુષ્ઠુ વાર્તાને અભરાઇએ ચઢાવી, પશ્ચિમના બાબરા ભૂત જેવા ભૌતિકવાદની વર્જ્ય વાતોને રવાડે ચઢી છે. ભૌતિકવાદના નકલી પ્રકાશમાં એ અંજાઈ ગઈ છે. આપણી તંદુરસ્ત પરંપરાને સમજ્યા વિના કેવળ વર્તમાનમાં જ મ્હાલતી ને રાચતી અદ્યતન નારી આજે તો ભાવિનો વિચાર જ કરતી નથી. આ સ્થિતિ નરકની ખાણથી પણ બદતર હશે–એવું મને લાગે છે.

આજથી અર્ધી સદી પૂર્વે અમેરિકાની એમ.બી.એ.ની ઉપાધિ મેળવનાર મારા પરમ મિત્ર શ્રી વિસુભાઈ પટેલે શ્રીમતી મંજુલાબહેનના વિધાનને સમર્થન આપતાં, દિન-પ્રતિદિન સ્વકેન્દ્રી બનતા જતા ત્યાંના જીવનની અને અકરાંતિયા ભોગવાદની વાત કરી. અઢાર અઢાર લાખ રૂપિયા આપીને અમેરિકા જનાર ત્રણ બહેનો

(ચોપન લાખ રૂપિયા)ની તેમણે કરુણ કથની સુણાવી મને કહે કે તમો ગુજરાતમાંથી સીતા-સાવિત્રી જેવી નહીં તો ગાંધીજીનાં કસ્તુરબા, દરબાર ગોપાલદાસના ભક્તિબા, કવિવર ન્હાનાલાલના માણેકબા, શ્રીમતી પુષ્પાબહેન મહેતા જેવી એકસો બહેનોની યાદી આપો. એમનો કહેવાનો આશય એ હતો કે નારી નરકની ખાણ નથી, બધી જ નારીઓ ખરાબ હોતી નથી પણ આજકાલ ભૌતિકવાદે માઝા મૂકી છે ને અદ્યતન નારી તેમાં અંજાઈ જાય છે-અમેરિકાના ડોલરિયા-સ્વર્ગમાં રહેલા નર્કને જોઈ શકતી નથી, બાકી નારી તો આદ્યશક્તિ છે. ધારે તો એ વિનાશ સર્જે, ધારે તો સ્વર્ગ રચે. નારી એની નારાયણી શક્તિને સમજે એ એકવીસમી સદીનો મોટો પડકાર છે.

દેવદાસીની પ્રથા ને દેહનો વેપાર કરવા માટે મજબૂર બનાવતી ધાર્મિક-સામાજિક-આર્થિક પરિસ્થિતિ માટે નારી-જગત જવાબદાર છે? પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામે 'સ્નેહમુદ્રા'માં લખ્યું:

'નારીને રોયા વિના નહિ કર્મમાં બીજું કંઈ પણ.' 'સાધના'માં સાહિર લુધિયાનવીએ સમગ્ર નારી-જગતનો પુણ્યપ્રકોપ ને આકરો આક્રોશ પુરુષપ્રધાન સમાજરચના પરત્વે આવા આગ-ઝરતા શબ્દોમાં વ્યક્ત કર્યો છેઃ-

'ઔરતને જનમ દિયા મર્દોં કો,  
મર્દોને ઉસે બાજાર દિયા;  
જબ જી ચાહા મસલા કૂચલા,  
જબ જી ચાહા ધુત્કાર દિયા.'

આ જ સાહિર લુધિયાનવીને પતિ તરીકે પામવામાં નિષ્ફળ નિવડેલાં વિદ્રોહી કવયિત્રી સ્વ-અમૃતા પ્રીતમ, મહાભારતના કૌરવોનું દર્શન આજના માહોલમાં કરીને આક્રોશપૂર્વક પુકારી ઊઠે છેઃ-

'આ જીન્દગીમાં પણ મેં એમને (કૌરવોને) ચોતરફ જોયા છે. નવી નવી ચોપાટ બિછાવતા; પણ મારું દર્દ એક સીમાને સ્પર્શી ગયું જ્યારે મેં જોયું કે સાહિત્યના નામે પણ તેઓ એક નવી ચાલ ચાલવા લાગ્યા છે.' દ્રૌપદીનું રૂપ લઈ અમૃતા સ્ત્રીઓને ઉદ્બોધે છે. 'ઊઠ, જાગ, તું જ તો તારું સ્વમાન સાચવીશ. ન સમાજ, ન ધર્મ, ન પતિ, ન પિતા તારી આબરૂનું લિલામ થતું અટકાવશે, હું જન્મ જન્મની દ્રૌપદી, હું પાંચ તત્ત્વની કાયા, હું પાંચ તત્તવને પરણી છું.' આવી ખુમારી નારી-નિંદાની કબર બની રહેશે.

વડોદરાની અલકાપુરી સીનિયર સીટીજનશીપનાં પીઢ-પ્રૌઢ પ્રમુખ પ્રો. કોકિલાબહેન ચોકસીએ તો આ લેખ વાંચીને શંકાપ્રશ્ન કર્યો કે ખરેખર આ 'મણિરત્નમાલા' શંકરાચાર્ય-રચિત છે કે કોઈ અન્યની? મેં એમને 'મણિરત્નમાલા'નો ૧૦મો ખંડ બતાવ્યો એટલે કહે: 'આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે શ્રીમદ્ શંકરાચાર્ય જેવા વિદ્વાન સંત, આચાર્યોનાય આચાર્ય સ્થિતપ્રજ્ઞ, કેમ ન રહી શક્યા? બ્રહ્માંડમાં અંધકાર ને પ્રકાશ બંનેય છે ને બંનેય માટે છે તો એકનો જ અંધકાર કેમ જોઈ શક્યા? પુરુષપ્રધાન સમાજમાં આવું બધું જ શક્ય છે.' નારીને પણ પુરુષોના આથીય અધિક વિપરીત અનુભવ થયા હશે પણ નારીએ પુરુષની આટલી નિંદા કરી જાણી નથી! જીવનની કઈ અવસ્થાએ જગતને ને પુરુષને નારી વિના ચાલ્યું છે? અને નારીને જાણવાની વાત કરનાર પુરુષ પોતાની જાતને જાણી શક્યો છે? કાગડા બધે જ કાળા કહેવાને બદલે ઋજુ ભાષામાં કહું તો કાળા ડિબાંગ આકાશમાં તારા બધા જ સરખા! ભર્તૃહરિને રાણી પિંગલાએ ભેખડે ભરાવ્યો તો તોરલે જસલને સંસાર તરાવી દીધો ને યશોધરાએ જગતને સિદ્ધાર્થ-બુદ્ધની ભેટ ધરી., નારી તો માળાના દોર જેવી છે જે મોતી-મણકાને એક સેરમાં રાખી શકે છે. રાજહંસની જેમ ક્ષીરનીરનો ભેદ પારખી ન શકનાર પુરુષો હોય એમાં નારીનો શો દોષ? શ્રીમતી મંજુલાબહેનન મહેતા અને શ્રી વિસુભાઈનો આક્રોશ અમુક અંશે સાચો છે પરંતુ તે તો બંને પક્ષ માટે છે. આ સમયમાં બંધન કોઈને ગમતું નથી, બંધની જુદી જુદી વ્યાખ્યાઓ કરી, પોતાને અનુકૂળ કરી,.સમાજના માળખાને અસ્તવ્યસ્ત કરવાનો શિરસતો ચાલી રહ્યો છે ને આપણે લાચાર, મૂક પ્રેક્ષક બની રહ્યા છીએ; આમ છતાંયે 'નારી રત્નની ખાણ' ને 'નારી તું નારાયણી' કહેનારાઓ ઓછા આશ્વાસનરૂપ નથી જ.

પૂ. બાપુ કહ્યું છેઃ નારી ધારે તો જગતનો ઉદ્ધાર કરી શકે છે ને ધારે તો એનો સંહાર પણ કરી શકે છે. આપણે તો જગતના માતા-પિતા એવાં પાર્વતી-પરમેશ્વરને વંદન કરીને પુરુષ-પ્રકૃતિ બંનેયની ગરિમાને, એની યોગ્યાતને સ્વીકારીએ. ✷✷✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે, A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.  
મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

## પૂજ્ય સાધુ-સાધ્વીજી યોગ્ય જાહેરાત

પ. પૂ. આચાર્ય શ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી દ્વારા લખાએલા અને શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન-મહેસાણા દ્વારા પૂર્વ પ્રકાશિત અને આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા દ્વારા પુનઃપ્રકાશિત શ્રી મહેસાણા ઉપનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ-મહેસાણાના સૌજન્યથી જ્ઞાનસાગર તથા સમરાદિત્ય મહાકથા ભાગ ૧ થી ૩ સર્વ મળીને કુલ ચાર પુસ્તકો સાધુ-સાધ્વીજીને શ્રુત ભક્તિ સ્વરૂપે વિતરિત થનાર છે. આપશ્રીને જે પુસ્તકોની આવશ્યકતા હોય તે માટે નીચેના સરનામે પત્ર આપના સંપૂર્ણ સરનામા સાથે લખી મંગાવવા વિનંતી.

પુસ્તક મંગાવવાનું સરનામુંઃ  
વ્યવસ્થાપકશ્રી  
આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર,  
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,  
કોબા-ગાંધીનગર-૩૮૨૦૦૭, ગુજરાત.

**તા. ક. :** ગૃહસ્થો માટે ઉચિત મૂલ્યથી આ પુસ્તકો ઉપલબ્ધ છે.

# કૉંગ્રેસ જીતી, હવે શું?

❑ કાકુલાલ છ. મહેતા

૧૫મી લોકસભાની ચૂંટણીનું પરિણામ શું આવશે એ વિષે સકારણ ચિંતા સહુને હતી જેમાં સમાન્ય પ્રજાજન જ નહિ પરંતુ મિડીયા ઉપરાંત બન્ને મુખ્ય રાષ્ટ્રીય પક્ષ અને બીજા બધા જ પક્ષોનો સમાવેશ થાય છે. કિંતુ પરિણામ અણધાર્યું જ આવ્યું. કોંગ્રેસ સબળ પક્ષ તરીકે ઊભરી આવ્યો. આ સફળતાનો યશ રાહુલને આપવામાં આવે છે એમાં કેટલુંક તથ્ય જરૂર છે પણ બીજા કેટલાક વિપરીત કારણો પણ છે એને તપાસીએ.

- સપા અને રાજદએ કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય સંસ્થાને યુપી અને બિહારમાં નગણ્ય જેવી પરિસ્થિતિમાં મૂકી દેવાની ગણત્રીએ સીટ વહેંચણીમાં જે શરમજનક ગણાય એવી મામુલી ઓફર કરવાની મુર્ખાઈ કરી તેના પરિણામે રાહુલને સ્વતંત્ર રીતે લડી લઈ કોંગ્રેસનું ગૌરવ જાળવી લેવાની તક ઊભી કરી આપી.પરિણામે મુસ્લિમ મતનું વિભાજન સપા, બસપા અને કોંગ્રેસ વચ્ચે થયું. કોંગ્રેસને અંદાજ ૧૦% મતનો લાભ થયો.
- ચોથો મોરચો રચીને દગો રમીને સાથે હોવાનો દંભ પણ કર્યો. દુશ્મનના દુશ્મન સાથે હાથ મિલાવીને ખેલ ખેલતા પણ ન આવડ્યું.
- ત્રીજા મોરચાએ પરસ્પરના અવિશ્વાસ છતાં અને સફળતાની શક્યતા અને સુચારુ રાજ્ય સંચાલનની તૈયારી વિના, ખેલદિલી વગર હાથ મિલાવ્યા એટલું જ નહિ પણ પળેપળે દરેક પક્ષ જાહેરમાં મંતવ્યો બદલતા રહ્યા.
- ત્રીજા મોરચાનું નેતૃત્વ લેનાર માર્ક્સીસ્ટોએ, પોતાનું સ્વતંત્ર સંખ્યાબળ કેટલું છે અને એમાં પણ અછત પડવાની ધારણા હોવા છતાં, નેતૃત્વ લેતા પહેલાં એ કેટલું અસ્વાભાવિક છે એનો પણ વિચાર ન કર્યો.
- ત્રીજા મોરચાના મહારથીઓને જયારે પોતાનામાં કે અંદરોઅંદર પણ વિશ્વાસ નહોતો ત્યારે પ્રજા એમના પર વિશ્વાસ કેમ મૂકે એ પણ ન વિચાર્યું.
- રાષ્ટ્રીય પણ મધ્યમ કદથી પણ નાના કે રાજ્ય કક્ષાના પક્ષના નેતાઓ પણ પોતાની ક્ષમતાનો, અનુભવનો વિચાર કર્યા વિના પોતાની જાતને વડાપ્રધાન બનવા લાયક જાહેર કરવા લાગ્યા. ભૂલી ગયા કે 'બડે બડાઈ નવ કરે, બડે ન બોલે બોલ, હીરા મુખસે ના કહે લાખ હમારો મોલ.'
- મુંબઈમાં શિવસેના અને મનસે વચ્ચે વહેંચાયેલા મતે કોંગ્રેસને લાભ કરી આપ્યો.
- ૨૦૦૪ની ચૂંટણીમાં ૬ રાષ્ટ્રીય પક્ષો અને ૩૬ સ્ટેટ પક્ષો સહિત કુલ ૨૧૫ પક્ષોએ ભાગ લીધેલો તેની સામે આ વખતે સાત રાષ્ટ્રીય પક્ષો અને ચાલીશ સ્ટેટ પક્ષો ઉપરાંત ૯૮૦ માન્ય પણ રજીસ્ટર્ડ નહિ એવા મળીને કુલ ૧૦૨૭ પક્ષોએ ભાગ લીધેલો જેને કારણે મતનું વિભાજન પ્રમાણ વધી જવાનો લાભ કોંગ્રેસને મળ્યો.

આમ કોંગ્રેસ જીતી છે પ્રજાના નકારાત્મક મતથી. ખરાબમાંથી જે પક્ષ ઓછો ખરાબ લાગ્યો તેને મત આપ્યો છે, આપવો પડ્યો છે બીજા સારા વિકલ્પના અભાવે અને વિશાળ પ્રમાણમાં મતવિભાજનને કારણે. આ દૃષ્ટિએ કોંગ્રેસની ઐતિહાસિક જીત થઈ છે કે મતદાતાનો જબ્બર આદેશ મળ્યો છે એવો દાવો માન્ય થઈ શકે નહિ. કોંગ્રેસને ૩૮% જેટલી સીટ મળી છે. ચૂંટણી પૂર્વના યુપીએના જોડાણને પણ ૪૮% સીટ મળી છે. ઐતિહાસિક જીત કે મતદાતાના જબ્બર જનઆદેશની વાત એક ભ્રમ છે, એક અતિશયોક્તિ અને મિડીઆ પ્રચારનો અતિરેક જ છે એમ માનવું રહ્યું અને છતાં કોંગ્રેસ નાના નાના પક્ષોના જબ્બર દબાણમાંથી બહાર આવી છે તે એક શુભ ચિન્હનો સ્વીકાર કરવો રહ્યો. પરંતુ દબાણથી સ્વતંત્ર નથી જ. સાથી પક્ષોના જબ્બર દબાણનીચે જ નહિ પણ બહારથી બીનશરત ટેકો આપનાર પણ હકીકતમાં હાર્યા પછી 'ભૂતની ચોટલી' પકડી રાખીને પોતપોતાનો સ્વાર્થ સાધી મોકો મળ્યે સોગઠી મારવાની રાહ જોતા રહેશે. કોંગ્રેસ પણ જાણે છે એટલે સપા, રાજદ સાથે જૂના સાથી તરીકે કહીને મીઠો સંબંધ જાળવી રાખે છે. સપા, રાજદ અને બસપનો બીનશરત ટેકો એમની સામેના કોર્ટ કેસોમાં એમને રાહત આપશે.

આ વખતની ચૂંટણીમાં ૫૪૩ સીટ માટે ૮૦૭૦ ઉમેદવાર ઊભા રહ્યા એટલે એક સીટ માટે સરેરાશ ૧૪.૮૬% ઉમેદવારે ભાગ લીધો. ૧૦૨૭ પક્ષોમાંથી આ વેળો ૩૮ પક્ષોના ૫૪૩ સભ્યો ચૂંટાયા છે જેમાં ઓછામાં ઓછો એક સભ્ય દરેક પક્ષમાંથી ચૂંટાયો છે. બીજી રીતે વિચારીએ તો ૧૦૨૭ પક્ષોમાંથી ૯૮૯ પક્ષો ખાતું ખોલાવવામાં નિષ્ફળ રહેલ છે. બધા જ નહિ તો પણ મોટા ભાગના ઉમેદવારોએ અનામત ગુમાવી છે. આ પણ એક આવકારદાયક પરિણામ છે. એથી આવતી ચૂંટણીમાં ઉમેદવારો ઓછા હશે અને ખર્ચ અને કાર્યભાર ઓછો થશે એમ માની શકાય. પ્રશ્ન એ છે કે આટલી બધી વ્યક્તિઓ ચૂંટણીમાં શા માટે ઝંપલાવે છે? એક કારણ એ જણાય છે કે બે મુખ્ય રાષ્ટ્રીય પક્ષમાં લોકશાહી તંત્રનો અભાવ છે. જે સત્તા ઉપર છે એમને સત્તા છોડવી નથી કારણ કે સત્તા એ પૈસા બનાવવાનું સાધન છે. ૨૦૦૪માં ચૂંટાયેલા ઉમેદવારોએ

૨૦૦૯ની લોકસભાની ઉમેદવારી કરતી વેળાએ જે મિલ્કતની જાહેરાત કરી છે તે બતાવે છે કે પાંચ વર્ષમાં એમની મિલ્કતમાં ૧૦૦% થી ૮૦૦% કે એથી પણ વધુ વધારો થયો છે. આમ જોઈએ તો પક્ષોમાં લોકશાહી તંત્રના અભાવનું કારણ ઉમેદવારોની સત્તા જાળવી રાખવાની ભૂખ જણાય છે. એજ કારણે પક્ષમાં જેમને તક મળતી નથી કાં તો પોતાનો પક્ષ રચે છે કે પછી કોઈ પક્ષ સાથે જોડાઈને કે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડે છે; પણ ધ્યેય સેવાનું નહિ બલ્કે પૈસા બનાવવાનું અને એમાંથી ઉપસ્થિત થતા બીજા લાભો ઊઠાવવાનું જ રહે છે. બીજું વરવું કારણ એ કે ગમે તેવો મોટો કે હીન ગુનો કર્યો હોય તો પક્ષમાં જોડાવાથી તરત જ અને વર્ષો સુધી કદાચ કાયમ માટે રાહત મળી જાય છે. કોઈ આંચ આવતી નથી.

એક વિશ્લેષણ એવું છે કે ૨૦૦૪ની સરખામણીમાં કૉંગ્રેસે આ વખતે અંદાજ ૨% જ વધારાના મત મેળવ્યા છે. બે મુખ્ય રાષ્ટ્રીય પક્ષો મળીને લગભગ ૪૮% મત મેળવે છે અને એમની વચ્ચેના વૈમનસ્યને લીધે કોઈ પક્ષને ૩૦-૩૫% થી વધારે મત મળતા નથી. મતાધિકારનો ઉપયોગ ૬૦% થી વધુ હોતો નથી એટલે ૩૫% જેટલા મત મેળવનાર પક્ષ પણ અંતે તો અંદાજ ૨૧% પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવે છે. ભાગ્યમાં તમે માનો યા ન માનો, એમ નથી લાગતું કે ખુદ કૉંગ્રેસને પણ અનઅપેક્ષિત એવું પરિણામ આવ્યું છે એ એક કુદરતની મહામૂલી ભેટ છે? હું મહામૂલી ભેટ કહું છું કેમકે આ જે તક મળી છે એનો કેટલો સદુપયોગ કરીને એ આગળ વધે છે એના ઉપર ભવિષ્યનો આધાર છે.

૧૭મી મેના પરિણામ આવ્યું અને ૧૮મે મેના રોજ સ્ટોક એક્સચેંજમાં ૨૧૧૧ પોઈંટનો ઊછાળો આવ્યો અને ટ્રેડિંગ તે દિવસ પૂરતું બંધ કરવું પડ્યું. ઉદ્યોગપતિઓ અને સુખી સમાજે આ ઊછાળાને આવકાર્યો. પણ એવો વિશ્વાસ સામાન્ય વર્ગમાં અને વિશેષે ગરીબ વર્ગમાં જણાતો નથી. આ એક ગંભીર વિચારણાનો મુદ્દો છે. પ્રજાના મોટા ભાગની અપેક્ષા વિષે વિચારીએ.

**ગરીબી :** ઉદ્યોગોનો વિકાસ થયો છે. પ્રચૂર ધનસંપત્તિ પ્રદર્શિત થઈ રહી છે. ઉદ્યોગના વિકાસનો કોઈ વિરોધ નથી પરંતુ ધનવાન અને ગરીબ વચ્ચેની જે ખાઈ વધી રહી છે તેના ઉકેલનો કોઈ ઠોસ પ્રસ્તાવ નજરે ચડતો નથી. ઉદ્યોગના વિકાસમાં ગરીબી દૂર થશે એવો ખ્યાલ ખોટો છે. ૩૫ કરોડ જેટલી વસ્તી જ્યારે ભૂખમરા નીચે જીવતી હોય ત્યારે વિકાસના ફળો ધીમે ધીમે ઝમીને વંચિત વર્ગ સુધી પહોંચશે એમ માનીને ચલાવી લઈ ન શકાય. આર્થિક રીતે સુખી છે તેને સરકારનો સહારો ન મળે તો પણ એમનો માર્ગ શોધી લેશે અને કદાચ નુકશાની પણ ભોગવવી પડે તો પણ એમની ટકી રહેવાની શક્તિ છે. ગરીબો માટે તો મૃત્યુનો જ સહારો છે. કલ્પના કરો કે ગરીબ અને અજ્ઞાન બધા જ ગ્રેજ્યુએટ થઈ ગયા છે. શું ઉદ્યોગો આ બધાને નોકરી આપી શકશે? ઉદ્યોગનો પહેલો આશય તો એ હોય છે કે ઓછામાં ઓછા માણસોથી કામ ચલાવવું. કલ્પના છોડીએ, આવતા પાંચ વર્ષમાં કેટલા ગ્રેજ્યુએટ બહાર આવશે? એમને બધાને શહેરમાં નોકરી મળશે? આઉટ ઓફ બોક્સ થિંકિંગની જરૂરત છે.

**સંરક્ષણ :** ચારે તરફથી આતંકવાદ, નક્સલવાદ અને કાયદા કાનૂનના અભાવથી આપણને કોણ બચાવશે? આતંકવાદના બહારથી રચાતા કાવતરાનો તો અણચિંતવતો સામનો કરવો પડે પણ દેશમાંથી જ મળી રહેતા છૂપા સહારાને સિક્યુલારિઝમના ઠેકેદારો પહોંચી વળવાની હિંમત દાખવશે ખરા? નક્સલવાદ એ આતંકવાદથી કાંઈક નિરાળો પ્રશ્ન છે. નક્સલવાદ ગરીબોને થતાં અન્યાય અને શોષણને કારણે ઊભો થયો છે અને એને એ દૃષ્ટિએ ન નિહાળતા કેવળ કાયદો અને ન્યાયનો પ્રશ્ન સમજી લેવાને કારણે એનો સતત ફેલાવો થઈ રહ્યો છે. સરકારની દૃષ્ટિ બદલાશે?

**શિક્ષણ :** ઉચ્ચ શિક્ષણનું આર્થિક પાસું એટલું મોંઘું થઈ ગયું છે કે પ્રજાના ભાગ્યે જ બે ટકા એનો લાભ ઊઠાવી શકે તેમ છે. સરકારી શાળાઓની વાત ન કરીએ એટલું જ બસ છે. સેવાભાવી સંસ્થાઓ શિક્ષણ અને સ્વાસ્થ્યના ક્ષેત્રે સસ્તું અને ચારિત્ર ઘડતર કરે એવું શિક્ષણ આપે છે તેને સરકાર પ્રોત્સાહન આપે તો ઘણું સારું પરિણામ આવી શકે તેમ છે. સત્તાભૂખી સરકાર માની લીધેલા અધિકાર છોડવા તૈયાર થશે?

**સ્વાસ્થ્ય સેવા :** શિક્ષણ બાબતની ઉપરની વાત સ્વાસ્થ્ય સેવાને પણ એટલી જ લાગુ પડે છે.

**કાયદો અને ન્યાય :** ન્યાયની પદ્ધતિ એટલી વિલંબી અને ખર્ચાળ બની ગઈ છે કે સામાન્ય વ્યક્તિને એમાં વિશ્વાસ જ નથી રહ્યો. સંજોગોવશાત્ કોર્ટમાં જવું પડે છે તો મુંઝાઈને મરી જવા જેવી હાલત થાય છે. બ્રિટિશ સરકારે ઘડેલા કાયદા કાનૂન તો આપણા ઉપર રાજ કરવા માટે ઘડેલા. આઝાદીના છ દાયકા પછી પણ આપણે એજ કાયદાઓનું પાલન કરીએ છીએ અને એ રીતે આપણી માનસિક અને બૌધિક ગુલામીનું પ્રદર્શન કરી રહ્યા છીએ એમ નથી લાગતું? સરકારે માજી ચીફ જસ્ટિસ ઓફ ઇંડિયાના વડપણ હેઠળ એક કમિશન કાયદાઓની ફેરતપાસણી માટે નીમેલું. મોટા ખર્ચે અને લાંબા સમયગાળે તૈયાર કરેલો ચાર વોલ્યુમનો અંદાજે ચાર હજાર પાનાનો રીપોર્ટ આપેલો તે બીજા અનેક રીપોર્ટોની જેમ છાજલી ઉપર ધૂળ ખાય છે. આમાં જેટલા કાયદા સમયાંતરે નિરર્થક બની ગયા છે તેને દૂર કરવા ઉપરાંત જે સુધારા કરવાની જરૂરત છે તેના કારણો સહિત શું ફેરફાર કરવા એ પણ સુચવેલું છે. પરિણામ? શૂન્ય!!

શું બદલાયું ? વિંટીમાંથી બુટી બની. હેમનું હેમજ રહ્યું. કૉંગ્રેસ અને યુપીએ બન્ને માયનોરિટીમાં હતા, આજે પણ એમજ છે. વિરોધ પક્ષો સરકારની વિરોધમાં હતા, આજે પણ એમજ છે. દબાણ ત્યારે હતું આજે પણ છે અને રહેવાનું. રીત ભલે જૂદી હોય. આર્થિક કે દેશવિદેશ નીતિ જે હતી તેજ રહેવાની. ઘણું બદલાવા છતાં કાંઈ જ નથી બદલાણું.

મિત્રો, જે બદલાણું છે તે આ છે. મહેનત વગર અઢળક લક્ષ્મી સામેથી દોડીને મળવા આવે એવો વ્યાપાર એજ રાજકારણ. ચારિત્ર ઘડતરનું સાધન હતું જે શિક્ષણ તે બની ગયું કમાણીનું સાધન. કહેવત છે 'ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર, કનિષ્ટ નોકરી' એ નોકરી સોનાની બેડી બનીને નવી પેઢીને ગુલામ બનાવી રહી છે. એક યંત્રના સંચા બનીને સવારથી સાંજ નહિ પણ રાત સુધી વિચાર-વિહોણું જીવન જીવવા લાચાર બનાવી રહી છે. જીવનની સાર્થકતા જેમાં સમાયેલી છે તે શિક્ષણની સાથે સ્વાસ્થ્ય જાળવવાની પ્રણાલી આજે રોગ અને હૉસ્પિટલ દ્વારા દવાઓના અનેક પ્રકારના એનેલાયસિસ અને ઓપરેશનો દ્વારા વર્ષો વર્ષ વધતી જતી કમાણીના સાધનો બની ચૂક્યા છે. કહેવાતા વૈજ્ઞાનિક દેશોના આંધળા અનુકરણને આપણે પ્રગતિના સોપાન સમજી રહ્યા છીએ. બધા જ ક્ષેત્રોમાં જીવનનું કોઈ મહત્ત્વજ નથી રહ્યું. પૈસો, પૈસો, પૈસો અને પૈસો એ રાજકારણ તરફથી આપણને ભેટ છે. મરો ત્યાં સુધી દોડો અને દોડતા જ રહો પૈસા પાછળ. કહેવાતા કાળા નાણાંના સર્જનનું શિક્ષણ પણ આપણને આમાંથી જ પ્રાપ્ત થાય છે. સિદ્ધાંત વિહોણું રાજકારણ એટલે ભ્રષ્ટાચાર.

છેલ્લે એટલું જ કહેવું છે કે આપણા જીવનને અને આપણા વારસદારોને સરળ અને સુખી બનાવવાનું આપણે જાતે જ કરવાનું છે. કોઈ સરકાર એ કરી આપવાની નથી. રાજકારણે આપણા જીવન ફરતે ભરડો લીધો છે એમાંથી જાતે જ મુક્ત થવા પ્રયત્ન પણ આપણે જ કરવાનો છે, સ્વતંત્રતા જાતે જ મેળવવાની છે. શોષણ વગર કોઈ સત્તાધારી બન્યું નથી, બની શકે પણ નહિ. ✷ ✷ ✷

(વાચકોના પ્રતિભાવ આવકાર્ય)

૧૭૦૪, ગ્રીન રિડ્જ ટાવર–૨, ૧૨૦ લિંક રોડ, ચિકુવાડી,
બોરીવલી (પ), મુંબઈ–૪૦૦ ૦૯૨. ફોન : (૦૨૨) ૨૮૯૮૮૮૭૮.

---

# ચાદરનો ચમત્કાર

❑ હરજીવન થાનકી

વણકર કબીરની આખી જિંદગી આ ચાદર વણવામાં જ પસાર થઈ ગઈ. તેમણે હિંદુઓના તાણા અને મુસલમાનોના વાણાં વણીને એક સુંદર ચમત્કારિક ચાદર વણીને આપણને ભેટ આપી હતી.

તેને મેલી (Dirty) કોણે કરી? શા માટે કરી? એ વિષે વિચારવાનો સમય આવી પહોંચ્યો છે! આ રાજકારણ (Politics) કઈ બલાનું નામ છે? કબીરજીની ચમત્કારિક ચાદરને મારા નમસ્કાર!

આપણાં ભક્ત કવિ, હરિ ૐ શરણ ગાય છેઃ

*મૈલી ચાદર ઓઢકે કૈસે, દ્વાર તુમ્હારે આઊં...!*
*હે પરમેશ્વર! મૈં, મન હિ મન શરમાઊં....!!*

આ આપણી જીવન ચાદરને મેલી કરનારા પરિબળોને ઓળખવા–પારખવા રહ્યાં, કે જે આપણને શરમાવી રહ્યાં છે.

*તુંને મુઝકો જગમેં ભેજા, નિર્મળ દેહ લેકર આયા,*
*આકર કે સંસાર મેં મૈંને, ઈસકો દાગ લગાયા.*
*જનમ જનમ કી મૈલી ચાદર, કૈસે દાગ છુપાઊં...!*

ગાયક, મન્નાડે ગાય છેઃ

*'લાગા ચૂનરી મેં દાગ, છૂપાઊં કૈસે...*
*ઘર જાઉં કૈસે...લાગા ચૂનરી મેં દાગ'*

આ ડાઘમાં જ આપણાં સૌની કથા અને વ્યથા છુપાયેલી છે.

કબીરજીએ, 'જ્યોંકી ત્યોં ધર દીની ચદરિયાં'ની વાત કરી છે. જીવન દરમ્યાન કુદરતે આપણને સૌને ઓઢવા માટે જે ચાદર બક્ષી છે, તેમાં ડાઘ ના પડે તેની સાવચેતી આપણે રાખવાની છે! રાખીએ છીએ? ના. ગફલતમાં રહી જઈએ છીએ! જેનું પરિણામ સત્તા લાલસા, સંપત્તિનો પ્રભાવ અને કીર્તિના કામણમાં અનુભવાઈ રહ્યું છે. ચાદર મેલી થતી રહી છે.

જીવનની બાજી જીતને બદલે હાર તરફ ધકેલાઈ રહી છે. છેવટની કડીમાં હરિ ૐ શરણ ગાય છેઃ

*હે હરિહર! મૈં હાર કે આયા...*
*અબ ક્યા હાર ચઢાઊં...*
*મૈલી ચાદર ઓઢકે કૈસે, દ્વાર તુમ્હારે આઊં...*

કબીરજીની આ ચમત્કારિક ચાદરને ડાઘ ના લાગે, તેનો ઉપાય પણ હાથવગો છે જ. જરૂર છે માત્ર તેને અજમાવવાની.

કબીરજી કહે છેઃ

*કબીરા, તેરી ઝોંપડી, ગલકટિયન કે પાસ,*
*જો કરેગા સો ભરેગા, તું ક્યો ભયો ઉદાસ!*

આપણે સૌ ઉદાસ શા માટે થઈ ગયા? આપણે આપણી તૂટીફૂટી ઝૂંપડીમાં સલામત કેમ ના રહી શક્યા? આપણે સૌ દેખાદેખી, ઈર્ષા અને હરીફાઈમાં ફસાઈ ગયા! પરિણામે પેલી ચાદર મેલી થતી રહી, થતી ગઈ, તે એટલે સુધી કે આપણે સૌ કુદરતને ભૂલી ગયા. થાકીને હારી ગયા અને 'હાર' ચઢાવવાની લાયકાત ગુમાવી બેઠાં.

કર્મો કોઈને છોડતાં નથી, ભલભલા ચમરબંધીને પણ નહીં! કર્મનાં ફળ ભોગવવાં જ પડે છે. યુવાની એક સંભાળવા જેવી શારીરિક અવસ્થા છે. ચારિત્ર્યની માવજત તે દરમ્યાન થતી રહેવી જોઈએ. Character પાસે Wealth કે Health ની કોઈ વિસાત નથી. બહેનોની ચૂંદડી અને ભાઈઓની ચાદર સલામત રહે એ જ અભ્યર્થના...! ✷ ✷ ✷

સીતારામ નગર, પોરબંદર.

# ઝળહળતી જીવનજ્યોતથી મનાવ્યો મૃત્યુમહોત્સવ

❑ હર્ષદ દોશી

મધ્યમ વર્ગના કુટુંબમાં ઉછરેલા રેન્ડી પાઉશ અમેરિકાની પ્રખ્યાત કાર્નેગી મેલન યુનિવર્સિટી, પિટ્સબર્ગમાં કૉમ્પ્યુટર સાયન્સના પ્રોફેસર હતા. વર્ચ્યુઅલ રિઆલિટી તેમનો ખાસ વિષય હતો. આ નવી ટેકનોલોજી ઉપર તેમણે પાયાનું સંશોધન કર્યું હતું. જેના પરિણામે વોલ્ટ ડિઝની જેવી અનેક કંપનીઓના રોમાંચક અને અદ્ભુત કાર્યક્રમો અસ્તિત્વમાં આવ્યા છે. પોતાની ઝળહળતી કારકિર્દીમાં તેમને ભવ્ય સફળતા અને પ્રખ્યાતિ સાથે આર્થિક લાભ પણ મળ્યા હતા.

૪૭ વર્ષના રેન્ડી પાઉશને જુલાઈ ૨૦૦૭માં જાણ થઈ કે તેમને લિવરનું કેન્સર છે. તેમના લિવરમાં ૧૦ જીવલેણ ગાંઠ હતી. ડૉક્ટરોનો અભિપ્રાય હતો કે તે હવે લગભગ ૬ મહિના બચશે.

અનેક સંઘર્ષમાંથી પસાર થયા પછી, કારકિર્દીની ટોચે પહોંચે ત્યાં માથે આભ તૂટી પડ્યું હોય તેવા સમાચારથી ગમે તેવો હિંમતવાન માણસ પણ ભાંગીને ભૂક્કો થઈ જાય. રેન્કી પાઉશે કહ્યું, 'હું નસીબદાર છું. હવે હું જાણું છું કે મારી કેટલી આવરદા બાકી છે. બચેલું જીવન અને સમયનું આયોજન કરવાની મને તક મળી છે. લાંબા જીવન કરતાં બીજા માટે જીવવું વધારે મહત્ત્વનું છે.'

મોટા ભાગના માણસો પુરેપૂરું જીવન વેડફી નાંખતા હોય છે, ત્યારે રેન્ડી પાઉશ ગંભીર જીવલેણ માંદગીમાં પણ જીવનની દરેક પળનો પૂરો ઉપયોગ કરવા માંગતા હતા.

રેન્ડી પાઉશ અત્યંત લાગણીશીલ અને કુટુંબને સમર્પિત પતિ અને ત્રણ બાળકોના પિતા હતા. જીવલેણ કેન્સરની જાણ થતાં તેમણે ચાર નિર્ણય લીધા. (૧) કાર્નેગી મેલનમાંથી નિવૃત્ત થવું, (૨) પત્ની, સગાં વર્જીનિયા રહેતા હતા ત્યાં સ્થળાંતર કરવું, (૩) કેન્સર ઉપર શોધ કરી રહેલી કોઈ પણ પ્રયોગશાળા કે હૉસ્પિટલને પોતાની ઉપર પ્રયોગ કરવાની છૂટ આપવી અને (૪) પોતાના સાથીઓ અને વિદ્યાર્થીઓને અલવિદા કહેવા માટે કાર્નેગી મેલનમાં એક પ્રવચન આપવું.

તેમના છેલ્લા બે નિર્ણય હિંમતભર્યા અને અસાધારણ હતા. તેમની પત્ની અને મિત્રો અવાક્ થઈ ગયા હતા.

કેમોથેરપી અત્યંત કષ્ટદાયક સારવાર છે. તેની આડ અસર એટલી પ્રબળ છે કે દરદી હતાશ થઈ જાય છે અને કંટાળીને થાકી જાય છે. તેમાં નવી શોધ, સારવાર અને ઔષધના પ્રયોગ માટે પોતાની જાતને સોંપી દેવી એ નર્યું પાગલપણું લાગતું હતું.

ડૉક્ટરોએ તેમને ચેતવણી આપી કે પ્રયોગના ગંભીર પરિણામ પણ આવી શકે છે. કદાચ તાત્કાલિક મૃત્યુ પણ થઈ શકે છે.

આ ચેતવણી સામે રેન્ડી પાઉશે અસાધારણ નિર્ભયતા અને મક્કમતા બતાવ્યા. પોતાના સુખચેનની તેમને કોઈ ચિંતા હતી નહીં. કોઈ પણ રીતે બીજાને મદદરૂપ થવું તે તેનો જીવનમંત્ર હતો. જતાં જતાં પણ સમાજને ઉપયોગી થવામાં તેમને ખરો સંતોષ અને ખુશી થતા હતા. તેમણે બેધડક પોતાની જાતને પ્રયોગ માટે સોંપી દીધી.

કાર્નેગી મેલનમાં વિદાય લઈ રહેલા મહત્ત્વના પ્રોફેસર છેલ્લું પ્રવચન-Last Lecture-આપે તેવી પરંપરા છે. પણ રેન્ડી પાઉશની પત્ની 'જેઈ' એ પ્રવચન આપવા સામે નારાજ હતી. આ પ્રકારના પ્રવચનની તૈયારીમાં ઘણો સમય લાગે છે અને શ્રમ પડે છે. જેઈને ભય હતો કે કેમોથેરપી, ડૉક્ટરો અને હૉસ્પિટલની સતત મુલાકાત અને નબળાઈને કારણે રેન્ડી પાઉશનું શરીર તે શ્રમ સહન નહીં કરી શકે. વળી પ્રવચન માટે વર્જિનિયાથી પિટ્સબર્ગની મુસાફરીની પણ શરીર ઉપર માઠી અસર પડે. જેઈની ઇચ્છા હતી કે રેન્ડી પાઉશ વધુમાં વધુ સમય કુટુંબ સાથે વિતાવે.

રેન્ડી પાઉશ પ્રવચન આપવાના નિર્ણયમાં અડગ હતા. તેમણે જેઈને સમજાવ્યું કે તે પોતે પૂરો સમય કુટુંબ સાથે ગાળવા ઇચ્છતા હતા. પણ, તેમના જીવન અને કારકિર્દીમાં અનેક મિત્રો, સાથીઓ અને વિદ્યાર્થીઓનો મોટો ફાળો હતો. જીવનના છેલ્લા દિવસોમાં તેમને આ છેલ્લા પ્રવચન દ્વારા ઋણ સ્વીકારનો, બધાને મળવાનો, પોતાના અનુભવ અને જીવનદૃષ્ટિ રજૂ કરવાનો અવસર મળતો હતો.

તેમની છેલ્લી દલીલ સૌથી વધારે સચોટ હતીઃ 'આપણાં બાળકો અત્યારે નાના છે. મોટા થશે ત્યારે તેમને પિતાની કેવી યાદગીરી હશે ? તેમને તો સાંભળેલી વાતનો જ આધાર મળશે. મારા પ્રવચનની સી. ડી. તેમને મારી જીવનયાત્રાનો વધારે સ્પષ્ટ ખ્યાલ આપશે. તું મારા માટે તેમને જે કંઈપણ જણાવીશ તેના કરતાં પણ વધારે ઉંડી અસર એ સી.ડી.ની થશે. બાળકો પોતાના પિતા કેવા હતા તે જાતે નિર્ણય લઈને સમજી શકશે.'

છેવટે તેમને પ્રવચન માટે જેઈની અનુમતિ મળી ગઈ.

યુનિવર્સિટીએ પ્રવચન માટે ૧૮ સપ્ટેમ્બર, ૨૦૦૭નો દિવસ નક્કી કર્યો. તે માટે રેન્ડી પાઉશે ૧૭ તારીખે પિટ્સબર્ગ પહોંચવું જોઈએ. તેમાં એક મોટી અડચણ ઊભી થઈ. ૧૭ તારીખે જેઈનો જન્મદિવસ હતો. પતિ–પત્ની બન્ને જાણતા હતા કે જન્મદિવસ સાથે ઉજવવાનો આ છેલ્લો અવસર હતો. એ સમયે જ રેન્ડી પાઉશ કુટુંબથી દૂર રહે તે જેઈ કોઈ પણ રીતે સ્વીકારવા તૈયાર ન હતી. બાળકોને સાથે લઈ જઈ શકાય તેમ ન હતું અને બાળકોને એકલા

મૂકીને જેઈ નીકળી શકે તે સંભવ ન હતું. છેવટે એ નક્કી કર્યું કે જેઈ ૧૮મી તારીખે વર્જીનિયાથી નીકળી સીધી પ્રવચનના સ્થળે પહોંચે અને તે જ દિવસે પાછી ફરે. રેન્ડી પાઉશે મધ્યમ માર્ગથી આ વિટંબણાનું સમાધાન કર્યું.

રેન્ડી પાઉશના પ્રવચનનો વિષય હતો–'બાળપણના સ્વપ્નની ખરેખરી સિદ્ધિ' (``Really Achieving Your Childhood Dreams)". આ પ્રવચન એટલું પ્રભાવશાળી, પ્રેરણાદાયી, ભાવભીનું અને હૃદયસ્પર્શી હતું કે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા. એ પ્રવચનનો ચારે તરફ વાયુવેગે પ્રચાર થઈ ગયો. પ્રવચનની લોકપ્રિયતા અને ભવ્ય પ્રતિસાદને ધ્યાનમાં રાખીને તેમણે ``Last Lecture" તરત જ પુસ્તકરૂપે બહાર પાડ્યું, જેમાં તેમણે જીવનના થોડા વધુ અનુભવોને આવરી લીધા. એ પ્રવચન અને પુસ્તકને આધારે અહીં તેમના અદભુત વ્યક્તિત્વ અને જીવનદૃષ્ટિ ઉપર પ્રકાશ પાથર્યો છે.

તેમણે પ્રવચનની શરૂઆતમાં જ કહ્યું કે તેમને પોતાની બીમારીની કે સહાનુભૂતિની વાત નથી કરવી. તે ``Last Lecture"માં પોતાના બાળપણમાં જોયેલા સ્વપ્ન અને અભિલાષા, તે સાકાર કરવામાં આવેલા વિઘ્ન અને પોતાના પુરુષાર્થની વાત દ્વારા જીવન જીવવાની અને માણવાની ચાવી બતાવવા માંગતા હતા.

દરેક બાળક ભવિષ્યની મીઠી કલ્પનામાં રમતો હોય છે. રેન્ડી પાઉશે કહ્યું કે બાળપણમાં જોયેલા આ સ્વપ્ન ખરેખર સાકાર થયા કે નહીં તે મહત્ત્વનું નથી. પણ એ માટે તેમણે જે પ્રયાસ કર્યા અને તેમાંથી જે પાઠ શીખ્યા તેનું જીવનમાં મહત્ત્વ છે.

બાળપણમાં રેન્ડી પાઉશને ફૂટબૉલના ખેલાડી થવાની હોંશ હતી. નવ વર્ષનો રેન્ડી ફૂટબૉલની તાલીમ આપતી કલબમાં જોડાયો. પહેલે દિવસે તે જ્યારે ફૂટબૉલના મેદાનમાં ગયો ત્યારે તેને આશ્ચર્ય થયું. તાલીમ આપનાર કોચ પાસે ફૂટબૉલ જ ન હતો!'

એક બાળકે કોચને પ્રશ્ન કર્યો, 'અમે ફૂટબૉલ વગર રમત કઈ રીતે શીખીશું?'

આ અજાયબ કોચે સામો પ્રશ્ન કર્યો, 'ફૂટબૉલના મેદાનમાં કેટલા ખેલાડીઓ હોય છે?'

'બાવીસ.' બાળકોએ જવાબ આપ્યો.

'બાવીસમાંથી કેટલા ખેલાડી પાસે ફૂટબૉલ હોય છે?'

'એક જ ખેલાડી પાસે.' બાળકોએ ઉત્તર આપ્યો.

'બરાબર. હવે તમે જવાબ આપો કે બાકીના ખેલાડીઓ ત્યારે શું કરે છે?'

બાળખેલાડીઓ પાસે કોઈ ઉત્તર ન હતો.

કોચે સ્પષ્ટતા કરતાં કહ્યું કે 'જેની પાસે ફૂટબૉલ નથી એવા એકવીસ ખેલાડીઓ પણ રમત રમી રહ્યા છે. એ એકવીસ ખેલાડીઓ કેવી રીતે રમે છે એ હું તમને પહેલા શીખવીશ.'

રેન્ડી પાઉશે કહ્યું કે 'આ વિચિત્ર, પણ અદ્ભુત કોચ પાસેથી મને જે શીખવા મળ્યું છે તે મારા જીવનના વિકાસનો પાયો છે. હું કોઈ કલબની ટીમનો પણ ખેલાડી નથી બની શક્યો. એ રીતે મારું બાળપણનું આ સ્વપ્ન સાકાર નથી થયું. પણ તેને મારી નિષ્ફળતા નથી ગણતો, કારણ કે ફૂટબૉલના મેદાનમાંથી મને અનુભવના અમૂલ્ય પાઠ મળ્યા છે. કોઈ પણ વિષય કે પ્રશ્નના મૂળ સુધી પહોંચવાની ટેવ મને આ કોચ પાસેથી મળી છે.' તેમણે ફરી ફરીને ભારપૂર્વક કહ્યું કે મજબૂત પાયાની કિંમત ક્યારે પણ ઓછી ન આંકવી.

કોઈ એક સમયે ફૂટબૉલ એક જ ખેલાડી પાસે હોય છે, પણ બાકીના એકવીસ ખેલાડીઓ પણ મહત્ત્વના છે. તેઓ પણ રમત રમી રહ્યા છે. એક ખેલાડીમાં પણ કુશળતા ઓછી હોય તો તેની ટીમ હારી જાય. આ કોચ પાસેથી તેમને બાળપણમાં જ ચારિત્ર ઘડતર માટે અમૂલ્ય એવા ટીમવર્ક, ખેલદિલી, સાથ–સહકાર, ખંત અને ધીરજના પાઠ શીખવા મળ્યા.

એક અનુભવને ટાંકતાં તેમણે કહ્યું કે જ્યારે કોચ તેમની રમતથી નારાજ થતો ત્યારે આકરી સજા કરતો. આ સજાથી ઉદાસ થયેલા રેન્ડી પાઉશને કોચે એક સોનેરી શિખામણ આપી. 'જ્યારે તારું પરિણામ ખરેખર ખરાબ હોય અને કોઈ ટીકા પણ ન કરે ત્યારે સમજવું કે કોઈને તારામાં જરા પણ રસ નથી કે આશા દેખાતી નથી.' કોઈ આપણું ધ્યાન પણ ન દોરે અને આપણા તરફ ધ્યાન પણ ન આપે એ મોટી અવગણના છે, જે આકરી ટીકા કરતાં પણ વધુ ખરાબ છે.

રેન્ડી પાઉશે કહ્યું કે '**આપણા ટીકાકાર આપણા સૌથી મોટા હિતેચ્છુ છે**. આ સૂત્ર મારા જીવનમાં અંકાઈ ગયું છે.'

તેમનો અનુભવ હતો કે સારું શિક્ષણ અને તાલીમ પરોક્ષ રીતે પણ ઘણા જીવન ઉપયોગી પાઠ શીખવે છે. સાથીઓ અને વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જગાડવાની ખૂબી તે ફૂટબૉલના મેદાનમાં શીખ્યા હતા. ઉત્સાહ જાગે તો પહાડ જેવા કામ પણ સરળ થઈ જાય છે અને જવાબદારી પણ પ્રસન્નતાથી પાર પડે છે. તે યુનિવર્સિટીના અભ્યાસક્રમનું હંમેશ એ રીતે આયોજન કરતા કે વિદ્યાર્થીઓને પરોક્ષ રીતે બીજા વિષયોની જાણકારી સહજ રીતે મળી જતી. ગમત સાથે જ્ઞાન આપવાની કુશળતા તેમની અધ્યાપક તરીકેની સફળતા અને લોકપ્રિયતાનું રહસ્ય હતું.

તે આઠ વર્ષના હતા ત્યારે ડિઝનીલેન્ડ ફરવા ગયા હતા. ત્યાંના હેરત પમાડે તેવા મનોરંજનના કાર્યક્રમ જોઈને એટલી નાની ઉંમરે તેમને આવા કાર્યક્રમ બનાવવાના મનોરથ થયા.

ડિઝનીલેન્ડમાં આ જાતના કાર્યક્રમ ઘડનારાઓને `imagineer' કહે છે. Imagination અને Engineer જોડીને આ શબ્દ બન્યો છે. રેન્ડી પાઉશને પણ `imagineer' બનવાનું સ્વપ્નું હતું. આ સ્વપ્ન

સાકાર કરવામાં તેમને અનેક વિટંબણાઓ અને વિઘ્નનો સામનો કરવો પડ્યો હતો.

કાર્નેગી મેલન જેવી ટોચની અને પ્રખ્યાત યુનિવર્સિટીમાંથી કૉમ્પ્યુટર સાયન્સમાં Ph.D. કર્યા પછી રેન્ડી પાઉશે ડિઝનીલેન્ડમાં `imagineer' ના કામ માટે અરજી કરી. રેન્ડી પાઉશ કલ્પનામાં ઊડી રહ્યા હતા. તે ધારતા હતા કે આવી માતબર યુનિવર્સિટીના Ph.D.ને ધારે ત્યાં કામ મળી જાય. ડિઝનીલેન્ડમાંથી નનૈયાનો પત્ર મળતાં તે નક્કર ધરા ઉપર આવી ગયા. તેમણે વર્જીનિયા યુનિવર્સિટી અને ત્યાર પછી કાર્નેગી મેલનમાં virtual reality ઉપર સંશોધન ચાલુ રાખ્યું અને તેમાં ઝડપી વિકાસ કર્યો. પણ તે પોતાના સ્વપ્નને ભૂલ્યા ન હતા.

જોન સ્નોડી virtual realityના પ્રખ્યાત નિષ્ણાત હતા અને ડિઝનીલેન્ડ સાથે જોડાયેલા હતા. રેન્ડી પાઉશે તેની સાથે કામ કરવાની તક ઊભી કરી. તે માટે રેન્ડી પાઉશને યુનિવર્સિટીની મંજૂરી મેળવવી જરૂરી હતી. તે એક વરિષ્ટ અધિકારી પાસે ગયા. રેન્ડી પાઉશનો વિષય તદ્દન નવો અને વિકસી રહેલો હતો. તે વિષયના જાણકાર બહુ જ ઓછા હતા. આ અધિકારીએ રદિયો આપતાં કહ્યું કે 'તારો પ્રસ્તાવ કામનો છે તે કેમ ખબર પડે?'

રેન્ડી પાઉશ સરળતાથી હાર સ્વીકારે તેવા ન હતા. તેમણે બીજા વરિષ્ઠ અધિકારીનો સંપર્ક કર્યો. આ અધિકારીએ સહાનુભૂતિ સાથે કહ્યું, 'તારા વિષયની મારી પાસે કોઈ માહિતી નથી. નિર્ણય આપતાં પહેલા મારે વધુ વિગત મેળવવી પડશે. પરંતુ હું એટલું જાણું છું કે યુનિવર્સિટીના તેજસ્વી અધ્યાપકનો આ પ્રસ્તાવ છે.'

બન્ને અધિકારીઓએ એ જ વાત કહી કે તેઓ આ વિષયથી અપરિચિત હતા અને નિર્ણય લઈ શકતા ન હતા. એકનો ઉત્તર નકારાત્મક હતો અને બીજાનો પ્રતિભાવ પ્રોત્સાહક હતો. રેન્ડી પાઉશ કહે છે કે તેનું આ સ્વપ્ન સાકાર કરવામાં આડી ભીંત જેવું વિઘ્ન આવી ગયું હતું. છતાં તેમણે તેમાંથી પણ અમૂલ્ય અનુભવ મેળવ્યો.

અનેક વિઘ્ન પાર કરીને રેન્ડી પાઉશ છેવટે યુનિવર્સિટી પાસેથી અનુમતિ મેળવીને જ રહ્યા.

આ ઘટનાએ તેમને જીવનમાં સહકાર અને પ્રોત્સાહનનું મહત્ત્વ સમજાવ્યું, જે તેમની સફળતાની ચાવી હતી. કોઈ પણ રીતે બીજાને ઉપયોગી થવાની તત્પરતાથી તેમણે અનેક અધિકારીઓ, સાથીદારો અને વિદ્યાર્થીઓના આદર અને પ્રેમ મેળવ્યા હતા અને ધાર્યું કામ પણ કરાવી શક્યા હતા.

જોન સ્નોડી સાથે તેમણે ડિઝનીલેન્ડના Imagineering વિભાગમાં પાયાનું કામ કર્યું. પરિણામે ત્યાં virtual reality આધારિત અદ્દ્ભુત કાર્યક્રમો તૈયાર થયા. હવે ડિઝનીલેન્ડે તેમને કાયમી ધોરણે રોકવાની દરખાસ્ત આપી! પણ રેન્ડી પાઉશે તેનો સવિનય ઈન્કાર કર્યો. હવે તે પોતાનું કાર્યક્ષેત્ર યુનિવર્સિટીમાં જ રાખવા માગતા હતા. છેવટે ડિઝનીલેન્ડના આગ્રહને વશ થઈ તેમણે અઠવાડિયામાં એક દિવસ સલાહકારની જવાબદારી સ્વીકારી. તોતિંગ ભીંત જેવા અનેક વિઘ્ન પાર કર્યા ત્યારે તેમનું બાળપણનું આ સ્વપ્ન સાકાર થયું!

જોન સ્નોડીએ તેમને એક મોટી શીખ આપી હતી. જ્યારે કોઈ વિઘ્ન આવે, અડચણ ઊભી થાય, કામ અટકતું લાગે ત્યારે કોઈ વ્યક્તિ ઉપર રોષ કે દ્વેષભાવ ન રાખતા ધીરજથી કામ લેવાની યુક્તિ તેણે સમજાવી. જોન સ્નોડીએ કહ્યું કે સામી વ્યક્તિ તને સમજી શકે તે માટે તેને પૂરતો સમય આપવો જોઈએ. ગમે તેવી વ્યક્તિ હોય, લાંબે ગાળે એ જરૂર ન્યાય આપશે. જો હેતુ શુદ્ધ અને પ્રમાણિક હોય તો પૂર્વગ્રહ, ઈર્ષા, અહં અને ગેરસમજૂતીથી ઊભા થયેલા અવરોધો આપણી નિષ્ઠાથી લાંબે ગાળે દૂર થશે જ.

રેન્ડી પાઉશે કહ્યું કે આ સોનેરી શિખામણ તેમણે જીવનમાં વણી લીધી હતી. 'બની શકે છે કે તમારે ઘણો લાંબો સમય રાહ જોવી પડે. **કોઈ માણસ સદંતર દુષ્ટ નથી. દરેકમાં કંઈક સારું તત્ત્વ હોય છે. ફક્ત રાહ જુઓ. તેનું શુભ તત્ત્વ બહાર આવશે જ.'**

રેન્ડી પાઉશ તેમના સાથીઓ પાસેથી માનવતા, સહિષ્ણુતા અને ધીરજના અમૂલ્ય પાઠ શીખ્યા હતા. તેમણે દરેક વ્યક્તિત્વમાં છૂપાયેલી કુશળતાને શોધી કાઢવાની સૂઝ હાંસલ કરી હતી. તેને દરેક મનુષ્યમાં રહેલા શુભ તત્ત્વ ઉપર અખૂટ શ્રદ્ધા હતી. આ શ્રદ્ધા તેમના જીવનનું પ્રેરક બળ હતું. તે માનતા હતા કે માર્ગમાં ભીંત આડી આવે છે તે પણ કામની છે. એ ભીંત મોટી પરીક્ષા છે. જેને આગળ વધવાની અદમ્ય તમન્ના છે તેને એ ભીંત પાર કરવાનો ઉપાય મળશે જ. જેની નિષ્ઠા થોડી પણ ઓછી હશે તે ભીંત પાસેથી પાછો ફરશે.

એક સાથીએ જ્યારે તેમની સફળતાનું રહસ્ય પૂછ્યું ત્યારે રેન્ડી પાઉશે કહ્યું, 'કોઈ પણ શુક્રવારે રાતના દસ વાગ્યે મારી ઑફિસમાં મળો.' શનિવાર અને રવિવારની રજા આવે ત્યારે મોટા ભાગના માણસો શુક્રવારે સાંજના જ ઑફિસથી બહાર નીકળી જતા હોય છે ત્યારે તે મોડે સુધી કામ કરતા હતા. તે માનતા હતા કે **'તક' અને તૈયારીનો સંગમ થાય છે ત્યારે જ નસીબ ખૂલે છે.'**

રેન્ડી પાઉશે હંમેશ ફળ કરતાં ફરજને વધુ મહત્ત્વ આપ્યું હતું. તેમણે આ ભાષણમાં ભાર દઈને કહ્યું કે તમારી પૂરી શક્તિ કામમાં રેડો અને પરિણામ તમારા કર્મ ઉપર છોડી દો.

તે કાર્યક્ષમતા, સમયપાલન અને શ્રેષ્ઠતાના આગ્રહી હતા. સાથેસાથે આ આગ્રહ માનવતાથી મઢેલો હતો. કાર્નેગી મેલનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ અને Ph.D. માં પ્રવેશનું ધોરણ ઘણું જ ઊંચું છે. તે માનતા હતા કે **જ્ઞાનની સાથે લાગણીની ભિનાશ પણ જીવનમાં એટલી જ જરૂરી છે.** તેમના પ્રયાસથી અનેક વિદ્યાર્થીઓને પ્રવેશ

મળ્યો હતો. રેન્ડી પાઉશે સંતોષથી જણાવ્યું કે આગળ જતા એ વિદ્યાર્થીઓ ઘણાં જ સફળ પુરવાર થયા હતા. કોઈના સ્વપ્નની સિદ્ધિમાં પોતે નિમિત્ત થયાની તેમને પારાવાર ખુશી હતી.

તેમને વિશ્વાસ હતો કે યુવકોને તેમના સ્વપ્ન સિદ્ધ કરવાની તક આપશો તો તેમની પૂરી શક્તિ ખીલી ઊઠશે. તેમણે પોતાના વિભાગના દ્વાર યુનિવર્સિટીના દરેક વિદ્યાર્થીઓ માટે ખોલી દીધા. તેમણે ૫૦ વિદ્યાર્થીઓને virtual reality ઉપર બેઅઠવાડિયા પોતાની કલ્પના પ્રમાણે કામ કરવાની તક આપી. virtual reality જેનો વિષય નથી એ વિદ્યાર્થીઓએ અવનવા પ્રયોગો કર્યા, જેનું અદ્ભૂત પરિણામ આવ્યું. આ પ્રયોગને કાયમી સ્વરૂપ આપીને તેમણે હજારો વિદ્યાર્થીઓની મનોકામના પૂરી કરી અને તેમના જીવન ઉત્સાહ અને ઉમંગથી ભરી દીધા. રેન્ડી પાઉશ કહે છે કે કોઈને તેના સ્વપ્ન પૂરા કરવાનો અવસર આપવાથી વધુ સંતોષ-કારક અને પ્રસન્નતાભર્યું બીજું કોઈ સત્કાર્ય નથી. વિદ્યાર્થીઓમાં સંપ અને સહચર્યનો વિકાસ આ કાર્યક્રમની મોટી આડ પેદાશ હતી. **'પ્રસન્નતાથી જીવો અને બીજાને મદદ કરો'** એ રેન્ડી પાઉશનો જીવનમંત્ર હતો.

આ કાર્યક્રમની સફળતાથી પ્રેરાઈને કાર્નેગી મેલને વિશ્વમાં પ્રથમ Entertainment Technology Centreની સ્થાપના કરી, જેને રેન્ડી પાઉશે છેવટ સુધી દોરવણી આપી.

રેન્ડી પાઉશ આધુનિક જ્ઞાનના વિસ્તારને ટેકો આપતા હતા. તેમના પ્રયત્નથી કાર્નેગી મેલને 3D graphicનો `Alice' નામનો કૉમ્પ્યુટર પ્રોગ્રામ તૈયાર કર્યો. પોતાની મેળે સહેલાઈથી શીખી શકાય તેવો આ કાર્યક્રમ મફત ઉપલબ્ધ છે. લાખો યુવકોએ તેનો લાભ લીધો છે અને પોતાની શક્તિ અને સૂઝનો ક્રિયાત્મક ઉપયોગ કર્યો છે. આ કાર્યક્રમની એ ખૂબી છે કે Alice શીખતા શીખતા કૉમ્પ્યુટરની 'જાવા' ભાષા પણ આવડી જાય છે! આ તેનો મોટો પરોક્ષ લાભ છે.

ભાષણને અંતે તેમણે એક જાહેરાત કરી. 'હું તમારે માટે એક આશ્ચર્ય રજૂ કરું છું.'

એ સાથે જ તેમના મિત્રો એક હાથગાડીમાં વિશાળ કેક લઈને સભાગૃહમાં હાજર થયા. આ કેક જોઈને તેમની પત્ની જેઈ પણ આશ્ચર્ય પામી. રેન્ડી પાઉશે જાહેર કર્યું કે 'ગઈ કાલે મારી પત્નીનો જન્મ દિવસ હતો. તેનો જન્મ દિવસ ઉજવવાનો અમારે માટે આ છેલ્લો અવસર હતો. એટલે તે એકલા ન ઉજવતા તમને બધાને તેમાં હું સામેલ કરી રહ્યો છું.'

રેન્ડી પાઉશ જાહેરાત પૂરી કરે તે પહેલા જ જેઈ તખ્તા ઉપર દોડી ગઈ. રેન્ડી પાઉશે કેકનો એક ટુકડો જ્યારે જેઈને આપ્યો ત્યારે પૂરો સભાખંડ લાગણીના પૂરમાં ખેંચાઈ ગયો હતો. દરેકની આંખમાં આંસુના બુંદ ચમકી રહ્યાં હતાં.

'મારું આ પ્રવચન હકિકતમાં મારા ત્રણ બાળકો માટે છે.' આ શબ્દો સાથે તેમણે તેમનું 'છેલ્લું પ્રવચન' પૂરું કર્યું.

શ્રોતાઓએ ઊભા થઈને ૯૦ સેકંડ સુધી સતત તાળીઓના ગડગડાટથી તેમનું અભિવાદન કર્યું.

ટાઈમ મેગેઝિને વર્ષ ૨૦૦૭ના સૌથી વધુ પ્રભાવશાળી ૧૦૦ વ્યક્તિઓમાં રેન્ડી પાઉશની ગણના કરી છે. ટાઈમ મેગેઝિને તેમને પ્રશ્ન કર્યો હતો કે તમારી શારીરિક અવસ્થા નાદુરસ્ત હોવા છતાં તમે કઈ રીતે આટલા ઉત્સાહથી પરિશ્રમ કરી શકો છો? રેન્ડી પાઉશે ઉત્તર આપ્યો, **'પરિસ્થિતિની મર્યાદામાંથી પણ ઉત્તમ પરિણામ મેળવવું એ મારું જીવનધ્યેય છે.'**

કેન્સરની જીવલેણ બિમારી અને પીડા હોવા છતાં રેન્ડી પાઉશનો ઉત્સાહ અણનમ હતો. તેમણે કહ્યું, 'મોત સામે છે છતાં હું જીવન માણી રહ્યો છું. છેલ્લા દિવસ સુધી હું જીવનની મજા માણતો રહીશ.' તેમને માટે મજા એટલે મોજમસ્તી નહીં પણ જીવનનું માધુર્ય હતું. ડૉક્ટરોની ૬ મહિનાની ધારણા સામે રેન્ડી પાઉશ ૧૨ મહિના જીવ્યા.

'છેલ્લું પ્રવચન' સામાન્ય માનવી કઈ રીતે સામાન્ય ઘટનાઓને પણ અસામાન્ય રીતે જીવનમાં વણીને અસામાન્ય જીવન જીવી જાય છે તેની ઝલક આપે છે. Last Lecture એટલું લોકપ્રિય થઈ ગયું કે U Tubeમાં એક કરોડની આસપાસ લોકોએ તેને જોયું અને સાંભળ્યું છે. તે પુસ્તકની પણ લાખો નકલ વેચાણી છે.

નિખાલસતા, વફાદારી, કૃતજ્ઞતા, કદરદાની, ભૂલનો સ્વીકાર, ટીકાઓનો પણ આદર, દરેકને મદદ માટે સદા તૈયાર અને બીજાના સ્વપ્નને સિદ્ધ કરવાની તત્પરતાથી રેન્ડી પાઉશનું જીવન ઝગમગતું હતું. તેમનામાં દરેક સંજોગોને હળવાશથી લેવાની અને માણવાની ગજબની કુનેહ હતી.

૨૦૦૮ની ૨૫ જુલાઈએ એક વીર સેનાનીની છટાથી તેમણે દેહ છોડ્યો.

રેન્ડી પાઉશે પૂરા આનંદ અને પ્રસન્નતાથી છલછલતું જીવન જીવી જાણ્યું હતું અને મોત આવ્યું ત્યારે તેને પડકારી પણ જાણ્યું હતું. કેન્સરની જીવલેણ બિમારીને પણ સમાજને મદદરૂપ થવાની તકમાં ફેરવી તેમણે મૃત્યુનો પણ મહોત્સવ ઉજવ્યો. પોતાના જવલંત ઉદાહરણથી તેમણે લાખો યુવકોના જીવનમાં ચેતનાની ચિનગારી પ્રગટાવી છે.

✱ ✱ ✱

૩૨/બી, ચિત્તરંજન ઍવન્યૂ, કોલકાતા–૭૦૦ ૦૧૨.
Mobile : 09830564421.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## ફંડ રેઈઝીંગ અભિયાનમાં પ્રાપ્ત થયેલ અનુદાનની યાદી

**આ યાદીમાં આપનું પૂણ્યશાળી નામ હોવું જ જોઈએ. એક સંસ્થાને સદ્ધર કરી અન્ય માનવ સેવા સંસ્થાને જીવનદાન આપો**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ૮૦માં વર્ષમાં પ્રવેશ કરે છે. આ સંસ્થાએ અત્યાર સુધી માનવ સેવા કરતી ગુજરાતના પછાત વિસ્તારની ૨૫ સંસ્થાઓને રૂા. ત્રણ કરોડ સુધીનું દાન પહોંચાડી એ સંસ્થાઓને પ્રગતિને પંથે ચઢાવી છે. પ્રત્યેક વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આ દાન યજ્ઞ અવિરત યોજાય છે અને દાતાઓના સહકારથી યોજાતો રહેશે જ. એટલે આ સંસ્થાને સદ્ધર કરશો તો માનવ સેવા કરતી અન્ય સંસ્થા પણ સદ્ધર થશે જ.

**૮૦મા વર્ષ દરમિયાન ૮૦ લાખનું સ્થાયી ભંડોળ એકત્રિત કરવાનો અમારો લક્ષ્યાંક છે.**

'ભક્તિ યાત્રા' કાર્યક્રમ અને 'પ્રબુદ્ધ' સ્મરણિકાના પ્રકાશન દ્વારા નીચે મુજબ રકમનો દાનનો પ્રવાહ આ સંસ્થા તરફ વહ્યો છે. એ સર્વે પુણ્યશાળી દાતાને અમારા વંદન-અભિનંદન. આ સંસ્થાની અન્ય સેવા પ્રવૃત્તિથી આપ પરિચિત છો જ. **ચેક શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નામે મોકલવા વિનંતિ.**

આપના તરફથી અનુદાન મળતા ૮૦-G સર્ટિફિકેટ આપને મોકલી શકાશે.

❑ **ફંડ રેઈઝિંગ કમિટિ અને શ્રી મું. જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો**

| | |
|---|---|
| ૧૧,૦૦,૦૦૦ | મે. જ્વેલેક્સ ઈન્ડિયા પ્રા. લિ. હસ્તે શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી |
| ૨,૫૦,૦૦૦ | શ્રી લાલજી વેલજી ચેરિટેબલ ટ્રસ્ટ (એન્કરવાલા) |
| ૨,૦૦,૦૦૦ | મે. એશિઅન સ્ટાર કું. લી. |
| ૨,૦૦,૦૦૦ | શ્રી પ્રવિણભાઈ શાંતિલાલ કોઠારી |
| ૨,૦૦,૦૦૦ | શ્રી રોઝી બ્લુ ડાયમંડ |
| ૨,૦૦,૦૦૦ | મે. એચ. દિપક એન્ડ કું. |
| ૨,૦૦,૦૦૦ | મે. ફાઈન જ્વેલરી લી. |
| ૧,૨૧,૦૦૦ | શ્રી ભણશાલી ટ્રસ્ટ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી ઓનવર્ડ ફાઉન્ડેશન હસ્તે હરેશ મહેતા |
| ૧,૦૦,૦૦૦ | મે. જયશ્રી એન્જિનિયરિંગ કું. |
| ૧,૦૦,૦૦૦ | શ્રી બિપીનભાઈ કાનજીભાઈ જૈન |
| ૧,૦૦,૦૦૦ | શ્રી કાન્તિલાલ નારણદાસ શાહ (કે. એન. શાહ ચેરિ. ટ્રસ્ટ) |
| ૧,૦૦,૦૦૦ | મે. મસ્કતી ઈનવેસ્ટમેન્ટ પ્રા. લિ. |
| ૫૧,૦૦૦ | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ૫૧,૦૦૦ | શ્રી કમલાબેન ગંભીરચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૧,૧૧૧ | શ્રીમતી સવિતાબાઈ નગીનદાસ ટ્રસ્ટ |
| ૫૦,૦૦૦ | શ્રીમતી આશાબહેન હસમુખભાઈ |
| ૫૦,૦૦૦ | શ્રીમતી કંચનબેન શાહ |
| ૫૧,૦૦૦ | શ્રી ગુણવંત ભાઈલાલ દોશી |
| ૫૧,૦૦૦ | શ્રીમતી ઉષાબેન પ્રવિણભાઈ શાહ |
| ૨૫,૦૦૦ | શ્રીમતી રમાબહેન જે. વોરા |
| ૨૫,૦૦૦ | શ્રી અરૂણભાઈ ગાંધી |
| ૨૧,૦૦૦ | મે. મિનલ જ્વેલર્સ |
| ૨૧,૦૦૦ | શ્રીમતી નિર્મળા ચંદ્રકાંત શાહ |
| ૨૧,૦૦૦ | શ્રી જુગરાજ કાંતિલાલ એન્ડ કું. |
| ૨૧,૦૦૦ | શ્રી મણીલાલ ચુનીલાલ સોનાવાલા ટ્રસ્ટ |
| ૧૫,૭૫૦ | શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ્ર શાહ પરિવાર |
| ૧૫,૦૦૦ | શ્રીમતી નીરૂબહેન સુબોધભાઈ શાહ |
| ૧૫,૦૦૦ | શ્રીમતી કુસુમબેન ભાઉ |
| ૧૫,૦૦૦ | શ્રી અમીચંદ આર. શાહ |
| ૧૫,૦૦૦ | શ્રી ચીમનલાલ ચકુભાઈ માનવરાહત ટ્રસ્ટ |
| ૧૫,૦૦૦ | શ્રી વિનોદ વસા એન્ડ કું. |
| ૧૧,૧૧૧ | મે. કોમ્પ્રેસર પાર્ટસ કું. |
| ૧૧,૦૦૦ | મે. વી. ગુણવંત એન્ડ કું. |
| ૧૧,૦૦૦ | મે. ન્યૂટરીક ઈન્ફરમેટીક લી. |
| ૧૧,૦૦૦ | શ્રીમતી રમાબેન વી. મહેતા |
| ૧૦,૦૦૧ | શ્રીમતી મીનલ વી. પટેલ |
| ૧૦,૦૦૦ | શ્રી ઘેલાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦,૦૦૦ | શ્રી એક સદ્ગૃહસ્થ |
| ૧૦,૦૦૦ | શ્રી યશોમતીબેન શાહ |
| ૧૦,૦૦૦ | શ્રી ઠાકોરલાલ કેશવલાલ મહેતા |
| ૧૦,૦૦૦ | શ્રી કલાવતી હસમુખલાલ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦,૦૦૦ | શ્રી નીતિનભાઈ કાંતિલાલ સોનાવાલા |
| ૧૦,૦૦૦ | શ્રી રાજેન ચંદ્રકાંત શેઠ |
| ૯,૨૨૫ | શ્રીમતી બિંદુ શ્રીકાંત શાહ |
| ૯,૨૨૫ | શ્રી શ્રીકાંત પ્રમોદચંદ્ર શાહ |
| ૫,૮૦૦ | શ્રીમતી નૈનાબેન બાબુલાલ ચુનીલાલ ચોકસી પરિવાર |
| ૫,૦૦૦ | શ્રીમતી તારાબેન મોહનલાલ શાહ ચેરિ. ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શ્રી અનીશ શૈલેશ કોઠારી |
| ૫,૦૦૦ | શ્રીમતી ભારતીબેન દિલિપભાઈ શાહ |
| ૫,૦૦૦ | મે. એડવાન્સ ટેકનો ટાઈમ ઈન્ડસ્ટ્રીઝ |
| ૫,૦૦૦ | શ્રી સુશીલાબેન અને સેવંતીભાઈ કપાસી |
| ૫,૦૦૦ | શ્રી લીના વી. શાહ |
| ૫,૦૦૦ | શ્રી શિવાનંદ મિશન |
| ૫,૦૦૦ | શ્રી તરૂલતાબેન નાનજી શાહ |
| ૫,૦૦૦ | સ્વ. રમણીકલાલ પૂજાભાઈ પરીખ હસ્તે અતુલ પરીખ અને નીતિન પરીખ |
| ૫,૦૦૦ | મે. કુસુમ ઈલેક્ટ્રીકલ એન્ડ એન્જિનિયરીંગ કું. |
| ૫,૦૦૦ | મે. હેમા રૂપા જ્વેલ્સ |
| ૫,૦૦૦ | મે. મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન |
| ૩,૦૦૦ | સ્વ. ગુણવંતીબેન રસિકલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી રમણિકભાઈ ગોસલીયા |
| ૩,૦૦૦ | શ્રી હીરજી વસનજી ગોસર |
| ૧,૫૦૦ | શ્રી દેવચંદ જી. શાહ |
| ૧,૧૦૦ | શ્રીમતી ગીરાબેન શાહ |
| ૧,૦૦૧ | શ્રી પ્રકાશ મોદી |
| ૬,૦૦,૦૦૦ | પ્રબુદ્ધ સ્મરણિકા દ્વારા પ્રાપ્ત |
| ૪૩,૭૧,૮૨૪ | |

# જયભિખ્ખુ જીવનધારા : ૭

○ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ સર્જક જયભિખ્ખુના જન્મશતાબ્દીના વર્ષમાં એમના જીવનચરિત્રનું અહીં આલેખન કરીએ છીએ. વ્યક્તિના જીવનમાં એના બાળપણના પ્રસંગો ચિત્ત પર સ્થાયી પ્રભાવ પાડતા હોય છે. ત્રણસો જેટલાં નાનાં-મોટાં પુસ્તકોનું સર્જન કરનારા જયભિખ્ખુની બાલ્યાવસ્થા વિશેનું સાતમું પ્રકરણ.]*

## ભગવાનની મતિ મૂંઝાઈ જતી હશે?

બાહ્ય સૃષ્ટિ ભલે સ્થિર અને સ્થાયી લાગતી હોય, પણ વ્યક્તિનું મનોજગત તો જીવનના આઘાત-પ્રત્યાઘાતો અનુભવતું અવિરત પરિવર્તન પામતું હોય છે. વ્યક્તિની આસપાસનો પરિવેશ પ્રત્યેક તબક્કે અને પ્રત્યેક અવસ્થાએ બદલાતો રહે છે. આજે એની સૃષ્ટિ સ્વજનોથી ભરેલી હોય, તો આવતી કાલે એની સૃષ્ટિમાં માત્ર પ્રિયજનો જ દૃષ્ટિગોચર થાય. એક સમયે એની સૃષ્ટિ પ્રકૃતિના રંગે રંગાયેલી હોય, તો બીજે કાળે એ મનોસૃષ્ટિ ઈશ્વરલીલાનો રહસ્યગર્ભ અનુભવ પામતી હોય. સંવેદનશીલ બાળક ભીખા ('જયભિખ્ખુ'નું હુલામણું નામ)ની સૃષ્ટિમાંય સતત પરિવર્તન આવતાં ગયાં અને એની સંવેદના પર એ ભાવો એક યા બીજી રીતે અંકિત થતા રહ્યા.

એક સમયે એની સૃષ્ટિ માતાના વિયોગ, માસી-મામીની માયા અને પિતાના હેતથી સભર હતી. પણ એ પછી સ્વજનોની માયા વીસરાઈ અને ગામની ધરતીની માયા લાગી. વરસોડા ગામની પ્રકૃતિ આ બાળકના ચિત્તમાં મહોરવા લાગી. એની સીમ, નિશાળ, ધર્મશાળા અને કોતરો એના જીવનની ચોપાસ વીંટળાઈ વળ્યાં. એમાં નિશાળના ગોઠિયા ગિરજાની દોસ્તી થતાં વળી નવો રંગ જાગ્યો. દોસ્તીએ ભીખાની દુનિયામાં કેટલાય નવા ખ્યાલો ને ભાવો જન્માવ્યા. આજ સુધી ઘરનાં સગાંઓ સાથે સંબંધ હતો, હવે કશી લોહીની સગાઈ નહીં ધરાવતા અન્ય જ્ઞાતિના ગોઠિયા સાથે સંબંધ બંધાયો. બ્રાહ્મણ-વાણિયાની દોસ્તી થઈ.

હિંમતબાજ ગિરજાનો સાથ ભીરુ ભીખાને ગોઠી ગયો. બંને દોસ્તો રામલીલા જોવા માટે વરસોડાથી બે ગાઉ દૂર આવેલા અંબોડ ગામના પાદરે પહોંચ્યા. આ સમયે ખુલ્લા મેદાનમાં વર્તુળ આકારની આસપાસ ગામલોકો બેસી ગયા હતા. ભીખાએ પહેલી વાર આવા ભિન્ન ભિન્ન વર્ગના અને વયના લોકોને એક સાથે એકઠાં થયેલા અને વાતો કરતાં-ઘોંઘાટ મચાવતા જોયા.

આમ તો આ સમયે એની આંખમાં ઉંઘ ડોકિયું કરી જતી હતી, પરંતુ આસપાસની જીવંત સૃષ્ટિ અને કીકીમાં રમતી જિજ્ઞાસાએ એની ઉંઘને ક્યાંય દૂર-દેશાવર મોકલી આપી. કોઈ ખેડૂત હતા, તો કોઈ વેપારી હતા. કોઈ યુવાન હતા તો કોઈ નાનાં બાળકો. કેટલાક વડીલો કોથળા પાથરીને બેઠા હતા, એ જ રીતે કેટલાક પાછળ ખાટલા ઢાળીને બેઠા હતા અને કોઈ જમીનથી આઠ-દસ ફૂટ ઊંચે ખાટલા કે માંચડા જેવું બાંધીને તેના પર ગોદડાં પાથરી લાંબા પગ કરીને નિરાંતે રામલીલાની મોજ માણવા આતુર હતા.

તેલની ધારનું વર્તુળ કરીને ચાચરચોક બનાવ્યો હતો. એમાં માતાનો ફોટો મૂક્યો હતો અને એની આગળના દીવામાંથી એક માણસે આવીને મશાલ પ્રગટાવી. ચાચરમાં અજવાળું રહે અને રામલીલા દેખાય એ માટે એમાંથી બીજી મશાલો સળગાવવામાં આવી. ભવાઈ જ્યાં રમાવાની હતી, ત્યાં આઠ વાંસના થાંભલા બાંધીને માંડવી ઊભી કરી હતી. બે પડદા બાંધ્યા હતા. એની વચ્ચેની ગોળ જગામાં ભવાઈ થવાની હતી. વળી કલાકારોને તૈયાર થવા માટેનો ગામમાં જે ઉતારો આપ્યો હતો, ત્યાંથી માંડવીમાં જવા માટેનો રસ્તો રાખવામાં આવ્યો હતો. ભવાયા ચાચરમાં જતા પહેલાં માતાને વંદન કરે પછી ઘૂઘરા બાંધે. આ બધું જોઈને ભીખાને તો એમ થયું કે એ જાણે જુદી જ દુનિયામાં આવ્યો હોય! પૃથ્વી પર સ્વર્ગ ઊતર્યું હોય એવું અનુભવતો એ રોમાંચક આંખે આ સઘળું નિહાળી રહ્યો.

માતાનો મુજરો અને પૂજનવિધિ થયાં. ચારે દિશામાં ભૂંગળ વગાડવામાં આવ્યા. ગરબા ગવાયા અને પછી સીધી ચાલમાં થનથન કરતા વિઘ્નહર્તા ગણપતિ દાદા આવ્યા. બધી દિશામાં તેઓ કંકુવરણાં છાંટણાં કરતા હતા. કોઈ ગણપતિને વંદન કરતા હતા તો કોઈ એના આશિષ માગતા હતા. ભીખાને નર્તન* કરતા ગણપતિને જોવાની ભારે મજા પડી. ત્યારબાદ બ્રાહ્મણ વગેરે આવ્યા અને એ રીતે ભવાઈનો પૂર્વરંગ પૂરો થયો. પછી તો રાસની રમઝટ ચાલી.

ગામના પાદરની ધૂળમાં બેઠેલો ભીખો મુગ્ધ આંખે અને પારાવાર જિજ્ઞાસા સાથે બધું જોતો હતો. વચ્ચે વચ્ચે ગોઠિયા ગિરજા સાથે વાત કરતો જાય અને એને કંઈ પૂછતો પણ જાય. રામલીલાનો આરંભ થયો. સૂત્રધારે આવીને પ્રારંભ કર્યો. એ પછી આવેલા રંગલાનો વેશ જોઈને તો ભીખાને ખૂબ મજા આવી. એના હાવભાવ અને વેશ જોઈને એ ખડખડાટ હસવા લાગ્યો. હવે ખરેખરો રામ-રાવણનો ખેલ શરૂ થયો. બાળક ભીખાને ભૂંગળનો અવાજ અતિ

* ઉત્તર ગુજરાતનું પ્રાચીન નામ આનર્ત છે. આ શબ્દની એક વ્યુત્પત્તિ 'નર્તન કરનાર લોકોનો પ્રદેશ' એવો પણ મળે છે.

ઉત્સાહવર્ધક લાગ્યો. ભૂંગળ વાગે અને આખું વાતાવરણ ચેતનવંતુ બની જતું. કંઈ મહત્ત્વનું બને એટલે ભૂંગળવાળા ભારે જોરથી ભૂંગળ વગાડે અને ભીખાના આનંદમાં અનેરો વધારો થતો. એમાં વળી તબલચી, પખવાજ અને મંજીરાનો સાથ રહેતો. ઘૂઘરાના અવાજે ભીખાનું મન મોહી લીધું. પગે ઘૂઘરા બાંધીને નૃત્ય કરનાર જરા ઠેકો મારતો અને પછી તો ઘૂઘરાના અવાજે નર્તન રૂમઝૂમભર્યું અને ઘમઘમાટવાળું બની જતું. બાળક ભીખાની નજર રામલીલાના હનુમાનના પગ પર એવી તો સ્થિર થઈ ગઈ કે એ રાહ જુએ કે ક્યારે એ પગથી જોશભેર ઠેકો લગાવે અને ઘૂઘરાનો અવાજ રણકે.

ભીખાએ જોયું કે આસપાસ નાના–મોટા સહુ કોઈ રામલીલાનો આનંદ માણતા હતા. કોઈ પોતાને રામ જેવા માનીને રામ આવતા જ હાથ ઊંચા કરીને મોટી બૂમ પાડતા. કોઈ વળી સીતા જેવી પત્ની, લક્ષ્મણ જેવા ભાઈ કે હનુમાન જેવો સેવક હોય તેમ ઈચ્છતા હતા. પોતે એના જેવા થાય એવા આદર્શો અજાણપણે પણ સહુ કોઈના હૃદયમાં ઉતરતા હતા. ખેલની વચ્ચે વચ્ચે ફૂદડી જોવા મળતી અને એમાં પણ કૂદતી વખતે ખૂબ નાચ થતો અને એક નહીં પણ ઘણી ફૂદડીઓ ફરવામાં આવતી. ભીખો મનમાં વિચારે કે ફૂદડી ફરવી તો મનેય ગમે છે, પણ આની ફૂદડીની ઝડપ જુદી છે અને એનો થનગનાટ પણ જુદો છે. રામલીલાના ખેલ વખતે વચ્ચે વચ્ચે ચા–પાણી થઈ જતા. એમાં મધ્યાંતર ન હોય પણ કલાકારને સંગીતથી આરામ મળી રહેતો. એવામાં વચ્ચે વચ્ચે ભવાઈના નાના વેશ પણ ભજવાઈ જતા. ક્યારેક ભૂંગળના સૂર વહેતા તો ક્યારેક કોઈ સંવાદ વખતે આરામ લઈ લેતા.*

વચ્ચે રંગલો આવીને ભીખાને રડખડાટ હસાવી ગયો. ભૂંગળ વગાડીને ભવાઈની સૂચના કરવામાં આવી. દરેક વેશનો આરંભ થાય ત્યારે આવણું** ગવાતું અને પછી મુખ્ય પાત્ર ગીત અને નૃત્ય સાથે પ્રવેશતું. સીતાવિવાહનો પ્રસંગ આવ્યો. લગ્નપ્રસંગે રામ પાસે અનેક યાચકો આવવા લાગ્યા. ભવાયાઓ કાંસકીવાળો બાવો, ફાતડો, સરાણિયો જેવા જુદા જુદા વેશ લઈને માગવા આવે. રામ એ સહુને દાન આપે અને પછી રામવિવાહ થાય. ત્યારબાદ સીતાજીને લગ્નમંડપમાં લાવવામાં આવ્યા. આ સમયે વિવાહના ગીતને 'કટ' કરીને બોલી બોલવાની શરૂ થઈ. એક આનાથી ચાલીસ રૂપિયા સુધી બોલી બોલાતી હતી. એક વ્યક્તિ બોલે એના કરતા બીજી વ્યક્તિ વધુ મોટી બોલી બોલીને માન મેળવતો હતો. ભીખાએ ઉપાશ્રયમાં આવી બોલી બોલાતી સાંભળી હતી, પણ અહીં બોલાતી બોલી જેવા હોંકારા, પડકારા ને ઉશ્કેરાટ એણે જોયા નહોતા. આ પછી રામ વનવાસની વાત થઈ અને સીતાહરણનો ખેલ શરૂ થતો. વચ્ચે રાવણની બહેન શૂર્પણખા આવી અને લક્ષ્મણને હાથે તેના નાક, કાન કપાયાનો અભિનય થયો. ભીખાને ભારે મજા આવી. રામવિરહનો ખેલ શરૂ થયો, ત્યારે રામ અત્યંત વિલાપ વૃક્ષ અને છોડને સીતાના વિરહની આંસુ સારીને વાત કરતા હતા.

રામલીલાનો રંગ હવે ખરેખરો જામવા લાગ્યો. રામ અને રાવણના યુદ્ધનો ખેલ શરૂ થયો. દશ માથાવાળા રાવણને મારવા કેટલાય મેદાને પડ્યા. જેમની આરતી ઊતરતી, જેમની પૂજા થતી અને વારંવાર જેમના નામનો જયજયકાર થતો એવા ભગવાન રામ, એમના ભાઈ લક્ષ્મણ અને એમનો સેવક હનુમાન–એ બધા રાવણ સાથે લડતા હતા. રાવણને રણમાં રોળવા મથી રહ્યા હતા, પરંતુ એ કાંઈ ગાંજ્યો જાય તેવો નહોતો.

ભીખાને થયું કે રાવણ ખરેખર ભડનો દીકરો છે. આટલા બધા મહેનત કરે છે, છતાં કોઈ એનો વાળ વાંકો કરી શકતું નથી. એ એક હોંકારો કરે અને બિચારા વાનર પૂંછડી દબાવીને ભાગે. એક ખોંખારો ખાય અને ટોળે વળેલાં રીંછડાં ભાગી જાય! કોઈ રાક્ષસ કહેતા કે એના પેટમાં અમૃતકૂંપો છે. એ કેમ મરે? એના લોહીનું ટીપું પડે તો એકમાંથી એક હજાર રાવણ પ્રગટ.

આ બધું જાણીને ભીખાના મનમાં રાવણ પ્રત્યે અહોભાવ જાગ્યો. મનોમન વિચારે કે 'રંગ છે રાવણ તારી જનેતાને. એક તરફ એકલો તું અને બીજી તરફ આટલા બધા! છતાં તું ગાંજ્યો જાય તેમ નથી.' ભીખો રાવણનો પક્ષકાર બની ગયો.

રામની સેના પર રાવણ આઘાત કરે ત્યારે ગામલોકો સ્તબ્ધ બનીને જોતા; પણ ભીખાના મનમાં ભારે ઉત્સાહ જાગતો. એને તો રાવણ એટલો બધો ગમી ગયો કે ન પૂછો વાત. શું એનું પરાક્રમ? એકલો સહુને ભારે પડે છે! આ લડાઈમાં લક્ષ્મણ તીરથી મૂર્છિત થઈ જાય છે અને જમીન પર ચત્તોપાટ પડે છે. ભીખો વિચારે છે કે આ બિચારા લક્ષ્મણે મેઘનાદ અને રાવણ સામે થવા જેવું નહોતું. આવા બળિયા સામે બાથ ભીડવાની જરૂર નહોતી. છોકરાથી તે છાશ પીવાતી હશે?

યુદ્ધના મેદાનમાં લક્ષ્મણ ચત્તોપાટ પડતાં ચારેબાજુ હાહાકાર મચી ગયો. વાનરો હૂપાહૂપ કરવા લાગ્યા અને રીંછ છીંકાછીંક કરવા લાગ્યાં. જમીન પર પડેલા લક્ષ્મણ પાસે બેસીને રામે તો હૈયાફાટ વિલાપ આદર્યો.

**'લીલી રે હજો લીંબડી, શીતળ એની છાંય;**
**બોલકણા તે હજો બાંધવા, તોય પોતાની બાંય.'**

રામને અતિ આક્રંદભેર વિલાપ કરતા જોઈને ભીખાને થયું, આમને તે કોણ ભગવાન કહે? જો ને! ભાઈ મરવા પડ્યો છે, ત્યારે એની પાસે રડવા બેઠા છે. અકળાઈને ભીખો બોલી ઊઠ્યો, 'અરે, ભાઈને ઘાયલ કરનારો સામે ઊભો ઊભો મૂછો મરડે છે અને આ શું રડવા બેઠો છે?'

'એ ભીખા, એમ ન બોલીએ; પાપ લાગે.' ગિરજાએ ટકોર કરી.

* ભવાઈમાં આજના નાટકની જેમ મધ્યાંતર નહોતો.

** ભવાઈમાં મુખ્ય પાત્રનું આગમન સૂચવતું ગીત

ભીખો એનાથી મોટો હતો, તેથી પોતાની મોટાઈ બતાવતાં કહ્યું, 'અરે સાચું બોલવામાંય પાપ છે? ગિરજા, જરા જો તો ખરો, બે હાથનુંય છેટું નથી. આ રામ છુટ્ટો ઘા કરે તો ય રાવણના તમામ ખેલ ખલાસ થઈ જાય. છતાં ઘા કરવાને બદલે રડે છે. ભલા, શું ભગવાનની મતિ ય મૂંઝાઈ જતી હશે? આવું કેમ?'

આમ બોલતાં ભીખો જોશથી ઊભો થઈ ગયો. ગિરજાએ એને હાથ પકડીને બેસાડતાં કહ્યું, 'જરા ધીરો પડ. તાતો (ગરમ) થા મા, આ તો રામલીલા છે; હજી જોતો જા.'

'અરે, રામલીલા હોય તેથી શું થયું? એમાં રામને મારતા અટકાવે છે કોણ? પણ ગિરજા, રાવણ ભારે બળિયો હોં. એકલો સહુને ભારે પડે છે.'

'અરે, તું જો તો ખરો. આ રામ જ રાવણને મારશે.'

'રાવણને? ન બને. આવો બળિયો એમ કંઈ મરે ખરો?'

'જરૂર મરાશે.' રામના હાથે યુદ્ધમાં રગદોળાશે.'

ભીખાએ કહ્યું, 'તો આવી જા શરત પર.'

'શરતમાં તું હારી જઈશ, સમજ્યો? આ ચત્તોપાટ પડેલા લક્ષ્મણની મૂર્છા વળશે અને ફરી લડશે અને આ રામ રાવણને જરૂર મારશે.'

બાળક ભીખાને આઘાત લાગ્યો. એને બળિયો રાવણ ગમી ગયો હતો. એનાથી રાવણની હાર ખમી શકાય તેવું નહોતું. આથી એણે ગિરજાને પૂછ્યું, 'અલ્યા, આવો બહાદુર, હિંમતબાજ અને સોનાની નગરી લંકાનો ધણી રાવણ મરાય શા માટે? એનું કારણ શું?'

'ભીખા, કારણ પૂછે છે? અલ્યા, વિચાર તો ખરો, આ રાવણે સીતાનું હરણ કર્યું છે. પારકાની સ્ત્રી પર નજર નાખવી છે, તો આવું જ થાય ને!'

ભીખાએ વળતો સવાલ કર્યો, 'આ પારકાની સ્ત્રી પર નજર નાખવી એટલે શું? એ કઈ રીતે થતું હશે? રાવણે એવું તે શું કર્યું છે?'

'અરે, એણે તો સીતા માતા જેવી સ્ત્રી પર ખરાબ ઈરાદાથી મેલી નજર નાખી છે. આ એનું જ પાપ. જો, આવો માણસ ગમે તેવો બહાદુર હોય, તોય મરાવાનો. એના પાપ એને પો'ગી (પહોંચી) વળવાનાં.'

ગિરજાની વાત સાંભળી ભીખો વિચારમાં પડી ગયો. એને થયું કે ગિરજાએ તો ભારે મોટું રહસ્ય કહ્યું. એને થયું કે પારકી સ્ત્રી પર બૂરી નજર નાંખવી એ પાપ છે. એ પાપી ગમે તેવો બળિયો અને બહાદુર હોય, તોપણ એનું પાપ એને જરૂર ગળી જવાનું અને બન્યું પણ એવું કે રામે રાવણને માર્યો. એનાં દસ માથાં કપાઈ ગયાં. રામની આરતી ઉતારાવા લાગી.

ખેલ પૂરો થતાં કલાકારોએ માતાની પાસે જઈને ઘુઘરા કાઢ્યા. આરતી ફરવા લાગી. સહુએ પાઈ-પૈસો નાખ્યા, પણ ગિરજો અને ભીખો તો સાવ ખાલી ખિસ્સે હતા; આથી આરતી લઈને ફરનારો આવે અને કંઈ પાઈ-પૈસો નાંખી શકે નહીં, તે શરમથી બચવા માટે દૂરથી જ દર્શન કરીને બહાર નીકળી ગયા.

રામલીલા પૂરી થઈ ત્યારે રાતના બે વાગ્યા હતા. અંધારી બારસનો ચંદ્ર હજી ઊગ્યો નહોતો, પણ ભીખાની આંખ પર ઊંઘ સવાર થઈ ગઈ હતી.

આ રામલીલાએ ભીખાને લોકના આનંદની ઓળખ આપી. લોકસમૂહ કેવો મુક્તપણે હસી-બોલી શકે છે એનો ખ્યાલ આપ્યો. જાતજાતના વર્ણના લોક એને જોવા મળ્યા અને એટલે આ આનંદની સાથે એને જીવનનો એક અર્થ પણ મળ્યો.

ગણેશને ભાવથી દર્શન કરતા ગામલોકો અને ભગવાન રામનું કીર્તન કરતા ગાયકોએ ભીખાના મનમાં ધર્મ અને ભક્તિનો રંગ રેડ્યો. વળી એણે જોયું કે બૂરી નજર નાંખનાર રાવણનો નાશ થયો અને એ મનોમન વિચારવા લાગ્યો કે જીવનમાં સારી નજર મળે તો કેવું સારું. ને એનામાં નીતિ અને ધર્મના ભાવોની રેખા મનની અજાણી ધરતી પર આકાર લેવા લાગી. આકાશ નીચે ભજવાતી ભવાઈએ ભીખાના મનના આકાશને જીવન વિશેના કેટલાય ભાવો અને વિચારોથી ભરી દીધું. કશા ઉપકરણ વિના ભજવાતી આ રામલીલાએ ભીખાના મનમાં પરંપરાના અને મૂળના સત્ત્વના બીજ રોપ્યાં. એનું મન આનંદસભર ધર્મરંગનો અનુભવ પામ્યું. (ક્રમશઃ)

***

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના સૌજન્યથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા રવિવાર તા. ૧૬-૮-૨૦૦૯ થી રવિવાર તા. ૨૩-૮-૨૦૦૯ સુધી એમ આઠ દિવસ માટે યોજાશે.

**વ્યાખ્યાનમાળા સ્થળ :** પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦. રોજ ૭-૩૦ વાગે ભક્તિસંગીત અને ૮-૩૦ થી ૧૦-૧૫સુધી બે વ્યાખ્યાનો યોજાશે.

સર્વને પધારવા નિમંત્રણ છે.

❑ **મંત્રીઓ**

# શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૮

**❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ**

પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ સુરીશ્વરજીનો ચાતુર્માસ પ્રવેશ તા. ૨૪-૦૬-૨૦૦૯ ના મુંબઈ-દાદર (પશ્ચિમ)ના જ્ઞાનમંદિરમાં થશે. જિજ્ઞાસુઓને પૂજ્ય આચાર્યશ્રીનો જ્ઞાન લાભ લેવા વિનંતી.

**અષ્ટમ અધ્યાય : શક્તિ યોગ**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં આઠમો અધ્યાય 'શક્તિયોગ' છે. 'શક્તિયોગ'ની શ્લોક સંખ્યા ૯૫ છે.

વ્યક્તિ, સમાજ અને દેશ સમર્થ, શક્તિશાળી હોય તો જ તેનો પ્રભાવ પડે છે. યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'શ્રી જૈન મહાવીર ગીતા' અષ્ટમ અધ્યાય રૂપે 'શક્તિયોગ'નું આલેખન કરીને સૌને સમર્થ બનવાની પ્રેરણા આપે છે અને તેમાં સમગ્ર વિશ્વમાં જૈન ધર્મ, જૈન સંઘ અને જૈન ધર્મી શ્રાવક-શ્રાવિકા સૌ અત્યંત શક્તિશાળી બનીને જૈનધર્મની અદ્ભુત શાસન પ્રભાવના કરે તેવી ઉપદેશધારા વહાવે છે.

'શક્તિયોગ'નો પ્રારંભ આમ થાય છેઃ

शक्तियोग समो योगो न भूतो न भविष्यति ।
धी-श्री-कान्त्यादि वासायां शक्त्यां स्वातन्त्र्यात्मनः।।

(શક્તિયોગ, શ્લોક ૧)

**'શક્તિયોગ સમાન કોઈ યોગ થયો નથી અને થવાનો નથી : બુદ્ધિ, શ્રી, કાંતિ, ઈત્યાદિનો વાસ શક્તિમાં (સામર્થ્યમાં) છે અને તેનાથી આત્માની (પોતાની) સ્વતંત્રતા છે.'**

વિશ્વ સદાય સમર્થને જ પૂજે છે તે જાણીતી વાત છે. કહ્યું છે કે 'સમરથ કો નહિ દોષ ગોસાંઈ.' સમર્થ વ્યક્તિ જ શાસક બને છે. સમર્થ સમાજ જ વર્ચસ્વ પેદા કરે છે. સમર્થ રાષ્ટ્ર જ પોતાનું રક્ષણ કરે છે. સમર્થતા વિના સાર નથી. ધન, ચતુરાઈ, પ્રતિભાની સમર્થતા જ્યાં છે ત્યાં સૌ ઝૂકે છે. જ્યારે ખબર પડે છે કે હમણાં તમારી પાસે ખૂબ પૈસા આવી ગયા છે ત્યારે અજાણ્યો પણ હસ્તધૂનન કરી જાય છે અને જ્યારે ખબર પડે છે કે તમે હમણાં તકલીફમાં છો ત્યારે સગો ભાઈ પણ તમને સામેથી આવતા જોઈને ફૂટપાથ બદલે છે !

પ્રત્યેક વ્યક્તિની ઈચ્છા તો હોય જ છે કે તેનું વર્ચસ્વ હોય. પરતંત્ર કે ગુલામ હોવું કોને ગમે? વર્ચસ્વ હોવું જોઈએ એટલી ઈચ્છા માત્ર પૂરતી નથી. એ ઈચ્છા તો જોઈએ જ, પરંતુ એ ઈચ્છાની સાથે જ, વર્ચસ્વ માટેની જરૂરી સામગ્રી પણ જોઈએ. એ સામગ્રી એટલે સામર્થ્ય. પૈસા, ચતુરાઈ, પ્રતિભા, પ્રતિષ્ઠા આ બધું જ શક્તિમાન બનાવે છે. આવું સામર્થ્ય પામવું પડે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સમર્થ બનવાનું કહે છે. તેઓ સમર્થ જૈનાચાર્ય તો હતા જ, સાથોસાથ પ્રખર સમાજ, દેશ હિતચિંતક હતા. એમણે પોતાના સાહિત્યથી સૌને સમર્થ થવાની પ્રેરણા અહીં કરી છે તે તો ખરું જ, પોતાના જીવનથી પણ આવી જ પ્રેરણા તેઓ કરતા હતા.

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના જીવન-પ્રસંગો નિહાળીએ છીએ ત્યારે તેમાંથી સાધકજીવનની સૌરભ પ્રાપ્ત થાય છે :

મુનિ બુદ્ધિસાગરજી અને શ્રી વિનયવિજયજી સ્થંડિલભૂમિ (શૌચ) જવા નીકળ્યા હતા. નદીને પેલે પાર જવાનું હતું. વિનયવિજયજી આગળ ગયા અને પુલ ઓળંગીને નીકળ્યા કે તરત ત્યાં ઊભેલા સિપાહીએ નાકાવેરો માંગ્યો. સાધુ પાસે તો શું હોય? એમણે પોતાની વાત સમજાવવા કોશિશ કરી પણ એ સત્તાનો ભૂલેલો માનવી હતો. એણે ન માન્યું. એણે વિનયવિજયજીને ત્યાં જ બેસાડી રાખ્યા. થોડી પળો પછી બુદ્ધિસાગરજી મહારાજ ત્યાં આવ્યા. એમણે વિનયવિજયજીને બેસાડી રાખેલા જોયા ને એમની આંખો ફાટી રહી :

'કૌન હો તુમ? ક્યા ટેક્સ ચાહતે હો? સાધુ-સંન્યાસી સે ટેક્સ લેને કા તુમકો કીસને કહા?'

સિપાહી આ પ્રચંડ પંજાબી જેવા દેખાતા સાધુને જોઈ હબકી ગયો. એ સાધુની આંખમાંથી ગજબ નૂર પ્રકટતું હતું. કોઈને પણ તુમાખીથી જવાબ દેવાની રોજની એની આદત ભુલાઈ ગઈ!

'હમારે પાસ સે ટેક્સ લેના હૈ તો યહ દંડ લે લો! ફિર કહાં કે ભી નહીં રહોગે! ઘરબાર છોડકર હમારે સાથ ચલના હોગા, સમજે? જરા સાધુ-સન્યાસી કો તો સમજો ભાઈ! સિપાઈ હો તો હો, મગર ઈન્સાન તો નહીં મીટ ગયે?' બુદ્ધિસાગરજીએ કહ્યું.

સિપાહી ચરણોમાં ઢળી પડ્યો.

મુનિરાજે તેને શાંતિથી બોધ આપ્યો કે, 'ભાઈ! સાધુ-સંતનું સન્માન કરતાં શીખ. સન્માન ન આવડે તો અપમાન તો કદી ન કરીએ. સિપાઈધર્મ કરતાં પણ મનુષ્યધર્મ મહાન છે. એ ન ભૂલીશ, ઈશ્વર તારું કલ્યાણ કરશે.'

સિપાહી ભાવવિભોર બની ગયો.

આ ઘટનાને શું કહેવાય? પરચો કહેવો હોય તો પરચો કહીએ, નહીં તો અનોખી પ્રતિભાનો જ એ પ્રભાવ છે. જીવંત આત્મશ્રદ્ધાનો પડઘો હંમેશાં પડે છે!

x x x

એકદા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજ વિહાર દરમિયાન હણાદ્રા ગામ પાસેથી નીકળ્યા. રસ્તામાં ચોરનો ભેટો થઈ ગયો. ચોરની ઈચ્છા હતી કે સાધુને લૂંટવા! ચોરે પડકાર કર્યો. શ્રીમદ્જી ક્ષણવારમાં વાત સમજ્યા ને સામા ધસ્યા. ચોરને બાવડાથી એવો ઝાલ્યો કે બિચારાને ભોં ભારે થઈ પડી! હવે સૂરિજીએ તેને પડકાર્યોઃ

'તું અમને લૂંટવા આવ્યો છે? અલ્યા, સંત અને સતીને લૂંટવાનો તને વિચાર કેમ આવ્યો? પણ ખેર, હવે હું તને લૂંટીશ. હું માંગું તે તારે આપવું પડશે, નહિ તો જીવતો જઈશ!'

ચોર મુંઝાયો. એ આ પ્રચંડ પ્રતિભાધારી સાધુને જોઈ રહ્યો. એને તો લેવા જતા દેવાની દશા આવી પડી. શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરીશ્વરજીની પ્રભાવક દેહમૂર્તિ અને તેમના હાથમાં રહેલો વિશિષ્ટ દંડ જોઈને તે ઢીલો પડી ગયો. એણે સાધુની શરત કબૂલ રાખી. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ તેને પોતાના ઈષ્ટ દેવની શાખે દારૂ નહિ પીવો અને ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા આપી છૂટો કર્યો.

x x x

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી એકદા જંગલમાં કોતરની પાસે ધ્યાનમાં મગ્ન હતા. જે અંતરની દુનિયામાં પ્રવેશી જાય તેને બહારની દુનિયાની તમા ન હોય. શ્રીમદ્જી જ્યાં ધ્યાન લગાવીને બેઠેલા તેની બાજુમાં જ હતી સૂવરની બોડ. બોડમાંથી બે સૂવર બહાર ધસી આવ્યા. એમની નાની-નાની દંતાળીઓ ભારે ક્રૂર હતી. માનવીને હણી નાંખવા માટે સક્ષમ હતી. સૂવરોએ પોતાની બોડ પાસે ધ્યાનમગ્ન બેઠેલા માનવીને જોયોઃ સ્વભાવથી જ હિંસક પ્રાણીઓ આ યોગીરાજને નિહાળીને અહિંસક બની ગયા. અડધો કલાક વીતી ગયો. એક તરફ ધ્યાનમાં ડૂબેલા યોગી અને બીજી બાજુ સૂવર! સૂરિજીએ ધ્યાન પૂરું કર્યું અને સૂવરને જોયા. એમના અંતરમાં આનંદ વ્યાપી રહ્યોઃ એ દિવસે એમણે આત્માની પ્રચંડ શક્તિનો અનોખો અનુભવ કર્યો. એમને થયું કે અભય સામે ભય નકામો છે, જે પોતે બીતો નથી અને બીજાને બીવડાવતો નથી એ જ છે સાચો અહિંસક!

સાચા આત્માના સંગીને અભયનું વરદાન મળે છે!

x x x

પેથાપુરના શ્રાવકના પાંચ સંતાનોને શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરીશ્વરજી યોગ શીખવવા ગામની બહાર મેદાનમાં લઈ ગયા. શ્રીમદ્જી સમાધિ લગાવીને બેઠા હતા. એ સમયે ઓતરાદિ દિશામાંથી ફૂંફાડાં મારતો સર્પ શ્રીમદ્જીની નજીક સરકી આવ્યો. બાળકોએ તીણી ચીસ પાડી પણ શ્રીમદ્જી અવિચલ રહ્યા. એમના અંતરમાં સર્વ પ્રત્યે પ્રેમનો સમુદ્ર ઘૂઘવતો હતો. સાચા પ્રેમની પરિભાષા માનવી તો શું પશુ પણ સમજે છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસુરીશ્વરજીએ હસતાં હસતાં ડરી ગયેલાં બાળકોને કહ્યું: 'આ સાપ હમણાં ચાલ્યો જશે, એ આપણને ઉપદ્રવ કરવા આવ્યો નથી!'

અને સાચે જ, સર્પ ધીમેથી સરકીને દૂર જતો રહ્યો!

x x x

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સૌને, સમર્થ અને શક્તિવંત થવાની પ્રેરણા આપે છે તેમાં નિતાંત શુભ ભાવના ભરી છે. કહે છેઃ

शक्तिरेव महाधर्मः सर्वजातीययोगीनाम् ।
एवं ज्ञा त्वा महायोगी, शक्तिधर्मं समाचरेत् ।।

(શક્તિયોગ, શ્લોક ૨)

**'સર્વ લોકો માટે શક્તિ એ જ મહાન ધર્મ છે, એમ માનીને મહાયોગીઓએ શક્તિધર્મ આચરવો જોઈએ.'**

વળી કહે છેઃ

जैन संघ निवृद्धर्थं, वैषाचारादिनव्यता।
कर्तव्या शक्तियोगेन, देशकालद्यपेक्षया।।

(શક્તિયોગ, શ્લોક ૩)

**'દેશ અને કાળની અપેક્ષા અનુસાર શક્તિ-સમર્થતા દ્વારા વેષ, આચાર વગેરેની નવિનતા દ્વારા જૈન સંઘની અભિવૃદ્ધિ માટે કાર્ય કરવું જોઈએ.'**

શારીરિક, માનસિક, આંતરિક સજ્જતા વિના અથવા તો સામાજિક કે પારિવારિક સજ્જતા વિના વિકાસ કદીય શક્ય નથી તે હંમેશાં યાદ રાખવું જોઈએ. 'શ્રી જૈન મહાવીર ગીતા' ગ્રંથનું આલેખન થયું ત્યારે સમગ્ર ભારતવર્ષમાં આઝાદીની ચળવળ પૂરજોશમાં હતી અને તે સમયે પરતંત્રતા શું ચીજ છે તે ગ્રંથલેખક સ્વયં નિહાળી રહ્યા હતા તેથી તેનો પડઘો 'શક્તિયોગ'માં પણ નિહાળવા મળે છે. 'શક્તિયોગ'માં જ કહે છેઃ **'પરતંત્રતા હંમેશાં છોડી દેવી જોઈએ, અને આત્માની સ્વતંત્રતા રક્ષવી જોઈએ. પરતંત્રતા કરતા મૃત્યુ શ્રેષ્ઠ છે. સ્વાતંત્ર્યથી જીવન છે. સ્વતંત્રતા નષ્ટ થવાથી બળ વગેરે બધું નષ્ટ થાય છે. દેશ, સમાજ, ધર્મ વગેરેનું સ્વાતંત્ર્ય શાંતિ આપનારું છે.'** (શક્તિયોગ, શ્લોક ૬, ૭)

ધર્મનું રક્ષણ શક્તિથી જ થાય. જૈન ઈતિહાસ અને વિશ્વનો કોઈપણ ઈતિહાસનો અભ્યાસી કહી શકશે કે પરિવાર, સમાજ, રાષ્ટ્ર ઈત્યાદિનું રક્ષણ શક્તિમાનોએ કર્યું છે. હાથ પર હાથ મૂકીને બેસી રહેવાથી કંઈ જ ન વળે. ધર્મનું રક્ષણ શક્તિથી થાય અને તેમાં હંમેશાં સંગઠન શક્તિ ઉમેરવી જોઈએ. સંગઠનથી જ જીતાય અને સંગઠનથી શાંતિ પણ જળવાય તે નિર્વિવાદ છે. કહે છેઃ 'જૈન સામ્રાજ્યનું રક્ષણ સર્વ શક્તિથી થાય છે. સંઘશક્તિની વ્યવસ્થાથી શક્તિયોગ વડે રક્ષણ કરવું જોઈએ. મારો ધર્મ જીવનરૂપી શક્તિવાળો છે. તે વિશ્વનું કલ્યાણ કરનારો છે. સારા પ્રયત્નપૂર્વક તેની સાધના કરવી જોઈએ.' (શક્તિયોગ, શ્લોક ૧૩, ૧૪)

સંગાથ હંમેશાં સજ્જનનો કરવો જોઈએ. સારા લોકોની સાથે રહેવામાં, સારા લોકોનો સંગ જાળવવામાં, સારા લોકોની આગેવાની કરવામાં યશની અભિવૃદ્ધિ થાય છે ને સૌને આનંદ મળે છે. કહે છે: **'ક્રૂર લોકોના આગેવાન થવાથી સજ્જનોનો નાશ થાય છે. જ્યારે જૈનોના અગ્રણી થવાથી અલ્પદોષ અને મહાલાભ થાય છે.'**

(શક્તિ યોગ, શ્લોક ૧૬)

ટૂંકમાં, દુષ્ટ જનોની સાથે રહેવું ન જોઈએ.

જ્યાં ધર્મ હોય છે ત્યાં જય થાય છેઃ યતો ધર્મસ્તતો જયઃ। આ ત્રૈકાલિક સત્ય છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'શક્તિયોગ'માં આવું જ પારમાર્થિક વિધાન જોવા મળે છેઃ **'જૈનોના અગ્રણી થવાથી દેશ, રાજ્ય, વગેરેની રક્ષા થાય છે. જ્યાં ધાર્મિક લોકો મુખ્ય હોય છે ત્યાં ધર્મ હોય છે અને ત્યાં જય હોય છે.** (શ્લોક, ૧૭)

સ્વદેશાભિમાન એ ગૌરવપૂર્ણ બાબત છે. ધર્મનું, રાષ્ટ્રનું અભિમાન હોવું કે ગૌરવ કરવું તે જીવનનું પણ ગૌરવ છે. આવું ગૌરવ કોઈ પણ પડકાર ઝીલવાની શક્તિ આપે છે. કહે છેઃ **'આત્મ શક્તિ આપનાર ધર્મ અને દેશનું અભિમાન કરવું જોઈએ. સંઘને માટે સ્વાશ્રય અને સ્વાર્પણ કરવું જોઈએ.** (શક્તિયોગ, શ્લોક ૨૩)

માનવીય જીવનની તો ઉન્નતિ થવી જ જોઈએ પણ સ્વભાવથી ઉન્નતિ પામવી જોઈએ તે આ ઉપદેશનું લક્ષ્ય છે. મન, વચન, કાયા શક્તિથી ભરપૂર હશે તો વિજય મળશે. નિર્ભય થવાશે. નિર્ભયતા હંમેશાં આંતરિક દૃઢતામાંથી પ્રગટે છે. શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરીશ્વરજીના પ્રત્યેક લેખનમાં સાત્ત્વિકતા, ખુમારી ઝળહળે છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'નો 'શક્તિયોગ' પણ શક્તિપુંજ છે. સમર્થ બનો, અહિંસક બનો, પરતંત્ર ન રહો, નબળાને સાચવો, ધર્મની સેવા કરો, ધર્મનું રક્ષણ કરોનો ઘોષ પ્રત્યેક શ્લોકમાં સતત રણકતો સંભળાય છે, ત્યારે એક ત્યાગી અને યોગી સાધુ પુરુષની મહાનતાના આપણને સુચારુ દર્શન થાય છે. માનવજીવન અમૂલ્ય છે. જીવન જો દૃઢ, સદાચારપૂર્ણ અને વિવેકી બનાવ્યું હશે તો ગમે તેવા સુખ-દુઃખમાં આનંદપૂર્વક જીવી જવાશે. સુખમાં છકી જવું કે દુઃખમાં ડરી જવું એ નબળાઈ છે. એથી જીવનની શાંતિ ખંડિત થાય છે. ભગવાન મહાવીરે માનવદેહનો-માનવ જીવનનો જે મહિમા ગાયો છે તેમાં મૌલિક દૃષ્ટિબિંદુ છે. તેઓએ પોતાના જ્ઞાનલોક દ્વારા એક સત્યનો ઉઘાડ કરી આપ્યો: 'દેવ કરતાં માણસ એક મૂઠી ઊંચો. તિર્યંચ અને નરક કરતાં પણ માનવી મોટો.' આ વિધાન સ્મૃતિની દિવાલ પર કોતરી રાખવા જેવું છે. કેમ કે, આ દેહ દ્વારા સત્કર્મની વિરાટ સિદ્ધિને આંબી શકાય. એક લક્ષ્યાંક સિદ્ધ કરી શકાય. અને માનવી પાસે શું નથી? સંસ્કાર છે, શુભ અને અશુભનો નિર્ણય કરવાની શક્તિ છે. સારું અને ખરાબ પારખવાની હંસદૃષ્ટિ છે.

થોડાંક શ્લોકાર્થ જોઈએઃ

**કુદરતી રીતે જ નિર્બળ લોકો બળવાન લોકોના ભક્ષ્ય બને છે. આથી મન, વચન અને કાયાથી સબળતા મેળવવી જોઈએ.'** (ગાથા, ૨૫)

**'સેવા ધર્મ શ્રેષ્ઠ ધર્મ છે. માતાની જેમ (સર્વ દુ:ખીઓની) સેવા કરવી જોઈએ. કર્મયોગીઓ સર્વ કર્મ કરે છે.'** (ગાથા, ૨૯)

**'ધર્મકાર્યો કરનારા યોગીઓ (ભક્તો) કદી દુ:ખ પામતા નથી. તેઓ સ્વધર્મ સેવે છે (પણ) પરધર્મનો આશ્રય લેતા નથી. આવા (સમર્થ) જૈનો યુદ્ધ વગેરે કાર્યોમાં (પણ) પાછા પડતા નથી. તેઓ ધર્મયુદ્ધ કરે છે તથા દુષ્ટોને અટકાવે છે.'** (ગાથા, ૩૧, ૩૨)

**'જ્યાં જ્યાં શક્તિ છે ત્યાં ત્યાં મારો ધર્મ વૃદ્ધિ પામે છે. વૃદ્ધિમાં હીનતા એ જૈનોની ધર્મહીનતા છે. આથી જૈનોએ મેં કહેલા રહસ્યો જાણવા જોઈએ. તેમજ સર્વ સ્વરૂપે શક્તિનો પૂર્ણ સંગ્રહ કરવો જોઈએ.'**

(ગાથા, ૪૨, ૪૩)

**'ઉદ્યોગ પરાયણ લોકો મહાસત્તાનો આશ્રય લે છે. જેઓ ઉપયોગને ત્યજે છે તેઓ મને ત્યજે છે. જે થવાનું છે તે થાય જ છે તેમ નાસ્તિકો અચલ રીતે માને છે (પણ) આસ્તિકો પ્રયત્ન વડે મારો આશ્રય લે છે.'**

(ગાથા, ૫૫, ૫૬)

**'કર્મભેદથી કેટલાંક લોકો ઉચ્ચ છે તો કેટલાંક નીચ છે પણ જ્ઞાનયોગના તારતમ્યથી કોઈ ઉચ્ચ નથી અને કોઈ નીચ નથી.' (બલ્કે સૌ સમાન છે).** (ગાથા, ૫૯)

**'સમયને જાણનારા વિદ્વાનોએ સંઘની એકતાનું રક્ષણ કરવું જોઈએ. જે સંઘની એકતામાં ભેદ કરે છે તે દ્રોહી છે અને મારા ધર્મનો વિનાશ કરે છે.'** (ગાથા, ૬૨)

**'ઉદાર આચાર તથા પ્રતિબોધથી ધર્મની વિશાળતા સ્થપાય છે. તેને હંમેશાં વ્યાખ્યાન વગેરે દ્વારા રક્ષવી જોઈએ અને વધારવી જોઈએ. જૈનોએ સંઘબળ વડે અને દેશ, કાળ મુજબ વ્યવહાર ગોઠવીને (સંઘ) શક્તિવર્ધક કાર્યો અને ઉપાયોની યોજના કરવી જોઈએ. ખાસ કરીને ધર્મતીર્થની વૃદ્ધિ માટે આવા પ્રયત્ન કરવા જોઈએ અને મોહાંધ બનીને આળસ કરવી જોઈએ નહિ બલ્કે પુરુષાર્થ કરવો જોઈએ.'**

(ગાથા, ૬૩, ૬૪, ૬૫)

**'ચાર પ્રકારના સંઘની વૃદ્ધિ માટેના શક્તિવર્ધક કાર્યોમાં દેશ અને કાળની અપેક્ષા મુજબ સદ્બુદ્ધિ રાખીને કાર્ય કરવામાં આવે તો તેમાં પાપ નથી.** (ગાથા, ૭૧)

**'સંઘ વગેરેની શક્તિના લાભાર્થે સર્વકાર્યોમાં સદ્બુદ્ધિ રાખીને ધર્મના અનુરાગી જૈનોએ કર્તવ્ય કર્મમાં અધિકાર રાખવો જોઈએ. જૈન ધર્મના વિરોધીઓની જે જે શક્તિઓ હોય તે તે શક્તિઓ જૈનોએ પ્રયત્નપૂર્વક જાણવી જોઈએ અને તે મેળવીને આગળ વધવું જોઈએ. જૈન ધર્મના વિરોધીઓના જે જે શક્તિવર્ધક કાર્યો હોય તેનાથી પણ વધારે કાર્યો જૈનોએ પ્રયત્નપૂર્વક કરવા જોઈએ. જૈનધર્મની વૃદ્ધિ માટે સર્વશક્તિને એકત્ર કરવી જોઈએ. સર્વસંઘની શક્તિ વડે જ (સંગઠન વડે જ) સંઘ ટકી રહે છે તેમ નક્કી જાણવું જોઈએ. જૈનોના સર્વ કર્મો વડે જૈન**

**ધર્મની પ્રગતિ થાય છે. પુણ્યથી પુણ્ય ઉદ્‌ભવે છે અને સ્વર્ગ તથા (છેલ્લે) મુક્તિ પણ મળે છે.'** (ગાથા–૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭)

**'જૈનોની ઉન્નતિ વિરુદ્ધ જે દયા હોય તો તે દયા પણ સંઘ શક્તિનો નાશ કરનારી છે અને વસ્તુતઃ તે હિંસા રૂપ છે માટે તેનાથી દૂર રહેવું જોઈએ. વ્યવહારિક અને ધાર્મિક રૂપવાળી દયા શુભ છે માટે જ સેવવા યોગ્ય છે. જૈનોની સર્વશક્તિનો નાશ કરનાર (વસ્તુને) અધર્મ કહેવાય છે. જૈનોની સર્વશક્તિને ધારણ કરનાર ધર્મ કહેવાય છે. (માટે તેનું પાલન કરવું જોઈએ.) મહાસંઘની રક્ષા કરવામાં બધા જ ધર્મો સુરક્ષિત છે. (માટે તેની રક્ષા કરવી જોઈએ.)**

(ગાથા, ૮૨, ૮૩, ૮૪)

**'શક્તિવર્ધક કાર્યોમાં કદી વિરક્તિ કરવી નહીં. જ્ઞાન વૈરાગ્ય વગેરે યોગ વડે ભોગ્ય કર્મમાં આગળ વધવું જોઈએ. ભોગી લોકો સર્વ ભોગમાં નિષ્કામ રહે તો તેનું કલ્યાણ થાય તેથી ગૃહસ્થ જૈનો પોતાની શક્તિનો નાશ કરતા નથી તેમ જાણવું. જૈનો શારીરિક વગેરે સર્વશક્તિ માટેના નાશકારક કર્મોના વ્યભિચાર વગેરે દોષોના ત્યાગ વડે (બ્રહ્મચર્યના પાલન વડે) સમર્થ બને છે.'** (ગાથા, ૮૬, ૮૭, ૮૮, ૮૯)

**'શ્રેષ્ઠ જૈનોએ પરસ્પર શક્તિનો વ્યય કરવો જોઈએ નહીં પરંતુ શક્તિનો શુભ એવો શક્તિવર્ધક એવો યોગ કરવો જોઈએ.'**

(ગાથા, ૯૦)

**'બધાય લોકોએ પોતાનું બધું જે કંઈ છે તે સંઘ માટે જ છે તેમ માનવું જોઈએ. કર્મયોગીઓએ પોતાની મુક્તિ માટે આ ભાવના હંમેશાં રાખવી જોઈએ.'** (ગાથા, ૯૨)

**'મારા વચનોમાં સંશય રાખનારા નાસ્તિકો છે અને ધર્મનાશકો છે. તેઓ કુતર્ક કરવાથી અપયશ પામે છે અને દુર્ગતિમાં જાય છે.'**

(ગાથા, ૯૪)

**'નાસ્તિકોના કુતર્કોમાં મારા લોકો (ભક્તો) મોહ પામતા નથી, મારા આશ્રયે રહેલા મારામાં યત્‌કિંચિત શ્રદ્ધા રાખનારા જૈનો (ભક્તો) મારી ગતિને પામે છે.** (ગાથા, ૯૫)

'શ્રી જૈન મહાવીર ગીતા'નો 'શક્તિયોગ' એટલે પ્રેરણાનો અખૂટ સ્રોત. નીડરતા, નિર્ભયતા, સમર્થતા અને તેજસ્વીતા પ્રાપ્ત કરો અને ઉત્તમ જીવન જીવોની અભૂતપૂર્વ ઉપદેશધારા આ 'શક્તિયોગ'માંથી પ્રત્યેક શ્લોકમાંથી પ્રાપ્ત થાય છે. ગુણવાન અને ધાર્મિકજનો માટે પ્રેરણાનું નવ્ય ભાથું 'શક્તિયોગ'માંથી સંપ્રાપ્ત થાય છે. ગ્રંથલેખક શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું પ્રથમ શ્લોકમાં જ જે નિવેદન છે તે સત્ય છે કે જૈન સાહિત્યમાં 'શક્તિયોગ' જેવી પ્રેરક રચના છે જ નહિ, માટે તે અભૂતપૂર્વ ગણવી રહી. ત્યાગ કરો અને દયા કરોની સતત વાતોએ જીવનને જો નિર્માલ્ય બનાવી દીધું હોય તો તે પ્રેરણાનો સંદર્ભ બદલવો પડે. પાકિસ્તાનના ૫–૧૦ મામુલી માણસો આવીને ભારત પર એટેક કરી જાય અને ભારત જોયા કરે તો તે મહાનતા ગણાય કે નહિ તે વિચારવું પડે. એવા સમયે સીનો તાણીને ટટ્ટાર થવું જ પડે, જરૂર પડે તો હાથમાં શસ્ત્ર લેવા જ પડે. એવા સમયે એમ ન થાય તો તે નેતાઓને પ્રજા નિર્માલ્ય જ ગણે તે ભૂલવું ન જોઈએ. નિર્માલ્ય નેતાગીરીને પ્રજા કે ઈતિહાસ કદીય ક્ષમા ન કરે.

'શ્રી જૈન મહાવીર ગીતા'નો 'શક્તિયોગ' જે વાંચશે અને વિચારશે તેને સદાય પ્રેરક લાગશે. આ એક સર્વકાલીન પ્રેરણાની ઉત્તમ અને મહાન રચના છે. **(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ,
C/o. અનંત ચશ્માઘર, મનીષ હૉલ પાસે, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩.

## **પંથે પંથે પાથેય** (અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

ભાઈની સેવા કરવાનો લાભ લેવો. સેવા કરનારાઓમાં સૌથી અગ્રેસર કોઈ વ્યક્તિ હોય તો તે માવજીભાઈની પુત્રવધૂ ભાવનાબેન. એકલે હાથે નાજુક શરીરવાળી પુત્રવધૂ ભાવનાબેન પોતાનાથી વધુ વજનવાળા શ્વસુર માવજીભાઈના પુરુષદેહને કોઇપણ જાતના અણગમા કે સ્ત્રીસહજ સંકોચ વગર ઊંચકી લે, એમને વ્યવસ્થિત રીતે પથારીમાં ગોઠવીને પલંગ પર સૂવડાવી દે, મા બાળકને ખવડાવે તેમ પંગુ શ્વસુરને ખુરશી પર બેસાડી કોળિયા ભરાવી પ્રેમથી જમાડે, એમનું મોઢું તથા શરીર પાણીથી ધોઈ ટુવાલથી લૂંછી સાફ કરી આપે, આ તથા આવી અનેકવિધ સેવાઓ દીકરીની જેમ ખડે પગે ઊભી રહીને કરે. એ જોઈને હું તો દંગ જ રહી ગયો. પર્યુષણ પર્વ દરમિયાન પોતે આઠ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી ત્યારે પણ ભાવનાબેને શ્વસુરની આ સેવાઓ કરવાનું કોઈ જાતનો ભંગ કર્યા વગર ચાલુ રાખ્યું હતું. ખરેખર સેવાઓની આ પરાકાષ્ટા હતી અને એમાં ઉચ્ચ કોટિનું બાહ્યાંતર અને અભ્યંતર તપ મને દૃષ્ટિ ગોચર થયું.

થોડા દિવસ પછી પુત્રવધૂ ભાવનાબેનને પોતાના પુત્રના શિક્ષણ અર્થે શ્વસુરની સેવા પોતાના પતિ હેમંતને સોંપી મુંબઈ જવાનું થયું ત્યારે જે હૃદયદ્રાવક દ્રશ્ય સર્જાયું એને હું ક્યારે પણ ભૂલી શકીશ નહીં. વિદાય લેતી વેળાએ ભાવનાબેન બિમાર શ્વસુરને ગાલે હાથ ફેરવતી ફેરવતી કેટલીક મિનિટો સુધી સતત રડતી રહી અને આજુબાજુ ઊભેલા સૌને રડાવતી રહી. રડતી જાય અને બિમાર સ્વસુરને કહેતી જાય, 'શરીરની સંભાળ રાખજો; હું જલ્દીથી દિવાળીની રજાઓમાં તમારી સેવામાં આવી જઈશ.' ખરેખર પોતાના આ વચનને પાળવા ભાવનાબેન અને અન્ય પરિવારજનો ૨૨મી ઓક્ટોબર, ૨૦૦૮ના રોજ ટ્રેન દ્વારા કચ્છ જવા નીકળી ચૂક્યા હતા પણ એઓ બધા લુણી પહોંચે તે પહેલા માવજીભાઈ આયુષ્ય પૂર્ણ કરી ગયા હતા. પરમકૃપાળુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે.

ભાવનાબેન જેવી આદર્શ પુત્રવધૂઓ, હેમંત જેવા સંતાનો, પ્રફુલ જેવા ભાણેજ તેમજ જરૂર પડ્યે સહકારનો હાથ લાંબો કરતા કુટુંબીજનો માવજીભાઈની જેમ વધુ ને વધુ પરિવારોને પ્રાપ્ત થાય અને એ દ્વારા વધુ ને વધુના જીવનબાગ મઘમઘતા બને એવી પ્રાર્થના હું મનોમન કરતો રહ્યો.✷

૪૦૯, હિન્દ રાજસ્થાન બિલ્ડીંગ, ૪થે માળે, દાદા સાહેબ ફાળકે રોડ, દાદર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૧૪. ફોન : ૨૪૧૦૫૫૦૦, ૨૪૧૦૪૨૨૨.
રેસી :- ૨૪૧૪૪૦૧૦, ૨૪૧૪૫૧૬૧.

# જ્ઞાન અને ક્રિયાનો સમન્વય

❑ સુમનભાઈ એમ. શાહ

મુક્તિમાર્ગમાં જ્ઞાન અને ક્રિયા એ બન્ને ઈષ્ટ હોવા છતાંય, એકાંકીપણે તેનો ઉપયોગ કરવાથી ધ્યેયની સિદ્ધિ અશક્યવત્ જણાય છે. જ્ઞાનીઓનો એવો અભિપ્રાય છે કે જ્ઞાન અને ક્રિયા એ બન્નેના સમન્વયમાં શુદ્ધ અધ્યાત્મ છે. જીવની અસરથી પ્રભાવિત થઈ કર્મના પુદ્‌ગલોમાં સુખ-દુઃખ આપવાની શક્તિ પેદા થાય છે અને કર્મની અસર તળે આવી જીવ પણ વિવિધ પ્રકારના સુખ-દુઃખ, અજ્ઞાન અને મોહના વિપાકો અનુભવે છે. આ વસ્તુ-સ્થિતિ જેઓ જાણતા નથી અથવા વિપરીતપણે જાણે છે તેઓ કાં તો એકલી ભાવના કે જ્ઞાનના બળથી અથવા એકલી ક્રિયાના બળથી મુક્તિ મેળવવાનો અર્થહીન પ્રયાસ કરે છે.

મુક્તિમાર્ગના સાધકને જો વીતરાગ પ્રણીત ધર્મ અંગીકાર કરવો હોય તો નિશ્ચય અને વ્યવહાર એ બેમાંથી એકનેય છોડવું હિતાવહ નથી, બલ્કે બન્નેના યથાર્થ સમન્વયથી હેતુ સિદ્ધ થઈ શકે છે. નિશ્ચય બહુધા ભાવ-પ્રધાન છે અને વ્યવહાર ક્રિયા પ્રધાન છે. જીવ અંતઃકરણના સહયોગથી ભાવાત્મક પરિણામો ઉપજાવી શકે જ્યારે મન, વચન, કાયાના યોગથી ક્રિયાત્મક પરિણામો નીપજે. મોહનો અધિકાર જે ભવ્યજીવને ચાલ્યો ગયો છે, એવાઓની આત્માને ઉદ્દેશીને કરેલી શુદ્ધ ક્રિયાને વીતરાગો અધ્યાત્મ કહે છે. કોઈપણ લક્ષ, હેતુ કે પરિણામની શુદ્ધિ થવા માટે નિયત કરેલાં કારણો સેવવાની ભલામણ જ્ઞાનીઓએ કરેલી છે અને તેમાં ક્રિયા અંતર્ગત છે.

ક્રિયાને કેવળ કાયાની ચેષ્ટા માનીને જેઓ માત્ર ભાવ કે શ્રુતજ્ઞાનને અધ્યાત્મ ગણે છે, તેઓનું જીવન દંભ-રહિત બનવું અશક્યવત્ જણાય છે. આનું કારણ એ જણાય છે કે છદ્મસ્થ અવસ્થામાં મન-ચિત્તાદિ ભળ્યા સિવાય કેવળ કાયાથી જાણપણે ક્રિયા થવી અશક્યવત્ છે. બીજી રીતે જોઈએ તો આત્મપ્રદેશોનું કંપન થયા વિના મન-વચન-કાયા પ્રવૃત્તિ કરી શકતું નથી. અથવા વાણીનો વ્યાપાર કાયાની અપેક્ષા રાખે છે અને મનનો વ્યાપાર પણ કાયાની અપેક્ષા રાખે છે, તેમ જ વાણી અને કાયાનો વ્યાપાર પણ આત્માની અપેક્ષા રાખે છે. જેઓ જીવને શરીરી અવસ્થામાં પણ સર્વથા નિત્ય અને નિર્લેપ માને છે, તેઓના જીવનમાં વહેલા મોડા દંભનો પ્રવેશ થયા સિવાય રહેતો નથી. જો કે આવી પરિસ્થિતિ દેહધારી સર્વજ્ઞ કે ક્ષીણમોહદશામાં સ્થિત જ્ઞાનીપુરુષોને લાગુ પડતી નથી. એવું કહી શકાય કે એકલા નિશ્ચયથી ક્રિયાની ઉપેક્ષા, પ્રમાદની પુષ્ટિ, અહંકારની વૃદ્ધિ અને આળસનો આદર વધે છે.

અપેક્ષાએ એવું કહી શકાય કે સમ્યક્-જ્ઞાનથી મિથ્યા ભ્રમ ટળે છે અને સમ્યક્-ક્રિયાથી કર્મના બંધનો શિથિલ થાય છે. આમ ક્રિયા અને જ્ઞાનના સમન્વયમાં જ યથાર્થ અધ્યાત્મ સમાયેલું છે એવો જ્ઞાનીઓનો અભિપ્રાય છે.

**બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત;**
**સેવે સદ્‌ગુરુ કે ચરણ, સો પાવે સાક્ષાત્**

**–શ્રીમદ્ રાજચંદ્ર**

નિશ્ચયદૃષ્ટિનું લક્ષ કે ધ્યેય જિજ્ઞાસુ સાધકે એવા દેહધારી જ્ઞાની-પુરુષ પાસેથી મેળવવું ઘટે કે જેઓ મુક્તિમાર્ગ પામેલ છે અને અન્યને પમાડવાની ક્ષમતા ધરાવે છે. આવા સદ્‌ગુરુ પાસેથી મળેલ પરમ-શ્રુતજ્ઞાનરૂપ બોધ ભવ્યજીવમાં રહેલી મિથ્યાદૃષ્ટિ કે માન્યતાઓનો ધ્વંશ કરે છે અને સમ્યક્‌દૃષ્ટિ પ્રસ્થાપિત કરે છે. આવા ભવ્યજીવને સદ્‌ગુરુ પ્રત્યે શ્રદ્ધા, અનન્યતા, આશ્રય-ભક્તિ ઈત્યાદિ ઉદ્‌ભવે છે. આવો સાધક સદ્‌ગુરુની નિશ્રામાં ધ્યેયને અનુરૂપ મુક્તિમાર્ગનાં કારણો સત્-સાધનોથી સેવે છે, જે એક પ્રકારની સમ્યક્‌ક્રિયા અને પુરુષાર્થ છે. સદ્‌ગુરુના આજ્ઞાધીનપણામાં રહી સાધક આધ્યાત્મિક વિકાસ સાધે છે. સાધકથી થતી સમ્યક્‌ક્રિયા પાછળ પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિમય જેવાં પાંચ આશયો હોવાથી તેનો ધર્મ-વ્યાપાર મોક્ષનું કારણ બની શકે છે. જે દ્વારોથી પૌદ્‌ગલિક કર્મો આવે છે, તે દ્વારો બંધ કરી નવાં કર્મો રોકી દેવાં અને પહેલાંના કર્મોનો ક્ષય થાય એવા અંતર-આશયથી થયેલી ક્રિયાને અમુક અપેક્ષાએ પુરુષાર્થ કહી શકાય. આનાથી સાધકની પ્રજ્ઞાશક્તિ પ્રજ્વલિત થાય છે અને આત્મિક-ગુણો નિરાવરણ થવા માંડે છે. જ્ઞાન-દર્શનાદિ ગુણો જેટલા પ્રમાણમાં નિરાવરણ થયા હોય તેટલા પ્રમાણમાં તેની શુદ્ધ-ચેતના (દર્શન અને જ્ઞાનોપયોગ) કાર્યાન્વિત થાય છે. છતાંય અમુક પ્રમાણમાં અપૂર્ણતા રહે છે, જેની પૂર્ણતા માટે સાધકે સતત ઉદ્યમી રહેવું ઘટે છે અને જે એક પ્રકારની ધ્યેયલક્ષી ક્રિયા છે. સાધકે જ્ઞાન અને ક્રિયાના સમન્વય વખતે પણ સદ્‌ગુરુની આશ્રય-ભક્તિ છોડવાની નથી પરંતુ તેને નિરંતર સતેજ રાખવાની છે.

આમ 'જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષઃ' એ જ્ઞાની પુરુષોનું વચન યથાયોગ્ય જ છે એવું કહી શકાય.

✷ ✷ ✷

૫૬૩, આનંદવન સોસાયટી, ન્યુ સામા રોડ,
વડોદરા-૩૯૦ ૦૦૮. ફોન : (૦૨૬૫) ૩૨૪૫૪૩૯

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(મે ૨૦૦૯ના અંકથી આગળ)

૫૫૮. પૃથક્ત્વ (ભેદ) : પૃથક્ત્વ શબ્દનો બેથી માંડી નવની સંખ્યા સુધી વ્યવહાર થાય છે.

पृथक्त्व शब्द का दो से लेकर नौ की संख्या तक व्यवहार होता है ।

It is a technical term standing for the numbers two to nine.

૫૫૯. પૃથકત્વ વિતર્ક-સવિચાર : શ્રુતજ્ઞાનને અવલંબી કોઈ પણ એક દ્રવ્યમાં તેના પર્યાયોનો ભેદ અર્થાત્ પૃથક્ત્વ વિવિધ દૃષ્ટિએ ચિંતવન કરવું, તેમજ મન આદિ કોઈ પણ એક યોગ છોડી અન્ય યોગ ઉપર સંક્રમ અર્થાત્ સંચાર કરે, ત્યારે તે 'ધ્યાન પૃથક્ત્વ વિતર્ક-સવિચાર' કહેવાય છે.

अर्थ पर से शब्द पर और शब्द पर से अर्थ पर चिन्तनार्थ प्रवृत्ति करता है, तथा मन आदि किसी भी एक योग को छोडकर अन्य योग का अवलंबन ग्रहण करता है तब वह ध्यान 'पृथक्त्व वितर्क-सविचार' कहलाता है।

On the basis of whatever scriptural knowledge is available to him he in the interests of reflection he switches on from a meaning to a word, or lastly when he gives up one of yogas-e.g. that pertaining to manas in order to take up another, then the dhyana concerned is called Pruthaktva-Vitarkasavicara.

૫૬૦. પોતજ : જે કોઈ પણ પ્રકારના આવરણથી વીંટાયા વિના જ પેદા થાય છે તે પોતજ.

जो किसी प्रकार के आवरण से वेष्टित न होकर ही पैदा होते है वो पोतज है ।

The potaja are those species which are born without being wrapped in a coverage.

૫૬૧. પૌષધોપવાસ : આઠમ, ચૌદશ, પૂનમ કે બીજી હરકોઈ તિથિએ ઉપવાસ સ્વીકારી, બધી વરણાગીનો ત્યાગ કરી, ધર્મજાગરણમાં તત્પર રહેવું તે પૌષધોપવાસ વ્રત.

अष्टमी, चतुर्दशी, पूर्णिमा या दूसरी कोई भी तिथि में उपवास धारण करके और सब तरह की शरीर विभूषा का त्याग करके धर्म जागरण में तत्पर रहना पौषधोपवास व्रत है ।

On the 8th, 14th or full-moon date of the lunÉàr month-or on any other date-to keeps fast, to refrain from bodily decoration, to keep awake during night time engaged in virtuous acts is called pauadhopavasa.

૫૬૨. પ્રકીર્ણક : જે નગરવાસી અને દેશવાસી જેવા છે, તે દેવો પ્રકીર્ણક કહેવાય છે.

जो नगरवासी और देशवासी के समान देव ।

Prakirnakas are those who are akin to the rank-and-file townsmen and countrymen.

૫૬૩. પ્રકૃતિબંધ : કર્મપુદ્ગલોમાં જે જ્ઞાનને આવૃત્ત કરવાનો, દર્શનને અટકાવવાનો, સુખ-દુઃખ અનુભવવાનો વગરે સ્વભાવ બંધાય છે, તે સ્વભાવનિર્માણ એ પ્રકૃતિબંધ.

कर्मपुद्गलों में ज्ञान को आवृत्त करने, दर्शन को रोकने, सुख-दु:ख देने का जो स्वभाव बनता है वह स्वभावनिर्माण ही प्रकृतिबन्ध है ।

The binding of nature e.g. the nature to conceal Jnana, the nature to obstruct darsana, the nature to cause the experience of pleasure, pain etc. that takes place in the karmic particles is called praktibandha.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન સ્વાગત

❑ **ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **વસુંધરાનું વંઠેલું સંતાન**
લેખક : **ડૉ. મહેરવાન ભમગરા**
પ્રકાશન : **યજ્ઞ પ્રકાશન**
ભૂમિપુત્ર, હુઝરાત પાગા, વડોદરા-૩૯૦ ૦૦૧.
મૂલ્ય-રૂા. ૧૫/- પાના-૩૨, આવૃત્તિ-૧, પુનર્મુદ્રણ. માર્ચ-૨૦૦૭.

ઈશ્વરે આપણને મબલખ આપ્યું છે. પણ આપણે ખપ પૂરતું જ તેમાંથી લેવાનું છે. છેલ્લા ૧૦૦ વરસમાં ઉદ્યોગીકરણના વ્યાપ પછી માણસે કહેવાતી પ્રગતિ પાછળ આંધળી દોટ માંડી છે. પોતાના સુખ સગવડ અને ભોગવિલાસ માટે થઈને તે નિર્દયતાપૂર્વક પશુ-પક્ષી, જીવ-જંતુ, નદી-પહાડો અને જંગલોનો આડેધડ નાશ કરી રહ્યો છે. માનવીએ માઝા મૂકી છે. સમગ્ર સૃષ્ટિને જીવવાલાયક રહેવા દીધી નથી. તે સૃષ્ટિનો સંહારક બન્યો છે.

આ નાનકડી પુસ્તિકા દ્વારા ડૉ. ભમગરા આ વસુંધરાના વંઠેલા સંતાનને પોતાની કરણી બાબત જાગૃત કરે છે. હજુ પ્રલય નથી થયો. આપણે પાણી પહેલાં પાળ બાંધીએ, જાગીએ અને અન્યને જગાડીએ. વિચારવંત વાચકોને સંકલ્પ કરવા પ્રેરે તેવી આ પુસ્તિકા છે

x x x.

પુસ્તકનું નામ :
**મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે**
લેખક : **કાન્તિ શાહ**, પ્રકાશન : **યજ્ઞ પ્રકાશન**
ભૂમિપુત્ર, હુઝરાત પાગા, વડોદરા-૩૯૦ ૦૦૧.
મૂલ્ય રૂા. ૩૦/- પાના-૮૦, આવૃત્તિ-૧, પુનર્મુદ્રણ, જુલાઈ-૨૦૦૬.

'ભારતની સહિયારી સંમિશ્ર સંસ્કૃતિમાંથી મહોરેલું અસલ હિંદુત્વ કેવું હોય તે લોકોને પ્રેમપૂર્વક સમજાવવું પડશે. કટ્ટર હિંદુત્વવાદી, કટ્ટર મુસ્લિમવાદી, કટ્ટર સેક્યુલરવાદી, કટ્ટર એન્ટી સેક્યુલરવાદી-આ ચારેયમાંથી ભિન્ન એવાં પાંચમા અભિગમ-નિરૂપાધિક-નર્યા માણસ તરીકેનો અભિગમ જ આ દોજખમાંથી આપણને બહાર કાઢી શકશે.'

ઉપરનું કથન આ પુસ્તિકામાં વિસ્તરે છે. લેખક શ્રી કાન્તિ શાહ `Indian Muslims-Whare have gone, wrong' (લેખક-રફીક ઝકરિયા) અને 'राष्ट्र और मुसलमान' (લેખક-નાસિરા શર્મા) આ બન્ને પુસ્તકો વાંચ્યા પછી બંનેના લેખકોએ રાજકારણથી દૂર રહીને આ સવાલની છણાવટ આપણા મનમાં ભરાયેલા રાજકારણી કચરાને સાફ કરીને એક નવી જ શુદ્ધ હવાનો સ્પર્શ કરાવે છે. હિંદુ-મુસ્લિમ વિખવાદને રાજકારણના આટાપાટામાંથી બહાર કાઢીને નવેસરથી નવી રીતે વિચારવા પ્રેરે છે. બંનેનું ધ્રુવપદ છે. હિંદુ-મુસ્લિમ એકતા અને ભારતની સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ છે. નાનકડી પુસ્તિકા હિંદુ-મુસ્લિમ એકતાના સંદેશો આપે છે.

x x x.

પુસ્તકનું નામ : **મનની શાંતિ અને શક્તિ**
લેખક : **અનુભવાનંદજી તથા શ્રીમતી લીલી જેમ્સ એલન.** અનુવાદક : **શ્રી મોહનલાલ એસ. મહેતા.**
પ્રકાશક : **નયના નંદલાલ ઠક્કર.** બલરામ ચેમ્બર્સ, ૫મે માળે, બ્લોક નં. ૨૧, બેરેક રોડ, મેટ્રો સિનેમાની પાછળ, મુંબઈ-૪૦૦ ૦૨૦. મુખ્ય વિક્રેતા : એન. એમ. ઠક્કરની કંપની, ૧૦૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ ૨૨૦૧૦૬૩૩, ૨૨૦૩૩૧૨૮. મૂલ્ય-રૂા. ૪૫, પાના-૭૫, આવૃત્તિ-બીજી, એપ્રિલ-'૦૭.

અનુભવાનંદજીએ જીવનને ઉન્નત કરે તેવું આધ્યાત્મિક અને વિચારશીલ સાહિત્ય ગુજરાતને આપ્યું છે.

૭૫ પાનાની આ નાનકડી પુસ્તિકામાં મનની શાંતિ દ્વારા જીવન વિકાસની ખુબીઓનો પરિચય લેખકે કરાવ્યો છે. પુસ્તિકાના વિભાગ લેખકે કર્યા છે. પહેલા વિભાગના પાંચ પ્રકરણમાં લેખકે મનનું ચેતનામાં કેવી રીતે રૂપાંતર કરી શકાય અને તેમાં શક્તિના દર્શન કેવી રીતે કરી શકાય તે પ્રક્રિયા સમજાવી છે. લેખકના મતે શાંતિ એટલે મન જ નહિ પણ મનથી મુક્ત થયેલું માનવીનું મૂળ સ્વરૂપ તેને ચૈતન્યમય જીવન કહી શકાય. અને એ જ શાંતિ અને શક્તિની પ્રતીતિ કરાવે છે.

બીજા વિભાગમાં લેખકે અખૂટ અને અજેય શક્તિ આપે તેવા પારસમમણિ સમા પ્રેરણાત્મક શક્તિદાતા સુવિચાર આપ્યા છે. જે વાચકને મનની શાંતિની ખોજ માટે અત્યંત ઉપકારક થાય તેવા છે. નાનકડી પુસ્તિકા મનની શાંતિ અને શક્તિ કેળવવા માટે સહાય રૂપ થાય તેમ છે. ✷✷✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

પુસ્તકનું નામ : **કહો, કેવા હતા પ્રભુ મહાવીર ?**
સંપાદક : **હર્ષદ દોશી**
પ્રવચનકાર : **પરમ દાર્શનિક શ્રી જયંત મુનિ** (પેટરબાર); પ્રકાશક : **જૈન એકેડેમી કલકત્તા,** ૩૨/બી, ચિત્તરંજન ઍવન્યુ,
કોલકાતા-૭૦૦ ૦૧૨.
મૂલ્ય-રૂા. ૭૦/- પાના-૧૭૦, આવૃત્તિ-૨૦૦૩, ઑગષ્ટ.
પ્રાપ્તિ સ્થાન : શ્રી યશ્વિનભાઈ એન. કાપડી
૨૦૧, મીરાઝ બિલ્ડીંગ, બીજે માળે,
૫૧, ટી. પી. એસ. રોડ, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૯૨.
ફોન : ૨૮૩૩૩૦૫૪, ૨૮૩૩૧૮૯૮.

'પુચ્છિસ્સુણં' એ ભગવાન મહાવીરની અતિ પ્રાચીન સ્તુતિ છે જે અર્ધમાગધી ભાષામાં છે. શ્રી સુયગડાંગ સૂત્ર અધ્યયન ૬, પુચ્છિસ્સુણં-વીર સ્તુતિના અર્થ સાથે ભગવાન મહાવીરના અનુપમ ધર્મ, ગુણ અને શક્તિનું ભાવસભર આલેખન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને વિરાટ દર્શન કરાવ્યું હતું તે રીતે અહીં પણ મહાવીર સ્વામીના કેવળજ્ઞાન-જે સમગ્ર લોકવ્યાપી છે તેને આધારે શાસ્ત્રકારે વિરાટનું દર્શન કરાવ્યું છે.

વીર સ્તુતિ કરીને શાસ્ત્રના રચયિતાએ એ સમયના બ્રાહ્મણ અને શ્રમણ સંસ્કૃતિમાં જે કોઈ ગતિવિધિ હતી તેને પ્રસ્તુત કરી છે. અને જૈન દર્શનના અને જૈન ભક્તિયોગના ઘણાં રહસ્યો ઉદ્ઘાટિત કર્યા છે. આ સમગ્ર અધ્યયન ચોવીશ ઉપમાઓમાં અલંકૃત થયું છે. પ્રત્યેક ઉપમાનું અનુસંધાન તીર્થંકર ભગવાન મહાવીરના વ્યક્તિત્વની સાથે સાથે જૈન દર્શનની મૂળગામી ભાવનાઓ સાથે વણાયેલું છે.

આ ગ્રંથમાં પુચ્છિસ્સુણં સૂત્રની દરેક ગાથાઓમાં અને શબ્દશબ્દમાં જૈન દર્શનની મૌલિકતા પ્રગટ થાય છે અને ભગવાન મહાવીરના ગુણદર્શનમાં એમના વીરલ વ્યક્તિત્વની પ્રતીતિ. 'પુચ્છિસ્સુણં'ના આ વિવેચનમાં પૂ. ગુરુદેવ શ્રી જયંતમુનિના ગહન ચિંતન, ઉત્કૃષ્ટ પ્રભુભક્તિ અને સાહિત્ય પ્રેમનો ત્રિવેણી સ્રોત વહી રહ્યો છે.

આ પુસ્તક ધર્મજિજ્ઞાસુ અને આરાધકોને ઉપયોગી થશે.

x x x.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month ● Regd. No. MH/ MR/ SOUTH-146 / 2009-11



## પુત્રના ક્ષેમકુશળ માટેની કુરબાની

દમયંતી એના મંદબુદ્ધિના પુત્ર દીપ સાથે, વર્ષે બે વર્ષે મહિના દોઢ માટે અમારા પડોશમાં રહેતા એના પિયરીએ રહેવા આવે ત્યારે એને મળવાનું અને એની સાથે સુખદુઃખની વાતો કરવાનું થાય. વચ્ચે વચ્ચે થોડાક દિવસ માટે અનુકૂળતા પ્રમાણે એના પતિ પણ લુણી આવી રહી જાય. સંયમ સાથેનું સંવાદી જીવન જીવતા પતિ–પત્નીની એ આદર્શ જોડ. એમનું એક માત્ર સંતાન દીપ લગભગ બે વર્ષનો થયો ત્યારે એમને સમજ પડી કે એ મંદબુદ્ધિનો છે અને ત્યારથી તેની માનસિક સુધારણા માટે આ દંપતીએ જે પ્રયત્નો કર્યા છે એનો જોટો જડવો મુશ્કેલ છે.

દીપ નિશાળે જવાની ઉંમરનો થયો ત્યારે આ દંપતી કર્ણાટકના માંડ્યા શહેરમાં રહેતા હતા. તે સમયે મંદબુદ્ધિના બાળકને ભણાવી શકે એવી શાળા માંડ્યાથી ચાલીસેક કિલોમીટર દૂર માયસોર શહેરમાં હતી. ત્યાં દમયંતી દરરોજ વહેલી સવારના દીપને ભણાવવા ટ્રેનમાં લઈ જતી. શાળા ચાલુ હોય ત્યાંસુધી ત્યાં જ રોકાય અને ઢળતા બપોર માંડ્યા પાછી ફરે. માંડ્યા રહેતા હતા ત્યાંસુધીનો દમયંતીનો આ નિત્ય ક્રમ. દીપની સારસંભાળ સારો એવો સમય લઈ લેતી હતી એ જોઈને દંપતીએ વિચાર્યું કે દરમિયાનમાં બીજું બાળક અવતરે તો દીપ પાછળ યોગ્ય સમય ન આપી શકાય. આ નિવારવા એમણે નાની ઉંમરમાં બીજું બાળક ન જન્મે એ અંગેની ભીષ્મ પ્રતિજ્ઞા લઈ લીધી. આજે દમયંતી અને મુકેશ અનુક્રમે ચુમ્માલીસ અને છેતાલીસ વર્ષના થયા છે ત્યારે તેઓ બન્ને દીપના યોગક્ષેમ પાછળ પોતાની સર્વ શક્તિ અને સમય ખર્ચી રહ્યા છે. આજે જ્યારે પોતાના શરીર સુખ અને સગવડને આડે આવતા ગર્ભમાંના બાળકનો પણ ગર્ભપાત દ્વારા નિકાલ કરાવનારાઓની સંખ્યા વધી રહી છે ત્યારે પોતાના મંદબુદ્ધિના બાળક માટે જીવનના સર્વ સુખને ન્યોછાવર કરનાર સૈયા દંપતીનું દૃષ્ટાંત અનેકને પ્રેરણા આપે એવું છે.

દીપ હવે મજબૂત બાંધાનો અઢાર વર્ષની પુખ્તવયનો થયો હતો. મારા કચ્છના રોકાણ દરમિયાન એકવાર હું ટેક્ષીમાંથી ઉતરી રહ્યો હતો ત્યારે દીપ મને ખસેડી એ ટેક્ષીમાં બેસવા ઉત્સુક થતાં મારા પર જોશભેર ધસી આવ્યો. મને ટેક્ષીમાંથી ખેંચી કાઢી તમાચો મારી મને દૂર કરવા માટે દીપે જેવો હાથ ઉગામ્યો તે જોઈને મને બચાવવા વચ્ચે પડવા દમયંતી દોડી આવી. આથી ગિન્નાયેલા દીપે મારા બદલે એક તમાચો દમયંતીને ચોડી દીધો. તમાચો ખાઈને પણ ક્ષમાધરિત્રી જેવી માતા દમયંતી શાંત રહી અને પુત્રને વ્હાલભર્યા સંબોધનોથી સમજાવવા મથતી રહી. આથી અગાઉ પણ બે વખત દીપના હાથે તમાચા ખાતા મેં દમયંતીને જોઈ છે. આવું બની જવા છતાં મેં દમયંતીને ગુસ્સે થતાં કે દીપને ધમકાવતા ક્યારે પણ જોઈ નથી.

# પંથે પંથે પાથેય...

❑ ચીમનલાલ ગલીયા

ભગવાન મહાવીરના ધર્મોપદેશ પર અપાર શ્રદ્ધા ધરાવનાર દમયંતીને આ વિષમ પરિસ્થિતિ પોતે સહી રહી છે એમાં પોતાના પૂર્વ ભવના કર્મો સિવાય અન્ય કોઈનો વાંક ગુનો દેખાતો નથી. બનેલી ઘટનાને અનુલક્ષીને મેં દમયંતીને સૂચવ્યું કે દીપને થોડો શાંત પાડવા અને એનો ગુસ્સો થોડો ઓછો થાય એ માટે કોઈ યોગ્ય મનોચિકિત્સકને બતાવી એની દવા કરાવો. જવાબમાં દમયંતીએ કહ્યું કે, 'આવી દવાઓથી દીપ શાંત જરૂર થઈ જાય, પણ આની આડ અસરને કારણે એના થનારા સંભવીત માનસિક વિકાસની શક્યતાઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રુંધાઈ જાય જે અમે હરગીઝ પસંદ કરી શકીએ નહીં.' આવી ઉદ્દાત માતૃ–પિતૃ ભાવનાને હું મનોમન વંદી રહ્યો.

✷ ✷ ✷

## ધૂળે ઢંકાયેલાં રત્નો

આપણે શહેરની એપાર્ટમેન્ટ જીવનશૈલીને અપનાવી છે એને કારણે પડોશીઓ સાથે નિકટતા કેળવવાનું અને એની મધુરપ માણવાની તક આપણે ગુમાવી બેઠા છીએ. ઈ. સ. ૨૦૦૮ના ચાતુર્માસ દરમિયાન મારા ગામ લુણી, કચ્છ ખાતે મારું રહેવાનું થયું ત્યારે ફળિયાના સહજીવનને માણવાનો અનેરો મોકો મને અનાયાસે મળી ગયો. ચાતુર્માસ દરમિયાન ફળિયાના એકાદ અપવાદ સિવાય બધા ઘર ખુલી ગયા હતા. આ સહવાસ દરમિયાન ધૂળે ઢંકાયેલા ત્રણેક જેટલા રત્નોના પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું.

ફળિયામાં મારા પડોશમાં રહેતા માવજીભાઈ જીવનની પ્રારંભિક કઠણાઈઓને પાર કરી, કેટલાક વર્ષોના પરિશ્રમ પછી ધંધાર્થે સ્થિર અને સુખી થયા હતા. કુટુંબ વત્સલ માવજીભાઈએ પોતાના ભાણેજ પ્રફુલ તથા કેટલાક કુટુંબીજનોને ધંધામાં સાથે રાખી એમને જીવનમાં સ્થિર થવામાં સારી મદદ કરી હતી. જીવન સુખરૂપ વહી રહ્યું હતું. ત્યાં અચાનક માવજીભાઈએ પોતાના ધર્મપત્નીને ખોયા. એમના અવસાન બાદ થોડા સમયમાં સ્વસ્થતા પ્રાપ્ત કરી વહેવારકુશળ માવજીભાઈ પોતાના ચારે સંતાનોને પરણાવી પોતાની એ અંગેની જવાબદારીથી મુક્ત થયા. સમય વહી રહ્યો હતો ત્યાં તો એમના પર લકવાના હુમલાનો બીજો વજ્રઘાત થયો; જેથી એઓ પંગુ બની ગયા અને પોતાની યાદદાસ્ત બિલકુલ ખોઈ બેઠા.

આજકાલ કરેલ ઉપકારોને તરત જ ભૂલી જનારા નગુણાઓની સંખ્યા ખૂબ જ વધી રહી છે ત્યારે માવજીભાઈના સદ્‌ભાગ્યે એમના પુત્ર હેમંત, પુત્રવધૂ ભાવનાબેન, ત્રણ પુત્રીઓ અને એમનો ભાણેજ પ્રફુલ્લ સહિત એમના પરિવાર-જનો એમની લાચાર અવસ્થામાં એમની પડખે અડીખમ ઊભા રહ્યા. આજે જીવનમૂલ્યોનું ધોવાણ ઘણું થયું છે ત્યારે આ પરિવારનું આદર્શ દૃષ્ટાંત આપણને સૌને પ્રેરણા આપે એવું છે.

ચાતુર્માસ દરમિયાન માવજીભાઈ પણ લુણી બધા સાથે રહે જેથી એમને કુટુંબની હુંફ મળી રહે એ હેતુસર એવું નક્કી કરવામાં આવ્યું કે સંબંધકર્તા સૌએ વારાફરતી લુણી આવી માવજી-

(વધુ માટે જુઓ પાનું ૨૪)

Printed & Published by Niruben S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

# પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૬૯ અંક : ૭ મુંબઈ, જુલાઈ ૨૦૦૯ પાના : ૨૮ કીમત રૂપિયા દસ

## જિન-વચન

### કામ ભોગો

खणमेत्तसोक्खा बहुकालदुक्खा
पकामदुक्खा अनिकाम सोक्खा ।
संसारमोक्खस्स विपक्खभूया
खाणी अणत्थाण उ कामभोगा ।।

–उत्तराध्ययन–१४-१३

કામભોગો ક્ષણ માત્ર સુખ આપનારા અને બહુકાળ દુઃખ આપનારા છે, ઘણું દુઃખ અને થોડું સુખ આપનારા છે. કામભોગો સંસારમુક્તિના શત્રુરૂપ છે અને અનર્થોની ખાણ છે.

कामभोग क्षण मात्र सुख और चिरकाल दु:ख देनेवाले हैं, बहुत दु:ख और कम सुख देनेवाले हैं. कामभोग संसारमुक्ति के शत्रु हैं और अनर्थों की खान हैं ।

Sensuous pleasures give temporary happiness but bring unhappiness for a long time; they give more unhappiness than happiness. They are great hindrances to emancipation and they are really a mine of misfortunes.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

# આચમન

## ધ્યેયપ્રાપ્તિ

ભાવનગરના વિખ્યાત બાળરોગ નિષ્ણાત ડૉ. શ્રી વિજળીવાળા બારમા ધોરણના વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપવા ભાવનગર ગયા હતા. પિતાશ્રી કાસમભાઈની આર્થિક સ્થિતિ સામાન્ય. તેમણે સાર્વજનિક ધર્મશાળામાં છ રાત રોકાવા, જમવા માટે પાંત્રીસ રૂપિયા આપ્યા. બીજા ચાર રૂપિયા બસભાડા માટે આપ્યા. રાત્રે ધર્મશાળાની રૂમમાં ભારેખમ પલંગ ફેરવતા અચાનક પલંગ તેમના પગ પર પડ્યો. એક પગનો અંગૂઠો અને અડધો પંજો સોજીને દડો થઈ ગયો. અંગૂઠાના નખમાં લોહી મરી ગયું. અસહ્ય દુ:ખાવો થવા લાગ્યો છતાં રડવાનું દાબી રાખ્યું. સારવાર લેવા માટે તો કોઈ રકમ હતી જ નહીં. પગે ભીનો પાટો બાંધી રાખ્યો. આખી રાત પગમાં સબાકા વાગતા હતા. માથું ભારે થઈ ગયું હતું છતાં ધીરજ રાખીને રાત્રે વાંચ્યું. સવારે પરીક્ષા કેન્દ્ર પર પહોંચવાનું હતું. પગે આવેલા સોજાને કારણે ચપ્પલ પહેરી શકાય તેમ નહોતું. રિક્ષાભાડા માટે પૈસા નહોતા. શ્રી વિજળીવાળા મન મક્કમ કરી પગ ઘસડતા ઘસડતા બે કિલોમીટર ચાલીને બે કલાકે પરીક્ષા કેન્દ્ર પહોંચ્યા. પગે સોજો વધી ગયો હતો. પાટલી પર પગ રાખવાની નિરીક્ષકે ના પાડી. લટકતા પગે પહેલું પેપર પૂરું કર્યું. બપોરે બીજું પેપર આપીને સાંજે ઢસડાતા ઢસડાતા ફરી ધર્મશાળાએ પહોંચ્યા. આજ રીતે બધા પેપર આપ્યાં. અંતિમ દિવસે પૈસા ખૂટી ગયા હતા. છેલ્લું પેપર ભૂખ્યા પેટે આપ્યું તેમ છતાં મન વિચલિત થયું નહોતું. તકલીફોની તો ટેવ પડી ગઈ હતી તો બીજી તરફ અપાર ઝંઝાવાતો સહન કરીનેય કારકિર્દી બનાવવી હતી. ડૉક્ટર થવાનું સ્વપ્ન, ધ્યેય સેવ્યું હતું. પરીક્ષાનું પરિણામ આવ્યું ત્યારે તેઓ ભાવનગર કેન્દ્રમાં ચોથા નંબરે અને જીવનવિજ્ઞાન (બાયોલોજી)ના વિષયમાં સમગ્ર રાજ્યમાં બીજા નંબરે પાસ થયા.

(સૌજન્ય: પ્રવીણચંદ્ર ઠક્કર લિખિત 'જીવનની સફળતાના સોનેરી ઉપાયો')

✷ ✷ ✷

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | મુનિશ્રી સંતબાલજીની સર્વોદય ભાવના | ડૉ. ગીતા મહેતા | ૭ |
| (૩) | અધ્યાત્મ વિચારણાનો ઈતિહાસ : નંબર-૧ કર્મનું મૂળ સ્વરૂપ | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૧૦ |
| (૩) | ભારત-ચીન | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૩ |
| (૪) | ગાંધી-આકાશગંગાની એક તેજશિખા : મીરાંબહેન | શ્રી શાંતિલાલ ગઢિયા | ૧૫ |
| (૫) | પંચ સમવાય કારણવાદ | ડૉ. કવિન શાહ | ૧૭ |
| (૬) | જયભિખ્ખુ જીવનધારા-૮ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૮ |
| (૭) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૯ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૧ |
| (૮) | ઉપાદાન અને નિમિત્ત કારણતા | શ્રી સુમનભાઈ એમ. શાહ | ૨૪ |
| (૯) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૧૦) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૧) | પંથે પંથે પાથેય...(વૈકુંઠ દૂર નથી) | શ્રી હર્ષદ દોશી | ૨૮ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/-(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/-(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/-(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/-(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/-(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : shrimjys@gmail.com

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૭ ● જુલાઈ, ૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૫ ● વીર સંવત ૨૫૩૫ ● અષાઢ વદિ – તિથિ ૯ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા

હમણાં હમણાં થોડાં થોડાં સમયે પાદવિહાર દરમિયાન જૈન સાધુ–સાધ્વીઓના માર્ગ વાહનો દ્વારા અકસ્માત થયાના સમાચાર મળવા લાગ્યાં છે. આમાંના ઘણાં અકસ્માતો તો ગંભીર ઈજા અને જીવલેણ–મૃત્યુ સુધીના છે. આ હકીકતો જેટલી દુ:ખદ છે એટલી આ યુગમાં વિચાર–ચર્ચા પ્રેરક પણ છે. આમ પણ વર્તમાન કાળમાં જૈન સાધુ–સાધ્વીની કુલ સંખ્યામાં પ્રતિવર્ષ ઘટાડો થતો જાય છે એ પણ એક ચિંતા, ચર્ચા અને એ દિશામાં જાગૃતિનો વિષય તો છે જ . આ સાધુ–સાધ્વી સમાજે જ જૈન શાસનને સર્વદા ચેતનવંતો રાખી જૈન જગત ઉપર અગણિત ઉપકારો કર્યા છે.

સૌજન્ય
ભગવતીબેન પન્નાલાલ સોનાવાલા

સાધુ જીવન માટે જ્યારે નિયમો ઘડાયા ત્યારે એ યુગમાં આવો વાહન વ્યવહાર ન હતો. તેમજ જંગલની કેડીઓ કે કાચા રસ્તા જ હતા. અને આવો વાહન વ્યવહાર પણ ન હતો. ઉપરાંત વાહન માટે ચાલક બળ માત્ર પ્રાણીઓ જ હતા, એટલે જૈન ધર્મ અહિંસા અને અપરિગ્રહ પ્રધાન હોઈ, પશુઓને દુ:ખ ન પહોંચાડાય એ હેતુ એવા વાહનોનો ઉપયોગ કરવાની આ અને અન્ય અનેક કારણે શાસ્ત્ર આજ્ઞા ન હતી. તો એ યુગમાં યંત્ર ચાલિત વાહન હોત તો એનો ઉપયોગ કરવાની સંમતિ મળી હોત એવી આધુનિક દલીલો કરી શકાય ? આવી જ રીતે ત્યારે વર્તમાનના અનેક વૈજ્ઞાનિક સાધનો–ઉપકરણો ઉપલબ્ધ ન હતા. વિહાર દરમિયાન નદી પાર કરવા માટે નાવનો ઉપયોગ અનિવાર્ય હતો, પણ એનો અર્થ એ નથી કે સ્ટિમરનો ઉપયોગ કરી શકાય; કારણ કે સ્ટિમરના ચલનમાં જળ પ્રાણીની હિંસા છે. જ્યારે નાવના ચલનમાં જળ પ્રાણીની સ્થૂળ હિંસા નથી.

વર્તમાનમાં આવી તેમજ અન્ય આધુનિકતાની દલીલો થાય છે. પરિણામે અંશત: જૈન સાધુ–સાધ્વી વાહનોનો ઉપયોગ કરતા થયાં છે, અને એથીય વિશેષ વિમાનનો ઉપયોગ પણ થઈ રહ્યો છે, કે જેના ચાલન અને ઉડ્ડયનથી અસંખ્ય પાદચારી તેમજ વાયુકાય જીવોની હિંસા થાય છે. તેમજ અંતે આ બધાં મોટા ખર્ચાનો આર્થિક ભાર શ્રાવક વર્ગ ઉપર જ આવે છે, જ્યારે સામે છેડે આર્થિક ભીંસમાં અનેક અભાવો સાથે માંડ માંડ જીવતા જૈન શ્રાવકોની સંખ્યા નાનીસૂની નથી! દેશને આઝાદી અપાવનાર ગાંધીજીની સાદગી યાદ આવે છે. ઉપરાંત આ અંશત: વર્ગ વિજળી અને વિજળીથી સંચાલિત દીવા, માઈક, પંખા, એરકંડીશન, લિફ્ટ, ટેલિફોન, મોબાઈલ અને લેપટોપનો પણ ઉપયોગ કરે છે, જેમાં સૂક્ષ્મ જીવ હિંસા છે જ. આ ઉપયોગથી જૈન જગતને અન્ય ઘણાં લાભો થાય છે એવી દલીલો પણ આનો ઉપયોગ કરનાર વર્ગ કરે છે.

હવે સડકો ડામર તેમજ કોન્ક્રીટની હોવાથી ઉનાળાના તાપમાં ઉઘાડા પગે એના ઉપર ચાલવું અતિ કષ્ટદાયક અને ક્યારેક ઈજાકારક પણ બને છે; એટલે હવે કપડાંના પગરખા તો લગભગ સ્વીકારાઈ ગયા છે. એજ રીતે શહેરોમાં રોકાણ દરમિયાન નિહાર માટે આધુનિક શૌચાલયનો ઉપયોગ પણ સાધુ સમાજ માટે અનિવાર્ય બન્યો છે.

વિહારમાં અશક્ત સાધુ–સાધ્વી માટે પહેલાં ડોળીનો ઉપયોગ થતો હતો, બે અથવા ચાર માણસો ડોળીના ચાલક હોય, આ શ્રમિકોને એમનું મહેનતાણું એ ગામના સંઘો તરફથી અથવા કોઈ શ્રેષ્ઠિઓ તરફથી મળતું. ડોળી પછી વ્હીલચેર આવી. આવી વ્હીલચેરને શિષ્યો અથવા શ્રમિકો ચલાવતા હોય, કેટલીક વ્હીલચેરની પાછળ 'વિહાર વાહિની' લખ્યું હોય એવું પણ વાંચવામાં આવે છે. અહીં હિંસાપ્રેરક યંત્રનો ઉપયોગ નથી એટલે પરિસ્થિતિવશ

આ વ્યવસ્થામાં અનુચિતતા ન જ જણાય. આવા પાદવિહારથી ભારતના ખૂણાના ગામોમાં જૈન ધર્મનો સંદેશો પહોંચે છે. તેમજ જનસંપર્કથી જૈનસિદ્ધાંતો અને જૈનજીવન જીવંત રહે છે. હવે જો યંત્ર ચાલિત વાહનનો ઉપયોગ કરનાર સાધુ-સાધ્વીની સંખ્યા વધતી જશે તો આ ખૂણે બેઠેલો જૈન સમાજ જૈન ધર્મના સિદ્ધાંતો અને તપશ્ચર્યા વગેરેની પ્રેરણાથી વંચિત રહી જશે. ત્યાં કોઈ જૈન સાધુ જશે જ નહિ. પાદવિહારથી જૈન-જૈનેતર સર્વેને જ્ઞાન લાભ મળે છે, ઉપરાંત સાધુ જીવનમાં અનેક અનુભવોનો વધારો થાય છે.

ત્યાગપ્રધાન જૈન સાધુ-સાધ્વીના આચારના સિદ્ધાંતો અને નિયમો 'આચારાંગ સૂત્ર'ના બે શ્રુત સ્કંધ, 'દશવૈકાલિક સૂત્ર', અને 'છેદ સૂત્રો' અને 'પ્રબોધ ટીકા' તેમજ અન્ય ગ્રંથોમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યા છે. આ સર્વે ગ્રંથોનો ઊંડો અભ્યાસ સાધુ જીવન દરમિયાન ફરજિયાત હોઈ, સર્વે જૈન સાધુ સમાજે કર્યા હોય છે જ; એ પણ પ્રતિજ્ઞા પત્રની જેમ. એ સર્વ સિદ્ધાંતો અને નિયમો પ્રમાણે વર્તમાનમાં સાધુ જીવન કદાચ શક્ય ન હોય, પરંતુ આવી આધુનિકતાને અપનાવવાથી જૈન ધર્મના મૂળ તત્ત્વો અહિંસા અને અપરિગ્રહની બાદબાકી થવી તો ન જ જોઈએ.

આ સાધનોના ઉપયોગ માટે આ અંશતઃ વર્ગ જૈન ધર્મના સિદ્ધાંતોના પ્રચાર પ્રસારની તેમજ યુવા વર્ગને જૈન ધર્મ પ્રત્યે આકર્ષવાની દલીલો કરે છે.

અત્યારે મારી સમક્ષ મારા વિદ્વાન મિત્ર હર્ષદ દોશી લિખિત એક ઉત્તમ પ્રેરણાદાયી જીવન ચરિત્ર ગ્રંથ 'સાધુતાનું શિખર અને માનવતાની મહેક' ઉપસ્થિત છે. એમાં બિહાર અને ઝારખંડમાં વિહરતા, સાધુ જીવનના સંપૂર્ણ સિદ્ધાંતોનું આચરણ કરી એ પ્રદેશના આદિવાસીઓની આશ્ચર્ય પમાડે એવી સેવા કરતા પરમ દાર્શનિક પૂજ્ય શ્રી જયંતમુનિજીની પાવન જીવનકથાના પ્રસંગો છે. પોતાના વિહાર દરમિયાન એઓશ્રી એક વખત વિનોબાજીને મળ્યા હતા, ત્યારે જૈનધર્મ વિશે આચાર્ય વિનોબાજી સાથે ચર્ચા કરતા વિનોબાજીએ એ સમયે જૈન સાધુ માટે ઉચ્ચારેલા શબ્દો અહીં યથાતથ પ્રસ્તુત કરું છું:

*'**ગૌરવશાળી પરંપરા :** જૈનો અને જૈન સંતોએ પોતાની પરંપરા જાળવી રાખી છે. સેવા કરતા હોવા છતાં અને બધા પ્રત્યે કરુણાના ભાવ હોવા છતાં, તેમણે સાધુઓની સર્વોપરિતા ટકાવી રાખી છે તેના કારણે જૈન સમાજ ઉન્નતમસ્તક છે. સંત વિનોબાજી લખે છે કે જૈન સમાજ પ્રચાર પ્રધાન નથી, પણ આચાર પ્રધાન છે. આચાર ખોઈને પ્રચાર કરવો તે ખોટનું કામ છે. પ્રચાર ખોઈને પણ આચાર જાળવી રાખવો તે સ્થિતિસ્થાપકતાનો ગુણ હોવાથી તેઓ લાંબા કાળ સુધી જનસમૂહની સેવા કરી શકે છે.' બીજી આવૃત્તિ પાના નંબર-૧૪૪.*

સમગ્ર વિશ્વમાં જૈન સાધુ-સાધ્વી પ્રત્યે અઢળક અહોભાવ છે. એ જૈન સાધુ સમાજના શાસ્ત્રઆજ્ઞા પ્રમાણેના આ આચારને કારણે જ.

જૈન શ્રાવક-શ્રાવિકા પોતાના ગુરુ ભગવંતોથી અત્યંત પ્રભાવિત અને સમર્પિત છે. આ વર્ગની આ શ્રદ્ધા મુગ્ધ અને અહોભાવની કક્ષા સુધીની છે. પરંતુ આધુનિકતા અને પ્રચારને નામે જ્યારે જ્યાં આવી સગવડોનો ઉપયોગ થતો જૂએ છે ત્યારે આ વર્ગના મનના જરૂર ગણગણાટ જાગે છે. આ વર્ગ વડીલોને પ્રશ્નો પૂછે છે અને સમર્પિત સંસ્કારવાળો આ વર્ગ પોતાના ગુરુ ભગવંતોની વાણીથી પ્રભાવિત થઈ મૌનની ચાદર ઓઢી લે છે, અને મનની શંકાઓને મનમાં જ ભરી રાખે છે, જે એક દિવસે જરૂર તર્ક પાસે પહોંચી યોગ્ય નિર્ણય પાસે એને લઈ જવાની છે. એ સમયે આ વર્ગ પરિસ્થિતિ પ્રમાણે સમાધાન કરશે અથવા બળવો કરશે અથવા જૈન ધર્મથી વિમુખ થઈ જશે. વર્તમાનની 'વાહ વાહ' જૈન શાસનના ભવિષ્યને કેટલું ખંડિત કરે છે એની ચિંતા-ચર્ચા કરવાની પણ આજે એટલી જ જરૂર છે.

ભૂતકાળમાં આ પ્રચાર અને અન્ય વ્યવહારિક માર્ગદર્શન માટે જૈન સાધુ સમાજમાં યતિ-જતિ પ્રથા હતી, જેઓ વાહનનો ઉપયોગ કરતા પરંતુ એ વર્ગ પ્રત્યે પણ જૈન શ્રાવકોની અહો ભક્તિને કારણે આ યતિ-જતિ સમાજ રાજાશાહી સગવડોવાળો બની ગયો. ત્યારનો જૈન યુવા સમાજ જાગ્યો અને પરિણામે વર્તમાનમાં આ વર્ગ દૃશ્યમાન થતો નથી.

વિશ્વ કલ્યાણ માટે જૈન સિદ્ધાંતોનો પ્રચાર કરવો એ પ્રત્યેક જૈનનું કર્તવ્ય છે. એ માટે તેરા પંથમાં શ્રમણી વર્ગનો ઉગમ થયો. જેમને જૈન શાસ્ત્રોનું ઊંડું અધ્યયન કરી ત્રણ મહાવ્રતનું સંપૂર્ણ પાલન કરીને, આ પ્રચાર માટે જ વાહનોનો ઉપયોગ કરવાની અનુમતિ મળી. આજે ભારત તેમજ વિશ્વના અનેક દેશોમાં પહોંચી આ શ્રમણી વર્ગ જૈન સિદ્ધાંત અને આચારનો પ્રચાર કરી જૈન શાસનને ધબકતું

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના સૌજન્યથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા રવિવાર તા. ૧૬-૮-૨૦૦૯ થી રવિવાર તા. ૨૩-૮-૨૦૦૯ સુધી એમ આઠ દિવસ માટે યોજાશે.

**વ્યાખ્યાનમાળા સ્થળ :** પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦. રોજ ૭-૩૦ વાગે ભક્તિસંગીત અને ૮-૩૦ થી ૧૦-૧૫સુધી બે વ્યાખ્યાનો યોજાશે.

સર્વને પધારવા નિમંત્રણ છે.

❑ **મંત્રીઓ**

રાખવાનું ઉમદા કાર્ય કરી રહ્યો છે. ઉપરાંત આ પ્રચાર કાર્ય માટે જૈન શાસન પાસે પ્રકાંડ સંસારી શ્રાવક પંડિતો પણ છે જ. ભૂતકાળમાં જૈન આચાર્યશ્રીઓએ જ વીરચંદ ગાંધી જેવા જ્ઞાનીને આ ઉમદા કાર્ય માટે પરદેશ મોકલેલા અને એઓ યશ પ્રાપ્તિ કરી આવેલા. વર્તમાનમાં પણ જૈન શાસનના અનેક વિદ્વાન પંડિતો યશપૂર્વક આ કાર્ય કરી રહ્યાં છે.

આધુનિક ઉપકરણોના ઉપયોગમાં લેપટોપ ભલે જ્ઞાન અને માહિતીનું સાધન છે, પરંતુ આ સાધનમાં ગંગા અને ગટર બંનેનું વહેણ છે. કઈ પળે, કોણ ક્યારે કયો ઉપયોગ કરશે એ શી ખબર પડે? આ ઉપરાંત જે તપ, જ્ઞાન, વાણી પ્રભાવ અને સાધુ જીવનના પાલનથી સંઘને પ્રભાવિત કરી આશ્રમ કે સંસ્થા સ્થાપવા માટે સમાજ પાસેથી મોટી ધનરાશી એકત્ર કરી આશ્રમોની સ્થાપના કરીને પછી એના સંચાલન માટે સાધુ જીવનના કેટલાંક નિયમો ત્યજી દેવા એ પણ કેટલું ઉચિત? આવા નિયમો પહેલેથી જ ત્યજીને પછી સમાજ પાસે ધનરાશિની હાકલ કરી હોત તો સમાજ ધન આપત? અહીં ગાંધીજીનું એક દૃષ્ટાંત યાદ આવે છેઃ વર્ષોના સાધુ જીવન પછી એક હિંદુ સાધુને સમાજ અને દેશ સેવાની ઈચ્છા થઈ એટલે એ સાબરમતી આશ્રમમાં બાપુ પાસે આવ્યા અને પોતાની ઈચ્છા વ્યક્ત કરી કોઈ પણ કાર્ય કરવાનો આદેશ માંગ્યો. બન્ને વચ્ચેના વાર્તાલાપનો ભાવાર્થ કંઈક આવો હતો. ગાંધીજીએ કંઈક આવું કહ્યું, 'ભલે, તમારા જેવા બધાંજ સાધુ સંતો આવી સેવામાં લાગી જાય તો દેશ જલદી બેઠો થઈ જાય. હવે પહેલો આદેશ એ કે તમે આ ભગવા કપડાં ઉતારો અને સાદા સંસારી કપડાં પહેરી લ્યો.' પેલા સાધુ મહારાજનો ક્રોધ ભભૂક્યો. બાપુને કહે 'હું ઝાડું કાઢીશ, સંડાસ પણ સાફ કરીશ, ઉપવાસ પણ કરીશ, પરંતુ વરસોના તપ સાથે પહેરેલા આ ભગવા કપડાં તો ન જ ત્યજુ.' ગાંધીજી કહે, 'આ દેશના માનવો એટલા શ્રદ્ધાળુ અને ભોળા ભાવિક છે કે આ કપડાંમાં તમને જોઈને પ્રથમ તમને વંદન કરશે અને પછી તમારા હાથમાંથી આ ઝાડુ લઈને પોતે એ કામ કરશે, તમને આવા કામ કરવા નહિ દે. અહીં આવીને આંતર સાધનાના કપડાંના નિયમો ત્યજ્યા તો હવે એ કપડાં પણ ત્યજો. સાધનાનો માર્ગ સ્વીકાર્યો તો સાધનામાં રહો, સેવાનો માર્ગ સ્વીકાર્યો તો અમારા જેવા બની જાવ, બધાં તમને સરળતાથી સેવા કરવા દેશે.'

આ પ્રસંગ આપણને પાયાના પ્રશ્ન પાસે લઈ જાય છે કે વ્યક્તિ દીક્ષિત શા માટે થાય છે? વ્યક્તિ જૈન દીક્ષા શા માટે અંગીકાર કરે છે? મોક્ષ પ્રાપ્તિ અને આત્મ કલ્યાણ માટે? સ્વકલ્યાણ કે સર્વ કલ્યાણ માટે? એક ધન્ય પળે આ બધું અનિત્ય છોડવાના ભાવ જાગ્યા, અને આત્મા જ નિત્ય છે માટે એ સાધના જ સર્વોત્તમ છે એવું સત્ય જાણી દીક્ષિત થયા પછી નવા માર્ગે ફંટાવાની જરૂર ખરી? જો કે અન્યના આત્માનું કલ્યાણ વાંછી અન્યોને એ માર્ગે દોરવા એ પણ આત્મકલ્યાણનો શ્રેઠ માર્ગ પણ છે. પરંતુ આ ઉમદા કાર્ય માટે ઉપાશ્રય જ શ્રેષ્ઠ સાધન નથી?

એવું પણ સાંભળ્યું છે કે અંશતઃ સાધુ સમાજ પોતાના નામનું ટ્રસ્ટ કરી શ્રાવકો પાસેથી ધન એકત્રિત કરી એ ધનનો વહિવટ પોતાની ઈચ્છા પ્રમાણે કરે છે. પછી આ ધનને સાચવવા અને વધારવા માટે કેટલા કષાયો પ્રવેશી જાય?! સાધનાનો તો જાણે છેદ જ ઊડી ગયો! ઉપરાંત કેટલાંક સ્થળે તો ઉપાશ્રયનો ઉપયોગ ત્યજી ફ્લેટ અથવા બંગલાઓમાં સ્થાયી નિવાસ થાય છે. સાધુ તો ચલતા ભલા અને નદી તો વહેતી સારી એ ઉક્તિ તો જાણે ભૂતકાળ બની ગઈ!

ઉપરના પ્રશ્નો ઉપરાંત પણ જૈન ધર્મના પાયાના સિદ્ધાંતોની અવગણના થાય એવા ઘણાં નાના-મોટા પ્રશ્નો પણ છે; જેમકે વૈભવી રથયાત્રા, વૈભવી સામૈયા, દૂધ પૂજા, ચાંદી સોનાના વરખનો ઉપયોગ, રેશમી વસ્ત્રોનો ઉપયોગ, ખૂબ જ મોંઘી પત્રિકાઓ, મોંઘા કાગળોથી શણગારેલા પુસ્તકો, તપ કર્યા પછી ભવ્ય ઉત્સવ અને એજ તપસ્વીઓનું મૂંગા પશુઓ દ્વારા ચાલિત રથ કે બગીમાં બેસવું, આ સર્વ ક્રિયામાં સૂક્ષ્મ હિંસા અને પરિગ્રહનો વાસ છે જ. આ ક્રિયાઓમાં આશાતના નથી? આશાતનાનો અર્થ છે. આયશાતન। આય એટલે રત્નત્રયીને જે હણી નાંખે તે આશાતના!

આ બધાં પ્રશ્નોના આ વર્ગ પાસે અનેક બૌધિક ઉત્તરો હશે જ, પરંતુ એમાં શાસ્ત્ર અનુમતિનું પ્રમાણ નહિ હોય.

છેલ્લાં થોડા દશકામાં પૂરા વિશ્વમાં જીવનના અનેક ક્ષેત્રે અનેક પરિવર્તનો આવ્યા છે. એ પરિવર્તનોની અસર જૈન સમાજ ઉપર થાય એ સ્વાભાવિક છે, એટલે દરેક વર્ગ પોતપોતાની ઈચ્છા પ્રમાણે કે સગવડતા પ્રમાણે પરિવર્તન સ્વીકારી લે એ ઉચિત તો નથી જ.

સ્વાદ્વાદ-અનેકાંતવાદ-એ જૈન ધર્મનો પ્રાણ છે અને વિશ્વના સમગ્ર ધર્મોમાં આ સ્વાદ્વાદની એક વિશિષ્ટતા છે. 'માત્ર હું જ સાચો નહિ, તમે પણ સાચા હોઈ શકો છો', આકાશ જેવી વિશાળતા અને

## ભૂલસુધાર

'પ્રબુદ્ધ જીવન'ના ગતાકમાં પાના ક્રમાંક ત્રીજા પર મથાળે પ્રસ્તુત અંકની તારીખ તથા અન્ય વિગતો આ પ્રમાણે છપાઈ હતીઃ

**● વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૫ ● મે, ૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૫ ● વીર સંવત ૨૫૩૫ ● જેઠ વદિ - તિથિ ૮ ●**

છાપાના ભૂતની ભૂલને પરિણામે આમ બનવા પામ્યું હતું, જે બદલ દીલગીર છીએ. વાસ્તવમાં જૂન '૦૯ની વિગત આમ હોવી જોઈતી હતીઃ

**● વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૬ ● જૂન, ૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૫ ● વીર સંવત ૨૫૩૫ ● જેઠ વદિ - તિથિ ૮ ●**

ખુલ્લાપણું તેમજ અપ્રતિમ સહિષ્ણુતા આ જૈન ધર્મના સિદ્ધાંતમાં છે. આ બધાં પ્રશ્નોના સમાધાન અને માર્ગદર્શન માટે ફરી આપણે, જૈન સમાજે, પોતાના સાગર જેવા ગહન શાસ્ત્રો પાસે જવું પડશે. સર્વે શાસ્ત્રજ્ઞોએ એકત્રિત થઈ વિશદ ચર્ચા કરી નવી નિયમાવલીનું ચણતર કરવું પડશે.

ભૂતકાળમાં જ્યારે યુગ પરિવર્તનને કારણે કેટલાંક પરાપૂર્વ નિયમો વિશે ચર્ચા કરવાનો અવસર આવ્યો ત્યારે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના વયોવૃદ્ધ ગણધર શ્રમણ કેશીકુમાર અને ભગવાન મહાવીરના પ્રથમ ગણધર ગુરુ ગૌતમ વચ્ચે એ સમયની સમસ્યાના સમાધાન માટે સંવાદ-પરિસંવાદ યોજાયા હતા જ, કારણ કે ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરના કેવળજ્ઞાન વચ્ચે લગભગ ૨૨૦ વર્ષનો સમય ગાળો હતો, એટલે આ સમય દરમિયાન ઘણાં રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિવર્તનો આવ્યા હશે જ. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૬મા અધ્યાયના ઉપસંહાર રૂપે જે ગાથા છે એ આ પ્રમાણે છે.

કેસી ગોયમઓ નિચ્ચં તમ્મિ આસિ સમાગમે ।
સુય-સીલ સમુકકરિસો, મહત્થડત્થ વિણિચ્છઓ ।।

'કેશી અને ગૌતમના સતત સમાગમ થયા. તેથી શ્રુત અને શીલનો ઉત્કર્ષ અને મહાન તત્ત્વોના અર્થના નિશ્ચય થયા.'

ગણધર શ્રમણ કેશીકુમાર પરંપરા, દીક્ષા અને વયથી ગણધર ગૌતમથી મોટા હતા અને બંને વચ્ચે પૂર્વગ્રહ રહિત નિખાલસ ચર્ચા પરિસંવાદને અંતે કેશી સ્વામી ગૌતમ સ્વામીને કહે છેઃ 'સાહુ ગોયમ્! પન્ના તે છિન્નો મે સંસઓ ઈમો!'

' હે ગૌતમ! તારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. મારા સંદેહ દૂર થયા છે.'

આ લેખ લખવાનો હેતુ કોઈ ટીકાનો નથી જ. પરંતુ શાસ્ત્ર આજ્ઞા અને આધુનિકતા વચ્ચે જે ઊંડી ખાઈ સર્જાઈ ગઈ છે, એ જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો માટે ભયજનક પરિસ્થિતિરૂપ છે. નિંદા કર્મનો દોષ લાગે એ ભયથી ધર્મચુસ્ત વર્ગ આ અંશતઃ સાધુ સમાજની 'આધુનિકતા'થી નારાજ અને અસંમત હોવા છતાં પોતાનો આ ભાવ શબ્દોથી પ્રગટ નથી કરતો જ્યારે કેટલોક યુવા વર્ગ વાણી પ્રભાવથી દોરવાઈ જઈ સંમતિ અને સાથ આપી દે છે, તો કેટલોક બૌદ્ધિક યુવા વર્ગ વિસ્મય પાસે ઊભો રહી જાય છે, એટલે હવે વિશદ ચર્ચા, સંવાદ-પરિસંવાદનો સમય પાકી ગયો છે. નહિ તો આ આધુનિક ઉપકરણના ઉપયોગ કરનારની સંખ્યા વધતી જ જશે, ઉપકરણની સંખ્યામાં પણ વધારો થશે.

**'વર્તમાન યુગમાં જૈન સાધુ સમાજે**
**આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ?'**

આ પ્રશ્ન સમગ્ર જૈન સમાજ પાસે લઈ જઈ અમે સર્વે પ્રાજ્ઞજનોને- સંસારી તેમ જ પૂ. સાધુભગવંતોને-પત્રચર્ચાનું આમંત્રણ આપીએ છીએ. પત્રો આક્રોશ અને પૂર્વગ્રહ મુક્ત તેમજ શિષ્ટ ભાષામાં હોવા જરૂરી છે. મંથન કરીશું તો જ સત્ય પ્રગટ થશે. સત્ય શાશ્વત છે પણ પ્રત્યેક કાળને કાળ પ્રેરિત સત્ય પણ હોય છે; એ કદાચ ભૂતકાળના સત્યથી અલગ પણ હોઈ શકે; પરંતુ એમાં રહેલા ચિરંજીવ સત્ય તત્ત્વનો તો ક્યારેય લોપ નથી થતો. શાસ્ત્ર, સત્ય અને શિસ્તના ત્રિવેણી સંગમથી જ ચિરંજીવ વર્ગનું નિર્માણ થઈ શકે.

'પન્ના સમિક્ખએ ધમ્મં-' ધર્મની સમીક્ષા પ્રજ્ઞાથી થાય છે.

માર્ગ અકસ્માતને કારણે જૈન સાધુ-સાધ્વીને થતા અકસ્માતથી હૃદય દ્રવિત થયું. અને હૃદયનો પટારો ખૂલી ગયો અને આ લેખ લખવાની પ્રેરણા થઈ.

આધુનિકતાના નામે કેટલું સ્વીકારીશું? ક્યાંક તો અટકવું કે અટકાવવું પડશે જ ને? નહિ તો પાણીનું વહેણ પૂર બની જશે.

આ દિશામાં જાગવું પડશે અને જૈન સંઘોએ ચોકીદાર પણ બનવું જ પડશે. જૈન સમાજનું આ કર્તવ્ય પણ છે.

જે જોયું, સાંભળ્યું એ અહિં લખ્યું છે. કોઈ હકીકત દોષ હોય તો માફ કરશો.

આ લેખથી કોઈ પણ જીવાત્માને દુઃખ પહોંચ્યું હોય તો એ સર્વેની આ લખનાર અંતઃકરણપૂર્વક ક્ષમા માંગી પત્રચર્ચા આવકારે છે.

❑ **ધનવંત શાહ**

---

**આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન**
**આર્થિક સહાયની સંસ્થા**
**શ્રી લોક વિદ્યાલય – વાલુકડ, તા. પાલીતાણા**

દર વર્ષની જેમ આ વર્ષે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે શિક્ષણ ક્ષેત્ર આગળ પડતી સંસ્થા 'શ્રી લોક વિદ્યાલય' વાલુકડ તા. પાલીતાણાની પસંદગી કરી છે.

આ સંસ્થાની શરૂઆત ૧૯૬૩માં થઈ હતી. તેના આદ્ય સ્થાપક શ્રી નાનુભાઈ શિરોયા છે જેઓ હાલમાં ખૂબ જ વ્યવસ્થિત અને કુશળતાપૂર્વક આ સંસ્થાનું સંચાલન કરે છે. હાલમાં છાત્રાલયમાં કુલ ૯૫૦ બાળકો (કુમાર-કન્યા) અને બહારથી ભણવા આવતાં ૩૦૦ બાળકો મળી કુલ ૧૨૫૦ બાળકો અભ્યાસ કરે છે. સ્કૂલના વિશાળ સંકુલમાં બધી આધુનિક સુવિધાઓ છે. આ સંસ્થા લોક વિદ્યાલયે ઘણા પારિતોષિક મેળવ્યાં છે. આપણા ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે ૧૯૮૫માં આ સંસ્થાની મુલાકાત લીધી હતી. તેમજ સંસ્થાના વર્તમાન પદાધિકારીઓએ પણ આ સંસ્થાની મુલાકાત લીધી છે. સંસ્થાનો ભૂતકાળનો ઈતિહાસ ઉજળો છે અને ભવિષ્ય તેનાથી પણ ઉજળું બનશે. તેથી સંઘની કાર્યવાહક સમિતિએ આ વર્ષે આ સંસ્થાને આર્થિક સહાય કરવી એમ ઠરાવવામાં આવ્યું હતું.

❑ **શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

વિશ્વવાત્સલ્યના આરાધક ક્રાંતદૃષ્ટા મુનિશ્રી સંતબાલજી

# મુનિ શ્રી સંતબાલજીની સર્વોદય ભાવના

❑ ડૉ. ગીતા મહેતા

સંતોએ પોતાના આત્મકલ્યાણની સાથે સાથે સમાજના કચડાયેલા, ગરીબ, અભણ, વનવાસી તથા નારી સમાજને માર્ગદર્શન, પ્રેરણા અને વાત્સલ્ય આપી મદદરૂપ થવું જોઇએ એવી ગાંધીવાદી અર્થાત્ સર્વોદયવાદી ધારણા ધરાવનાર ગુજરાતના પ્રસિદ્ધ જૈન સાધુ શ્રી સંતબાલજી વીસમી સદીના એક વિશિષ્ટ લોકસંત થઈ ગયા.

ગાંધીજીએ રસ્કિનના પુસ્તક Unto this last નું ભાષાંતર કરતાં ૧૯૦૪માં પહેલાં અંત્યોદય અને પછી 'સર્વોદય' શબ્દ વાપર્યો. પરંતુ એ પહેલાં પણ જૈન આગમોએ કહ્યું છે-

सर्वापदाम् अंतकरं निरन्तं सर्वोदयम् तीर्थं इदं तवैव ।

સર્વોદય–સર્વનો ઉદય–સૌનું કલ્યાણ–આ ભાવના ભારતીય સંસ્કૃતિના મૂળમાં રહેલી છે.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः।

सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग भवेत् ।।

આ વૈદિક પ્રાર્થનાને સંતબાલજીએ સર્વ સામાન્ય માનવ માટે સરળ ભાષામાં ઉતારી છે-

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો.

સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.

આ કડીઓ ફક્ત પ્રાર્થના પૂરતી ન રાખતાં તેમણે પોતાના જીવનમાં ઉતારી છે તેથી જ તો આજે પણ તેમને યાદ કરીને આપણે આપણા શ્રદ્ધાસુમન એમને ચરણે ધરીએ છીએ.

**જ્ઞાનસાધના**

સમાજની સેવા કરતાં રાગદ્વેષ–અહંકાર વગેરેનો અનુભવ થાય છે. પરંતુ સેવા ક્ષેત્રને જો જ્ઞાનના પાયા પર ચણ્યું હોય તો આ બધાં કષાયો નડતાં નથી. તેથી જ તો દીક્ષા પછીના પાંચેક વર્ષ સંતબાલજીએ જ્ઞાન સાધનામાં સમર્પિત કર્યા. સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી, હિંદી વગેરે ભાષાઓનો તેમજ ન્યાય, પ્રમાણ, તર્ક, સાહિત્ય વગેરેનો અભ્યાસ તેમણે કર્યો. જૈન ધર્મના અનેક શાસ્ત્રોનો તથા દુનિયાના મુખ્ય મુખ્ય ધર્મોનો અભ્યાસ કર્યો. તેથી જ તો અજમેરના સંમેલન સમયે ભારતના વિદ્વાનોએ તેમને 'ભારત–રત્ન'ની ઉપાધિથી નવાજ્યા.

વિ. સં. ૧૯૮૯ થી ૧૯૯૪ સુધીના કાળ દરમ્યાન તેમણે ગુજરાતી સમાજને ઘણું સાહિત્ય સમર્પિત કર્યું. ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, આચારાંગ અને આવશ્યક–આ ચાર મુખ્ય સૂત્રોને તેઓએ સરળ તથા સુંદર ગુજરાતી ભાષામાં પરિવર્તિત કરી મહાવીર પ્રકાશન મંદિર દ્વારા પ્રકટ કર્યા. છેલ્લાં વર્ષોમાં તત્ત્વાર્થસૂત્રનો ગુજરાતી ભાષામાં પદ્યાનુવાદ કરીને પોતાની અગાધ વિદ્વતા અને કવિત્વનો સહજપણે પરિચય આપ્યો.[૧]

આગળ ઉપર એમણે એક એક અવતારી પુરુષોના ગુણો વર્ણવી સાતવારની પ્રાર્થના લખી છે. એમના સર્વધર્મ સંસ્થાપક સ્મરણો પણ વાગોળવા જેવા છે. એમની સર્વધર્મ પ્રાર્થના તો કેટલાંક ઘરોમાં અને સંસ્થાઓમાં આજે પણ રોજ ગવાય છે.

**કવિ ક્રાંતદર્શી**

મુનિશ્રી સંતબાલજી કવિ હતા એટલું જ નહીં પરંતુ ક્રાંતદર્શી પણ હતા તેથી જ તો એકાંતવાસની સાધના પછી જે કાંઈ પ્રકાશ મળ્યો તેથી તેમણે કલ્યાણમાર્ગના પથ પર ચાલવા માટેના કેટલાક પરિવર્તનકારી વિચારો પ્રગટ કર્યા. પરિણામે તેમને તેમના સંઘે સાધુ તરીકે અમાન્ય કરી બહિષ્કૃત કર્યા. પરંતુ તેમણે સાધુત્વના સારા અંશોનું સાતત્ય સાચવીને વિકૃત અને બિનજરૂરી અંશોમાં પરિવર્તન આણ્યું. જૈન સાધુ તરીકે પાદવિહાર, ભિક્ષાચરી અને અપરિગ્રહ સાથે પોતાના નિર્ધારિત લક્ષ તરફ તેઓ આગળ વધતા રહ્યા.

સંતબાલજીને શ્રદ્ધાંજલિ આપતાં વિદૂષી સાધિકા વિમલાબેન ઠકાર લખે છે–'સંતબાલજી ગાંધી-તત્ત્વજ્ઞાનના તથા જૈન તત્ત્વજ્ઞાનના પાયાના સિદ્ધાંતોને વળગી રહ્યા. તેનાથી તેમનું વ્યક્તિત્વ અદ્ભુત રીતે સમૃદ્ધ થયું છે. અહિંસા તો તેમના જીવનમાં વણાઈ ગઈ હતી. તેમણે પોતાના સમગ્ર જીવન અને કાર્યમાં જે મૂક ક્રાંતિ કરી તેનાથી તેમના સમયના જૈનમુનિઓ અને શ્રાવકોના મનમાં ગૂંચવણ ઉભી થઈ. તેમણે ધર્મને સામાજિક સેવા સાથે જોડ્યો.[૨]

સામાજિક કાર્યમાં પણ એમની પદ્ધતિ પૂર્ણરૂપે અહિંસક હતી. એમની પદ્ધતિનું નામ છે 'શુદ્ધિપ્રયોગ' એટલે શુદ્ધ કરવાની પ્રક્રિયા.

સમાજ પરિવર્તન માટે કત્લ, કાનૂન અને કરૂણા એ ત્રણ માર્ગો છે એમ વિનોબાજી કહેતા અને જમીનનો પ્રશ્ન એમણે કરૂણાથી પાર પાડવાનો પ્રયત્ન કર્યો. કત્લ અને કાનૂન શિવાયની ત્રીજી પદ્ધતિ લોકોની નૈતિક તાકાતને ઉપયોગમાં લેવાની છે એમ સંતબાલજી કહે છે. જો સમાજમાં પડેલી સામૂહિક નૈતિક તાકાતને સંગઠિત કરવામાં આવે તો તેનાથી સામાજિક ક્રાંતિનો પાયો અવશ્ય નાંખી શકાય.

**સમાજસેવાના ક્રાંતિકારી પ્રયોગો**

વ્યક્તિ સાથે સમાજનું અને સ્વ સાથે પરનું કલ્યાણ થઈ શકે એવી સમાજસાધનાના સંતબાલજી પુરસ્કર્તા હતા.

ગરીબી, શોષણ, અન્યાય, અજ્ઞાન અને રોગથી ગ્રસ્ત તેમજ શાહુકારી અને જમીનદારી પ્રથાની ભીંસથી ઘેરાયેલી, વેઠપ્રથાથી ત્રાસેલી, વહેમ અને રૂઢિપરંપરાથી જકડાયેલી તેમજ આત્મવિશ્વાસ

ગુમાવી બેઠેલી હતાશ જનતાની વચ્ચે તેમણે અત્યંત ધીરજ અને વાત્સલ્યભાવથી સેવાનું કામ કર્યું.

'સકળ જગતની બની જનેતા વત્સલતા સહુમાં રેડું' એ પંક્તિને સામુદાયિક પ્રાર્થનામાં વ્યાપક રીતે પ્રચલિત અને લોકભોગ્ય બનાવી રચનાત્મક કાર્યના અનેક કેન્દ્રો ઉભા કરવામાં પ્રેરકબળ બન્યા.[3]

સહકારી પ્રવૃત્તિ, નયી તાલીમનું શિક્ષણ, ખાદી અને ગ્રામોદ્યોગ, સુધારેલી ખેતી અને ગોપાલન, પંચાયતો, લવાદી પ્રથાની લોક અદાલતો, શુદ્ધિપ્રયોગ સમિતિઓ, માતૃસમાજો, ઔષધાલયો, પ્રાયોગિક સંઘો, ખેડૂત મંડળો, ગોપાલક મંડળો, ગ્રામોદ્યોગ, મજૂર મંડળો એમ અનેક સંસ્થાઓ અને રચનાત્મક કાર્યોના ઠેકઠેકાણે થાણાં ઉભાં કરવામાં સંતબાલજીએ પ્રેરણા અને માર્ગદર્શન આપ્યા.[4] ગુજરાતના ભાલનળકાંઠા જેવા તદ્દન પછાત અને નપાણિયા પ્રદેશના ગામડાઓમાં નવું ચેતન અને નવ જાગૃતિ આણી.

સંતબાલજી આપણા સમાજમાં એક સતત જાગૃત, જાણકાર, જવાબદાર જીવ તરીકે વર્ત્યા અને રહ્યા. ધર્મનું ઊંડું ચિંતન કરવા સાથે એમણે સમાજની ધારણા માટે ઉત્કટ, ઊલટભેર ને કોઈને વળી ઉગ્ર લાગે એવું કાર્ય હિંમતભેર કર્યે રાખ્યું. તેમણે જણાવ્યું છે કે 'આપણાં પ્રશ્નોનો એકમાત્ર જવાબ સમાજની ધાર્મિક અને નૈતિક પાયા પર પુનર્રચના છે. સ્વાર્થપ્રેરિત ભૌતિક પાયા પર નહીં.[5]

ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘના પ્રથમ પ્રમુખ આદરણીય શ્રી રવિશંકર મહારાજ હતા અને બીજા પ્રમુખ ગાંધીવાદી શ્રી ગુલામરસૂલ કુરેશી હતા.

મુનિશ્રી સંતબાલજી અસ્પૃશ્યતા નિવારણ, કોમી એકતા, ખાદી અને ગામડાનાં વિકાસ માટે સતત મથતાં રહ્યા. તેમણે પ્રવૃત્તિઓના અમલ માટે નિષ્ઠાવાન કાર્યકરો તૈયાર કર્યા, તથા અન્યાય સામે અહિંસક પ્રતિકાર અને અનિષ્ટ રિવાજોની નાબૂદી જેવા કાર્યોમાં પણ તેમની સેવાનો ઉપયોગ કર્યો. તેમણે આ પ્રવૃત્તિઓના અમલ માટે સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ સૌથી પછાત પ્રદેશ પસંદ કર્યો કે જ્યાં ચોરી, લૂંટફાટ, પરણેલી સ્ત્રીઓનું અપહરણ જેવા અનિષ્ટો પ્રવર્તતા હતાં, જ્યાં અર્ધ-ભૂખમરાથી લોકો પીડાતા હતા, જ્યાં કેટલાર હરિજન કુટુંબો મરી ગયેલા ઢોરનું માંસ ખાતા હતા, જ્યાં ઢોરના છાણમાંથી નીકળેલ અનાજના દાણાં વીણીને તેનો ખોરાકમાં ઉપયોગ કરતા, જ્યાંપીવાના પાણીની એટલી બધી અછત હતી કે લોકોના તળાવમાં ખાડા કરી એમાં એકત્ર થયેલું પાણી બીજું કોઈ ચોરી ન જાય તે માટે ખાડા પર ખાટલો રાખી તેના પર આખી રાત સૂવું પડતું. આવો ભાલ નળકાંઠા જેવો વેરાન, ક્ષારયુક્ત અને અછત-ગ્રસ્ત પ્રદેશ પસંદ કર્યો. ખેડૂતો મોટા ભાગે સતત દેવામાં ડૂબેલા રહેતા તથા તેમને ભારે વ્યાજ ચૂકવવું પડતું. સતત પાણીની અછતને લીધે તેમનામાં સ્વચ્છતાનો અભાવ હતો તેથી તેઓ અનેક રોગોથી પીડાતા.

સંતબાલજીએ કેટકેટલી હિંસાઓ અટકાવી છે. નળ સરોવરને કાંઠે આવેલ જુવાલ ગામના લોકો શિયાળામાં આવતાં સુંદર પક્ષીઓનો શિકાર કરતા, બહારના લોકો પણ શિકાર કરવા આવતા. આ વાતને તેમણે અટકાવી અહિંસાત્મકરીતે પ્રેમ અને સમજણથી. કબૂતરોને શેકીને ખાવાની પ્રથા પણ ગામના જુવાનિયાઓને સમજાવી દૂર કરી. પણીની રાહત માટે જલસહાયક સમિતિની રચના કરી લોકોને મદદ આપી. ખેડૂતોના ભલા માટે ખેડૂતોનું સંગઠન ઉભું કર્યું પરંતુ તે ન્યાય-નીતિના માર્ગે જ ચાલે એનું ધ્યાન રખાતું.

વિરમગામમાં કોલેરા ફાટી નિકળતાં સંતબાલજી પોતે સૂકી રાખ લઈ લોકોના મળમૂત્રને ઢાંકવા નિકળી પડ્યા. પછી તો યુવાનો પણ કોદાળી-પાવડા લઈ સફાઈના કામમાં લાગી ગયા.

**સપ્ત સ્વાવલંબન**

પરાધીન ગામડાં 'રોટી, મકાન, કપડાં, શિક્ષણ, આરોગ્ય, ન્યાય અને રક્ષણમાં સ્વાવલંબી બને તે માટે સંતબાલજીએ સાત સ્વાવ-લંબનનો કાર્યક્રમ આપ્યો.[6]

પેટ, પહેરણ અને પથારી
શિક્ષણ અને આરોગ્ય
ન્યાય અને રક્ષણ
એ સાતે બાબતમાં
ગામડાં પગભર બને.

આમ આર્થિક સ્વાવલંબન અને સત્તાના વિકેન્દ્રીકરણના નમૂનારૂપ સાકાર થયું સપ્ત સ્વાવલંબન.

સંત વિનોબાજી કહેતાં તેમ આજના આપણા ગામડાં પરાવલંબી થઈ ગયાં છે. મોગલોના સમયમાં સ્વાધીન ગામડાનો બનેલો પરાધીન દેશ હતો. પછી અંગ્રેજોએ ગામડાના ઉદ્યોગો હાથશાળ, ઘાણી વગેરે ઝૂંટવી લીધા અને પરાધીન ગામડાનો બનેલો પરાધીન દેશ થયો. આજે દેશ તો સ્વાધીન છે પરંતુ ગામડાં હજુ પરાધીન છે. ગામડાને સ્વાધીન બનાવવા વિનોબાજી ચૌદ વર્ષ ગામડે ગામડે ફર્યા અને ભારતના ગામડાઓની એટલી પ્રદક્ષિણા કરી કે આખી પૃથ્વીના પરિઘની પ્રદક્ષિણા કિલોમિટરમાં ગણીએ તો થઈ ગઈ. એ જ રીતે શ્રી સંતબાલજીએ આ સંદેશ પોતાના કાર્યક્ષેત્રમાં ફેલાવ્યો. શહેરો ગામડાને પૂરક થાય તે માટે તેમણે શહેરી સમાજને ગ્રામાભિમુખ બનાવનારા અનેક ભરચક પ્રયાસો કર્યા.

ગ્રામજનોને સ્વાશ્રયી બનાવવા તેમણે અથાગ પ્રયત્ન કર્યા. પોતાના શીલ, સંયમ અને તપના પ્રભાવથી દીન-હીન ગ્રામપ્રજામાં આશાનો સંચાર તથા શ્રદ્ધાબળ પેદા કર્યા. ગ્રામપ્રજા પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકે તેમ છે તેવી આત્મશ્રદ્ધાનું બીજારોપણ કરી તેને બેઠી કરી; અન્યથા ગ્રામપ્રજા પ્રારબ્ધવાદી અને સરકાર માયબાપ બધું કરશે એમ માનનારી હોય છે.

ગુજરાતના ભાલ નળકાંઠાના પ્રદેશમાં ૪૫ વર્ષ સુધી મુનિશ્રી સંતબાલજી પ્રેરક અને શ્રદ્ધેય પુરુષ તરીકે માર્ગદર્શન આપતા રહ્યા. એમની હૂંફથી અને એમની જ રાહબરી નીચે સ્થપાયેલી સંસ્થાઓની દોરવણી તળે સામાન્ય ગણાતા માણસોએ અસામાન્ય ગણાય તેવાં

કામો કર્યાં.[૭] સર્વોદય વિચારને અનુરૂપ પરિસ્થિતિ-પરિવર્તન, વિચાર-પરિવર્તન અને હૃદય-પરિવર્તન માટે તેમણે અથાગ પ્રયત્ન કર્યો.

પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠાને હોડમાં મૂકીને ય સામાજીક મૂલ્યોની રક્ષા માટે પોતાનું આખું જીવન એમણે ખર્ચી નાખ્યું. સમાજજીવનનું કોઈ પણ અંગ એવું નથી કે ધર્મદૃષ્ટિએ સમાજરચનાના એમના આદર્શો અને વિચારોથી અલિપ્ત રહ્યું હોય. સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજકીય, ધાર્મિક, નૈતિક અને આધ્યાત્મિક એમ દરેક ક્ષેત્રે એમણે નવી કેડીઓ પાડીને તે પર પ્રજાનો પદસંચાર કરાવ્યો. તેમણે અન્યાયનો અહિંસક પ્રતિકાર અને સત્ય,ન્યાય તેમ જ પ્રેમની પ્રસ્થાપના માટે સત્યાગ્રહના અભિનવ પ્રયોગો કર્યા.[૮]

**અનુબંધનો સિદ્ધાંત :–**

'ધર્મની દૃષ્ટિએ સમાજરચના'ની કલ્પનાનો પ્રત્યક્ષ વ્યવહારમાં અમલ થાય તેને સંતબાલજી 'ધર્માનુબંધી સમાજરચના' તરીકે ઓળખાવતા. અનુબંધ સિદ્ધાંતનો અર્થ એવો થાય છે કે 'સામાજીક ઉત્ક્રાંતિમાં ચાર બળોનો સુમેળ થવો જાઈએ.'

આ ચાર બળોના નામ છેઃ (૧) રાજ્ય. (૨) રાજ્યના વહિવટી અને કાયદાકીય તંત્રને દોરવણી આપી શકે તથા તેના પર અંકુશ રાખી શકે એવી લોકોની સંસ્થાઓ કે જે સંસ્થાઓ સ્વૈચ્છિક ધોરણે રચવામાં આવી હોય. (૩) લોકોના સંગઠનોને સાચી દોરવણી પૂરી પાડી શકે તે માટેના આધ્યાત્મિક અને સામાજિક આગેવાનો અને (૪) સમાજના આધ્યાત્મિક નેતાઓ અને સંતો જેઓ ઉપરના ત્રણે ય બળોને પ્રેરણા અને દોરવણી આપવાનું કામ કરતા હોય.[૯]

આ ચાર સામાજિક બળો માનવસમાજના અવિભાજ્ય અંગ છે તેને એક બીજાની સાથે જોડવા જોઈએ જેથી તે વિશ્વના સામાજિક માળખામાં સુમેળ ઊભો કરી શકે અને તેની સમતુલા જાળવી શકે.

**સંતોએ રાજકારણની અસ્પૃશ્યતા છોડવી**

લોકશાહીના યુગમાં સંતો જો લોકજાગૃતિનું કામ ન કરે તો બીજા કોણ કરશે ? મુનિ સંતબાલજીએ 'લોકલક્ષી લોકશાહી' એવું વિશેષણ વાપર્યું હતું. કારણ વિશ્વભરમાં લોકશાહીઓએ પોતાની અર્થસભરતા અને હેતુલક્ષિતા લગભગ ગુમાવ્યા છે. કેન્દ્રમાં 'લોક'ને બદલે પદ, પૈસા અને પ્રતિષ્ઠા જોવા મળે છે. ગાંધીજીને રાજનીતિના અન્યાયનો સામનો કર્યા વગર મોક્ષ અસાધ્ય લાગતો હતો તે મુજબ તેમણે કાકાસાહેબ કાલેલકરના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે-

'मैं मोक्ष की प्राप्ति के लिए राजनैतिक कार्य करता हूं। प्रत्येक युग में अधर्म अपना अड्डा जमाने के लिए कोई खास जगह पसंद कर लेता है और उसमें पूर्णतया व्याप्त हो जाता है। आजके जमाने में अधर्म राजनैतिक क्षेत्र में प्रवेश कर बैठा है। वहां से उसे हटाकर धर्म को प्रस्थापित करना है। यदि मैं इस कार्य को न कर सका तो मुझे मोक्ष नहीं मिल सकता, यह ईश्वर का दिया कार्य है।'

ગાંધી વિચાર અને કાર્યથી રંગાયેલા મુનિ સંતબાલજીને પણ આ ખૂબ જરૂરી લાગતું હતું. તેઓ સતત ધ્યાનમાં રાખતા કેઃ

'સર્વ ક્ષેત્રમાં રહીએ તો પણ આત્મજ્ઞાન નહિ વિસ્મરીએ.'

સાથોસાથ એમનો સંકલ્પ એ હતો કેઃ

'જગસેવાને આંચ ન આવે એ વ્યવસાયો આચરીએ.'[૧૦]

આચારવિચારે ચુસ્ત જૈન સાધુ રહીને તેઓ ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં લોકકલ્યાણના કાર્યોમાં રસ લેતા હતા. આવા કાર્યો અંગે ઉપસ્થિત થતા પ્રશ્નો વિશે તેઓ જેમ બોલતા હતા, જેમ ચિંતન–મનન કરતા હતા, તેમ તે વિશે લખતા પણ રહેતા હતા. 'વિશ્વવાત્સલ્ય' નામનું પાક્ષિક એ માટેનું એક સબળ સાધન હતું. જાહેર પ્રશ્નો અને પ્રવૃત્તિઓ અંગે એમણે આ પત્ર દ્વારા પુષ્કળ લખ્યું હતું. એમના લખાણોમાં વૈવિધ્યનો પાર નહોતો, કારણ પ્રવૃત્તિ તથા તેમાંથી પ્રગટતા પ્રશ્નોનો પાર નહોતો. તેમનું કહેવું કે 'હોદ્દાથી કે સ્વાર્થથી પર રહે એવો સંન્યાસી ધર્મગુરુ જેટલો રાજકારણમાં ઊંડો ઉતરશે તેટલો વધુ કર્મકુશળ બનશે અને રાજકારણ પણ વધુ નિર્મળ બનશે.'[૧૧]

'લોકશિક્ષણ વિના લોકશાહીનો આરો નથી. લોકમત વિના લોકશાહીનો આધાર નથી. આમ સંતબાલજીનું ચિંતન સ્પષ્ટ હતું. પ્રજા દોરે રાજ્ય અનુસરે એ લોકશાહીનો રાજમાર્ગ છે. પ્રજાની પહેલ અને રાજ્યનો સંકલ્પ, સામર્થ્ય–સંપન્ન પુરુષાર્થ એ રવૈયો લોકશાહીને ખપે છે. એ એનો મિજાજ છે. સંતબાલને સતત ચિંતા રહેતી કે જનશક્તિને રાજ્યના રોજબરોજના કાર્યક્રમોમાં લગાડીને શી રીતે પ્રગતિ કરી શકાય. મુનિશ્રીની માન્યતા હતી કે લોકશાહીનો આધાર-સ્થંભ સત્ય, અહિંસા હશે તો પક્ષીય સરકાર રહે તો ય નિષ્પક્ષ લોકશાહી આ દેશમાં જરૂર ઊભી થશે. મુનિશ્રીની સત્ય અહિંસાના નીતિ તત્ત્વો પરની આસ્થા દૃઢ હતી; તેથી જ તેમણે કહ્યું કે, 'રાજ્ય કરતાં પ્રજા હંમેશ ઊંચી છે અને પ્રજા કરતાં ય નીતિ, ન્યાય અને સત્ય સર્વોપરિ છે.'[૧૩]

ભારતીય લોકશાહીનું અનોખાપણું ભારતીય ભૂમિમાંથી ઉપલબ્ધ ફળો દ્વારા પ્રગટવું જોઈએ. જો લોકશાહી એ આધ્યાત્મિક ચેતના છે તો આપણી ધરતીમાંની અનેકવિધ ધર્મભૂત સંસ્થાઓ લોકશાહીને અનેરો મરોડ આપી શકે તેમ છે. મુનિશ્રી કહે છે તેમ, 'ધર્મપૂત સંસ્થાઓનો અંકુશ ભારતીય લોકશાહીને જ મળી શકશે.'[૧૬] તેઓ કહેતાં લોકશાહીમાં–

૧. લોકોનો સામાજીક કાબૂ હોવો જોઈએ.

૨. લોકસેવકોનો નૈતિક કાબૂ હોવો જોઈએ.

૩. સંતોનો આધ્યાત્મિક કાબૂ હોવો જોઈએ.

એમનું કહેવું હતું કે-'પક્ષરહિત લોકશાહી તથા ઓછામાં ઓછા કાનૂન અને દંડશક્તિ એ રાજ્ય માટે અહિંસક ક્રાંતિનો જરૂરી નવો ઉપાય છે. તે જ રીતે ગ્રામલક્ષી સર્વહિતચિંતક, નિસ્પૃહી અને સત્તાવાદી પક્ષોથી પર રહેલા શ્રેષ્ઠ પુરુષોની દોરવણી મુજબ જ ચાલતું જનતા સંગઠન એ, પ્રજા માટે અહિંસક ક્રાંતિનો જરૂરી નવો ઉપાય છે. આવા જનતા સંગઠનનું મહત્ત્વનું અંગ ગ્રામસંગઠન છે.[૧૭]

**સમારોપ**

સંતબાલજી વિશ્વવાત્સલ્યના આરાધક હતા, ધર્મમય સમાજ-રચનાના પ્રયોગકાર હતા, સર્વધર્મ ઉપાસનાના સાધક હતા, સામુદાયિક અહિંસાના પ્રયોગકર્તા, આધ્યાત્મિક ચિંતક, વિદ્વાન સાહિત્યકાર, પ્રખર સાધનાશીલ હતા. તેઓ જાગ્રત યુગદૃષ્ટા અને સર્વાંગી વ્યાપક દૃષ્ટિવાળા અનુબંધકાર હતા.

વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘનું નામ એમણે પ્રયોજનપૂર્વક વાપર્યું છે. વિશ્વ એટલે જગત અને વાત્સલ્ય એટલે માતૃભાવ. જગત સાથે માતૃભાવનો અનુભવ કરવો એનું નામ વિશ્વવાત્સલ્ય. જ્યાં વાત્સલ્ય છે ત્યાં સેવા સહજભાવે છે જ. ઉપરાંત, વાત્સલ્યમાં હિંસાના અભાવ સાથે વિશુદ્ધ પ્રેમનો સદ્ભાવ પણ આવી જાય છે.

'સકળ જગત્‌ની બની જનેતા, વત્સલતા સહુમાં રેડું.'

આ સંતબાલજીની કાવ્યપંક્તિ ગુજરાતી ભાષાનું ગૌરવ છે.

**સંદર્ભ સૂચિ**


૧. અર્વાચીન જૈન જ્યોતિર્ધરો, લેખક સંપાદક–શ્રી આત્માનંદજી પ્રકાશક–શ્રી સત્શ્રુત સાધના કેન્દ્ર, કોબા, ૧૯૮૮ પૃ. ૨૨૯.
૨. મુનિ શ્રી સંતબાલજી (એક અનોખી માટીના સંત), લેખક–ત્ર્યં. ઉ. મહેતા, પ્રકાશક–મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃ. ૬.
૩. અર્વાચીન જૈન જ્યોતિર્ધરો, ઉપરિવત્, પૃ. ૨૩૦.
૪. એજન.
૫. મુનિ શ્રી સંતબાલજી (એક અનોખી માટીના સંત), ઉપરિવત્, પૃ. ૧૨.
૬. અર્વાચીન જૈન જ્યોતિર્ધરો, ઉપરિવત્, પૃ. ૨૩૧.
૭. એજન.
૮. એજન.
૯. મુનિ શ્રી સંતબાલજી (એક અનોખી માટીના સંત), ઉપરિવત્, પૃ. ૭૪.
૧૦. લોકલક્ષી લોકશાહી, લેખક–સંતબાલ, પ્રકાશક–મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃ. ૮.
૧૧. ઉપરિવત્, પૃ. ૨૨.
૧૨. ઉપરિવત્, પૃ. ૧૫.
૧૩. ઉપરિવત્, પૃ. ૩૩.
૧૪. વિશ્વવાત્સલ્ય, તા. ૧૦–૭–૫૪.
૧૫. વિશ્વવાત્સલ્ય, તા. ૧૨–૧–૫૫.
૧૬. લોકલક્ષી લોકશાહી, ઉપરિવત્, પૃ. ૩૪.
૧૭. વિશ્વવાત્સલ્ય, તા. ૧૬–૬–૧૯૫૪.


✷ ✷ ✷

બ્લોક નં. ૧૦૧/એ, આનંદ ભવન, ૧લે માળે, વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૧૬૯૩

# અધ્યાત્મ વિચારણાનો ઈતિહાસ : નંબર–૧ કર્મનું મૂળ સ્વરૂપ

❑ ડૉ. પ્રવિણભાઈ સી. શાહ

દુનિયાની છ અબજથી પણ વધુ વસ્તીનો બે ભાગ વિચારી શકાય, આસ્તિક અને નાસ્તિક, ભણેલી પ્રજા અને અભણ પ્રજા, ધનવાન અને ગરીબ, આર્ય અને અનાર્ય, સજ્જન અને દુર્જન વગેરે પણ આપણે વાત કરવી છે આસ્તિક અને નાસ્તિક પ્રજાની.

જીવનની ઘટમાળ સારી–નરસી દરેકની ચાલતી જ હોય છે. આસ્તિકના જીવનમાં આત્મા, પરમાત્મા, સ્વર્ગલોક, મનુષ્યલોક, પુણ્ય અને પાપ જેવા આધ્યાત્મિક વિચારો આવતા હશે તો નાસ્તિકના મનમાં પણ આવા તત્ત્વો શું છે? શા માટે ઠેર ઠેર લોકો આવા તત્ત્વોને માને છે, એ પ્રમાણે વર્તે છે. આવા શબ્દો આપણી ભાષામાં ક્યાંથી આવ્યા? કોણે દાખલ કર્યા? કેવી રીતે આવ્યા? શું છે આ બધું તૂત?

આમ જિજ્ઞાસા રૂપે આવા તત્ત્વો આસ્તિકને માન્યતા માટે, શ્રદ્ધા માટે બળ આપે અને નાસ્તિકને ન માનવાના ગુન્હાહિત માનસને સાંત્વના આપે એ માટે અધ્યાત્મ તત્ત્વના આ બધા પદાર્થોની વિચારણાનો એક અદ્ભૂત ઈતિહાસ જાણવા જેવો છે.

અનેક વૈજ્ઞાનિકો કોઈ એક પદાર્થના સંશોધન પાછળ તમામ બળો વાપરીને પરિપૂર્ણ શોધ કરીને જ જંપે અને પછી તે શોધ વિષે અનેક પુસ્તકો લખે તેમ આ બધા તત્ત્વોની શોધ માટે અનેક ધર્મના ઋષિમુનિઓએ પોતાની વિચારણાઓ રજૂ કરીને ધર્મશાસ્ત્રોનું સર્જન કર્યું છે. દરેક તત્ત્વ આત્મા, ઈશ્વર, કર્મ, પરલોક–મોક્ષ, શરીર–આત્માના ભેદાભેદની ચર્ચા વગેરે ઉપર અલગ અલગ લેખ લખવાની ધારણા છે પણ પ્રસ્તુત લેખ અધ્યાત્મ તત્ત્વ કર્મની વિચારણાનો ઈતિહાસ રજુ કરવા લખ્યો છે.

એ યાદ રહે કે આ તમામ તત્ત્વોની વિચારણામાં વેદકાળ સમયથી અનેક અધ્યાત્મ શાખાઓએ પોતાનું યોગદાન આપ્યું છે.

જૈનદર્શનમાં ગણધરવાદની ચર્ચામાં અધ્યાત્મ તત્ત્વોની સુંદર છણાવટ જોવા મળે છે.

સર્વ પ્રથમ ગણધરવાદનું મૂળ આવશ્યક નિર્યુક્તિની એક ગાથામાં જ મળે છે. એ ગાથામાં અગિયાર ગણધરોના સંશયોને ક્રમશઃ આ પ્રમાણે ગણવામાં આવ્યા છે.

(૧) જીવ છે કે નહિ? (૨) કર્મ છે કે નહિ? (૩) શરીર એ જ જીવ છે કે અન્ય? (૪) ભૂતો છે કે નહિ? (૫) આ ભવમાં જીવ જેવો હોય, પરભવમાં પણ તેવો જ હોય કે નહીં? (૬) બંધ મોક્ષ છે કે નહિ? (૭) દેવ છે કે નહિ? (૮) નારક છે કે નહિ? (૯) પુણ્ય–પાપ છે કે નહિ? (૧૦) પરલોક છે કે નહિ? (૧૧) નિર્વાણ છે કે નહિ?

આ ઉપરાંત નિર્યુક્તિમાં ગણધરો વિશેની જે વ્યવસ્થિત હકીકત મળે છે તેને કોષ્ટકના રૂપમાં ગોઠવીને આગળ મૂકવામાં આવી છે.

ઉપરની ગંભીર ચર્ચામાં ઉપનિષદ, વેદાંત દર્શનમાં શંકરાચાર્ય, ભાસ્કરાચાર્ય, રામાનુજાચાર્ય, નિમ્બાર્ક, મધ્વાચાર્ય, વિજ્ઞાનભિક્ષુ,

ચૈતન્ય પ્રભુ, વલ્લભાચાર્ય, શિવમત, પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા, સાંખ્ય દર્શન, નૈયાયિક વૈશિષકનો મત, જૈન દર્શન, બૌદ્ધ દર્શન, ચાર્વાક દર્શન, પશ્ચિમની સંસ્કૃતિની વિચારધારા આમ તમામ શાખાઓએ પોતપોતાના મંતવ્યો દાખલા દલીલ સાથે રજૂ કર્યા છે અને આ તમામની વિચારધારા કર્મ વિશે શું કહે છે તેનો અભ્યાસ અહિં રજૂ કરવામાં આવ્યો છે.

**કર્મ વિચારનું મૂળ :–**

વેદકાળના ઋષિઓને મનુષ્યોમાં અને બીજાં અનેક પ્રકારના પશુ, પક્ષી અને કીટપતંગોમાં રહેલું વૈવિધ્ય અનુભવમાં આવ્યું ન હતું એમ તો ન કહેવાય, પણ એ બધા વૈવિધ્યનું કારણ તેમણે અંતરાત્મામાં શોધવાને બદલે બહારના તત્ત્વમાં માનીને જ સંતોષ અનુભવ્યો હતો. કોઈ પણ એક કે અનેક ભૌતિક તત્ત્વ કે પ્રજાપતિ જેવા તત્ત્વને સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ કલ્પ્યું હતું, પણ એ સૃષ્ટિમાં વૈવિધ્ય કેમ આવે છે એનો ખુલાસો કરવાનો પ્રયત્ન કર્યો ન હતો. જીવસૃષ્ટિના બીજા વર્ગોની વાત જવા દઈએ. કેવળ મનુષ્યસૃષ્ટિમાં જે વૈવિધ્ય શરીરાદિનું હતું, સુખ-દુઃખનું હતું, બૌદ્ધિક શક્તિ–અશક્તિનું હતું એનું કારણ પણ શોધવા વિશેષ પ્રયત્ન કર્યો હોય એમ જણાતું નથી. એમનું સમસ્ત તત્ત્વજ્ઞાન ક્રમે કરી દેવ અને યજ્ઞને કેન્દ્રમાં રાખીને વિકસ્યું છે. પ્રથમ અનેક દેવો અને પછી પ્રજાપતિ જેવા એક દેવની કલ્પના કરવામાં આવી. મનુષ્યે સુખી થવું હોય તો અને પોતાના શત્રુઓનો નાશ કરવો હોય તો તેણે એ દેવ કે દેવોની સ્તુતિ કરી જોઈએ, પોતાની પ્રિય વસ્તુને સજીવ હોય કે નિર્જીવ–દેવો નિમિત્તે યજ્ઞ કરીને તેમને સમર્પિત કરવી જોઈએ, એથી દેવો સંતુષ્ટ થઈને મનોવાંછિત પૂર્ણ કરે છે એવી માન્યતા વેદથી માંડીને બ્રાહ્મણકાળ સુધીમાં વિકસી છે. અને દેવોને પ્રસન્ન કરવાના સાધન તરીકે યજ્ઞકર્મનો ક્રમિક વિકાસ થઈને ઉત્તરોત્તર જટિલ કર્મના રૂપમાં એ પરિણિત થઈ ગયું; તે એટલે સુધી કે સાધારણ મનુષ્યને યજ્ઞ કરવો હોય તો એ યજ્ઞકર્મમાં નિષ્ણાત પુરોહિત વર્ગની મદદ વિના શક્ય રહ્યું નહિ. આ પ્રમાણે દેવ અને તેને પ્રસન્ન કરવાનું સાધન યજ્ઞકર્મ એ બે વસ્તુની આસપાસ વૈદિક બ્રાહ્મણોનું સમસ્ત તત્ત્વજ્ઞાન વિકસ્યું હતું.

બ્રાહ્મણકાળ પછીના ગણાતા ઉપનિષદો એ પણ વેદ–બ્રાહ્મણનો અંતિમ ભાગ હોવાથી વૈદિક જ છે અને તેને વેદાંત કહેવામાં આવે છે. પણ એ વેદાંતમાં વેદપરંપરા એટલે કે દેવ અને યજ્ઞપરંપરાનો અંત નિકટ હોય એમ જણાય છે. વેદ–બ્રાહ્મણમાં નહિ એવા નવા નવા વિચારો એ વેદાંતમાં મળી આવે છે. તેમાં સંસાર અને કર્મ-અદૃષ્ટ વિશે પણ નવા વિચાર મળી આવે છે. આ વિચારો વૈદિક પરંપરાના જ ઉપનિષદોમાં ક્યાંથી આવ્યા, વૈદિક વિચારોમાંથી જ એ વિચાર વિકાસના પરિણામે ઉદ્‌ભવ્યા કે અવૈદિક પરંપરાના વિચારકો પાસેથી વૈદિકોએ લીધા એનો નિર્ણય આધુનિક વિદ્વાનો કરી શક્યા નથી; પણ એટલું તો ચોક્કસ છે કે સર્વ પ્રથમ વૈદિક સાહિત્યમાં ઉપનિષદોમાં જ એ વિચારોએ આકાર ધારણ કર્યો છે. ઉપનિષદ સાહિત્યમાં સંસાર અને કર્મની કલ્પનાનું સ્પષ્ટ રૂપ નથી દેખાતું એ વિશે તો આધુનિક વિદ્વાનોમાં વિવાદ નથી. વળી કર્મ–કારણનો વાદ પણ ઉપનિષદોમાં સર્વસંમત વાદ થઈ ગયો છે એમ પણ નથી, એટલે એ વાદને વૈદિક વિચાર–ધારાનો મૌલિક વિચાર માની શકાય નહિ, એમ લાગે છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં જ્યાં અનેક કારણો ગણાવ્યાં છે ત્યાં કાલ, સ્વભાવ, નિયતિ યદેચ્છા, ભૂત કે પુરુષ અથવા એ બધાંનો સંયોગ–એ ગણાવ્યાં છે. એ કાલાદિને કારણ માનનાર વૈદિકો હોય કે અવૈદિક–ગમે તે હોય પણ તેમાં ય કર્મનો સમાવેશ નથી.

આ પ્રમાણે ઉપનિષદોના કાળમાં પણ વૈદિક પરંપરામાં કર્મ–અદૃષ્ટ સિદ્ધાંત એ જો કેન્દ્રસ્થ સર્વમાન્ય તત્ત્વ ન હોય તો કઈ પરંપરામાંથી એ વિચાર વૈદિક પરંપરામાં ગયો તે શોધવું બાકી રહે છે. કેટલાક વિદ્વાનોનું માનવું છે કે આર્યોએ ભારતના આદિવાસીઓ પાસેથી એ વિચાર લીધો હશે. વિદ્વાનોની એ માન્યતાનો નિરાસ પ્રો. હિરિયન્નાએ એમ કહીને કર્યો છે કે એ આદિવાસીઓનો આત્મા મરીને વનસ્પતિ વગેરેમાં જાય છે એવો સિદ્ધાંત એકમાત્ર વહેમ હતો એટલે તત્ત્વતઃ તેમના એ વિચારને તાર્કિક ન કહી શકાય. પુનર્જન્મના સિદ્ધાંતમાં તો મનુષ્યની તાર્કિક અને નૈતિક ચેતનાને સંતોષ આપવાનું ધ્યેય છે.

મનુષ્યનો જીવ મરીને વનસ્પતિ વગેરેમાં જાય છે એ આદિવાસીઓની માન્યતા કોરી વહેમ કહી કાઢી નાંખવા જેવી નથી. જે કર્મનો સિદ્ધાંત વૈદિકોના દેવવાદમાંથી ઉપનિષદ પહેલાં ફલિત નથી થઈ શકતો એ જ કર્મવાદના મૂળ આદિવાસીઓની ઉક્ત માન્યતા સાથે સહજ રીતે સંકળાયેલ છે. એની પ્રતીતિ ત્યારે જ થાય છે જયારે જૈનધર્મ સંમત જીવવાદ અને કર્મવાદના ઊંડા મૂળ શોધવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જૈન પરંપરા–એનું પ્રાચીન નામ ગમે તે હોય પણ ઉપનિષદોથી સ્વતંત્ર અને પ્રાચીન છે એમાં તો શક કરવો જ ન જોઈએ. અને તેથી ઉપનિષદમાં કર્મવાદનો જે વિચાર નવો પ્રસ્ફુટિત થયો છે તે જૈનોના કર્મવાદની અસરથી રહિત હોય એમ માનવાને કશું જ કારણ નથી. જે વૈદિક પરંપરાને દેવો વિના એક ડગલું પણ ચાલતું નહિ એ જ વૈદિક પરંપરાને જ્યારે એ કર્મવાદનો સિદ્ધાંત હાથ આવ્યો ત્યારે તેણે દેવોને સ્થાને યજ્ઞકર્મને બેસાડી દીધું અને માન્યું કે દેવોમાં નહિ પણ સ્વયં યજ્ઞકર્મમાં જ ફળ દેવાની શક્તિ છે. દેવો કોઈ નહિ પણ વેદના મંત્રો એ જ દેવો છે. અને એ યજ્ઞકર્મના સમર્થનમાં જ પોતાને કૃતકૃત્ય માનતી દાર્શનિક કાળની મીમાંસક પરંપરાએ તો યજ્ઞાદિકર્મથી ઉત્પન્ન થનાર અપૂર્વ નામના પદાર્થની કલ્પના કરીને વૈદિક દર્શનમાં દેવોને બદલે અદૃષ્ટ કર્મનું જ સામ્રાજ્ય સ્થાપી દીધું.

આ આખો ઈતિહાસ જો આપણે નજર સામે રાખીએ તો જૈન પરંપરાના કર્મવાદની ઊંડી અસર વૈદિકોમાં જે છે તે સ્પષ્ટ થાય છે.

વેદ અને ઉપનિષદ સુધીની જે સૃષ્ટિ પ્રક્રિયા વૈદિક પરંપરાને માન્ય છે તે અનુસાર જડ અને ચેતન સૃષ્ટિ અનાદિ નહિ પણ સાદિ છે અને તે પણ કોઈ એક કે અનેક જડ કે ચેતન તત્ત્વમાંથી ઉત્પન્ન થઈ છે એમ મનાયું હતું. પણ તેથી વિપરીત કર્મના સિદ્ધાંત પ્રમાણે જડ કે જીવસૃષ્ટિ અનાદિ કાળથી જ ચાલી આવે છે એમ માનવું પડે છે. આ માન્યતા જૈન પરંપરાના મૂળમાં છે. જૈન પરંપરા પ્રમાણે એવો કોઈ સમય કલ્પી શકાતો નથી કે જ્યારે જડ–ચેતનનું અસ્તિત્વ –કર્માનુસારી અસ્તિત્વ–ન હોય, એટલું જ નહિ, પણ ઉપનિષદ

પછીની બધી વૈદિક પરંપરામાં પણ સંસારી જીવનુંઅસ્તિત્વ એ જ પ્રમાણે અનાદિ માનવામાં આવ્યું છે તે પણ કર્મતત્ત્વની માન્યતાને આભારી છે. કર્મતત્ત્વની ચાવી જન્મનું કારણ કર્મ છે એ સૂત્રમાં મળે છે, અને એ સિદ્ધાંતને આધારે જ જીવોના સંસારને અનાદિ કલ્પવામાં આવે છે. આ અનાદિ સંસારનો સિદ્ધાંત, જેને પછીના બધાં વૈદિક દર્શનોએ અપનાવ્યો છે તે, દર્શનોની ઉત્પત્તિ પહેલાં પણ જૈન પરંપરામાં અને બૌદ્ધ પરંપરામાં વિદ્યમાન છે, જ્યારે વેદ કે ઉપનિષદમાં પણ તે સર્વસંમત સિદ્ધાંત તરીકે સ્વીકારાયો નથી એ જ સિદ્ધાંતનું મૂળ વેદબાહ્ય પરંપરામાં સૂચવે છે. એ વેદબાહ્ય પરંપરા તે ભારતમાં આર્યોના આગમન પહેલાનાં નિવાસીઓની તો છે જ અને એમની જ એ માન્યતાનો સંપૂર્ણ વિકાસ વિદ્યમાન જૈન પરંપરામાં ઉપલબ્ધ થાય છે.

જૈન પરંપરા તો પ્રાચીન કાળથી જ કર્મવાદી છે; તેમાં દેવવાદને કદી સ્થાન મળ્યું જ નથી. આથી જ કર્મવાદની જે પ્રકારની વ્યવસ્થા જૈનોના ગ્રન્થોમાં મળે છે તે પ્રકારની વિસ્તૃત વ્યવસ્થા અન્યત્ર દુર્લભ છે. જીવોના ચડતા ઉતરતા જેટલા પ્રકાર સંભવે છે અને એક જ જીવની સંસારની આધ્યાત્મિક દૃષ્ટિએ નિકૃષ્ટતમ અવસ્થાથી માંડીને તેના વિકાસનાં જે પગથિયાં છે તે બધામાં કર્મ કેવો ભાગ ભજવે છે અને તે દૃષ્ટિએ કર્મનું જે વૈવિધ્ય છે તેનું વિસ્તૃત શાસ્ત્રીય નિરૂપણ પ્રાચીન કાળથી જેવું જૈન પરંપરામાં છે તેવું અન્યત્ર દુર્લભ છે, તે સૂચવે છે કે કર્મ વિચારનો વિકાસ જૈન પરંપરામાં છે અને તેને વ્યવસ્થિત રૂપ પણ એ જ પરંપરામાં મળ્યું છે. જૈનોના એ વિચારના સ્ફૂર્લિંગો અન્યત્ર ગયા છે અને તેથી જ બીજાઓની વિચારધારામાં પણ નવું તેજ પ્રગટ્યું છે.

વૈદિકો યજ્ઞની ક્રિયાની આસપાસ જ બધું ગોઠવે છે એટલે તેમની મૌલિક વિચારણાનો પાયો જેમ યજ્ઞક્રિયા છે, તેમ જૈનો કર્મની આસપાસ જ બધું ગોઠવતા હોવાથી તેમની મૌલિક વિચારણાનો પાયો કર્મવાદમાં છે.

જ્યારે કર્મવાદીઓ સાથે દેવવાદી બ્રાહ્મણોને સંપર્ક થયો હશે ત્યારે એકાએક તો દેવવાદને સ્થાને કર્મવાદને બેસાડી દેવાનું બન્યું નહિ હોય. પ્રથમ તો જેમ આત્મવિદ્યાને ગૂઢ અને એકાંતમાં ચર્ચવા યોગ્ય માનવામાં આવી હતી તેમ કર્મવિદ્યાને પણ રહસ્યમય અને એકાંતમાં ચર્ચવા જેવી માની હશે. આત્મવિદ્યાને કારણે યજ્ઞોમાંથી જેમ લોકોની શ્રદ્ધા મંદ પડી ગઈ હતી તેમ કર્મવિદ્યાને કારણે દેવોમાંથી શ્રદ્ધા ક્ષીણ થવાનો સંભવ હતો. આવા જ કોઈ કારણે યાજ્ઞવલ્કય જેવા દાર્શનિક આર્તભાગને એકાંતમાં લઈ જાય છે અને કર્મનું રહસ્ય સમજાવે છે, અને કર્મની જ પ્રશંસા કરીને કહે છે કે પુણ્ય કરવાથી માણસ સારો થાય છે અને પાપ કરવાથી નઠારો થાય છે.

વૈદિક પરંપરામાં યજ્ઞકર્મ અને દેવ એ બંનેની માન્યતા હતી તેમાં જ્યારે દેવ કરતાં કર્મનું જ મહત્ત્વ મનાયું ત્યારે જે લોકોએ યજ્ઞ ઉપર જ ભાર આપ્યો તેમણે યજ્ઞ અને કર્મવાદનો સમન્વય કરીને યજ્ઞને જ દેવ બનાવી દીધા, અને યજ્ઞ એ જ કર્મ છે અને તેથી બધું ફળ મળે છે એમ માનવા લાગ્યા. દાર્શનિક વ્યવસ્થાકાળમાં આ લોકોની પરંપરા મીમાંસાદર્શન નામે પ્રસિદ્ધ થઈ. પરંતુ વૈદિક પરંપરામાં યજ્ઞના વિકાસ સાથે સાથે દેવોની વિચારણામાં પણ વિકાસ થયો હતો. અને પ્રાચીન કાળના અનેક દેવોને સ્થાને બ્રાહ્મણ કાળમાં એક પ્રજાપતિ દેવાધિદેવ મનાવા લાગ્યો હતો. જે લોકો એ દેવાધિદેવની શ્રદ્ધાથી ચલિત ન થયા તેમની પરંપરામાં પણ કર્મવાદને સ્થાન તો મળ્યું જ છે અને એમણે પણ એ પ્રજાપતિ અને કર્મવાદનો સમન્વય પોતાની ઢબે કર્યો જ છે. તેઓ માને છે કે જીવોને કર્માનુસાર ફળ તો મળે છે, પણ એ ફળ દેનાર દેવાધિદેવ ઈશ્વર છે. ઈશ્વર પોતાની ઈચ્છા પ્રમાણે નહિ પરંતુ જીવોના કર્મને અનુસરીને ફળ આપે છે. આ પ્રકારનો સમન્વય સ્વીકારનાર વૈદિક દર્શનોમાં ન્યાય, વૈશેષિક, વેદાંત અને પાછળનું સેશ્વર સાંખ્યદર્શન છે.

વૈદિક પરંપરામાં અદૃષ્ટ–કર્મવિચાર નવો છે અને બહારથી આવ્યો છે એનો પુરાવો એ પણ છે કે વૈદિકો પ્રથમ આત્માની શારીરિક, માનસિક, વાચિક ક્રિયાને જ કર્મ કહેતા; પછી આગળ વધીને તેઓ યજ્ઞાદિ બાહ્ય અનુષ્ઠાનોને પણ કર્મ કહેવા લાગ્યા. પરંતુ એ અસ્થાયી અનુષ્ઠાનો સ્વયં ફળ કેવી રીતે આપે? તે તો તત્કાળ નષ્ટ થઈ જાય છે; માટે કોઈ માધ્યમ કલ્પવું જોઈએ, એમ કહીને અપૂર્વ નામના પદાર્થની કલ્પના મીમાંસાદર્શનમાં કરવામાં આવી છે, કે જે વેદમાં કે બ્રાહ્મણોમાં નથી, પણ દાર્શનિક કાળની છે. એથી પણ સિદ્ધ થાય છે કે અપૂર્વ જેવા અદૃષ્ટ પદાર્થની કલ્પના તેમની મૌલિક નથી, પણ અવૈદિકોની અસરનું પરિણામ છે.

એ જ પ્રમાણે વૈશેષિકસૂત્રકારે અદૃષ્ટ–ધર્માધર્મ વિશે સૂત્રમાં ઉલ્લેખો તો અવશ્ય કર્યા છે, પણ તે અદૃષ્ટની વ્યવસ્થા તો તેના ટીકાકારોએ જ કરી છે. વૈશેષિકસૂત્રકારે અદૃષ્ટધર્માધર્મ કયો પદાર્થ છે તે કહ્યું નથી, એથી જ પ્રશસ્તપાદને તેની વ્યવસ્થા કરવી પડી છે અને તેણે તેનો સમાવેશ ગુણપદાર્થમાં કરી દીધો છે. અદૃષ્ટ–ધર્માધર્મ એ ગુણરૂપે સ્પષ્ટપણે સૂત્રકારે ઉલ્લેખ્યો નથી, છતાં તે આત્મગુણ જ છે એમ શાથી માનવું એનો ખુલાસો પ્રશસ્તપાદને કરવો પડ્યો છે. એથી જ સિદ્ધ થાય છે કે વૈશેષિકોની પદાર્થ વ્યવસ્થામાં અદૃષ્ટ એ નવું તત્ત્વ છે.

આમ યજ્ઞ કે દેવાધિદેવ ઈશ્વર સાથે અદૃષ્ટ–કર્મવાદની સંગતિ વૈદિકોએ કરી છે. પરંતુ યાજ્ઞિકો યજ્ઞ સિવાયના બીજાં કર્મો વિશે વિચાર કરી શક્યા નથી અને ઈશ્વરવાદીઓ પણ જેટલા ઈશ્વરની સ્થાપના પાછળ પડી ગયા છે તેટલા કર્મવાદના રહસ્યનું ઉદ્ઘાટન કરવા સમર્થ નીવડ્યા નથી, એટલે મૂળે કર્મવાદ જે પરંપરાનો હતો તેણે જ તે વાદનો યથાશક્તિ વિચાર કરીને તેની શાસ્ત્રીય વ્યવસ્થા કરી છે. એ જ કારણ છે કે કર્મની શાસ્ત્રીય મીમાંસા જૈન શાસ્ત્રોમાં મળે છે તે અન્યત્ર નથી મળતી. એટલે માનવું રહ્યું કે કર્મવાદનું મૂળ જૈન પરંપરામાં અને તેથીએ પહેલાંના આદિવાસીઓમાં છે.

આજ રીતે અધ્યાત્મ તત્ત્વના બીજા વિભાગો આત્માનું સ્વરૂપ, મોક્ષનું સ્વરૂપ વગેરેની વિચારણાની અને તેની પરંપરાનો ઈતિહાસ ભારતીય ધર્મગ્રંથોમાં ઠેર ઠેર વર્ણવવામાં આવ્યો છે અને તે જાણી આપણી ભારતીય આર્ય સંસ્કૃતિ માટે ગૌરવ અનુભવાય છે.

✶ ✶ ✶

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૫૯૦

# ભારત–ચીન

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

ભારત–ચીન પ્રાચીન સંસ્કૃતિ ધરાવતા બે વિશાળ દેશ છે. વિશ્વના લગભગ બસો દેશોની વસ્તીનો ૧/૩ ભાગ આ બે દેશોમાં વસે છે. બંનેય દેશો સને ૧૯૬૨ સુધી શાંતિપ્રિય દેશો ગણાતા હતા ને 'પંચશીલ'ની આચાર–સંહિતાનું પાલન કરતા હતા પણ સને ૧૯૬૨માં ચીને ભારત પર આક્રમણ કર્યું ત્યારે હિંદી–ચીની ભાઈ–ભાઈના નારા અને પંચશીલના સિદ્ધાંતના લીરેલીરા ઊડી ગયા. સને ૧૯૬૨ થી સને ૨૦૦૩ સુધી ભારત–ચીનના સંબંધો તંગ રહ્યા. જુલાઈ ૨૨–૨૭ની આપણા વડાપ્રધાનની ચીન–યાત્રા બાદ એ તંગ પરિસ્થિતિમાં કૈંક હળવાશ વરતાય છે પણ ભારત લોકશાહી દેશ છે જ્યારે 'લાલભાઈ'નું કંઈ કહેવાય નહીં! વળી, ચીનના પાકિસ્તાન સાથેના સ્નિગ્ધ સંબંધોને કારણે ભારત એની શ્રદ્ધેયતામાં કેટલો વિશ્વાસ રાખી શકે તે પણ ચિંતાનો પ્રશ્ન છેઃ પણ આજકાલ વિશ્વરાજકારણનાં જે સમીકરણો થઈ રહ્યાં છે તે જોતાં ભારત–ચીન બંનેય દેશોએ પોતપોતાનાં હિતોની ખાતર પણ વિશ્વશાંતિના અનુલક્ષમાં, સંપ–સહકારથી સાથે રહીને ઉભયપદી અનુકૂળતા સાધી, વિકાસ સાધવો જોઇએ. આજે અજ્ઞાન અને ગરીબાઈ–એ બંનેય દેશોના સામાન્ય પ્રશ્નો છે. સંઘર્ષ, યુદ્ધ, સલામતીને નામે જે અબજોનું આંધણ થાય છે–તેનો વિનિયોગ શિક્ષા પ્રચાર ને ગરીબાઈના ઉન્મૂલન કાજે થવો જોઈએ. સને ૧૯૬૨ના યુદ્ધ પછી બંને દેશોની સીમાના પ્રશ્નો પણ વિવાદાસ્પદ બન્યા છે, કૈંક અંશે એ પ્રશ્નો જટીલ પણ છે છતાંયે દ્વિ–પક્ષીય વિચારણા દ્વારા એ હલ ન જ થઈ શકે એવા પણ નથી; જો કે એ દિશામાં વિધેયાત્મક ગતિવિધિ શરૂ થઈ ગઈ છે. સ્વાતંત્ર્ય–પ્રાપ્તિ પછીની આપણી પંચવર્ષીય યોજનાઓ ધાર્યું નિશાન પાર પાડી શકી નથી એનાં અનેક કારણો છે. પણ આપણી તુલનાએ ચીને એના નિશ્ચિત ધ્યેયને સિદ્ધ કરવામાં સારી પ્રગતિ કરી છે. એ અત્યાર સુધી આપણા પૂર્વગ્રહો ને અતડાપણાને કારણે આપણે જાણતા નહોતા. 'હજી સુધી રાષ્ટ્રીય વિકાસના દરનું લક્ષ્ય આઠ કે દશ ટકા રાખીને આપણે છ ટકા સુધી પહોંચી શક્યા છીએ. જયારે ચીને દશ ટકાનું ધ્યેય સિદ્ધ કરી બતાવ્યું છે. માઓવાદને નાથીને ચીન વ્યક્તિપૂજાના વળગણમાંથી મુક્ત બની ગયું છે. જ્યારે આપણે ત્યાં લોકશાહીના અંચળા નીચે જવાહર, ઇંદિરા, રાજીવ, સોનિયા ગાંધીનું વર્ચસ્વ ને વ્યક્તિપૂજા હજીય જીવંત છે. એક સમય એવો પણ હતો જ્યારે ગુલામ ભારતમાં રાષ્ટ્રીય સ્તરના નેતાઓ અનેક હતા. જ્યારે સ્વતંત્ર ભારતમાં આજે રાષ્ટ્રીય તો શું પણ સ્ટેટ–લેવલના શક્તિશાળી, શ્રદ્ધેય ને લોકમાન્ય નેતાઓ પણ સૂરજના દીવે શોધવા પડે તેમ છે! મને લાગે છે કે ચીનના વિકાસની પાછળ એની રાષ્ટ્રીય નેતાગીરી પણ રહેલી છે...આપણે ત્યાંનું આયારામ–ગયારામનું ટાંટિયા–ખેંચ–રાજકારણ, વિકાસની આડે આવતું હોય છે...એક સર્જે છે તો બીજો ભાંગે છે...એક જ રાષ્ટ્રીય પક્ષની સત્તા હવે રહી નથી એટલે 'દેડકાંની પાંચશેરી' જેવા અઢાર–વીસ ક્ષેત્રીય પક્ષોના ગઠબંધન દ્વારા નરસિંહ મહેતાની વ્હેલની જેમ 'જય જય રણછોડ રાયજી'ના નારા લગાવી એને ખેંચીને પણ ચાલતી રાખવી પડે છે.' જે રાષ્ટ્રીય કોંગ્રેસે ભારતની સ્વાતંત્ર્ય પ્રાપ્તિમાં સિંહભાગ ભજવ્યો તેમાં, સત્તા–મોહ ને વકરેલા વ્યક્તિવાદને પોષવા કેટલાં બધાં તડાં પડ્યાં છે' આજે તો કોઈ પણ પક્ષ રાષ્ટ્રીય–પક્ષ હોવાનો  દાવો કરી શકે તેમ નથી.' ચીને ધાર્યું નિશાન સર કર્યું ને ભારત તરફડિયાં મારે છે તેનુંરહસ્ય મને લાગે છે કે સમર્થ રાષ્ટ્રીય નેતાગીરીમાં પણ રહ્યું છે. જંગી વસ્તી બંનેય દેશોનો શિરદર્દ જેવો પ્રશ્ન છે પણ આપણે 'બે બસ' પણ સિદ્ધ ન કરી શક્યા ત્યારે ચીન 'એક બસ'ને અમલ મૂકવામાં જાગ્રત ને પ્રતિબદ્ધ છે. વસ્તી વધારો આપણી 'શૃંખલા' છે જ્યારે ચીન માટે તે 'એસેટ' છે. મતલબ કે ચીનનો આર્થિક વિકાસ જોતાં આપણે ઔદ્યોગિક ક્ષેત્રે ને રાજકીય ક્ષેત્રે પણ ચીનની અવગણના કરી શકીએ તેમ નથી. સને ૧૯૬૨માં રાષ્ટ્રીય સુરક્ષા માટેનું આપણું બજેટ માંડ સો કરોડનું જ હતું...ને જવાહર તથા મેનન 'હિંદી ચીની ભાઈ ભાઈ!'ના નારા લગાવવામાંથી ઊંચા જ આવ્યા નહીં! ચીને આક્રમણ કર્યું ત્યારે આપણાં સૈનિકોનાં પગરખાંનાં પણ ફાંફાં હતાં ને જવાહરે આદેશ આપ્યો ને આપણે ઊંઘતા ઝડપાયાં! જવાહરના અકાળ મૃત્યુનું કારણ આ પણ હોઈ શકે! રક્ષામંત્રી મેનનનો સામ્યવાદ માટેનો અહોભાવ પણ આપણા પરાજયના મૂળમાં હોય તો નવાઈ નહીં!

રાષ્ટ્રની માથા–દીઠ આવક જો આર્થિક પ્રગતિની પારાશીશી ગણીએ તો આજે ચીન આપણાથી લગભગ બમણું આગળ છે...ચીનની વ્યક્તિદીઠ આવક અમેરિકન ૯૨૭ ડોલર છે તો ભારતની કેવળ ૪૭૭ ડોલર જ છે. રહેઠાણના પ્રશ્નમાં પણ ચીને ૮૦ ટકા સિદ્ધિ હાંસલ કરી છે. આપણે ઊંચાં નિશાન આંકીએ છીએ પણ વીંધી શકતા નથી એ આપણી રાષ્ટ્રીય કમજોરી ને દયનીય લાચારી પણ છે.

આટલું લખ્યા બાદ હું ચીનની આયાત–નિકાસ નીતિ અને એની પુરાંતના આંકડા આપી ભારત સાથે સરખામણી કરવા માગતો હતો ત્યાં કેલિફોરનિયાથી દીવાળી ઉપર ભારત આવેલો મારા વડીલ બંધુનો જ્યેષ્ઠ–પુત્ર ડૉ. રશ્મિ એમ. પટેલ, મારું લખાણ વાંચીને મને કહેઃ 'કાકા! તમારા બે મુદ્દામાં હું સંમત થતો નથી.' એક તો તમો કહો છો તેમ ચીને આર્થિક–ક્ષેત્રે ખૂબ પ્રગતિ સાધી છે એ વાત સાચી પણ એક જ વાક્યમાં હું આપને કહું કે 'ધ કન્ટ્રી ઈઝ

રીચ બટ ધ પિપલ આર પુઅર.' જ્યારે ભારત માટે કહું કે 'ધ કન્ટ્રી ઈઝ પુઅર, બટ ધ પિપલ આર રીચ.' એ પછી તેણે પ્રગતિના આપેલા આંકડાની શ્રદ્ધેયતાની વાત કરીને જો એ આંકડા આપવામાં અમેરિકાની કોઈ પણ કામગીરી હોય તો તો એ આંકડા સાવ ખોટા સમજવા...ભારત વારંવાર ભાષણોમાં દુનિયાની બે મોટામાં મોટી લોકશાહીઓમાં પોતાની સાથે અમેરિકાને ગણાવે છે પણ અમેરિકામાં ભારત જેવી લોકશાહી છે જ નહીં. ત્યાં તો મિલિટરી ડેમોક્રસી છે...અમેરિકા જેવો ઉધાર દેશ આખી દુનિયામાં બીજો એક્કેય નથી. એની આર્થિક કરોડરજ્જુ છે એના ધમધોકાર ચાલતા શસ્ત્રોનાં કારખાનાં, બે દેશોને નિરંતર લડાવી લોકશાહીની વાતો કરનાર દેશ એની 'ઈકોનોમી' તર રાખે છે...વિશ્વભરની જમાદારી કરતા દેશને તમો લોકશાહી દેશ કહેશો? લાદેન જીવે છે, પાકિસ્તાનમાં જ છે તે પ્રિસડેન્ટ બુશ જાણે છે છતાં યે લાચારીથી મિલિટરી ડીરેક્ટર જેવા પાકિસ્તાનને પંપાળે છે, જેને કારણે ભારત જેવા લોકશાહી દેશને સહન કરવું પડે છે.

ચીનની આર્થિક પ્રગતિની તમે વાત કરી તે શેને આભારી છે–જાણો છો? ત્યાંની ઘીચ વસ્તી ને એની સસ્તામાં સસ્તી મજૂરી. આ બાબતમાં કોઈ પણ દેશ એની હરિફાઈ કરી શકશે નહીં. વળી ત્યાંની જેલોમાંના કેદીઓને ખાવા તો આપે છે પણ ખાવાના પ્રમાણમાં ચાર ઘણી મજૂરી કરાવે છે ને ભારતની જેલોમાંના કેદીઓને જે પ્રમાણે વેતન આપવામાં આવે છે ને સુધારા માટે જે પ્રવૃત્તિઓ થાય છે એમાંનું ચીનમાં 'કશું ય જોવા ન મળે!' ત્યાં ભારત જેવું વાણી-સ્વાતંત્ર્ય જ ન મળે. બ્રિટન જેવો હેબિયસ કોર્પસ એક્ટ ન મળે...મારી સાથે ચીની મૂળના બે ભાઈઓ ત્યાંની જે વાત કરે છે તેને આધારે હું કહું કે આખી દુનિયામાં ભારત જેવું કશે સુખ નથી. ને ભારતે કરેલી પ્રગતિનો સાચો ખ્યાલ વિશ્વને નથી... જ્યારે આપણે અણુધડાકા કર્યા ત્યારે વિશ્વે આપણા 'અસ્તિત્વની' ને પ્રગતિની નોંધ લીધી. આપણા અનેક પક્ષોની બનેલી લોકશાહી સત્તા હાંસલ કરવા માટે એકબીજાની સિદ્ધિઓનું સાચું મૂલ્યાંકન કરતી જ નથી...બાકી ગુલામ ભારત ટાંકણીની પણ આયાત કરતું હતું તે પોંખરણના અણુધડાકા સુધી પહોંચ્યું એ શેને આધારે? અને કાકા! તમો આપણી બાજુનાં ગામડામાં ફર્યા છો? આ તમારા વડોદરાના રસ્તાઓ કરતાં પણ સારા રસ્તા ગામડામાં થયા છે. પાણીની સુવિધાઓ થઈ છે...દાદાગીરી કરીને ગામડાના ખેડૂતો વીજળીનો ગેરકાયદે ઉપયોગ કરી વપરાશના પ્રમાણમાં બીલ ભરતા નથી...તમારા સમયમાં તમે ગામડામાં વીજળી જોયેલી? જે લોકો ભારતે પ્રગતિ નથી કરી એમ કહેતા હોય તેમને હૈદ્રાબાદ ને બેંગલોર મોકલવા જોઈએ. ક્લિન્ટન જેવો ક્લિન્ટન આંધ્રના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુનું ભાષણ સાંભળી દંગ થઈ ગયો હતો...આપણા લોકોને ટીકા કરતાં જ આવડે છે. દોષ જોવાની એમને એક જ આંખ છે. કદરદાનીની બીજી આંખ જ નથી, અને કાકા! હું તમને કહું છું કે આપણા વડાપ્રધાન અટલ બિહારીજી જેવો કોઈપણ કર્મઠ, પ્રામાણિક ને દૃષ્ટિવંત નેતા તમને અન્યત્ર જોવા નહીં મળે. ભારત ભાગ્યશાળી છે કે એને અટલજી જેવા વડાપ્રધાન ને કલામ જેવા રાષ્ટ્રપતિ–બે કુંવારા ને રાષ્ટ્રીય કક્ષાના નેતાઓ પ્રાપ્ત થયા છે.' એના ગયા બાદ હું ફરી પાછો ચીનનો વિચાર કરવા લાગ્યો...ત્યાં તો તા. ૨–૧૦–૨૦૦૩ના 'ગુજરાત સમાચાર'ના 'કાયદો અને સમાજ' નામના કોલમમાં શ્રી ચીનુભાઈ ર. શાહનો લેખ વાંચવા મળ્યો. જેનું શીર્ષક હતું: 'ભૌતિક ક્ષેત્રે આગળ હોવા છતાં વ્યક્તિસ્વાતંત્ર્ય જેવી મૂળભૂત બાબતમાં ચીન ઘણું જ પાછળ'–વાંચી મને મારા ભત્રીજાનાં વિધાન સાચાં લાગ્યાં...શ્રી શાહે તો લેખના અંતમાં એવું વિધાન કર્યું છે કે આ બાબતમાં દરેક ભારતીયને અભિમાન હોવું જોઈએ કે તે ભારતનો નાગરિક છે. રૂસોએ કહેલું: 'ભોજન વિના એક ટંક ચાલશે, પણ વાણીસ્વાતંત્ર્ય વિના ક્ષણભર પણ નહીં ચાલે.' આમ છતાં ચીન આજે 'ફેક્ટરી ફ્લોર ઓફ ધ વર્લ્ડ' ગણાય છે. હાર્ડવેરમાં દુનિયામાં એનો પ્રથમ નંબર છે. છેલ્લાં બે દાયકામાં ૬૦૦ બિલિયન અમેરિકન ડોલર જેટલું એનું 'ઈન્વેસ્ટમેન્ટ' છે. હાલ એનો 'ફોરેન રિઝર્વ એક્સચેન્જ' ૩૬૦ બિલિયન અમેરિકન ડોલર છે. સને ૧૯૭૮માં ચીનની નિકાસ દશ બિલિયન હતી જે વધીને આજે ૨૬૬ બિલિયન થઈ છે. જ્યારે એના પ્રમાણમાં આયાત ૨૪૪ બિલિયન અમેરિકન ડોલર છે. સરકાર, કોર્પોરેશન, બેન્કો અને સામ્યવાદી પાર્ટીના સહકારથી ચીન દિન–પ્રતિદિન પ્રગતિને પંથે આગળ ધપી રહ્યું છે. સને ૨૦૨૦માં ચીનની ઈકોનોમી દસ ટ્રીલીયન અમેરિકન ડોલર થનાર છે. મતલબ કે તે આજે વિશ્વનું ચોથું રાષ્ટ્ર છે જે 'લારજેસ્ટ ઈન્ડસ્ટ્રીયલ પાવર' છે ને ઉત્પાદનની બાબતમાં GPDના ૩૫% એને ફાળે જાય છે. ચાયનાની GPD આજે આશરે ૧.૨ ટ્રીલીયન અમેરિકન ડોલરની છે જે ભારત કરતાં બમણાથી પણ વિશેષ છે. (ભારતની ૪૫૦ બિલિયન US ડોલર છે.)

સો વાતની એક વાત. ચીન આપણો પડોશી દેશ છે. ત્યાં લોકશાહી હોય કે ન હોય, વાણી સ્વાતંત્ર્ય હોય કે ન હોય...પણ આપણે આપણી મર્યાદામાં રહીને પણ ભૌતિક ક્ષેત્રે પ્રગતિ કરવાની બાબતમાં ચીન પાસેથી ઘણુંબધું શીખવાનું છે. ભારત–ચીનનો ઉભયપદી સહકાર વિશ્વની મહાસત્તાવાળા દેશોમાં માનભર્યું સ્થાન અપાવી શકે એવી શક્યતાવાળો છે. અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, જાપાન જેવા રાષ્ટ્રો આજે ચીનની અવગણના કરવાની સ્થિતિમાં નથી. એકવારનો અફીણીયો દેશ આજે નવીન તાકાત સાથે વિશ્વને આર્થિક–ક્ષેત્રે પડકારરૂપ બની રહ્યો છે. ભારતે એમાંથી પદાર્થપાઠ લેવા જેવો છે.

✷ ✷ ✷

**નોંધ :** પ્રસ્તુત લેખ અનામી સાહેબે ૨-૧૧-૨૦૦૩માં લખ્યો હતો.

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે, A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

# ગાંધી–આકાશગંગાની એક તેજશિખા: મીરાંબહેન

❑ શાંતિલાલ ગઢિયા

કેટલીક વિદેશી સન્નારીઓએ ભારતભૂમિને ભરપૂર પ્રેમ કર્યો છે. આ દેશને કર્મભૂમિ બનાવીને એમણે જે સ્વત્વ પ્રગટાવ્યું છે, તે અવિસ્મરણીય છે. તેમનું કાર્યક્ષેત્ર કાં તો રાજકીય, સેવાકીય અથવા આધ્યાત્મિક રહ્યું છે. આ વંદનીય નારીવૃંદમાં ભગિની નિવેદિતા, શ્રી માતાજી (પોંડિચેરી આશ્રમ), મધર ટેરેસા, એની બેસન્ટ વગેરે ઉપરાંત એક નામ જુદું તરી આવે છે. તે છે મેડલીન સ્લેડ, જેમને ગાંધીજીએ 'મીરાંબહેન' નામ આપ્યું હતું. ઈંગ્લૅન્ડના સાધનસંપન્ન કુટુંબમાં ઉછરેલી તરુણીને કઈ રીતે ગાંધીજીનો પરિચય થાય છે અને ક્યું બળ એને છેક ભારત ખેંચી લાવે છે, એ આખી કહાણી વિસ્મય પમાડે તેવી છે.

સન ૧૮૯૨માં મેડલીનનો જન્મ. પિતાજી નૌકાદળના ઑફિસર હોઈ ઝાઝો વખત દરિયાઈ સફરમાં ગાળતા. દરમિયાન મેડલીન માતા સાથે મોસાળમાં રહેતાં. નાનું પણ રળિયામણું ગામ. આસપાસ નયનરમ્ય પ્રકૃતિ પથરાયેલી હતી. મોટી બહેન રહોના હૉસ્ટેલમાં રહેતાં. ગ્રિનીચ, પોર્ટસ્મથ, લંડન વગેરે જુદાજુદા સ્થળોએ પિતાજીની નિમણૂક થતાં કુટુંબ સ્થળાંતર કરતું.

એક દિવસ પિતાજીએ પિયાનો પર વિખ્યાત સંગીતકાર બિથોવનની રાગિણી વહેતી મૂકી. મેડલીન ભાવવિભોર બની સાંભળી રહ્યાં. તેઓ જ્યારે જ્યારે આ સંગીત સાંભળતાં, ત્યારે ચિત્ત કોઈ અજ્ઞાત પ્રદેશમાં વિહરવા લાગતું. એમને બિથોવન વિશે જાણવાની જિજ્ઞાસા થઈ. લંડનમાં જ્યારે જ્યારે બિથોવન શૈલીના સંગીત કાર્યક્રમો યોજાતા, ત્યારે મેડલીન તેનો લાભ લેતાં. બિથોવન પ્રત્યેના અહોભાવે મેડલીનને જર્મન ભાષા શીખવા પ્રેર્યાં. વળી વિયેના (ઑસ્ટ્રિયા) જઈ બિથોવનની કબરનાં દર્શન કર્યાં. આ સંગીતકારની વિશેષ માહિતી મેળવવા મેડલીને ફ્રાંસના વિદ્વાન રોમા રોલાંની મદદ લેવાનું વિચાર્યું. પત્રો લખ્યાં. રૂબરૂ પણ મળ્યાં. બન્યું એવું કે આ અરસામાં રોલાંએ લખેલું ગાંધીજીનું પુસ્તક પ્રેસમાં છપાતું હતું. એમણે સહજ વાતવાતમાં મેડલીનને પૂછ્યું કે તેઓ ગાંધીજી વિષે કંઈ જાણે છે કે કેમ. મેડલીનનો 'નહિ' ઉત્તર સાંભળતાં જ રોલાંએ કહ્યું કે, ગાંધીજી એટલે બીજા જિસસ! આ શબ્દોએ મેડલીનના અંતરના તાર ઝણઝણાવી મૂક્યા.

થોડાક દિવસો બાદ પાછા ફરતાં મેડલીને માર્ગમાં એક સ્ટૉરમાંથી એ પુસ્તક ખરીદ્યું અને દિવસાંત પહેલાં વાંચી કાઢ્યું. તેની જાદુઈ અસર વર્ણવતાં મેડલીન કહે છે, 'કોઈ અદીઠ તત્ત્વ મહાત્મા ગાંધી રૂપે મને ખેંચી રહ્યું હતું.' દરિયાપારનો દેશ મેડલીનને સાદ દેતો હતો. ભારત જતાં પહેલાં મેડલીનને લાગ્યું કે ગાંધીજીના આશ્રમને અનુરૂપ રહેણીકરણી શીખી લેવી જરૂરી છે. કાંતણ, વણાટ, શાકાહારી ભોજન, જમીન પર પલાંઠી વાળીને સીધા બેસવું, નિદ્રા માટે સુવિધાવાળા બિછાનાનો ત્યાગ, હિંદી ભાષા આવડવી વગેરે માટે સજ્જ થવાનું હતું. મેડલીન આ દિશામાં સક્રિય થયાં. ત્યાં તો ગાંધીજીના ઉપવાસ (૧૯૨૪)ના સમાચાર જાણ્યા. મેડલીન દુઃખી થયાં. ઉપવાસ પૂરા થયાના ખબર મળ્યા પછી જ શાંતિ થઈ. મેડલીને ગાંધીજીને પત્ર લખ્યો કે પોતે સાબરમતી આશ્રમ આવવા ઈચ્છે છે. ગાંધીજીએ ૨૪ જુલાઈ,૧૯૨૫ના રોજ ઉત્તર પાઠવ્યો: 'ખુશીથી આવી શકો. અગાઉથી ખબર આપજો, જેથી અહીંથી તમને લેવા કોઈ આવી શકે. આશ્રમનું જીવન કપરું છે, ઉદ્યમ માગી લે તેવું. તમને નિરૂત્સાહ કરવા નથી લખતો, માત્ર જાણ કરું છું. અહીંની આબોહવાથી પણ ટેવાવું પડશે.'

પોતે સાદગીભરી જીવનશૈલી મહદ્ અંશે આત્મસાત્ કરી લીધી છે, એમ જણાતાં મેડલીને સ્ટીમર મારફત ભારત તરફ પ્રયાણની તૈયારી આદરી. મા અને બહેને લંડન સ્ટેશને વિદાય આપી. પિતાજી પેરિસ મળવાના હતા. ત્યાં રોમા રોલાં અને તેમનાં બહેન પણ વિદાય આપવા આવ્યાં. બધાએ મેડલીનને પ્રેમભરી શુભેચ્છાઓ આપી.

તા. ૬-૧૧-૧૯૨૫ના રોજ મેડલીન સ્લેડ મુંબઈ આવ્યાં. દાદાભાઈ નવરોજી અને દેવદાસ ગાંધીની મુલાકાત થઈ. બીજે દિવસે, ૭મી નવેંબરે, સવારે મેડલીન અમદાવાદ પહોંચ્યાં. સ્ટેશન પર સરદાર પટેલ, મહાદેવ દેસાઈ અને સ્વામી આનંદ આવ્યા હતા. માર્ગમાં સતત મેડલીનનું રટણ ચાલતું હતું: આશ્રમ ક્યારે આવશે? ક્યારે આવશે?...આખરે એ સ્થળ આવ્યું. સાવ સાદી ઈમારત. ન કોઈ ભપકો, ન કોઈ ઠાઠ. ઈંટોવાળી પગથી પછી પરસાળમાં થઈ એક ઓરડી પાસે આવ્યાં. સરદારે મેડલીનને અંદર જવા કહ્યું. ગાંધીજી ઊઠીને મેડલીનને મળવા સામે આવ્યા. યષ્ટિસમ પાતળી કાયા અને સ્મિત વેરતો નિખાલસ ચહેરો જોઈ મેડલીન અભિનિવિષ્ટ થયાં. તેમણે ગાંધીજીને ભાવપૂર્વક વંદન કર્યાં. ગાંધીજીની આંખોમાં વાત્સલ્યનાં નીર ચળકતાં હતાં. તેમણે મેડલીનને ઊભા કર્યાં. બોલ્યા: 'આજથી તું મારી દીકરી–મીરાં દીકરી.' મેડલીનના હોઠ પર સહજ ઉદ્‌ગાર આવ્યો: 'બાપુ!'

આશ્રમી જીવન દરમિયાન મીરાંબહેનના વ્યક્તિત્વનાં ત્રણ પાસાં ઊડીને આંખે વળગે છે. અત્રે તેનું વિવરણ કરવાનો ઉપક્રમ છે.

**(૧) ઉચ્ચ આદર્શો માટે ભૌતિક સુખનો ત્યાગ**

આશ્રમ આવતાં પહેલાં જ મીરાંબહેન સાદાઈભર્યું કઠોર જીવન શરૂ કરે છે. એક અંગ્રેજ અમલદારની પુત્રી તપસ્વી જેવી જીવનરીતિ અપનાવે છે. બાપુની સૂચનાથી તુલસીબહેન મહેર મીરાંબહેનને રૂ પીંજવાનું, પૂણી બનાવવાનું તથા કાંતવાનું શીખવતાં અને સુરેન્દ્રજી હિંદી ભાષા. ચાઈનીઝ બહેન શાંતિ સાથે મીરાંબહેન સંડાસની સફાઈ હોંશથી કરતાં. અભ્યાસ માટેના શિક્ષકો પણ નક્કી થયા. ઘડિયાળને કાંટે મીરાંબહેનનો રોજિંદો કાર્યક્રમ ચાલતો. રસોઈ, કપડાં, નહાવું–ધોવું ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ સતત ચાલતી રહેતી. સમય જતાં બહેન શાંતિને અંગ્રેજી શીખવવા લાગ્યાં. વળી

એક દરદીની કલાકેક સેવા કરતાં. દીનબંધુ એન્ડ્રુઝને કાંતવાનું શીખવતાં.

પોતાના દેશથી લાવેલાં ખાદીનાં કપડાં પૂરાં થઈ જતાં મીરાંબહેને ખાદીભંડારમાંથી સફેદ સાડી મગાવી. જો કે ગાંધીજીએ એવો આગ્રહ રાખ્યો નહોતો કે મીરાંબહેન ભારતીય શૈલીનું જ વસ્ત્રપરિધાન કરે. મીરાંબહેન ક્રમશઃ એકેક ડગલું આગળ ભર્યે જતાં હતાં. બ્રહ્મચર્યનું વ્રત લેવાની અને માથાના વાળ કપાવી નાખવાની ઇચ્છા બાપુ સમક્ષ મૂકી. લાંબો વિચાર માગી લે તેવી વાત હતી. આશ્રમની બહેનોએ મીરાંબહેનને બીજો નિર્ણય પાછો ખેંચવા કહ્યું, પણ મીરાંબહેન ન માન્યાં. બાપુએ તેમના વાળ કાપ્યા. બ્રિટીશ શાસન સામેની રાષ્ટ્રીય લડત દરમિયાન મીરાંબહેન જેલવાસ પણ ભોગવે છે.

**(૨) સંયત સંવેદનશીલતા**

મીરાંબહેનની લાગણીશીલતા અનિયંત્રિત ધસમસતો પાણીનો પ્રવાહ નથી, બલ્કે એના પર સંયમ અને વિવેકબુદ્ધિની લગામ છે. એમણે લાગણીઓનું ઊર્ધ્વીકરણ કર્યું હતું. માર્ચ ૧૯૩૦માં દાંડીકૂચ વખતે ગાંધીજીની ધરપકડ થતાં મીરાંબહેનને અતિશય દુઃખ થયું હતું. પોતે દાંડીકૂચમાં જોડાઈ શક્યા નહોતાં, એનું દુઃખ તો હતું જ, (એમને આશ્રમની પ્રવૃત્તિઓમાં શક્ય તેટલા મદદરૂપ થવાનું કામ સોંપાયું હતું) તેમાં ગાંધીજી ને જેલ થયાના સમાચારે એમને વ્યગ્ર કર્યાં. આ દુઃખો થોડાક હળવા થાય એ હેતુથી મીરાંબહેને જુદાજુદા રાજ્યોમાં ખાદીકામ માટે પ્રવાસ કર્યો.

મીરાંબહેન આશ્રમમાં આવ્યાં તેના બીજાજ વર્ષે પિતાજીના અવસાનના સમાચાર આવ્યા. માને મળવા થોડો વખત સ્વદેશ જઈ આવવાનું બાપુએ કહ્યું, પણ મીરાંબહેનની એવી કોઈ યોજના નહોતી. બહેન-બનેવીને મુંબઈ મળી આવી સંતોષ માને છે. ૬ વર્ષ પછી માનું અવસાન થયું. મીરાંબહેન માને દર અઠવાડિયે પત્ર લખતાં. મા વળતો જવાબ પણ લખે, માંદા હોય તો પણ. એ વાત્સલ્યમૂર્તિ ચાલી ગઈ. મીરાંબહેને બાપુને પત્ર લખી હૈયું ઠાલવ્યું. બાપુ સંત્વનાના પત્રમાં લખે છે, 'તારા શબ્દે શબ્દે તું વ્યથા કેટલી જીરવી શકે છે તે જોઈ શકાય છે.' માના મૃત્યુના એક મહિના પછી ગોળમેજી પરિષદ (ઑગસ્ટ, ૧૯૩૧) મળવાની હતી. ગાંધીજી સાથે મહાદેવભાઈ, દેવદાસ, પ્યારેલાલ અને મીરાંબહેન જોડાયાં. પિતાજીના અવસાન વખતે મીરાંબહેન સ્વદેશ ગયા નહોતાં, પણ આ વખતે કુદરતી યોગ ઊભો થયો છે, તેથી મીરાંને સુકૂન મળશે એવો ભાવ ગાંધીજીના મનમાં ખરો. જોકે મીરાંબહેન આ કારણસર જવા તૈયાર થયા નહોતાં. એમણે સ્પષ્ટ કહેલું, 'પારિવારિક સંબંધોથી હું પર થઈ ગઈ છું.' મે, ૧૯૩૮માં ગાંધીજી વાયવ્ય સરહદ પ્રાંતના પ્રવાસે હતા. ત્યાંથી તેઓ દિલ્હી પહોંચ્યા. મીરાંબહેન સેગાંવમાં હતાં. એવામાં બહેન રહોનાના અવસાનના સમાચાર મળે છે. આ આઘાત વખતે પણ મીરાંબહેન સંયમપૂર્વક મનને બીજી દિશામાં વાળે છે. યુરોપમાં અંધાધૂંધીનું વાતાવરણ હતું. હિટલરે ઝેકોસ્લોવેકિયા પર કબજો જમાવ્યો હતો. મીરાંબહેને વિચાર્યું કે આવી પરિસ્થિતિમાં અહિંસક અસહકારનો માર્ગ સૌથી યોગ્ય ઉકેલ છે. ગાંધીજીને પત્ર લખે છે.

૧૯૪૨માં મીરાંબહેન આગાખાન મહેલના કારાવાસ દરમિયાન મહાદેવભાઈ અને કસ્તૂરબાના મૃત્યુના સાક્ષી બને છે. વિચલિત થાય છે, પણ તરત સમતા ધારણ કરી લે છે.

**(૩) ગાંધીજી સાથે ભાવાત્મક અને વૈચારિક તાદાત્મ્ય**

મીરાંબહેન રોમા રોલાં લિખિત ગાંધીજી પરનું પુસ્તક વાંચે છે, ત્યારથી જ તેઓ ગાંધીજી સાથે ભાવાત્મક સંબંધથી જોડાઈ જાય છે. આશ્રમમાં આવ્યા પછી સમગ્ર દિનચર્યાની ક્ષણેક્ષણે બાપુ જ કેન્દ્રસ્થાને હોય છે. પ્રત્યેક પ્રવૃત્તિનો પ્રેરણાસ્રોત બાપુ જ હતા. બાપુ પ્રત્યક્ષ હાજર ન હોય તો પણ અલૌકિક જ્યોતિ સ્વરૂપે પોતાને દોરતા હોય એમ મીરાંબહેનને લાગતું. બાપુના દર્શન બે વખતની પ્રાર્થનામાં થતાં અને રાત્રે બાપુ ખુલ્લામાં આકાશદર્શન માટે ખાટલામાં આડા પડ્યા હોય ત્યારે તેમની ઝાંખી કરી શકાતી. પ્રવાસમાં ગાંધીજી સાથે મીરાંબહેન હોય ત્યારે ગાંધીજીનું સમય-પત્રક મિનિટ–મિનિટની ગણત્રી સાથે જળવાઈ રહે એની કાળજી મીરાંબહેન રાખતાં. બાપુથી દૂર રહેવાનું આવે ત્યારે મીરાંબહેનને દુઃખ થતું. છતાં શ્રેયસ્કર પ્રવૃત્તિ માટે સામે ચાલીને હસતે મુખે દૂરીને આવકારે છે. બાપુને સમર્પિત મીરાંબહેન એમનો પડ્યો બોલ ઝીલવા હંમેશાં તત્પર રહે છે. બાપુ નારાજ થાય એવું એક ડગલુંય ભરતાં નથી. બીજી બાજુ બાપુના શબ્દોથી મીરાંબહેનને દુઃખ પહોંચ્યું હોય તો બાપુ પસ્તાવો કરે છે અથવા પોતાનો આશય સ્પષ્ટપણે રજૂ કરે છે. બંને વચ્ચે અદ્‌ભુત એકત્વ હતું.

ઉપરાંત વૈચારિક એકત્વ પણ એમની વચ્ચે જોવા મળે છે. મીરાંબહેને બાપુના વિચારો આત્મસાત્ કર્યા હતા. ૧૯૪૨માં અલાહાબાદ કૉંગ્રેસ સમિતીની બેઠક મળવાની હતી. મીરાંબહેન તેમાં હાજર રહેવાની અનુમતી બાપુ પાસે માગે છે, જેથી બાપુના મનની વાત પોતે અન્ય નેતાઓને સ્પષ્ટ રીતે સમજાવી શકે. બીજી બાજુ ગાંધીજીને પણ મીરાંબહેનના અંતરતમની સાચી પિછાણ છે, એની પ્રતીતિ કરાવતો એ પ્રસંગ જોઈએ. યુરોપની ડામાડોળ પરિસ્થિતિ વખતે મીરાંબહેન ઝેકોસ્લોવેકિયાના નેતાને સેગાંવ આવવાનું આમંત્રણ આપે છે. પોતે ઝેકોસ્લોવેકિયા જઈ રૂબરૂ મુલાકાત લેવાનો પણ વિચાર કરે છે. બાપુને પુછાવે છે. બાપુ કહે છે, 'મને ખાતરી હતી કે તારો આત્મા આમ જ કહેશે.' (જો કે મીરાંબહેન જઈ શકતા નથી, કારણ બાપુ એમને બાદશાહખાનની મદદે પેશાવર મોકલતા હતા.)

મીરાંબહેન ગાંધીજીના અવસાનના એક દાયકા બાદ ૧૯૫૯માં ઈંગ્લૅન્ડ ગયાં. થોડો વખત ત્યાં રહી વિયેનામાં શેષ જીવન ગુજાર્યું. તા. ૨૦-૦૭-૧૯૮૨ના રોજ વિયેનામાં તેમનું અવસાન થયું.

✷ ✷ ✷

(આધારઃ 'મીરાંબહેન' લે. જયંત પંડ્યા–આવૃત્તિ ૧૯૯૨.)

એ-૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્ત જીવન સ્વામી બાપા માર્ગ,
વડોદરા–૩૯૦૦૦૫. ફોન : ૦૨૬૫ – ૨૪૮૧૬૮૦.

# પંચ સમવાય કારણવાદ

❑ ડૉ. કવિન શાહ

જૈન દર્શનની અમૂલ્ય ભેટ વિશ્વના માનવીઓને જો કોઈ મળી હોય તો તે સ્યાદ્વાદની છે. ભગવંતની વાણી સ્વાદ્વાદથી અલંકૃત છે. અનેકાન્તવાદનો પર્યાયવાચી શબ્દ સ્યાદ્વાદ છે. સાપેક્ષવાદ પણ કહેવાય છે. ભગવંતની વાણી-વિધાન સાપેક્ષવાદવાળી છે. અનેકાન્તવાદ એકાન્તવાદનો પ્રતિસ્પર્ધી છે. એકાન્તવાદ વસ્તુ કે પદાર્થને એક તરફી વિચારે છે જ્યારે અનેકાન્તવાદ કોઈ વસ્તુ-પદાર્થ કે સત્યને અનેક દૃષ્ટિકોણથી મૂલ્યાંકન કરીને અપેક્ષાએ સ્વીકારે છે. અનેકાન્તવાદ વસ્તુના વિવિધ ધર્મોનું પ્રતિપાદન કરવાની પદ્ધતિ છે. કોઈ એક શબ્દ કે વાક્ય દ્વારા પૂરી વસ્તુનું એક સાથે કથન કરવું અશક્ય હોય ત્યારે કોઈ એક ધર્મ લક્ષણની મુખ્યતા કરીને અન્યની ગૌણતા કરે. કોઈ મુખ્યને પણ ગૌણ કરે એટલે વાક્યની સાથે સ્યાત્ શબ્દ જોડવામાં આવે છે. સ્યાદ્વાદ એટલે અપેક્ષાપૂર્વકની વાણી.

જગતના સર્વ ભાવો અપેક્ષાપૂર્વક છે. દા. ત. જ્ઞાનાત્મા. અહીં આત્માના જ્ઞાન ગુણને મુખ્ય ગણ્યો છે અને અન્ય ગુણો ગૌણપણે છે. પાંચ સમવાય કારણવાદને સમજવા માટે અનેકાન્તવાદની ભૂમિકા ઉપયોગી છે. તેમાં સ્યાદ્વાદનો ધર્મ રહેલો છે.

કોઈપણ કાર્ય કરવામાં પાંચ કારણ રહેલાં છે. ૧. કાળ સમવાય. ૨. સ્વભાવ સમવાય. ૩. નિયતિ સમવાય. ૪. પૂર્વકૃત કર્મ સમવાય. ૫. ઉદ્યમ સમવાય. કોઈ કાર્યની સિદ્ધિ થવા માટે મુખ્ય અને ગૌણપણે આ કારણો નિમિત્ત રૂપ છે. આ વિચારધારાને પાંચ સમવાય કારણવાદ કહેવાય છે. પાંચનો સમવાય કારણવાદ કહેવાય છે. પાંચનો સમવય થાય તો કાર્ય થાય છે. કોઈ એકથી કાર્ય થતું નથી. આ અંગેની વિશેષ માહિતી નીચે પ્રમાણે છે.

૧. કાળ સમવાય કારણ. કાળ વર્તમાન સમયરૂપ છે તે નિશ્ચય નયના લક્ષણવાળો છે. વ્યવહાર નયથી ભૂત-ભવિષ્ય ભેદવાળો છે. સમયાદિ કલાનો સમૂહ તે કાળ છે. 'કલ્' ધાતુ ઉપરથી ગણતરીના અર્થમાં સમજવાનો છે. કાળના ભેદ સમય, આવલિ મૂહુર્ત, દિવસ, પક્ષ, માસ, વર્ષ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી-અવસર્પિણી વાળો કાળ છે.

'સમય' અતિ સૂક્ષ્મ કાળ છે કે કેવળી ભગવંતો પણ તેના ભાગ કરી શકે નહિ. આવા અસંખ્ય સમયોની આવલિકા થાય છે. બે ઘડી (૪૮ મિનિટ) એક મુહૂર્ત કહેવાય છે. કાળ સમવાય મતની માહિતી નીચે પ્રમાણે છે.

કાળે ઉપજે, કાળે વિણસે, અવર ન કારણ કોય રે.

ગર્ભ ધારણ, પુત્ર જન્મ, દૂધમાંથી દહીં થવું, ફળ ફળાદિ સમયે પાકે છે, વર્ષની છ ઋતુ કાળને આધીન છે. દિવસ અને રાત, બાલ્યાવસ્થા અને યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા અને દુર્બળતા, જીવનનો અંત વગેરે કાળ સાથે સંબંધ ધરાવે છે. સમય અતિ સૂક્ષ્મ કાળમાં છે અને કાળચક્રમાં ઉત્સર્પિણી અવસર્પિણી છે. એટલે કાળનું મહત્ત્વ રહેલું છે.

૨. સ્વભાવ સમવાય મત. કોઈ વસ્તુ કે પદાર્થની મૂળભૂત પ્રકૃતિ એ સ્વભાવનું લક્ષણ છે.

જેમ સાકરમાં ગળપણ એ સ્વભાવ છે તેમ આત્માની શુદ્ધતા એ સ્વભાવ છે. યુવાન સ્ત્રી પતિનો યોગ પ્રાપ્ત થવા છતાં સંતાનપ્રાપ્ત કરી શકતી નથી. એટલે વંધ્યત્વ એ તેનો મૂળભૂત સ્વભાવ છે. સ્ત્રીને મૂછ ઊગતી નથી. મોરનાં પીંછાં કોણે ચીતર્યાં છે? એ તો સ્વાભાવિક રીતે જ હોય છે. હરણનાં નયન, ગુલાબ કાંટામાં ખીલે છે, બાવળ વૃક્ષના અણીયાળા કાંટા, સર્પમાં મણિ અને વિષ, હરડેના સેવનથી વિરેચન થાય. દેશ-વિદેશમાં કાષ્ટ (લાકડું) ઉદ્ભવે છે. ભૂમિમાંથી પાષાણ થાય છે. સૂર્ય ઉષ્ણ-ગરમ છે જ્યારે ચંદ્ર શીતલ છે. ષડ્દ્રવ્ય પણ સ્વભાવ ગત છે. સ્વભાવ મતવાદીના આ વિચારો પોતાના સમર્થનમાં જણાવે છે.

૩. નિયતિ મતના વિચારો જોઈએ તો ભવિતવ્યતાને પ્રધાન ગણવામાં આવે છે. જે કાર્ય અથવા પદાર્થ જે નિમિત્ત દ્વારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવથી થાય છે તેને નિયતિવાદ કહેવામાં આવે છે. નિયત કર્મોદયના નિમિત્તની અપેક્ષાએ તેને 'દૈવ' કે પ્રારબ્ધ (નસીબ) પણ કહેવાય છે. નિયત કાળની અપેક્ષાએ તેને ભવિતવ્યતા કહે છે. સમુદ્ર પાર કરી જાય, જંગલમાં એકલો ફરે પણ ભાગ્ય સારું હોય તો કંઈ થતું નથી. નિયતિથી અનિચ્છાએ કે વણમાંગી સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ભાગ્યનો આ ચમત્કાર છે. ભવિતવ્યતા વિશે તો સમાજમાં કહેવત પ્રચલિત છે કે ભાગ્યશાળીને ભૂત રળે.

૪. પૂર્વકૃત કર્મ મતના વિચારોમાં પૂર્વ ભવમાં કરેલાં શુભાશુભ કર્મ ઉદયમાં આવે છે અને સુખદુઃખ પ્રાપ્ત થાય છે. એટલે કર્મવાદનો સિદ્ધાંત કાર્યરત છે.

કર્મે રામ વસ્યા વનવાસે સીતા પામે ચાલ,<br>
કર્મે લંકાપતિ રાવણનું, રાજ થયું વિસરાલ.<br>
કર્મે કીડી, કર્મે કુંજર, કર્મે નર ગુણવંત,<br>
કર્મે રોગ સોગ દુઃખ પીડિત જનમ જાય વિલપંત.<br>
કર્મે વરસ લગે રિસહેસર ઉદક ન પામે અન્ન.<br>
કર્મે વીરને જુઓ યોગમાં રે, ખીલા રોપ્યા કન્ન.

કર્મ સત્તાના પ્રભાવના સમાજમાં જાણીતા ઉપરોક્ત દૃષ્ટાંત પૂર્વ કર્મનો પ્રભાવ દર્શાવે છે. કર્મની ગતિ ન્યારી છે. એક રાય અને બીજો રંક. એક દુર્બળ અને બીજો શક્તિશાળી. એક વિદ્વાન, બીજો

મૂઢ-અજ્ઞાની આ બધી સ્થિતિ કર્માધીન સમજવી જોઈએ.

૫. ઉદ્યમ સમવાય કારણ મતમાં ઉદ્યમ–પુરૂષાર્થના વિચારો મહત્ત્વના ગણાય છે.

'સકલ પદાર્થ સાધવા એ ઉદ્યમ સમર્થ તો.'
રામે રયણાપર તરીયો, લીધું લંકા રાજ તો.
ઉદ્યમથી ઊંચી ચઢે જો જુઓ એકેન્દ્રિય વેલ તો.
ઉદ્યમ કરતાં એક સમે જો, જેહ નવિ ચીજે કાજ જો
તે ફિરિ ઉદ્યમથી હુવે રે. જો નવિ આવે વાજ જો.

ચાર હત્યા કરનાર દૃઢ પ્રહારી ઉદ્યમથી છ માસમાં સિદ્ધિપદને પામ્યા. ઉદ્યમ વિશે જન સમાજમાં જાણીતી કહેવત છે કે ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય. ઉદ્યમથી વિદ્યા અને ધન સંપત્તિ પણ મળે છે. ઉદ્યમના મહિમાની ઉપરોક્ત માહિતી જીવનમાં તેની મહત્તા દર્શાવે છે.

આ રીતે કાર્ય સિદ્ધિમાં પાંચ સમવાય કારણ મુખ્ય અને ગૌણપણે રહે છે એવી જિનવાણી છે. સાચો સમકિતધારી આત્મા કોઈ એક મતને માને નહિ પણ પાંચ કારણને માને છે.

વિનયવિજય ઉપાધ્યાયજીએ પાંચ સમવાય કારણના સ્તવનની રચના કરી છે તેમાંથી ઉપરોક્ત માહિતી પ્રાપ્ત થઈ છે. કવિએ સ્તવનની સમાપ્તિમાં નીચે પ્રમાણે વિચારો દર્શાવ્યા છે.

એ પાંચે સમુદાય મિલ્યા વિણ. કોઈ કાજ ન સીઝે,
અંગુલિ ભોગે કર તણી પરે, જે બૂઝે તે રીઝે રે પ્રાણી સ. ૨
આગ્રહ આણી કોઈ એકને એહમાં દીજે વડાઈ
પણ સેના મિલિ સકલ રણાંગણ જીતે સુભટ લડાઈ રે સ. ૩
તંતુ સ્વભાવે પટ ઉપજાવે કાલ ક્રમે રે વણાએ
ભવિતવ્યતા હોય તો નિપજે નહીં તો વિઘન ઘણાંએ રે. સ. ૪
તંતુવાય ઉદ્યમ ભોક્તાદિક ભાગ્ય સકલ સહકારી
ઈમ પાંચે મલિ સકલ પદારથ ઉત્પતિ જુઓ વિચારીએ સ. ૫
નિયતિ વશે હલુકરમો થઈને નિગોદ થકી નિકલીયો
પુણ્યે મનુજ ભવાદિક પામી સદ્ગુરુને જઈ મલિયો રે. સ. ૬
ભવ તિથિનો પરિપાક થયો તવ પંડિત વીર્ય ઉલ્લસિઓ
ભવ્ય સ્વભાવે શિવગતિ પામી શિવપુર જઈને વસીઓ રે સ. ૭
વર્ધમાન જિન ઈણિપરે વિનયે શાસન નાયક ગાયો
સંઘ સકલ સુખ હોયે જેહથી સ્યાદ્વાદ રસ પાયો રે, પ્રાણી સ. ૮

પંચ સમવાય કારણવાદ જિન વાણીને સમજવા માટે આધારભૂત સાધન છે. સત્ય અને તત્ત્વને આત્મસાત્ કરવા માટે સ્યાદ્વાદ સમાન આ વિચારો પણ મહત્ત્વના ગણાય છે. ✷✷✷

૧૦૩ સી બિલ્ડીંગ, જીવનજ્યોત એપાર્ટમેન્ટ, વખારીયા બંદર રોડ, બીલીમોરા–૩૯૬ ૩૨૧. ફોન : ૦૨૬૩૪ – ૨૮૮૭૯૨.

---

# જયભિખ્ખુ જીવનધારા : ૮

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*[નવલકથા, નવલિકા, ચરિત્ર અને બાળસાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ સર્જક જયભિખ્ખુના જન્મશતાબ્દીના વર્ષમાં એમના જીવનચરિત્રનું અહીં આલેખન કરીએ છીએ. વ્યક્તિના ચિત્ત પર એના બાળપણની ઘટનાઓનો ઊંડો અને સ્થાયી પ્રભાવ પડતો હોય છે, જે ભિન્ન ભિન્ન રૂપે જીવનમાં અને સર્જનમાં વ્યક્ત થતો હોય છે. સર્જક 'જયભિખ્ખુ'ની બાલ્યાવસ્થા વિશેનું આઠમું પ્રકરણ.]*

## સૌથી વધુ આનંદભર્યો દિવસ

ઉત્તર ગુજરાતના વરસોડા ગામથી બે ગાઉ દૂર ભેખડ પર આવેલા અંબોડ ગામના પાદરે ખુલ્લા મેદાનમાં નિશાળિયા ગિરજા અને ભીખા (જયભિખ્ખુનું હુલામણું નામ)એ મુગ્ધ અને રોમાંચક નજરે રામલીલાના ખેલમાં નીતિ અને ધર્મપાલક રાજા રામ દ્વારા સીતાનું હરણ કરનારનો વધ થતો જોયો. ઘર અને નિશાળની બંધિયાર દુનિયામાંથી પહેલી વાર બહારના જગતમં પગ માંડતા ભીખાએ રામલીલાના ખેલનો આનંદ તો માણ્યો, પણ એથીય વિશેષ ગિરજા બ્રાહ્મણની દોસ્તી એને ખૂબ ગમી ગઈ. રામલીલામાં જુદા જુદા વર્ણના લોકોને આનંદભેર બેઠેલા અને ટોળટપ્પા કરતા જોવાની એને ભારે મજા પડી. ઘરની બહારની દુનિયા સાથે ભીખાનો સંબંધસેતુ રચાયો. આજ સુધી સગાં-સ્નેહીઓની, ઘર અને નિશાળની દીવાલોની સુરક્ષિત કિલ્લેબંધીમાં જીવન ગાળનારા આ છોકરાને પહેલી વાર ખ્યાલ આવ્યો કે આ જગત તો અતિ અતિ વિશાળ છે અને એમાં કેટલાય માનવીઓ વસે છે. ગિરજા સાથેની દોસ્તીથી એનું હૃદય પહેલી વાર સામી વ્યક્તિને ઓળખવાનો પ્રયાસ કરવા લાગ્યું. કોઈ અપરિચિત સાથે આનંદમાં સહભાગી થવા લાગ્યો. આકાશ નીચે ભજવાયેલી રામલીલાએ ભીખાના મનના ખાલી આકાશમાં આનંદ, ઉત્સાહ અને મોજના અનેક રંગ ભરી દીધા. રામલીલા પૂરીથઈ એટલે ગિરજાએ કહ્યું,

'આ અંબોડ ગામમાં મારાં ફઈબા રહે છે. ચાલ, થોડી વાર ત્યાં જ જઈને સૂઈ રહીએ, પછી વહેલી પરોઢે ચાલી નીકળીશું.'

વરસોડાના વાંઘાં વટાવીને રામલીલા જોવા આવેલા ભીખાને ખૂબ થાક લાગ્યો હતો. રાત ઘણી વીતી ગઈ હતી, આથી ફરી ચાલીને વરસોડા પાછા જવાનું મુશ્કેલ લાગતું હતું. એમાં ગિરજાની દરખાસ્ત 'જોઈતું હતું ને વૈદે આપ્યું' જેવી લાગી. બંને એનાં ફઈબા ઘર તરફ ચાલ્યાં. વરસોડા ગામ ભેખડ પર વસ્યું હતું, તો એનાથી ય ઊંચી ભેખડ પર આ અંબોડ ગામ આવ્યું હતું. એવી એક ભેખડના છેડે આવેલા બ્રાહ્મણવાડામાં ગિરજો અને ભીખો પહોંચી ગયા.

ઘરના ફળિયામાં ગિરજાનાં ફઈબા સૂતાં હતાં. એ જાગ્યાં અને એમણે આ બે છોકરાઓને એક ખાટલો અને એક ગોદડું કાઢી આપ્યાં.

ગિરજા સાથે ભીખાની દોસ્તીનો રંગ ધીરે ધીરે જામતો હતો. ભીખાને એનો સહવાસ ગમવા લાગ્યો હતો. એનું કારણ એ કે ભાખાનું આખું જીવન ડર, માન્યતાઓ, ભય અને નિર્બળ વિચારોથી વીંટળાયેલું હતું, જ્યારે ગિરજો નિર્ભય હતો. ભીખાને જીવનમાં ડગલે ને પગલે ભય અને દુઃખ દેખાતાં હતાં. ભીખાના અંતસ્તલમાં ભય આસન જમાવીને બેઠો હતો. જ્યારે ગિરજો ભયને જાણતો નહોતો અને ડર તો એનાથી કેટલાય ગાઉ દૂર રહેતો હતો. ભયભીત માનવીને નિર્ભયનો સાથ સદાય ગમે. આથ ભીખાને ગિરજાની દોસ્તી ગમી ગઈ. એની સાથે મુક્તપણે ફરવા મળતું, કોતરોમાં જતાં સહેજે થડકારો થતો નહીં. વળી દરેક બાબતમાં ગિરજો પાવરધો હતો એટલે આવનારી પ્રત્યેક મુશ્કેલીનું સમાધાન એની પાસેથી મળી રહેતું.

રામલીલા જોવા ગયેલા ભીખાને ઘેર સિફતથી સંદેશો આપતાં ગિરજાને આવડતું હતું અને એ જ ગિરજાને અંબોડ ગામમાં રાતવાસો કરવાની વ્યવસ્થા કરતાં પણ ફાવતું હતું. ગિરજો અને ભીખો એક ખાટલામાં ફળિયામાં લંબાવીને સૂતા. રાતના અંધકારમાં ઉપર તારાઓ ટમટમતા હતા, ત્યારે આ દોસ્તો, તારાઓ સામે જોતાં જોતાં ગોઠડી કરતા હતા. ગિરજાએ કોઈ રહસ્ય પ્રગટ કરતો હોય તેમ કહ્યું, 'આ રામલીલામાં મારાં સગાંઓ પણ કામ કરે છે. એ જાતજાતના ખેલ ભજવે છે, ગામેગામ ફરે છે અને સારા એવા દામ મેળવે છે.'

ગિરજાને ભણવાનું ભારે પડતું, તેથી એનો વિચાર રામલીલામાં જોડાવાનો હતો. પછી ભણવાની ઝંઝટ ન રહે. એણે ભીખાને કહ્યું, 'ભીખા, આપણે પણ મોટા થઈને આ રામલીલા કરશું. કેવી લીલાલહેર! ન ભણવાની ઝંઝટ, ન નિશાળની ચિંતા! અને જો, એ રામલીલામાં તું લક્ષ્મણ થજે અને હું રામ થઈશ.'

ભીખો અને ગિરજો ભાવિની આવી સુંદર કલ્પનામાં રાચી રહ્યા. રામલીલામાં રહીને શું કરશું એની જ એક આખી રામલીલા ભજવી નાખી! ભૂંગળ સાંભળવાની અને રંગલા સાથે રહેવાની કેવી મજા આવશે એની કલ્પનામાં તેઓ ઉડવા લાગ્યા. એથીય વધુ તો ભીખાને રામલીલામાં જે બોલી વપરાતી તેમાં રસ પડ્યો. રામલીલામાં હોંકારા, પડકારા અને ઉશ્કેરાટ સાથે જે બોલી બોલવામાં આવતી, એમાં પણ ભીખાને નાટકની ખૂબીઓનાં દર્શન થયાં. ગામમાં બે પક્ષ હોય તો એ બંને આ બોલી વખતે સામસામી બાંયો ચડાવે. ગામના મુખીને મોટો માન-મરતબો મળે તો વળી રામવિવાહના પ્રસંગે થતા નૃત્ય વખતે ગાનારી પર ખુશ થઈને ક્યારેક કોઈ મનમાની રકમની ન્યોછાવરી કરે. આમાં ખોરડું કે ઢાર વેચવાના દિવસો પણ આવે! તોય રામલીલા વખતે તો મૂછનો વળ જાળવવા માટે પાછું વળીને કોઈ જોતા નહીં. ભીખાએ દેરાસરમાં બોલી બોલાતી જોઈ હતી, પણ તે એને સાવ ફિક્કી લાગી. આના જેવું જોશ, ઉશ્કેરાટ કે ગરમાવો એમાં દેખાતાં નહીં.

અંબોડ ગામની ભેખડની તળેટીના છેડે આવેલા ઘરની બહારના ફળિયામાં બંને મિત્રો સૂતા હતા. થોડે દૂર એક પીપળાનું ઝાડ હતું. ચંદ્રની આછી આછી ઊગી રહેલી રેખા એની ડાળમાં દેખાતી હતી. બે મિત્રો એમના ભાવિ જીવનની સ્વપ્નસૃષ્ટિમાં તરબોળ બની ગયા હતા. એવે વખતે પીપળા પર બેઠેલું ઘુવડનું બચ્ચું બૂમો પાડવા લાગ્યું. આનંદ-સરોવરમાં સફર કરી રહેલું ભીખાનું મન અચાનક ભયથી ભરાઈ ગયું. ઘુવડના અવાજથી એનું હૃદય થર થર ધ્રૂજવા લાગ્યું. એનાં અંગો કાંપવા લાગ્યાં અને ડરના બોજથી લદાયેલી અર્ધખુલ્લી દૃષ્ટિથી તે પીપળાના વૃક્ષ પરના ઘુવડને જોવા લાગ્યો.

ઘુવડના અવાજને કારણે એકાએક ભીખાની નજર સમક્ષ એના બાળપણનો સૌથી દુઃખદ પ્રસંગ તરવરી ઊઠ્યો. સૌથી અધિક સ્નેહ આપનાર ફઈબાનું અવસાન થયા પછી એના ઘરમાં રોજ રાત્રે ઘુવડ ઘૂક્યા કરતો હતો અને એના અવાજથી ભીખાનું રૂંવેરૂંવું થથરી ઊઠતું હતું. એના ગોઠિયાઓએ પણ આ ભયમાં વધારો કરીને એને કહ્યું હતું, 'રાત્રે ઘરના મોભારે બેસીને તને નામ દઈને બોલાવશે ત્યારે જો તું હોંકારો દેશે તો તારું આવી બનશે. જો એને ઈંટનો કકડો કે માટીનું ઢેફું મારશે તો એ ઢેફું લઈને કુવામાં નાખશે અને ઢેફું જેમ ગળતું જશે એમ તું પણ ગળતો જશે.' એ ઘુવડનો અવાજ આ અંધારી રાત્રે ફરી સંભળાયો અને પુનઃ બાળપણનાં એ વસમાં સ્મરણો સાથે ભયનું લખલખું પસાર છઈ ગયું.

ખાટલામાં સૂતેલા ભીખાને એટલી હૈયાધારણ હતી કે આ વખતે રાત્રે ઘુવડ બોલ્યું ત્યારે તે એકલો ખાટલામાં નહોતો; આજે એની જોડાજોડ ભડના દીકરા જેવો ગિરજો સૂતો હતો. ભીખાએ પોતાનો ભય વ્યક્ત કરતાં કહ્યું, 'ગિરજા, જો ને! આ ઘુવડ કેવું ભયંકર બોલે છે?! આ તે કેવું ભયંકર પંખી છે — અપશુકનિયાળ અને બિહામણું! એનાથી તો હું ત્રાહ્ય-તોબા પોકારી ગયો છું.'

ગિરજાએ કહ્યું, 'ઘુવડનું બચ્ચું બોલે એમાં ભયંકર શું? એનાથી આટલો બધો મૂંઝાય છે શાનો? એ તો બોલે.'

'શું બોલે? ગિરજા, ખરું કહું, મને ઘુવડ અને ચીબરીની ભારે બીક લાગે છે. રાતે એનો અવાજ સાંભળું ત્યારે મને એવો ડર લાગે છે કે ગમે તેટલી તરસ લાગી હોય તોય પાણી પીવા પણ ઊઠું નહીં. આંખો મીંચી દઉં, લાકડાની જેમ પડ્યો રહું અને જીવ બચાવવા માટે ભગવાનનું નામ લેતો રહું.'

'તું વાણિયો ખરો ને?!' ભીખાએ ગિરજાને કહ્યું, 'ઘુવડનું બચ્ચું આપણે માટે બોલતું નથી. એ તો બોલે છે એની માને કંઈક જણાવવા. જીવ માત્રને ભગવાને જીભ આપી છે તો તે શું કામ ન બોલે?'

'ના, ઘુવડ બોલે એ ઘણું અશુભ કહેવાય. વળી આ અપ-શુકનિયાળને કશું કરાય પણ નહીં.'

'ખેર, તને બીક લાગતી હોય તો લે ત્યારે, એને ઉડાડી મૂકું,' એમ કહીને ગિરજો ખાટલામાંથી ઊઠ્યો. પાસે પડેલું માટીનું ઢેફું ઉપાડ્યું અને પીપળાના ઝાડ પર બેઠેલા ઘુવડ તરફ ઘા કરવા હાથ

ઊંચો કર્યો તો ભીખાએ એનો હાથ પકડી લીધો.

'હાં હાં, ગિરજા, મોતના મોંમાં હાથ નાખ નહીં. તને ખરી વાતની ખબર નથી. જો તું માટીના ઢફાનો ઘા કરશે તો ઘુવડ એ ઢેફું લઈ જઈને કુવામાં નાખશે. ઢેફું ગળતું જશે એમ તુંય ગળતો જશે.'

ગિરજો હસી પડ્યો : 'હું ગળતો જઈશ?! અરે જા, જા.'

'હા, સાચું કહું છું, તને. એને હોંકારોય અપાય નહીં અને ઢેફુંયે મરાય નહીં.'

ભીખાની વાત સાંભળીને ગિરજો હસ્યો : 'વાહ રે વાહ! આ તમારા દયાધર્મીઓની વાતો તો ખરી. આવું કશુંય નથી. કોઈ તમારા ધરમી વડવાએ આવા વહેમ ફેલાવ્યા હશે. એને કારણે મીઠી નિદ્રાનો કર્કશ અવાજથી ભંગ કરનારા, ગોળમટોળ મોં અને મોટી આંખોવાળા, જેને જોયા પછી ખાવું ન ભાવે એવો વિચિત્ર દેખાવ ધરાવતા આ બદસૂરત પ્રાણીને લોકો જીવતું રહેવા દે છે; નહીંતર જેમ માણસ માંકડને પકડીને પકડીને ઠકાણે પાડે છે, એમ આને પણ પકડીને પકડીને દેશવટો આપ્યો હોત. જો આ કરું ઘા.' એમ કહીને ગિરજાએ તાકીને માટીના ઢેફાનો ઘા કર્યો. પીપળાની ડાળ જોરથી હાલી ઊઠી અને ઘુવડનું બચ્ચું નીચે પડ્યું.

ગિરજાને ખૂબ ગમ્મત લાગી. એ તો દોડ્યો અને જોતજોતામાં ઘુવડના બચ્ચાને પકડીને લઈ આવ્યો. ભીખાએ વિચાર્યું કે જે ઘુવડે એની કેટલીય રાતોને બિહામણી બનાવી છે એ ઘુવડને ગાઢ અંધકારમાં ગિરજો હાથમાં પકડીને લઈ આવ્યો! આ ગિરજો તો રાક્ષસ રાવણથીય ચાર તસુ ચડી જાય એવી તાકાતવાળો છે! સાહસી સિંદબાદ 'અરેબિયન નાઇટ્સ'માં ઘડામાં રાક્ષસને લઈ આવતો હોય છે – ભીખાને યાદ આવી ગઈ. મધરાતે એને ઘુવડનું બચ્ચું પકડીને ઊભેલો ગિરજો કોઈ મહાપરાક્રમી લાગ્યો. ગિરજાના પગ જાણે થાંભલા અને એનું માથું જાણે આભના મોભાને અડતું દેખાયું. એના લાંબા હાથમાં પીળી આંખોવાળું ઘુવડનું બચ્ચું ફડફડતું હતું.

ગિરજો ભીખાની પાસે આવ્યો અને પકડેલું ઘુવડનું બચ્ચું એને આપવા માંડ્યું. પહેલાં તો ભીખો ભયથી બે ડગલાં પછો હઠી ગયો. એને થયું ગિરજો આ શું કરે છે? મોતના સંદેશવાહકને મુઠ્ઠીમાં મૂકવા કોશિશ કરે છે! ભીખો અર્ધમીંચેલી આંખે ઘુવડ તરફ જોઈ રહ્યો..

ઓહ! એનો ગોળાકાર ચહેરો માણસના જેવો લાગે છે, પણ પીળી પીળી તગતગતી આંખો કેવી ડરામણી છે! એના લાંબા પગ અને ચીપિયા જેવી પૂંછડી ભીખાએ જોઈ. બે આંખો વચ્ચે કેવી નાની ચાંચ છે, જે એના ચહેરાને વધુ બિહામણો અને ચિત્ર-વિચિત્ર બનાવે છે! કેટલીય રાતો સુધી એનો ભય સેવ્યો હતો, એને ભીખો પોતાની નજર સામે જોઈ રહ્યો હતો. ગિરજાએ કહ્યું, 'લે, આ તારો દોસ્ત છે; ડરતો નહીં.'

ભયના માહોલમાં બાળપણના દિવસો ગાળનાર ભીખાને ઘુવડને પકડતાં જરૂર ભય લાગતો હતો, પરંતુ સામે એને માટે આબરૂનો ગંભીર સવાલ પણ ઊભો હતો. ગિરજો અને ભીખો બન્ને સમોવડિયા હતા અને પોતાના સમોવડિયા સામે હલકા કે ઊતરતા દેખાવું એ તો આબરૂના કાંકરા કરવા જેવું ગણાય. આથી ભીખાએ એની તમામ હિંમત એકઠી કરી, સઘળું શરીરબળ હાથમાં સંચિત કર્યું. મનમાં દેવ-દેવીઓનું સ્મરણ કરવા લાગ્યો.એમને તાકીદે મદદે આવવા માટે આવાહન આપ્યું અને હિંમતનો દેખાવ કરીને ભીખાએ હિંમતભેર હાથ લાંબા કર્યા. ભીખાને લાગ્યું કે ટચલી આંગળીએ સુદર્શનચક્ર રાખનાર મહારથી કૃષ્ણાને પણ આટલું જોર અજમાવવું પડ્યું નહીં હોય! ભીખાએ ઘુવડનું બચ્ચું હાથમાં લીધું. એક પળ તો એને પૃથ્વી સરકતી લાગી, આસપાસની દુનિયા ફરતી લાગી, નસેનસ ખેંચાવા લાગી અને એની આંખો તો સ્થિર જ ન થાય.

ગિરજાએ કહ્યું, 'જો દોસ્ત, મનસા ભૂત ને શંકા ડાકણ. જેનું મન હાર્યું એ જગત હાર્યો. જો મન મજબૂત હોય તો ખુદ જમરાજા પણ એક વાર પાછા ફરી જાય.

ગિરજાના શબ્દોની હિંમત ભીખાને ગમી ગઈ. મૃત્યુ પામતા માનવીના મુખમાં મુકાતા અમૃતબિંદુ જેવાં એનાં એ વચનો લાગ્યાં. ગિરજાએ પોતાના ભીરુ સાથીને ભયહીન બનાવતાં કહ્યું,

'આપણે તો જીવ-જન. આપણને એ બિચારાં જાનવર શું કરી શકે? જો ભીખા, હું તો મસાણમાંયે ગયો છું. ઘોરોમાંય ફર્યો છું, વનવગડા પણ ખૂંદ્યા છે. ન તો ક્યાંય ભૂત મળ્યું છે કે ન ડાકણ. માણસનું મન મજબૂત હોય તો કદી કોઈ એને હેરાન કરી શકે નહીં.'

ગિરજાનાં વચનો સાંભળીને ભીખાના શરીરમાંથી ભયની છેલ્લી ધ્રૂજારી પણ ઓસરી ગઈ. એ સ્વસ્થ બનીને ઘુવડના બચ્ચાનું બારીકાઈથી નિરીક્ષણ કરવા લાગ્યો. વર્ષોથી મન પર લદાયેલો ભયનો ભાર દૂર થઈ ગયો. દીર્ઘકાળનો રોગી જેમ રોગમુક્ત થાય. એવી ભીખાની દશા હતી.

ગિરજાએ કહ્યું, 'હવે છોડી દે એ બિચારાને! એની મા ક્યાંક એને શોધતી હશે.'

ભીખાએ હાથ ઢીલો કર્યો. દૂર દૂરથી ઘુવડનો એકધારો અવાજ આવી રહ્યો હતો. ઘુવડનું બચ્ચું એના હાથમાંથી છૂટીને એ દિશામાં ઊડી ગયું. બન્ને મિત્રો ફરી પાછા સૂતા, પરંતુ આંખમાંથી ઊંઘ ઊડી ગઈ હતી. ગિરજાએ પોતાના સાથી સાથે સુંડલા ભરી ભરીને વાતો કરી. એ ઘુવડની હતી, ચીબરીની હતી, નિશાળની અને માસ્તરની હતી. છેવટે કૃષ્ણ, શિવાજી અને મહારાણા પ્રતાપની જીવનકથા પણ કહી. ભીખાના જીવનનો આ સૌથી વધુ આનંદનો દિવસ હતો. એક રામે રાવણને મારીને જેટલો આનંદ નહીં મેળવ્યો હોય તેટલો ભીખાના આત્મા-રામે બીકરૂપી રાવણને હણીને મેળવ્યો. દિવસે વાઘ અને રાત પડે રાંક બની જનારો ભીખો હવે ભયમુક્ત થયો. ગિરજાએ બીકથી થરથર ધ્રૂજતા ભીખાના કાળજાને મજબૂત પથ્થરનું બનાવ્યું. **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન : ૯

**❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ**

**નવમ અધ્યાય : દાન યોગ**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં નવમોઅધ્યાય 'દાન યોગ' છે. તેના ૨૧ શ્લોક છે.

ભારતીય સંસ્કૃતિમાં દાનનું આગવું મહત્ત્વ છે.

જૈન ધર્મમાં દાનનું વિશિષ્ટ મહત્ત્વ છે.

વિશ્વના પ્રત્યેક ધર્મમાં દાનનો, કોઈ ને કોઈ સ્વરૂપે, મહિમા પ્રવર્તે છે. ભારતીય ધર્મક્ષેત્રમાં દાનનો મહિમા એટલા માટે વિશેષ છે કે, જીવનના પ્રત્યેક તબક્કે અહીં ધર્મગુરુઓ, વડીલો અને સ્વજનો દ્વારા દાનના સંસ્કાર પ્રાપ્ત થાય છે. કોઈને આપવું, મદદરૂપ થવું, કોઈનું રક્ષણ કરવું વગેરે ભાવના જીવનમાં સદાય વિકસાવવી જોઈએ તે સંસ્કાર શિક્ષા નિરંતર અપાતી રહે છે ને તેના કારણે દાન ભાવના જીવંત રહે છે.

દાન કરવાની ઈચ્છા એ એક ઉત્તમ સદ્‌ગુણ છે. દાન, શીયળ, તપ અને ભાવ એ ચાર ભાવના માટે જૈન ધર્મમાં કહ્યું છે કે–

दानेन प्राप्यते लक्ष्मी, शीलेन सुख संपदा।
तवसा क्षियते कर्मः, भावना भवनाशीनी।।

**'દાન કરવાથી લક્ષ્મી મળે છે, શીયળવ્રતના પાલનથી સુખ સાંપડે છે, તપથી કર્મની નિર્જરા થાય છે, ભાવના ભાવવાથી ભવનો નાશ થાય છે–મોક્ષ મળે છે.'**

ધન ભેગું કરવું પણ સહેલું નથી. એ માટે પુણ્ય જોઈએ. પરંતુ ધન મળી ગયા પછી તેનો ત્યાગ કરવોય સહેલો નથી, એ માટે વિશેષ પુણ્ય જોઈએ. ભગવાન મહાવીર ઉત્તરાધ્યયન સૂત્રમાં મૂર્છાનો ત્યાગ કરવાનું કહે છે. પરિગ્રહથી ઘણાં કર્મ બંધાય છે તેમ જૈનાગમો ભારપૂર્વક કહે છે. નિકાચીત પાપ બંધન, પરિગ્રહ અને તેના પરની મૂર્છાના લીધે થાય છે. શું ધનમાં સુખ છે? જ્ઞાનીઓ અને અનુભવીઓ ના કહે છે. શું ત્યાગમાં સુખ છે? ત્યાગીજનો હા કહે છે. જૈનમુનિઓ સર્વપ્રથમ પ્રવચન કરે ત્યારે દાનનો મહિમા વર્ણવે છે.

લોભીની વાત જયારે પણ નીકળે ત્યારે જૈન કથાકારો મમ્મણ શેઠને યાદ કરે છે. શ્રી વીર વિજયજી મહારાજે 'અંતરાયકર્મનિવારણ પૂજા'માં કહ્યું છે,

**મુનિવરને મોદક પડિલાભી, પછી કરી ઘણી નિંદના રે,**
**શ્રેણિક દેખે પાઉસ નિશિએ, મમ્મણ શેઠ વિડંબના રે!**

**'મુનિવરને મોદક પડિલાભીને પછી પોતે મોદક ખાધા. મીઠા લાગ્યાં એટલે મુનિ પાસેથી પાછા લેવાની ભાવના કરી. પાછા ન મળ્યા એટલે અફસોસ કર્યો : મુનિને વહોરાવીને અઢળક પુણ્ય બાંધ્યું પણ માનના કૃત્યથી એવા પાપ ખડા કર્યા કે આ ભવમાં મળેલું ધન ન ભોગવ્યું ને ન ભોગવવા દીધું!'**

કૃપણતા એક ભયંકર વ્યાધિ છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે, लोहो सव्व खिणासणो – લોભથી સર્વનાશ થાય છે. લોભ, પરિગ્રહની વૃત્તિ જન્માંતરોથી ચાલ્યા જ આવે છે પણ તેમાંથી મુક્ત થવું જ પડે. દાન, ત્યાગનો પંથ જ ઉપકારક છે. દાનથી આંતરિક સ્ફૂર્તિ વધે છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં 'દાનયોગ'નો પ્રારંભ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી આમ કરે છેઃ

सर्व योगेषु दानस्य श्रेष्ठत्वं भुवनत्रये।
सद्दाने त्यागसंवासो नश्यन्ति कलेशराशयः।।

(દાનયોગ, શ્લોક ૧)

**'સર્વયોગોમાં અને ત્રણેય ભુવનમાં દાન શ્રેષ્ઠ છે. સારું દાન (સુપાત્ર દાન) કરવામાં ત્યાગ રહેલો છે. અને તે કરવાથી કલેશ સમૂહ દૂર થાય છે.'**

શ્રી મહાવીરસ્વામીને શ્રી ગૌતમ ગણધર વગેરેએ પૂછ્યું અને પ્રભુએ 'દાનયોગ' વિશે જણાવ્યું તેમ પ્રારંભ ગણવાનો છે અને પછી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી દાન વિશે વિસ્તારથી કહે છે.

'દાનયોગ'માં સતત દાન કરવાની પ્રેરણા કરવામાં આવી છે. દુનિયાનો દસ્તૂર એવો છે કે સૌને લેવું જ ગમે છે. આપવું, છોડવું કોઈને ગમતું નથી. બેંકનું નામ દેના બેંક હોઈ શકે. પણ જગત આખું 'લેના બેંક' થઈને બેઠું છે! આનું કારણ શું છે? ભગવાન મહાવીર તેનો ઉત્તર આપે છે કે પ્રત્યેક જીવની સાથે આહાર, ભય, મૈથુન, પરિગ્રહની સંજ્ઞા અનાદિકાળથી જોડાયેલી છે. પરિગ્રહના તીવ્ર બંધના કારણે જીવ સંસારમાં અનંતકાળ પર્યંત પરિભ્રમણ કરે છે. સ્વયં તીર્થંકર પરમાત્મા પણ દીક્ષા ગ્રહણ કરતાં પૂર્વે, એક વર્ષ પર્યંત વર્ષીદાન આપે છે. એ ઘટના સૂચવે છે કે આપણે પ્રભુભક્ત છીએ અને આપણે પણ તે જ રીતે દાન આપવાના પંથે ચાલવું જોઈએ. મહાભારતમાં કથા મળે છે કે યુધિષ્ઠિર રોજ સવારથી સાંજ સુધી દાન આપતા અને સૌનું દારિદ્ર દૂર કરતા. રાજા ભોજના સમયમાં, ધારાનગરીમાં, એક લાખ જૈન કુટુંબો વસતા હતા. કહે છે કે તે સમયે, જેની આર્થિક સ્થિતિ નબળી હોય તેવો સાધર્મિક બંધુ તે નગરીમાં આવતો ત્યારે ધારાનગરીના પ્રત્યેક જૈનો તેને એક રૂપિયો અને એક ઈંટનું દાન કરતા હતા! આમ કરવાથી તે વ્યક્તિ પાસે એક લાખ રૂપિયા આવી જતા અને તે લખપતિ બનતો અને એક લાખ ઈંટ આવવાથી મકાન ચણી લેતો! આ પ્રસંગોનું ઘણું મૂલ્ય છે. આ પ્રસંગોમાંથી દાનની પ્રેરણા તો મળે જ છે. સાથોસાથ, કોઈને કેવી રીતે જીવનમાં સ્થિર કરી શકાય તેની યોજના પણ સાંપડે છે! ભગવાન મહાવીરના અગ્રણી શ્રાવક આનંદે ગાયોના ૫૦૦ ગોધણ વસાવ્યા હતા અને તેના દૂધ–ઘી–છાશ તે મગધની પ્રજાને વિનામૂલ્યે આપીને ખુશી પ્રાપ્ત કરતો હતો. આજથી ૧૦૦૦ વર્ષ પૂર્વે રાજા કુમારપાળે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની સૂચનાથી ગુજરાતની પ્રજાનું વાર્ષિક ૭૨ કરોડ રૂપિયાનું દેણું માફ કર્યું હતું. શ્રાવક ભામાશાહે રાણા પ્રતાપ માટે

પોતાનો ધનભંડાર ખુલ્લો મૂકી દીધેલો. મંત્રી વસ્તુપાળ-તેજપાળે આબુ પર બાંધેલાં જિનમંદિરો એમની ધર્મપ્રીતિની શાખ પૂરે છે. દંડનાયક વિમળમંત્રી-શ્રાવિકા શ્રીદેવીનું આબુ પરનું 'વિમળ વસહિ' ઉદારતાનો ઉત્તમ પ્રતિભાવ છે. ગુજરાતના દુકાળમાં પ્રજા અને પશુઓની રક્ષા માટે તમામ ધનસંપત્તિ આપી દેનાર જગડુશા તે સમયે દિલ્હીના બાદશાહને પણ અનાજ પહોંચાડતો હતો! આ ઈતિહાસ દૂરનો લાગતો હોય તો વર્તમાન ઈતિહાસમાં પણ આવી અસંખ્ય ઘટનાઓ પ્રત્યક્ષ હાજર છે જ. ભારતની આજની સંખ્યાબંધ સંસ્થાઓ જૈનોની દાનવીર શાખને મજબૂત કરતી ઉભી છેઃ દાન કરવું તે સદ્‌ગુણ છે અને તે સદ્‌ગુણનો વિકાસ સતત કરતા રહેવો જરૂરી છે. પૂર્વાચાર્યો કહે છે તેમ, દેનાર નહિ પણ લેનાર મોટો છે. ધન પરની મૂર્છા છોડવાથી સંસારનું પરિભ્રમણ પણ ઘટે છે. ભગવાન મહાવીરે માખીનું દૃષ્ટાંત આપતાં કહ્યું હતું કે પાણીમાં પડેલી માખીને બહાર કાઢો તો તે પાંખ ફફડાવીને ઉડી જાય છે પણ તેલમાં પડેલી માખી ઉડી શકતી નથી, તે મરી જાય છે. ધનમાં આસક્તિ રાખનારા જીવો તેલમાં ડૂબેલી માખી જેવા હોય છે. તે સંસારમાં ડૂબી જાય છે!

ઉદારતાથી, 'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'દાનયોગ'ના પ્રથમ શ્લોકમાં કહે છે તેમ, કલેશ સમૂહનો નાશ થાય છે. બે ભાઈઓ હતા. જુદા પડવાનું નક્કી કરીને તમામ ધન, જાગીર વસ્તુઓની યાદી બનાવીને બેય બેઠા. હવે નવો ઝઘડો થયોઃ પહેલા યાદી કોણ ઉઘાડે? એ પૃષ્ઠો એમ જ પડ્યા રહ્યા ને બેય ભાઈઓ હજી ય ભેગા જ રહે છે! સ્નેહની સરિતા વહેતી રહે તો જીવનની વસંત રહે લીલી છમ્મ. જિંદગીના ઘણાં દુઃખ નાનકડી ઉદારતાથી ટળી જાય છે. ઉદારતાથી પરસ્પર પ્રેમ, ભાઈચારો વધે છે. માનવતા અને ઉદારતા સમાંતર ચાલતા સદ્‌ગુણ છે. માનવતાની મહેફિલ, અંતરની મસ્તિની મહેફિલ છેઃ માણવા જેવી છે. જિંદગી ખુશખુશાલ લાગશે. ગરીબના બાળકને એકાદ ફૂગ્ગો અપાવી જોજો, એના ચહેરા પરનું સ્મિત પૂરા દિવસની પ્રસન્નતા આપશે. મહાત્મા બુદ્ધ અને શ્રીકૃષ્ણ પણ માનવતાના પંથે જવાનું એ માટે કહે છે કે તેનાથી જીવનનું સંગીત સુરમ્ય લાગે છે! પરોપકાર વિનાની જીવનયાત્રા નર્કાગાર સમાન છે તેવું વિચારકો કહે છે. અઢારેય પૂરાણમાં વ્યાસમુનિના વચન ફક્ત બે જ છેઃ પરોપકાર પુણ્ય છે, પરપીડન પાપ છે! મૂળ શ્લોક જૂઓઃ

अष्टादश पुराणेषु व्यासस्य वन्दनद्वयं।
परोपकार पुण्याय, पापाय परपीडनम्।।

માનવતા જગતનો નાભિશ્વાસ છે. હજારો યુદ્ધોનો અંત પણ માનવતાની પવિત્ર નદીમાં સમર્પિત કરવો પડે છે. ક્રૂરતા, વૈમનસ્ય, યુદ્ધનો કદીક તો થાક લાગે જ, માનવતાનો કદી થાક નથી લાગતો, કેમકે થાક ઉતારનાર દિવ્ય ઔષધ છે. આકાશમાં પતંગ ચડાવનારને એની દોરીથી કપાયેલા પંખીની ડોકમાંથી ટપકતા લોહીની કિંમત ન હોય તેવું બને, પણ તેજ પંખીની સારવાર કરનારને પંખીની આંખમાંથી ટપકતા શાતાના આંસુના બે બિંદુની ઘણી કિંમત હોય છે! હમણાં એક બેફામ ડ્રાઈવીંગ કરતા ડ્રાઈવરની ચૂકથી અકસ્માત થયો. એક જૈન સાધ્વીએ છેલ્લો શ્વાસ લેતા કહ્યું, 'એ ડ્રાઈવરને કંઈ સજા ન કરતા!' ડ્રાઈવર તો ભાગી છૂટ્યો હતો ને સાધ્વીનું મૃત્યુ થયું પણ તેના અંતિમ શબ્દોમાં જે કરૂણા ઝળહળે છે તે ક્યાંથી આવે છે? અલબત્ત, એ જ સમયે ડ્રાઈવરે માનવતા દાખવીને સાધ્વીજીને હૉસ્પિટલ પહોંચાડ્યા હોત તો? માનવતાનો જીવંત ભાવ જીવન આપે છે, માનવતાનો અભાવ જીવન હરે છે! માનવતા, દયા, પરોપકાર, આ સઘળાંય સંસ્કાર હૃદયમાં પડેલી મધુર દાનભાવનામાંથી – ઉદારતામાંથી જન્મે છે.

હૃદયમાંથી પ્રકટેલી દાન વૃત્તિથી, ઉદારતાપૂર્વક થોડુંક અપાય તો પણ, તેનું મૂલ્ય ઘણું હોય છે. આંતરિક ઈચ્છા વિના ઘણું અપાય તો પણ તેનું પરિણામ શૂન્ય હોય છે. કીર્તિ માટે, પદ માટે, સત્તા માટે દાન આપવાનો કોઈ અર્થ નથી. નિરીહ બનીને આપવું જ ઉત્તમ છે. સબરીના એંઠા બોર રામને મીઠાં કેમ લાગ્યાં હશે? આ પંક્તિઓ કેવી માર્મિક છે, જુઓઃ

*શબરીએ બોર કદી ચાખ્યાં'તા ક્યાં?*
*એણે જીભે તો રાખ્યાં'તા રામને*
*એક પછી એક બોર ચાખવાનું નામ લઈ*
*અંતરથી આપ્યા'તા રામને!*
*બોર બોર ચૂંટતા કાંટાળી બોરડીના*
*કાંટા જરૂર એને વાગ્યા હશે*
*આંગળીથી બોર એણે ચૂંટ્યા'તા ક્યાં?*
*લાલ ટેરવેથી પૂજ્યા'તા રામને!*
*રામ રામ રાત દિ' કરતા રટણ ક્યાંક*
*આખરે તો જીભ એની થાકી હશે,*
*હોઠેથી રામ એણે સમર્યા'તા ક્યાં?*
*ઠેઠ તળિયેથી ઝંખ્યા'તાં રામને!*

'શ્રી જૈન મહાવીર ગીતા'નો 'દાનયોગ' આ સંસ્કારની શિક્ષા આપે છે. અનાદિકાળથી અંતરમાં પડેલી દુર્વૃત્તિઓના નાશથી જ આત્મોદ્ધાર થાયઃ મૂર્છા કે પરિગ્રહની લાલસા કે મોહવૃત્તિની મૂઢતા માત્ર અને માત્ર સંસારવર્ધક છે. ભગવાન મહાવીરની આગમવાણી સાંભળોઃ

पुरिसो! रम पावकम्मुणा पलियंतं मणुयाणं जीवियं।
सन्ना इह काममुच्छिया मोहं जंति नरा असंवुडा।।

(સૂત્રકૃતાંગ, ૨, ૨, ૧૦)

**'હે પુરુષ! મનુષ્યોનું જીવન ચાલ્યું જનારું છે, એમ સમજીને પાપ કર્મો કરતો અટકી જા. જે મનુષ્યો અસંયમી છે, અને કામભોગમાં મૂર્છિત થયા છે તે મોહ પામે છે.'**

આ આગમવાણીમાં ધર્મનો નિચોડ છે. સંસ્કારી જીવને તો માત્ર આટલી ટકોર જ પર્યાપ્ત નહિ હોય?

'શ્રી જૈન મહાવીર ગીતા'માં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'દાનયોગ' દ્વારા જે પ્રેરણાદાન કરે છે તે અનુકરણીય છે. ધર્મ-ગુરુઓનો ઉપદેશ નિરંતર લાભદાયક જ હોય છે. 'દાનયોગ'માં

આગળ જુઓ:

तद्दानं त्रिविधं प्रोक्तं सात्त्विकं राजसं तथा।
तामसश्च यथापूर्वं, तेषामुत्तममुच्यते।।
सत्त्वप्रधानं यद्दानं सात्त्विकं तत्प्रचक्ष्यते।
रजस्तय: प्रधानं यद्दानं राजसतामसय्।।

(દાનયોગ, શ્લોક, ૨, ૩)

**'આ દાન ત્રણ પ્રકારે છે. સાત્ત્વિક, રાજસિક અને તામસિક એમ ત્રણ પ્રકારનું દાન કહ્યું છે. તેમાં પહેલું ઉત્તમ છે. સત્વપ્રધાન દાન સાત્વિક કહેવાય છે. જ્યારે રજસ્ પ્રધાન દાન રાજસિક દાન કહેવાય છે અને તમસ્ પ્રધાન દાન તામસિક દાન કહેવાય છે.'**

દાનના પ્રકારની આ વિવિધતા વિચારવા જેવી છે. સાત્ત્વિક દાન સર્વોત્તમ કહ્યું છે. કોઈપણ પ્રકારની અપેક્ષા વિના, માત્ર કલ્યાણના હેતુથી દાન આપવું જોઈએ અને દાન આપ્યા પછી પોતાના ચિત્તમાં લેશમાત્ર અહંકાર પ્રવેશી ન જાય તેની સાવધાની રાખવી જોઈએ– આવું દાન સાત્ત્વિકદાન બની રહે. જૈન સંઘમાં, વર્ષો પૂર્વે ક્યારેક ધર્મપ્રેમી શ્રેષ્ઠિઓ ધર્મગુરુઓના પ્રવચન પછી કરવામાં આવતી પ્રભાવનામાં એવી ગોઠવણ કરતા કે મોદકમાં રૂપાનાણું મૂકતા કે જેથી સીદાતા–ગરીબ સાધર્મિકના હાથમાં એ આવી જાય અને તેને ગુપ્ત મદદ મળી રહે! આ એક પ્રકારનું સાત્ત્વિક દાન થયું કહેવાય. પાંજરાપોળ દ્વારા જીવદયાનું કાર્ય, જ્ઞાન ભંડાર દ્વારા શ્રુતભક્તિનું કાર્ય, ઉપાશ્રય નિર્માણ દ્વારા સાધુ–સાધ્વી સેવાનું કાર્ય, ભોજન-શાળા દ્વારા સાધર્મિક સેવાનું કાર્ય, તીર્થનિર્માણ દ્વારા જિનભક્તિનું કાર્ય, આરોગ્યધામ નિર્માણ દ્વારા માનવતાનું કાર્ય – ઇત્યાદિ કાર્યો સાત્ત્વિક ભાવનાથી કરવામાં આવે તો કર્મનિર્જરા થાય, મોહ છૂટે, આસક્તિ ઘટે, પુણ્ય વધે અને ભવાંતરનો નાશ થાયઃ પોતાને મળેલા ધનનો સદુપયોગ કરીને આમ જીવનનો તથા આત્માનો ઉત્કર્ષ સિદ્ધ કરવો જોઈએ.

થોડાંક શ્લોકાર્થ જોઈએઃ

**'સુપાત્રને આપેલ દાન પાંચ દાનમાં ઉત્તમ છે. દાનવીરોએ મારી ભક્તિનું–જિનભક્તિનું કરેલું દાન શ્રેષ્ઠ ગણાય છે.** (ગાથા, ૪)

**'જ્ઞાનનું દાન આપનારા મારા સ્વરૂપને પ્રાપ્ત કરે છે. શુભ જન્મને પામીને કદી દૂર્ગતિ પામતા નથી.'** (ગાથા, ૫)

**'જે ભક્તિપૂર્વક, ત્યાગી અને ચારિત્ર્યવાન સાધુઓને દાન આપે છે તે સ્વર્ગ પામે છે, મુક્તિ પામે છે અને મારું જ્ઞાન-કેવળજ્ઞાન પામે છે.'**

(ગાથા, ૬)

**'મારી પ્રાપ્તિ રૂપી દાનથી (ઉત્કૃષ્ટ) આ જગતમાં કંઈ જ નથી. (એ શ્રેષ્ઠ ફળ છે) દાનવીરોને પરમબ્રહ્મનો પ્રાદૂર્ભાવ થાય છે.'**

(ગાથા, ૭)

**'દાનથી શીલ વધે છે, દાનથી રાગનો નાશ થાય છે. તેનાથી દેહ અને બુદ્ધિથી ઉત્પન્ન થતો મોહ વિલય પામે છે.'** (ગાથા, ૮)

**'ત્રણેય જગતમાં સર્વસ્વનું દાન કરનાર જેવો કોઈ દાનવીર નથી. અહંકાર રહિત દાન કરવાથી દાનની સિદ્ધિ હંમેશાં મળે છે.'**

(ગાથા, ૯)

**'દુ:ખી અને દરિદ્રને જે દાન આપે છે તે ઉત્તમ છે. આમ કરનારની બધી આશા ફળે છે અને તે વિશ્વમાં સર્વત્ર પૂજાય છે.'** (ગાથા, ૧૦)

**'દાન કરવાથી પાપ નાશ પામે છે, અને શુભ ભાવ ફેલાય છે. દાન આપ્યા વિના સંપત્તિ સ્થિર થતી નથી.'** (ગાથા, ૧૧)

**'સકામ ભાવે દાન આપવાથી સુખ મળે છે. પરંતુ નિષ્કામ ભાવે દાન આપવાથી મારી (મોક્ષની) પ્રાપ્તિ થાય છે.'** (ગાથા, ૧૨)

**'માણસ જે જે ભાવથી દાન આપે છે તે તે ભાવ તેને મળે છે. ધન, ધાન્યના દાન કરવાથી સ્વર્ગ અને મુક્તિસુખ પ્રાપ્ત થાય છે.'**

(ગાથા, ૧૩)

**'સ્વ–પર કલ્યાણ માટે અપાયેલ દાનથી મારી પ્રાપ્તિ થાય છે. ત્યાગની સિદ્ધિથી જ સ્વાર્થની સિદ્ધિ થાય છે. અને તે દાન સિવાય સિદ્ધ થાય નહિ.'** (ગાથા, ૧૪)

**'મારી આજ્ઞાથી જ દાન વડે બ્રહ્મચર્યના તપનો પ્રભાવ અને આત્મજ્ઞાન વગેરે સિદ્ધિ સાંપડે છે.'** (ગાથા, ૧૫)

**'દાનથી સંવર થાય છે, દાનથી જ કર્મનિર્જરા થાય છે, તપ, જપ વગેરે થાય છે અને કષ્ટ વિનાનું સુખ મળે છે.'** (ગાથા, ૧૬)

**'દાનભાવનામાં બધી જ દયા સમાયેલી છે. આથી સર્વથા બધા લોકોને દાન વડે સહાય કરવી જોઈએ.'** (ગાથા, ૧૭)

**'જે માણસ બધા જીવોને મારા સમાન ગણે છે તે એકલા દાનયોગથી જ મારા સમાન થઈ શકે છે.'** (ગાથા, ૧૮)

**'મન, વચન, કાયાના (ઉત્તમ ભાવ) વડે દાનનું માહાત્મ્ય જાણીને લોકો અનંતસુખના પ્રવાહ જેવા તીર્થંકરના પદને પામે છે.'**

(ગાથા, ૧૯)

**'સ્ત્રીઓ અને પુરુષોએ વિવિધ પ્રકારે દાન ધર્મનું પાલન કરવું જોઈએ. દાન યોગ વડે જ નિશ્ચલ સિદ્ધિ થાય છે.'** (ગાથા, ૨૦)

**'ભક્તો પોતાના અધિકારને વશ થઈને શક્તિપૂર્વક દાન કરે છે. મારી આજ્ઞાને યથાયોગ્ય વિવેક કરીને તેઓ દાન કરે છે.'**

(ગાથા, ૨૧)

'શ્રી જૈન મહાવીર ગીતા'માં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'દાનયોગ' દ્વારા જે ઉપદેશ આપે છે તે સૌને માટે જરૂરી છે. જ્યારે આ જગતમાં આવ્યા ત્યારે શું લઈને આવ્યા હતા અને જ્યારે આ જગતમાંથી જઈશું ત્યારે શું લઈને જવાના છીએ તે વિચારી જોવા જેવું છે. આપણો દેહ અને દેહને શોભાવતા તમામ સાધનો પડી રહેશેઃ સાથે આવશે માત્ર સત્કર્મ અને દુષ્કર્મ. દાન એ ઉત્તમ સત્કર્મનો પંથ છે. સારું કાર્ય કરવાથી જે સંતોષ મળે છે તે અવર્ણ્ય છે. આપણું જીવન એ સંતોષ પામે અને આત્મશ્રેય મળે તે માટેની પ્રેરણા આ 'દાનયોગ'માંથી સંપ્રાપ્ત થાય છે.

***શ્રી મહાવીરે ભાખિયાં, ધર્મના ચાર પ્રકાર;***
***દાન, શીયળ, તપ, ભાવના, પંચમી ગતિ દાતાર!***

**(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ અત્યારે મુંબઈમાં બિરાજમાન છે. જૈન જ્ઞાન મંદિર, કરસન લધુ હૉલની બાજુમાં, દાદર (પશ્ચિમ) મુંબઈ

# ઉપાદાન અને નિમિત્ત કારણતા

**❑ સુમનભાઈ શાહ**

**ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;**
**પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.** ...ગા. ૧૩૬

–શ્રીમદ્ રાજચંદ્રજી રચિત આત્મસિદ્ધિ-

કાર્યસિદ્ધિનો વાંચ્છુક આત્માર્થી જ્યારે નીચેના ચાર કારણોના સહયોગ કે સદ્ભાવથી પુરુષાર્થધર્મ આચરે છે તેને કાર્યસિદ્ધિ હાંસલ થાય છે એવું જ્ઞાનીઓનું કથન છે.

૧. ઉપાદાન, ૨. નિમિત્ત, ૩. અસાધારણ કારણ, ૪. અપેક્ષા કારણ.

ઉપરના ચાર કારણોમાં આત્માર્થીને ઉપાદાન અને નિમિત્ત કારણતા મુખ્યપણે છે અને બીજાં બે કારણો ગૌણપણે છે, પરંતુ તે હોવા ઘટે. હવે કારણનું સંક્ષિપ્ત વર્ણન જોઈએ.

૧. **ઉપાદાન :** જે કારણ પૂર્ણપણે સમાપ્તિ સમયે પોતે જ કાર્યરૂપે પરિણમે તે ઉપાદાન કારણ. જે કારણ અસ્તિત્વ માત્રથી સત્તામાં હોય (ભલેને તે અપ્રગટપણે હોય) અને જે પૂર્ણતાને આરે કાર્યરૂપ થાય. દા. ત. જ્ઞાનદર્શનાદિ ગુણો જે જીવદ્રવ્યના (આત્માના) અરૂપી અંગો છે.

૨. **નિમિત્ત :** જે કારણ ઉપાદાનથી ભિન્ન હોય અને જેના વિના કાર્ય થઈ શકે નહીં તે નિમિત્તકારણ. કર્તાનો પ્રયત્ન હોય પણ જેના વિના કાર્ય ન થાય તે નિમિત્ત. દા. ત. પાણીમાંથી ($H_2O$) ઓક્સિજન છૂટું પાડવાની ક્રિયામાં મેંગેનીઝ ધાતુની Catalyst તરીકે ઉપસ્થિતિ અનિવાર્ય છે. ઘટરૂપ કાર્ય થવામાં માટી ઉપાદાનકારણ છે અને ચક્ર, દંડ વગેરે નિમિત્તકારણ છે. એવી રીતે દરેક સાંસારિક જીવને સત્તામાં જ્ઞાનદર્શનાદિ આત્મિકગુણો રહેલા છે, પરંતુ તેના પ્રગટીકરણ માટે જિનદર્શન અને જિનાજ્ઞા કે પ્રત્યક્ષ સદ્ગુરુનો પરમશ્રુતજ્ઞાનરૂપ સુબોધ અને આજ્ઞાદિનું પરિપાલનરૂપે શુદ્ધ–નિમિત્તાવલંબન અનિવાર્ય છે.

૩. **અસાધારણ :** મન, વચન, કાયાદિનો સંયમના હેતુએ ઉપયોગ થવો અને સમતાપૂર્વક આત્મસ્વભાવમાં રમણતા થવી તે ધ્યાનાદિ અસાધારણ કારણ છે. ચોછા ગુણસ્થાનકથી અનુક્રમે ગુણવૃદ્ધિ થવા માટેનાં સત્સાધનોનું વિધિવત્ ભાવવાહી આચરણ અને સદ્ગુરુ કે જ્ઞાનીઓની બહુમાનપૂર્વક ભક્તિ થવી તે અસાધારણ કારણ ઘટાવી શકાય.

૪. **અપેક્ષા કારણ :** જે આત્મદશાનો સાધક (આત્માર્થી) પોતાના આત્મસ્વભાવના પ્રગટીકરણ માટેના આશયથી પ્રત્યક્ષ સદ્ગુરુનું અવલંબન લઈ શકે એવી મનુષ્યગતિ, અનુકૂળ ક્ષેત્ર અને કાળ એ અપેક્ષા કારણ ઘટાવી શકાય.

કાર્યસિદ્ધિ થવામાં ઉપરના કારણો કેવી રીતે કાર્યાન્વિત થઈ પરિણામ નીપજી શકે તે વિવિધ અપેક્ષાએ જોઈએ.

૧. **સાધકદશામાં :**

રત્નત્રય યુક્ત આત્મદશાનો સાધક અથવા આત્માનુભવી પ્રત્યક્ષ સદ્ગુરુ મારફત પરમશ્રુતજ્ઞાનરૂપ બોધ કે ભેદજ્ઞાન સંપ્રાપ્ત આજ્ઞાધારી પુરુષાર્થી મનુષ્યગતિના શરીરાદિના સહયોગ કે સદ્ભાવથી કેવી રીતે પુષ્ટ-નિમિત્તાવલંબનનો આશ્રય લઈ ઉપાદાનને જગૃત કરી આત્મકલ્યાણ સાધે છે તે જોઈએ.

દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો....ગાથા.૩

–શ્રીમદ્ રાજચંદ્રજી રચિત–અપૂર્વ અવસર-

ચૈતન્યમય જીવદ્રવ્ય અને જડ પુદ્ગલ એ બે દ્રવ્યો એવાં છે કે તેઓ એકબીજાનું નિમિત્ત પામી પ્રભાવિત થાય છે, કારણ કે બન્નેમાં વૈભાવિક શક્તિ છે તથા ગમનાગમન અને સ્થિરતા કરવાની શક્તિ ધર્મ-અધર્માસ્તિકાય દ્રવ્યોની ઉદાસીન નિમિત્તથી થાય છે એવો સિદ્ધાંત જ્ઞાનીઓએ પ્રરૂપ્યો છે.

સંજ્ઞી પંચેન્દ્રિય સાંસારિક જીવની ચેતનાશક્તિ ઉપયોગમયી છે. આવી શક્તિના પ્રયોગથી જીવ દર્શન અને જ્ઞાન ઉપયોગ કરી જોવા–જાણવાદિનું કાર્ય કરે છે. ઉપરાંત આવી ચેતનાશક્તિમાં કર્તૃત્વ અને ભોક્તૃત્ત્વ મૂળભૂત સામાન્ય સ્વભાવ છે, જેના ઉપર કર્મરૂપ આવરણ આવતું નથી એવું જ્ઞાનીઓનું કથન છે.

સાધકનો આત્મિક દર્શન અને જ્ઞાનગુણ અમુક માત્રામાં નિરાવરણ થયેલો હોય છે અને બાકીના ભાગમાં કર્મરૂપ આવરણોથી આચ્છાદિત થયેલા હોવાથી પ્રગટીકરણમાં રૂકાવટ કે અવરોધ થાય છે. જેટલા પ્રમાણમાં આ બન્ને ગુણો નિરાવરણ થયેલા હોય છે તેટલા પ્રમાણમાં સ્વાનુભવ કે 'સ્વ' સંવેદન વર્તે છે, જેમાં વીર્ય ગુણનો સદ્ભાવ વર્તે છે. જેટલા ભાગના આ બન્ને ગુણોમાં અપ્રગટીકરણ વર્તતું હોય છે તેટલા ભાગમાં સાધક અવલંબનરૂપ આત્મિક ભાવોની ભાવનાથી ભાવિત થઈ જાગૃતિ વર્તાવે છે. આવું અવલબંન કે આધાર સાધકને પરમશ્રુતજ્ઞાનરૂપ સુબોધની આસ્થામાંથી મળી રહે છે અથવા ભેદજ્ઞાનમાંથી ગ્રહણ કરે છે. આવા અવલંબનથી સાધકને જે ઉણપ વર્તતી હોય છે, તેમાં ઉર્ધ્વગમન માટેનો આંતરિક પુરુષાર્થ છે અને તેને મુક્તિમાર્ગનું કારણ ઘટાવી શકાય. સાધકને આવી વર્તના થવાથી કર્મનિર્જરા નવા બંધનું સર્જન થયા સિવાય બહુધા થાય છે.

બીજી રીતે જોઈએ તો સાધકને ચારિત્રમોહના ગલન વખત પ્રજ્ઞાશક્તિ કે ચેતનાશક્તિ સાથે પંડિતવીર્યના સદ્ભાવથી જોવા–જાણવાદિ કાર્યમાં બહુધા રાગાદિ ભાવકર્મો થતાં નથી એવી

આત્મજાગૃતિ વર્તે છે. અથવા સાધકને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં ઉદાસીનતા વર્તે છે. અર્થાત્ તેમાં તે તન્મય થતો નથી. આમ સાધકથી પૂર્વકૃત કર્મોના ઉદય વખતે અવલંબનરૂપ જાગૃતિ વર્તતી હોવાથી ક્રમશઃ ચારિત્ર્યમોહ ક્ષીણ થતો જાય છે. આવી દશામાં અપેક્ષાએ કહી શકાય કે અંતર્આત્મા નિર્મળ નિજભાવનો કર્તા છે અને તેના પરિણામમાં આત્મિકગુણો આવરણ રહિત થયા કરે છે.

૨. **પરમાત્મ દશા**

અર્હત (દેહધારી) અને સિદ્ધ ભગવંતોને સંપૂર્ણ પરમાત્મદશા વર્તે છે, એટલે તેઓના સઘળા (નિર્મળ) આત્મિકગુણો સહજપણે પરિણમન પામે છે. આવા પરિણમનમાં તેઓને કાયમી સહજાનંદ કે અનંતઆનંદ વર્તે છે, જે અકૃત, એકાંતિક, આત્યંતિક, અક્રિય, અનુપચરિત, સ્વાધીન, સહજ, અપ્રયાસ, નિર્દ્વંદ્વ ઈત્યાદિ છે. આવા ગુણો અને તેનું પરિણમન નિરપેક્ષ અને વચનાતીત છે, માટે કોઈપણ વિકલ્પ કે અપેક્ષા ભેદે વર્ણન કરવું લગભગ અશક્યવત્ છે. આવી પરમાત્મદશામાં વ્યવહારથી કહી શકાય કે નિર્મળ આત્મિકગુણો કારણ છે અને તેના પરિણમનમાં સહજાનંદ કે અનંતઆનંદ વર્તે છે.

૩. **જીવાત્મ કે બહિરાત્મદશા**

પૂર્વકૃત કર્મના વિપાકરૂપે જીવને સ્થૂળ, સૂક્ષ્મ અને વાણીના સંજોગો પ્રાપ્ત થાય છે, ત્યારે તેનાથી જોવા-જાણવાદિનું કાર્ય થાય છે. આવું કાર્ય જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને વીર્યાંતરાય કર્મ-પ્રકૃતિના ક્ષયોપશમ પ્રમાણે થાય છે. રાગદ્વેષ અને અજ્ઞાનવશ જીવને અલ્પ માત્રામાં દર્શન અને જ્ઞાનગુણ તેમ જ સહાયક વીર્યગુણ પ્રગટીકરણ થયેલો હોય છે, જેના ઉપયોગથી જોવા-જાણવાદિ કાર્યમાં સ્વાનુભવ કે 'સ્વ' સંવેદન વર્તે છે. બાકીના વિભાગમાં (જેના ઉપર કર્મરૂપ આવરણો છે) તેને મિથ્યાત્વ સહિતનું જ્ઞાન વર્તે છે, જેને અજ્ઞાન કહેવામાં આવે છે. (કુમતિ, કુશ્રુત અન વિભંગ જ્ઞાન). આવા વિભાગમાં જીવાત્માને દર્શનમોહથી પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સામાન્યપણે તન્મયતા વર્તે છે. આવી પ્રક્રિયામાં વીર્યગુણની પ્રવૃત્તિ વિપરીતપણે કાષાયિક ભાવોમાં તદ્-અનુયાયી થઈ વર્તે છે. આવા વીર્યગુણને બાલ-બાધક વીર્ય કે અનભિસંધિ વીર્ય કહેવામાં આવે છે. આવી દશામાં જીવાત્માના આત્મપ્રદેશો કંપાયમાન થાય છે અને તે કર્મરૂપ પૌદ્ગલિક વર્ગણાઓનું ખેંચાણ કરે છે, જેને વ્યવહારદૃષ્ટિએ ભાવકર્મોનું સર્જન કહેવાય છે. અથવા અજ્ઞાનદશામાં જીવને દ્રવ્યકર્મના વિપાક સમયે રાગાદિ ભાવો થાય છે, જે છેવટે દ્રવ્યકર્મોમાં સંચિત થઈ જ્ઞાનદર્શનાદિ ગુણોને આચ્છાદિત કરે છે. આમ કર્મબંધ અને કર્મ નિર્જરાની પરંપરા ચાલ્યા કરતી હોવાથી જીવાત્મા ચારગતિરૂપ ભવભ્રમણ કરે છે. ટૂંકમાં જીવાત્મા વ્યવહારદૃષ્ટિએ જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મો, રાગાદિ ભાવકર્મો અને શરીરાદિનોકર્મનો કર્તા-ભોકતા કહેવાય છે. આવા કર્તૃત્વમાં મિથ્યાત્વ સહિતનું જ્ઞાન અને બાલ-બાધક વીર્યનો નિમિત્તરૂપે સ્રોત વહે છે એવું અપેક્ષાએ કહી શકાય. અથવા દ્રવ્યકર્મોનું નિમિત્ત પામી ભાવકર્મોનું સર્જન થાય છે, જેને કૃપાળુદેવ નીચેની ગાથામાં પ્રકાશિત કરે છે. (આત્મ સિદ્ધિ)

**'ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;**
**વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ. ...૭૮**
**ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;**
**જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ...૮૨**

શ્રીમદ્ રાજચંદ્રજી રચિત આત્મસિદ્ધિ-

* * *

૫૬૩, આનંદવન સોસાયટી, ન્યુ સામા રોડ,
વડોદરા-૩૯૦ ૦૦૮. ફોન : (૦૨૬૫) ૩૨૪૫૪૩૯

## સર્જન-સ્વાગત (અનુસંધાન પૃષ્ઠ ૨૭થી ચાલુ)

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે 'નાસા'નું નામ બહુ જાણીતું છે. અંતરીક્ષમાં પણ નાસા નામની તકતી લાગી ગઈ છે. આપણે ત્યાં નાસા એટલે સૂર્યકાંત પરીખનું માનસ સંતાન. આ સંસ્થાએ ઈ. સ. ૧૯૮૮ થી ગુજરાતની ગરિમાને છાજે એવું અને મહાત્મા ગાંધીનો આત્મા રાજીપો અનુભવે એવું સેવાકાર્ય કરી રહ્યું છે. સૂર્યકાન્ત પરીખ આધુનિક ગુજરાતના સમર્થ શૌચ-પુરુષ છે.

આ પુસ્તિકામાં સૂર્યકાંત પરીખનું 'ટૉઈલેટ ચિંતન' રજૂ થયું છે. ટૉઈલેટને તેઓ 'સિત્તેર ટકા ભારતીઓનું સપનું' ગણાવી આજની વરવી વાસ્તવિકતાનું અભ્યાસપૂર્ણ ચિંતન રજૂ કરે છે.

સૂર્યકાંત પરીખ કેટલાંક માર્મિક સવાલો ઊભા કરી વાચકને વિચારતો કરી મૂકે છે.

'છેલ્લા દાયકામાં માનવ જીવનને સુધારવા માટે જે વ્યવસ્થાઓ જીવનના ભાગરૂપ બની ગઈ તેમાં ટૉઈલેટનું સ્થાન છે. એ ટૉઈલેટ માનવ સ્વાસ્થ્ય માટેનું સાધન હોય તો તે સમાનતા તરફ લઈ જનાર સાધન પુરવાર થશે ખરું? જ્યારે અનેક લોકો વિજ્ઞાન-ટેકનોલોજીને કારણે સુવિધાઓ મેળવતા થયા છે ત્યારે તેવા સુખી-સંપન્ન લોકો ટૉઈલેટની બાબતમાં વંચિત રહેલા લોકો માટે હમદર્દી ધરાવે છે ખરા?' * * *

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩. ફોન નં. : (022) 22923754

## ડૉ. રમણલાલ ચી. શાહના ગ્રંથો હિન્દી ભાષામાં

રુપ માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ડૉ. રમણલાલ ચી. શાહના બે ગ્રંથો

**(૧) जैन धर्म दर्शन**

**(૨) जैन आचार दर्शन**

આ ગ્રંથોનો હિંદી ભાષામાં અનુવાદ થઈ ચૂક્યો છે. બન્ને ગ્રંથનું સંપાદન ડૉ. જિતેન્દ્ર શાહે કર્યું છે.

આ બન્ને ગ્રંથોનું પ્રકાશન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં થશે.

❑મેનેજર

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(મે ૨૦૦૯ના અંકથી આગળ)

૫૫૮. પૃથક્ત્વ (ભેદ) : પૃથક્ત્વ શબ્દનો બેથી માંડી નવની સંખ્યા સુધી વ્યવહાર થાય છે.

पृथक्त्व शब्द का दो से लेकर नौ की संख्या तक व्यवहार होता है ।

It is a technical term standing for the numbers two to nine.

૫૫૯. પૃથકત્વ વિતર્ક-સવિચાર : શ્રુતજ્ઞાનને અવલંબી કોઈ પણ એક દ્રવ્યમાં તેના પર્યાયોનો ભેદ અર્થાત્ પૃથક્ત્વ વિવિધ દૃષ્ટિએ ચિંતવન કરવું, તેમજ મન આદિ કોઈ પણ એક યોગ છોડી અન્ય યોગ ઉપર સંક્રમ અર્થાત્ સંચાર કરે, ત્યારે તે 'ધ્યાન પૃથક્ત્વ વિતર્ક-સવિચાર' કહેવાય છે.

अर्थ पर से शब्द पर और शब्द पर से अर्थ पर चिन्तनार्थ प्रवृत्ति करता है, तथा मन आदि किसी भी एक योग को छोडकर अन्य योग का अवलंबन ग्रहण करता है तब वह ध्यान 'पृथक्त्व वितर्क-सविचार' कहलाता है।

On the basis of whatever scriptural knowledge is available to him he in the interests of reflection he switches on from a meaning to a word, or lastly when he gives up one of yogas-e.g. that pertaining to manas in order to take up another, then the dhyana concerned is called Pruthaktva-Vitarkasavicara.

૫૬૦. પોતજ : જે કોઈ પણ પ્રકારના આવરણથી વીંટાયા વિના જ પેદા થાય છે તે પોતજ.

जो किसी प्रकार के आवरण से वेष्टित न होकर ही पैदा होते है वो पोतज है ।

The potaja are those species which are born without being wrapped in a coverage.

૫૬૧. પૌષધોપવાસ : આઠમ, ચૌદશ, પૂનમ કે બીજી હરકોઈ તિથિએ ઉપવાસ સ્વીકારી, બધી વરણાગીનો ત્યાગ કરી, ધર્મજાગરણમાં તત્પર રહેવું તે પૌષધોપવાસ વ્રત.

अष्टमी, चतुर्दशी, पूर्णिमा या दूसरी कोई भी तिथि में उपवास धारण करके और सब तरह की शरीर विभूषा का त्याग करके धर्म जागरण में तत्पर रहना पौषधोपवास व्रत है ।

On the 8th, 14th or full-moon date of the lunÉàr month-or on any other date-to keeps fast, to refrain from bodily decoration, to keep awake during night time engaged in virtuous acts is called pauadhopavasa.

૫૬૨. પ્રકીર્ણક : જે નગરવાસી અને દેશવાસી જેવા છે, તે દેવો પ્રકીર્ણક કહેવાય છે.

जो नगरवासी और देशवासी के समान देव ।

Prakirnakas are those who are akin to the rank-and-file townsmen and countrymen.

૫૬૩. પ્રકૃતિબંધ : કર્મપુદ્ગલોમાં જે જ્ઞાનને આવૃત્ત કરવાનો, દર્શનને અટકાવવાનો, સુખ-દુઃખ અનુભવવાનો વગરે સ્વભાવ બંધાય છે, તે સ્વભાવનિર્માણ એ પ્રકૃતિબંધ.

कर्मपुद्गलों में ज्ञान को आवृत्त करने, दर्शन को रोकने, सुख-दु:ख देने का जो स्वभाव बनता है वह स्वभावनिर्माण ही प्रकृतिबन्ध है ।

The binding of nature e.g. the nature to conceal Jnana, the nature to obstruct darsana, the nature to cause the experience of pleasure, pain etc. that takes place in the karmic particles is called praktibandha.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **શ્રી સાંઈ કથામૃત ભાગ-૧-૨**
લેખક : **પ્રજ્ઞાચક્ષુ પંડિત મનુભાઈ દોશી**
પ્રકાશક : શ્રી ભગવતી ટ્રસ્ટ, ૭ અશ્વમેધ બંગલોઝ, વિભાગ-૨, સેટેલોઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.
મૂલ્ય-૧-૨ ભાગનું સંયુક્ત મૂલ્ય રૂા. ૪૦૦/- ભાગ ૧ પાના-૩૧૦, ભાગ ૨ પાના-૩૪૦. આવૃત્તિ-૧, ૨૦૦૯.
પ્રાપ્તિસ્થાન : **ઉષાબેન ભટ્ટ**
સાંઈ શરણધામ, ૧૪ પ્રકૃતિ કુંજ સોસાયટી, શ્રેયસ રોડ ક્રોસિંગ પાસે, ભૂદરપુરા રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૨૬૬૩૦૧૧૮.
**શ્રી મનુભાઈ દોશી**
૧૧, જીવનદર્શન, હરે કૃષ્ણ ફ્લેટની સામે, બેરેજ રોડ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૧૩૩૫૯.

એક પ્રખર જ્યોતિષ, પંચાંગોમાં સંશોધન લેખોના લેખક પ્રજ્ઞાચક્ષુ પં. મનુભાઈ દોશી 'શ્રી સાંઈ કથામૃત ભાગ ૧-૨' નામનો સંશોધનાત્મક જીવનચરિત્ર લગભગ ૬૫૦ પાનાનો ગ્રંથ આપણી સમક્ષ મૂકે છે. મનુભાઈ દોશી એક આધ્યાત્મિક વ્યક્તિ છે. તેમની પાસે બાહ્યદૃષ્ટિ નથી પણ આંતરદૃષ્ટિ છે. શરીર નિર્બળ છે તો આંતરિક મનોબળ અદ્‌ભુત છે. આ ગ્રંથમાં બૌદ્ધિક અને આધ્યાત્મિક કવિની છબી ઉપસે છે અને શ્રી સાંઈબાબા પ્રત્યેનો તેમનો અગાધ આદર અને ભક્તિભાવ પ્રતીત થાય છે.

આ જીવન ચરિત્ર ગ્રંથ વિશે ડૉ. ધનવંત શાહ લખે છે, 'આ જીવનચરિત્ર સાંઈબાબાનું એક કુશળ શિલ્પકારે નિર્મેલું કલાત્મક શિલ્પ છે. એમાં શબ્દોના ઉચિત રંગો છે જેથી એ ભવ્ય ચિત્ર બન્યું છે અને શ્રદ્ધાભક્તિના ભાવથી એ ધબકતું જીવંત બન્યું છે.'

મધ્ય ભારતની આ મહાન યુગાવતારી વિભૂતિને લોકોએ, ભક્તોએ અને કેટલેક અંશે ચરિત્ર લેખકોએ એક મહાન ચમત્કારિક સંત તરીકે જ ઓળખ્યા છે અને આલેખ્યા છે. પણ સાંઈબાબાના જીવનનો સર્વોપરી હેતુ મનુષ્યની આધ્યાત્મિક ચેતનાને આત્મજ્ઞાનના માર્ગે આગળ વધારવાનો હતો. સર્વધર્મ ઉપર સર્વદર્શિતા ધરાવનાર સાંઈ બાબાએ ભક્ત જે મત, જે પંથ, જે સંપ્રદાય કે જે ધર્મનો હોય તેને પોતાના ધર્મના માર્ગ દ્વારા આગળ વધવાનું માર્ગદર્શન આપ્યું છે. લેખકનો ઉદ્દેશ આ પુસ્તક દ્વારા બાબાના ઉદાત હેતુને વાચકો અને ભક્તો સમક્ષ પ્રકટ કરવાનો છે. લેખકે આ જીવનચરિત્ર જુદા જુદા ગ્રંથોમાં લગભગ છ હજાર જેટલા પૃષ્ઠોના વાંચન અને અવલોકન પછી તૈયાર કરેલ છે.

સાંઈબાબા એક પયગંબર હતા, સાંઈબાબાની યોગક્રિયાઓ, અતીન્દ્રિય શક્તિના ચમત્કારો, તેમનો પ્રભાવ અને ચમત્કારો, ભક્તો ઉપરનો પ્રગાઢ પ્રેમ, ધર્મનિરપેક્ષતા, શ્રદ્ધા સબૂરીનો ઉપદેશ મંત્ર, સાંઈબાબાનો ઝૂલો, બાબાની ઈશ્કે હકીકી, તેમની ખંડયોગની ક્રિયાઓ, બાબાનો અશરીરી-પ્રેતયોનિ ઉપરનો કાબુ અને અદૃશ્ય પ્રેમાત્માને ઓળખી જઈ એ આત્મા ધરતી ઉપરના પોતાના ભક્તોનું અશુભ ન કરે તે માટે બાબાનો ભક્તો ઉપરનો ક્રોધ, આ બધા પ્રસંગો ભાવકને ભાવવિભોર કરી દે છે. લેખક 'બાબાની પ્રકૃતિના રહસ્યો' એક તત્ત્વદર્શી અને મનોવૈજ્ઞાનિક અભ્યાસથી આલેખે છે.

મનુભાઈ દોશીએ લખેલ આ જીવનચરિત્રમાં ક્યાંય શુષ્કતાનો નહિ પણ તેમની આધ્યાત્મિક દૃષ્ટિનો અનુભવ થાય છે. બાબા મહાન સૂફી સંત હતા તેની પ્રતીતિ લેખક કરાવે છે.

દળદાર એવા આ ગ્રંથમાં લેખક સાંઈભક્ત છે તેની પ્રતીતિ તો થાય છે પણ એ ભક્તિમાં લેખકનો અભ્યાસ અને સંશોધન પ્રકૃતિના દર્શન પણ થાય છે. તેથી આ જીવન ચરિત્ર એક પ્રમાણભૂત જીવનચરિત્ર બની શક્યું છે. સાંઈબાબાની કરુણા સાથે ભક્તોના હૃદયમાં પ્રગટેલી આધ્યાત્મિકતાને ઉજાગર કરવાનો ઉદ્દેશ લેખકે મૂળથી પકડી તેનો વિસ્તાર કર્યો છે. અને એ જ જીવનચિત્રકાર તરીકેની તેમની મોટી સિદ્ધિ છે.

આ ગ્રંથ ધાર્મિક સંસ્થામાં પુસ્તકાલયોમાં તેમ જ વિદ્વાનો અને ભક્તોના નિવાસ સ્થાનોમાં શોભે તેવો છે.

x x x

પુસ્તકનું નામ : **ભૂમિ સંસ્કાર આદર્શ અંતિમ ક્રિયા**
લેખક : **વિનોદ વામજા**
પ્રકાશક : વિનોદ વામજા, રેશનલ પ્રકાશન, માઈક્રોવેવ બિલ્ડીંગ, ટેલિફોન એક્સચેંજ પાસે, ધોરાજી-૩૬૦૪૧૦.
મોબાઈલ ફોન : 94272-14915, 94272-39093
મૂલ્ય-રૂા. ૧૦/-, પાના ૮૦, આવૃત્તિ-૩ જી, ૨૦૦૯.

કોઈપણ સમાજનો માણસ મૃત્યુ પામે છે ત્યારે એના મૃતદેહનો નિકાલ જગતભરની પ્રજાઓ પોતપોતાની ધાર્મિક પરંપરા પ્રમાણે કરે છે. પરંતુ હવે આપણે આપણી તમામ પરંપરાઓ અને રીતરિવાજોનો ત્યાગ કરવો પડશે અને કેવળ પર્યાવરણ તથા પ્રદૂષણની દૃષ્ટિએ જ વિચારી તે પ્રમાણે જીવન વ્યવસ્થા ગોઠવવી પડશે. પ્રસ્તુત પુસ્તક 'ભૂમિ સંસ્કાર-આદર્શ અંતિમ ક્રિયા'માં મૃતદેહને કેવળ દાટવાની જ હિમાયત કરવામાં આવી છે અને બાળવાની પ્રથાના જીવલેણ દુષ્પરિણામો વિગતે દર્શાવવામાં આવ્યા છે.

આ પુસ્તકની વિશેષતા એ છે કે પોતાના ધર્મ-જ્ઞાતિ સમાજમાં અગ્નિદાહની ચુસ્ત પરંપરા હોવા છતાં સત્ય અને તટસ્થતાના ધોરણે તેની વિરુદ્ધમાં લેખકે લખ્યું છે. તેઓના સચોટ અને નક્કર મુદ્દાઓને કારણે રેશનાલિસ્ટો ઉપરાંત અન્ય લોકોમાં આ પુસ્તક લોકપ્રિય બન્યું. સમગ્ર ભારતમાં આ વિષયમાં વૈજ્ઞાનિક અભિગમ ધરાવતું આ પ્રથમ પુસ્તક છે. તેમનો હેતુ અણીશુદ્ધ રાષ્ટ્રવાદી અને ભાવિ પેઢીના હિતમાં છે.

આ પુસ્તકમાં લેખકની આક્રોશ અને ઝનુન વગરની તર્કબદ્ધ દલીલો ખૂબ ગમી જાય તેવી છે. તેમની સરળતા, સાદાઈ અને વિનમ્રતા સ્પર્શી જાય તેવાં છે. આ નાનકડું પુસ્તક વાંચવા, વસાવવા અને વિચારવા જેવું છે.

x x x

પુસ્તકનું નામ : **ટૉઈલેટની દુનિયા**
સંપાદક : **ડંકેશ ઓઝા**
પ્રકાશક : નાસા ફાઉન્ડેશન, સહયોગ બિલ્ડીંગ, દિનબાઈ ટાવર સામે, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૦૭૯-૨૫૫૦૩૯૯૬
મૂલ્ય-રૂા. ૪૦/-, પાના ૬૨, આવૃત્તિ-પ્રથમ, ૨૦૦૯.

નાસા ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત આ નાનકડી પુસ્તિકા વર્તમાન યુગની પ્રજાને શૌચાલય-સંડાસ વિશે વિચારતા કરી દે તેવી છે.

(વધુ માટે જુઓ પાનું ૨૪)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month ● Regd. No. MH/ MR/ SOUTH-146 / 2009-11



## વૈકુંઠ દૂર નથી

*અરર બાલુડા, બાપડા અહો,*
*જનની આ હવે સ્વર્ગમાં જતી.*
*રમકડું આ હવે હાથથી જતું,*
*જનની આ હવે સ્વર્ગમાં જતી.*

મારી ઉંમર પાંચ વર્ષ કરતાં પણ નાની હતી. મારા મોટાભાઈ તેની બીજા ધોરણની ગુજરાતી વાંચનમાળામાંથી જ્યારે જ્યારે આ કવિતા વાંચતા-ગાતા ત્યારે ત્યારે હું એ સાંભળતો હતો. માતાના અકાળ મૃત્યુ પછી નાના બાળકની અસહાય પરિસ્થિતિ અને લાચારીનું વર્ણન એ કવિતામાં હતું. મને એ પણ યાદ છે કે મારા માતા-પિતાએ અમને બન્ને ભાઈઓને પાસે બેસાડીને આ કવિતાનો અર્થ સમજાવ્યો હતો ત્યારે લાગણીના આવેશમાં હું મારી માતાને બાઝી પડ્યો અને રડી પડ્યો હતો.

એ ઉંમરે હું હજુ વાંચતા-લખતા પણ શીખ્યો ન હતો. મૃત્યુ શું છે તેનો મને પ્રથમ અહેસાસ કદાચ આ કવિતાથી થયો હશે. માતાના મૃત્યુની અને તેની ચિર વિદાયની કલ્પનાથી જ હું ધ્રુજી ગયો હતો.

બાળકનું જીવન માથી શરૂ થાય છે અને તેનું અસ્તિત્વ માની મમતામાં સમાઈ જાય છે.નાનું બાળક તેનો પૂરો આધાર મા ઉપર રાખે છે. તેની બધી જ શારીરિક અને માનસિક જરૂરિયાતો મા પૂરી પાડતી હોય છે. તે ઉપરાંત તેની લાગણીઓ અને ભાવજગત ઉપર પણ માનો પૂરો પ્રભાવ હોય છે. એટલે બાળકનું મા સાથેનું જોડાણ પ્રબળ હોય છે. જન્મની સાથે ભલે નાભિનાળનું બંધન કપાઈ ગયું હોય, પરંતુ તેનું મા સાથેનું હૃદયનું બંધન મજબૂત હોય છે. એ કુમળી વયે બાળક મા વગરની દુનિયાનો સ્વીકાર કરી શકતો નથી. એટલે એ નાની વયે પણ એ કવિતાની મારી ઉપર ઊંડી છાપ પડી હતી. માતા ગુમાવી હોય તેવા બાળકની લાચારી, નિઃસહાયતા અને એકલતાની છબી મારા માનસપટ ઉપર અંકિત થઈ ગઈ હતી. એવા બાળક માટે સહાનુભૂતિ અને હમદર્દી મારા હૃદયના ખૂણામાં હંમેશાં રહે છે.

હું બાર વર્ષનો હતો ત્યારે ગુજરાતી વાંચનમાળામાં 'નામ વગરનું સ્ટેશન' શીર્ષકની એક વાર્તા હતી. તેમાં એક બાળકની તેની મા માટે અને સ્નેહભરી હૂંફ માટેની તીવ્ર ઝંખનાની વાર્તા હતી. તે બાળકની નાનકડી દુનિયા અને અબોધ નિર્દોષતાએ મારી લાગણીમાં ફરી એક વાર ઝણઝણાટી ફેલાવી દીધી હતી. તે વાર્તાનો સારાંશ નીચે પ્રમાણે છે.

મુંબઈના ધોરી માર્ગ ઉપર એક ટ્રામ સરકતી ચાલી જતી હતી. બપોર પછીનો સમય હતો. ટ્રામ મુસાફરોથી ઠીક ઠીક ભરેલી હતી. સ્ટેશન આવે એટલે કંડક્ટર દોરી ખેંચીને ઘંટડી વગાડતો અને સ્ટેશનના નામની બૂમ પાડતો. દરેક સ્ટેશને મુસાફરોની ચડ-ઉતર થતી હતી. કંડક્ટર ચડતા-ઉતરતા મુસાફરો ઉપર નજર રાખતો હતો અને સાથે સાથે ટિકિટ કાપતો હતો.

ટ્રામની આગળની એક બેઠકમાં એક સારા ઘરની મહિલા અને લગભગ પાંચ વર્ષનો એક બાળક બેઠા હતા. જ્યારે એ મહિલાએ પૈસા આપ્યા ત્યારે, નાના બાળકની ટિકિટ ન લાગતી હોવાથી, કંડક્ટરે એ મહિલાની જ ટિકિટ કાપી હતી.

## પંથે પંથે પાથેય...

❑ હર્ષદ દોશી

એ બાળક તેની ઉંમરના પ્રમાણમાં ઘણો જ શાંત હતો અને સ્થિરતાથી બેઠો હતો. તેનામાં બાળસહજ ચંચળતાને બદલે ગંભીરતા દેખાતી હતી. ટ્રામ ઊભી રહે એટલે તેની નજર દરવાજા તરફ ફરતી. કંડક્ટર સ્ટેશનનું નામ બોલે એટલે તે પાછો પોતાની બેઠકમાં સ્થિર થઈ જતો હતો.

છેલ્લું સ્ટેશન આવ્યું એટલે બધા મુસાફરો ટ્રામમાંથી ઉતરવા લાગ્યા. કંડક્ટરે જોયું કે એ મહિલા ઉતરવા માટે ઊભી થઈ હતી, પણ બાળક તેની સીટ પર બેસી રહ્યો હતો. મહિલા ચાલવા લાગી એટલે કંડક્ટરે તેનું ધ્યાન બાળક તરફ દોર્યું. મહિલાએ આશ્ચર્યથી જણાવ્યું, 'એ બાળક મારું નથી!'

કંડક્ટર અને એ મહિલા વચ્ચેની વાત સાંભળતાં જ આસપાસના મુસાફરો ઊભા રહી ગયા. તેઓ સમજી ગયા કે બાળક એકલો મુસાફરી કરી રહ્યો હતો અને તેના ખોવાઈ જવાનો ભય હતો.

કંડક્ટરે બાળકને પૂછ્યું: 'તું કોની સાથે આવ્યો છો? તારે ક્યાં જવું છે?'

બાળકની મૂંઝવણ જોઈને એક સજ્જને તેને હિંમત આપી અને ધીરેથી પૂછ્યું કે તે ક્યાં જવા ઇચ્છતો હતો અને શા માટે ટ્રામમાં ચડ્યો હતો.

બાળકે કહ્યું, 'મારી મા સ્વર્ગે ગઈ છે. ઘણાં દિવસો થઈ ગયા છે, પણ તે હજુ પાછી નથી આવી. તેને મળવા અને ઘેર પાછી લાવવા માટે મારે સ્વર્ગમાં જવું છે. સ્વર્ગમાં જવા માટે ટ્રામના ક્યા સ્ટેશને ઉતરવું જોઈએ એ મને ખબર નથી. સ્વર્ગનું સ્ટેશન આવે એટલે મને જણાવશો?'

બાળકનો જવાબ સાંભળીને કંડક્ટર મૂંઝાઈ ગયો. 'સ્વર્ગનું કોઈ સ્ટેશન નથી,' એટલું બોલીને તે અટકી ગયો.

એ બાળકના અવાજમાં રહેલી આતુરતા અને નિર્દોષતા જોઈને એ મહિલાએ તરત જ તેને તેડી લીધો. બીજા મુસાફરોને તેણે કહ્યું, 'આ બાળકને સલામતી સાથે તેને ઘેર પહોંચાડવાની મારી જવાબદારી છે.'

તેણે બાળકનું માથું પોતાના ખભા ઉપર હળવેકથી ઢાળી, તેની પીઠ હેતથી પંપાળી અને તેને વહાલથી બચી ભરી. બાળકને વિશ્વાસ આપતા તેણે કહ્યું, 'તું મારી સાથે ચાલ. તારી માએ મને કહ્યું છે કે તું મોટો થઈશ પછી તે સ્વર્ગથી તને મળવા પાછી આવશે. ત્યાં સુધી મારે તારું ધ્યાન રાખવાનું છે.'

એ બાળક પણ મા પાછી મળતી હોય એ રીતે એકીટશે એ મહિલા સામે તાકી રહ્યો.

એ મહિલા અને બાળક, બન્નેના ચહેરા ઉપર સંતોષ અને આનંદ લહેર ફરી વળી. એ જોઈને એક મુસાફર ગદગદિત થઈને બોલી ઊઠ્યો, 'સાચે જ સ્વર્ગના સ્ટેશનનું કોઈ નામ નથી. तदूरे तद्वन्तिके. સ્વર્ગ ઘણું દૂર છે, છતાં ઘણું નજીક પણ છે. તે અહીં જ છે, આપણી પાસે જ છે.'

બાળકને પોતાના પાલવમાં સમેટી, એ મહિલા ટ્રામમાંથી હળવેકથી ઉતરી ત્યારે કંડક્ટરની સાથે ઘણાં મુસાફરોની આંખના ખૂણામાં મોતી જેવા આંસુના બુંદ ચમકી રહ્યા હતા.

એ કંડક્ટરે કે ઘણા મુસાફરોએ કદાચ ઉપનિષદનો 'तदूरे तद्वन्तिके' શ્લોક ક્યારે પણ સાંભળ્યો નહીં હોય. પણ એ ક્ષણે વૈકુંઠ આપણા હૃદયમાં જ સમાયેલું છે એવો અનુભવ દરેકને થયો હતો. કોઈએ કહ્યું છે કે, 'પૃથ્વી ઉપર ઇશ્વરને મેળવવો હોય તો માના હૃદયમાં ડોકિયું કરો' એ ખરેખર સાર્થક છે.

✷ ✷ ✷

જૈન એકાડમી, ૩૨, ચિત્તરંજન એવન્યુ, કોલકાતા-૭૦૦ ૦૧૨. ટેલિફોન : (૦૩૩) ૨૨૧૨૦૨૦૧. ઘર : (૦૩૩) ૨૪૭૫૩૯૭૧.
Mobile : 098305 64421.

Printed & Published by Niruben S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

# પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૬૯ અંક : ૮ મુંબઈ, ઑગસ્ટ ૨૦૦૯ પાના : ૩૬ કીમત રૂપિયા દસ


## પર્વાધિરાજ પર્યુષણ પર્વ વિશેષાંક

### જિન-વચન

#### જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ

नाणेण जाणई भावे दंसणेण य सद्दहे ।
चरित्तेण न गिण्हाई तवेण परिसुज्जई ।।

–उत्तराध्ययन– २८-३५

મનુષ્ય જ્ઞાનથી પદાર્થને જાણે છે, દર્શનથી શ્રદ્ધા રાખે છે, ચારિત્રથી નિગ્રહ કરે છે અને તપથી પરિશુદ્ધ થાય છે.

मनुष्य ज्ञान से पदार्थों को जानता है, दर्शन से श्रद्धा करता है, चारित्र से निग्रह करता है और तप से परिशुद्ध होता है।

One knows the nature of substances through Knowledge, keeps faith in them by right Darshan, develops self-control by right Conduct and purifies the soul by Penance.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

# આચમન

## ક્રોધના કારણે

પરિવ્રાજિક ફરતો ફરતો એક નગરમાં આવી ચડ્યો. ત્યાં ચિંતામાં ડૂબેલા એક ગરીબ આદમીને જોઈને એણે પૂછ્યું, 'આપ આમ શા માટે ચિંતાતુર થઈને બેઠા છો?'

પેલો આદમી બોલ્યો, 'હું અત્યંત ગરીબ છું. મારા કુટુંબનું ભરણપોષણ કરવા અશક્તિમાન છું. રાત-દિવસ હું તે અંગે ચિંતા કરું છું.'

પરિવ્રાજિક બોલ્યો, 'ગભરા નહીં, તને હું ધનવાન બનાવી દઈશ, પણ તારે હું કહું ત્યાં જવું પડશે અને જે કરવાનું કહું તે કરવાનું રહેશે.'

પેલી વ્યક્તિએ તે કબૂલ્યું અને તેઓ બંને ત્યાંથી ચાલી નીકળ્યા.

પરિવ્રાજિક એને પર્વતની હરિયાળી પર લઈ ગયો અને કહ્યું, 'જો જે લોકો ટાઢ, તડકો, ઠંડી, ગરમી વગેરે એવી કોઈ બાબતની પરવા કરતા નથી, ભૂખ અને તરસ સહન કરી શકે છે, બ્રહ્મચર્ય પાળે છે, પત્ર-પુષ્પ-ફળનો આહાર કરે છે અને મનમાં કલેશ રાખતા નથી, તેવા લોકોને સુવર્ણરસની પ્રાપ્તિ થાય છે. આ એને પ્રાપ્ત કરવાની રીત છે. છે તારી તૈયારી?'

પેલા દરિદ્રે પરિવ્રાજિકે બતાવેલ વિધિ વડે સુવર્ણરસની પ્રાપ્તિ કરી લીધી.

સુવર્ણરસ લઈને બંને પાછા જવા લાગ્યા. ત્યારે પેલા પરિવ્રાજિકે કહ્યું, 'જો ગમે તે વ્યક્તિ તને ગુસ્સે કરે તોપણ ગુસ્સોકરતો નહીં અને આ સુવર્ણરસનો ત્યાગ કરતો નહીં.'

પેલા ગરીબે પણ હવે તેમ કરવાનું કબૂલ્યું. હવે તે ધનવાન થયો હતો. અહેસાનમંદ હતો એ.

પછી પરિવ્રાજિક માર્ગમાં ચાલતાં ચાલતાં વારંવાર કહેવા લાગ્યો: 'ધ્યાન રાખ, તું મારા કારણે ધનવાન થયો છે?'

વળી થોડી વાર થઈ કે પરિવ્રાજિકે ઉપરોક્ત વચનનું પુનરાવર્તન કર્યું.

વળી થોડી વારે પરિવ્રાજિકે એનું એ જ પુનરાવર્તન કર્યું.

આ સાંભળીને પેલાએ ગુસ્સે થઈને કહ્યું,

'જો તમારા પ્રભાવથી હું ધનવાન બન્યો હોઉં તો એવા ધનવાનપણાને હું લાત મારું છું.'

આમ કહીને એણે પેલો અમૂલ્ય સુવર્ણરસ જમીન પર ઢોળી નાંખ્યો.

અને પરિવ્રાજિક બરાડી ઊઠ્યો:

'અરે દુષ્ટ, તેં આ શું કર્યું? જે સુવર્ણરસ કઠિન શ્રમે પ્રાપ્ત કર્યો હતો, તેને ક્ષણભરના ગુસ્સામાં ઢોળી નાંખ્યો. હવે તારે જ પસ્તાવું પડશે!'

ક્રોધના કારણે ઘણું નુકસાન થાય છે.

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | અમારા તારાબેન | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | પર્યુષણ પર્વ' | ડૉ. રમણલાલ ચી.શાહ | ૭ |
| (૩) | 'અપરિગ્રહવ્રત' | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૩ |
| (૪) | દસવિધ યતિધર્મો : ક્ષમાથી બ્રહ્મચર્ય–સાધકની ઉર્ધ્વગતિની યાત્રા | ડૉ. અભય દોશી | ૧૩ |
| (૫) | ભગવાન મહાવીરનું અર્થશાસ્ત્ર | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૧૬ |
| (૬) | યોગીરાજ શ્રી ચિદાનંદજી: શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન | શ્રી સુમનભાઈ એમ. શાહ | ૧૯ |
| (૭) | શ્રી જૈન સાહિત્ય : એક છબી | પ.પૂ. આ.શ્રી પ્રેમપ્રભ સાગરસુરીશ્વરજી | ૨૧ |
| (૬) | જયભિખ્ખુ જીવનધારા-૯ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૫ |
| (૭) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૧૦ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૮ |
| (૮) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૩૩ |
| (૧૦) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૪ |
| (૧૧) | પંથે પંથે પાથેય... | શ્રી ગુણવંત બરવાળિયા-ગાંગજી શેઠિયા | ૩૫ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/**–(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/**–(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/**–(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/**–(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/**–(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : shrimjys@gmail.com

❑ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૮ ● ઑગસ્ટ, ૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૫ ● વીર સંવત ૨૫૩૫ ● શ્રાવણ વદિ – તિથિ૧૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## અમારા તારાબેન

માતા–ભગિની, પરમ પાવનકારી 'શ્રાવિકા'
કલ્યાણિની! ગૃહિણી, ઓ! પ્રભુ પ્રેમી આર્યા!
'અમારા' કુળમાં, બીજે, જ્યાં હો ત્યાં ત્યાં; ઓ તપસ્વિની!
નમો-નમો, મહાદેવી! ઓમ નમો, કુલ યોગિની.

–કવિ ન્હાનાલાલ

અમારા તારાબેન હવે વિશ્વના અણુ અણુને સમર્પાઈ ગયા! દેહથી છૂટીને એ એક આત્માએ પરમતત્ત્વ તરફ ગતિ કરી. તા. ૧૨ જુલાઈના પરોઢિયે.

તે દિવસે સવારે લગભગ અગિયાર વાગે જ્યારે હું પૂ. તારાબેનના અચેતન દેહના દર્શન કરવા એમના મુલુંડ સ્થિત 'ત્રિદેવ' નિવાસ સ્થાને પહોંચ્યો ત્યારે બહાર પરસાળમાં અમારા વિદ્વાન પૂજ્યજન ગુલાબભાઈ પ્રથમ મળ્યાં, લગભગ ૮૦ ની આસપાસના એ સ્વજનની આંખોમાંચોધાર આંસુ હતાં. મને કહે, 'અસામાન્ય એવા આપણા આ સ્વજન સામાન્ય બનીને જીવ્યા. કૃષ્ણમૂર્તિએ કહ્યું છે કે, અસામાન્યની કક્ષાએ પહોંચી સામાન્ય બનીને રહેવું, જીવવું બહુ કપરું હોય છે. પણ આપણા તારાબેને એ શક્ય કરી બતાવ્યું' અસામાન્ય વ્યક્તિ હોવા છતાં સામાન્ય રીતે જીવવું એજ અસામાન્ય વ્યક્તિત્વની છૂપી ઓળખ. તારાબેન નીચે વસીને જીવનની ઊંચાઈ પામી ગયા.

**આ અંકના સૌજન્યદાતા :**
**શ્રીમતી શૈલાબેન હરેશભાઈ મહેતા**
ઑનવર્ડ ફાઉન્ડેશન
**સ્મૃતિ : સ્વ. નલિનીબેન મનહરલાલ દોશી**

નીચે એક ખૂણે તારાબેનના આત્મસગાઈના ભાઈ ઉત્તમ શ્રાવક અને સમાજ સેવક મહેન્દ્રભાઈ મળ્યા. કુદરત સંકેતે ત્રણેક દિવસ પહેલાં જ એઓ અમેરિકાથી આવી ગયા હતા. એમના અંતરની અપાર વેદના કોઈ પણ વાંચી શકે એવા આ સરળ સ્નેહીજને એક જ વાક્યમાં વેદના વહાવી: 'પચાસ વરસનો અમારો અલૌકિક સંબંધ બસ એક જ ક્ષણમાં પૂરો! બહેનનો રોજ સંભળાતો અવાજ હવે માત્ર સ્મૃતિમાં રહેશે!' સ્મરણ કરવું એય છે એક લ્હાણું!! તારાબેનના કુટુંબમાં મહેન્દ્રભાઈ અને આશાબહેન મામા–મામીના આદરણીય સ્થાને બિરાજમાન અને એ રીતે રમણભાઈ-તારાબેનના કુટુંબમાંઆ યુગલની ઉપસ્થિતિમાં જ બધાં વ્યવહારિક પ્રસંગો પણ ઉજવાય એવા એ કુટુંબીજન જ.

બે દિવસ પછી પરમ સ્નેહી સાધક શ્રી બિપિનભાઈ જૈનનો ફોન આવ્યો. અપાર વેદના સાથે એક જ વાક્ય 'આપણા રમણભાઈ ગયા પછી તારાબેન આપણો આશરો હતા, એ પણ ગયા!! આપણો આ ખાલીપો નહિ જ પૂરાય. અમને ધરમપુર આશ્રમમાં આ દુઃખદ સમાચાર મળ્યા ત્યારે બધાં સ્તબ્ધ થઈ ગયા.' આત્મ મર્મજ્ઞ સાધક ડૉ. રાકેશભાઈ ઝવેરી અને સર્વ સાધક મુમુક્ષુશ્રીઓ તારાબેનને બાના સંબોધનથી હૃદય સન્માન આપે. ડૉ. રાકેશભાઈની અમૂલ્ય થિસીસ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ના ડૉ. રમણભાઈ યુનિવર્સિટીના નિયમે માર્ગદર્શક હતા. એ સંબંધે અને તારાબેનની જ્ઞાનપિપાસાને કારણે પૂ. રમણભાઈના દેહ વિસર્જન પછી પૂ. તારાબેન માટે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુર, જાણે એમનું બીજું પિયર બની ગયેલ. રમણભાઈના અસહ્ય વિયોગનો એ આશ્રમમાં જાણે મોક્ષ થઈ ગયો!

સ્વસુર પક્ષે તારાબેનના લગભગ ૧૦૦ થી વધારે કુટુંબીજનો, પણ પોતાના ઉમદા શ્રાવિકા જીવનને કારણે આત્મ સ્નેહીઓ અનેક. તારાબેન એક વખત એકને મળે, એટલે જીવનભર એ વ્યક્તિ એમના

આત્મ સંબંધમાં ઓગળી જાય. પરિચયની એક ક્ષણ ચિરંજીવ ક્ષણ બની જાય.

મારા ઉપર તારાબેનની અપ્રતિમ પ્રીતિ. મારું એ અહોભાગ્ય. અમારો પહેલો સંબંધ અધ્યાપનને કારણે. લગભગ ચાલીશેક વર્ષ પહેલાં પૂ. રમણભાઈ મુંબઈ યુનિ.ના ગુજરાતી અધ્યાપકોનું સંમેલન યોજતા, ત્યારે અમારે મળવાનું થાય. એ દંપતી ચોપાટી–વાલકેશ્વર રહે, અમારું અધ્યાપન સંમેલન લગભગ પશ્ચિમના પરામાં જ યોજાય. હું વરલી રહું, એટલે મને ઉતારીને જ એ દંપતી આગળ વધે. સફર દરમિયાન અનેક પ્રશ્નો તારાબેન મને પૂછે, વાત વાતમાં મારી એકાદ સમસ્યા જાણી લે અને છૂટા પડતી વખતે તારાબહેન કહે ''આવતે વરસે આપણે મળીશું ત્યારે આ સમસ્યા નહિ હોય, અને તમે મને સારા સમાચાર આપશો.'' આવું મારી સાથે ચાર વખત બન્યું અને દરેક સમયે એમની વાણી ફળતી અનુભવી છે. એટલે હું મારા અંગત અનુભવે તારાબેનને વચનસિદ્ધા કહેતો. વારે વારે મને કહે 'ઉદ્યોગમાં ખપ પૂરતું જ ધ્યાન આપો, અધ્યાપન અને અભ્યાસને વધુ મહત્ત્વ આપો, એજ સાચું છે અને એજ આપણને તારશે.' આ રીતે મને સ્વાધ્યાય માર્ગે પ્રોત્સાહિત કરતા.

એક સમયે એક પ્રાધ્યાપિકા બહેન પોતાના ભાઈના લગ્નની કંકોત્રી લઈ પૂ. રમણભાઈ–તારાબેનને નિમંત્રણ આપવા ગયા. એ પ્રાધ્યાપિકા બહેનને શુભેચ્છા આપી તારાબેન અંદર પોતાની રૂમમાં લઈ ગયા, કબાટ ખોલી કહ્યું, 'આમાંથી જે સાડી-સેલા, દાગીના જોઈએ તે ભાઈના લગ્ન માટે ઉપયોગ કરવા લઈ જાવ..!!'

પૂ. રમણભાઈના ગયા પછી આ સંસ્થાની કેટલીક જવાબદારી સ્વીકારવા માટે અમારી સંસ્થાના સર્વ સભ્યોએ મને આજ્ઞા કરી. જ્યારે જ્યારે હું ઢીલો પડું ત્યારે પૂ. તારાબહેન જ મને સતત હિંમત અને માર્ગદર્શન આપે. રમણભાઈના દેહ વિલય પછી રમણભાઈના વિપુલ સાહિત્યમાંથી સાત સાહિત્ય ગ્રંથો તૈયાર કરવાનું વિરાટ કાર્ય અમે આરંભ્યું. આ વિરાટ કાર્ય માત્ર એક જ વર્ષમાં પૂરું થયું એ પૂ. તારાબેનને કારણે જ. પૂ. રમણભાઈની શ્રદ્ધાંજલિ સભા પછી પોતાના શોકને ઓગાળી તારાબેન આ ગ્રંથો માટે એટલા પરિશ્રમી બની ગયા કે મને તો નારી શક્તિનું એમાં અદ્‌ભૂત દર્શન દૃશ્યમાન થયું!

છેલ્લા છ મહિના એમણે અસહ્ય શારીરિક વેદના અનુભવી, પણ મનથી પૂરા સ્વસ્થ. એ પરિસ્થિતિમાં પણ મને ફોન કરે જ, રૂબરૂ મળવા આવવાની સ્પષ્ટ ના કહે, કહે કે 'તમારે ઘણાં કામ હોય, અહીં થાણા સુધી આવી સમયનો આવો ઉપયોગ ન કરો. ફોન ઉપર વાત કરું જ છું ને?' છેલ્લે છેલ્લે લગભગ આઠ દિવસ પહેલાં જ રમણભાઈના અપ્રગટ બે પુસ્તકો 'નમો તિત્થસ્સ' અને 'શાશ્વત નમસ્કાર મંત્ર' અને તારાબેને પોતે લખેલ 'પ્રબુદ્ધ ચરણ'ની હસ્તપ્રત મને મોકલી. યોગ્ય સૂચનાઓ આપી. કાળ સાથ આપશે તો આ ત્રણે પુસ્તકો પર્યુષણ વ્યાખ્યાન-માળામાં પ્રકાશિત કરવાની ભાવના છે.

આયુષ્યના ૮૦ વર્ષમાં પૂ. તારાબેને સતત ૩૭ વર્ષ સુધી મુંબઈની સોફિયા કૉલેજને ગુજરાતીના અધ્યાપક તરીકે પોતાની વિદ્વદ્ સેવા આપી. ઉત્તમ પ્રાધ્યાપિકા, સ્પષ્ટ અને પ્રભાવિત વક્તા, અત્યાર સુધી દેશ પરદેશમાં વિવિધ વિષયો ઉપર એમણે ૫૦ થી વધુ વ્યાખ્યાનો આપ્યા હશે. એમનું વક્તવ્ય માત્ર પ્રભાવિત જ નહિ, પણ ગંગાની ધારા જેવું વાણીપાવિત્ર્ય અને અસ્ખલિત, સરળ, સુલભ અને ગળ્યા શીરાની જેમ ગળે ઉતરી જાય એવું હૃદયસ્પર્શી. ન્યૂયોર્ક સ્થિત મારા વિદ્વાન મિત્ર કાંતિભાઈ મેપાણી મને ફોનમાં તારાબેનના વક્તવ્યની પ્રસંશા તો કરે જ, પણ તારાબેને શું, શું, શી, શી રીતે કહ્યું એ બધું બીજા વક્તવ્ય જેવું વિગતે કહે. આવી હતી તારાબેનની પ્રતિભા.

સાહિત્ય ક્ષેત્રે, 'સાહિત્ય અને છંદ–અલંકાર'–ભાગ–૧–૨, 'સંસ્કૃત નાટકોની કથા', 'શ્રીમદ્ રાજચંદ્ર', 'સામાયિક સૂત્ર', 'વજ્ર સ્વામી', 'આપણા તીર્થંકરો' અને હવે પ્રકાશિત થનાર 'પ્રબુદ્ધ ચરણો' એમ લગભગ ૧૫ પુસ્તકોનું એમનું અમૂલ્ય સર્જન.

તારાબેનનો આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથેનો અસ્ખલિત સંબંધ એમની ત્રણ પેઢી સાથેનો. તારાબેનના પિતા પૂ. દીપચંદભાઈ આ સંસ્થાના લગભગ પાંચ દાયકા પહેલાં માનદ્ મંત્રી હતા. આ સંસ્થાની આજની ઉજળી ઈમારતના એઓ પાયાના પથ્થર હતા. પતિ રમણભાઈની પણ પાંચ દાયકાથી વિશેષની આ સંસ્થા પ્રત્યેની સેવા. કારોબારીના સભ્ય, સંસ્થા અને વ્યાખ્યાનમાળાના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકેની એઓશ્રીની અમૂલ્ય સેવા. આ સમય દરમિયાન તેમજ પૂ. રમણભાઈના દેહ વિલય પછી પોતાના અંતિમ શ્વાસ સુધી તારાબેન આ સંસ્થા સાથે, કારોબારીના સભ્ય, વક્તા, લેખક અને માર્ગદર્શક તરીકે પોતાના પૂરા શ્વાસથી આ સંસ્થાની પળેપળમાં ધબકતા રહ્યા અને એમની વિદૂષી પુત્રી શૈલજા તો પોતાની ૧૬ વર્ષની ઊંમરે જ સંસ્કૃત ભાષામાં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વક્તવ્ય આપ્યું ત્યારથી આજ સુધી પોતાનું વિદ્વતાભર્યું વક્તવ્ય આપી રહ્યા છે અને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિમાં આજે પણ સક્રિય રહે છે.

પૂ. રમણભાઈ અને તારાબેનની વિદાયથી જાણે આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો એક યુગ પૂરો થયો.

આ યુગલે આ સંસ્થાની પ્રગતિમાં પોતાના જીવનની અમૂલ્ય પળો આપી છે તન, મન, ધનથી. અંતરિક્ષમાંથી આ દંપતીના આશીર્વાદ અને પ્રેરણા સદાકાળ આ સંસ્થાને મળતા રહેશે એવી શ્રદ્ધા છે.

પૂ. રમણભાઈ અને તારાબેનનું દામ્પત્ય રામ–સીતા જેવું આદર્શ દામ્પત્ય. જીવનના બધાં શુભ અને સંપનો સરવાળો આ દામ્પત્યમાં દેખાય. એક શાંત, સ્વસ્થ અને વિદ્યામય તેમજ મંગળમય જીવન અને એમાંથી પાંગરેલું કિલ્લોલ કરતું કુટુંબ ઉદ્યાન. પુત્રી શૈલજા અને જમાઈ ચેતનભાઈ, દોહિત્રો ગાર્ગી અને કૈવલ્ય, અમેરિકા સ્થિત પુત્ર અમિતાભ અને પુત્રવધૂ સુરભિ તેમ જ પૌત્ર-પૌત્રી અર્ચિત અને

અચિરા. બધાં જ તેજસ્વી કારકિર્દીભર્યા.

જૈન સાહિત્ય સમારોહના પ્રસંગે રમણભાઈ ને તારાબેન સાથે અમારે વિવિધ સ્થળે જવાનું થાય. ત્યાં અમને બધાંને આ દંપતીની અપાર હુંફ મળે, માર્ગદર્શન મળે, અને અવિસ્મરણીય જ્ઞાનચર્ચા પણ થાય. બન્નેના દામ્પત્યમાં સંપૂર્ણ સંવાદિતા. ક્યારેક ચાલતા ચાલતા અમે અને રમણભાઈ થોડા આગળ નીકળી જઈએ તો તારાબેનનો મીઠો અને મંદ 'ટહુકો' રમણભાઈ માટે સંભળાય, '...શાહ...' તારાબેન રમણભાઈને આ ટહુકાથી સંબોધે.

લગભગ દશેક વર્ષ પહેલાં તારાબેનને ઘૂંટણની તકલીફ થઈ હતી. ચાલવામાં લાકડી તો રાખે પણ તોય મુશ્કેલી પડે. એક વખત અમે બધાં સમૂહમાં ભોજનશાળામાં જમવા બેઠા હતા. જમીને પછી બધાં પોતપોતાની થાળી ઉપાડી યથાસ્થાને મૂકી આવે એવો અમારા સર્વેનો નિયમ. એક વખત અમે બધાં જમીને ઊભા થઈએ એ પહેલાં રમણભાઈ જમીને ઊભા થયા. થોડી ઉતાવળથી પોતાની થાળી લઈ મૂકી આવ્યા અને તરત પાછા આવી તારાબેનની થાળી અમે બધાં ઊભા થઈને એ સેવાનો લાભ લઈએ પહેલાં થોડી વધુ ઝડપથી રમણભાઈ તારાબેન પાસે ગયા. તારાબેને જમી લીધેલી, જેમાં તારાબેને હાથ પણ ધોયા હતા, એ થાળી ઉપાડીને રમણભાઈ એ થાળી યથાસ્થાને મૂકી આવ્યા. અમે બધાંએ રમણભાઈ સામે જોયું, સાહેબની આંખમાં કૃતાર્થતાનો સંતોષ અને એમના હસમુખા સ્વભાવ પ્રમાણે હોઠોમાં થોડી મંગળ મજાક! અમે બધાં દંગ થઈ ગયા. એ સમયનું તારાબેનના મુખ ઉપરનું શરમ સંકોચ અને દામ્પત્ય સંતોષ ભક્તિનું સ્મિત મેં જોયું એ અદ્ભુત હતું. હું ચિત્રકાર હોઉં તો એ અવિસ્મરણિય 'સ્મિત'ને કેનવાસ ઉપર જીવંત કરી શકું. દામ્પત્યના અનેક મંગળ ભાવો દર્શકને એમાંથી પ્રાપ્ત થાય.

ત્રેપન વર્ષનું આવું મંગળ દામ્પત્ય દેહથી ખંડિત થાય પછી રહી ગયેલાની વેદના કેવી હોય!! પરંતુ તારાબેને એ શોકને શ્લોકત્વનું સ્વરૂપ આપ્યું.

૧૬ જાન્યુઆરી ૨૦૦૬ના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં રમણભાઈને શ્રદ્ધાંજલિ અર્પતો પ્રગટ થયેલો તારાબેનનો લેખ त्वमेव भर्ता न च विप्रयोग:ના કેટલાંક પરિચ્છેદો અહીં વાચકના ભાવ ચક્ષુ પાસે પ્રસ્તુત કરું છું :

''સંસ્કૃતના સમર્થ નાટકકાર ભવભૂતિના 'ઉત્તરરામચરિત' નાટક'માં સીતાએ રામ માટે આ શબ્દો ઉચ્ચાર્યા :

भूयो यथा मे जन्मान्तरेषु

त्वमेव भर्ता न च विप्रयोग:

'જન્મજન્માન્તરમાં તમે જ મારા પતિ હો, આપણો કદીય વિયોગ ન થાવ.' રામ પ્રત્યે સીતાનું કેટલું ઉન્નત વલણ! ત્યારે મને અઢળક સ્નેહ, સુખ અને શાંતિ આપનાર મારા પતિ ડૉ. રમણભાઈને આ શબ્દો હું કહી ન શકું? બાહ્ય દૃષ્ટિએ સત્ય હકીકત છે કે ખરેખર વિયોગ છે. છતાં અદૃશ્યપણે તેમના તરફથી હામ, હૂંફ અને અનન્ય આધારનો અનુભવ મને થઈ રહ્યો છે.

ત્રેપન વર્ષનું અમારું લગ્નજીવન–લીલીછમ હરિયાળી સમું હર્યુંભર્યું, કોઈ ગૂંચ કે ગ્રંથિ વિનાનું, સમથળ પ્રવાહે વહેતું હતું. વિદ્યાર્થીપ્રિય અધ્યાપક તરીકે, એન.સી.સી.ના ઑફિસર તરીકે, સમાજસેવક તરીકે, લેખક તરીકે, ભક્ત તરીકે, સાધક તરીકે કે બાળકોથી વીંટળાયેલા દાદાજી તરીકે, મને તેમનાં દરેક સ્વરૂપ ગમ્યાં છે. સૂઝપૂર્વક અને ત્વરાથી કામ કરવાની તેમની શક્તિને હું ભક્તિભાવથી બિરદાવતી રહી છું.

છેલ્લાં કેટલાંક વર્ષોથી અમે વિચાર્યું કે આપણે બન્નેએ સંસારમાં રહ્યાં છતાં ગૃહસ્થ કરતાં યાત્રિકની જેમ જીવવું. બાહ્ય દૃષ્ટિએ કંઈ ખાસ ફરક ન દેખાય પરંતુ આંતરિક દૃષ્ટિએ ઘણો મોટો ફરક પડે. સ્થૂલ વસ્તુ છોડીને સૂક્ષ્મ તરફ જવાની, તેને પામવાની અભીપ્સા જાગે. અમારી એ ભાવના ઉત્તરોત્તર દૃઢ થતી ગઈ. અમે આંતર બાહ્ય પરિગ્રહ ઓછો કરતા ગયાં. અનન્ય શ્રદ્ધા સાથે અમારી પચાસમી લગ્નતિથિએ નાગેશ્વર ભગવાનના પવિત્ર તીર્થમાં પૂજા કરતાં અમે અપૂર્વ આનંદ અનુભવ્યો. અમારા લગ્ન સમયે અમે યજ્ઞવેદીની આસપાસ ફેરા ફર્યા હતા. ૫૦મા વર્ષે ભગવાનની ફરતે પ્રદક્ષિણા કરી કૃતાર્થતા અનુભવી. મારા પગની તકલીફને લીધે એ મને પૂજા કરવામાં ખૂબ મદદ કરતા, પૂજાનો મહિમા સમજાવતા અને મારી ધર્મભાવના દૃઢ કરતા. અમારા ૫૦ વર્ષના લગ્નજીવન નિમિત્તે ખુશાલી વ્યક્ત કરવા મારા ભાઈ મહેન્દ્રભાઈ મહેતા અને ભાભી આશાબહેને શંખેશ્વર તીર્થમાં વિકલાંગોને ખાસ કરીને પગે અપંગ લોકોને જુદા જુદા સાધનો આપવાનો કૅમ્પ કર્યો. એમનાં એ કાર્યને હું અમારું પરમ સૌભાગ્ય ગણું છું.

અમારા બન્ને વચ્ચે વિશિષ્ટ પ્રકારનો મૈત્રીભાવ હતો. એ પતિ છે માટે એમની આજ્ઞા પ્રમાણે મારે ચાલવું એવું ભાન કદી તેમણે મને કરાવ્યું નથી. સહજપણે સહર્ષ હું એમની ઈચ્છા પ્રમાણે વર્તવા ટેવાયેલી, વિના બોજે પ્રવૃત્તિ કરતી રહી. ઘણી મહત્ત્વની બાબતોમાં તો અમે એકબીજાને પૂછીને જ કામ કરીએ પણ નાની નાની બાબતોમાં પણ અમે એકબીજાની મરજી જાણતાં, એકબીજાને અનુકૂળ થતાં, નાની મોટી ભૂલોને હસીને માણતાં. એમની હાજરીથી વાતાવરણ હંમેશાં પ્રસન્ન રહેતું. હું બધી રીતે તેમના આધારે જીવવા ટેવાઈ ગયેલી. પુસ્તકોનાં નામ, શબ્દોના અર્થ અને જોડણી, વિવિધ વિષયોની વિગત વગેરે માટે એમને પૂછપરછ કરતી. હું તેમને કહેતી કે તમારી પાસેથી બધું તૈયાર મળે છે તેથી મને શબ્દકોષ જોવાની ટેવ છૂટી ગઈ છે. હું તો સાવ ઠોઠ રહીશ. ત્યારે એ કહેતા કે 'સંયોગો બધું શીખવે છે.' ''

મુંબઈના પાટકર હૉલમાં તા. ૧૬ જુલાઈના રમણભાઈના કુટુંબીજનો તરફથી યોજાયેલ શ્રદ્ધાંજલિ સભામાં અમારા વિદ્વાન મિત્ર ડૉ. ગુલાબ દેઢિયાએ તારાબેનને શ્રદ્ધાંજલિ આપતા એમના દામ્પત્ય જીવનને જે શ્રદ્ધાંજલિ અર્પી હતી એ સંવાદો પણ અહીં

અન્ય સ્થળે પ્રસ્તુત કર્યા છે.

એ સભામાં તારાબેનની દોહિત્રી ગાર્ગીએ પોતાની 'દીદા'ને–ગાર્ગી તારાબેનને 'દીદા'ના લાડભર્યા સંબોધનથી સંબોધતી–અશ્રુભીની આંખે ભાવાંજલિ અર્પી એમાં તારાબેનનું કુટુંબ વાત્સલ્ય છલકતું હતું. તારાબેનના અમેરિકા સ્થિત પુત્ર અને પુત્રવધૂ સુરભિના શબ્દોએ પોતાના જીવન પ્રસંગોથી સમગ્ર શ્રદ્ધાંજલિ સભાને સ્તબ્ધ કરી દીધી. તારાબેનને બધાં વ્હાલાં અને બધાંને તારાબેન વ્હાલા.

પ્રારંભમાં તારાબેનના પુત્રસમા જમાઈ ચેતનભાઈએ ધરમપુરથી આત્મ મર્મજ્ઞ ડૉ. પૂ. રાકેશભાઈ ઝવેરીના શ્રદ્ધાંજલિ શબ્દોનું શોકાતુર શ્રોતાઓને શ્રવણ કરાવ્યું હતું એ શબ્દો યથાતથ અહીં પ્રસ્તુત કરું છું.

શ્રીમતી તારાબેન માટે પૂ. રાકેશભાઈ ઝવેરીનો સંદેશોઃ

'આદરણીય શ્રીમતી તારાબેન રમણભાઈ શાહના દેહને ધારણ કરનારો ગુણીયલ આત્મા વિશ્વના આ ભાગમાંથી સ્થળાંતર કરી ગયો છે એ ખેદજનક છે.

એ વડીલ વત્સલ હવે પાર્થિવ રુપે આપણી વચ્ચે ઉપસ્થિત નથી તથાપિ શ્રી તીર્થંકર પરમાત્મા પ્રત્યેની ભક્તિ, વીરપ્રભુ માટેનો ભરપૂર પ્રેમ, પરિચિત અપરિચિત સર્વ કોઈ પ્રત્યે વહેતો સ્નેહ, સરળતા સભર વિદ્વતા તથા પ્રેમાળતા, સાલસતા, નમ્રતા આદિ અનેકવિધ ગુણોના પમરાટ રૂપે તેઓ સદૈવ આપણી સાથે જ છે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના થિસીસના કાર્ય દરમ્યાન આદરણીય શ્રી રમણભાઈ તથા તારાબેનનો નિકટ પરિચય થવા પામ્યો હતો. પંદર સોળ વર્ષના આ દીર્ઘ અને આત્મીય સંબંધ દરમ્યાન તેમનો પુષ્કળ સ્નેહ મને મળ્યો છે. એમનું માતા સમાન વાત્સલ્ય તથા સૌમ્ય વ્યક્તિત્વ વારંવાર સ્મૃતિમાં ઝળકે છે.

જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી હોવા સાથે તારાબેનને પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યેનો સમજણપૂર્વકનો સવિશેષ અહોભાવ વર્તતો હતો. સાયલા તથા ધરમપુર આશ્રમમાં તેઓ અવારનવાર રહેતા હતા તથા ખૂબ ઉત્સાહથી સંસ્થાના વિવિધ કાર્યોમાં જોડાતા હતા. ધરમપુરમાં તો દર વર્ષે દિવાળી મહોત્સવમાં શ્રી મહાવીર ભગવાનના ગુણગાન ગાવા તેઓ ઉપસ્થિત તેમ જ તત્પર હોય જ.

છેલ્લી માંદગીમાં એમને ઘણો વખત હૉસ્પિટલમાં રહેવું પડ્યું હતું. એ દરમ્યાન તેમને વારંવાર મળવાનું થતું અને ત્યારે એમનું આધ્યાત્મ તરફનું ઢળણ જોઈ શકાતું હતું. પોતાનો વિશેષ સમય તેઓ ભક્તિ તથા કેસેટ શ્રવણ આદિમાં ગાળતા હતા. એમની ચીરવિદાય વેળાએ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું કે એમનો આત્મા જ્યાં હોય ત્યાં સત્વરે વિતરાગ દેવ–ગુરુ–ધર્મનું શરણ પામે. મોક્ષમાર્ગમાં તેમની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે અને શીઘ્રતાએ સહજાનંદ સ્વપથમાં સ્થિર થાય.'

તારાબેનના દિવ્ય આત્માને મુંબઈ જૈન યુવક સંઘના નત મસ્તકે પ્રણામ.

**❑ ધનવંત શાહ**

# સંવાદ

આજે સાહેબ સ્વર્ગના મેઈન ગેટ પાસે ઊભા છે.

આવકારવા સામે આવ્યા છે.

'તારાબહેન, આવો આવો ! જુઓ સ્વર્ગમાં આપણે પાછા મળી ગયાં. બોલો, બોલો, કેમ છો ? લાવો તમારો હાથ.'

'શાહ, તમારા સાથ વગર ૧૩૫૨ દિવસો મારા માટે તો ૧૩૫૨ વર્ષો જેવાં કઠણ વિરહભર્યાં હતાં.'

'શું વાત કરો છો ? આપણા વિયોગને આટલો બધો કાળ વીતી ગયો ! અહો હો ! અહીં તો હજી અર્ધું નાટક પણ નથી ભજવાયું. સ્વર્ગમાં સમયની માપગણના જ નોખી હોય છે. પરંતુ એ વિરહ કાળ તમે કેવી રીતે પસાર કર્યો ? અગાઉ આપણે તો કદી અલગ અલગ રહ્યાં જ નહોતાં !'

'શાહ, સાચી વાત છે. તમે ગયા છતાં મુંબઈમાં તો તમે ગયા છો એવું કોઈને લાગતું જ નથી. સૌ તમને સંભારે છે. ત્યાં હજી તમે જીવંત છો. મારો તો એકેય શ્વાસ નહોતો જેમાં તમે ન હો. હા, મેં તમને કદી યાદ નહોતા કર્યા, કારણ કે યાદ કરવા માટે ભૂલવા તો જોઈએ ને ! તમારાં અધૂરાં પુસ્તકોનું કામ પૂરું કરી મેં નિરાંત અનુભવી છે.'

'તારાબહેન, ધન્ય ! તમે સાચું સંગિની, સહધર્મચારિણી, અર્ધાંગના, ભાર્યા અને ધર્મપત્ની પદને ઉજ્જવળ કર્યું છે ! તમારો હૂંફભર્યો, સ્નેહભર્યો અને સમજભર્યો સાથ હતો તેથી જ તો હું પ્રા. ડૉ. રમણલાલ ચી. શાહ હતો.'

'બસ, બસ, બહુ વખાણ ન કરો. ઝેવિયર્સ કૉલેજના લેક્ચર્સની ટેવ ગઈ નથી કે શું ?'

'વખાણ નથી, વાસ્તવિકતા છે તારાબહેન ! તમે મારી સમાનધર્મા સખી બનીને, ઘરરખ્ખુ ગૃહિણી બનીને, મારાં કાર્યોમાં, મારી ધર્મનિષ્ઠામાં જે પ્રાણ પૂર્યાં છે, તે કેમ વિસરી શકું ? મારું કોઈ પુણ્યાનુબંધી પુણ્ય હશે કે તમે મને મળ્યાં. તમે જ મારી ધરતી, તમે જ મારું આકાશ, તારાબહેન ! આપણે પ્રવાસી પારાવારનાં. શ્રાવિકારત્ન તમે મારાં સહાધ્યાયી.

'મારા સ્વાધ્યાયને, મારા સામાયિકને, મારી સાહિત્યસાધનાને, મારા યાત્રાપ્રવાસોને, મારી શાંતિને, મારા એકાંતને તમે જતનપૂર્વક જાળવ્યાં. તમે સરસ્વતિનાં સાચા ઉપાસિકા !

'ભારતીય સન્નારી તમને ભાવપૂર્વક વંદન !

'હૃદયપૂર્વક અભિનંદન !

'તમારા પગે થાક તો નથી લાગતો ને ? મારા માટે તો તમે ધરતી પર સ્વર્ગ રચ્યું હતું. તેથી આ સ્વર્ગ ખાસ વિશેષ નથી લાગતું. તમે 'પ્રબુદ્ધ જીવન'માં લખ્યું હતું ને, त्वमेव भर्ता न च विप्रयोगः હવે હું કહું છુંઃ त्वमेव भार्या न च विप्रयोगः'

આજે રમણભાઈ ખુશખુશાલ છે.

તારાબહેનને આવકારવા સામા આવ્યા છે.

**❑ ગુલાબ દેઢિયા**

૧૭/૨૨, આકાશગંગા, મનીષ નગર, ચાર બંગલા, અંધરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૫૩.

# પર્યુષણ પર્વ

❑ ડૉ. રમણલાલ ચી. શાહ

**પર્વારાધના**

'પર્વ' શબ્દના જુદા જુદા અર્થ થાય છે. 'પૃ' ધાતુ ઉપરથી જો 'પર્વ' શબ્દ કરવામાં આવે તો 'પૃ'ના વિવિધ અર્થ થાય છે. જેમ કેઃ (૧) ભરવું (૨) સાચવી રાખવું (૩) વૃદ્ધિ કરવી (૪) સંતુષ્ટ અને આનંદિત થવું (૫) પાર પાડવું, સામે કિનારે પહોંચાડવાનું (૬) અંતિમ લક્ષ્ય સિદ્ધ કરી આપવું.

'પર્વ' શબ્દના અર્થ થાય છેઃ (૧) ઉત્સવ (૨) ગાંઠ (૩) પગથિયું (૪) સૂર્યનું સંક્રમણ (૫) ચંદ્રની કલાની વૃદ્ધિ અનુસાર આઠમ, ચૌદસ, પૂનમ જેવી તિથિઓ.

આમ 'પર્વ' શબ્દ દિવસ અને પ્રવૃત્તિઓને આનંદથી ભરી દેવાનું સૂચન કરે છે. વળી 'પર્વ' દ્વારા વૃદ્ધિ, વિકાસ, પ્રકાશ, ઉત્તરોત્તર ઊંચે ચડવું, જે પ્રાપ્ત થવું છે તેનું સંરક્ષણ કરવું, સામે પાર અંતિમ લક્ષ્ય સુધી પહોંચી જવું વગેરે અર્થ થાય છે. એ પ્રત્યેક અર્થ 'આરાધના'ની દૃષ્ટિએ, વિશેષતઃ ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ અત્યંત સૂચક અને મહત્ત્વનો છે.

'પર્વ' શબ્દ મુખ્યત્વે ઉત્સવના અર્થમાં વપરાયો છે. ઉત્સવનો અર્થ પણ જુદા જુદા દૃષ્ટિકોણથી ઘટાવી શકાય છે. પરંતુ 'પર્વ' શબ્દ સામાન્ય રીતે ધાર્મિક ઉત્સવો માટે સવિશેષ વપરાય છે. ધાર્મિક ઉત્સવોમાં ભોગોપભોગના આનંદ કરતાં ત્યાગ, સંયમ, દાન વગેરેનો મહિમા વધારે હોય છે.

સામાજિક રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય પ્રકારના તહેવારો કરતાં ધાર્મિક ઉત્સવોનું મૂલ્ય વધુ છે, કારણ કે તે માનવજીવનને સવિશેષ બળ આપે છે. જો ધાર્મિક ઉત્સવ સાચી રીતે ઊજવવામાં આવે તો તે માનવજીવનને ઉત્કર્ષ તરફ લઈ જાય છે. ઉત્સવ એટલે જ આનંદમય ઉત્કર્ષ. એ એની સાચી વ્યાખ્યા છે. કેટલાક લોકો ધાર્મિક ઉત્સવને જુગાર, મદિરાપાન કે અન્ય પ્રકારની ભોગવિલાસની પ્રવૃત્તિઓથી વિકૃત કરી નાંખે છે તેની અહીં વાત નથી. તેવા લોકો તો થોડા અને અપવાદરૂપ હોય છે. કેટલાક લોકો માત્ર જડતાપૂર્વક, ગતાનુગતિક રીતે, ગાડરિયા પ્રવાહની જેમ, સમજણબુદ્ધિના અભાવથી, માત્ર અર્થહીન બાહ્ય ક્રિયાકાંડપૂર્વક ઉત્સવ ઊજવતા હોય છે. પરંતુ તેવો વર્ગ તો હંમશાં રહેવાનો જ. એટલા માટે પર્વનું મૂલ્ય ઓછું ન આંકી શકાય. પર્વની આરાધના દ્વારા થોડા લોકો પણ જો કશુંક મૂલ્યવાન, ચિરંજીવી તત્ત્વ પામી શકે અને મળેલા જીવનની કૃતાર્થતા અનુભવી શકે તોપણ પર્વોનું આયોજન સાર્થક છે એમ કહી શકાશે.

છેક પ્રાગૈતિહાસિક કાળથી ધાર્મિક પર્વોનું આયોજન થતું આવ્યું છે. સમુદાયમાં રહીને, સમુદાયની સાથે જો આરાધના કરવાની હોય અને તે માટે જો દિવસ નિશ્ચિત કરેલા હોય તો જ માણસને આજીવિકા માટેના વ્યવસાયમાંથી મુક્ત થઈને આરાધના કરવી ગમે છે. આર્થિક પ્રલોભનો અને વ્યવહારિક કાર્યો અને કર્તવ્યો એટલાં બધાં હોય છે કે જીવને તેમાંથી બહાર નીકળવાનું જલદી મન થતું નથી. વળી કુટુંબીજનો વગેરે સાથે સંઘર્ષ થવાનો કે પ્રતિષ્ઠાને હાનિ પહોંચવાનો ભય રહે છે. પરંતુ પોતાના વર્તુળના ઘણાખરા માણસો જો વ્યવસાય છોડીને, ઘરની બહાર જઈને જાહેર સ્થળમાં આરાધના કરવા જતા હોય તો માણસને તેમાં જોડાવાનું મન થાય છે. ક્યારેક બધા લોકો આરાધના કરતા હોય ત્યારે પોતે જો કમાવામાં રચ્યોપચ્યો રહે તો લજ્જા–સંકોચ થવાનો પ્રસંગ ઊભો થાય. વળી, સતત વ્યાવસાયિક–વ્યવહારિક પ્રવૃત્તિમાં પરોવાયેલા જીવને પર્વના દિવસ નિમિત્તે મન મોકળું કરવાનો, હળવાશ અનુભવવાનો અવસર સાંપડે છે. આથી જ પર્વોનું આયોજન ધાર્મિક, આધ્યાત્મિક પ્રયોજન ઉપરાંત સામાજિક અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી પણ માનવજાત માટે ઉપકારક બન્યું છે.

પર્વનો મહિમા એવો હોય છે કે માણસને ઘરમાં બેસી રહેવું ગમતું નથી. સમુદાયમાં જઈને તે કશું પ્રાપ્ત કરવા ઈચ્છે છે. સમાજના મહિલા વર્ગને પણ પર્વના દિવસોમાં બહાર જવું ગમે છે. મનુષ્યને પોતાની વૈયક્તિક ચેતનાને સામુદાયિક ચેતનાની સાથે એકરૂપ કરવાની ભાવના પર્વના દિવસોમાં થાય છે. ધાર્મિક પર્વ એ રીતે મનુષ્યની ચેતનાના વિસ્તાર અને વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપે છે. જો આ ચેતનાનો વિસ્તાર અને વિકાસ એક જ દિશામાં સીધી ગતિએ ચાલ્યા કરતો હોય તો મનુષ્યજીવન નંદનવન જેવું બની જાય. પરંતુ ગતાનુગતિક રૂઢિવાદ, સામાજિક સમસ્યાઓ, રાજદ્વારી ઊથલપાથલો, સંઘર્ષ, કલહ, યુદ્ધ, દુકાળ, કુદરતી આપત્તિઓ વગેરે માનવજાતે પ્રાપ્ત કરેલી ભૌતિક સિદ્ધિઓને હણી નાંખે છે અને મનુષ્ય ફરી પાછો કેટલાંક ડગલાં પાછો જાય છે. મનુષ્યજીવનની આ એક મોટી કરુણતા છે.

આપણા પૂર્વાચાર્યોએ ધાર્મિક–આધ્યાત્મિક પર્વોની જે યોજના કરી છે તે એવી ખૂબીથી કરી છે કે જેથી મનુષ્યજીવનને કાળના થોડા થોડા અંતરે આત્મિક બળ મળતું રહે. જેનું લક્ષ્ય આરાધના તરફ વિશેષ રહેલું હોય એવા લોકોને માટે તો દર બીજે કે ત્રીજે દિવસે પર્વતિથિનું નિર્માણ કરવામાં આવ્યું છે. બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદસ, પૂનમ વગેરે તિથિઓને પર્વતિથિ તરીકે ગણાવવામાં આવી છે. જેઓ પોતાના જીવનની મર્યાદાઓને કારણે આટલી પણ આરાધના ન કરી શકે તેવા ઓછી શક્તિવાળા

મનુષ્યો માટે પાંચમ, આઠમ, ચૌદસ અથવા માત્ર ચૌદસ (પાખી)ની તિથિની આરાધના યથાશક્તિ કરવાની ભલામણ કરવામાં આવી છે. આ ઉપરાંત બીજા કેટલાક પર્વદિવસોનું પણ આયોજન થયું છે. જેમ પર્વ મોટું તેમ એની આરાધનાના દિવસોની સંખ્યા પણ વધુ. જૈન ધર્મમાં આઠ દિવસના અટ્ઠાઈ પર્વનો મહિમા વિશેષ ગણાયો છે. વર્ષમાં એવા છ અટ્ઠાઈ પર્વો આવે છે. શ્રી લક્ષ્મીસૂરિએ 'ઉપદેશ-પ્રાસાદ'માં કહ્યું છેઃ

अष्टाह्निकाः पडेवोक्ताः स्याद्वादोभयदोत्तमैः।

तत्त्वरुपं समाकर्ण्य आसेव्याः पस्मार्हतैः।।

[સ્યાદ્‌વાદને મતે કહેનારા ઉત્તમ પુરુષોએ છ અટ્ઠાઈ પર્વ કહ્યાં છે. તેનું સ્વરૂપ બરાબર સમજીને પરમ શ્રાવકોએ તે સેવવાયોગ્ય છે.]

पर्वाणि बुहनि सान्ति प्रोक्तानि श्रीजिनागमे।

पर्युषणा समं नान्यः कर्मणां मर्म भेदकृत्।।

[જિનાગમમાં કહેલાં એવાં ઘણાં પર્વ છે. પરંતુ તે બધાં પર્વોમાં કર્મના મર્મને ભેદનારું એવું પર્યુષણ પર્વ જેવું બીજું એકે પર્વ નથી.]

કર્મ આઠ પ્રકારનાં છેઃ (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગૌત્ર અને (૮) આંતરાય. આ આઠ કર્મોમાં સૌથી ભયંકર કર્મ તે મોહનીય કર્મ છે. સંસારમાં અનેક જીવોને ભમાડનાર તે મોહનીય કર્મ છે.

મોહનીય કર્મનો એક પેટાપ્રકાર તે મિથ્યાત્વ મોહનીય છે. એ સૌથી વધારે ભયંકર કર્મ છે. જ્યાં સુધી આ કર્મ જીવને લાગેલું છે ત્યાં સુધી જીવ સમ્યગ્‌દર્શન પામી શકતો નથી. અને સમ્યગ્‌દર્શન ન હોય ત્યાં સુધી કેવળજ્ઞાન અને મોક્ષની તો વાત જ શેની હોય?

આમ, આ આઠ કર્મોમાં મર્મરૂપ જો કોઈ કર્મ હોય તો તે મોહનીય કર્મ છે, તેમાં પણ મિથ્યાત્વ મોહનીય કર્મ છે. એ મિથ્યાત્વ મોહનીય કર્મને ભેદવામાં આવે તો ત્યાર પછી બાકીના કર્મોનો ક્ષય કરવાનું તેના જેટલું કઠિન નથી. એટલા માટે પર્યુષણ પર્વ મિથ્યાત્વ મોહનીય કર્મને હણવા માટેનું પર્વ છે અને એથી જ કહેવાયું છે કે જિનશાસનમાં જે જુદાં જુદાં પર્વ છે તેમાં પર્યુષણ પર્વ જેવું બીજું કોઈ પર્વ નથી. પર્યુષણ પર્વાધિરાજ છે, પર્વશિરોમણિ છે.

આઠ પ્રકારના કર્મને હાથીની ઉપમા આપવામાં આવે છે. હાથીના ચાર પગ તે આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય કર્મ છે. હાથીની બે આંખો તે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ છે. હાથીની પૂંછડી તે અંતરાય કર્મ છે. હાથીનું આખું શરીર તે મોહનીય કર્મ છે. અને હાથીનુ ગંડસ્થળ તે મિથ્યાત્વ મોહનીય કર્મ છે. તોફાને ચઢેલા મદોન્મત હાથીને વશ કરવો હોય તો એના પગ કે સૂંઢ બાંધવાથી તે વશ થતો નથી, પરંતુ અંકુશ વડે એના ગંડસ્થળને ભેદવામાં આવે તો તે તરત શાંત થઈ જાય છે, વશ થઈ જાય છે, કારણ કે મર્મસ્થાન ઉપર પ્રહાર તે સહન કરી શકતો નથી. અંકુશ એક નાનું સરખું હથિયાર છે. એની બે અથવા ત્રણ તીક્ષ્ણ પાંખ જરાક સરખી ભોંકાતાં હાથી શાંત થઈ જાય છે. આ અંકુશ ક્ષમા, વિનય, કૃતજ્ઞતારૂપી છે એ ગુણો વડે જીવે મિથ્યાત્વ મોહનીય કર્મને હટાવવાનું છે.

જિનશાસનમાં જે જુદાં જુદાં પર્વ છે તેમાંનાં કેટલાક પર્વ દર્શનવિશુદ્ધિ માટે છે, કેટલાંક પર્વ જ્ઞાનવિશુદ્ધિ માટે છે અને કેટલાંક પર્વ ચારિત્રવિશુદ્ધિ માટે છે. પર્યુષણા પર્વ મુખ્યત્વે દર્શનવિશુદ્ધિનું મોટું પર્વ છે, કારણ કે પર્યુષણા પર્વ મિથ્યાત્વને દૂર કરી સમ્યકત્વને પ્રાપ્ત કરવા માટેનું પર્વ છે. પર્યુષણા પર્વ એટલા માટે સમકિતની આરાધના માટેનું પર્વ છે.

પર્યુષણ પર્વની રૂડી પેરે આરાધના કરવી હોય તો તેને માટે પૂર્વાચાર્યોએ પાંચ મહત્ત્વના કર્તવ્યો બતાવ્યાં છેઃ (૧) અમારિ પ્રવર્તન (૨) સાધર્મિક વાત્સલ્ય (૩) અટ્ઠમતપ (૪) ચૈત્યપરિપાટી અને (૫) ક્ષમાપના.

પર્યુષણા પર્વની આરાધનામાં અમારિ પ્રવર્તન એટલે કે જીવહિંસા ન થાય એ માટેની સાવધાની રાખવા ઉપર સૌથી વધુ ભાર મૂકવામાં આવ્યો છે. સંસારના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ રહે અને જીવની હિંસા દ્વારા વિરાધના ન થાય તે જોવું એ પરમ કર્તવ્ય છે. તેથી જગતમાં વેરઝેર ઓછાં થાય છે અને સુખશાંતિ પ્રવર્તે છે. સાધર્મિક વાત્સલ્ય, અટ્ઠમતપ અને ચૈત્યપરિપાટી દ્વારા આરાધક પર્યુષણ પર્વનો સંયમપૂર્વક ઉલ્લાસ અનુભવે છે. આ પર્વની ચરમ કોટિ તે ક્ષમાપના છે. ક્ષમા માગીને અને ક્ષમા આપીને જે જીવ ઉપશાંત થતો નથી તે જીવ સાચો આરાધક થઈ શકતો નથી.

પર્યુષણા પર્વ આ રીતે મિથ્યાત્વ મોહનીયને દૂર કરીને, જીવનમાં ક્ષમાના ભાવને અવતારીને આરાધના કરવાનો અમૂલ્ય અવસર છે.

**પર્વાધિરાજ પર્યુષણ**

જૈનો જે વિવિધ ધાર્મિક પર્વોની ઉજવણી કરે છે તેમાં સૌથી મોટું પર્વ તે પર્યુષણ છે. 'પજુસણ' કે 'પજોષણ' એવા તદ્‌ભવ નામથી સામાન્ય લોકોમાં તે વિશેષ પ્રચલિત છે. સૌથી મોટું એ પર્વ હોવાથી પર્વશ્રેષ્ઠ, પર્વશિરોમણિ પર્વાધિરાજ તરીકે, લોકોત્તર પર્વ તરીકે તે ઓળખાય છે.

'પર્યુષણ' શબ્દ સંસ્કૃત છે. સાચો શબ્દ છે 'પર્યુષણા'; સંસ્કૃત परि+उसणा (उषन्) પરથી તે આવેલો છે. એનો અર્થ થાય છે સમસ્ત પ્રકારે વસવું અર્થાત્ એક સ્થળે સારી રીતે રહેવું. ચોમાસા દરમિયાન આ પર્વ આવે છે. પરંતુ સાધુઓને માટે તો સમસ્ત ચાતુર્માસને લક્ષમાં રાખીને આ શબ્દ પ્રયોજાયો હશે, કારણ કે સાધુ-સંતોએ ચાતુર્માસ દરમિયાન એક જ સ્થળે સ્થિર વસવાટ કરી ધર્મની આરાધના કરવાની હોય છે. 'પર્યુષણા' શબ્દનો લાક્ષણિક અર્થ એ છે કે આ પર્વ દરમિયાન માણસે આત્માની સમીપ જઈને વસવાનું

હોય છે, એટલે કે આધ્યાત્મિક પ્રવૃત્તિ તરફ વળવાનું હોય છે.

શ્રાવણ મહિનાના અંતના અને ભાદરવા મહિનાના આરંભના એમ મળી આઠ દિવસનું આ પર્વ છે. એટલા માટે પર્યુષણને 'અઠ્ઠાઈ મહોત્સવ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પર્વ દરમિયાન ઈન્દ્ર વગેરે દેવતાઓ નંદીશ્વર દ્વીપમાં જઈને શાશ્વત જિનમંદિરોમાં અઠ્ઠાઈ મહોત્સવ ઊજવે છે, એમ શાસ્ત્રોમાં કહેવાયું છે.

પર્યુષણ પર્વ એ ત્યાગ અને તપશ્ચર્યાનું પર્વ છે. દુનિયાના અન્ય કોઈ ધર્મમાં જોવા ન મળે એટલી કઠિન તપશ્ચર્યા જૈનોમાં આ પર્વ દરમિયાન જોવા મળે છે. ગામેગામ જ્યાં જ્યાં જૈનોની વસતી હોય છે ત્યાં કેટલાંયે માણસો એવા મળશે કે જે પર્યુષણના આઠેય દિવસ ઉપવાસ કરતાં હોય. આઠ દિવસ સુધી અન્નનો દાણો પણ મોઢામાં નાખ્યા વગર તપશ્ચર્યા અને ધાર્મિક ક્રિયાઓ કરવી એ જેવુંતેવું વ્રત નથી. કેટલાંક શક્તિવાળાં સ્ત્રી-પુરુષો બાર, સોલ, એકવીસ, ત્રીસ, પિસ્તાલીસ દિવસના ઉપવાસ કરે છે. કોઈક વાર સાઠ–પાંસઠ દિવસના ઉપવાસ પણ થાય છે. જેમનાથી વધુ ઉપવાસ ન થાય તે ચાર, ત્રણ, બે કે છેવટે પર્વના છેલ્લા દિવસનો–સંવત્સરીનો એક ઉપવાસ કરે છે, ઉપવાસ ન થાય તો એકાસણુ–એકટાણું કરે છે.

પર્યુષણ એ દાન અને દયાનું પણ પર્વ છે. દુનિયાના અર્થશાસ્ત્રીઓ કહે છે કે જૈન સમાજ દાનમાં જેટલો પૈસો ખર્ચે છે, તેટલો વ્યક્તિદીઠ સરેરાશે ભાગ્યે જ બીજો કોઈ સમાજ ખર્ચતો હશે. એ દાનની સૌથી મોટી પ્રવૃત્તિ પર્યુષણ દરમિયાન થાય છે. અનુકંપાદાન, સુપાત્રદાન અને અભયદાન–એમ ત્રિવિધ પ્રકારે એ પ્રવૃત્તિ થાય છે. અભયદાન એ સૌથી શ્રેષ્ઠ દાન છે. દયા, વિશેષતઃ જીવદયા એ જૈનોના લોહીમાં છે. વ્યક્તિગત રીતે કેટલાંકનું વર્તન અપૂર્ણ, અણસમજણવાળું કે વિપરીત હોય તેથી સમસ્ત સમાજને દોષ દઈ શકાતો નથી.

પર્યુષણ પર્વ એ ઘણું પ્રાચીન પર્વ છે. શાસ્ત્રોમાં વર્ણન આવે છે તે પ્રમાણે ભગવાન મહાવીર સ્વામી જ્યારે રાજગૃહી નગરીમાં પધાર્યા હતા ત્યારે મગધના રાજા શ્રેણિકે ભગવાન મહાવીરને પર્યુષણ પર્વ વિશે પ્રશ્નો પૂછ્યા હતા. પર્યુષણ પર્વની આરાધના સારામાં સારી રીતે કોણે કરેલી એવા પ્રશ્નના જવાબમાં ભગવાને કહેલું કે ભૂતકાળમાં ગજસિંહ નામના રાજાએ એવી સરસ આરાધના કરેલી જેથી તે પૂર્વ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરપદ પામી મુક્તિપદ પ્રાપ્ત કરશે.

પર્યુષણ પર્વ એ સંયમ અને સાધનાનું પર્વ છે. એ માટે શાસ્ત્રોમાં અગિયાર દ્વારે આરાધના કરવાનું ફરમાવ્યું છે. જિનપૂજા, ચૈત્ય-પરિપાટી (આસપાસના જિનમંદિરોમાં જઈ જિનેશ્વર ભગવંતને દ્રવ્ય અને ભાવથી નમસ્કાર કરવા), સાધુસંતોની ભક્તિ, સંઘમાં પ્રભાવના, જ્ઞાનની આરાધના, સાધર્મિક વાત્સલ્ય, 'કલ્પસૂત્ર' સાંભળવું, તપશ્ચર્યા કરવી, જીવોને અભયદાન આપવું, સાંવત્સરિક પ્રતિક્રમણ કરવું, પરસ્પર ક્ષમાપના કરવી–એમ અગિયાર પ્રકારે આ આરાધના કરવાની હોય છે. એ આરાધના વધુ દીપી ઊઠે એ માટે બ્રહ્મચર્યનું પાલન કરવું, દાન દેવું, દયા પાળવી, પાપકર્મ થાય તેવાં કાર્યોનો ત્યાગ કરવો, અશુભ વચનો ન બોલવાં, સામાયિક, પ્રતિક્રમણ, પોષધ વગેરે વ્રતક્રિયા કરવાં, ગુરુ મહારાજની ઉપદેશવાણી સાંભળવી, ભગવાન મહાવીરનાં માતાએ સ્વપ્નમાં જોયેલી ચૌદ વસ્તુઓનો–ચૌદ સુપનનો–મહોત્સવ કરવો વગેરે આવશ્યક મનાયા છે.

આ પર્વ દરમિયાન મસ્તકે લોચ કરવો (એટલે માથા અને મોઢા પરના વાળ હાથથી ખેંચીને કાઢી નાખવા), ઓછામાં ઓછું અઠ્ઠમ (ત્રણ દિવસના ઉપવાસ)નું તપ કરવું, 'કલ્પસૂત્ર' વાંચવું, સાંવત્સરિક પ્રતિક્રમણ કરવું અને માંહોમાંહે ક્ષમાપના કરવી એ સાધુઓના વિશેષ કર્તવ્ય મનાયા છે.

અન્ય દિવસ કરતાં પર્વના દિવસે કરેલી ધર્મારાધના વિશેષ ફલવતી માનવામાં આવે છે. પર્વના દિવસે કરેલું પાપ પણ મોટું અને માણસને ભયંકર કર્મબંધનમાં મૂકી દેનારું મનાય છે. જેમ તીર્થને માટે તેમ પર્વને માટે (અને પર્વને પણ જંગમ તીર્થ જ કહેવામાં આવે છે) પણ સાચું છે કેઃ

अन्य र्दिने कृतं पापं पर्वदिने विनयश्यतिं ।
पर्वदिने कृतं पापं वज्रलेपो भविष्यति ।।

એટલા માટે પર્યુષણ પર્વ એ પુણ્યના પોષણનું અને પાપના પ્રતિક્રમણનું પર્વ છે; દૈવી સંપત્તિના સર્જનનું અને આસુરી સંપત્તિના વિસર્જનનું પર્વ છે.

કવિ શ્રી જ્ઞાનવિમલસૂરિએ 'પર્યુષણમહાપર્વમાહાત્મ્ય'ની સજ્ઝાયમાં કહ્યું છેઃ

પુણ્યની પોષણા, પર્વ પર્યૂષણા
આવિયાં ઈણિ પરે જાણિયે એ;
હિયડલે હર્ષ ધરી, છઠ્ઠ અઠ્ઠમ કરી,
ઓચ્છવે કલ્પ ઘર આણિયે એ.

જૈન માન્યતા પ્રમાણે માણસનો આયુષ્યબંધ કેટલીક વાર પર્વના દિવસે પડતો હોય છે. એક જન્મ પૂરો થતાં અન્ય જન્મમાં માણસ શું થવાનો છે (મનુષ્ય, દેવ, તિર્યંચ કે નારક) તે જે ક્ષણે નક્કી થાય છે તેને આયુષ્યનો બંધ કહેવામાં આવે છે. આથી પર્વના દિવસે માન, વચન અને કાયાની શુદ્ધિથી કરેલી આધ્યાત્મિક આરાધના માણસને ભવાન્તરમાં ઉત્તમ ગતિ અપાવે છે, ત્વરિત મુક્તિ અપાવે છે. જ્યારે પર્વના દિવસે કરેલી પાપપ્રવૃત્તિ માણસને જન્માંતરમાં ભયંકર દુર્ગતિમાં ઘસડી જાય છે.

જૈનોનો એક વર્ગ જે દિગંબરના નામે ઓળખાય છે તે પોતાના પર્યુષણ જુદાં ઊજવે છે. સંવત્સરીના આ દિવસ પછી બીજા દિવસથી તેઓ આ પર્વ દસ દિવસ ઊજવે છે. માટે તેને 'દસ લક્ષણી' કહેવામાં આવે છે. ક્ષમા, માર્દવ, આર્જવ, ત્યાગ, સંયમ, તપ, સત્ય, શૌચ,

અકિંચનતા અને બ્રહ્મચર્ય–એ દસ પ્રકારના યતિધર્મને લક્ષમાં રાખી આ પર્વ ઊજવાતું હોવાથી તેને 'દસ લક્ષણી' કહેવામાં આવે છે.

પર્વોની ઉજવણી સાથે એની ફલશ્રુતિ સંકળાયેલી હોય છે. પર્યુષણ પર્વ સાથે કોઈ ભૌતિક સુખ, આકાંક્ષા, અભિલાષાની નહિ પણ આધ્યાત્મિક સિદ્ધિની ફલશ્રુતિ રહેલી છે. એથી જ પર્યુષણ પર્વ એ ત્યાગ અને સંયમ, દાન અને દયા, પ્રાયશ્ચિત અને પ્રતિક્રમણ મૈત્રી અને ક્ષમા, તપ અને સમતા, ભક્તિ અને ભાવના દ્વારા, આત્મનિરીક્ષણ અને આત્મસંશોધન દ્વારા આત્માનો પ્રકાશ પ્રાપ્ત કરી મુક્તિના પંથે વિચરવાનું અમોઘ પર્વ છે–પર્વાધિરાજ છે.

**સાંવત્સરિક ક્ષમાપના**

જીવન જીવવા માટે અનેક લોકોના સ્થૂળ કે સૂક્ષ્મ સહકારની અપેક્ષા રહે છે. બધાંની શારીરિક, માનસિક કે આત્મિક શક્તિ એકસરખી હોતી નથી, એથી વ્યક્તિ-વ્યક્તિના પુરુષાર્થમાં ફરક રહે છે; પરંતુ જેમની પાસે કર્મયોગે વધુ શક્તિ હોય છે તેવી વ્યક્તિઓમાં ક્યારેક સહકારને બદલે અસહકાર, સ્વાર્થ, અહંકાર જેવા લક્ષણો આવી જાય છે. એથી વ્યવહારની સમતુલા ખોરવાય છે. દ્વેષ, ધિક્કાર, ઈર્ષ્યા, નિંદા, અહિતચિંતા વગેરે ભાવોમાંથી ઘર્ષણ અને વૈરવૃત્તિ પ્રગટ થાય છે. એકબીજાને નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન થાય છે. બદલો લેવાની ભાવના જાગે છે. અનુદારતા, અસહિષ્ણુતા, અક્ષમા વગેરેની વૃત્તિઓ જોર પકડતાં પરસ્પરનો વ્યવહાર દૂષિત થાય છે. ઉપેક્ષા-અણબનાવથી માંડીને લડાઈ–ઝઘડા સુધી વાત પહોંચે છે. એવા દૂષિત વ્યવહારને ફરીથી સ-રસ, સુખમય, શાંતિમય બનાવવા માટે પ્રેમ, સહકાર, ઉદારતા, સહિષ્ણુતા વગેરેની સાથે ક્ષમાની પણ અતિશય આવશ્યકતા રહે છે.

પોતાની ભૂલનો એકરાર કરીને ક્ષમા માગવી અને પોતાના પ્રત્યે બીજાએ ભૂલ કરી હોય તો તે માટે તેને ઉદાર ક્ષમા આપવી એમ ઉભય પ્રકારે, ક્ષમાપના કરવાની હોય છે.

આપણું અજ્ઞાન, આપણી ક્યાં ભૂલ થઈ છે તેનું ભાન આપણને ક્યારેક થવા દેતું નથી. કેટલીક ભૂલો તદ્દન નજીવી હોય છે; તો કેટલીક ભયંકર, જીવનસંહારની કોટિ સુધીની હોય છે. જે માણસ જાગ્રત છે તે પોતાની ભૂલ સમજાતાં એકરાર કરીને તત્ક્ષણ ક્ષમા માગી લે છે. ક્યારેક ભૂલની ખબર મોડી પડતાં ક્ષમા માંગવામાં સકારણ વિલંબ થાય છે. ક્યારેક આપણી ભૂલ ઈરાદાપૂર્વકની હોય, તો ક્યારેક અજાણતાં થઈ ગઈ હોય. ક્યારેક કેટલાક અશુભ વિચારો આપણાં ચિત્તમાં ઊઠીને શમી જાય છે. એના માત્ર આપણે પોતે જ સાક્ષી હોઈએ છીએ. ક્યારેક અશુભ વિચારો બીજા આગળ શબ્દમાં વ્યક્ત થઈ જાય છે, પરંતુ એ પ્રમાણે સ્થૂળ આચરણ કરતાં અટકીએ છીએ; તો ક્યારેક વિચારના આવેગ કે ભાવના આવેશ પ્રમાણે સ્થૂળ દોષ પણ કરી બેસીએ છીએ.

મનુષ્યનું ચિત્તતંત્ર એટલું બધું સંકુલ છે કે એમાં ઊઠતા પ્રત્યેક અશુભ વિચારની ગણતરીપૂર્વકની નોંધ રાખવાનું સરળ નથી. માટે જ ક્ષમાપનાનો આચાર વ્યાપક કારણે અને ધોરણે સ્વીકારવાની જરૂર રહે છે. એટલા માટે જ મન, વચન, અને કાયાથી તથા કરતાં, કરાવતાં અને અનુમોદતાં એમ ત્રિવિધેત્રિવિધ પ્રકારે (નવ કોરિએ) અને તે પણ જાણતાં-અજાણતાં થયેલા દોષો માટે ક્ષમા માગવાની હોય છે. એ માગતી વખતે ગરીબ-તવંગર, સુશિક્ષિત-અશિક્ષિત, નાના-મોટા, ગુરુ-શિષ્ય, શેઠ-નોકર ઈત્યાદિના ભેદનો વિચાર ન કરતાં પોતે જ સામેથી ક્ષમા માગી લેવી જોઈએ.

આપણે કયા માણસની ક્ષમા માગીશું? માત્ર માણસ શા માટે? સમસ્ત જીવરાશિની હાથ જોડી, નતમસ્તકે, હૃદયમાં ધર્મભાવ ધારણ કરીને ક્ષમા માગીએ, કે જેથી અજાણતાં પણ કોઈ જીવની ક્ષમા માગવાનું રહી ન જાય. શાસ્ત્રકાર કરે છેઃ

सव्वस्स जोवरासिस्स भावओ धम्मनिहिअ निअ चित्तो ।
सव्वं खमावईता खमामि सव्वस्स अहयंपि ।।

શાસ્ત્રકારોએ દૈનિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક એવા ચાર મુખ્ય પ્રકાર ક્ષમાપના માટે બતાવ્યા છે. પહેલા ત્રણ પ્રકાર ચૂકી જવાય તો છેવટે સાંવત્સરિક ક્ષમાપના તો દરેક માણસે અવશ્ય કરી જ લેવી જોઈએ, કે જેથી એ ઋણમાંથી મુક્ત થઈ જવાય. શાસ્ત્રકારો કહે છે કે જે માણસ સાંવત્સરિક ક્ષમાપના ચૂકી જાય છે એના કષાયો અનંતાનુબંધી બની જાય છે. વળી એને જો સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય તો તે ચાલ્યું જાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે અને કષાયોની મંદતા માટે ક્ષમાના તત્ત્વને એથી જીવનમાં ઉતારવાની આવશ્યકતા છે.

ભૂલ તો બધાની થાય, પણ ક્ષમા બધાં માંગતાં નથી. પરંતુ જે ક્ષમા માગે છે અથવા બીજાને ક્ષમા આપે છે તેના જીવનમાં દૈવી અંશો પ્રગટ થાય છે. To err is human, but forgive is divine. ક્ષમા માગવી અને આપવી એ અપ્રમત્ત ચિત્તની નિશાની છે. ક્ષમા સાથે જો પશ્ચાત્તાપ, હૃદય-પરિવર્તન, ફરી એવી ભૂલ ન થાય તે માટેનો સંકલ્પ ઈત્યાદિ સંકળાયેલાં હોય તો તે પ્રકારની ક્ષમા ઊંચા પ્રકારની બને છે.

માત્ર ઉપાચાર તરીકે શબ્દોચ્ચાર કરીને 'મિચ્છામિ દુક્કડમ્' કહેવું એ દ્રવ્યક્ષમા છે. વ્યવહારમાં એની પણ આવશ્યકતા છે; પરંતુ માણસે દ્રવ્ય-ક્ષમામાં અટકી ન જતાં ભાવ-ક્ષમા સુધી પહોંચવાનું છે.

ક્ષમાના પાંચ પ્રકાર ગણાવવામાં આવે છેઃ ઉપકારક-ક્ષમા, અપકાર-ક્ષમા, વિપાક-ક્ષમા, વચન-ક્ષમા (આજ્ઞા-ક્ષમા) અને ધર્મ-ક્ષમા. જેણે આપણા ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો હોય તેવી વ્યક્તિને એની ભૂલ માટે આપણે તરત માફ કરી દઈએ છીએ. એ ઉપકાર-ક્ષમા છે. જેના તરફથી આપણા ઉપર અપકાર થવાનો ડર

રહે છે તેની આપણે તરત માફી માંગી લઈએ છીએ. એ અપકાર-ક્ષમા છે. મોટાં અશુભ કર્મોનો દુઃખદાયક વિપાક જ્યારે થાય છે ત્યારે તે વખતે આપણે આપણાં ભૂતકાલીન અશુભ કર્મોને માટે તથા ભવિષ્યમાં એવા મોટાં દુઃખો ન આવી પડે એવા ભયથી ક્ષમા માગી લઈએ છીએ. એ વિપાક–ક્ષમા છે. તીર્થંકર ભગવાનના આજ્ઞા-વચન સાંભળીને આપણે ક્ષમાયાચના કરીએ છીએ તે વચન–ક્ષમા. સમ્યક્ત્વ હોય તો જ આવી ક્ષમા આવે. ધર્મની સાચી સમજણમાંથી આત્માના સ્વાભાવિક ધર્મ તરીકે ક્ષમાનો જે ભાવ પ્રગટ થાય છે તે ધર્મ–ક્ષમા છે. ભયંકર નિમિત્તો મળતાં પણ ગજસુકુમાલ મેતારજ મુનિ વગેરેની જેમ ક્ષમાનો ભાવ રહે તે ધર્મ–ક્ષમા. પહેલા ત્રણ પ્રકારની ક્ષમા અજ્ઞાની–મિથ્યાત્વી માણસોને પણ હોઈ શકે.

આ વિવિધ પ્રકારની ક્ષમામાં ધર્મ-ક્ષમા શ્રેષ્ઠ છે. તે અનાયાસ હોય છે. પ્રતિક્ષણ તમામ જીવો પ્રત્યે ક્ષમાનો ભાવ સહજ રીતે જ વહ્યા કરે તે સહજ-ક્ષમા છે. આપણી ધર્મ-ક્ષમા સહજ-ક્ષમા બની રહેવી જોઇએ.

ભૂલનો બચાવ કરી બીજાની સાથે લડવા માટે તત્પર એવા ઘણાં લોકો હોય છે. પરંતુ ઘણા એવા સરળ માણસો પણ હોય છે કે જેઓ ભૂલનો સ્વીકાર કરી, તે માટે તરત ક્ષમા માગી લે છે. ક્ષમા માગવી એ બહુ અઘરી વાત નથી. પરંતુ બીજા કોઈએ આપણા પ્રત્યે ભૂલ કરી હોય તો તેનો બદલો ન લેતાં તેને સાચા દિલથી ક્ષમા આપવી એ દુષ્કર કાર્ય છે. ઘણાં માણસો બીજા માણસને એની નાનકડી ભૂલ માટે બરાબર પાઠ ભણાવવાના આશયથી ઘણું મોટું વેર વાળતાં હોય છે. પરંતુ સહિષ્ણુ અને ઉદાર એવા મહામના માણસો એવા પ્રસંગે પણ એને સાચી ક્ષમા આપી, એનું હિત ઈચ્છતા હોય છે. બીજા જીવો પ્રત્યે હૃદયમાં સાચો કરુણાભાવ હોય તો જ આમ બની શકે.

ક્ષમા એ કરુણાની બહેન છે. અને અહિંસાની દીકરી છે. ક્ષમા ધારણ કરવામાં ઘણી મોટી નૈતિક હિંમતની અપેક્ષા રહે છે. એટલા માટે જ क्षमा वीरस्य भूषणम्, क्षमा तेजस्विनाम् गुण: क्षमा रुप कपस्विनाम् વગેરે કહેવાય છે. એટલા માટે જ ક્ષમાના અવતાર એવા પંચ પરમેષ્ઠીને – સાધુથી અરિહંતો (તીર્થંકરો)ને આપણે 'ક્ષમાશ્રવણ' (ખમાસમણ) કહીને વંદન કરીએ છીએ.

કેટલાક કહે છે કે ક્ષમા એ પૃથ્વી અને સ્વર્ગ વચ્ચેની સીડી છે. કેટલાક એને સ્વર્ગના દ્વાર તરીકે ઓળખાવે છે.

Mutual forgiveness of each vice,
Such are the gates of paradise.

જૈન ધર્મમાં તો ક્ષમાને મોક્ષના ભવ્ય દરવાજા તરીકે ઓળખાવવામાં આવી છે. ક્ષમાના હૃદયપૂર્વકના સાચા ભાવથી જીવને મોટી કર્મનિર્જરા થાય છે. ક્ષમા કર્મક્ષય સુધી, મુક્તિ સુધી જીવને પહોંચાડે છે.

ક્ષમાપના વગર કોઈ ધાર્મિક કે આધ્યાત્મિક આરાધના થતી નથી. જેણે આરાધનાની ઈમારત ચણવી હોય તેણે ક્ષમાનો પાયો નાંખવો પડશે. ક્ષમા માગીને તથા ક્ષમા આપીને જે ઉપશાન્ત થતો નથી તે સાચો આરાધક બની શકતો નથી.

ભદ્રબાહુ સ્વામીએ એટલા માટે જ કહ્યું છેઃ

जो उवसमइ तस्सअत्थि आराहणा ।
जो न उवसमइ तस्स नत्थिआराहणा ।
तम्हा अप्पणा चेव उवसमियव्वं ।

ક્ષમાની સાથે મૈત્રી જોડાયેલી છે. મૈત્રી હોય ત્યાં વેરભાવ ન હોય. ક્ષમા સમગ્ર વિશ્વમાં શાંતિ અને સંવાદિતા સ્થાપવામાં ઘણો મોટો ફાળો આપે છે. એટલા માટે જ કેટલાક લોકોનું નિરંતર ભાવરટણ હોય છે.

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमं तु मे ।
मित्ती मे सव्व भूएसु, वेरं मज्झ न केणई ।

[હું બધા જીવોને ખમાવું છું. બધા જીવો મને ક્ષમા આપે. સર્વ જીવો સાથે મારે મૈત્રી છે. કોઈ સાથે મારે વૈરભાવ નથી.]

જૈનોનું પર્યુષણ પર્વ એ ક્ષમાપનાનું પર્વ છે. પર્વ નિમિત્તે પરસ્પર ક્ષમાપના કરાય છે. એમાં ઔપચારિકતા ઘણી હશે. તોપણ જીવનને સુસંવાદી બનાવવામાં આ પર્વનો ફાળો ઓછો નથી. વિશ્વશાંતિની દિશામાં એ એક મોટું પગલું છે.

દુનિયાના કોઈ ધર્મમાં ક્ષમાપનાનું અલગ, વિશિષ્ટ, મોટું પર્વ મનાવવાનું ફરમાવ્યું હોય તો જૈન ધર્મમાં છે. એ એનું મોટું યોગદાન છે. માનવજાત માટે એ મોટું વરદાન છે. ✷✷✷

**વર્તમાન યુગમાં જૈન સાધુ સમાજે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ ?**

'પ્રબુદ્ધ જીવન'ના જુલાઈના અંકમાં તંત્રી લેખઃ 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા' દ્વારા ઉપરની ચર્ચા માટે સર્વે વાચકોને અમે નિમંત્રણ આપ્યું હતું એના પ્રતિસાદમાં અમને પત્રો મળ્યા છે, અને મળતા રહે છે. એ સર્વે પત્રો અમે 'પ્રબુદ્ધ જીવન'ના સપ્ટેમ્બરના અંકમાં પ્રગટ કરીશું.

**પર્યુષણ વ્યાખ્યાનમાળા વેબ સાઈટ ઉપર**

તા. ૧૬-૮-૨૦૦૯ થી તા. ૨૩-૯-૨૦૦૯ સુધી યોજાનારી ઉપરોક્ત વ્યાખ્યાનમાળાનું સંસ્થાની વેબ સાઈટ website:www.mumbai_jainyuvaksangh.com ઉપર નિયમિત પ્રસારણ થશે. આ વિશે કાંઈ પણ માર્ગદર્શનની જરૂર પડે તે વેબ સાઈટના માનદ્ સંપાદક શ્રી હિતેશભાઈ માયાનીનો મોબાઈલ નં. ૯૮૨૦૩૪૭૯૯૦. ઉપર સંપર્ક કરવા વિનંતિ. ❑ **મેનેજર**

# 'અપરિગ્રહ વ્રત'

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

વર્ષો પૂર્વે એકવાર સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાન ભારત આવેલા...મેં એમને વિમાનમાંથી ઉતરતા જોયા. એ છ ફુટથીય ઊંચા અહિંસક પઠાણને જોઈ હું દંગ થઈ ગયો. આજે પણ એ દૃશ્યને હું ભૂલી શક્યો નથી...ખાદીનો કૂરતો, ઝભ્ભો ને બગલમાં એક ગઠરી...જેમાં બીજાં બે-ત્રણ ખાદીનાં વસ્ત્રો. આ એમનો પરિગ્રહ! પૂ. મહાત્મા ગાંધીને તો કેવળ એક કચ્છ.

જૈન ધર્મમાં પાંચ વ્રતો ગણાવ્યાં છે તેમાં અહિંસા વ્રત, સૂનૃત (સત્ય) વ્રત, અસ્તેય વ્રત, બ્રહ્મચર્ય વ્રત અને અપરિગ્રહ વ્રતનો સમાસ થાય છે. 'દર્શન અને જ્ઞાનનું ફળ–ચારિત્ર' તેને અંગેનાં આ ધન–અનિવાર્ય ગણાય છે. પરિગ્રહ એટલે સ્વીકાર, અંગીકાર. ધન–માલમત્તા વગેરેનો સંગ્રહ. પરિગ્રહનો અર્થ પત્ની પણ ખરો.પરિજન ને પરિવારનો પણ એમાં સમાસ થાય, આમ પરિગ્રહી એટલે ઉપર્યુક્ત પરિગ્રહવાળું...ને અપરિગ્રહી એટલે એનો સ્વીકાર નહીં કરનાર. આમ અપરિગ્રહ એટલે વસ્તુઓ રાખવી નહીં, રખાવવી નહીં કે રાખવામાં અનુમોદન કરવું નહીં.

કૉલેજમાં હું ભણતો હતો ત્યારે વસ્ત્રમાં કેવળ ખાદીના બે ધોતિયાં, બે ઝભ્ભા, એક અંડરવેર ને એક જોડી દેશી ચંપલ. વસ્ત્રોના આટલા પરિગ્રહથી આખું વર્ષ નભી જતું. આજે હું જોઉં છું તો એના ડુંગર નહીં તો ઢગલા થયા છે! આ બધાનો કશો જ ઉપયોગ નથી. જરૂર જણાય ત્યારે ખરીદી શકાય...પણ નવીનતાનો મોહ, નર્યો મૂઢ ઉપયોગિતાવાદ અને ભાવિની ભીતિ. કિશોરકાળે કેવળ બાર આનામાં ચંપલ મળતી, આજે સવાસો ને દોઢસો રૂપિયા! જ્યોર ચંપલના ભાવ બાવીસ રૂપિયા હતા ત્યારે હું સામટી અર્ધો ડઝન જોડ ખરીદી લાવેલો...એનું 'લોજિક' કયું? પ્રતિવર્ષ ભાવમાં ઉત્તરોત્તર થતો વધારો...આની પાછળ પૈસાની છત, લોભ અને બચતની દૃષ્ટિ પણ ખરી.

હિંદુ ધર્મમાં અને અન્ય ધર્મોમાં પણ ષડ્‌રિપુઓ ગણાવ્યા છે...કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, મદ. વગેરે. આમાં કામ અને ક્રોધના મૂળમાં લોભ રહેલો છે. કામાત્ ક્રોધોભિજાયતી. આ લોભવૃત્તિ અનેક અનિષ્ટોનું મૂળ છે. લોભે લક્ષણ જાય અમસ્તુ નથી કહ્યું.

દુનિયામાં વસ્તુઓની અછત નથી પણ લોભવૃત્તિને કારણે પરિગ્રહની વૃત્તિ પ્રબળ બને છે ને સંગ્રહ કરવાની વૃત્તિને કારણે વસ્તુની જ્યાં ત્યાં અછત વરતાય છે ને બિનજરૂરી ભાવ ઊંચકાય છે. એક સ્થળે વસ્તુઓનો હિમાલય ખડકાય છે ને એને કારણે અન્યત્ર મોટી ખાઈ સર્જાય છે. ગરીબ–તવંગરનું સમાજમાં સર્જન પણ આને આભારી છે. આમાંથી ઈર્ષ્યા અને વર્ગવિગ્રહ જન્મે છે. ચોરી અને લૂંટફાટની સમાજમાં વૃદ્ધિ થાય છે. ગુનાહિત કૃત્યોના મૂળમાં આ લોભવૃત્તિ ને પરિગ્રહવૃત્તિ રહેલાં છે.

આજે સમાજના ઉચ્ચ વર્ગના અને મધ્યમવર્ગના સુખી લોકો જો પોતાના પરિગ્રહ પર દૃષ્ટિ કરે ને અપરિગ્રહવ્રતને સ્વીકારે તો મને આકંઠ શ્રદ્ધા છે કે સમાજમાં કોઈપણ દુઃખી ન રહે...એટલી બધી અન્ન, વસ્ત્ર ને રહેઠાણની છત છે, પણ જ્યાં સુધી વર્ગવિગ્રહની નોબત વાગશે નહીં ત્યાં સુધી આ અમાનવીય લોભ ને પરિગ્રહ રહેવાનાં, જવાનાં નહીં.

અતંદ્ર જાગૃતિ દર્શાવનારા સંસારી સાધુઓ અને સાચા સાધુ સંન્યાસીઓમાં તો અપરિગ્રહની આ વૃત્તિ...વ્રત હોય છે જ. એકવાર સાબરને તીરે ગાંધીજી એક નાનકડી લોટથી હાથ–મુખનું પ્રક્ષાલન કરતા હતા. કોઈકે બાપુને કહ્યુંઃ 'આવડી મોટી નદીને તીરે આ એક લોટીથી શું કરી રહ્યા છો? ત્યારે બાપુએ કહ્યુંઃ 'આ લોકમાતા મારા એકલાની નથી...અન્ય લાખો લોક ને પશુ-પંખીની પણ એ માતા છે. જેટલાથી કામ સધે એટલું જ વાપરવાનો મને હક છે ને મારો ધર્મ છે. અન્યનો પણ એના ઉપર અધિકાર છે. આ તો થઈ સંસારી સાધુની વાત...સાધુ-સંન્યાસીઓમાં તો અપરિગ્રહનું આ વ્રત અનિવાર્ય ગણાય.

સ્વામી આનંદે, 'મારા પિતરાઈઓ' નામના એક લેખમાં આવો એક કિસ્સો નોંધ્યો છેઃ' બપોરવાળા...એક સાધુ સદાવર્ત ચીઠ્ઠીના ચોકીદાર પાસેથી લઈ અમારા જ માંડવામાં થોડે દૂર બે ટિક્કડ (જાડી રોટી) ખાઈને ચાલી નીકળ્યો. થોડાં ડગલાં ગયો હશે ને સદાવર્તવાળાએ ટપાર્યોઃ 'બાબાજી! આગે પંવાલી હૈ. બે પડાવનો આટો અહીં અપાય છે. લેતા જાઓ. ચડાઈમાં સાંજે ક્યાંક બે ટિક્કડ પાઈ લેજો! પેલો થોભ્યો. મોં ફેરવીને કહેઃ 'પ્યારે! સાધુ શામકી ફીકર નહિં કરતા.' ને ચાલ્યો ગયો...અમે ત્રણે દિગ્મૂઢ!

સ્વાભાવિક છે કે કુટુંબ કબીલાવાલા સંસારી આટલી હદે અપરિગ્રહ રહી શકે નહીં પણ જો અંતર્મુખ બની થોડીક જાગ્રતિ દાખવે અને ભોગ વિલાસ (લક્ઝરી), આવશ્યકતા અને અછતની ભેદરેખા પરખતાં શીખે તો એમની તો આત્મિક ઉન્નતિ થાય પણ ખખડી ગયેલો ક્ષીણ સમાજ પણ સુખી અને પ્રાણવાન બને. અ–પરિગ્રહનું આ વ્રત સર્વવ્યાપક બને તો 'સર્વેજના સુખીનો ભવન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ સર્વેભદ્રાણિ પશ્યન્તુ, માકશ્ચિદ્ દુઃખ આપ્નુપાત્' એ મંગલ પ્રાર્થના મૂર્ત બને. પ્રશ્ન કેવળ મર્યાદાનો છે. વ્રત, વૃત્તિ બને તો સુવર્ણમાં સુગંધ ભરાય. ✶✶✶

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે, A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

# દસવિધ યતિધર્મો
# ક્ષમાથી બ્રહ્મચર્ય–સાધકની ઉર્ધ્વગતિની યાત્રા

❑ ડૉ. અભય દોશી

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી નવપદપૂજામાં સાધુના લક્ષણો વર્ણવતાં કહે છેઃ

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ સોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે રે?

જે સદા અપ્રમત્ત રહે છે, હર્ષ અથવા શોકમાં લીન થતા નથી તેવા આત્મા જ ઉત્તમ સાધુ છે. (હિંદુ સાધુઓના મુંડન કે (જૈન સાધુઓના) લોચ કરવાથી શું વાસ્તવિક સાધુપણું પ્રાપ્ત થાય છે?

તો આવા અપ્રમત્ત, નિજભાવમાં રમતા, પરભાવથી દૂર થતા સાધુની સાધુપણાની વાસ્તવિક સપ્રાપ્તિ માટે શું કરવું જોઈએ? સાધુત્વની સંપ્રાપ્તિ એ મુમુક્ષુના જીવનની અપૂર્વ ઘટના હોય છે. એ પોતે સર્વ સંગ ત્યાગીને, પોતાના વસ્ત્રો પલટાવી, મસ્તક મૂંડાવી, પૂર્વાવસ્થાનું નામ સુદ્ધાં ત્યજી એક નવજન્મ પામે છે. આ નવજન્મધારણની દ્વિજત્વની અપૂર્વ વિધિ સમયે 'કરોમિ ભંતે' સૂત્રના પાઠ દ્વારા સામાયિક તેમજ પંચમહાવ્રતોની દીક્ષા આપવામાં આવે છે. પંચ મહાવ્રતોનું પાલન એ સાધુજીવનની મુખ્ય પ્રાણપ્રદ સાધના છે જેના દ્વારા તે સંસારથી વિરમે છે, પરંતુ સંસારથી વિરમીને તેની ઉર્ધ્વગતિની યાત્રાનું બળ દસવિધ યતિધર્મોમાં રહ્યું છે. આ દસવિધ યતિધર્મો એ દિગંબર પરંપરામાં ઉજવાતા 'દસલક્ષણ' પર્વમાં આરાધાતા દશલક્ષણો છે. આ દશવિધ ધર્મોને યતિધર્મ કહ્યાં છે, એટલે યતનાથી, પ્રયત્નપૂર્વક સાધુજીવનમાં–યતિ જીવનમાં ઉતારવાના છે, સાથે જ શ્રાવકો પણ યથાશક્તિ આ ધર્મના પાલન વડે પોતાના જીવનને અજવાળી પોતાના જીવનને વાસ્તવિક અર્થમાં 'શ્રમણોપાસક' શબ્દના અધિકારી બનાવી શકે. આ 'યતિધર્મ' છે એટલે વિભાવમાં ભટકતા આત્માએ ધર્મમાં સ્વ-શુદ્ધ સ્વભાવમાં જવા માટે પ્રયત્નપૂર્વક આચરવાનો ધર્મ.

પંચ મહાવ્રતની સાધના એક અર્થમાં Negative સાધના છે, છોડવાની સાધના છે. સાંસારિક સુખોને આગ સમાન ગણીને ભાગવાની યાત્રા છે. પરંતુ આ છોડેલા સાંસારિક સુખો પછી સાધુજીવનમાં વિશિષ્ટ સુખાસ્વાદની અનુભૂતિ ન થાય, તો આત્માને ક્યારેક અનુભવાય કે આ મેં શું કર્યું? પરંતુ સાધુજીવનમાં દસવિધ યતિધર્મરૂપ ઉર્ધ્વારોહણની અપૂર્વ યાત્રા દર્શાવી છે, જેને પરિણામે સાધુ પોતાના આત્મસ્વભાવમાં સ્થિર થઈ, પરભાવથી અલિપ્ત થઈ સદા આનંદમગ્ન રહી શકે. આ ભાવને ગાતા જ એક કવિએ કહ્યું છે; 'અવધુ સદા આપ સ્વભાવમેં રહેના.' તો ભગવતી આદિ સૂત્રોમાં સાધુજીવનનો મહિમા વર્ણવતા એક વર્ષના સાધુને અનુત્તર વિમાનના સુખોથી અધિક સુખ ભોગવનારા કહ્યા છે, તે આ 'યતિધર્મો'થી શક્ય બને છે.

દસવિધ યતિધર્મમાં સર્વપ્રથમ ધર્મ 'ક્ષમા' કહેવાયો છે. સાધુનું વિશેષણ જ 'ક્ષમાશ્રમણ' છે. આપણે સાધુને વંદન કરતા કહીએ છીએ 'ઈચ્છામિ ખમાસમણો.' આ 'ખમાસમણો' એ 'ક્ષમાશ્રમણ' શબ્દનું પ્રાકૃત રૂપ છે.

'ક્ષમા'ને જૈનશાસ્ત્રોમાં પરમધર્મ તેમજ આરાધનાની આધારશીલા ગણાવી છે. જૈનોની આરાધનામાં વાર્ષિક આરાધના, પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધના અત્યંત મહત્ત્વની છે. આ આઠ દિવસની આરાધનાના પ્રાણરૂપે પણ ક્ષમાધર્મ બિરાજમાન છે. 'જે ખમે છે જે ખમાવે છે તે આરાધક છે, જે ખમતો નથી તે વિરાધક છે.' આ કલ્પસૂત્રના શબ્દો આપણા સૌના હૃદય પર શિલાલેખની જેમ અંકિત થવા જોઈએ.

શાસ્ત્રકારોએ ક્ષમાને પાંચ પ્રકારની વર્ણવી છે. ઉપકાર ક્ષમા, અપકાર ક્ષમા, વિપાક ક્ષમા, વચન ક્ષમા, સ્વભાવ ક્ષમા એમ પાંચ પ્રકારની ક્ષમા કહી છે. ઉપકારી પર ક્ષમા, અપકારી પર ક્ષમા, પોતાના ભવભ્રમણના વિચારની ક્ષમા, પરમાત્માનું વચન ક્ષમા કરવાનું છે એવા વિચારથી ક્ષમા તેમજ પોતાના શુદ્ધ સ્વભાવરૂપ ક્ષમા એમ પાંચ પ્રકાર દર્શાવ્યા છે. ઉપાધ્યાય યશોવિજયજી સ્વભાવક્ષમાને વર્ણવતાં કહે છેઃ

ધર્મ ક્ષમા નિજે સહેજથી, ચંદન ગંધ પ્રકાર;
નિરતિચારપણે જાણીએ, પ્રથમ સૂક્ષ્મ અતિચાર.

યતિધર્મ બત્રીસી

જે વ્યક્તિના જીવનમાં ક્ષમા સહજપણે હોય તે ચંદન જેવા છે. ચંદનમાં સ્વાભાવિક સુગંધ હોય એમ તેમનો સહજ સ્વભાવ જ ક્ષમા છે, અને તે અતિચાર-દોષ રહિત છે. પરમાત્માના વચનથી પળાતી પ્રથમ લોકોત્તર ક્ષમામાં પણ સૂક્ષ્મ અતિચાર રહ્યા છે. કવિ કહે છે કે, ભાવનિર્ગ્રંથને તો ચરમ સહજ સ્વભાવરૂપ ક્ષમા જ પરમઉપાસ્ય હોય છે.

આ જગતમાં ક્ષમાગુણના નિર્મળ પાલન વડે ખંધક ૠષિના પાંચસો શિષ્યો, ગજસુકુમાલ, કુરગડુમુનિએ સિદ્ધિ પ્રાપ્ત કરી, તો તિર્યંચ એવા ચંડકૌશિકે પણ દેવગતિ પ્રાપ્ત કરી. આ ક્ષમાગુણ દ્વારા ક્રોધ કષાય પર વિજય મેળવાય છે એવો આ ક્ષમાગુણ મહિમાવંત છે.

આ ક્ષમાને સિદ્ધ કરવામાં જીવનમાં નમ્રતા–વિનય આવવો જોઈએ. માનની અક્કડતા હોય છે ત્યાં મનુષ્ય અન્ય મનુષ્યને 'મિચ્છામિ દુક્કડં' કહેવા મસ્તક નમાવી શકતો નથી. સાધક આત્માએ પોતાના જ્ઞાનનો પણ વાસ્તવિક આસ્વાદ પામવા માટે નમ્રતા ગુણ કેળવવો રહ્યો. જ્ઞાનવિમલસૂરિએ દસવિધ યતિધર્મ

સજ્ઝાયમાં માર્દવ ગુણના વર્ણનમાં કહ્યું છેઃ

જેમ પડસૂદી કેળવી, અધિક હોય આસ્વાદ,

તેમ માર્દવ ગણથી લહે, સમ્યગ્જ્ઞાન સવાદ. (ઢાળ...૨)

જેમ બાસુંદીને કેળવવાથી (ઊકાળવાથી) વધુ સ્વાદિષ્ટ બને છે, તેમ આત્માને પણ સમ્યગ્જ્ઞાનનો સ્વાદ નમ્રતાથી આવે છે. નમ્રતા-વિનય ગુણથી માન કષાય ક્ષય પામે છે. પ્રમોદભાવના દ્વારા નમ્રતા સિદ્ધ થાય છે.

આ મૃદુતા ગુણની પણ વાસ્તવિક પરિણતિ ઋજુતા (આર્જવ) દ્વારા થાય છે. શ્રી જ્ઞાનવિમલસૂરિ દસવિધ યતિધર્મ સજ્ઝાયમાં કહે છેઃ

મૃદુતા ગુણ તો દઢ હોવે, જો મન ઋજુતા હોય,

કોટરે અગ્નિ રહ્યો છતે, તરુ નવિ પલ્લવ હોય.' (ઢાળ...૨)

વૃક્ષના કોટરમાં (બખોલમાં) આગ રહી હોય તો વૃક્ષ જેમ નવપલ્લવ થઈ શકતું નથી, તેમ હૃદયમાં કપટરૂપી આગ છૂપાઈને રહી હોય તો સાધક આત્મગુણમાં આગળ વધી શકતો નથી. આ કપટના કારણ રૂપે કેટલીક વસ્તુઓ શાસ્ત્રકારોએ દર્શાવી છે. આ લોક-પરલોકના વિષયની ઈચ્છા, માન-સન્માન, યશ-પૂજા માટે કરાતો ધર્મ પણ કપટક્રિયા બને છે. આવી કપટક્રિયા કરનાર મોટે ભાગે દેવલોકમાં કિલિષ્ટ તરીકે જન્મે છે. અને ત્યાંથી પણ સંમુર્છિમ મનુષ્ય આદિ ગતિ પામે છે. જેથી તેઓને માટે સમ્યક્ત્વ (બોધિ) અત્યંત દુર્લભ બની જાય છે. શ્રી મલ્લિનાથે મહાબલ મુનિના ભવમાં માયાયુક્ત સંયમ દ્વારા સ્ત્રીવેદને બાંધ્યો હતો. આમ, માયા અત્યંત દુઃખદાયક છે. માયાનું મૂળ અન્ય ગુણીજનો પ્રત્યેની ઈર્ષ્યા તેમજ પોતાનું સારું લગાડવાની વૃત્તિમાં રહ્યું છે. આ પોતાનું સારું લગાડવાના લોભનું આત્મા વિસર્જન કરે તો જ વાસ્તવિક ઋજુતા પ્રાપ્ત થાય.

આ લોભના વિસર્જન રૂપ ચોથો મુત્તિ (સંતોષ) નામનો મુનિધર્મ આપણને નિર્લોભી રહેવાનું જણાવે છે. સાધકને જીવનમાં વાસ્તવિક સમતાનો અનુભવ કરવો હોય તો જ્ઞાનવિમલસૂરિ કહે છેઃ

મમતા મ આણો રે મુનિ દિલ આપણે, મમતા દુર્ગતિ ગામોજી.

મમતા સંગે સમતા નવિ મળે, છાયા તપ એક ઠામોજી.'

(ઢાળ - ૪)

હે સાધક, તું મમતાને ચિત્તમાં ન લાવ. મમતા દુર્ગતિને દેનારી છે. મમતા સંગે સમતા મળતી નથી. છાંયડો અને તાપ એક સાથે રહેતા નથી, તેમ મમતા સાથે સમતા રહેતી નથી. આ લોભ કષાય અતિશય પીડાકારક છે. સુભૂમ સમાન ચક્રવર્તી રાજા પણ 'અતિ' 'અતિ' એવા લોભને લીધે સાતમી નરકમાં ગયા હતા. આ લોભ આત્માને ઠેઠ ૧૧મા ગુણસ્થાનકથી નીચે ઉતારી શકે છે. માટે આ લોભકષાયને જીતવા સાધકે સંતોષ ગુણ વિકસાવવો જોઈએ. આ સંતોષ ગુણ માટે પરમાત્માનું ધ્યાન ખૂબ ઉપકારક છે. પરમાત્માની અનંતગુણ રમણતાનો વિચાર કરતા સાધક પોતાની પણ આવી જ સહજ ગુણરમણતાનો અનુભવ કરે તો પછી સાંસારિક વસ્તુઓની ઈચ્છા સહજ ટળી જાય.

જ્ઞાનવિમલસૂરિ આવા નિર્લોભી પુરુષને વર્ણવતાં કહે છેઃ

નિર્લોભે ઈચ્છા તણો રોધ હોય અવિકાર,

કર્મ ખપાવણ તપ કહ્યો, તેહના બાર પ્રકાર.

(દુહો, ઢાળ, ૫ પૂર્વે)

નિર્લોભથી ઈચ્છાઓનો રોધ સહજ રીતે થાય છે. આવા ઈચ્છારોધરૂપ તપને શાસ્ત્રમાં બાર પ્રકારે દર્શાવેલ છે. અહીં જ્ઞાનવિમલસૂરિએ બાર પ્રકારના તપોને વર્ણવતા કેટલાક તપ પ્રકાર વિશે નવા માર્મિક દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યા છેઃ

ઉણોદરી ત્રણ ભેદની રે, ઉપકરણ, અશન, પાન.

ક્રોધાદિકના ત્યાગથી રે, ભાવ ઉણોદરી માન. (૫,૫)

ઉપકરણ, અશન અને ભોજન અલ્પ ધારણ કરવા તે દ્રવ્ય ઉણોદરી છે, એ જ રીતે ક્રોધાદિક કષાયોનો ત્યાગ કરવો તે 'ભાવ ઉણોદરી' છે. એ જ રીતે સંલીનતા ચાર પ્રકારની દર્શાવી છે. ઈન્દ્રિયોની સંલીનતા, યોગ (પ્રવૃત્તિની), નિવેશ (જગ્યાની) સંલીનતા તે જ રીતે લોકસંપર્કથી દૂર રહેલા દ્વારા એકાંત સ્થળના સેવનરૂપ સંલીનતા દર્શાવી છે, એની સાથે જ ક્રોધાદિક કષાય પ્રવૃત્તિની સંલીનતા (સંકોચ) કરવાનું દર્શાવી બાહ્યતપથી આગળ વધવાની દિશા દર્શાવે છે. એ જ રીતે અભ્યંતર તપ કાયોત્સર્ગના પણ દ્રવ્ય અને ભાવ એવા પ્રકાર દર્શાવી આપણા આત્માના વિકાસની અપૂર્વ ચાવી દર્શાવી છે. દ્રવ્ય કાયોત્સર્ગમાં સાધક પોતાના તન (દેહ), ઉપધિ, ગણ અને ભોજન આદિના ત્યાગરૂપ કાયોત્સર્ગ કરે છે, ત્યારે ભાવકાયોત્સર્ગમાં કર્મ, કષાય અને સંસારનો કાયોત્સર્ગ કરવા કહે છે. સાધકને ઔદારિક દેહની સાથે જ કાયોત્સર્ગ દ્વારા કાર્મણદેહના વિસર્જનની અલૌકિક પ્રક્રિયા ધ્યાનના દઢ અભ્યાસ દ્વારા સિદ્ધ થાય છે. આ પ્રક્રિયા દ્વારા કાયોત્સર્ગની મદદથી સંસારનું, ભવસ્થિતિનું પણ વિસર્જન કરવા શક્તિશાળી બને છે. પ્રસન્નચંદ્ર રાજર્ષી, દેહપ્રહારી આદિના આવા સંસાર વિસર્જન સિદ્ધ કરતા ભવભ્રમણનો નાશ કરતા કાયોત્સર્ગ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

આથી જ કવિ કહે છેઃ

સમકિત ગોરસ શું મિલે રે, જ્ઞાનવિમલ ધૃત રૂપ,

જડતા જલ દૂરે કરી રે, પ્રગટે આત્મરૂપ.

(ઢાળ ૫, ૧૩)

સમકિત ગોરસનું તપ દ્વારા મંથન કરવાથી 'જ્ઞાનવિમલ' એવા આત્માનું શુદ્ધ ઘી રૂપ પ્રગટ થાય છે. જડતારૂપી જળ દૂર થવાથી આત્મરૂપના દર્શન થાય છે.

આ તપમાં પણ સંયમ આવી મળે તો કર્મરૂપ કાદવ ઝડપથી નષ્ટ થાય, માટે હવે છઠ્ઠો સાધુનો ગુણ સંયમ કહ્યો છે. આ સંયમ અને તે દ્વારા આગળના ચાર ગુણો દ્વારા કષાય પર વિજય મેળવેલ, અહીં હાસ્ય, રતિ, અરતિ આદિ નવનોકષાયો પર વિજય મેળવી સાધક સિદ્ધિ તરફ ગતિ કરે છે. આ સંયમના સત્તર પ્રકારો છે, તે

સર્વ આદરવા યોગ્ય છે. પરંતુ આ સંયમ પણ કેટલાક સાધકો કેવળ દ્રવ્યથી આચરે છે, એનું વાસ્તવિક પાલન કરતા નથી.

આવા દ્રવ્યસંયમી પર પ્રહાર કરતા જ્ઞાનવિમલસૂરિ કહે છેઃ

દ્રવ્યસંયમી બહુર્વિધ થયો, સિદ્ધિ થઈ નવિ કાંય,
સાકર દૂધ થકી વધે, સન્નિપાત સમુદાય.

(દૂહો-૧ ઢાલ ૭ પૂર્વે)

સાધક, તું દ્રવ્યથી સંયમી થયો, પણ તારો અંતરનો રોગ ન ગયો હોય તો દૂધ-સાકરથી લાભ થવાને બદલે સન્નિપાત વધે તેમ તારા આત્માને આ બાહ્ય સંયમ લાભદાયક બનતો નથી.

પરંતુ આવા સંયમ ધર્મમાં સત્યનું મંગલમય અનુષ્ઠાન આવે, દ્રવ્યધર્મ ભાવધર્મ બને તો એ સાધકની સાધના પરમ સફળતાને પ્રાપ્ત કરનારી બને છે. અહીં બીજા વ્રતના વચનના અસત્યત્યાગથી કાંઈક જુદી ભૂમિકાએ આ સત્યધર્મનું નિરૂપણ થયું છે. અહીં વચનના સત્યથી વિશેષ લીધેલી પ્રતિજ્ઞાના પાલનરૂપ માનસિક સત્યનો મહિમા થયો છે.

મૂલોત્તર વ્રત ભેદ જે, મૈત્ર્યાદિક ગુણ જેહ,
જિણવિધ જેમ અંગીકર્યું, નિર્વહવું તેમ તેહરે.

(ઢાળ ૭, ગાથા ૪)

આ સત્ય એટલે વ્રતોની આરાધના દૃઢ અને નિશ્ચલપણે કરવારૂપ સત્ય. આ સત્યને વર્ણવતા ગંગાસતી કહે છેઃ

મેરૂ રે ડગે રે જેના મન નો ડગે રે એ હોય પરમાણ.'

આ સાધક પુરુષો અનેક આકરી કસોટીમાંથી પાર થઈને પણ પોતાની અંદર રહેલા સત્યગુણનો ઝળહળાટ નષ્ટ થવા દેતા નથી. આ મન, વચન, કાયાની નિશ્ચલતારૂપ, માનસિક દૃઢતારૂપ સત્ય ગુણ સાધકને સિદ્ધિના સોપાને લઈ જવામાં સહાયક બને છે.

આ સત્યગુણને વર્ણવતાં કવિ કહે છેઃ

મુનિવર ધર્મ એ સાતમો, ચિત્ત આણો ગુણવંત.
સત્ય સહસ્રકર ઉગતે, દંભ તિમિરતણો અંતરે.

(૭,૧)

આ સત્યધર્મની સિદ્ધિ સાધકની આંતરિક પવિત્રતા, નિર્મળતા દ્વારા જ થાય છે. બાહ્ય શૌચથી કેવળ દેહશુદ્ધિ થાય છે, એટલે એથી આગળ વધી શુદ્ધ આત્મિક નિર્મળતા સિદ્ધ કરવાના હેતુથી આ આંતરિક શૌચધર્મનું પાલન કરવાનું છે. આ શૌચ માટે કવિ વ્રતોમાં સ્થિર મન, માયા વિનાનું જીવન, બાર ભાવનાઓ તેમ જ વ્રતોની પચ્ચીસ ભાવનાઓનું પાલન તેમજ સાત્ત્વિક તપાનુષ્ઠાનના આલંબનને ગણાવે છે. આવા ભાવશૌચમાં ન્હાતાં, અંતઃકરણથી પવિત્ર થયેલ આત્માને વર્ણવતાં કહે છેઃ

જ્ઞાનવિમલ પ્રભુતા ઘણીજી, તસ સુખનો નહિ પાર.
ભાવ શૌચ વિયુષમાં જી, જે ઝીલે નિરધાર.

(૮, ૯)

આ ભાવશૌચ ધર્મ પણ અંતઃકરણની નિઃસ્પૃહતા વિના થઈ શકે નહિ. આથી કવિ નવમા મુનિગુણરૂપે અકિંચનના કે નિઃસ્પૃહતાને વર્ણાવે છે.

ચોથા મુનિગુણરૂપે વર્ણવેલા સંતોષથી આ નિઃસ્પૃહતામાં ભેદ એ છે કે, સંતોષમાં મુખ્યત્વે બાહ્ય દ્રવ્યો પ્રતિ સંતોષભાવ કેળવવાનું મુખ્ય લક્ષ્ય હતું. અહીં બાહ્ય સાથે જ આંતરિક પદાર્થો માન-અપમાન, સુખ-દુઃખ સર્વ પ્રત્યે નિઃસ્પૃહ બનવાનો અપૂર્વ ગુણ કેળવવાનો છે. આ ગુણને વર્ણવતાં કવિ કહે છેઃ

નિંદા સ્તુતિ રૂસે તુસે નહિ, નવિ વર્તે પર ભાવ,
સુખદુઃખે આપ સ્વરૂપ ન પાલટે, કર્મ પ્રકૃતિ ચિત્ત લાવ.

(૯,૫)

નિંદા અને સ્તુતિથી સાધક પ્રસન્ન ન થાય તેમજ કોપાયમાન પણ ન થાય. એ સ્વમાં જ રમ્યા કરે. સુખદુઃખની અંદર આપ સ્વરૂપને પલટાવે નહિ. દુઃખના સમયે કર્મ પ્રકૃતિના જ ચિંતનને આત્મામાં રમમાણ કરે. પોતાના પૂર્વકૃત કર્મોના જ ફળ રૂપે દુઃખનો સહજ સ્વીકાર કરે. એમનું મન સતત અરિહંત-સિદ્ધ આદિ પંચપરમેષ્ઠિ પદોના ધ્યાનમાં ડૂબેલું રહે, આવી અંતરની સમૃદ્ધિ ધરાવનારા મહાપુરુષોને સંસારની કોઈ વસ્તુની સ્પૃહા રહે નહિ તે સહજ છે. આમ નિસ્પૃહતાની, અકિંચનતાની ધન્યતા એવી છે કે, સાધકને આ જગતના માન અને અપમાન પણ સ્પર્શતા નથી.

આવી નિસ્પૃહતા બ્રહ્મચર્ય ગુણ વિના પ્રાપ્ત થતી નથી. બ્રહ્મચર્ય એટલે મૈથુનસુખનું વર્જન એવી એની વ્યાખ્યા સાચી છે. પરંતુ મૈથુન શબ્દની જ વ્યાખ્યા શ્રમણસૂત્રમાં જૈન શાસ્ત્રકાર મહર્ષીઓએ અન્ય નયોની દૃષ્ટિએ વિભિન્ન કરી છે. 'મૈથુન' શબ્દના વ્યાપક અર્થમાં શબ્દ, રસ, ગંધ, સ્પર્શના સર્વ ઈંદ્રિયગમ્ય સુખોને સમાવ્યા છે. સાધકે સ્પર્શના સુખત્યાગથી પ્રારંભી ક્રમશઃ સર્વ ઈન્દ્રિય જનિત આનંદો ત્યજી અતીન્દ્રિય બ્રહ્મસ્વરૂપ આત્માનો અનુભવ કરવાનો છે. આમ, બ્રહ્મચર્ય એટલે આત્મસ્વભાવમાં રમણ કરવાની અદ્ભુત પ્રક્રિયા. જેમ માનસરોવરમાં હંસ ક્રીડા કરે એમ આત્મા શુદ્ધસ્વભાવમાં રમણ કરે તે પરમ બ્રહ્મચર્ય છે.

જે સાધક આવા આત્મસ્વરૂપમાં રમમાણ છે, તેમને માટે ચંદનની સહજ સુગંધ સમી સહજ ક્ષમા સાધ્ય બને છે. આમ, આ દશવિધ યતિધર્મનો સાધક સાધુ પોતાના સાધુજીવનને અજવાળી વાસ્તવિક ભાવ શ્રમણપણું શોભાવે છે. શ્રાવકો પણ યથાશક્તિ આ યતિધર્મોની આરાધના કરવાથી દ્રવ્યથી શ્રાવક હોવા છતાં ભાવસાધુતાની દિશામાં સોપાન માંડી શકે છે. આમ યતિધર્મોમાં આત્મવિકાસની અપૂર્વ શક્યતા રહી છે. ✷✷✷

સંદર્ભ : (૧) યતિધર્મ સજ્ઝાય પૃ.
જ્ઞાનવિમલભક્તિ પ્રકાશ સં. અભય દોશી, કીર્તિદા શાહ
પ્ર. જ્ઞાન વિમલસૂરિ સાહિત્ય પ્રકાશન સમિતિ, ઘાટકોપર
(૨) યતિધર્મ બત્રીસી પૃ.
જૈન ગુર્જર સાહિત્યસંગ્રહ સં. ભદ્રંકર વિજયજી, મો. દ. દેસાઈ-બીજી આવૃત્તિ.
પ્ર. શ્રુતજ્ઞાન પ્રચારક સભા, અમદાવાદ.

અભય ઈન્દ્રચન્દ્ર દોશી, એ/૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝશાહ રોડ, સાંતાક્રુઝ (વે.), મુંબઈ-૪૦૦૦૫૪. ફોન : ૨૬૧૦૦૨૩૫, ૯૮૯૨૬ ૭૮૨૭૮.

# ભગવાન મહાવીરનું અર્થશાસ્ત્ર

❑ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

અર્થશાસ્ત્રના વિષયમાં કોમર્સના અનેક વિષયોની ચર્ચા કરવી સંભવે છે. વર્તમાનકાળમાં અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં માર્કેટીંગ, સ્ટોક માર્કેટ, અર્થવ્યવસ્થા, નાણાંકીય મેનેજમેન્ટ, પોલીટીક્સ, બજેટ, ટેક્ષેશન, આંકડાશાસ્ત્ર વગેરે અનેક વિષયોની ચર્ચા કરવી જરૂરી બને છે. પ્રભુ મહાવીરના સમયકાળમાં આવા કોઈ વિષયની ચર્ચા ડાયરેક્ટ શાસ્ત્રોમાં જોવા મળતી નથી, છતાં પ્રભુ મહાવીરના ત્રિપદી દેશનામાંથી ઉદ્ભવેલાં દ્વાદશાંગી અને પછી પ્રકાશીત થયેલા ૪૫ આગમના શાસ્ત્રોના સંશોધનમાંથી પ્રભુ મહાવીરના અર્થશાસ્ત્ર વિષેના સંદર્ભો મેળવી શકાય છે.

**વર્તમાન અર્થશાસ્ત્રના વિષયનો ઈતિહાસ**

અગાઉ બજારતંત્ર અને મુક્ત અર્થતંત્ર આધારિત મૂડીવાદી પદ્ધતિનો ક્રમશઃ વિકાસ થયો અને વિકાસના ઉત્તુંગ શિખર પર આ પદ્ધતિએ સ્થાન લીધું. તે સમયે પૂર્ણ હરીફાઈ આધારિત સ્વૈરવિહારી મુક્ત અર્થકારણની પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ હિમાયત કરતા હતા. તેઓ એમ માનતા હતા કે સરકારની ખાસ કોઈ આર્થિક કામગીરી નથી. રાજ્યે અને તેના એજન્ટ તરીકે કામ કરતી સરકારે માત્ર લોકોની સલામતી, કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને લોકોને પાયાની સુવિધા આપવાનું કામ કરવાનું છે પણ સરકારે કોઈ આર્થિક કામગીરી કરવાની નથી. કેટલાંક પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ તો એમ કહેતાં કે સરકાર જો આર્થિક કામગીરી કરશે તો આર્થિક અરાજકતા અને અવ્યવસ્થા સર્જાશે. તેથી સરકારે બજારતંત્રને મુક્ત રીતે કામ કરવા દેવું જોઈએ. બજારતંત્ર અર્થકારણનું સમગ્ર સંચાલન કરશે અને જો કોઈ અસ્થિરતા, અસમતુલા કે પ્રશ્નો સર્જાશે તો તે પણ બજારતંત્ર દ્વારા જ આપોઆપ દૂર થશે.

આ પ્રકારની વિચારસરણી આધારિત મૂડીવાદી પદ્ધતિ વિશ્વમાં વિકસી તેનાથી ઉત્પાદન અને આવક વધી પણ તેની યોગ્ય રીતે વહેંચણી ન થઈ. આવકની અસમાનતા વધવા લાગી. ગરીબી-બેકારીના પ્રશ્નો વધ્યા છે. સાધનોની યોગ્ય ફાળવણી ન થતાં નફાલક્ષી વસ્તુઓનું જ ઉત્પાદન થયું અને ગરીબો અને મધ્યમવર્ગને જરૂરી વસ્તુઓની અછત સર્જાવા લાગી. અર્થકારણના દરિયામાં મોટા મૂડીવાદી મગરમચ્છો ગરીબ, નાના માછલાઓને ગળવા લાગ્યા. તેથી આજે મંદીના પ્રશ્નો વધ્યા. અર્થકારણમાં મારે તેની તલવાર જેવી સ્થિતિ સર્જાવા લાગી. આ બધી બાબતોને બજાર નિષ્ફળતા કહી શકાય.

મૂડીવાદને કારણે ગરીબી, બેકારી, ભૂખમરો, કૂપોષણ, શોષણ, અસમાનતા અને વિષમતાના પ્રશ્નો વધતા લોકોની હાડમારીઓ વધી લોકોનો અસંતોષ વધ્યો.

ભૂખ્યાજનોનો જઠરાગ્નિ સળગતો હતો તેની સાથે અસંતોષની આગ પણ વધતી હતી. કાર્લ માર્કસે મજુરોને એકત્રિત થઈને મૂડીવાદને ખતમ કરવાનું આહ્વાહન કર્યું. કાર્લ માર્ક્સના વિચારોમાં ગરીબો અને મજૂરોને પોતાના પ્રશ્નોનો ઉકલ દેખાયો. મૂડીવાદનો અંત આવ્યો, અને શ્રમિકો શાસિત સમાજવાદી વ્યવસ્થાનો સુવર્ણોદય થયો. આ વ્યવસ્થામાં બજારતંત્રને કોઈ સ્થાન નથી. બધી જ આર્થિક કામગીરી રાજ્ય જ કરે છે. ઉત્પાદનના સાધનોની માલિકી રાજ્યની જ હોય છે. રાજ્ય દ્વારા જ ઉત્પાદનના નિર્ણયો, સાધન ફાળવણી, કિંમત નિર્ધારણ, આવકની વહેંચણી, વપરાશનું પ્રમાણ અને ધોરણો, વગેરે તમામ નક્કી થાય છે. પરંતુ આ વ્યવસ્થામાં પણ કાળક્રમે ક્ષતિઓ વધવા લાગી. લાગવગ, અમલદારશાહી, તુમારશાહી, સગાવાદ, ભ્રષ્ટાચાર, અયોગ્ય નિર્ણયો અને તેનો અયોગ્ય અમલ. સ્વતંત્રતાના પ્રશ્નો, રાજ્યશાસિત આપખુદશાહીના પ્રશ્નો વધ્યા. આ બાબતને રાજ્ય નિષ્ફળતા કહી શકાય.

બજાર નિષ્ફળતા અને રાજ્ય નિષ્ફળતામાંથી જ મિશ્ર અર્થકારણની આર્થિક પદ્ધતિનો જન્મ થયો. જેમાં મૂડીવાદ અને સમાજવાદના સારા લક્ષણો અપનાવીને તે બન્નેની અનિષ્ટ અસરો દૂર કરવાના પ્રયાસો વિશ્વના ઘણાં દેશોએ કર્યા જેમાં ભારતનો પણ સમાવેશ થાય છે. પરંતુ મિશ્ર અર્થકારણનો યોગ્ય અમલ ન થતાં મૂડીવાદ અને સમાજવાદની નિષ્ફળતાઓ મળતા બજાર-નિષ્ફળતા અને રાજ્યનિષ્ફળતાના પ્રશ્નો સર્જાયા.

આ નવી આર્થિક વ્યવસ્થા ઉત્પાદન, આવક, રોજગારીના પ્રશ્નો હલ કરવામાં નિષ્ફળ ગયેલ છે. ૨૦૦૭ના મધ્યભાગથી અમેરિકાથી શરૂ થયેલી વિશ્વમંદી અત્યારે વિશ્વમાં પ્રસરી ચૂકી છે. અને તેનાં આત્મઘાતક પરિણામો સૌ કોઈ અનુભવી રહ્યાં છે.

વિશ્વમાં મુક્ત બજારતંત્ર આધારિત અર્થવ્યવસ્થા પડી ભાંગવા આવી છે. મુક્ત નાણાતંત્ર અને નાણાબજારમાં કડાકાઓ બોલાવા લાગ્યા છે. બૅંકો અને નાણાકીય સંસ્થાઓ બંધ પડી રહી છે. અને અબજો ડોલરની ખોટના ખાડામાં ધકેલાઈ રહી છે. બૅંકો અને નાણાંસંસ્થાઓ હવે રાષ્ટ્રીયકરણ અને સરકારી સહાયની માગ કરી રહી છે. અગાઉ મુક્ત વ્યાપારની હિમાયત કરતા મોટા કોર્પોરેશનો પણ રાજ્યની સહાયના ઓક્સિજનથી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માંગ કરી રહ્યાં છે. આમ નાણાતંત્ર અને સમગ્ર અર્થકારણમાં સરકારની દરમ્યાનગીરી અને સામેલગીરીની જરૂરીયાત સર્જાતા બજારતંત્રની ઘોર નિષ્ફળતા ઉપસી આવેલ છે.

આ બધી વિગતો પરથી એ સિદ્ધ થાય છે કે અત્યાર સુધીમાં બજારતંત્ર કે રાજ્યતંત્ર આધારિત મૂળગત અર્થશાસ્ત્ર વિકસ્યું છે.

તે સદંતર નિષ્ફળ ગયેલ છે. કારણ કે બજારનિષ્ફળતા, રાજ્ય-નિષ્ફળતા અને મિશ્રનિષ્ફળતામાંથી ઉત્પાદન, આવક, રોજગારી, સ્થિરતા, વિકાસ, સમાનતા અને સમતુલાના પ્રશ્નો વધારે ગંભીર બન્યા છે તે પાશ્ચાત્ય આધારિત અર્થશાસ્ત્રની નિષ્ફળતા દર્શાવે છે. આ અંગે ચિંતન કરીએ અને સતત વિચારીએ કે શા માટે અર્થકારણ અને બદલાતી જતી આર્થિક પદ્ધતિ સતત નિષ્ફળ ગયેલ છે? પ્રગાઢ ચિંતન પછી એમ જણાય છે કે અર્થશાસ્ત્રમાં અને અર્થવ્યવસ્થામાં કેન્દ્રમાં માનવી નથી પણ નાણું, સંપત્તિ અને ભૌતિક સાધનો છે.

તેથી જ અર્થશાસ્ત્ર અને તમામ પ્રકારની આર્થિક પદ્ધતિ સાર્વત્રિક અને સર્વાંગી નિષ્ફળતાનો ભોગ બનેલ છે. આથી કોઈ નવા અર્થશાસ્ત્રની ખોજ જરૂરી છે.

આ નવું અર્થશાસ્ત્ર એવું હશે કે જેમાં માનવીની માનવતા અને નીતિમત્તા કેન્દ્રસ્થાને હશે. માનવી સ્વાર્થી, લંપટ, લાલચુ અને સ્વહીતકેન્દ્રી, આર્થિક માનવી કે પશુ માનવ નહીં હોય. પણ સંસ્થાકીય માનવી, સાંસ્કૃતિક માનવી, અને સાચા અર્થમાં સામાજિક માનવી હશે. આ પ્રકારના માનવીને કેન્દ્રમાં રાખીને સર્જાનાર વહેંચણી, સ્વકલ્યાણની સાથે સમાજકલ્યાણ, સ્થિરતા અને સામાજિક ન્યાય સાથેની અશ્રુવિહીન, વ્યથાવિહીન રોજગારી પૂર્ણ વિકાસના સિદ્ધાંતો, નીતિઓ અને પદ્ધતિઓનું આલેખન થશે. તેમાં માનવ માત્ર સાધન નહીં હોય પણ વિકાસ અને કલ્યાણ સાધ્ય હશે. હવે એ પ્રશ્ન થાય કે આ પ્રકારના નવા અર્થશાસ્ત્રની ખોજ કઈ રીતે કરવી? અને ક્યાં કરવી? તો આ માટે ક્યાંય જવાની જરૂર નથી. ભારતીય દર્શન, સંસ્કૃતિ, શાસ્ત્રો, પુરાણો, વેદો, ઉપનિષદો ગ્રંથોમાં આ પ્રકારના અર્થશાસ્ત્રનું નિરુપણ છે જ. આધુનિક સંદર્ભમાં, કૌટીલ્યથી માંડીને મહાત્મા ગાંધી અને અમર્ત્ય સેન સુધીના અર્થશાસ્ત્રના મહર્ષિઓનું ચિંતન પણ આ પ્રકારના નવા માનવ અર્થશાસ્ત્રને નવું બળ આપે છે. નવું વૈશ્વિક મૂળગત અર્થશાસ્ત્ર મૂળભૂત રીતે ભારતીય અર્થશાસ્ત્ર જ હોઈ શકે. પણ આ નવા ભારતીય અર્થશાસ્ત્રની ખોજ કરવાની અને તેને આત્મસાત કરવાની આપણી તૈયારી છે ખરી?

પ્રાચીન ભારતમાં ગણરાજ્ય શાસન વ્યવસ્થાનું નોંધપાત્ર લક્ષણ હતું. ગણરાજ્ય એટલે રાજ્યસત્તા એક વ્યક્તિ પાસે નહિ પણ ગણ અથવા અનેક વ્યક્તિઓના હાથમાં હોવી એવો અર્થ સમજાતો. મહાવીર કાલીન ભારતની શાસનવ્યવસ્થામાં પણ ગણરાજ્યો મહત્ત્વનું સ્થાન ધરાવતાં હતાં. જૈનશાસ્ત્રોમાં એ સમયે આર્યાવર્તમાં સાડી પચ્ચીસ દેશો ગણવામાં આવ્યા છે. ચીની યાત્રાળુઓની નોંધોને આધારે લખાયેલા બૌદ્ધગ્રંથોમાં અને એ બૌદ્ધ ગ્રંથોના નિષ્કર્ષ રૂપે લખાયેલા અંગ્રેજી પુસ્તકોમાં જણાવ્યા પ્રમાણે ઈ. સ. પૂ.ની છઠ્ઠી સદીમાં ૧૬ ગણરાજ્યો હતાં. અને તેમાંથી કાળે કરીને લગભગ ૮૦ જેટલાં રાજ્યો થવા પામ્યાં. તેથી ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ, ગણરાજ્યોના પ્રભુત્વવાળા, ઈ. સ. પૂ. ૧૦૦૦ થી ઈ. સ. પૂ. ૫૦૦ના સમય ગાળાને મહાજનપદ યુગ કહે છે.

મહાવીરકાલીન ભારતના ગણરાજ્યોના શાસનતંત્ર અંગેની તુટક તુટક માહિતી મળે છે. કેટલાંક ગણરાજ્યોના તો માત્ર નામો જ પ્રાપ્ત થાય છે જ્યારે કેટલાંક ગણરાજ્યોના બંધારણો અંગેની છૂટીછવાઈ માહિતી પ્રાપ્ત થાય છે. પરંતુ એ વિગતો અપૂરતી અને વેરવિખેર હોવાથી તેને યોગ્ય રીતે ગોઠવવી મુશ્કેલ બને છે. એટલું જ નહિ પરંતુ તે વિગતોને આધારે ગણરાજ્યોની શાસનવ્યવસ્થા કે રાજ્યતંત્ર અંગે સુરેખ, વિશ્વસનીય અને આધારભૂત ઈતિહાસ આલેખવાનું કાર્ય પણ અત્યંત મુશ્કેલ રહ્યું છે.

ગણરાજ્યોના શાસનતંત્રમાં (૧) ગણાધ્યક્ષ (મુખ્યવહીવટ કર્તા અથવા પ્રમુખરાજા) (૨) કાર્યવાહક સમિતિ (મંત્રીમંડળ) (૩) કેન્દ્રીય સમિતિ (૪) ન્યાયસભા વગેરે મહત્ત્વના અંગો હતાં.

ગણાધ્યક્ષને વહીવટમાં મદદ કરવા માટે મંત્રીમંડળ રાખવામાં આવતું. ગણાયધ્યક્ષની માફક મંત્રીમંડળના સભ્યોની ચૂંટણી કેન્દ્રિય સમિતિ કરતી હતી.

ગણરાજ્યોના મંત્રી મંડળની સંખ્યા ૪ થી ૨૦ વચ્ચેની રહેતી હશે. તેમાં પરદેશમંત્રી, નાણામંત્રી, ન્યાયમંત્રી અને લશ્કરી મંત્રી વગેરે મંત્રીઓ અત્યંત મહત્ત્વ ધરાવતા હતા. નાણામંત્રી આવકના સાધનો ઊભાં કરતો. ન્યાયમંત્રી અન્ય અદાલતોના ચુકાદા પર અપીલ સાંભળતો તથા વ્યવહાર અને ધર્મના નિયમોને આધારે અંતિમ નિર્ણય આપતો, જયારે લશ્કરી મંત્રી, લશ્કર પર પૂરેપૂરી નજર રાખતો. તે જવાબદારી મુખ્ય સેનાની સંભાળતો. અશાંતિ, આક્રમણ અને આંતરિક વિખવાદો વચ્ચે જીવતાં ગણરાજ્યોને મજબૂત સૈન્યની જરૂર રહેતી.

મોટાભાગના ગણતંત્રો એક જાતિના હતા. શાસનતંત્રમાં સામાન્ય રીતે ઉચ્ચ અને ધનિક વર્ગોનું પ્રભુત્વ હતું. ગ્રામ પંચાયતોમાં બધા જ વર્ગોનું પ્રતિનિધિત્વ રહેતું હતું. મહાવીરકાલીન ભારતની રાજકીય પરિસ્થિતિ અંગેના મળી રહેલાં જૂજ સાધનોમાંથી પણ ઉચ્ચવર્ગ અને સામાન્ય જનતામાં સંઘર્ષ હોવા અંગેની માહિતી પ્રાપ્ત થતી નથી. તે પરથી લાગે છે કે, ભગવાન મહાવીરકાલીન ભારતમાં વર્ગ સંઘર્ષનો અભાવ હશે અને તેથી જ કહી શકાય કે, ભગવાન મહાવીરકાલીન ભારત, આર્થિક, સામાજિક, નૈતિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ સાધી શક્યું હતું.

દુનિયા આખીમાં જ્યારે ઘેરી મંદી ચાલી છે ત્યારે પ્રભુ મહાવીરના સૂત્રો અર્થશાસ્ત્રને ઉગારવાની બાબતમાં મદદે આવે છે. દુનિયાના તમામ ધર્મોમાં કહેવામાં આવ્યું છે કે ધનનો વધુ પરિગ્રહ ન કરવો જોઈએ અને દાન કરતા રહેવું જોઈએ. તેમ છતાં આપણાં સમાજની વાસ્તવિકતા એ છે કે ધન વિના કોઈને ચાલતું નથી. સંસારની

અને ધાર્મિક પ્રવૃત્તિઓ પણ ચલાવવા માટે ધનની આવશ્યકતા રહે છે. જેણે સંસારનો ત્યાગ કર્યો છે તેની પાસે ધન ન હોય તો તે ભૂષણ ગણાય છે, પણ જેને સંસારમાં રહેવું છે અને પોતાની જવાબદારીઓ નિભાવવી છે, તેની પાસે ધન ન હોય તો તે મોટું દૂષણ કહેવાય છે.

સમાજનું ભલું કરવું હોય તો પણ ધનની આવશ્યકતા રહે છે. કોઈ વ્યક્તિ ભૂખી હોય તો તેને પહેલા ખાવાનું આપ્યા પછી જ તેને ધર્મનો ઉપદેશ આપી શકાય છે. ભૂખ્યા પેટે ભજન કરનારા દુર્લભ હોય છે.

આપણા સમાજમાં ધનની જે બોલબાલા છે, તેને કારણે ગરીબો અપમાનનો અને ઉપેક્ષાનો ભોગ બને છે. દરિદ્રતા ખરેખર મનુષ્યનું જીવંત મૃત્યુ છે.

સંસારમાં રહેલી નિર્ધન વ્યક્તિને પણ રોટી, કપડાં અને મકાનની જરૂર પડે છે. આ માટે ધનની આવશ્યકતા રહે છે. સાધુ પુરુષો માટે ભિક્ષા માંગીને જીવનનિર્વાહ કરવો એ એક પ્રકારનું તપ છે, જેનાથી અહંકાર ઓગળી જાય છે; પણ ગૃહસ્થો માટે ભીખ માંગવી એ અત્યંત દયનીય બાબત છે. ગૃહસ્થ જયારે ભીખ માંગવા નીકળે ત્યારે તેણે વારંવાર અપમાન અને તિરસ્કારનો સામનો કરવો પડે છે.

માર્ગાનુસારીનો પહેલો ગુણ ધન કમાવાની સલાહ આપે છે, પણ અનીતિથી ધન કમાવાની સલાહ તે હરગિજ આપતો નથી. પારકાના ધનનો લોભ કરવો જોઈએ નહીં. પારકાના ધનનો લોભ નાશનું મૂળ છે. આજના મોટા ભાગના શ્રીમંતોને આ વાત લાગુ પડે છે. ધન કમાવું જોઈએ, તેનો અર્થ એવો નથી કરવાનો કે યેનકેનપ્રકારેણ કોઈનું ઝૂંટવી લઈને પણ ધનિક બનવાનું છે. અનીતિથી ધન કમાવા કરતાં તો નિર્ધન રહેવું સારું છે. કોઈ વ્યક્તિ અનીતિથી પારકાના હકનું ધન પડાવી પણ લેશે તો આ ધન તેની પાસે ટકવાનું નથી. આ ધન તો ચાલ્યું જશે પણ આ પ્રકારે ધન કમાનારનો પણ નાશ થશે.

સજ્જન પુરુષનું એક લક્ષણ છે કે તેઓ પારકાના ધન ઉપર કદી નજર બગાડતા નથી. જેમની સમાજમાં શ્રીમંત તરીકે પ્રતિષ્ઠા હોય છે, તેમને લોકો પોતાની થાપણ સાચવવા અથવા વ્યાજે રાખવા આપે છે. અનીતિમાન શ્રીમંતો વિશ્વાસઘાત કરે છે અને પારકાની થાપણ હજમ કરી જાય છે. જેઓ નીતિમાન હોય છે તેઓ પારકી મૂડીનું પોતાના પ્રાણના ભોગે પણ જતન કરે છે. સજ્જન પુરુષો પારકાના ધનને પણ પોતાનું સમજે છે. તેનો અર્થ એવો થાય છે કે સજ્જનો પોતાના ધનની રક્ષા માટે જેટલી મહેનત કરે છે, એટલી જ મહેનત તેઓ પારકી થાપણ માટે પણ કરે છે.

આજના યુગમાં સૌથી કીમતી ચીજ કઈ? અનાજ જેવું કોઈ ધન નથી. જ્યારે દેશમાં ભૂખમરો હોય ત્યારે સોનું, ચાંદી કે હીરા કામ નથી લાગતા, પણ સંઘરી રાખવામાં આવેલું અનાજ કામમાં આવે છે. જ્યારે દુકાળ પડે છે, ત્યારે અનાજની ખરી કિંમત સમજાય છે. ભારતમાં જ્યારે ભીષણ દુકાળ પડ્યો હતો ત્યારે રાજાના ખજાનાની સોનામહોરો કામમાં નહોતી આવી પણ જગડુશાના ભંડારનું અનાજ કામ લાગ્યું હતું. આજના યુગમાં ભારતમાં ખેતીલાયક જમીન ઉપર કારખાનાઓ ઊભાં થઈ જવાથી સરકારને અનાજની આયાત કરવાની ફરજ પડી છે. તેનાથી વધુ કફોડી કોઈ હાલત હોઈ શકે નહીં. અનાજ મેળવવા જતાં ક્યારેક દેશની સ્વતંત્રતા પણ વેચવી પડે છે, માટે અનાજનો સંગ્રહ કરવો જોઈએ.

ધનની રક્ષા કરવી હોય તો તેનું દાન કરવું જોઈએ. આ વાક્ય અત્યંત રહસ્યમય છે. તિજોરીમાં સંઘરી રાખવામાં આવેલું ધન નાશ પામે છે અથવા ધુતારાઓ ખાય છે, પણ જો ધનનું દાન કરવામાં આવે તો તેને કારણે ચિક્કાર પુણ્ય મળે છે અને નવા ધનની પ્રાપ્તિ થાય છે, માટે જેઓ પ્રાપ્ત કરેલું ધન સાચવી રાખતા હોય અને તેમાં વૃદ્ધિ કરવા માંગતા હોય તેમણે દાન કરતાં રહેવું જોઈએ. જૈનદર્શનના સમગ્ર અર્થશાસ્ત્રનો સાર આ નાનકડા વાક્યમાં આવી ગયો છે, એમ કહીએ તો તેમાં જરાય અતિશયોક્તિ નથી.

જૈન આચાર દર્શનમાં પાંચ મહાવ્રતોના વિવેચનમાં ત્રણ મહાવ્રત (૧) અસ્તેય (૨) બ્રહ્મચર્ય (૩) અપરિગ્રહ વાસ્તવિક રીતે જીવના અનાસક્ત ગુણ તરફ નિર્દેશ કરે છે. જીવમાં આસક્તિ બે પ્રકારની જોવા મળે છે. (૧) સંગ્રહખોર (૨) ભોગલાલસા, આ બંને દોષોથી પ્રેરિત થઈ જીવ બીજાની વસ્તુઓ ઉઠાવી લેવાની હજમ કરી લેવાની પ્રવૃત્તિ કરે છે. આ આસક્તિની વર્તણુંક ખરેખર બાહ્ય રીતે ત્રણ સ્વરૂપે જોવા મળે છે. (૧) ઉઠાવગીરી (શોષણ) (૨) ભોગોપભોગ (૩) સંગ્રહવૃત્તિ.

ઉપરના ત્રણ મહાવ્રતો દ્વારા આ ત્રણ દોષોનું નિયંત્રણ શાસ્ત્રકારો જણાવે છે. સંગ્રહવૃત્તિનો સંયમ અપરિગ્રહ વ્રતથી, ભોગવૃત્તિનો સંયમ બ્રહ્મચર્ય દ્વારા અને શોષણવૃત્તિ–ચોરીચપાટી અસ્તેય વ્રત દ્વારા કાબૂમાં રાખી શકાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ઉલ્લેખ છે કે જગતના સર્વ દુઃખોનું મુળ તૃષ્ણા છે. જેની તૃષ્ણા ખતમ થઈ જાય તેનો મોહ સમાપ્ત થઈ જાય છે અને પરિણામે તેના દુઃખનો નાશ થઈ જાય છે. કારણ કે આસક્તિ આવે છે લોભમાંથી અને લોભ તમામ સદ્ગુણોનો નાશ કરે છે.

ઉત્તરાધ્યાનમાં સ્પષ્ટ લખ્યું છે કે કૈલાસ પર્વતની જેમ અસંખ્ય પર્વતો સોના ચાંદીથી મઢી લેવામાં આવે એટલું ધન મળે તો પણ તૃષ્ણા શાંત થતી નથી, કારણ કે ધનસંગ્રહની મર્યાદા હોય તો પણ તૃષ્ણાની મર્યાદા અનંત છે.

સૂત્રકૃતાંગમાં પણ કહ્યું છે કે આસક્તિવાળો મનુષ્ય કદી દુઃખમુક્ત નથી બની શકતો. તૃષ્ણા કે આસક્તિ દુઃખનો જ પર્યાયવાચી શબ્દ છે, અને આ તૃષ્ણા કે આસક્તિ પરિગ્રહનું મૂળ છે.

પરિગ્રહ અથવા સંગ્રહવૃત્તિ એ સામાજિક હિંસા છે કારણ કે શોષણ વિના સંગ્રહ શક્ય નથી. સંગ્રહવૃત્તિ બીજાનું અહિત કરે છે જે હિંસાનું એક રૂપ છે, માટે પરિગ્રહ ત્યાગ જ અનાસક્ત ભાવ પેદા કરે છે. અને અનાસક્ત બનવા માટે જૈનદર્શનમાં શ્રાવક-શ્રાવિકા માટે ૧૨ વ્રતો અને જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો માટે સંસારનો સર્વથા ત્યાગ કરી પંચ મહાવ્રતનું પાલન કરવાનું હોય છે.

આજના સમયમાં જૈનદર્શન આચાર મીમાંસા જણાવે છે કે દુનિયાના તમામ દેશોમાં શોષણવૃત્તિ અને સંગ્રહવૃત્તિ એટલે કે તમામ પ્રકારની આસક્તિ સમગ્ર માનવજાતિનું અહિત કરે છે.

જૈનદર્શન પ્રમાણે સમાન વીતરણ-વહેંચણી અને સમાન વિભાગીકરણ એ આજની અર્થવ્યવસ્થાને સંતુલિત કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. જે દેશ કે વ્યક્તિમાં વહેંચીને ખાવાની વૃત્તિ નથી તે પાપના માર્ગે રહે છે. આ ભાવના સામાજિક અને આધ્યાત્મિક વિકાસ માટે અત્યંત આવશ્યક છે.

આમ જૈન દર્શનકારો નૈતિક સાધનાની દૃષ્ટિએ અનાસક્તભાવ અને અપરિગ્રહ અત્યંત જરૂરી માને છે જે તમામ વર્ગની આર્થિક સમસ્યાઓ હલ કરવામાં મદદ કરે છે અને દરેકની આબાદી, સુખ, શાંતિ ચીરસ્થાયી બનાવવામાં ઉપયોગી બને છે.

મનુષ્યની તૃષ્ણા ત્રણ પ્રકારે વ્યક્ત થાય છે, રાગ-દ્વેષ અને કામભોગ અને એથી તૃષ્ણા એક બંધન બની જાય છે. તૃષ્ણાથી શોક અને ભય ઉત્પન્ન થાય છે. આસક્તિ વાસ્તવિક દુ:ખ છે. અનાસક્તિ વાસ્તવિક સુખ છે. આસક્તિના બંધનમાં વ્યક્તિ અન્યાયપૂર્ણ અર્થ સંગ્રહ કરે છે. પરિણામે આર્થિક ક્ષેત્રે અપહરણ, શોષણ, સંગ્રહવૃત્તિ ફાલે ફૂલે છે.

આમાંથી બચવા સંતોષવૃત્તિ કેળવવી પડે છે. પરિગ્રહ ઉપર મર્યાદા રાખવી પડે છે. લોભવૃત્તિ છોડવી પડે છે. કારણ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે લાભથી લોભ વધે છે. આમાંથી વૈરાગ્યભાવના, ત્યાગભાવના, દાનવૃત્તિ, પરોપકારવૃત્તિ, સર્વ જીવોની હિતબુદ્ધિ, આત્મવત્ સર્વભૂતેષુ સદ્‌વિચાર વગેરે વગેરે અનેક સદ્‌ગુણોના વિકાસનો ઉપદેશ શાસ્ત્રમાં ઠેર ઠેર જોવા મળે છે.

આના પરિણામે આર્થિક સમૃદ્ધિના બીજ રોપાય છે.

આર્ય સંસ્કૃતિનું સૂત્ર છે:

શત હસ્ત સમાહર સહસ્ર હસ્ત વિકીર્ણ.

સો હાથો વડે એકઠું કરો અને હજાર હાથો દ્વારા વહેંચી દો. આર્થિક સમસ્યા તો જ નડે જો વહેંચણી અસમાન હોય અને ઉપભોગ અનિયંત્રિત હોય, કારણ કે એક વર્ગ જીવન ટકાવવા અન્ન માટે ટળવળતો હોય તો બીજો વર્ગ અતિશય સામગ્રીમાં એશ આરામથી જિંદગી માણતો હોય. પરિણામે વર્ગ સંઘર્ષ અને અશાંતિ તથા પરસ્પર વિગ્રહ જન્મે છે.

ટૂંકમાં જૈન દર્શનના વ્રતો મહાવ્રતો આર્થિક સંતુલન અને આર્થિક આબાદી, સુખશાંતિ માટે, ઘણું શાંતિપૂર્વક જીવન જીવવા માટેનો માર્ગ બતાવે છે. ✷✷✷

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૦૪૫૯૦

# યોગીરાજ શ્રી ચિદાનંદજી રચિત : શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

❑ **સુમનભાઈ શાહ**

તીર્થંકર નામકર્મ હૃદયમાન છે એવા શ્રી અરિહંત પ્રભુની સ્યાદ્‌વાદમયી ધર્મદેશના વાણીના પાંત્રીસ અતિશયોથી યુક્ત હોય છે, જે શ્રોતાજનોને પુષ્ટ-નિમિત્તકારણ નિપજે છે. આવી અપૂર્વવાણી તત્ત્વને યથાર્થ જણાવનારી, પૂર્વાપર વિરોધરહિત, પ્રશ્નોનું નિરાકરણ કરનારી, શ્રોતાજનોની ગ્રાહ્યતાને અનુરૂપ, ધર્મ-અધર્મને જણાવનારી, સહજભાવે પ્રવર્તનારી, સંપૂર્ણ અર્થને કહેનારી, તલસ્પર્શી, ગુણપર્યાયની અનંતતાથી યુક્ત વગરે હોય છે. આમ છતાંય વાણી ઈન્દ્રિય પ્રત્યક્ષ, સીમિત, ક્રમિક અને સાપેક્ષ હોય છે, જ્યારે આત્મસ્વરૂપ તેના જ્ઞાનદર્શનાદિ ગુણો સહિત નિરપેક્ષ, અસીમ, અતીન્દ્રિય પ્રત્યક્ષ અને અક્રમિક છે. શ્રી અરિહંત પ્રભુ વીતરાગભાવે પોતાની વાણીના નિહાળનાર સંપૂર્ણ જ્ઞાતાદૃષ્ટા હોવાથી તેઓની વાણી અનુભવ પ્રામાણિત અને અમૃતમયી હોય છે. જે ભવ્યજીવોને આવી વાણી સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે તેઓ ધન્યતા અનુભવે છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઈએ.

અનુભવ અમૃતવાણી હો પાસ જિન! અનુભવ અમૃતવાણી;
સુરપતિ ભયા જે નાગ શ્રીમુખથી, તે વાણી ચિત્ત આણી હો.
પાસ જિન અનુભવ અમૃતવાણી...૧.

પાર્શ્વકુમારના વનવિહાર માર્ગમાં એક તાપસ યજ્ઞ કરી રહ્યો હતો, જેમાં હિંસાચાર થતો પ્રભુએ જોયો. યજ્ઞમાં હોમાઈ રહેલા લાકડામાં એક સર્પયુગલ અગ્નિમાં તપી રહેલું પાર્શ્વકુમારને અવધિજ્ઞાનમાં જણાયું. લાકડાને ચિરાવી મૃત્યુને શરણ થઈ રહેલ સર્પયુગલને માંગલિક સંભળાવી જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું. સર્પયુગલ પ્રભુનું શરણ ગ્રહણ કરી સમાધિમરણને પ્રાપ્ત થઈ દેવલોકમાં ધરણેન્દ્ર અને પદ્માવતીના નામથી પ્રસિદ્ધિ પામ્યા. આમ પ્રભુની અમૃતમયી વાણી, ઉપકારકતા અને નિષ્કારણ કરુણાથી સર્પ-યુગલનો ઉદ્ધાર થયો.

શ્રી પાર્શ્વનાથ પ્રભુનો જીવન પ્રસંગ નજર સમક્ષ આવતાં

ભક્તજન સ્તવના કરે છે કે 'હે પાર્શ્વનાથ પ્રભુ! આપની મધુર-વાણી અનુભવરૂપ અમૃતથી ભરપૂર છે, જેને મેં મારા હૃદય-મંદિરમાં, ધારણ કરેલ છે. હે પ્રભુ! આપના શ્રીમુખથી ઝરેલી વાણીથી સર્પયુગલનું આત્મકલ્યાણ થયું.'

સ્યાદ્વાદ મુદ્રા મુદ્રિત શુચિ, જિમ સુરસરિતા પાણી;
અંતર મિથ્યાભાવ લતા જે, છેદણ તાસ કૃપાણી હો.
પાસ જિન અનુભવ અમૃતવાણી...૨

શ્રી જિનેશ્વર પ્રભુની અનેકાંતમય વાણી અનેક નય, નિક્ષેપાદિથી ભરપૂર અને અવિરોધાભાસ હોવાથી તે શ્રોતાજનોને પોતપોતાની ભાષામાં સમજાઈ જાય છે અને હૃદય સોંસરી ઉતરી જઈ શ્રદ્ધાથી સ્વીકૃત થાય છે. આવી વાણીની પાછળ પ્રભુનું વચનબળ અને આત્મવીર્યનો સ્રોત વહેતો હોવાથી શ્રોતાજનોને અનાદિકાળથી વર્તતા મિથ્યાત્વ અને કષાયાદિ ભાવોનું છેદન થઈ નિર્મૂળ થાય છે, કારણ કે તેઓથી પ્રભુના સુબોધનો સદુપયોગ થાય છે. અથવા જેમ ગંગાનદીનું પાણી પાવનકારી મનાય છે, તેમ શ્રી જિનેશ્વરની વાણીનો વ્યવહાર ચારિત્ર્યાચારમાં ઉપયોગથી કર્મમળ નિર્મૂળ થાય છે કે આત્મિકગુણો (શ્રોતાજનોના) નિરાવરણ થાય છે. આમ પ્રભુની સ્યાદ્વાદમયી વાણીરૂપ તરવારની ધારથી મિથ્યાત્વરૂપ છોડવાઓને છેદે છે.

અહો નીશીનાથ અસંખ્ય મળ્યા તિમ, તિચ્છે અચિરજ એહી;
લોકાલોક પ્રકાશ અંશ જસ, તસ ઉપમા કહો કેહી હો.
પાસ જિન અનુભવ અમૃતવાણી-૩

સર્વજ્ઞ ભગવંતને પ્રગટપણે વર્તતું કેવળજ્ઞાન અને દર્શન લોકાલોકના સર્વ પદાર્થોને તેના ત્રિકાલિક ભાવ સહિત સમકાલે જોવા-જાણવાનું સામર્થ્ય ધરાવે છે એટલે કેવળજ્ઞાન લોકાલોક પ્રકાશક કહેવામાં આવે છે, જે વચન વ્યવહારથી પૂરેપૂરું કહી શકવું અશક્યવત્ છે. ઉપરાંત કેવળજ્ઞાનને કોઈ ઉપમા પણ આપી શકાય તેમ નથી કારણ કે તે અનુપમ છે. સમવસરણની પર્ષદામાં અસંખ્ય ચંદ્રો અને દેવો તિર્ચ્છાલોકમાં મળે છે પરંતુ તેઓથી કેવળજ્ઞાનનો એક અલ્પ અંશ પણ પામી શકાતો નથી. ટૂંકમાં વાણી વ્યવહાર મારફત કેવળજ્ઞાનનું દરઅસલ સ્વરૂપ જાણી શકાતું નથી કારણ કે તે માત્ર અનુભવગમ્ય અને અસીમ છે.

વિરહ વિયોગ હરણી એ દંતી, સંધી એ વેગ મિલાવે;
યાકી અનેક અવંચકતાથી, આણાભિમુખ કહાવે હો.
પાસ જિન અનુભવ અમૃતવાણી-૪

મુક્તિમાર્ગની ઉપાસનામાં ઉર્ધ્વગામી સમ્યક્ ભાવનાઓથી ભાવિત રહેલું અનિવાર્ય છે અને આત્મદશાના સાધકોને તેનો વિયોગ અને વિરહ સતાવે છે. પરંતુ શ્રી જિનેશ્વરની અમૃતમય વાણી આવા વિરહ અને વિયોગનું એકબાજુ હરણ કરે છે અને બીજી બાજુ દર્શનમોહાદિનો ધ્વંશ કરી સમ્યક્દર્શન સાધકોમાં પ્રસ્થાપિત કરે છે. સાધક ઉત્તરોત્તર જેમ જેમ જિનવચન અને જિજ્ઞાસાનું સમ્યક્ આચરણ કરે છે (અવંચકપણે) તેમ તેમ ગુણશ્રેણીનું આરોહણ કરે છે.

અક્ષર એક અનંત અંશ જિહાં, લેપ રહિત મુખ ભાખ્યો;
તાસ ક્ષયોપશમ ભાવ વધ્યાથી, શુદ્ધ વચન રસ ચાખો હો.
પાસ જિન અનુભવ અમૃતવાણી...૫

શ્રી અરિહંત પ્રભુને વર્તતું કેવળજ્ઞાન અનુભવગમ્ય હોવાથી તે અનંતમા અંશે વચન વ્યવહારથી પ્રકાશિત પ્રભુ મુખથી થઈ શકે છે. પાંત્રીસ અતિશયોથી યુક્ત અપૂર્વવાણી તીર્થંકર નામકર્મની નિર્જરારૂપે હોવાથી પ્રભુને તેનાથી અલિપ્તપણું વર્તાય છે. કારણ કે તે માલિકીભાવ રહિત છે. શ્રી જિનેશ્વર આવી વાણીના જ્ઞાતાદૃષ્ટા છે. જિનવચન ધારાના પ્રવહણથી શ્રોતાજનોના ક્ષયોપશમભાવોની વૃદ્ધિ થાય છે, અથવા જ્ઞાનદર્શનાદિ આત્મિકગુણો નિરાવરણ થવા લાગ્યા, આમ ભવ્યજીવો જિનવાણી ધારાનો રસ ચાખે છે.

ચાખ્યાથી મન તૃપ્ત થયું નવિ, શા માટે લોભાવો;
કર કરુણા કરુણારસ સાગર, પેટ ભરીને પાવો હો.
પાસ જિન અનુભવ અમૃતવાણી...૬

પ્રભુના સ્વાનુભવરૂપ અમૃતમય વાણીનો રસ સાધકને ચાખવા મળ્યો પરંતુ તેનાથી તેને તૃપ્તિ થઈ નહીં. એટલે સાધક શ્રી પાર્શ્વનાથ પ્રભુને પ્રાર્થના કરે છે કે 'માત્ર રસ ચખાડવાથી કામ નહિ થાય, પરંતુ પેટ ભરીને અમોને જમાડો. શા માટે અમોને તડપાવો છો? હે પ્રભુ! આપ કરુણાના મહાસાગર છો, જેથી અમારા ઉપર કૃપા કરી અમોને તમારા જેવા જ બનાવો. અમારી પ્રાર્થનાનો સ્વીકાર કરો.'

લવલેશ લહ્યાથી સાહિબ, અશુભ યુગલ ગતિ વારી;
ચિદાનંદ વામાસુત કેરી, વાણીની બલિહારી હો.
પાસં જિન અનુભવ અમૃતવાણી...૭

સાંસારિક જીવો મનુષ્ય, દેવ, તિર્યંચ અને નર્કગતિઓમાં ભવભ્રમણ કરે છે જેમાં મનુષ્ય અને દેવગતિ શુભ છે તથા તિર્યંચ અને નર્કગતિ અશુભ છે. સ્તવનકાર શ્રી ચિદાનંદજી ઉપસંહારમાં કહે છે કે વામામાતાના સુપુત્ર શ્રી પાર્શ્વનાથ પ્રભુના વાણીની એવી બલિહારી છે કે, જે ભવ્યજીવને અમૃતમય વાણીનો અનંતમો ભાગ પણ સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે તેને નરક અને તિર્યંચગતિમાં જન્મ થવાની સંભાવનાનો અંત આવશે અર્થાત્ બે પ્રકારની અશુભ ગતિનો છેદ થશે.

✷ ✷ ✷

૫૬૩, આનંદવન સોસાયટી, ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૮.
ફોન : ૦૨૬૫-૨૭૯૫૪૩૯.

# શ્રી જૈન સાહિત્ય : એક છબી

❑ પ. પૂ. આચાર્યશ્રી પ્રેમપ્રભ સાગર સૂરીશ્વરજી

### પીઠિકા

યુગે યુગે રચાતી કૃતિઓ માનવમનને બળ આપે છે. સાહિત્યની ગંગોત્રીમાં જૈનકવિઓનું અર્પણ અદ્‌ભુત અને અવિસ્મરણીય રહ્યું છે. એ અર્પણ સૈકે સૈકે નોંધપાત્ર બનતું રહ્યું છે તેમ કહી શકાય; તેમ છતાં ડૉ. કોલ્બ્રુકે પોતાના પ્રસિદ્ધ શોધગ્રંથમાં મેજર મેકેન્ઝીને પહેલી વાર પત્રરૂપે નિબંધ લખીને જૈન સાહિત્યનો પરિચય આપ્યો અને ત્યારબાદ વિદ્વાનો સાહિત્યને એ મૂલ્યાંકન સુધી દોરી લાવ્યા. અનેક જૈન ગ્રંથકારોએ અસંખ્ય કૃતિઓ રચીને ભાષા અને દેશના સીમાડા ઓળંગ્યા છે. સાહિત્યના ક્ષેત્રમાં આ બળકટ પ્રદાને અદ્‌ભુત લોકપ્રિયતા પણ મેળવી છે. એક માન્યતાનુસાર, અપ્રકટ એવી વીસ લાખ હસ્તપ્રતો હજી ય દેશના વિવિધ જૈન ગ્રંથાલયો અને વિદેશમાં કેટલેક સ્થળે ઉપલબ્ધ છે, અને તે તમામ જિજ્ઞાસુ સંશોધકની પ્રતીક્ષા કરે છે! ભારતીય સાહિત્યના સંશોધક ડૉ. જોહન્સ હર્ટલ માને છે કે આ એક જ એવું વિશાળ સાહિત્ય છે કે તે તમામ પ્રકારના જનસમૂહમાં એકસાથે લોકપ્રિય અને ઉપકારક થયું છે.

જૈન કવિઓની ગ્રંથરચનાના બે ઉદ્દેશ મુખ્ય છેઃ એક જ્ઞાન-સાધના. બે ધર્મ-ભક્તિ. ધર્મ-ભક્તિને જીવન સમર્પિત કરનાર આ કવિઓએ કથા, રૂપકથા, તત્ત્વ, ઉપદેશ, ભક્તિ, બોધ-જેવાં તમામ ક્ષેત્રે સફળ ખેડાણ કર્યું છે. મધ્યકાલીન બ્રાહ્મણ કવિઓએ પ્રધાનતઃ કોઈક ને કોઈક રાજા, શ્રેષ્ઠિ માટે રચેલા સાહિત્ય કરતાં આ સાહિત્ય તદ્દન ભિન્ન અને ગૌરવપૂર્ણ છે. આથી ધર્મ, સમાજ કે દેશને જ માત્ર નહીં, પણ સમગ્ર સંસ્કૃતિને જૈન સાહિત્યે ચેતના આપી.

### જૈન સાહિત્ય

જૈન સાહિત્યમાં અસંખ્ય પુસ્તકો છે. પ્રભુ મહાવીરના સમયથી આજ સુધીમાં અનેક મહાન જૈનાચાર્યોએ, સર્જકોએ સંખ્યાબંધ પુસ્તકો રચ્યાં છે. આચાર્યશ્રી ઉમાસ્વાતિ વાચકે ૫૦૦ ગ્રંથ રચ્યા છે, શ્રી હરિભદ્રસૂરિ એકલાએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે વિપુલ સાહિત્ય રચ્યું છે, ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે ૧૦૮ મહાન ગ્રંથો માત્ર નવ્ય ન્યાયના સંદર્ભમાં લખ્યા છે એમ કહેવાય છે. આવા અનેક જ્ઞાની મહાત્માઓએ અસંખ્ય પુસ્તકો લખેલાં છે. હિન્દુઓમાં ગીતા મુખ્ય મનાય છે, મુસલમાનોમાં કુરાને શરીફ મુખ્ય મનાય છે. ખ્રિસ્તીઓમાં બાઈબલ મુખ્ય મનાય છે; એમ જૈન ધર્મમાં આગમો એ જૈન ધર્મનું પરમ પવિત્ર અને પ્રમાણભૂત સાહિત્ય છે. એને સૂત્ર, શાસ્ત્ર, સિદ્ધાંત કે નિર્ગ્રંથ પ્રવચન એવા નામે પણ ઓળખવામાં આવે છે. આગમોની સંખ્યા પહેલાં ૮૪ની હતી. હાલ ૪૫ની છે. આ પિસ્તાલીસ આગમોમાં પ્રથમ આગમ-અંગ આચારાંગસૂત્ર છે, જેમાં સાધુઓના શુદ્ધ આચાર અને વિચારોનું સૂક્ષ્મ અને સૂત્રમય વર્ણન છે. આ એક જ મહાગ્રંથને કદાચ જૈન ધર્મના અતિ ટૂંકાસારરૂપ કે પ્રતિનિધિ પણ ગણી શકીએ. આમ, આચારાંગસૂત્ર એ જૈન સાહિત્યનું મુખ્ય પુસ્તક કે ગ્રંથ માની શકાય. ટૂંકું સૂત્રાત્મક હોવાથી તેના અનેક સૂત્રોના અસંખ્ય અર્થ તારવી શકાય છે.

ભગવાન મહાવીર 'ઉપન્નેઈવા વિગમેઈવા ધુવેઈવા' એ ત્રણ જ શબ્દમાં સંસારના સમગ્ર સમ્યગ્ જ્ઞાનનો સાર જણાવે છે. સ્ત્રી, બાળકો વગેરે પણ સમજી શકે તેવી (જૈન) અર્ધમાગધી ભાષામાં તેઓ ઉપદેશ આપતા. એમના મુખ્ય શિષ્યો-ગણધરો ભગવાન મહાવીરના આ ઉપદેશને સૂત્રરૂપે ગોઠવે છે અને બીજા તેનો મુખપાઠ કરી લે છે. તેમના દીર્ઘાયુ મહાજ્ઞાની શિષ્ય અને વિદ્યમાન સકળ જૈન સંઘના સદ્‌ગુરુ ગણધર શ્રી સુધર્માસ્વામીએ એ ઉપદેશને સૂત્રરૂપે ગોઠવ્યો. એના બાર ભાગ છે. અને દરેક ભાગ અંગ કહેવાય છે. બારમું અંગ વિચ્છેદ જવાથી હાલ ૧૧ અંગો જ મળી આવે છે.

૪૫ આગમો

| | | |
|---|---|---|
| ૧. ૧૧ અંગ | ૨. ૧૨ ઉપાંગ | ૩. ૧૦ પયન્ના |
| ૪. ૬ છેદસૂત્ર | ૫. ૨ સૂત્ર અને | ૬. ૪ મૂળ સૂત્ર |

**૧૧ અંગ**

| | |
|---|---|
| ૧. આચારાંગ | ૨. સૂત્રકૃતાંગ |
| ૩. સમવાયાંગ | ૪. ઠાણાંગ |
| ૫. વિવાહપ્રજ્ઞપ્તિ અથવા | ૬. જ્ઞાતધર્મકથા ભદવતીજી |
| ૭. ઉપાસકદશા | ૮. અંતકૃતદશા |
| ૯. અત્તરૌપપાતિક દશા | ૧૦. પ્રશ્નવ્યાકરણ |
| ૧૧. વિપાક સૂત્ર અને | ૧૨. દૃષ્ટિવાદ |

**૧૨ ઉપાંગ**

| | | |
|---|---|---|
| ૧. ઔપપાતિક | ૨. રાજપ્રશ્નીય | ૩. જીવાજીવાભિગમ |
| ૪. પ્રજ્ઞાપના | ૫. જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ | ૬. ચંદ્રપ્રજ્ઞપ્તિ |
| ૭. સૂર્યપ્રજ્ઞપ્તિ | ૮. નિરયાવલિયાઓ | ૯. કલ્પાવતંસિકા |
| ૧૦. પુષ્પિકો | ૧૧. પૂષ્પચૂલિકા | ૧૨. વૃષ્ણિદશા |

**૧૦ પયન્ના**

| | | |
|---|---|---|
| ૧. ચતુઃશરણ | ૨. સંસ્તાર | ૩. આતુરપ્રત્યાખ્યાન |
| ૪. ભક્તપરિજ્ઞા | ૫. તંદુલવૈયાલિય | ૬. ચંદ્રાવૈધ્યક |
| ૭. દેવેન્દ્રસ્તવ | ૮. ગણિવિદ્યા | ૯. મહાપ્રત્યાખ્યાન |
| ૧૦. વીરસ્તવ | | |

**૬ છેદસૂત્ર**

૧. નિશિથ ૨. મહાનિશિથ ૩. વ્યવહાર
૪. દશાશ્રુતસ્કંધ ૫. બૃહત્કલ્પ ૬. જીતકલ્પ

**૪ મૂળસૂત્ર**

૧. આવશ્યક-ઓઘનિર્યુક્ત ૨. દશવૈકાલિક
૩. પિંડનિર્યુક્તિ ૪. ઉત્તરાધ્યયન

**૨ સૂત્ર**

૧. નંદી સૂત્ર ૨. અનુયોગદ્વાર

**આગમોમાં કયા કયા વિષયોની ચર્ચા છે ?**

આચારાંગ એ પહેલું અંગ છે. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય વગેરે આચારો તથા ગોચરી, વિનય, શિક્ષા, ભાષા, અભાષા, સદ્વર્તન, ક્રિયા વગેરેનું વર્ણન છે. બીજું અંગ સૂત્રકૃતાંગ છે. એમાં લોક, અલોક, લોકાલોક, જીવ, સમય તથા ૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી તથા ૩૨ વિનયવાદી–એમ ૩૬૩ મતોનું ખંડન કરી અનેકાન્તિક મંતવ્ય રજૂ કર્યું છે. સ્થાનાંગસૂત્રમાં જીવ, સમય, લોક તથા ભૂગોળની સ્થાપના છે. સમવાયાંગમાં એકથી આરંભ કરી ૧૦૧ સંખ્યાવાળા પદાર્થોના નિર્ણયને દ્વાદશાંગીનું સ્વરૂપ બતાવ્યું છે. વ્યાખ્યા – પ્રજ્ઞપ્તિ સૂત્રનું બીજું નામ ભગવતીસૂત્ર છે. જીવાદિનું તલસ્પર્શી વિવેચન છે. જ્ઞાતા-ધર્મકથામાં દરેક કથાનાયકનું જન્મભૂમિથી મોક્ષ સુધીનું વર્ણન છે. ઉપાસકદશામાં શ્રમણોપાસકના જીવનવર્ણન છે. અંતકૃત–દશામાં મોક્ષગામીઓના જીવનવર્ણન છે. પ્રશ્નવ્યાકરણમાં પુછાતા વિદ્યામંત્રો, અપુછાતા વિદ્યામંત્રો, મિશ્ર પુછાતા વિદ્યામંત્રો, અંગૂઠાદિના પ્રશ્નો, વિદ્યાતિશયો, દેવો સાથેના દેવી-સંવાદો છે. વિપાકસૂત્રમાં સુખ-દુ:ખના કારણોની ચર્ચા છે. બારમું અંગ દૃષ્ટિવાદ છે, પણ તે હાલ નાશ પામ્યું છે.

એકલા સુધર્માસ્વામીએ જ બધાં આગમો લખ્યાં નથી. ચોથું ઉપાંગ પ્રજ્ઞાપના શ્રી શ્યામાચાર્યે રચેલું છે. ચતુ:શરણસૂત્ર શ્રી વિરભદ્રગણિએ રચેલું છે. બીજા પયન્ના રચનારાનાં નામ હજુ સુધી જણાયાં નથી. છેદસૂત્રોમાં પહેલાં બે સિવાય બાકીના શ્રી ભદ્રબાહુ સ્વામીએ રચ્યાં છે. મહાનિશિથ મૂળ ગણધર ભગવાન સુધર્મા-સ્વામીએ રચેલું, પણ તેનો ઉદ્ધાર શ્રી હરિભદ્રસૂરિએ કર્યો છે. નંદિસૂત્ર શ્રી દેવવાચકગણિએ રચ્યું છે. દશવૈકાલિકસૂત્ર શ્રી શય્યંભવસૂરિએ રચ્યું છે. પિંડનિર્યુક્તિ શ્રીભદ્રબાહુસ્વામીએ રચી છે.

સ્મરણશક્તિ ઘટવાથી સાધુઓ સૂત્રો વિસરવા લાગ્યા. તેથી પાટલીપુત્રમાં શ્રી ભદ્રબાહુસ્વામીના વખતમાં શ્રી શ્રમણસંઘ એકઠો થયો અને જેને જે અંગાદિ યાદ હતા તે બધા એકઠા કરી લીધા. ત્યારપછી લગભગ પાંચસો વર્ષે આર્ય સ્કંદિલાચાર્યે સૂત્રોનો અનુયોગ (વ્યાખ્યા) કર્યો. એ વખતે જે સૂત્રોના વ્યાખ્યાનો થયા તેને માથુરી વાચના કહે છે. એ પછી સંવત ૯૮૦માં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે વલ્લભીપુર (વળા)માં એક પરિષદભરી જેમાં જૈન આગમોના સિદ્ધાંતો પુસ્તકારૂઢ થયાં. અર્થાત્ પહેલાવહેલા લખાયા. એ વલ્લભી વાચના કહેવાય છે. એની અનેક નકલો ઉતારવામાં આવી ને તેનો ઠામ ઠામ પ્રચાર કરવામાં આવ્યો. આજે એ ૪૫ આગમો મળી શકે છે. હવે તો તેમાંથી ઘણા આગમોનો ગુજરાતી તથા અન્ય ભાષામાં અનુવાદ પણ થયો છે. આ આગમોમાં અનેક વિષયોનું જ્ઞાન સમાયેલું છે. આજે પ્રાકૃતમાં ફેરફાર થઈ અનેક ભાષાઓ બની છે. હાલ મૂળ પ્રાકૃત ભાષા બરોબર સમજી શકાતી નથી પણ આ ગ્રંથો, સંસ્કૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, હિન્દી, મરાઠી, કન્નડ, તામિલ, અંગ્રેજી, જર્મન વગેરે ભાષાઓમાં પણ મળે છે.

આગમો સિવાય જૈન તત્ત્વજ્ઞાનમાં ખાસ ગ્રંથોમાં તત્ત્વાર્થાધિગમસૂત્ર સૌથી સુંદર ગ્રંથ છે. એના ઉપર અનેક ટીકાઓ રચાઈ છે. એ સિવાય શ્રી હરિભદ્રસૂરિનું ષડ્દર્શન - સમુચ્ચય, શ્રીજિનભદ્ર ક્ષમાશ્રમણનું વિશેષાવશ્યકભાષ્ય, શ્રી અનંતવીર્યની પરીક્ષાસૂત્રલઘુવૃત્તિ, પ્રમાણનય - તત્ત્વલોકાલંકાર, શ્રી મલ્લિસેનની સ્યાદ્વાદમંજરી અને શ્રી ગુણરત્નની તર્કરહસ્યદીપિકા પણ જૈન તત્ત્વજ્ઞાનના સુંદર ગ્રંથો છે. તત્ત્વજ્ઞાન અને ન્યાયને ઊંડો સંબંધ હોવાથી એ બંને વિષયના ગ્રંથો જુદા પાડવા કેટલીક વખત મુશ્કેલ પણ બની જાય છે.

**જૈન ન્યાયના મહાન લેખકો અને તેમની કૃતિઓ**

| | | |
|---|---|---|
| ૧. શ્રી સિદ્ધસેન દિવાકર | : | ૧. સન્મતિતર્ક |
| | : | ૨. ન્યાયવતાર |
| ૨. શ્રી મલ્લવાદીસૂરિ | : | ૧. દ્વારશારનયચક્ર |
| | | ૨. સન્મતિની ટીકા |
| ૩. શ્રી હરિભદ્રસૂરિ | : | ૧. અનેકાંતજયપતાકા |
| | | ૨. લલિતાવિસ્તરા |
| | | ૩. ધર્મસંગ્રહણી |
| ૪. શ્રી અભયદેવસૂરિ | : | ૧. સન્મતિતર્ક પર મહાટીકા |
| ૫. શ્રી વાદીદેવસૂરિ | : | ૧. સ્યાદ્વાદરત્નાકર |
| ૬. શ્રી હેમચંદ્રાચાર્ય | : | ૧. પ્રમાણમીમાંસા |
| | | ૨. અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા |
| ૭. શ્રી યશોવિજયજી | : | ૧. જૈનતર્ક પરિભાષા |
| | | ૨. દ્વાત્રિંશિદ્ દ્વાત્રિંશિંકા |
| | | ૩. ધર્મપરીક્ષા |
| | | ૪. નયપ્રદીપ |
| | | ૫. નયામૃતતરંગિણી |
| | | ૬. ખંડનખાડખાદ્ય |
| | | ૭. ન્યાયાલોક |

૮. નયરહસ્ય
૯. નયોપદેશ
૧૦. અનંકાતવ્યવસ્થા
૧૧. તત્ત્વાર્થ સૂત્રવૃત્તિ

| | |
|---|---|
| ૮. શ્રી ગુણરત્નસૂરિ | : ષડ્દર્શનસમુચ્ચયવૃત્તિ |
| ૯. શ્રી ચંદ્રસેન | : ઉન્માદસિદ્ધિપ્રકરણ |
| ૧૦. શ્રી ચંદ્રસેનપ્રભસૂરિ | : પ્રમેયરત્નકોશ |
| ૧૧. શ્રી પદ્મસુંદરગણિ | : પ્રમાણસુંદર |
| ૧૨. શ્રી બુદ્ધિસાગર | : પ્રમાલક્ષ્મલક્ષણા |
| ૧૩. શ્રી મુનિચંદ્ર | : અનેકાંતવાદજયપતાકાટીપ્પણ |
| ૧૪. શ્રી રાજશેખર | : સ્યાદ્વાદકલિકા |
| ૧૫. શ્રી રત્નપ્રભસૂરિ | : રત્નાકરાવતારિકા |
| ૧૬. શ્રી શુભવિજયજી | : સ્યાદ્વાદભાષા |
| ૧૭. શ્રી શાંતિસૂરિ | : પ્રમાણપ્રમેયકલિકાવૃત્તિ |

દિગંબરોમાં પણ ન્યાય ઉપર લખનારા ઘણા પંડિતો થયા છે.

**યોગ અને અધ્યાત્મના ગ્રંથો**

યોગબિન્દુ, યોગષ્ટિસમુચ્ચય, યોગવિંશિકા, યોગશાસ્ત્ર, યોગશતતક, યોગસાર, સમાધિશતક, પરમાત્મપ્રકાશ, સમભાવશતક, ધ્યાનશતક, ધ્યાનસાર, ધ્યાનદીપિકા, ધ્યાનવિચાર, અધ્યાત્મઉપનિષદ, અધ્યાત્મબિન્દુ, અધ્યાત્મગીતા, અધ્યાત્મ-કલ્પદ્રુમ, જ્ઞાનાર્ણવ વગેરે.

**સાહિત્યગ્રંથો**

સાહિત્યગ્રંથોમાં જૈનોનો ફાળો ઘણો મોટો છે. વ્યાકરણ, કોશ, છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, કાવ્ય, નાટક, કથા, પ્રબંધ વગેરે સાહિત્યના બધા વિભાગો પર આચાર્યોએ લખ્યું છે. પાણિનિના સંસ્કૃત ભાષાના વ્યાકરણની હરીફાઈ કરનાર સિદ્ધહેમ–વ્યાકરણ શ્રી હેમચંદ્રાચાર્યે રચ્યું છે. એના છેલ્લા અધ્યાયમાં પ્રાકૃત, અપભ્રંશ વગેરે ભાષાના વ્યાકરણો પણ લખ્યાં છે. શાક્યાયનનું વ્યાકરણ તો ઘણા વખતથી પ્રસિદ્ધ છે. પૂજ્યપાદ દેવનંદિનું જૈનેન્દ્ર વ્યાકરણ પણ મશહુર છે. એ સિવાય બુદ્ધિસાગરાચાર્યે બુદ્ધિસાગર-વ્યાકરણ, જ્ઞાનવિમળગણિએ શબ્દપ્રતિભેદ વ્યાકરણ, ને શ્રીવિદ્યાનન્દસૂરિએ સિદ્ધસારસ્વત વ્યાકરણ રચ્યું છે. પ્રાકૃત ભાષાના બીજા પણ અનેક વ્યાકરણો જૈનાચાર્યોએ રચ્યાં છે. તામિલ અને કાનડી ભાષાના મૂળ વ્યાકરણો જૈનાચાર્યોથી જ રચાયાં છે. ને ગુજરાતી ભાષા પર તો સેંકડો વર્ષ સુધી એકલા હાથે જૈનોએ જ પ્રભુત્વ ભોગવ્યું છે. કાવ્યની સંખ્યાનો સુમાર નથી. અનેક કાવ્યો ઉપરાંત દ્વિસંધાનકાવ્ય, ત્રિસંધાનકાવ્ય અને છેક સપ્તસંધાનકાવ્ય એટલે જેના શ્લોકમાંથી સાત સંબંધવાળા અર્થ નીકળે અને સાતના જુદા જુદા જીવન સમજાય તેવાં પણ રચાયાં છે. એક અષ્ટલક્ષી નામનો ગ્રંથ છે. તેમાં એક શ્લોકના આઠ લાખ અર્થો કર્યા છે. શ્રી હેમચંદ્રાચાર્યે છંદશાસ્ત્ર તથા અલંકાર પર સ્વતંત્ર ગ્રંથો રચ્યા છે. શ્રી વાગ્ભટે પણ કાવ્યાલંકાર નામે અલંકારશાસ્ત્ર રચ્યું છે. શ્રી અમરચંદ્રસૂરિએ કવિશિક્ષાવૃત્તિ, કવિકલ્પના, છંદોરત્નાવલિકલા-કલાપ વગેરે ગ્રંથો રચ્યા છે. શ્રી નમિસાધુએ પ્રખ્યાત કાવ્યાલંકાર પર ટીપ્પણ રચ્યું છે. શ્રી નરેન્દ્રપ્રભસૂરિએ અલંકાર મહેદધિ બનાવ્યો છે. શ્રી માણિક્યચંદ્રસૂરિએ કાવ્યપ્રકાશસંકેત બનાવ્યો છે અને કોશની રચનામાં તો શ્રી હેમચંદ્રાચાર્યે હદ કરી છે. અભિધાનચિંતામણિ, અનેકાર્થકોશ, દેશીનામમાલા, નિઘંટુ એ બધા એમણે એકલાએ જ રચ્યા છે. ઉપરાંત સટીક ધાતુપાઠ, સટીક ધાતુપારાયણ, ધાતુમાળા, લિંગાનુશાસન વગેરે સંસ્કૃત ભાષાશાસ્ત્રમાં મહત્ત્વના ગ્રંથો રચ્યા છે. ધનંજય કવિએ ધનંજય નામમાળા બનાવી છે. શ્રી હર્ષકીર્તિજીએ શારદીય નામમાલા રચી છે. બીજાઓએ પણ ઘણું કર્યું છે.

**મહાકાવ્યો**

ઘણા તીર્થંકરોનાં ચરિત્રો શિષ્ટ કાવ્યોમાં લખાયેલાં છે. શ્રી શાંતિનાથ ચરિત્ર, શ્રી નેમિનાથ ચરિત્ર, શ્રી વાસુપૂજ્ય ચરિત્ર વગેરે ઘણાં કાવ્યો છે. એ સિવાય શ્રી અભયચંદ્રસૂરિએ જયંતવિજય મહાકાવ્ય લખ્યું છે. શ્રી અમરચંદ્રસૂરિએ પદ્માનંદાભ્યુદય મહાકાવ્ય તથા બાળભારત મહાકાવ્ય રચ્યાં છે. ઉદયપ્રભસૂરિએ ધર્માભ્યુદય મહાકાવ્ય રચ્યું છે. કવિશ્રી જયશેખરસૂરિએ જૈન કુમારસંભવ કાવ્ય લખ્યું છે. શ્રી દેવપ્રભસૂરિ મલધારીએ પાંડવચરિત્ર મહાકાવ્ય બનાવ્યું છે.

શ્રી ધનંજય મહાકવિએ રાઘવ પાંડવીય મહાકાવ્ય (દ્વિસંધાન મહાકાવ્ય) રચ્યું છે. શ્રી નયનચંદ્રસૂરિએ હમ્મીર મહાકાવ્ય તથા પદ્મચંદ્રજીએ ધન્નાભ્યુદય મહાકાવ્ય લખ્યું છે. વળી પદ્મસુંદરગણિએ રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય તથા પાર્શ્વનાથ કાવ્ય રચ્યાં છે. તથા માણિકચંદ્રસૂરિએ પાર્શ્વનાથ ચરિત્ર તથા નલાયન કાવ્યની રચના કરી છે. શ્રી હેમચંદ્રાચાર્યે પણ ત્રિષષ્ટિસલાકા પુરુષ ચરિત્ર તથા દ્વયાશ્રય નામના મહાકાવ્ય લખ્યાં છે. એ સિવાય બીજાં પણ ઘણાં કાવ્યો છે. ખંડકાવ્ય, સ્તોત્ર અને સ્તુતિઓનો તો પાર જ નથી.

**કવિતા**

જૈન સાહિત્યમાં કાવ્યક્ષેત્રે પણ વિપુલ ખેડાણ થયું છે. જેમ કે; પૂજાઓ, ચોવીશી, રાસાઓ, ફાગુકાવ્યો, હરિયાળી, છંદ, ગીત, સ્તવન, સ્તુતિ, સજ્ઝાય અને ભજનો તેમજ મહાકાવ્યના જેવી વિશિષ્ટ–વિભિન્ન રચનાઓ અસંખ્ય પ્રમાણમાં ઉપલબ્ધ છે. વળી, આ રચનાઓ ગુજરાતી, હિન્દી, રાજસ્થાની, મરાઠી, ઉર્દૂ અને અનેક ભારતીય ભાષાઓમાં મળે છે. એક આશ્ચર્યમુગ્ધ કરે તેવી વાત એ પણ છે કે અંગ્રેજીમાં પણ છંદોબદ્ધ કવિતાઓ લખવાનો સફળ પ્રયાસ પણ થયો છે.

**નાટકો**

રઘુવિલાસ, નલવિલાસ, રાઘવાભ્યુદય, સત્ય હરિશ્ચંદ્ર,

કૌમુદીચિત્રાનંદ, નિર્ભયભીમવ્યાયોગ (કર્તા, શ્રી હેમચંદ્રાચાર્યના પ્રખ્યાત શિષ્ય શ્રી રામચંદ્ર), હમીરમદમર્દન (કર્તા જયસિંહ), રંભામંજરી (કર્તા નયચંદ્રસૂરિ), મોહપરાજય (કર્તા યશપાલ), કુમુદચંદ્ર, પ્રબુદ્ધ રોહિણેય, દ્રૌપદી સ્વયંવર, ધર્માભ્યુદય વગેરે.

**કથાઓ**

સંસ્કૃત, પ્રાકૃત ને ગુજરાતી ભાષા જૈન કથાઓથી ભરપૂર છે. એમાં શ્રી હેમચંદ્રાચાર્યનું ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર તથા પરિશિષ્ટ પર્વ, શ્રી પાદલિપ્તાચાર્યની તરંગલોલા, દાક્ષિણ્યચિહ્ન ઉદ્યોતનસૂરિની કુવલયમાલા, શ્રી ભદ્રેશ્વરસૂરિની કથાવલી, વસુદેવહિંડી, શ્રી હરિભદ્રસૂરિની સમરાઈચ્ચકહા, શ્રી સિદ્ધર્ષિગણીની ઉપમિતિભવપ્રપંચા કથા, શ્રી ધનપાલ કવિની તિલકમંજરી વગેરે મુખ્ય છે. આપણા આચાર્યોના હાથે પંચતંત્રના અનેક સંસ્કરણ થયાં છે. કથાકલ્લોલ, સિંહાસનબત્રીસી, વેતાલપચીસી, શુકસપ્તતિ વગેરે વગેરેનાં પણ ઘણાં સંસ્કરણો થયાં છે. એ ઉપરાંત રાસ અને જીવનચરિત્રો ઘણાં જ છે. એકલા ગુજરાતી ભાષામાં જ સાતસો ઉપરાંત રાસ છે અને પ્રબંધરચનામાં પણ જૈનો આગળ પડતા છે. શ્રી મેરુતુંગાચાર્યે પ્રબંધચિંતામણિની રચના કરી છે. શ્રી રાજશેખરસૂરિએ ચતુર્વિશતિ પ્રબંધ રચ્યો છે. શ્રી પ્રભાચંદ્રસૂરિએ પ્રભાવકચરિત લખ્યું છે. શ્રી ભદ્રેશ્વરાચાર્યે પુરાતન પ્રબંધસંગ્રહ, મહાકવિ રામચંદ્રે પ્રબંધો લખ્યા છે. આમ જૈનોના કથા અને પ્રબંધગ્રંથો પણ ઘણા જ છે.

**કલા અને વિજ્ઞાન ઉપરના ગ્રંથો**

શિલ્પશાસ્ત્ર, સંગીત, ધનુર્વિદ્યા, અશ્વપરીક્ષા, ગજપરીક્ષા, પક્ષીવિજ્ઞાન, રત્નપરીક્ષા, રસાયણ, આયુર્વેદ, ખગોળ, જ્યોતિષ વગેરે પણ સારી સંખ્યામાં ગ્રંથો છે. એટલું જ નહીં પણ આજે વિશ્વકોશની રચના થાય છે, તેવી રચના પણ થયેલી છે.

શિલ્પશાસ્ત્રની નિપુણતા જૈનોના અનેક ભવ્ય પ્રાસાદો જોતાં જણાઈ આવે છે. એ વશે જૈન વિદ્વાન ઠક્કર ફેરુએ વાસ્તુસાર ગ્રંથ લખ્યો છે. વાસ્તુશાસ્ત્ર નામનો ગ્રંથ ભોજદેવે લખ્યો છે. સિવાય પ્રાણાદમંડન વગેરે ઘણા ગ્રંથો છે. શ્રી પાર્શ્વદેવ નામના જૈનાચાર્યે સંગીતમયસાર તથા બીજા એક આચાર્યે સંગીત રત્નાકર લખી એ વિષયમાં નામના મેળવી છે. એ સિવાય સંગીતદીપક, સંગીત રત્નાવલિ વગરે ગ્રંથો પણ રચાયા છે. રત્નપરીક્ષા નામનો એક ગ્રંથ ફ્રાન્સના એક ઝવેરીએ ફ્રેન્ચ ભાષામાં અનુવાદ કરી થોડાં વર્ષ પહેલાં બહાર પાડ્યો છે. હીરક પરીક્ષા, સમસ્ત રત્નપરીક્ષા વગેરે ગ્રંથો પણ એ વિષયમાં મોજૂદ છે. ધનુર્વેદ, ધનુર્વિદ્યા, અશ્વાદિગુણ, ગજપરીક્ષા, પક્ષીવિજ્ઞાન વગરે ગ્રંથો પણ જુદા જુદા ભંડારોમાંથી મળી આવ્યા છે. ઠક્કર ફેરુએ સિક્કાઓ વિશે અગત્યનો ગ્રંથ લખ્યો છે. મંત્રતંત્ર વિષે ઘણું લખાયું છે. મંત્રો વિષે અગત્યનો ગ્રંથ વિદ્યાનુશાસન નામે છે તે જૈનાચાર્યની જ રચના છે. વળી, મંત્ર વિષયમાં જુદા જુદા ઘણા કલ્પો રચાયા છે. ભૈરવપદ્માવતી કલ્પ, શંખાવર્ત કલ્પ વગેરે અનેક છે. સૂરિમંત્ર કલ્પ એ એક આમ્નાય કલ્પ છે તે પણ સાધુઓના ગચ્છો મુજબ જુદા જુદા રચાયેલા મળે છે. જ્યોતિષમાં ભદ્રબાહુ નામથી ભદ્રબાહુસંહિતા છે. હર્ષકીર્તિએ જ્યોતિષસારોદ્ધાર નામનો ગ્રંથ રચ્યો છે જેમાં તારાઓ સંબંધી ઘણું ઊંડું જ્ઞાન છે. વળી, એમાં સ્વપ્ન, મંત્ર અને બીજી ગુપ્ત વિદ્યાઓનું વર્ણન છે. એ સિવાય આરંભસિદ્ધિ, અર્ઘકાંડ, ચંદ્રરજ્જુ, ચક્રવિવરણ, જાતદીપિકા, જ્યોતિષસાર સંગ્રહ, ભુવનદીપક વગેરે અનેક ગ્રંથો છે. રટ્ટાચાર્ય નામના જૈન સાધુએ રટ્ટાસૂત્ર નામનો ૧૩૦૦ ગાથાનો ગ્રંથ લખ્યો છે. જેમાં વરસાદ, ધરતીકંપ, વીજળી અને એવા અનેક વિષયોના પૂર્વલક્ષણો બતાવ્યા છે. વૈદકમાં અનેક ગ્રંથો છે જેવા કે આયુર્વદ મહોદધિ ચિકિત્સોત્સવ, દ્રવ્યાવલિ (નિઘંટુ), પ્રતાપ કલ્પગ્રંથ, માધવરાજ પદ્ધતિ, યોગરત્નાકર, રત્નસાગર, રસચિંતામણિ, વૈદક સારોદ્ધાર વગેરે. ગણિતના અનેક ગ્રંથો પૈકી શ્રી મહાવીરાચાર્યે ઈ. સ. ના નવમા સૈકામાં રચેલ 'ગણિતસાર' સંગ્રહનો તો અંગ્રેજી અનુવાદ પણ થઈ ચૂક્યો છે. નિમિત્તશાસ્ત્રમાં તો જૈનાચાર્યોએ પોતાના અનુભવોનો ખજાનો લોકહિત માટે ખુલ્લો મૂકી દીધો છે. અંગવિદ્યા નામનો એક પ્રાચીન ગ્રંથ એ વિષે ઉપયોગી માહિતી આપે છે. દુર્ગદેવે 'રિષ્ટસમુચ્ચય' નામનો ગ્રંથ બનાવ્યો છે.

વિશ્વકોશની જેમ વિનયવિજયજી મહારાજે લોકપ્રકાશ નામનો ગ્રંથ બનાવ્યો છે. તેમાં સાતસો ગ્રંથની તો સાલ આપેલી છે

ગ્રંથોને અંતે તે તે આચાર્યોએ પોતાની પ્રશસ્તિઓ આપેલી હોય છે, જેમાં તેમના ગુરુઓ અને તે સમયના રાજાઓ, મંત્રીઓ, ગૃહસ્થો અને તેમણે કરાવેલા શુભ કાર્યોની નોંધ પણ આપી હોય છે. તે પ્રશસ્તિઓ ઈતિહાસ માટે ઉપયોગી પુરવાર થાય છે. એવી જ રીતે એ પુસ્તકોની અંતે લેખનસમયની પણ પ્રશસ્તિઓ હોય છે તે પણ ઘણી માહિતીઓ આપે છે. આ પ્રશસ્તિઓ શિલાલેખ જેટલી જ પ્રામાણિક મનાય છે.

આ લેખમાં થયેલી સમગ્ર ચર્ચા જૈન ધર્મની શ્વે. પૂ. પરંપરાને સંલગ્ન છે.

✶✶✶

**સુધારો**

ગતાંકમાંછાપાનાભૂતની ભૂલને પરિણામે ત્રીજા પાના પર આ પ્રમાણે બૉક્સમાં મેટર છપાયું હતુંઃ

**સૌજન્ય**
**ભગવતીબેન પન્નાલાલ સોનાવાલા**

તેને બદલે નીચે મુજબ સુધારીને વાંચવું. થયેલ ક્ષતિ બદલ દિલગીર છીએ.

**આ અંકના સૌજન્યદાતા**
**ભગવતીબેન પન્નાલાલ સોનાવાલા**

# જયભિખ્ખુ જીવનધારા : ૯

□ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ સર્જક 'જયભિખ્ખુ'ના જન્મશતાબ્દીના વર્ષમાં એમના સાહિત્યસર્જન વિશે વ્યાખ્યાનો, પરિસંવાદો તથા સંગોષ્ઠિ યોજાયાં અને એમનાં સત્તાવન પુસ્તકો પુનર્મુદ્રિત થયાં. ગુજરાતના આ સાક્ષરની બાળપણની ઘટનાઓને આલેખતું આ નવમું પ્રકરણ.]*

## વીર શિવાજી અને રાંક સુદામા

બાળપણની દોસ્તીની લહેજત કંઈ ઓર હોય છે. દોસ્ત મળે અને હૃદયના બંધ દ્વાર આપોઆપ ઊઘડી જાય. ચિત્તમાં જાગતી પ્રત્યેક વૃત્તિઓ દોસ્તની સમક્ષ સાહજિકતાથી પ્રગટ થાય છે. ચિત્ત પર હેતુ કે પ્રયોજનનું આવરણ હોતું નથી, તેથી મિત્ર મળતાં આખો મલક મળી ગયો હોય એવું લાગતું હોય છે.

ભીખા ('જયભિખ્ખુ'નું હુલામણું નામ)ને પહેલી વાર એક મિત્ર મળ્યો અને એની સમક્ષ આખું બ્રહ્માંડ ખૂલી ગયું. વડીલોના વહાલભર્યા છત્રની છાયા અને નિશાળમાં ગોઠિયાઓ સાથેની ધીંગામસ્તીની વચ્ચે એક એવો મિત્ર મળ્યો કે જેની સાથે ભીખાને દોસ્તીની ગાંઠ બંધાઈ ગઈ.

કુટુંબના સુરક્ષિત વાતાવરણમાં ઊછરેલા ભીખાના હૃદયમાં ભય અને અહંકાર બેય લગોલગ વસતા હતા. હૈયું પોચું એટલે કોઈ ભૂતપ્રેતની વાત કરે તો ભયથી ફફડી ઊઠે. બાળપણમાં અનુભવેલી માતા, માસી અને મામીના આઘાતજનક મૃત્યુની ઘટનાને કારણે એના મનમાં અહર્નિશ મૃત્યુનો ભય વસતો હતો. ગામડાગામમાં એ જોતો કે ભયભીત કરનારી કોઈ પણ બાબતનો અંત કમોતમાં આવતો હતો. આથી ઘુવડ બોલે ત્યારે મધરાતે મૃત્યુ ઝાડ પરથી સાદ આપતું હોય તેમ લાગતું.

બ્રાહ્મણ મિત્ર ગિરજાની દોસ્તી ભીખાને ભયમુક્ત કરાવનારી બની. મનમાંથી ભય સરી ગયો અને ભીરુતા ઓગળી ગઈ એટલે ભીખાને બહારની દુનિયામાં પગ મૂકવાની હોંશ જાગી. ગિરજાની સાથે રામલીલા જોવા ગયો ત્યારે રામલીલા ખેલનારા પાત્રો ભીખાના મનમાં જડાઈ ગયાં. ગામમાં વસતા જુદા જુદા વર્ણના લોકોને એકસાથે આનંદના હીંચોળે હીંચતા જોયા, ત્યારે ભીખાને ખ્યાલ આવ્યો કે આ દુનિયામાં માત્ર વાણિયા-બ્રાહ્મણ જ વસતા નથી બલ્કે કેટલાય જાતજાતના અને ભાતભાતના લોકો વસે છે.

રામલીલા માણ્યા પછી મોડી રાતે વરસોડા પાછા ફરવાને બદલે અંબોડમાં જ ગિરજાનાં ફોઈબાને ત્યાં બંને મિત્રોએ રાતવાસો કર્યો. સૂરજ ઊગતાની સાથે જ એમના માથે ચિંતા સવાર થઈ ગઈ. ચિંતા હતી અંબોડ ગામથી ચાલીને વરસોડાની નિશાળે સમયસર પહોંચવાની. અત્યાર સુધી હિંમત બતાવનારો ગિરજો પણ નિશાળે મોડા પહોંચવાથી મળનારી શિક્ષા અને ઊભી થનારી આફતોથી ગભરાઈ ગયો. મોડા પડે તો માસ્તરની સોટીનો માર ખાવો પડે.આખો દિવસ વર્ગની બહાર ઊભા રહેવું પડે. કલાકો સુધી અંગૂઠા પકડવા પડે. નિશાળમાં હાજર ન હોય એટલે આવી બન્યું. આથી એ જમાનામાં ભાગ્યે જ કોઈ વિદ્યાર્થી ગેરહાજર રહેતો. જો કશાય કારણ વિના ગેરહાજર રહ્યો હોય તો પછીને દિવસે એના પર શિક્ષાનો વરસાદ તૂટી પડે. માંદા પડવાની તો જાણે મનાઈ. આખા વર્ષમાં માંડ ત્રણ દિવસ પણ બીમાર રહેતા નહીં. આથી બીમાર પડનાર વિદ્યાર્થીનો અનોખો મહિમા હતો. કોઈને ભારે તાવ ચડી આવે અને આખું શરીર તાવથી ધગધગતું હોય તો માસ્તર એને ઘેર મોકલતા. આવી રીતે ઘેર જવાની તક મેળવનાર બીમાર વિદ્યાર્થીને બીજા મહાભાગ્યશાળી માનતા. એમાંય પછીને દિવસે તાવને કારણે એ આવે નહીં તો એને ગેરહાજર રહેવાની જિંદગીની પરમ સુવર્ણ તક મળી ગઈ હોય એવું લાગતું.

નિશાળનું સ્મરણ થતાં જ નિર્ભય ગિરજો ગરીબ ગાય જેવો થઈ જતો. એના પગ ધ્રૂજવા લાગતા, માથું ભમવા લાગતું અને જીભ થોથરાવા માંડતી. એને એકેએક વિષય અભિમન્યુના સાતમા કોઠા જેવો હતો. ગણિત ગણતાં ચકકર આવતા અને પાઠ લખવા જતી વખતે ભૂલ થવાનો ડર લાગતો કે હાથ ધ્રૂજવા માંડતો અને ખડિયામાંથી શાહી ઢોળાઈ જતી. આ નિશાળથી તો ત્રાહ્ય – તોબા!

ઘણી વાર ગિરજો વિચાર કરતો કે કોણે આવી નિશાળ બનાવીને બાળકોના સુખનું નિકંદન કાઢ્યું હશે? ક્યારેક વિચારતો કે બાળપણ એ તો મોજમસ્તી માટે હોય, એમાં હરવા ફરવાનું હોય, તોફાન-મસ્તી કરવાનાં હોય, ત્યાં વળી પલાંઠી મારીને માથું નીચું રાખીને, લખવાનું-ભણવાનું શું? જોકે પોતાનો રુઆબ બતાવવા ભીખાને કહેતો, 'બ્રાહ્મણ એ તો ઋષિનું સંતાન. અભિમન્યુની જેમ માતાના પેટમાં લડાઈનો દાવપેચ શીખી આવેલો, એમ અમે પણ માતાના પેટમાંથી સરસ્વતી સાધીને અવતરીએ. અમારે વળી નિશાળ શી અને શિક્ષક શાં?'

ભીખો કહેતો, 'તો પછી નિશાળે આવવાનું રહેવા દે. બ્રાહ્મણનું ખોળિયું છે. જ્ઞાન લઈને જનમ ધર્યો છે, તો પછી ભણે છે શું કામ?'

ગિરજો કહે, 'અમારી જીભે તો સરસ્વતી વસે છે, પણ કળિયુગની આ માઠી દશા છે. સતયુગમાં પંડિતો અને ગુરુ બધા બ્રાહ્મણો હતા. આજે એવો કળિયુગ આવ્યો છે કે બ્રાહ્મણ શિષ્ય હોય અને એના ગુરુ તરીકે વાણિયો, મોઢ કે પટેલ હોય.'

ભીખો ગિરજાની ગાંડી-ઘેલી બડાશ સાંભળીને મનોમન હસતો હતો. એણે ગર્વિષ્ઠ ગિરજાને કહ્યું, 'ભણવું તો પડે, પછી બ્રાહ્મણ હોય કે વાણિયો. ગણિત ન આવડે તો કેવી ભૂલ થાય! જિલ્લાની અને દેશની ભૂગોળ પણ જાણવી પડે. ઇતિહાસ ભણ્યા વિના કંઈ છૂટકો છે?' જરા લહેકાથી ભીખાએ પોતાનું જ્ઞાન બતાવ્યું.

ગિરજાના બ્રાહ્મણત્વને ઠેસ લાગી. એ બોલી ઊઠ્યો, 'અલ્યા, આ લેખાં-પલાખાં એ તો વાણિયાની વિદ્યા છે. એ અમારે ભણવાની હોય? ભૂગોળ સાથે અમને ભૂદેવોને શી નિસબત? પૃથ્વી ફરતી હોય કે સ્થિર હોય, સીધી હોય કે આડી હોય, એની અમારે શી પરવા? જ્યાં સુધી બ્રાહ્મણના આશીર્વાદ છે, ત્યાં સુધી પૃથ્વી સલામત છે. કોઈનો વાળ પણ વાંકો થવાનો નથી. પછી પૃથ્વી સૂરજની આસપાસ ફરે કે નહીં, તેની કડાકૂટ શા માટે? સાચો ભૂદેવ કદી ભૂગોળ જાણવાની પરવા કરતો નથી, ત્યાં વળી આ ભૂગોળની ચોપડી શું અને એના સવાલો શું? વળી ઈતિહાસ તો અમારે માટે વર્જ્ય ગણાય. અમે મ્લેચ્છના નામ પણ બોલીએ નહીં અને આ ઈતિહાસમાં આર્ય કરતાં વધુ મ્લેચ્છનાં નામ આવે છે. આવી વિદ્યાનો શો અર્થ?'

ભીખો અને બીજા એક-બે ગોઠિયાઓ સિવાય કોઈ ગિરજાની ગર્વવાણી સાંભળતું નહીં. ગિરજાને વારંવાર નિશાળ પર ભારે ગુસ્સો ચડતો. નિશાળની વાત આવતાં જ એ ગભરાઈને ઢીલો થઈ જતો. મૉનિટરને શાપ આપતો અને માસ્તર પર તો શાપની ઝડી વરસાવતો. ગિરજાએ એક ઉદાહરણથી ભીખાને કહ્યું,

'આકાશમાં ધરમરાજાની કચેરી છે. એમાં પુણ્યવાનને પાંચ પકવાન જમવા મળે છે, ને પાપીઓને રૌરવ નરકમાં નાખે છે. નરકમાં નાખનાર કઠોર કાળજાવાળા પરમાધામીઓ હોય છે. પાપીને એ પીલે છે. ગુનામાં આવું છું ત્યારે મને પેલી આકાશી કચેરી યાદ આવે છે. આપણો મૉનિટર એ વેળા પરમાધામી (નારકી જીવોને શિક્ષા કરનાર દેવ)નો અવતાર છે, ને માસ્તર જમરાજ!'

ભીખાએ ગિરજાને કહ્યું, 'માસ્તર જમરાજ નહીં, પણ ધરમરાજ છે. જમરાજ તો આપણો જીવ લે અને ધરમરાજ આપણામાં સાચો જીવ મૂકે છે. વિદ્યા વિના નરમાં અને પશુમાં શું ફેર?'

આ સાંભળીને ગિરજો નાકનું ટેરવું ફુલાવતો, મનમાં અકળાતો પણ ખરો. વળી વિચારતો કે બ્રાહ્મણના બળને એટલે કે ઋષિનાં સંતાનોને આ વાણિયો શું ઉપદેશ દેવાનો હતો? આમ છતાં નિશાળની વાત આવતાં ગિરજો શિવાજીમાંથી સુદામા થઈ જતો, ત્યારે બહાદુરીની તક ઝડપીને ભીખો એને કહેતો,

'નિશાળની બીક સહેજે રાખીશ મા. નિશાળનો ભાર મારે માથે.'

ભીખાના આ વચનો સાંભળીને ગિરજો કૂદી ઊઠ્યો. એણે ફરી શિવાજીની રણહાક કરતો હોય એમ કહ્યું, 'નિશાળનો ભાર જો તું લેતો હોય તો આખી પૃથ્વીનો ભાર મારે માથે.'

ભીખાના આશ્વાસનથી ગિરજો નચિંત બન્યો. સમયસર નિશાળે પહોંચવા માટે ઝડપભેર ચાલવા માંડ્યું. ગામઠી નિશાળે સમયસર પહોંચવું જરૂરી હતું. અંબોડ ગામની બહાર આવેલી મોટી ઘેઘૂર આંબલી પાસેથી વરસોડા જવાના બે રસ્તા ફંટાતા હતા. એક રસ્તો વટેમાર્ગુ અને ગાડાવાળાઓ માટે હતો, જ્યારે બીજો ટૂંકો રસ્તો વાઘાં–કોતરોમાં થઈને ગીચ ઝાડીની વચ્ચેથી પસાર થતો હતો. ગાડાં માટેનો રસ્તો લાંબો હોવાથી બંને દોસ્તોએ આ કોતરોનો ટૂંકો રસ્તો લીધો.મોટી મોટી છલાંગો લગાવે, વચ્ચે થોડી દોડ લગાવે. ક્યારેક હાંફી જાય, ક્યારેક ઠેકડો મારીને ખાડો ઓળંગે. આ રીતે અડધે રસ્તે આવ્યા, ત્યારે ગિરજાએ એકાએક ભીખાનો હાથ પકડીને એને ઊભો રાખ્યો.

ભીખાનો શ્વાસ ધમણની માફક ચાલતો હતો. ભીખો એકાએક અટકી ગયો. જાણે કોઈ ઠોકર વાગી હોય એમ એણે ગિરજાને પૂછ્યું, 'કેમ થોભી ગયો? શું કંઈ ભય જેવું લાગે છે?' બાળપણથી ભયની સાથે ભીખાને ગાઢ સંબંધ હતો. એના ભીરુ મનમાં તત્ક્ષણ પહેલો વિચાર આવો જ ઝબકી જતો.

ગિરજાએ આંગળી ચીંધીને ધીરેથી કહ્યું, 'પેલી જાંબુડી પર કંઈ દેખાય છે? જરા ધારીને જો તો.'

પ્રભાતનો સૂર્ય ક્ષિતિજમાંથી ઊંચે આવી ગયો હતો. આ વાઘાં–કોતરોમાં એ ધીરે ધીરે પ્રકાશની જાજમ બિછાવતો હતો. આ પ્રકાશમાં ભીખાએ જાંબુડીના ઝાડ પર નજર ઠેરવીને કહ્યું, 'હા ઝાડ પર વાંદરો દેખાય છે. મારો બેટો, એ મજાનાં જાંબુ ખાતો લાગે છે. ચાલ, આપણેય બે-ચાર ચાખતાં જઈએ.'

ગિરજાએ હળવેથી કહ્યું, 'સાંભળ, જરા ધ્યાનથી જો તો! જાંબુડીના ઝાડ નીચે બીજું કંઈ તને દેખાય છે ખરું?'

ભીખો સહેજ ઊંચો થયો. એણે જાંબુડીના થડની આસપાસ આંખો ફેરવીને જોયું તો નીચે મોં ફાડીને ઝાડ ભણી તાકતો કૂતરો બેઠો હતો.

બાળવાર્તાના શોખીન ભીખાને તરત પ્રાણીસૃષ્ટિની કથાઓ યાદ આવી ગઈ. આ દૃશ્ય જોઈને તે બોલી ઊઠ્યો,'આ તો પેલા મગરનાં આંસુવાળી વાતવાળો વાંદરો. ફક્ત ફેર એટલો કે અહીં મગરના બદલે કૂતરો છે. શું આ કૂતરાભાઈ વાંદરાનું જાંબુ ખાવાથી ગળ્યું મધ બનેલું કાળજું ખાવાની તરકીબ કરતો હશે?'

ભીખો તો કથાસૃષ્ટિની કલ્પનાઓમાં લીન થઈ ગયો. ગિરજાની વાતની પૂર્ણાહૂતિ બાજુએ રહી અને પોતાની વાત માંડી બેઠો.

આથી ગિરજાએ અકળાઈને કહ્યું,'તું તો સાવ ઘેલો ને ઘેલો જ રહ્યો. કોઈ દિવસ આમ ને આમ મફતનો માર્યો જઈશ. બધે તને તારી વારતા દેખાય છે. આ કૂતરો નથી, પણ નાર છે નાર. તેં સાત નારીની વાત સાંભળી છે ખરી?'

ભીખો એકદમ ગભરાયો. એનો શ્વાસ ભારે થવા લાગ્યો. શરીરમાં કંપારી પસાર થઈ ગઈ અને ભીખાએ વળતો પ્રશ્ન કર્યો, 'પણ એ તો સાત હોય. એક નારનું જોશ શું? પણ હા, સાંભળ્યું છે કે જો સાત નાર એકઠી થાય તો સિંહને પણ સકંજામાં લઈને હંફાવી નાંખે. અહીં તો એક જ નાર હોવાથી સહેજે મૂંઝાવાની જરૂર નથી.' પોતાના ભય અને ગભરાટને છુપાવવા માટે ભીખાએ પ્રયત્ન કર્યો, ત્યારે ગિરજાએ કહ્યું,

'અલ્યા, તને કશી ગમ નથી. બીજા નાર આટલામાં જ ક્યાંય છુપાઈ–સંતાઈને બેઠા હશે. એ પણ આ વાંદરાની તાકમાં જ હશે. વાંદરો નીચે ઊતરે એટલી વાર!'

બંને મિત્રો થંભી ગયા. વરસોડા જવાનો રસ્તો ઝાડ પાસેથી પસાર થતો હતો, એથી આ આફત આઘી જાય, તોજ આગળ વધી શકાય. બંને દોસ્તો બાજુમાં લપાઈને ઊભા રહ્યા. રાહ જોતા હતા કે કંઈક બને અને આગળ જાય. પણ સ્થિતિમાં કોઈ પરિવર્તન આવ્યું નહીં. ઝાડની નીચે એક નાર આંટા મારતો હતો, ત્યાં બીજા બે નાર બહાર નીકળી આવ્યા અને ત્રણે ઝાડ નીચે ઊભા રહીને વાંદરા ભણી ઘુરકિયાં કરવા લાગ્યા.

ઝાડ પર બેઠેલો વાંદરો થરથરતો હતો. ભયથી એ અધમૂઓ બની ગયો હતો. નીચે એનું મોત ઘૂમતું ઘૂરકિયાં લેતું હતું. બાજુનું ઝાડ થોડું દૂર હતું. આમ તો એ કૂદીને પહોંચી શક્યો હોત, પણ નીચે ઊભેલા નારના ભયને કારણે કૂદવાની હિંમત કરી શક્યો નહીં, ઝાડ પર જ ભયથી કોકડું વળી ગયો. બીક બળ અને બુદ્ધિ બન્ને હરી લે છે. વાંદરાએ ધાર્યું હોત તો એ કૂદીને બીજા ઝાડ પર પહોંચી જાત, પણ મનમાં ભયનો કંપ હોવાથી શૂન્યમનસ્ક બની ગયો હતો.(ક્રમશઃ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મોબાઈલ: ૦૯૮૨૪૦૧૯૯૨૫.

✷ ✷ ✷

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યોને કરેલી વિનંતિનો ઉષ્માભર્યો પ્રતિભાવ

આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વર્તમાનમાં આજીવન સભ્યપદની ફી રૂા. ૫,૦૦૦/- છે અને વર્ષો પહેલાં થયેલા સભ્યોને વર્તમાન પ્રમાણે પૂરક રકમ મોકલવા અમે પ્રબુદ્ધ જીવન દ્વારા એ સર્વે મહાનુભાવોને વિનંતિ કરી હતી, એનો અમને ઉષ્માભર્યો પ્રતિભાવ મળ્યો છે અને પરિણામે નીચે મુજબના માનવંતા સભ્યોએ અમને પૂરક રકમ મોકલી આપી છે એ સર્વેનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

| નામ | રકમ | નામ | રકમ | નામ | રકમ |
|---|---|---|---|---|---|
| અનંતરાય ખેતાણી | ૨૫૦૧ | અશોક ડી. દોશી | ૪૭૫૦ | ભરત એન. શાહ | ૪૭૫૦ |
| તરૂલતાબેન વિપિનભાઈ શાહ | ૨૫૦૦ | સુરેખાબેન એમ. શાહ | ૨૫૦૧ | લલીત પી. શાહ | ૪૭૫૦ |
| ભરતકુમાર મેઘજીભાઈ મામણિયા | ૨૫૦૦ | ભારતી ઉપેન્દ્ર શાહ | ૫૦૦ | જયંતીલાલ પી. શાહ | ૪૭૫૦ |
| હંસાબેન ડી. શાહ | ૨૫૦૦ | ખીમજી શીવજી શાહ | ૪૫૦૦ | પ્રવીણભાઈ કે. | ૪૭૫૦ |
| નેમચંદ હીરજી છેડા | ૫૦૦૦ | પ્રેમજી શીવજી શાહ | ૪૨૫૦ | સુરેશ વી. સોનાવાલા | ૪૭૫૦ |
| મીતાબેન ગાંધી | ૨૫૦૧ | કચરાલાલ ચુનીલાલ શાહ (K.C.) | ૨૫૦૦ | ઈન્દિરા સુરેશ સોનાવાલા | ૪૭૫૦ |
| મહાસુખલાલ કે. કામદાર | ૨૫૦૦ | બંસરીબેન પારેખ | ૨૫૦૧ | વિનોદભાઈ જવેરલાલ વસા | ૪૭૫૦ |
| પરાગ બી. ઝવેરી | ૫૦૦૧ | ઉષાબેન દિનેશભાઈ શાહ | ૨૫૦૦ | પાર્થ જયંતીલાલ ટોલીયા | ૨૫૦૦ |
| પ્રકાશ ડી. શાહ | ૨૫૦૦ | દેવચંદ જી. શાહ | ૧૦૦૦ | નકુલ એચ. શાહ | ૨૫૦૦ |
| ભરત કાંતિલાલ શાહ | ૫૦૦૦ | આર. જે. કાપડિયા | ૨૦૦૦ | મંજુલાબેન રમેશભાઈ પારેખ | ૧૦૦૦ |
| પ્રવીણાબેન અશ્વિન મહેતા | ૨૫૦૦ | ચીમનલાલ જે. ગલીયા | ૪૭૫૦ | ડૉ. હસમુખલાલ સી. કુવાડિયા | ૪૭૫૦ |
| હસમુખ એમ. શાહ | ૨૫૦૦ | એચ. એસ. ધીઆ | ૪૭૫૦ | જયંતિલાલ જે. ગાંધી | ૪૦૦૦ |
| યતિન કે. ઝવેરી | ૪૫૦૦ | મનસુખલાલ એ. સંઘવી | ૪૫૦૦ | સુરેન્દ્ર એસ. શાહ | ૪૨૫૦ |
| ધીરજલાલ કે. કાપડિયા | ૨૫૦૦ | વિનોદ વી. શેઠ | ૪૭૫૦ | | ૧૪૪૮૫૫ |
| ડૉ. સ્નેહલ સંઘવી | ૨૧૦૦ | ચંપકલાલ એચ. અજમેરા | ૨૫૦ | | |

જે મહાનુભાવ સભ્યોએ હજી સુધી પૂરક રકમ ન મોકલી હોય એ સર્વેને અમે પૂરક રકમ મોકલવા વિનંતિ કરીએ છીએ. શક્ય છે કે આપ ક્યારે આજીવન સભ્ય બન્યા હતા એની વિગત આપની પાસે ન હોય તો આપ સંઘની ઑફિસમાં ફોન (ફોન નંબર–૨૩૮૨૦૨૯૬/9222056428) કરી આપનું નામ વગેરે જણાવી અમારા રેકોર્ડમાંથી વિગત પ્રાપ્ત કરી શકશો.

પ્રત્યેક મહિને 'પ્રબુદ્ધ જીવન' આપને અર્પણ થતું રહેશે જ. આપની જ્ઞાન જિજ્ઞાસા અને અનુમોદનાને અમારા અભિનંદન.

❑ મેનેજર

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન: ૧૦

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ

**દશમ અધ્યાય : બ્રહ્મચર્ય યોગ**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં દશમો અધ્યાય 'બ્રહ્મચર્ય યોગ' છે. આ પ્રકરણમાં ૪૬ શ્લોક છે.

યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી બ્રહ્મચર્ય વિશે ભારપૂર્વક આલેખે છે.

જૈન ધર્મમાં 'બ્રહ્મચર્ય' મહાવ્રતનું પાલન કરવા વિશે કડક નિરૂપણ થયું છે. 'બ્રહ્મચર્ય' વિશે ઊંડાણપૂર્વક ચિંતન કરવામાં આવ્યું છે. 'બ્રહ્મચર્ય' મહાવ્રતનો અદ્ભૂત મહિમા વર્ણવાયો છે. જૈન ધર્મમાં બ્રહ્મચર્યના અખંડ, અણિશુદ્ધ, નિર્મળ પાલનથી કાયિક, માનસિક તથા આંતરિક લાભ પ્રાપ્તિ વિશે પણ સવિસ્તર કથન પ્રાપ્ત થાય છે.

ભારતીય સંસ્કૃતિ, મૂળભૂત રીતે, સંયમપ્રધાન સંસ્કૃતિ છે. ઉપભોગનું મહત્ત્વ જીવન પર અંકુશ ધારણ કરશે તો વિનાશ થશે, એ ઉપદેશ, દૃષ્ટાંત સહિત ભારતીય ધર્મપરંપરામાં નિરંતર અપાયો છે. ઈશાવસ્યોપનિષદ્ તો तेन त्यक्तेन भूंजी थी – એવો સુંદર મંત્ર આપે છેઃ ત્યાગ કરીને સુખી થવાની ચાવી એમાંથી મળે છે. સંયમનું મહત્ત્વ અપૂર્વ છે. સંયમનો અર્થ છે સમ્યક્ યમ. એટલે પોતાની રુચિ અને પોતાની શ્રદ્ધા સાથે ઉચ્ચતમ ધ્યેય સિદ્ધિ માટે સ્વીકૃત સ્વૈચ્છિક બંધન. સંયમ એટલે સારી રીતે નિયમ પાલન. સમજણપૂર્વક વૈરાગ્યના પંથે ચઢનારા ત્યાગી જનોનું જીવન કેટલું પ્રેરક છે તે તો તેમની નજીક જવાથી જ સમજાય.

મોટા ભાગના મનુષ્યો, આપણે સર્વત્ર જોઈએ છીએ તેમ, સ્થૂલ ઈન્દ્રિયો દ્વારા મળતાં ભૌતિક સુખોમાં આનંદ પામે છે. ખૂબ ધન મેળવવું, મોજ મજા માણવી, સરસ ઘર અને સરસ ઑફિસ વસાવવી, ખાવા–પીવાનો આનંદ માણવો, પિકનિક માણવી ઈત્યાદિ ઉપભોગમાં રચ્યાંપચ્યાં રહેવાનું પસંદ કરનારા લોકોનો સમૂહ સર્વત્ર જોવા મળે છે. પરંતુ એ સુખ ન સ્થિર છે, ન સુખી કરનારું છેઃ એ ક્ષણિક આનંદ છે અથવા એમ કહી શકાય કે સુખાભાસ છે!

ભગવાન મહાવીરે કહ્યું છે કે,

जम्मं दुक्खं जरा दुक्खं रोगा य मरणाणि य।
अहो दुक्खो हु संसारो, जत्य किसंति जंतनो।।

(ઉત્તરાધ્યયન, અ. ૧૨, ગા. ૧૧)

**'જન્મ દુ:ખ છે, જરા દુ:ખ છે, રોગો તથા મરણ પણ દુ:ખ જ છે: અહો! આખો સંસાર દુ:ખમય છે; જેમાં જીવો દુ:ખથી પીડાઈ રહ્યાં છે.'**

સ્થૂલ ઈન્દ્રિય સુખોમાં મગ્ન રહેતા જીવને માટે આ વિધાન ચેતવણી સમું છે. સાંસારિક સુખોમાં મગ્ન રહેવું એટલે દુ:ખને સતત નિમંત્રણ આપતા રહેવું.

ભગવાન મહાવીરે 'બ્રહ્મચર્ય મહાવ્રત'નો અપૂર્વ મહિમા વર્ણવ્યો છે. આધુનિક વિજ્ઞાન પણ બ્રહ્મચર્યની શક્તિની પુષ્ટિ કરે છે. યોગ પરંપરામાં બ્રહ્મચર્યવ્રત ઉપકારક ગણાયું છે. અલૌકિક સાધના પરંપરામાં બ્રહ્મચર્યવ્રત અનિવાર્ય ગણાયું છે.

બ્રહ્મચર્ય વ્રતના પાલનમાં પ્રગાઢ જીવહિંસાથી બચી જવાય છે. આત્મોન્નતિમાં તે સહાયક છે. ઈન્દ્રિયસુખ ક્ષણિક છે, અંતે તે ગ્લાનિ અને અસુખ જ આપે છે. ઈન્દ્રિયજન્ય સુખની લાલસામાંથી શાંતિ મળતી નથી, અશુભકર્મો બંધાય છે, દૂર્ગતિમાં જવું પડે છેઃ બ્રહ્મચર્ય વ્રતના પાલનથી શારીરિક તેજ વધે છે, આત્મિક ઉન્નતિ થાય છે, આધ્યાત્મિક પ્રગતિ થાય છે. બ્રહ્મચર્યની નવ વાડથી જીવનને સુરક્ષિત કરવું જોઈએ. જીવન કેટલું ક્ષણભંગુર છે તે જાણવા માટે 'સુનામી'નો પ્રકંપ યાદ કરવો જોઈએઃ સમુદ્રનો કાતીલ ઉછાળ, થોડીક મિનિટો અને હજારો–લાખો લોકોનો સર્વનાશ! યોગીશ્રી આનંદઘનજીનું આ વચન કેવું સત્ય છે–

***અંજલિ જલ જ્યું આયુ ઘટત હૈ!***

હથેળીમાં રહેલું પાણી જેમ ચાલાકીથી સરકી જાય છે તેમ જ, જીવન પણ ક્ષય પામી રહ્યું છે!

'શ્રી જૈન મહાવીર ગીતા'માં 'બ્રહ્મચર્ય યોગ'માં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી આમ પ્રારંભ કરે છેઃ

ब्रह्मचर्य महाधर्मः, सर्वशक्ति प्रकाशकः।
वैष्ठिक ब्रह्मचर्येण, सिध्यन्ति सर्व सिद्धयः।।
सर्वोन्नतिमहाबीजं, केवलं वीर्यरक्षणम्।
अतः सर्वशुभायायैः, कर्तव्यं वीर्यरक्षणम्।।

**'બ્રહ્મચર્ય વ્રત મહાન ધર્મ છે, તે સર્વ શક્તિનો પ્રકાશક છે, નૈષ્ઠિક બ્રહ્મચર્ય વડે સર્વ સિદ્ધિ સિદ્ધ થાય છે.'**

**'સર્વ ઉન્નતિનું મહાબીજ એ માત્ર વીર્ય રક્ષણ જ છે. આથી બધા ઉપાયો વડે વીર્ય રક્ષણ કરવું જ જોઈએ.'**

(બ્રહ્મચર્ય યોગ, શ્લોક ૧, ૨)

બ્રહ્મચર્ય વ્રત પાલન કઠિન જરૂર છે પરંતુ તેનું તેજ પણ અનન્ય છે. બ્રહ્મચર્ય વ્રત ધારકનું જીવન સર્વોન્નતિ માટેનો પંથ ખૂલ્લો કરે છે. બ્રહ્મચર્ય વ્રતથી સર્વ આંતરિક અને શારીરિક શક્તિનું પ્રકટીકરણ સંભવિત બને છે. શારીરિક સામર્થ્યના વિકાસ, દૃઢતા અને ઉત્થાન માટે બ્રહ્મચર્યનું પાલન જરૂરી છે. નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરનારની શક્તિઓ સદૈવ ઉર્ધ્વમુખી હોય છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'શ્રી જૈન મહાવીર ગીતા'ના

'બ્રહ્મચર્ય યોગ'માં બ્રહ્મચર્યવ્રતની દૃઢતા પ્રસ્થાપિત કરે છે. નિર્મળ અને પવિત્ર અને સંયમી જીવનના સંસ્કાર બાળવયથી અપનાવવા જેવા છે. 'પ્રશ્નવ્યાકરણ' (અ. ૧, ગા. ૪)માં ભગવાન મહાવીર કહે છે કે,

एक्कं पि बंभचेरे जंमियं आराहियं पि आराहियं।

वयमिणं सव्वं तम्हा विउएण बंभचेरं चरियव्वं।।

**'જેમણે એક બ્રહ્મચર્ય વ્રતની બરાબર આરાધના કરી છે તેમણે બધાં વ્રતોની સારી આરાધના કરી છે તેમ જાણવું. એટલા માટે નિપુણ સાધકે બ્રહ્મચર્ય વ્રતનું સારી રીતે પાલન કરવું જોઈએ.'**

વળી, 'દશવૈકાલિક સૂત્ર' (અ. ૬, ગા. ૧૬) માં ભગવાન મહાવીર સ્વામી કહે છે કે,

मूलमेयमहम्मस्स महादोससमुस्सयं।

तम्हा मेहुणसंसग्गं निग्गंथा वज्जयन्ति णं ।।

**'નિર્ગ્રંથ જનો મુનિ જનો અબ્રહ્મચર્યનો–મૈથુન સંસર્ગનો ત્યાગ કરે છે. કારણ કે અબ્રહ્મચર્ય અધર્મનું મૂળ છે તેમ જ, મોટા મોટા દોષોનું સ્થાન છે.'**

શ્રી મહાવીર સ્વામીના આ કથનમાં બ્રહ્મચર્યવ્રતના પાલનથી જીવન દૃઢ અને ઉત્તમ બનાવવાની પ્રેરણા મળે છે.

ભારતીય ધર્મપરંપરામાં શ્રી હનુમાનજીનો મહિમા ઘણો છે. આજીવન બ્રહ્મચારી શ્રી હનુમાનજી અનેક શક્તિઓના સ્વામી હતા અને નિર્મળ જીવનના પાલક હતા. કામવિજેતા મુનિવર શ્રી સ્થૂલિભદ્રજી, બ્રહ્મચર્ય વ્રતના નિર્મળ પાલનના કારણે આવનારી ૮૦૦ ચોવીશી સુધી અવિસ્મરણીય રહેશેઃ બ્રહ્મચર્ય વ્રતનો આ અપૂર્વ પ્રભાવ ગણવો જોઈએ. હજારો ત્યાગી સાધુ-સાધ્વીજીઓ, સંતો અને શ્રાવક–શ્રાવિકાઓ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીને આત્મકલ્યાણ પામ્યાં છે. આઝાદીની ચળવળના સમયમાં વૈષ્ઠિક બ્રહ્મચર્યના પાલન કરવાની સાથે શરીર મજબૂત અને કસાયેલું બનાવવા માટે આપણાં દેશમાં અખાડા પ્રવૃત્તિ પૂરજોશમાં ચાલતી હતી. એવું લાગે છે કે એ પ્રવૃત્તિ પુનઃ શરૂ કરવી જોઈએ. આજની ફિલ્મોમાં, ટી. વી. સિરિયલોમાં સેક્સની ભરમાર જોવા મળે છેઃ ક્યારેક થાય છે કે બ્રહ્મચર્યનું મહત્વ સમજાવતી ફિલ્મ કે સિરિયલ કેમ બનતી નહિ હોય? કદાચ, એ નિર્માતાઓ એમ માનતા હશે કે એવું બધું ન ચાલે! એમને ખબર નથી કે સારપનો આગ્રહી વર્ગ પણ આ સમાજમાં છે. આધુનિક વૈજ્ઞાનિકો બ્રહ્મચર્યનું જીવનમાં મહત્ત્વ સમજે છે. મનમાં ગલીપચી કરાવતી વાતો કે ચિત્રો કે ફિલ્મો જોઈને હરખાવા જેવું નથીઃ યુવાની અત્યંત ચંચળ છે, ક્ષણજીવી છે. બાઈક દોડાવતો યુવાન કે ટૂંકા વસ્ત્રો પહેરતી યુવતી–મોડર્ન ગણાવાના લોભમાં એ સૌ શું ગુમાવે છે તેની ખબર એમને પડે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. જે સંયમી છે તેના આદર અને માન સર્વત્ર થાય. સાંપ્રત સમયમાં સર્વત્ર ખુલ્લું યૌવન, લલચામણી વાતો અને વાસનાની રેલમછેલ જોવા મળે છેઃ અને તે કોઈને પણ સહજમાં વિચલિત કરી મૂકે તેવી હોય છે. કોઈ કોર્ટમાં એક યુવતીએ કેસ દાખલ કરેલો કે કોઈ યુવકે મારી છેડતી કરી છે! યુવકને બોલાવવામાં આવ્યો. તેણે હા પાડી કે મેં છેડતી કરેલી પણ વિનંતી કરી કે આ યુવતીએ તે દિવસે જે વસ્ત્રો પહેરેલા તે જોયા પછી કોર્ટ પોતાને સજા કરે! જજે સંમતિ આપી. યુવતી જ્યારે ટૂંકામાં ટૂંકા વસ્ત્રો પહેરીને આવી ત્યારે જજે મજાક કરી : આજે તો મને પણ મજાક કરવાનું મન થાય તેવું છે!

ટી.વી., રેડીયો, સિનેમા સંસ્કારોનો કચ્ચરઘાણ કાઢશે તે સંતજનો અમથું નથી કહેતા, એ ચિંતામાં સચ્ચાઈ છે.

કહ્યું છે કે,

*નરનારીના દેહમાં હાડ ચામ ને માંસ*

*તેમાં શું મોહી રહ્યો જેમાં દુર્ગંધ ખાસ.*

વ્યભિચારની ખુલ્લી વાતોની વચમાં સંયમપાલન આકરું હોવા છતાં અનિવાર્ય છે.

ભારતીય સંસ્કારધારામાં આજનો આદર્શ લક્ષ્મણ જ હોઈ શકે. સીતાના નુપૂર જોઈને મોટાભાઈ શ્રી રામને એ કહે છેઃ આ ઝાંઝર સીતામાતાના છે પણ કુંડલ હું જાણતો નથી; કેમ કે મેં તો હંમેશાં નમસ્કાર કરતી વખતે તેમના ચરણ જ જોયા છે!

બ્રહ્મચર્ય વ્રતના પાલનના ઇચ્છુકે હંમેશાં શીલની નવવાડ પણ યાદ રાખવા જેવી છે, જે શીયળવ્રત પાલનમાં મદદગાર બને તેવી છેઃ

૧. સ્ત્રીની સાથે એકાંતમાં ન બેસવું. જાહેરમાં પણ સ્ત્રીની સાથે વધુ પરિચય ન રાખવો.
૨. રાગભરી દૃષ્ટિથી સ્ત્રીનું મુખ કે અંગ ન જોવા જોઈએ.
૩. સ્ત્રીઓની સાથે વાતો કરવી કે તેની વાતો સાંભળવી કે ગુપ્ત વાતો સાંભળવી વગેરે ટાળવું જોઈએ.
૪. પૂર્વે થયેલા કામભોગાદિ સંભારવા નહિ.
૫. કામોત્તેજક, સ્વાદિષ્ટ, સ્નિગ્ધ, ગરિષ્ટ ભોજન ટાળવા જોઈએ.
૬. સ્ત્રી જ્યાં બેઠી કે સૂતી હોય તેવા સ્થાને કે આસને બે ઘડી પર્યંત બેસવું જોઈએ નહિ.
૭. કામોત્તેજક વાતો, ગીતો સાંભળવા ન જોઈએ તથા દૃશ્યો જોવા ન જોઈએ.
૮. વધુ ભોજન ન કરવું જોઈએ.
૯. શીયળવ્રતના પાલન માટે મદદરૂપ કથાશ્રવણ કરવું જોઈએ.

'શ્રી જૈન મહાવીર ગીતા'નો 'બ્રહ્મચર્યયોગ' તીવ્ર શબ્દોમાં આ વ્રત પાલન માટે આદેશ કરે છે, તે જોઈએ છીએ ત્યારે તેના સર્જક શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની યોગીપુરુષ તરીકેની ભવ્ય છબી આપણી આંખ સન્મુખ તરવરે છેઃ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સ્વયં નૈષ્ઠિક બાળબ્રહ્મચારી અને મંત્રસાધક અને શાસનરક્ષક શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવને સિદ્ધ કરનાર મહાપુરુષ હતા.

'બ્રહ્મચર્ય યોગ'માં કહે છે કે,

**'વિસ્ફોટક, પ્રમેહ વગેરે રોગો વ્યભિચારીઓને (વધુ) થાય છે. વીર્યનાશથી મન, વાણી અને શરીરની દુર્બળતા વધે છે (માટે સાવધાન રહેવું જોઈએ.) વીર્યના નાશથી માણસોને આંખનું તેજ ઓછું થાય છે, તથા ખાંસી, ઉધરસ, દમ, આયુષ્યનો ક્ષય વગેરે રોગો થાય છે. વીર્યનો નાશ કરનારાઓની વંશ પરંપરા પરતંત્ર, દૂર્બળ અને ધર્મનો નાશ કરનાર થાય છે. વીર્યના નાશથી (ઘણો) અનર્થ થાય છે. દેહની શક્તિનો નાશ થાય છે અને ટી.બી. (તથા અન્ય) રોગોનું (પણ) કારણ બને છે. (બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. કેમકે–) બ્રહ્મચર્ય વડે શરીરનું આરોગ્ય, (ઉત્તમ રહે છે) આયુષ્યની વૃદ્ધિ થાય છે. દેહ કાંતિ વધે છે અને વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે.'**

(બ્રહ્મચર્ય યોગ, શ્લોક ૩, ૪, ૫, ૬, ૭)

નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત પાલનના ગુણગાન કરીએ તેટલા ઓછાં છે. જૈન સંઘમાં વિજય શેઠ અને વિજયા શેઠાણી જાણીતા છે. મંત્રી પેથડ શાહે તો માત્ર ૩૨ વર્ષની વયે આજીવન બ્રહ્મચર્ય વ્રત સ્વીકારીને એવું શ્રેષ્ઠ પાલન કરેલું કે તેમનું પહેરેલું ખભા પરનું વસ્ત્ર 'ખેસ' કોઈને ઓઢાડવામાં આવે તો તેના હઠીલાં રોગ મટી જતા! આ ઉત્તમ વ્રતના ધારકના મુખ પરની ચમક નિહાળીએ છીએ ત્યારે આપણે અભિભૂત થઈએ છીએ. બ્રહ્મચર્ય વ્રતના શક્તિ, સત્ત્વ, તેજ પ્રશંસનીય છે. બ્રહ્મચર્યવ્રતના પાલનથી આત્મવિશ્વાસ વધે છે, આત્મશક્તિનો વિકાસ થાય છે.

થોડાંક શ્લોકાર્થ જોઈએઃ

**'ધર્મ અને દેશની ઉન્નતિનું મૂળ બ્રહ્મચર્ય છે. વિદ્યા અને સંઘની ઉન્નતિનું મૂળ બ્રહ્મચર્ય જ છે. તેનું પાલન હંમેશાં સુખપ્રદ છે.'**

(ગાથા, ૮)

**'પ્રવૃત્તિશીલ, ખાસ કરીને બ્રહ્મચારી, કર્મયોગમાં પ્રવૃત્ત રહી શકે છે. તે મનની શાંતિની રક્ષા માટે ભીષ્મ પિતામહ બની શકે છે.'**

(ગાથા, ૧૦)

**'સ્વાભાવિક રીતે જ વીર્ય એ પદાર્થ બ્રહ્મરૂપ છે, અને પદાર્થ બ્રહ્મ વિના ભાવ બ્રહ્મ પ્રાપ્ત થઈ શકે નહિ. બ્રહ્મચર્ય વડે સમાધિ પ્રાપ્ત થઈ શકે છે. સર્વ વિદ્યાના પ્રકાશની પ્રાપ્તિ માટે વીર્યરક્ષા એ જ કારણ રૂપ છે તેમ સમજવું જોઈએ.'** (ગાથા, ૧૧, ૧૨)

**બ્રહ્મચર્યના પ્રતાપથી પ્રજાની પુષ્ટિ થાય છે, બ્રહ્મચર્યની શક્તિથી ધર્મકાર્યમાં પ્રગતિ થાય છે માટે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ.'**

(ગાથા, ૧૫)

**'બ્રહ્મચર્ય સર્વશક્તિ પ્રકાશક મહાદેવ છે અને સર્વ દુષ્ટ તત્ત્વોનો સંહાર કરનાર મહાન શસ્ત્ર છે.'**

**'બ્રહ્મચર્ય એ વિશ્વની ઉન્નતિ કરનાર મહાતીર્થ રૂપ છે, તે વિશ્વ વ્યાપક શક્તિ આપનારૂં મહાન તેજ છે.'**

**'સર્વ રોગનો નાશ કરવા માટે, બ્રહ્મચર્ય મહા ઔષધિ રૂપ છે, તે પૂર્ણ જ્યોતિ પ્રકટાવનાર મહાન સૂર્ય સ્વરૂપ છે.'**

**'સ્વભાવથી જ બ્રહ્મચર્ય સમ્યક્ ધર્મ ફેલાવનાર છે. તે તેજમાં તેજરૂપ અને બળમાં બળ રૂપ છે.'** (ગાથા, ૧૬, ૧૭, ૧૮, ૧૯)

**'જેણે બ્રહ્મચર્ય ધારણ કર્યું છે તેણે બધું જ ધારણ કર્યું છે. પરમાત્માની પ્રાપ્તિ માટે બ્રહ્મચર્ય પાલન વિના બીજું કંઈ જ શ્રેષ્ઠ નથી, બ્રહ્મચર્ય વિના કદી પણ પોતાની ઉન્નતિ થતી નથી. આથી બધા જ પ્રયત્નો વડે વીર્યરક્ષાદિ સંયમ પાલન કરવું જોઇએ.'** (ગાથા, ૨૩, ૨૪)

**'બ્રહ્મચર્યની સહાયથી ભક્તો સિદ્ધયોગી બને છે. બ્રહ્મચારીઓ ધર્મના પુનરુદ્ધાર માટે સમર્થ, શક્તિમાન બની શકે છે.'** (ગાથા, ૨૭)

**'બ્રહ્મચર્યાશ્રમ એ બધા આશ્રમોમાં શિરોમણી છે, શ્રેષ્ઠ છે. પુત્રો તથા પુત્રીઓના ગૃહસ્થાશ્રમ માટે તે શ્રેષ્ઠ છે.'** (ગાથા, ૩૧)

**'બ્રહ્મચારીઓના સમૂહમાં નૈષ્ઠિક બ્રહ્મચારીઓ શ્રેષ્ઠ છે. તે બધા ઉર્ધ્વ રેતસ્‌વાળા, મહા વીર્યવાન હોય છે. તેઓ ઈશ્વર રૂપ છે અને બધું જ કરવા માટે સમર્થ હોય છે.'** (ગાથા, ૩૨)

**'બ્રહ્મચારીઓ દરેક પ્રકારની વિદ્યા (સાધના) અને બ્રહ્મ વગેરેને પ્રાપ્ત કરવા માટે સમર્થ છે.'** (ગાથા, ૩૩)

**'ઉર્ધ્વ રેતસ્‌વાળા મહાત્માને સંકલ્પ સિદ્ધિ થાય છે. આવી શક્તિ આપનાર એવી બ્રહ્મરક્ષા બધા ઉપાયો વડે કરવી જોઈએ.'**

(ગાથા, ૩૫)

**ત્રણેય જગતમાં (કાળમાં) જ્ઞાન વગેરે સર્વ શક્તિની પ્રાપ્તિ માટે અને મારા જ્યોતિર્મય સ્વરૂપના દર્શન માટે બ્રહ્મચર્ય જરૂરી છે તેમ જાણવું.'** (ગાથા, ૩૭)

**'ધર્મના ઉત્થાન માટે, દેશની ઉન્નતિ માટે, દયાના કારણ માટે બ્રહ્મચારીઓ (નિમિત્ત) છે. આથી સર્વત્ર સર્વ શક્તિ (ના કારણ રૂપ) બ્રહ્મચર્યાશ્રમોની સ્થાપના કરવી જોઈએ.'** (ગાથા, ૩૯)

**'યુક્ત આહાર અને વિહાર, પ્રાણાયામ ક્રિયા, અને યૌગિક સાધના વડે ઉર્ધ્વ રેતસ્‌વાળા મહાજનો પ્રભાવશાળી બને છે.** (ગાથા, ૪૦)

**'દેશ અને કાળ અનુસાર બ્રહ્મચર્યવ્રતની રક્ષા માટે જે જે પ્રયત્નો કરવા યોગ્ય હોય તે તે (હંમેશાં) કરવા જોઈએ.'** (ગાથા, ૪૧)

**'માતા અને પિતા જેવા સંસ્કારવાળા, બુદ્ધિવાળા હોય છે તેવા સંસ્કાર કર્મયોગથી તેમની પ્રજા–સંતાનોમાં વ્યાપ્ત થાય છે.** (ગાથા, ૪૪)

**'આથી સ્વાભાવિક રીતે જ સમાનધર્મીઓ (સમાન સંસ્કારીઓ) વચ્ચે જ લગ્નાદિ ગોઠવવા જોઈએ નહિતર બધા ધર્મોનો મોટો નાશ થાય છે.'** (ગાથા, ૪૫)

**'પૂર્ણ ભાવથી મારા નામનું સ્મરણ કરીને, બ્રહ્મચર્યાશ્રમમાં દાખલ થઈને, બાળકોએ સર્વ કામવાસનાને જીતવી જોઈએ.'** (ગાથા, ૪૬)

આ પ્રકરણમાં બ્રહ્મચર્યના પાલન, વ્યવહાર, નિભાવ માટે ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની લેખનશૈલી એકની એક વાત, વારંવાર કહીને,ભાર મૂકીને નિરૂપણ કરવાની રહી છે. પૂર્વ પ્રધાનમંત્રી શ્રી મોરારજી દેસાઈએ મારા પરના એક પત્રમાં, શ્રીમદ્

બુદ્ધિસાગરસૂરિજીની શૈલીને 'બોધક અને ઉપકારક' ગણાવી હતી.

શીયળ વ્રત-બ્રહ્મચર્યવ્રતના અનુસંધાનમાં, કવિ શ્રી ઉદયરત્ન વાચકની આ સજ્ઝાયનો મર્મ હૃદયસ્થ કરવા જેવો છેઃ

શિયલ સમું વ્રત કો નહિ, શ્રી જિનવર એમ ભાખે રે;
સુખ આપે જે શાશ્વતા, દુર્ગતિ પડતાં રાખે રે. શિયલ. ૧
વ્રત પચ્ચખ્ખાણ વિના જુઓ, નવ નારદ જેહ રે;
એક જ શિયલતણે બળે, ગયા મુક્તે તેહ રે. શિયલ. ૨
સાધુ અને શ્રાવકતણાં, વ્રત છે સુખદાઈ રે;
શિયલ વિના વ્રત જાણજો, કુશકા સમ ભાઈ રે. શિયલ. ૩
તરુવર મૂળ વિના જિસ્યો, ગુણ વિણ લાલ કમાન રે;
શિયલ વિના વ્રત એહવું, કહે વીર ભગવાન રે, શિયલ. ૪
નવ વાડે કરી નિર્મળું, પહેલું શિયલ જ ધરજો રે;
ઉદયરત્ન કહે તે પછી, વ્રતનો ખપ કરજો રે. શિયલ. ૫

પૂર્વાચાર્યોએ બ્રહ્મચર્ય મહાવ્રતનો અપૂર્વ મહિમા શાસ્ત્રોમાં વર્ણવ્યો છે. બ્રહ્મચર્ય વ્રત માત્ર નિયમ નથી, એક અમોઘશક્તિ માટેનું અદ્‌ભુત કેન્દ્ર છે. બ્રહ્મચર્ય વ્રતથી આત્માને પુણ્યની પ્રાપ્તિ થાય છે, પાપનો નાશ થાય છે. આત્માની શક્તિ, મનની દૃઢતા, શરીરની તાઝગી પણ સાંપડે છે. જીવનના ઉત્થાન માટે અને આત્માની સદ્‌ગતિ માટે બ્રહ્મચર્ય મહાવ્રત જેવું બીજું કોઈ પરિબળ નથીઃ એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે!-પં. શ્રી વીરવિજયજીએ કહ્યું છે. **(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ, અત્યારે મુંબઈમાં બિરાજમાન છે. જૈન જ્ઞાન મંદિર, કરસન લધુ હૉલની બાજુમાં, દાદર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૧૪.

***

**પર્યુષણ વ્યાખ્યાનમાળા**
**પ્રસંગે**
**મહારાષ્ટ્ર રાજ્યના રાજપાલ મહામહિમ**
**શ્રી એસ.સી. જમીરના શુભ હસ્તે ૨૧ ઑગસ્ટના**
**અને**
**પૂર્વ કેન્દ્રિય મંત્રી તેમજ રાજ્યસભાના સભ્ય**
**ડૉ. અરૂણ શૌરીના શુભ હસ્તે ૧૬ ઑગસ્ટના**
**શ્રી રુપચંદજી ભંશાલીની સ્મૃતિ અર્થે**
**રુપ માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત**
**ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત**
**હિંદી અનુવાદ ગ્રંથ**
**'जैन धर्म दर्शन'**
**અને**
**'जैन आचार दर्शन'**
**તેમજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રકાશિત**
**ગુજરાતી પુસ્તકો**
**'તિત્થયસ્સ' અને 'શાશ્વત નવકાર મંત્ર'નું**
**લોકાર્પણ થશે.**
**તેમજ આ બન્ને મહાનુભાવોનું પ્રવચન.**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નવા માનવંતા આજીવન સભ્યો

| નામ | રકમ | નામ | રકમ | નામ | રકમ |
|---|---|---|---|---|---|
| મનીષ મહેતા | ૫૦૦૦ | મનીષ ધીરજલાલ અજમેરા | ૫૦૦૦ | જયદીપ વી. મહેતા | ૫૦૦૦ |
| બિપીન નેમચંદ શાહ | ૫૦૦૦ | વિજય ડી. અજમેરા | ૫૦૦૦ | નિખીલ વી. મહેતા | ૫૦૦૦ |
| દીના એસ. શાહ | ૫૦૦૦ | પ્રકાશભાઈ જીવનચંદ ઝવેરી | ૫૦૦૦ | એચ. ટી. કેનિયા | ૫૦૦૦ |
| નવીનચંદ રતિલાલ શાહ | ૫૦૦૦ | રમણિક ઝવેરી | ૫૦૦૦ | કલ્યાણજી કે. શાહ | ૫૦૦૦ |
| મહેશ કાંતિલાલ શાહ | ૫૦૦૦ | સવિતા શાન્તિ શાહ | ૫૦૦૦ | નીલા મહેન્દ્ર વોરા | ૫૦૦૦ |
| રેશ્માબેન બિપિનચંદ જૈન | ૫૦૦૦ | મોનીષા સમીર શાહ | ૫૦૦૦ | રમણીકલાલ આર મગીયા | ૫૦૦૦ |
| | | | | | ૯૦૦૦૦ |

રૂા. ૫૦૦૦/- ભરી આ સંસ્થાના સભ્ય બની આજીવન પ્રબુદ્ધ જીવન મેળવો અને સંસ્થાની વિવિધ સેવા પ્રવૃત્તિમાં સક્રિય બનવા સર્વેને વિનંતિ.

❑ **મેનેજર**

## પંથે પંથે પાથેય...

(અનુસંધાન પૃષ્ટ ૩૫થી ચાલુ)

આ સર્જકોથી કંઈક અનુ-સર્જન થાય ને આપણી માતૃભાષા વધુ સમૃદ્ધ થાય.

એક દિવસ એક ગ્રાહકે મીઠી ટકોર કરી કે, મહારાષ્ટ્ર રાજ્યમાં રહો છો અને છતાં મરાઠી સાહિત્ય કેમ રાખતા નથી?

હું કરી રોડનાં મરાઠી એરિયામાં જ મોટો થયો છું. મારા ઘડતરમાં મરાઠી નાટકો/સિનેમાએ ખૂબ ઊંડી છાપ છોડી છે. બચપણમાં જોયેલાં એ નાટક/સિનેમા ખૂબ જ ગમેલાં. જેવાં કે, दिवा जळुं दे सारी रात, दूरितांचे तिमिर जावो, शेवग्याचे शेंगे, मीठ भाकर, मोलकरीन, बटाट्याची चाळ, श्यामची आई, तो मी नव्हेय...आदि आदि.

મેજેસ્ટીક બુક સ્ટોલ–ગીરગામમાં હું મેમ્બર બન્યો અને શરૂ થઈ એક અવિસ્મરણીય વાંચન યાત્રા. આચાર્ય અત્રે, સાને ગુરુજી, પુ. લ. દેશપાંડે, રણજીત દેસાઈ, વિ. સ. ખાંડેકર જેવાં સાહિત્યકારોની શ્રેણી વાંચતો. જે ગમે તે પુસ્તક વસાવતો અને મરાઠી સેક્શન શરૂ થયું. એક દિવસ વસંત કાનેટકરની નાની નાટિકા હાથમાં 'अश्रूंची झाली फुले' હાથમાં આવી.

લોઅર પરેલથી ગ્રાંટરોડ ટ્રેનમાં જતાં જ થોડાં પાનાં વંચાતાં જ ધન્યતા અનુભવી. વૉર્ડન રોડની દુકાનમાં પણ જ્યારે જ્યારે ગ્રાહક ન હોય વાંચન ચાલુ રહ્યું. બપોરે ભાઈ બુદ્ધિચંદ ટીફીન લઈ આવેલ તે જમીને હું દુકાનમાં માળીયા ઉપર ચાલ્યો ગયો.એકી બેઠકે એ નાટક પૂરું વાંચી ગયો. ખરેખર હું મંત્રમુગ્ધ થઈ ગયેલ.

નાટકના એક દૃશ્યમાં શિષ્ય ગુરુને પગે લાગે છે ત્યારે ગુરુ એને આશીર્વાદ આપતાં કહે છે, 'माला अभिमान वाटेल असा मोठ्ठा हो : थोर मनाचा आणि ताट मानेचा हो।' પારિજાતનાં ફૂલો આપતાં કહે છે, આ પ્રસાદ લે. આ ફૂલો જેવો થજે, સાત્વિક, સુંદર અને સુગંધી.

માળીયા ઉપરથી ઊતરી ભાઈ બુદ્ધિચંદને મેં કહ્યું, ભાઈ આજે દુકાન વધાવ્યા બાદ એક અદ્‌ભુત નાટક હું વાંચી સંભળાવીશ. દુકાનની સામે ફૂટપાથ ઉપર સ્ટ્રીટલાઈટ નીચે ગાદલું બિછાવી મેં લગભગ રાતનાં નવ વાગે નાટ્ય–પઠન શરૂ કર્યું. હું વાંચતો જાઉં તેમ તેમ બુદ્ધિચંદના મોંમાંથી વાહ, અહાહા, ક્યા બાત હૈ જેવાં ઉદ્‌ગારો સહજ સરી પડે. એ નાટકનાં ભાવજગતમાં અમે અમારી જાતને ભૂલીને ઓતપ્રોત થઈ ગયેલાં.

રાતના ૧૦ લગભગ એક કોમળ સ્પર્શ ખભાને થયો. ગાદલા ઉપર બાજુમાં આવી બેસી ગયેલા ભાઈએ કહ્યું, ભાઈઓ, ખૂબ ખૂબ અભિનંદન. નાટકમાં રમમાણ થનારાં ખૂબ જ ઓછાં ભાવકો મેં જોયાં છે. મારું નામ પ્રવીણ જોષી. બાજુની દારબશા લેનમાં રહું છું. આપણી દોસ્તી ખબ જામશે.

પાછળથી લગભગ બધા જ સાહિત્યકારો, કવિઓ, નાટ્યકારો, પત્રકારોનો શંભુમેળો અમારી નાની દુકાને જામતો.

હું અવાર નવાર દેવલાલી હવા-ફેર માટે જાઉં છું. ઘણાં વર્ષો પછી ખબર પડી કે લેખક વસંત કાનેટકર નાસિકમાંજ રહે છે. દેવલાલીથી ગાડી લઈ પૂછતાં-પૂછતાં એમનાં 'शिवाई' બંગલે પહોંચ્યો.

વયોવૃદ્ધ, અશક્ત શ્રી વસંત કાનેટકરને મળ્યો. પગે લાગી મરાઠીના નાટકો વિશે ખૂબ વાતો કરી. પ્રવીણ જોષીનો કિસ્સો સાંભળી એ સર્જકની આંખમાં ઝળઝળિયાં મેં જોયાં ને મારી આંખ પણ ભીની થઈ ગઈ.

આજ નાટક ઉપરથી ગુજરાતીમાં સ્વ. કાંતિ મડીયાએ 'આતમને ઓઝલમાં રાખમાં' નાટક ભજવેલ જે પણ ખૂબ વખણાયેલું.

આ મરાઠી નાટક 'अश्रूंची झाली फुले'નાં સેંકડો યશસ્વી પ્રયોગો 'નાટ્ય સંપદા' નામની સંસ્થાએ કર્યાં. હજુ સુધી મરાઠી ભાવકો ડૉ. કાશિનાથ ઘાણેકરે ભજવેલ શિષ્ય (ભાભ્યા) અને પ્રભાકર પણશીકરે ભજવેલ ગુરુ (વિદ્યાનંદ)ની યાદગાર ભૂમિકાને ભૂલ્યા નથી.

વંદન હજો સ્વ. વસંત કાનેટકર અને સ્વ. ડૉ. કાશિનાથ ઘાણેકરને, વંદન હજો મરાઠી પ્રજાના નાટ્યપ્રેમને. ✷✷✷

૧૨, તુલિપ્સ,૭૧, નેપીયન્સી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૬.
ટેલિફોનઃ ૬૫૦૫૭૭૬૭.
મોબાઈલઃ ૯૮૩૩૭ ૦૨૨૨૦

## મને ક્ષમા કરજે

**આચાર્યશ્રી દેવેન્દ્રમુનિજી મ.**

**અનુવાદ : પુષ્પા પરીખ**

બગદાદમાં એક સર્રિસકીત નામે મહાન સંત થઈ ગયા. તેઓ ઘણા વર્ષોથી રોજ ભગવાનને પ્રાર્થના કરતી વખતે એક વાક્ય અચૂક બોલતા, 'હે ખુદા મને માફ કરજે.'

લોકો વિચાર કરે કે આટલા મોટા સંત થઈને એવી તે શી ભૂલ થઈ હશે કે એવો તે કેવો મોટો ગુનો થઈ ગયો હશે જેને માટે રોજ પ્રાર્થના વખતે ખુદા પાસે ક્ષમાયાચના કરવી પડે!

એક દિવસ તેમના એક શિષ્યને સંત પાસે જઈને વિનંતિપૂર્વક સવાલ પૂછવાનું મન થયું અને એ તો હિંમત એકઠી કરી પહોંચ્યો એમની પાસે, વિનયપૂર્વક પોતાનો સવાલ રજૂ કર્યો. 'મહાત્માજી, આપ રોજ ખુદા પાસ આપની પ્રાર્થનામાં ક્ષમાયાચના કરો છો તો એનું રહસ્ય શું હોઈ શકે? આપ મારા આ સવાલ બદલ માફ કરજો અને જો શક્ય હોય તો મારા સવાલનું સમાધાન કરવાની કૃપા કરશો. સંત મહાત્માએ સુંદર જવાબથી શિષ્યના સવાલનું સમાધાન કર્યું. તેઓ બોલ્યા, 'હે શિષ્ય, આજથી ઘણા વર્ષો પહેલાં આ શહેરના બજારમાં ભયંકર આગ લાગી હતી. ઘણા વેપારીઓની દુકાનો સાથે મારી પણ એક દુકાન હતી. આગના સમાચાર સાંભળતા જ મેં તો ઘરેથી દુકાન તરફ સીધી દોટ મૂકી. એવામાં સામે મને એક વ્યક્તિનો ભેટો થયો, તેણે મને જણાવ્યું કે ગભરાશો નહિ અને તમારી દુકાન બચી ગઈ છે. આ સાંભળીને મારા મુખમાંથી તુરત નીકળી ગયુંઃ 'હે ખુદા તને લાખ લાખ ધન્યવાદ.' બાદમાં તુરત શાંત મન પડતાં જ મને સમજાયું કે મારી જ સંપત્તિ બચી ગઈ છે. મારા પડોશીઓની સંપત્તિનો તો નાશ જ થયો ને! મેં શા માટે ખુદાને ધન્યવાદ આપ્યા? આ મારી ભૂલ કહેવાય. શું મારી દુકાન બચી અને બીજાને નુકશાન થયું એને માટે મેં ખુદાને ધન્યવાદ આપ્યા? આ તો મારા થકી બીજાની સંપત્તિની ઘોર અપેક્ષા થઈ કહેવાય. જે દિવસથી મને આ જ્ઞાન લાધ્યું તે જ દિવસથી મારા અપરાધની ક્ષમા રોજ હું ખુદા પાસે માંગું છું.'

✷✷✷

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(જુલાઈ ૨૦૦૯ના અંકથી આગળ)

૫૬૪. પ્રકૃતિ સંક્રમણ : બંધકાલીન રસ અને સ્થિતિમાં પણ પાછળથી અધ્યવસાયને બળે ફેરફાર થાય તે.

बन्धकालीन रस और स्थिति में भी बाद में अध्यवसाय के कारण परिवर्तन हो सकता है, तीव्ररस मन्द और मन्दरस तीव्र हो सकता है।

In this a derivative Karma type belonging to some basic Karmatype is, as a result of mened exertion, converted into another derivative Karmatype, then the original anubahva yields fruit in conformity to the nature of the new derivative Karma-type.

૫૬૫. પ્રચલા (પ્રચલાવેદનીય) : જે કર્મના ઉદયથી બેઠા બેઠા કે ઊભા ઊભા ઊંઘ આવે, તે પ્રચલા વેદનીય.

जिस कर्म के उदय से बैठे-बैठे या खडे-खडे ही नींद आ जाय वह प्रचलावेदनीय दर्शनावरण है ।

The Karma-whose manifestation brings about the type of sleep which overtakes one while sitting or standing is called Pracala vedaniya-Darsanavarna-Karma.

૫૬૬. પ્રચલા-પ્રચલા વેદનીય : જે કર્મના ઉદયથી ચાલતાં ચાલતાં પણ નિદ્રા આવે, તે 'પ્રચલા પ્રચલા વેદનીય.'

जिस कर्म के उदय से चलते-चलते ही नींद आ जाय वह प्रचला प्रचलावेदनीय दर्शनावरण है ।

The Karma-whose manifestation brings about the type of sleep which overtakes one while walking is called Prachala Pracala vedaniya-Darsanavarna-Karma.

૫૬૭. પ્રચ્છના : શંકા દૂર કરવા કે વિશેષ ખાતરી કરવા પ્રશ્ન કરવો તે પ્રચ્છના.

शंका दूर करने अथवा विशेष निर्णय के लिए पूछना प्रच्छना है ।

To make enquiries with a view to removing doubt or with a view to being particularly certain that is Prachana.

૫૬૮. પ્રજ્ઞા પરીષહ : પ્રજ્ઞા–ચમત્કારી બુદ્ધિ હોય તો તેનો ગર્વ ન કરવો અને ન હોય તો ખેદ ન ધારણ કરવો, તે પ્રજ્ઞા–પરીષહ.

प्रज्ञा अर्थात् चमत्कारिणी बुद्धि होने पर उसका गर्व न करना और वैसी बुद्धि न होने पर खेद न करना वह प्रज्ञा–परीषह कहलाता है ।

When in possession of a miraculous intellect not to feel arrogant on (parisaha) account of that and when not in possession of it not to feel worried-that is called pranja parisaha

૫૬૯. પ્રણીતરસભોજન વર્જન : કામોદ્દીપક રસવાળાં ખાણાંપીણાં ત્યજવાં, તે પ્રણીતરસભોજનવર્જન.

कामोद्दीपक रसयुक्त खानपान का त्याग करना प्रणीतरसभोजन–वर्जन है ।

Not to consume eatables and drinkables that rouse sexual passion that is refraining from taking delicious food.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

ફોન : ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭.

સંસ્કૃત ભાષાના મહાકવિ કાલિદાસે શૃંગાર રસને રસરાજ કહ્યો છે. મિલન અને વિરહ બન્ને ભાવોને વ્યક્ત કરતું અઢળક સાહિત્ય વિશ્વની દરેક ભાષાઓમાં પ્રાપ્ત થાય છે. પ્રણયનો ભાવ-પ્રેમભાવ એક સનાતન ભાવ છે. પ્રેમ અથવા પ્રણય એટલે બે વિજાતીય વ્યક્તિ વચ્ચેનો શારીરિક, માનસિક અને આત્મિક કક્ષાએ વ્યક્ત થતો ભાવ.

મુંબઈ સમાચારના 'કહાં ગયે વો લોગ' કટારના લેખક અને ૨૦૦૭ના મહારાષ્ટ્ર રાજ્યના લલિત નિબંધના પ્રથમ પારિતોષિક વિજેતા કિશોર પારેખ 'પ્રણય કથાઓ' લઈને આવ્યા છે. વ્યવસાયે વેપારી હોવા છતાં સ્વભાવથી સાહિત્ય-પ્રેમી એવા આ લેખકે ભારત, ગ્રીસના ઈતિહાસ અને પુરાણ-કથાઓ ઉપરાંત સર્વદેશીય ૩૦ પ્રણય-કથાઓ-લોકકથાઓ-'મુંબઈ સમાચાર'માં પ્રકટ કરી હતી અને વાચકોએ આ પ્રણયકથાઓને આવકારી હતી.

આ પ્રણયકથાઓની વિશેષતા એ છે કે તે મૌલિક ન હોવા છતાં લેખકની કલમ વાચકને વાર્તારસમાં ઘસડી જઈ પોતીકી બનાવી દે છે. આ કથાઓમાં આવતા યુગલોના જીવનનું પ્રેરક બળ પ્રેમ અને માત્ર પ્રેમ છે. પ્રેમને જવલંત રાખવા તેમણે દુઃખને નોતર્યા છે, ત્યાગ કરી બલિદાન આપ્યા છે.

આ પ્રણયકથાઓની બીજી વિશેષતા એ છે કે લેખક વિદેશની કોઈપણ વાર્તા લખે છે ત્યારે તે પાત્રોને ભારતીય રંગે રંગી દે છે. 'આ વાદ્યને કરુણ ગાન વિશેષ-ભાવે' વાર્તામાં ઓર્ફિયસ પોતાની મૃત પત્નીને મૃત્યુ લોકમાંથી પાછી લાવવા નીકળે છે તે પ્રસંગમાં ભારતીય ભાવનાનો અનુભવ થાય છે. 'તેને શ્રદ્ધા હતી અને આવી શ્રદ્ધા સંજીવની છે જે અશક્યને શક્ય બનાવી શકે છે અને મરેલાને જીવતાં કરી શકે છે. ભારતમાં સતી સાવિત્રીની શ્રદ્ધાએ તેના પતિ સત્યવાનને યમના પાશમાંથી મુક્ત કરાવ્યો હતો.'

તે ઉપરાંત લેખકે પ્રણકથાઓમાં કરેલ પ્રણયભાવના કથનો સ્મરણીય બની રહે તેવા છે.

'સાચો પ્રેમ એ છે કે જે સામી વ્યક્તિના મનોભાવો આંખોમાં વાંચી લે, ત્યાર પછી આવે બોલકો પ્રેમ જે મુખ વાટે વ્યક્ત થાય ત્યારે જ પમાય, અને કાન વડે ગ્રહણ કરાય.'

'યૌવનનો પ્રથમ પ્રેમ ધસમસતો દૈહિક વિશેષ અને આંતરિક ઓછો પણ એક વખત લગ્નમાં પરિણમવા પછી તેમાં સમજનું એકત્વ ભળે છે, બે દેહ થાય છે, બે મન અને આત્મા પછી એક થઈ ધબકે છે.'

પ્રણયકથાઓના શીર્ષક તથા વાર્તાને અંતે આપેલ કાવ્યો, મુક્તકો અને શાયરીઓ કથાની પ્રણયભાવનાને અનુરૂપ અને હૃદયસ્પર્શી છે.

સંવેદનશીલ સાહિત્યપ્રેમીઓએ વસાવવા જેવું આ પુસ્તક છે.✷✷✷

પુસ્તકનું નામ : **પ્રણય કથાઓ**
લેખક : **કિશોર પારેખ**
પ્રકાશક : ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ. ૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન: ૨૨૦૦૨૬૯૧, ૨૨૦૦૧૩૫૮.
મૂલ્ય-રૂા. ૨૦૦/-. પાના ૨૭૮. આવૃત્તિ-૧. માર્ચ-૨૦૦૯.
મુખ્ય વિક્રેતા : ૨૦૨, પેલિકન હાઉસ, નટરાજ સિનેમા પાસે, ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ કમ્પાઉન્ડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

x x x

પુસ્તકનું નામ : **શબ્દ સૂરાવલી**
**VOCABULARY OF SELECTED ENGLISH WORDS**
સંકલન : **ગુણવંત ભીખાભાઈ શાહ**
પ્રકાશક : મંજૂલા ગુણવંત શાહ
૧૦, લક્ષ્મી દર્શન, બજાજ રોડ, વિલેપારલે (વે.), મુંબઈ-૪૦૦ ૦૫૬. ફોન : ૨૬૭૧૧૨૬
મૂલ્ય-જ્ઞાન વહેંચો. પાના ૧૬૮. આવૃત્તિ-પ્રથમ.

સાંપ્રત સમયના વાચકોની રુચિ કેળવાય તે આશયે ગુણવંતભાઈ શાહે આ પુસ્તકમાં અંગ્રેજી ભાષાના જરૂરી શબ્દભંડોળની સાચી સમજ આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

અંગ્રેજી ભાષાના શબ્દભંડોળને પાંચ વિભાગમાં જુદી જુદી રીતે સમજાવ્યા છે.

(૧) લગભગ ૨૯૧ અંગ્રેજી શબ્દોની સમજ અંગ્રેજીમાં આપી છે.

(૨) એ ટુ ઝેડ સુધીના ૧૨૧૫ અંગ્રેજી શબ્દોના ઉચ્ચાર, તેનો બીજો અંગ્રેજી શબ્દ અને ગુજરાતી અર્થ આપ્યા છે.

(૩) ૧૨૧ અંગ્રેજી વાક્ય પ્રયોગો અને કહેવતોના ગુજરાતી અર્થો આપ્યા છે.

(૪) યુરોપિય ભાષાના-લેટિન, ફ્રેંચ, જર્મન વગેરેના કથનો (૧૦૬) ગુજરાતી સમાંતર અર્થ સાથે આપ્યા છે.

(૫) અંગ્રેજી ભાષાના ૧૦૬ ગુંચવણભર્યા શબ્દોની સરળ સમજ આપી છે.

આ પુસ્તક ભાષાપ્રેમીઓ માટે ઉપયોગી છે.

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ,
ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754


**કે. જે. સોમૈયા ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ**
જૈન તત્ત્વજ્ઞાનના પ્રચારાર્થે ગુજરાતી અને અંગ્રેજીમાં અભ્યાસ યોજે છે-
**સર્ટીફિકેટ કોર્સ ઈન હિસ્ટરી એન્ડ ફીલોસોફી ઓફ જૈનીઝમ**
જૂન ૨૦૦૯ થી માર્ચ ૨૦૧૦
(યોગ્યતા ૧૨મું ધોરણ પાસ)
**ડિપ્લેમા કોર્સ ઈન જૈન ફિલોસોફી એન્ડ રિલિજિયન**
જૂન ૨૦૦૯ થી માર્ચ ૨૦૧૦
(યોગ્યતા ડિપ્લોમા અથવા ગ્રેજ્યુએશન)
**એડેવાન્સ્ડ ડિપ્લોમા કોર્સ ઈન જૈન ફિલોસોફી, રિલિજિયન એન્ડ કલ્ચરલ હિસ્ટરી**
જૂન ૨૦૦૯ થી માર્ચ ૨૦૧૦ યોગ્યતા સ્નાતક અથવા ડિપ્લોમા કોર્સ
સપ્તાહમાં બે દિવસ પ્રત્યેક દિવસ બે કલાક માટે.
વધુ માહિતી માટે સંપર્ક કરો
ઓફિસ : ૨૫૦૨૩૨૦૯, ૬૬૪૪૯૩૭૪
સવારે ૧૦-૦૦ થી ૫-૩૦
પ્રેક્ષા ધ્યાન સિદ્ધાંત અને સ્વાનુભવ
સપ્તાહમાં બે દિવસ પ્રત્યેક દિવસ બે કલાક માટે
કુલ છ સપ્તાહ.
સ્થળ : કેબિન નં. ૮, બીજે માળે, મેનજમેન્ટ બિલ્ડીંગ, સોમય્યા વિદ્યાવિહાર કેમ્પસ, મુંબઈ-૪૦૦ ૦૭૭.
Email:jaincentre@somaiya.edu

## ત્રીજો ચૂલો

❑ ગુણવંત બરવાળિયા

ફૈબાના આગમન સાથે જ જાણે ઘરનું વાતાવરણ બદલાઈ જાય. ધર્મની વસંતઋતુ ખીલે, સંસ્કાર સરિતા ગૃહદ્વારે ખળખળ કરતી વહેતી હોય.

તપસ્વી સાધ્વી જેવો ફૈબાનો દેહ, રસપરિત્યાગ અને દ્રવ્ય તપ જીવનમાં વણાયેલા. દ્રવ્ય તપ એટલે ચોક્કસ નક્કી કરેલી થોડી વાનગીઓ જ જમવામાં લેવી. દા. ત. દસ દ્રવ્યથી શરૂ કરતા જમવામાં એક એક દ્રવ્ય ઘટાડતું જવું, તેવા તપને દ્રવ્ય તપ કહે છે.

સાદગીપૂર્ણ ધર્મયુક્ત જીવન, સાથે સાથે કર્મયોગી પરિશ્રમવાળી જીવનચર્યા, આળસનું નામ નહિ.

ફઇબા ચૈત્ર-વૈશાખમાં અમારા ગામ ખાંભામાં આવે. સાવરકુંડલા એમનું સાસરું. ભર્યું ભાદર્યું એમનું કુટુંબ. સમૃદ્ધ હોવા છતાં સંયમિત જીવન. નિરાભીમાની, સરળતા અને સૌમ્યતાના ભાવો તેમના મુખારવિંદ પર રમતા રહે.

સવારે બે સામાયિક કરે, દરરોજ કાંઈક ને કાંઈક નવી વાનગી વડી, પાપડ, ચોળાફળી બનાવે, ગોદડા સીવી દે. રાત્રે પ્રતિક્રમણ કર્યા પછી સ્તવનો, ભજન ગવરાવે અને અમને બધા બાળકોને ભેગા કરી ધર્મપ્રેરક કથાવાર્તા સંભળાવે.

બપોરે અમે બહાર રમતા હોઈએ ત્યારે પકડીને ઘરમાં લાવે અને કહે કે બહુ તડકો છે. ટાઢે પહોરે રમજો, ચાલો...તમારી પરીક્ષા પૂરી થઈ; હવે તમારા ચોપડા અને કપડાના કબાટ સાફ કરી ગોઠવો. સ્વચ્છતાના આગ્રહી ઝયણાં ધર્મ વિષે સમજાવે.

'શિવકુંવરબેન થોડા 'દિ રોકાવા આવ્યા છો તો આરામ કરો. જાણે કામ સાથે જ લેતા આવ્યા છો અને વધારામાં આ છોકરાવ સાથે માથાકુટ.' મારા બા કહેતા.

'ભાભી, મનગમતા કામમાં તો થાક ઉતરી જાય.' ફૈબા હસીને કહેતા.

અમારા માટે તો ફૈબાનું આગમન એટલે ઘર આંગણે ફૂટેલા વાત્સલ્ય વીરડાનું અમૃત પાન.

ચૈત્ર માસમાં આયંબિલની ઓળી આવે. આયંબિલ તપમાં રસ વિનાનો લુખ્ખો આહાર દિવસમાં એક સમય જ લેવાનો હોય. ફઈબા નવે નવ દિવસનું વિધિસહ આયંબિલ તપ કરે. વારાફરતી અમને એકેક ભાંદરડાને એકેક આયંબિલ કરાવે. એક દિવસ ફૈબા સાથે હું ઉપાશ્રયની આયંબિલ શાળામાં આયંબિલ કરવા ઘરેથી નીકળતો હતો. ફૈબા કહે તારી બચત પેટીમાંથી આઠ આના સાથે લઈ લે. મને એમ કે વળતા કલીંગર, પતાસા કે એવો કાંઈ ભાગ લેવાનો હશે. આયંબિલ કર્યા પછી ફઈબાએ પોતાના બટવામાંથી એક રૂપિયાનો સિક્કો કાઢી ઉપાશ્રયની દાન પેટીમાં નાંખ્યો અને મને કહ્યું કે 'પેલા આઠ આના આ પેટીમાં નાંખી દે.' મેં તેમ કર્યું પછી મને કહ્યું કે આયંબિલ શાળામાં આપણે જમ્યા એટલે કાંઈક દાન કરવું જોઈએ. વળી તપ સાથે ત્યાગનું મહત્ત્વ સમજાવ્યું.

ઉપાશ્રયના પગથિયા ઉતરતા ફૈબાના વેવાઈ અમીચંદભાઈ મળી ગયા. દ્રઢધર્મી શ્રાવક ઉપાશ્રય બાજુમાં જ રહે. ફૈબાને કહે કે 'શિવકુંવરબેન ઓળી પૂરી થાય પછી એક 'દિ મારે ઘરે જમવાનું રાખો.'

'ભાઈ હું બધાને મળવા ઘેર આવી જઈશ પણ જમવાનું નહિ બને.' ફૈબાએ જવાબ આપ્યો.

વિસ્મયથી અમીચંદભાઈ કહે 'કેમ?'

'એક મહિના માટે મારે પચ્ચખાણ છે. (બાધા છે). મારે ત્રીજા ચૂલાનું ના ખપે. એક ચુલો ભાઈના ઘરનો બીજો ઉપાશ્રયની આયંબિલ શાળાનો. હવે ત્રીજા ચુલાનું નહિ ખપે. આવતે વખતે આવીશ ત્યારે વાત.'

આપણી સાંપ્રત જીવનશૈલીનું નિરીક્ષણ કરીએ ત્યારે વિચાર આવે કે દરરોજ આપણે કેટલા ચુલાનું ખાઈએ છીએ?

સવારે ઘરનું, બપોર પછી ઑફિસની ચા, સાંજે કોઈક હૉટલમાં નાસ્તો, ક્યારેક સ્ટોલ પરનું, ક્યારેક માર્કેટની ગાદી પર આવેલી ભેળ, દરરોજ આપણે કેટલા ચુલાનું ખાતા હશું?

ફૈબા તો હવે હયાત નથી. ક્યારેક બીજી વાર બહારનું ખાવાનું બને ત્યારે ચોક્કસ ફૈબાના શબ્દોના ભણકારા સંભળાય, 'ભાઈ! મારે ત્રીજા ચુલાનું ના ખપે...!

✱✱✱

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૫.
ફોન : (૦૨૨) ૨૫૦૧૦૬૫૮.
મોબાઈલ : ૯૮૨૦૨૧૫૫૪૨.

## પંથે પંથે પાથેય...

## 'अश्रूंची झाली फुले'

❑ ગાંગજી શેઠિયા

અમે 'શેમારૂ' સરક્યુલેટીંગ લાયબ્રેરીની શરૂઆત ૧૯૬૨માં વૉર્ડન રોડ જંકશનનાં ઉમર પાર્કમાં ખૂબ જ નાના પાયે કરેલી.

મુખ્યત્વે અંગ્રેજી સાહિત્ય (૮૦%), ગુજરાતી અને હિન્દી સાહિત્ય મળી (૨૦%) બધી જ બેસ્ટસેલર બુકો, મેગેઝીન, કોમિક ઈત્યાદિથી શરૂ થયેલી આ લાયબ્રેરીને થોડા જ મહિનામાં સર્જકોનો અપાર પ્રેમ અને વિશ્વાસ સાંપડ્યો હતો.

સર્જકનું મારે મન ખૂબ જ ઊંચું સ્થાન રહેતું.

રીચાર્ડ આર્મર કે જ્યોર્જી મીકીસની નવી બુક આવે તો સૌ પ્રથમ તારક મહેતાને બોલાવીને આપીએ. કોઈક બેસ્ટસેલર બુકમાં ખૂબ જ નાટ્યાત્મક પ્રસંગો હોય તો પ્રવીણ જોષી, કાંતિ મડીયા, શૈલેશ દવેને યાદ કરીએ. કંઈક વિશેષ મેગેજીનમાં આર્ટીકલ આવે તો હરકિશન મહેતોને યાદ કરીને આપીએ. કારણ એક જ, માતૃભાષાનાં

(વધુ માટે જુઓ પાનું ૩૨)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11



# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૦૯

## આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી **વ્યાખ્યાનમાળા આ વર્ષે ૭૫મા વર્ષમાં પ્રવેશે છે.**
રવિવાર, ૧૬–૮–૨૦૦૯ થી રવિવાર તા. ૨૩–૮–૨૦૦૯ સુધી રોજ બે વ્યાખ્યાનો.
સ્થળ : પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.
પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮-૩૦ થી ૦૯-૧૫. દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯-૩૦ થી ૧૦-૧૫
**પ્રમુખ સ્થાન : ડૉ. ધનવંત શાહ**

મહારાષ્ટ્રના **રાજ્યપાલ** મહામહિમ **શ્રી એસ.સી. જમીર**ના શુભ હસ્તે તા. ૨૧ ઑગસ્ટના સવારે ૧૦-૩૦ વાગે અને **પૂર્વ કેન્દ્રિય પ્રધાન** તેમજ રાજ્ય સભાના સભ્ય **ડૉ. અરુણ શૌરી**ના શુભ હસ્તે તા. ૧૬ ઑગસ્ટના સવારે ૧૦-૩૦ વાગે શ્રી રુપચંદજી ભંશાલીજીની સ્મૃતિ અર્થે રુપ માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત હિંદી અનુવાદ 'जैन धर्म दर्शन' અને 'जैन आचार दर्शन' તેમ જ યુવક સંઘ દ્વારા પ્રકાશિત ગુજરાતી પુસ્તકો 'તિત્થસ્સ' અને 'શાશ્વત નવકાર મંત્ર'નું લોકાર્પણ થશે.

| દિવસ તારીખ | સમય | વ્યાખ્યાતાનું નામ | વિષય |
|---|---|---|---|
| રવિવાર ૧૬–૮–૨૦૦૯ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. લતાબહનજી બોથરા | ભગવાન આદિનાથ :અષ્ટાપદ |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | સમણી પૂ. જયંતપ્રજ્ઞાજી | कैसे करें प्रार्थना ? |
| સોમવાર ૧૭–૮–૨૦૦૯ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી સુરેશભાઈ ગાલા | ષડ આવશ્યક : આત્મ સાધનાનો માર્ગ |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | પૂ. સ્વામી જ્ઞાનવત્સલદાસજી | પૂર્ણ પુરષોત્તમશ્રી સ્વામી નારાયણ ભગવાન |
| મંગળવાર ૧૮–૮–૨૦૦૯ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી હર્ષદભાઈ દોશી | આગમ સુત્તં થી સમણ સુત્તં |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. નરેન્દ્ર પી. જૈન | जैनत्व जीने की अनुपम कला |
| બુધવાર ૧૯–૮–૨૦૦૯ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. સુબ્રમણિયમ્ સ્વામી | ધર્મ અને અર્થ |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. નરેશ વેદ | વેદાંતનું તત્ત્વજ્ઞાન |
| ગુરુવાર ૨૦–૮–૨૦૦૯ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. રશ્મિકુમાર ઝવેરી | કર્મનું વિષચક્ર |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. જ્યોતીન્દ્ર એમ. દવે | ત્યાગાત્ શાંતિ : અનંતરમ્ |
| શુક્રવાર ૨૧–૮–૨૦૦૯ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રીમતી કાજલ ઓઝા–વૈદ્ય | કૃષ્ણનું વ્યક્તિત્વ |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રી ભાગ્યેશ જહા | અસ્તિત્વનો ઉત્સવ |
| શનિવાર ૨૨–૮–૨૦૦૯ | ૮-૩૦ થી ૯-૧૫ | પૂ. હરિભાઈ કોઠારી | ભક્તિ કરે એ તરે... |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રી જય વસાવડા | ઈશ્વર, વિજ્ઞાન અને યુવાન |
| રવિવાર ૨૩–૮–૨૦૦૯ | ૮-૩૦ થી ૯-૧૫ | પ. પૂ. આચાર્યશ્રી પુષ્પદન્ત સાગરજી | जैन धर्म और तपश्चर्या |
| | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. ગુણવંત શાહ | ક્ષમા વીરસ્ય ભૂષણમ્ |

ભજનો સવારે ૭-૩૦ થી ૮-૨૫. **સંચાલન : શ્રીમતી નીરૂબેન એસ. શાહ.** ભજનો રજૂ કરશે અનુક્રમે (૧) શ્રીમતી હંસીકા (૨) શ્રીમતી ઉર્વશી શાહ (૩) પુરુષોત્તમ ઠાકર (૪) શ્રી ગૌતમ કામત (૫) શ્રી નીતિન સોનાવાલા (૬) શ્રીમતી ઝરણા વ્યાસ (૭) શ્રીમતી ગાયત્રી કામત અને (૮) શ્રી કુમાર ચેટરજી.

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| | | | | |
|---|---|---|---|---|
| **ભૂપેન્દ્ર ડી. જવેરી** | **ચંદ્રકાન્ત દીપચંદ શાહ** | **રસિકલાલ લહેરચંદ શાહ** | **નિરુબેન એસ. શાહ** | **વર્ષાબહેન રજ્જુભાઈ શાહ** |
| કોષાધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ | **ધનવંત ટી. શાહ** | સહમંત્રી |
| | | | મંત્રીઓ | |

- પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે સંઘની કાર્યવાહક સમિતિએ નક્કી કરેલી સંસ્થા માટે અનુદાન કરવાની વિનંતિ કરવામાં આવે છે.
- આ વર્ષે સંઘે **શ્રી લોક વિદ્યાલય–વાલુકડ, તા. પાલિતાણા**ને આર્થિક સહાય કરવી એમ ઠરાવ્યું છે તેના માટે ટહેલ નાખવામાં આવે છે.
- સંઘ તરફથી ૧૯૮૫ થી આ પ્રથા શરૂ કરી, ૨૪ સંસ્થાઓને આજ સુધી આશરે ત્રણ કરોડ ઉપર જેવી માતબર રકમ સહાય તરીકે મેળવી આપી છે.
- દાન આપનારને આવકવેરાની કલમ 80 G અન્વયે કરમુક્તિનું પ્રમાણપત્ર આપવામા આવે છે.

**Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.**

# પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૬૯ અંક : ૯ મુંબઈ, સપ્ટેમ્બર ૨૦૦૯ પાના : ૨૮ કીમત રૂપિયા દસ

## જિન-વચન

### રાગ-દ્વેષ

रागो य दोसो वि य कम्म बीयं
कम्मं च मोहप्पभवं वदंति ।
कम्मं च जाई-मरणस्स मूलं
दुक्खं च जाई-मरणं वयंति ।।

–उत्तराध्ययन– ३ २-७

રાગ અને દ્વેષ એ બંને કર્મનાં બીજરૂપ છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે. કર્મ જન્મ-મરણનું મૂળ છે. જન્મ-મરણને દુ:ખ કહેવામાં આવે છે.

राग और द्वेष, कर्म के बीज हैं । कर्म मोह से उत्पन्न होता है । कर्म जन्म-मरण का मूल है । जन्म-मरण को दु:ख कहा गया है।

Attachment and hatred are seeds of Karma. Karma originates from delusion. Karma is the root cause of birth and death. Birth and death are called unhappiness.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

# આચમન

## વિનમ્રતાનો વારિધિ

ઈન્દ્રભૂતિ ગૌતમ શિષ્યગણ સહિત ભગવાન મહાવીર સાથે વાદવિવાદ કરવા ચાલ્યા.

શ્રમણ ભગવાન મહાવીર સમવસરણના મધ્યભાગમાં ધર્મદેશના દેતા બેઠા હતા. મહાવીરની કરુણાએ સિંહ અને ગાયને સાથે બેસાડ્યા હતા. જન્મવૈરી એ પ્રાણીઓ વેર વિસરી ગયાં હતાં. રાય અને રંક સહુ એકાગ્ર બનીને દેશના સાંભળતાં હતાં. ભગવાન મહાવીરની વાણી સાંભળતાં સૌના દિલમાં શાતા વળતી હતી. જ્ઞાની ગૌતમને આવતા નિહાળીને તેમણે આવકાર્યા.

'ઈન્દ્રભૂતિ ગૌતમ, આવો. રસ્તામાં કોઈ તકલીફ તો નથી પડીને!'

ગૌતમ સ્તબ્ધ થઈ ગયા. આમને તો મારા નામનીય ખબર છે!

'કેમ ન હોય?' ધરતીમાંથી કંપ ઊઠે એમ ચિત્તમાંથી અહંકાર ઊઠ્યોઃ હું એટલે કોણ? મને કોણ ન પિછાણે? ને વળી મનમાં થયું, મહાવીર સર્વજ્ઞ છે એ તો સાચું માનું, જો મારા ચિત્તમાં વર્ષોથી પડેલી શંકા કહ્યા વિના દૂર કરી આપે!

ને સામેથી મેઘ–ગંભીર અવાજ સંભળાયો.

'ગૌતમ, તમને આત્મા વિશે શંકા છે ને?' પ્રભુ મહાવીરે ઉમેર્યું:

'ગૌતમ, આ જગતમાં જીવ છે એટલે જન્મ અને પુનર્જન્મ છે. સુખ અને દુઃખ છે. પુણ્ય અને પાપ છે અને એટલે જ તો સંસારની ઘટમાળ છે. આત્માને પરિભ્રમણ કરવું પડે છે. એમાંથી છૂટવા માટે કર્મનો ક્ષય કરવો પડે છે. મોક્ષમાર્ગે ચાલવું પડે છે. ગૌતમ, ભાઈ, એ મોક્ષમાર્ગે તું જા!'

ને જ્ઞાની ગૌતમે પગ પકડી લીધા!'

પ્રભુએ એમને દીક્ષા આપી.

થોડાક સમય પછીની વાત છે.

ગુરુ ગૌતમ જે માર્ગેથી પસાર થાય ત્યાં એમને પ્રણામ કરવા લોકોનાં ટોળા વળતાં પણ ગુરુ ગૌતમ સ્વામી નીચી નજરે ચાલ્યા કરતા. એમને તો હરપળ ભગવાન મહાવીરનું સ્મરણ રહેતું. પોતાના આરાધ્ય ગુરુ અને પરમાત્મા હતા એ. પ્રભુનું નામ એ સતત વિચારતા અને મનમાં થતું: અહો! એ કેવા કરુણાળુ છે! પ્રભુનું અહર્નિશ સ્મરણ એમને દુનિયાથી અલગ રાખતું.

માર્ગમાં કોઈએ કહ્યુંઃ 'પ્રભુ, આપે જાણ્યું?'

'શું?'

'મહાશ્રાવક આનંદને અવધિજ્ઞાન થયું છે!'

'ઓહ, કેવું સરસ!'

ગૌતમ સ્વામીને થયું કે જે વ્યક્તિએ સાધના

**(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૨૫મુ)**

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | વૈશ્વિક શાંતિનો ધર્મ : જૈન ધર્મ | મહા મહિમ શ્રી એસ. સી. જમીર | ૩ |
| (૨) | શ્રી મું. જૈ. યુ. સંઘ દ્વારા ૭૫મી પર્યુષણ વ્યાખ્યનમાળા સંપન્ન | શ્રી કેતન જાની | ૮ |
| (૩) | સિદ્ધિનો મંત્ર : સાતત્યપૂર્વકની સાધના | પૂ. આ. શ્રીમદ્ વિજય પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ. | ૧૨ |
| (૪) | આ ધાર્મિકતા | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૩ |
| (૫) | શ્રી કે. પી. શાહ | શ્રી રવીન્દ્ર સાંકળિયા | ૧૫ |
| (૬) | પત્ર ચર્ચા | શ્રી કાકુભાઈ છગનલાલ મહેતા | ૧૭ |
| | | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૧૯ |
| | | શ્રી ગુણવંત બી. શાહ | ૨૦ |
| (૭) | જયભિખ્ખુ જીવનધારા-૧૦ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| (૮) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન–૧૧ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૩ |
| (૯) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૧૦) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૧) | પંથે પંથે પાથેય... | સુશ્રી મયૂરી ગોસાઈ | ૨૮ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/–(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/–(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/–(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/–(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/–(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com

❑ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૯ ● સપ્ટેમ્બર,૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૫ ● વીર સંવત ૨૫૩૫ ● ભાદરવા વદિ – તિથિ૧૨ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## વૈશ્વિક શાંતિનો ધર્મ : જૈન ધર્મ

### બૌધિક અને તાર્કિક એવા જૈન દર્શને આપણા ભારતને ગૌરવવંતો બનાવ્યો છે

–મહામહિમ શ્રી એસ. સી. જમીર, મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ

*[શ્રી મુંબઈ જૈન યુવક સંઘની **૭૫** મી વ્યાખ્યાનમાળા પ્રસંગે તા. ૨૧–૮–૨૦૦૯ના સવારે ૧૦–૨૫નાના મારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ મહામહિમ શ્રી એસ.સી. જમીર, ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત ગુજરાતી ગ્રંથોના હિન્દી ભાષામાં અનુવાદિત બે ગ્રંથો जैन धर्म दर्शन અને जैन आचार दर्शन તેમજ ગુજરાતી પુસ્તક 'નમો તિત્થસ્સ'નું લોકાર્પણ કરવા પધાર્યા.*

*શ્રી રુપચંદજી ભંશાલીજીની સ્મૃતિ અર્થે એઓશ્રીના પરિવારના ટ્રસ્ટ, રુપમાણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપરના બે હિંદી ગ્રંથોનું પ્રકાશન થયું.*

*સંસ્થાના માનદ્ મંત્રી ડૉ. ધનવંત શાહે રાજ્યપાલશ્રીનું સ્વાગત કરી, મહામહિમ શ્રી એસ.સી. જમીરનો પરિચય આપ્યો, અને અંતમાં શ્રી રુપચંદજીના સુપુત્ર અને એ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી વલ્લભભાઈ ભંશાલીએ સંત સમાન પોતાના પિતાશ્રીના જીવનનો પરિચય આપી આભારની લાગણી વ્યક્ત કરી હતી.*

**આ અંકના સૌજન્યદાતા :**
**સ્વ. સુશીલાબહેન ચીમનલાલ ઝવેરી**

*૧૯૩૧માં નાગાલેન્ડમાં જન્મેલા રાજ્યપાલશ્રી એસ.સી. જમીરે અલ્હાબાદ વિશ્વવિદ્યાલયમાંથી બી.એ., એલએલ.બી. સુધી શિક્ષણ લીધું છે. કૉલેજ કાળ દરમ્યાન સ્ટુડન્ટ ક્રિશ્ચિયન મુવમેન્ટમાં સક્રિય રહ્યા.*

*૧૯૬૦માં નાગાલેન્ડ રાજ્યનું નિર્માણ થયું. એના પ્રણેતા શ્રી જમીર હતા, અને પોતાના શ્રેષ્ઠતમ વર્ષો એઓએ નાગાલેન્ડની પ્રગતિ માટે સમર્પિત કર્યા. એટલે જ એઓશ્રી આધુનિક નાગાલેન્ડના ઘડવૈયા કહેવાયા છે.*

*૧૯૬૧માં નાગાલેન્ડ તરફથી લોકસભા માટે એઓશ્રી ચૂંટાયા, અને પંડિત જવાહરલાલ નહેરુના પાર્લામેન્ટરી સેક્રેટરી તરીકેની ફરજ પણ એઓશ્રીએ બજાવી, તેમજ એ સમયે એક્સટર્નલ અફેરના મિનિસ્ટરનો હોદ્દો પણ સંભાળ્યો. ઉપરાંત ૧૯૬૬ થી ૧૯૭૦ સુધી ભારતના પ્રધાન મંડળમાં વિવિધ ખાતાના પ્રધાન તરીકે પણ પોતાની સેવા આપી.*

*૧૯૭૧ થી નાગાલેન્ડની ધારાસભામાં એઓશ્રી વારંવાર ચૂંટાતા રહ્યા. ૧૯૮૦ થી ૨૦૦૩ સુધી નાગાલેન્ડની સરકારને પોતાની વિવિધ પ્રકારની સેવા આપી, અને પૂરા ચાર સત્રમાં ચાર વખત નાગાલેન્ડના મુખ્ય પ્રધાન તરીકે નિયુક્ત થયા, નાગાલોન્ડ માટે આ એક અદ્વિતિય ઘટના છે.*

*૧૭ જુલાઈ ૨૦૦૪માં શ્રી જમીર ગોવા રાજ્યના રાજ્યપાલ તરીકે નિયુક્ત થયા, અને ૧૯ જુલાઈ ૨૦૦૮માં મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે નિયુક્ત થયા તેમજ જુલાઈ ૨૦૦૯થી ગુજરાતના રાજ્યપાલ તરીકેનો વધારાનો હોદ્દો પણ એઓ સંભાળી રહ્યા છે.*

*જીવન ચરિત્રાત્મક અને વિવિધ ચિંતનાત્મક વાંચન તેમજ તરણ અને રમતગમતના શોખીન શ્રી જમીરે પોતાના જીવનના ૫૦ વર્ષ રાષ્ટ્રની સેવામાં વિવિધ પ્રકારે સમર્પિત કરી અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.*

*આવા અનેક સિદ્ધિપ્રાપ્ત મહામહિમ રાજ્યપાલશ્રીએ આ ૭૫મા પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા પ્રસંગે ઉપરના ગ્રંથોનું લોકાર્પણ કરતા આપેલા મનનીય પ્રવચનનો અમારી સંસ્થાના વિદુષી સન્નારી **શ્રીમતિ પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખે** કરેલો ગુજરાતી અનુવાદ યથાતથ પ્રસ્તુત કરીએ છીએ. ઉપરાંત અંગ્રેજી પ્રવચન પણ પ્રસ્તુત છે.–તંત્રી ]*

વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. ધનવંત શાહ,
શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પદાધિકારીઓ,
બહેનો તથા ભાઈઓ.

આજે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે યોજેલ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મને પણ શામેલ થવાનો અવસર મળવા બદલ હું મારી જાતને અત્યંત ખુશનસીબ માનું છું. અને મને તેનો ઘણો જ આનંદ છે. ભૂતકાળમાં આવી ગયેલ વક્તાઓની યાદી જોતાં જણાય છે કે આપણાં દેશની અતિ મહાન અને નામાંકિત વ્યક્તિઓ જેવી કે ડૉ. રાધાક્રિશ્નન, મધર ટેરેસા, શ્રી ક. મા. મુન્શી, ડૉ. વિજયાલક્ષ્મી પંડિત, જસ્ટીસ એમ. સી. ચાગલા અને જયપ્રકાશ નારાયણ વગેરેએ આ વ્યાસપીઠ ઉપરથી વ્યાખ્યાનો આપ્યા છે.

શ્રી મું. જૈ. યુ. સંઘના આજના તથા ભૂતકાળના પદાધિકારીઓને ૭૫ વર્ષ સુધી આટલી સુંદર વ્યાખ્યાનમાળાનું આયોજન કરવા બદલ હું ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. સંઘની અનેક પ્રકારની પ્રવૃત્તિઓને પણ હું બિરદાવું છું. બીજા અનેક તહેવારો કરતાં સહેજ જુદા એવા દુનિયાભરમાં ઉજવાતા આ પર્યુષણ પર્વની મહત્તા ઘણી છે.

બીજા ઘણાં તહેવારો આનંદપ્રમોદના હોય છે જ્યારે આ પર્વ મનુષ્યના આત્માને ઓળખી, પ્રભુ સમક્ષ હાજર થવાના અથવા પ્રભુમય બની મોક્ષ પામવાના પ્રયત્નોનું આ પર્વ છે. આ પર્વમાં લોકો તપશ્ચર્યા, નિયમોપાલન, ધાર્મિક વાંચન અને શ્રવણ દ્વારા આત્માની ઉન્નતિ માટેના પ્રયત્નો કરતા હોય છે. આ પર્વમાં સગાં-સંબંધીઓ, મિત્રો, સહકાર્યકર્તાઓ તથા અન્યો સાથે ક્ષમાયાચના કરતા હોય છે.

જ્યારે ક્ષમાપનાની વાત આવે ત્યારે અચૂક ગાંધીજીની યાદ આવે. તેઓએ કહ્યું છે, 'ક્ષમા આપવાનો ગુણ તો અભય મનુષ્યને જ શોભે. ભયભીત અથવા બીકણ મનુષ્ય ક્ષમા ન આપી શકે.' મને ખાત્રી છે જો આ ધરતીને સુંદર રહેવાલાયક સ્થાન બનાવવું હોય તો આપણે સર્વેએ, એટલે કે દરેક મનુષ્યો, જાતિઓ, વિશ્વના દેશોએ ભૂતકાળમાં આચરેલી ભૂલો બદલ ક્ષમાયાચનાની આપલે કરવી જોઈએ.

**બહેનો તથા ભાઈઓ,**

જૈન દર્શનમાં દર્શાવાયેલા ઉમદા અને આધ્યાત્મિક સિદ્ધાંતોના આચરણની તો દુનિયાભરમાં અને પેઢી દર પેઢી અસર જોઈ શકાય છે. અહિંસાવાદનો સિદ્ધાંત જો અપનાવીએ તો જીવન પ્રત્યેનો આપણો અભિગમ જરૂર બદલાઈ જાય. તેના સિદ્ધાંતો જાતિવાદની વિરૂદ્ધ છે. આજે પણ એ સિદ્ધાંતો એટલા જ ઉપયોગી છે. જૈન દર્શનના તાર્કિક સિદ્ધાંતોએ વિજ્ઞાનની તરફેણ કરી છે અને અંધશ્રદ્ધાનો વિરોધ કર્યો છે. જૈન દર્શને અનેકાંતવાદને મહત્ત્વ આપ્યું છે. આ સિદ્ધાંત અપનાવવાથી જગતના અનેક પ્રશ્નો, જેવા કે સામાજીક, આર્થિક અને ધાર્મિક પ્રશ્નોનો ઉકેલ આવી જાય. **બૌદ્ધિક અને તાર્કિક એવા જૈન દર્શને આપણા ભારતને ગૌરવવંતો બનાવ્યો છે.**

પંડિત જવાહરલાલ નહેરૂ જેમની સાથે મને કામ કરવાનો મોકો મળ્યો છે, તેમના અતિપ્રખ્યાત પુસ્તક 'ધી ડિસ્કવરી ઑફ ઈન્ડિયા'માં તેઓએ પણ જૈન દર્શન વિષે ઉલ્લેખ કર્યો છે. તેમણે લખ્યું છે કે જૈન દર્શને આપણને દરેક જીવ પ્રત્યે સમભાવથી જોવાનું શીખવ્યું છે. તેઓ વધુમાં લખે છે, 'જૈન દર્શન આપણને સારું અને ઉચ્ચ જીવન' જીવવાની પ્રેરણા આપે છે.

જીવન પ્રત્યેના આવા અભિગમથી આજના જમાનામાં મનુષ્યજાતિ કુદરતી વાતાવરણ અને ધરતી પ્રત્યે વિચારતી થઈ છે. જીવન પ્રત્યે સદા માનથી જોવું જોઈએ અને આપણા મનમાં તેનો સતત અહેસાસ થવો જોઈએ. મનુષ્યજાતિનો ઉદ્ધાર એમાં જ છે. આજના ભૌતિક પદાર્થો પાછળની દોડમાં આપણે આપણા આધ્યાત્મિક વારસાને ઘણીવાર ભૂલી જઈએ છીએ. આપણી કપરી પરિસ્થિતિમાં ભૌતિક અને આધ્યાત્મિક પ્રશ્નો વચ્ચેની સમતુલા જાળવવી ઘણી અગત્યની છે. હું મક્કમપણે માનું છું કે જૈનો દુનિયાના આજના પ્રશ્નોના ઉકેલમાં અને શાંતિ સ્થાપવામાં ઘણો અગત્યનો ભાગ ભજવી શકે.

હું પોતે તો ક્રિશ્ચિયન છું અને મારો ધર્મ તો દરેક મનુષ્યમાં ભગવાનનો અંશ જોવાનું શીખવે છે. ખરેખર તો દરેક ધર્મ શાંતિ અને એકતા જ શીખવે છે. આ દુનિયાનો એક પણ ધર્મ આપણને એકબીજા પ્રત્યે વેરભાવ રાખવાનું શીખવતો નથી. આજે તો શાંતિ જ માનવજાતને વટાવી ગઈ છે. આ તબક્કે મારા મત પ્રમાણે દુનિયાના દરેક ધર્મને એક ગજબનો પડકાર છે કે વ્યક્તિગત સ્તરે અને બીજા અનેક સ્તરે શાંતિ સ્થાપી બતાવે.

શાંતિ સ્થાપવા માટે સૌથી અગત્યની વાત તો ભ્રાતૃભાવ કેળવવાની છે. બીજી એક અગત્યની વાત તે દરેક વ્યક્તિમાં સેવાભાવ કેળવવાની છે. જગતમાં જો એક નાનો હિસ્સો કે અમુક લોકો મોજશોખ, એશઆરામમાં રહે અને મોટો હિસ્સો ગરીબીમાં રહે તો દુનિયામાં કદી શાંતિ સ્થપાય નહીં.

દરેક ધર્મના સાધુ-સંતોનો આપણને સીધો સવાલ છે કે જો તમે તમારા બંધુ ભાઈ-બહેનોને પ્રેમ ન કરો તો ભગવાન પાસે પ્રેમ કેવી રીતે માંગી શકો? આજના જમાનામાં જો કોઈ સાચી સેવા હોય તો તે પ્રભુ પ્રત્યેના પ્રેમમાંથી ઉદ્ભવતી આધ્યાત્મિક સેવા છે. એક સંત મહાત્માએ કહ્યું છે, **'કાર્ય વગરની પ્રાર્થના એ પ્રાર્થના વગરના કાર્ય જેટલું જ ખરાબ છે.'**

સાચા ધાર્મિક મનુષ્ય થવું હોય કે કહેવડાવવું હોય તો વહેંચતા શીખવું જોઈએ. આપણી કમાણીનો દશમો ભાગ આપણે પ્રભુને ગમતાં કાર્યો અને મનુષ્યો માટે રાખવો જોઈએ. આ રીતે જ આપણે

પ્રેમ, દયા અને સેવા દ્વારા વિશ્વ શાંતિ સ્થાપી શકીશું. મારા મત પ્રમાણે પ્રભુની નજીક જવાનો આ સહેલામાં સહેલો રસ્તો છે. પર્યુષણ પર્વ જેવા ઉત્તમ પર્વ ઉજવતાં આજે આપણે સહુ ફરી એક વાર પ્રેમ, બંધુભાવ, દયા, માનવજાત પ્રત્યે આદરભાવ અને સેવા ભાવ તથા દરેક જીવ પ્રત્યે દયા અને લાગણીનો ભાવ રાખવાનો નિર્ણય કરીએ એવી મારી નમ્ર વિનંતિ છે.

**બહેનો અને ભાઈઓ,**

હવે આપણા રાષ્ટ્રની જે બિનસાંપ્રદાયિક અને અનેક જાતો અને ધર્મો વચ્ચેની એકતા (Unity in Diversity) છે તે અખંડ રાખી દેશને મજબૂત બનાવવાના પડકારોનો સામનો કેવી રીતે કરવો તે વિષે હું ટૂંકમાં જણાવું છું.

ભારત હંમેશાં પારદર્શક, બહુભાષી, વિધવિધ સંસ્કૃતિવાળો અને બહુજાતિય દેશ રહ્યો છે. આ દેશમાં હિંદુ, બૌદ્ધ, જૈન અને શીખ જેવા મહાન ધર્મો વિકસ્યાં છે. પારસી અને યહૂદીઓ પણ ભારતમાં આવી વિકસ્યા એટલું જ નહીં પરંતુ ભારતના અન્ય ધર્મનો વિરોધ કર્યા વગર ભારતીય સમાજમાં ભળી ગયા અને આર્થિક અને સામાજીક દૃષ્ટિએ પણ તેઓનું પ્રદાન ઓછું નથી. ભારતનું સૌથી અગત્યનું પાસું તો વિવિધતામાં એકતા (Unity in Diversity)નું છે. આપણે એકબીજા પર કશું જ લાદવાની વાત ક્યારેય કરી નથી. વ્યક્તિગત માન જાળવીને સાંસ્કૃતિક વારસો હંમેશાં જાળવ્યો છે અને વધાર્યો છે.

આપણા બંધારણના ઘડવૈયાઓએ પણ આ બિનસાંપ્રદાયિકતાને જાળવી રાખવાનું લક્ષ્યમાં રાખ્યું છે. દરેક ધર્મનું માન જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. પ્રત્યેક વ્યક્તિને પોતાનો ધર્મ પાળવાનો હક્ક પણ આપ્યો છે.

પૂર્વ વડા પ્રધાન સ્વ. રાજીવ ગાંધીએ પણ કહ્યું છે, 'બિન-સાંપ્રદાયિકતા એ તો આપણા રાષ્ટ્રનો પાયો છે. તેમાં સહનશક્તિ સમાયેલી છે. એમાં તો શાંતિ માટેના અદભૂત પ્રયત્નોનો સમાવેશ થાય છે.

આજે જ્યારે ભારત એક પ્રગતિશીલ દેશ તરીકે વિશ્વમાં ઉભરી રહ્યો છે ત્યારે વિવિધતાનો પ્રતિષ્ઠિત વારસો જાળવવો અને દેશની બિનસાંપ્રદાયિકતા જાળવી રાખવી એ દેશ માટે ઘણો જ મોટો પડકાર છે.

આજે જ્યારે આતંકવાદ વગેરે દુનિયા સામે પડકાર છે તો ભારતની સામે તો તેના ઉપરાંત જાતિવાદ, ભાષાકીય પ્રાંતવાદ, નક્સલવાદ અને ધાર્મિક ભેદભાવ જેવા પડકારો પણ ઊભા થઈ રહ્યા છે. જો આનો સામનો નહીં કરાય કે આ પ્રત્યે ધ્યાન નહીં દોરાય તો આપણા દેશની એકતા સામે બહુ મોટો ખતરો ઊભો થવાની શક્યતા છે.

આવા કપરા સમયે મારા મત પ્રમાણે જૈન ભાઈ-બહેનો ભાઈચારા માટે અને શાંતિ સ્થાપવામાં બહુ મોટો ભાગ ભજવી શકે છે. આજના જમાનામાં globalisationના હિસાબે આખું વિશ્વ એક ગામ બની ગયું છે. આ દૃષ્ટિએ ધાર્મિક જાતિઓ તરીકે અને રાષ્ટ્રો તરીકે આપણું ભાવિ પણ એકબીજા સાથે અતૂટ રીતે સંકળાયેલું છે. વિશ્વના દરેક દેશોમાં જુદા જુદા દેશના લોકોની અવરજવર પણ દેખાય છે અને સાથે રહેતાં પણ જણાય છે.

આજ હવે આપણે એકબીજાથી અજાણ્યા પણ ન રહી શકીએ કે જુદી જુદી શ્રદ્ધા વિષે દુશ્મનાવટ પણ ન રાખી શકીએ. આજે પણ એવા સમૂહો છે જે શાંતિપ્રિય જાતિઓને ઉશ્કેરવા તત્પર છે. તેઓ હિંસાને પ્રોત્સાહન આપે છે. આવા સમયે મારી ખાસ એક અરજ છે કે અવારનવાર જુદા જુદા ધર્મોના સંત મહાત્માઓએ મળીને ચર્ચા-વિચારણા કરવી જોઈએ. આવી ચર્ચાઓ કરવાથી આપણો પોતાનો ધર્મ પણ આપણે સારી રીતે સમજી શકીશું. **આ તબક્કે જૈન યુવક સંઘ જેવી સંસ્થાઓને મારી નમ્ર વિનંતિ છે કે આ દિશામાં પગલું ભરી આગળ વધવા પ્રયત્ન કરે. હજુ જ્યારે પરિસ્થિતિ કાબૂમાં છે ત્યારે જ આ પગલું ભરવું જોઈએ.**

આમ પણ ભારતીય પ્રજા ધંધાકીય દૃષ્ટિએ એકબીજા પર વિશ્વાસ મૂકનારી પ્રજા તો ગણાય જ છે. તો એક સર્વમાન્ય કારણ માટે સમજીને ભેગા મળી રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આપ સૌને આ પર્યુષણ પર્વ નિમિત્તે મારી શુભેચ્છા પ્રગટ કરું છું અને મને આપની સાથે આ પ્રસંગે શામેલ કરવા બદલ શ્રી મું. જૈ. યુ. સંઘનો ફરી એકવાર હૃદયપૂર્વક આભાર માનું છું.

**❑ એસ. સી. જમીર**

## ડૉ. રમણલાલ ચી. શાહના હિંદી ગ્રંથો

રુપમાણક ભંશાળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ડૉ. રમણલાલ ચી. શાહના ગુજરાતીમાંથી હિન્દીમાં અનુવાદિત થયેલા બે ગ્રંથોનું તા. ૨૧-૮-૨૦૦૯ના મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ મહા મહિમ શ્રી એસ. સી. જમીરના શુભ હસ્તે લોકાર્પણ થયું છે.

(૧) जैन धर्म-दर्शन- પૃષ્ઠ ૩૨૨-મૂલ્ય રૂા. ૩૦૦/-

(૧) जैन आचार-दर्शन-પૃષ્ઠ ૩૫૧-મૂલ્ય રૂા. ૩૦૦/-

આ બંન્ને ગ્રંથો નીચેના સરનામેથી પ્રાપ્ત થઈ શકશે.

રુપ માણક ભંશાળી ટ્રસ્ટ,<br>
૧૭/૧૯, ખટાઉ બિલ્ડીંગ,<br>
૪૨/૪૪, બેંક સ્ટ્રીટ,<br>
મુંબઈ-૪૦૦ ૦૦૧.<br>
ફોન નં. : (૦૨૨) ૬૬૩૭૯૬૪૯.

ઉપરના પુસ્તકો ૨૫% ડિસ્કાઉન્ટથી મળશે.

પાંચ સેટથી વધુ ખરીદનારને ૪૦% ડિસ્કાઉન્ટથી મળશે.

# A Speach by His Excellency Shri S. C. JAMIR

***Address by Shri S. C. Jamir, Governor of Maharashtra at the Paryushan Jain Lecture Series and release the Hindi Translation of two books on Jainism at Patkar Hall, New Marine Lines, Mumbai at 10.25 a.m. on Friday, 21 August 2009.***

President of the Lecture Series Dr. Shah,
distinguished members of the Mumbai Jain Yuvak Sangh,
dignitaries, sisters and brothers.

I am indeed delighted to have been associated with the 75th year of the Lecture Series organised by the Mumbai Jain Yuvak Sangh as part of the Paryushan Parva. I find from the list of past speakers that persons of eminence like Dr Radhakrishnan, Mother Teresa, Dr. K. M. Munshi, Dr. Vijaya Laxmi Pandit, Justice M. C. Chagla and Jayaprakash Narayan have spoken from this platform.

I congratulate the Jain Yuvak Sangh, its past and present functionaries for organizing the lecture series successfully for 75 years, a remarkable achievement indeed. I also compliment the Sangh for its various social and welfare activities.

Unlike other festivals, the weeklong Paryushan period observed by the Jain Community all over the world is an eternal festival, – a festival meant for spiritual upliftment and moral rejuvenaion. Many Members of the Jain community practice penances, vows, fasts and reading and listening to holy scriptures during the period in their quest for self actualization. The hallmark of this holy festival is the seeking of forgiveness by members of the community from each other, from friends, coworkers and enemies.

Speaking of forgiveness, Mahatma Gandhi had said, and I quote: **`The weak can never forgive. Forgiveness is the attribute of the strong.' (unquote).** I am sure, if all of us, – individuals, societies and nations decide to forgive others and seek forgiveness from one another for the mistakes we committed in the past, the world will become the most beautiful and peaceful place to live.

**Sisters and brothers,**

The noble principles of life and spiritualism expounded in the philosophy and practice of Jainism have influenced successive genarations of people worldwide. Its enduring legacy of non-violence has shaped our approach to life and nature. Its principled stand, against a hierarchical caste system inspires us to fight for equality for all even today. The rational basis of Jainism has contributed to the growth of scientific temper and the fight against superstition and blind faith. Rejecting the rigidities of doctrine, Jainism presented an open and fresh approach to matters considered spiritual. This approach of reason and scientific enquiry has helped in grappling with social, religious and economic problems, facing mankind. Jainism is part and parcel of the rich tradition of rational intellectual discourse that has flourished in this ancient land of India.

Pandit Jawaharlal Nehru, with whom I had the privillege of working, in his much celebrated book **`The Discovery of India'** observed that it was Jainism that helped us better appreciate the rights of all living beings; and not just human beings. He saw in Jainism **`the endeavour to lead the good life, the higher life.'**

It is this approach to life that in recent years has influenced humankind's thinking about environment, ecology and planet earth. This reverence for life has to be constantly reiterated and inculcated in our minds. That is the only way humankind can make progress. In fact, in our quest for material prosperity we sometimes forget the spiritual heritage of our civilization. A fine balance between materialism and spirituality can help restore sanity when we are caught in the rough and tumble of life. An appreciation of the beauty of life and nature is needed to ensure sustainable development. It is my firm conviction that members of the Jain community can play a crucial role as peacemakers in society, nation and also in global affairs for conflict resolution, and for restoration of peace.

I am a Christian and my religion teaches me to see the face of God in every human being. As a matter of fact, I believe that every religion stands for peace, harmony and compassion. No religion preaches hatred or violece against fellow sisters and brothers. Today however peace is eluding mankind. It is the greatest challenge for religions of the world to restore peace at the individual level, within society and among nations.

The first thing required for enduring peace is the spirit of brotherhood. The second important thing we need for enduring peace is the spirit of service. True peace is possible only through this spirit of service. The world cannot live in peace and hapiness if one fraction of its people live in luxury and opulence while the majority live in poverty and deprivation.

There is a simple question that all Saints ask of us: How can we claim our love to God if we do not love fellow human beings. How can we call ourselves human beings if we watch our brothers and sisters suffering and struggling? I believe that true service is a spiritual activity, which is born out of the Love of God. A famous Saint has said, and I quote: `Prayer without work is as bad as work without prayer !' (unquote).

As practitioners of true religion, it should be our endeavour to share what we have with others. Let us keep aside a portion, say one-tenth of our earnings, to be utilised in the service of God and his suffering million. We can achieve universal peace through love, compassion, the spirit of caring and sharing and service. It is also the quickest route of

realisation of God.

While observing the auspicious period of Paryushan, let us reaffirm our commiments to practising eternal values like love, brotherhood, compassion, caring and sharing towards our fellow human beings and other living beings.

**Sisters and Brothers,**

I shall now briefly discuss the challenges before us as a nation, the need to preserve India's plural character and secularism, the need for interfaith dialogue and now citizens could act as an instrument for building peace and rapproachment.

India has always been an inclusive, open multi-cultural, multi lingual and multi ethnic society. This is a land where some of the greatest religions of the world, namely Hinduism Buddhism, Jainism and Sikhism were born and prospered. The Parsis and the Jews found India to be the most receptive land to practice their unique religion and cultural traditions. They have been living in India for centuries without any presecution and are contributing to its socio-economic and cultural richness.

The most important characteristics of India is its unity in diversity. We have never attempt to thrust uniformity on others or dilute diversity. India has always believed in a composite culture where individual identities are always respected.

Our Constitution makers very rightly chose to maintain this identity of India by making is a **`Secular'** State, where every religion and faith would be respected. The Constitution guartanteed every individual the right to **`profess, practice and propagate (his or her) religion'.**

The late Prime Minister of India Rajiv Gandhi had said, and I quote, **`Secularism is the bedrock of our nationhood. It implies more than tolerance. It involves an active effort of harmony.'** (unquote)

Today at a time when India is emerging as a leading country of the world, the biggest challenge facing the nation is to maintain its rich pluralistic heritage and secular fabric of the country.

If terrorism and fundamentalism are challenges facing the world, we in India are facing, in addition to these, a few more, and perhaps equally dangerous, challenges like casteism, linguistic hegemony, naxalism and regionalism. If left unattended these problems could pose a threat to our unity and national integration.

At this crucial juncture, members of the Jain community, which is one of the strongest votaries of peace, should be at the vanguard to restore peace and the spirit of brotherhood among different communities.

Globalisation has made the world a small village. As religious communities and as nations, our future is now inextricably linked to one another. Along with globlisation has come the worldwide movement of people from one place to another, both within the country and among the countries. All over the world people of different religious live together, in mixed societies. The map of the world cannot be colour-coded based on Hindu, Christian or Muslim identity, but each part of the world is now patterned with the colours and textures of the whole. These trends have made religious relations a pressing issue in many countries.

In today's world we cannot afford to be ignorant of one another, or to have enmities between different faiths. Extremist groups are seizing every opportunity to sow distrust and hatred in peace loving communities. They are perverting and abusing religion to radicalise attitudes, justify violence and brainwash young members. To root out the stereotypes and prejudices that form the fault lines in a multi-religious society like India, it is crucial to have a process of dialogue and engagement. Such dialogue is not aimed at achieving agreement, but at building relationship. When we get to know one another, we not only appreciate how others in different religious communities encounter the divine, but also enhance our understhanding of our own religion. In the process, we widen the common ground, which we all share together. It is all the more necessary for today's youth, men and women to know about the different religious and understand their teachings so that there will be better understanding among the people and societies.

I take this opportunity to urge the Jain Yuvak Sangh to institutionalise interfaith dialogue and organise interaction meeting among religious leaders at different levels. We should build these linkages now when conditions are tranquil, and relations are not under stress. Then in times of crises, we will have a strong and resilient network to hold our society together.

Indians have traditionally learnt to trust one another, and to accomodate each other's different customs, traditions and ways of life. We must continue with this pragmatic and responsible approach, and work together as partners for a common cause. Only then can we keep our society cohesive, and keep our country social and harmonious for many more years to come.

I wish all of you my warm greetings on the occasion of Paryushan Parva and thank the Jain Yuvak Sangh for associating me with this wonderful occasion. ✷ ✷ ✷

## ૨૫ મી સંસ્થા માટે અનુદાન
## લોક વિદ્યાલય – વાળુકડ

આ વર્ષની વ્યાખ્યાનમાળા પ્રસંગે તીર્થભૂમિ પાલીતાણા પાસેના વાળુકડ ગામના શ્રી વિનય વિહાર કેળવણી મંડળ સંચાલિત–લોક વિદ્યાલયને આર્થિક અનુદાન આપવા માટે જૈન સમાજને આ સંસ્થાએ વિનંતી કરી હતી.

જૈન સમાજે આ વિનંતિનો ઉષ્મા અને ઉત્સાહભર્યો પ્રતિસાદ આપી આજ સુધી લગભગ વીસ લાખનું અનુદાન પ્રાપ્ત થયું છે અને હજી પત્ર–પોસ્ટ દ્વારા અનુદાન આવી રહ્યું છે.

સર્વે દાતાઓની પૂરી વિગતો અમે ઑક્ટોબર અંકમાં પ્રગટ કરીશું.સર્વે દાતાઓને ધન્યવાદ.

**–મેનેજર**

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૫ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

❑ કેતન જાની

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ૭૫મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી સાહિત્યકાર–જૈન ધર્મના અભ્યાસી ડૉ. ધનવંતભાઈ શાહની અધ્યક્ષતા હેઠળ આઠ દિવસ સુધી ન્યુ મરીન લાઈન્સ સ્થિત પાટકર હૉલમાં યોજાઈ હતી. ૧૬ મીથી ૨૩મી ઑગસ્ટ સુધી યોજાયેલી આ વ્યાખ્યાનમાળા શ્રાવકો માટે જ્ઞાન, આરાધના અને ભક્તિરસની ગંગા બની હતી. વ્યાખ્યાનમાળાના પ્રારંભમાં જ્ઞાનપિપાસુ શ્રાવકોનું સ્વાગત ડૉ. ધનવંતભાઈ શાહે કર્યું હતું. આ પ્રસંગે તેમણે સંસ્થાની પ્રવૃત્તિમાં મહત્ત્વનું યોગદાન આપનારા પ્રા. તારાબહેન રમણભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ ગાંધી અને કે. પી. શાહના નિધન અંગે દિલસોજી વ્યક્ત કરી હતી. તેઓએ 'સંઘ'ને આપેલી અમૂલ્ય સેવાઓને બિરદાવી હતી.

પર્વાધિરાજ પર્યુષણ દરમિયાન તીર્થંકરોની ઉપાસનાની સાથે અંતરિયાળ અને પછાત વિસ્તારોમાં સેવાપ્રવૃત્તિ ચલાવતી સંસ્થાઓને માટે નાણાભંડોળ એકઠું કરી આપવાનો અનોખો સેવાયજ્ઞ 'સંઘ'એ ઈ. સ. ૧૯૮૫થી આરંભ્યો છે. આ વરસે ગુજરાતમાં પાલીતાણા તાલુકાના વાલુકડ ગામ સ્થિત શ્રી વિનય વિહાર કેળવણી મંડળ સંચાલિત લોકવિદ્યાલય માટે આર્થિક સહાય મેળવવા માટે ટહેલ નાંખવામાં આવી હતી. તેના પ્રતિસાદ રૂપે અત્યાર સુધી ૨૦ લાખ રૂપિયા એકઠા કરી શકાયા છે. ડૉ. ધનવંતભાઈએ જણાવ્યું હતું કે નાનુભાઈ શીરોયાના સંચાલન હેઠળની શાળામાં ૧૫૦૦ બાળકોને નિઃશુલ્ક શિક્ષણ અપાય છે. જો નાનુભાઈએ આ કામગીરી આરંભી ન હોત તો આ બાળકો આજે ભીખ માંગતા હોત કે પછી ખોટે માર્ગે ગયા હોત.

'સંઘ'ના પ્રમુખ રસિકભાઈ શાહ અને ઉપપ્રમુખ ચંદ્રકાંત ડી. શાહે વાલુકડ સ્થિત લોકવિદ્યાલય માટે ઉદાર હાથે ફાળો આપવાનો અનુરોધ કર્યો હતો. ખજાનચી ભૂપેન્દ્ર જવેરી અને સહમંત્રી વર્ષાબહેન શાહે દાતાઓના નામની વિગતો જાહેર કરી હતી. 'સંઘ'ના મંત્રી નિરુબહેન શાહે પોતાની આગવી શૈલીમાં આભારવિધિ કરી હતી. યુવક સંઘના પ્રમુખ શ્રી રસિકભાઈ શાહ મંચ ઉપર બિરાજમાન હતા.

'સંઘ'એ છેલ્લા ૨૪ વર્ષમાં વિવિધ સેવા પ્રવૃત્તિઓ ચલાવતી ૨૪ જેટલી સંસ્થાઓને લગભગ ૩.૫ કરોડ રૂપિયા જેટલી રકમ એકઠી કરી આપી છે. વ્યાખ્યાનમાળા દરમિયાન વાલુકડ સ્થિત લોકવિદ્યાલય શાળાના આદ્યસ્થાપક નાનુભાઈ શિરોયાએ પણ શાળાની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. વ્યાખ્યાનમાળામાં દરરોજ નીતિન સોનાવાલા, કુમાર ચેટરજી, શ્રીમતી હંસિકા ઐય્યર, શ્રીમતી ઉર્વશી શાહ, પુરુષોત્તમ ઠાકર, ગૌતમ કામત, શ્રીમતી ઝરણા વ્યાસ અને શ્રીમતી ગાયત્રી કામતે ભજનો રજૂ કરીને વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

**હજારો વર્ષ પૂર્વે તિબેટમાં જૈન ધર્મની અસર હશે**

તા. ૧૬-૮-૨૦૦૯

**'ભગવાન આદિનાથ : અષ્ટાપદ'** વિશે વ્યાખ્યાન આપતા **ડૉ. લતાબહેન બોથરાએ** જણાવ્યું હતું કે જૈન ધર્મના પ્રથમ તીર્થંકર આદિનાથ ધર્મનાયકના રૂપમાં પૂજાય છે. આપણી સંસ્કૃતિ, સમાજ અને માનવ જીવનના વિકાસમાં તેમની મહત્ત્વની ભૂમિકા છે. તેમણે જ આપણને ખેતી શીખવાડી છે. આદિનાથના બાળકો વિશ્વાકો તરીકે ઓળખાયા છે. સૂર્યવંશ, ચંદ્રવંશ અને વિદ્યાધર એવા તેમના વંશો છે. તેમણે ક્ષત્રીય વર્ણની સ્થાપના કરી હતી. તેમાં તેઓએ યુદ્ધ નહીં પણ વિતરાગ જીતવા માટે અને બહારની જેમ આંતરિક શત્રુઓને જીતવાનો ઉપદેશ આપ્યો હતો. ઓરિસ્સાના નીલકંઠ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે તેઓ આદિનાથ અગ્નિદેવ અથવા સૂર્યદેવના રૂપમાં પૂજાયા હતા. તેમણે પોતાના પુત્રોને ત્યાગ અને વૈરાગ્યનો ઉપદેશ આપ્યો હતો. વધુમાં જણાવ્યું હતું કે જીવનમાં બોધ મેળવો. મનુષ્ય જન્મ દુર્લભ છે અને મૃત્યુ નિશ્ચિત છે. તેથી વિનાવિલંબે શક્ય એટલો બોધ મેળવો. મનુષ્યજાતિને આદિયુગમાંથી ધાતુયુગમાં લઈ જનારા આદિનાથ જ હતા. તેમણે ૭૨ પુરુષો અને ૬૪ મહિલાઓને શિલ્પકળા શીખવી હતી. તેમના થકી શિલ્પી વર્ગ તૈયાર થયો હતો. આદિનાથ ભગવાનને અષ્ટાપદ ખાતે જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું અને તેમની અંતિમવિધિ પણ ત્યાં થઈ હોવાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં છે. અષ્ટાપદ પર્વત એ જ કૈલાસ પર્વત છે. ડૉ. રજનીકાંત શાહની આગેવાની હેઠળની ટુકડીએ સંશોધન માટે કૈલાસ-માનસરોવરની મુલાકાત લીધી હતી. તિબેટમાં સાગાથી કૈલાસ જતાં માર્ગમાં ઝુંપડામાં સ્વસ્તિક અને ચંદ્રના ચિન્હો જોવા મળ્યા હતા. ત્યાં તે પરંપરા હોવાનું જાણવા મળ્યું હતું. સ્વસ્તિકના નિશાનમાં વચ્ચે ચાર ટપકાં કરવામાં આવતા હોવાની પણ પ્રથા હતી. હજારો વર્ષ પૂર્વે તિબેટમાં આદિનાથ ભગવાનના કારણે જૈન ધર્મની અસર હશે એવું મનાય છે. કૈલાસ પર્વતની નીચે આવેલી ગુફામાં સ્તુપ છે તે જગ્યાએ જ આદિનાથ ભગવાનની અંતિમવિધિ થઈ હોવાનું મનાય છે. આ અષ્ટપદ પર્વત સુધી પહોંચવાનું અતિ

મુશ્કેલ હોવાથી ત્યાં આપણા પ્રતિકો કે પરંપરા લુપ્ત થઈ હોવાનું માની લીધું છે.

(કોલકાતાવાસી ડૉ. લતાબહેન બોથરા જૈન ધર્મના પ્રખર અભ્યાસુ છે. તેમણે જૈન ધર્મ વિશે પુસ્તકો પણ લખ્યા છે.)

XXX

**પ્રાર્થના કરતી વેળાએ કાન-આંખ બંધ કરી હૃદય સાથે સંબંધ જોડો**

તા. ૧૬-૮-૨૦૦૯

**'કૈસે કરે પ્રાર્થના!'** વિશે **સમણીજી પૂ. જયંત પ્રજ્ઞાજીએ** જણાવ્યું હતું કે સંકટ કે ગરીબી દૂર કરવા, સંતાન પ્રાપ્તિ માટે, આરોગ્ય પ્રાપ્તિ માટે, અથવા કાર્યસિદ્ધિ માટે સહુ પ્રભુને પ્રાર્થના કરે છે. પ્રાર્થનામાં લક્ષ્ય શું છે તે મહત્ત્વનું છે. આપણું ધ્યેય શુદ્ધ હોવું જોઈએ. ધન પ્રાપ્તિની પ્રાર્થનામાં લોકકલ્યાણ અને દાન આપવાની ઈચ્છા પણ સાથે હોવી જોઈએ. પ્રાર્થના વડે આરોગ્ય મેળવો. પછી જંકફૂડ ખાવાથી દૂર રહો. સ્વામી વિવેકાનંદે જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય માંગ્યા હતા. ઈશુ ખ્રિસ્તે શત્રુને મિત્ર માનવાનો ઉપદેશ આપ્યો હતો. જ્યારે ભગવાન મહાવીરે તેથી આગળ વધીને કોઈને જ શત્રુ નહીં માનવાનો ઉપદેશ આપ્યો છે. પ્રાર્થનાને સફળ બનાવવા માટે હૃદયના અંદરની આપણી ગુણવત્તા સુધારવી જોઈએ. ઈર્ષ્યા કે બીજાને નબળો દેખાડવાની વૃત્તિ ત્યજવી જોઈએ. ઈર્ષ્યાળુ વ્યક્તિ આખરે પોતે જ દુઃખી થાય છે. પ્રાર્થના કરતી વેળાએ આંખ અને કાનને બંધ રાખી હૃદય સાથે સંબંધ જોડવો જોઈએ. જીવનમાં બધા દિવસ સરખા જતાં નથી. તેથી પ્રાર્થના કરતી વેળાએ સમભાવ રાખી પ્રાર્થનામાં લીન થવું જોઈએ.

(પૂ. જયંત પ્રજ્ઞાજી જૈન સમણીશ્રી છે. રાજસ્થાનમાં જન્મેલા પૂ. જયંત પ્રજ્ઞાજી તેરાપંથના આચાર્ય મહાપ્રજ્ઞજીના શિષ્યા છે. તેમણે ૧૯૮૮માં દીક્ષા લીધી હતી.)

XXX

**જૈન ધર્મમાં ષડ આવશ્યક એટલે પરમતત્ત્વને જાણવાનો માર્ગ**

તા. ૧૭-૮-૨૦૦૯

**'ષડ આવશ્યક : આત્મ સાધનાનો માર્ગ'** વિશે વક્તવ્ય આપતા **સુરેશભાઈ ગાલાએ** જણાવ્યું હતું કે જૈન ધર્મમાં દરરોજ કરવાની છ ક્રિયા એટલે કે ષડઆવશ્યક એ પરમતત્ત્વને જાણવાનો માર્ગ છે. જૈન ધર્મના ષડઆવશ્યકમાં સામાયિક, લોગસ્સ, ગુરુવંદન, પ્રતિક્રમણ, કાઉસગ્ગ અને પચ્છકાણ એ છ ક્રિયા દરરોજ કરવાની હોય છે. હિન્દુ ધર્મમાં ત્રિકાળ સંધ્યા, અને બૌદ્ધ ધર્મમા વિપશ્યના છે. વિવિધ ધર્મોમાં પર્વ, ગ્રંથ, સાધના અને મંત્ર પ્રભુની આરાધના માટે હોય છે. આ ષડઆવશ્યક ક્રિયા કરવાથી આત્મા પર ચોંટેલા કસાયો દૂર થાય છે. આવશ્યકનો એક અર્થ આત્માને ગુણો વડે વાસીત કરવો એવો પણ થાય છે. તેના લીધે મન અને ઈન્દ્રિય ઉપર કાબૂ આવે છે. ભગવાન મહાવીરના લગભગ ૧૦૦ વર્ષ બાદ આ આવશ્યક સૂત્રોની રચના થઈ છે. ગુરુ પાસે ક્રિયા વિના આગમ શીખવા અયોગ્ય છે. કાઉસગ્ગ કરવાથી મન પરનો બોજ જાણે હળવો થયો હોય એવો ભાવ થાય છે. પ્રતિક્રમણ કરવાથી કસાયો ઘટ્યા છે? ચેતનાનો અનુભવ થયો છે? આનંદ, પ્રેમ અને કરુણા જન્મ્યા છે? એવા પ્રશ્નો આપણે પોતાની જાતને પૂછવા જોઈએ. વાસણને બહારથી ધોવાથી તે અંદરથી સાફ થતું નથી. તે પ્રકારે મનને પરમતત્ત્વ સાથે જોડ્યા વિના ક્રિયાનું પૂરતું ફળ મળતું નથી. ધર્મને અનેકાંતવાદથી સમજવો જોઈએ. કેશને લોચ કરવાથી અને શરીર પર ભસ્મ લગાડવાથી ચિત્તની શુદ્ધિ થતી નથી. જે સ્થાન વૃક્ષમાં મૂળનું અને શરીરમાં માથાનું છે તે સ્થાન ધર્મમાં ધ્યાનનું છે.

(ઉદ્યોગપતિ સુરેશ ગાલા માત્ર જૈન ધર્મના અભ્યાસુ નહીં પણ તેઓ અન્ય ધર્મોના ઊભ્યાસી સાધક શ્રાવક છે.)

XXX

**લોકોપયોગી ઉમદા જીવન પણ ઈશ્વરની માનસિક પૂજા છે : જ્ઞાનવત્સલ સ્વામી**

તા. ૧૭-૮-૨૦૦૯

**'પૂર્ણ પુરુષોત્તમ સ્વામીનારાયણ ભગવાન'** વિશે વક્તવ્ય આપતા બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થાના **સ્વામી જ્ઞાનવત્સલ-દાસજીએ** જણાવ્યું હતું કે ભગવાન સ્વામીનારાયણે સમાજ સમક્ષ ઉત્તમ ગૃહસ્થાશ્રમ અને સંતોનો આદર્શ સમાજ સમક્ષ મૂક્યો છે. સ્વામીનારાયણ સંપ્રદાયના સંતોએ ધર્મ-ગુરુ પ્રત્યે નિષ્ઠા, ધનને સ્પર્શી શકાય નહીં, ભોજનના સ્વાદમાં મોહ ન રાખવો, પૂર્વાશ્રમના સગાંવહાલાં સાથે વાતચીત કે દર્શનથી દૂર રહેવું, તેમજ બધાં સાથે વિવેકપૂર્વક-સરળતાથી વર્તવા જેવા નિયમોનું સખ્તાઈપૂર્વક પાલન કરવાનું હોય છે. ચલણી નોટો કે સિક્કાને હાથ લગાડીએ તો તે ધોવા પડે છે. આ નિયમો સાથે સમાજ ઉત્કર્ષનું કામ કરવાનું હોય છે. આ સંપ્રદાયમાં ભગવાનની મૂર્તિ, શાસ્ત્ર અને ઉપદેશ સંતના રૂપમાં છે એવું માનવામાં આવે છે. છઠ્ઠી એપ્રિલ, ૧૭૮૧ના દિવસે અયોધ્યા પાસે આવેલા છપૈયા ગામમાં જન્મેલા ભગવાન સ્વામીનારાયણે સંસારિક જવાબદારીઓની સાથે ઈશ્વર ભક્તિ કરે એવા દસ લાખ ગૃહસ્થો-હરિભક્તો તૈયાર કર્યા હતા. તેઓ શરાબ, ચોરી, અને વ્યભિચાર જેવા દુર્ગુણોથી દૂર

**પર્યુષણ વ્યાખ્યાનમાળા વેબ સાઈટ ઉપર**

તા. ૧૬-૮-૨૦૦૯ થી તા. ૨૩-૯-૨૦૦૯ સુધી યોજાયેલ ઉપરોક્ત વ્યાખ્યાનમાળાનું સંસ્થાની વેબસાઈટ website:www.mumbai_jainyuvaksangh.com. ઉપર નિયમિત પ્રસારણ થઈ રહ્યું છે. આ વિશે કાંઈ પણ માર્ગદર્શનની જરૂર પડે તે વેબસાઈટના માનદ્ સંપાદક શ્રી હિતેશભાઈ માયાનીનો મોબાઈલ નં. ૯૮૨૦૩૪૭૯૯૦ ઉપર સંપર્ક કરવા વિનંતિ.

–મેનેજર

રહીને પાણીમાં જે રીતે કમળ રહે એ રીતે સંસારમાં રહે છે. આ હરિભક્તોનું વર્તન વાતો કરે છે. અર્થાત્ લોકો સાથેનો ઉમદા વર્તાવ અને લોકોપયોગી જીવન સમાજમાં સુગંધ પ્રસરાવે છે. આપણે ઈશ્વરની મૂર્તિની પૂજા-ભક્તિ કરીએ છીએ. તે રીતે લોકોપયોગી ઉમદા જીવન પણ ઈશ્વરની માનસિક પૂજા છે. બાળપણમાં મિત્રો સાથે રમતી વેળા એ ઉપદેશ આપતા હતા. માત્ર ૧૧ વર્ષની વયે જ ગૃહત્યાગ કર્યો હતો. બાદમાં સાત વર્ષ સુધી ભારત ભ્રમણ કરીને સાધુ-સંતો સાથે ધર્મચર્ચા કરીને અનાદિતત્ત્વ કોણ? અને સંતનું ચરિત્ર-વર્તન કેવું હોવું જોઈએ? મુખ્યત્વે એ બે પ્રશ્નો પુછ્યા હતા. જૂનાગઢ આવીને રામાનંદ સ્વામી પાસે આવીને રહ્યા હતા અને ૧૯મા વર્ષે દીક્ષા લઈને સહજાનંદ સ્વામી નામ ધારણ કર્યું હતું. ભારતના ઈતિહાસમાં ૧૮મી સદી સહુથી અંધકારભર્યો સમય હતો તે સમયે ભારતીય સમાજમાં અંધશ્રદ્ધા અને વહેમ, તેમજ બાળકીને દૂધ પીતી કરવા જેવા કુરિવાજો હતા. તેની સામે ભગવાન સ્વામીનારાયણે આધ્યાત્મિક જ્ઞાન અને વિચારશુદ્ધિનો ઉપદેશ આપ્યો હતો. વ્યસનમુક્તિ હોય તો આંતરિક શુદ્ધિ શરૂ થાય છે. પ્રમુખ સ્વામીનું નામ નારાયણ સ્વરૂપ દાસ છે. તેમણે ૧૯૩૯માં દીક્ષા લીધા બાદ ૧૯૫૧માં પ્રમુખસ્વામી બન્યા હતા. તેમણે ૮૫૦ સંતોને દીક્ષા આપી છે. જેમાં ૧૦૦ જેટલા સંતોએ વિદેશમાં અભ્યાસ કર્યો છે.

(સ્વામી જ્ઞાનવત્સલજી બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામી નારાયણ સંપ્રદાયના સંત છે. ઈજનેરી શાસ્ત્રના સ્નાતકની ડીગ્રી મેળવ્યા પછી તેમણે દીક્ષા લીધી છે.)

X X X

**'જૈન ધર્મના મહત્ત્વના સિદ્ધાંતોનો સમાવેશ કરતાં સમણં સુત્તંને ઘરે ઘરે પહોંચાડવું ઘટે'**

તા. ૨૨-૮-૨૦૦૯

**'આગમ સુત્તથી સમણં સુત્ત'** વિશે વ્યાખ્યાન આપતાં **હર્ષદ દોશીએ** જણાવ્યું હતું કે જૈન ધર્મના મહત્ત્વના સિદ્ધાંતોને આવરી લેતા ગ્રંથ સમણં સુત્તંને ઘરે ઘરે અને પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચાડવાની આપણે પ્રતિજ્ઞા લેવી જોઈએ. હિન્દુ ધર્મમાં ભગવદ્ ગીતા, ઈસ્લામમાં કુરાન અને ખ્રિસ્તીઓમાં બાઈબલ એવા પુસ્તકો છે. જૈન ધર્મમાં એવો એક પણ ગ્રંથ નથી. બૌદ્ધ ધર્મમાં છેલ્લાં ૫૦૦ વર્ષના સારરૂપ બ્રહ્મપદ નામક ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. તે બૌદ્ધ ધર્મના બધા ફિરકાને સ્વીકાર્ય છે. આપણે જૈનો ૨૬૦૦ વર્ષોમાં સર્વને સ્વીકાર્ય એક ગ્રંથ તૈયાર કરી શક્યા નથી. આ અંગે પાટનગર દિલ્હીમાં ૨૯મી નવેમ્બર, ૧૯૭૪ના દિવસે જૈન સાધુઓ એકઠા થયા હતા. તેઓએ નિયુક્ત કરેલી પાંચ આચાર્યોની સમિતિએ ૭૫૬ ગાથાઓનું સંકલન કર્યું હતું તે ભૂદાન આંદોલનના પ્રણેતા વિનોબા ભાવેને સુપરત થયું હતું. વિનોબા ભાવે સવાઈ જૈન હતા. તેમણે જૈન ધર્મના સિદ્ધાંત અનુસાર અન્નજળનો ત્યાગ કરીને સંથારો લીધો હતો. આ ૭૫૬ ગાથાઓ સમણં સુત્તં નામે ઓળખાઈ હતી. ૧૯૭૫થી અત્યાર સુધીના ૩૪ વર્ષના સમયગાળામાં તેનો પૂરતો પ્રચાર-પ્રસાર થયો નથી. ભવિષ્યમાં આ અંગે સુધારા-વધારા કરવા માટે વિદ્વાનો-સાધુભગવંતોની ખાસ સમિતિ રચવી જોઈએ. હિન્દુઓમાં પ્રથા-પરંપરા એ છે કે જે બ્રહ્મસૂત્ર વિશે મીમાંસા લખે તે શંકરાચાર્યના પદ ઉપર નિયુક્ત થઈ શકે. આ પ્રકારની પરંપરા આપણા જૈન ધર્મમાં પણ શરૂ થઈ શકે. સમણં સુત્તં સાથે ભગવાન મહાવીર જૈનના હૃદયમાં આવે છે. તેથી તેનો પ્રચાર થવો જોઈએ.

(કોલકાતાવાસી હર્ષદ દોશી જૈન ધર્મના અભ્યાસુ છે અને ઈજનેર છે. નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે શ્રી હર્ષદ દોશી તા. ૧૮ના આવી શક્યા નહતા, પણ તા. ૨૨ના આવી શક્યા હતા.)

X X X

**જૈન ધર્મ માત્ર ભક્તિ કેન્દ્રિત નથી પણ નૈતિકતાભર્યો વ્યવહાર અગત્યનો છે**

તા. ૧૮-૮-૨૦૦૯

**'જૈનત્વ જીને કી અનુપમ કલા'** એ વિષય ઉપર વ્યાખ્યાન આપતા **ડૉ. નરેન્દ્ર જૈને** જણાવ્યું હતું કે જૈન ધર્મમાં સર્વાંગી અહિંસાનો અર્થ શાકાહાર પૂરતો સિમીત નથી. તેમાં આચાર, વિચાર અને વ્યવહારમાં સંયમ અને અપરિગ્રહ જેવી બાબતોનો પણ સમાવેશ થાય છે. આ ધર્મ માત્ર તેના અનુયાયીઓ માટે નહીં પણ આખી માનવજાતિ માટે છે. વ્યક્તિ અને સમાજ એમ બંને સ્તર પર જૈન ધર્મના સિદ્ધાંતો, ફિલસૂફી અને જીવવાની કળાનું યોગદાન છે. આ સિદ્ધાંતો વ્યક્તિને તૃષ્ણાથી ત્યાગ, ઘૃણાથી પ્રેમ અને અસહિષ્ણુતાથી સહિષ્ણુતા ભણી દોરી જાય છે. 'જીવો અને જીવવા દો' એ જૈનત્વનો મૂળભાવ છે. અન્ય જીવના જીવવાના અધિકારને માન્ય રાખવાનો સિદ્ધાંત માત્ર જૈન ધર્મમાં છે. તે જ તેની વિશિષ્ઠતા છે. કદાચ ૩૦ ઉપવાસ ન કરો તો પણ હૃદય અને વ્યવહાર શુદ્ધ રહે તો તે સારો જૈન છે. જૈન ધર્મમાં સામાજિક જવાબદારીનું પાલન કરવાનું પણ અદકેરું મહત્ત્વ છે. સમાજને તંદુરસ્ત રાખવા કે સુધારવા માટે નૈતિકતા લાવવા જૈન ધર્મ અનુસાર તમે શું કામ કર્યું? બીજા પાસે અપેક્ષા રાખો છો એવો વ્યવહાર તમે તેઓ પ્રત્યે રાખો છો? એવા પ્રશ્નો પોતાને પુછવા જોઈએ. બીજાના દુર્ગુણો જોતાં પહેલાં પોતાની નબળાઈઓ પર ધ્યાન આપવું જોઈએ. જૈન ધર્મની અહિંસા બીજાથી દબાઈ જતી નથી પણ તેનામાં હિંમત-સાહસની શક્તિ છે. મહાત્મા ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લેનારા અમેરિકન ફિલસૂફ માર્ટીન લ્યુથર કિંગ કહેતા હતા કે આપણે હિંસા અને અહિંસા વચ્ચેથી વિકલ્પો પસંદ કરવાના નથી. આપણી સમક્ષ અહિંસા અથવા અસ્તિત્વ મીટાવી દેવું એ બે વિકલ્પો જ છે. જૈન ધર્મમાં કરુણાભાવ મહત્ત્વનો છે. નદી, ગાય અને વૃક્ષ પાસેથી આપણે કરુણા કે પરોપકારનો બોધ લેવો જોઈએ, જેઓ કશું લીધા

વિના સમાજને માત્ર આપે છે. બીજાને તકલીફ આપ્યા પછી વ્રત કે ઉપવાસ કરીને પાપ ધોઈ શકાય નહીં. દૈવી શક્તિ, ચમત્કાર અથવા અંધ વિશ્વાસને જૈન ધર્મમાં સ્થાન નથી. આ ધર્મ માત્ર ભક્તિ કેન્દ્રિત નથી પણ નૈતિકતાભર્યો વ્યવહાર અગત્યનો છે.

(ડૉ. નરેન્દ્ર જૈન ભારત સરકારના વિદેશ સચિવ રહી ચૂક્યા છે. તેઓ યુરોપીય સમુદાય, સંયુક્ત રાષ્ટ્ર સંઘ અને નેપાળમાં પણ ભારતના રાજદૂત રહી ચૂક્યા છે.)

XXX

**સામ્યવાદી ચીનમાં ગુરુ કોન્ફ્યુશીયસના ઉપદેશ અને બૌદ્ધ ધર્મની પરિષદની પરવાનગી**

તા. ૧૯-૮-૨૦૦૯

**'ધર્મ અને અર્થ'** એ વિશે વ્યાખ્યાન આપતાં ડૉ. **સુબ્રહ્મણ્યમ સ્વામી**એ જણાવ્યું હતું કે અમેરિકામાં એક્ઝીક્યુટીવોને માનસિક તાણથી બચવા ગીતાના શ્લોક શીખવવામાં આવે છે. સામ્યવાદી ચીનમાં પ્રાદેશિક અસમાનતા ને ઈર્ષ્યાને કારણે થતાં તોફાનોને નિવારવા ગુરુ કોન્ફ્યુશિયસના ઉપદેશોની છૂટ અપાય છે. ત્યાં આગામી થોડા સપ્તાહમાં વર્લ્ડ બુદ્ધિસ્ટ કોન્ફરન્સ યોજાવાની છે તેમાં ભગવાન બુદ્ધના સંદેશનો પ્રચાર થશે. ચીનના સત્તાધીશો માને છે કે ધર્મ અને આધ્યાત્મિકતાને કારણે ત્યાં શાંતિ સ્થપાશે. આપણા ઋષિમુનિઓએ પૂર્વજન્મના કર્મના ફળ તરીકે જીવનમાં સુખદુઃખ આવે છે, એવું સમજાવ્યું હતું તેથી આપણે ત્યાં આર્થિક અસમાનતા છતાં અશાંતિ ઓછી કે નહીવત્ છે. અમેરિકામાં કોર્પોરેટ ક્ષેત્રના એક્ઝીક્યુટીવોને માનસિક તાણથી બચાવવા માટે શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકો શીખવવામાં આવે છે. તેમાં પ્રભુ શ્રીકૃષ્ણે અર્જુનને ઉપદેશ આપ્યો છે કે તારો અધિકાર કર્મ કરવાનો છે. ફળ આપવાનું અને તે ક્યારે આપવું તે ઈશ્વરના હાથમાં છે તેથી તેની ચિંતા કરવી નહીં. પરિણામની ચિંતા ન હોય તો હતાશા આવતી નથી. તેના કારણે હતાશા કે તાણને કારણે સર્જાતી માનસિક-શારીરિક બિમારીથી ઉગરી જવાય છે. આધ્યાત્મિકતા અને ભૌતિક સુખો એકમેકના પૂરક છે કે વિરોધાભાસી તે વિશે વિચાર કરવો જોઈએ ને બંને વચ્ચે યોગ્ય સમન્વય સાધવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

(ડૉ. સુબ્રમણ્યમ સ્વામી પ્રખર અર્થશાસ્ત્રી, ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન અને જનતા પાર્ટીના પ્રમુખ છે.)

XXX

**વેદાંતના તત્ત્વજ્ઞાનમાં જીવન અને ધર્મને સફળ બનાવવાની વાતો છે**

તા. ૧૯-૮-૨૦૦૯

**'વેદાંતનું તત્ત્વજ્ઞાન'** એ વિશે વ્યાખ્યાન આપતા ડૉ. **નરેશ વેદ**એ જણાવ્યું હતું કે વેદાંત એક દૃષ્ટિ છે તે વેદોના અંતે આવતું હોવાથી તેને વેદાંત કહે છે. અંતનો બીજો અર્થ દૃષ્ટિ, સમજ, બાજુ અથવા પાસુ એવો થાય છે. તેમાં સત્યને સમજવાનો પ્રયત્ન થયો છે. જોકે તેમાં લોકોને ખાસ રસ પડ્યો નહોતો. ઉત્તર મીમાંસા અને પૂર્વ મીમાંસામાં તેની વાત આવે છે. જીવન-ધર્મને સાર્થક બનાવવા માટે કરવાના કર્મોની વાત અને વિગતો તેમાં છે. ઈસ્વીસન પૂર્વે આઠમી સદીમાં શંકરાચાર્યએ એ ભાષ્ય લખ્યું. ત્યાર પછી બાદરાયણ વ્યાસ નામના ઋષિએ તે સૂત્રાત્મક રીતે રજૂ કર્યું હતું. ત્યારપછી રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્યએ ભાષ્ય રચ્યા હતા. મનુષ્યરૂપે પૃથ્વી ઉપર અવતર્યા પછી પરમ પ્રસન્નતાથી જીવવું અને સફળ કેમ થવું તેમજ જાત, જગત, જીવન અને જગન્નાથ વિશે વિચારણા કરવામાં આવી છે. વેદાંત દર્શનમાં ઈશ્વર કોણ છે તે સમજવાનો પ્રયત્ન થયો છે. આપણાં નવ તત્ત્વદર્શન છે. જેમાં ભારતમાં ઉદ્‌ભવેલા ધર્મો જૈન, બૌદ્ધ અને હિન્દુ ધર્મ દર્શનનો સમાવેશ થાય છે. બૌદ્ધ ધર્મના દર્શનના ચાર ભાગ છે. હિન્દુ ધર્મના દર્શનને ષટદર્શન કહેવાય છે. તેમાં સાંખ્ય, યોગ, ન્યાય, વૈશિષીક, ઉત્તરમીમાંસા અને પૂર્વમીમાંસાનો સમાવેશ થાય છે. તેમાં આપણાં દેહને આનંદની ઝંખના અને પીડા ભોગવવી પડે છે તેમાંથી મુક્ત થવા અંગે તાર્કિક અને સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે. જેમાં ચિંતનની મૌલિકતા અને મનોવિજ્ઞાન છે. આ દર્શનના ત્રણ ભાગ તત્ત્વ મિમાંસા, જ્ઞાન મિમાંસા અને આચાર મિમાંસા છે. તેમાં વર્તન અને આચરણ કેવી રીતે કરવું તેની વિગતો છે. વૈશ્વિક દર્શનમાં પુરુષ અને પ્રકૃતિ તેમજ આત્મા અને અનાત્માના ધર્મોને નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે ન્યાય દર્શનમાં તર્કશુદ્ધિ માટેના પ્રમાણની વિગતો છે.

(ડૉ. નરેશ વેદ વલ્લભવિદ્યાનગરમાં ગુજરાતી ભાષાના પ્રાધ્યાપક છે અને ગુજરાત તેમજ ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ છે.)

**(પર્યુષણ વ્યાખ્યાનમાળામાં થયેલા અન્ય વ્યાખ્યાનો હવે પછી)**

**ડૉ. રમણલાલ ચી. શાહના**
**નવ પ્રકાશિત ગુજરાતી પુસ્તકો**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રકાશિત ડૉ. રમણલાલ ચી. શાહના નીચેની વિગત મુજબના બે પુસ્તકો ઑગસ્ટ ૨૦૦૯માં પ્રગટ થયા છે.

**(૧) શાશ્વત નવકાર-પૃષ્ટ-૨૬૨ મૂલ્ય રૂા. ૧૫૦/-**

આ પુસ્તકમાં જૈનોના મહાપ્રભાવશાળી નવકાર મંત્રની દશ પ્રકરણોમાં વિગતે ચર્ચા-વિશ્લેષણ છે.

**(૨) નમો તિત્થસ્સ-પૃષ્ટ-૧૦૨, મૂલ્ય રૂા. ૧૪૦/-**

આ પુસ્તકોમાં જૈન તીર્થ સ્થાનોમાં તીર્થ દર્શને ગયેલને થયેલ અનુભૂતિની અભિવ્યક્તિ તેમજ તીર્થ વિગતો છે.

ઉપરના બેઉ પુસ્તકો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ખેતવાડીના વર્તમાન કાર્યાલયમાંથી પ્રાપ્ત થશે. પુસ્તક ખરીદનારને ૨૦% ડીસ્કાઉન્ટ મળશે. તેમજ બે પુસ્તકોના પાંચથી વધુ સેટ ખરીદનારને ૪૦% ડીસ્કાઉન્ટ અપાશે. **-મેનેજર**

# સિદ્ધિનો મંત્ર: સાતત્યપૂર્વકની સાધના

❑ પૂ. આચાર્ય પ્રવર શ્રીમદ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

દિલ્હી દૂર છે, એવી એક કહેવત છે, અને મન હોય તો માળવે પહોંચાય, એવી પણ એક કહેવત પ્રચલિત છે. દૂર દૂર જણાતી મંઝિલ મેળવવા મથવાનું હોય, ત્યારે આવા મિલનની વિકટતા-દુષ્કરતા વ્યક્ત કરવા 'દિલ્હી દૂર છે' એમ કહેવાતું હોય છે. અને આવું જ મોંઘું મિલન જ્યારે શક્ય બની જતું હોય છે, ત્યારે એમ કહેવાય છે કે–મન હોય માળવે પહોંચાય. એથી એવા એક પ્રશ્નને અવકાશ રહે છે કે, દૂર રહેલ દિલ્હીનાં મિલનની સિદ્ધિને સફળતા આપનારું તત્ત્વ કયું? શું હરણના વેગે દોડવાથી જ દિલ્હીના દરવાજે પહોંચી શકાય? અથવા પગમાં વિમાનનો વેગ હોય, તો જ શું દૂર રહેલું દિલ્હી નજીક આવી શકે?

આ સવાલના જવાબમાં આપણે કદાચ એમ કહી દઈશું કે, દિલ્હીની દૂરતા દૂર કરવી હોય, તો હરણફાળ ભરવી જરૂરી ગણાય. વિમાનનો વેગ હાંસલ થાય, તો જ દિલ્હીનાં દ્વારે ટકોરા મારી શકાય. પરંતુ આપણા સૌના આવા જવાબને જાકારો આપીને એક સંસ્કૃત સુભાષિત કોઈ નવો જ જવાબ રજૂ કરતાં કહે છે કે, દિલ્હીને સર કરવું હોય, તો પગલા પગલાનો પ્રવાસ પણ સિદ્ધિદાયક બની શકે, જો સાતત્ય સાચવવાપૂર્વક પગલે પગલું ઉઠાવતા રહીએ, તો દૂર રહેલા દિલ્હીને નજીક આવવું જ પડે. માટે બીજા બધાં કારણો કરતાં દિલ્હીને નજીક લાવવા માટેનું પ્રમુખ કારણ સાતત્યની સાધના છે.

સાતત્યપૂર્વકની સાધના એટલે શું? અવિરામ એટલે અટક્યા વિના પુરુષાર્થ ચાલુ રાખવો, એ સાતત્યની સાધનાનું સ્વરૂપ છે. જૂના પાઠ્યપુસ્તકોમાં કાચબા અને સસલાની એક કથા આવતી. દૂરના કોઈ ગામે પ્રથમ પહોંચવા માટેની હરીફાઈ બંને વચ્ચે મંડાઈ. પ્રથમ સ્પર્ધક સસલો હતો, બીજો હતો કાચબો! સસલો પોતાના વિજય માટે એકદમ નિઃશંક હતો, જ્યારે કાચબો વિજય માટે પુરુષાર્થશીલ હતો. એથી એણે સતત સફર ચાલુ રાખી, જ્યારે વિજયી બનવાના અંધવિશ્વાસનો ભોગ બનેલો સસલો આરામ કરતા કરતા આગળ વધવાના મનસૂબા ઘડતો જ રહ્યો. આના વિપાકરૂપે સસલાના કપાળે હારનું કાળું ટીલું અંકિત થયું, જ્યારે સતત સફરની ફલશ્રુતિરૂપે કાચબાના કપાળે યશસ્વી–વિજયનું સુવર્ણતિલક ઝળકી ઉઠ્યું.

સતત સાધનાના પ્રભાવે અશક્ત પણ શક્તિમાન નીવડતો હોય છે. સાધના આગળ વધતી જાય, એમ સાધકમાં શક્તિની માત્રા પણ ઉમેરાતી જાય છે. એટલું જ નહિ, જે કાર્ય કરવાની થોડીક જ કાબેલિયત હોય, એમાં પણ સાતત્ય જાળવી જાણવાથી વૃદ્ધિ થતી જાય છે. આરંભ વખતે ઢબુનો ઢ ગણાતો મૂર્ખ પણ સતત જ્ઞાનસાધના જાળવી જાણવાના પ્રભાવે ઢબુનો ઢ મટીને જ્ઞાનીના 'જ્ઞ'માં સ્થાન–માન પામી શકવામાં સફળ સિદ્ધ થતો હોય છે.

કરોળિયો જ્યારે જાળ ગૂંથતો હોય છે, ત્યારની એની વૃત્તિ-પ્રવૃત્તિ પર નજર સ્થિર કરવાથી સાધનામાં સાતત્ય કઈ રીતે લાવવું? એનો બોધપાઠ મળી શકે છે. જાળ ગુંથતાં ગુંથતાં કરોળિયો કેટલીયવાર નીચે પટકાતો હોય છે. અરે! ઘણીવાર તો છેક ઉપર સુધી પહોંચી જઈને એ પાછો સાવ નીચે એવી રીતે પટકાઈ પડતો હોય છે કે, આપણને એમ જ થઈ જાય કે, હવે આ કરોળિયો પુનઃ પ્રયત્ન નહિ જ કરે! એની પછડાટ જોતા એમ લાગ્યા વિના ન જ રહે કે, હવે આ ઉપર ચડવાનો વિચાર સ્વપ્નેય નહિ જ કરે. પણ આપણી કલ્પાનાને કચડી નાંખીને એ કરોળિયો પાછો ઉપર ચડવાની મથામણ પુનઃ પ્રારંભી દેતો હોય છે અને પુનઃ પુનઃ પ્રારંભના પ્રભાવે જ એ વિજયી નીવડતો હોય છે. આ વિજયને સાતત્યનો જ વિજય ગણવો જોઈએ. મકોડો પણ આ જ રીતે ઉર્ધ્વારોહણમાં સફળતા હાંસલ કરતો હોય છે.

બે હાથ હવામાં અદ્ધર રાખીને ઝડપભેર સાયકલ ચલાવનારા સાહસવીરે જ્યારે સાયકલ ચલાવવાની તાલીમ લેવાની શરૂઆત કરી હોય છે, ત્યારે એણે કેવી કેવી પછડાટો ખાધી હોય છે, ક્યારેકતો એના હાડકાં પણ કેવા ખોખરા થઇ ગયા હોય છે અને એ કેવો લોહીલુહાણ બન્યો હોય છે. આ બધું વિચારીએ, તો એના માટે ઝડપભેર સાયકલ ચલાવવાની સિદ્ધિ મળવી સ્વપ્નેય સંભવિત ન જણાય. પરંતુ અથડાતા-કુટાતા એણે સતત સાયકલ ચલાવવાની તાલીમ લેવાની ચાલુ રાખી હોય છે, એની ફલશ્રુતિ રૂપે સ્વપ્નેય અસંભવિત ગણાતી 'સાયકલ-સફળની સિદ્ધિ' એના કંઠે સ્વયંવરા બનીને સામેથી આરોપિત થઈ હોય છે.

ભૌતિક ક્ષેત્રે તો આપણાં 'આદર્યા' લગભગ 'અધૂરાં' રહેતા હોતા નથી, કેમ કે આપણે 'સતત સાધના'નું સૂત્ર સાર્થક કરતા હોઈએ છીએ, પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રે આપણા ઘણાખરાં 'આદર્યા' અધૂરા જ રહી જતા હોય, તો નવાઈ નહિ. કારણ કે આપણે 'સતત સાધના' ચાલુ રાખી શકવામાં સફળ બની શકતા નથી. કક્કો ઘૂંટનારો બાળક અંતે બારાખડીનો બેતાજ બાદશાહ બનવામાં સફળ બની જતો હોય, આ આપણા સૌના અનુભવની વાત હોય, તો પછી આધ્યાત્મિક ક્ષેત્રે કઠિનાતિકઠિન ગણાતી સિદ્ધિ મેળવવા આપણે પણ સાતત્યપૂર્વકની 'સાધના'નું સૂત્ર અપનાવી લઈએ, તો લગભગ કોઈપણ 'સિદ્ધિ'નું સંપાદન આપણા માટે અશક્ય / અસંભવિત ન જ ગણાય.

ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય, ચાર ચાર ગાઉ ચાલતા લાંબો પંથ કપાય. આ દુહામાં પણ 'સાતત્ય'પૂર્વકની સાધનાની સ્તુતિ કરવામાં આવી છે. 'લખતાં લખતાં લહિયો થાય' આ કહેવતમાં પણ સાધનાના સાતત્યનો મહિમા ધ્વનિત થઈ રહ્યો છે.

હરકોઈ ક્ષેત્રે જળવાતું સાતત્ય કેટલીબધી ગજબનાક સિદ્ધિનું

સંપાદક બની શકતું હોય છે, એ જોવા/વિચારવા જેવું છે. આઈગ્લાસને ઊંચે ને ઊંચે લઈ જવાથી પડતાં પ્રકાશ–કિરણ આમ તો સાવ સામાન્ય જણાય છે. પણ એ કિરણોનું સાતત્ય જાળવી જાણવામાં આવે, તો દાઝી જવાય એવી ભયાનક આગ પેદા કરી શકતી હોય છે. તૃણની આમ તો કોઈ શક્તિ ગણાતી નથી, પણ એ તૃણ સાતત્ય જાળવી જાણીને દોરડામાં પલટાઈ જતા એવું શક્તિશાળી રાંઢવું બની શકતું હોય છે કે, એના દ્વારા હાથી જેવા હાથીને પણ બાંધી શકાય. કાચો ધાગો વળ ચડતા પેરેશૂટમાં પલટાઈ જઈને એવા દોરામાં ફેરવાઈ જતો હોય છે કે, એને તોડવા જતા લોહીલુહાણ બનીને આંગળી કપાઈ જાય. આ બધો સાતત્યનો જ પ્રભાવ–સ્વભાવ નથી શું ?

કાર્યસિદ્ધિ બળ દ્વારા થઈ શકે, એમ વળ એટલે સાતત્ય દ્વારા પણ થઈ શકે. બળ બધાંને માટે સાધ્ય ન બની શકે, જ્યારે વળ–સાતત્યની સિદ્ધિ તો લગભગ હરકોઈને માટે સાધ્ય બની શકે. સસલાનો કે હરણનો વેગ અપનાવીને જો દિલ્હીના દ્વારે ટકોરા મારવામાં તો વિરલા જ સફળ થાય, જ્યારે કાચબા જેવું સાતત્ય સિદ્ધ કરીને દિલ્હીને સર કરવામાં તો સામાન્ય માણસને પણ સફળતા મળી શકે. આટલું સનાતન સત્ય જો આધ્યાત્મિકના માર્ગે સફર ખેડનારને સમજાઈ જાય, તો માંડ માંડ એક ગાથા ગોખી શકનારો પણ સાતત્ય જાળવીને હજારો ગાથાઓ મુખપાઠ કરી શકે, પોરસી-સાઠપોરસીનું પચ્ચકખાણ માંડ માંડ કરનારો સહેલાઈથી માસક્ષમણની ભીષ્મ તપશ્ચર્યા કરી શકે. બાર વ્રતને માંડ માંડ પાળી શકતો અંતે પંચ-મહાવ્રતોનો અણિશુદ્ધ પાલક બની શકે.

સાતત્ય અને પુરુષાર્થઃ આ બંનેનું મહત્ત્વ સમજાઈ જાય, તો જીવનનાં ઘણાં ઘણાં ક્ષેત્રે યશસ્વી–તેજસ્વી સફળતા પ્રાપ્ત કરતાં આપણને કોઈ રોકી શકે નહિ. ભૌતિક ક્ષેત્રના વૈજ્ઞાનિક–વિકાસનો પાયો જેમ સાતત્ય અને પુરુષાર્થ જ છે, એમ આધ્યાત્મિક ક્ષેત્રે સાધી શકનારા, આંખને આંજી નાંખનારા વિકાસનો પાયો પણ પુરુષાર્થ અને સાતત્ય જ છે, આટલો મૂળભૂત મુદ્દો આપણે સમજ્યા નથી, માટે જ ધાર્મિકક્ષેત્રે આપણે આરંભે શૂરા અને આગે બઢવામાં અધૂરા સાબિત થતા રહ્યા છીએ. આના બદલે આરંભે શૂરા ઉપરાંત આગે બઢવામાં અધૂરા નહિ, પણ પૂરેપૂરા સાબિત થવું હોય, તો પ્રસ્તુત સુભાષિત સિદ્ધિનું જે સૂત્ર આપણને સમજાવે છે, એને કાળજે કોતરી રાખવું જોઈએ. અને સાધનાના ક્ષેત્રે જેમ જેમ પગલું આગળ વધતું જાય, એમ એમ પુરુષાર્થ અને સાતત્યની યાત્રા–માત્રા પણ વૃદ્ધિગત બનતી જાય, એ માટે સતત સજાગ અને સાબદા રહેવા કટિબદ્ધ બનવું જ પડશે. તો સામાન્ય નજરે અસંભવિત અને અશક્ય જેવી જણાતી કેટલીય સિદ્ધિઓનું સંપાદન આપણા માટે સાવ સહજ બની ગયા વિના નહિ જ રહે. ✷✷✷

# આ ધાર્મિકતા!

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

અમારા ગામના ઉમેદ પટેલની ગણતરી 'મોટા માણસ'માં થાય. મોટા એટલે પ્રતિષ્ઠિત. જ્ઞાતિ પંચમાંય એમની બોલબાલા. ગામના રામજી મંદિરમાં કે હનુમાનજીના મંદિરમાં કોઈ ઉત્સવ હોય તો ઉમેદ પટેલની હાજરી અનિવાર્ય ગણાય અને કેન્દ્ર સ્થાને પણ એ જ હોય. અધ્યક્ષસ્થાનની તો એમની જ મોનોપોલી–અને નીતિ, ધર્મ, પાપપુણ્ય ઉપર જયારે ભાષણ આપે ત્યારે આપણને લાગે કે અહોહો! ધાર્મિકતા તો ઉમેદ પટેલમાં જ મૂર્તિમાન થઈ છે!

પણ વ્યવહાર જીવનમાં એ ધાર્મિકતાને નામે અલ્લાયો! ઉમેદ પટેલ લેવડ–દેવડમાં બે પાંચ શેરીઓ રાખે. કોઈ ને કોઈ કંઈ આપવાનું હોય તો સાડા ચાર શેરની પાંચ શેરી અને કોઈની પાસેથી કંઈ લેવાનું હોય તો સાડા પાંચ શેરની પાંચ શેરી! વ્યવહાર જીવનની આ વાત ઉમેદ પટેલનો 'આતમો' ને બીજો પરમાત્મો જ જાણે!

અમારા ગામના ચકુ શેઠની ગણના જૈનોના શ્રેષ્ઠીમાં ગણાય. મહાવીર પ્રભુના ચુસ્ત અનુયાયી ગણાય. બાહ્યાચારમાં કોઈ વાતે કશીય ન્યૂનતા કે ઊણપ ન વરતાય. વ્યવસાય જીનરીનો. ગામની બહાર, મોટા કમ્પાઉન્ડમાં સેંકડો મણ રૂના ઢગલે ઢગલા દેખાય. આ બધાનો તગડો વીમો ઉતરાવેલો. રૂ–બજારમાં વધઘટ તો થયા જ કરે. જ્યારે તેજી હોય ત્યારે ચકુ શેઠ પૂરા જૈન પણ જ્યારે રૂ બજારમાં કડાકો આવે તો એ જ ચકુ શેઠ કો'ક વિશ્વાસુ કર્મચારી દ્વારા જીનના રૂના ઢગલાઓમાં દેવતા મૂકવો ને પોક મૂકીને રડે ને તગડા વીમાની તગડી રકમ અંકે કરી લે! ચકુ શેઠ એટલે ચકુ શેઠ! એમની માયાવી ધાર્મિકતાને બ્રહ્મા પણ ન જાણે!

અમારા ગામના પ્રાણશંકર પંડ્યા પાકા વૈષ્ણવ. ટીલાંટપકાં કરવામાં ને માળા–મણકા ફેરવવામાં ખૂબ પાવરધા. મંદિરે જાય તો થેલીમાં આટો-ખાંડ લઈને જાય. રસ્તામાં જેટલાં કીડી-મંકોડીનાં નગરાં આવે તે પૂરે ને 'જેશ્રીકૃષ્ણ, જેશ્રીકૃષ્ણ' બોલતા જાય. ને 'હરિજન નથી થયો તું રે! શીદને ગુમાનમાં ઘૂમે' એ દયારામનું પદ જોરથી ગાતા જાય. પ્રાણશંકર પંડ્યા એટલે ધર્માત્મા! પણ આ પ્રાણશંકર પંડ્યાએ ધીરધારના ધંધામાં, અનેક અભણ ગરજાળ લોકોનાં ઓટકોટ કરીને ઘર–જમીન–ઝાડવાં અંકે કરી લીધેલાં. હિસાબી ચોપડામાં પણ એકાદ મીંડું ચઢાવી દઈ ત્રીસના ત્રણસો કરી દીધેલા. એમની વ્યાજની ગતિને તો ઘોડા પણ ન પહોંચે! અને છતાંયે એમની ધાર્મિકતા 'હોર્સ–પાવર'થી ય વિશેષ!'

અમારા શહેરની ચંપા બહેનની ધાર્મિકતાનો જોટો ન જડે આ

જગતમાં! એકવાર રેસ કોર્સ બાજુ ફરીને હું આવતો હતો ત્યારે ચંપાબહેન એમના બંગલાની આગળ-રસ્તા પર, તગારામાં કશાકનો અગ્નિ સંસ્કાર કરી રહ્યાં હતાં. હાથમાં દંડો લઈને તગારામાંથી વસ્તુઓને ઉપર તળે કરી રહ્યાં હતાં. પાસે આવીને મેં પૂછ્યુંઃ 'ચંપાબહેન! આ શેનો યજ્ઞ?' તો કહે 'ભાઈજી! ઠાકરજીને ઢગલાબંધ ફુલ ચઢાવેલાં...વાસી થયાં...મનમાં થયું...બહાર ફેંકી દઉં તો કેવાય લોકોને પગે કચડાય ને આપણને એનું પાપ લાગે...એટલે બે-ત્રમ દિવસ તાપમાં ફુલોને સૂકવ્યાં ને હવે પવિત્ર કરવા પાવકને અંકે પધરાવ્યાં. મેં કહ્યુંઃ 'વાહ! ચંપાબહેન! શી તમારી સૂક્ષ્મ સમજણ છે, ધન્યવાદ.' મેં મારા એક મિત્રને ચંપાબહેનની આ સૂક્ષ્મ ધાર્મિકતાની વાત કરી તો કહેઃ અનામીજી! હજી તમને ચંપાના 'ત્રિગુણની કશી જ ગતાગમ નથી! આ જ ચંપાબહેન એક હાઈસ્કૂલમાં નોકરી કરે. ચાલીસ રૂપિયાના ભાડાના મકાનમાં રહે. એ મોટા મકાનમાં બીજા પણ પાંચેક ભાડૂતો-મકાન માલિકને એમના મકાનની અનિવાર્યતા જણાઈ-બીજા ભાડૂતોએ આછું-પાતળું સમાધાન કરી મકાનનો કબજો આપી દીધો પણ આ ત્રિ-ગુણી' ચંપા મહેતાએ મકાન માલિક પાસેથી ઘર ખાલી કરવાના આઠ લાખ રૂપિયા ઓકાવ્યા! ને પેલા મકાન માલિકને પણ એમના યજ્ઞમાં હોમી દીધો! આવી છે એમની 'યાજ્ઞિક-ધાર્મિકતા!'

એકવાર મારે ઘરે, સંધ્યાકાળે, મુંબઈના ત્રણ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ આવ્યા. એમની કંપનીઓના નામથી હું પરિચિત. આવીને મને પૂછેઃ તમે સાહિત્યકાર છો તો 'પેલા' સાહિત્યકાર-નામીચા સાહિત્યકારને તો જાણતા જ હશો. એમ કહી એ ભાઇનું નામ દીધું. મેં કહ્યુંઃ 'એમને તો આખા ગુજરાતમાં કોણ ન જાણે? પણ આ બધું કહીને તમારે એમનું કામ શું છે? તે કહેઃ તમારે એમની સાથે કેવોક સંબંધ છે? મેં કહ્યુંઃ 'તાલી-મિત્રનો.' એ પછી ત્રણમાંના એક ભાઈ બોલ્યાઃ જુઓ પ્રોફેસર સાહેબ! તમારા એ 'તાલી-મિત્ર' અમારી ગુરુપત્નીને ફોસલાવી-ભરમાવી ભગાડી ગયા છે. અમારા ગુરુપત્નીને એની ચુંગાલમાંથી છોડાવવા માટે અમારે તમારી મદદની જરૂર છે.' મેં એમને પૂછ્યુંઃ 'હાલ એ ક્યાં છે એની તમને જાણ છે? તો એમણે હવા ખાવાના એક પ્રખ્યાત સ્થળનું નામ દીધું. મેં એમને આખરી ફેંસલો જણાવી દીધો. 'ભાઈઓ! તમો છાનામાના મુંબઈભેગા થઈ જાવ, આ પાણીએ મગ ચઢે તેમ નથી...કારણ કે જે હવા ખાવાના સ્થળનો ને જે સાહિત્યકારના નામનો આપે ઉલ્લેખ કર્યો ત્યાં કેવળ તમારાં ગુરુપત્ની જ નથી પણ ધાર્મિક અંચળો ઓઢેલી એક વિદૂષી સંન્યાસીની પણ છે જે તમારી ગુરુપત્નીની જેમ એમના માયાવી ચકાવામાં ફસાયેલાં છે. ધર્મ અને અધ્યાત્મની બડી બડી બાતો કરી એ નટખટે અનેક નારીઓને ફસાવી બરબાદ કરી છે...એની ભૂરકીમાં ભૂલી પડેલી એક ભામિનીએ તો અગ્નિનો આશ્રય લીધો છેઃ તો આ છે કામુક ધાર્મિકતા!

'ઑગષ્ટ' એટલે પવિત્ર અને એ માસમાં આવતો શ્રાવણ માસ પણ પવિત્ર. ધર્મ પવિત્ર, સંસ્કૃતગિરા પણ પવિત્ર...તો આવા પવિત્ર માહોલમાં એક યુનિવર્સિટીની એક ફેકલ્ટી...જ્યાં સંસ્કૃત ધ્વારા ધર્મનું શિક્ષણ અપાવવામાં આવે છે ત્યાં-એક પ્રોફેસર સાહેબે પચાસ હજાર રૂપિયાની લાંચ લીધી એવા ડુંગર-મોટા અક્ષરોમાં વર્તમાન પત્રોમાં સમાચાર છે. અને આવડી મોટી રકમ આપનાર શિષ્યો કોણ છે? તો આશ્ચર્યની વાત તો એ છે કે એ બે શિષ્યો મારા-તમારા જેવા કોઈ સંસારી નથી પણ અમુક સંપ્રદાયના-જે સંપ્રદાયે ગુજરાતમાં ઊંડાં મૂળ નાંખ્યાં છે, તેના બે સાધુઓ-ભગવાં વસ્ત્રધારી છે. લાંચ લેનાર ને દેનાર બંનેય દોષિત છે. પ્રોફેસરને યુનિવર્સિટી તરફથી તગડો પગાર મળે છે ને ટ્યૂશન કરવાની પરવાનગી નથી તો ય અર્ધો લાખ અંકે કર્યા! પેલા 'સાધુ-શિષ્યો'ને ઉત્તીર્ણ થવાની કે સારી શ્રેણીમાં ઉત્તીર્ણ થવાનો લોભ-સ્વાર્થ એટલે ગુરુશિષ્યની આ ઠેલંઠેલી. ડોકે પચાસ મણનો પાણ-પહાડ...કોણ તરે કે તારે? આગને બૂઝાવનાર પાણીમાં જ જ્યાં આગ લાગે ત્યાં? એક ડાળ પર ઉલ્લૂ હોય તો સમજ્યા જાણે...આ તો ઉદ્યાન-વૃક્ષની પ્રત્યેક ડાળે ઉલ્લૂઓના અડ્ડા છે! આને કંઈ ધાર્મિકતા કહીશું? કૃતક કે અધાર્મિક ધાર્મિકતા?

આ તો મારા સ્વાનુભવના કેટલાક નમૂના રજૂ કર્યા, બાકી જીવન ને જગતમાં અનેક ક્ષેત્રોમાં આથીય ભયંકર નમૂના હાથ લાગે તો નવાઈ નહીં. આ તો પાશેરામાં પહેલી પૂણી છે.'

આપણે બધા ધર્મના શાલિગ્રામથી સ્વાર્થની ચટણી વાટી ખાનાર છીએ. ચર્ચામાં ધર્મનો વિતંડાવાદ કરવામાં પૂરા, વ્યવહારમાં ધર્માનુસાર જીવન જીવવામાં સાવ અધૂરા. આપણને સારા દેખાવાનું, કહેવડાવવાનું ગમે, સારા થવાનું અબોખે પડે! દિન-પ્રતિદિન મૂલ્યોનો હ્રાસ કરનાર આ અભાગીયા દેશમાં કોઈ કોઈને ટોકનાર, પડકારનાર રહ્યા નથી. પોલિસ, કોર્ટ ને જેલમાં બધું જ આવી ગયું! સંસદને કોર્ટ લલકારે, કોર્ટને સંસદ પડકારે. આવા લલકાર-પડકારના માહોલમાં કોણ ઉદ્ધરે, કોણ ઉદ્ધારે? ધર્મ સમાજ અને રાજકારણમાં પેંધી પડેલા પીઢુઓને કારણે પ્રજા-જીવન પર થતો અત્યાચાર લાચાર રીતે આપણે જોઈ રહ્યા છીએ. સહન કરીએ છીએ. આજે જન્માષ્ટમીને પવિત્ર દિવસે, સહસ્ત્ર-ફેણા ફૂંકવે જ્યમ ગગન ગાજે હાથિઓ'-એવા સમાજને અનેક ક્ષેત્રોમાં અડ્ડો જમાવીને બેઠેલાં કાલીયનાગોને નાથવા માટે કૃષ્ણ-જન્મની પ્રતીક્ષા કરીએ. ✷✷✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે, A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

# શ્રી કે. પી. શાહ

❑ રવીન્દ્ર સાંકળિયા

*[ શ્રી કે. પી. શાહે પોતાના જીવનના અનેક વર્ષો શ્રી મુંબઈ જૈન યુવક સંઘને સમર્પિત કર્યા હતા. સંઘના કારોબારીના સભ્ય તેમજ માનદ્ મંત્રી તરીકે એઓશ્રીએ આ સંસ્થાને સેવા આપી હતી. દાન એકત્રિત કરવાની એમની કળા અલૌકિક હતી અને સંસ્થાઓ માટે ઇચ્છિત દાન એકત્રિત કરવાના એઓ સંકલ્પી શ્રાવક હતા. એમની છટાદાર સાહિત્યિક વાણીથી મંચ ગાજી ઉઠતો. આ સંસ્થાની વર્તમાન પ્રગતિના પાયામાં એઓશ્રીનું પ્રદાન નોંધનીય છે. શ્રી કે.પી. શાહ એક મળવા જેવા અને મળ્યા પછી એમને મમળાવતા રહીએ એવા એ પ્રબુદ્ધ સેવાભાવી બહુશ્રુત સજ્જન હતા. એઓશ્રીના વ્યક્તિત્વ વિશે ઘણું ઘણું લખી શકાય.*

*શ્રી મુંબઈ જૈન યુવક સંઘની એઓશ્રીને અંતરથી શ્રદ્ધાંજલિ–***તંત્રી** *]*

પૂરું નામ કાંતિલાલ પાનાચંદ શાહ; પણ મોટા ભાગના લોકો 'કે.પી.' કહીને જ બોલાવે. અંગ્રેજીમાં કાંતિલાલનો 'કે' અને પાનાચંદનો 'પી' એમ બે અક્ષરો ભેગા થયા એટલે 'કે.પી.' કુટુંબના સભ્યો કે અન્ય સગાંસ્નેહીઓ કાંતિલાલ કે કાંતિભાઈ કહેતા હશે પણ મિત્રોના વર્તુળમાં ને બીજા ઓળખીતાઓમાં તો 'કે.પી.'ના હુલામણા નામથી જ ઓળખાય. દસમી જૂન એમનો જન્મદિવસ મને બરાબર યાદ કારણ તે દિવસ અમે ઑફિસમાં ખાસ પ્રસંગ તરીકે ઉજવીએ. એમને જન્મદિનની મુબારકબાદી આપીએ, પુષ્પગુચ્છ આપી અમારી શુભેચ્છા વ્યક્ત કરીએ અને સમાજસેવાનું કામ વધુ ને વધુ સારી રીતે કરતા રહે એ માટે પ્રભુ પાસે એમના લાંબા આયુષ્યની પ્રાર્થના કરીએ. કે.પી.ને શાયરી બહુ જ પ્રિય એટલે અમારામાંના એક ભાઈ 'તુમ જીયો હજારો સાલ ઔર હર સાલ કે દિન હો પચાસ હજાર' એમ અચૂક બોલે જ અને વાતાવરણમાં રંગત લાવે. પ્રભુએ ખરેખર અમારી પ્રાર્થના સાંભળી અને એમને દીર્ઘાયુ બક્ષ્યું. હમણાં થોડા વખત પર જ દસમી ઑગસ્ટને સોમવારે રાત્રે ૯૨ વર્ષની જૈફ ઉંમરે એમણે આ દુનિયામાંથી વિદાય લીધી.

અને એ વિદાય પણ કેવી? જરા પણ વસમી નહિ. કુટુંબના બધા સભ્યો વચ્ચે જ, બધા સાથે વાતો કરતાં કરતાં ચૂપચાપ કોઈને ખબર પણ ન પડે તેમ બધાને છોડીને ચાલી ગયા. કોઈને ખ્યાલ પણ નહિ આવ્યો હોય કે અત્યારે અમારી સાથે આટલી ખુશીમજાકમાં વાત કરનાર વ્યક્તિ આજે રાત્રે જ અમારી ચિરવિદાય લઈ લેશે. તે દિવસે કોઈ કારણસર કુટુંબના બધા જ સભ્યો ભેગા થયા હતા. એક પછી એક બધાને જ મળ્યા. બધા સાથે પેટ ભરી વાતો કરી. બાળકો સાથે ખૂબ રમ્યા. પણ એમને કદાચ અણસાર આવી ગયો હશે કે યમરાજાનું તેડું આવી ગયું છે એટલે બધાને કહ્યું, 'હું ખૂબ આનંદમાં છું. મને ખૂબ સંતોષ છે. કોઈ જાતનો અફસોસ નથી.' સાંજે છ વાગ્યા સુધી આ સિલસિલો ચાલ્યો. પછી બે જ કલાક રહીને રાત્રે ૮-૧૫ કલાકે દેહ છોડ્યો. કશા જ ઉધામા વગર.

મૂળ માંગરોળના પણ વધુ અભ્યાસ માટે મુંબઈ આવ્યા. ૧૯૩૨માં મેટ્રીકલ્યુલેશનની પરીક્ષા પસાર કરીને દાવર્સ કૉલેજ ઑફ કોમર્સમાં જોડાયા. આર્થિક સ્થિતિ બહુ સારી નહિ એટલે બે જ વર્ષમાં કૉલેજ છોડી અને નોકરી કરવાનું સ્વીકાર્યું–'ન્યૂ સ્ટાન્ડર્ડ મેટલ કંપનીમાં સ્ટેનોગ્રાફર તરીકે. સામા માણસને પોતાની વાત ગળે ઉતારવાની કે.પી.માં બહુ સારી આવડત હતી, જે એમના એક મિત્ર મેઘજીભાઈએ પીછાણી અને તરત જ પોતાના હાથ નીચે જીવનવીમાનું કામ કરવા માટે એમને સબ એજન્ટ નીમી દીધા. કેપીએ પોતાના વાક્ચાતુર્યથી જીવનવીમાનો ધંધો એવો તો જમાવ્યો કે થોડા જ વખતમાં એમને ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપનીમાં નિયમિત ધોરણે સારા પગારે નોકરી મળી ગઈ. ૧૯૪૪ થી ૧૯૭૮ સુધી 'ન્યૂ ઈન્ડિયા'માં જીવનવીમાના ક્ષેત્રે ખૂબ જ પ્રશંસનીય કામ કર્યું અને ઝળહળતી કારકિર્દી બનાવી.

કેપી સાથે મારો પરિચય 'ન્યૂ ઈન્ડિયા'માં જ થયો. તે વખતે બહુ આગળ નહિ વધ્યો પણ કંપનીના કર્મચારીઓ કેપી વિશે વાત કરે તે મને નવાઈ પમાડે. કેપી વિશે એમ કહેવાતું કે એ ગુજરાતી સાહિત્યના ખૂબ શોખીન છે અને તમે જો એને કોઈ કામસર મળવા જાઓ તો તમારું કામ તો થાય જ પણ સાથે સાથે થોડી શાયરી પણ સાંભળવા મળે યા તો ગુજરાતના પ્રસિદ્ધ નવલકથાકારો ર. વ. દેસાઈ કે ક.મા.મુનશીની નવલકથાઓમાંથી ચૂંટેલા ફકરાઓ જે એમણે કંઠસ્થ કર્યા હોય તે એમની અસ્ખલિત વાણીમાં સાંભળવા મળે. મને પણ આનો અનુભવ થયો ત્યારે જ મને આ વાતની ખાતરી થઈ.

જોગાનુજોગ એવો થયો કે નોકરીમાં નિવૃત્ત થયા પછી 'રીઈન્શ્યોરન્સ બ્રોકીંગ'ના ક્ષેત્રે સુવિખ્યાત એવી જે.બી.બોડા કંપનીએ મને સલાહકાર તરીકે રાખ્યો અને કેપી પણ ન્યૂ ઈન્ડિયામાંથી નિવૃત્ત થયા પછી આ જ કંપનીમાં મારી માફક સલાહકાર તરીકે જોડાયા. આને લીધે સવારે ઑફિસે સાથે જવાનું અને સાંજે ઘેરે સાથે જવાનું એવો ક્રમ ગોઠવાયો. અમારી આ આવન-જાવનની યાત્રા કેપીના અવસાનના બે-ચાર દિવસ પહેલાં જ બંધ થઈ, પણ તે દરમ્યાન મને કે.પી.ના વ્યક્તિત્વના વિવિધ અને અવનવા પાસાંઓનો સુપેરે પરિચય થયો. થોડા જ વખતમાં

અમને જણાયું કે અમારા બેઉના શોખ–અમારી રૂચિના વિષયો–એકસરખાં જ છે. અમારી વાતો ચાલે ગુજરાતી સાહિત્યની ઉત્તમ કૃતિઓ વિશે, કોઈ સારી કવિતા વાંચી હોય કે ગઝલ સાંભળી હોય તો તેના પર ચર્ચા ચાલે, કોઈ સારું નાટક આવ્યું હોય કે મુશાયરો યા કવિ સંમેલન હોય તો તેમાં સાથે હાજરી આપવાના કાર્યક્રમ ગોઠવાય, પ્રેમપુરી આશ્રમમાં કયા સંત મહાત્માઓના પ્રવચનો કે ભક્તિ સંગીતના કાર્યક્રમો સાંભળવા જેવા છે તેની વાતો થાય. આમ અમારી મૈત્રી બહુ જામી. કહેવાય છે ને કે 'સમાન શીલ વ્યસનેષુ', સરખે સરખા વચ્ચે જ મૈત્રી શોભે અને નભે.'

પોતાની વાક્ચતુરાઈ કે.પી.ને જેમ જીવનવીમાના ક્ષેત્રમાં ઉપયોગી થઈ તેમ એક બીજા ક્ષેત્રમાં પણ ખૂબ કામ લાગી–સમાજસેવાના કાર્યો માટે ફંડફાળો એકઠો કરવામાં. જૈન યુવક સંઘ જરૂરતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપે, માંદગીમાં દવા–દારૂની મદદ કરે. આને માટે કેપીએ ખૂબ પૈસા ભેગા કર્યા અને યોગ્ય જગ્યાએ મદદ પહોંચાડી લોકોની જિંદગી સુધારી અને ઘણાંના આશીર્વાદ મેળવ્યા. જાણીતા ક્રિકેટર વિજય મરચંટની રાહબરીમાં ચાલતા 'નેશનલ એસોસિએશન ફોર બ્લાઈન્ડ'ને માટે પણ કેપીએ ખૂબ પ્રશંસનીય કાર્ય કર્યું, અંધજનો માટે બ્રેઈલ લીપીમાં પુસ્તકો તૈયાર કરવામાં ઘણી સહાય કરી. અંધજનો પ્રમાણિકપણે અને સ્વમાનભેર રોજી રળી શકે તેને માટે તેમણે મુંબઈ શહેરમાં ઠેરઠેર ટેલિફોન બૂથ ઉભા કર્યાં. અને છેલ્લે છેલ્લે 'સ્વયંરોજગાર યોજના'નો વિચાર તો એમનો પોતાનો મૌલિક જ હતો, જે હજી આજે પણ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે અને અસંખ્ય લોકો આ યોજના હેઠળ લોન મેળવી નાના–મોટા ધંધા સ્વતંત્ર રીતે કરે છે અને પોતાનું તેમજ પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે.

વાક્પટુતા તેમજ અત્યંત મિલનસાર સ્વભાવને લીધે કેપીએ પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન પણ વર્ષો સુધી ખૂબ સફળતાપૂર્વક કર્યું. આને લીધે કેપી જૈન સમાજની ખ્યાતનામ વ્યક્તિઓ જેવી કે સર્વશ્રી પરમાનંદ કાપડિયા, ચીમનલાલ ચકુભાઈ શાહ, રમણલાલ શાહ, દીપચંદ ગાર્ડી વિગેરેના પરિચયમાં આવ્યા પણ કોઈ દિવસ આ ઓળખાણોનો લાભ લેવાનો વિચાર પણ નથી કર્યો. ઉલટું સમાજસેવાના કાર્યમાં એમની જેટલી મદદ લઈ શકાય તેટલી લીધી.

પણ સાચું જ કહેવાયું છે કે ભગવાન આવી વ્યક્તિઓની જ આકરામાં આકરી કસોટી કરે છે. એમના કૌટુંબિક જીવનમાં એક પછી એક જે આઘાતો એમણે સહન કર્યા છે તે સાંભળીને ગમે તેવા કઠોર હૃદયના માણસનું દિલ પણ દ્રવી જાય. બે જુવાનજોધ દીકરીઓનું સાત-આઠ વર્ષના ટૂંકા ગાળામાં કરૂણ સંજોગોમાં મૃત્યુ. મોટો દીકરો જેણે જીવનવીમાનો ધંધો બહુ હોંશિયારીથી સંભાળી લીધો હતો તે લ્યૂકેમીયા જેવા અસાધ્ય રોગમાં સપડાયો અને ૪૭ વર્ષની યુવાન વયે મૃત્યુ પામ્યો. વિચાર તો કરો કે એક પિતાએ પોતાના દીકરાનું મૃત્યુ જોવું કે જેના પર તેણે પોતાની સમસ્ત આશાઓ રાખી હોય એ કેટલી કરૂણ બીના છે!! એ તો જેણે ભોગવ્યું હોય તે જ જાણે. અને છેલ્લે હજી જાણે કે કંઈ બાકી હોય તેમ પ્રિય જીવનસંગીની, સહધર્મચારિણી પત્ની અલ્ઝાઈમર જેવા રોગનો શિકાર થઈ.

અને વિધિની વિચિત્રતા તો જૂઓ કે જેણે અંધજનો માટે આટલું સરાહનીય કામ કર્યું તે પોતે જ પાછલી ઉંમરમાં બેઉ આંખની દૃષ્ટિ ગુમાવી બેઠા. હોંશિયારમાં હોંશિયાર ડૉક્ટરોના લાખ પ્રયત્નો છતાં તેઓ સંપૂર્ણપણે અંધ થઈ ગયા. આ વિષય પરિસ્થિતિ પણ હસતે મોઢે સ્વીકારી લીધી. લાચારીથી હાથ જોડીને બેસી રહેવાને બદલે આ સમયનો પણ સારામાં સારો ઉપયોગ કર્યો–સંત મહાત્માઓના ધાર્મિક પ્રવચનોની કેસેટ સાંભળીને–ઓશો રજનીશના ચુસ્ત ભક્ત તો હતા જ એટલે ઓશોના પ્રવચનો તેમ જ બીજા જૈન મુનિઓના પ્રવચનો સાંભળવા એ એમની મનગમતી પ્રવૃત્તિ થઈ પડી અને અંધત્વ એક બોજ બનવાને બદલે આધ્યાત્મિક અનુભવનું સાધન બન્યું.

જીવન પ્રત્યેના આવા અભિગમને લીધે જ ગમે તેટલા વિકટ અને વિપરિત સંજોગોમાં પણ હંમેશાં આનંદમાં રહ્યા. પ્રભુ જે સ્થિતિમાં મુકે તે હસતે મોઢે સ્વીકારી લેવી. એ જાણે કે એમના જીવનની ફિલસુફી હતી. એક બહુ વિખ્યાત કવિની ખૂબ જ જાણીતી પંક્તિઓ એ મને વારંવાર સંભળાવે 'ગુજારે જે શીરે તારે જગતનો નાથ તું સહેજે; ગણ્યું જે પ્યારૂં પ્યારાએ અતિ પ્યારૂં ગણી લેજે.' જીવન પ્રત્યેના આવા વિધેયક વલણને લીધે જ એ હંમેશાં નિજાનંદમાં મસ્ત રહ્યા. કોઈ સામે મળે ને પૂછે 'કેમ કેપી કેમ છો?' તો જવાબ મળે 'આનંદ'. 'મઝામાં', 'ઠીક છે', 'ચાલે છે' એવા ઢીલા-પોચા જવાબો નહિ પણ 'આનંદ'–બસ નિર્ભેળ આનંદ! ને 'આનંદ' પણ એવા રણકા સાથે બોલે કે એમને અંતરનો આનંદ હશે જ, સાત્ત્વિક આનંદ હશે જ એવી પ્રતીતિ આપણને થાય. અને એ 'આનંદ' પણ કેવો? જેવો તેવો નહિ પણ 'છલોછલ આનંદ'.

આવા છલોછલ આનંદથી ભરેલા આત્માની સદ્ગતિ માટે આપણે આપણી હૃદયપૂર્વકની, ભાવભીની શ્રદ્ધાંજલિ આપીએ.

* * *

ફોન નં. (૦૨૨) ૨૩૮૦૬૯૨૬.

*જીવનનો સૌથી સુંદર ઉપયોગ કરવાનું જ્યારે આપણે જાણવા લાગીએ છીએ, ત્યાં સુધી તો આપણે આપણી ઘણીખરી જિંદગી ગુમાવી દીધી હોય છે.*

# પત્ર ચર્ચા

## વર્તમાન યુગમાં જૈન સાધુ સમાજે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ?

'પ્ર.જી.'ના જુલાઈ અંકના તંત્રી લેખ 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા' દ્વારા અમે ઉપરના વિષયની ચર્ચા માટે સમગ્ર સમાજને આમંત્રણ આપ્યું હતું. એ વિશે પ્રાપ્ત થયેલ ત્રણ પત્રો અહીં પ્રસ્તુત કરીએ છીએ.

અમોને જેમ જેમ પત્રો પ્રાપ્ત થતા જશે એ પ્રમાણે પ્ર.જી.ના અંકમાં પ્રસિદ્ધ કરતા રહીશું. સર્વેનો આભાર. ❑**તંત્રી**

### (૧)

### જૈનાચાર પ્રતિ એક દ્રષ્ટિબિંદુ

'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા'નો શ્રી ધનવંતભાઈનો અગ્રલેખ જેટલો ગંભીર છે એટલો જ વિશાળ અને વ્યાપક છે. એક રીતે એ જૈન ધર્મના ભાવી વિશે પ્રશ્ન ઊઠાવે છે. તેને મર્યાદિત લેખમાં સમાવી ન શકાય. કદાચ એથી જ લેખના અંતે ચર્ચાપત્રને આવકાર્યા છે. ધર્મ અને જીવન એટલા વિશાળ છે કે આ પ્રશ્નને પણ વ્યાપક દ્રષ્ટિએ નિહાળવો અનિવાર્ય બને છે.

સાધુ-સાધ્વીઓએ સમાજ અને ધર્મને ચેતનવંતો રાખ્યો છે એ જેટલું સત્ય છે એટલી જ હકીકત એ પણ છે કે સાધુ-સાધ્વીના જીવનમાં શિથીલતા આવી ગઈ છે. શ્રમણજીવનમાં જે શિથીલતા આવી છે તેમાં કદાચ ઉત્કૃષ્ઠ ગુરુઓની ઊણપ અને શિષ્યો ઉપરની શિસ્ત અને પ્રભાવનો અભાવ પણ કારણરૂપ હોઈ શકે. પરંતુ સાધુ-સાધ્વીના જીવનમાં જે સંયમ અને સાધનાની, હાલના સંજોગોમાં વિશેષ અપેક્ષા રહે છે, તેને ફક્ત શ્રમણ જીવનના નીતિનિયમો દ્વારા નહિ પણ શ્રાવક-શ્રાવિકાની જીવન પદ્ધિતના અને પૂરા માનવ સમાજના સંદર્ભમાં જોવાની જરૂર છે. દેશની રાજકીય-ભૌગોલિક આઝાદી પછી અને વિશેષે લગભગ છેલ્લા બે દાયકામાં જે પરિવર્તન આવ્યું છે અને એની સમાજજીવન પર જે અસરો જોવા મળે છે તેનો વિચાર કરવો રહ્યો. એક સર્વને સ્પર્શતી વાત એ છે કે જીવન એ એક કુદરતનું માનવજાતને અમૂલ્ય વરદાન છે એ વાત જ ભુલાય ગઈ છે. જીવનનું કોઈ મહત્ત્વ રહ્યું જ નથી. એના બદલે ધન અને ઉપભોગ એજ ખરું જીવન એમ માનવામાં આવે છે. ભારતના ધર્મો અને સંસ્કૃતિ ઉપર પશ્ચિમના વિકસિત દેશોના આક્રમણ અને આકર્ષણનું આ પરિણામ છે. પશ્ચિમના શિક્ષણ અને સંસ્કૃતિથી પ્રભાવિત થયેલ વ્યક્તિઓના હાથમાં આપણે દેશનું સુકાન સોંપી દીધું છે એનું આ પરિણામ છે. જૈન સમાજ પોતે જ અહિંસા અને મર્યાદિત પરિગ્રહને અપનાવે તો જૈન ધર્મનો પ્રચાર અને પ્રસાર સહજ રીતે થશે અને એનો પ્રભાવ વિશ્વભરમાં પડશે, કારણ કે વિશ્વ આજે હિંસા-શોષણથી ત્રસ્ત છે અને અહિંસા અનિવાર્યનો વૈચારીક રીતે સ્વીકાર કરી ચૂકેલ છે. કર્તવ્ય રૂપે સ્વીકાર કરવાની હિમ્મત નથી.

એક દ્રષ્ટિએ જોઈએ તો જૈન સમાજનો કેટલોક અંશ આર્થિક રીતે ખૂબ સમૃદ્ધ બન્યો છે. પૈસો વાપરવો અને પ્રતિષ્ઠા મેળવવી એ એમને ગમતો વિષય બની ગયો છે. શ્રમણવર્ગના સહકારથી એમનો માર્ગ સહેલાયથી ખૂલી જાય છે. ઉપવાસનું તપ કરનારને માનપાન અને ભવ્ય વરઘોડાના આયોજન, વિવિધ જાતના ભોજનવાળા સ્વામી વાત્સલ્ય કે જ્યાં કાં તો નોકર પીરસતા હોય (એને વાત્સલ્ય કહેવાય?) અથવા હાથે લઈને ખાવાનું કહો કે ભીક્ષાપાત્ર લઈને ઊભા રહેવાનું. આ બધું આધુનિકતાના નામે અને વાસ્તવિક્તાના સ્વીકારરૂપે. સાધુ-સાધ્વીના પુસ્તકોને અનુદાન આપીને રંગબેરંગી રૂપે છપાવવા અને એમાં લેખકના અને દાનેશ્વરીના ફોટા પ્રગટ કરવા. લગ્ન કે એવા જ બીજા પ્રસંગોએ વૈભવનું પ્રદર્શન કરવું વગેરે. આવા સહકારથી બન્ને પક્ષે માન-પ્રતિષ્ઠા વધે છે, લોભ વધે છે અને ધર્મ ભૂલાય જાય છે. પ્રતિષ્ઠાને ખાતર આર્થિક બોજ ઉપાડવા સુખી સમાજ તૈયાર છે. સાધુ-સાધ્વીઓએ પરિગ્રહ છોડ્યો પરંતુ પ્રતિષ્ઠાના લોભ-મોહમાંથી છૂટાતું નથી. જે અરિહંતોએ અને સાધુ સાધ્વીઓએ સંપૂર્ણપણે અપરિગ્રહ સ્વીકાર્યો છે કે જેમણે આત્માના ઉત્કર્ષ માટે તપ-આરાધના કરી છે એમને મોંઘાદાટ વસ્ત્રો અને ઘરેણાં પહેરાવવા એમાં ધર્મ પ્રત્યેની જાગૃતિનો અભાવ નહીં તો બીજું શું છે? મૂર્તિને ઘરેણા પહેરાવવા અને ચોરી થાય ત્યારે ઉહાપોહ કરવો એ કેટલું ઉચિત?

સાધુ-સાધ્વી ધર્મના પ્રચારક અને પ્રસારક હોય એમની પાસેથી વધુ અપેક્ષા રહે એ સ્વાભાવિક છે. બદલાયેલી પરિસ્થિતિમાં કેટલાક પરિવર્તન અનિવાર્ય બની રહે છે. શ્રમણના આચાર-વિચાર અંગે થોડુંક કાંઈક આ રીતે વિચારી શકાય :

- દીક્ષા તો અલબત્ત આત્મકલ્યાણની ભાવના હોય એમણે જ લેવાની હોય. સમાજ અને સમષ્ટિના કલ્યાણની ભાવના જોડાયેલી હોય એ પણ સ્વાભાવિક છે, પરંતુ સાધુ જીવનનું યોગ્ય આચરણ જ ખરા અર્થમાં ધર્મના પ્રચાર અને પ્રસારનું કાર્ય કરી શકે. એટલે આચારનું શિસ્તપૂર્વક પાલન અવશ્ય થવું જોઈએ.
- દીક્ષાર્થી કુદરતના આધારે જીવે એ મુખ્ય આશય છે. પશુ-પક્ષી વગેરે કુદરતના આધારે જ જીવે છે પણ લાચાર બનીને. મનુષ્યને બુદ્ધિ મળી છે તે જીવનની મહત્તાને સમજીને, જીવનના ઉત્કર્ષ માટે કુદરતના આધારે જીવવાનું છે. મોક્ષ પ્રાપ્તિના સાધન તરીકે જીવવાનું છે.

• શહેરમાં વિહાર કરવાનું ટાળવું જોઈએ કેમ કે શહેરનું વાતાવરણ અત્યંત દૂષિત છે અને લોકસંપર્ક ઘનિષ્ઠ બની જાય છે. શ્રેષ્ઠીઓના ઘરમાં રંગીન ટીવીના દૃશ્યો જોવા મળે, વૈભવ જોવા મળે એથી મન ચલીત થઈ શકે. સ્વાદિષ્ટ ખોરાક મળે એટલે એટલી લાલચ વધે. પરંતુ જૈનો મહદ અંશે ગ્રામ્ય જીવન છોડીને શહેરમાં વસતા થયા છે. ગામડામાં ઉપાશ્રય ધૂળ ખાય છે. સાધુ–સાધ્વી માટે 'જાયે તો કહાં જાયે' એવો સવાલ ઊઠે છે. શુદ્ધ ખોરાક મળવાની શક્યતા ઘટતી જાય છે. કેટલાય મંદિરોમાં નોકરીયાત અજૈન સેવા-પૂજા કરે છે. એ શહેરી જીવનની બરબાદીમાંથી કઈ રીતે બચે? આનો જવાબ તો શ્રાવકોએ જ શોધવો રહે છે. મોબાઈલ, લેપટોપ, ઈન્ટરનેટ વગેરેનો ઉપયોગ ન જ કરાય. અત્યંત આવશ્યક્તા હોય તો લેંડલાઈનનો ઉપયોગ કરી શકાય.

• વ્યાખ્યાન કે ત્યાર પછીની કેટલીક પ્રશ્નોત્તરી અને સમાધાન પછી વધુમાં વધુ વખત સ્વાધ્યાય અને ધ્યાન-સમાધિમાં ગાળવો જોઈએ.

• સાધુ-સાધ્વી બપોરે સુતા જોવા મળે છે. ક્યારેક અનુયાયીઓ જોડે અનુપયોગી વાતો પણ ચાલતી હોય છે. સાધુ-સાધ્વીએ તો એકે એક ક્ષણ સાધનાર્થે વાપરપી જોઈએ. આધુનિક કહેવાતા શહેરોમાં એ વાતાવરણ કયાંથી પ્રાપ્ત થાય?

• પુસ્તકોના પ્રકાશન સાદા અને સસ્તા બનવા જોઈએ, અહંકાર પોસાય એવા ફોટા ન હોય તોજ સારું. મફતમાં મળતા પુસ્તકોની કોઈ કીમત હોતી નથી. જરાક જોઈને બાજુમાં મૂકી દેવાતા હોય છે. જેમને જીવનનું મહત્ત્વ છે એમના માટે સસ્તા અને સાદા પુસ્તકો 'સસ્તું સાહિત્ય'ના હોય છે એવા હોવા જોઈએ.

• સાધુ-સાધ્વી શણના કે કેનવાસના જુતાં પહેરી શકે. ડામર/સિમેન્ટની પાકી સડકોની અસહ્ય ગરમીથી બચી શકે માટે છૂટ મળે તો એ ઈચ્છનીય ગણાય. ફેન્સી ન હોય એટલું જોવું રહ્યું.

• અશક્ત કે બીમાર સાધુ-સાધ્વી માટે વ્હીલ-ચેરનો ઉપયોગ સ્વીકારી શકાય કેમ કે એથી માનવીને કે પશુને ભાર ખેંચવો પડતો નથી અથવા ઓછો પડે છે.

• હયાત સાધુ-સાધ્વીઓએ ફોટા ન છપાવવા જોઈએ કે ન તો પુસ્તકમાં છપાવવાની અનુમતિ આપવી જોઈએ. આજ નિયમ દાતાઓને પણ લાગુ પડે. જો કે સ્વર્ગસ્થ માતા-પિતા કે પ્રિય સ્વજનના ફોટા લેવામાં આવે તો અનુચિત ન ગણાય.

સૌથી વધુ જવાબદારી શ્રાવકોએ સ્વીકારવી જોઈએ. જીવનમાં સંયમ અને સાદગી આવે તો ધર્મનું આકર્ષણ અને પ્રભાવ વધે અને સમાજમાં સંવાદિતા સહેજે આવે, માનવ જીવન વેડફાતું બચે અને ઉત્કર્ષ પામે. હાલમાં જાત્રા એક મહેફીલ કે પીકનીક બની ગઈ છે. એરકંડીશન્ડ બસ કે રેલ્વેમાં મુસાફરી, એર કંડીશન્ડ ધર્મશાળા કે હોટેલમાં રહેવું, રસ્તામાં ચોકલેટ, પીપરમેંટ ચગળવા, ફિલ્મી ગીતો ગાવા. એ બધામાં ધર્મનું સ્થાન કેટલું, આત્મોન્નતિનો પ્રયાસ કેટલો?

ચાણક્ય રાજનિતિજ્ઞ, અર્થશાસ્ત્રી ઉપરાંત જ્ઞાની પણ હતો. એનું એક પ્રસિદ્ધ સુક્ત છેઃ 'ધર્મથી ધન પ્રાપ્ત થાય છે, ધનથી સંસારસુખ અને ઈચ્છાપૂર્તિ પ્રાપ્ત થાય છે અને સમાજજીવનમાં સંવાદિતા પ્રાપ્ત થાય છે.' અનીતિના માર્ગે આવેલું ધન અંતે વિનાશ વેરે છે. બીજું એક અવતરણ યાદ આવે છેઃ 'ચેત મછંદર ગોરખ આયા.' મછંદર ગુરુ હતા અને ગોરખનાથ શિષ્ય. ગુરુની કાંઈક અવનતી વિષે જાણવા મળ્યું ત્યારે ગોરખનાથે ગુરુને ચેતવ્યા હતા. આજ પણ ગુરુને ચેતવે એવા શ્રાવકો છે. કદાચ વ્યક્તિગત રૂપે કોઈને ચેતવતા પણ હશે. પરંતુ શ્રાવકગણ એવી વ્યિક્તને આગળ લાવીને પોતાનું પીઠબળ પૂરું પાડે તો ઘણું થઈ શકે.

આજે જ્યારે વિશ્વમાં વિજ્ઞાનની બોલબાલા છે ત્યારે એમ માનવાનું મન થાય કે જૈન ધર્મ વૈજ્ઞાનિક છે, ખુદ વિજ્ઞાન છે અને શાશ્વત સત્યના આધારે છે માટે એના ભવિષ્યની ચિંતા કરવાનું કોઈ કારણ નથી. ત્યારે આપણે એ પણ જોવાનું રહ્યું કે મહાવીરના સમય પછી જે શાસ્ત્રો લખાયા એમાંના કેટલાક આજે ઉપલબ્ધ નથી. મુસ્લિમોએ જ્યારે ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે આપણા ધર્મસ્થાનો અને શાસ્ત્રો અને સાહિત્યનો નાશ કરેલો એ વિદિત છે. પ્રજાને ગુલામ બનાવવા માટે એની સંસ્કૃતિનો, એના ધર્મ અને શાસ્ત્રોનો નાશ કરવો એ એક સચોટ ઉપાય છે. આપણે માનીએ કે ન માનીએ, ચતુરાઈપૂર્વક, આપણી દુર્બળતાનો લાભ લઈને આપણને ભોગવાદ તરફ ખેંચીને, આપણને પશ્ચિમના અનુયાયી બનાવીને (અનુયાયી સ્વતંત્ર હોય શકે?) આપણને સ્વેચ્છાએ ગુલામ બનાવી પોતાનો સ્વાર્થ સાધી રહ્યા છે. (ઉપર બીજા ફકરામાં આકર્ષણ શબ્દનો ઉપયોગ આ સંદર્ભમાં કરેલ છે) એટલે ધર્મ ઉપર સંકટ નથી એમ વિચારવું કે માનવું ઉચિત ન જ ગણાય. સાધુ સાધ્વી મર્યાદિત ક્ષેત્રમાં જ કામ કરી શકે. એક સમય હતો જ્યારે ધર્મગુરુઓનું વર્ચસ્વ હતું. આજે સ્વાર્થી રાજકારણીઓનું વર્ચસ્વ છે. એટલે ગંભીરપણે પ્રયાસ કરવાની જવાબદારી સુશ્રાવકો પર રહે છે.

એક સામાન્ય વ્યક્તિનું, સામાન્ય સમજણનું આ લખાણ છે. વાચક મિત્રો આમાં રહેલા દોષો કે અજ્ઞાન પ્રતિ ધ્યાન દોરે અને ભૂલ માટે ક્ષમા કરે એજ અભ્યાર્થના.

(વાચકોના મંતવ્યો આવકાર્ય)

**કાકુલાલ છ. મહેતા**
૧૭૦૪, ગ્રીન રીડ્જ, ટાવર-૨
૧૨૦, લિંક રોડ, ચિકુવાડી, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૯૨. ટે.નં. (૦૨૨) ૨૮૯૮૮૮૭૮

## (૨)

# સાધુ માર્ગની આધુનિકતા

'પ્રબુદ્ધ જીવન'માં જુલાઈ–૨૦૦૯ના અંકમાં આદરણીય ધર્મશ્રદ્ધાળુ સુશ્રાવક શ્રી ધનવંતભાઈ ટી. શાહના તંત્રીલેખમાં આવા જ શિર્ષકના સંદર્ભમાં જિનાજ્ઞા પાલનનો ધ્વનિ વાંચી તેમને ખૂબ જ ધન્યવાદ આપવાનું મન થયું અને મારો પ્રતિભાવ જણાવવાની ઈચ્છા થઈ.

જૈનદર્શનનો મૂળ પાયાનો સિદ્ધાંત છે કે પહેલા સ્વકલ્યાણ અને પછી પરકલ્યાણ. અસંખ્ય તીર્થંકરો જન્મતાની સાથે અવધિજ્ઞાન અને બીજી અનેક લબ્ધિઓના કારણે સમાજ કલ્યાણ, પરિવાર કલ્યાણ, પરકલ્યાણ માટે સક્ષમ હતાં પણ ના – એવો પ્રયત્ન કર્યો નહિ. પ્રથમ છદ્મસ્થઅવસ્થાનું જીવન સાધના પંથે વિતાવી વીતરાગ-સર્વજ્ઞ બન્યા અને પછી જ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી તમામ ભવ્યજીવો માટે મોક્ષમાર્ગ પ્રકાશીત કર્યો.

જૈનધર્મના પ્રચારના વ્યામોહમાં સ્વઆરાધનાની મજબૂત તૈયારી વિના-ઈચ્છા વિના આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી વધુ ને વધુ સંખ્યામાં લોકો જૈનધર્મ જાણે પામે એવી ભાવનાવાળા જીવો સાધુ આચારમાં છૂટછાટ લેવાની સલાહ આપે છે.

પ્રથમ મહત્ત્વની વાત એ છે કે પ્રભુએ ભવ્યજીવો માટે, આરાધક-સાધક જીવો માટે જૈનધર્મના આચાર વિચાર પાળવાની ભાવના માટે મોક્ષમાર્ગની સ્થાપના કરી છે. આખા જગતમાં જૈનધર્મનો બહોળો પ્રચાર થાય એવો હેતુ કદીએ વિચાર્યો નથી.

પ્રભુના તીર્થની સ્થાપના પછી તેમની પરંપરામાં ચૌદપૂર્વધર, દશ પૂર્વધર ગીતાર્થ ગુરુભગવંતોને આધુનિક ટેક્નોલોજીનું જ્ઞાન હતું એવી શ્રદ્ધાવાળા જીવો સમજે છે કે જૈનધર્મ જાણવા માટે કે માણવા માટે નથી પણ આરાધવા માટે આત્મકલ્યાણ માટે છે અને તેવા જીવો જૈનધર્મની પિછાણ મેળવવા સ્વયં માર્ગ શોધી કાઢે છે.

'પ્રબુદ્ધ જીવન' છપાય છે જેને રુચિ હોય જિજ્ઞાસા હોય તે મેળવીને પોતાનો આત્મસંતોષ મેળવી લેશે પણ વધુ વાચકોની સંખ્યા મેળવવા પ્રબુદ્ધ જીવન ફ્રી વહેંચવામાં આવે તો મોટાભાગના અંકો પસ્તીમાં ચાલ્યા જશે.

યાદ રહે ધર્મ આપવા માટે નથી, ધર્મ લેવા માટે છે. પ્રભુના ઉપદેશથી જીવો સ્વયં વ્રત નિયમ કે પ્રવજ્યાની માગણી કરે છે. અહિં દરેકને પ્રશ્ન થાય કે વધુ સંખ્યામાં ટેક્નોલોજીનો ઉપયોગ કરી ધર્મનો ઉપદેશ ફેલાય તો લોકો વધુ ધર્મિષ્ઠ બની શકે.

એનો ઉત્તર એ છે કે છેલ્લા દાયકામાં ટેક્નોલોજીનો ઉપયોગ કર્યા વિના શુદ્ધ સાધુ ભગવંતોના ઉપદેશથી કેટલા ધર્મશ્રદ્ધાળુ આત્માઓ વિરતિમાં આવ્યા અને સાધુ આચારમાં શિથીલ બનેલાના ઉપદેશથી કે પંડિતોના પ્રવચનોથી કેટલા શ્રોતાઓ વિરતિ પામ્યા.

સુંદર પ્રવચન ટેક્નોલોજીના ઉપયોગથી સાંભળી શ્રોતાઓ ખુશ થયા, મજા આવી, જાણવા મળ્યું આ સિવાય જીવનમાં ધર્મ કેટલો વસ્યો, વ્રત-નિયમ અને મોક્ષની સાધના માટેના મોક્ષમાર્ગની સાધના કેટલી વધી એનો અભ્યાસ કરવાથી માલુમ પડશે કે સાધુ જીવનના શુદ્ધ આચારોથી જૈનધર્મના પ્રાણ સમાન મોક્ષમાર્ગની આરાધનામાં મોટી સંખ્યામાં જોડાય છે. પંડિતોના પ્રવચનથી નહિ.

જિનશાસનનો મૂળ મંત્ર સવિ જીવ કરું શાસન રસી અર્થાત જિનાજ્ઞા પાલનથી જીવો આત્મકલ્યાણના માર્ગે આરાધક બને એ ભાવના રહેલી છે. જિનધર્મના જાણકાર બને, પંડિત બને, પ્રવક્તા બને, ધર્મની જાણકારીની લ્હાણ કરે એ દ્વારા છેવટે ધર્મના આરાધક બનવાનું લક્ષ્ય રાખે, મોક્ષમાર્ગની આરાધનામાં જોડાય એ માટે સાધુ આચારની શિથિલતા વિના અન્ય અનેક ઉપાયો વર્તમાનમાં વિદ્યમાન છે. જૈનધર્મના અસંખ્ય પુસ્તકો, અનુષ્ઠાનોની અનેક આરાધનાના પ્રસંગો, જિનમંદિર, જિનાગમ, ધર્મસ્થાનકો, કોમ્પ્યુટરમાં આવતી અનેક માહિતી, જિનશાસનના તીર્થો-જિનાલયોની પ્રભાવિકતા વગેરે અનેક માર્ગો આત્મકલ્યાણ વાંચ્છુ શ્રદ્ધાળુઓ માટે ઉપલબ્ધ છે.

સાધુ માટે માઈક-લાઈટ-ફ્લાઈટના વિકલ્પો વિચારનારા સાધુઆચારથી ભંગ થવાના ઉપાયોને ઉત્તેજન આપી જૈનશાસનની મહા હિલના કરે છે.

**સૂત્ર પકડી રાખો**

જાતે સુધરવું હોય તો જ્યાં ઉપાયો છે ત્યાં દોડી જાવ, મેડિકલ એન્જીનિયરીંગ વગેરે લાઈનમાં જવું હોય તો તે તે કૉલેજમાં દોડી જાવ, તેના ધોરણો પ્રમાણે જીવન બનાવો પણ કૉલેજને એડમીશન માટે નીચી ટકાવારીનો ઉપદેશ ના આપો તેમ પ્રભુશાસનના મૂળભૂત હેતુ સ્થાપેલા ચતુર્વિધ સંઘના આચાર-વિચારને જમાનાના નામે સુધારા લાવવાની ઝુંબેશથી દૂર રહો.

જૈનધર્મ પ્રમાણે આવા જીવો અસંખ્ય ભવો સુધી જૈનધર્મ વિહિન સમ્યકત્વથી દૂર રહે છે તેની ચિંતા ન હોય તે જ સાધુને મોર્ડન થવાનો ભાવ રાખી શકે. પ્રભુ ઋષભદેવના પૌત્ર મરિચિના જીવનનો વૃત્તાંત યાદ હોય તો મરિચિએ કહેલા ઇત્થંપિ ધમ્મં અહિયંપિ ધમ્મં–બોલીને અસંખ્ય વર્ષો સુધી સંસાર પરિભ્રમણ વધાર્યું એ યાદ કરી આધુનિક વિચારોથી જરૂર પાછા વળશે.

પ્રતિભાવ વિનમ્ર ભાવે રજૂ થયો છે એમ સમજીને વાંચવો અને જિનમાર્ગ તરફી વિચારોમાં પરિવર્તન આવે એવી શુભેચ્છા.

**ડૉ. પ્રવીણભાઈ સી. શાહ,**
૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ટેલિફોન : (૦૭૯) ૨૬૬૦૪૫૯૦

## (3)

તા. ૧૬ જુલાઈ ૨૦૦૯ના પ્રબુદ્ધજીવનના અંક નં. ૭માં 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા'ના શીર્ષક હેઠળ આપના તંત્રીલેખમાં ઉપરોક્ત વિષયે આપશ્રીના દીર્ઘ મનન અને મંથનના પરિપાક સ્વરૂપે આપને ઉદ્ભવેલા, જૈન ધર્મને લગતા પ્રાણપ્રશ્નોના સર્વ જૈન બંધુના સર્વગ્રાહી વિચારો જાણવા, પત્રચર્ચાના આમંત્રણના પ્રતિભાવરૂપ આ વિનમ્ર પત્ર (ખૂબ જ સંક્ષેપમાં) લખી, મારા જેવા અજ્ઞકિંવા મૂઢને મનન અને મંથન કરવાની તક આપવા બદલ હું આપનો અંતરથી આભાર માનું છું અને સર્વ જનો પ્રત્યે અહોભાવ પ્રકટ કરું છું. તમારું આ કાર્ય ખૂબ જ પ્રશસ્ય છે અને જૈનધર્મને ઉપકારક પણ છે જ.

(૧) જૈન સાધુ-સાધ્વીઓના આચારો અને પાદવિહાર. આધુનિક વાહન વ્યવહારની સગવડો વિના છેવાડાના નાના નાના ગામોમાં જૈનધર્મનો પ્રચાર અને પ્રસાર થવાની અતિ આવશ્યક પ્રવૃત્તિનો વેગ રૂંધાય જાય છે. સાધુ-સાધ્વીઓની ઘટતી જતી સંખ્યા આમાં વધારો કરે છે.

બન્ને વાતો ખૂબ જ સુસંગત, તાર્કિક અને સત્યરૂપી આભાસ ઉત્પન્ન જરૂર કરે છે. પરંતુ સત્યના પ્રાણ-આત્મા વગરની હોવાના કારણે સર્વ આભૂષણોયુક્ત સૌંદર્યવાન અને ચિત્તાર્ષક છે. સંગ્રહાલયમાં રાખેલી સૌંદર્યપ્રતિમા જેવી છે. જે સાધુ-સાધ્વીઓના આચારો, ખુદ ભગવાન મહાવીરે પ્રણિત અને પ્રમાણિત કરેલા છે તેના ભોગે સ્વીકારવામાં પક્ષીને ઉડાડવા મણિરત્નનો ઉપયોગ કરવા જેવો જ વિચારવિહિન લાગે છે. પદાર્થના નાનામોટા પ્રમાણને અવગણીને પદાર્થમાં રહેલા અદ્ભુત ('સત્વ'ને) સદ્ગુણોને પ્રાધાન્ય આપવું ઘટે. સાધુપદ ગ્રહણ કરતાં પહેલાં જ આ કઠિન અને વિકટ પરિસ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ સાધુ-સાધ્વીઓને હોય છે જ; હવે સગવડો શોધવી એ શું આત્મવંચના નથી? આધુનિકતાનો સ્વીકાર કરી, જૈન ધર્મના મૂળ તત્ત્વો અહિંસા વગેરેની અવગણના કેમ થાય?

(૨) આચાર ખોઈને પ્રચાર કરવાનું કામ ખોટું છે. સંત વિનોબાજી.

(૩) તેરાપંથી સમણી વર્ગ તથા મહાત્માશ્રી વીરચંદ ગાંધી જેવા જ્ઞાનીઓનો મોટો સમૂહ ઉત્પન્ન કરવાની સાંપ્રત સમયને તાતી જરૂર છે. એ દિશામાં અથાગ અને અવિરત પ્રયત્નો ખૂબ જ ઉપકારી નીવડશે.

(૪) આજના સાધુ-સાધ્વીઓના આધુનિક આચારો, જેવા કે ધન એકત્રિત કરવાની લાલસા, વાસના, ધનનો ઉપયોગ અને સાચવણી માટે અસંખ્ય કષાયોનો જીવનમાં પ્રવેશ, વૈભવી રથયાત્રા, વૈભવી સામૈયા, દૂધપૂજા, સોનાચાંદીની વરખનો ઉપયોગ, મોંઘી કંકોત્રીઓ, મોંઘા કાગળ વાપરી છપાતાં પુસ્તકો, તપ કર્યા પછી ભવ્ય ઉત્સવો, વિવિધ પ્રકારની (આપશ્રીએ વર્ણવેલી) પ્રવૃત્તિઓ તો જૈન ધર્મની સાધનાનો છેદ જ ઉડાવી દે છે. અપરિગ્રહ જૈનધર્મનાં પાયાના સિદ્ધાંતોમાંનો અગત્યનો મુખ્ય સિદ્ધાંત છે. મોટા મોટા શહેરમાં ઉપાશ્રયને બદલે આધુનિક ફ્લેટોમાં રહેવું, તેની માલિકી ધરાવવાના અને બૅન્કોમાં ખાતા ખોલવવાના કાર્યો સાધુમાંથી ધનકુબેરો જ બનાવશે. જૈન ધર્મ, બચાવો, બચાવોની કતલખાને લઈ જવાયેલા પ્રાણીની જેમ તરફડીયા મારતા, ભયભીત થઈ, બૂમો પાડે છે. ક્યાં ગયા જૈનધર્મના પુણ્યાત્માઓ, શ્રેષ્ઠીઓ, ભામાશાઓ.

(૫) માત્ર હું જ સાચો નહિ પણ તમે પણ સાચા હોઈ શકો છો. આવી આકાશ જેવી વિશાળતાઓ, ખુલ્લાપણું અને અપ્રતિમ સહિષ્ણુતા, આ જૈન ધર્મના પાયા છે. દુનિયાના અતિ અલ્પ ધર્મોએ આવી મહામુલ્ય ભેટ વિશ્વને આપી હશે.

(૬) વિશ્વના મહાન ધર્મોમાં જેની માન-સન્માન અને અહોભાવથી ગણના થતી હોય તેવા આ જૈનધર્મના અનુયાયીઓ, જૈનધર્મીઓની (વસતીની ગણત્રીએ) સંખ્યા અતિ અલ્પ છે. એનું મુખ્ય કારણ અહિંસા, તપ, અસ્તેય, અચૌર્ય અને અપરિગ્રહના આકરા ધોરણને પાળતા, ખૂબ જ સૂક્ષ્મપણે આ બધા પાયાના સિદ્ધાંતોને અતૂટ અને અખંડ શ્રદ્ધાથી પાળનારાઓ જ છે. આવો અપ્રતિમ ધર્મ અનંતા કાળો પર્યંત ધબકતો અને વર્ધમાન થતો રહે એ જોવાની દરેક જીનધર્મીની પવિત્ર ફરજ છે. (જો આપણે પ્રભુ મહાવીરના સુપુત્ર-સુપુત્રીઓ કહેવડાવવા માગતા હોઈએ તો!)

(૭) સાધુપદ ગ્રહણ કર્યા પછીના તરતના પાંચ વર્ષો દરેક સાધુ સાધ્વીએ દૂર દૂરના નાના નાના ગામોમાં, જૈનધર્મે પ્રરુપેલા આચારધર્મનું પાલન કરવામાં તથા જૈન ધર્મના શાસ્ત્રો અને સાહિત્યના અભ્યાસ, મનન અને મંથન કરવામાં ગાળવા જોઈએ. જેથી આવા સ્થળે વસવાટ કરતા ભવ્યાત્માઓ પણ આ જૈનધર્મમાં યથાયોગ્ય અભિરૂચિ અને શ્રદ્ધાનો ઉદય થતાં ધર્મમાં ઉર્ધ્વગમન કરતાં કરતાં કાળાંતરે અરિહંત પદને પામે.

ક્ષતિઓ ઉદારભાવે અવગણજો. જય જિનેન્દ્ર, જય મહાવીર.

**ગુણવંત બી. શાહ,**
૧૦, લક્ષ્મીદર્શન, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૫૬. ટેલિ. : ૯૯૬૯૯૫૭૪૩૫.

(આ વિષય પરત્વે વધુ ચર્ચા પત્ર આવકાર્ય છે, જે હવે પછીના અંકોમાં પ્રગટ થશે. –તંત્રી)

# જયભિખ્ખુ જીવનધારા : ૧૦

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ સર્જક 'જયભિખ્ખુ'ના જન્મશતાબ્દી વર્ષને અનુલક્ષીને એમના જીવનચરિત્રનું અહીં આલેખન કરીએ છીએ. આજથી નેવું વર્ષ પૂર્વેની ઘટનાઓમાં એ સમયનું વાતાવરણ ઝળૂંબે છે. લેખકના જીવનના અનુભવો એના સર્જનમાં પ્રતિબિંબિત થતા હોય છે. સર્જક જયભિખ્ખુની બાલ્યાવસ્થા આલેખતું આ દસમું પ્રકરણ. ]*

## સહુ પર રાખો સરખી દયા

ઉત્તર ગુજરાતના અંબોડ ગામથી વરસોડા જવા નીકળેલા ભીખો ('જયભિખ્ખુ'નું હુલામણું નામ) અને ગિરજો સમયસર નિશાળે પહોંચવા માટે ઝડપભેર ચાલતા હતા. વાંઘાં-કોતરોના ટૂંકા રસ્તે જતાં વચ્ચે જાંબુડીના ઝાડ પર વાંદરો બેઠેલો જોયો અને નીચે એને ફાડી ખાવા માટે ઘૂરકિયાં કરતું નાર જોયું. આ નાર દૂર થાય, તો જ ગિરજો અને ભીખો આ રસ્તે આગળ વધી શકે.

આ સમયે નિર્ભય ગિરજાના મનમાં બીજો પણ ભય હતો. નિશાળમાં જો મોડા પડીશું તો પેલો પરમાધામી (નારકી જીવોને શિક્ષા કરનાર દેવ) એમને શોધવા ઘર તરફ નીકળી ગયો હશે. એ મૉનિટર ટીંગાટોળી કરીને નિશાળમાં પહોંચાડવાની તૈયારી સાથે ઘેર આવ્યો હશે. જો એ ઘેર પહોંચશે તો એકને બદલે બે આફત ઊતરી આવશે. હે ઈશ્વર!

ગિરજો વિચારમાં પડ્યો, મનમાં દ્વિધા જાગી કે આ ટૂંકો રસ્તો છોડીને પાછા વળું? વળી મનોમન એવો ઠપકાભર્યો તરંગ જાગ્યો કે લાંબો રસ્તો છોડીને ટૂંકા રસ્તે આવ્યા અને લાંબા થઈ ગયા! લાંબા રસ્તે ગયા હોત તો આમ અધવચ્ચે ઊભા રહેવું પડ્યું ન હોત! ભીખાને પણ થયું કે બે બાજુ મુસીબત ઊભી છે.

બંને મિત્રોના મન અંદરોઅંદર વાર્તાલાપ કરતાં હતાં. અચાનક ગિરજાએ ઝાડ પર બેઠેલા વાંદરા તરફ પથ્થર લઈને ઘા કર્યો. ગિરજો નિશાન તાકવામાં નિપુણ હતો, પણ આ રીતે ભયભીત વાંદરાને પથરો મારવાનું 'કૃત્ય' દયાળુ ભીખાને ગમ્યું નહીં. એણે ક્રોધે ભરાઈને કહ્યું, 'અલ્યા, થોડી બુદ્ધિનો તો ઉપયોગ કર ને. પથરો બિચારા વાંદરાને મારવાનો હોય કે એને ફાડી ખાવાની વાટ જોતા દુષ્ટ નારને.'

ભીખાના ગુસ્સાની પરવા કર્યા વિના ગિરજાએ ફરીવાર પહેલાં કરતાં વધારે જોરથી બીજા પથ્થરનો ઘા કર્યો. વાંદરાએ જોયું કે મોત બંને તરફ સન્મુખ ઊભું છે. ગિરજાના પથ્થરના અચૂક નિશાનને લીધે વાંદરો એ ઝાડ પર રહી શકે તેમ ન હોઈ એણે મરણિયા થઈને જાંબુના ઝાડની ડાળી પરથી છલાંગ લગાવી. બાજુનું ઝાડ દૂર હોવાથી વાંદરો ઠેક ચૂક્યો અને જમીન પર પટકાયો. જમીન પર પડતાં જ છુપાયેલા બીજા નાર પણ એના તરફ ધસી આવ્યા.

ભીખાને મનોમન અફસોસ થયો કે હવે બિચારા વાંદરાને પકડીને ફાડી ખાધો સમજો! ગિરજાને એક નિર્દોષ પ્રાણીની હત્યાનું પાપ લાગ્યું. મનોમન વિચાર્યું કે ગિરજા, તું ગંગાસ્નાન કરીશ કે ગાયત્રી-સ્મરણ કરીશ, પણ તારું વાનરની હત્યાનું પાપ ફોક નહીં થાય.

જમીન પર પડેલા વાંદરાએ મોતનો ઘેરો જોઈને આંધળુકિયાં કરી છલાંગ મારી. બાજુના ઝાડ પર સડસડાટ ચઢી ગયો અને પછી તો બીજાં વૃક્ષો નજીક નજીક હોવાથી એ એક ઝાડ પરથી બીજા ઝાડ પર ઠેકતો-ઠેકતો દૂર નીકળી ગયો. નાર એની પાછળ પાછળ દોડ્યા, પણ ફાવ્યા નહીં.

રસ્તો નિર્ભય થઈ ગયો. ગિરજાએ જોરથી ભીખાના હાથને પકડીને એને આગળ ખેંચ્યો. ભીખાને ગિરજા પર ભારે દાઝ ચડી. આ તે કેવું કહેવાય? ડરના માર્યા વાંદરાને પથ્થર મારીને જમીન પર નીચે પાડ્યો. આ તો નસીબ વાંદરાનું કે એ મોતના મુખમાંથી ઊગરી ગયો. ગિરજાએ પોતાને ડરાવતા ઘુવડને પકડ્યું હતું તે ભીખાને ગમ્યું હતું, પરંતુ આ ઘટનાથી ભીખાનું મન ખાટું થઈ ગયું.

બંને મિત્રો સાબરમતીના કિનારે આવેલા વાંઘાઓ ચડતા, ઊતરતા, લથડતા, લપસતા વરસોડા ગામને પાદરે આવી પહોંચ્યા. બંનેનો શ્વાસ ધમણની જેમ ચાલતો હતો. પછી બંને જણા ભાગોળે બેસી ગયા. કમજોર ભીખાનો ગુસ્સો ઠંડો પડ્યો નહોતો. એના ચહેરામાંથી રોષ પ્રગટતો હતો. ભીખાની દયા એને બેચેન બનાવતી હતી અને એથી જ ગુસ્સામાં ને ગુસ્સામાં એ મૌન ધારણ કરીને બેઠો હતો.

ગામની ભાગોળમાં સુંદર વેકૂર (ઝીણી કાંકરીઓવાળી જાડી રેતી) હતી. બંને જણા એના પર બેસી ગયા અને શ્વાસ હેઠો બેસતાં ગિરજાએ કહ્યું, 'વાંદરાને પથરા માર્યા તેથી તારું દિલ દુભાયું છે, ખરું ને! તને મનમાં થયું હશે કે મેં આવું દુષ્ટ કામ કેમ કર્યું? પણ એવું નથી.'

ભીખાએ કુંગરાઈને કહ્યું, 'શું એવું નથી, બ્રાહ્મણ થઈને આવાં કામ કરાય? ઘુવડને હેરાન કર્યું એ તો બરાબર હતું, કારણ એ મારું દિવસોનું દુશ્મન હતું. પણ આ બિચારા, નિર્દોષ, ડરી ગયેલા વાંદરાને પથરા મારીને શા માટે હેરાન કર્યો? કોઈ જીવને દુભવવો એ માહાપાપ ગણાય.'

ભીખાએ ઉપાશ્રયમાં સાંભળેલી વાણીમાં જ વાત કરી, પણ ગિરજો પોતાના મિત્રની વાત સાંભળીને ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, 'અલ્યા, જીવ દુભવ્યો કે જીવોને બચાવ્યા? જરા ઊંડો વિચાર કરીશ તો તને સમજાશે કે મેં એક નહીં, પણ ત્રણ-ત્રણ જીવ બચાવ્યા છે. જીવ દુભવ્યાનું તારે મન પાપ હોય, તો જીવ બચાવ્યાનું પુણ્ય કેટલું બધું હોય? એમાંય એક નહીં પણ

ત્રણ–ત્રણ!'

ભીખાએ આશ્ચર્યથી ગિરજા સામે જોયું અને પૂછ્યું, 'ગિરજા, ખોટી હાંક નહીં. કહે મને કયા ત્રણ જીવ બચાવ્યા તેં?'

'તારો, મારો અને પેલા વાંદરાનો.'

ભીખાને લાગ્યું કે ગિરજો મશ્કરી કરે છે. જેમ કોઈ ગામડિયો શહેરીની મશ્કરી કરે તેમ. તેથી એણે કહ્યું, 'મને બુદ્ધુ બનાવીશ નહીં. હું પણ ગામડામાં જ જન્મ્યો છું અને મેં ય ગામડાંના પાણી પીધાં છે, સમજ્યો?'

'તો સાંભળ મારી વાત. જાંબુડીના ઝાડ પર વાંદરો ભયભીત થઈને ચોંટી ગયો હતો. જો એને પથરો માર્યો ન હોત તો ઠેક મારવાનું એને સૂઝત નહીં. આ વાંદરો જ્યાં સુધી ઝાડ પર બેસી રહે, ત્યાં સુધી નાર આપણા રસ્તાની વચ્ચેથી દૂર જાત નહીં અને એમાંય જો ભોગેજોગ આપણા પર નજર પડી ગઈ હોત તો આપણો પીછો કરત. આથી મારા પથ્થરના ઘાએ મૂંઝાયેલા વાંદરાને મતિ સુઝાડી અને મરણિયો જીવ બધું કરે – એ રીતે એ જમીન પર પડ્યા પછી જોરથી કૂદીને ઝાડ પર ચડી ગયો અને એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદીને દૂર જતો રહ્યો. આપણા રસ્તાની વચ્ચે ઊભેલા નાર રસ્તો છોડીને એની પાછળ ગયા. હવે વિચાર, વાંદરાને ભાગી જવાનું મળ્યું એથી એ બચ્યો અને નાર એની પાછળ ગયા તેથી આપણે બે બચ્યા.'

ભીખો ગિરજાનો ખુલાસો જોઈને ખુશ થઈ ગયો. 'વાહ મારા દોસ્ત!' કહીને એને ગળે વળગી પડ્યો, પણ ગિરજાએ કહ્યું,

'ભીખા, તેં દયાની વાત કરી, પણ તારી દયા એ તો નબળાની દયા લાગે છે. મેં ઘુવડને પથરો માર્યો એ તને ગમ્યો અને વાંદરાને માર્યો એમાં તો તું ચિડાઈ ગયો. આવું હોય? આપણને ગમે તે સારું, આપણને ન ગમે તે નઠારું તેમ ન હોય! આપણો દુશ્મન તે સહુનો દુશ્મન!'

ભીખાને પોતાના મિત્રની વાત સમજાઈ. બને એકશ્વાસે નિશાળ તરફ દોડ્યા. ગઈ કાલ સાંજના ભૂખ્યા હતા, તોય ભૂખ યાદ આવી નહીં. રાત્રે પૂરું ઊંઘ્યા નહોતા, તોય આળસ ચડી નહીં. સવારે ઊઠીને હાથ–મોં ધોયાં નહોતાં, તોપણ એની પરવા નહોતી. ગિરજા અને ભીખાને તો ઝટ નિશાળે પહોંચવું હતું. એમણે જોયું તો દૂરથી પરમાધામી (મૉનિટર) ચાલ્યો આવતો હતો. બંને મિત્રોને એ સાક્ષાત્ યમદૂત જેવો લાગ્યો. એના દારુણ પંજામાંથી બચવા માટે બંને બાજુના રસ્તેથી છટકી ગયા અને નિશાળે પહોંચી ગયા.

ભીખા અને ગિરજાને નિશાળમાં અને ઘરમાં થોડી સજા થઈ, પરંતુ એમણે માણેલી મજાની તોલે એ કંઈ વિસાતમાં નહોતી. વળી, એ દિવસોમાં નિશાળમાં બધે જ ચોર-ડાકુ અને બહારવટિયાની વાતો થતી હતી. ભીખાએ દાદાની પાસે ચોર-બહારવટિયાની વાતો સાંભળી હતી. એને વિશે મનમાં કેટકેટલી કલ્પનાઓ કરી હતી અને એથી જ બધા ગોઠિયાઓ બહારવટે ચડેલા મીરખાંની વાત કરતા હતા. કોઈ કહેતું કે એની પાસે પાણીપંથા ઘોડા છે. જોજનવેગી ઊંટ છે. બાર–બાર અને પંદર ભડાકા કરે એવી વિલાયતી બ્રીજલોટ બંદૂકો છે. એની સાથે એની દીકરી યે બહારવટે ચડી છે રોજ એક ગામ ભાંગે છે. ભરી બજારે દાયરો (ડાયરો) જમાવે છે. કસુંબા–કાવા લે છે, વેપારીના ચોપડા બાળે છે અને મુખી–મતાદારનાં નાક–કાન કાપે છે.

આવી કેટલીય કલ્પનાઓ મીરખાં વિશે ચાલતી હતી. ગામઠી ધૂળિયા નિશાળમાં બાળકો રોજ આવી વાતો કરતાં અને નવી નવી કલ્પનાના પતંગ ચગાવતા.

ગામમાં કોઈ નાનીશી ઘટના બનતી, તો પણ દુનિયા આખી ડોલતી લાગતી. ચૉરે અને ચૌટે એની જ વાતો થતી. સાંજ પડે ગામગપાટામાં એનું મીઠું–મરચું ભભરાવીને વિશ્લેષણ થતું. વાત ભલે નાની હોય, એની રજૂઆત હાથીનું પેટ ફાડી નાખે તેવી રીતે થતી હોય. ગામમાં બનતી ઘટનાઓની વાતો ગ્રામજનોને કથારસનો ભરપૂર આનંદ આપતી હતી. એમાં અતિશયોક્તિનું ઉમેરણ કરીને કરુણરસ કે શૌર્યરસના ઘેરા રંગો પૂરવામાં આવતા હતા.

વરસોડા ગામનો રસ્તો ખરાબ થઈ ગયો હતો. એની મરામત કરાવવા માટે જેલના કેદીઓને લાવવામાં આવ્યા. ગામ આખું આ કેદીઓને જોવા ભેગું થયું. પગે જંજીર અને હાથે બેડી જડેલી, શરીર પર જાંગિયો કે ચડ્ડી અને માથે ધોળી ટોપી. (ગાંધી ટોપીનું સર્જન એ પછી થયું). ભીખાના એક ગોઠિયાએ કહ્યું,

'અરે ભીખા, ચોર તે કંઈ આવા હોતા હશે? આ બધાને તો આપણાં જેવાં જ હાથ–પગ, નાક–કાન અને આંખો છે. આ તો આપણા જેવા લાગે છે, ચોર નથી.'

વાત પણ સાચી હતી. ભીખાની અને એના ગોઠિયાઓની ચોર વિશેની કલ્પનાસૃષ્ટિ અનોખી હતી. એ માનતા કે ચોરના પગ તો ઊંટ જેવા ઊંચા હોય છે, જેથી એ નિસરણી મૂક્યા વિના ગમે તેટલા માળ પર ચડી શકે છે. એના હાથ રબારીની વાંસી (દાંતરડા જેવું ફળ બેસાડેલો લાંબો વાંસ) જેવા લાંબા અને ધારદાર હોય, જો આવું ન હોય, તો મેડી પર, માળિયા પર, છજા પર, ઝરૂખાં પર પહોંચી જાય કઈ રીતે અને કઈ રીતે પેટી, સંચ (ભીંત કે પટારા વગેરેમાં રાખેલું ગુપ્ત ખાનું) કે પટારો ખોલીને એમાંની માલ-મિલકત લઈ જાય?

કોઈ ગોઠિયો તો વળી કહેતો કે આ ચોરની આંખો તો બિલાડી જેવી હોય, જે રાત્રે પણ દિવસ જેવું જોઈ શકતી હોય! એના હાથના પંજા વરુ જેવા નહોરવાળા અને એના દાંત હાથીના દંતશૂળ જેવા હોય.

નિશાળના ગોઠિયાઓએ જ્યારે રસ્તાનું સમારકામ કરતા ચોરોને જોયા ત્યારે એમના હસવાનો પાર રહ્યો નહીં. એમણે મનોમન ગાંઠ વાળી કે નક્કી, આ સિપાહીઓને કોઈના પર દાઝ ચડી હશે એટલે કોઈ ભળતાને પકડી લાવ્યા લાગે છે. બાકી, આવા માયકાંગલા તે કંઈ ચોર હોય? **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭.
(૦૭૯) ૨૬૬૦૨૬૭૫. મોબાઈલઃ ૦૯૮૨૪૦૧૯૯૨૫.

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન: ૧૧

❑ પ. પૂ. આચાર્યશ્રી 'વાત્સલ્યદીપ' સૂરિજી

**એકાદશ અધ્યાય : તપ યોગ**

**(૧૧)**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં અગિયારમો અધ્યાય 'તપ યોગ' છે. આ પ્રકરણમાં ૩૮ શ્લોક છે.

જૈન ધર્મમાં તપનું વિશિષ્ટ મહત્ત્વ છે. તપના મુખ્ય બે પ્રકાર છે. બાહ્ય અને આભ્યંતર. જૈન ધર્મમાં તપનું વિશેષ મહત્ત્વ એ માટે છે કે તે કર્મની નિર્જરાનું શ્રેષ્ઠ સાધન છે. જૈન ધર્મની સાધનાનો હેતુ જ મોક્ષપ્રાપ્તિનો છે, અને તેમાં, તપશ્ચર્યા એ કર્મ નિર્જરાનું બળકટ સાધન છે. વળી, તપથી દેહશુદ્ધિ થાય છે તેમ આયુર્વેદ માને છે. આજનું વિજ્ઞાન પણ જૈન ધર્મના તપને નિરોગી બનાવે છે તેમ કહે છે. તપ અનેક રીતે પોતાનું મહત્ત્વ સ્થાપિત કરે છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'શ્રી જૈન મહાવીર ગીતા'માં તપ વિશે વિસ્તારથી વર્ણન કરે છે.

તપથી દેહદમન, મનોદમન અને કર્મદહન થાય છે. તપ એ કઠિન આરાધના છે. તપથી આત્મા નિર્મળ, તેજસ્વી અને કર્મમુક્ત બને છે. તપ અને તે પણ જૈનધર્મનું તપ વિશિષ્ટ એ માટે છે કે તેમાં દેહને સીધું જ કષ્ટ પડે છે અને છતાં પણ, સંપૂર્ણ ઈચ્છાપૂર્વક, સંપૂર્ણ સમતાપૂર્વક તે કરવાનું છે. અન્ય ધર્મોમાં તપસ્યામાં આવું કષ્ટ સહન કરવાનું નથી. ભૂખ, તરસ અને ક્યારેક તો મૃત્યુ સુધીની વેદના આવી પડે તો તે પણ હસતાં હસતાં સહી લેવાની તત્પરતા તપસ્વી રાખે છે. ગમે તેવી પીડામાં પણ તપમાં ટકી રહેવું અને સમતા જાળવવી તે આસાન નથી. તપસ્વીના અંતરમાંથી જો તપની ભાવના જાગૃત થાય તો જ આમ બને. તપ અને સમતા સમાંતર રહેવા જોઈએ. 'તપ કરીએ સમતા રાખી ઘટમાં'–એમ પૂર્વસૂરિઓ કહે છે. સમતા વિના તપ ન થાય. તપસ્વી ક્યારેક ક્રોધસ્વી પણ બની જાય છે. ક્રોધ સહિત થતું તપ નિષ્ફળ જાય છે. ચંડકૌશિક સર્પ તેનું જાણીતું દૃષ્ટાંત છે.

ઉદય રત્નજી વાચક તેમની સજ્ઝાયમાં કહે છેઃ

**ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંજમ ફળ જાય**

**ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય!**

**કડવા ફળ છે ક્રોધનાં**

ઉપર જે નિર્દેશ કર્યો તે બાહ્ય તપ માટે છે.

આભ્યંતર તપની પણ વિશિષ્ટતા છે : આભ્યંતર તપમાં સીધો આંતરિક સંબંધ છે. આભ્યંતર તપથી વધુ કર્મનિર્જરા થાય છે. બાહ્ય તપથી દેહશુદ્ધિ થાય છે, આભ્યંતર તપથી મનશુદ્ધિ થાય છે. મનશુદ્ધ થાય તો કર્મનિર્જરા સરળ બને, ભવભ્રમણ અટકે, મોક્ષગમન સરળ થાય. ધર્મ એક સાધના માટેનું શ્રેષ્ઠ સાધન ગણીએ તો મનશુદ્ધિ મોક્ષપ્રાપ્તિ માટેનું શ્રેષ્ઠ સાધન છે. યોગી આનંદઘનજી 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' તેમ કહે છે. મનને સ્થિર કરવું, ખોટા વિચાર કરતું બંધ કરવું, ખોટી આશા રાખતું બંધ કરવું ક્યાં સહેલું છે? મનશુદ્ધિ આભ્યંતર તપના માર્ગે થઈ શકે. મન એ એક ચાવી છે. એ ચાવીથી મુક્તિનો દરવાજો ખૂલે અને બંધ પણ થાય. આત્માની શક્તિ અનંત છે. પરંતુ તેના પર કર્મનું આવરણ એવું જોરાવર છે કે આત્મશક્તિનો ઉઘાડ આપણે જોઈ કે જાણી શકતા નથી. આ માટે નિત્ય પ્રભુ સ્મરણ, ધર્મ સાધના, સ્વાધ્યાય ઈત્યાદિ ઉત્તમ ઉપાયોનું આચરણ આવશ્યક છે. આ પંથે ચાલનાર દેહમાં રહેવા છતાં દૈહિક વાસનાઓથી મુકત થઈ જાય છે. દેહની પેલે પાર પણ એક અલૌકિક વિશ્વ છે અને તે જ પામવા માટેની મથામણ મુમુક્ષુએ નિત્ય કરવાની છે.

શ્રીમદ્ રાજચંદ્રજીની આ પંક્તિઓ માર્મિક છેઃ

**દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત**

**તે જ્ઞાનીના ચરણમાં, વંદન હો અગણીત!**

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'શ્રી જૈન મહાવીર ગીતા'માં તપયોગ વિશે કહે છે કે,-

तपः क्लेशकरः पूर्वं परिणामे सुखप्रदम् ।

तपः शुद्धिकरः प्रोक्तं ज्ञानदश्च तपोविधिः ।। (તપયોગ, શ્લોક ૧)

**'તપ પ્રારંભમાં ક્લેશકર, કષ્ટદાયી કહ્યું છે પરંતુ અંતતઃ તે સુખ આપનારું છે. તપ શુદ્ધિ કરનાર છે. (કર્મમુક્ત કરે છે) અને તપને જ્ઞાન આપનારું કહ્યું છે.'**

આ શ્લોકમાં ઊંડો મર્મ છે. તપ સરળ નથી. ભગવાન મહાવીર કહે છે કે જીવ સાથે અનાદિકાળથી ચાર સંજ્ઞા ચોંટેલી છેઃ આહાર, ભય, મૈથુન, પરિગ્રહ ભૂખ લાગવી ઈત્યાદિ જીવનનો સ્વાભાવિક ક્રમ છે અને ભૂખ્યાં રહેવું ન ગમે તેવી વાત પણ છે. એટલે, તપમાં આહારને છોડવાનો છે, ભૂખ્યા રહેવાનું છે–એથી તપ કરવું પ્રારંભમાં કઠિન લાગે છે તે આ અર્થમાં. પણ ધીરે ધીરે તે તપની ટેવ વધારતા જઇએ તો તપ સરળ બને, શરીર પણ તેને અનુકૂળ બને, આહાર સંજ્ઞા ઘટે અને પછી તપમાં વૃદ્ધિ થતી જાય. આમ, તપમાં પ્રારંભ કઠણ છે પણ એજ તપ અંતતઃ સુખદાયક છે. એનાથી કર્મ નિર્જરા થાય છે, મન શુદ્ધ થાય છે, દેહ સ્વસ્થ બને છે, આત્મા શાંતિ પામે છે.

તપયોગનો બીજો શ્લોક આમ છેઃ

तवसा देवता सर्वाः, साहाय्यं कुर्वते नृणाम् ।

तस्मात्तपांसि सर्वाणि, विधीयन्तां यथारुचि ।। (તપયોગ, શ્લોક ૨)

**'તપસ્વીઓને સર્વ દેવો સહાય કરે છે. આથી, રૂચિ પ્રમાણે આરાધકોએ સર્વ પ્રકારના તપ કરવામાં ઉદ્યમ કરવો જોઇએ.'**

આ શ્લોકમાં આ એક વિશિષ્ટ પ્રકાશ પાડવામાં આવ્યો છે. તપમાં દેવોની સહાય મળે છે. જૈન શાસ્ત્રો આ વાત ભારપૂર્વક માને છે કે તપસ્વીઓને દૈવી સહાય મળે છે. આવા અસંખ્ય કિસ્સાઓ જૈન શાસ્ત્રોમાં મળે છે. શ્રી શંખેશ્વર તીર્થની સ્થાપના જ શ્રીકૃષ્ણ મહારાજાના અઠ્ઠમ તપથી થઈ છે. તપસ્વી જો શુદ્ધિપૂર્વક, ભાવપૂર્વક, વિધિપૂર્વક તપ કરે તો તેને દૈવી સહાય મળે જ. તપ

માત્ર કરવાથી ન ચાલે. શ્રદ્ધા, શુદ્ધિ, ભાવના પણ એટલાં જ અગત્યના અંગો છે.

તપથી શરીર ક્ષીણ થાય છે, આત્મા તેજસ્વી થાય છે. તપસ્વી શારીરિક અકળામણના કારણે ગુસ્સો કરી બેસે છે. પણ એ ક્ષણે જ સંભાળવાનું છે. શરીરની અસ્વસ્થતા, પ્રસંગોચિત અવ્યવસ્થા ક્રોધ પ્રેરે પણ તે ક્ષણે જ તપસ્વી જાતને સંભાળી લે, સ્વસ્થ રહે, સમતા જાળવે તે જરૂરી છે. તપમાં સમતા એટલે દૂધમાં સાકર! આ જગતમાં ક્રોધ નહિ, કરુણા જ મહાન છે. શસ્ત્ર નહિ, અહિંસા જ મહાન છે. વેર નહિ, ક્ષમા જ મહાન છે. આ પ્રેરણા જૈન ધર્મનો પાયો છે. જૈન ધર્મનું તપ, એ પંથે સૌને દોરે છે. મહામુનિ ખંધક, મેતારજમુનિ વગેરે તેના ઉત્તમ ઉદાહરણ છે.

તપનો પ્રભાવ વિશાળ છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સ્વયં પણ ઉત્તમ તપસ્વી હતા. તેઓ મોટાભાગે એકાસણું તપ નિયમિત કરતા અને ગોચરી વાપરતી વખતે સઘળો આહાર એક જ પાત્રમાં એકઠો કરીને જમતા-વાપરતા હતા. તેઓ લખે છેઃ **'તપ મોહનો નાશ કરે છે, અને મન, વચન, શરીર વગેરેના સર્વ અવસ્થાના સર્વ દુઃખો સહન કરી શકવા સમર્થ બનાવે છે.'** (તપયોગ, શ્લોક ૪) તપ કરવું જેમ કઠણ છે તેમ તપ માનવીને મનથી દૃઢ અને કઠોર પણ બનાવે છે. આ દૃઢતા, જીવનના સંગ્રામમાં શૂરવીરતા પ્રદે છે.

માત્ર દેહદમન જ તપ નથી પણ તપની અન્ય ભવ્યતા પણ છેઃ **'સર્વ કર્તવ્ય કર્મોમાં કરવામાં આવેલો આત્મભોગ મહાન તપ છે. પારકા માટે પોતાના સુખનો ત્યાગ કરવો એ (પણ) તપ કહેવાય છે.'** (તપયોગ, શ્લોક ૬)

આર્યાવર્તની ધરતીમાંથી અસંખ્ય માનવરત્નો એવા પ્રગટ્યા છે કે જેમણે અન્ય ખાતર સ્વાર્પણ કરવામાં કદીય પાછી પાની કરી નથી! મૈત્રીને ખાતર, માનવતાને ખાતર, કોમને ખાતર, દેશને ખાતર, ધર્મને ખાતર અને શીલવ્રતની રક્ષાને ખાતર અસંખ્ય મહાનુભાવોનો આત્મભોગ આર્યાવર્તની ભૂમિ પર મંદિર પર શોભતા કળશની જેમ દેદીપ્યમાન બની ચમકે છે! એ આત્મભોગને તપયોગમાં સંભારીને આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સુરીશ્વરજી એક નવા શિખર પર મૂકી આપે છે! કદાચ, શ્રીમદ્ બુદ્ધિસાગર સુરીશ્વરજી એ મહાનુભાવોની મહાનતાને અંજલિ અર્પી રહ્યા નહિ હોય!

આહારમાં સંયમ રાખવો જરૂરી છે. એવું ક્યાંક વાંચેલું કે ભૂખ્યાં રહીને મરનારા કરતાં વધુ ખાઈને મરનારાની સંખ્યા વધુ છે! જેમ વધુ પડતું ન ખવાય તેમ ગમે તેવું પણ ન ખવાય. જૈન ધર્મ અભક્ષ્ય અને ભક્ષ્ય વિશે બિલકુલ સ્પષ્ટ છે. અભક્ષ્ય ખાનારાને ડૉ. બર્ટ્રાન્ડ રસેલ યાદ રહે તો સારું. ડૉ. રસેલ Non Veg. ખાતા નહિ અને કહેતાઃ 'મારું પેટ કબ્રસ્તાન નથી.' તેઓ સંપૂર્ણ શાકાહારી હતા. ડ્રીન્ક્સ કે નોન વેજ કે ફાસ્ટ ફૂડથી આરોગ્યનું સત્યાનાશ થાય છે.

સંયમિત આહાર એ સદ્‌ગુણ છે. પર્વતિથિના દિવસે લીલોતરી ન ખવાય, રાત્રીભોજન ન થાય વગેરે ગુણો પણ કેળવવા જેવા છે. આધુનિક વિજ્ઞાન પણ કબૂલે છે કે જૈન ધર્મની દૈનિક ક્રિયાઓમાં સંપૂર્ણ વિજ્ઞાન સમાયેલું છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી એક ક્રાંતિકારી સાધુપુરુષ છે. તેમની નજર અનેક શિખરો પ્રતિ સદૈવ દોડે છે. વાંચોઃ **'સાધુઓએ દેશ-પરદેશ ફરીને જ્ઞાનનું દાન આપવું તેને પણ તપ કહેવામાં આવે છે.'** (તપયોગ, શ્લોક ૧૨)

તપથી પાપનો થાય છે. તપ અનંત ભવોના પાપનો નાશ કરવા માટેનું શ્રેયસ્કર સાધન છેઃ **'દ્રવ્યથી અને ભાવથી જેના વડે પાપનો શિઘ્ર નાશ થાય છે અને સર્વ લોકોને જે આત્મશુદ્ધિ આપનાર છે તેને જ તપ કહેવાય છે.'** (તપ યોગ, શ્લોક ૧૪)

તપથી મનોબળ વધે છે. અકબર બાદશાહના સમયમાં ૬ મહિનાના ઉપવાસ કરનાર ચંપા શ્રાવિકા તેનું ઉજ્જવળ દૃષ્ટાંત છે. આજે પણ જૈન સંઘમાં ૧૦૮ ઉપવાસ કરનાર અનેક તપસ્વી નિહાળવા મળે છે. કેટલાક તપસ્વી તો અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરીને વર્ષીતપ કરે છે! આયંબીલ તપની ૧૦૦ ઓળી ત્રણ વખત કરનારા પણ ઉત્તમ તપસ્વીઓ આજે વિદ્યમાન છે! આ સૌની તપ માટેની મનની મજબૂતી જોઈએ કે વિચારીએ ત્યારે સ્તબ્ધ થઈ જવાય છે! તપ આ તપસ્વીઓ માટે જાણે કંઠમાં ફૂલમાળા પહેરવા જેવું સહજ છે!

વળી, આ તપસ્વી ન ખાવું ને સૂઈ રહેવું-એવું પણ કરતા નથી. તેઓ તપની સાથે પોતાની દૈનિક ક્રિયાઓ પણ કરે છે. હમણાં જ એક તપસ્વીએ ૭૦ ઉપવાસ કરીને ગિરિરાજ શત્રુંજયની પાલિતાણામાં રહીને ૧૦૮ વખત પર્વત ચડીને જાત્રા પણ કરી! શરીરથી તપ અને મનથી ભક્તિની દૃઢતાનો કેવો સરસ સુમેળ હશે!

જેમ આવું ઉત્તમ જપ જોવા મળે છે તેમ એક વિશેષ ઉલ્લેખ કરવો પણ જરૂરી છે કે આ તપ કરનારાઓમાં ઘણાં તો તદ્દન નાની વયના હોય છે!

તપથી દેહશુદ્ધિ અને મનશુદ્ધિ અને આત્મશુદ્ધિની પ્રાપ્તિ થાય છે તેજ તપની સાધનાનું મહાન ફળ ગણવું જોઈએ. તપ દ્વારા સાંસારિક સુખોની અપેક્ષા રાખવાની નથી : તપનો હેતુ જ મોક્ષપ્રાપ્તિ છે. જૈન ધર્મનો પાયો જ તપનો તથા ત્યાગનો તથા આત્મ શુદ્ધિનો તથા મોક્ષ પ્રાપ્તિનો છે તે કદીય ભૂલવું ન જોઈએ.

તપ કરનારે જિનભક્તિ, ગુરુભક્તિ અને ધર્મભક્તિ પણ કરવા જોઈએ. આમ કરવાથી તપસ્વીનું મન ધર્મમય રહે છે અને સમતા વડે ઘડાય છે. ક્યારેક આર્તધ્યાન થવાના પ્રસંગોમાં પણ તેનું મન વિચલિત થતું નથી.

તપ કરનારે નિયમિત સ્વાધ્યાય અને સરસ સાહિત્યના વાંચનની ટેવ પણ પાડવી જોઈએ.

થોડાંક શ્લોકાર્થ જોઈએઃ-

**'સર્વ શક્તિ વડે શરીર અને વીર્યની રક્ષા કરવી જોઇએ. સંપૂર્ણ (નૈષ્ઠિક) બ્રહ્મચર્ય શક્તિ આપે છે અને તે મહાન તપ છે.'** (તપયોગ, ગાથા ૧૫).

**'બાહ્ય અને આંતરિક ધર્મની રક્ષા માટે આત્મભોગ આપવામાં આવે તેને તપ કહેવામાં આવે છે, તે નિઃસ્પૃહ છે અને મુક્તિ આપનારું છે.'** (તપયોગ, ગાથા, ૧૭)

**'સત્ય, ક્ષમા, લોકો પ્રત્યે દયા, સર્વ કાર્યમાં નિરાસક્તિ વગેરે પણ મહાતપ કહેવાય છે.'** (તપયોગ, ગાથા, ૧૮)

**'જેનાથી સર્વજાતિનું, સર્વ સમાજનું સુખ વધે છે તેને મેં તપ કહ્યું છે, અને ભાવ લોકો ભક્તિપૂર્વક તે (હંમેશાં) કરતા રહે છે.'** (તપયોગ, ગાથા ૧૯)

**'ભોગ તથા વાસનાનો પરિત્યાગ એ ચારિત્ર્યનું મહાતપ છે. સર્વ ધર્મના લોકો તેના વડે મારા રૂપને પ્રાપ્ત કરે છે.'** (તપયોગ, ગાથા ૨૦)

**'પ્રાયશ્ચિત, સંઘમાં પ્રેમ (ની વૃદ્ધિ), વિરોધી વૃત્તિનો અભાવ, શરીરનો ઉત્સર્ગ, મનની સ્થિરતા, દેવોને વંદન (પ્રભુની ભક્તિ) સ્પર્શ સુખ વગેરેનો ત્યાગ (બ્રહ્મચર્યનું પાલન) ઉપવાસ, ધ્યાન, વગેરેને કર્મનો વિનાશ કરનાર તપ કહે છે.'** (તપયોગ, ગાથા ૨૩)

**'સર્વ જૈનોની એકતા કરવી જોઈએ, તે મહાતપ છે. કલિયુગમાં સર્વ પ્રકારે સંઘ સેવા મહાતપ છે.'** (તપયોગ, ગાથા ૩૩)

**'તપથી સ્વર્ગ મળે છે, તપથી મોક્ષ વગેરેની સિદ્ધિ મળે છે. તપ મનુષ્યોને માટે આ લોકમાં અને પરલોકમાં સુખપ્રદ છે.'** (તપયોગ, ગાથા ૩૬)

**'તપથી કલેશ, ભોગ, તૃષ્ણા વગરે શાંત થાય છે. અને સામાન્ય માનવી પણ ઈન્દ્ર કે ચક્રવર્તી જેવો સમર્થ બની શકે છે.'** (તપયોગ, ગાથા ૩૭)

**'તપના કાર્યમાં મગ્ન રહેલા લોકો તીર્થંકરના પદને પામે છે, તેઓ સર્વ કાર્યો કરતા હોવા છતાં પરમ એવા સિદ્ધિ પદને પામે છે.'** (તપયોગ, ગાથા ૩૮)

'શ્રી જૈન મહાવીર ગીતા'ના તપયોગમાં તપનો મહિમા અનેક સ્વરૂપે વર્ણવાયો છે.

તપ આત્મશક્તિ ખીલવવાનું સાધન ગણીએ તો તેનું ઉત્તમ દૃષ્ટાંત મહાત્મા ગાંધીની અહિંસાની ચળવળ છે. મહાત્મા ગાંધીની અસહકાર આંદોલનની ઘટનાએ દુનિયાને ધ્રૂજાવી દીધી હતી : એ સમયમાં થયેલા અસહકાર, ઉપવાસ તથા અહિંસક સત્યાગ્રહ તપની અસીમ શક્તિના જ દ્યોતક નથી?

જૈન ધર્મના અંતિમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરે કરેલા વિશિષ્ટ તપ યાદ કરીએ ત્યારે થાય છે કે આત્મકલ્યાણ માટે સ્વયં તીર્થંકર પરમાત્મા પણ કેવો પ્રચંડ પુરુષાર્થ કરે છે? શ્રી બપ્પભટ્ટી સૂરિજી મહારાજે આચાર્યપદ ગ્રહણના દિવસથી યાવજીજીવ (આજીવન) આયંબીલ તપ કરવાનું વ્રત લીધું હતું! જૈન સંઘમાં અનેક દૃષ્ટાંતો એવા પણ મળે છે કે દેવ સાધના માટે તપ કરાયું હોય! તીર્થની, ધર્મની રક્ષા માટે પણ અનેકવાર તપ સાધના થતી જોવા મળે છે.

જૈનધર્મના તપ આરાધનનો મૂળ હેતુ આત્મકલ્યાણનો જ છે. એ માટે પ્રેરણા 'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'તપોયોગ'માં સાંપડે છે. તપથી આત્માનું પતન રોકાય છે, તપથી આત્માનું ઉત્થાન થાય છે એ ઘંટનાદ તપયોગમાં અખંડ સંભળાય છે! **(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ, જૈન જ્ઞાનમંદિર, જ્ઞાનમંદિર રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૮.

આચમન : વિનમ્રતાનો વારિધિ : (અનુ. પૃષ્ટ બીજાથી ચાલુ)

કરીને આવી અનુપમ સિદ્ધિ મેળવી છે તેની પાસે પોતે જવું જોઈએ. એ આનંદ શ્રાવકના ઘરે પહોંચ્યા ત્યારે આનંદ શ્રાવકે પોતાને થયેલા જ્ઞાનની વાત કરી. ગૌતમ સ્વામીએ કહ્યું: 'ગૃહસ્થને આવું વિશાળ જ્ઞાન ન થઈ શકે.' આનંદ શ્રાવકે કહ્યું, 'પ્રભુ આપ અસત્ય બોલો છો. આપે પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ.' આનંદની વાણીમાં વિનય હતો.

પણ આનો નિર્ણય કોણ કરે? ગુરુ ગૌતમ ઊપડ્યા પ્રભુ પાસે. જઈને પૂછ્યું, 'પ્રભુ! અમારા બેમાં કોણ સાચું? શું મારે પ્રાયશ્ચિત્ત લેવું પડે?'

ભગવાન મહાવીરે હસતાં હસતાં કહ્યું, 'ગૌતમ, ભંતે, ગૃહસ્થને આવી વિશાળ મર્યાદામાં જ્ઞાન થઈ શકે. તારે આનંદ શ્રાવકને મિચ્છામી દુક્કડમ્ દેવા જોઈએ. ક્ષમા માગવી જોઈએ.'

જ્ઞાનના મેરુ જેવા ગૌતમ સ્વામી આનંદ શ્રાવકને મિચ્છામી દુક્કડમ્ દઈ આવ્યા. ✷✷✷

(આ તેમ જ ઑગસ્ટ મહિનાના અંકમાં પ્રગટ થયેલી બન્ને કથાઓ આચાર્યશ્રી વાત્સલ્યદીપ કૃત પુસ્તિકા 'જૈન ધર્મની આગમકથાઓ'માંથી ઋણ સ્વીકાર સહ)

## 'સમણસુત્તં' : અડધી કિંમતે પ્રાપ્ત

'સમણ સુત્તં'

વિશ્વના મહાન ધર્મોમાં જૈન ધર્મની ગણના થાય છે. અન્ય મહાન ધર્મોમાં હિન્દુ ધર્મનું 'ભગવદ્ ગીતા', બુદ્ધનું 'ધમ્મપદ', ખ્રિસ્તીઓનું 'બાઈબલ', ઈસ્લામનું 'કુર્રાન' એમ એક એક પુસ્તકમાં એમના ધર્મનો સાર આવી જાય છે. જૈન ધર્મમાં એક જ પુસ્તકમાં ધર્મસાર આવી જાય એવું એક પણ પુસ્તક નહતું એનું મુખ્ય કારણ એ હતું કે જૈન ધર્મમાં માનવ મનનું એટલું વિશ્લેષણ થયું છે કે એક એક મનોભાવ ઉપર અનેક પુસ્તકો લખાયા છે. જૈનોના ૨૪ મા તીર્થંકરની ૨૫૦૦ વર્ષની ઉજવણી સમયે સંત વિનોબાજીએ જૈનોને આગ્રહ કર્યો કે જૈન ધર્મનો સાર આવી જાય એવું એક પુસ્તક હોવું જોઈએ. કામ કઠીન હતું. સદ્ભાગ્યે જૈન સમુદાયના ચારે ફિરકાઓ તેમજ સાધુ-સંતો અને ધર્મના ઊંડા અભ્યાસીઓએ મળીને 'સમણસુત્તં' નામનું પુસ્તક તૈયાર કર્યું છે. જેમાં જૈન ધર્મના સિદ્ધાંતોને લગતી ૭૫૬ ગાથાઓની મૂળ પ્રાકૃત, માગધી કે અર્ધમાગધી, સાથે સાથે સંસ્કૃતમાં અને ગુજરાતીમાં સરળ ભાષામાં સમજણ આપવામાં આવેલ છે. આમાં જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો છે, ઉપરાંત વધારે સમજવા માટે જૈનો પાસે વિપુલ સાહિત્ય તો છે જ.

**જે ભાઈ-બહેનોને આ 'સમણ સુત્તં' જોઈતું હોય** તેમને માટે એક શુભેચ્છક તરફથી કેટલીક નકલો **અર્ધી કિંમતે આપવા** માટે અમને મળેલ છે. અર્ધી કિંમતે રૂપિયા પચાસ થાય છે. જે ભાઈ-બહેનોને આ પુસ્તક જોઈતું હોય તેમણે મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસમાં સંપર્ક કરવા અને ત્યાંથી મેળવી લેવા વિનંતિ છે.

❑ **મેનેજર**

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ઑગસ્ટ ૨૦૦૯ના અંકથી આગળ)

૫૭૦. પ્રતર : પડનું નીકળવું તે, જેમ અબરખ, ભોજપત્ર આદિમાં.
परतें या तहें निकलना, जैसे अभ्रक, भोजपत्र आदि.
Gradually chopping off layers as in mica, birch etc.

૫૭૧. પ્રતિક્રમણ : થયેલ ભૂલનો અનુતાપ કરી તેથી નિવૃત્ત થવું અને નવી ભૂલ ન કરવા માટે સાવધાન થવું, તે પ્રતિક્રમણ.
हुई भूल का अनुताप करके उससे निवृत्त होना और भूल न हो इसके लिए सावधान रहना प्रतिक्रमण है ।
To repeat for the mistake that has been committed and to refrain from it, as also to remain alert that no new mistakes are commited - that is called Pratikramana.

૫૭૨. પ્રતિરૂપ (ઈંદ્ર) : વ્યંતરનિકાયના ભૂત પ્રકારના દેવોમાંના એક ઈંદ્ર છે.
व्यन्तर निकाय के किन्नर आदि आठ प्रकार के देवो में दो - दो इन्द्र है ।
One of the Indra among Bhutas a sub-type of Vyantara-nikaya.

૫૭૩. પ્રતિરૂપક વ્યવહાર : અસલને બદલે બનાવટી વસ્તુ ચલાવવી, તે 'પ્રતિરૂપક વ્યવહાર.'
असली के बदले नकली वस्तु से चलाना ।
To deal in counterfeit commodities.

૫૭૪. પ્રતિસેવનાકુશીલ : જેઓ ઈન્દ્રિયોને વશવર્તી હોવાથી કોઈ પ્રકારની ઉત્તર ગુણોની વિરાધના કરવા પૂર્વક પ્રવર્તે, તે પ્રતિ સેવનાકુશીલ.
इन्द्रियों को वशवर्ती होने से उत्तरगुणों की विराधनामूलक प्रवृत्ति करनेवाला प्रतिसेवना कुशील है ।
He who being a salve of his indriyas act in violation of some of the derivative virtues of a monk is called pratisevanaku'sila.

૫૭૫. પ્રત્યક્ષ : જે જ્ઞાન ઈંદ્રિય અને મનની સહાયતા સિવાય જ ફક્ત આત્માની યોગ્યતાના બળથી ઉત્પન્ન થાય છે, તે પ્રત્યક્ષ.
जो ज्ञान इन्द्रिय और मन की सहायता के बिना ही केवल आत्मा की योग्यता से उत्पन्न होता है, वह प्रत्यक्ष है ।
That cognition which originates without the aid of the sense-organs and manas and on the basis of the capacity of a soul, alone is pratyaksa or direct.

૫૭૬. પ્રત્યભિજ્ઞાન : પૂર્વમાં અનુભવેલી અને વર્તમાનમાં અનુભવાતી વસ્તુની એકતાના અનુસંધાનનું નામ પ્રત્યભિજ્ઞાન છે.
पहले अनुभव की हुई और वर्तमान में अनुभव की जानेवाली वस्तु की एकता का तालमेल प्रत्यभिज्ञान है ।
To detect identify between an object experienced earlier and one that is being experienced at present is Samjna or pratyabhijnana.

૫૭૭. પ્રત્યાખ્યાનાવરણીય : જેમનો વિપાક દેશવિરતિને ન રોકતાં ફક્ત સર્વવિરતિને રોકે, તે પ્રત્યાખ્યાનાવરણી ક્રોધ, માન, માયા અને લોભ.
जिनका विपाक देशविरति का प्रतिबन्ध न करके केवल सर्वविरति का ही प्रतिबन्ध करे वे प्रत्याख्यानवरणीय क्रोध, मान, माया और लोभ है ।
The karmas whose fructification obstructs not a partial moral discipline but a complete moral discipline are called anger, pride deceit and greed of the Pratyakhyanavarana.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **સાધનાનું હૃદય**
લેખક : **મુનિ અમરેન્દ્ર વિજયજી**
પ્રકાશક : જ્ઞાન જ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ,
C/o. જયદીપ સાવલા, શેઠના હાઉસ,
ત્રીજે માળે, ૧૩, લેબરનમ રોડ,
ગામદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૭.
મૂલ્ય-રૂા. ૩૫/-. પાના ૯૦. આવૃત્તિ-તૃતીય. ૨૦૦૮.

અધ્યાત્મ મૂર્તિ પૂજ્ય મુનિવર, શ્રી અમરેન્દ્ર વિજયજી મહારાજ સાહેબ જૈન સંઘની એક પ્રખર આધ્યાત્મિક વિભૂતિ હતા. પાર્થિવ દેહે તેઓ આપણી વચ્ચે નથી પરંતુ અક્ષરદેહે તેઓ છે.

પશ્ચિમના દેશોમાં શારીરિક સ્વાસ્થ્ય અને ચિત્તશાંતિ માટે યોગ તરફ આકર્ષણ થયું છે. ભારત માટે યોગ અને ધ્યાન એ નવી વાત નથી. ભારતમાં તો સદીઓ પૂર્વે શારીરિક સ્વાસ્થ્ય અને ચિત્તશાંતિ અર્થે જ નહિ પણ આધ્યાત્મિક વિકાસ માટે પણ ધ્યાનની ઉપયોગિતા સ્વીકારાઈ છે. જૈન સાધનામાં પણ ધ્યાનને ગૌરવભર્યું સ્થાન અપાયું છે. જૈન આગમો અને શાસ્ત્રગ્રંથોમાં પણ જૈન સાધકોમાં ધ્યાનનો વ્યાપક પ્રચાર હતો તે વાત જાણવા મળે છે. મુનિઓ, શ્રાવકો વગેરે ધ્યાન કરતા, પણ કાળક્રમે આ પરંપરા લુપ્ત થઈ ગઈ છે.

ધ્યાનનું અને નિશ્ચયદૃષ્ટિનું આપણી સાધનામાં શું સ્થાન છે તેનો નિર્દેશ કરી વર્તમાન જૈન સંઘમાં એ બેના પુનરુદ્ધારની આવશ્યકતા આ પુસ્તકમાં મુનિશ્રીએ સમજાવી છે. વીતરાગોએ પ્રબોધેલી સાધનાનું સ્વરૂપ શું છે ? પૂર્વાચાર્યોએ સાધનાના હાર્દ તરફ મુમુક્ષુઓનું ધ્યાન કેવા શબ્દોમાં દોર્યું છે વગેરે મુદ્દાઓનું વિશ્લેષણ કર્યું છે.

યોગક્ષેમનો ભાર જેમના શિરે છે તે પ્રબુદ્ધ ધર્મનાયકો-આચાર્યો અને વિમર્શશીલ અગ્રેસરોને વિચાર કરવા પ્રેરે તેવું આ પુસ્તક છે.

x x x

પુસ્તકનું નામ : **મૃત્યુંજય ણમોકાર (હિન્દી)**
લેખક : **મુનિશ્રી અમરેન્દ્ર વિજયજી**
પ્રકાશક : જ્ઞાન જ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ,
C/o. દિનેશ એચ. દોઢિયા,
૪૦૫, કમલાનગર, એમ. જી. રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.
ફોન : (૦૨૨) ૬૪૫૧૪૬૭૧.
મૂલ્ય-રૂા. ૧૫/-, પાના ૪૦, આવૃત્તિ દ્વિતીય, ૨૦૦૮.

અધ્યાત્મ મૂર્તિ પૂજ્ય મુનિવર, શ્રી અમરેન્દ્ર વિજયજી મહારાજ એક વિરલ મનીષી હતા. અધ્યાત્મના સત્યોને પ્રતીતિજનક શૈલીમાં અને સમ-સામાયિક સંદર્ભમાં પ્રસ્તુત કરનારા તેમના પુસ્તકો અનેક જણને પ્રકાશ પ્રદાન કરે છે.

'મૃત્યુંજય ણમોકાર' શિર્ષક ગુજરાતીમાં 'અચિંત ચિંતામણિ નવકાર'ના નામથી ૧૯૭૧માં પ્રગટ થઈ ચૂક્યું છે. જેની ૩૨૦૦૦ પ્રતિઓ ખપી ચૂકી છે. 'તીર્થંકર' સામયિકના સંપાદક ડૉ. નેમીચંદ જૈન દ્વારા તેનો હિંદી અનુવાદ થયો તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું છે.

નવકાર મહામંત્રના મહાત્મ્ય અને પ્રભાવથી કોઈ અપરિચિત નથી તેના અક્ષરે અક્ષરે કોટિ કોટિ શુદ્ધાત્માઓની શુભાકાંક્ષાઓ અંકિત છે એ વાત સર્વવિદિત છે. નવકાર મંત્રની શક્તિ અપરિમિત છે. જૈન ધર્મ અંધવિશ્વાસનો પૂંજ નથી પણ અત્યંત વૈજ્ઞાનિક અને તર્કસંગત ધર્મ છે. વસ્તુતઃ તે એક સ્વસ્થ જીવનદૃષ્ટિ છે. આ નાનકડી પુસ્તિકામાં 'મૃત્યુંજય ણમોકાર' અને નવકાર સાધનાની સાચી પ્રક્રિયા બે વિભાગમાં નવકાર મંત્રનો પ્રભાવ અને સાધનાની પદ્ધતિ સમજાવવામાં આવી છે.

પૂજ્ય મુનિશ્રી અમરેન્દ્ર વિજયજી એક વિચક્ષણ સાધુ છે. તેમણે ગુલાબચંદ ખીમચંદભાઈની પુનિત સાધનાની સાથે તાદાત્મ્ય બનાવીને આ કૃતિના અક્ષરે અક્ષરે આલેખી છે.

x x x

પુસ્તકનું નામ : **વહાલું વતન**
લેખક : **રોહિત શાહ**
પ્રકાશક : અમરભાઈ ઠાકોરલાલ શાહ
ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય,
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
મૂલ્ય-રૂા. ૩૫૦/-, પાના ૪૪૬, આવૃત્તિ-૧, જૂન ૨૦૦૬.

દરેક વ્યક્તિને બાળપણ હોય છે અને દરેક વતનને ઈતિહાસ હોય છે. બાળપણ અને ભોળપણનું સંગમતીર્થ એટલે રોહિત શાહે સંપાદિત કરેલ 'વહાલું વતન'.

આ સંપાદિત ગ્રંથમાં સંપાદકશ્રીએ ૯૦ વર્ષથી ૪૨ વર્ષ સુધીના કૂલ ૬૮ મહાનુભવોના પોતાના વતન વિશેના સંવેદનાત્મક આત્મકથનાત્મક લેખો પ્રકાશિત કર્યા છે. સંપાદન પોતે કરેલ છે. આ પુસ્તકનું પ્રેરણાબિંદુ 'કાબુલીવાલા' ફિલ્મનું યાદગાર ગીત છે. અય મેરે પ્યારે વતન, અય મેરે બિછડે વતન, તુઝ પે દિલ કુરબાન હૈ.

કોઈપણ મહાનુભવોના વતન વિશેની ઐતિહાસિક વાતો અને માત્ર ભૌગોલિક સીમાઓ વિશેની કેવળ શુષ્ક વિગતો એકઠી કરવાનું સંપાદકનું ધ્યેય નથી.

આ ગ્રંથમાં સંતો, સાહિત્યકારો, નેતાઓ, અભિનેતા, ડૉક્ટર, ન્યાયાધીશ, ઉદ્યોગપતિઓ અને અન્ય મહાનુભાવો તેમના વતન સાથે જોડાયેલા તેમના બાળપણની સ્મૃતિઓમાં આપણને સહભાગી બનાવે છે. વતનના કોઈ ખાસ સ્થળ કે ખાસ વ્યક્તિ સાથે લેખકના અતીતની જે સંવેદના જોડાએલી છે તેનો સાક્ષાત્કાર આપણને થાય છે.

અહીં કેન્દ્રમાં વતન છે, અને ત્રિજ્યાઓ બાળપણની છે. આત્મકથનાત્મક આલેખન તેનો પરિઘ છે.

આ 'વહાલું વતન' વાચકને પોતાના વતનમાં ડોકિયું કરાવે છે. સંવેદનશીલ સાહિત્યપ્રિય વાચકોના હૃદયને સ્પર્શી જાય તેવું આ પુસ્તક છે.

x x x

પુસ્તકનું નામ : **સૂરિરામ એટલે સૂરિરામ (ભાગ-૧-૨)**
પ. પૂ. તથા ગચ્છાધિપતિ પરમદાદા ગુરુદેવ શ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)ના પ્રેરક જીવન પ્રસંગો.
લેખક : **મુનિ ઉદયરત્ન**
પ્રકાશક : શ્રી રત્નોદય ચેરિટેબલ ટ્રસ્ટ,
અજય આર. શાહ
C/o. વિનસ મેડિકલ, ઉસ્માનપુરા, ચાર રસ્તા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪.
ફોન : (ઑ.) ૨૭૫૪૨૨૯૭.
મુંબઈ પ્રાપ્તિસ્થાન : આ. રામસૂરીશ્વરજી તત્ત્વજ્ઞાન સંસ્કૃત પાઠશાળા, શાહ ભુવન,
ધર્મનાથ જૈન દેરાસર સામે, કાર્ટર રોડ નં. ૧, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬.
ફોન : અમુભાઈ-મો.-૯૮૨૦૧૧૦૬૫૫.
મૂલ્ય-ભાગ-૧. રૂા. ૬૦/-. પાના -૧૫૬+૧૪=૧૭૦. આવૃત્તિ-પ્રથમ. સં. ૨૦૬૨.
મૂલ્ય-ભાગ-૨. રૂા. ૫૦/-. પાના -૧૫૬+૧૪=૧૭૦. આવૃત્તિ-પ્રથમ. સં. ૨૦૬૨.

આપણે ત્યાં શ્રમણ સંઘમાં ઉત્તમ જીવન જીવનારા ઉત્તમ પુરુષ ઘણાં છે પણ તેઓના પ્રસંગો, મનોગત વિચારો, વલણો ભાગ્યે જ લિપિબદ્ધ થયાં છે. ક્યારેક જ નોંધાયા છે. ત્યારે મુનિ ઉદયરત્ન તેમની રસાળ શૈલીમાં વાચકને તરબોળ કરી દે તેવું આ પુસ્તક આપી શ્રમણ સંઘને ઉત્તમ જીવન જીવવાની કેડી કંડારી આપે છે.

શિષ્યો પ્રત્યે નિર્ભેળ વાત્સલ્યના કારણે ઘણી વાતો તેમણે કરુણા નીતરતાં શબ્દોમાં આપી છે. આરાધક શિરોમણિ આચાર્ય પ્રવરશ્રીની સંયમ-સ્વાધ્યાય પ્રીતિ વિરલ કોટિની છે તેની પ્રતિતી અહીં થાય છે.

પૂજ્યશ્રીનું જીવન વિશાળ સાગર જેવું હતું. આ સ્મૃતિગ્રંથ નથી, આ તો પ્રસંગોની હારમાળા છે. તેઓશ્રીના રોજીંદા જીવનમાં વણાયેલા સંયમ સ્વાધ્યાયના તાણાવાણા જેમાં વણાયેલા છે એવા આ પ્રસંગોના વાંચનથી સંયમ અને સ્વાધ્યાયમાં પ્રવૃત્ત થયેલાને બળ મળશે. ગુરુવરને ચિરકાળ સુધી જીવંત રાખવા મુનિ ઉદયરત્ન વિજયજીએ એ શબ્દસ્થ કર્યા છે જેને આપણે મમળાવીશું તો વિરલ વિભૂતિ પ્રત્યેનો આદરભાવ વ્યક્ત થશે.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11



## એક અસહ્ય કરૂણાંતિકા

❑ મયુરી ગોસાઈ

એક કરૂણ ઘટના એવી બની ગઈ છે કે જે સાંભળતાં કોઈનું પણ હૃદય દ્રવી ઉઠે. પ્રસંગોની હારમાળા એવી સર્જાઈ કે જે સાંભળી કાળા માથાનો માનવી હચમચી ઉઠે. જૈન ધર્મની કર્મની ફિલોસોફી કેવી સચોટ અને વાસ્તવિક છે તેનો ખ્યાલ આવે. આ કરૂણાંતિકા તદ્દન સત્ય ઘટના છે તેની નોંધ લેશો. અહીં પાત્રોના નામ અવશ્ય બદલ્યા છે. પરંતુ પાત્રો સત્ય અને દુઃખની ગર્તામાં ઊંડે ઉતર્યા છે.

ડૉ. પ્રિયંકરે વર્ષો પહેલાં મેટરનીટી હોમની સ્થાપના કરેલી. પોતે ગાયનેક, પ્રેમાળ સ્વભાવના ને કાર્યમાં નિષ્ણાત હતા. ખૂબ જ ટૂંકા સમયમાં ડૉક્ટર તરીકેની કારકિર્દી વિસ્તરતી ગઈ અને નામ ને દામ મેળવતા ગયા. તેમને ઈશ્વરે બે પુત્રરત્ન અને એક પુત્રીરત્ન આપ્યા. સમય જતાં બંને પુત્રો પણ ડૉ. બન્યા અને નાનાએ Fertility Clinic ખોલવાનું નક્કી કર્યું; અને મોટાએ ગાયનેક તરીકે કારકિર્દી અપનાવી અને થોડા સમયમાં જ મોટા દીકરાને ત્યાં દીકરીનો જન્મ થયો. સૌનું મન હરી લે તેવા પુત્રો, પુત્રી અને ઢીંગલી જેવી પૌત્રી–આવો સુખી પરિવાર એ હતો જેમાં સુખ ને સમૃદ્ધિનો કોઈ પાર ન હતો. કોઈને પણ ઈર્ષ્યા આવે એવી જાહોજલાલી હતી. પૂર્વના શુભ કર્મોના પરિણામનો જાણે વરસાદ વરસ્યો હોય તેમ લાગતું.

નાનો દીકરો સમર્પણ જેણે Fertility Clinic શરૂ કર્યું હતું તે ઑસ્ટ્રેલિયામાં વિશેષ અભ્યાસ કરી એ વિષયમાં પારંગત થઈ પ્રેકટીકલ ટ્રેનીંગ મેળવવા માટે મુંબઈમાં એક ડૉ. સાથે ત્રણ મહિના માટે ટ્રેનીંગ નક્કી કરી અઠવાડિયા માટે પોતાને ઘરે ગયો. ઘરેથી દસ દિવસમાં જ પાછો આવવાનો હતો તે દરમિયાન તેના પેટમાં સખત દુઃખાવો ઉપડ્યો અને હોસ્પિટલમાં દાખલ કર્યો. બધી જ ટ્રીટમેન્ટ કરી અને પ્રસિદ્ધ અને અનુભવી ડૉક્ટરને બતાવ્યું તે છતાંય છેલ્લે સુધી દર્દ ન પરખાયું એટલે તેને મુંબઈ જશલોકમાં દાખલ કરવામાં આવ્યો. અહીં પણ તે જ પ્રમાણે બધાં જ નિષ્ણાત ડૉક્ટરને બતાવ્યું, ટ્રીટમેન્ટ કરી છતાં કંઈ ફેર ન પડ્યો ને ટૂંક સમયમાં તેનો દેહાંત થયો. આ ડૉ. પ્રિયંકરના જીવનનો દુઃખનો પહેલો ઘા. ખૂબ જ દુઃખી અને વ્યથીત હૃદયે ડૉ. પ્રિયંકર અને એમના પત્ની ઘરે પાછા ફર્યાં. થોડાં સમય બાદ એ સ્વર્ગસ્થ દીકરાની પત્નીને આજ રીતે

## પંથે પંથે પાથેય...

દર્દ ઉપડ્યું. અનકો ઉપાય છતાં છેલ્લે સુધી દર્દ ન પરખાયું અને તેનું પણ દેહાંત થયું. આ પ્રિયંકરના જીવનના દુઃખનો બીજો કારમો ઘા!! થોડાં  સમય પછી મોટા પુત્ર ડૉ. સુમીપને તેજ  પ્રમાણે દુઃખાવો ઉપડ્યો, બધી જ સારવાર કરી છતાંયે કોઈ કારગત ન નીવડી અને દર્દ પરખાયું નહીં. અને તેનો પણ દેહાંત થયો!!! આ પ્રિયંકરના જીવનનો ત્રીજો કારમો ઘા!!!

હવે એમના જીવન-ઘરમાં એક નાની ઢીંગલી જેવી પૌત્રી શીવાની જીવંત રહી. મા–બાપ માટે હવે જીવનમાં આસરા જેવી, અને જોઈને ગમી જાય તેવી લાડલી પૌત્રીજ બાકી રહી. ખૂબ જ અશુભ કર્મોનો ઉદય થયો અને આ નાની ઢીંગલીને પેટમાં દુઃખાવો ઉપડ્યો, અનેક ઉપચારો કર્યા છતાં દર્દ ન પરખાયું, અને તે અરિહંતશરણ થઈ!!! આ ડૉ. પ્રિયંકરના જીવનનો ચોથો અને છેલ્લો (?) કારમો ઘા!!! હિમાલય જેવો આ વજ્રઘાત જે કોઈ ખમી ન શકે, આ બનાવે ડૉ. પ્રિયંકર દંપતીને હચમચાવી દીધા! ખૂબ જ સુખી અને સમૃદ્ધ ડૉક્ટર જેણે ઉત્તમ ભવિષ્ય માટે દરેક સગવડો ગોઠવેલી એ બધાંનો ભાંગીને ભૂક્કો થઈ ગયો. પત્તાના મહલની માફક આખુંય સ્વપ્ન ચકનાચુર થઈ ગયું. હવે આ જીવનમાં કોના આધારે જીવવું? કોના માટે? શેને માટે? એ મહા પ્રશ્ન આ ડૉક્ટર દંપતીની આંખ સામે તરવરી રહ્યો છે. હવે આજે ડૉક્ટર પોતાના ગત જીવનના ભંગાર વચ્ચે એક આશાએ જીવે છે કે ક્યારેક કોઈ સુખનું એક રજકણ મળશે!! તેવી આશાએ જીવનના બાકીના દિવસો દુઃખ અને ભયંકર વેદના વચ્ચે વિતાવે છે.

મારો એક જ પ્રશ્ન છે કે આ અદ્ભુત કરૂણાંતિકા વાંચી તમને દુઃખ અને દર્દની લાગણી જરૂર થશે. આંખમાંથી વેદનાના આંસુનો વરસાદ વરસશે. મારો સુજ્ઞ વાંચકોને, ગુરુ ભગવંતોને, જ્ઞાનીજનોને એક જ પ્રશ્ન છે કે આવા ભયંકર બનાવ બનવા પાછળ પૂર્વજન્મના અશુભ કારણો જવાબદાર હશે? પરંતુ તે કયા, કેવા અને કેટલા કારણો કેટલાક પ્રમાણમાં હોઈ શકે તે જણાવે તેથી સૌ કોઈ તેવા કર્મોથી જીવનમાં દૂર રહે. પ્રશ્નનો જવાબ આપવા સૌ અનુભવી, જ્ઞાની તજજ્ઞોને મારી એક નમ્ર વિનંતી છે. ડૉક્ટર દંપતીના જીવનમાં જેવું બન્યું તેવું કોઈનાયે જીવનમાં ન બને અને એવા અશુભ કર્મોથી સર્વે સદાયે દૂર રહે અને ડૉ. પ્રિયંકરના ભાવિ જીવન માટે પ્રેરણા આપે. શક્ય હોય તો મારા પ્રશ્નનો જવાબ 'પ્રબુદ્ધ જીવન'ને લખી મોકલશો તો હું એમનો મોટો ઉપકાર માનીશ.

અહીં કર્મ અને નિયતિની કઈ ચર્ચા કરવી? શાસ્ત્રમાં કહ્યું છે, ભાગ્યોદય સર્વોદય અને ભાગ્યનાશ સર્વનાશ, એવું સ્વીકારી જે થઈ રહ્યું છે એ દૃષ્ટા ભાવે જોયા કરવું? ✷✷✷

૧૩૮, રૂમ નં. ૨૬, બીજે માળે, ત્રીજો કુંભારવાડા,
ડૉ. એમ. જી. માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૨૦૦૪૦૪૧/૪૨/૪૩.

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

# પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૬૯ અંક : ૧૦ મુંબઈ, ઑક્ટોબર ૨૦૦૯ પાના : ૩૨ કીમત રૂપિયા દસ

## જિન–વચન

### મોહ અને તૃષ્ણા

जहा य अंडप्पभावा बलागा
अंडं बलागप्पभवं जहा य ।
एमेव मोहायतणं खु तण्ह
मोहं च तण्हायतणं वयंति ।।

–उत्तराध्ययन– ३२-६

જેમ ઈંડામાંથી બગલી જન્મે છે અને બગલીમાંથી ઈંડું જન્મે છે તેમ મોહમાંથી તૃષ્ણા જન્મે છે અને તૃષ્ણામાંથી મોહ જન્મે છે. જ્ઞાની પુરુષો એમ કહે છે.

जिस प्रकार बलाका अण्डे से उत्पन्न होती है और अण्डा बलाका से उत्पन्न होता है उसी प्रकार तृष्णा मोह से उत्पन्न होती है और मोह तृष्णा से उत्पन्न होता है । ज्ञानी पुरुषों ने ऐसा कहा है ।

Just as an egg gives birth to a crane and a crane lays an egg, in the same way delusion gives birth to desire and desire gives birth to delusion. This is said by the wise people.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

## આચમન

## સાધનાનું પ્રથમ ચરણ

પરમયોગી શ્રી સાંઈબાબાના એક ભક્તે સાંઈબાબા પાસે આવી સાધનાના માર્ગો પૂછ્યા અને પોતાની શક્તિ અશક્તિની વાત કરી.

'બાબા, મારે સાધના કરવી છે, પણ તમારો એક શિષ્ય જે રીતે ભક્તિ કરે છે એ મારાથી શક્ય નથી, મારામાં ચિત્તની એકાગ્રતા પ્રગટતી જ નથી.'

'તો સાધનાનો બીજો પ્રકાર અપનાવો.'

સાંઈબાબાએ ઉત્તર આપ્યો:

'હા, પણ તમારા બીજા શિષ્યની જેમ જ્ઞાન માર્ગ પણ મારાથી શક્ય નથી. તત્ત્વજ્ઞાનના પુસ્તકો હાથમાં લઉં છું ત્યાં જ મને ઊંઘ આવવા માંડે છે.'

'તો ત્રીજો પ્રકાર પસંદ કરો.'

'તમારા ત્રીજા શિષ્યની જેમ હું ધનવાન પણ નથી, જેથી હું ધનદાન કરી એ માર્ગે અપરિગ્રહની સાધના કરી શકું.'

'તો ચોથો પ્રકાર અપનાવો.'

'તમારા પેલા ચોથા શિષ્યની જેમ હું શરીરે શક્તિવાન પણ નથી, જેથી આપની કે અન્ય ગરીબ કે અસહાયની શારીરિક સેવા કરી શકું. ખરેખર બાબા તમારા આ બધાં શિષ્યોની મને ખૂબ જ ઈર્ષ્યા આવે છે. એ બધાં કેટલું બધું કરે છે, અને કેટલાં બધાંના પ્રસંશાપાત્ર બને છે? સાધના માટે હવે હું શું કરું બાબા?'

'જો બેટા સાધનાના તો અનેક માર્ગો છે, પણ એક પાંચમો માર્ગ છે, એ કોઈ પણ સાધનાનું પ્રથમ પગથિયું છે અને એ ઉત્તમોત્તમ તેમજ આત્મ વિકાસનું છે. એ તું જરૂર કરી શકીશ, એ તારામાં રહેલું છે. માત્ર એને તારે બહાર કાઢવાનું છે.'

'બાબા...બાબા તો તો જલદી કહો...મારામાં પડ્યું છે અને મારે માત્ર એને બહાર જ કાઢવાનું છે? એ તો હું અવશ્ય કરીશ, કહો બાબા જલદી કહો. શું એ ક્રોધ છે?'

'ના ક્રોધ તો સંજોગો આધિન અને આવન-જાવન છે.'

'તો લોભ?'

'ના, એ તો પરલક્ષી છે. વસ્તુ પામવાની શક્તિ ન હોય તો માણસ એને છોડી દે છે. એ બાહ્ય છે.'

'તો મોહ?'

'એ પણ બાહ્ય અને ક્ષણિક છે.'

'તો પછી શું?...જલદી કહો બાબા.'

'પણ એ કઠિન છે. ખૂબ જ મુશ્કેલ છે.'

'અરે મારામાં જ પડ્યું છે તો મુશ્કેલ શા માટે? હમણાં જ ખેંચીને એ કાઢી નાંખું...'

'એ છે 'ઈર્ષા', 'સરખામણી' અને 'યશની અપેક્ષા'...બસ આ ત્રણ શત્રુને હૃદયમાંથી પ્રથમ ખેંચીને રવાના કર. સાધનાનું આ પ્રથમ ચરણ. પછી આત્મસાધનાના સૂર્ય કિરણો અંદર પ્રવેશવા માંડશે અને સાધનાનો ઝળહળતો સૂર્ય પ્રગટ થશે.

**–પ્રજ્ઞાચક્ષુ પંડિત મનુભાઈ દોશી કૃત સંશોધનાત્મક 'સાઈ જીવન કથા'ના આધારે.**

(૦૭૯-૨૬૬૧૩૩૫૯)(૦૯૪૨૮૮૦૩૩૫૯)

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | તીર્થ સ્વરૂપ વાંચન દશ્ય ગ્રંથ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને મહાત્મા ગાંધી : વ્યક્તિ વિશ્લેષણ | અનુવાદક : પુષ્પાબહેન પરીખ | ૬ |
| (૩) | દીકરી માટેની ઝંખના | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૮ |
| (૪) | આગમસુત્તંથી સમણસુત્તં | શ્રી હર્ષદ દોશી | ૧૦ |
| (૫) | પ્રાચીન જૈન મુનિઓની ઊજળી પરંપરાનું તેજસ્વી અનુસંધાન : દીપરત્નસાગર મહારાજ | ડૉ. બિપિન આશર | ૧૬ |
| (૬) | જયભિખ્ખુ જીવનધારા-૧૧ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| (૭) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૧૨ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૩ |
| (૮) | લોક વિદ્યાલય-વાલુકડ : આર્થિક સહાયની યાદી | — | ૨૬ |
| (૯) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૩૧ |
| (૧૦) | તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો : પંથે પંથે પાથેય... | સુશ્રી બંસરી પારેખ | ૩૨ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/-(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/-(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/-(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/-(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/-(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૧૦ ● ઑક્ટોબર, ૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૫ ● વીર સંવત ૨૫૩૫ ● આસો વદિ – તિથિ ૧૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## તીર્થ સ્વરૂપ વાંચન–દૃશ્ય ગ્રંથ

જગત વત્સલ મહાવીર જિનવર સુણી, ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો!
તારજો બાપજી બિરુદ નિજ રાખવા, દાસની સેવના રખે જોશો (૨૪) ૬.

'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ વાચકો!

સર્વ પ્રથમ આપણે વીર સંવત ૨૫૩૫ અને વિક્રમ સંવત ૨૦૬૫ ને વિદાય આપી એ વર્ષના દીપાવલી દિનના ભગવાન મહાવીરના નિર્વાણ કલ્યાણક દિવસે આ તીર્થંકર ભગવાન મહાવીરના ચરણોમાં વંદન કરી એ કેવળજ્ઞાની આત્માનું શરણ પ્રાર્થીએ.

અને વીર સંવત ૨૫૩૬ અને વિક્રમ સંવત ૨૦૬૬ના આગમનને આનંદ અને આશાથી વધાવીએ.

પ્રબુદ્ધ વાચકો! શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આપને નૂતન વર્ષાભિનંદન પાઠવી અનેક શુભેચ્છાઓનો થાળ ધરી આપના અંતરમાં બિરાજમાન જિજ્ઞાસુ ભાવ અને આપના ભવ્ય આત્માને વંદન કરે છે.

નવા વરસના આ શુભ દિવસોમાં આજે વર્તમાન કાળમાં પ્રકાશિત થયેલ એક ભવ્ય ગ્રંથનું આપને દર્શન કરાવવાની ભાવના હૃદયમાં પ્રગટી છે.

આ ગ્રંથ વાંચતા અને એના પૃષ્ટોનું દર્શન કરતાં જેમ પૂર્વ દિશામાં દૂર દૂરથી પ્રગટતા પ્રભાતના સૂર્ય કિરણના સ્પર્શથી પંકમાં–કાદવમાં–સ્થિર પંકજ–કમળ ખીલી ઊઠે એમ આ ગ્રંથના વાંચન-દર્શનથી આ હૃદય જિન ભક્તિજ્ઞાનથી પુલકિત થઈ ઊઠ્યું છે. આપને પણ આવી જ અનુભૂતિ થશે જ એવી આ લખનારને પરમ શ્રદ્ધા છે.

૨૪x૩૪ ઈંચમાં વિસ્તરાયેલો, વજનમાં ત્રણ કિલો અને સુંદર સમૃદ્ધ ૫૦૫ આર્ટ પેપરમાં અંકિત થયેલો, ભારતના વિવિધ કલા સંગ્રહાલયોમાંથી પ્રાપ્ત કરેલ લગભગ ૨૨૯ ભવ્ય કલાકૃતિઓથી શણગારેલો અને શોભતો, પ્રત્યેક પૃષ્ટમાં જિન ભક્તિની મહિમા ગાતી કુલ ૨૧૬ ગાથા (૯૫૬ પંક્તિઓ)માં જિનભક્તિ અને તત્ત્વના ઊંડાણની ઝાલર રણકાવતો, તીર્થસ્વરૂપ આ ગ્રંથ એટલે હર્ષદરાય હેરિટેજ–મુંબઈ દ્વારા ૨૦૦૫ની સાલમાં પ્રકાશિત થયેલ, જેના સંપાદન માટે આ ગ્રંથ નિર્માણમાં સાથ આપનાર સર્વે વિદ્વવદ્જનોને અને સંપાદકને ખોબલે ખોબલે હૃદય ભરીને અભિનંદન આપવાના ઓરતા જાગે એવો શ્રી પ્રેમલ કાપડિયા દ્વારા સંપાદિત થયેલ ગ્રંથ એ શ્રીમદ્ દેવચંદજી કૃત ચોવીસી ગ્રંથ.

જેમના ઘરમાં મંદિર ન હોય કે જેઓ મંદિરે જવા અશક્તિમાન હોય તેમના ઘરમાં આ ગ્રંથ બિરાજે તો એ ઘર 'ઘર દેરાસર' બની જાય, અને પ્રતિદિન જિન દર્શન અને જ્ઞાનની શુભ પળ પ્રાપ્ત થતા કર્મ નિર્જરા થાય અને શુભ કર્મનો ઉદય થાય. આ ભવ્ય ગ્રંથમાં વર્તમાનકાલીન ૨૪ તીર્થંકરો, ગણધરો, વિવિધ દેવ, દેવી, વ્યંતરો, વિવિધ તીર્થપટો; સમવસરણ, જંબૂદ્વિપ, અષ્ટમંગલ, શ્રી ઋષિ મંડળ યંત્ર, શ્રી સૂરિ યંત્ર, અષ્ટાપદ, સમેતશિખર, શત્રુંજય, આબુ, ગિરનાર, વગેરે તીર્થ સ્થળો, ભવ્ય જીવોની ચરણ પાદુકા, નવપદ, છ લેશ્યા, શ્રી સિદ્ધચક્ર વગેરે દૃશ્યમાન થાય છે. આ સર્વના પાવન દર્શનથી દર્શકની એ ઘડી મંગળમય બની જાય અને એ દિવસ ધન્ય બની જાય.

આ ગ્રંથના પૃષ્ટો કલા સૌંદર્યથી છલોછલ તો છે જ પરંતુ એથીય વિશેષ આ ગ્રંથના શબ્દે શબ્દમાં જૈન તત્ત્વના ગહન જ્ઞાનનો ઉદધિ પણ સમાયેલો છે.

આ અંકના સૌજન્યદાતા :
સ્મૃતિ : પ્રજ્ઞાચક્ષુ જ્યોતિ મોહનલાલ પારેખ
હસ્તે : પારેખ પરિવાર

આ ગ્રંથમાં પ. પૂ. અધ્યાત્મયોગી ઉપાધ્યાય શ્રીમદ્ દેવચંદ્રજી મ.સા.ના ભક્ત આત્મામાંથી ઉદ્ભવેલા ભક્તિજ્ઞાન ભર્યા ચોવીસ સ્તવનો અને એક કળશ એમ પચ્ચીસ સ્તવનો છે. સર્વ પ્રથમ આપણે આ કાવ્યોના સર્જક એ મહાયોગીનો પુદ્ગલ પરિચય અનુભવીએ.

પૂજ્યશ્રી દેવચંદ્રજીનું જન્મ સ્થળ મારવાડમાં બિકાનેર નગર પાસેનું એક નાનું ગામ. કુટુંબ ઓસવાલ વંશીય. પિતા સુશ્રાવક તુલસીદાસજી અને માતા સુસંસ્કારી શ્રાવિકા ધનબાઈ. શ્રાવિકા ધનબાઈના ઉદરમાં ગર્ભ સ્થાપિત થયો ત્યારે જ આ દંપતીએ પૂ. ઉપાધ્યાય રાજસાગરજી પાસે પ્રતિજ્ઞા કરી કે જો એઓને પુત્રરત્ન પ્રાપ્ત થશે તો તેઓ આનંદસહ એ પુત્રરત્નને જિનશાસનને સમર્પિત કરશે. ગર્ભ વૃદ્ધિ દરમિયાન માતા ધનબાઈને એવું સ્વપ્નું આવ્યું કે એમના મુખમાં ચંદ્રનો પ્રવેશ થઈ રહ્યો છે, અને વિહાર કરતા ખરતરગચ્છની ૬૧મી પાટે બિરાજમાન પૂ. આચાર્ય શ્રી જિનચન્દ્રસૂરિ કે જેમને સમ્રાટ અકબરે 'યુગ પ્રભાવક'નું બિરુદ આપ્યું હતું તેમને સ્વપ્ન અર્થ પૂછતા પૂજ્યશ્રીએ કહ્યું કે અવતરનાર બાળક કાં છત્રપતિ થશે કાં પત્રપતિ (જ્ઞાનીમુનિ) થશે. અને વિક્રમ સંવત ૧૭૪૬ એટલે ઈ. સ. ૧૬૯૦માં આ દંપતીને ઘરે પુત્રજન્મ થયો જેનું નામ ચંદ્ર સ્વપ્નને કારણે 'દેવચંદ્ર' પાડવામાં આવ્યું.

જ્યારે વિહાર કરતા કરતા શ્રી રાજસાગરજી એ ગામમાં પધાર્યા ત્યારે પ્રતિજ્ઞા પ્રમાણે આઠ વર્ષના બાળક દેવચંદ્રને આ દંપતીએ ગુરુને સમર્પિત કરી દીધો.

દશ વર્ષની ઊંમરે દેવચંદ્રજીને લઘુદીક્ષા, તત્ પશ્ચાત્ આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિજીએ દેવચંદ્રજીને વડી દીક્ષા આપી.

વાચકવર્ય અને અનેક ગુણ વિશેષણોથી વિભૂષિત પૂજ્ય શ્રી દેવચંદ્રજીએ અનેક ગ્રંથોનો ગહન અભ્યાસ કરી શ્રુતજ્ઞાન રસનું પાન કર્યું. મા સરસ્વતીની એઓશ્રી ઉપર અવિરત કૃપા વરસતી રહી. એ સમયના જ્ઞાનીજનો કહેતા કે પૂ. દેવચંદ્રજીને એક પૂર્વ કોટિનું દિવ્યજ્ઞાન હતું અને મસ્તકમાં મણિ હતો.

સાધુ જીવનના ચુસ્ત નિયમો પાળતા પાળતા અને સતત ભારતભૂમિ ઉપર વિહારો કરતા જૈન તત્ત્વોનો ઉપદેશ આપતા આપતા તેમજ અનેક ભવ્ય પ્રતિષ્ઠાનો અને મહોત્સવ ઉપરાંત ક્રિયોદ્ધાર કરાવતા કરાવતા એઓશ્રીએ અનેક તત્ત્વગ્રંથોનું સર્જન કરી જૈન સાહિત્યને ઊંચેરી મહિમા બક્ષી. પંજાબમાં 'ધ્યાન દીપિકા ચતુષ્પદી' ગ્રંથ, બિકાનેરમાં સાત ભાષામાં 'દ્રવ્ય પ્રકાશ' ગ્રંથ, મોટા કોટ મરોટ (રાજસ્થાન)માં 'આગમસારોદ્ધાર', જામનગરમાં 'વિચાર સાર' અને 'જ્ઞાનમંજરી' ઉપરાંત સ્નાત્રપૂજા, ચોવીસી, દ્રવ્યપ્રકાશ, વિચાર રત્નસાગર, જ્ઞાનમંજરી ટીકા, નયચક્રસાર, વગેરે અનેક જૈન તત્ત્વજ્ઞાનના ગ્રંથોનું પૂજ્યશ્રીએ સર્જન કર્યું હતું. આ બધા ગ્રંથો જૈન શાસન માટે રત્નો સમાન છે.

માત્ર છાસઠ વર્ષની ઊંમરે વિક્રમ સંવત ૧૮૧૨ના ભાદ્રપદ અમાવસ્યાને રાત્રે એક પ્રહર પૂર્ણ થતા દશવૈકાલિક, ઉત્તરાધ્યન વગેરે સૂત્રોનું શ્રવણ કરતાં કરતાં તથા શ્રી અરિહંતનું ધ્યાન ધરતા ધરતા પૂ. શ્રી દેવચંદ્રજી અમદાવાદમાં દોશીવાડાની પોળમાં ડહેલાના ઉપાશ્રયમાં કાળગતિ પામ્યા. પૂજ્યશ્રીના જીવનકાળ દરમિયાન પૂજ્યશ્રીની તપ અને સાધનાના અનેક ચમત્કારો એ સમયના સમાજે અનુભવ્યા હતા.

તપાગચ્છ, ખરતરગચ્છ અને અચલગચ્છના વિદ્વાન મુનિવરો પ્રત્યે તેમનો ઘણો પ્રેમભાવ હોવાથી તથા તેમની ગુણાનુરાગિતા, સમભાવદૃષ્ટિ અને આત્મજ્ઞાનીતાને કારણે સર્વ ગચ્છોમાં તેમની મહત્તા, પ્રતિષ્ઠા, ખ્યાતિ અને વિદ્વતા તેમની હયાતીમાં જ વૃદ્ધિ પામી હતી. તપાગચ્છીય શ્રી પદ્મવિજયજી, શ્રી ઉત્તમ વિજય નિર્વાણ રાસમાં જણાવે છે કે-

'ખરતરગચ્છ માહે થાય રે, નામે શ્રી દેવચંદ રે।
જૈન સિદ્ધાંત શિરોમણિ રે, લોલ।
ધૈર્યાદિક ગુણવૃંદરે, દેશના જાસ સ્વરૂપની રે લોલ।।'

નિજાનંદમાં મસ્ત એવા આધ્યાત્મયોગી આ સર્વમાન્ય સંતપુરુષના આત્મ હિમાલયમાંથી અવતરેલી એઓશ્રીની આ ચોવીશીની વાત હવે આપણે કરીએ.

સામાન્ય રીતે આપણે આનંદઘનજીની ચોવીશી વિશે વિશેષ પરિચિત છીએ. આ ચોવીશીના સાહિત્યપ્રકાર અને જૈન સાધુ ભગવંતો તેમજ કવિ શ્રાવકો દ્વારા લખાયેલી ચોવીશી ઉપર શોધ પ્રબંધ લખનાર ડૉ. અભય દોશી આ પ્રકારની ચોવીશીનું મૂળ આગમ સાહિત્યમાં જુએ છે અને લખે છે કે આ ચોવીશી કાવ્ય સ્વરૂપ પ્રચલિત તો વિક્રમના ૧૬મા શતકથી, એટલે મધ્યકાલિન સમયમાં થયું, અને એ સમયમાં ખરતરગચ્છના જયસાગર ઉપાધ્યાયે પ્રથમ 'સ્તવન ચોવીશી'ની રચના કરી. ત્યારબાદ એ શતકમાં પાંચ, ૧૭મા શતકમાં ૭, ૧૮મા શતકમાં લગભગ ૬૯,-આનંદ ધનજીએ ચોવીશી ૧૭-૧૮ શતક દરમિયાન લખી,-ત્યાર પછી આ પ્રકારની ચોવીશી લખાતી જ રહી છે. 'જિજ્ઞાસુએ ડૉ. અભય દોશી લિખિત 'ચોવીશી સ્વરૂપ અને સાહિત્ય' ગ્રંથ જોવો.)

પ્રારંભમાં આ પ્રકારની ચોવીશી ભક્તિ પ્રધાન જ હતી, પછી ભક્તિ અને જ્ઞાન બેઉને કેન્દ્રમાં રાખી આ પ્રકારની ચોવીશી લખાતી ગઈ. આનંદઘનજીની જ્ઞાન-પ્રધાન ચોવીશી ઉપર તો એકથી વધુ શોધપ્રબંધો લખાયા છે.

આપણા આ દેવચંદ્રજીની ચોવીશી તો ગહનતમ છે.

આ ગ્રંથના સંપાદક શ્રી પ્રેમલ કાપડિયાને આવા ભવ્ય અને કઠિન ગ્રંથની રચના કરવાની સ્ફૂરણા કઈ પળે થઈ એ આપણે એમના શબ્દોમાં જ સાંભળીએ.

''આ સંસારના પ્રત્યેક જીવાત્માઓ કાયમી અને સંપૂર્ણ સુખને ઈચ્છે છે. આ પ્રકારનું સુખ મોક્ષ સિવાય બીજે ક્યાંય મળી શકે નહિ. પરંતુ અધ્યાત્મ રસિક જીવો આવા સુખને આંશિક રીતે ચોક્કસ અનુભવી શકે છે.

મને પણ અધ્યાત્મમાં ઘણી રુચિ હતી. આનંદઘનજીનાં સ્તવનો અને પદોનો અભ્યાસ ચાલુ હતો. પ્રભુની પ્રભુતા અને એમની

ગુણસંપદા જાણવાની અને સમજવાની વર્ષોથી અતિ જિજ્ઞાસા હતી અને પરમાત્માની કૃપાથી આવો યોગ અનાયાસે પ્રાપ્ત થયો. એક ધન્ય દિવસે અધ્યાત્મયોગી આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણ-સૂરીશ્વરજી મ.સા.ના વંદનાર્થે હું લોનાવલા ગયો હતો. પ્રથમ વખતના દર્શને જ પૂજ્યશ્રીએ મને દેવચન્દ્રજી ચોવીસી ભણવાની ભલામણ કરી.

શરૂઆતમાં આ અભ્યાસ ખૂબ જ ગહન લાગ્યો પરંતુ વારંવાર પૂ. કલાપૂર્ણસૂરીજીના સાન્નિધ્યથી, તેમની કૃપાદૃષ્ટિના કારણે ધીમે ધીમે સ્તવનોના અર્થ અને રહસ્યો ખૂલવા લાગ્યા. પૂજ્યશ્રીને એક ગાથાનો અર્થ પૂછતાં તેઓશ્રી આરંભથી અંત સુધી, પૂરા સ્તવનનો અર્થ સવિસ્તૃત સમજાવતા. એટલે સવિશેષ રસ જાગવાથી, ઉત્તરોત્તર, આ ચોવીસીના ગાનમાં આનંદ વધતો ચાલ્યો અને આરાધનામાં પ્રગતિ થવા લાગી.

પૂ. દેવચન્દ્રજીના સ્તવનો અત્યંત હૃદયવેધક છે અને જેમ જેમ આ સ્તવનોનું સ્મરણ, મનન અને ચિંતન કરાય છે તેમ તેમ પ્રસન્નતા અને હર્ષ અનુભવાય છે. જ્યારે જ્યારે ચૈત્યવંદન આદિ ક્રિયાઓમાં આ સ્તવનોની માર્મિક ગાથાઓનું ઉપયોગપૂર્વક ગાન થાય છે ત્યારે ત્યારે અતિ ભાવોલ્લાસ જાગે છે. હૃદય પુલકિત બને છે.

ગ્રંથકાર મહાત્માએ આવા તત્ત્વદૃષ્ટિરૂપી પુષ્પોને સ્તવનરૂપી માળામાં ગૂંથીને 'પરમતત્ત્વની ઉપાસના'ના ઈચ્છુક પર મહાન ઉપકાર કર્યો છે. પૂજ્યશ્રીની કવિત્વ શક્તિ પણ વચનાતીત હોવાથી સ્તવનો વિશેષરૂપથી હૃદયંગમ બને છે.

આ સ્તવનોનો અભ્યાસ કરતી વખતે તેઓશ્રીના 'સ્વોપજ્ઞ બાલવબોધ' તથા 'પરમતત્ત્વની ઉપાસના' વિગેરે અનેક ગ્રંથોનો ઉપયોગ કર્યો. સ્વોપજ્ઞ બાલાવબોધમાં તેઓએ આગમ અને બીજા ઘણા સુંદર ગ્રંથોમાંથી સંસ્કૃત-પ્રાકૃત અવતરણો લીધાં છે. તેનો અર્થ અમે આ સાથે આપવાનો પ્રયાસ કર્યો છે.

આ સ્તવનોના અધ્યયન પછી એવી ભાવના ઉત્પન્ન થઈ કે દેવચન્દ્રજી ચોવીસીનો એવો ગ્રંથ પ્રકાશિત કરવો કે જે જિજ્ઞાસુ સાધક સરળતાથી સમજી શકે. તેથી પ્રસ્તુત ગ્રંથમાં સ્તવનોના અર્થ અને સાર પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી કૃત 'પરમતત્ત્વની ઉપાસના'માંથી લીધા છે.''

આ ગ્રંથમાં પરમ પૂજ્ય આચાર્ય દેવશ્રી વિજય કલાપૂર્ણ-સૂરીશ્વરજીનો જિન ભક્તિની મહિમા ગાતો અધ્યયનશીલ લેખ ગ્રંથ મુગટમાં મોરપિચ્છ સમાન છે.

આ ચોવીશીની પ્રત્યેક ગાથા એક ગહન ગ્રંથ જેવી છે. પ્રત્યેક શબ્દને જિનમૂર્તિ સમજીને એને સ્થિર અને એકાગ્ર દૃષ્ટિથી નિરખો, એ શબ્દ સામે સ્થિર થાવ અને જૈન તત્ત્વોના અગમ્ય રહસ્યો જેવા કે નય, સપ્તભંગી, સ્યાદવાદ, જ્ઞાનયોગ, શ્રદ્ધાયોગ, ચારિત્રયોગ, કર્મયોગ અને ભક્તિયોગ વગેરે ભાવકની પ્રજ્ઞા અને હૃદયમાં ઉઘડવા લાગશે. ત્યારે એવી પ્રતીતિ થશે કે પ્રીત કરવી તો કોઈ પુદ્ગલ કે પિંડની સાથે શા માટે પ્રીત કરવી? પિંડની પ્રીત એ તો અનિત્ય છે, સાચી અને નિત્યભાવી પ્રીત તો આ જિન ભક્તિની જ છે, એટલે એ જ કરવી.

યોગી પુરુષ દેવચંદ્રજીએ પ્રભુ ભક્તિમાં લયલીન થઈ, મસ્ત મૌજી થઈ, દેહાતિત થઈ, બાહ્ય ભાવથી પરાઙ્મુખ બની, પરરૂપને સદંતર વિસરી સ્વરૂપમાં ઓતપ્રોત થઈ તીર્થંકર ભગવાનના ગુણો અને મહિમા ગાતી મન હિમાલયમાંથી ગંગા જેવી વહાવેલી આ તત્ત્વરસ, અધ્યાત્મરસ, વૈરાગ્યરસ અને સમતારસથી તેમજ કાવ્યત્વ અને ગેયત્વથી છલકાતી આ રચનાઓમાં શરીર અને હૃદયને ઝબોળીએ તો જીવનની એ પળો ધન્ય ધન્ય બની જાય, અને સંસારી આત્મા મોક્ષનો સાધક બની જાય, ત્યારે આત્મદર્શન પરમાત્માદર્શન બની જાય.

એક બીજમાં જેમ અસંખ્ય વૃક્ષો ઉત્પન્ન કરવાની શક્તિ છે એજ રીતે એક માત્ર ભક્તિ બીજથી જ આત્મામાં અનંત જ્ઞાનના વૃક્ષોનું નિર્માણ થાય છે. વૃક્ષ નિર્માણ માટે આ બીજને ધરતીની માટી અને પાણીની જરૂર છે એમ ભક્તિ સાથે ક્રિયા અને જ્ઞાન ભળે પછી તો આત્મામાં કલ્પવૃક્ષનું નિર્માણ થાય છે, જે સાધકને નિર્વાણ કક્ષા સુધી દોરી જાય. આ ભક્તિમાં આ ઉપરાંત બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનો ત્રિવેણી સંગમ છે. નિતર્યાં જળના એ સ્નાનથી આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય છે, તેમજ સમતારસ, પરમાનંદ અને શાશ્વત અને અવિનાશી આત્મિક સુખની પ્રાપ્તિ થાય છે.

પ્રભુને ભજીએ તો જીવનમાં પ્રભુતા પ્રગટે. પૂજ્યની પૂજા કરવાથી જ પૂજ્ય પદ પ્રાપ્ત થાય છે.

જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે.

x x x

શીતલ જિન પતિ પ્રભુતા પ્રભુની, મુઝથી કહી ન જાય જી,
અનંતતા નિર્મલતા પૂર્ણતા, જ્ઞાન વિના ન જણાય જી. (૧૦)૧

x x x

સમ્યગ્ દૃષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે;
દેખી અદ્ભૂત રુપ, પરમ જિનવર તણું રે.
પ્રભુ ગુણનો ઉપદેશ, તે જલધારા વહી રે;
ધર્મ રુંચિ ચિત્ત ભૂમિ, મંહી નિશ્ચલ રહી રે. (૨૧) ૪

આ નૂતન વર્ષે આવા ઉત્તમ ગ્રંથના સાગરમાંથી થોડાં બિંદુની અંજલિ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને અર્પણ કરવાનું સદ્ભાગ્ય આ લખનારને પ્રાપ્ત થાય છે એ માટે આ ગ્રંથના રચયિતા સાધક શ્રાવક શ્રી પ્રેમલ કાપડિયાને અંતરથી અભિનંદન આપી અભિવંદન કરું છું.

ગુજરાતી અને હિંદી બે ભાષા આ ગ્રંથમાં છે, પરંતુ આ ગ્રંથના વિદ્વાન સંપાદકને વિનંતિ કરીએ કે થોડો વધુ શ્રમ કરી ભવિષ્યમાં આ ગ્રંથમાં અંગ્રેજી ભાષા–ગદ્યને પણ સ્થાન આપ આપો તો અંગ્રેજીભાષી અસંખ્ય જિજ્ઞાસુજનો પાસે આ ગ્રંથ પહોંચી શકશે, અને આ અદ્ભૂત ગ્રંથને આંતરરાષ્ટ્રીય સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થશે.

પ્રત્યેક જૈન અને ઉપાશ્રયે આ અદ્ભુત ગ્રંથ વસાવીને પોતાને ત્યાં ગ્રંથ સ્થાપના કરવી જોઈએ.

❑ધનવંત શાહ

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અળગા વસ્યા, તિહાં કિણે નવિ હો કોઈ વચન ઉચ્ચાર.
કાગળ પણ પહોંચે નહીં, નવિ પહોંચે હો તિહાં કો પરધાન;
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોઈનું વ્યવધાન (૧)૧,૨.

(જિજ્ઞાસુ માટે ગ્રંથનું પ્રાપ્તિ સ્થાનઃ હર્ષદરાય હેરિરેજ પ્રા. લિ. જી. જી. હાઉસ, દામોદરદાસ સુખડવાલા માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૧. ફોન: (૦૨૨) ૬૬૫૧૯૯૦૦. મોબાઈલ: ૯૮૨૧૧૪૧૪૦૦.)

# આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને મહાત્મા ગાંધીજી : વ્યક્તિ વિશ્લેષણ

**(રાષ્ટ્રપિતા પૂ. મો. ક. ગાંધી મહાત્માની ૧૪૧મી જન્મ જયંતી પ્રસંગે શબ્દ સ્મરણાંજલિ)**

**❑લેખક : સિન્ધુ વર્મા અનુવાદક : પુષ્પા પરીખ**

ડૉ. આઈન્સ્ટાઈન તથા ગાંધીજી બંને ઈતિહાસના ઘડનારા તથા શાંતિના દૂતો હતા. ઓગણીસમી સદીમાં જન્મી અલગ અલગ વાતાવરણમાં ઉછરી આ બંને વિભૂતિઓએ વીસમી સદીના વિશ્વઈતિહાસને ઘડ્યો અને સાથે સાથે આવનાર શતકની ઝાંખી પણ કરાવી. ગાંધીજી ડૉ. આઈન્સ્ટાઈનથી છ વર્ષ મોટા હતા. બન્ને પોતે પણ એક સંસ્થારૂપી જ હતા. બન્ને રાષ્ટ્રીય સ્વતંત્રતા અને વિશ્વશાંતિના પ્રખર પ્રવર્તક અને દાવેદાર હતા. બન્નેમાં ઘણા સમાન ગુણો હતા. જ્યારે ગાંધીજીનો જન્મ થયો ત્યારે ભારતમાં બ્રિટિશ સામ્રાજ્ય હતું. લંડન સ્થિત મહારાણી વિક્ટોરીયાના હાથમાં તેની લગામ હતી. ગાંધીજી કાયદાના અભ્યાસી બન્યા અને ડૉ. આઈન્સ્ટાઈન વિજ્ઞાનના. બન્નેને શરૂઆતમાં યશ-અપયશનો સમાન અનુભવ થયો. એકબાજુ ગાંધીજીનું કાયદાવિદ્ તરીકે ભારતમાં કંઈ જામ્યું નહીં અને દક્ષિણ આફ્રિકા જવું પડ્યું, તો બીજી બાજુ આઈન્સ્ટાઈનને પણ શરૂઆતમાં સ્વિટ્ઝર્લેન્ડની પેટેટ ઑફિસમાં કલાર્ક તરીકે જવું પડ્યું. ગાંધીજીએ પોતાની આત્મકથા 'મારા સત્યના પ્રયોગો' લખી પરંતુ ડૉ. આઈન્સ્ટાઈને આવું કોઈ પુસ્તક લખ્યું નથી, પરંતુ તેઓનું જીવન જ સત્યની સાથેના પ્રયોગો સમાન હતું.

ગાંધીજીનું રાજનીતિમાં પદાર્પણ આફ્રિકાની રંગભેદની નીતિના વિરોધમાં થયું, જ્યારે ડૉ. આઈન્સ્ટાઈને તેમનું શસ્ત્ર જર્મનીના શાસકો દ્વારા પ્રથમ તથા દ્વિતિય વિશ્વયુદ્ધની વચ્ચેના ગાળામાં યહુદીઓ પર થયેલા અત્યાચાર તથા તેમની નૃશંસ કતલેઆમની વિરૂદ્ધમાં ઉગામ્યું. દ. આફ્રિકાના સંઘર્ષ બાદ જ્યારે ગાંધીજી ભારત પાછા ફર્યા ત્યારથી બ્રિટિશ સત્તા સામે અહિંસાત્મક અને શાંતિપૂર્ણ આંદોલનના સહારે સારા ભારત દેશની મુક્તિની લગામ સંભાળી. ડૉ. આઈન્સ્ટાઈનની રાજનીતિક દિલચસ્પી જીઓવાદથી શરૂ થઈ સમગ્ર દુનિયામાં નિઃશસ્ત્રીકરણ અને વસુધૈવ કુટુમ્બકમ્‌ના વિચાર દ્વારા ફેલાઈ.

૧૯૩૯માં ગાંધીજીના જન્મદિન નિમિત્તેનું ડૉ. આઈન્સ્ટાઈનના વિચારોનું સંબોધન જોઈએ.

'બહારની શક્તિઓના કોઈપણ આધાર વગર જેની સફળતા જોઈ રહ્યા છીએ તેવા અને કોઈ શસ્ત્ર કે કોઈની હોંશિયારી વગર ફક્ત પોતાના વ્યક્તિત્વની સૂઝની શક્તિ પર જ નિર્ભર હોય એવા રાજનીતિજ્ઞ નેતા એટલે મહાત્મા ગાંધી.' આવા સફળ યોદ્ધા કે જેણે શસ્ત્રોનો ઉપયોગ સદા ત્યાજ્ય ગણ્યો અને ઠુકરાવ્યો; આવા બુદ્ધિમાન, નમ્ર, નિશ્ચયી અને પોતાના કાર્યમાં દૃઢસંકલ્પી; જેણે પોતાનું સંપૂર્ણ જીવન સ્વજનોના ઉત્થાન માટે સમર્પિત કર્યું હોય; એવું વ્યક્તિત્વ, જેનામાં સીધા અને સરળ ગુણો હોવા છતાં યુરોપની પાશવતાનો સામનો કરવાનું સાહસ હોય એ નિશ્ચિત કોઈ અલૌકિક મનુષ્ય જ હોય.'

ગાંધીજીને ડૉ. આઈન્સ્ટાઈન દ્વારા અર્પિત જન્મદિન મુબારકબાદી આથી મહાન બીજી કઈ હોઈ શકે?

આવનારી પેઢી તો મને લાગે છે કે કદાચ જ માની શકશે કે ગાંધીજી જેવી વ્યક્તિ ખરેખર આ ભારતદેશમાં જ જન્મી હતી! વૈજ્ઞાનિક ભાષામાં જો કહેવું હોય તો ડૉ. આઈન્સ્ટાઈન અને ગાંધીજી દ્રવ્યમાનનું ઉર્જામાં અને ઉર્જાનું દ્રવ્યમાનમાં એમ પરસ્પર રૂપાંતર હતા.

ડૉ. આઈન્સ્ટાઈનને એમના સાપેક્ષતાના સિદ્ધાંતે વિશ્વવિખ્યાત તો બનાવ્યા અને નૉબેલ પુરસ્કાર પણ અપાવ્યું. ક્વૉન્ટમ સિદ્ધાંતના પ્રભાવનો જે ઉપયોગ કર્યો છે એ જ આગળ જતાં બીજા વિશ્વયુદ્ધમાં કુપ્રસિદ્ધ અણુ અને હાઈડ્રોજન બૉમ્બ બન્યા. આ બૉમ્બે જ નાગાસાકી અને હિરોશીમાનો નાશ કર્યો. આજ એ બિંદુ છે જ્યાંથી મનુષ્ય નાભિકીય જોડ-તોડથી સંસારનો સંહાર કરવા સુધીનો ખેલ ખેલી શકે છે; અથવા યુદ્ધની જ્વાળા શાંત કરી આંતરરાષ્ટ્રીય શાંતિ સ્થાપી શકે છે. હા, ડૉ. આઈન્સ્ટાઈને નાના નાના અણુ પ્રોટોન, ઈલેક્ટ્રોન અને ન્યુટ્રોનનો માનવ-કલ્યાણ માટેનો જ ઉપયોગ બતાવ્યો. ભારતમાં એવી જ રીતે ગાંધીજીએ ભૌતિકતાની બીજી બાજુ શોધી. એમનું અસ્ત્ર હતું 'આત્મા'. 'આત્મા' એટલે 'એટમ' નહીં, ભલે ઉચ્ચારમાં સામ્યતા હોય.

હવે આપણે જોઈએ કે વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિકે આ સાપેક્ષવાદના સિદ્ધાંતને ગણિતની જાદુઈ ભાષામાં કેવી રીતે પરિભાષિત કર્યો.

ઈ=કોઈ સ્થિર પદાર્થની ઉર્જા અને

એમ=દ્રવ્યમાન (સંહતિ) છે.

સૂર્યપ્રકાશની ગતિ એક સેકન્ડ દીઠ ૧,૮૬,૦૦૦ માઈલ છે,

દ્રવ્યમાનની ઉર્જા, દ્રવ્યમાન ગુણ્યા સૂર્યપ્રકાશની ગતિના વર્ષ બરાબર છે. આનો અર્થ એ થયો કે દ્રવ્યમાનના નાનામાં નાના કણમાં અમાપ ઉર્જા છે, તો પછી આજ સુધી આ ઉર્જા કેમ નજરમાં ન આવી?

ઉપરના સૂત્રને બીજી રીતે પણ જોઈ શકાય.

ઉર્જાનું પરિવર્તન દ્રવ્યમાનમાં કેવી રીતે જોવાય.

એમ=ઈ/સી૨ દ્રવ્યમાન=ઉર્જા/સૂર્યપ્રકાશગતિ

આ સૂત્રને જો નવું રૂપ આપવામાં આવે તો એક દિલચસ્પ વાત નજરમાં આવશે, જેમકે, (ઉર્જા) ઈ=આઈન્સ્ટાઈન, એમ (દ્રવ્યમાન) =ગાંધીજી અને સી=આત્મપ્રકાશની ગતિ. આજ ઉદ્બોધન બાઈબલમાં પણ છે. વિશ્વશાંતિ અને મનુષ્ય પ્રત્યેની સદ્ભાવના ઈશ્વર છે. આ જ વાત ગાંધીજીએ ભારતમાં કરી બતાવી અને દુનિયાને ચકિત કરી દીધી. તેઓએ કરોડો દેશવાસીઓને પોતાના વિચારો, શબ્દો અને આચરણથી દ્રવ્યમાનને એક જ ઘટકમાં પરિવર્તિત કરી એવો આત્મપ્રકાશ ફૂંક્યો કે એ સૂર્યપ્રકાશની ગતિ કરતાં પણ અનેકગણો વધુ ગતિમાન બન્યો. આગળ જતાં સ્વાતંત્ર્ય આંદોલનના અનેક પ્રકારો જેવા કે, મીઠાનો સત્યાગ્રહ, ભૂખ હડતાળ, ખિલાફત ચળવળ આદિ જોવા મળ્યા. આ સર્વેનો અંત ૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનમાં આવ્યો. તેઓ અનેકવાર જેલમાં ગયા, પરંતુ તેમની પાસે તલવાર કે બંદૂક નહોતી તે છતાં બીજા વિશ્વયુદ્ધના અંતે અંગ્રેજોને ભારત છોડવા માટે વિવશ થવું પડ્યું. અંગ્રેજોએ જોયું કે સંપૂર્ણ દ્રવ્યમાન ઉર્જામાં પરિવર્તિત થયું છે. આ પરિવર્તન પર પણ આપણે જોઈએ કે ડૉ. આઈન્સ્ટાઈનના ઉદ્ગાર કેટલા સાર્થક છે!

'આપણો આ સમય નવા નવા અનુસંધાનોમાં સંપન્ન થતો જાય છે. આપણું દૈનિક જીવન જ્યાં અધિકાધિક આરામદાયક બનતું જાય છે. આપણે આપણી તાકાતથી સાગરને ઓળંગી શક્યા છીએ. શારિરીક શ્રમથી મુક્તિ મળી છે, આસમાનમાં ઉડતા શીખ્યા અને દુનિયાની દરેક દિશામાં વિદ્યુત તરંગો પણ મોકલતા શીખ્યા, તે છતાં આવશ્યક વસ્તુઓના ઉત્પાદન અને વિતરણમાં કોઈ સુસંબદ્ધતા ન લાવી શક્યા. આનું પરિણામ એ આવ્યું કે પ્રત્યેક વ્યક્તિ હંમશાં ભયભીત જણાય છે કે કદાચ કોઈ આર્થિક ચક્રમાંથી બહાર તો નહીં ફેંકાઈ જઈએ ને! અથવા દરેક ચીજનો એને અભાવ જણાય છે. સાથે સાથે એ પણ દેખાય છે કે વિભિન્ન દેશોમાં થોડા થોડા સમયે લોકો એકબીજાની હત્યા કરે છે અને આને લીધે મારનાર હંમેશાં પોતાના ભવિષ્યની ચિંતામાં ભય અને આતંકથી પીડિત રહેતો હોય છે. આવું એટલા માટે બને છે કે અધિકાંશ મનુષ્યની બુદ્ધિ અને ચરિત્ર પેલા મુઠ્ઠીભર લોકોથી ઓછી છે. એ લોકો જનસમુદાય માટે મુલ્યવાન ઉત્પાદન કરે છે. મને વિશ્વાસ છે કે મારી આજની ઉચ્ચારેલી વાણીને આવનારી પેઢી ગંભીરતા અને ગૌરવથી વધાવશે.' ઉપર જણાવેલ વિચારો બતાવે છે કે ડૉ. આઈન્સ્ટાઈન માત્ર પ્રયોગશાળા સુધીના વૈજ્ઞાનિક નહોતા.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન ફક્ત પ્રયોગશાળા પુરતા વૈજ્ઞાનિક કે આરામ ખુરશીના ફિલસુફ નહોતા. તેઓની આજુબાજુના આર્થિક, સામાજિક વાતાવરણ પ્રત્યે પણ જાગૃત અને અત્યંત સંવેદનશીલ વિદ્વાન વ્યક્તિ હતા. આપણા મહાત્મા ગાંધીજી જેવા જ. ગાંધીજીનું યોગદાન ફક્ત રાજનીતિક અને આર્થિક સિદ્ધાંતો પૂરતું સીમિત નહોતું. તેઓનું યોગદાન સામાજિક અસમાનતાઓ, અન્યાય, બાળકો, બહેનોની પ્રગતિ, સાંસ્કૃતિક એકતા, ધાર્મિક તથા સાંપ્રદાયિક એકાત્મતા, સર્વાંગી ગ્રામ્યવિકાસ, ગ્રામ સ્વરાજ્ય, અસ્પૃશ્યતા નિવારણ તથા દરેક સ્તર પરની નૈતિકતા વગેરે જેવા ક્ષેત્રોમાં પણ હતું.

વિશ્વ વંદ્ય બનતા પહેલાં બન્ને હસ્તીઓને ઘણી ઘણી તકલીફોનો સામનો કરવો પડ્યો. ગાંધીજીને દ.આફ્રિકામાં રંગભેદ નીતિ નડી અને ડૉ. આઈન્સ્ટાઈન માટે યહુદી ધર્મ જર્મનીમાં બાધક બન્યો. બન્નેમાં તે છતાં હિમાલય જેવી અદમ્ય શક્તિ હતી કે જેના આધારે તેઓને પોતાના જીવનકાળ દરમિયાન અવિશ્વસનિય ગાથાના માલિક બનાવી દીધા. બન્ને પરમ ધાર્મિક હતા. પરંતુ કટ્ટરતાથી ઘણે અંશે દૂર. પ્રથમ તેઓ માનવતાવાદી હતા અને પછી બીજું બધું. 'જીવો અને જીવવા દો'ની નીતિનો તેઓએ પ્રચાર કર્યો અને સાથે સાથે આચરણ પણ. ત્યારે જ બન્ને વ્યક્તિઓ દરેક ધર્મના સમાદરકર્તા અને દરેક જાતિના પ્રશંસક બન્યા હતા. ડૉ. આઈન્સ્ટાઈનનું અસ્ત્ર કાગળ અને કલમ હતા તો ગાંધીજીનું અસ્ત્ર સત્ય અને અહિંસા.

ગાંધીજી ડૉ. આઈન્સ્ટાઈનના વૈજ્ઞાનિક તેમજ અન્ય વિષયો પરના લેખોના નિયમિત વાચક હતા તથા નિયમિતપણે બન્ને વચ્ચે પત્રવ્યવહાર પણ ચાલુ હતો. વિશ્વ શાંતિ અને ગુલામીથી મુક્તિ એ બંને વિચારકોને એકસરખા પ્રિય હતા. એકને ભૌતિકશાસ્ત્ર તો બીજાને આધ્યાત્મિકતામાં દૃઢ રૂચિ હતી. ગાંધીજીની હત્યાના સમાચાર સાંભળી તેઓ સ્તબ્ધ બની ગયા હતા.

બન્ને મહાનુભાવોમાં બીજી પણ એક સામ્યતા હતી. બન્ને સરળ હૃદયી હતા અને સાદગીના હિમાયતી હતા. આડંબર અને ભપકાથી બન્ને દૂર રહેતા. એક ફક્ત પોતડી પહેરતા તો બીજા એકદમ સાદા અને સસ્તા કપડાં વાપરતા. બન્નેને ત્રીસથી ચાળીસ વર્ષમાં જ પારિવારિક સમસ્યાનો સામનો કરવો પડ્યો.

આજે જ્યારે બર્લિનની દિવાલ તૂટવાથી જર્મની એક થયું છે, આફ્રિકાના નાના નાના રાજ્યો એક થયા છે અથવા એ માર્ગે આગળ વધી રહ્યા છે, વિયેટનામ અને કોરિયાના બે ભાગ પણ એકત્ર થવાની તૈયારીમાં છે, યુરોપિયન દેશ, 'અમે પ્રથમ યુરોપિન અને પછી 'અન્ય' એમ કહેવામાં ગર્વ લે છે ત્યારે મહાત્મા ગાંધીજી તથા ડૉ. આઈન્સ્ટાઈનના આત્મા સ્વર્ગમાંથી પૃથ્વી પર નજર ફેંકતાં જરૂર સંતોષની લાગણી અનુભવતા હશે અને સમસ્ત માનવ જાતના કલ્યાણ માટે આશીર્વાદ આપતા હશે. ✷✷✷

('તીર્થંકર' હિન્દી સામાયિકના સૌજન્યથી)

૬/બી, ૧લે માળે,કેંનવે હાઉસ, વી. એ. પટેલ માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૦૪.
ટે.નં.: ૨૩૮૭૩૬૧૧; મો.: ૯૮૨૦૫૩૦૪૧૫

# દીકરી માટેની ઝંખના

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

આ મથાળુ વાંચીને ઘણાંને નવાઈ લાગશે પણ વાત સો વસા સત્ય છે. સમાજમાં દીકરી માટે ઘણી બધી કહેવતો છે જે એના જન્મ ને જીવન માટે આનંદપ્રદ કે ગૌરવ લેવા જેવી નથી છતાંયે સમાજમાં એવા ઘણા બધા સજ્જનો છે જે દીકરી માટે ઝંખતા હોય છે ને એની અપ્રાપ્તિનો અસંતોષ એમને સતત દુઃખી કરે છે. છેલ્લાં બે વર્ષોમાં મારા અર્ધો ડઝન સાહિત્યકાર–મિત્રોએ છેલ્લો શ્વાસ દીકરીને ઘરે લીધો ને આજે હું એવા અનેક કિસ્સા જાણું છું કે વૃદ્ધ માતાપિતાની મન મૂકીને પ્રેમપૂર્વક સેવા દીકરી આજે કરતી હોય છે.

દીકરી જન્મે એટલે પાણો જન્મ્યો કે માંડવો આવ્યો કહેવાય છે. દશ બાર વર્ષની થાય એટલે કહેશેઃ 'દીકરી ને ઉકરડીને વધતાં વાર શી? જાણે એને સ્વતંત્ર વ્યક્તિત્વ જ નથી એ દર્શાવતી કહેવત 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય'. દીકરી સુખી હો કે દુઃખી...દુઃખી હોય તો ય કહેવાનાઃ 'દીકરીની માટીને શા ઝાટકા પડે છે.' કોઈપણ કારણસર પિયર રહેતી દીકરી માટે કહેવાનાઃ 'દીકરી સાસરે સારી ને માલ વેચ્યો સારો...જાણે દીકરી પણ વેચવાનો માલ ન હોય! દીકરી પિતૃગૃહે રહે એ ઠીક નહીં એ માટે વરવી કહેવત આવીઃ 'દીકરી સાસરે કે મસાણે સારી લાગે.'દીકરીના વહાલની પારાશીશી કઈ? તો કહેશેઃ 'દીકરીની વહાલપ દાયજેથી જણાય'. બોરડીવાળા ખેતરને જતા-આવતા બધા જ ખંખેરે..એ ઉપરથી કહેવત આવીઃ 'દીકરિયાળું ઘર ને બોરડિયાળું ખેતર'. દીકરી કે દીકરીઓ જ હોય તો એવી જનેતા માટે કહેવત રચાઈઃ 'દીકરીની મા રાણી, ઘડપણે ભરે પાણી'. દીકરી એટલે ન્યાસ, પારકી થાપણ...શકુંતલાના પાલક પિતા ઋષિ કણ્વ પણ આ વિચારણામાંથી અપવાદરૂપ નથી.-

અર્થો હિ કન્યા પરકીય એવ<br>
તામદ્ય સંપ્રેષ્ય પરિગ્રહીતુઃ।<br>
જાતો મમાયં વિશદઃ પ્રકામં<br>
પ્રત્યર્પિતન્યાસ ઈવાન્તરાત્મા।।

મતલબ કે-'છે દીકરી તો ધન પારકું જ,<br>
વળાવી એને પતિ-ઘેર આજે,<br>
થયો અતિ સ્વસ્થ જ અન્તરાત્મા<br>
મારો, યથા થાપણ પાછી સોંપ્યે.

દીકરી માટે સંસ્કૃતમાં એક શબ્દ 'દુહિતા' છે. વિદ્યાધર વામન ભીડે (BHIDE) ના સને ૧૯૨૬ના સંસ્કૃત–અંગ્રેજી જોડણીકોશમાં, 'દુહિતૃ'–ડૉટર–દીકરી–એટલી જ સમજુતી આપી છે. સાથે ગુજરાતી શબ્દકોશમાં પણ દુહિતા એટલે દીકરી..જોવા–વાંચવા મળે છે પણ કોઈ સાચા વ્યુત્પત્તિવિદ કે 'ફેકોલોજિસ્ટ'ની કલ્પના–તરંગ–બુટ્ટાવાળી એક વ્યુત્પત્તિ વર્ષો પહેલાં, વાંચેલી કે સાંભળેલી...જેમાં 'દુહિતા'નો અર્થ એવો કરેલો કે 'દૂરે હિતા'.–દૂર રહે એમાં જ જેનું હિત છે તે 'દુહિતા' કોનાથી દૂર રહેવાની આમાં વાત હશે? પિતૃપક્ષથી કે શ્વસુરપક્ષે સંયુક્ત કુટુંબથી કે દુષ્ટ–પ્રમાદી પતિથી–કોનાથી? આ વ્યુત્પત્તિ પ્રશ્નાર્થ ચિહ્ન જેવી છે. સૌ મગનમતો અર્થ કરી શકે છે પણ આજની દુનિયાએ બધા જ અર્થો અને કહેવતોમાં ઉથલપાથલ સર્જી દીધી છે.

વર્ષો પહેલાંની કહેવત હતીઃ 'ડોસો કુંવારો મરે પણ સ્ત્રી કુંવારી મરે નહીં.' હવે આ કહેવતમાં 'મરે'ને બદલે મળે શબ્દ ફેરવી નાંખીને ડોસો–ડોસી શબ્દનો વ્યત્યય કરી નાખો! સેંકડો નહીં પણ હજ્જારો ડોસીઓ કુંવારી હશે ને ડોસા વાંઢા. 'ગાય ને દીકરી દોરે ત્યાં જાય પણ આજની દીકરીને તો જવું હોય ત્યાં જ જાય છે.' દીકરી પરણીને સાસરે આવે ને એની નનામી નીકળે એ માટે સૂચક કહેવત છેઃ 'ઉભી આવે ને આડી જાય.' આજે તો આડી થઈને આવે ને ઊભી નહીં પણ જવું હોય તો આડી પણ જઈ શકે છે! દીકરિયાળુ ઘર એટલે બોરડિવાળુ ખેતર'...આજે ભલભલાને ખંખેરી નાખે છે. મારા દાદી આને માટે 'ઘાઘરિયો વસ્તાર' શબ્દ–પ્રયોગ કરતાં.

દીકરાઓ માટેની ચાર પંક્તિઓ ટાંકીને પછી મૂળ વાત પર આવું–

દીકરા હતા ન્હાના ત્યારે માએ વાહ્યા પાણા.<br>
દીકરા થયા મોટા ત્યારે જમાના આવ્યા ખોટા.<br>
દીકરાને આવી દાઢી, ત્યારે માને મૂકી કાઢી,<br>
દીકરાને આવી મૂછ ત્યારે બાપને નહીં પૂછ.

વાદી-પ્રતિવાદીની જેમ આવી કહેવતો તો સર્વત્ર મળવાની.

હવે મારા ચાર મિત્રોની દીકરી માટેની ઝંખના શા માટે હતી તેની સો ટકા સત્ય વાત કરું. ચારેય મિત્રો હયાત છે એટલે સાચાં નામ આપતો નથી. ધારો કે એક છે પ્રો. અમીન. પ્રો. અમીનને બે દીકરા હતા પણ એમના શ્રીમતીને 'કન્યાદાન'નું પુણ્ય કમાવાની એષણા હતી એટલે ત્રીજા સંતાન માટે આગ્રહ રાખ્યો સદ્‌ભાગ્યે કે દુર્ભાગ્યે એ પણ દીકરો આવ્યો. હવે 'કન્યાદાન–પુણ્ય–વાસનાના મોક્ષનું શું? પ્રો. અમીન ને એમનાં શ્રીમતીએ ભત્રીજીને દત્તક લઈ કન્યાદાન કર્યું ને એમની માન્યતા પ્રમાણે પુણ્ય અંકે કર્યું. બીજા મિત્ર છે પ્રો. ડૉ. પરીખ. એમને દીકરી નહીં, દીકરો પરણે ને ચાર આંખો મળે એટલે જુવાળુ થાય...આવે ટાણે દીકરી હોય તો દીકરી આપીને દીકરો લીધો, તે પારકો હતો તેને પોતાનો

કીધો'...પણ એ તો જામાતૃ દશમો ગ્રહ ન બને ત્યાં સુધી જ સાચું, છતાં યે વૃદ્ધાવસ્થાના અવલંબનરૂપે એ આશ્વાસન ખોટું તો નથી જ ને ઘણાં જમાઈઓ સવાઈ દીકરાની ગરજ સારતા પણ હોય છે. યોગ્ય ફરજ બજાવીને. ત્રીજા મિત્ર મોટા ઉદ્યોગપતિ છે. સંતતિમાં એમને ત્રણ દીકરા છે. એમની માન્યતા એવી છે કે દીકરો સપૂત નીકળે તો એક જ કુળને ઉજાળે. જ્યારે દીકરી ડાહી હોય તો બંનેય કુળને ઉજાળે. આમાં પણ તોતેર મણનો 'તો' તો છે જ...પણ જનકકન્યાએ પિતૃ ને રઘુકુળને ધન્ય કરી દીધું ચોથા મિત્રની, દીકરી માટેની ઝંખના બૌદ્ધિક ને માનસ શાસ્ત્રીય છે. એકને બદલે બે સંતાનોની વાતને પણ એ માનસ શાસ્ત્રીય દૃષ્ટિએ ઉત્તેજન આપે છે પછી ભલે એ બે સંતાનો એક જ લિંગી હોય. એક જ સંતાન સ્વાર્થી, અહંકેન્દ્રી અને સમાજ વિમુખ બની જતું હોય છે. બે-ત્રણ બહેનોનો એક જ ભાઈને 'ઋજુ, મૃદુલ, સંવેદનશીલ ને પરોપકારી બનાવનાર બહેનો હોય છે. મારા બે દીકરા ને એક દીકરીને ઘરે કોઈપણ દીકરી નથી એની ખોટ પૌત્રો-દૌહિત્રોને સાલતી હોય છે. ધર્મભગિનીઓ દ્વારા એ ખોટની પૂર્તિ થતી હોય છે. પણ આદર્શ સ્થિતિમાં ભાઈ ભગિનીના સંબંધની વાત તો નિરાળી જ છે...એનો કોઈ જ વિકલ્પ નથી. દીકરીવિહોણા કેવળ દીકરાના જ પિતાઓ, વૃદ્ધાવસ્થામાં દીકરીઓના માતા-પિતાની સેવા થતી પ્રત્યક્ષ નિહાળે છે ત્યારે એમનો અંતરાત્મા પોકારી ઉઠે છેઃ 'કાશ! મારે પણ એકાદ દીકરી હોત તો! લોકગીતોમાં દીકરીનાં અને દુઃખોની દર્દનાક કથા આવે છે છતાં યે એવાં કેટલાંક લોકગીત છે જેમાં દીકરીના અવતારને ધન્ય ને અનેક પુણ્યોનું ફળ ગણાવ્યું છે. દા. ત.:-'જો પૂજ્યા હોય મોરાર' એ લોકગીતમાં આ પંક્તિઓ આવે છેઃ-

'જેને તેં પેટે દીકરી, તેનો તે ધન્ય અવતાર' કારણ?

'સાચ્યું સૂચ્યું વાવરે, જો પૂજ્યા હોય મોરાર.'

ગુજરાતી અને પંજાબી લોકગીતમાં સ્વયં દીકરી પોતાને 'ઉડણ-ચરકલડી' ગણાવે છેઃ-

'આજ દાદાજીના દેશમાં
કાલે ઉડી જાશું પરદેશજો
અમે રે દાદા! ઊડણ ચરકલડી'...લગભગ આ જ ભાવ પંજાબી લોકગીતમાંઃ-

'સાડા ચિડીઆં દા ચંબા વે બાબલ અસીં ઉડ જાણા
અસીં ઉડીઆં સો ઉડીઆં વે બાબલ કિસે દેશ જાણા.'

મતલબ કેઃ 'અમે તો' ઊડણ ચરકલડી'- 'પંખીના મેળા' જેવાં છીએ. હે પિતા! અમે તો એક દિવસ ઊડી જઈશું. ઊડી ઊડીને હે પિતા! અમે કોઈ પરાયા દેશમાં જઈશું' પણ એ 'પરાયા દેશ'માં મોકલતાં, 'કન્યા વિદાય' વખતે, કયો પાષાણહૃદયી પિતા રડ્યો નથી? લોકગીતોમાં આવી વ્યથાની કથા માનસિક રીતે આલેખાઈ છેઃ-

'વળી વળી દાદા પૂછે વાતઃ

'આજ માંડવ કેમ અણોહરો રે?'...ગૃહને માંડવે આજે શૂન્યતા ને અંધકાર શાને? કેવળ દાદાની જ વ્યથાનો આ પ્રશ્ન નથી...કાકા અને વીરનો પણ આજ પ્રશ્ન છે...અને દરેકને માટે મઝિયારો ઉત્તર છે.

'દીવડો હતો બેની બેનને હાથ
મેલીને ચાલ્યાં સાસરે રે.'

દીકરી એ તો ઘરનો દીપક છે...દેહલી દીપક-ન્યાયે એ સર્વત્ર પ્રકાશ આપે છે...બંનેય કુળમાં દીકરી-દીપકની આ કલ્પના લોક સાહિત્યમાં ઠીક ઠીક પ્રચલિત છે. 'નગર સાસરે' (`The in-laws at Jamnagar) લોકગીતમાં, 'ક્યારે આવે ભાવેણાનાં તેજ રે, દાજીરાજની કુંવર-'દાજીરાજનો દીવડો હાલ્યો સાસરે (The bright lamp of Dajiraj proceeds to in-laws).

'દીવડો હાલ્યો સાસરે'...કન્યા વિદાય ને માટે લોકકવિ આથી કયા પ્રબળ ને પ્રતાપી પ્રતીકનો વિનિયોગ કરી શકે?

'દિ, ઉજાળે તે દીકરા પિતાનાં અધૂરાં કામ પૂર્ણ કરે તે પુત્ર કે કહેવાતા કલ્પનાના 'પુ' નામના નરકમાંથી પિતાને તારે તે 'પુત્ર' આવી આવી મન-ઘડંત વ્યુત્પત્તિઓ ભલે વ્યુત્પન્ન મતિની ઉત્પત્તિ હોય પણ આજના બદલાયેલા માહોલમાં તે નવા સંસારના દુઃખરૂપી નરકમાંથી તારનારને, ઠારનાર એકાકી વૃદ્ધ માતાપિતાની સંજીવની તો દીકરીઓ જ છે. એ 'વહાલના દરિયાની ઝંખના' આમ તો જમાનાની નક્કર વાસ્તવિકતા બની રહેશે, કારણ કે જ્યાં વાંકડાની પ્રથા આકરી છે ત્યાં બાલિકા-ભ્રૂણહત્યાનું પ્રમાણ ખૂબ મોટું છે; આને કારણે છોકરા-છોકરીઓના જન્મ-પ્રમાણે ખાસ્સી મોટી ઉથલપાથલ સર્જી છે. કેટલીક જ્ઞાતિઓમાં તો એક હજાર પુત્રના જન્મની સામે માંડ આઠસો કન્યાઓ હોય છે. કન્યાઓના અભાવે ઉચ્ચ કુળના નબીરા આદિવાસી કન્યાઓને પરણતા થઈ ગયા છે ને પશ્ચિમમાં તો કોઈ વાતનો કશો જ છોછ રહ્યો નથી. જ્યાં આવી પરિસ્થિતિ હોય ત્યાં ગીતા અનુસાર, 'જાયતે વર્ણસંકર'...દીકરીની ઉપેક્ષાના માઠાં ને વિષમ પરિણામ આવતો જમાનો જીરવી શકવાનો નથી.

દીકરીના જન્મનું આપણે ગૌરવ કરીએ; જેને તે પેટે દીકરી તેનો ધન્ય અવતાર.

દીકરીનો જન્મ તો 'જેણે પૂજ્યા હોય મોરાર.' તેને ત્યાં થાય-એ સત્યને સમજીએ.

✷ ✷ ✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,
C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે,
A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

# આગમસુત્તંથી સમણસુત્તં

❑ હર્ષદ દોશી

मेंति भूएसु कप्पए। મૈત્રી મારો ધર્મ છે. ભગવાન મહાવીરનું આ અદ્‌ભુત સૂત્ર આપણને આગમસૂત્રો દ્વારા મળ્યું છે. આ આગમસૂત્રો કેવા છે?

૧૯૫૬માં પરમ દાર્શનિક અને પ્રકાંડ પંડિત શ્રી જયંતમુનિનું કોલકતામાં ચાતુર્માસ હતું. ત્યારે તેઓશ્રી એક ભાઈ સાથે વાત કરી રહ્યા હતા, જે ૫૦ વર્ષ પછી પણ મને યાદ છે.

એ ભાઈ કહેતા હતા કે તેમને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના વાંચનમાં અનેરો આનંદ આવતો હતો. મહારાજશ્રીએ કહ્યું કે ઉત્તરાધ્યયન સૂત્ર સ્વયં ભગવાન મહાવીરની વાણી છે, તેમના જ શબ્દો છે એટલે તેને વાંચીએ કે સાંભળીએ, આનંદ જ આવે.

તે ભાઈએ આગળ જણાવ્યું કે તેને એ ગ્રંથના દરેક શબ્દ ઘણાં જ મીઠા–મધુર લાગતા હતા.

એ નાની ઉંમરે મેં આગમ શાસ્ત્ર કે ઉત્તરાધ્યયન સૂત્રનું નામ સાંભળ્યું નહોતું અને તેની જરા પણ જાણકારી નહોતી. છતાં, મને ઘણું કુતૂહલ થયું. ભગવાનની વાણી કેવી હશે? ભગવાન શું કહેતા હશે? એમાં એવું શું છે કે તે મીઠું મધૂરું લાગે?

બીજે દિવસે મેં ઉપાશ્રયમાં પુસ્તકોના કબાટ ઉથલાવવા શરૂ કર્યા. મને શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ન મળ્યું પણ શ્રી ઉવાસગદસાંગ સૂત્ર મળ્યું. તેમાં પણ ભગવાન મહાવીરની વાણી છે એટલું મને સમજાઈ ગયું હતું. એ ગ્રંથમાં કથાઓ હોવાથી હું વાંચી ગયો.

આગમ સૂત્રનો આ મારો પહેલો પરિચય. કદાચ મને ઝાઝી સમજણ નહીં પડી હોય, તો પણ આનંદ શ્રાવકની કથા મને ગમી ગઈ હતી.

આ ગ્રંથમાં આનંદ શ્રાવક સ્વયં ભગવાન મહાવીર પાસેથી ૧૨ વ્રત ગ્રહણ કરે છે તેનું વર્ણન છે. અઈભારે, ભત્તપાણવોચ્છેએ, કૂડલેહકરણે, વગેરે શબ્દો પ્રતિક્રમણમાં આવતા હોવાથી પરિચિત હતા. આનંદ શ્રાવકનું વર્ણન કરતા શાસ્ત્રકાર કહે છે કે તે પોતાના કુટુંબ અને સમાજમાં મેઢીભૂત અને ચક્ષુભૂત હતા. ત્યારે એ શબ્દનો અર્થ સમજાયો ન હતો, આજ તેનું મહત્ત્વ સમજાય છે. આ વિશેષણ ઘણાં માર્મિક છે. ભગવાન મહાવીરનો શ્રાવક આત્મધર્મ અને વ્યવહારધર્મ, બન્નેને સાથે લઈને ચાલતો હોય છે

આગળ જતા આગમ વાંચનનો જેમ જેમ યોગ મળતો ગયો તેમ તેમ મને ભગવાન મહાવીરના શબ્દોની મધુરતાની સાથે ગહન અર્થનો પણ અનુભવ થતો ગયો. તેમાં જીવન જીવવાની કળા અને મંત્ર સમાયેલા છે. વિશ્વના કોઈ પણ મહાપુરુષ, દિવ્યપુરુષ કે ફિલોસોફરે ન આપ્યા હોય તેવા ટૂંકા, અર્થથી ભરેલા, રત્ન સમાન સૂત્રોથી આગમ સાહિત્ય સમૃદ્ધ છે.

ઉદાહરણરૂપે થોડા સૂત્રો જોઈએ.

મેંતિ ભૂએસુ કપ્પએ. મૈત્રી મારો ધર્મ છે. વિશ્વના સૂક્ષ્મથી સૂક્ષ્મ જીવો સાથે પણ મારે મૈત્રી છે. મહાવીરની પહેલા આવી વિશ્વવ્યાપી મૈત્રીની વાત કોઈએ કરી નથી.

ઉટ્ઠિએ નો પમાયએ. ઊઠો, પ્રમાદ અને આળસ છોડો. ન નિન્હવેજ્જ વીરિયં. તમારી શક્તિને છુપાવો નહીં. આ સૂત્રમાં એટલો પ્રભાવ છે કે તે પૂરું જીવન બદલી શકે છે.

સ્વામી વિવેકાનંદે ઉપનિષદનું સમાન અર્થવાળું, 'उत्तिष्ठत जाग्रत् प्राप्य वरान्निबोधत' વિશ્વ પ્રસિદ્ધ કર્યું હતું.

અત્થિ સત્થં પરેણ પરં, નત્થિ અસત્થં પરેણ પરં. એક એકથી ચડિયાતા શસ્ત્ર છે, પણ અશસ્ત્રથી ચડિયાતું કોઈ નથી. નિશસ્ત્ર ગાંધીજીએ સશસ્ત્ર અંગ્રેજોને અહિંસાની શક્તિનો પરિચય આપ્યો. માર્ટિન લ્યુથર કિંગ અને નેલસન મંડાલાએ પણ અહિંસાની શક્તિથી વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધા હતા. નિશસ્ત્ર અહિંસાની શ્રેષ્ઠતાની વાત ભગવાન મહાવીરે આજથી ૨૬૦૦ વર્ષ પહેલા કરી હતી.

આવા અનુપમ, આજે પણ એટલા જ માર્ગદર્શક સૂત્રો આપણા આગમ ગ્રંથોમાં છવાયેલા છે વિશ્વમાંએ કેટલા જાણે છે? કેટલા જૈનો પણ તે જાણે છે?

**ભગવાન મહાવીરની વાણી :**

વિદેશમાં બુદ્ધ, રામ અને કૃષ્ણના નામ જાણીતા છે. પણ મહાવીરનું નામ કેટલા જાણતા હશે? ક્રિશ્ચયાનિટી, ઈસ્લામ, હિંદુ અને બૌદ્ધ ધર્મ ઉપર રેલવે, એરપોર્ટ અને દરેક બુકસ્ટોરોમાં સહેલાઈથી પુસ્તક મળે છે. પણ ભગવાન મહાવીર અને જૈન ધર્મ માટે પુસ્તક મેળવવું થોડું મુશ્કેલ છે. ગીતા, બાઈબલ, કુરાન અને ધમ્મપદ, એક જ ગ્રંથમાં એમના ધર્મનો સાર છે જ્યારે જૈનો માટે સર્વમાન્ય અને ધર્મના સારરૂપ એક જ ગ્રંથની ખોટ છે.

કહેવામાં આવે છે કે જૈન ધર્મના સિદ્ધાંત અને તેનું દર્શન એટલા વિશાળ છે અને આગમ ગ્રંથોની સમસ્યા એટલી મોટી છે કે તેને એક ગ્રંથમાં સમાવી ન શકાય. તે ઉપરાંત જૈનોના વિભિન્ન સંપ્રદાયો આગમ ગ્રંથો માટે એકમત નથી. દિગંબરો માને છે કે દરેક આગમસૂત્રો લુપ્ત થઈ ગયા છે અને હવે ઉપલબ્ધ નથી.

વિનોબા ભાવેના પ્રયત્નથી ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ જયંતી સમયે 'સમણસુત્તં'ના સંકલનથી એ કમી પૂરી થઈ છે. પણ હજુ સુધી તેનો પ્રચાર થયો નથી.

વિશ્વના તત્ત્વદર્શનના સંપુટમાં ભગવાન મહાવીરની અહિંસા,

અપરિગ્રહ અને અનેકાંતવાદનો ઝળહળાટ અને તેજ જુદા તરી આવે છે. છતાં આપણે જૈનદર્શનને નથી mass કે નથી class સુધી પહોંચાડી શક્યા એ હકીકત છે.

વૈદિક સાહિત્યમાં ૧૦૦ ઉપર ગ્રંથ છે. શ્રી કૃષ્ણે આ ગ્રંથોનું દોહન કરીને તેનો સાર ગીતામાં આપ્યો છે. બૌદ્ધો પાસે પણ ૧૪ ધર્મગ્રંથો છે, પણ તેઓ તેના સારરૂપે સર્વમાન્ય ગ્રંથ ધમ્મપદનું સંકલન ૧૫૦૦ વર્ષ પહેલાં કરી શક્યા છે.

ભગવાન મહાવીરની વાણી આગમ કહેવાય છે અને તે ૧૨ ગ્રંથોમાં સંકલિત છે. તે દરેક ભાગ 'અંગસૂત્ર' કહેવાય છે અને સામૂહિક રીતે દ્વાદશાંગી કહેવાય છે. આ આગમસૂત્રોની રચના અર્ધ માગધી ભાષામાં થઈ છે.

આ બાર અંગસૂત્રોમાંથી ચૂંટીને એક સારરૂપ ગ્રંથનું સંકલન ૨૫૦૦ વર્ષ સુધી કેમ ન થયું તેનો ઉત્તર મેળવતા પહેલાં એ જોઈએ કે આગમની રચના કેવી રીતે થઈ, તેમાં કેવા ફેરફાર થયા અને અમુક ગ્રંથો કેવી રીતે લુપ્ત થઈ ગયા.

**ગણધરો દ્વારા આગમસૂત્રોનું કથન :**

કેવળજ્ઞાન થયા પછી ભગવાન મહાવીરે સર્વ પ્રથમ ગૌતમ સ્વામી અને બીજા ૧૦ બ્રાહ્મણ પંડિતોને ઉપદેશ આપ્યો હતો. આ ૧૧ પંડિતો વેદમાં નિપુણ હતા.

ભગવાન મહાવીરે એ ૧૧ પંડિતો સાથે વેદની માન્યતાઓથી જ શરૂઆત કરી. વેદ કહે છે કે વિશ્વની ઉત્પત્તિ, વિનાશ અને સંચાલન ક્રમથી બ્રહ્મા, મહેશ અને વિષ્ણુ કરે છે. મહાવીરે તે માટે ત્રણ અર્ધ માગધી શબ્દો આપ્યા – ઉપનેઈવા, વિગમેઈવા અને ધુવેઈવા, જે ત્રિપદી કહેવાય છે. એ ત્રણ શબ્દોથી સમજાવ્યું કે પદાર્થના ઉત્પાદ, વ્યય અને સ્થિતિ માટે કોઈ બહારની દૈવી શક્તિને બદલે જો પદાર્થમાં જ તેના સ્વભાવરૂપે આ ત્રણ અવસ્થાનું આરોપણ કરવામાં આવે તો વિશ્વમાં જન્મ, મરણ, કર્મ અને મુક્તિને એક જુદી જ દૃષ્ટિથી જોઈ શકાશે. દરેક પદાર્થ જૂની અવસ્થા છોડે છે અને નવું રૂપ ધારણ કરે છે. તે બે વચ્ચે પણ તેનું ધ્રુવતત્ત્વ ટકી રહે છે. આ ત્રિપદીમાં જૈન આગમનો મૂળ સ્રોત અને અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદના સિદ્ધાંત છે.

ઈન્દ્રભૂતિ ગૌતમ અને બીજા ૧૦ પંડિતો ભગવાનની આ વ્યાખ્યાથી એટલા પ્રભાવિત થઈ ગયા હતા કે તેઓએ એ જ ક્ષણે ભગવાન પાસે દીક્ષા લીધી. તેઓ ગણધર એટલે કે ભગવાનના શિષ્યોના નાયક બન્યા. ગણધરોએ ત્રિપદીના આધારે ભગવાનના જ્ઞાનનું સર્વ પ્રથમ સંકલન કર્યું, જે ૧૪ પૂર્વ તરીકે ઓળખાય છે. અહીં પૂર્વ શબ્દના બે અર્થ થાય છે. (૧) સૌથી પહેલું સંકલન અને (૨) પહેલાના જ્ઞાનનું સંકલન. બીજા અર્થ પ્રમાણે અન્ય તીર્થંકરોની પરંપરા અને તત્ત્વજ્ઞાનને ગણધરોએ ૧૪ પૂર્વમાં સમાવી લીધું.

આગમ સૂત્રો સુયં મે શબ્દોથી શરૂ થાય છે. તેનો અર્થ એ છે કે આ સૂત્રો સાંભળેલા છે. તેથી એ શ્રુતજ્ઞાન કહેવાય છે. દરેક રચના વાચના (edition) કહેવાય છે. ૧૧ ગણધરની ૯ વાચના હતી. તેમણે સૂત્રોનું અર્થ અને ભાવ પ્રમાણે સંકલન કર્યું છે. વાચનામાં શબ્દનો ફરક હોઈ શકે છે, પણ અર્થ એક જ હોય છે, જે નીચેના સૂત્રથી સ્પષ્ટ થાય છે.

અત્થં ભાસઈ અરહા, સૂત્તં ગંથંતિ ગણહરા નિઉણમ્

અરહંતોની ભાષાના અર્થનું નિપુણ ગણધરો સૂત્રરૂપે ગુંથન કરે છે.

૧૪ પૂર્વ પછી ગણધરોએ ભગવાનની સંપૂર્ણ વાણીની ૧૨ અંગસૂત્રોમાં રચના કરી. તેમણે ૧૪ પૂર્વોને ૧૨મા અંગ દૃષ્ટિવાદમાં સમાવી દીધા.

આ સૂત્રો મૌખિક હતા. સ્મરણ શક્તિના આધારે તેનું અધ્યયન થતું હતું. કોઈ પણ સૂત્રનું લેખન કરીને પુસ્તકનું રૂપ આપ્યું નહોતું. એટલે વાચનાઓમાં પાઠાંતર રહેતું હતું.

૧૨ સૂત્રોને અંગ કહેવા પાછળ એક રસપ્રદ કારણ છે. શાસ્ત્રકારોએ ૧૨ સૂત્ર મળીને એક પુરુષાકારની કલ્પના કરી છે. દરેક આગમ ગ્રંથ શરીરનું એક અંગ છે. જેમકે પ્રથમ આચારાંગ સૂત્ર એ જમણો પગ છે અને ૧૨મું દૃષ્ટિવાદસૂત્ર એ મસ્તક છે.

ભગવાન મહાવીરના નિર્વાણના ૬૪ વર્ષ સુધી કેવળજ્ઞાનીઓ વિહરમાન હતા. જંબુસ્વામી છેલ્લા કેવળજ્ઞાની હતા. એટલે તેમના સમય સુધી પાઠભેદનું સહેલાઈથી નિરાકરણ થઈ શકતું હતું.

**અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય આગમ :**

જંબુ સ્વામી પછી ૧૦૦ વર્ષનો શ્રુતકેવળીનો યુગ શરૂ થયો. કેવળજ્ઞાની પાસેથી શ્રુતશ્રવણ દ્વારા ૧૨ અંગસૂત્રોનું જેણે સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું હોય તે શ્રુતકેવળી કહેવાતા હતા.

ભગવાન મહાવીરના સમયમાં સચેલક અને અચેલક, એટલે કે વસ્ત્રધારી અને નિર્વસ્ત્ર, એમ બન્ને પ્રકારના સાધુઓ હતા. કેવળીયુગના અંત સુધીમાં સચેલક અને અચેલક બન્ને પરંપરા રૂઢ થવા લાગી હશે. એટલે દિગંબર અને શ્વેતાંબરના શ્રુતકેવળીઓની યાદીમાં તફાવત છે. જો કે બન્ને માને છે કે ભદ્રબાહુ સ્વામી છેલ્લા શ્રુતકેવળી હતા.

શ્રુતકેવળીઓએ ૧૪ પૂર્વના આધારે દરેક અંગ સૂત્ર સાથે સંબંધિત સ્વતંત્ર ગ્રંથોની રચના કરી, જે ઉપાંગ કહેવાય છે. તે ઉપરાંત અનેક બીજા ગ્રંથોની પણ ૧૪ પૂર્વને આધારે રચના થઈ હતી, જેમાંથી ઘણાં ગ્રંથોને આગમ સૂત્રોમાં સ્થાન મળ્યું છે. ૧૨ અંગ એ અંગપ્રવિષ્ટ કહેવાયા અને ઉપાંગ અને અન્ય આગમો અંગબાહ્ય કહેવાયા.

૧૪ પૂર્વના આધારે બનેલા નવા ગ્રંથોનો અભ્યાસ વધતો ગયો અને ૧૪ પૂર્વનો અભ્યાસ ઘટતો ગયો. દુકાળ જેવા સમયે ૧૪

પૂર્વનો અભ્યાસ વધુ ઘટી જતો. ૧૪ પૂર્વના જાણનારા સાધુઓ ઓછા થતા જતા હતા. પહેલેથી જ ૧૨ અંગની નવ વાચના અસ્તિત્વમાં હતી જ. એટલે વીરના નિર્વાણના ૧૬૦ વર્ષમાં આગમ સૂત્રોમાં અનેક પાઠભેદ, અર્થભેદ અને માહિતીભેદ અસ્તિત્વમાં આવ્યા અને ૧૪ પૂર્વ લુપ્ત થવા લાગ્યા.

**પાટલીપુત્રની આગમવાચના :**

હવે જૈન ઈતિહાસનું એક મહત્ત્વનું પ્રકરણ આપણી સામે આવે છે.

આ બધા પ્રશ્નોના નિવારણ માટે અને સર્વમાન્ય આગમ ગ્રંથોના સંકલન માટે શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામીની અધ્યક્ષતા નીચે પાટલીપુત્રમાં એક પરિષદ બોલાવવામાં આવી, જે પાટલીપુત્ર વાચના તરીકે ઓળખાય છે.

પાટલીપુત્ર વાચનામાં આગમ ગ્રંથોનું વ્યવસ્થિત સંકલન થયું, છતાં નીચેના કારણથી ફરીથી ધીરે ધીરે અવ્યવસ્થા ઊભી થઈ હશે તેવું અનુમાન કરી શકાય.

(૧) જૈનો દિગંબર અને શ્વેતાંબર સંપ્રદાયમાં વિભાજિત થયા નહોતા, છતાં સાધુઓમાં સચેલક-અચેલકના અને અન્ય આચારભેદ દૃઢ થતાં પોતાની માન્યતાને પુષ્ટિ મળે તેવા પાઠભેદવાળા આગમનું સ્થવિરો દ્વારા અધ્યયન ચાલુ રહેવું.

(૨) ૧૪ પૂર્વમાંથી ઉધ્ધૃત આચાર્ય શય્યંભવ રચિત દશ વૈકાલિક સૂત્ર અને સ્વયં ભદ્રબાહુ દ્વારા રચાયેલા દશાશ્રુત સ્કંધ, બૃહદ કલ્પ અને વ્યવહાર સૂત્રને આગમ સૂત્ર તરીકે સર્વ અને ષટખંડાગમ અને કષાય પાહુડને આંશિક સ્વીકૃતિ મળી હતી. આગળ જતાં ૧૪ પૂર્વને બદલે આ નવા ગ્રંથોનું અધ્યયન વધતું ગયું.

(૩) સમય જતાં આગમના બે ભિન્ન પાઠ અસ્તિત્વમાં આવ્યા. (ક) પાટલીપુત્ર વાચનામાં સ્વીકારાયેલ અંગપ્રવિષ્ઠ અને અંગબાહ્ય આગમો, (ખ) પાઠાંતરવાળા ગ્રંથો અને (ગ) અન્ય ગ્રંથો, જેનો સ્વીકાર–પ્રચાર સીમિત હતો. જે મુનિઓએ અગાઉના પાઠ યાદ રાખ્યા હતા અને પાટલીપુત્ર વાચના પછી નવા પાઠ યાદ રાખ્યા, તેમની સ્મૃતિમાં, લેખિત પાઠના અભાવમાં, પાઠોની ભેળસેળ થવાની સંભાવના વધી ગઈ.

(૪) સ્થુલિભદ્રને ૧૦ પૂર્વનો અભ્યાસ કરાવ્યા પછી ભદ્રબાહુ સ્વામીએ છેલ્લા ૪ પૂર્વનો અભ્યાસ કરાવવો બંધ કર્યો હતો. આ રીતે ૧૪ પૂર્વનો લોપ ઝડપી બન્યો.

ભદ્રબાહુ સ્વામી પછી ૧૦ પૂર્વધરોનો યુગ શરૂ થયો. શ્વેતાંબર માન્યતા પ્રમાણે બીજા ૪૧૪ વર્ષે છેલ્લા દશપૂર્વધર આર્ય વ્રજ હતા. જ્યારે દિગંબરો માને છે કે ૧૮૩ વર્ષે આચાર્ય ધર્મસેન છેલ્લા દશપૂર્વધર હતા. તેમજ ૬૮૩ વર્ષે લોહાચાર્ય છેલ્લા આચારાંગના જાણનાર હતા. આથી સ્પષ્ટ જણાઈ આવે છે કે ભિન્ન સાધુ સમુદાયો વચ્ચે વિચારવિનિમય અને જ્ઞાનચર્ચા ઘટતાં ઘટતાં સદંતર બંધ થઈ ગયા હતાં.

છેવટે વીર નિર્વાણ ૬૦૬ અને ૬૦૯ વચ્ચે દિગંબર અને શ્વેતાંબર વચ્ચે જૈન સમાજ વિભાજિત થઈ ગયો. દિગંબરોએ દરેક આગમોને લુપ્ત જાહેર કરીને પોતાના અલગ ગ્રંથોને આગમ જેટલું જ મહત્ત્વ આપ્યું.

મૌખિક પરંપરા, લેખનનો અભાવ, સતત વિહાર, સ્થળાંતર અને દુષ્કાળના સમયે અધ્યયનમાં મંદતા વગેરે કારણોથી શ્વેતાંબરોના સૂત્રોમાં પણ પાઠાંતરની ક્રિયા ચાલુ રહી. અનેક નવા ગ્રંથોને આગમસૂત્રની માન્યતા મળી હતી. જે 'પ્રકિર્ણક' કહેવાય છે.

વીર નિર્વાણના ૫૦૦ વર્ષની આસપાસ આચાર્ય આર્યરક્ષિતે અધ્યયનની સરળતા માટે આગમસૂત્રોનું વિષય અનુસાર ચાર ભાગમાં સંકલન કર્યું. (૧) દ્રવ્યાનુયોગમાં તત્ત્વજ્ઞાન (૨) ચરણકરણાનુયોગમાં આચાર (૩) ગણિતાનુયોગમાં ખગોળ, ભૂગોળ, સંખ્યા, માપ, ગણિત, જ્યોતિષ વગેરે વિષયો અને (૪) કથાનુયોગમાં જીવનચરિત્ર, કથા અને વાર્તાઓ. આજ પણ જૈન સાહિત્યને આ ચાર શ્રેણીમાં રજૂ કરવાની પ્રથા પ્રચલિત છે.

**અન્ય આગમવાચનાઓ :–**

વીર નિર્વાણ ૩૦૦ની આસપાસ કલિંગમાં સમ્રાટ ખારવેલે કુમારગિરિ પર્વત પર આગમ વાચનાનું આયોજન કર્યું હતું. આ પરિષદમાં આર્યા પોયણી નામે સાધ્વીએ પોતાની ૩૦૦ વિદુષી સાધ્વીઓ સાથે આગમોના સંકલનમાં સહાય કરી હતી. જૈન ધર્મમાં સ્ત્રીઓને હંમેશાં મહત્ત્વનું સ્થાન મળ્યું છે એ ગર્વ સાથે નોંધવા જેવી હકીકત છે.

વીર સંવત ૮૨૭ અને ૮૪૦ વચ્ચે મથુરામાં આચાર્ય સ્કંદિલની અધ્યક્ષતામાં અને સૌરાષ્ટ્રના વલ્લભી ગામે આચાર્ય નાગાર્જુનની અધ્યક્ષતામાં આગમોના સંકલન માટે પરિષદો ભરાણી હતી. મથુરા અને વલ્લભી વચ્ચે મોટું અંતર હોવાથી આચાર્ય સ્કંદિલ અને આચાર્ય નાગાર્જુન એકઠા મળી ન શક્યા અને એ બે વાચનાઓમાં પાઠાંતર રહી ગયું.

**આગમોનું લેખન :**

વલ્લભી વાચનાને ૧૫૦ વર્ષ પછી જૈન સમાજમાં એક ક્રાંતિકારી ઘટના બની.

મૌખિક પરંપરા અને સ્મૃતિના આધારે આગમને જાળવવાની મુશ્કેલીઓ ઊભી જ હતી. વીર સંવત ૯૮૦માં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે આગમસૂત્રોનું લેખન કરવાનો નિર્ણય લીધો.

બૌદ્ધ અને વૈદિક ધર્મ ગ્રંથો લિપિબદ્ધ થઈ ચૂક્યા હતા. પરંતુ જૈન સાધુ માટે જ્ઞાન કરતાં આચાર અને ચારિત્રનું મહત્ત્વ વધુ છે. જ્ઞાન ન હોય હોય તો ચાલે, પણ આચારમાં શિથિલતા ન ચાલે.

એટલે પુસ્તક લખવા અને જાળવવામાં જૈન સાધુને આચારભંગ જણાતો હતો અને મુખ્યરૂપે બે પ્રશ્ન ઊઠતા હતા.

(૧) લેખન માટે તાડપત્ર અને ભોજપત્રનો ઉપયોગ કરવામાં વનસ્પતીકાયના જીવોની હિંસા થાય.

(૨) પુસ્તકોને સાથે રાખવામાં પરિગ્રહનો દોષ હતો.

આગમોને લિપિબદ્ધ કરવામાં દેવર્ધીગણીએ અપૂર્વ નેતૃત્વશક્તિ, દીર્ઘદૃષ્ટિ અને સમજાવટની કળાનો પરિચય આપ્યો. આજે લેખનકાર્ય સામાન્ય છે. એટલે ૧૫૦૦ વર્ષ પહેલા લેખનનો નવો ચીલો પાડનારની પૂરી કદર ન થઈ શકે તે સ્વાભાવિક છે. એટલે આજે દેવર્ધીગણીની હિમ્મત, નિડરતા અને સાહસિકતાનો સાચો અંદાજ કાઢવો મુશ્કેલ છે.

દેવર્ધીગણીની આ પરિષદ વાચના નહીં પણ શ્રુતલેખનની પરિષદ હતી. તેમાં વલ્લભી વાચનાના પાઠોનું લેખન કરવામાં આવ્યું. માથુરી વાચના, ટીકાઓ અને ચુર્ણી સાથે જ્યાં પાઠભેદ હતો ત્યાં તેમણે તેનો ઉલ્લેખ કરીને ઉદારતા અને દીર્ઘદૃષ્ટિ બતાવી. ૧૩ વર્ષના પરિશ્રમ પછી પ્રથમ વાર જૈન સમાજને વ્યવસ્થિત અને આધારભૂત આગમ ગ્રંથો લખાણમાં મળ્યા. આજે જે આગમ ઉપલબ્ધ છે તે દેવર્ધીગણી ક્ષમાશ્રમણના ઐતિહાસિક અને ક્રાંતિકારી શ્રુતલેખનને આભારી છે. હવે પાઠાંતરનો પણ અંત આવ્યો.

**આગમ સૂત્રો અને તેનો રચનાકાળ :**

ભગવાન મહાવીરના નિર્વાણથી લઈને દેવર્ધીગણી ક્ષમાશ્રમણ સુધીનો કાળ આગમ સૂત્રોની રચનાનો કાળ ગણાય છે.

વર્તમાનમાં ૧૧ અંગમસૂત્રો છે અને તે ગણધરોની રચના ગણાય છે. છતાં થોડો અભ્યાસ કરવાથી જણાઈ આવે છે કે આ અંગસૂત્રોની રચના એક જ સમયે નથી થઈ.

પ્રથમ અંગ આચારાંગ સૂત્રના બે શ્રુતસ્કંધ (ભાગ) છે. બન્ને ભાગના વિષય, વિચાર અને ભાષામાં ભિન્નતા છે. એટલે આ બે ભાગ જુદા સમયે રચાયા છે. પહેલો ભાગ પાટલીપુત્ર વાચના પહેલાનો છે અને બીજો ભાગ ત્યાર પછીનો છે. ૧૧ અંગોની મુખ્ય રચના વીર નિર્વાણના ૩૦૦ વર્ષ સુધીમાં થઈ છે. પછીના વર્ષોમાં નાના-મોટા ઉમેરા અને સુધારા થતા રહ્યા છે. ૧૦મા અંગ પ્રશ્ન વ્યાકરણ સૂત્રની નંદી સૂત્રમાં જે વિગત આપી છે તે લુપ્ત થઈ ગઈ છે. હાલના આ સૂત્રની વિગત અભયદેવની વીર સંવત ૧૨મા સૈકાની ટીકામાં જોવા મળે છે.

૧૨ ઉપાંગસૂત્રોમાં પ્રજ્ઞાપના સૂત્ર કાલકાચાર્યે વીર નિર્વાણ સંવત ૩૩૫ થી ૩૭૬ વચ્ચે રચ્યું છે. દિગંબર માન્યતા પ્રમાણે સૂર્ય પ્રજ્ઞપ્તિ, જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિ, ચન્દ્ર પ્રજ્ઞપ્તિનો ઉલ્લેખ દૃષ્ટિવાદના પરિકર્મ પ્રકરણમાં હતો. ઉપાંગનો રચના કાળ વીર નિર્વાણના ૬૦ વર્ષની અંદરનો ગણાય છે.

છેદસૂત્રની સંખ્યા ૬ છે. ચારિત્રમાં લાગતા દોષના પ્રાયશ્ચિત્તની વિધિ જે સૂત્રોમાં આપી છે તે છેદસૂત્રો કહેવાય છે. દશાશ્રુત, બૃહદકલ્પ અને વ્યવહાર સૂત્ર શ્રુતકેવળી ભદ્રબાહુએ વીર નિર્વાણના ૧૫૦ થી ૧૭૦ વર્ષમાં ૧૪ પૂર્વના આધારે રચ્યા છે.

નિષિથ સૂત્ર આચારાંગની ચૂલિકા છે અને પ્રાચીન છે. જિતકલ્પ સૂત્ર અને મહાનિશિથ સૂત્ર પ્રાચીન વિષયોની પુનર્રચના છે.

સંયમ પાલનમાં જે સહાયક છે અને નવદીક્ષિતને જેનો અભ્યાસ સર્વ પ્રથમ કરાવવામાં આવે છે તેવા ૪ મૂળ સૂત્રો છે. આવશ્યક સૂત્રની રચના અંગ સૂત્રોના કાળ દરમિયાન થઈ છે. દશ વૈકાલિકસૂત્રની રચના વીર નિર્વાણના ૧૦૦ વર્ષની આસપાસ આચાર્ય શય્યંભવે કરી છે. ઉત્તરાધ્યયન સૂત્રનું સંકલન વીર નિર્વાણના ૩૦૦ વર્ષની અંદર એકથી વધારે આચાર્યોએ કર્યું છે. પીંડ નિર્યુક્તિની રચના પાછળથી થઈ છે.

ચૂલિકાસૂત્રો બે છે. અનુયોગદ્વાર સૂત્રની રચના આર્ય રક્ષિતના ચાર અનુયોગના આધારે થઈ છે અને ૨૦૦૦ વર્ષ પહેલાં થઈ છે. નંદી સૂત્રની રચના દેવર્ધિગણી ક્ષમાશ્રમણના સમકાલિન દેવવાચકે કરી છે.

**દિગંબર આગમ ગ્રંથ અને સાહિત્ય :**

દિગંબરોમાં આગમ વધુ ઝડપથી લુપ્ત થયા છે. દિગંબર આચાર્યોએ નવા ગ્રંથો રચ્યા અને તેને આગમ તરીકે માન્ય રાખ્યા.

સૌથી પ્રાચીન ગ્રંથોમાં ષટખંડાગમની પુષ્પદંત અને ભૂતબલિએ અને કષાય પાહુડની ગણધરે રચના કરી છે. કુંદકુંદાચાર્યે પ્રવચનસાર, નિયમસાર, સમયસાર અને પંચાસ્તિકાયની રચના કરી. સમંતભદ્ર, અકલંક, પુજ્યપાદ વિદ્યાનંદ વગેરે આચાર્યોએ અનેક ગ્રંથોની રચના કરી. આ ગ્રંથોનો રચનાકાળ વીર નિર્વાણના ૧૦૦૦ વર્ષ સુધીનો છે.

મૂર્તિપૂજક શ્વેતાંબરના આગમગ્રંથોની સંખ્યા ૪૫ છે. સ્થાનકવાસી અને તેરાપંથી તેમાંથી ૧૦ પ્રકિર્ણક અને અમુક છેદસૂત્ર અને મૂળસૂત્રને અધિકૃત માનતા નથી. તેમના આગમની સંખ્યા ૩૨ છે.

૨૫૦૦ વર્ષમાં આગમગ્રંથ ઉપર અનેક ટીકાઓ અને સાહિત્યની રચના થઈ છે. આગમનું વિષય અનુસાર સંપાદન કરવાના અને સરળ બનાવવાના અનેક પ્રયાસો થયા છે. તેમાં વીર નિર્વાણની ચોથી શતાબ્દીમાં આચાર્ય ઉમાસ્વાતિ રચિત તત્ત્વાર્થ સૂત્ર સૌથી મહત્ત્વનો ગ્રંથ છે. ટૂંકા સૂત્ર દ્વારા અર્થગંભીર વિષયનું વ્યવસ્થિત અને કડીબદ્ધ આલેખનનો ભારતના ઈતિહાસમાં આ પ્રથમ પ્રયાસ છે. એટલે તત્ત્વાર્થ સૂત્રનું ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનું અને ગૌરવભર્યું સ્થાન છે. તત્ત્વાર્થ સૂત્ર જૈનોના ચારે ફિરકાને માન્ય છે.

જૈન આચાર્યોએ વિપુલ માત્રામાં ઉચ્ચ કોટીના સાહિત્યની રચના કરી છે. વિદ્યાના દરેક વિષયનું જૈન આચાર્યોએ ખેડાણ કર્યું છે. દુર્ભાગ્યની વાત છે કે સાંપ્રદાયિક મતભેદનો કારણે આપણે આપણા જ આચાર્યોને જોઈએ તેટલું સન્માન નથી આપી શક્યા. પરિણામે ભારતમાં પણ જૈનોના સાહિત્યના અને વિદ્યાના યોગદાનની પૂરતી નોંધ નથી લેવાણી.

જૈન સમાજની આચારપ્રધાન દૃષ્ટિને કારણે આગમોનો અભ્યાસ મોટો ભાગે સાધુઓ પૂરતો મર્યાદિત રહી ગયો. એટલે હિંદુઓની ગીતા કે બૌદ્ધોના ધમ્મપદ જેવા આગમ આધારિત એક સારરૂપ ગ્રંથની કોઈને જરૂર લાગતી નથી. પરિણામે જૈન સમાજની બહાર જૈન આગમની જાણકારી નજીવી રહી છે.

**સમણસુત્તં :**

તેમાં એક અપવાદરૂપે હતા વિનોબા ભાવે. તે વૈદિક સાહિત્યના પ્રકાંડ પંડિત હોવા ઉપરાંત જૈન તત્ત્વજ્ઞાનના પણ ઊંડા અભ્યાસી હતા અને સવાયા જૈન હતા. તેઓ જૈન સાધુની જેમ પાદવિહારી હતા. તેમણે પહેલેથી જ જાહેર કર્યું હતું કે તે જીવનના છેલ્લા દિવસોમાં જૈનોના સંલેખનાવ્રત ધારણ કરશે. ખરેખર, તેમણે અંતિમ દિવસોમાં સંથારો ધારણ કર્યો હતો. તેમના સ્વાસ્થ્ય માટે ચિંતિત શ્રીમતી ઇંદિરા ગાંધીએ જ્યારે દવા લેવા માટે આગ્રહ કર્યો ત્યારે તેમણે દૃઢતાથી કહ્યું કે જૈન સંથારામાં પાણી સુદ્ધાં ન ખપે.

વિનોબાજી ચૂસ્ત આચારપાલનના આગ્રહી હતા. તે માનતા હતા કે જૈન સાધુઓ ત્યાગ અને સંયમમાં જરા પણ બાંધછોડ નથી કરતા માટે તે અજૈનોમાં પણ આદરણીય છે. તેમણે કહ્યું હતું કે આચાર ગુમાવીને પ્રચાર કરવો એ ખોટનો ધંધો છે. જ્યારે પ્રચાર ગુમાવીને પણ આચાર જાળવવામાં લાંબા ગાળે લાભ છે.

વિનોબાજીને હંમેશાં લાગતું હતું કે જૈન આગમ આધારિત અને જૈનોના ચારે સંપ્રદાયોને માન્ય હોય તેવા એક ગ્રંથની રચના થવી જોઈએ. આ ગ્રંથમાં સંપૂર્ણ જૈન આચાર, તત્ત્વજ્ઞાન અને દર્શનનો સમાવેશ થવો જોઈએ. જૈનોના અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદના અદ્‌ભુત અને સાર્વભૌમ સિદ્ધાંતો વિશ્વ સમક્ષ રજૂ થવા જોઈએ.

વિનોબાજીએ વારંવાર જૈન આચાર્યો, સાધુઓ અને વિદ્વાનોને અપીલ કરી કે ગીતા અને બૌદ્ધોના ધમ્મપદ જેવો જૈનોનો એક ગ્રંથ હોવો જોઈએ. બાઈબલ અને કુરાન ગમે તેટલા દળદાર હોય, એક જ છે. દુર્ભાગ્યવશ, જૈન સમાજ અનેક ફાંટાઓમાં વિભાજિત છે. તેમની વચ્ચેનો ભેદ ઘણો જ નજીવો છે અને ધર્મગ્રંથોની સંખ્યા વિરાટ છે. તેમણે અનેક મુનિઓને વિનંતી કરી કે તમે એકઠા મળીને, ચર્ચા કરીને, એક ઉત્તમ, સર્વમાન્ય ધર્મસાર ગ્રંથ તૈયાર કરો. પણ પરિણામ શૂન્ય જ રહ્યું.

છેવટે દિગંબરોના જિનેન્દ્ર વર્ણીજીને ગળે તેમની વાત ઉતરી. વર્ણીજી વિદ્વાન અને ચિંતનશીલ હતા. તેમણે વિનોબાજીની પ્રેરણાથી 'જૈન ધર્મસાર' નામે પુસ્તક બહાર પાડ્યું. તેની ૧૦૦૦ નકલ જૈન સાધુઓને, વિદ્વાનોને અને સમાજના મોવડીઓને મોકલી. તેમના સૂચનોને આધારે તેમણે પુનઃ સંપાદન કરીને 'જિણધમ્મ' નામે નવો ગ્રંથ તૈયાર કર્યો.

વિનોબાજીએ વર્ણીજીને ઘણું જ પ્રોત્સાહન આપ્યું. તેમના કાર્યમાં ચારે ફિરકાના અનેક મુનિઓ અને વિદ્વાનો જોડાયા. છેવટે ૨૯ અને ૩૦ નવેમ્બર, ૧૯૭૪ના દિલ્હીમાં એક પરિષદ બોલાવી, જેમાં દરેક સંપ્રદાયના મળીને ૩૦૦ મુનિઓ, વિદ્વાનો અને શ્રાવકોની હાજરી હતી. તેઓએ મળીને 'જિણધમ્મ' ઉપર વારંવાર ચર્ચા, વિચારણા, સમીક્ષા અને અવલોકન કર્યું. તેને આધારે બીજા સાત દિવસ પરિશ્રમ અને ચર્ચા કરીને મુનિઓએ સર્વાનુમતિથી નવા સ્વરૂપે ગ્રંથ તૈયાર કર્યો અને તેને અર્ધ માગધીમાં 'સમણસુત્તં' નામ આપ્યું. પરિષદના અધ્યક્ષો મુનિશ્રી વિદ્યાનંદજી, મુનિશ્રી જનકવિજયજી, મુનિશ્રી સુશીલકુમારજી, મુનિશ્રી નથમલજી અને શ્રી જિનેન્દ્ર વર્ણીજીએ તેની નકલ વિનોબાજીને અર્પણ કરી. સમણસુત્તં ભગવાન મહાવીરની જન્મ જયંતી ઉપર જનતા સમક્ષ મૂકવું એવો ઐતિહાસિક નિર્ણય લીધો.

૨૫૦૦ વર્ષમાં ન થયું હોય તેવું એક ભગીરથ અને વિરાટ કાર્ય વિનોબાજીના પ્રયાસથી અને દરેક જૈન ફિરકાના સહયોગથી સંપન્ન થયું. વીર નિર્વાણ સંવત ૨૦૫૧, ચૈત્ર શુદ ૧૩, મહાવીર જન્મ જયંતી, ૨૪ એપ્રિલ ૧૯૭૫ના સમણસુત્તં પ્રકાશિત થયું.

સમણસુત્તંમાં જૈન ધર્મ, દર્શન અને સિદ્ધાંતની સારભૂત ગાથાઓનું શ્વેતાંબર અને દિગંબર આગમ સૂત્રોમાંથી વિષયના ક્રમમાં સંકલન કર્યું છે. પ્રાચીન મૂળ આગમ ગ્રંથોમાંથી સંકલન કર્યું છે એટલે તે પ્રમાણભૂત અને આદરણીય છે. પ્રાકૃત 'સુત્ત' શબ્દનો અર્થ સૂત્ર થાય છે. સમણસુત્તંમાં ૪ ખંડ અને ૭૫૬ ગાથા છે.

પ્રથમ ખંડ 'જ્યોતિર્મુખ'માં કર્મ, સંસાર અને આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે. તેમાં રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભને બદલે

**સ્થળ સંકોચને કારણે...**

પત્ર ચર્ચા, સર્જન સ્વાગત અને શ્રી મુંબઈ યુવક સંઘ યોજિત ૭૫મી વ્યાખ્યાનમાળાનો આગળનો અહેવાલ સ્થળ સંકોચને કારણે આ અંકમાં પ્રકાશિત કરી શક્યા નથી, જે નવેમ્બરના અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

❑ તંત્રી

ધર્મ, સંયમ, અહિંસા અને અપરિગ્રહ તરફ જવાની પ્રેરણા છે. બીજા ખંડ 'મોક્ષમાર્ગ'માં આચાર, વ્રત, સંયમ, તપ અને દર્શનનો પરિચય છે. ચોથા ખંડ 'સ્યાદ્વાદ'માં જૈન દર્શનની વિશ્વને જે અનુપમ ભેટ મળી છે તે અનેકાંતવાદનો પરિચય છે.

એ પરિષદમાં તત્ત્વાર્થ સૂત્રમાંથી 'પરસ્પરોપગ્રહો જીવાનામ્' સૂત્રને અને ત્રણ લોકના પુરુષાકાર પ્રતીકને સમસ્ત જૈનોના સૂત્ર અને પ્રતીક તરીકે સ્વીકારવામાં આવ્યા.

સમણસુત્તંમાં જૈન ધર્મના સિદ્ધાંત, આચાર, જીવનદૃષ્ટિ, જીવન-પ્રણાલી અને ક્રમિક જીવનવિકાસના ઉપાય બતાવ્યા છે. તેમાં કોઈ સાંપ્રદાયિક આગ્રહ નથી. દરેક સંપ્રદાયને સ્વીકાર્ય બને તે શૈલીથી તેનું સંકલન થયું છે. ભગવાન મહાવીરનો સંદેશ પ્રજ્ઞાવાનથી લઈને સામાન્ય માણસ સુધી સૌને ઉપયોગી છે.

**ભવિષ્ય :**

છતાં સમણસુત્તંનો જોઈએ તેટલો પ્રચાર નથી થયો. દરેક સંપ્રદાયના અગ્રગણ્ય મુનિઓ અને વિદ્વાનોનો તેમાં પરિશ્રમ છે છતાં તેના અધ્યયન માટે પુરતો પ્રયાસ નથી થયો. આ ગ્રંથ ઉપેક્ષાને કારણે જ જો વિસ્મૃત થઈ જશે તો જૈનસમાજ માટે તેનાથી મોટું બીજું કોઈ દુર્ભાગ્ય નહીં ગણાય. ભગવાન મહાવીરના અનુપમ ધર્મ અને સંદેશને વિશ્વ સુધી પહોંચાડવાની આપણી ફરજરૂપે પણ સમણસુત્તં ઘેર ઘેર વંચાતું થાય તે માટે દરેકે પ્રયાસ કરી છૂટવા જોઈએ.

સમણસુત્તંમાં સુધારા, વધારા, સમીક્ષા અને અવલોકન થતા રહે તે માટે એક કેન્દ્રીય સમિતીનું ગઠન થવું જોઈએ. મુનિઓ અને વિદ્વાનોએ તેને અભિપ્રાય મોકલતા રહેવા જોઈએ અને દર ૨૫ કે ૫૦ વર્ષે તેની નવી સંશોધિત આવૃત્તિ બહાર પડવી જોઈએ. તેનાથી સમણસુત્તંનો સતત અભ્યાસ થતો રહેશે અને તેનું લક્ષ્ય પાર પડશે.

જેમ ભૂતકાળમાં આગમ સૂત્રો ઉપર અનેક ટીકા, ચૂર્ણી અને નિર્યુક્તિઓ લખાણા છે તેમ વિદ્વાનોએ સમણસુત્તં ઉપર પણ વિવેચન કરવા જોઈએ. શંકરાચાર્યના મઠમાં નિયમ છે કે જેણે બ્રહ્મસૂત્ર ઉપર ટીકા લખી હોય તે જ શંકરાચાર્ય બની શકે. જૈન સમાજ પણ આચાર્યપદ માટે આવો કોઈ નિયમ બનાવે તો સમણસુત્તંનો ધ્યેય સફળ થશે.

આગમસુત્તંથી સમણસુત્તંનું આ વિહંગાવલોકન સાર્થક ગણાશે, જો આપણે સૌ મેંત્તિ ભૂએસુ કપ્પએ'ની ભાવનાને પ્રગટાવીએ.

વિશ્વના ભૂતમાત્ર સાથે જ્યારે મૈત્રીભાવ પ્રગટે છે ત્યારે આકાશમાં સૂર્ય, ચંદ્ર અને તારામાં જીવનનો પ્રકાશ દેખાશે. માટીનું ઢેફું હાથમાં લઈએ તો તેના કણકણમાં જીવનનો ધબકાર સ્પર્શશે. હવાની લહેર પસાર થશે ત્યારે રોમેરોમમાં જીવનસંગીતના સૂર સંભળાશે. વીજળી ઝબૂકશે ત્યારે તેમાં ચેતનાની ચિનગારી દેખાશે. આપણા વ્યક્તિત્વનો વિરાટ વિકાસ થશે. અંતરમાં અનંત શક્તિની ઝણઝણાટી થશે. અખંડ આનંદના પ્રવાહમાં તરબોળ થઈ જવાશે.

મારામાં, તમારામાં, આપણા સૌમાં આ મૈત્રીભાવ પ્રગટે તે માટે સમણસુત્તં ઘેર ઘેર પહોંચે, દરેકના હૃદયના ખૂણે ખૂણે પહોંચે તે માટે આપણે સૌ સહિયારા પ્રયાસની પ્રતિજ્ઞા સાથે છૂટા પડીએ અને ફરી ફરી મળતા રહીએ. ✷✷✷

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજીત ૭૫મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૨-૮-૨૦૦૯ના પ્રસ્તુત કરેલ વક્તવ્ય.

૫૮-એ, પડડા મુકુર રોડ, કોલકત્તા-૭૦૦ ૦૨૦.
ફોન (૦૩૩) ૨૪૭૫૩૯૭૧ – ૨૪૮૬૩૮૯૦
મોબાઈલ : ૦૯૮૩૦૫૬૪૪૨૧
Email: harshad.doshi@gmail.com

## 'સમણસુત્તં' : અડધી કિંમતે પ્રાપ્ત

'સમણ સુત્તં'

વિશ્વના મહાન ધર્મોમાં જૈન ધર્મની ગણના થાય છે. અન્ય મહાન ધર્મોમાં હિન્દુ ધર્મનું 'ભગવદ્ ગીતા', બુદ્ધનું 'ધમ્મપદ', ખ્રિસ્તીઓનું 'બાઈબલ', ઈસ્લામનું 'કુર્રાન' એમ એક એક પુસ્તકમાં એમના ધર્મનો સાર આવી જાય છે. જૈન ધર્મમાં એક જ પુસ્તકમાં ધર્મસાર આવી જાય એવું એક પણ પુસ્તક નહતું એનું મુખ્ય કારણ એ હતું કે જૈન ધર્મમાં માનવ મનનું એટલું વિશ્લેષણ થયું છે કે એક એક મનોભાવ ઉપર અનેક પુસ્તકો લખાયા છે. જૈનોના ૨૪ મા તીર્થંકરની ૨૫૦૦ વર્ષની ઉજવણી સમયે સંત વિનોબાજીએ જૈનોને આગ્રહ કર્યો કે જૈન ધર્મનો સાર આવી જાય એવું એક પુસ્તક હોવું જોઈએ. કામ કઠીન હતું. સદ્ભાગ્યે જૈન સમુદાયના ચારે ફિરકાઓ તેમજ સાધુ-સંતો અને ધર્મના ઊંડા અભ્યાસીઓએ મળીને 'સમણસુત્તં' નામનું પુસ્તક તૈયાર કર્યું છે. જેમાં જૈન ધર્મના સિદ્ધાંતોને લગતી ૭૫૬ ગાથાઓની મૂળ પ્રાકૃત, માગધી કે અર્ધમાગધી, સાથે સાથે સંસ્કૃતમાં અને ગુજરાતીમાં સરળ ભાષામાં સમજણ આપવામાં આવેલ છે. આમાં જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો છે, ઉપરાંત વધારે સમજવા માટે જૈનો પાસે વિપુલ સાહિત્ય તો છે જ.

***જે ભાઈ-બહેનોને આ 'સમણ સુત્તં' જોઈતું હોય*** તેમને માટે એક શુભેચ્છક તરફથી કેટલીક નકલો **અર્ધી કિંમતે આપવા** માટે અમને મળેલ છે. અર્ધી કિંમતે રૂપિયા પચાસ થાય છે. જે ભાઈ-બહેનોને આ પુસ્તક જોઈતું હોય તેમણે મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસમાં સંપર્ક કરવા અને ત્યાંથી મેળવી લેવા વિનંતિ છે.

❑ **મેનેજર**

# પ્રાચીન જૈન મુનિઓની ઊજળી પરમ્પરાનું તેજસ્વી અનુસંધાન: દીપરત્નસાગર મહારાજ

❑ ડૉ. બિપીન આશર

*(જૈન સોશ્યલ ગ્રુપ-થાનગઢ (ગુજરાત સૌરાષ્ટ્ર) દ્વારા પ. પૂ. મુનિશ્રી દીપરત્ન સાગરજી મહારાજ સાહેબના દશ હજાર પૃષ્ટોમાં અનુવાદિત થયેલ આગમ સૂત્ર સટીકના ૪૮ ગ્રંથોના સંપૂટનો તા. ૮ ઑગસ્ટ, ૨૦૦૯ના પ. પૂ. આચાર્યદેવ શ્રી પુન્યોદય સાગરસૂરિજી મહારાજ સાહેબ અને અન્ય મુનિ ભગવંતોની પાવન નિશ્રામાં તેમજ વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ ઉપરાંત વિદ્વદ્જનોની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય વિમોચન સમારોહ યોજાયો હતો.મૂળ પ્રાકૃત (અર્ધમાગધી) અને સંસ્કૃત ભાષામાંથી અવતરણ થયેલ આ જિનવાણી આગમોનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરવા માટે પૂ. મુનિશ્રીએ ૨૫ વર્ષની જ્ઞાનસાધના કરી જૈન શાસન અને ગુજરાતી ભાષાને ગૌરવાન્તિત કરી છે.*

*વર્તમાનમાં માત્ર બાવન વર્ષની વય ધરાવનાર સંસારજીવનમાં જામનગરના વતની અને એ સમયે એમ.ઍડ્. સુધી શિક્ષણ પ્રાપ્ત કરનાર પૂ. મુનિશ્રી દીપરત્ન સાગરજી ૧૯૮૧માં પ. પૂ. સુધર્મ સાગરજીથી દીક્ષિત થયા હતા. પૂર્વાશ્રમમાં એઓશ્રી એક તેજસ્વી શિક્ષક હતા. પૂજ્યશ્રી દ્વારા અત્યાર સુધી ૧૦૦થી વધુ પુસ્તકોનું સર્જન-પ્રકાશન થયું છે.*

*પૂ. મુનિશ્રી અત્યારે થાનગઢમાં બિરાજમાન છે. ચાતુર્માસ પરિવર્તન પછી એઓશ્રી અમદાવાદમાં આગમકેન્દ્ર-ખાનપુરમાં પધારશે.*

*આવા જૈન શાસન પ્રભાવક ઉત્તમ ભગીરથ કાર્ય માટે આપણે સર્વે પ. પૂ. મુનિશ્રી દીપરત્ન સાગરજીની કોટિ કોટિ અભિવંદના કરીએ અને આયોજક સંસ્થા, માનદ્ કાર્યકરો અને દાનવીરોને ધન્યવાદ પાઠવીએ. વિશેષ વિગત માટે સંપર્ક : વિજય આશર : ૦૯૪૨૭૯૪૨૪૮૨.*–**તંત્રી**)

ભારતીય સાહિત્યની પ્રમુખ ત્રણ ધારાઓ : એક, શિષ્ટ સાહિત્ય; બે, લોકસાહિત્ય અને ત્રણ, જૈન સાહિત્ય. જૈન સાહિત્ય જેટલું પ્રાચીન છે એટલું જ સમૃદ્ધ પણ છે; જેટલું સામ્પ્રદાયિક છે એટલું જ સાહિત્યિક પણ છે. આ ધારાની સમૃદ્ધિનું એક કારણ જૈન સમ્પ્રદાયને સમર્પિત પ્રજ્ઞાશીલ જૈનમુનિઓની અભ્યાસનિષ્ઠા, સંશોધનવૃત્તિ અને જૈનધર્મ પ્રત્યેનો ઊંડો લગાવ છે. પ્રાચીનકાળથી લઈ આજપર્યંત જૈન મુનિશ્રીઓ જૈન સમ્પ્રદાય અને જૈન સાહિત્યમાં અંગત રસ લઈને પોતાની અપૂર્વ ધર્મનિષ્ઠા અને સાહિત્યપ્રીતિનો અનુભવ કરાવતા રહ્યા છે. **જૈન મુનિશ્રીઓની ઊજળી પરમ્પરાનું એક તેજસ્વી અનુસંધાન દીપરત્નસાગર મહારાજ છે.** દીપરત્નસાગર મહારાજે આજ સુધીમાં ૩૦૧ પુસ્તકો લખ્યાં છે. તેમના લેખનના વિષયક્ષેત્રોમાં વૈવિધ્ય અને વૈપુલ્ય પણ જોવા મળે છે. તેઓએ મુખ્યત્વે આગમ સમ્બન્ધી ઘણું કામ કર્યું છે, પરન્તુ આ સાથે તેઓએ જિનભક્તિ સાહિત્ય, પૂજનસાહિત્ય, વિધિસાહિત્ય, આરાધના સાહિત્ય, તત્ત્વાર્થ સાહિત્ય સમ્બન્ધી ઘણાં પુસ્તકો લખ્યાં છે. આ ઉપરાંત **આગમ શબ્દકોશ, આગમ કથા કોશ** અને **આગમવિષય દર્શન** જેવા કોશ પ્રકાશિત કરીને કોશક્ષેત્રે પણ અમૂલ્ય પ્રદાન કર્યું છે. દીપરત્નસાગર મહારાજના કેટલાંક પુસ્તકો વિશ્વના જુદા જુદા ચૌદ દેશોની યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં મૂકાયાં છે અને કેટલીક યુનિવર્સિટીમાં સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગમાં લેવાય છે. ધર્મ અને સાહિત્ય ક્ષેત્રે ભગીરથ કાર્ય કરનાર દીપરત્નસાગરે જ્ઞાનયજ્ઞ આરંભીને પોતાના જીવનના ત્રણ દાયકાઓ આ જ્ઞાનયજ્ઞમાં હોમી દીધા છે. **કોઈ એક મોટી સંસ્થા જ કામ કરી શકે એવું અને એટલું કામ મુનિશ્રી દીપરત્નસાગરે એકલે હાથે, અનેક પ્રકારની દુવિધાઓ-અભાવો વચ્ચે રહીને કર્યું છે.** કવિશ્રી વિજય આશરે, યોગ્ય રીતે જ કહ્યું છેઃ

**'મહિમાવંત કર્યો જગમાં 'મુનિ' શબ્દને**
**જ્ઞાન-ધર્મના ગુણવર્ધન દીપરત્ન છે.'**

XXX

**'પોતીકો વૈભવ ઉમેર્યો આગમમાં**
**શાસનનું ભવ્ય સિંહાસન દીપરત્ન છે.'**

આવા એક જ્ઞાનવૃદ્ધ, વિવેચક, અનુવાદક, સંપાદક, ભાષાજ્ઞ, અધ્યાત્મપુરુષ એવા મુનિશ્રી દીપરત્નસાગરના એક સાથે પ્રકાશિત થયેલા ૪૮ ગ્રંથોના આ ગૌરવપ્રદ વિમોચન સમારોહમાં તેમની લેખનયાત્રાનો પરિચય કરાવતાં હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આ ઐતિહાસિક વિમોચન સમારોહમાં, આપ સૌ સમક્ષ, દીપરત્નસાગરના એક સંશોધક-સંપાદક અને અનુવાદક તરીકેના વ્યક્તિત્વને ઉદ્‌ઘાટિત કરવાનો મારો નમ્ર પ્રયાસ છે. દીપરત્નસાગર તો આકાશ જેટલું વિસ્તર્યા છે. એમના વિસ્તારને માપવો અશક્ય છે. અહીં માત્ર તેમના પ્રકાશનોથી આપ સૌને અભિજ્ઞ કરવાનો મારો ઉપક્રમ છે.

દીપરત્નસાગર મહારાજનું અમૂલ્ય પ્રદાન ગણાવવું હોય તો તેમના આગમ વિષયક પ્રકાશનો છે. આગમનું નામ તો સૌએ સાંભળ્યું છે, પરંતુ જૈનેતર લોકો એ જાણતા નથી કે આગમ શું છે

અને તેમાં કયા વિષયની ચર્ચા કરવામાં આવી છે. જેમ હિન્દુધર્મના **'ભગવદ્ગીતા'**માં કૃષ્ણની વાણી સંભળાય છે, ખ્રિસ્તી ધર્મના **'બાઈબલ'**માં ઈશુ ખ્રિસ્તની વાણી સંભળાય છે, મુસ્લિમ ધર્મના **'કુરાન'**માં મહંમદ પયગમ્બરની વાણી સંભળાય છે, બૌદ્ધ ધર્મના **'ત્રિપિટક'** ગ્રંથમાં ભગવાન બુદ્ધની વાણી સંભળાય છે, સ્વામિનારાયણ ધર્મના **'વચનામૃત'**માં સહજાનંદ સ્વામીની વાણી સંભળાય છે તેમ જૈન ધર્મના **'આગમ'** ગ્રંથમાં જિનવાણી સંભળાય છે. જૈન સમ્પ્રદાયમાં ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીએ ષડ્રિપુ–કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર અને મદ સામે વિજય મેળવીને અરિહંતનું બિરુદ પ્રાપ્ત કર્યું હતું અને વિશ્વને સંદેશ પહોંચાડ્યો હતો કે બહારના શત્રુ સામે લડીને તો વિજય પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ અંદરના શત્રુ સામે લડો અને વિજય પ્રાપ્ત કરો. આ પ્રકારના સંદેશાઓ, દયા–પ્રેમ–કરુણા–પરોપકાર–અહિંસા–સત્ય જેવા જીવનમૂલ્યોને વહેતાં કરીને જૈનધર્મનો પ્રચાર પ્રસાર કર્યો હતો. વિશ્વનું કલ્યાણ થવાનું હશે તો આ જૈનધર્મના સિદ્ધાન્તોથી. આ સિદ્ધાન્તો સમજીને પ્રત્યેક માનવીએ જીવનમાં ઉતારવા પડશે. આવા એક ઉમદા ધર્મના ગ્રંથ તરીકે આગમને ગણાવાયો છે. આ આગમ ગ્રંથ જૈન સાહિત્યનું સમેત શિખર છે. આ શિખર પર અવરોહણ કરવાના પ્રયાસો ઘણા મુનિશ્રીઓએ આ પૂર્વે કર્યા છે પરંતુ તેના એક સફળ અવરોહી તો મુનિશ્રી દીપરત્નસાગર મહારાજ છે.

દીપરત્નસાગર મહારાજે આગમસાહિત્ય સમ્બન્ધી જે પુસ્તકો સંશોધિત–સમ્પાદિત અને અનુદિત કર્યા છે તે જૈનસાહિત્યની એક અભૂતપૂર્વ ઘટના છે. આગમ મૂળ તો પ્રાકૃત (અર્ધમાગધી) ભાષામાં છે. દીપરત્નસાગર મહારાજે સૌ પ્રથમ, અર્ધમાગધી ભાષા શીખી, સંસ્કૃત ભાષા શીખી એ પછી પ્રાકૃત ભાષામાં લખાયેલા, ૪૫ આગમસૂત્રોનું સંશોધન સંપાદન કરતાં ૪૯ પ્રકાશનો આપ્યાં જેમાં ૪૫ આગમસૂત્રો અને ૪ વૈકલ્પિક આગમસૂત્રો છે. આ મહત્ત્વાકાંક્ષી કામ પૂર્ણ થયા પછી દીપરત્નસાગરજી પોતાના અવતાર કાર્યને સાર્થક ગણીને બેસી રહ્યા નથી. સંશોધન–સંપાદન પછી તેઓએ ૪૫ આગમસૂત્રોનો ગુજરાતીમાં અનુવાદ કરતાં ૪૫ પુસ્તકો આપ્યાં છે જે ૩૦૦૦ પૃષ્ઠોમાં છે. ગુજરાતીઓની માલામાલ સ્થિતિ નિહાળી બિનગુજરાતીઓ–હિન્દીભાષીઓએ પણ આ ગ્રંથને હિન્દી ભાષામાં અનૂદિત કરવાનો પ્રસ્તાવ મુનિશ્રી દીપરત્નસાગરજી સમક્ષ મૂક્યો અને અભ્યાસનિષ્ઠ અને જિનવાણીમાં જેમને અપૂર્વ શ્રદ્ધા છે એવા દીપરત્નસાગરે આગમગ્રંથને હિન્દી ભાષામાં અનૂદિત કરતાં બીજાં ૪૫ પુસ્તકો આપ્યાં જે ૩૨૦૦ પૃષ્ઠોમાં છે. આમ, પ્રાકૃત હિન્દી અને ગુજરાતી ભાષામાં સંશોધિત, સંપાદિત, અનુદિત અને સમીક્ષિત થયેલા આગમ ગ્રંથો આ પ્રમાણે છે:

| પ્રાકૃત (અર્ધ માગધી) | હિન્દી | ગુજરાતી |
|---|---|---|
| १. आयारो | १. आचारसूत्र | ૦૧. આચાર |
| २. सूयगडो | २. सूत्रकृत सूत्र | ૦૨. સૂયગડ |
| ३. ठाणं | ३. स्थान सूत्र | ૦૩. ઠાણ |
| ४. समवाओ | ४. समवाय सूत्र | ૦૪. સમવાય |
| ५. विवाहपन्नति | ५. भगवती सूत्र | ૦૫. વિવાહપન્નતિ |
| ६. नायधम्मकहाओ | ६. ज्ञाताधर्मकथा सूत्र | ૦૬. નાયાધમ્મકહા |
| ७. उवासगदसाओ | ७. उपासकदशा सूत्र | ૦૭. ઉવાસગદસા |
| ८. अंदगड दसाओ | ८. अंतकृत्दशा सूत्र | ૦૮. અંતગડ દશા |
| ९. अनुत्तरोववाईयदसाओ | ९. अनुत्तरोपपातिक सूत्र | ૦૯. અનુત્તરોવવાઈયદસા |
| १०. पण्हाबागरणं | १०. प्रश्नव्याकरण सूत्र | ૧૦. પણ્હાવાગરણ |
| ११. विवोसूयं | ११. विपाक सूत्र | ૧૧. વિવાગસૂય |
| १२. उबवाइयं | १२. औपपातिक सूत्र | ૧૨. ઉવવાઈય |
| १३. रायप्पसेणियं | १३. राजप्रश्निय सूत्र | ૧૩. રાયપ્પસેણિય |
| १४. जीवाजीवाभिगमं | १४. जीवाजीवाभिगम सूत्र | ૧૪. જીવાજીવાભિગમ |
| १५. पन्नवणा | १५. पज्ञापना सूत्र | ૧૫. પન્નવણા |
| १६. सूरपन्नत्ति | १६. सूर्यप्रज्ञप्ति सूत्र | ૧૬. સૂરપન્નતિ |
| १७. चंद्रन्नति | १७. चन्द्र प्रज्ञप्ति सूत्र | ૧૭. ચંદપન્નતિ |
| १८. जंबूद्दीवपन्नत्ति | १८. जम्बूद्वीप प्रज्ञप्ति सूत्र | ૧૮. જંબુદ્દીવપન્નતિ |
| १९. निरयावलियाणं | १९. निरयावलिका सूत्र | ૧૯. નિરયાવલિયા |
| २०. कप्पवडिसियाणं | २०. कल्पवतंसिका सूत्र | ૨૦. કપ્પવડિંસિયા |
| २१. पुप्फिचुयाणं | २१. पुष्पिका सूत्र | ૨૧. પુપ્ફિયા |
| २२. पुप्फचूलियाणं | २२. पुष्पचूलिका सूत्र | ૨૨. પુપ્ફચૂલિયા |
| २३. वण्हिदसाणं | २३. वृष्णिदशा सूत्र | ૨૩. વણ્હિદસા |
| २४. चउसरणं | २४. चतु:शरण सूत्र | ૨૪. ચઉસરણ |
| २५. आउरपच्चक्खाणं | २५. आतुरप्रत्याख्यान सूत्र | ૨૫. આઉપચ્ચક્ખાણ |
| २६. महापच्चक्खाणं | २६. महाप्रत्याख्यान सूत्र | ૨૬. મહાપચ્ચક્ખાણ |
| २७. भत्तपरिण्णा | २७. भक्तपरिज्ञा सूत्र | ૨૭. ભત્તપરિણ્ણા |
| २८. तंदुलवेयालियं | २८. तन्दुलवैचारिक सूत्र | ૨૮. તંદુલવેયાલિય |
| २९. संस्तारकं | २९. संस्तारक सूत्र | ૨૯. સંથારગ |
| ३०/१ गच्छायारो | ३०/१ गच्छाचार सूत्र | ૩૦/૧ ગચ્છાયાર |
| ३०/२ चंदावेजझयं | ३०/२ चन्द्रवेध्यक सूत्र | ૩૦/૨ ચંદાવેજ્ઝય |
| ३१. गणिविज्जा | ३१. गणिविद्या सूत्र | ૩૧. ગણિવિજ્જા |
| ३२. देविंदत्थओ | ३१. देवेन्द्रस्तव सूत्र | ૩૨. દેવિંદત્થઓ |
| ३३/१. मरणसमाहि | ३३. वीरस्तव सूत्र | ૩૩. વીરત્થઓ |
| ३३/२. वीरत्थव | – | – |
| ३४. निसीहं | ३४. निशीथ सूत्र | ૩૪. નિસીહ |
| ३५. बहत्कप्पी | ३५. बृहत् कल्पसूत्र | ૩૫. બુહત્ કપ્પો |
| ३६. ववहारो | ३६. व्यवहार सूत्र | ૩૬. વવહાર |
| ३७. दसासुयक्खंधं | ३७. दशाश्रुतस्कन्ध सूत्र | ૩૭. દસાસુયક્ખંધ |
| ३८/१. जीयकप्पो | ३८. जीतकल्प सूत्र | ૩૮. જીયકપ્પ |
| ३८/२. पंचकप्पभासं | – | – |

| | | |
|---|---|---|
| ३९. महानिसीहं | ३९. महानिशीथ सूत्र | ૩૯. મહાનિસીહ |
| ४०. आवस्सयं | ४०. आवश्यक सूत्र | ૪૦. આવસ્સય |
| ४१/१. ओहनिज्जुति | ४१/१ ओधनिर्युक्ति सूत्र | ૪૧/૧ ઓહનિજ્જુત્તિ |
| ४१/२. पिंडनिज्जुति | ४१/२ पिंडनिर्यिक्ति सूत्र | ૪૧/૨ પિંડનિજ્જુત્તિ |
| ४२. दसवेयालियं | ४२. दशवैकालिक सूत्र | ૪૨. દસવેયાલિય |
| ४३. उत्तरज्झयणं | ४३. उत्तराध्ययन सूत्र | ૪૩. ઉત્તરજ્ઝયણ |
| ४४. नंदीसूयं | ४४. नन्दी सूत्र | ૪૪. નંદી |
| ४५. अनुओगदारं | ४५. अनुयोगद्वार सूत्र | ૪૫. અનુઓગદ્દાર |

૪૫ આગમ સૂત્રોના આ ગ્રંથોમાં વિભિન્ન વિષયોની ગહન ચર્ચા વિચારણા કરવામાં આવી છે. 'આચાર અંગ'માં સાધુના આચારધર્મ વિશે ચર્ચા કરવામાં આવી છે. 'સૂત્રકૃત'માં જૈન અને જૈનેતર અર્થાત્ સ્વસિદ્ધાન્ત અને પરસિદ્ધાન્તનો તુલનાત્મક અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે. 'જ્ઞાતાધર્મકથા'માં આઠસો બાવન કથા અને ત્રણસો સત્તાવન જેટલાં દૃષ્ટાન્તો મૂકવામાં આવ્યાં છે. 'પ્રભાપના' ઉપાંગમાં ફિઝિક્સ, બાયોલોજી, પર્યાવરણ, મેટાફિઝિકલ જેવા આધુનિક વિજ્ઞાનને લગતા વિષયોની નજીક બેસી શકે એવી ચર્ચા કરવામાં આવી છે. 'પયન્નાસૂત્ર'માં એક વિષય પર સૂત્ર અને અંતિમ આરાધનાનું વર્ણન તથા વિધિવિધાનોની ચર્ચા કરવામાં આવી છે. 'અનુયોગદ્વાર'માં ન્યાયશાસ્ત્રને લગતી, 'નંદીસૂત્ર'માં જ્ઞાનના ભેદ–પ્રભેદની, 'અંતકૃતદશા'માં મરણાન્ત ઉપસર્ગ થયો હોય તે વિશેની કથાની ચર્ચા કરવામાં આવી છે. 'પિંડનિર્યુક્ત'માં સાધુએ કેવો આહાર લેવો જોઈએ, કેમ વાપરવો જોઈએ જેવી બે વસ્તુની વિધિ વિશે વિસ્તારથી સમજ પૂરી પાડવામાં આવી છે. આમ, જુદા જુદા ગ્રંથોમાં અસંખ્ય વિષયોની વિશદ્ અને દૃષ્ટાન્ત સહિત છણાવટ કરવામાં આવી છે. આ સાથે 'आगम सुत्ताणि सटीकं' શીર્ષક હેઠળ આગમોનો ટીકા સહિતનો **ત્રીસ ભાગોમાં** વિભાજિત સંપુટ આપ્યો છે જેમાં દીપરત્નસાગરજીની જ્ઞાનસાધનાનું પ્રતિબિંબ પડેલું જોઈ શકાય છે.

**આ આગમને ગુજરાતી અને હિન્દી ભાષામાં અવતરિત કરીને મુનિશ્રીએ સમગ્ર ભારતીઓને માલામાલ કરી દીધા છે. જૈનો સાથે જૈનેતરો પણ આ ગ્રંથમાં રસ લેતા થયા છે, આ ગ્રંથને મૂલવતા થયા છે, આ ગ્રંથનો અભ્યાસ કરતા થયા છે, આ ગ્રંથની પવિત્રતાને પ્રમાણતા થયા છે, આ ગ્રંથની સમૃદ્ધિને પ્રાપ્ત કરતાં થયા છે, આ ગ્રંથ વિશેની જિજ્ઞાસાને સંતુષ્ટતા થયા છે, આ ગ્રંથની પ્રસ્તુતતાને સમજતા થયા છે.**

આજે ૪૮ ગ્રંથોનો સંપુટ પ્રકાશિત થઈ રહ્યો છે તે છે **'આગમ સૂત્ર સટીક અનુવાદ.'** આ પુસ્તક ૧૦,૦૦૦થી વધુ પૃષ્ઠોમાં લખાયું છે અને તેનું વજન જ સવા સોળ કિલો થાય છે. આ મહાગ્રંથમાં નિર્યુક્તિ, ભાષ્ય, (ક્યાંક ક્યાંક ચૂર્ણિ) તથા સમગ્ર વૃત્તિઓનો ગુજરાતી અનુવાદ કરાયેલ છે. તેની સાથે મૂળ સૂત્રોનો અનુવાદ તો ખરો જ. આ ગ્રંથમાં ૧૧ અંગસૂત્રો, ૧૨ ઉપાંગ સૂત્રો, ૪ મૂળ સૂત્રો અને ૫ પયન્ના સૂત્રોનો ટીકા સહિત અનુવાદ છે. સાથે બે ચૂલિકા સૂત્રોનો અનુવાદ અને વિવેચન પણ છે. છ દેહસૂત્રો છે, છ પયન્ના સૂત્રો, ૧ મૂળ સૂત્ર તથા કલ્પ સૂત્ર એ બધામાં માત્ર મૂળ સૂત્રોનો અનુવાદ છે. મૂળ સૂત્રોનો અનુવાદ ઈટાલિક બોલ્ડ ટાઈપ અને તેની નિર્યુક્તિ-વૃત્તાદિનો અનુવાદ નોર્મલ ટાઈપમાં છપાયો છે. જેથી અધ્યયન સમયે મૂળભૂત અને ટીકાનો ભેદ સહેલાઈથી જાણી શકાય. આ ગ્રંથોના અનુવાદમાં સૂત્રોનો જે ક્રમ છે તે જ ક્રમ મુનિશ્રી સંપાદિત 'आगम सुत्ताणि सटीकं'માં પણ છે જેથી અનુવાદમાં ક્યાંય સંશય જણાય તો તેનું નિવારણ મૂળ સંસ્કૃત-પ્રાકૃત ટીકા સાથે રાખીને સ્પષ્ટ કરી શકાય. આમ, આ મહાન અને પવિત્રતમ સંપુટમાં ૪૫ આગમો તથા બે વૈકલ્પિક આગમો અને બારસો સૂત્રના સરળ અનુવાદ સહિત ૪૮ ગ્રંથોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં લગભગ સાતસોથી વધુ વિષયો પર ચર્ચા કરવામાં આવી છે. **આ ગ્રંથ દીપરત્નસાગરે છેલ્લાં ૧૪ વર્ષ સુધી એકનિષ્ઠ ભાવે કરેલી આગમની સાધનાની ફલશ્રુતિ છે.** આ ગ્રંથ દીપરત્નસાગરની એક સંશોધક, વિવેચક અને અનુવાદ તરીકેની વિશિષ્ટ મુદ્રાને તો ઉપસાવે જ છે, પરંતુ સાથોસાથ તેમની અપૂર્વ ધર્મનિષ્ઠાને પણ પ્રગટ કરે છે.

દીપરત્નસાગરજીએ આગમગ્રંથોના સંશોધન સંપાદન, વિવેચન અને અનુવાદ સાથે **'આગમશબ્દ કોશ'** અને **'આગમકથાકોશ'** પણ તૈયાર કર્યા છે જે તેમણે કોશક્ષેત્રે કરેલા પ્રદાનની સાક્ષી પૂરે છે. **'આગમ શબ્દકોશ' ભાગ ૧ થી ૪માં ૪૬૦૦૦ શબ્દો અને તેના જેટલા આગમસંદર્ભો મૂકવામાં આવ્યાં છે.** મૂળ શબ્દો ૩,૭૫,૦૦૦ આગમના હોવાથી પ્રાકૃત (અર્ધમાગધી)માં છે તેને સંસ્કૃત ભાષામાં રૂપાંતર કર્યું છે અને ગુજરાતી અર્થો મૂક્યા છે. ૪૫ આગમમાં જે જે સ્થળે આ શબ્દ આવેલા હોય તે તે સ્થળનો આગમના નામ અને સૂત્રના ક્રમ સહિતનો નિર્દેશ કર્યો છે. આ પ્રકારની સંશોધન શિસ્તને કારણે કોઈ પણ આગમ શબ્દનો અર્થ ૪૫ આગમમાં જ્યાં જ્યાં તેનો ઉલ્લેખ હોય તે શોધવાનું અતિસુલભ બને છે. **'આગમકથા કોશ' કથાના સંદર્ભ સ્થળ સહિતનો કોશ છે.** આ કોશમાં આગમમાં આવતી બધી જ કથાઓનો સંક્ષિપ્ત સાથે અકારાદિક્રમે નામ નિર્દેશ કરવામાં આવ્યો છે. અહીં કથાના બધાં જ પાત્રોનો આગમમૂળ / નિર્યુક્તિ / ભય / ચૂર્ણિ કે વૃત્તિમાં જે જે સ્થાને ઉલ્લેખ હોય તેનો સૂત્રક્રમ સહિત સંદર્ભ નિર્દેશ અને અતિસંક્ષેપ કથા માહિતી આપવામાં આવી છે. આ સાથે 'આગમપંચાગી'માં આવતાં દૃષ્ટાન્તોની નોંધ સાથે તીર્થંકર ગણધર પ્રત્યેક બુદ્ધ આદિ માટે અલગ પરિશિષ્ટો છે. **આ માત્ર આગમ કથા કોશ જ નથી પણ વિશેષનામ-દૃષ્ટાન્ત-કથાદિસહિતનો આગમકથાકોશ છે. જેમાં પ્રાકૃતનામ, તેનું સંસ્કૃત રૂપાંતર અને જે નામની ગુજરાતીમાં સંક્ષિપ્ત ઓળખ છે તેના**

**સંદર્ભસ્થળની નોંધ સહિત આપવામાં આવી છે.** આ બન્ને કોશ મુનિશ્રી દીપરત્નસાગર મહારાજે લીધેલા અથાગ પરિશ્રમની અને આગમગ્રંથના કરેલા ઊંડા અભ્યાસની ગવાહી પૂરે છે. આ બન્ને કોશ સાથે **'આગમ વિષય દર્શન'**નો પણ ઉલ્લેખ જરૂરી બને છે. આ આગમ-Index નું ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયેલ પુસ્તક છે જેમાં ૪૫ આગમના સૂત્રક્રમનો વિષય અનુસાર અનુક્રમ નિર્દેશ એ રીતે ગોઠવાયેલો છે કે જેના આધારે આગમ મૂળ, આગમ અનુવાદ અને આગમ સટીકં ત્રણેમાં પોતાનો ઈચ્છિત વિષય શોધવો સરળ થાય છે. **આ પુસ્તક આગમનો બૃહત્‌વિષય અનુક્રમ દર્શાવે છે.** આમ, સમગ્ર આગમ ગ્રંથ સમ્બન્ધિત પુસ્તકો દીપરત્નસાગર મહારાજની આગમવાણી પ્રત્યેની ભક્તિને વ્યંજિત કરે છે.

દીપરત્નસાગર મહારાજે આગમ વિષયક સાહિત્ય જ આપ્યું હોત તો પણ તેમનું નામ ચિરંજીવી બની રહેત, પરંતુ આગમ ઉપરાંત પણ તેઓએ વિવિધ વિષયને લગતાં પુસ્તકો લખ્યાં છે. વ્યાકરણ ક્ષેત્રે તેઓએ **'કૃદન્તમાલા'** નામનું પુસ્તક આપ્યું છે જેમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક રજૂ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત **'અભિનવહેમ લઘુપ્રક્રિયા'** ભાગ ૧ થી ૪ પણ નોંધપાત્ર છે. આ ગ્રંથ ૧૦૦૦ પૃષ્ઠોમાં લખાયો છે. સિદ્ધહેમ શબ્દાનુશાસનને આધારે રચાયેલ મહોપાધ્યાય વિનયવિજયજી મહારાજ કૃત લઘુપ્રક્રિયા ઉપર સિદ્ધહેમ સંબંધી અનેક ગ્રંથોને આધારે તૈયાર કરવામાં આવેલા આ ગ્રંથમાં મૂળ સંસ્કૃત સૂત્ર અને વૃત્તિનો ગુજરાતી અર્થ સૂત્ર અનુવૃત્તિ, સંસ્કૃત સંદર્ભયુક્ત ગુજરાતી વિવેચન, સાધનિકાદિ સાત ભાગોમાં પ્રત્યેક સૂત્રની છણાવટ કરી છે. માહિતી સમૃદ્ધ અને શાસ્ત્રીય એવાં પરિશિષ્ટો આ ગ્રંથની વિશેષતા છે. **આ ગ્રંથ દીપરત્નસાગરજીને એક વિદ્વાન વૈયાકરણી તરીકે પ્રસ્થાપિત કરે છે.** તો **'અભિનવ ઉપદેશ પ્રાસાદ'** ગ્રંથ ૧૧૦૦ પૃષ્ઠોમાં તૈયાર થયો છે જેમાં **'મન્નહજિણાણં'** સૂત્રમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો ગ્રંથસ્થ થયાં છે. પ્રત્યેક વ્યાખ્યાન દશ-દશ પૃષ્ઠોમાં છે જેમાં આરંભે એક એક શ્લોક, પછી જૈનેતર બોધક પ્રસંગ, સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને છણાવટ, જૈનકથા, કર્તવ્યના વિષયને અનુરૂપ સ્તવન આદિની પંક્તિ એવી ગૂંથણી કરવામાં આવી છે **'નવ પદ શ્રીપાલ'** પણ અનોખું પુસ્તક છે. આ પુસ્તકમાં નવે નવ પદનું અલગ અલગ વિવેચન કરતાં કરતાં નવ દિવસમાં આખું શ્રીપાલ ચરિત્ર પણ પૂરું થઈ જાય એ પ્રકારે થયેલી વ્યાખ્યાનમાળાનું આયોજન થયેલું જોવા મળે છે. આ બન્ને વ્યાખ્યાનસંગ્રહો મુનિશ્રી દીપરત્નસાગર મહારાજની વ્યાખ્યાનશૈલીનો પણ પરિચય કરાવે છે, એક ઉત્તમ વક્તા તરીકેની છાપ (Image) અંકિત કરી જાય છે.

કેટલુંક સામ્પ્રદાયિક જ કહી શકાય તેવું સાહિત્ય પણ મુનિશ્રી દીપરત્નસાગર મહારાજની પ્રજ્ઞાનો સ્પર્શ પામીને પ્રગટ્યું છે. **જિન ભક્તિ વિષયક પાંચેક પ્રકાશનો નોંધપાત્ર છે :** એક **'ચૈત્યવંદનમાળા'** જેમાં ૭૭૯ ચૈત્યવંદના સંપાદિત કરવામાં આવી છે. આ ચૈત્યવંદનામાં પર્વદિન, પર્વતિથિ, વિવિધ તીર્થોનાં ચૈત્યવંદનો સાથે ચૈત્યવંદનની બાર ચોવીશી અને તીર્થંકરના કલ્યાણક આદિ ચૈત્યવંદનો પણ છે. બે, **'શત્રુંજય ભક્તિ'**માં તળેટીથી આરંભીને ઘેટી પગલા સુધીના સ્થાનોને અનુરૂપ સ્તુતિ–ચૈત્યવંદન–સ્તવનોને સંપાદિત કર્યા છે. ત્રણ, **'સિદ્ધાચલનો સાથી'**માં સ્થાનને અનુરૂપ સ્તુતિ, સિદ્ધાચલ ભાવયાત્રા, મહત્ત્વના સ્થળોની ટૂંકી નોંધોને સમાવ્યાં છે. ચાર, **'વિતરાગ સ્તુતિ સંચય'**માં તેઓએ પરમાત્મા સન્મુખ બોલવાની ૧૧૫૧ ભાવવાહી સ્તુતિઓ સંપાદિત કરી છે. આ સ્તુતિઓમાં ૯૦૦ સ્તુતિ ગુજરાતીમાં અને ૨૫૧ સ્તુતિ સંસ્કૃતમાં છે. પાંચ, **'ચૈત્યપરિપાટી'**માં પાલડી, વાસણા વિસ્તારમાં આવેલાં જૈનાલયોની નોંધ અને પ્રત્યેક જિનાલયમાં બોલી શકાય તેવી અલગ ત્રણ સ્તુતિઓ મૂકી છે. આ પાંચ પુસ્તકો દીપરત્નસાગર મહારાજે સાંપ્રદાયિક ક્ષેત્રે કરેલી અમૂલ્ય સેવાની સાક્ષી પૂરે છે.

દીપરત્નસાગરજીના લેખનનું બીજું વિષયક્ષેત્ર છે **પૂજન સાહિત્ય.** તેઓએ **'ઈપ આગમ મહાપૂજન વિધિ'** નામની પુસ્તિકામાં બે દિવસ ચાલતા એવા ૪૫ આગમ મહાપૂજનની વિધિ, શ્રી રૂપવિજયજી કૃત ૪૫ આગમપૂજા, ૪૫ આગમ યંત્ર વગેરેનું સરસ રીતે સંકલન કર્યું છે. સહેલાઈથી પૂજન કેમ ભણાવી શકાય તેના માટે આ પુસ્તિકા પથદર્શક નીવડે તેવી છે. દીપરત્નસાગરે પૂજનસાહિત્ય સાથે **વિધિસાહિત્ય** સંબંધી પણ પુસ્તકો લખ્યાં છે. **'દીક્ષા યોગાદિ વિધિ', 'સાધુ સાધ્વી કાળધર્મ વિધિ', 'વિધિસંગ્રહ-૧'** જેવાં પુસ્તકોમાં દીક્ષાવિધિ, આવશ્યાદિ યોગ વિધિ, વડી દીક્ષા વિધિ, પદ–પ્રદાન વિધિ, કાળધર્મ વખતે સાધુ તથા ગૃહસ્થે કરવાની વિધિ, અનુષ્ઠાન વિધિ વગેરેની સાદી-સરળ ભાષામાં રજૂઆત કરી છે. મુનિશ્રીના **આરાધના સાહિત્ય** વિષયક પુસ્તકોમાં **'સમાધિ મરણ', 'સાધુ સાધ્વી અંતિમ આરાધના', 'શ્રાવક અંતિમ આરાધના'**નો ઉલ્લેખ કરી શકાય. આ પુસ્તકોમાં **'સમાધિ મરણ'** સાડા ત્રણસો પૃષ્ઠનું છે જેમાં અંત સમય અને ભાવિ મતિ સુધારવા માટે મરણ સમય ચિત્તની સમાધિ જળવાઈ રહે તેવી આરાધનાવિધિ, આરાધનાસૂત્રો, આરાધના પદ્યો વગેરે સાત અલગ અલગ વિભાગોમાં વર્ગીકૃત કરીને મૂકવામાં આવ્યાં છે. **'સાધુ સાધ્વી અંતિમ આરાધના'** અને **'શ્રાવક અંતિમ આરાધના'**માં સાધુ-શ્રાવકોને અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આરાધના ગ્રંથસ્થ કરવામાં આવી છે. મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલી આ વિધિને દીપરત્નસાગરજીએ સરળ ગુજરાતીમાં અનુદિત કરી આપી છે.

દીપરત્નસાગરના તત્ત્વાર્થ સાહિત્ય વિષયક ગ્રંથો વિશેષ

નોંધપાત્ર છે. **'તત્ત્વાર્થ સૂત્ર પ્રબોધ ટીકા'** (અધ્યાય-૧) અને **'તત્ત્વાર્થાભિગમ સૂત્ર અભિનવ ટીકા'** ભાગ ૧ થી ૧૦ એમ બે પુસ્તકોમાં સૂત્ર, હેતુ, મૂળ સૂત્ર, સંધિ સહિત સૂત્ર, સૂત્રાર્થ, અનુવૃત્તિ, અનેક સંદર્ભગ્રંથોમાંથી સંકલિત માહિતીયુક્ત અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, આગમસંદર્ભ, સૂત્રનું પદ્ય, નિષ્કર્ષ જેવા વિભાગો સહિત દશાંગી વિવરણ કરવામાં આવ્યું છે. દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ અને વિષયસૂચિ જેવાં સર્વાંગી અભ્યાસમાં ઉપયોગી થઈ શકે એવા સમૃદ્ધ અને શાસ્ત્રીય પરિશિષ્ટો આપવામાં આવ્યાં છે. પ્રત્યેક અધ્યાયના અંતે પણ સૂત્રક્રમ, આકારાદિક્રમ, શ્વેતામ્બર અને દિગમ્બર પાઠભેદ જેવાં પરિશિષ્ટો મૂકવામાં આવ્યાં છે. ૩૫૨ સૂત્રોના રહસ્યનું ૧૭૦૦ પૃષ્ઠમાં ગહન વિવેચન કરતો આ ગ્રંથ **'લોસ એન્જેલેસ'**માં ચાલતી શનિ-રવિની પાઠશાળાના અભ્યાસક્રમમાં પણ મૂકાયો છે. આ તત્ત્વચર્ચાના વિષય સાથે **'નવકાર મંત્ર નવ લાખ જાપ નોંધપોથી'**, **'ચારિત્ર્યપટ એક કરોડ જાપ નોંધપોથી'**, **'અભિનવ જૈન પંચાંગ'**, **'કાયમી સંપર્ક સ્થળ, અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી'**, **'જ્ઞાનપદ પૂજા'**, **'બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો'** વગેરેનાં પણ પ્રકાશનો કર્યા છે. 'અભિનવ જૈન પંચાંગ' એક વિશિષ્ટ પ્રકારનું શાસ્ત્રીય પંચાંગ છે. તેમાં એક વર્ષનું જે વૈજ્ઞાનિક પદ્ધતિએ ગાણિતિક કોષ્ટક મૂકી આપ્યું છે તેનું અનુસરણ તો આઠેક આચાર્યો અને વ્યાવસાયિક માણસો કરી રહ્યા છે.

ઈશ્વરે માનવીને જે શરીર અને શરીરનાં વિભિન્ન અંગો સાથે પ્રજ્ઞા અને ભાષા આપ્યાં છે તેનો ક્યાં, કેટલો અને કેવો ઉપયોગ કરવો તે મુનિશ્રીની આ લેખનયાત્રા અને જીવનશૈલી પરથી શીખવા-સમજવા જેવું છે. **જિનવાણી અને જૈન સંપ્રદાય પ્રત્યેની અખૂટ શ્રદ્ધાએ મુનિશ્રી દીપરત્નસાગરને બળ પૂરું પાડ્યું છે.** એક વ્યક્તિ કામ કરવા ધારે તો કેટલું બધું કરી શકે છે તેનું સાક્ષાત્ દૃષ્ટાન્ત મુનિશ્રી દીપરત્નસાગર છે. મોટી વાત તો એ છે કે તેઓએ આટઆટલા કામ પછી પણ નમ્રતા છોડી નથી! ચહેરા પર પ્રસન્નતા અને વાણીમાં સહજતાનો અનુભવ થાય છે. સન્યસ્ત જીવન જીવતા મુનિશ્રીને જીવનમાં ક્યાંય કશાનો અભાવ સાલ્યો ન હોય એવી આત્મશાંતિ અને આત્મસુખના તેઓ બાદશાહ છે. **લાખો રૂપિયાની ગ્રાન્ટો દેતા પણ સરકાર કોઈ પણ પાસે ન કરાવી શકે તેવું સત્ત્વશીલ કામ મુનિશ્રીએ કશી જ અપેક્ષા વિના અને કશી જ વિશેષ સગવડ ભોગવ્યા વિના કર્યું છે.** જૈન અને જૈનેતર સમાજમાં જિનવાણી ગુંજતી થાય અને સમગ્ર માનવસમાજ સુખ, શાંતિ અને શાતાનો અનુભવ કરતો થાય તો જ આ ગુજરાતી ભાષામાં **'આગમ સૂત્ર સટીક અનુવાદ'** અને આગમ સંબંધી અન્ય પુસ્તકોના પ્રકાશનો અને તેની પાછળ મુનિશ્રી દીપરત્નસાગરે ત્રણ ત્રણ દાયકા સુધી કરેલી જ્ઞાનસાધના સાર્થક નીવડશે. ત્રણ દાયકા પૂર્વેના મુનિશ્રીના **'દીક્ષા સમારોહ'**માં પ્રાસંગિક પ્રવચન આપતાં શ્રી લલિત આશર બોલ્યા હતા : **'યહ દીપક જલા હૈ, જલા હી રહેગા.'** આ વાક્યની ગુંજ આજે આ ઐતિહાસિક વિમોચન સમારોહમાં પણ કાળને અતિક્રમીને પણ સંભળાઈ રહી છે. અંતે મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજના ચરણકમલમાં વંદન કરીને, જેમણે પરકાયા પ્રવેશ કરીને મુનિશ્રીમાં રહેલા અધ્યાત્મજીવનને ઓળખ્યું છે એવા વિજય આશરનો એક શે'ર રજૂ કરીને મારો આ ઉપક્રમ પૂરો કરું છું:

'સલામ છે એમની અખંડ અનાદિ જલનને
સો ટચનું 'વિજય' કુંદન, દીપરત્ન છે.'

✷ ✷ ✷

ડૉ. બિપિન આશર, પ્રૉ. ગુજરાતી ભાષા સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫.
એમ-૧/૧૩, રુરલ હાઉસીંગ બોર્ડ, એ. જી. સોસાયટી સામે, કાલાવડ રોડ, રાજકોટ-૫. ફોન : મો. ૯૪૨૭૧ ૫૩૩૪૧

## અનુદાનની રકમ અર્પણ કરવા લોક વિદ્યાલય વાલુકડની મુલાકાત

૭૫ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ઉપર જણાવેલ સંસ્થા માટે એકત્રિત થયેલી રકમ એ સંસ્થાને અર્પણ કરવા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો સ્વખર્ચે તા. ૮ જાન્યુ. ૨૦૧૦ના આ સંસ્થાની મુલાકાતે જશે અને તા. ૧૨મીએ મુંબઈ પરત આવશે.

જે દાતાઓએ આ યાત્રામાં સહભાગી થવું હોય તેઓએ પોતાનું નામ કયા કલાસમાં મુસાફરી કરવી છે તે તા. ૩૦-૧૦-૨૦૦૯ સુધી સંઘમાં લખાવી પ્રવાસનો ખર્ચ મોકલવા વિનંતિ.

❑ **મેનેજર**

## સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાને વિશેષ આર્થિક અનુદાન

આ ટ્રસ્ટ તરફથી મળેલ અત્યાર સુધી રૂા. દશ લાખનું કાયમી ભંડોળ સંસ્થા પાસે છે. પરંતુ આ વરસે આ ૭૫ મી વ્યાખ્યાનમાળા હોઈ, આ ટ્રસ્ટે બીજા રૂા. અઢી લાખનું દાન એ કાયમી ભંડોળ માટે સંસ્થાને અર્પણ કર્યું છે.

આ ઉપરાંત દર વરસે ખર્ચની ખૂટતી રકમ પણ આ ટ્રસ્ટ પાસેથી અમને મળતી રહે છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આ ટ્રસ્ટનો અને એ સમગ્ર પરિવારનો આભાર માની ધન્યવાદ પાઠવે છે.

❑ **પ્રમુખ**

# જયભિખ્ખુ જીવનધારા : ૧૧

□ ડૉ. કુમારપાળ દેસાઈ

*[સર્જકનું ચિત્ત ઘડાતું હોય છે એમના જીવનમાં બનેલી ઘટનાઓથી. આ ઘટનાઓ લેખકના ચિત્ત પર ઘણી વાર એવી અમીટ છાપ મૂકી જતી હોય છે કે એમાંથી એમની કથાઓની પાત્રસૃષ્ટિનું સર્જન થાય છે. ગુજરાતી સાહિત્યમાં વિપુલ સર્જન કરનાર સર્જક જયભિખ્ખુનાં વ્યક્તિત્વ અને વાઙ્મય બંને પર પાલીકાકીના વ્યક્તિત્વનો પ્રભાવ જોવા મળે છે. એ ગામડાની વીર નારીની ઘટનાઓએ લેખકના ચિત્ત પર કેવા કેવા ભાવો જગાડ્યા તે જોઈએ જયભિખ્ખુના ચરિત્રને આલેખતા અગિયારમા પ્રકરણમાં.]*

## નારી–શૌર્યનો અનુભવ

વરસોડા ગામના ઝાંપે ચોંટાડેલી એક જાસાચિઠ્ઠીથી આખું ગામ ઉપરતળે થઈ રહ્યું. એ સમયે રાત પડ્યે ગામડાંઓમાં ચોરે અને ચૌટે, ઘરમાં અને બહાર બહારવટિયાઓની કેટલીય કલ્પિત અને કેટલીક વાસ્તવિક વાતો થતી. કોઈ વીર બહારવટિયાઓનાં પરાક્રમોનું વર્ણન કરતા તો કોઈ નીતિ–ધર્મને માટે બહારવટિયાએ કરેલી કુરબાનીની કથા કહેતા. ચોર અને બહારવટિયા વચ્ચે ભેદ હતો. ચોર રાત્રે, એકાંતે, છાનામાના ઘરમાં ઘૂસીને બધા ઘોર નિદ્રામાં સૂતા હોય, ત્યારે ચોરી કરતા હતા. જ્યારે બહરવટિયાઓ જે ગામ ભાંગવાનું હોય ત્યાં પહેલાં જાસાચિઠ્ઠી મોકલતા, પછી ધોળે દિવસે, ભર વસ્તીમાં, ડંકાનિશાનની ચોટ પર લૂંટ ચલાવતા હતા. ચોરી કરનારને કોઈ નીતિ-નિયમ નહોતા. જ્યારે બહારવટિયા થોડાક નીતિ-નિયમો પાળતા હતા. આમ છતાં વખત આવ્યે એ ક્રૂર અને ઘાતકી પણ બની જતા હતા. અને માણસને મારી નાખતાં સહેજેય થડકારો થતો નહીં. ગામમાંથી માલ લૂંટી જતા, સ્ત્રીઓને ઉપાડી જતા અને લોકો એમના ભયથી ત્રાહિમામ્ પોકારતા હતા.

બહારવટિયાઓની વીરતાની કથાઓ જેમણે વર્ગખંડમાં કે ગામના ચોરે સાંભળી છે એને માત્ર થોડાક ગણ્યા-ગાંઠ્યા બહારવટિયાઓની માહિતી છે. બાકી તો બહારવટિયાઓની બીકથી સહુનો જીવ પડીકે બંધાતો હતો. લોકજીભ એમની વીરતાની વાતો કરતી હતી, પરંતુ લોકહૃદય એમના ભયથી થરથર કાંપતું હતું. મીરખાં બહારવટિયાની આવી એક જાસાચિઠ્ઠી વરસોડા ગામને પાદર લગાડેલી મળી.

એ જમાનામાં મીરખાંનાં પરાક્રમોની કથાઓ જાણીતી હતી. એની વીરતાની વાતો કરતી વખતે એ વર્ણવનારા ખુદ શૌર્યનો અનુભવ કરતા હતા. એણે કઈ રીતે પોતાના વટ-આબરૂ જાળવવા માટે સાથીઓને ટપોટપ વીંધી નાંખ્યા કે પછી પોતાને ભાઈ માનનાર બહેનને બચાવવા માટે કેવાં પરાક્રમો ખેલ્યાં એની કથાઓનો પાર નહોતો. વરસોડા ગામના ઝાંપે મીરખાંની જાસાચિઠ્ઠીમાં લખ્યું હતું,

'હું મીરખાં, જાતે લખું છું કે તમે દિન ત્રણમાં રૂપિયા ત્રણ હજાર રોકડા, દસ બોકડા, બે દેગડા દારૂ અને પાંચ મણ મિઠાઈ પુનિયા પટેલના ખેતરના શેઢે મૂકી જજો! નહિ તો બુધવારની સાંજે તમારું ગામ ભાંગીશ. એની નિશાનીમાં ઘાસના પૂળાઓ સળગશે, એ જાણજો!

ગામના ઝાંપે જેણે આ જાસાચિઠ્ઠી વાંચી. એનો જીવ અધ્ધર થઈ ગયો. માથે આખું આકાશ પડ્યું હોય એમ એ ગામમાં દોડ્યો અને બહાવરો બનીને હાથમાં ચિઠ્ઠી રાખી કહેવા લાગ્યો, 'અરે, બહારવટિયા આવે છે! મીરખાંની જાસાચિઠ્ઠી છે. એ બુધવારે સાંજે ગામ ભાંગવા આવે છે. જાગો રે જાગો! ભાગો રે ભાગો!'

કોઈ કહ્યું, 'ભારે તાકડો રચ્યો છે મીરખાંએ. ઠાકોરસાહેબ પોતે લાંબી યાત્રાએ ગયા છે. એમના પિતાજી પણ બહારગામ ગયા છે. કેટલાય વીર રજપૂતો ઠાકોરસાહેબ સાથે ગયા છે અને બાકીના બીજા ગામ ગયા છે. આવે સમયે બહારવટિયા સામે કોણ બાથ ભીડશે?'

આખા ગામમાં ચોતરફ હાહાકાર મચી રહ્યો. ચોરેચૌટે પોતાની વીરતાની વાતો કરનારા અને છાશવારે વીરતાની બડાશ હાંકીને એને કાલ્પનિક પડકાર ફેંકનારા સહુની જીભ સિવાઈ ગઈ. આમ છતાં ગામનું હિત હૈયે વસ્યું હતું એ બધા ભેગા થયા. ગામના કેટલાક બહાદુર રજપૂતોએ લોકોને જુસ્સો ચડાવવાનો પ્રયત્ન કર્યો. બહારવટિયો મીરખાં ગામ ભાંગવા ચડી આવવાનો છે એવું પોલિટિકલ ખાતા પર લખાણ મોકલાવ્યું અને મજબૂત પોલીસ બંદોબસ્ત માંગ્યો. મીરખાંનો સામનો કરવા માટે ક્યાંક તલવારો સજાવા લાગી, ક્યાંક ભાલા તૈયાર થવા લાગ્યા, ક્યાંક જૂની જામગરીવાળી બંદૂકો ઊજળી થવા લાગી. ગામ પર આવનારી આફત ઓસરી જાય એ માટે બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર શરૂ કર્યા અને વૈશ્યો એમની માલમત્તા સગવગે કરવા લાગ્યા.

કેટલાક રણખેલના શોખીન મર્દો મૂછે તાવ દેતા હતા અને કહેતા હતા, 'વાહ, કેવો મોકો મળ્યો છે. હવે જોજો! મીરખાંને ખરા મરદ મળશે.' પરંતુ પછીને દિવસે વરસોડા ગામમાં સમાચાર આવ્યા કે દશેક ગાઉ દૂર આવેલા ગોઝારિયા ગામ પર મીરખાં અને

એના સાથીઓએ કેર વર્તાવ્યો અને આખું ગામ લૂંટી લીધું છે, ત્યારે વીરતાની બડાશ હાંકતા કેટલાય 'વીર પુરુષો' બીજે દિવસે જરૂરી કામ અંગે બહારગામ ચાલ્યા ગયા.

કાળમુખા બુધવારની સવારે ગામની દશા સાવ જુદી જ હતી. કેટલાક ગામને બચાવવા માટે ચોતરફ દોડી દોડીને બંદોબસ્ત કરતા હતા. જ્યારે કેટલાક ડરપોક ખોટી અફવાઓ ફેલાવીને દુનિયાને ડરાવી રહ્યા હતા. એમાં પણ જેની પાસે સારી એવી લક્ષ્મી હતી એ તો અતિ દુઃખી થઈ ગયા.

ગામમાં કેટલાકને ગામ બચાવવાની ચિંતા હતી, કેટલાકને જીવ બચાવવાની ફિકર હતી અને કેટલાકને લક્ષ્મી બચાવવાનો ફફડાટ હતો. આથી એ પટારામાંથી ભીંતમાં અને ભીંતમાંથી ચૂલામાં અને ચૂલામાંથી ગમાણમાં લક્ષ્મી દેવીને ફેરવી રહ્યા હતા. મનમાં કંઈક વિચાર કરે ત્યાં એવો ભય જાગે કે બહારવટિયાને અહીંથી તો લક્ષ્મીની ભાળ મળી જશે એટલે વળી બીજે 'લક્ષ્મી-નિવાસ' માટે વિચારતા. આમ કરતા એમને ખાવાનું ભાવતું નહીં, ઊંઘ આવતી નહીં. મનમાં સતત ગડમથલ ચાલતી હતી.

અફવાઓ અને ભય જાણે ગામની હવામાં વહેતા હતાં. એવામાં વળી કોઈ વાત લાવ્યાઃ 'અરે, તમે તમારું ધન ગમે ત્યાં દાટશો તોય એને આ બહારવટિયાઓ શોધી કાઢવાની કળામાં કાબેલ છે. એમની પાસે એક નાની ઘો રાખે છે, જે ઘરમાં છુટ્ટી મુકે છે અને એ સૂંઘતી સૂંઘતી જ્યાં લક્ષ્મી સંતાડી હોય ત્યાં જઈને ઊભી રહી જાય છે.'

ભયમાં વળી નવો ઉમેરો થયો. મંદિરના મહંતો ભગવાનના ઘરેણાં સંતાડવાની મથામણમાં પડ્યાં. આખા ગામમાં દોડધામ ચાલતી હતી એ વેળાએ મહાદેવના મંદિરે ખાખી બાવો મોટે અવાજે કહેતો,

'ભાઈ, અમારા ગુરુ એક વાત હંમેશાં કહેતા. એક ગુરુ અને એક ચેલો જંગલમાં ચાલ્યા જતા હતા. ચેલો ગુરુજીને વારંવાર કહે કે, ગુરુજી, રસ્તામાં ભારે ભય છે. સંભાળીને ચાલજો. ગુરુજીએ વિચાર્યું કે ચેલા પાસે કંઈ હોવું જોઈએ. એક ઠેકાણે ચેલો નદીમાં નાહવા ગયો એટલે ગુરુજીએ એની ઝોળી તપાસી તો તેમાં સોનાનો કટકો! ગુરુએ વિચાર્યું, અરે ચેલાનો ભય તો એની ઝોળીમાં જ છે. ઝટ લઈને એમણે એ સોનાનો સિક્કો નદીમાં ફગાવી દીધો. ચેલો આવ્યો અને બંને આગળ ચાલ્યા.'

વળી ચેલો બોલ્યો, 'ગુરુજી જંગલ છે. આજબાજુ ચોરડાકુ હોય. જરા ભય છે, માટે વખતસર મુકામે પહોંચી જઈએ તો સારું.'

ગુરુજી કહે, 'બેટા, તારી પાસેના ભયને તો મેં નદીમાં નાંખી દીધો છે. હવે નચિંત રહેજે.'

ખાખી બાવાની વાત સાચી હતી. જેઓ ઓછી સંપત્તિવાળા હતા તેઓ ઓછા સંતાપવાળા હતા, આમ છતાં સહુને માથે જીવનો ભય તો હતો જ. બુધવારની બપોર થઈ. આખું ગામ થરથર ધ્રુજતું હતું. બજારો બંધ થઈ ગયાં. સહુએ ઘરના બારણાં વાસી દીધાં હતાં. પાંચથી દસ પોલીસ ગામમાં આવ્યા હતા. એટલે સહુ થોડો શ્વાસ લેતા થયા હતા.

આ સમયે ગિરજો દોડતો દોડતો પોતાના દોસ્ત ભીખા ('જયભિખ્ખુ'નું હુલામણું નામ)ને ખબર આપવા આવ્યો. આ સમયે ભીખો રામજી મંદિરના ઓટલે બેઠો બેઠો વાઘ-બકરીનો દાવ ખેલતો હતો. ગિરજાએ વાત કરી ત્યારે એના ચહેરા પરથી પરસેવો છૂટતો હતો. ભીખાએ ભોળા ભાવે કહ્યું,

'ગિરજા મારા પિતા તો દેશમાં ગયા છે, પણ તારા પિતા ગામમાં જ છે ને. અરે! રામ જેવાને હંફાવી દેનાર પાસે બિચારા મીરખાંની શી મજાલ?'

ગિરજાના પિતા રામલીલામાં ભારે રોફથી તલવારની પટ્ટાબાજી ખેલતા હતા એટલે ભીખાને હતું કે એ મીરખાંની તાકાત નથી કે એમની તલવારની પટાબાજી આગળ ઊભો રહી શકે. દોસ્તની વાત સાંભળીને ગિરજો હસી પડ્યો. એણે કહ્યું,

'ગાંડા, એ તો રામલીલા કહેવાય. એમાં બધું કરી શકાય. પણ આ તો સાચેસાચા સામસામા લડવાનું હોય છે. આમાં તો ભલભલા મુછાળા મરદના પાણી ઊતરી જાય.'

ભીખો ઘેર પહોંચ્યો. એણે જોયું તો વાસનાં બધાં ઘરો બંધ હતાં. કોઈના મોં પર હોશ નહોતા. આંખોમાં ભય હતો અને સહુની જીભ સિવાઈ ગઈ હતી. સૂર્ય અસ્તાચળ પર ધીરે ધીરે જતો હતો અને ત્યાં જ આકાશ ધૂંધળું બની ગયું. અચાનક આકાશમાં ધુમાડો ચડતો દેખાયો અને થોડી વારમાં તો ગામમાં બૂમ પડી કે ઘાસના પૂળા સળગ્યા છે.

મરણપોક કરતાંય આ બૂમ વધુ ભયાનક લાગી. ગામલોકોનાં કાળજામાં કંપારી જગાવી ગઈ. થોડી વારમાં આવનારા ભયથી લોકો ધ્રુજવા લાગ્યા. કોઈ મનમાં જાપ કરવા લાગ્યા, તો કોઈ મંત્ર ભણવા લાગ્યા. કોઈએ દેવીનું સ્મરણ શરૂ કર્યું, તો કોઈએ ભગવાનની છબી આગળ જઈને બે હાથ જોડ્યા અને રક્ષણહારને રક્ષણ માટે આજીજી કરી.

બહારવટિયા આવવાના એંધાણ તો મળી ચૂક્યાં હતાં. બસ, હવે થોડી વારમાં બહારવટિયો ગામ પર ત્રાટક્યો કે ત્રાટકશે! ભીખો અને એના સાથીઓ પરસાળ છોડી ઘરમાં ભરાયા. આંગણામાં બેઠેલા લોકો એકાએક ઘરમાં પેસી જઈને બારણાં ભીડી દેવા લાગ્યાં, ત્યારે ભીખાના ઘરની સામે રહેતા પાલીકાકી યમરાજ સમા બહારવટિયાની બૂમ સાંભળીને આંગણામાં આવીને ઊભાં. સહુ ઘરમાં ભરાયા, ત્યારે પાલીકાકી ઘરની બહાર આવ્યાં. પોતાના

દીકરા-વહુને ઘરના છેક ત્રીજા ઓરડામાં બેસાડ્યાં. વહુને હાથમાં સાંબેલું આપ્યું અને કહ્યું પણ ખરું કે જરા કોઈ ગડબડ કરે, તો દેજો એમના માથામાં કે આખી ખોપરી ખોખરી થઈ જાય.

પોતે ઘરની બહાર આવીને ઊભાં રહ્યાં. હાથમાં ખુલ્લી તલવાર લીધી. આંગણામાં લીમડી હતી એની આડે ઊભાં રહ્યાં. ભીખાએ પુરુષોના હૈયાને કબૂતરની માફક ફફડતાં જોયાં અને બીજી બાજુ બ્રાહ્મણ પાલીકાકી તો રણધીર અને રણવીર બનીને આંગણામાં નિર્ભય બનીને ઊભાં હતાં. ભીખાએ ઈતિહાસમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની કથા વાંચી હતી. ખુલ્લી તલવાર સાથે ઘૂમતી રાણી લક્ષ્મીબાઈનું ચિત્ર જોયું હતું. આજે એને એના વરસોડા ગામમાં જીવતી-જાગતી લક્ષ્મીબાઈ જોવા મળી.

એક સ્ત્રી અને તેય હાથમાં તલવાર લઈને ઊભેલી? પાલીકાકીએ મનોમન કહ્યું કે એક-બેને તો ઓછા કરીશ જ. પછી મારા વહાલાની (શ્રીકૃષ્ણની) જેવી મરજી.

ગામમાં ગોકીરો વધતો જતો હતો. કેટલાક લૂંટારા ને ધુતારા તકનો લાભ લઈને આવે વખતે બહાર નીકળતા હતા. તોફાની અને તરકટી મગન હાથમાં મોટી તલવાર લઈને બૂમો પાડતો ભીખાના વાસમાં ઘૂસી આવ્યો અને પછી મન ફાવે એમ લોકોના નામ બોલીને એ કહેવા લાગ્યો.

‘જે હોય તે ઝટ ધરી દો, જીવવું હોય તો બધું આપી દો, નહીં તો આ તલવાર કોઈની શરમ નહીં રાખે.’

આવે સમયે કોણ મગનની સામે આવે? કોણ એનો સામનો કરે? સૌ જાણતા હતા કે આજ ગામને માથે આફત છે, પછી આગળ વધે કઈ રીતે? પણ એવામાં તો લીમડીના ઝાડની આડશે ઊભેલાં પાલીકાકીએ આને જોયો અને આમતેમ ડોલતો તલવાર વીંઝતો દીઠો. એટલે પાલીકાકી ઝાડની આડશ છોડીને આગળ આવ્યાં અને બોલ્યાં, ‘અલ્યા, કોણ છે એ માટીડો (મરદ)!’

આમ કહેતાં બાજુમાં પડેલી કૂતરાની ઠીબ હાથમાં લીધી અને મગનને લમણામાં દીધી. પાલીકાકીનો પડકારો સાંભળીને બંધ બારણે બેઠેલા પુરુષોમાં હિંમત આવી અને શૂરાતન જાગ્યું. હાથમાં જે હથિયાર આવ્યું તે લઈને બહાર નીકળ્યા. મગને માટીની ઠીબ બરાબર લમણામાં નાંખી હતી અને વળી સામો તલવારનો ઝબકારો જોયો. તલવાર લઈને ધસમસતા પાલીલાકીને જોયાં અને પાછળ લોકોનું ટોળું જોયું. મગન બિચારો જીવ મુઠ્ઠીમાં લઈને ભાગ્યો. પાલી કાકીએ એનો પીછો કર્યો, પરંતુ વાસ છોડીને બહુ દૂર ગયાં નહીં, પણ ઘર સંભાળવા પાછાં ફર્યાં. બહારવટિયાઓના ભયથી ધ્રૂજતા ગામને માથેથી એક આફત તો પસાર થઈ ગઈ, પણ હજી બીજી આફત આવવાની બાકી હતી. (ક્રમશઃ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મોબાઈલઃ ૦૯૮૨૪૦૧૯૯૨૫.

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન: ૧૨

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

### દ્વાદશ અધ્યાય : ત્યાગ યોગ

‘શ્રી જૈન મહાવીર ગીતા’માં બારમો અધ્યાય ‘ત્યાગ યોગ’ છે. આ પ્રકરણમાં ૮૮ શ્લોક છે.

ભગવાન મહાવીરે, ગણધર ગૌતમસ્વામી આદિના પૂછવાથી ‘ત્યાગયોગ’ વિશે કહ્યું અને સૌને ધર્મની વિશાળતાનો પરિચય થયો.

ભારતીય સંસ્કૃતિની ધરોહર છે ત્યાગ. ત્યાગ વિના કોઈપણ ધર્મી બની ન શકે. પ્રત્યેક ધર્મ, ત્યાગ વિશે સદુપદેશ કરે છે. ત્યાગ સ્વયં ધર્મ છે. ત્યાગ દ્વારા જીવનની ઉન્નતિ અને આત્માની ઉર્ધ્વગતિ પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ‘ત્યાગયોગ’માં ત્યાગનું ચિંતન વિશાલ ફલક પર કરે છે. જુઓઃ

ज्ञानवैराग्य पक्वानां, त्यागधर्माधिकारिणाम् ।
शीघ्रं मुक्तिप्रद: प्रोक्तस्त्यागधर्मो विशेषत: ।।
त्यक्ता शुभाऽशुमा वृत्ति: स त्यागी कर्मकारक: ।
कर्तव्यपात्रसन्त्यागान्नैव त्यागी न चाक्रिय: ।।

(ત્યાગયોગ, શ્લોક ૧,૨)

**‘ત્યાગ અને વૈરાગ્યથી ભરપૂર, પરિપક્વ બનેલા અને ત્યાગધર્મના અધિકારી જનોને ત્યાગધર્મ જલ્દીથી મુક્તિ આપનાર કહેવાય છે.’**

**‘કર્તવ્ય કરવા છતાં, જેમણે શુભ અને અશુભવૃત્તિનો ત્યાગ કર્યો છે તે સૌ ત્યાગી કહેવાય છે. કર્તવ્યનો ત્યાગ કરવાથી કે કાર્ય ન કરવાથી તેઓ ત્યાગી કહેવાય નહિ!’**

જે ત્યાગી છે તે મોક્ષનો અધિકારી છે. જૈન ધર્મ માને છે કે સર્વવિરતિનો પંથ સ્વીકારે કે તેને મોક્ષમાં જવાનો હક છે. આમ, ત્યાગ એ મુક્તિદાયક છે તે સ્પષ્ટ છે પણ તે વાતમાં એ વિવેક પણ જોઈએ કે ત્યાગ એટલે શું? જે જેની ફરજ છે, જવાબદારી છે તે પૂર્ણરૂપેણ નિભાવવી પડે. જે પોતાનું કર્તવ્ય ચૂકે તે ત્યાગી નથી. વળી, એ કર્તવ્ય નિભાવતી વેળાએ શુભ અને અશુભ વૃત્તિ પણ છોડવાની છેઃ જીવનમાં આવી પડેલુ કર્તવ્ય, એક જવાબદારી સમજીને તે નિષ્ઠાથી પૂર્ણ કરવાનું છે પણ તેમાં અહં કે આસક્તિ કે અપેક્ષાથી પણ દૂર રહેવાનું છે–એ અનિવાર્ય છે અને આમ કરનાર જ ત્યાગી છે.

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની ચિંતનધારા સ્પષ્ટ છે. ત્રીજા શ્લોકમાં કહે છેઃ

**‘ત્યાગધર્મ સમાન કોઈ ધર્મ થયો નથી અને થવાનો નથી. ત્યાગધર્મ નિર્મળ છે, ત્યાગધર્મ મુક્તિરૂપ છે, ત્યાગધર્મ સર્વ ધર્મમાં શિરોમણી છે.’**

(ત્યાગયોગ, શ્લોક ૩)

ત્યાગધર્મનું મૂલ્ય ઘણું છે. ત્યાગનો પંથ કઠિન હોવા છતાં ત્યાગ જ

આત્મોન્નતિ માટેનું અંતિમ સાધન છે. ત્યાગીનું સામર્થ્ય અસીમ છે. 'ત્યાગયોગ'માં વાંચોઃ

**'સત્ત્વ, રજ, તમસ, વગેરેની પ્રકૃતિ બધા સાધુઓમાં એકસરખી હોતી નથી, પણ બધા સાધુઓ મારામાં પોતાના કર્મનો સંન્યાસ કરીને સર્વ વિશ્વને પવિત્ર કરે છે.'**

(ત્યાગ, યોગ, શ્લોક ૧૧)

ત્યાગની સમર્થતા અસીમ છે. ત્યાગી સ્વયં તરે છે અને સૌને તારે છે. ત્યાગના માર્ગે ગયેલા સૌ મહાન બને છે. ફકિરી કે અવધૂતદશાનું મૂળ જ ત્યાગ છે. સંત એટલે શું ? જે પરમાત્માની પાસે હોય અને સંસારથી દૂર હોય તે સંત.

ભગવાન મહાવીર ત્યાગના પ્રવાસીઓ, મારા પછી તેઓ શું કરશે તેનો એક વિરાટ નકશો 'ત્યાગયોગ'માં દોરી આપે છે. જુઓઃ

**'મારા પછી સર્વ સાધુઓમાં જૈન આચાર્યો ત્યાગધર્મ પ્રવર્તાવશે. તેઓ દેશ અને કાળ અનુસાર જે યોગ્ય હશે તેવી આરાધના કરશે. જૈનધર્મના પ્રચારકો સર્વદેશોમાં જશે અને ધર્મના આચાર-વિચારમાં પરિવર્તન આણશે.'**

(ત્યાગ, શ્લોક, ૧૩, ૧૪)

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનું આ કથન આજથી ૮૫ વર્ષ પૂર્વેનું છે અને તેને એક ભવિષ્યવાણી જેવું માનવું પડે તેવું છે. આ કથન આજે અક્ષરશઃ સત્ય ઠર્યું છે.

ત્યાગીજનો ભવિષ્યમાં શું કરશે તેનો નકશો જુઓઃ

**'કેટલાક ધ્યાન કરશે તો કેટલાક યતિઓ (સાધુઓ) સમાધિ કરશે. કેટલાક ઉપદેશ આપશે તો કેટલાક જપ પરાયણ બનશે. કેટલાક ધર્મની ક્રિયામાં લીન બનશે તો બીજા કેટલાક તપમાં પ્રવૃત્ત થશે. બીજા કેટલાક વિવિધ કાર્યો કરશે. કેટલાક ધર્મ સાંભળશે તો બીજા કેટલાક ધર્મ કહેશે. જૈનધર્મના રક્ષકો ધર્મના પ્રભાવક થશે. કેટલાક સંઘની ઉન્નતિ કરનારા થશે તો કેટલાક શાસ્ત્રાગારના રક્ષકો બનશે. કેટલાક ધર્મશાસ્ત્રના લેખકો બનશે. તો બીજા વ્યાખ્યાનોમાં તત્પર થશે. કેટલાક દેવતાઓની ઉપાસના કરશે તો કેટલાક યંત્રો બનાવશે. કેટલાક વિદ્યાધ્યયન કરશે તો બીજા ભક્તિ કરનારા થશે. સર્વ સાધુઓ છ આવશ્યક કર્મો કરશે, તીર્થનું રક્ષણ કરશે અને આચાર્યોની આજ્ઞા ગ્રહણ કરીને વર્તશે. કેટલાક ગુરુની નિશ્રામાં શાસ્ત્રોનો અભ્યાસ કરશે, અને સર્વદેશોમાં વિહાર કરીને ધર્મના વ્યાખ્યાનો કરશે.**

(ત્યાગયોગ, શ્લોક ૧૫,૧૬,૧૭,૧૮,૧૯,૨૦,૨૧)

આજથી ૮૫ વર્ષ પૂર્વે લખાયેલું આ ચિંતન કેવું મૂલ્યવાન છે!

ત્યાગથી આત્મકલ્યાણના પંથે જઈને શ્રેય પ્રાપ્તિ માટે મથનારા સાધુઓ સદાય પૂજનીય છે. એમના પ્રત્યે નિરંતર શ્રદ્ધા, ભક્તિ અને સન્માન કેળવવા જોઈએ તેનો નિર્દેશ 'ત્યાગયોગ'માં શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી આમ કરે છેઃ

**'મારા પ્રત્યે ભક્તિ / પ્રેમ રાખનારા સાધુઓ પ્રત્યે કદી દોષદૃષ્ટિથી જોવું જોઈએ નહિ, મારામાં પ્રેમ રાખનારા સાધુઓ સક્ષમ હોવા છતાં નિષ્કામ જાણવા જોઈએ. સાધુઓનો દ્રોહ કરનારા લોકો મારા (ધર્મ) શાસનની હત્યા કરે છે. જેઓ મારા સાધુઓના ભક્તો છે તે મારા ભક્તો છે. સાધુઓના આશીર્વાદથી ગૃહસ્થોને વૈભવ (સુખ) મળે છે અને સાધુઓના અપમાનથી કુળ વગેરેનો નાશ થાય છે!'**

(ત્યાગયોગ, શ્લોક, ૩૩,૩૪,૩૫)

જેને વંદન કરીએ છીએ, જેની પાસે ભવતરણના આશીર્વાદ માંગીએ છીએ તેમના પ્રત્યે અપાર ભક્તિ અને આદર જીવનમાં કેળવવા જોઈએ અને કદીય તેમનો અવિવેક / આશાતના ન થાય તેની ચીવટ કેળવવી જોઈએ.

જિનશાસનની સેવા અને પ્રભાવના માટે ત્યાગી એવા સાધુજનો સતત યત્નશીલ હોય છે અને તેમનો પ્રયત્ન એટલો વ્યાપક હોય છે કે તે શાસન માટે જીવન સમર્પિત કરી દે છે. આ સમર્પણ સ્વયંને તારે છે, સૌને તારે છે માટે સર્વ કલ્યાણકારી છે. જિનશાસન આ જગતના પ્રત્યેક આત્માના ઉદ્ધાર માટે છે, એવું જિનશાસન સૌ સુધી પહોંચાડવા સાધુઓ સર્વ પ્રયત્ન કરે છેઃ

**'જૈન શાસનની વૃદ્ધિ માટે સાધુઓ કર્મયોગીઓ બને છે. તેઓ મંત્ર, તંત્ર વગેરે પ્રયુક્તિઓ વડે યોગ્ય કાર્યો કરે / કરાવે છે. તેઓ ધાર્મિક કાર્યો કરાવતા ભોગ્ય વસ્તુઓમાં નિર્લેપ હોય છે. તેઓ મારા ધર્મના પ્રચાર માટે પોતાની સર્વ શક્તિ સમર્પિત કરી દે છે.'**

(ત્યાગયોગ, શ્લોક,૩૬,૩૭)

જૈન સંઘમાં વર્ષોથી અનેક ગચ્છ / મત અને વિસંવાદ પ્રવર્તે છે તે કોઈથી અજાણ્યું નથી. આ વિવાદના કારણે જૈનધર્મની હાની થઈ છે તે પણ સર્વવિદિત છે. આ તમામ વિવાદના મૂળમાં કદાગ્રહ, અહંકાર જેવા પરિબળો મહત્ત્વનો ભાગ ભજવી રહ્યાં છે. આ વિવાદથી ક્યારેય કોઈનું ભલું થયું નથી ને થવાનું નથી. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી આ તમામ પ્રવાહથી સુપેરે પરિચિત છે પરંતુ તેઓની પારદર્શી ઉદારતા અને સર્વ કલ્યાણકારક ભાવના આ શબ્દોમાં પ્રતિબિંબિત થાય છેઃ

**'કલિયુગમાં કાળના પ્રભાવ વડે ગચ્છ વગેરે પ્રત્યે રાગ રાખનારા હોવા છતાં તેઓ મારા આશ્રયવાળા અને મારાથી અભિન્ન છે. મત–મતાંતર વડે ભિન્ન હોવા છતાં મારામાં પ્રેમ વડે મારામાં આશ્રય કરીને તેઓ રહેલા છે. તેઓ અંતે દયાળુ બનીને મારા સમાન બનીને મારા પદને પામે છે.'**

(ત્યાગયોગ, શ્લોક,૪૨,૪૩)

ધર્મ અને ક્રાન્તિને હંમેશાં ઈતિહાસમાં સમાંતર ચાલતા જોઈએ છીએ ત્યારે લાગે છે કે ધર્મનું કાર્ય જ ક્રાન્તિ કરવાનું છે. આમ જુઓ તો, આત્માને ધર્મ જ પરમાત્મા બનાવે છે! આ એક વિરલ ક્રાન્તિ નથી તો શું છે ? ધર્મના વિકાસ અને વિસ્તાર માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ મુજબ હંમેશાં પરિવર્તન આવ્યા અને ધીમે કે ઝડપથી પણ છેવટ તે સ્વીકારાયા તે આ જગતનું પરમસત્ય છે. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે જે કંઈ થાય તે ધર્મગુરુની આજ્ઞાથી થાય તો તે ઉચિત ગણીને આગળ વધો. જિનેશ્વર ભગવાન જ્યારે વિદ્યમાન ન હોય ત્યારે આચાર્ય એ જ અંતિમ આધાર છે. અને ધર્મશાસ્ત્રો કહે છે કે આચાર્ય દેશકાળના જ્ઞાતા છે, સર્વ જાણે છે, માટે તેઓ જે કહેશે / કરશે તે યોગ્ય છે, એટલે તેમની આજ્ઞા પ્રમાણે સૌએ ચાલવું જોઈએઃ

**'ધર્મ માટે સર્વ કાર્યોમાં સૂરિઓનો અધિકાર છે. તેમને કોઈ નિષેધ નથી. ધર્મચાલકો સ્વતંત્ર છે.'**

(ત્યાગયોગ, શ્લોક, ૫૦)

ત્યાગથી જ ચારિત્ર્ય દૃઢ થાય છે. ચારિત્ર્ય એ તો માનવજીવનનો શણગાર છે. કીર્તિ શું છે? એક વરાળ છે. લોકપ્રિયતા શું છે? એક અકસ્માત છે. લક્ષ્મી શું છે? એક પંખી છે. ચારિત્ર્ય શું છે? જીવનનો પાયો છે. મજબૂત ચારિત્ર્ય નિષ્ફળતાના સમયમાં છાતી કાઢીને, ટટ્ટાર ઊભા રહેતા શીખવે છે. વ્યક્તિની નિષ્ફળતામાં ચારિત્ર્યની કસોટી થાય છે.

ઉત્તમ ચારિત્ર્યનો પ્રારંભ ત્યાગથી થાય.

જીવન ઘડતર માટે ત્યાગ શીખવો જોઈએ.

પોતાના ધર્મ માટે સ્વાભિમાન હોવું જોઈએ તે વાત, શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી પોતાના અનેક ગ્રંથોમાં પુનઃપુનઃ કહે છે. એમના શબ્દોમાં શક્તિશાળી પ્રભાવ છે. આ કથન અહીં 'ત્યાગયોગ'માં સાંપડે છે.

**'(જેને) જૈનસંઘમાં રાગ છે, જૈનધર્મ પ્રત્યે અભિમાન છે તે જૈન ધર્મને (તત્ત્વતઃ) બાધક કે નાશક નથી. જૈન ધર્મ મહાતીર્થરૂપ છે, એમ સર્વતીર્થોમાં શિરોમણી છે. તેથી સંઘની પ્રગતિ માટે પ્રાણાર્પણ કરી દેવા એ પણ શુભકારક છે.'**

(ત્યાગયોગ, શ્લોક૫૫,૫૬)

'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'ત્યાગયોગ'માં દેશ કાળની સ્થિતિ અનુસાર ધર્માચરણ કરવું જોઈએ, સાધુ સંઘની પ્રગતિ માટે વિચક્ષણ એવા આચાર્ય મહારાજોએ શક્તિપૂર્વક સંસ્કાર સીંચવા જોઈએ નિયમ બધા નિત્ય નથી પણ દેશ, કાળની જરૂરિયાતને સમજીને ત્યાગીઓએ ચાલવું જોઈએ અને ઠીક લાગે તે પરિવર્તન કરવું જોઈએ ઈત્યાદિ ઉપદેશ પ્રાપ્ત થાય છે.

થોડાંક શ્લોકાર્થ જોઈએઃ

**'ધર્મરાજ્યના શાસકો એવા ધર્માચાર્યો વિવેક પૂર્વક કાર્યો કરે છે, છતાં તે અકર્મક છે અને તેઓ પરબ્રહ્મમાં વસે છે.'**

(ત્યાગયોગ, ગાથા ૬૧)

**'આચાર્યો હંમેશાં મારું પરબ્રહ્મ સ્વરૂપે ધ્યાન ધરે છે. ધર્મ કાર્યો કરનારા યોગના અભ્યાસ વડે મને જોઈ શકે છે.'**

(ત્યાગયોગ, ગાથા ૬૨)

**'વિશ્વના ઉદ્ધાર માટે સાધુઓની પ્રણાલિકા અનાદિકાળથી તીર્થંકરોએ વ્યવસ્થાપૂર્વક સ્થાપેલી છે.'**

(ત્યાગયોગ, ગાથા ૬૪)

**'સાધુઓએ મારા મંત્રો વડે, હઠયોગ વડે આત્મશક્તિ પ્રકાશક એવું બળ મેળવવું જોઈએ. અને તેમ કરીને જૈન ધર્મની ઉન્નતિ કરવી જોઈએ. સૂરિમંત્ર વગેરે મંત્રોની સાધના કરીને આચાર્યોએ ધર્મની, સાધુસંઘની રક્ષા કરવી જોઈએ.'**

(ત્યાગયોગ, ગાથા ૭૦, ૭૧)

**'ત્યાગીઓનો દ્રોહ કરનારા મૂર્ખજનો છે. તેઓ સમાધિ પામતા નથી. જ્યાં ત્યાગ છે ત્યાં પ્રભુ છે. ત્યાગીઓ હંમેશાં મને પ્રિય છે.'**

(ત્યાગયોગ, ગાથા ૭૮)

**'સર્વ વિશ્વનું કલ્યાણ કરનારા ત્યાગીઓ પરોપકારની મૂર્તિ રૂપ છે, અને (આ જગતમાં) ચક્રવર્તીઓ કરતાં પણ શ્રેષ્ઠ છે.'**

(ત્યાગયોગ, ગાથા ૭૯)

**'ગૃહસ્થ અને સાધુઓને માટે હું શરણાધાર છું. સાધુઓના મંગલકારક એવા સારા આશીર્વાદથી ગૃહસ્થો ઉન્નતિ પામે છે.'**

(ત્યાગયોગ, ગાથા ૮૪)

**'નિષ્કામ ત્યાગી એવા સાધુ સંઘનું મહત્ત્વ અને ઉપયોગીતા (એટલા બધા છે કે) સર્વજ્ઞ વડે પણ સંપૂર્ણ રીતે વર્ણવી શકાતા નથી.'**

(ત્યાગયોગ, ગાથા ૮૬)

**'ચાર પ્રકારના (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા) મહાસંઘના ધર્મ અને સ્વાતંત્ર્ય માટે આચાર્યો અને સાધુઓએ સર્વ પ્રકારના ઉપાયો કરવા જોઈએ.'**

(ત્યાગયોગ, ગાથા ૮૮)

'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'ત્યાગયોગ'માં ત્યાગી સાધુ-સાધ્વીઓ પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક વર્તન કરવું જોઈએ તેવો ઉપદેશ પુનઃ પુનઃ આલેખાયો છે. ત્યાગી સાધુ-સાધ્વી એ જૈન સંઘની મહામૂલી સંપત્તિ છે. આજકાલ ગૃહસ્થોનું અને ખાસ કરીને જૈન સંઘના ટ્રસ્ટીઓનું વર્તન જેવું જોવા મળે છે તેમાં શ્રદ્ધા, ભક્તિ કે આદર નહિ પણ સ્વાર્થ, છેતરપિંડી કે તોછડાઈ વધુ હોય છે. સાધુઓને કેમ સમજાવી કે પટાવી લેવા, પોતાનું કામ કઢાવી લેવું, ઉઠાં ભણાવવા અને તે માટે ટ્રસ્ટીઓ તમામ યુક્તિઓ અજવામતા રહે છે. સંઘમાં પોતાનું વર્ચસ્વ રહેવું જોઈએ અને સાધુઓ પોતાના જ કહ્યામાં રહેવા જોઈએ તેવી હીન મનોવૃત્તિ ધરાવતા ટ્રસ્ટીઓ દેરાસર કે ઉપાશ્રયના માણસોને જાસૂસ બનાવતા હોય છે! ટ્રસ્ટીઓનું અભિમાની વલણ, એમની તોછડાઈ ઈત્યાદિ સાધુઓ નથી સમજતા તેવું નથી પણ તેઓ ગમ ખાય છે, ક્યાં બગાડવું તેનું માને છે અને વળી, ટ્રસ્ટીઓની અહીં પણ ચાલાકી ચાલુ જ હોય છેઃ પૂર્વે આવી ગયેલા સાધુઓની નિંદા કરીને વિદ્યમાન સાધુઓને ભડકાવવાનું પણ છોડતા નથી!

જેના ચરણમાં વંદન કરીએ છીએ, જેના આશીર્વાદથી ભવજળ તરાશે તેવું જાણીએ છીએ એના જ પ્રત્યેનું આવું વલણ તારશે કે ડૂબાડશે?

'શ્રી જૈન મહાવીર ગીતા' એક વિશાળ પરિપ્રેક્ષ્યમાં આપણને ચિંતન કરવા પ્રેરે છે. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી સમયજ્ઞ મહાપુરુષ છે અને તેઓ ભવિષ્યને નિહાળીને બોધ આપે છે. ત્યાગનો પંથ આત્માનો ઉદ્ધાર તો કરે જ છે, સાથોસાથ જીવનની ઉન્નતિ અને સમાજની ઉન્નતિ પણ કરે છે. જૈનધર્મનો ત્યાગ માર્ગ વ્યક્તિગત નહિ પણ સમષ્ટિગત ઉદ્ધારક પંથ છે તે ન ભૂલવું જોઈએ. ભગવાન મહાવીરનો ઉપાસક ઉપવાસનું વ્રત કરીને માત્ર પોતાનું આત્મકલ્યાણ સિદ્ધ કરે છે તેવું નથી. પણ અનાજ બચાવીને સમાજને ઉપયોગી પણ થાય છે!

જેનાથી સૌનું કલ્યાણ થાય તે જ સાચો ત્યાગમાર્ગ કહેવાય.

**(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ, જૈન જ્ઞાનમંદિર, જ્ઞાનમંદિર રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૮.

*સત્ય-અસત્યની અથડામણ પથ્થર અને માટીના ઘડા જેવી છે. માટીનો ઘડો પત્થર પર પડે તો ઘડો ફૂટી જાય અને પત્થર ઘડા પર પડે તો પણ ફૂટવાનો વારો ઘડાનોજ આવે...!*

### શ્રી વિનય વિદ્યા વિહાર કેળવણી મંડળ સંચાલિત

# લોક વિદ્યાલય–વાલુકડ

### (આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

*સંઘના ઉપક્રમે ૨૦૦૯ની ૭૫ની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રી વિનય વિદ્યાવિહાર કેળવણી મંડળ, સંચાલિત લોક વિદ્યાલય–વાલુકડને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં આનંદ થાય છે કે આશરે રૂપિયા બાવીસ લાખની માતબર રકમ નોંધાઈ છે. એ માટે દાતાઓના અમે ખૂબ ઋણી છીએ. યાદી નીચે મુજબ છે. હજુ વધુ દાનનો પ્રવાહ પ્રાપ્ત થશે જેની યાદી હવે પછીના અંકમાં પ્રગટ થશે.*

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૨૫૦૦૦ | શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ (નાનીખાખર–કચ્છ) |
| ૧૨૫૦૦૦ | શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી |
| ૧૦૦૦૦૦ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ |
| ૧૦૦૦૦૦ | શ્રી કાંતિલાલ આર. પરીખ HUF |
| ૭૫૦૦૦ | મે. ઑનવર્ડ ફાઉન્ડેશન હસ્તે હરેશભાઈ શાંતિલાલ મહેતા |
| ૫૪૦૦૦ | શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ શાહ પરિવાર |
| ૫૧૦૦૦ | શ્રી પ્રવીણભાઈ શાંતિલાલ કોઠારી |
| ૫૧૦૦૦ | મે. એક્સેલન્ટ એન્જિનિયરિંગ કોર્પોરેશન હસ્તેઃ રમેશભાઈ અજમેરા |
| ૫૧૦૦૦ | શ્રી કોન્વેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦૦ | શ્રી કંચનબેન શાહ હસ્તે : કાકુલાલ છગનલાલ મહેતા |
| ૫૦૦૦૦ | શ્રી આશા હસમુખરાય હસ્તેઃકાકુલાલ છગનલાલ મહેતા |
| ૩૧૦૦૦ | માતુશ્રી ચેરિટી ટ્રસ્ટ હસ્તે : મુલચંદ લખમશી સાવલા |
| ૨૫૦૦૦ | શ્રી સુષમા શૈલેશ મહેતા |
| ૨૫૦૦૦ | શ્રી વિક્ટર ફરનાન્ડીસ હસ્તે :રમાબેન વિનોદભાઈ મહેતા |
| ૨૫૦૦૦ | શ્રી ભણશાલી ટ્રસ્ટ હસ્તે : જિતેન્દ્ર કે. ભણશાલી |
| ૨૫૦૦૦ | શ્રીમતી કાશીબેન સંઘરાજકા તથા શ્રીમતી દયાબેન મોદી ફાઉન્ડેશન |
| ૨૫૦૦૦ | શ્રી નિપુણા યશવંત ઠક્કર હસ્તે સ્વ. રમાબહેન કાપડિયાની સ્મૃતિમાં |
| ૨૧૦૦૦ | શ્રી પંકજભાઈ દોશી અને શ્રી જનકભાઈ દોશી |
| ૨૧૦૦૦ | શ્રી લક્ષ્મીચંદ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ |

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૧૦૦૦ | મે. રિષભ તિલક કેમિકલ્સ પ્રા. લિ. |
| ૨૦૦૦૦ | એક બહેન |
| ૧૫૦૦૦ | શ્રી શર્મીબહેન પ્રવીણભાઈ ભણશાલી |
| ૧૫૦૦૦ | શ્રી ભારતીબહેન પ્રાણલાલ શાહ |
| ૧૫૦૦૦ | શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ |
| ૧૫૦૦૦ | શ્રી ચંદ્રિકાબહેન મહેન્દ્રભાઈ વોરા |
| ૧૧૧૧૧ | સ્વ. રાકેશ ખુશાલદાસ સોજપાર ગડાના સ્મરણાર્થે. હસ્તે : ખુશાલદાસ સોજપાર ગડા |
| ૧૧૧૧૧ | શ્રી સરોજરાની શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૧૦૦૦ | શ્રી રતનચંદ ભોગીલાલ પારેખ |
| ૧૧૦૦૦ | શ્રી શામજી ટી.વોરા અમર સન્સ ફાઉન્ડેશન |
| ૧૧૦૦૦ | શ્રી અઁકર પરિવાર હસ્તે દામજીભાઈ અને જાદવજીભાઈ |
| ૧૧૦૦૦ | શ્રી અરોની ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૧૦૦૦ | મે. પુષ્પમ ઈન્વેસ્ટમેન્ટ |
| ૧૧૦૦૦ | શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૧૦૦૦ | મે. નવનીત પબ્લિકેશન પ્રા. લિ. હસ્તેઃ ડુંગરશીભાઈ ગાલા |
| ૧૧૦૦૦ | શ્રી ભાનુ ચેરિટી ટ્રસ્ટ, હસ્તે પ્રવીણભાઈ અને ઉષાબહેન શાહ |
| ૧૦૦૦૦ | શ્રી દિપાલી સંજય મહેતા |
| ૧૦૦૦૦ | શ્રી સવિતાબહેન હીરાચંદ શાહ |
| ૧૦૦૦૦ | શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ ઍન્ડ સન્સ ચેરિટી ટ્રસ્ટ |
| ૧૦૦૦૦ | શ્રી કંચનબહેન કે. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦૦૦૦ | શ્રી મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન |
| ૧૦૦૦૦ | શ્રી રિતેષ મણિલાલ પોલડિયા |
| ૧૦૦૦૦ | શ્રીમતી કુંદન જે. ભાયાણી ચેરિટેબલ ટ્રસ્ટ |

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૦૦૦૦ | શ્રી પ્રવીણ અશ્વિન મહેતા |
| ૧૦૦૦૦ | મે. પ્રિન્સ પાઈપ ઍન્ડ ફિટીંગ્સ પ્રા. લિ. |
| ૧૦૦૦૦ | શ્રીમતી લીલાવતી ચીમનલાલ વીરચંદ ઝવેરી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦૦૦૦ | શ્રી અજીતભાઈ આર. ચોકસી |
| ૧૦૦૦૦ | શ્રી અરૂણાબહેન અજીતભાઈ ચોકસી |
| ૯૦૦૦ | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ૯૦૦૦ | શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ |
| ૯૦૦૦ | સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે હસ્તેઃ ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી |
| ૯૦૦૦ | સ્વ. તારાબહેન રમણલાલ શાહ હસ્તે શૈલજાબહેન શાહ |
| ૯૦૦૦ | શ્રી દિલિપભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| ૯૦૦૦ | શ્રી રમણિકલાલ ભોગીલાલ શાહ |
| ૯૦૦૦ | શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ |
| ૯૦૦૦ | શ્રી યશોમતીબહેન શાહ |
| ૯૦૦૦ | શ્રી વર્ષાબહેન રજ્જૂભાઈ શાહ |
| ૯૦૦૦ | શ્રી શાંતિલાલ મંગળજી શાહ |
| ૬૦૦૦ | શ્રી નિરૂબહેન સુબોધભાઈ શાહ |
| ૬૦૦૦ | શ્રી નિતીન સોનાવાલા |
| ૬૦૦૦ | શ્રી વંદનાબહેન રશ્મિભાઈ શાહ |
| ૬૦૦૦ | શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૬૦૦૦ | શ્રી રમાબહેન જયસુખલાલ વોરા |
| ૬૦૦૦ | શ્રી મણિભાઈ હીરજી હરીયા ફાઉન્ડેશન |
| ૫૦૦૦ | ડૉ. ધનવંતરાય ટી. શાહ |
| ૫૦૦૦ | શ્રી તારાબહેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ |
| ૫૦૦૦ | શ્રી રમાબહેન વી. મહેતા |

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦૦૦ | મે. ફ્રેન્ડલી પ્રિન્ટર્સ હસ્તે ભરતભાઈ મામણિયા |
| ૫૦૦૦ | શ્રી વી. એસ.ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : મુકુન્દભાઈ ગાંધી |
| ૫૦૦૦ | શ્રી શાહ પબ્લિક વેલફેર ટ્રસ્ટ સ્વ. ડૉ. જયંત એસ. શાહના સ્મરણાર્થે હસ્તે : ડૉ. જ્યોતિબહેન શાહ |
| ૫૦૦૦ | શ્રી શારદાબહેન બાબુલાલ શાહ |
| ૫૦૦૦ | શ્રી ચંદ્રકાંત યુ. ખંડેરિયા |
| ૫૦૦૦ | શ્રી મીના કિરણ ગાંધી |
| ૫૦૦૦ | શ્રી વિજય કે. શાહ |
| ૫૦૦૦ | મે. યુનિવર્સલ ગોલ્ડન જ્વેલ્સ |
| ૫૦૦૦ | શ્રી ભગવતીબહેન પી. સોનાવાલા |
| ૫૦૦૦ | મે. જે. કે. ફાઉન્ડેશન |
| ૫૦૦૦ | શ્રી પૂર્વી બાબુભાઈ ઝવેરી |
| ૫૦૦૦ | શ્રી તરૂણાબહેન બિપિનભાઈ શાહ |
| ૫૦૦૦ | શ્રી કેયુર દિલીપ શાહ |
| ૫૦૦૦ | શ્રી ડીકેસી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | શ્રી દેવકુંવરબહેન જેસંગભાઈ રાંભિયા |
| ૫૦૦૦ | શ્રી કિરણભાઈ એચ. શાહ |
| ૫૦૦૦ | શ્રી પુષ્પાબહેન સુરેશભાઈ ભણશાલી |
| ૫૦૦૧ | શ્રી ભાઈચંદ એમ. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૧ | શ્રી શિલ્પા જે. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | શ્રી સ્મિતા સ્નેહલ સંઘવી |
| ૫૦૦૦ | શ્રી કાનજી કોરસી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | શ્રી પુષ્પાબહેન ભણશાલી |
| ૫૦૦૦ | શ્રી કુમુદબહેન પટવા |
| ૫૦૦૦ | ડૉ. મનાલી પ્રભુ |
| ૫૦૦૦ | સ્વ. નર્મદાબહેન એમ. શેઠ |
| ૫૦૦૦ | શ્રી ડોલર એમ. શેઠ |
| ૫૦૦૦ | માતુશ્રી પાનસીબાઈ ખીમજી શાહ |
| ૫૦૦૦ | મે. લક્ષ્મી મસાલા કું. |
| ૫૦૦૦ | શ્રી નિરંજના મહેન્દ્ર ઉજમશીભાઈ |
| ૫૦૦૦ | સ્વ. શ્રી જયંતીલાલ સી. સંઘવી |
| ૫૦૦૦ | શ્રી સુશીલાબહેન ઝવેરી |
| ૫૦૦૦ | શ્રી કીરીટ રતનશી શાહ |
| ૫૦૦૦ | શ્રી હસમુખભાઈ જી. શાહ |
| ૫૦૦૦ | શ્રી પ્રતિમા શ્રીકાંત ચક્રવર્તી |
| ૫૦૦૦ | ડૉ. હસમુખલાલ સી. કુવાડિયા |
| ૫૦૦૦ | ડૉ. હેમંત એચ. કુવાડિયા |
| ૫૦૦૦ | શ્રી રક્ષાબહેન હેમંત કુવાડિયા |
| ૫૦૦૦ | સ્વ. જશુમતી એચ. કુવાડિયાના સ્મરણાર્થે હસ્તેઃ ડૉ. હેમંત એચ. કુવાડિયા |
| ૫૦૦૦ | મે. એચ. ડી. ઈન્ડસ્ટ્રીઝ હસ્તે હસમુખભાઈ |
| ૫૦૦૦ | મે. ધર્મેશ એન્ટરપ્રાઈઝ |
| ૫૦૦૦ | મે. જતીન એન્ટરપ્રાઈઝ |
| ૫૦૦૦ | મે. આકાર આર્ટસ |
| ૫૦૦૦ | શ્રી અપૂર્વ લાભુભાઈ સંઘવી |
| ૫૦૦૦ | મે. પ્રૉટોન એન્ટરપ્રાઈઝ |
| ૫૦૦૦ | શ્રી મહેન્દ્ર ચીમનલાલ શાહ |
| ૫૦૦૦ | શ્રી નર્મદાબહેન ગોળવાળા |
| ૫૦૦૧ | મે. આર. બી. કૉમર્શિયલ કૉર્પોરેશન |
| ૫૦૦૦ | સ્વ. રસિકલાલ રતિલાલ શાહ |
| ૫૦૦૦ | સ્વ. સરસ્વતીબહેન આર. શાહ |
| ૫૦૦૦ | સ્વ. બાબુલાલ છોટાલાલ શાહ |
| ૫૦૦૦ | સ્વ. ભોગીલાલ સુખલાલ શાહ |
| ૫૦૦૦ | શ્રી મીના મહેન્દ્ર શાહ |
| ૫૦૦૦ | શ્રી પી. ડી. શાહ |
| ૫૦૦૦ | શ્રી પ્રદીપભાઈ એ. શાહ |
| ૫૦૦૦ | શ્રી ઈન્દુમતી અને હરકિશન ઉદાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | એક શુભેચ્છક |
| ૫૦૦૦ | સ્વ. રમીલાબહેન ભરતકુમાર શાહની સ્મૃતિમાં, હસ્તે મે. પ્રભાત ટી એન્ડ ટેક્સટાઈલ કું. પ્રા. લિ. |
| ૫૦૦૦ | મે. હેમંત ટુલ્સ પ્રા. લિ. |
| ૫૦૦૦ | શ્રી ચંદ્રકુમાર ગણપતલાલ ઝવેરી |
| ૫૦૦૦ | શ્રી સંજય મહેતા |
| ૫૦૦૦ | શ્રી દીપા એ. શાહ |
| ૫૦૦૦ | શ્રી અનિષ શાહ |
| ૫૦૦૦ | શ્રી દિલીપભાઈ શાહ |
| ૫૦૦૦ | શ્રી ભારતી હેમંત મજુમદાર |
| ૫૦૦૦ | શ્રી વસુમતી સૂર્યકાંત શાહ |
| ૫૦૦૦ | શ્રી કનાસા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | શ્રી રોનક શાહ |
| ૫૦૦૧ | મે. કોમોડીટી સર્વિસીઝ પ્રા. લિ. |
| ૫૦૦૦ | શ્રી સિદ્ધાર્થ શ્રીકુમાર ધામી |
| ૫૦૦૦ | શ્રી અપૂર્વ એસ. દોશી |
| ૫૦૦૦ | સ્વ. ઉષાબહેન પરીખ |
| ૫૦૦૦ | શ્રી જગદીશ એમ. ઝવેરી |
| ૫૦૦૧ | શ્રી અંજન આઈ. ડાંગરવાલા |
| ૫૦૦૦ | શ્રી સી. જે. શાહ |
| ૫૦૦૦ | સ્વ. કેસરીચંદ જેસંગલાલ શાહ |
| ૫૦૦૦ | સ્વ. ગુણવંતીબહેન પ્રવીણચંદ્ર શાહ |
| ૫૦૦૦ | શ્રી રતિલાલ ઓધવજી ગોહિલ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | શ્રી સંતોકબા જેઠાલાલ દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | મે. આર. ડી. કૉર્પોરેશન |
| ૫૦૦૦ | શ્રી હિંગળાજ મા એન્ટરપ્રાઈઝ |
| ૫૦૦૦ | શ્રી પ્રકાશ મહેતા |
| ૫૦૦૦ | શ્રી વિરલ અરવિંદ ધરમશી લુખી |
| ૫૦૦૦ | શ્રી ઓજસ અરવિંદ ધરમશી લુખી |
| ૫૦૦૦ | શ્રી કિન્નરભાઈ કેશવલાલ શાહ |
| ૫૦૦૦ | શ્રી લીના વી. શાહ |
| ૫૦૦૦ | શ્રી અલકા પી. ખારા |
| ૫૦૦૦ | શ્રી જશવંતી પ્રવીણચંદ્ર વોરા |
| ૫૦૦૦ | શ્રી નિતીન એમ. ઝવેરી |
| ૫૦૦૦ | મે. પોપટલાલ જેસીંગભાઈ ઍન્ડ કું. |
| ૫૦૦૦ | શ્રી અંજુ ભૂપેન્દ્ર શાહ |
| ૫૦૦૦ | શ્રી જયંતીલાલ એસ. શાહ HUF |
| ૫૦૦૦ | શ્રી હરિભાઈ રામચંદ શાહ |
| ૫૦૦૦ | મે. કાન્તિ કરમશી ઍન્ડ કું. વેલ્યુઅર્સ પ્રા. લિ. |
| ૫૦૦૦ | મે. પોલીથીન પ્રિન્ટીંગ ઍન્ડ સિલીંગ વર્કસ |
| ૫૦૦૦ | મે. શેઠ ઍન્ડ સન્સ |
| ૫૦૦૦ | શ્રી શોભા શાહ |
| ૫૦૦૦ | શ્રી બિન્દુ જે. શાહ |
| ૫૦૦૦ | ડૉ. કે. કે. શાહ |
| ૫૦૦૦ | શ્રી હર્ષદરાય કે. દોશી |
| ૫૦૦૦ | શ્રી જીવણલાલ યુ. શેઠ |
| ૫૦૦૦ | શ્રી આલોક શાહ |
| ૫૦૦૦ | શ્રી સરલાબહેન કુમુદચંદ્ર છેડા |
| ૫૦૦૦ | મે. નંદુ ડ્રેપર્સ હસ્તેઃ થાવરભાઈ |
| ૫૦૦૦ | શ્રી મંજુલા કાંતિલાલ શાહ |
| ૫૦૦૦ | શ્રી હરસુખભાઈ બી. મહેતા |
| ૫૦૦૦ | શ્રી પરાગ બિપિનભાઈ ઝવેરી |
| ૫૦૦૦ | શ્રી વિનોદ એન. શાહ |
| ૫૦૦૦ | મે. પારકીન બ્રધર્સ |
| ૫૦૦૦ | શ્રી સુદર્શનાબહેન પ્રમોદભાઈ ચોકસી |
| ૩૫૦૦ | શ્રી ચંદુલાલ ગાંગજી ફ્રેમવાલા |
| ૩૦૦૦ | શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી |
| ૩૦૦૦ | શ્રી કલાવતીબહેન શાંતિલાલ મહેતા |
| ૩૦૦૦ | શ્રી પ્રસન્ન એમ. ટોલિયા |
| ૩૦૦૦ | શ્રી સેવંતીલાલ કાલીદાસ દોશી |
| ૩૦૦૦ | શ્રી સરલાબહેન શાંતિલાલ દોશી |

| રૂપિયા | નામ |
|---|---|
| ૩૦૦૦ | શ્રી ધીરેન નિરંજન ભણશાલી |
| ૩૦૦૦ | શ્રી જયવંતીબહેન |
| ૩૦૦૦ | શ્રી પ્રવીણ જમનાદાસ શાહ |
| ૩૦૦૦ | શ્રી ગિરીશભાઈ પટેલ (મંથન-હાજીપુર) |
| ૩૦૦૦ | શ્રી નિર્મળાબહેન રાવલ (મંથન-હાજીપુર) |
| ૩૦૦૦ | શ્રી અનિલકુમાર જૈન |
| ૩૦૦૦ | શ્રી રમાબહેન જયંતીલાલ શાહ |
| ૩૦૦૦ | મે. ગુલાબદાસ ઍન્ડ કાં. |
| ૩૦૦૦ | શ્રી જયેશ ડી ગાંધી |
| ૩૦૦૦ | શ્રી રસિલા મહેન્દ્રભાઈ ઝવેરી |
| ૩૦૦૦ | શ્રી રેખાબહેન કાપડિયા |
| ૩૦૦૦ | શ્રી કૈલાસબહેન એસ. શાહ |
| ૩૦૦૦ | શ્રી ઉષાબહેન પરીખ |
| ૩૦૦૦ | શ્રી સુચિત દોશી |

| રૂપિયા | નામ |
|---|---|
| ૩૦૦૧ | એક શુભેચ્છક |
| ૩૦૦૦ | શ્રી જગદીશ જી. માલદે |
| ૩૦૦૦ | ડૉ. કૌશલ શાહ |
| ૩૦૦૦ | શ્રી માયાબહેન રમણીકલાલ ગોસલિયા |
| ૩૦૦૦ | શ્રી માલાબહેન હિરેન ગોસલિયા |
| ૩૦૦૦ | શ્રી ડિમ્પલ જ્યોતિ ગોસલિયા |
| ૩૦૦૦ | શ્રી મહેન્દ્ર અમૃતલાલ શાહ |
| ૩૦૦૦ | શ્રી કચરાલાલ ચુનીલાલ શાહ |
| ૩૦૦૦ | શ્રી હંસાબહેન કચરાલાલ શાહ |
| ૩૦૦૦ | શ્રી બાબુલાલ ચુનીલાલ ચોકસી |
| ૩૦૦૦ | શ્રી રમેશ જે. શાહ |
| ૩૦૦૦ | શ્રી પ્રવીણચંદ્ર એમ. શાહ |
| ૩૦૦૦ | શ્રી ધૈર્યકાંતા પ્રવીણચંદ્ર શાહ |
| ૨૫૦૦ | શ્રી શમિક કેશવલાલ શાહ |
| ૨૫૦૦ | શ્રી શશિન કેશવલાલ શાહ |
| ૨૫૦૦ | શ્રી મહેન્દ્ર એમ. સંગોઈ |

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫૦૦ | મે. સી. એન્ડ રિકુટ લિમિટેડ હસ્તે ફાલ્ગુનીબહેન |
| ૨૧૧૧ | શ્રી રમણીકલાલ એસ. ગોસલિયા |
| ૨૦૦૦ | શ્રી નિર્મળાબહેન બાબુલાલ તોલાટ |
| ૨૦૦૦ | શ્રી પુષ્પાબહેન વિજયકુમાર શાહ |
| ૨૦૦૦ | શ્રી ઉષાબહેન રમેશભાઈ ઝવેરી |
| ૨૦૦૦ | શ્રી વિનોદચંદ્ર હરિલાલ મહેતા |
| ૨૦૦૦ | શ્રી જશવંતીબહેન પ્રવીણચંદ્ર વોરા |
| ૧૦૦૦ | એક બહેન |
| ૧૦૦૦ | શ્રી કમળાબહેન હરખચંદ કામદાર |
| ૧૦૦૦ | શ્રી રેણુકાબહેન પોરવાલ |
| ૧૦૦૦ | શ્રી વિનોદભાઈ ગાંધી |
| ૧૦૦૦ | શ્રી અતુલ શાહ |
| ૧૦૦૦ | શ્રી મનહરભાઈ મહેતા |
| ૧૦૦૦ | એક હજારથી ઓછા |
| **૨૧૭૫૮૩૯** | **કુલ સરવાળો** |

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે નોંધાયેલી રકમની યાદી

*૨૦૦૯ની ૭૫મી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન દાતાઓને અપીલ કરવામાં આવી. તેનો સારો પ્રતિસાદ મળ્યો છે. એ માટે સર્વે દાતાઓના અમે ઋણી છીએ. સંઘને વિવિધ ખાતાઓમાં ભેટ મળી તેની યાદી નીચે મુજબ છે.*

| રૂપિયા | નામ |
|---|---|
| | **<u>શ્રી જનરલ ફંડ</u>** |
| ૨૫૦૦૦ | શ્રી ચંદ્રાબહેન પિયુષભાઈ કોઠારી |
| ૨૫૦૦૦ | શ્રી હરેશભાઈ અને શૈલાબહેન મહેતા (ઓનવર્ડ ફાઉન્ડેશન) |
| ૫૦૦૦ | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ૫૦૦૦ | શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ |
| ૫૦૦૦ | શ્રી નિરૂબહેન સુબોધભાઈ શાહ |
| ૫૦૦૦ | શ્રી તારાબહેન રમણલાલ શાહ હસ્તે શૈલજાબહેન શાહ |
| ૫૦૦૦ | શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ |
| ૫૦૦૦ | શ્રી નિતીનભાઈ એમ. સોનાવાલા |
| ૫૦૦૦ | શ્રી કુસુમબહેન એન. ભાઉ |
| ૫૦૦૦ | શ્રી યશોમતીબહેન શાહ |
| ૫૦૦૦ | શ્રી રશ્મીભાઈ ભગવાનદાસ શાહ |
| ૫૦૦૦ | શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા |
| ૫૦૦૦ | શ્રી દિલીપભાઈ એમ. શાહ |
| ૫૦૦૦ | શ્રી ભાનુ ચેરિટી ટ્રસ્ટ હસ્તે શ્રી પ્રવિણભાઈ અને ઉષાબહેન શાહ |
| ૫૦૦૦ | મે. જે. કે. ફાઉન્ડેશન |
| ૫૦૦૦ | શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ |

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦૦૧ | શ્રી સિદ્ધાર્થ લાભુભાઈ સંઘવી |
| ૫૦૦૦ | શ્રી ઉષાબહેન દિલીપભાઈ શાહ |
| ૫૦૦૦ | એક બહેન |
| ૫૦૦૦ | શ્રી શાંતિલાલ મંગળજી મહેતા |
| ૫૦૦૦ | શ્રી રમેશ વિમલભાઈ શેઠ |
| ૫૦૦૦ | શ્રી ગાંગજી પોપટલાલ શેઠીયા ફૅમિલી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૪૦૦૦ | શ્રી સુશીલાબહેન ઝવેરી |
| ૪૦૦૦ | શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૨૦૦ | મે.જે.કે. ગ્રુપ હસ્તે કુસુમબહેન ભાઉ |
| ૩૦૦૦ | શ્રી અજીતભાઈ આર. ચોકસી |
| ૩૦૦૦ | શ્રી અરૂણાબહેન અજીતભાઈ ચોકસી |
| ૩૦૦૦ | શ્રી ગિરીશભાઈ પટેલ (મંથન-હાજીપુર) |
| ૩૦૦૦ | મે. ફ્રેન્ડલી પ્રિન્ટર્સ હસ્તે-ભરતભાઈ મામણીયા |
| ૩૦૦૦ | શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ એન્ડ સન્સ ચેરિટી ટ્રસ્ટ |
| ૩૦૦૦ | શ્રી પી. ડી. શાહ |
| ૨૫૦૦ | શ્રી દિપીકા દોશી |

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫૦૦ | શ્રી અજીત એમ. શેઠ |
| ૨૫૦૦ | શ્રી કૌશિક એમ. શેઠ |
| ૨૦૦૦ | શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી |
| ૨૦૦૦ | શ્રી કલાવતી શાંતિલાલ મહેતા |
| ૨૦૦૦ | શ્રી મીનાબહેન કિરણભાઈ ગાંધી |
| ૧૫૦૦ | શ્રી શારદાબહેન બાબુભાઈ શાહ |
| ૧૫૦૦ | શ્રી કેયુર દિલીપ શાહ |
| ૧૦૦૦ | શ્રી જી. પી. શાહ |
| ૧૦૦૦ | શ્રી ભરત કાંતિલાલ શાહ |
| ૧૦૦૦ | એક બહેન |
| ૧૦૦૦ | મે. હેમંત ટુલ્સ પ્રા. લી. |
| ૧૦૦૦ | શ્રી સુવર્ણાબહેન દલાલ |
| ૧૦૦૦ | શ્રી સુશીલાબહેન ઝવેરી |
| ૧૦૦૦ | શ્રી નીતાબહેન શાહ |
| ૧૦૦૦ | શ્રી પરેશભાઈ ચૌધરી |
| ૫૦૦ | શ્રી પ્રદિપ સેવંતીલાલ શાહ |
| ૫૦૦ | શ્રી અતુલ શાહ |
| ૨૦૪૭૦૧ | કુલ સરવાળો |

| રૂપિયા | નામ |
|---|---|
| | **સંઘ આજીવન સભ્ય લવાજમ** |
| ૫૦૦૦ | શ્રી કેતન શાંતિલાલ ઝવેરી |
| ૫૦૦૦ | શ્રી શ્રેયસ પ્રચારક સભા હસ્તે-પૂજ્ય સરયુબહેન મહેતાના ભક્તજનો |
| ૧૦૦૦૦ | |
| | **સંઘ આજીવન સભ્ય-પુરક લવાજમ** |
| ૪૭૪૯ | શ્રી પ્રદિપભાઈ એ. શાહ |
| ૪૭૫૦ | શ્રી સુરેશ સંઘરાજકા |
| ૧૦૦૦ | શ્રી કિશોર શેઠ |
| ૧૦૦૦ | શ્રી અરવિંદ ધરમશી લુખી |
| ૪૭૪૯ | શ્રી પોપટલાલ જેશીંગભાઈ શાહ |
| ૪૭૫૦ | શ્રી પન્નાલાલ છેડા |
| ૫૦૦૦ | શ્રી જયકુમાર ભવાનજી ગાલા |
| ૪૫૦૦ | શ્રી દમયંતીબહેન એન. શાહ |
| ૩૦૪૯૮ | કુલ સરવાળો |
| | **પર્યુષણ વ્યાખ્યાનમાળા પૂરક ખર્ચ રકમ–૨૦૦૯** |
| ૧૦૦૦૦૦ | સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ |
| ૧૦૦૦૦૦ | |
| | **શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ કોરપસ ફંડ (પર્યુષણ વ્યાખ્યાનમાળા)** |
| ૨૫૦૦૦૦ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ |
| ૨૫૦૦૦૦ | |
| | **પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ** |
| ૯૦૦૦ | શ્રી પ્રમોદચંદ સોમચંદ શાહ પરિવાર |
| ૫૦૦૦ | શ્રી ભણશાલી ટ્રસ્ટ હસ્તે જીતુભાઈ ભણશાલી |

| રૂપિયા | નામ |
|---|---|
| ૩૦૦૦ | શ્રી વર્ષાબહેન રજજુભાઈ શાહ |
| ૧૦૦૦ | શ્રી કલાવતી શાંતિલાલ મહેતા |
| ૧૦૦૦ | શ્રી અશ્વિન કે. શાહ |
| ૧૦૦૦ | શ્રી અરૂણ શાંતિલાલ જોષી |
| ૨૦૦૦૦ | |
| | **પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા** |
| ૨૦૦૦૦ | શ્રી બંસરીબહેન એમ. પારેખ |
| ૨૦૦૦૦ | શ્રી સુશીલાબહેન ઝવેરી |
| ૪૦૦૦૦ | |
| | **શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ** |
| ૧૫૦૦૦ | શ્રેયસ પ્રચારક સભા હસ્તે પૂજ્ય સરયુબહેન મહેતાના ભક્તજનો |
| ૫૦૦૦ | શ્રી રમાબહેન વિનોદભાઈ મહેતા |
| ૫૦૦૦ | ભાનુ ચેરિટી ટ્રસ્ટ હસ્તે-પ્રવિણભાઈ અને ઉષાબહેન |
| ૨૫૦૦૦ | |
| | **શ્રી દિપચંદ સી. શાહ પુસ્તક પ્રકાશન ફંડ** |
| ૧૫૦૦૦ | શ્રી શ્રેયસ પ્રચારક સભા હસ્તે-પૂ. સરયુબહેન મહેતાના ભક્તજનો |
| ૧૫૦૦૦ | |
| | **શ્રી કિશોર ટિંબડિયા કેળવણી ફંડ** |
| ૫૦૦૦ | શ્રી ભાનુ ચેરિટી ટ્રસ્ટ હસ્તે-પ્રવિણભાઈ અને ઉષાબહેન શાહ |
| ૫૦૦૦ | |

| રૂપિયા | નામ |
|---|---|
| | **પ્રેમળ જ્યોતિ** |
| ૧૫૦૦૦ | શ્રી શ્રેયસ પ્રચારક સભા હસ્તે પૂજ્ય સરયુબહેન મહેતાના ભક્તજનો |
| ૨૧૦૧ | શ્રી કુસમબહેન નરેન્દ્રભાઈ ભાઉ |
| ૧૦૦૦ | મે. હેમંત ટુલ્સ પ્રા.લી. |
| ૧૮૧૦૧ | |
| | **સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરી ચક્ષુ રાહત યોજના** |
| ૨૫૦૦ | શ્રી સમીક કેશવલાલ શાહ |
| ૨૫૦૦ | |
| | **પર્યુષણ વ્યાખ્યાનમાળા સી. ડી. સૌજન્ય** |
| ૩૦૦૦ | શ્રી નીરૂબહેન સુબોધભાઈ શાહ |
| ૩૦૦૦ | શ્રી રમાબહેન જયસુખલાલ વોરા |
| ૩૦૦૦ | શ્રી નિર્મળા ચંદ્રકાંત શાહ |
| ૩૦૦૦ | શ્રી શૈલાબહેન હરેશભાઈ મહેતા |
| ૩૦૦૦ | શ્રી નીતિનભાઈ સોનાવાલા |
| ૩૦૦૦ | મે. ફ્રેન્ડલી પ્રિન્ટર્સ-હસ્તે-ભરતભાઈ મામણિયા |
| ૩૦૦૦ | શ્રી સુરેખાબહેન હરેશભાઈ શાહ |
| ૩૦૦૦ | શ્રી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ |
| ૩૦૦૦ | શ્રી ભગવાનદાસ ચુનીલાલ શાહ હસ્તે રશ્મિકાંત બી. શાહ |
| ૨૭૦૦૦ | |

## પંથે પંથે પાથેય

(અનુસંધાન છેલ્લા પાનાથી ચાલુ)

નિષ્ણાત ડૉક્ટરોને બતાવ્યું. ઘણાં ઉપચાર કર્યા. આખરે એ વખતના નિષ્ણાત જાણીતા ડૉક્ટર ડગને બાને કહી દીધું, 'ઉપરથી ભગવાન આવશે તો પણ તારી દીકરીની આંખો પાછી નહીં આવે. તું પ્રયાસ કરવા છોડી દે.' સુંદર ભૂરી, ભૂરી આંખવાળી જ્યોતિ નેત્રહિન થઈ ગઈ. બા, કાકા અને બધા ભાઈબહેનો દિશાહીન થઈ ગયા. વર્ષો પહેલાની વાત તેથી નેત્રહીનો શું કરી શકે તેનો ખ્યાલ જ નહિ. બા, કાકાના જીવનમાં તો સમુળગું પરિવર્તન આવી ગયું. નાટક, સિનેમા જેવા બધાં જ કાર્યક્રમોમાં જવાનું બંધ કર્યું, 'અમારી નેત્રહીન દીકરી ઘેરે હોય અને અમારાથી એ જોવા કેવી રીતે જવાય ? તને આનંદમાં રાખવાનો અમારો સતત પ્રયાસ. પ્રજ્ઞાચક્ષુ ડૉ. રાજેન્દ્ર વ્યાસને મળ્યા. બ્રેઈલ લિપિ અને સંગીતનો તારો અભ્યાસ શરૂ થયો. દેખતી હતી તે વખતના જેવા જ ઉત્સાહથી તારું નવું જીવન શરૂ થયું. બ્રેઈલ પુસ્તકો રોજ વાંચતી થઈ. શાસ્ત્રીય અને સુગમ સંગીત શીખી.

અને એક દિવસ મૉડર્ન સ્કૂલના આપણા પ્રિન્સિપાલ રમણભાઈ વકીલે અમને બોલાવી, તને સામાન્ય દેખતા બાળકો સાથે ભણાવવાનું સૂચન કર્યું. અને તું મૉડર્ન સ્કૂલની આઠમા ધોરણની વિદ્યાર્થિની થઈ. પ્રથમ બેન્ચ પર બેસી, તું જાણે શિક્ષકોના શબ્દો પી જતી. ઘણીવાર સવાલોના જવાબ માટે વર્ગમાં ફક્ત તારી જ આંગળી ઊંચી થાય; કારણ કે રેડિયો તારો સદાયનો સાથીદાર બન્યો હતો. તું શ્રી પ્રવિણચંદ્ર રૂપારેલના હિંદી કાર્યક્રમો દ્વારા હિંદી શીખી. સંગીતના કાર્યક્રમો માણ્યા. કાર્યક્રમોમાં કોઈ ભૂલ હોય તો તું અમારી પાસે 'ઓલ ઈંડિયા રેડિયો' પર પોસ્ટકાર્ડ લખાવતી. તારી દિનચર્યા વિવિધ પ્રવૃત્તિઓથી ભરચક હતી. શી હતી તારી હિંમત–તારી જીવન જીવવાની ખુમારી! મૉડર્ન સ્કૂલમાંથી ઉચ્ચ ગુણ સાથે S.S.C. થઈ. S.N.D.T. કૉલેજમાંથી સંગીત સાથે B.A. થઈ. સમાજશાસ્ત્ર સાથે M.A. થઈ.

અંધજનો માટેનો શિક્ષકોનો અભ્યાસક્રમ કરી શિક્ષક થઈ. આ સાથે બ્રેઈલમાં પુસ્તકો લખતી. નાટકો અને ગીતો લખતી. મૉડર્ન સ્કૂલના અને સિક્કા-નગરના બાળકોને 'ઑલ ઈન્ડિયા રેડિયો'ના 'બહુરૂપી' કાર્યક્રમના કાંઈ કેટલાંયે નાટકો કરાવ્યા. અમારી સાથે કેટલાક બધા સિનેમા અને નાટકોમાં આવતી. ઘરમાં તો ભીંત અને ફર્નિચરથી પરિચિત એટલે સ્વતંત્ર રીતે ફરતી. બહાર જતાં તો અમારો હાથ પકડેલો જ હોય. અંધ બાળકોની વિક્ટોરિયા મેમોરિયલ સ્કૂલ અને માતા લક્ષ્મી નર્સરી ફોર ધ બ્લાઈન્ડમાં ૧૮ થી ૨૦ વર્ષ શિક્ષક તરીકે સેવા આપી. ગ્રાંટ રોડ સેન્ટ્રલ સ્કૂલ અને સંસ્કાર બાલ મંદિરમાં દેખતા બાળકોને સંગીત શીખવાડ્યું. તારું જીવન સતત પ્રવૃત્તિમય રહ્યું. અરે તેં અમને પણ પ્રવૃત્તિમાં જડેલા જ રાખ્યા. તું અને બા અડધી રાત સુધી જાગતા. બા તને નવલકથાઓ વાંચી સંભળાવતી. કનૈયાલાલ મુનશીની લગભગ બધી નવલકથાઓ અને બીજા અનેક પુસ્તકો બા તને વાંચી સંભળાવતી. વાંચવા માટે તો તું અમારો પણ દમ કાઢતી. પૂ. કાકા તારે માટે અભ્યાસની નોટ્સ ઑફિસે લઈ જઈ લખતા. તું બધાની કેટલી લાડકી હતી! તને પાલિતાણાની અને બીજી જાત્રાઓ કરાવી હતી. અરે, તું વિક્ટોરિયા મેમોરિયલ સ્કૂલમાંથી આખું ઉત્તર ભારત ફરી આવી હતી. જોયા વગર પણ તેં સ્થળોનું કેટલું સુંદર વર્ણન કર્યું હતું. અમારી પાસે પ્રવાસ-વર્ણનના પુસ્તકો તું હમેશાં વંચાવતી અને કહેતી કે, 'આ મારી ભાવયાત્રા થઈ.'

જબરદસ્ત મનોબળ ધરાવતી તને તારા શરીરે પૂરતો સાથ જ ન આપ્યો. ખાવાપીવામાં તું કેટલો બધો સંયમ રાખતી, વળી તું તો પાછી ચૂસ્ત જૈન એટલે જૈન ધર્મના નિયમો પણ પાળે. પણ તારા કોઈ પણ જાતના વાંક કે ભૂલ વગર શરીર ક્ષીણ થતું ગયું. સ્વતંત્ર રીતે ચાલતી જ્યોતિને લાકડીનો સહારો લેવો પડ્યો. છતાં તું હિંમત ન હારી. આટલા ઘા જાણે ઓછા હતા તેમ ૧૯૮૦માં પૂ. બા એ અને ૧૯૮૯માં પૂ. કાકાએ વિદાય લીધી. તેં ગજબની હિંમત દાખવી. તારા મિત્રોનો દરબાર તો તારી આસપાસ વિંટળાયેલો જ હોય. તમે ગાતાં, વાતો કરતાં અને ખિલખિલાટ હસતાં હસતાં પાનાં રમતાં. બહારની દુનિયા જોઈ જ ન હતી. જગતના કૂડકપટ, લુચ્ચાઈ બધાથી તું દૂર હતી. વર્તમાનપત્રોમાં આવતાં આવાં સમાચારો તું કદી અમારી પાસે વંચાવતી નહિ. તારું દિલ સંપૂર્ણ નિષ્કપટ હતું. કદી ખોટું બોલતી નહિ. પરંતુ હજી તારે દુઃખનો સામનો કરવાનો બાકી હતો. આટલું ઓછું હોય તેમ ૧૯૯૭માં આપણા પ્રિય હંસાભાભીએ ચિરવિદાય લીધી. તું હંમેશાં કહેતી, 'હંસાભાભી તો મારી માની જગ્યાએ છે.' એ દુઃખ તારે માટે અસહ્ય હતું.

લાકડીનો ટેકો પણ ઓછો પડ્યો. પગ ડગમગવા માંડ્યા અને તારે વૉકરનો સહારો લેવો પડ્યો. પણ તારી પ્રવૃત્તિઓ તેં છોડી નહિ. પણ પ્રભુએ હજી તારી કસોટી લેવાની બાકી હતી. તને Pilesની તકલીફ થઈ. ઑપરેશન થયું. ઘણું રક્ત વહી ગયું અને તું તદ્દન પથારીવશ થઈ. ૬'x૩' ફૂટનો પલંગ તારી દુનિયા! સંપૂર્ણ પરવશ થઈ ગઈ. નર્સિંગ બ્યૂરોની બાઈઓને સહારે દૈનિક ચર્યા શરૂ થઈ. પરંતુ તારો વાંચનનો અને સંગીતનો શોખ ઓછો થયો ન હતો. રોજનું જન્મભૂમિ અને રવિવારનું પ્રવાસી તારા પ્રિય વર્તમાનપત્રો. 'સુવાસ'થી માંડીને લગભગ બધી જ કોલમો વંચાવતી. ગુજરાત સમાચારના 'અગમ નિગમ' અને 'શતદલ' તો તું ભૂલતી જ નહિ. કુમારપાળ દેસાઈ તારા પ્રિય લેખક. આજે કેટકેટલું યાદ આવે છે! જેટલી વાર Bed Pan લેતી કેટલી વખત તારી દિવસની અને રાતની બાઈઓને તું 'મિચ્છામિ દુક્કડમ્' કહેતી. બાઈઓને સંકોચ થતો પણ તું સતત એમની માફી માગતી. મજબૂત મનની હિંમતવાન જ્યોતિ હવે હતાશા તરફ ધકેલાતી જતી હતી. કોઈ વાર ખૂબ રડતી અને અમને રડાવતી. ભૂખ, ઊંઘ અને તરસ તારા વેરણ બની ગયા હતા. સવાર સાંજ ફક્ત એક રોટલી અને શાક ઉપર તું ટકી રહી હતી. બોલવાનું ખૂબ ઓછું કરી કાઢ્યું. ફક્ત સંગીતમાં થોડો રસ રહ્યો હતો. છેલ્લું અઠવાડિયું તો એમાં પણ રસ ન રહ્યો. તારો શો વાંક? પાંચ પાંચ વર્ષ એક જ ઓરડામાં, એક નાનકડા પલંગમાં ચોવીસ કલાકના અંધકારમાં દિવસો તેં કેમ વિતાવ્યા હશે. જ્યારે તું કોઈ વાર પૂછતી કે, 'દિવસ છે કે રાત?' ત્યારે તો જ્યોતિ, અમારું કાળજું ચિરાઈ જતું. લગભગ આખી જિંદગી તેં અંધકારમાંથી પણ જ્ઞાનનો, નીતિનો પ્રકાશ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. હવે તું નિરાશ થઈ ગઈ હતી. જિજિવિષા ખૂટી ગઈ હતી. હવે તું મૃત્યુને ઝંખતી હતી. અને પ્રભુએ તારી અરજ સાંભળી. ૨૭ માર્ચ ૨૦૦૯ના ગુડી પડવાને દિવસે સવારે પાંચ વાગે તેં મને તારીખ અને તિથિ પૂછ્યા હતા. તું સંપૂર્ણ સભાન, સચેત હતી. દિનચર્યા પતાવી. આખા જીવન દરમ્યાન કારેલાના શાકને ન અડનાર, તેં કારેલાનું શાક ખાવા જીદ કરી. બપોરે બાર વાગે કારેલાનું શાક, દાળ, ભાત જમી. દિવસની બાઈ રેશમા સાથે થોડી વાતો કરી અને મને ઊંઘ આવે છે, મારે સૂઈ જવું છે કહીને સૂઈ ગઈ. બપોરે અઢી વાગે રોજની ટેવ પ્રમાણે તારા માથા પર હાથ મૂક્યો, 'કોણ છે?' એવો પ્રશ્ન ન પુછાયો. શંકા પડી ને ડૉક્ટરને બોલાવ્યા. જ્યોતિ, અમને 'આવજો' કહ્યા વગર, 'મિચ્છામિ દુક્કડમ્' કહ્યા વગર તેં ચિર પ્રસ્થાન કર્યું. બોલ, બોલ કરતી જ્યોતિ બોલતી બંધ થઈ ગઈ. જાણે એમ જ લાગે કે કેટલાય વર્ષોના ઉજાગરા પછી ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. અને તું ચિરનિંદ્રામાં પહોંચી ગઈ. આજે ખાલી પડેલો તારો રૂમ, ખાલી પડેલો તારો પલંગ જોઈ આંખોમાંથી અશ્રુની ધારા વહી જાય છે. તને તો સર્વ દુઃખમાંથી મુક્તિ મળી પણ તારી યાદ, તારા શબ્દો સતત સંભળાયા કરે છે, ભણકારા વાગ્યા કરે છે.

પ્રભુને મારી સાચા હૃદયથી એક જ નમ્ર પ્રાર્થના છે. હે પ્રભુ, અમારી જ્યોતિએ જીવનભર ખૂબ ખૂબ સંઘર્ષ કર્યા છે. જો પુનર્જન્મ હોય તો એને એવું જીવન બક્ષજે કે એને બિલકુલ સંઘર્ષ વેઠવો ન પડે અને એના જીવનમાં સુખ, શાંતિ અને આનંદ સદા વહેતા રહે. ✱✱✱

બંસરી પારેખ
૬/બી, ઈશ્વર નિવાસ,
સિક્કાનગર,
વી. પી. રોડ
મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન નં. ૨૩૮૫૨૧૩૭

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(સપ્ટેમ્બર ૨૦૦૯ના અંકથી આગળ)

૫૭૮. પ્રત્યેક (શરીરનામકર્મ) : જેના ઉદયથી જીવન ભિન્ન ભિન્ન શરીરની પ્રાપ્તિ થાય, તે પ્રત્યેક શરીરનામકર્મ.

जिसके उदय से जीव को विभिन्न शरीर की प्राप्ति होती है वह प्रत्येक शरीरनामकर्म है ।

The karma whose menifestation causes the different jivas to possess different bodies that is called Pratyeka-nama karma.

૫૭૯. પ્રત્યેકબુદ્ધબોધિત : જેઓ બીજા જ્ઞાની દ્વારા ઉપદેશ પામી સિદ્ધ થાય તે.

जो दूसरे ज्ञानी से उपदेश ग्रहण कर सिद्ध होते है ।

Those who are receiving instruction from a spiritual expert attain emancipation are designated Pratyekabuddhabodhita.

૫૮૦. પ્રત્યેકબોધિત : જેઓ કોઈ એકાદ બાહ્ય નિમિત્તથી વૈરાગ્ય અને જ્ઞાન પામી સિદ્ધ થાય તે.

जो किसी एकाध बाह्य निमित्त से वैराग्य और ज्ञान प्राप्त करके सिद्ध होते है ।

The one who impelled by some external factor acquires renunciation and knowledge and then attains emancipation.

૫૮૧. પ્રદેશ : એક એવો સૂક્ષ્મ અંશ કે જેના બીજા અંશોની કલ્પના સર્વજ્ઞની બુદ્ધિથી પણ થઈ શકતી નથી.

एक ऐसा सूक्ष्म अंश जिसके दूसरे अंश की कल्पना भी नहीं की जा सकती ।

A subtle consitituent-part in whose case it is not possible even to posit through intellect a further constituent-part.

૫૮૨. પ્રભંજન : ભવનપતિનિકાયના વાયુકુમાર-પ્રકારના દેવોમાંના એક ઈન્દ્રનું નામ છે.

भवनपतिनिकाय के वायुकुमार प्रकार के देवोमें से एक इन्द्र का नाम.

One of the Indra Vayukumaras a type of Bhavanapati-nikaya god.

૫૮૩ પ્રમત્તયોગ રાગદ્વેષવાળી તેમજ અસાવધાન પ્રવૃત્તિ

रागद्वेषयुक्त अथवा असावधान प्रवृत्ति ।

An act that involves attachment-cum-aversion and is careless.

૫૮૪ પ્રમાણ : જેમાં ઉદ્દેશ્ય-વિધેયના વિભાગ સિવાય જ એટલે કે અવિભક્ત વસ્તુનું સંપૂર્ણ અથવા અસંપૂર્ણ યથાર્થ ભાન થાય છે, તે જ્ઞાન પ્રમાણ છે.

जिस में उद्देश्य-विधेय के विभाग के बिना ही अर्थात् अविभक्त वस्तु का सम्पूर्ण या असम्पूर्ण यथार्थ भान हो वह ज्ञान 'प्रमाण' है ।

The cognition in which a thing is validity apprehended-completely or in part-without a bifurcation into a subject and a predicate is Pramana.

૫૮૪ પ્રમાણાભાસ : જે જ્ઞાનનો વિષય અયથાર્થ હોય તે અસમ્યગ્જ્ઞાન-પ્રમાણાભાસ કહેવાય.

जिस ज्ञान का विषय अयथार्थ हो वह असम्यग्ज्ञान-प्रमाणाभास कहलाता है ।

That cognition whose object is false to the concerned factual situation is called not-samyak-jnana or Pramanabhasa.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11



# તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો

❑ બંસરી પારેખ

પ્રિય બહેન જ્યોતિ,

૨૭ માર્ચ 'ગુડી પડવા'ના દિને તેં અમારી વચ્ચેથી ચિર વિદાય લીધી. આપણો ૬૯ વર્ષનો સાથ તેં છોડ્યો. આખા જીવન દરમ્યાન સતત અમારો હાથ પકડીને ચાલતી જ્યોતિ અમારો હાથ પકડ્યા વગર જ લાંબી મુસાફરી પર નીકળી પડી. આજે આપણે સાથે ગુજારેલા વર્ષો, મહિના અને દિવસો સ્મરણપટ પર ઉપસી આવે છે. તારું અને અમારું જીવન તાણાવાણાની જેમ વણાઈ ગયું હતું. સાત ભાઈબહેનોમાં તું સૌથી નાની. જ્યોતિ, ૬૯ વર્ષ પહેલાની વાત– તારો જન્મ થવાનો હતો પણ આપણી બા તેનાથી અજાણ જ હતી. એટલે જ તને કદાચ પૂરતું પોષણ ન મળ્યું હોય! તારું આ પૃથ્વી ઉપર આવવું અને **તારું આખું જીવન જાણે કે અકસ્માતોની પરંપરા!** ૧૦ મી જૂને તારો જન્મ થયો. નાનકડો સુંદર દેહ–આકાશી ભૂરા રંગની તારી આંખો–પૂ. બા, કાકાએ નામ પાડ્યું 'જ્યોતિ'. પણ જન્મના બીજા જ દિવસથી જાણે અકસ્માતની શરૂઆત થઈ ગઈ. તું ઝેરી તાપમાં સપડાઈ. એની અસર તારા ઉપર થઈ. તારા પગ નાના-મોટા થઈ ગયા. કદાચ તું જીવનભર ચાલી નહિ શકે એવો સંદેહ ઊભો થયો. પરંતુ પૂ. બા–કાકા આ વાત સ્વીકારવા તૈયાર જ ન હતા. એ બંનેએ તો ત્યારથી જ જાણે ભેખ ધારણ કરી લીધો. તું એમના જીવનનું મુખ્ય કેન્દ્ર બની ગઈ. તને ચાલતી કરવા જે જે સૂચનો મળ્યાં તેનો અથાગ શ્રમથી અમલ કર્યો. જૂહુ કોઠારી સેનેટોરિયમમાં જગા લઈ, ત્યાં રોજ રેતીમાં તને ઊભી રાખતા. રોજ મસાજ કરતા. અને તને લંગડાતી, લંગડાતી પણ ચાલતી કરી. જીવનભર તને પગની આ ખોડ રહી. છ વર્ષની ઉંમરે તને મૉડર્ન સ્કૂલના બાલમંદિરમાં દાખલ કરી. ખૂબ આનંદથી, મસ્તીથી તું શાળામાં જતી. સંગીત અને નૃત્ય તને ખૂબ પ્રિય. (તારી વિદાય પછી તારા ખજાનામાંથી પ્રાથમિક ધોરણ ૧લાની તારી, તારા સુંદર અક્ષરોવાળી સંગીતની નોટ મળી) પગની ખોડને લીધે તને નૃત્ય, રાસ, ગરબામાં શિક્ષકો ભાગ લેવા દેતા નહિ. તું ઘેરે આવીને ખૂબ રડતી. મને બરાબર યાદ છે કે આપણી બા પુષ્પાબેન વકીલ પાસે આવી હતી અને વિનંતી કરી હતી કે મારી જ્યોતિ રાસ ગરબા સરસ રમે છે એને ભાગ લેવાનો મોકો આપો. અને પછી તો દરેક સભામાં તું નાચતી, ગાતી થઈ ગઈ. તારા મુખ ઉપરનો એ આનંદ આજે પણ મને યાદ છે. તારા અભ્યાસમાં પણ તું ચોક્કસ અને નિયમિત. તું ત્રીજા ધોરણમાં આવી અને એક વધુ અકસ્માત! કાળી ચૌદશની ગોઝારી સવાર, તું વહેલી ઊઠી ગઈ હતી. (બધા તહેવારો વખતે તારો ઉત્સાહ કેવો હતો!) અને ચાલતા ચાલતા તું પડી ગઈ.

## પ્રબળ પુરુષાર્થીને શબ્દાંજલિ

મારી નાની બહેન પ્રજ્ઞાચક્ષુ જ્યોતિનું ૨૭મી માર્ચ, ૨૦૦૯–ગુડી પડવાને દિવસે અવસાન થયું.

'પ્રબુદ્ધ જૈન' નિયમિત અમે વાંચતા, ત્યારબાદ નવસંસ્કરણ પામેલું 'પ્રબુદ્ધ જીવન' નિયમિત વાંચીએ છીએ. જ્યોતિ તો 'પ્રબુદ્ધ જીવન'ની આતુરતાથી રાહ જોતી. 'પ્રબુદ્ધ જીવન' આવે કે તરત પહેલાં બધાં લેખોના મથાળાં અમારી પાસે વંચાવતી, પછી ધીમે ધીમે બધાં જ લેખો ધીરજથી વંચાવતી. કોઈ લેખનો ગૂઢાર્થ ન સમજાય તો ફરી ફરી વંચાવતી. 'પ્રબુદ્ધ જીવન'નો બીજો અંક આવે ત્યાં સુધી પહેલો અંક વંચાવવાનો ચાલુ રહેતો. 'પ્રબુદ્ધ જીવન'ના અંકોને એ એટલાં પવિત્ર ગણતી કે એને પસ્તીમાં તો મૂકાય જ નહિ. કેટલાંક મિત્રોને વાંચવા મોકલાવી અને સૂચના આપતી કે વાંચી લીધા પછી દેરાસરની લાયબ્રેરીમાં મોકલશો. આ લેખથી અમે જ્યોતિને 'સાહિત્યાંજલિ' અર્પણ કરીએ છીએ.

❑ બંસરી પારેખ

# પંથે પંથે પાથેય...

સીવવાના સંચાનો લાકડાનો ખૂણો બરાબર તારી આંખે વાગ્યો. અને તેં એક આંખ ગુમાવી. આંખ બચાવવાના સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા. તારી મોટી, સુંદર એક ભૂરી આંખની જગાએ કાચની આંખ બેસાડવામાં આવી. પણ તારી ખુમારી, તારી હિંમતની શી વાત કરું? તેં અભ્યાસ અને બધી પ્રવૃત્તિ ચાલુ રાખી. શાળામાં પુષ્પાબેન અને શિક્ષકોના પ્રેમ અને સહકારથી તું બધી પ્રવૃત્તિઓમાં ભાગ લેતી. મને બરાબર યાદ છે તું નાના નાના તારા મિત્રો સાથે સિક્કાનગરમાં રમતી હોય, દોડાદોડ કરતી હોય અને અમે ઉપર ઘરની બારીમાંથી તને જોતા હોઈએ ત્યારે તું એક આંખના સહારે, અમારી તરફ જોતી. તે વખતના તારા મુખ પરના ભાવો યાદગાર રહ્યા છે. જાણે તું ખુમારથી કહેતી કે જુઓ, એક આંખે અને લંગડાતા પગે પણ હું કેવી સરસ રીતે રમી રહી છું! ખંતથી ભણતી હોવાથી, સરસ રીતે પરીક્ષાઓ પસાર કરતી હતી. જાણે તને કોઈ ખોડ નડતી જ ન હતી.

અને આજે એ બીજો ગોઝારો દિવસ યાદ આવે છે. પૂ. બા, કાકા સમેતશીખરની યાત્રાએ ગયા હતા. બાના બા મણીમા આપણી સાથે હતા. અને એ જ દિવાળીના દિવસો આવ્યા. બનતાં સુધી એ પણ કાળી ચૌદશની રાત હતી. તું એકદમ બૂમ મારી ઊઠી હતી. 'મા, મા, મારી બીજી આંખ ફૂટી ગઈ!' મણીમાને થયું કે તને બૂરું સ્વપ્ન આવ્યું હશે. થાબડીને સુવાડી દીધી. પણ સવાર થતાં ખબર પડી કે તેં બીજી આંખ પણ ગુમાવી હતી. આંખોના રોગોના નિષ્ણાત આપણા ઉત્તમકાકાએ તે વખતે ખુલાસો કર્યો કે પહેલી આંખના અકસ્માત વખતે બીજી આંખને પણ અંદરથી સખત ધક્કો વાગ્યો હતો એટલે બીજી આંખનું નૂર પણ ગમે ત્યારે જશે એની એમને ખબર હતી. આપણા કુટુંબ ઉપર તો આભ તૂટી પડ્યું. મુંબઈના બધા જ આંખોના

(વધુ માટે જુઓ પાનું ૨૯)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

# પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૬૯   અંક : ૧૧   મુંબઈ, નવેમ્બર ૨૦૦૯   પાના : ૨૮   કીમત રૂપિયા દસ

## જિન-વચન

### મોક્ષ પ્રપ્તિનો માર્ગ

तस्सेण मग्गो गुरु-विद्धसेवा विवज्जणा बालजणस्स दूरा ।
सज्झाय एगंत निसेवणा य सुत्तत्थसचिंतणया धिती य ।।

–उत्तराध्ययन– ३ २-३

ગુરુ અને વૃદ્ધોની સેવા કરવી, અજ્ઞાની જીવોના સંગથી દૂર રહેવું, સ્વાધ્યાય કરવો, સૂત્રાર્થનું સારી રીતે ચિંતન કરવું, એકાંતમાં રહેવું અને ધૈર્ય ધારણ કરવું એ મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે.

गुरु और वृद्धों की सेवा करना, अज्ञानी लोगों का दूर से वर्जन करना, स्वाध्याय करना, एकान्त में रहना, सूत्रार्थ का चिंतन करना तथा धैर्य रखना यह मोक्ष-प्राप्ति का मार्ग है ।

To serve the teacher and old people, to keep away from the company of ignorant people, to study the scriptures, to meditate on the meaning of Sutras, to remain alone and to be patient - all these constitute the path of Moksha.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

## આચમન

# પુસ્તકો અને પુસ્તકાલય બચાવો

અહીં મને એક બનાવ ડૉ. આંબેડકરના પુસ્તકપ્રેમ અને મહત્વનાં પુસ્તકો પ્રાપ્ત કરવાની એમની તાલાવેલીનો યાદ આવે છે. પ્રસંગવશ, એમાં મારી નાનકડી ભૂમિકા પર મને થોડુંક ગૌરવ પણ છે.

મને વર્ષ તો યાદ નથી. પરંતુ એ ૧૯૫૦ના દાયકાની શરૂઆતનું કોઈક વર્ષ હશે. મહારાષ્ટ્રના એક જાણીતા શિક્ષણશાસ્ત્રી ડૉ. એ. તેલંગનું અવસાન થઈ ગયું હતું અને તેઓ પોતાની પાછળ મુંબઈના માટુંગા સ્થિત પોતાના મકાનમાં એક સારું ગ્રંથાલય મૂકતા ગયા હતા. એમના સંબંધીઓ એ પુસ્તકાલય સાચવી રાખવા ઈચ્છુક જણાતા ન હતા. તેલંગના એક પાડોશી અને તેમની સાથે ગાઢ આત્મીયતા ધરાવનારા આર. કે પ્રભુ મારા મિત્ર હતા અને એમણે તેલંગના મુંબઈવાળા આ પુસ્તકાલયના હજારો પુસ્તકોની યાદી તૈયાર કરવાનું સાહસ કર્યું. તેઓ એ યાદી લઈને મારી પાસે આવ્યા. એમનું માનવું હતું કે આ પુસ્તકાલયને ટુકડે ટુકડે અને પસ્તીના ભાવથી વેચાતું બચાવવાનો માત્ર એક જ રસ્તો હતો કે કોઈપણ રીતે ડૉ. આંબેડકરને આ પુસ્તકાલયમાં રસ લેતા કરવા અને પ્રભુએ એ કામ મને સોંપ્યું.

પછી જ્યારે ડૉક્ટરસાહેબ મુંબઈમાં અને એમના પ્રકાશક ઠાકર કંપનીમાં આવ્યા તો મેં એ યાદી એમને આપી. એમણે પૂછ્યું કે 'આ શું છે?' તો મેં જણાવ્યું કે, 'એમાં તેલંગના મુંબઈવાળા પુસ્તકાલયના પુસ્તકોની સૂચિ છે.' 'ઓહ! બુઢ્ઢો તેલંગ ને?' તેમણે પૂછ્યું, 'ત્યારે તો મને ખબર છે કે આ પુસ્તકો સારાં છે. એ માણસને પુસ્તકોની સારી એવી ખબર હતી.' મેં એમને કહ્યું કે, 'આ પુસ્તકો વેચાઈ રહ્યાં છે.' એમણે મને પૂછ્યું કે, 'તેલંગના ઘરવાળા કેટલી કિંમત માગી રહ્યા છે? મેં જણાવ્યું કે, 'એક પુસ્તકના છ રૂપિયા.' જાણે કે તોફાન ઊમટી પડ્યું. ડૉક્ટરસાહેબ ગુસ્સાથી બોલ્યા, 'શું એ લોકો મને માને છે શું? લખપતિ?' તેઓ જાણે ચીસ પાડી રહ્યા હતા. 'ક્યાંથી આવશે એટલા પૈસા? તમને ખબર છે કે પીપલ્સ એજ્યુકેશન સોસાયટી પાસે સીમિત ભંડોળ છે. હવે, રાવ, હું તમને બતાવું. તેલંગના ઘરવાળાઓને જણાવી દો કે હું બસ એક પ્રસ્તાવ મૂકીશ, વધારે નહીં. હું પુસ્તકો તપાસીશ નહીં કે એકેએક પુસ્તક જોઈશ નહીં. ભલે જાડું પુસ્તક હોય કે પાતળું ચોપાનિયું, હું બધાની એક જ કિંમત આપીશ, દરેક પુસ્તકના બે રૂપિયા. આપો અથવા ન આપો અને એ બાબતે કોઈ વિવાદ નહીં હોય. સમજ્યા?' હું સમજી ગયો હતો. આખરે તેલંગના ઘરવાળાઓએ આ પ્રસ્તાવ સ્વીકારી લીધો અને પુસ્તકોને ટ્રેક્ટરમાં ખડકીને સિદ્ધાર્થ કૉલેજ પહોંચાડવાની જવાબદારી મને સોંપવામાં આવી. મારો વિશ્વાસ છે કે અહીં તેલંગના એ પુસ્તકોનો સંગ્રહ ત્યારથી વિદ્યાર્થીઓની આગામી પેઢીઓને લાભ આપી રહ્યો છે. જો ડૉક્ટરસાહેબે ત્વરિત અને તત્પર જવાબ ન આપ્યો હોત તો તેલંગનો આ સંગ્રહ કદાચ વેરવિખેર થઈ જાત.

❑ યુ. આર. રાવ

સૌજન્ય : 'દલિત અધિકાર'

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | થોડું પ્રકીર્ણ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | કર્મનું વિષચક્ર | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૬ |
| (૩) | 'વસુદેવ-હિંડી'ની શૈલી | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૦ |
| (૪) | પત્ર ચર્ચા | જાદવજી કાનજી વોરા | ૧૨ |
| | | કાકુલાલ છ. મહેતા | ૧૩ |
| | | શાંતિલાલ સી. શાહ | ૧૩ |
| (૫) | પૂર્વગ્રહ : વૈમનસ્યનું વિષબીજ | શાંતિલાલ ગઢિયા | ૧૪ |
| (૬) | સાચા અર્થમાં શાસનસમ્રાટ | ડૉ. ગંભીરસિંહ ગોહિલ | ૧૭ |
| (૭) | શ્રી મું. જૈ. યુ. સંઘ દ્વારા ૭૫મી પર્યુષણ વ્યાખ્યનમાળા સંપન્ન | શ્રી કેતન જાની | ૧૯ |
| (૭) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૧૩ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૦ |
| (૬) | જયભિખ્ખુ જીવનધારા-૧૨ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૩ |
| (૮) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૯) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૦) | પંથે પંથે પાથેય...યે કહાની હૈ દીયે કી ઔર તુફાન કી | જિતેન્દ્ર શાહ | ૨૮ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/-(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/-(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/-(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/-(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/-(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com

❑ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૧૧ ● નવેમ્બર, ૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૭ ● કારતક વદિ–તિથિ-૩૦ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## થોડું પ્રકીર્ણ : ધર્મ-રાજકારણ-નાટક

(૧)

મહારાષ્ટ્ર રાજ્યનો ચૂંટણી જંગ થોડો જામ્યો અને પૂરો પણ થયો, પણ આ જંગમાં રાજકારણીઓએ પોતાનો ગંજીફો ચીપતા ચીપતા આપણા ભોળા સાધુ ભગવંતોને પણ એક 'પત્તુ' ગણી એમાં ઉતાર્યા! સંસારની પળોજણો અને માયાથી મુક્તિ મેળવવા તરફ ગતિ કરનાર સાધુ ભગવંતોને પણ આવા પ્રસંગે પાછાં આવી વ્યથા અને આક્ષેપ-પ્રતિ આક્ષેપ અને નિવેદનોના જંગ જંજાળના વમળમાં આ રાજકારણીઓએ ચોપાટના સોગઠાની જેમ ગોઠવી દીધા. સ્વાધ્યાય અને સ્વરૂપ દર્શનની આત્મ પ્રવૃત્તિની સમાધિમાં પ્રવૃત્ત આ મુનિ આત્માને ફરી આવા રાજકીય 'અધ્યાય' અને 'અન્ય દર્શન'ની ઉપાધિમાં ઝબોળ્યાં અને પરિણામે આ ચર્ચાઓ છાપાંના છાપરે ચઢી ગઈ.

**આ અંકના સૌજન્યદાતા :**
**શ્રી કાન્તિલાલ રમણલાલ પરીખ – દિલ્હીવાળા**
**સ્મૃતિ : સ્વ. શ્રીમતી કંચનબેન કાન્તિલાલ પરીખ**

જીતેલા-હારેલા રાજકારણીઓ સ્વલાભે પાછાં મિત્ર બની ગયાં અને એ મહાનુભાવોએ સુષ્ટુ-સુષ્ટુ નિવેદન કરી નાંખ્યું, તેમજ 'મિચ્છામિ દુક્કડમ્' જેવાં ભવ્ય ભાવ શબ્દનોય ઉપયોગ કરી નાંખ્યો, પરંતુ સાપ ગયા અને લીસોટા રહ્યાં એ વાસ્તવિકતાએ જૈન સમાજમાં આ ચર્ચાની લીટીઓ આગળ વધતી ગઈ.

આ છાપાં ચર્ચાઓ દરમિયાન મારા પ્રાધ્યાપક મિત્ર બકુલ રાવળે ફોન કરી મને પૂછ્યું: ''વૈરાગી અને નિસ્પૃહી એવા આપણા જૈન મુનિ ભગવંતો શા માટે આવી ચર્ચામાં સંડોવાતા હશે?'' બકુલભાઈ જન્મે, કર્મે અને ધર્મે તો વિપ્ર છે, એટલે વિપ્રકોધ એમને સહજ સાધ્ય હોય જ, પણ એમણે પોતાના કથનમાં 'આપણા' શબ્દ વાપર્યો એ મને ગમ્યું. બકુલભાઈના મિત્ર વર્તુળમાં જૈન મિત્રો ઘણાં, ઉપરાંત વિલેપારલેની આશાદીપ પર્યુષણ વ્યાખ્યાનમાળાના વર્ષોથી એઓ પ્રમુખ પણ.

થોડાં વરસો પહેલાં અમદાવાદમાં એક ક્રિકેટ ટીમ પરદેશ સ્પર્ધામાં જઈ રહી હતી ત્યારે ત્યાંના વિશાળ સ્ટેડિયમમાં એક જૈનમુનિ ભગવંતે ત્યાં ખાસ પધારીને એ ટીમને 'વિજયી' થવા માટે આશીર્વાદ આપ્યા હતા. પોતાને ગમતા પક્ષને વિજય થવા માટે આશીર્વાદ આપવા એટલે અન્યની હાર ઈચ્છવી. અહિંસાના ઉપાસક તો કોઈની પણ હાર ન ઈચ્છે. એમને વળી કોઈ એક પક્ષ માટે મમત શા માટે? મુનિ આત્માએ તો સર્વથા 'ધર્મ' અને 'સત્ય'નો જ 'વિજય' નહિ, માત્ર 'જય' ઈચ્છવો જોઈએ. કોઈ પણ પક્ષની હિંસા કે હાર થકી સ્વપક્ષનો જો વિજય થતો હોય તો એવી અનુમોદના પણ એક સૂક્ષ્મ હિંસા જ છે. સત્ય પ્રકાશમાન થાવ અને ધર્મનો જ જય થાવ આ ભાવના જ ઉન્નત અને ઉર્ધ્વગામી ભાવ છે.

આ જમાનો બ્રાન્ડ એમ્બેસેડરનો છે. દરેક ઉચ્ચ શ્રેષ્ઠી સમાજ, સમાજ સેવક અને રાજકારણીને કોઈ પણ એક સંત મહાત્મા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જોઈએ છે. આ એમનો સ્ટેટસ સિમ્બોલ છે, અને આ સંત મહાત્માઓ પણ આ વર્ગના આવા બ્રાન્ડ એમ્બેસેડર સહજ રીતે થઈ જતા હોય છે, કારણ કે એમને પણ આ શ્રેષ્ઠિઓ, સમાજ-સેવકો અને રાજકારણીઓ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જોઈતા હોય છે. જેથી એમના કાર્યોનો બહોળો પ્રચાર થાય અને એ સર્વ સર્વ સ્થળે ઉપયોગી થાય. આ અન્યો અન્ય ભાવ છે. પછી એમાંથી 'સેવા' અને 'ધર્મ'નું ક્યારે બાષ્પિભવન થઈ જાય છે એની ખબર પણ

પડતી નથી! બેઉ પક્ષને એક બીજાના હલેસાથી તરી જવું છે!

(૨)

જુલાઈ મહિનામાં 'પ્રબુદ્ધ જીવને' સાધુ સમાજ માટે, અમે એક ચર્ચાનો પ્રારંભ કર્યો હતો–વિહાર માર્ગ અકસ્માત અને આધુનિકતા–ચતુર્વિધ સંઘને આ ચર્ચા માટે અમે આમંત્રણ આપ્યું હતું. અમને શ્રાવક-શ્રાવિકા તરફથી અનેક પત્રો મળ્યા છે જે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થઈ રહ્યાં છે. પરંતુ આજ સુધી કોઈ પણ જૈન સાધુ-સાધ્વીશ્રીએ આ વિષયની કોઈ ચર્ચા કરી નથી, કે કોઈ પત્ર અમને આ વર્ગ તરફથી પ્રાપ્ત નથી થયો! 'પ્રબુદ્ધ જીવન'ના વાચક-લેખક વર્ગમાં જૈન સાધુ-સમાજનો વર્ગ બહોળો છે તો પણ.

(૩)

બાબરી મસ્જિદ અને રામજન્મ ભૂમિને નામે એક રાજકીય પક્ષ ભારતની ગાદી ઉપર બેસી ગયો, અને ઉતરી પણ ગયો; કારણ કે જનમાનસ ક્યારેક ઘેનનું ઝોકું ભલે ખાઈ જાય પણ સંપૂર્ણ ઊંઘી તો નથી જ જતું. 'ગર્વ સે કહો હમ હિંદુ હૈ' એ અવાજ ચિરંજીવ ન બન્યો. અહીં કાર્લ માર્કસના શબ્દો યાદ આવે છે, એ મહાન વાસ્તવિક ચિંતકે કહ્યું હતું કે, 'ધર્મ એક અફીણ છે.'

રાગ કેવા ખેલ ખેલાવે છે? બાળા સાહેબ ઠાકરેને પુત્રરાગ તીવ્ર ન હોત અને રાજને સંભાળી લીધા હોત અને રાજે પોતાની મહત્ત્વાકાંક્ષા થોડી સીમિત કરી હોત તો આજે મહારાષ્ટ્ર ઉપર શીવસેનાનું રાજ હોત જ. રાજકારણમાં વ્હાલા અને સારાની પસંદગી કામ નથી આવતી. 'શાણા'ની પસંદગીમાં જ 'શાણપણ' છે. પરંતુ જે થાય છે તે અંતે તો કર્માધિન હોય છે. 'બુદ્ધિ કર્માણુ સારિણી'! માનવના પૂર્વ કર્મફળને પ્રમાણે જ બુદ્ધિ પોતાના નિર્ણયો લે છે. નહેરુ વંશજ રાહુલ ગાંધી શાણા છે, એટલે સર્વ પ્રથમ પોતાની પાત્રતા સિદ્ધ કરવાના માર્ગે છે. સત્તાની લગામ સંભાળવા કરતા એમને લોકો સત્તા આપે એવી પાત્રતાનો માર્ગ સ્વીકાર્યો છે, અને એવી પાત્રતા સિદ્ધ થાય તો જનતાએ પણ નહેરુ વંશ માટેના પૂર્વગ્રહથી મુક્ત થવું એટલું જ જરૂરી છે.

(૪)

**નાટક**

છેલ્લા બે પાંચ વર્ષમાં મુંબઈનો નાટ્ય ઉદ્યોગ–(જી, હા, સિનેમા ઉદ્યોગ કહેવાય તો નાટ્ય ઉદ્યોગ કેમ ન કહેવાય? બન્નેનો વિશેષ ધ્યેય તો પૈસા કમાવવાનો જ છે. અત્યારે ગુજરાતી નાટકોનો 'ધન' યુગ ચાલે છે. પ્રત્યેક રવિવારનું 'પ્રવાસી' જૂઓ, નાટકની જા.ખ. બે પૂરાં પાનામાં–'સુવર્ણ યુગ' તો ગયો, જે પાયામાં હતો.)– પોતાના નાટકમાં જૈન ધર્મની કથાને કેન્દ્ર સ્થાને રાખીને એવાં નાટકો નિર્માતાઓ પ્રસ્તુત કરી રહ્યા છે, કારણકે એમના પ્રેક્ષક વર્ગમાં જૈનોની સંખ્યા વિશેષ છે. ઉપરાંત જૈન મંડળોનો પણ આ નાટય ઉદ્યોગને ઉષ્માભર્યો સાથ છે, જે અભિનંદનને પાત્ર છે.

પ્રાચીન અને મધ્યકાલીન સમયમાં દૃષ્ટિ કરીએ તો જણાય છે કે જૈન મુનિ ભગવંતોએ અનેક વિષયમાં અઢળક અને અમૂલ્ય સાહિત્યનું સર્જન કર્યું હતું, એમાં નાટક પણ છે.

જૈનોના 'રાયપસેણી સુત્ત' નામના આગમ ગ્રંથમાં એક કથા છે કે એકવાર ભગવાન મહાવીર ફરતાં ફરતાં આમલકપ્પા નગરીમાં પહોંચ્યાં અને આમ્બસાલ વનમાં અશોક વૃક્ષની નીચે એક મોટી કાળી શીલા પર બિરાજમાન થયા. એ સમયે સ્વર્ગના સૂર્યભદેવ એમની વંદના કરવા આવ્યા અને સૂર્યભદેવે બત્રીશ પ્રકારના અભિનયાત્મક નાટક કરી બતાવ્યાં. આ બત્રીશ પ્રકારના અભિનયમાં કેટલાંક તો એવા છે કે જે ભરતના નાટ્યશાસ્ત્રમાં પણ જોવા મળે છે, એટલે આ કથાથી સિદ્ધ થાય છે કે જૈનોમાં પણ મહાપુરુષના આદરને માટે અભિનય કરવાની પરંપરા હતી.

જૈન મુનિ ભગવંતોએ સાહિત્યના સર્વ પ્રકારનું સર્જન કર્યું છે. એમાં નાટકોનું સર્જન પણ ગણનાપાત્ર છે. 'રઘુવિલાસ', 'નલ વિલાસ', 'સત્ય હરિશ્ચંદ્ર', 'કૌમુદી ચિત્રાનંદ', 'નિર્ભય ભીમવ્યાયોગ', 'રંભા મંજરી', 'મોહ પરાજય', 'કુમુદચંદ્ર', 'દ્રૌપદી સ્વયંવર' વગેરે અનેક નાટકોની યાદી જૈન સાહિત્યના ઈતિહાસમાં છે જે આશ્ચર્યકારક છે.

વિશેષ આશ્ચર્યની હકીકત તો એ છે કે જેમ પાંચમા વેદ જેવા 'નાટ્યશાસ્ત્ર'ની ઋષિ ભરતે રચના કરી હતી તેમ ૧૧–૧૨મી સદીમાં કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત હેમચંદ્રાચાર્યના પટ્ટશિષ્ય સાધુ ભગવંત મહાકવિ શ્રી રામચંદ્રે ભરત મુનિના નાટ્યશાસ્ત્ર જેવા જ **'નાટ્ય દર્પણ'** ગ્રંથની રચના કરી હતી.

આ 'નાટ્ય દર્પણ'માં નાટ્યશાસ્ત્ર, રસશાસ્ત્ર અને અભિનયકલા પરત્વે કેટલાંક મહત્ત્વના અને તે કાળને લક્ષમાં લઈએ તો પ્રણાલિકાભંજક ગણી શકાય એવા વિધાનો કર્યા છે. પૂર્વ કાળના સર્વ અલંકાર અને નાટ્યશાસ્ત્રીઓનું વિધાન હતું કે નાટકમાં 'રસ એ બ્રહ્માનંદ' સમાન એટલે એ આનંદ આપનાર જ હોવો જોઈએ. પણ મહાકવિ મુનિ રામચંદ્રે આ 'નાટ્ય દર્પણ' ગ્રંથમાં એવું વિધાન કર્યું કે નાટકમાં 'सुख दुःखात्मवोरसः' એમ સુખ-દુઃખ બે પ્રકારના વિભક્ત રસ હોવા જોઈએ, લોકો અભિનેતાનું ચાતુર્ય જોવા માટે દુઃખાત્મક નાટક જોવા જાય છે, નાટકનો હેતુ માત્ર આનંદ આપવાનો જ નહિ, પરંતુ જીવનમાં રહેલી કરુણતાનું વાસ્તવિક દર્શન કરાવવાનો હેતુ પણ હોવો જોઈએ. આથી પણ વધુ તો મુનિ રામચંદ્રે પૂર્વકાલિન નાટ્યાચાર્યોની બીજી એક માન્યતાનો સચોટ વિરોધ કર્યો છે તે જોવા જેવું છે. એ પૂર્વાચાર્યોની એવી માન્યતા હતી કે અભિનેતા જે સંવેદનો અને ભાવનાઓ પોતાના અભિનયમાં વ્યક્ત કરે છે તે એ પોતે અનુભવતો નથી; એટલે એ માત્ર તત્ સમ છે, માત્ર એ પાત્રની અભિવ્યક્તિ છે, જ્યારે મુનિ

રામચંદ્ર એવું વિધાન કરે છે કે અભિનેતા જો એ પાત્રના ભાવનો પોતે અનુભવ ન કરે તો પોતાના પાત્રનો ભાવ પ્રેક્ષક સમક્ષ અભિવ્યક્ત ન કરી શકે. એટલે પાત્રના અનુભવના ભાવને સ્વ અનુભૂતિની કક્ષાએ અભિનેતાએ આત્મસાત કરવો જોઈએ તો જીવંત ભાવ રસની નિષ્પત્તિ શક્ય બને. એટલે પાત્રનો અનુભવ અને અભિનેતાની અનુભૂતિનો સમન્વય એ જ અભિનય, સૂત્ર ભાષામાં તદ્‌ભવ.

નાટ્યદર્પણમાં મુનિ રામચન્દ્રે ચુમાલીસ સંસ્કૃત નાટકોના ઉદાહરણો આપ્યા છે, એ ઉપરથી એઓશ્રીનું પોતાના વિષય પરત્વેના વિશાળ વાંચનનું આપણને પ્રમાણ મળે છે.

પ્રણાલિકાભંજક એવા આ મુનિ રામચંદ્રે લગભગ અગિયાર સંસ્કૃત નાટકો લખેલા અને એ સમયે એ ભજવાયા પણ હતા. એ નાટકોમાં કથા વસ્તુ જૈન ધર્મની કથા જ માત્ર નહિ, પણ એ સમયની લોકકથાઓને પણ એમણે પોતાના નાટકમાં સ્થાન આપ્યું હતું. નાટકના પાત્રોમાં લોકમાનસને પ્રસ્તુત કરવાનો એમને અભિગમ હતો. વિશેષ આશ્ચર્યની હકીકત તો એ છે કે એ સમયે ગુજરાતમાં લગભગ બાવીસ સંસ્કૃત નાટકો લખાયા હતા તેમાં અડધા એટલે અગિયાર તો આ મુનિ રામચંદ્રના લખેલા હતા અને હજુ વધુ એક મહા આશ્ચર્ય તો એ છે કે આ મુનિ રામચંદ્રના એક નાટક 'સત્ય હરિશ્ચંદ્ર'નું ૧૯૧૩ની સાલમાં ઈટાલિયન ભાષામાં ભાષાંતર પણ થયું હતું.

મધ્યકાલિન ઈતિહાસના સમયમાં જૈન વિદ્વાનો દ્વારા સર્જાયેલા નાટ્ય સાહિત્યની આ તો માત્ર ઝલક છે. આ વિષય ઉપર વિશદ્ શોધનિબંધ લખાય એટલું વિપૂલ નાટ્ય સાહિત્ય જૈન જ્ઞાન ભંડારોમાં ઉપલબ્ધ છે.

વર્તમાન સમયમાં પણ જૈન સાહિત્યકારો દ્વારા નાટ્ય સાહિત્ય ક્ષેત્રે પ્રદાન છે. પણ એ વિષયની વિગતે ચર્ચા કરવાનો અહીં અવકાશ નથી.

પરંતુ છેલ્લા પચાસેક વર્ષ તરફ દૃષ્ટિ કરીએ તો જૈન કથાનકને કેન્દ્રમાં રાખીને નાટકો ભજવાયા છે જ. એ વિષયમાં પણ સંશોધનાત્મક લઘુ નિબંધ તૈયાર થઈ શકે.

આ લખનારની સ્મૃતિ પ્રમાણે લગભગ ચાલીશેક વર્ષ પહેલાં સ્થૂલિભદ્ર અને રૂપકોશાની કથાને કેન્દ્રમાં રાખીને 'રૂપકોશા' નૃત્ય નાટિકાનું મંચન થયું હતું. 'જીગર અને અમી' એ નવલકથાનું નાટ્ય રૂપાંતર ભજવાયું ત્યારે પણ કદાચ જૈન સાધુના પ્રતીક પાત્રની પ્રસ્તુતી થઈ હશે. ઉપરાંત 'શ્રીપાળ-મયણા' અને 'ચંદનબાળા'ના કથાનકો પણ નાટ્ય સ્વરૂપે રંગભૂમિ ઉપર અવતર્યા હતા. આ નાટક રજૂ થતાં જૈન સાધુ કે તીર્થંકરનું પાત્ર રંગમંચ ઉપર પ્રવેશતા ખૂબ જ મોટો વિરોધ થયો હતો અને નાટકને સંકેલી લેવું પડ્યું હતું. જૈન તીર્થંકર અને જૈન સાધુવેશ રંગમંચ ઉપર પ્રવેશે એ જૈન સંપ્રદાયને માન્ય નથી. ઉપર જણાવ્યું તેમ જૈન નાટ્યકાર મુનિ રામચંદ્રે પણ પોતાના નાટકોમાં જૈન સાધુ કે તીર્થંકર વેશની પ્રસ્તુતિ કરી ન હતી.

વર્તમાનમાં લગભગ પાંચેક વર્ષના સમય દરમિયાન મુંબઈની ગુજરાતી રંગભૂમિ ઉપર જૈન કથાનક ઉપર આધારિત નાટકો પ્રસ્તુત થયા.

શીવમ્ નાટ્ય સંસ્થા દ્વારા ચરિત્રાત્મક નાટક 'મૃત્યુંજય' ભવ્ય રીતે ભજવાયું. ત્યારપછી હમણાં જ જૈન ધર્મના આચાર વિચાર પર આધારિત કાલ્પનિક કથા વસ્તુવાળું 'મારે જાવું પેલે પાર' ભજવાયું. આ બીજા નાટકમાં જૈન સાધુની વાણીને પ્રતિકાત્મક રીતે પ્રસ્તુત કરાઈ. બન્ને નાટકોને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. બન્ને નાટકોમાં કથાતત્ત્વ પ્રબળ હતું અને કલાતત્ત્વ પણ પ્રસંશનીય હતું.

હમણાં એવું જ ભવ્ય નાટ્ય 'વસ્તુપાળ તેજપાળ' ભજવાયું, ઉપરાંત 'જૈનં જયતિ શાસનમ્' પણ ભજવાઈ રહ્યું છે. આ ઉપરાંત પણ જૈન કથાને કેન્દ્રમાં રાખી કોઈક જગ્યાએ નાટકો ભજવાયા હશે, પરંતુ આ લખનાર એનાથી અજાણ છે.

પરંતુ ખાસ તો બે નાટકોનો ઉલ્લેખ કરવો છે. એ મનોજ શાહ દિગ્દર્શિત બે નાટકો 'અપૂર્વ અવસર' અને 'સિદ્ધહેમ'. નાટ્યકર્મી મનોજ શાહ રંગમંચને પૂરા સમર્પિત છે. મુંબઈની ગુજરાતી રંગભૂમિમાં મનોરંજક નાટકોની સમાંતરે આ નાટ્યકર્મીએ પોતાનો એક પ્રેક્ષક વર્ગ નિર્મી દીધો છે, એ સિદ્ધિ નાની નથી. 'અપૂર્વ અવસર'માં શ્રીમદ્ રાજચંદ્રના જીવનને ખૂબ જ ચિંતનાત્મક અને કલાત્મક રીતે પ્રસ્તુત કર્યું છે.

નાટક થોડું દીર્ઘ છે, પણ આકર્ષક અને પરિચિત કથાનક તેમજ એમાંથી પ્રગટતા ગોપિત ધ્વનિ, ચિંતન અને ઘટના ગતિને કારણે એ અસ્વાદ્ય બનતું નથી, એમાંય શ્રીમદ્ રાજચંદ્રનું પાત્ર ભજવતા કલાકાર ધર્મેન્દ્ર ગોહિલનો અભિનય તો મૂળ પાત્રને સમાધિ સ્વરૂપે આત્મસાત કરે છે. આ કલાકારને શ્રીમદ્ રાજચંદ્રના સાત્ત્વિક પાત્રમાં જૂઓ અને થોડા જ સમય પછી 'મરિઝ'ના તામસી પાત્રમાં જૂઓ, તો આ કલાકારમાં પ્રવેશેલો સાચો તદ્‌ભવી કલાકાર દેખાય.

'સિદ્ધહેમ' એ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રાચાર્યના જીવન ઉપર આધારિત નાટક છે. નાટકના પ્રસંગો અને સંવાદોમાં એના નાટ્યાંતર લેખક જ્હોની શાહ અને મનોજ શાહની સંશોધક દૃષ્ટિના દર્શન થાય છે. નાટ્યનાયકના જીવન અને કવન પ્રત્યે આ લેખકોએ પૂરી વફાદારી દાખવી છે. પરંતુ નાટ્ય કલાની દૃષ્ટિએ એ સંપૂર્ણ નાટક બનતું નથી. એમાં લેખકની મર્યાદા નથી, પરંતુ 'નાટક' માટે જોઈતી અનેક ઘટનાઓ ચરિત્ર નાયકના જીવનમાં નથી એટલે નાટ્યકાર પાસે પણ એ નથી, અને કાલ્પનિક વાતો લખી સત્ય અને ચિંતન ખરડાય એવું લેખક દિગ્દર્શક ઈચ્છતા નથી. આ વધુ સારું છે. કલાને વફાદાર રહેવા કરતા કથાના સત્ય જીવનને વફાદાર

રહેવું એ નાટ્યકારનો પહેલો ધર્મ છે, ફ્રેમની સુંદરતા ગૌણ છે, ચિત્રની ભવ્યતાનું વધુ મહત્ત્વ છે.

હેમચંદ્રાચાર્યનું પાત્ર ભજવતા દિગ્દર્શક મનોજ શાહ મૂળ પાત્ર જેવા સંપૂર્ણ રીતે ઉપસી શકતા નથી, પરંતુ પ્રેક્ષકોને પ્રભાવિત જરૂર કરી જાય છે. પરંતુ હેમચંદ્રાચાર્ય તરીકેનો એમનો સાધુવેશે પ્રવેશ ગમતો નથી, મનને-આત્માને ખૂંચે છે. આ સાધુવેશમાં પણ અપૂર્ણતા છે અને પાત્રની અભિનય મુદ્રામાં પણ સ્પષ્ટતા અને સંપૂર્ણતા નથી. સાધુવેશ વગર પણ હેમચંદ્રચાર્યને પ્રગટ કરી શકાય, અને એ જ તો દિગ્દર્શક માટે 'ચેલેંજ' છે. પ્રેક્ષકોના હૃદયમાં શ્રદ્ધસ્થ થયેલી પરંપરાને ખંડિત કરવાનો કોઈ કલાકારને હક નથી.

આ રીતે ભવિષ્યમાં પણ જૈન સાધુવેશ રંગમંચ ઉપર આવવા લાગશે તો નાટકની વેશભૂષાના વેપારીની દુકાનેથી હવે જૈન સાધુનો ઓઘો, ગોચરી પાત્રા અને શ્વેત વસ્ત્રો વગેરે પણ વેચાવવા લાગશે અને ભાડે પણ મળશે. શાસ્ત્ર અને ધર્મ આજ્ઞા વિરુદ્ધ આવો ચીલો પાડવા શા માટે નિમિત્ત બનવું ?

જૈન સાધુનો વેશ એ આભૂષણ છે, પરમ પવિત્ર છે, અને એક વખત એ શરીર ઉપર ધારણ કર્યા પછી માનવ પિંડના અંતિમ શ્વાસ સુધી એ આ પિંડ ઉપરથી ઉતરે જ નહિ. આ નાટકમાં લેખક-દિગ્દર્શકે જ એક પ્રસંગ એવો પ્રસ્તુત કર્યો છે કે ઉદા મહેતા જીવનની અંતિમ પળે મુનિ દર્શનની વાંછા કરે છે અને એક બહુરૂપી એવો વેશ ધારણ કરે છે અને પછી આ સાધુ વેશ ઉતારતો જ નથી, અને જૈન દીક્ષા સ્વીકારી લે છે.

જૈન સાહિત્યમાં તો કથાઓનો ભંડાર છે. આપણે અપેક્ષા રાખીએ કે એ જૈન કથાઓને કેન્દ્રમાં રાખીને આ કલાકાર મનોજ શાહ આપણને નાટકો આપતા રહે, કારણ કે એ માટે એઓ પૂરાં સક્ષમ છે. આવા નાટકોથી કલાની સાથોસાથ, અહિંસા, વિશ્વશાંતિ અને સંપના સંદેશાઓનું ગુંજન થશે.

(૫)

ધર્મ-રાજકારણ–નાટક વિશે ઘણું લખાઈ ગયું ? !
ઈશ્વર અલ્લાહ તેરો નામ
સબકો **'ઉન્નતિ'** દે ભગવાન.

❑ **ધનવંત શાહ**

---

# કર્મનું વિષચક્ર

**❑ ડૉ. રશ્મિભાઈ ઝવેરી**

કર્મ શબ્દ એ જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે, જે એક વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. વાચક ઉમા સ્વાતિજીએ કર્મની પરિભાષા કરી છે–'સકષાયત્વાજજીવઃ કર્મણો યોગ્યાન્ પુદ્‌ગલનાદત્તે' (૮/૨) અર્થાત્ કષાયયુક્ત જીવ જે કર્મવર્ગણાના પુદ્‌ગલોને (૮/૨) ગ્રહણ કરે છે તેને કર્મ કહેવાય છે. આચાર્ય તુલસીજીએ જૈન સિદ્ધાંત દીપિકામાં એની વ્યાખ્યા કરી છે-'આત્મપ્રવૃત્ત્યા કૃષ્ટાસ્તત્પ્રાયોગ્ય પુદ્‌ગલાઃ કર્મ' (૪/૧) અર્થાત્ આત્માની (સત્-અસત્ અથવા શુભ-અશુભ) પ્રવૃત્તિથી કર્મના બંધને યોગ્ય જે પુદ્‌ગલોને આકર્ષે છે તેને કર્મ કહેવામાં આવે છે. આમ કર્મ વર્ગણાના વિશિષ્ટ પુદ્‌ગલો જ્યારે આત્મા દ્વારા આકર્ષાય છે ત્યારે તે કર્મ કહેવાય છે. વ્યવહારની ભાષામાં કાર્ય અથવા પ્રવૃત્તિને પણ કર્મ કહેવાય છે. ગીતામાં કર્મ શબ્દ પ્રવૃત્તિ માટે વપરાયો છે. બૌદ્ધ દર્શનમાં એને વાસના અથવા સંસ્કાર કહેવામાં આવે છે.

કર્મ વર્ગણાને યોગ્ય પુદ્‌ગલો સમસ્ત લોકમાં ફેલાયેલા છે. સામાન્ય પુદ્‌ગલ–સ્કંધો આઠ સ્પર્શયુક્ત હોય છે પણ કર્મ વર્ગણાના પુદ્‌ગલ–સ્કંધો માત્ર ચાર સ્પર્શ જ ધરાવે છે. સ્નિગ્ધ/રુક્ષ અને શીત/ઉષ્ણ. તે ચતુઃસ્પર્શી હોવાથી અતિ સૂક્ષ્મ છે અને ચર્મ-ચક્ષુથી કે અન્ય સાધનથી જોઈ શકતા નથી, પણ એમાં સ્નિગ્ધ અને રુક્ષ સ્પર્શ હોવાથી તે શક્તિ (charge) ઉત્પન્ન કરી શકે છે. લોકમાં રહેલાં આ પુદ્‌ગલો ન્યુટ્રલ (neutral) હોય છે, પણ જ્યારે તે આત્મા દ્વારા આકર્ષાય ત્યારે એ શક્તિશાળી બને છે અને આત્માને શુભ-અશુભ ફળ આપે છે.

હવે પ્રશ્ન એ થાય છે કે આત્મા તો ચેતન છે અને કર્મ તો જડ છે, પુદ્‌ગલ છે તો પછી એ બન્નેનો સંબંધ કેવી રીતે થાય છે ? એનો ઉત્તર છે કે માત્ર સંસારી આત્માને જ કર્મનો બંધ થાય છે. એકવાર આત્મા સંપૂર્ણ કર્મથી મુક્ત બને પછી એ સિદ્ધ બની જાય છે. અને નવા કર્મો નથી બાંધતો. તો સંસારી આત્મા અને કર્મનો સંબંધ ક્યારથી છે ? એનો ઉત્તર છે–જીવ અને કર્મનો સંબંધ અપશ્ચાનુપૂર્વક એટલે કે અનાદિ કાળથી છે. જ્યારે પૂર્વજનિત કર્મ ઉદયમાં આવે છે ત્યારે આત્મા શરીરાદિ દ્વારા પ્રવૃત્તિ કરે છે, અને પ્રત્યેક પ્રવૃત્તિ નવા કર્મબંધનમાં પરિણામે છે. આમ આ કર્મનું વિષચક્ર ચાલ્યા જ કરે છે.

સંસારી આત્માની ત્રણ જાતની પ્રવૃત્તિઓ હોય છે–મનની, વચનની અને કાયાની. આ ત્રણે પ્રવૃત્તિઓને જૈન પરિભાષામાં યોગ કહેવાય છે–મનયોગ, વચનયોગ અને કાયાયોગ. યોગની પ્રત્યેક ક્રિયા વખતે કર્મનો બંધ થાય છે. કર્મના મુખ્ય બે ભેદ છે–પુણ્ય અને પાપ. તાત્ત્વિક દૃષ્ટિએ કર્મના આઠ ભેદ છે–જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. આમાંથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય-આ ચાર કર્મોને ઘાતીકર્મ કહેવામાં આવે છે, કારણકે એ આત્માના મૂળ ગુણોનું આવરણ કરે છે. આત્માના ૪ મૂળ–સ્વાભાવિક (innate) ગુણો છે–જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિ. ૪ ઘાતી કર્મો ક્રમશઃ આ ચારે ગુણોનો ઘાત કરે છે. બાકીના ચાર કર્મો–વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર–આત્માના ગુણોનો ઘાત

ન કરતા હોવાથી એને 'અઘાતી' કર્મ પણ કહેવાય છે.

આ ચાર અઘાતી કર્મો આત્માની પ્રવૃત્તિઓનું નિયોજન કરે છે, પ્રોગ્રામ બનાવે છે, ભવિષ્યના કાર્યક્રમો ઘડે છે. નામ કર્મ આગળના ભવમાં ગતિ કરાવે છે, શરીર બનાવે છે, ઈન્દ્રિય વગેરે સાધન બનાવે છે. ટૂંકમાં એ ચિત્રકાર છે. ચાર ગતિમાં જીવના નવા નવા રૂપો બનાવે છે. આયુષ્ય કર્મ જીવના પ્રત્યેક ભવની કાળસ્થિતિ બનાવે છે–Time bound Programme બનાવે છે. એ ભવસ્થિતિ બનાવે છે જે પૂરી થતાં જ એ બીજા ભવમાં જાય છે. વેદનીય કર્મ આત્માને શાતા-અશાતા અથવા સુખદુ:ખનો અનુભવ કરાવે છે. ગોત્ર કર્મ જીવને ઉચ્ચ અથવા નીચ ગોત્રમાં લઈ જાય છે. એના કૂળ–કુટુંબ–statusનો નિર્ણય કરે છે. આમ ભવિષ્યનો પૂરો કાર્યક્રમ આ ચાર અઘાતી કર્મો નક્કી કરે છે.

ચાર ઘાતી કર્મો પણ જીવના સ્વાભાવિક ગુણો–જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિનો સંપૂર્ણ ઘાત નથી કરી શકતા. પ્રત્યેક જીવમાં આ ચારેય ગુણોનું એક એક કિરણ હંમેશ પ્રકાશિત રહે જ છે. આ છે ચિત્તની–ચેતનાની શુદ્ધ ભાવધારા. ભગવાને કહ્યું છે પ્રત્યેક જીવમાં અક્ષરના અનંતમાં ભાગ જેટલાં જ્ઞાનાદિ હંમેશ હોય જ છે. નહીંતર જીવનો અજીવ થઈ જાય, ચેતનમાંથી જડ બની જાય.

આત્મા અને કર્મનો સંબંધ થાય તેને 'બંધ' કહેવામાં આવે છે. કર્મ આકર્ષતી વખતે જીવના જેવા ભાવ હોય–ભાવના હોય તે પ્રમાણે કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ બને છે. આમ બંધના આ ચાર ભેદ છે. પ્રકૃતિ કર્મનો પ્રકાર, સ્થિતિ, એની સમય–મર્યાદા, અનુભાગ એની તીવ્રતા/મંદતા અને પ્રદેશબંધ કર્મસમૂહની રાશિ નિશ્ચિત કરે છે.

હવે આપણે આ કર્મ–બંધ–ઉદય–પ્રવૃત્તિ–પુન:બંધના વિષચક્રની વ્યવસ્થાને દાર્શનિક–વૈજ્ઞાનિક રૂપે જોઈએ.

આઠેય કર્મોમાં વૃત્તિ અને પ્રવૃત્તિ કરાવનાર કર્મ છે–ચારિત્ર મોહનીય કર્મ. મોહનીય કર્મ તો બાકીના સાતેય કર્મોનો રાજા છે. એના મુખ્ય બે ભેદ છે–દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયના ઉદયથી આત્મા મૂઢ બની જાય છે, પોતાનું ભાન ભૂલી જાય છે, પોતે અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિનો માલિક છે તે વિસરી જાય છે. કર્મની આ પ્રકૃતિ આત્માને આત્માનું દર્શન કરવામાં જ અંતરાય પાડે છે. પણ આત્માની વૃત્તિ અને પ્રવૃત્તિ માટે તો જવાબદાર છે–ચારિત્ર મોહનીય કર્મ. એનો ક્રમ આ પ્રમાણે છે–

૧. પૂર્વજનિત ચારિત્ર મોહનીય કર્મનો ઉદય પ્રત્યેક ક્ષણે થતો રહે છે અને પ્રત્યેક ક્ષણે એ આત્માના સૂક્ષ્મતમ સ્પંદન ઉત્પન્ન કરે છે. આ કર્મનો ઉદય એના બંધની સ્થિતિ પૂરી થવાથી (અબાધાકાળ પૂરો થવાથી) અથવા નિમિત્ત મળવાથી થાય છે. ઉદય થતાં જ તે શુભ–અશુભ અધ્યવસાય રૂપી સંદેશ આપી આત્માથી અલગ થઈ જાય છે, લોકના અન્ય કર્મવર્ગણા યોગ્ય પુદ્ગલો સાથે મળી જાય છે.

ચારિત્ર મોહનીય કર્મોનો ઉદય આત્મામાં રાગ-દ્વેષના સંદેશ આપે છે, જે અધ્યવસાયના રૂપમાં ચાર કષાય અને નવ નોકષાયના રૂપે પરિણમે છે. ચાર કષાય છે–ક્રોધ, માન, માયા અને લોભ. નવ નોકષાય છે–હાસ્ય, શોક, રતિ, અરતિ, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષ વેદ અને નપુંસક વેદ.

હવે આ કષાય–નોકષાયના અધ્યવસાયો (સૂક્ષ્મ સ્પંદન રૂપમાં) વિવિધ ભાવોનો–ભાવનાઓનો નિર્દેશ આપે છે, જેનું તેજસ્ શરીર (Bio-electric body) દ્વારા લેશ્યામાં રૂપાંતરણ થાય છે. આ તેજસ શરીર પણ અતિસૂક્ષ્મ છે અને એ કષાયાદિના ભાવોનું રંગના તરંગોમાં રૂપાંતરણ કરે છે. એ મિડીયા બોડી (media body) છે જે વિદ્યુત–ચુંબકીય ક્ષેત્ર (electro-magnetic field)ના કિરણો (radiation) દ્વારા કર્મ જનિત સંદેશને આગળ વધારે છે, જેનું લેશ્યાના (aura) રૂપમાં પ્રગટીકરણ (manifestration) આ લેશ્યાઓના એના રંગ અનુસાર છ ભેદ બતાવવામાં આવ્યા છે. કૃષ્ણ, નીલ, કાપોત–આ ત્રણ અશુભ–માઠી લેશ્યાઓ છે અને પદ્મ, તેજસ્ અને શુકલ લેશ્યાઓ શુભ લેશ્યા છે. અશુભ અધ્યવસાયોનું કાળાં–ગંદા રંગોમાં અને શુભ સકારાત્મક અધ્યવસાયોનું ચમકતા તેજસ્વી સુંદર રંગોમાં રૂપાંતર થાય છે. માણસના શરીરના આભામંડળ પરથી–એના રંગો પરથી એ માણસની ભાવનાઓ પારખી શકાય છે. નરી આંખે ન જોઈ શકાતા આ રંગો–તરંગો–ક્રીલીયન કેમેરે વડે જોઈ શકાય છે.

હવે આ સૂક્ષ્મ રંગ-તરંગરૂપી સંદેશ (લેશ્યા) વ્યક્તિના ભાવ તંત્રને પ્રભાવિત કરે છે અને એની ભાવનાઓનું નિર્માણ કરે છે, વૃત્તિઓ પેદા કરે છે.

બે સગા ભાઈઓમાં આનુવાંશિક સિદ્ધાંત અનુસાર માતા–પિતાના જીન (genes)નો વારસો, ક્રોમોસોમ (૨૩ માતાના અને ૨૩ પિતાના) વગેરે એક સરખા હોઈ શકે છે, જેમાં એમના માટે રાસાયણિક ભાષામાં સંદેશાઓ ડી.એન.એ. (DNA)ના રૂપમાં લખાયેલા હોય છે. આનાથી એમનો દેખાવ, શરીરની રચના આદિમાં ઘણું સામ્ય હોય છે. પણ બંન્નેનું વ્યક્તિત્વ, સ્વભાવ, વૃત્તિઓ, આદિ અલગ અલગ હોય છે. આ ભેદનું ઉપાદાન કારણ છે બંન્નેએ કરેલા પોતપોતાના કર્મ જે એમની ભાવધારાઓ અને લેશ્યા માટે જવાબદાર છે, જેમાંથી એમનો સ્વભાવ, વૃત્તિઓ આદિ ઉત્પન્ન થાય છે.

અત્યાર સુધી સૂક્ષ્મ જગતમાં જ બધી ક્રિયાઓ થઈ છે. હવે આ વૃત્તિઓ, ભાવનાઓ, આવેશો, આવેગો, ઉત્તેજનાઓ (urges, impulses, instincts) સ્થૂળ જગતમાં પ્રવેશે છે અને મગજની મધ્યમાં આવેલા અત્યંત શક્તિશાળી સુપર કૉમ્પ્યુટર (super computer)ને સક્રિય કરી એને નિર્દેશ (command) આપે છે. આ આપણી મસ્તિસ્કીય વ્યવસ્થા મગજની મધ્યમાં આવેલી લીમ્બીક સીસ્ટમ (limbic system) કહેવાય છે.

હવે જે લાગણીઓ–વૃત્તિઓ–(feelings-emotions-passions) ઉત્પન્ન થાય છે, એ આપણા ગ્રંથિતંત્રને (neuro-endocrine system) સક્રિય કરે છે. વૃત્તિઓનું હવે રાસાયણિક ભાષામાં રૂપાંતર થાય છે, જે આપણી અંત:સ્રાવી ગ્રંથિઓમાંથી નીકળતા સ્રાવો દ્વારા મોટર નર્વ્સને (motor nerves) પહોંચાડે

છે. આપણી અદ્ભૂત નરવસ સિસ્ટમ (નાડી તંત્ર) દ્વારા શરીરના ચોક્કસ અવયવને પ્રવૃત્તિ કરવાનો આદેશ આપે છે અને આ વૃત્તિઓનું પ્રવૃત્તિઓમાં રૂપાંતરણ થાય છે. યોગની પ્રવૃત્તિ શરૂ થાય છે અને નવાં કર્મોનો બંધ થાય છે એ સમયે કષાયાદિની તીવ્રતા–મંદતાના આધારે નવાં કર્મોની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને બંધ થાય છે. આ નવાં કર્મનો અબાધાકાળ પૂરો થતાં કે નિમિત્ત મળતાં પાછા ઉદયમાં આવે છે, વૃત્તિ ઉત્પન્ન કરે છે, જે પ્રવૃત્તિમાં પરિણમે છે અને નવાં કર્મો બંધાય છે. આમ કર્મનું વિષચક્ર ચાલુ રહે છે. જીવને સંસારમાં જન્મ–મૃત્યુના ચક્કરમાં રખડાવે છે, નચાવે છે, એના પ્રોગ્રામ મુજબ સુખ–દુઃખનો અનુભવ કરાવે છે.

એકાંત દુઃખમય સંસારમાંથી છૂટવા માટે કર્મના આ વિષચક્રને તોડવાની જરૂર છે. આને માટે આવશ્યક પગલું છે આત્માના પોતાના ગુણોને જાણવાનું 'હું આત્મા છું, શરીર નથી', એવું ભેદજ્ઞાન થવાથી જ આત્માર્થી થવાય છે.

ભગવાન મહાવીરે આત્માને કર્મના વિષચક્રમાંથી છૂટવા માટે, આત્માના શુદ્ધિકરણ, ઉત્તરીકરણ માટે બે માર્ગો બતાવ્યા છે–સંવર અને નિર્જરા. સંવર એટલે નવાં કર્મોના બંધને રોકવાની પ્રક્રિયા. આશ્રવ એટલે આત્માના કલુષિત ભાવો જેનાથી કર્મબંધ થાય. આ આશ્રવનો નિરોધ કરવો એનું નામ સંવર. આને માટેનું પગલું છે–સમ્યક દર્શનની–બોધિરત્નની પ્રાપ્તિ. જે વસ્તુ જેવી છે તેવી એના ખરા સ્વરૂપમાં જાણવી સમ્યક્જ્ઞાન છે, એને બોધિ-સંબોધિ પણ કહેવામાં આવે છે. આ બોધિ રત્ન પ્રાપ્ત કરવા માટે દર્શન મોહનીય કર્મનો ક્ષયોપશમ કરવાની જરૂર છે, કારણ કે આ કર્મ આત્માને પોતાના સાચા સ્વરૂપનું ભાન નથી થવા દેતું.

આત્માની શુદ્ધિકરણની પ્રક્રિયા એટલે જે કારણોથી કર્મબંધ થાય છે એ જ કારણોને વિપરીત દિશામાં ફેરવી નાંખવાની પ્રક્રિયા. ભગવાને કહ્યું છે 'જે આસવા તે પરિસવા, જે પરિસવા તે આસવા.' એટલે કે જે આશ્રવ છે-કર્મબંધનું કારણ છે, તે જ પરિશ્રવ પણ છે. કર્મ રોકવાનું પણ એજ કારણ બની શકે છે. કર્મબંધન માટે મુખ્ય કારણ છે મન–વચન–કાયાની પ્રવૃત્તિ, તો એને તોડવા માટે પણ આ ત્રણ યોગની પ્રવૃત્તિનો જ ઉપાય બતાવવામાં આવ્યો છે. ફેર માત્ર એટલો છે કે હવે આ પ્રવૃત્તિઓનો એક માત્ર ઉદ્દેશ હશે–આત્માનું શુદ્ધિકરણ, કર્મબંધન રોકવું અને કૃત કર્મને તોડવા.

હવે આપણે શુદ્ધિકરણની પ્રક્રિયાના ક્રમની ચર્ચા કરીએ. સર્વપ્રથમ પગલું છે–સામાયિક. સામાયિકમાં સંકલ્પ કરવાનો છે કે 'સાવજ્જં જોગં પચ્ચખામિ'. 'સર્વ પ્રકારા સાવદ્ય યોગોનો હું ત્યાગ કરું છું. અર્થાત્ ચોક્કસ સમય (૪૮ મિનીટ) સુધી હું કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ નહીં કરું. મારા મનથી, વચનથી અને કાયાથી પાપ કરીશ નહીં અને અન્ય કોઈ પાસે કરાવીશ નહીં. અકુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિનો નિરોધ કરી માત્ર કુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ જ કરીશ. આ ત્રણેય યોગની પ્રવૃત્તિ ઉદિત કર્મના એકપણ આદેશ મુજબ નહીં કરું. આ આત્માનો પુરુષાર્થ છે જે જૈન ધર્મનો પાયો છે.

પ્રત્યેક કાર્ય માટે પાંચ સમવાય–કારણો હોય છે–કાળ, સ્વભાવ, કર્મ (પ્રારબ્ધ અથવા નસીબ), પુરુષાર્થ અને નિયતિ. પ્રત્યેક કાર્ય એનો સમય આવે ત્યારે થાય છે. પદાર્થના સ્વભાવ પ્રમાણે થાય છે અને જીવના કર્મ–પ્રારબ્ધ અનુસાર અથવા તો ઈશ્વરની ઈચ્છા અનુસાર થાય છે. પણ જૈન દર્શન નિતાંત વ્યક્તિવાદી અને પુરુષાર્થવાદી દર્શન છે. એ દઢપણે માને છે કે આત્મા પોતાના પુરુષાર્થથી કર્મને–ભાગ્યને બદલી શકે છે. આત્મા પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે. કર્મની દસ અવસ્થાઓમાં ત્રણ અવસ્થા છે–ઉદીરણા, સંક્રમણ અને નિયતિ. ઉદીરણા એટલે કર્મનો ફળ આપવાનો નિશ્ચિત સમય થાય એ પહેલાં એને ભોગવી લેવાં અર્થાત્ ઉદયમાં આવે તે પહેલાં એની ઉદીરણા કરી એને ભોગવી લેવાં. સંક્રમણ એટલે કે સજાતીય પ્રકૃતિનું અંદર અંદર પરિવર્તન થવું, જેમકે આત્મા ધ્યાન મંત્ર આદિ પ્રવૃત્તિ દ્વારા અશાતા વેદનીયનું શાતા વેદનીયમાં સંક્રમણ કરી શકે છે. પરંતુ 'નિકાચિક' કર્મમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી. આવાં કર્મ કરતી વખતે આત્માના પરિણામ-ભાવો-એટલાં બધાં તીવ્ર હોય છે કે એ અત્યંત ચીકણા કર્મ બાંધે છે જેને એણે ભોગવવા જ પડે છે. પણ નિકાચિત સિવાયના 'દલિત' કર્મોમાં આત્મા પોતાના 'અકર્મવીર્ય'થી આત્માશક્તિથી–પુરુષાર્થથી ઉદીરણા અથવા સંક્રમણ કરી શકે છે. કર્મનું વિષચક્ર તોડવા માટે એક અન્ય પુરુષાર્થ પણ છે. એ છે–પાપ કર્મ ઉદયમાં આવે ને અશુભ ફળ આપે ત્યારે સમભાવથી–સમતાથી સહન કરવાનો. આમ કરવાથી જૂનાં કર્મ ખપી જશે નવા નહીં બંધાય. આમ આત્મા કર્મ કરતી વખતે સ્વતંત્ર હોય છે પણ ભોગવતી વખતે સ્વતંત્ર અથવા પરતંત્ર બંને હોઈ શકે છે.

જૈન કર્મવાદમાં આયુષ્ય સિવાય બધી જ જાતના કર્મને ક્ષીણ કરવાના પુરુષાર્થનું વિવેચન છે. પણ આ પુરુષાર્થ સમ્યક્ દૃષ્ટિ યુક્ત થવો જોઈએ. સમ્યક્ દૃષ્ટિ વગરનો અવળો પુરુષાર્થ પ્રત્યુત નુકસાન કરે છે. પુરુષાર્થ માટે છ વસ્તુ આવશ્યક છેઃ

'ઉદ્યમં સાહસઃ ધૈર્યં, બુદ્ધિઃ શક્તિઃ પ્રશક્રમઃ
ષડેતે યત્ર વર્તન્તે, તત્ર દૈવઃ સહાયકમ્' ।।

બીજું પગલું તે કાયોત્સર્ગ. આને માટે પ્રથમ પાંચ જાતના સંકલ્પો કરવાના છે–

૧. તસ્સ ઉત્તરી કરણેણં–તે પાપકારી પ્રવૃત્તિરૂપ આત્માનું ઉત્તરીકરણ એટલે કે શુદ્ધિકરણ કરવા માટે.

૨. પ્રાયશ્ચિત્ત કરવા માટે–જે ભૂતકાળમાં એવી પ્રવૃત્તિઓ કરી એનું પ્રાયશ્ચિત્ત કરવા માટે.

૩. વિસોહી કરણેણં–કર્મ રૂપી રજ–મેલથી મલિન આત્માની શુદ્ધિ કરવા માટે.

૪. વિસલ્લી કરણેણં–રાગ, દ્વેષ રૂપી શલ્ય, ૪ કષાય અને નવ નોકષાય રૂપી કાંટાઓને દૂર કરવા માટે.

૫. પાપકર્મનો નાશ કરવા માટે.

'ઠામિ કાઉસગ્ગં'. હું કાયોત્સર્ગ કરું છું. સાવદ્ય વૃત્તિવાળી કાયાનો ઉત્સર્ગ–ત્યાગ કરું છું. મન, વચન અને કાયાની બધી જ

પ્રવૃત્તિઓને શાંત કરી, શરીરને શાંત, પ્રતિમાની માફક સ્થિર અને શિથિલ કરવું. શરીરની અંદર ચાલતી સ્વયં-સંચાલિત ક્રિયાઓ (autonomous activities) સિવાય બીજી બધી પ્રવૃત્તિ બંધ કરી, સ્થિર આસનમાં બેસીને મનને એકાગ્ર કરવા માટે શ્વાસ-પ્રેક્ષા કરવી. ભૂતકાળની સ્મૃતિ અને ભવિષ્યકાળની કલ્પનાને બદલે માત્ર વર્તમાનમાં રહેવાનો અભ્યાસ કરવો. મનને એકાગ્ર કરવાનો સઘન પ્રયાસ કરવો. સતત અભ્યાસ કરવાથી મન એકાગ્ર થઈ શકે છે.

શરીરને શાંત, સ્થિર અને શિથિલ કરીને, મનને એકાગ્ર કરીને, હવે બર્હિત્માામાંથી અંર્તત્મામાં પ્રવેશ કરવો. ચિત્તની ચેનલ ચેન્જ કરી એને અંર્તમુખ બનાવો. શરીરના ગ્રંથિતંત્ર અને આત્માના ચૈતન્ય કેન્દ્રો પર ધ્યાન એકાગ્ર કરવા ચિત્તને ત્યાં લઈ જાઓ.

**ગ્રંથિતંત્ર અને ચૈતન્ય કેન્દ્રોના સ્થાન**

(Endocrine gland)

| ચૈતન્ય કેન્દ્ર | ગ્રંથિ તંત્ર | સ્થાન |
|---|---|---|
| જ્ઞાન કેન્દ્ર | – | મસ્તકનો ઉપરનો ભાગ |
| જ્યોતિ કેન્દ્ર | પીનીયલ (pineal) | લલાટની મધ્યમાં |
| દર્શન કેન્દ્ર | પીચ્યુટરી (pitutary) | બે ભૃકુટિઓની વચ્ચે |
| વિશુદ્ધિ કેન્દ્ર | થાઈરોઈડ (thyroid) | ગળું |
| આનંદ કેન્દ્ર | થાઈમસ (thymus) | છાતીની મધ્યમાં |
| તેજસ કેન્દ્ર | એડ્રીનલ (adrenal) | ડૂંટીની પાછળ |
| શક્તિ કેન્દ્ર | ગોનાડ્સ (gonads) | કરોડરજ્જુનોઅંતિમ ભાગ |

પ્રત્યેક ગ્રંથિમાંથી ચોક્કસ પ્રકારના હોર્મોન્સનો અવિરત પ્રવાહ વહેતો હોય છે જે આપણા નાડી તંત્ર (nervous system) ને વિવિધ પ્રકારના રાસાયણ સંદેશાઓ આપી પ્રવૃત્તિઓ કરાવે છે. આ સંદેશાઓ મુજબ મધ્ય–મગજમાં રહેલી લીમ્બીક સિસ્ટમ (Central lumbic system) મોટર નાડી દ્વારા અલગ છે. જો ગ્રંથિતંત્ર–પર એકાગ્ર ચિત્તે વિધાયક-શુભ ભાવનાઓનું ધ્યાન કરવામાં આવે તો હોર્મોન્સમાં રાસાયણિક પરિવર્તન આવે છે. અશુભ ભાવનાઓનું રૂપાંતરણ શુભ સંદેશાઓમાં થઈ જાય છે અને અશુભ પાપકારી ક્રિયાઓ પર અંકુશ આવી જાય છે. આમ પ્રભાવશાળી Counter Command દ્વારા અશુભ કર્મમાંથી બચી શકાય છે. કર્મનું વિષચક્ર નબળું પડે છે. આજનું વિજ્ઞાન આ વાત સિદ્ધ કરે છે. અવચેતન મન (sub-conscious mind) ને પ્રભાવિત કરી નકારાત્મક વૃત્તિ અને ભાવનાઓમાંથી મુક્તિ મેળવી શકાય છે.

અત્યાર સુધી આપણે સ્થૂળ જગતમાં જ પ્રયોગો કર્યા છે. હવે બહુ અગત્યનો પ્રયોગ છે–સ્થૂળમાંથી સૂક્ષ્મની યાત્રા. એ છે આભા મંડળના શુદ્ધિકરણની પ્રક્રિયા. ત્રણ માઠી લેશ્યાના અશુભ રંગોનું શુભ પ્રકાશિત રંગોમાં રૂપાંતરણ કરવાની પ્રક્રિયા છે–લેશ્યા ધ્યાન. ગંદા રંગો પર શુભ પવિત્ર રંગના પ્રભાવશાળી પ્રતિ તરંગનું (Counter Waves) ધ્યાન કરવાથી આભામંડળ શુદ્ધ થાય છે. કષાયાદિના અધ્યવસાયો મંદ પડે છે. આ એક અદ્‌ભૂત અને સંપૂર્ણ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે જેનાથી આભામંડળના રંગોના તરંગોનું રૂપાંતરણ કરી શકાય છે. આ પ્રક્રિયાને આધ્યાત્મિક રંગ આપવા ચતુર્વિંશતિ સત્ત્વવ–ચોવીસ તીર્થંકરોની સ્તુતિ–લોગસ્સના પાઠના અંતિમ ચરણનો ઉપયોગ કરવામાં આવે છે.

'ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિંમમદિસંતુ.'

અર્થાત્ ચંદ્રથી પણ અધિક નિર્મલ, સૂર્યથી પણ અધિક પ્રકાશ કરવાવાળા, સાગરથી પણ વધુ ગંભીર એવા હે સિદ્ધ ભગવાન! મને પણ સિદ્ધિ આપો–કર્મનું વિષચક્ર તોડવાની શક્તિ આપો જેથી હું કર્મબંધનમાંથી મુક્ત થઈ સિદ્ધ-બુદ્ધ-મુક્તામા બની જાઉં.

શુભ રંગ–તરંગોના ધ્યાન માટે ત્રણ પ્રકારના મંત્રો આમાંથી મળે છે. (૧) ચંદેસુ નિમ્મલયરા. આ મંત્રનું ધ્યાન એકાગ્ર ચિત્તે લલાટના મધ્યભાગ–જ્યોતિકેન્દ્ર–પર કરો જ્યાં ભાવનાઓ ઉત્પન્ન થાય છે. સાથે ભાવના કરો કે પૂનમના ચંદ્ર જેવો સંપૂર્ણ શીતલ નિર્મલ ચંદ્ર મારા લલાટમાં ચમકતા સફેદ રંગના તરંગો પ્રકાશિત કરી રહ્યો છે. મારી આજુબાજુ નિર્મલ–પવિત્ર શ્વેત રંગનું આભામંડળ બની ગયું છે. કષાયના, મોહના, રાગદ્વેષના, ઈર્ષાના, વેર-ઝેરના વિષય-વિકાર-કામ-વાસના-આવેશો, આવેગો, ઉત્તેજનાઓ શાંત-પ્રશાંત-ઉપશાંત થઈ રહ્યા છે. શુક્લ લેશ્યાના તરંગોથી હું પરમ પવિત્રતાનો–શાંતિનો અનુભવ કરી રહ્યો છું.

(૨) 'આઈચ્ચેસુ અદિયં પયાસથરા–આ મંત્રનું ધ્યાન બંને ભૃકુટિઓની વચ્ચે–દર્શન કેન્દ્ર પર અરુણ રંગની સાથે કરો. દર્શન કેન્દ્ર પર સૂર્યોદય થઈ રહ્યો છે. એના અરુણ કિરણો મને તેજસ્વી બનાવે છે. તેજસ્ લેશ્યાના તરંગોથી મારી મલિનતા દૂર થઈ રહી છે, કષાયરૂપી તિમિર દૂર થઈ ગયું છે ને મારા સમસ્ત અસ્તિત્વમાં પ્રકાશ ફેલાઈ ગયો છે.

૩. 'સાગરવર ગંભીરા'–આ મંત્રનું ધ્યાન માથાના ઉપરના ભાગમાં–જ્ઞાનકેન્દ્રમાં કરો. સાથે ચમકતા પીળા રંગનો અનુભવ કરો. હું મહાસાગર જેવો ગંભીર બની રહ્યો છું. સુખ-દુઃખ, નિંદા-સ્તુતિ, માન-અપમાન, સફળતા-નિષ્ફળતા, સંયોગ-વિયોગ, હર્ષ-શોક આદિ દ્વદ્વોથી મુક્ત સમતાના મહાન સાગરમાં આત્માનંદનો અનુભવ કરી રહ્યો છું.

આમ આ ઉત્તમ રંગના તરંગો આપણા સૂક્ષ્મ તેજસ શરીર દ્વારા અંતરાત્માને પહોંચે છે ત્યારે કર્મની શક્તિ મંદ પડી જાય છે, એક અતિ પ્રભાવક શક્તિ જાગૃત થાય છે અને આત્માનું શુદ્ધિકરણ થતું જાય છે. નિકાચિત સિવાયના કર્મો ક્ષીણ થાય છે. અશુભ કર્મોનું શુભ કર્મોમાં સંક્રમણ થાય છે. શુદ્ધ આત્માનો આનંદ અને શક્તિનો અનુભવ થવા લાગે છે. આત્માને સાક્ષાત્કાર થાય છે અને આમ કર્મનું વિષચક્ર નબળું પડી તૂટતું જાય છે.

(આ લેખ પૂ. આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી, મારા પૂ. પિતાશ્રી સ્વ. જેઠાભાઈ ઝવેરી તથા મારા મુનિ-બંધુ પ્રો. મુનિ શ્રી મહેન્દ્રકુમારજીના પુસ્તકો–સત્સંગ આદિ ઉપરથી અને મારા લઘુબંધુ અરુણના સહયોગથી લખ્યો છે. ✷✷✷

૭૫મી પર્યુષણ વ્યાખ્યામાળામાંતા. ૨૦-૮-૨૦૦૯ના રોજ આપેલું વક્તવ્ય

અર્હમ્, ૨૬૬, સાયન (પૂર્વ), ગાંધી મારકેટ પાસે, મુંબઈ- ૪૦૦ ૦૨૨.
ટેલિફોન : ૨૪૦૪૨૦૪૨. મોબાઈલ : ૯૮૨૧૬૮૧૦૪૬.

# ‘વસુદેવ-હિંડી’ની શૈલી

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

થોડાંક વર્ષો પૂર્વે મેં ‘પ્રબુદ્ધ જીવન’માં, શ્રી સંઘદાસગણિ વાચક-વિરચિત ‘વસુદેવ-હિંડી’ના અલંકારો સંબંધે એક લેખ લખેલો. ‘વસુદેવ-હિંડી’ના બીજા વાંચને મને એની શૈલીએ મુગ્ધ કર્યો ને ‘પ્ર.જી.’ના વાંચકોને આછોપાતળો ખ્યાલ આપવા માટે કેટલાક ગદ્ય-નમૂના તારવ્યા. આમ તો મેં મારા અભ્યાસ માટે લગભગ પંદરેક નમૂના તારવ્યા છે પણ અહીં પૃષ્ઠ મર્યાદાનો ખ્યાલ રાખી એમાંના ગણતરની જ ચર્ચા કરી છે.

‘વસુદેવ-હિંડી’નો વાચ્યાર્થ છે ‘વસુદેવનું પરિભ્રમણ’ શ્રીકૃષ્ણના પિતા વસુદેવે એમની યુવાવસ્થામાં જ ગૃહત્યાગ કરીને અનેક દેશોમાં પરિભ્રમણ કર્યું. ભાતભાતના અનુભવો મેળવ્યા અને અનેક માનવ તથા વિદ્યાધર કન્યાઓના પરિચયમાં આવ્યા. પોતાની અનેક દેશીય પ્રતિભાથી અનેક કન્યાઓ સાથે પ્રેમ કરી પરણ્યા-એ કથા ભાગનું મુખ્ય ક્લેવર છે; પણ આ પ્રાકૃત કૃતિમાં કર્તાએ અનેક ધર્મકથાઓ, લોકકથાઓ અને વાદસ્થળો તેમજ તીર્થંકરો, ધર્મપરાયણ સાધુઓ અને ધાર્મિક પુરુષોનાં ચરિત્રો અને બીજી અનેક વસ્તુઓનું નિરૂપણ કરીને કવચિત્ સાહિત્યિક સપ્રમાણતાનો ભોગ આપીને પણ આ ગ્રંથને એક મહાકાય ધર્મકથા તરીકે રજૂ કર્યો છે.’

ડૉ. ભોગીલાલ સાંડેસરા અનુવાદિત ‘વસુદેવ-હિંડી’નું પ્રકાશન કરતાં શ્રી હસુ યાજ્ઞિક લખે છેઃ ‘એક કથાનાયકના પ્રવાસ અને તે નિમિત્તે થતાં સાહસોના આલેખનમાં જે રીતે ‘કથા સરિત્સાગર’માં પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યના લગભગ પ્રત્યેક કથા પ્રકારનું પ્રતિનિધિત્વ જાળવવાનું શક્ય બન્યું છે તેમ તે જ પરિપાટી પર પ્રાકૃત કથાગ્રંથ ‘વસુદેવ-હિંડી’માં બન્યું છે. આપણું પ્રાચીન-મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશનો વંશવારસો લઈને આવે છે, એ રીતે ગુજરાતી કથાસાહિત્યનો આ પૂર્વજ ગ્રંથ છે.’ ગ્રંથના ૨૮ લંભકોમાં અનેક કથાઓ અને આડકથાઓનો સમાવેશ થયો છે. લોકોની દૃષ્ટિ વડે જેની સુંદરતા જોવાતી હતી એવા મુકુટના સ્થાનરૂપ તથા છત્રના જેવી આકૃતિ યુક્ત મસ્તકવાળા, ભમરાઓના સમૂહ જેવા કાળા, વાંકા, દક્ષિણાવર્ત અને સ્નિગ્ધ કેશવાળા, શરદઋતુના પૂર્ણચન્દ્ર જેવા સૌમ્ય વદન ચંદ્રવાળા, અષ્ટમીના ચંદ્ર જેવા લલાટવાળા, રવિનાં કિરણોથી વિકાસ પામેલા કમળ જેવી આંખવાળા, સુંદર નાસિકાવાળા, ઈન્દ્રગોપ અને પરવાળા જેવા રાતા હોઠવાળા, સર્પની બહાર કાઢેલી જીભના સમાન વર્ણયુક્ત જીભવાળા, કમળમાં મૂકેલી મોગરાની કળીઓની માળા સમાન દાંતવાળા, જેના ઉપર કુંડળ લટકી રહ્યાં છે એવા રમણીય શ્રવણવાળા, મોટી હડપચીવાળા, ત્રિલેખાથી યુક્ત શંખ સમાન ડોકવાળા, ઉત્તમ મણિના શિલાતલ સમાન વિશાલ વક્ષઃસ્થળવાળા, જેના પ્રકોષ્ઠ તથા શરીરના સાંધાઓ સુશ્લિષ્ટ છે એવા, નગરની ભોગળ જેવી દીર્ઘ ભુજાઓવાળા, ઉત્તમ લક્ષણોથી અંકિત અને પુષ્ટ હસ્તકવાળા, મનોહર રોમરાજિથી વ્યાપ્ત અને હાથના પંજામાં ગ્રહણ કરી શકાય એવા મધ્ય ભાગવાળા, વિકાસ પામતા પદ્મ સમાન નાભિવાળા, ઉત્તમ અશ્વના જેવી ગોળ કટિવાળા, હાથીની સૂંઢ જેવા રમ્ય અને સ્થિર ઊરુવાળા, (માંસલ સ્નાયુઓમાં) ઢંકાયેલા જાનુવાળા, હરિણના જેવી ઘૂંટીવાળા, શંખ, ચક્ર અને છત્ર વડે અંકિત, કોમલ અને કૂર્મ જેવા આકારયુક્ત ચરણવાળા, મસ્ત વૃષભ જેવી લલિત ગતિવાળા, શ્રવણ મનોહર, ઉત્તમ અર્થયુક્ત અને રિભિત વાણીવાળા તથા આખા મહીતલનું પાલન કરવાને યોગ્ય એવા તેને (વસુદેવને) મેં જોયા.’

[‘વસુદેવ-હિંડી’ના ‘પદ્માલંભક’માં વસુદેવવર્ણન)] બાણની કાદંબરી-શૈલીનું સ્મરણ કરાયે એવી પ્રકૃષ્ટ રીતિએ અહીં વસુદેવનું વર્ણન થયું છે. એના અલંકારો પણ સંસ્કૃત-પરિપાટીના છે. આ નખશિખ વર્ણનમાં શરૂઆત શિખાથી તે ચરણ કમલના અંત સુધીની છે. મુકુટ, મસ્તક, કેશ, વદન, લલાટ, નયન, નાસિકા, ઓષ્ઠ, જીભ, દંતપંક્તિ, કર્ણ, હડપચી, ગ્રીવા, વૃક્ષસ્થલ, ભુજાઓ, હસ્ત, રોમરાજિ, કટિપ્રદેશ, નાભિ, ઊરુ, જાનુ, ઘૂંટી, ચરણ, ગતિ, વાણી સર્વને માટે આ વિશાલ વિશ્વની પ્રકૃતિમાંથી ઉપમાનોની વણઝાર લીલયા ખડી થઈ જાય છે.

નવા શિરીષના સુંદર પુષ્પ સમાન રંગવાળા અને સોનાના કર્મ જેવા ઘાટીલા પગવાળી, અત્યંત, વિભ્રમ (વિલાસ)થી ચકિત કરે એવાં અને કેળના સ્તંભ જેવાં ઊરુ યુગલવાળી મોટી નદીના પુલિનના સ્પર્શ જેવી સુંવાળી જંઘાવાળી, ફાડેલા રક્તાંશુકના મધ્ય ભાગની લાલિમા જેવું અત્યંત લાલ વસ્ત્ર જેણે પહેર્યું છે એવી, હંસોના સમૂહ જેવો શબ્દ કરતી કટિમેખલાવાળી, ઈષત્ રોમરાજિવાળી, કામ અને રતિના જેવાં (અથવા કામવાસનાની વૃદ્ધિ કરનારાં), ઉરતટની શોભા વધારનારાં, પરસ્પર સંઘર્ષ થવા છતાં સજ્જનની મૈત્રીની જેમ વૃદ્ધિ પામતાં તથા જેમની વચ્ચે અંતર નથી એવાં સ્તનોવાળી તથા રોમયુક્ત બાહુલતાવાળી રાતી હથેળીવાળા, કોમળ, જેમાં ઘણી રેખાઓ નથી એવા, ક્રમપૂર્વક ગોળ તથા ઘાટીલી આંગળીઓ તથા લાલ નખ વડે યુક્ત એવા અગ્રહસ્તવાળી, ઘણા લાંબા નહીં એવા લાલ હોઠવાળી, ક્રમયુક્ત, શુદ્ધ અને સુંદર દંત પંક્તિવાળી, રક્ત કમળના પત્ર જેવી જીભવાળી, ઉત્તમ અને ઉન્નત નાસિકાવાળી, પોશમાં સમાય એવી, લાંબી, નીલ કમળના પત્ર જેવી આંખોવાળી, સંગત ભ્રૂકુટિવાળી, પાંચમના ચંદ્ર સમાન લલાટ

પટ્ટવાળી તથા કાજળ અને ભ્રમરોના સમૂહ જેવા કાળા, મૃદુ, વિશદ અને જેમાંથી સુગંધ નીકળે છે એવાં સર્વ કુસુમો વડે સુવાસિત અને શોભતા કેશવાળી, સર્વ અંગ-ઉપાંગોમાં પ્રશસ્ત અને અવિતૃષ્ણ રીતે દર્શન કરવા લાયક તે સુંદરીને મેં જોઈ.'

[શ્રી સંઘદાસગણિ વાચક-વિરચિત 'વસુદેવ-હિંડી'ના 'ધમ્મિલ-હિંડી'માં શ્યામદત્તાને જોતાં અગડદત્તનો પ્રતિભાવ.] વસુદેવ-વર્ણનમાં શરૂઆત શિખાથી તે ચરણ કમલના નખ સુધીની હતી તો, ગ્રંથના પ્રથમ કક્ષાના 'ધમ્મિલ-હિંડી'માં શરૂઆત કરી છે નખથી તે શિખાના અંત સુધીની. વર્ણનક્રમ ઉલટાવી દીધો છે. એના આદિ-અંતની ઉપમાઓનું નાવીન્ય જુઓ. 'નવા શિરીષના સુંદર પુષ્પ સમાન રંગવાળા ને સોનાના કૂર્મ જેવા ઘાટીલા પગ'થી તે 'સર્વ અંગ-ઉપાંગો'માં પ્રશસ્ત ને અવિતૃષ્ણ રીતે દર્શનીય'-એવી સુંદરીનું વર્ણન છે. વસુદેવ-વર્ણન અને શ્યામદત્તાના વર્ણનમાં ઉપમાન-ઉપમેયનું ભાગ્યે જ પુનરાવર્તન થતું હોય છે. કેટલેક સ્થળે બબ્બે ઉપમાનોની સહાય લીધી છે. કલેડામાં ધાણી ફૂટે તેમ વિશેષણો ફૂટે છે. વાક્યબંધ ક્યાંય શિથિલ પડતો લાગતો નથી. સળંગ સૂત્રતાનો સાદ્યંત અહેસાસ થાય છે.

**ભગવાન શાંતિનાથનું વર્ણન**

'દેવતા વડે પરિગૃહીત થયેલા અને સુકૃતનું જાણે પ્રતિબિંબ ન હોય એવા અતિશયયુક્ત દેહવાળા, શરદકાળના પૂર્ણચન્દ્ર જેવા સૌમ્ય વદનચંદ્રવાળા, શિશિરકાળના બાલસૂર્ય જેવા તેજયુક્ત, મનુષ્યોને પ્રીતિ ઉત્પન્ન કરનાર, સંતોષથી વિસ્તાર પામેલાં નયન કમળોની માળા વડે ચિરકાળ સુધી દર્શન કરવા લાયક, નંદનવન અને મલય પર્વતમાં ઉત્પન્ન થયેલાં પુષ્પોની સુગંધવાળા સુખદાયક પવનની જેમ ઘ્રાણને અમૃત જેવી પ્રસન્નતા અર્પનાર શીતળ અને સુરભિ સુગંધ જેમનો છે એવા, પગની આંગળીઓના પ્રશસ્ત સમૂહ વડે જેમણે કમળવનની શોભાનો સ્વીકાર કર્યો છે એવા, બળવાન મૃગરાજને પણ શિક્ષણ આપવાને સમર્થ તથા લક્ષણશાસ્ત્રને અનુકૂળ એવી સ્વચ્છંદ લલિત ગતિવાળા, સુરદુંદુભિ તેમજ જળ ભર્યા મેઘના જેવી હૃદયહારી મધુર વાણીવાળા, વિશુદ્ધ જ્ઞાનરત્ન વડે પ્રકાશિત સૂક્ષ્મ શાસ્ત્રના નિર્ણયને સમજનારા, ઉત્તમ સંહનન-વાળા મહા સત્ત્વશાલી, અનંતવીર્ય, દાતા, શરણ લેવા લાયક, દયાપર તથા વૈદૂર્ય મણિની જેમ નિરુપલેપ એવા તે ભગવાન (શાંતિનાથ) સુખપૂર્વક ઉછરતા હતા. કૃતપ્રયત્ન એવા દેવો પણ પણ તેમના ગુણસાગરનો પાર પામવાને સમર્થ નથી તો પૃથગ્‌જનો-સામાન્ય મનુષ્યોનું તો શું કહેવું?

ભગવાન શાંતિનાથના આ વર્ણનમાં શરદના પૂર્ણ ચંદ્ર ને શિશિરના બાલસૂર્યને, નંદનવન ને મલયગિરિને અચૂક યાદ કર્યાં છે. પણ મોટાભાગના દિવ્ય ને ભવ્ય ગુણો માટે ઉપમાન-નાવીન્ય જોવા મળે છે. 'દેવતા વડે પરિગ્રહીત થયેલા', સુકૃતનું જાણે પ્રતિબિંબ ન હોય-એવા, સંતોષથી વિસ્તાર પામેલાં નયન કમળની માળા વડે ચિરકાળ સુધી દર્શન કરવા લાયક, ઘ્રાણને અમૃત જેવી પ્રસન્નતા આપનાર, વિશુદ્ધ જ્ઞાનરત્ન વડે પ્રકાશિત સૂક્ષ્મશાસ્ત્રોના નિર્ણયને સમજનારા-આ બધા સૂચક સૂક્ષ્મ શબ્દ પ્રયોગોમાં ભગવાનના દિવ્ય વ્યક્તિત્વને યથાર્થ ઉઠાવ મળે છે. વસુદેવ ને શ્યામદત્તાના ચરિત્ર ચિત્રણ કરતાં ભગવાન શાંતિનાથના વ્યક્તિત્વના વ્યાવર્તક લક્ષણો કેટલાં બધાં ભિન્ન રીતિએ નિરૂપાયાં છે તેની પ્રતીતિ તુલના કરતાં થઈ જાય છે.

પછી મને વૃદ્ધોએ કહ્યું: 'હે પ્રિયસ્વરૂપ! કહે, 'વેદનોપરમાર્થ શો છે? પછી મેં કહ્યું: 'નૈરુક્તિકો કહે છે-વિદ્ ક્રિયાપદ જ્ઞાનના અર્થમાં આવે છે; તેને જાણે છે, તે વડે જાણે છે અથવા તેને વિષે જાણે છે તેથી વેદ કહેવાય છે. તેનો અમિથ્યાવાદી અર્થ તે તેનો પરમાર્થ છે.' વેદ-પારગામીઓ એથી પ્રસન્ન થયા અને મને કહ્યું: 'તેનું ફળ શું છે?' મેં કહ્યું: 'વિજ્ઞાન એ એનું ફળ છે.' તેઓએ કહ્યું: 'વિજ્ઞાનનું ફળ શું છે?' મેં કહ્યું: 'વિજ્ઞાનનું ફળ વિરતિ છે.' તેઓએ કહ્યું: 'વિરતિનું ફળ શું છે?' મેં કહ્યું: 'સંયમ'. તેઓ બોલ્યા: 'સંયમનું ફળ શું છે?' મેં કહ્યું: 'સંયમનું ફળ અનાસ્રવ છે.' તેઓ બોલ્યા: 'અનાસ્રવનું ફળ શું છે?' મેં કહ્યું: 'અનાસ્રવનું ફળ તપ છે.' તેઓ બોલ્યા: 'તપનું ફળ શું છે?' મેં કહ્યું: 'તપનું ફળ નિર્જરા છે.' તેઓ બોલ્યા: 'નિર્જરાનું ફળ શું છે? મેં કહ્યું: 'નિર્જરાનું ફળ કેવળજ્ઞાન છે.' તેઓ બોલ્યા: 'કેવળજ્ઞાનનું શું ફળ છે?' મેં કહ્યું: 'કેવળજ્ઞાનનું ફળ અક્રિયા છે' તેઓ બોલ્યા: 'અક્રિયાનું ફળ શું છે?' મેં કહ્યું: 'અક્રિયાનું ફળ અયોગ છે.' તેઓ બોલ્યા: 'અયોગતાનું ફળ શું છે?' મેં કહ્યું: 'સિદ્ધિગમન જેનું પર્યાય છે એવું અવ્યાબાધ સુખ તે અયોગતાનું ફળ છે.'

ઉપરનું આ અવતરણ, 'સોમશ્રીલંભક'માંથી, 'વસુદેવનું વેદાધ્યયન અને તેની પરીક્ષા'માંથી લીધું છે. વસ્તુ સ્વયં સ્પષ્ટ છે. પેલાં ત્રણ દૃષ્ટાંતોની તુલનાએ આ પ્રશ્નોત્તરી કેટલી બધી લાઘવયુક્ત છતાંયે સીધી, વેધક, સોંસરી ઉતરી જાય તેવી સચોટ ને સત્ય છે. પરિભ્રમણકથામાં આત્મનિવેદન આવે એની શૈલી સીધી-સરળ હોય તો વ્યક્તિઓ, વિવિધ સ્થળોના વર્ણનમાં એ રંગીલી ને રોચક પણ બને. જૈનધર્મના ઉપદેશમાં એ પારિભાષિક ને પર્યેષણા-પ્રધાન બને તો વાદસ્થળોમાં નૈયાયિકી-લક્ષણયુક્ત પણ બને. લોકકથાઓની રંગદર્શિતાનો પણ અહીં અભાવ નથી, મતલબ કે સ્થલ, કાળ, પ્રસંગ અને વ્યષ્ટિના નિરૂપણમાં એનું વૈવિધ્ય જોવા મળે છે.

* * *

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,
C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે,
A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

# પત્ર ચર્ચા

## વર્તમાન યુગમાં જૈન સાધુ સમાજે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ?

*[ 'પ્ર.જી.'ના જુલાઈ અંકના તંત્રી લેખ 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા' દ્વારા અમે ઉપરના વિષયની ચર્ચા માટે સમગ્ર સમાજને આમંત્રણ આપ્યું હતું. એ વિશે પ્રાપ્ત થયેલ પત્રો 'પ્ર.જી.'ના આગળના અંકોમાં અમે પ્રકાશિત કર્યા હતા, આ અંકમાં વધુ પત્રો અહીં પ્રસ્તુત કરીએ છીએ. અમોને જેમ જેમ પત્રો પ્રાપ્ત થતા જશે એ પ્રમાણે પ્ર.જી.ના અંકમાં પ્રસિદ્ધ કરતા રહીશું. સર્વેનો આભાર. ❑તંત્રી]*

(૪)

### જૈનાચાર પ્રતિ એક દ્રષ્ટિબિંદુ

જૈન સાધુ સમાજ અને આધુનિક ઉપકરણોનો ઉપયોગ એ એક અતિગંભીર વિચારણા માગી લેતી બાબત છે, જેના દુરગામી પરિણામો પડી શકે છે.

એક બાજુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુલક્ષીને ધર્મમાં જરૂરી પરિવર્તન આવશે. એવી પૂ. મહાવીર પ્રભુની વાણી જ્યારે બીજી બાજુ ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને વળગી રહેવાની અડગ નિશ્ચયતા તથા જૈન સાધુ સમાજ પાસેથી ચારિત્ર તથા શિસ્તના કડક પાલનની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

વર્તમાનમાં વિજ્ઞાને હરણફાળ ભરી છે તથા દિન પ્રતિદિન અવનવા આધુનિક ઉપકરણોનો આવિષ્કાર થતો જાય છે ત્યારે એ ઉપકરણોનો ઉપયોગ કરવા જૈન સાધુ સમાજ લલચાય એ સ્વાભાવિક જ છે. અત્રે ભયસ્થાન એ છે કે એક વખત જો આવા ઉપકરણોનો ઉપયોગ કરવાનું શરૂ થાય પછી એ પ્રત્યેનો આસક્તિ ભાવ વધતો જાય અને આખરે તો સાધુ–સમાજ પણ છદ્મસ્થ જ છે. અને છદ્મસ્થ માત્ર ભૂલને પાત્ર! ઉતરતો આરો છે અને પંચમ કાળ છે. નીચે લપસવા માટે ભરપૂર નિમિત્તો મળતા જ જાય છે. અને પતનની ઊંડી ખીણમાં ધકેલાઈ જવામાં વાર લાગતી નથી.

આધુનિક ઉપકરણો સારા છે કે ખરાબ એની ચર્ચા કરવા કરતાં, આ ઉપકરણોનો ઉપયોગ કયા ભાવથી કરવામાં આવ્યો છે તે વિચારવું મહત્ત્વનું છે. જો કે ગબડવાનો ખતરો તો ઊભો જ છે!

મોબાઈલ દ્વારા વિશિષ્ટ ડૉક્ટરનો સંપર્ક કરી કોઈક દર્દીનો જીવ બચાવવાનું નિમિત્ત ઊભું થઈ શકે છે ત્યારે એ જ મોબાઈલ કેટલીક વાર જાનહાની તથા વ્યભિચારના આચરણ માટે પણ નિમિત્ત બની શકે છે.

ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા સમસ્ત પૃથ્વી ઉપર ઉપલબ્ધ માહિતી સહેલાઈથી એકત્રિત કરી શકાય છે અને આંખના પલકારામાં જ કંઈ કેટલાય લોકોનો સંપર્ક તથા માહિતીનું આદાનપ્રદાન થઈ શકે છે ત્યારે એ જ ઈન્ટરનેટના દુરૂપયોગ દ્વારા વિષયવાસના અને વ્યભિચારને પણ મોકળું મેદાન મળી શકે છે.

સૂર્યોદય થયા પછી જ જયણાપૂર્વક કરાતા પગપાળા વિહારોને બદલે હવે ઈરિયા સમિતિની અવહેલના કરીને વહેલી સવારે અંધારામાં થતા વિહારોને કારણે જ માર્ગ અકસ્માતોના બનાવો વધતા ચાલ્યા છે. જો કે હવે ધર્મ પ્રચારના નામે સાધુ સમાજોમાં વાહનોના પ્રવાસો પણ થતા દેખવામાં આવે છે.

ધર્મ પ્રચારને નામે માઈક અને લાઉડ સ્પીકરોનો ઉપયોગ હવે તો એરકંડીશન્ડ ભવ્ય હૉલોમાં વીરપ્રભુની વાણી પીરસવા માટે થાય છે ત્યારે સ્વાભાવિકપણે પ્રશ્ન થાય કે સાધુ જીવનની માતા સમાન આઠ પ્રવચન માતાઓમાંની એક એવી વચન ગુપ્તિની જયણા પળાય છે ખરી?

સાધુ સાધ્વીજીની દીક્ષાનો મૂળભૂત હેતુ પોતાના આત્માનું કલ્યાણ જ છે. એમનું જીવન એ તો નદીની વહેતી નિર્મળ ધારા સમાન હોય છે અને એ ધારામાં આપણા જેવા મુમુક્ષુ આત્માઓ માટે હાથ ભીંજવવાથી અધ્યાત્મનો સ્પર્શ થયા વિના રહેતો નથી. આત્મકલ્યાણ એ જ હેતુ હોય છે. **પંચ મહાવ્રતધારી જૈન સાધુ-સાધ્વીજીનું શુદ્ધ આચરણ એ જ ધર્મ પ્રચાર છે.** ધર્મના પ્રચાર-પ્રસારના ઓઠા હેઠળ આધુનિક ઉપકરણોનો વધતો જતો ઉપયોગ સાધુ સમાજ માટે પતનનું કારણ બની રહ્યું છે.

નંદી સૂત્રમાં શ્રાવકોને અમ્મા-પિયાની ઉપમા આપવામાં આવી છે. શ્રાવકો સાધુ સમાજના માતા-પિતાનું સ્થાન ધરાવે છે. ધ્યાનમાં રહે કે મહદ્ અંશે સાધુ સમાજના પતનનું નિમિત્ત શ્રાવકો જ થતા જણાય છે. શ્રાવકોની જવાબદારી વિશેષ છે. **ચારિત્ર તથા શિસ્તનું કડક પાલન એ અણગાર ધર્મનો પાયો છે.** એમાં કોઈ જ ઢીલ ચલાવી શકાય નહીં.

આધુનિક ઉપકરણોના ઉપયોગ દ્વારા જૈન સાધુ સમાજ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય તથા ત્રસ જીવોના કચ્ચરઘાણ માટેનો નિમિત્ત તો નથી બનતો ને? આ એક અત્યંત વિચારણીય બાબત છે. અહિંસા પ્રધાન જૈન ધર્મના પાયામાં જ જો આધુનિક ઉપકરણોના ઉપયોગ દ્વારા હિંસાનો પ્રાદુર્ભાવ થતો હોય તો વર્તમાન આરાના અંત સુધી આપણે કેમ ટકીશું?

આત્માના કલ્યાણ અર્થે સંસારનો ત્યાગ કરીને સંયમ માર્ગે વિચરનારા જૈન સાધુ સમાજે મોબાઈલ, કૉમ્પ્યુટર, ઈન્ટરનેટ, માઈક, લાઉડ સ્પીકર તથા વાહન વ્યવહાર જેવા આધુનિક ઉપકરણોના ઉપયોગથી દૂર જ રહેવામાં તેમનું તથા સમાજનું હિત સમાયેલું છે.

મારા વિચારો દ્વારા જો કોઈના હૃદયને લેશ માત્ર પણ ઠેસ પહોંચી હોય તો હું હૃદયપૂર્વક ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ પ્રાર્થું છું.

✷ ✷ ✷

**જાદવજી કાનજી વોરા,**
૨૦૪, બી. પી. એસ. પ્લાઝા, દેવી દયાલ રોડ, મુલુંડ વેસ્ટ,
મુંબઈ–૪૦૦ ૦૮૦. ટે.નં. ૨૫૬૦૫૬૪૦

(૫)

## જૈનાચાર પ્રતિ એક દ્રષ્ટિબિંદુ

આદરણીય તંત્રીશ્રી,

'જૈનાચાર પ્રતિ એક દૃષ્ટિબિંદુ'ની સુધારિત નકલ મળે તો લેખ છપાઈ ગયેલો એ વાત તમે જણાવેલી. આ લેખના બીજા પેરેગ્રાફમાં ''પરંતુ સાધુ સાધ્વીના જીવનમાં સંયમ અને સાધનાની, હાલના સંજોગોમાં વિશેષ અપેક્ષા રહે છે, તેને ફક્ત શ્રમણજીવનના નીતિનિયમો દ્વારા નહિ પણ શ્રાવકશ્રાવિકાની જીવન પદ્ધતિના અને પૂરા માનવ સમાજના સંદર્ભમાં જોવાની જરૂર છે'' એમ લખેલું એના આધારે જે થોડોક સુધારો કરેલો તે આ પ્રમાણે હતો :

''એમ માનું છું કે મહાવીરે શ્રાવક-શ્રાવિકા સંઘની સ્થાપના કરી તેનો ઉદ્દેશ શ્રાવક–શ્રાવિકાઓને શ્રમણ જીવન તરફ દોરી જવાનો છે જેથી ધર્મનો પ્રભાવ વધે અને શ્રમણ સંસ્થા પણ મજબૂત બને.'' આજે એક અઠવાડિયા પછી 'સમણ સુત્તમ'ના પાના ૯૩ ૫૨ ગાથા ૨૯૬ અને ૨૯૭માં નીચે મુજબ વાંચવા મળ્યું :

'જન્મ-જરા-મરણથી મુક્ત જીનેશ્વરોએ જગતમાં બે સાધના માર્ગ દર્શાવ્યા છે : એક શ્રમણનો માર્ગ, બીજો શ્રાવકનો.

'શ્રાવક ધર્મમાં દાન અને પૂજા મુખ્ય છે, તેના વગર શ્રાવક, શ્રાવક નથી. અને શ્રમણધર્મમાં ધ્યાન અને સ્વાધ્યાય મુખ્ય છે, તેના વગર શ્રમણ, શ્રમણ નથી.'

આ વાક્યો પ્રબુદ્ધ જીવનના સપ્ટેમ્બરના અંકમાં અઢારમા પાને, પહેલી કોલમમાં, છેલ્લો પેરેગ્રાફ 'સૌથી વધારે જવાબદારી'થી શરૂ થાય તે પહેલા ઉમેરવાનો હતો, તમને આ બન્ને વાતનો સંબંધ અને મહત્ત્વનો ખ્યાલ આવશે. એટલે આવતા અંકમાં ''આટલું વધારે વાંચશો'' એમ લખવાનું. તમને યોગ્ય લાગે તો જરૂરી સૂચના આપશો. ✷✷✷

**કાકુલાલ છ. મહેતા,**
૧૭૦૪, ગ્રીન રિડ્જ ટાવર-૨, ૧૨૦, લિંક રોડ, ચિકુવાડી, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ–૪૦૦ ૦૯૨.

(૬)

## વિહાર–માર્ગ આકસ્માત અને આધુનિકતા

વિહાર–આ વિષય ઉપર ચર્ચા માટે વાચકોનું મંતવ્ય મોકલવા આવાહન કરવામાં આવ્યું હતું–એ મુજબ મારા વિચાર રજૂ કરું છું.

સાધુ કોને કહેવાય? પ. પૂ. વલ્લભ સૂરિશ્વરજી મ.સા. કહે છેઃ 'સાધનો તિસ્વ-પર 'કાર્યાપિતી સાધુ.' એનો અર્થ જે પોતાનું અને બીજાઓનું કલ્યાણ કરે એ સાધુ. પ. પૂ. ન્યાયવિજયજી મ.સા. લખે છે કે–'દીક્ષા' શબ્દ 'દીક્ષ' ધાતુ પરથી બન્યો છે. નિયમ, યોગ, ઉપનયન અને વ્રતાદેશ અર્થોમાં દીશા શબ્દ વપરાય છે.

સંત તુકારામ કહે છે–'જે કા રંજલે ગાંજલે ત્યાંસી મ્હણે જો આપુલે તોચી સાધુ ઓળખાવા, દેવ તેથેચી જાણાવા.'

આપણા જૈન ગ્રંથોમાં કહે છે 'ન વિ મુંડિએણસમણો ન ઓંકારેણ બંભણો.' આગળ શાસ્ત્રકારો કહે છે 'મુંડ મુંડાયે તીન ગુણ મિટે, શિશકા ખાજ, ખાને કો લડૂ મિલે, લોગ કહે મહારાજ.'

આપણા આચાર્યોએ જૈન ધર્મનો ધ્વજ ઊંચો લહરાવ્યો છે. આચાર્ય વિજયસૂરી મ.સા.નો અકબર બાદશાહ ઉપર જબરદસત પ્રભાવ હતો તેથી બાદશાહે એના રાજ્યમાં પશુ હિંસા બંધ કરાવી હતી.

પ. પૂ. સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મ.સા.એ ત્રિષષ્ઠી શલાકા ચરિત્રમાં વ્યાકરણ, છંદ, અલંકાર, નીતિ કાવ્ય ઉપર મુક્ત સંચાર કર્યો. આપણા સમાજમાં વજ્રસ્વામિ, શયંભવ સ્વામિ જેવા વિદ્વાનો થયા છે. આપણા આચાર્યો સમાજ પ્રબોધનનું કાર્ય કરે છે. આવા આચાર્યો આપણી પરંપરા, તત્ત્વજ્ઞાન શ્રાવકોને સમજાવવાનું કાર્ય કરે છે તેથી આપણી પરંપરા હજી પણ ચાલે છે. મોટા મોટા આચાર્ય ભગવંતો, સુખલાલજી જેવા વિદ્વાનોએ આપણી પરંપરા સારી રીતે સમજાવી છે. આવા ગુરુદેવોને વિનમ્ર વંદન.

આજના જમાનાની હવા અને વાતાવરણનો પણ ખ્યાલ રાખવો આવશ્યક છે. જૈનોનો ઈતિહાસ એમ કહે છે. દાખલા તરીકે–પ. પૂ. હરિભદ્રાચાર્ય લખે છે. દેશ કાલ વિગેરેને લઈ એવી પરિસ્થિતિ ઉભી થાય છે કે, જે કરવા યોગ્ય નથી તે પણ કરવું પડે છે અથવા કરવા યોગ્ય બને છે. અને જે કરવા યોગ્ય છે તેનો પરિત્યાગ કરવો પડે છે. એટલે કાળના બદલ સાથે મૂળ તત્ત્વો (અહિંસા, સત્ય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય) નહીં પણ ક્રિયાઓ બદલે છે. દા. ત. શ્રી કાલકાચાર્ય સંવત્સરી ભાદરવા સુદી ૫ ને બદલે ચોથ કરી. પહેલાના જમાનામાં સાધુ વર્ગ ગોચરી લેવા ત્રીજા પ્રહરમાં જતો હતો પરંતુ દેશકાળના, પરિસ્થિતિના બદલાવથી ગોચરીનો ટાઈમ બદલ્યો. આચાર્ય શયંભવ દશવૈકાલિક સૂત્રમાં લખે છે : 'કાલે કાલં સમાચરે.' એજ સૂત્રમાં સાધુઓ માટે એકજ વાર ભોજન લેવાનું કહેલુંઃ 'અંગ ભત્તંય ભોયણં.' પરંતુ એકવાર જમવાથી આવતા અશક્તપણાને ધ્યાનમાં લઈ એ નિયમ પણ બદલ્યો. પહેલા કલ્પસૂત્ર શ્રાવકો સામે વાંચતા ન હતા. એ નિયમ પણ રાજપુત્રની માંદગી માટે બદલ્યો. પ. પૂ. વલ્લભસૂરિ કહે છે–ભગવાન પાર્શ્વનાથના સમયમાં ચાતુર્માસ ધર્મનું પ્રવર્તન હતું પરંતુ ભગવાન મહાવીરે પંચયામ ધર્મની પ્રરૂપણા કરી. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ તથા કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ આદિ અનેક આચાર્યોએ દેશકાલની પરિસ્થિતિનુસાર ધર્મવિધિઓમાં, વ્યવહારમાં પરિવર્તન કર્યું.

ભગવાન મહાવીર સ્વામીએ પણ ખાસ મુશ્કેલીમાં નૌકા વિહાર કર્યો હતો. પ્રતિક્રમણમાં–'સકલાર્હત' સૂત્રનો સમાવેશ હેમચંદ્રાચાર્યે કર્યો. પ. પૂ. વિજય ધર્મસૂરિએ એમના શિષ્યોને સિલોન મોકલાવ્યા હતા.

ટૂંકમાં આપણને ખ્યાલ આવશે કે દ્રવ્ય, કાળ, ક્ષેત્રભાવ ખ્યાલમાં લઈ અમુક ક્રિયાઓ બદલાતી આવી છે, એટલે અમુક ક્રિયાઓમાં ફરક થવો જ જોઈએ.

**હવે દીક્ષા ક્યારે આપવી એનો વિચાર કરીએ.**

પૂ. હરિભદ્ર સૂરિ કહે છે - 'ઉપાયનઃ કાયાપાલનમ' 'ભાવ વૃદ્ધિ કરણમ્'. દીક્ષા તરત ન આપતા ઉચિત સમય સુધી દીક્ષાર્થીને દીક્ષાના ગુણોનો અભ્યાસ કરવા માટે કહેવું અને પછી દીક્ષા આપવી. દીક્ષા લેતા પહેલા મુમુક્ષુની યોગ્યતાની તપાસ કરવી અને શાંતિપૂર્વક દીક્ષા આપવી. ભગવાન મહાવીરે દીક્ષા ગ્રહણ કરતા પહેલાં બે વરસ શ્રાવકના વેશમાં ક્રિયા માર્ગનું પાલન કરતા હતા. દીક્ષા પછી એનું ધર્મશાસ્ત્ર પ્રમાણે પાલન ન કરી શકતો હોય તો એ પાછો સંસારમાં આવે છે. એથી જૈન ધર્મ પર જગતનો ઉપહાસ થાય છે. શુલ્લક–બાલમુની આઠ વરસના હતા. દીક્ષાના નિયમો પાળી શક્યા નહીં. પિતા-ગુરુ પણ હતા. એમને બાલમુનીએ કહ્યું: 'મારાથી તડકો સહન નથી થતો મને છત્રી આપો. પછી ગાદી માગી, ચપ્પલ માગી, છેલ્લે પિતાએ એને ઘરે જવા કહ્યું.

હવે આની બીજી બાજુ જોઈએ–મહારાજ સાહેબનું વ્યાખ્યાન સાંભળવા એક થી બે હજાર શ્રાવકો આવે તો વૃદ્ધ મ.સા.નું વ્યાખ્યાન કેવી રીતે સાંભળી શકશે ? પૂ. વલ્લભસૂરિ મ.સા. લાઉડસ્પીકર વાપરતા હતા અને આજે પણ એનો વપરાશ કરવો જોઈએ. સ્થાનકવાસી ગુરુઓ વાપરે છે. બંધુ ત્રિપુટી પણ એના વપરાશ કરે છે. સમાજ મોટો થયો છે અને એવા નવા સાધનો વાપર્યા વગર ધર્મનો પ્રસાર થાય જ નહીં. પૂ. અમરમુનિ કહે છે–વિજળીમાં વાયુ હિંસા નથી. પૂ. કલિકાચાર્યે એક સાધ્વીના શીલનું રક્ષણ કરવા માટે જુલમી રાજા સાથે મુનિવેશમાં યુદ્ધ કર્યું હતું અને સાધ્વીજીનું રક્ષણ કર્યું હતું. પાકિસ્તાનનું નિર્માણ થયું ત્યારે પૂ. વલ્લભસૂરિ અને એમના શિષ્યો ૧૫ ટ્રકમાં બેસીને અમૃતસર આવ્યા હતા. અમેરિકામાં સર્વ ધર્મ પરિષદ થઈ ત્યારે પૂ. આત્મારામ સૂરિને આમંત્રણ આવેલું પણ એ જઈ શક્યા નહીં એટલે બેરિસ્ટર વીરચંદ ગાંધીને મોકલ્યા.

સાધુ આજીવન શુદ્ધિનો ઉમેદવાર છે. સમય બદલ્યો છે. નવી પેઢીને ધર્મના તત્ત્વો નવી ભાષામાં સમજાવવા પડશે. હજી પણ ચંદ્ર ઉપર ગયેલો માણસ ચંદ્ર ઉપર ગયો નથી એમ વ્યાખ્યાનમાં કહેવામાં આવે છે. આવા વ્યાખ્યાનથી યુવાપેઢી ધર્મ ઉપરનો વિશ્વાસ અને શ્રદ્ધા ગુમાવી બેસશે. આજે વિજ્ઞાન યુગ છે. વિજ્ઞાનની ભાષામાં જ બોલવું જોઈએ. પરદેશમાં પણ પ્રચાર અને પ્રસાર થવો જોઈએ. તે માટે વાહનોનો ઉપયોગ કરવો જોઈએ. સાધુઓને ફરવા માટે વાહન વાપરવા કહેતો નથી પરંતુ ધર્મપ્રચાર માટે આધુનિક સાધનનો ઉપયોગ કરવો જોઈએ એવી મારી ભાવના છે.

મારો અભ્યાસ અલ્પ છે જે કાંઈ થોડું ઘણું વાંચ્યું છે તે લખ્યું છે. કોઈની ભાવનાને ઠેસ પહોંચાડવાની મારી ભાવના નથી. માઠું લાગતું હોય તો ક્ષમસ્વ-મિચ્છામી દુક્કડમ્. ✱✱✱

**શાંતિલાલ સી. શાહ,** ૭૩૦, સદાશિવ પેથ, પૂણે–૪૧૧૦૩૦.
ફોન : ૨૪૪૭૧૦૬૩, ૨૪૪૭૭૩૫૬, ૨૪૪૭૮૬૭૫

# પૂર્વગ્રહ : વૈમનસ્યનું વિષબીજ

❑ **શાંતિલાલ ગઢિયા**

વ્યક્તિઓના બે સમૂહો વચ્ચે વેર અને દ્વેષની ભાવના માનવજાતની સદીઓથી સમસ્યા રહી છે. તેથી જ દુનિયાના કોઈ ને કોઈ ભાગમાં હંમેશાં સંઘર્ષો ચાલ્યા કરે છે. સંઘર્ષનું નિર્ઘૃણ રૂપ એટલે યુદ્ધ. આ વૈમનસ્યના મૂળ ક્યાં છે ? જવાબ છે વ્યક્તિનું પૂર્વગ્રહયુક્ત માનસ. યુનોનું એક સૂત્ર છેઃ Wars begin in the minds of men. (યુદ્ધો સૌ પ્રથમ માનવીના મનમાં ખેલાય છે.)

'પૂર્વગ્રહ'નો અંગ્રેજી પર્યાય Prejudice મૂળ લેટિન ભાષાના શબ્દ Prejudicium પરથી ઊતરી આવ્યો છે. તેનો અર્થ છે 'પૂરતી તપાસ વિનાનો અથવા પૂર્વનિર્ધારિત અભિપ્રાય.' પરિણામે એક સામાજિક જૂથ અન્ય સામાજિક જૂથ પ્રત્યે નિષેધક મનોવલણ ધરાવે છે. ન્યુકોમ્બ પૂર્વગ્રહની વ્યાખ્યા આપતાં કહે છે કે પૂર્વગ્રહ એટલે કોઈ પણ વ્યક્તિ કે જૂથ પ્રત્યે વિચાર, લાગણી અને વર્તનની દૃષ્ટિએ વિરુદ્ધ અથવા પ્રતિકૂળ પ્રતિક્રિયા કરવાનું પૂર્વનિર્ધારિત મનોવલણ. પ્રો. બી. કુપ્પુસ્વામીના મતે પૂર્વગ્રહ એટલે એવું મનોવલણ, જે હંમેશાં આવેગાત્મક હોય અને પર્યાપ્ત પુરાવા વગર અને અનુભવ વગર સંપાદિત (acquired) થયું હોય.

પૂર્વગ્રહના ઉદ્ભવ વિષે મુખ્યત્વે ૪ સ્પષ્ટીકરણો આપવામાં આવે છેઃ

**૧. પૂર્વગ્રહ શોષણમાંથી ઉદ્ભવે છે.**

આ મત કાર્લ માર્કસે આપ્યો છે. જ્યારે એક જૂથ બીજા જૂથનું શોષણ કરીને કે તેમના પર દમન ગુજારીને અમુક પ્રકારના લાભ મેળવવાનો પ્રયાસ કરે છે ત્યારે પૂર્વગ્રહ ઉદ્ભવે છે. જેઓ સમૃદ્ધ છે અને ભૌતિક ચીજવસ્તુ કે સંપત્તિના માલિક છે, તેઓ આ વસ્તુઓથી વિહીન લોકોનું કોઈ ને કોઈ રીતે શોષણ કરીને વધુ સમૃદ્ધ બને છે. પૈસા કે સત્તાના જોરે ધનિક વર્ગના સભ્યો ગરીબોનું શોષણ કરતા હોઈ પરિણામ એ આવે છે કે ગરીબો અમીરોને ધિક્કારવા લાગે છે. આમ અન્યોન્ય દુર્ભાવની સ્થિતિ ઊભી થાય છે.

**૨. નિષેધક આંતરજૂથ સંબંધોમાંથી પૂર્વગ્રહ ઉદ્ભવે છે.**

જો સામાજિક જૂથો વચ્ચેના સંબંધો વિધાયક હોય તો સમાન

લક્ષ્ય સિદ્ધ કરવા માટે પરસ્પર સહકારથી વર્તશે, પરંતુ નિષેધક સંબંધો હશે તો તેમની વચ્ચે સ્પર્ધા થાય છે અને તેથી સંઘર્ષની સ્થિતિ ઊભી થાય છે. બંને જૂથ એકબીજા પ્રત્યે પૂર્વગ્રહો ધરાવવા લાગે છે. મુઝફર શેરીફે ૧૧ વર્ષની ઉંમરના છોકરાઓના બે જૂથોનો કેમ્પ શહેરથી દૂરના સ્થળે રાખ્યો હતો. શરૂઆતમાં તેમની વચ્ચે અનુકૂળ વલણો અને વર્તનધોરણો વિકસવા દીધાં. પછી સ્પર્ધાની પરિસ્થિતિ ઊભી કરવામાં આવી. આ માટે દોરડાખેંચની હરીફાઈ રાખવામાં આવી. પરિણામે ધીમે ધીમે હારજીતની માઠી અસર વર્તાવા લાગી. જેમજેમ એક જૂથ જીતતું ગયું, તેમ તેમ સામેનું જૂથ તેને વેરભાવથી જોવા લાગ્યું. બંને જૂથ આક્રમક બન્યા. આમ પરસ્પરની ઘૃણાએ પૂર્વગ્રહો જન્માવ્યા.

**૩. પૂર્વગ્રહ અમુક પ્રકારના વ્યક્તિત્વ-લક્ષણોમાંથી ઉદ્ભવે છે.**

સિગ્મંડ ફ્રોઈડના મનોવિશ્લેષણ સિદ્ધાંત મુજબ વ્યક્તિના Id, ego અને Super ego વચ્ચેની અવ્યવસ્થા પૂર્વગ્રહોનું કારણ બને છે. ડોલાર્ડ હતાશા-સ્થળાંતરનો સિદ્ધાંત આપે છે. જ્યારે વ્યક્તિ હતાશ થાય છે ત્યારે અન્યને જવાબદાર ગણી એને હોળીનું નાળિયેર બનાવે છે. આવી વૃત્તિ પરસ્પર તિરસ્કાર અને પૂર્વગ્રહનું કારણ બને છે. કેટલીક વ્યક્તિઓ ઢાલ તરીકે પ્રક્ષેપણ (Projection)ની બચાવ પ્રયુક્તિનો વારંવાર આશ્રય લે છે. તે પૂર્વગ્રહ જન્માવે છે. પ્રક્ષેપણ કરવું એટલે પોતાની ખામીઓ કે ત્રુટિઓનું અન્ય પર આરોપણ કરવું. પૂર્વગ્રહોમાં પ્રક્ષેપણ જ હોય છે ને! પાકિસ્તાન વાતવાતમાં પોતાની વિફળતાઓનું પ્રક્ષેપણ ભારત પર કરે છે. એડર્નોના મત મુજબ આપખુદ વ્યક્તિત્વ ધરાવતા માતાપિતા બાળકના ઉછેર વખતે કડક શિસ્તનો આગ્રહ રાખતા હોય છે. પરિણામે બાળક મોટપણે બહારના જૂથો પ્રત્યે પૂર્વગ્રહો ધરાવતો થઈ જાય છે.

**૪. અયોગ્ય સમાજીકરણમાંથી પૂર્વગ્રહ ઉદ્ભવે છે.**

ઋગ્વેદમાં એક શ્લોક છેઃ 'પિતૃપરંપરાથી અમને જે દ્વેષભાવ વારસામાં મળ્યા હોય અને અમારાથી અપરાધ થયા હોય તેમાંથી હે વરુણ, અમને મુક્ત કરો.' આમાંથી એટલું અવશ્ય ફલિત થાય છે કે વ્યક્તિ જે કુટુંબમાં અને સમાજમાં જન્મે છે, વિકસે છે, તેના ધોરણો (Norms)ની અસર તેના પર થાય છે. અર્થાત્ વ્યક્તિના સમાજીકરણ દરમિયાન તે અમુક પૂર્વગ્રહો પણ જાણ્યે-અજાણ્યે સંપાદિત કરે છે. અમેરિકામાં વસતા લઘુમતી જૂથોના અભ્યાસમાં જોવા મળ્યું છે કે આ લોકોમાં ૪૦ વર્ષના ગાળામાં સમાન પૂર્વગ્રહો અસ્તિત્વમાં હતા. સમાજીકરણને લીધે જ આવું બની શકે, કારણ કે બાળક માતાપિતા અને અન્ય વ્યક્તિઓનું અનુકરણ કરે છે અને તેમની સાથે તાદાત્મ્ય સાધે છે ત્યારે કેટલાક પૂર્વગ્રહો પણ તેના વ્યક્તિત્વમાં વણાઈ જાય છે.

**પૂર્વગ્રહો ઘટાડવાની રીતો :**

પૂર્વગ્રહોને લીધે જૂથસંઘર્ષોનું પ્રમાણ વધે છે. આ પરિસ્થિતિ જે તે રાષ્ટ્ર માટે હાનિકારક છે. તેથી પૂર્વગ્રહો દૂર કરવા જરૂરી છે. કદાચ દૂર ન કરી શકાય તો ય ઘટાડી તો શકાય જ. આ માટે પ્રો. બી. કુપ્પુસ્વામી કેટલીક રીતો સૂચવે છેઃ

(૧) જ્યારે વ્યક્તિ હતાશા કે માનસિક સંઘર્ષની સ્થિતિમાં મૂકાય છે, ત્યારે અન્ય જૂથો પ્રત્યે પૂર્વગ્રહો ધરાવતી થઈ જાય છે. તેના આ નકારાત્મક વર્તનને મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી દૂર કરી શકાય. આવી રીતને **મનોપચાર** કહે છે. આગળ કહ્યું તેમ, Id, ego અને Super egoની અવ્યવસ્થા પૂર્વગ્રહો નોતરે છે. તેથી મનોપચાર દ્વારા વ્યક્તિને આવી મનઃસ્થિતિમાંથી મુક્ત કરવામાં આવે તો પૂર્વગ્રહો ઘટાડી શકાય.

(૨) વ્યક્તિ પોતે પૂર્વગ્રહના ઉદ્ભવનાં કારણો સમજતી થાય તો પોતાના પૂર્વગ્રહો ઘટાડી પણ શકે. તેનામાં આવી **આંતરસૂઝ** ખીલે તે માટે તાલીમ આપવી જોઈએ. જેમ કે, પૂર્વગ્રહનું એક કારણ, આગળ કહ્યું તેમ, બચાવપ્રયુક્તિઓનો ઉપયોગ છે. કાટ્ઝ અને તેના સાથીઓએ એક પ્રયોગ કર્યો હતો. તેમણે બચાવપ્રયુક્તિઓ અને પૂર્વગ્રહોનો સંબંધ દર્શાવતો એક નિબંધ પ્રયોગમાં શામેલ વ્યક્તિઓને વાંચવા આપ્યો. નિબંધમાં એક Case Study પણ હતો. પરિણામમાં જોવા મળ્યું કે નિબંધ વાંચ્યા બાદ વ્યક્તિઓ પોતે અંતર્મુખ થઈ પૂર્વગ્રહોથી ઊલટી સાચી હકિકતો સ્વીકારવા તરફ વળી.

(૩) માતાપિતાએ **યોગ્ય બાળઉછેર** પર ધ્યાન આપવું જોઈએ. તેઓ આપખુદ બની અતિશય સખતાઈનો આગ્રહ રાખે તો બાળકના માનસમાં પૂર્વગ્રહો સ્થાપિત થવાની વધુ શક્યતા રહે છે, કારણ કે આવા વાતાવરણમાં બાળક બિનસલામતી અનુભવે છે, જે હતાશા ઉત્પન્ન કરે છે અને હતાશા પૂર્વગ્રહની જનની છે.

(૪) સમાજમાં જેટલી સામાજિક-આર્થિક અસમાનતા, તેટલા પૂર્વગ્રહો પણ વધારે. આ માટે બેટલહેઈમ **આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં સુધારણા** કરવાનું સૂચવે છે. ભારતમાં આવી વિષમતા ભરપૂર જોવા મળે છે. તેથી સરકાર આશાસ્પદ યોજનાઓ ઘડે છે અને વર્ગીય અસમાનતા ઓછી કરવાનો પ્રયત્ન કરે છે.

(૫) પૂરતી માહિતીનો અભાવ પૂર્વગ્રહનું મુખ્ય કારણ હોય છે. **જરૂરી માહિતી પૂરી પાડવાથી** પૂર્વગ્રહો ઘટી શકે છે. વ્યક્તિને બે રીતે માહિતી આપી શકાય-પ્રચાર દ્વારા અને શિક્ષણ દ્વારા. સમૂહ માધ્યમો મારફતે પ્રચારની વિવિધ ટેકનિકો થકી લોકસમુદાયને માહિતી આપી શકાય છે. રેડિયો, ટી.વી., કૉમ્પ્યુટર્સ, અખબાર દ્વારા માહિતીનો પ્રચાર થાય છે. શિક્ષણ પણ માહિતીનું અસરકારક સાધન છે. તેથી જ શિક્ષિત લોકોમાં નિરક્ષર લોકો કરતાં ઓછા પૂર્વગ્રહો જોવા મળે છે. સ્ટેમ્બર કહે છે કે અશિક્ષિત લોકો પરંપરાગત માન્યતાઓને વળગી રહે છે, જ્યારે શિક્ષિત લોકો વિશાળ દૃષ્ટિ ધરાવે છે. ઉલ્લેખનીય બાબત એ છે કે માહિતી આપનાર વ્યક્તિ પોતે પૂર્વગ્રહથી પીડિત ન હોવી જોઈએ. રોઝેનથેલ અને જેકબસનનો અભ્યાસ

દર્શાવે છે કે જ્યારે શિક્ષક વર્ગમાં લઘુમતી જૂથની ટીકા જ કર્યા કરે છે, ત્યારે સ્વાભાવિક રીતે બહુમતી જૂથના વિદ્યાર્થીઓના પૂર્વગ્રહો (લઘુમતી જૂથ પ્રત્યેના) વધુ દૃઢ બને છે.

(૬) એક જૂથના સભ્યો બીજા જૂથ સાથે **પ્રત્યક્ષ સંપર્ક**માં આવે તો પરસ્પરના સારાં પાસાં જાણવા મળે છે. પરિણામે પૂર્વગ્રહો ઘટે છે. એકોર્ડ અને બેકમેન કહે છે કે અમેરિકાના ગોરાઓ નીગ્રોને પછાત માને છે, પરંતુ વ્યવસાયમાં સહકર્મચારી તરીકે નીગ્રો સારી છાપ પાડે છે ત્યારે ગોરાઓના પૂર્વસ્થાપિત ખ્યાલો બદલાય છે.

(૭) બોધનાત્મક, ભાવાત્મક અને વાર્તનિક–એમ વ્યક્તિત્વનાં ત્રણે પાસાં વચ્ચે સુમેળ હોય તો તે સુગ્રથિત વ્યક્તિત્વ કહેવાય છે, પણ કેટલીક વાર એવું બને છે કે વ્યક્તિમાં બોધનાત્મક કક્ષાએ પૂર્વગ્રહ ન હોય, છતાં વાસ્તવિક વર્તન પૂર્વગ્રહયુક્ત હોય. આવી **અસંગતતા ક્રમશઃ દૂર કરવી જોઈએ.** હરિજનો પ્રત્યેના પૂર્વગ્રહો દૂર કરવા ગાંધીજીએ આ માર્ગ અપનાવ્યો હતો. તેમણે સૌ પ્રથમ આશ્રમવાસીઓના પૂર્વગ્રહો બોધનાત્મક કક્ષાએથી દૂર કર્યા. જો કે પૂર્વગ્રહો સમૂળગા દૂર થયા નહોતા. એટલે ગાંધીજીએ આશ્રમ-વાસીઓને હરિજનો સાથે જ રાખ્યા. પરિણામે એમના (આશ્રમવાસીઓના) પૂર્વગ્રહો દૂર થયા. આની અસર એટલી પ્રભાવક હતી કે વ્યાપક સમાજમાંથી હરિજનો પ્રત્યેના પૂર્વગ્રહો દૂર થયા.

(૮) સમાન લક્ષ્યની પ્રાપ્તિ માટે બે જૂથો સહકારથી સહિયારા પ્રયત્નો કરે છે ત્યારે તેમની વચ્ચે પૂર્વગ્રહની દિવાલ રહેતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો, એક જૂથે બીજા જૂથ પર આધારિત રહેવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ જરૂરી છે. આમ **જૂથોની આંતરઅધીનતા** પૂર્વગ્રહો ઘટાડે છે. આગળ મુઝફર શેરીફના પ્રયોગમાં જોયું કે શિબિરની અંદર કિશોરો સ્પર્ધાત્મક આંતરક્રિયાઓમાં પ્રવૃત્ત થયા ત્યારે બે જૂથો વચ્ચે દુશ્મનાવટ ઊભી થઈ, પરંતુ સહકારની ભાવનાનું નિર્માણ થાય તેવી પરિસ્થિતિ ઊભી કરાતાં તેમનામાં સંપ–સુલેહ જોવા મળ્યા. સમાન લક્ષ્ય સિદ્ધ કરવાના કાર્યમાં સૌ સાથે જોડાયા અને પરસ્પરના પૂર્વગ્રહો ઘટ્યા. ✷✷✷

એ-૬, ગુરુકૃપા, મુક્તજીવન સ્વામી બાપા માર્ગ,
વડોદરા–૩૯૦ ૦૦૬. ટેલિફોન : (૦૨૬૫) ૨૪૮૧૬૮૦

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યોને કરેલી વિનંતિનો ઉષ્માભર્યો પ્રતિભાવ

આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વર્તમાનમાં આજીવન સભ્યપદની ફી રૂા. ૫,૦૦૦/- છે અને વર્ષો પહેલાં થયેલા સભ્યોને વર્તમાન પ્રમાણે પૂરક રકમ મોકલવા અમે પ્રબુદ્ધ જીવન દ્વારા એ સર્વે મહાનુભાવોને વિનંતિ કરી હતી, એનો અમને ઉષ્માભર્યો પ્રતિભાવ મળ્યો છે અને પરિણામે નીચે મુજબના માનવંતા સભ્યોએ અમને પૂરક રકમ મોકલી આપી છે એ સર્વેનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

| નામ | રકમ | નામ | રકમ | નામ | રકમ |
|---|---|---|---|---|---|
| અનંતરાય ખેતાણી | ૨૫૦૧ | ખીમજી શીવજી શાહ | ૪૫૦૦ | વિનોદભાઈ જવેરલાલ વસા | ૪૭૫૦ |
| તરૂલતાબેન વિપિનભાઈ શાહ | ૨૫૦૦ | પ્રેમજી શીવજી શાહ | ૪૨૫૦ | પાર્થ જયંતીલાલ ટોલીયા | ૨૫૦૦ |
| ભરતકુમાર મેઘજીભાઈ મામણિયા | ૨૫૦૦ | કચરાલાલ ચુનીલાલ શાહ (K.C.) | ૨૫૦૦ | નકુલ એચ. શાહ | ૨૫૦૦ |
| હંસાબેન ડી. શાહ | ૨૫૦૦ | બંસરીબેન પારેખ | ૨૫૦૧ | મંજુલાબેન રમેશભાઈ પારેખ | ૧૦૦૦ |
| નેમચંદ હીરજી છેડા | ૫૦૦૦ | ઉષાબેન દિનેશભાઈ શાહ | ૨૫૦૦ | ડૉ. હસમુખલાલ સી. કુવાડિયા | ૪૭૫૦ |
| મીતાબેન ગાંધી | ૨૫૦૧ | દેવચંદ જી. શાહ | ૧૦૦૦ | જયંતિલાલ જે. ગાંધી | ૪૦૦૦ |
| મહાસુખલાલ કે. કામદાર | ૨૫૦૦ | આર. જે. કાપડિયા | ૨૦૦૦ | સુરેન્દ્ર એસ. શાહ | ૪૨૫૦ |
| પરાગ બી. ઝવેરી | ૫૦૦૧ | ચીમનલાલ જે. ગલીયા | ૪૭૫૦ | પ્રદીપભાઈ એ. શાહ | ૪૭૪૯ |
| પ્રકાશ ડી. શાહ | ૨૫૦૦ | એચ. એસ. ધીઆ | ૪૭૫૦ | સુરેશ સંઘરાજકા | ૪૭૫૦ |
| ભરત કાંતિલાલ શાહ | ૫૦૦૦ | મનસુખલાલ એ. સંઘવી | ૪૫૦૦ | કિશોર શેઠ | ૧૦૦૦ |
| પ્રવીણાબેન અશ્વિન મહેતા | ૨૫૦૦ | વિનોદ વી. શેઠ | ૪૭૫૦ | અરવિંદ ધરમશી લુખી | ૧૦૦૦ |
| હસમુખ એમ. શાહ | ૨૫૦૦ | ચંપકલાલ એચ. અજમેરા | ૨૫૦ | પોપટલાલ જેશીંગભાઈ શાહ | ૪૭૪૯ |
| યતિન કે. ઝવેરી | ૪૫૦૦ | ભરત એન. શાહ | ૪૭૫૦ | પન્નાલાલ છેડા | ૪૭૫૦ |
| ધીરજલાલ કે. કાપડિયા | ૨૫૦૦ | લલીત પી. શાહ | ૪૭૫૦ | જયકુમાર ભગવાનજી ગાલા | ૫૦૦૦ |
| ડૉ. સ્નેહલ સંઘવી | ૨૧૦૦ | જયંતીલાલ પી. શાહ | ૪૭૫૦ | દમયંતીબહેન એન. શાહ | ૪૫૦૦ |
| અશોક ડી. દોશી | ૪૭૫૦ | પ્રવીણભાઈ કે. | ૪૭૫૦ | મહેશ પી. શાહ | ૪૫૦૦ |
| સુરેખાબેન એમ. શાહ | ૨૫૦૧ | સુરેશ વી. સોનાવાલા | ૪૭૫૦ | | ૧૭૯૮૫૩ |
| ભારતી ઉપેન્દ્ર શાહ | ૫૦૦ | ઈન્દિરા સુરેશ સોનાવાલા | ૪૭૫૦ | | |

જે મહાનુભાવ સભ્યોએ હજી સુધી પૂરક રકમ ન મોકલી હોય એ સર્વેને અમે પૂરક રકમ મોકલવા વિનંતિ કરીએ છીએ. શક્ય છે કે આપ ક્યારે આજીવન સભ્ય બન્યા હતા એની વિગત આપની પાસે ન હોય તો આપ સંઘની ઑફિસમાં ફોન (ફોન નંબર–૨૩૮૨૦૨૯૬/9222056428) કરી આપનું નામ વગેરે જણાવી અમારા રેકોર્ડમાંથી વિગત પ્રાપ્ત કરી શકશો.

પ્રત્યેક મહિને 'પ્રબુદ્ધ જીવન' આપને અર્પણ થતું રહેશે જ. આપની જ્ઞાન જિજ્ઞાસા અને અનુમોદનાને અમારા અભિનંદન. ❑ **મેનેજર**

# સાચા અર્થમાં શાસનસમ્રાટ

❑ ડૉ. ગંભીરસિંહ ગોહિલ

પૃથ્વી પટે જ્યારે મોટા કામ થવાના હોય ત્યારે તેવા પુરુષાર્થ કરનારા સમયે સમયે પ્રગટતા હોય છે. જૈન સમાજના ઈતિહાસમાં શ્રમણ પરંપરા ચાલેલી છે. તેમાં સદીએ સદીએ કોઈ વિશિષ્ટ પ્રતિભાશાળી વ્યક્તિ પાકેલ છે. તેમણે જૈન શાસનને ઉન્નત બનાવા આગવા પ્રયાસો કર્યા છે. તે રીતે ૧૬મી સદીમાં આનંદ-વિમળસૂરિજી, ૧૭મી સદીમાં જગદ્‌ગુરુ શ્રી વિજયહીરસૂરીશ્વરજી, ૧૮મી સદીમાં ઉપાધ્યાય યશોવિજયજી તથા ક્રિયોદ્ધારક શ્રી સત્યવિજયજી ઉત્પન્ન થયા હતા. તે રીતે ૨૦મી સદીમાં જૈન શાસનની સર્વોતોમુખી પ્રભાવના કરનાર વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ છે જેઓ તેમના કાર્યોના પરિણામે શાસનસમ્રાટ કહેવાયા હતા.

શાસનસમ્રાટના જીવનચરિત્રના પ્રસ્તાવનાકાર લખે છે કે જે કાળે સાધુઓની સંખ્યા અલ્પ હતી, અતિ પ્રાચીન ગણાતા તીર્થો જીર્ણશીર્ણ હતાં, પ્રાચીન ગ્રંથો કોથળા ને કોથળા ભરી વેચાતા હતા, યોગાદ્વહનની ક્રિયા નષ્ટ થઈ ગઈ હતી, પઠનપાઠન શાસ્ત્રાભ્યાસ મંદ સ્થિતિમાં હતાં, ઉપદેશવ્યાખ્યાનકળા નિસ્તેજ બનતી જતી હતી, રાજકીય અને સામાજિક ક્ષેત્રે જૈન શાસનની પ્રતિભા ક્ષીણ થઈ રહી હતી, રાજાઓ અને શ્રીમંતો ઉપર પ્રભાવ પાડી ધર્મમાર્ગે વાળનાર વ્યક્તિઓ વિરલ બનતી જતી હતી, સામાન્ય જનતામાં ઉત્સાહ પ્રેરે તેવા ઉત્સવો બહુ વર્ષોના અંતરે થતા હતા, જૈન શાસન ઉપર થતા પ્રત્યાઘાતોનો પ્રત્યુત્તર આપનાર વ્યક્તિ જડતી ન હતી તે વખતે આ મહાપુરુષ જૈન શાસનને સાંપડ્યા.

ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, માળવા, બંગાળ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ વગેરે ચારે તરફ પથરાયેલ જૈનોની વસતીમાં મોટાં શહેરોમાં ભાગ્યે જ એકબે સાધુઓ મળતા. તે સાધુઓ પણ કલ્પસૂત્ર વાંચે તો મહાવિદ્વાન ગણાય. તે વખતે તેમણે ઉત્તમ કુટુંબના નબીરાઓને દીક્ષા આપી, સાધુસંસ્થા વધારી. એટલું જ નહિ તેમણે પઠન–પાઠનનો નાદ ગજવ્યો. જૈન આગમગ્રંથો, ન્યાયના પ્રકાંડ ગ્રંથો, વ્યાકરણ, સાહિત્ય, જ્યોતિષશાસ્ત્રના આકરગ્રંથોનો અભ્યાસ શરૂ કરાવ્યો. જૈન સમાજમાં જ નહિ જૈનેતરોને પણ પૂછવા યોગ્ય વિદ્વાન મુનિઓ તૈયાર કર્યા.

સરળ અને સુલભ થયેલી પરિપાટીને બદલી આખા જૈન શાસનને વિહિત કઠિન માર્ગે વળાંક આપવો તે તેજસ્વી અને પ્રભાવક પુરુષ વિના બની શકે નહિ. માટે જ આ કાળના તેઓ પ્રથમ આચાર્ય, સૂરિસમ્રાટ કે સૂરિચક્રવર્તી ગણાયા તે યોગ્ય લોકવિચારણા હતી.

તેમનો જન્મ મહુવા ખાતે સં. ૧૯૨૯ ઈ. સ. ૧૮૭૨માં થયો હતો. પિતા લક્ષ્મીચંદ દેવચંદ. ધંધો ભાવનગરી પાઘડી બાંધવાનો. માતાનું નામ દિવાળીબેન. બાળક નેમચંદ ભણવામાં હોંશિયાર અને તેજસ્વી. ૧૬મા વર્ષે જાતે ભાવનગર જઈ મુનિશ્રી વૃદ્ધિચંદ્રજી પાસે દીક્ષા લીધી. માતાપિતાને ગમ્યું નહોતું પણ ટૂંક સમયમાં પ્રતિભા વિકાસ જોઈ ધન્ય થયા.

ટૂંક સમયમાં જ જૈન સમાજને જુદી દિશામાં વાળવાના પ્રયાસો તેમના દ્વારા થવા લાગ્યા. તેમની નજર જૈન શાસનના સર્વ અંગો પર પડતી. જે અંગ શિથિલ કે વિરૂપ હોય તેને ઉત્તેજિત કરી સાચે માર્ગે લાવવામાં સદા તેમનું લક્ષ્ય રહેતું. કદંબગિરિ, શેરીસા, તળાજા, રાણકપુર, માતર, કુંભારિયાજી વગેરે તીર્થોનો તેમણે જીર્ણોદ્ધાર કરાવ્યો. તેર તીર્થોના ઉદ્ધાર તો તેમના હાથે સ્વતંત્ર રીતે થયેલ છે. ભારતના તમામ જૈન તીર્થોની રક્ષા અને વ્યવસ્થા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સદીઓથી સંભાળે છે. તેમાં હંમેશાં તેઓની દોરવણી, સલાહ અને સૂચના અગ્રપણે રહ્યાં છે.

જૈન શાસનની સંપત્તિ મંદિરો, ભંડારો, ઉપાશ્રયો વગેરે છે. તેની મિલ્કતનો વહિવટ શ્રાવક વર્ગ કરે, પણ તે કઈ રીતે કરવો, તેની રક્ષા અને સંવર્ધન કઈ રીતે કરવા તેની યોગ્ય દોરવણી મળતી નહોતી. પણ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી જૈન શાસનને સાંપડ્યા તે પછી તેમણે દરેક અંગને સુદૃઢ કરવામાં અમૂલ્ય ફાળો આપ્યો. તેના પરિણામે શત્રુંજય, ગિરનાર, તારંગા, શિખરજી વગેરે તીર્થોમાં જે કોઈ બિનહક્કથી પગપેસારો કરતા હતા અને માલિકીનો દાવો કરતા હતા તેઓ અટક્યા. આગેવાનો તીર્થોના વહિવટમાં કટિબદ્ધ બન્યા, કલ્યાણજી આણંદજીની પેઢીનું બંધારણ પુનઃ ઘડાવ્યું, જૈન સમાજના મતાંતરોનો નીવેડો લાવવામાં અગ્ર ભાગ ભજવ્યો, દીક્ષાના કાયદા અને દેવદ્રવ્યના પ્રશ્ને અમદાવાદમાં અભૂતપૂર્વ તેવું મુનિ સંમેલન મળ્યું.

જૈન સમાજનું સાંકડું દેખાતું વિશ્વ તેમના સમયમાં વિશાળ બન્યું. ઉદેપુરના મહારાણા, જામસાહેબ, ભાવનગર નરેશ, પ્રભાશંકર પટ્ટણી, યુરોપિયન કમિશ્નર પ્રાટ વગેરે તેમનાથી પ્રભાવિત થયા. પંડિત મનમોહન માલવિયા, આનંદશંકર ધ્રુવ, કવિ ન્હાનાલાલ વગેરે આદરપૂર્વક તેમની પાસે આવતા. આંતરરાષ્ટ્રીય કક્ષાના તત્ત્વવિદ ડૉ. હરમન જેકોબી તેમને શંકાઓના સમાધાન માટે મળે છે, ૧૩૦૦ લખેલા પ્રશ્નોમાંથી એક જ દિવસમાં ૫૦૦ના સંતોષકારક ઉત્તરો મેળવે છે અને રાજી થઈને જાય છે. શત્રુંજય તીર્થ અંગે પાલીતાણા નરેશ સાથે અણબનાવ થતાં તેમની હાકલથી સતત બે વર્ષ સુધી શત્રુંજયની યાત્રા બંધ રહી અને અંતે સમાધાન થયું જેમાં સિમલા ખાતે વાયસરોયે દરમ્યાનગીરી કરી હતી. દુષ્કાળરાહત, જીવદયા, ધર્મશાળા, પાઠશાળા, આયંબિલ શાળા, જ્ઞાનપ્રકાશન સંસ્થાઓ વગેરે અગણિત ઉત્તમ કાર્યો તેમના હસ્તે થયાં છે.

તેમના દ્વારા થયેલ તીર્થોદ્ધારમાં પાલિતાણા પાસેના કદંબગિરિ તીર્થના ઉદ્ધારનું ઉદાહરણ રસપ્રદ બની રહેશે. કદંબગિરિ મહાતીર્થ

શત્રુંજયના પાંચ સજીવન શિખરોમાંનું એક છે. છેક ટેકરી પર ફક્ત શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી કદંબ ગણધરની ચરણ પાદુકાની નાનીશી પુરાણી દેરી એટલું જ ત્યાં હતું. નીચે ગિરિરાજની તળેટી પાસે એક નાનો શો નેસડો. બોદાના નેસ તેનું નામ. અલ્પ વસતીવાળું તે ગામડું નેસડામાં કામળિયા દરબારોના થોડાંક ખોરડાં હતાં. તેઓ અજ્ઞાન હતા, વ્યસનોમાં સબડતા હતા. નેસડા પાસે શેઠ હેમાભાઈની પડાખીવાળી ધર્મશાળા. દેરી અને ધર્મશાળા બંનેનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કરે.

૧૯૧૦ની સાલમાં આચાર્યશ્રીએ કદંબગિરિ તીર્થની મુલાકાત લીધી. તીર્થની પરિસ્થિતિ નજરે નિહાળીને તેમના રોમેરોમ ખડાં થઈ ગયાં. તીર્થના ઉદ્ધાર માટે પ્રાણના ભોગે પણ પ્રયત્ન કરવો જ જોઈએ. પ્રથમ તો તેમનો વિચાર એક નાનું સરખું દેરાસર બાંધવાનો હતો કે જેથી યાત્રિકોને પ્રભુ દર્શન-પૂજનનો લાભ મળી શકે.

તેમ છતાં જમીન ખરીદીના પ્રયત્નો શરૂથી જ કરાયા હતા. કામળિયા દરબારોને આચાર્યશ્રીએ વ્યસનો છોડવા ઉપદેશ કર્યો હતો. તેમાં સફળતા મળી હતી. દરબારોને લઈને તેઓ જાતે ગિરિરાજ પર ગયા. ત્યાં પોતાની ઈચ્છા જમીન લેવા માટેની જણાવી. દરબારોએ કહ્યું કે અમારે જમીન વેચવી નથી, ભેટ આપીશું. ધાર્મિક નિયમો પ્રમાણે તેમ કરવાની ના કહેવામાં આવી. છેવટે નિર્ણય થયો કે પૂજ્યશ્રીએ અમોને (કામળિયા દરબારોને) ઉપદેશ આપીને અમારા દુર્વ્યસનો છોડાવ્યાં છે એવી હકીકત દસ્તાવેજમાં આવે તો અમારે આ દસ્તાવેજ કબૂલ છે. તે પ્રમાણે પસંદ કરાયેલા ૯ પ્લોટો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને વાજબી કિંમતે વેચાણથી અપાયા. દસ્તાવેજ લખાયો.

પરંતુ આ પછી ૨૦ વર્ષ પસાર થઈ ગયાં. અનેક રીતે પરિસ્થિતિ બદલાઈ ગઈ. દરમ્યાન વાત આવી કે બોદાના નેસમાં તીતા કોળીને સ્વપ્ન આવ્યું: 'એક મોટી જમીન છે. એની અંદર મોટું ગોળ કુંડાળું છે. એ કુંડાળામાં વાણિયાના ભગવાન બેઠા છે. આજુબાજુ ઘીના દીવા બળે છે. એ દીવા પાસે ઘી ઢોળાયાના ડાઘા છે.' તપાસ થઈ, તીતા કોળીએ જમીન બતાવી. વાત સાચી નીકળી. આચાર્યશ્રીએ આ જમીન જોયેલી ખરી. તેમને ગમી હતી. ફરી વાત કહેવાતાં તે જમીન લેવા તેમણે આદેશ કર્યો. હવે મોટું તીર્થધામ બંધાવવાની વાત હતી.

બોદાના નેસ સૌરાષ્ટ્રના સૌથી નાના રાજ્યોમાંનું એક હતું. તેમાં ૧૯ કામળિયા દરબારો ભાગીદાર હતા. સૌના નામ મેળવાયાં. મુખ્ય આપાભાઈ સંમત હતા. પણ એક દરબાર આડા ફાટ્યા હતા. આથી આપાભાઈએ પોતાની અન્ય જમીન આપી. ત્યાં ખનન મુહૂર્ત થતું હતું. વાંધો લેનાર દરબાર આવ્યા. વિઘ્ન ઊભું કર્યું. તેમને જેમ તેમ મનાવ્યા.

હવે ? પોલિસ પટેલ જાદવજીની સૂચના મુજબ સ્થાનિક થાણદાર નરભેરામ સાથે આગેવાનો બોદાના નેસ ગયા. વાંધાવાળા દરબારને ત્યાં જ ગાડાં છૂટ્યા. ભોજનનો સામાન સાથે હતો. દરબાર તો દોડતા બહાર આવ્યા. કેમ કે થાણદાર ત્યાં મોટા હાકેમ ગણાતા. જાદવજી તેમને બાજુએ લઈ જઈ કહે, 'દરબાર, તમારા ભાગ્ય ઊઘડી ગયા છે. થાણદાર વગર આમંત્રણે તમારે ત્યાં પધાર્યા છે. વાત માત્ર થોડી જમીનની છે. તેની તમે હા પાડી દો તો તમારું માન વધી જાય.' દરબાર સંમત થઈ ગયા. જાદવજીએ પૂછ્યું કે તમારે પોતાને શું જોઈએ તે કહો. તેમણે એક કળશી જાર માગી. કળશી એટલે વીસ મણ. તે તરત અપાવી દીધી. હવે સૌ સંમત થઈ ગયા. સમૂહને પૂછયું: 'તમારે શું જોઈએ ?' તો કહે અમારા ગામમાં ચોરો નથી. ચોરો કરાવી આપો. તે કામ પણ યથાસમયે થયું. તેનો ૪૦૦ રૂપિયા જેટલો ખર્ચ થયો. તીતાકોળી વાળી સહિતની જમીનો મળી. કામ રંગેચંગે પાર પડ્યું.

આચાર્યશ્રીને કદંબગિરિ તીર્થનો મહિમા સ્મરણમાં આવ્યો. શ્રીનાભ ગણધર ભગવંતના મુખેથી આ ગિરિવરનું મહત્ત્વ જાણીને શ્રી ભરત મહારાજાએ શ્રી મહાવીર પ્રભુનો ભવ્ય પ્રાસાદ અહીં કરાવ્યો હતો. એટલે તેઓશ્રીને લાગ્યું કે એ ભવ્ય પ્રાસાદની સ્મૃતિ કરાવે એવો શ્રી મહાવીર પ્રભુનો ૭૧ દેવકુલિકાઓ સમેત મહાન પ્રાસાદ બંધાવવો. આ વિચાર જાહેર થતાં જ દાનપ્રવાહ ચાલ્યો. શિલ્પવિધાન માટે પાલિતાણાના જ મંદિર સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરાની વરણી થઈ.

દરમ્યાન બોટાદના ચાતુર્માસ દરમ્યાન ભાવનગરના મહારાજા દર્શને આવ્યા. આચાર્યશ્રીના આગમને ઊભા થયા, ઊભા જ રહ્યા. વંદન કરી તેઓશ્રીને ગાદી પર બેસવા વિનંતી કરી. ત્યારે તેમણે કહ્યું કે સાધુકર્મ પ્રમાણે અમારાથી તેના પર પગ પણ ન મૂકાય. તેઓ તો ભૂમિ પ્રમાર્જનપૂરક ભૂમિ પર પાથરેલા સાદા આસન પર બેસી ગયા. મહારાજાને આશ્ચર્ય સાથે માન થયું. પોતે પણ જમીન પર જ બેસી ગયા. આગેવાન શ્રાવકોએ ગાદી પર બેસવા આગ્રહ કર્યો તો કહે, 'ગુરુ મહારાજશ્રીથી ઊંચા આસને મારાથી ન બેસાય.' નીચે જ બેઠા. બેથી અઢી કલાક સુધી ધર્મોપદેશ સાંભળ્યો.

કદંબગિરિના મહાપ્રાસાદોની પ્રતિષ્ઠાનો સમારંભ ભવ્ય રીતે થયો. ૨૫,૦૦૦ જેટલી મેદની થઈ. તેમના રહેવા, જમવા વગેરેની વ્યવસ્થા ઉત્તમ રીતે થઈ. ઉત્સવ સત્તર દિવસ સુધી ચાલ્યો. ભાવનગર સ્ટેટ તરફથી વિના મૂલ્યે આપવામાં આવેલા શમિયાણા, તંબુઓ, રાવટીઓ વગેરેનું આયોજન રાજા-મહારાજાઓની છાવણીને ભૂલાવી દે તેવું હતું. ઘણાં લોકો કહેતાં કે આવી ભવ્યતા તો દિલ્હી દરબાર વખતે જ જોવા મળે.

૧૯૪૩-૪૪ના આ સમય દરમ્યાન નાનાં રાજ્યો, એજંસી હેઠળના તાલુકદારોનું ફેડરેશન થયું જેનાથી ચોકદાઠાના ૧૦૨ ગામો ભાવનગર રાજ્ય સાથે ભળી ગયાં જેમાં બોદાના નેસનો પણ સમાવેશ થતો હતો. પ્રતિષ્ઠા પછી મહારાજાએ કદંબગિરિ તીર્થની મુલાકાત લીધી ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે હવે આ તીર્થ ભાવનગર રાજ્યનું છે. એની દરેક પ્રકારે પ્રગતિ થાય તેવા પ્રયાસો રાજ્યે કરવા જોઈએ. મહારાજાએ પોતાની મનોકામના પ્રગટ કરી

કે હું ભાવનગરથી આ તીર્થને સાંકળી લે તેવી રેલ્વેલાઈનનું આયોજન કરીશ.

શ્રી આદિશ્વર પ્રભુની ભવ્ય મૂર્તિના દર્શન કરીને મહારાજા દસ મિનિટ સુધી ધ્યાનમગ્ન બની ગયા. અંતે બોલ્યા: 'દેવની મૂર્તિ તો આવી સૌમ્ય અને પ્રસન્ન ભાવવાહી હોવી જોઈએ.' ડુંગર પર ચડવા માટે પેઢીએ ડોળી વગેરે સાધનોની વ્યવસ્થા રાખી હતી. પણ મહારાજાએ કહ્યું કે હું માણસની કાંધે નહિ ચડું. પોતે ચાલીને જ ઉપર ગયા. તેમના સન્માન માટે ભાવનગર સહિતના ૪૦૦ જેટલા જૈન આગેવાનો હાજર રહ્યા હતા. તેમની સાથે દરેક દેરાસરના દર્શન કર્યા. પૂરી નિરાંતથી આખાયે તીર્થનું પ્રાકૃતિક તેમ જ આધ્યાત્મિક સૌંદર્ય નિહાળીને ઘણાં આનંદિત થયા. દેરાસરો, જ્ઞાનશાળા, ઉપાશ્રય વગેરે સ્થાનો જોઈ ભોજનશાળામાં આવ્યા. ભોજનશાળા માટે તેઓએ શેઠ કલ્યાણજી આણંદજીની પેઢીને રૂા. ૧,૦૦૦ ભેટ આપ્યા.

આચાર્યશ્રીએ ગુજરાતમાં અને બહારના પ્રદેશોમાં વિહાર કરતા રહી જૈન સમાજ અને ધર્મના ઉત્કર્ષ માટે અનેક મહાન પ્રયાસો કર્યા. સં. ૧૯૨૯ ઈ. ૧૮૭૨માં મહુવામાં જન્મ્યાં હતા, મહુવામાં જ સં. ૨૦૦૫ ઈ. ૧૯૪૯માં અંતિમ વિદાય લીધી. મહાન પુરુષોની જીવનની લીલાઓ અકળ હોય છે. તેઓશ્રી બેસતા વર્ષે જન્મ્યા હતા, બેસતા વર્ષે વિદાય લીધી, શનિવારે જન્મ, શનિવારે પૂર્ણ દેહવિલય. ૨૦ ઘડી, ૧૫ પળે જન્મ ને તે જ સમયે પૂર્ણ વિલય. પૂજ્યશ્રીના વિનશ્વર પાર્થિવ દેહે બરાબર ૭૭ વર્ષ પૂરાં કર્યાં. સેંકડો વર્ષોમાં ક્યારેક જ બને તેવી ઈતિહાસની અનેક નવીનતાઓમાંની તે એક નવીન નોંધપાત્ર ઘટના હતી.

૧૯૭૨માં આચાર્યશ્રીની જન્મશતાબ્દી ઊજવાઈ હતી. તે પ્રસંગે તેમનું જીવનચરિત્ર 'શાસનસમ્રાટ આચાર્ય શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજની જીવનકથા' એ નામથી બહાર પડ્યું. મુનિશ્રી શીલચંદ્ર-વિજયજીએ સાધકબાધક અનેક સામગ્રી એકત્ર કરી તટસ્થભાવે તેમનું જીવનચરિત્ર આલેખ્યું છે. પં. મફતલાલ ઝવેરચંદ જેવા વિદ્વાને લખેલી આ ગ્રંથની પ્રસ્તાવના વિષયની સુંદર ભૂમિકા પૂરી પાડે છે. વિગતવાર પરિશિષ્ટો સાથે ઉપયોગી સંદર્ભો અપાયા છે. ગ્રંથના અંતે આપેલા ફોટોગ્રાફ અને ફોટોપ્રિન્ટો વિષયને આમૂલ ઉજાગર કરે છે. તેમના કાળધર્મ પ્રસંગે ઉચ્ચારાયું:

નેમિ નેમસમ્રાટ, જડ્યો ન દૂજો માનવી,
જનની જણે હજાર, પણ એકે એવો નહીં.

(ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીના જીવનચરિત્ર માટેના સંશોધનના અનુસંધાને લખાયેલી નોંધ) ✷✷✷

ડી-૧૪૦, કાલવી બીડ, ભાવનગર. ફોન : (૦૨૭૮) ૨૫૬૯૮૯૮

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૫ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

## (૨)

❑ કેતન જાની

(સપ્ટેમ્બર માસના અંકથી આગળ)

**કર્મ કે ભાગ્યને ભરોસે બેસવાને બદલે આપણે દર્શનને સમજીએ તો બધું આપણા જ હાથમાં છે**

તા. ૨૦-૮ના **'કર્મનું વિષચક્ર'** વિશે વ્યાખ્યાન આપતા **ડૉ. રશ્મિભાઈ ઝવેરી**એ જણાવ્યું હતું કે આપણને કર્મ જ સંસારમાં નચાવે અને રખડાવે છે. સારા કર્મ અને ખરાબ કર્મ ભોગવવા પડે છે. કર્મ કે ભાગ્યને ભરોસે બેસવાને બદલે આપણે દર્શનને સમજીએ તો બધું આપણા હાથમાં જ છે. કર્મ હંમેશાં કર્મને અનુસરે છે. ભગવાન મહાવીર અને શ્રેણિક રાજાને પણ કર્મએ મૂક્યા નથી. કર્મ કરતી વખતે આપણે પોતાને બદલી શકીએ છીએ. જૈન ધર્મમાં કહેવાયું છે કે નાણાં રળો પણ તેમાં નીતિ રાખો. બિનઆવશ્યક ખર્ચ ન કરો. જેની સાથે કોઈ લેવાદેવા કે સંબંધ ન હોય એવી ટીપ્પણ પણ ન કરો. દિલ માટે આપણે દીવો થઈને કામ કરવાનું છે. ઈન્દ્રિયોને નોકરની જેમ વશમાં રાખવાની છે. તેઓ આપણા મનને ચલાવે છે.

**દર્શની કર્મ** આત્માની ઓળખ થવા દેતા નથી. ચારિત્રકર્મ કષાયની પ્રવૃત્તિ કરાવે છે. મન, વચન અને કર્મ એ ત્રણ માધ્યમથી પ્રવૃત્તિ થાય એટલે કર્મ થાય. શ્રીમદ્ રાજચંદ્રના કહેવા અનુસાર સમવર એટલે સમતાના ભાવથી કર્મનિર્જરા થાય છે. દરેક સ્થિતિમાં રાગદ્વેષથી પર રહેવું જોઈએ. ચિંતા કે તાણ અનુભવ્યા વિના પરિસ્થિતિનો સ્વીકાર કરીને પરિસ્થિતિ પર કાબૂ મેળવવો જોઈએ. સામાયિક કરતી વેળાએ પાપની પ્રવૃત્તિનો ત્યાગ થાય છે અને તેનો પ્રભાવ આખો દિવસ

**પર્યુષણ વ્યાખ્યાનમાળા વેબ સાઈટ ઉપર**

તા. ૧૬-૮-૨૦૦૯ થી તા. ૨૩-૯-૨૦૦૯ સુધી યોજાયેલ ઉપરોક્ત વ્યાખ્યાનમાળાનું સંસ્થાની વેબસાઈટ website:www.mumbai_jainyuvaksangh.com. ઉપર નિયમિત પ્રસારણ થઈ રહ્યું છે. આ વિશે કાંઈ પણ માર્ગદર્શનની જરૂર પડે તે વેબસાઈટના માનદ્ સંપાદક શ્રી હિતેશભાઈ માયાનીનો મોબાઈલ નં. ૯૮૨૦૩૪૭૯૯૦ ઉપર સંપર્ક કરવા વિનંતિ.

**–મેનેજર**

રહે છે. કાયોત્સર્ગમાં મન, વચન, અને કાયાને શિથિલ કરીને ધ્યાનમાં ઉતરવાનું હોય છે. ચિત્તને નાકની ઉપર કપાળમાં સ્થિર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેથી મન કાબૂમાં આવે છે. વર્ષીતપ સારું છે પણ એક વર્ષ માટે ક્રોધનું વર્ષીતપ કરો તો વધારે સારું છે. ક્રોધ અને આવેશથી મનને નુકશાન થાય છે. કર્મના વિષચક્રને તોડવા ભાવના બદલવી જોઈએ. લોગ્ગસનો પાઠ કરવાથી આરોગ્ય પ્રાપ્તિ થાય છે. નિદ્રા, ભૂખ, સ્વાદ અને ઈન્દ્રિયો પર વિજય મેળવવો જોઈએ.

(રશ્મિભાઈ ઝવેરી જૈન ધર્મના અભ્યાસુ, પ્રેક્ષાધ્યાનના સાધક અને વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે.)

X X X

**ફળની આશા રાખ્યા વિના કર્મ કરવાથી શાંતિ મળે**

**'ત્યાગાત શાંતિ અનંતરમ્'** એ વિશે વ્યાખ્યાન આપતા ડૉ. જે. એમ. દવેએ જણાવ્યું હતું કે વ્યક્તિ જ્યારે ફળની આશા ત્યજીને કર્મ કરે છે ત્યારે જ તેને શાંતિ મળે છે. ઈશ્વરે આપણને જે આપ્યું છે તેનાથી પામ. કોઈની વસ્તુ લેવાનો પ્રયત્ન નહીં કરે તો જ શાંતિ પ્રાપ્ત થશે. આ પ્રકારનો સૂર બધા જ ભારતીય ધર્મમાં વ્યક્ત થયો છે. પાશ્ચાત્ય દેશોમાં ધર્મની વ્યાખ્યા એવી છે કે જેનો કોઈ મુખ્ય ધર્મગુરુ હોય, ગ્રંથ હોય અને જેના કોઈ સ્થાપક હોય એ ધર્મ કહેવાય. જો કે હિન્દુ ધર્મ એવી કોઈ વ્યાખ્યા અનુસારનો ધર્મ નથી. હિન્દુ એક જીવનશૈલી છે તેમાં સમાજ, અર્થ, પ્રેમ અને શિક્ષણ બધાનો સમાવેશ થાય છે. જૈન ધર્મના વિદ્વાન ન્યાયવિજયજી મહારાજે એક પુસ્તકમાં લખ્યું છે કે જૈન સંઘમાં રહીને જે સાધુ કે શ્રાવક નિયમો પાળતા નથી તે જૈન નથી. જેઓ જૈન નથી પણ અહિંસા કે અનેકાંતવાદ જેવા સિદ્ધાંતોમાં દૃઢ વિશ્વાસ રાખે છે તે જૈન છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે જે વ્યક્તિ બીજા દેવનું શ્રદ્ધાથી ભજન કરે છે તે પરોક્ષ રીતે મારું જ પૂજન કરે છે. જે અહિંસાને સાચા ભાવથી અનુસરે છે તે અરિહંતને ભજે છે. શ્રદ્ધાપૂર્વક ઈન્દ્રિયો પર સંયમ રાખે તેને જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં પણ તેને કાયમી અને તુરત જ શાંતિ મળે છે. અર્જુનને ઉપદેશ આપ્યા પછી શ્રીકૃષ્ણે ગીતાના ૧૮મા અધ્યાયના ૬૩મા શ્લોકમાં કહ્યું છે કે મેં તને ગુઢ જ્ઞાન આપ્યું છે. તેનું પૃથ્થકરણ કરીને તને જે યોગ્ય લાગે તે કર.

ડૉ. જ્યોતીન્દ્ર દવેએ સંસ્કૃતમાં ડૉક્ટરેટની ડિગ્રી મેળવી છે. હાલ તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના ગાંધીનગર અને દિલ્હી સ્થિત અક્ષરધામ મંદિરના સી. ઈ. ઓ. છે. ✷✷✷

**(પર્યુષણ વ્યાખ્યાનમાળામાં થયેલા અન્ય વ્યાખ્યાનો હવે પછી)**

---

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન: ૧૩

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

**ત્રયોદશ અધ્યાય : સત્સંગ યોગ**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં તેરમો અધ્યાય 'સત્સંગ યોગ' છે. આ પ્રકરણમાં ૯૦ શ્લોક છે.

સત્સંગનો ઘણો મહિમા છે. સત્સંગથી ઘણું પુણ્ય પ્રાપ્ત થાય છે. ભારતીય ધર્મો સત્સંગને જીવનના ઉત્કર્ષ માટેનું શ્રેષ્ઠ સાધન માને છે. એક શ્લોક મળે છે:

गंगापापं शशितापं, दैन्यं कल्पतरुस्तथा।

पापंतापं च दैन्यं च हरति संत समागमः।।

એનો અર્થ એવો છે કે ગંગા પાસે જઈએ તો પાપ ધોવાય છે, ચંદ્રમા પાસે જઈએ તો તાપ દૂર થાય છે, કલ્પવૃક્ષ પાસે જઈએ તો દારિદ્રય દૂર થાય છે પરંતુ સંતનો સમાગમ કરીએ તો પાપ, તાપ અને દારિદ્રય, ત્રણેય એક સાથે દૂર થાય છે.

સત્સંગનો અપૂર્વ મહિમા છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'સત્સંગ યોગ'ના પ્રથમ શ્લોકમાં જ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સત્સંગનો જે પ્રભાવ દર્શાવે છે તે અદ્‌ભૂત છેઃ

अनेक भवसंबद्ध कर्माणि साधुसंगतेः।

क्षणार्ध्देने क्षयं यान्ति, परमाच गर्त जनाः।।

(સત્સંગયોગ, શ્લોક–૧)

**'સાધુ સાથેના એક જ ક્ષણના સત્સંગથી લોકોના અનેક જન્મના કર્મોનો ક્ષય થાય છે અને તેઓ પરમગતિ પ્રાપ્ત કરે છે.'**

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી માત્ર જૈન ધર્મ પૂરતું નહીં પરંતુ તમામ ભારતીય ધર્મો સત્સંગનો જે પ્રભાવ કહે છે તેનું અનુસંધાન આ 'સત્સંગ યોગ'માં સાથે જોડે છે અને તેથી આ પ્રકરણનું મૂલ્ય ઘણું વધી જાય છે. શ્રી આનંદઘનજીએ કહ્યું હતું કે–

**સાધુ સંગતિ બિનૂ કૈસે પૈયે પરમ મહારસ ધામરી !**

શ્રી જ્ઞાનવિમલસૂરિ, શ્રી યશોવિજયજી, શ્રી સમયસુંદરજી વિગેરે તમામ જ્ઞાની પુરુષો સત્સંગનો અદ્‌ભૂત મહિમા સદાય કહેતા રહ્યા છે. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'સત્સંગ યોગ'ના પાંચમા શ્લોકમાં જે કહે છે તે ધ્યાન દઈને સાંભળવા જેવું છેઃ

**'સર્વ કાર્યો ત્યજીને પણ સદ્‌ગુરુનો સમાગમ કરવો જોઈએ. ભક્તોએ આત્મજ્ઞાન પામવા માટે રાતદિવસ સત્સંગ કરવો જોઇએ.'**

(સત્સંગયોગ, શ્લોક–૫)

ભારતીય ધર્મોની ભૂમિકા એ છે કે સદ્‌ગુરુના સંગમાં જ આત્મ-કલ્યાણ સંભવે છે. દેહમાં દેહી બિરાજે છે. અંતરમાં બિરાજમાન પરમાત્મા સ્વરૂપ આત્માને તેની જ્યોતિર્મય અવસ્થા સુધી પહોંચાડવા માટે સત્સંગ વિના આરો નથી. જૈન ધર્મ માને છે કે

અનાદિકાળથી પરિભ્રમણ કરી રહેલા આત્માને સન્માર્ગે રાખવા માટે, સદ્‌ગતિમાં પહોંચાડવા માટે અને સાક્ષાત્ પરમાત્મા બનાવવા માટે સદ્‌ગુરુનું શરણ સૌથી શ્રેષ્ઠ આધાર છે. ગુરુની કૃપાનું એકાદ કિરણ પણ શિષ્ય ઉપર પડી જાય તો તેનો ઉદ્ધાર થઈ જાય. ભક્તની ભક્તિ અને ભક્તની વિનમ્રતા પારદર્શક જોઈએ. જે ભક્તનું હૃદય આરપાર દેખાય છે તેને સત્સંગ તત્ક્ષણ ફળે છે. આવા ભક્તે આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સતત મંડ્યા રહેવું પડે.

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે,

**'જ્યાં જ્યાં આત્મજ્ઞાન વિશે વાર્તા-કથા અને ચર્ચા થતાં હોય ત્યાં ત્યાં ભક્તજને સેંકડો કાર્યો પડતા મૂકીને પણ જવું જોઈએ.'**

(સત્સંગયોગ, શ્લોક–૬)

સદ્‌ગુરુની પ્રાપ્તિ થવી સહેલી નથી. અનેક જન્મોના પરિશ્રમનું ફળ છે કે સદ્‌ગુરુ મળે છે. સદ્‌ગુરુ એટલે શું ? સદ્‌ગુરુ એટલે પરમાત્મા. જે નિરંતર પરમાત્મામાં જોડાયેલા રહે છે અને આપણને પરમાત્મા પાસે લઈ જાય છે એ સદ્‌ગુરુ છે. એવા સદ્‌ગુરુની પ્રાપ્તિ થવી સરળ નથી, પણ જો થઈ જાય તો એ જીવનનું પરમ સદ્‌ભાગ્ય છે. જીવનની પ્રત્યેક ક્ષણ કિંમતી છે. આ જીવનને ઉત્કર્ષના માર્ગે લઈ જવા માટે સત્સંગ ખૂબ જ ઉપયોગી છે.

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'સત્સંગયોગ'માં જે વિચાર પ્રગટાવે છે તે આપણને એક વિરાટ આકાશ સુધી દોરી જાય છે. જુઓ:

**'મારા નામનો જાપ કરનારાઓના દર્શનથી જેના રૂંવાડાં ઊભા થઈ જાય તે મને પ્રિય છે.'**

(સત્સંગયોગ, શ્લોક–૧૨)

ભગવાનને કેવો ભક્ત વહાલો હોય છે તે આમાંથી સમજાય છે. ભગવાન ભાવનાના ભૂખ્યા છે. ભાવનાથી ભવનો નાશ થાય છે. સાંસારિક જીવનમાં પણ સારી ભાવનાનો પડઘો પડે છે તો ભગવાનના દરબારમાં સારી ભાવનાનો પડઘો કેમ ન પડે ?

**'જે જૈન સાધુઓને જોઈને પૂર્ણ આનંદવાળા બને છે તે લોકો મને-પ્રભુને–પામીને જ્ઞાનયોગીઓ બને છે.'**

(સત્સંગયોગ, શ્લોક–૧૫)

પંચમહાવ્રત ધારી સાધુ ભગવંતને જોઈને અપાર હર્ષ થવો જોઈએ. સાધુ એ આ વિશ્વની અણમોલ સંપત્તિ છે. સાધુના શરણમાં રહેવું, તેમની ભક્તિ કરવી, તેમના પ્રત્યે સંપૂર્ણ આદર અને સત્કાર રાખવા એ ભક્તનું કર્તવ્ય છે. સાધુ શું કરશે તેનો વિરાટ આલેખ 'સત્સંગયોગ'માં મળે છે:

**'કેટલાંક લોકો જૈન ધર્મની વૃદ્ધિ માટે કળિયુગના ધર્મ અનુસાર નવા જ્ઞાનનો પ્રકાશ કરે છે અને નવા શાસ્ત્રો રચે છે. (શ્લોક, ૨૦). કેટલાંક લોકો સમુદ્રનું ઉલ્લંઘન કરીને એક દ્વીપમાંથી બીજા દ્વીપમાં જાય છે અને વિદ્યામંત્રના પ્રભાવ વડે ધર્મનો ઉપદેશ આપે છે. (શ્લોક–૨૧). કેટલાંક લોકો એક સ્થાનમાં રહે છે અને કેટલાંક લોકો અનેક સ્થાનમાં રહે છે. કેટલાંક લોકો પ્રવૃત્તિ કરનારા છે તો કેટલાંક લોકો નિવૃત્તિ કાર્યો કરનારા છે. (શ્લોક–૨૨). કેટલાંક મંત્રયોગ કરે છે. કેટલાંક સમાધિયોગમાં તત્પર છે. કેટલાંક શાસ્ત્રાભ્યાસમાં રત છે તો કેટલાંક જૈન ધર્મનો પ્રચાર કરે છે. (શ્લોક, ૨૩). કેટલાંક યોગીઓ કળિયુગમાં ગુપ્તરૂપમાં હિમાલયની ઉત્તરમાં શ્વેત દ્વીપમાં નિવાસ કરે છે. (શ્લોક, ૩૧). કેટલાંક મધ્યખંડમાં સાગર દ્વીપમાં પૂર્વ-પશ્ચિમ દેશમાં અથવા દક્ષિણમાં નિવાસ કરે છે. (શ્લોક, ૩૨). જૈનોના આફતકાળ વખતે કળિયુગમાં ધર્મ પ્રભાવક એવા સંતો પોતાની જાતનો પાદુર્ભાવ કરે છે. (શ્લોક, ૩૩). તેઓ પૃથ્વી ઉપર મેં કહેલા જૈન ધર્મના બ્રાહ્મી લિપિમાં લખાયેલા ગ્રંથોનો પ્રયત્નપૂર્વક ઉદ્ધાર કરે છે. (શ્લોક, ૩૬). વિકળ દેખાતા સંતોને બધા ઉપચારથી સેવવા જોઈએ કારણ કે પ્રભુલીન યોગીઓની વિકળતા માત્ર દેખાવ પૂરતી જ હોય છે. (શ્લોક, ૪૩). તેમનામાં વેષ અને આચારની નિત્યતા હોતી નથી. તેઓ પરોપકારમાં તત્પર અને આત્મજ્ઞાનની સમાધિમાં મસ્ત રહે છે. (શ્લોક, ૪૫). વિતરાગની દશાને પામેલા તેઓ અરિહંત અને જિનેન્દ્રના ભક્તો છે. તેઓ કળિયુગમાં વિશ્વશાંતિ કરવા જન્મેલા છે (અને ભવિષ્યમાં પણ) જન્મ લેશે. (શ્લોક, ૪૬).**

આ સંપૂર્ણ આલેખ આપણને ચિંતનની ઊંડી દુનિયામાં દોરી જાય છે. પરંતુ આ સમગ્ર કથન એક મહાન સાધુ પુરુષનું હોવાથી આપણે વિચારતા થઈ જઈએ છીએ અને તેમાંથી વિશિષ્ટ મર્મ પામવાની કોશિશ કરવા લાગીએ છીએ.

સંતો પ્રત્યે અપાર ભક્તિ જોઈએ. સંતોનું વર્તન સદાય વિલક્ષણ હોય છે. તેમની દુનિયા જ અગમનિગમની દુનિયા છે. સંતો માત્ર સંસાર છોડીને અને વેષ પરિવર્તન કરીને નીકળી પડે તે જ કહેવાતા નથી. પરંતુ ક્યારેક સંસાર જીવનમાં રહીને પણ પવિત્ર અને ઉત્તમ જીવન જીવતા સજ્જનો સંત સમાન બની જાય છે. તેઓ ગૃહસ્થ જીવનમાં રહીને પણ અનાસક્ત રહે છે, સાત્ત્વિક ભોજન કરે છે, અધ્યાત્મના પંથે ચાલે છે, અને તેવું જીવન જીવીને સહુના આદરપાત્ર બને છે. સંતત્વ વેષ પરિવર્તન કરવાથી જ આવે છે એવું નથી પરંતુ અંતર પરિવર્તન કરવાથી સાચું સંતત્વ પ્રગટ થાય છે તે ભૂલવું ન જોઈએ. આવા જે કોઈ સજ્જનો છે અને આવા જે કોઈ સંતપુરુષો છે તે સહુ માટે સદાય આદર અને ભક્તિ કેળવવા જોઈએ, કેમકે જે સામાન્યજનો નથી કરી શકતા તે એમણે સિદ્ધ કર્યું છે.

ગણધર ગૌતમ સ્વામીના સંગમાં અતિમુક્ત મુનિ ક્ષણમાત્રમાં વૈરાગ્ય પામી ગયેલા. મહાન સાધ્વી ચંદનબાળાના સંગમાં મહાન સાધ્વી મૃગાવતી ક્ષણમાત્રમાં આત્મકલ્યાણ પામી ગયેલા. ગણધર સુધર્મા સ્વામીના સંગમાં મહાન જમ્બૂ કેવળી ક્ષણમાત્રમાં વૈરાગ્ય

પામી ગયેલા. ગુજરાતના મહાન મંત્રીઓ વસ્તુપાળ અને તેજપાળે શ્રી વર્ધમાન સૂરિ મહારાજના સંગમાં પાલીતાણા તીર્થનો ઐતિહાસિક સંઘ કાઢેલો. મહાન જાવડશાએ જૈન સાધુઓની પ્રેરણાથી ગુજરાતને દુકાળને પેલે પાર લાવી મૂકેલું. મહાન અકબર બાદશાહે શ્રી હીરવિજય સૂરિના સંગમાં ભારતભરમાં છ મહિના સુધી કતલખાના બંધ કરેલા. આ બધી ઘટનાઓ આપણને 'સત્સંગયોગ'માં પ્રવેશ કરાવે છે. સાધુનું કાર્ય તો સદ્આકાશ તરફ ઈશારો કરવાનું હોય છે. આપણું કાર્ય એ પંથે ચાલવાનું હોય છે. માત્ર ભારતમાં જ નહીં, દેશ અને દુનિયામાં અનેક સદાચારી સંતો થયા છે. જેમના સંગમાં આ ધરતીના અસંખ્ય લોકો કલ્યાણ પામ્યા છે. ક્યારેક એવું નથી લાગતું કે આ ધરતી આવા સંતોના પ્રતાપે જ ટકી છે?

સાધુ એટલે કરુણાનો દરિયો. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના જીવનની જ એક ઘટના તેમની ડાયરીમાં નોંધાયેલી મળે છે. વિ. સં. ૧૯૭૧ના ભાદરવા વદી એકમના દિવસે તેમની ડાયરીમાં તેમણે એક કાવ્યરચના કરી છે. તે સમયે ગુજરાતમાં વરસાદ પડ્યો નહોતો. દુકાળના વાવડ હતા. આચાર્યશ્રીએ કરુણાભર્યા હૃદયથી એક કાવ્યની રચના કરી અને પ્રાર્થના કરી કે જલ્દી મેઘ પધારો અને સહુને શાંતિ આપો. તે જ સમયે વર્ષા થઈ અને ગુજરાતમાં સુકાળ પ્રવર્ત્યો. વર્ષા થઈ તેની નોંધ પણ અને સુકાળ થયો તેની નોંધ પણ તેમણે ડાયરીમાં કરી!

થોડાંક શ્લોકાર્થ જોઇએઃ

**'જ્ઞાની પુરુષ શુદ્ધ ઉપયોગ દ્વારા રાગ દ્વેષમય ચિત્તને કર્મબીજના અનાદિપણાથી શુદ્ધ કરે છે.'**

(ગાથા-૬૯)

**'જ્ઞાન અને વૈરાગ્ય ધારણ કરનારા સંતો સર્વત્ર શાંતિ કરનારા છે. તેઓ વિશ્વના ઉદ્ધારમાં પરાયણ અને અનંત સુખથી સંપન્ન હોય છે.'**

(ગાથા-૭૦)

સાધુની અનુકંપાની કોઈ સીમા હોતી નથી. એમની કરુણા સહેજે બંધિયાર હોતી નથી. એમની અનુકંપા જ્યારે જીવોની વેદના જોઈને આત્મામાં અજંપો જગાડે છે ત્યારે એનું સ્વરૂપ કેવું હોય છે એની અનુભવપૂર્ણ પ્રતીતિ આ કાવ્યમાં આલેખાય છે. સાધુ જીવનમાં જીવ માત્ર પ્રત્યે કરુણા હોય છે એટલું જ નહીં પણ એના આચરણમાં અસીમ અનુકંપા હોય છે.

અહીં દુષ્કાળમાં તરફડતા માનવજીવન અને પશુજીવન માટે આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજસાહેબે પ્રાર્થના કરી છે. વિ. સં. ૧૯૭૧ના ભાદરવા વદી એકમના દિવસે આ કાવ્યરચના થઈ અને થોડા જ સમયમાં વર્ષા થઈ. કાવ્યની બાજુમાં જ યોગનિષ્ઠ આચાર્યશ્રીએ એની નોંધ પણ કરી છે.

**પૂ. બુદ્ધિસાગરજી મહારાજસાહેબના હસ્તાક્ષર**


અહીં ઝટ મેઘ વર્ષાવો.
વિનંતિ સર્વ દેવોને - જીગરથી ધર્મ ધોલાર્થે.
કરૂં તે ધ્યાનમાં લઈને - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧
તપસ્વી ઓ તપઃ તપતા - તપો મહિમા [illegible]
અહો શાસન સુરો પ્રેમે - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૨
જગતમાં ધર્મ જીવોના - ખરા પુણ્યે દયા લાવી.
પજુસણ પર્વમાં યત્ને - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૩
ગયાં પર્વો ઘણાં ખાલી - અરે વૃષ્ટિ વિના જાણી.
હવે પર્યુષણે નક્કી - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૪
સુધારો પર્વ આ છેલ્લું - ખરા ઉપકારને માટે.
કરોડો વિઘ્ન વારીને - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૫
મહત્ત્વે સન્તના પુણ્યે - ઘણા પ્રેરાઈને મનમાં.
બની એ જુગલ જુગ રભાવે - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૬
તમો છો વિશ્વમાં સાચા - જગત નિશ્ચયકરાવાને.
જિનેશ્વર ધર્મ રક્ષાર્થે - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૭
વિનંતિ ખાલી ના જાતી - ખરેખર સન્ત રસ [illegible]
ખરો નિશ્ચય કરાવાને - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૮
કદાપિ સન્તનાં કાવ્યો - નહીં નિષ્ફલ થતાં જગમાં.
અહો એની પ્રતીતાર્થે - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૯
તમારી લાજને માટે = પ્રભાવકતા ધરી મનમાં.
ગમે તે યુક્તિ શક્તિથી - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧૦
હવે તો હદ વળી સમજો - લગાડો વાર ના કિંચિત.
સુકાળ જ શાન્તિના માટે - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧૧
કર્યું આ કાવ્ય પરમાર્થે - પરોના [illegible]
અહો એ સત્ય કરવાને - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧૨
[illegible] આવશ્યક કાર્ય જ - નિહાળી કાવ્ય કીધું આ.
બુદ્ધ્યબ્ધિ ધર્મ [illegible] - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧૩
ૐ શાન્તિઃ ૩

આ કાવ્ય રચ્યા બાદ ભાદરવામાં વર્ષાદ થયો અને તેથી ગુજરાતમાં દુષ્કાળ [illegible] સુકાલ થયો.

આ કાવ્ય ભાદરવા વદિ એકમના રોજ લખ્યું. [illegible] [illegible] નોંધ [illegible] લખી— લી. બુદ્ધિસાગર

**'હંમેશાં પૂર્ણરાગથી રાત્રિદિવસ સંતોની સેવા કરવી જોઈએ. કરોડો કાર્યોનો ત્યાગ કરીને સાધુઓની સંગતિ કરવી જોઈએ.'**

(ગાથા-૮૫)

**'મારામાં પ્રેમ રાખનારા સાધુની સેવા કરીને મારા લોકો જ્ઞાન પ્રાપ્ત કરે છે અને પછી શુદ્ધ આત્મા પ્રાપ્ત કરી શકે છે.**

(ગાથા, ૮૬)

**'સાધુઓના સમભાવ વડે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. સંતોની સેવા કરીને દોષ છોડવા જોઈએ અને ગુણ ગ્રહણ કરવા જોઇએ.'**

(ગાથા-૮૭)

**'કળિયુગમાં મારા લોકોએ સજ્જનોમાં પૂર્ણરાગ કરવો જોઈએ. સાધુઓ પ્રત્યેના પૂર્ણરાગથી જ્ઞાન વિગેરેની શુદ્ધતા થાય છે.'**

(ગાથા-૮૮)

**'લોકોએ સાધુઓનું હંમેશાં દર્શન કરવું જોઈએ. સાધુઓના દર્શનથી પુણ્ય અને સંગથી શુભ ફળે છે.'**

(ગાથા-૮૯)

**'સ્થાવર તીર્થની સેવા કરતાં જંગમતીર્થની સેવામાં અનંત કોટિ ગણું ફળ મળે છે એમ જાણવું.**

(ગાથા-૯૦)

સત્સંગની જેટલી વાત કરીએ એટલી ઓછી છે. કલ્પવૃક્ષ તો કોણે જોયું તેનું ખબર નથી પણ આ ધરતી પર વિચરતા સંતો કલ્પવૃક્ષ નથી તો શું છે? જે એની શીળી છાયામાં જાય છે તે સદાય સુખ પામે છે. સદાય કલ્યાણ પામે છે.

(ક્રમશઃ)

પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ,
જૈન જ્ઞાનમંદીર, જ્ઞાનમંદીર રોડ,
દાદર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૨૮.

✶ ✶ ✶

# જયભિખ્ખુ જીવનધારા : ૧૨

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*[બાળપણની ઘટનાઓ ચિત્ત પર સદાને માટે અંકિત થઈ જતી હોય છે. ગુજરાતી સાહિત્યમાં મૂલ્યવાન પ્રદાન કરનાર સર્જક જયભિખ્ખુના બાળપણની આ ઘટનાઓ આજથી નેવું વર્ષ પહેલાનાં ગ્રામજીવનનો ચિતાર આપે છે. આ ઘટનાઓ એમના સાહિત્યસર્જનમાં એક યા બીજારૂપે ગૂંથાયેલી દૃષ્ટિગોચર થાય છે. ગતાંકમાં પાલી કાકીના શૌર્યભર્યા વ્યક્તિત્વનો એક અંશ જોવા મળ્યો, જેણે લેખકને તેજસ્વી નારીપાત્રોના સર્જન માટેની કેટલીક સુંદર રેખાઓ આપી. બાળપણનો એક બીજો અનુભવ જોઈએ જયભિખ્ખુના ચરિત્રને આલેખતા બારમા પ્રકરણમાં.]*

## મારો દીકરો આવો ન હોય!

આજથી એકસો વર્ષ પૂર્વે ગુજરાતના ગામડાંઓની રાત બહારવટિયાઓના ભયના ફફડાટમાં વીતતી હતી. એમની કથાઓ લોકમાનસમાં ભય જગાવતી હતી. ચોમેર ફેલાયેલી અને ફેલાતી જતી દંતકથાઓ એમાં ઉમેરણ કરતી હતી. એવા સમયે વરસોડા ગામને ઝાંપે મીરખાં બહારવટિયાએ જાસાચીઠ્ઠી ચોંટાડી અને એમાં લખ્યું કે ત્રણ દિવસમાં ત્રણ હજાર રોકડા, દસ બોકડા, બે દેગડા દારૂ અને પાંચ મણ મીઠાઈ પુનિયા પટેલના ખેતરના શેઢે મૂકી જજો, નહીં તો બુધવારની સાંજે તમારું ગામ ભાંગીશ. એની નિશાનીમાં ઘાસના પૂળાંઓ સળગશે એ જાણજો.

બુધવારની સાંજ પડી ચૂકી હતી. ગામના પાદર પર રણજંગનો રંગ જામ્યો હતો. એકેએક કોમના યુવાનો મરવા કે મારવા નીકળ્યા હતા. ડરનારા લોકો ગામ છોડીને ચાલ્યા ગયા હતા. બીકણ યુવાનો એક યા બીજા બહાને પરગામ જતા રહ્યા હતા અને હવે ગામના રજપૂત ગરાસિયા, મુસલમાન, વાણિયા અને મોઢના યુવાનો કમર કસીને ઊભા હતા. એમને મરવાની બીક નહોતી, અને ગામની લાજ લૂંટવા આવનારને પદાર્થપાઠ શીખવવાની ઈચ્છા હતી. બહારવટિયાની જાસાચીઠ્ઠીનો પોલીસ થાણામાં રિપોર્ટ થયો હતો એટલે પાંચથી દસ પોલીસ ગામમાં બંદૂકભેર આવી હતી. આ ગામને પાદર આડાં ગાડાં ગોઠવીને રૂના ગાદલાં ભરાવી સિપાહીઓ ભરી બંદૂકે બંદૂકે બેસી ગયા હતા.

જે ભય હતો એ આખરે નજર સામે આવીને ઊભો થયો. ગામને પાદર દૂર ખેતરમાં ઘાસનો સાલો (પૂળાઓ) સળગવા લાગ્યો. સહુની આંખો એ તરફ મંડાઈ, પરંતુ જોયું તો એ તરફથી બહારવટિયા ગામમાં ધાડ પાડવા આવતા દેખાતા નહોતા. પહેલાં એમ લાગ્યું કે થોડીવારે આવશે, પછી એમ થયું કે સામા માર્ગે આવવાને બદલે સહેજ આડા ફંટાઈને આવશે. વખત વીતતો ચાલ્યો, પણ સામે કોઈ દેખાયું નહીં. બહારવટિયાઓની ગામ ભાંગવાની નિશાની જોવા મળી, પણ બહારવટિયા ક્યાંય નજરે પડ્યાં નહીં!

આખરે કેટલાંક જુવાનિયાઓએ સામે ચાલીને તપાસ કરવાનો વિચાર કર્યો. આને માટે એમની સાથે બે પોલીસ પણ હતા. આ બધાને એ તરફ જતા જોઈને બીજાઓને પણ હવે શૂરાતન ચડ્યું. જે દૂર ઊભા રહીને જોતા હતા તે નજીક આવ્યા. જે નજીક હતા એ એમની પાછળ ચાલ્યા. ધીરે ધીરે દબાતે પગલે, ચારે બાજુ નજર ફેરવતાં આ યુવાનો ઘાસની ગંજી બળી રહી હતી એની નજક આવ્યા અને જોયું તો નજીકમાં કોઈ ઊભેલું દેખાયું.

એને જોતાં જ ગામનો યુવાન બોલી ઊઠ્યો. 'અરે આ તો આપણા અમથુજી પટાવાળાનો મગન લાગે છે. એ વળી અહીં ક્યાંથી?'

એને ડોલતો જોઈને અને એની ઘેરાયેલી આંખો પરથી કૅમ્પમાંથી પોલિટિકલ ખાતા તરફથી આવેલા પોલીસોએ કહ્યું,

'અરે આ તો પીધેલો લાગે છે.'

બધા આગળ વધ્યા. પોલીસોએ મગનને બાવડેથી બરાબર પકડ્યો. એના બે હાથ બરાબર પકડીને કહ્યું, 'એ ય! મીરખાં ક્યાં છે? આ ગંજી કોણે સળગાવી હતી?'

દારૂના નશામાં ડોલતો મગન રાજાપાટમાં આવીને બોલ્યો, 'જુઓ, હું છું મીરખાં મૂછાળો. અમે સળગાવ્યો છે આ ઘાસનો સાલો. બોલો, તમારે ડરપોકોને શું છે?'

મગનને પકડીને પોલીસ ગામમાં લઈ આવી. ગામલોકો એકઠા થયા. હજી મગનનો નશો ઊતર્યો નહોતો. દરબાર ગઢમાંથી જાસાચીઠ્ઠી મંગાવી અને એના અક્ષરો મેળવ્યા, તો એ મગનના જ હતા! વાતની કડી સહુને મળી ગઈ. પછી કોઈ રાહ જુએ ખરા!

આખા ગામને ઉપરતળે કરનાર મગન પર મુક્કાઓ અને ધક્કાઓનો વરસાદ વરસ્યો. ઘરડી સ્ત્રીઓએ શાપ આપ્યા, કેટલીક મારવા ધસી આવી. બધાએ ભેગા મળીને કપડાં ધૂએ એમ મગનને ધોઈ નાખ્યો. ગામના વડીલોએ આવીને મગનને મરતો બચાવ્યો. એનું કારણ એટલું હતું કે મગનનો બાપ લાખ રૂપિયાનો આદમી હતો. એ દરબારનો હજૂર પટાવાળો હતો. ગામમાં એની ઘણી મોટી આબરૂ હતી અને ભારે હોંશથી એણે એના દીકરા મગનને પાંચ ચોપડી સુધી ભણાવ્યો હતો.

અભણ બાપને થયું કે છોકરો ભણશે-ગણશે તો કંઈક નામ ઉજાળશે, આથી એને બહાર ભણવા મોકલવાનું વિચારતા હતા. મગનની ઈચ્છા પણ શહેરમાં જઈને કમાણી કરવાની હતી. બાપે જીવનભર ગામમાં રહીને નિમકહલાલીથી દરબારની સેવા કરી હતી.

પણ વિચાર્યું કે છોકરાને ગામની ભૂમિમાં શું કામ દાટી દેવો? ભલે, એને શહેરમાં જવું હોય તો જાય. મગન શહેરમાં ગયો. એના પિતા પાસેથી વિનય-વિવેક શીખ્યો હતો, એ વિનય-વિવેક સાથે શેઠને ત્યાં કામ કરવા લાગ્યો. ઠાવકો, કહ્યાગરો અને ઉદ્યમી મગન પહેલાં પરચૂરણ કામ કરતો હતો. કામ કરવામાં એવો પાવરધો કે શેઠ-શેઠાણી કંઈક કહે એ પહેલાં એણે એ કામ કરી રાખ્યું હોય. આથી શેઠે એને પોતાની બે ઘોડાની ફેટિન પર કોચવાન બનાવ્યો. પછી તો ફેટિન ચલાવવામાં મગનનો હાથ બેસી ગયો. ગામમાં વસતા બાપને મગન સમાચાર મોકલતો અને પોતાની સુખ સાહ્યબીની વાત જણાવતો. અમથુજી ભગવાનનો પાડ માનતા હતા. હૈયું ઠારે એવો દીકરો મળ્યાનો એમને આનંદ હતો.

દેખાવડા મગનને ખુશ થયેલા શેઠે કપડાં માટે પૈસા આપ્યા. કેસરી ફેંટો, ચપોચપ શૂરવાલ અને શિકારી કોટમાં મગન ભારે ભપકાથી રહેવા લાગ્યો. એમાં વળી કોટ પર લશ્કરી બટન લગાડ્યા. દેખાવ જુઓ તો કોઈ મોટા ધનપતિ જેવો! શેઠ-શેઠાણીની રજા લઈને મગન ગામમાં આવતો, ત્યારે એનો રુઆબ જ જુદો હોય. એનો ભપકો એવો કે એની આગળ ભલભલા ઝાંખા લાગે. કામિનીઆ તેલ નાખીને ઓળેલા વાળ અને લહેકાદાર ચાલ. ગામમાંથી મગન નીકળે એટલે સહુ એને દોડીને ખબરઅંતર પૂછે. મગન શહેરની જાહોજલાલીની મોટી મોટી વાતો કરે, ગામના છોકરાઓ અને જુવાનિયાઓ એની આસપાસ ટોળે વળે. સહુને એમ કે મગન આપણને શહેરમાં લઈ જાય તો કેવું સારું? એના જેમ રૂઆબથી રહેવા મળે, ભપકાથી જીવવા મળે.

મગનનું જીવન બરાબર ચાલતું હતું. પરંતુ એ જમાનામાં શહેરની મોહિની સાવ જુદી હતી. ધીરે ધીરે એને જુદા જુદા શોખ જાગવા લાગ્યા અને મગન સિનેમા અને નાટક, તેલ અને અત્તર, બુટપાલિશ અને રેશમી રૂમાલ, હોટલ અને લોજ–એમ જુદા જુદા શોખમાં આગળ વધતો ગયો. શોખ અને વ્યસન લાગુ પડે એટલે સદાય વધતા રહે અને ધન ઘટતું રહે. ગામડામાં ક્યારેય ચા નહીં પીનારો મગન શહેરમાં પાંચ-પાંચ વખત ચા પીવા લાગ્યો. એ જમાનામાં ભાગ્યે જ લોકો ચા પીતા, તેથી મગનનો આ શોખ એની શાન બની ગયો. પછી તો સાત વાર પાન જોઈએ અને સીગારેટનો તો ઘાણ કાઢે.

વ્યસનની ગંધથી મિત્રો ખેંચાઈ આવે છે. શોખના આકર્ષણથી દોસ્તો સામા મળી આવે છે અને એ રીતે મગનને સ્વાર્થી અને ખુશામતીયા દોસ્તો મળ્યા અને એમણે મગનના મોજીલાપણાને દાદ આપીને એને ફોલી ખાધો. માથે દેવું થયું, હાથ તંગીમાં પડ્યો. દોસ્તોએ કહ્યું કે દેવાથી ડરવાનું શું? આજે દેવું હોય અને આવતીકાલે નસીબ આડેનું પાંદડું ખસી જાય તો માલામાલ થઈ જવાય, આથી કેટલાકે નસીબ અજમાવવા જુગાર રમવાનું કહ્યું. મગન જુગારના છંદે ચડ્યો. શહેરમાં એને કોણ વારે? ગામમાં તો એકબીજાની શરમ અડતી હોય, પણ શહેરમાં તો કોઈની ય શરમ અડે નહીં. ધીરે ધીરે એ દારૂની લત પર ચડ્યો. એના શેઠને આ ખબર પડી. એમણે મગનને પહેલાં ધમકાવ્યો અને સીધા રસ્તે ચાલવા સલાહ આપી. પણ મધમાખીઓ કંઈ મધપૂડાને એમ છોડે ખરી?

મિત્રોએ મગનને વધુ ને વધુ વ્યસન સેવતો કર્યો. એકવાર એના શેઠે જોયું કે મગન દારૂ પીને આવ્યો છે એટલે એને નોકરીમાંથી રૂખસદ આપી. ઘણે ઠેકાણે ફર્યો પણ બીજી નોકરી મળી નહીં. દેવાદાર મગનના મિત્રો ધીરે ધીરે અદૃશ્ય થવા લાગ્યા. મગન એકલો પડી ગયો. મનમાં વિચાર્યું કે ભલે બાપે અનેક આશા-અરમાન સાથે શહેરમાં મોકલ્યો હતો પણ મારે માટે શહેરમાં જીવવું મુશ્કેલ છે. દેવું પણ એટલું બધું વધી ગયું છે કે દેવાદારો એને સુખેથી રહેવા દેતા નથી. આથી મગને શહેરને તિલાંજલિ આપીને પાછું પોતાના ગામમાં આવીને વસવાનું નક્કી કર્યું.

શહેરની રોનકથી અંજાઈને ગામ છોડી ગયેલા ઘણા યુવાનોએ શહેરી જીવનની ઝાકઝમાળ ભૂલીને ગ્રામજીવન શરૂ કર્યું હતું, પણ મગન શહેરને ભૂલી શકતો નહોતો કારણ કે એના સઘળા શોખ શહેરને પોષાય તેવા હતા. ગામમાં ખેતી કરવી પડે, નોકરી કરવી પડે, દુકાનદારી કે મજૂરી કરવી પડે. મગન આમાંથી એકેયને માટે તૈયાર નહોતો. એને એના રૂઆબમાં રસ હતો. આસપાસ ખુશામતીયાઓની મંડળી પસંદ હતી.

આથી એણે ગામમાં હોટલ શરૂ કરી. નેવું વર્ષ પહેલાં વરસોડા ગામને માટે આ એક સમાચાર બન્યા. ગામમાં હોટલ હોય અને એમાં ચા-નાસ્તો મળે તેવી ઘણાએ કલ્પના પણ કરી નહોતી. એ જમાનામાં માત્ર ઘરમાં ચાનો વપરાશ હતો. મગને હોટલ કરી અને એક બંગડીવાજુ લાવ્યો. ધીરે ધીરે હોટલ પર કામવિનાના અને તોફાની યુવાનોની મંડળી જામવા લાગી. યુવાન વહુ-દીકરીઓએ ત્યાંથી નીકળવું બંધ કર્યું. પણ મગનને કોણ વારે? કોઈને એમ થયું કે એના બાપ અમથુજીને વાત કરીએ, પરંતુ ગામમાં અમથુજી એવો ભલો, આબરૂદાર અને મોભાદાર માણસ કે એને આવી વાત કરીને એનું મનદુઃખ કરવાનું કોઈ ઈચ્છે નહીં.

હોટલમાં આવારા યુવાનોની મંડળી મળવા લાગી. મગનને માથે કરજ તો વધતું હતું. કેટલાક મિત્રોએ સલાહ આપી કે ભવની ભૂખ માંગવી હોય તો હોટલ કરવાથી કંઈ ન વળે. મોટી ધાડ પાડવી જોઈએ. મગનને પણ થયું કે આ દેવાનો ડુંગર તો વધતો જાય છે. હોટલમાં મફત ચા-પાણી પીનારાઓ પડ્યા-પાથર્યા રહે છે. કોઈ મગનને કહે કે બંગડીવાજા પર અમુક ગીત વગાડ અને એમ કહીને કલાકો સુધી બેસી રહે છે. આમાં આવક કરતાં જાવક વધુ છે.

મગનના મનમાં એવો વિચાર જાગ્યો કે આખાય મુલકમાં

બહારવટિયા મીરખાંના નામનો ચારેબાજુ ભય ફેલાયેલો છે. એનાથી ભલભલા ધ્રૂજે છે અને એથી જો મીરખાંના નામે ગામ ડરીને રૂપિયા પહોંચતા કરી જાય, તો કામમાં ફતેહ મળી જાય. જિંદગીભરનું દેવું એક જ ઘાએ ચૂકવાઈ જાય.

પણ મગનની બાજી તો ધૂળમાં મળી ગઈ. વળી એણે દારૂના નશામાં પોલીસો અને ગામ લોકોને બધી વાત માંડીને કહી દીધી. એના સાથીદારોના નામ પણ આપ્યાં. એમને પણ પકડવામાં આવ્યા અને ઘાસની ગંજ બાળવા માટે લાવવામાં આવેલ ઘાસલેટ (કેરોસીન)નો ડબ્બો પણ ઝડપાયો. ગામના કયા વેપારીની દુકાનેથી એ લાવવામાં આવ્યો હતો એની પણ ભાળ મળી. આમ આખોય કેસ એવો મજબૂત હતો કે મગનનો કોઈ બચાવ કરી શકે તેમ નહોતું. પોલીસ એને પકડીને લઈ ગઈ. સહુએ માન્યું કે ગામનો એક કાંટો ગયો, નહીં તો કેટલાય યુવાનોનું જીવતર એણે બગાડી નાંખ્યું હોત.

મગનના બાપ અમથુજી દરબાર સાથે જાત્રાએ ગયા હતા. એમને ખબર મળી, ત્યારે એ અભણ માણસે પત્તામાં (પોસ્ટકાર્ડ)માં એટલું લખાવ્યું.

'જેનું અન્ન આપણા પેટમાં હોય અને એનું ખરાબ કરીએ તો ઈશ્વર ન સાંખે. મારો દીકરો આવો ન હોય. એને કાયદેસર જે સજા થતી હોય તે ભલે થાય. કદાચ એકવાર સજા કરવાથી એનું ભવિષ્ય સુધરી પણ જાય.'

કોઈ બીજો પિતા હોત તો એણે ઠેઠ સુધી લાંચ અને લાગવગ લગાવી હોત, પણ આ અભણ માણસ આબરૂ અને આમન્યાનો મહિમા જાણતો હતો. એણે ધાર્યું હોત તો દરબાર સાહેબની લાગવગથી સાક્ષીઓને કમજોર બનાવી નાખ્યા હોત અને પુત્રને શકનો લાભ અપાવી શક્યો હોત, પણ જીવનભર સચ્ચાઈ અને ખાનદાનીને વળગી રહેલા અમથુજીએ આ આફતના સમયમાં પણ એનો જ આશરો લીધો.

મગનને સાબરમતી જેલમાં મોકલવામાં આવ્યો, ત્યાં સુધી એમણે ઉંબર બહાર પગ પણ ન મૂક્યો. જિંદગીની સંધ્યાએ લાગેલા ઘાએ અમથુજીના જીવને અંદરથી કોરી ખાધો. ગામમાં આબરૂને આત્મા સમાન માનતા અમથુજીને આબરૂ ગયા પછી જાણે એના દેહમાંથી આત્મા ઊડી ગયો હોય એમ લાગતું હતું. નિઃસાસો નાંખીને એ ઘણીવાર બોલતા,

'અરે, મારે ત્યાં ભગવાને કોઈ દુશ્મનને દીકરો બનાવીને મોકલ્યો! નક્કી પરભવનાં કોઈ પાપ નડ્યા.'

ગરીબ અને અભણ અમથુજીએ હોટલ વેચી દીધી. બંગડીવાજાની ખેરાત કરી નાંખી અને દીકરાનું જે દેવું હતું તે ટૂંકી કમાણીમાંથી કરકસર કરીને વાળ્યું.

મગને લખેલી જાસાચીઠ્ઠીની વાત ગામે જાણી. પોલીસ એને બેડીઓ પહેરાવી થાણે લઈ ગઈ. એ દિવસે આખા ગામે પેટ ભરીને ખાધું અને નિરાંતે ઊંઘ લીધી. બીજે દિવસે અનેક જગાએ સત્યનારાયણની કથાઓ અને શિવ-મહિમ્નસ્તોત્ર જપના પારાયણ આરંભાયા. થોડે દિવસે તો વરસોડા ગામ બહારવટિયા મીરખાંની વાત ભૂલી ગયું.

આ ઘટનાએ ભીખાલાલને વિચારતા કરી મૂક્યા. શહેરના આકર્ષણોથી થતી ગામડાંના યુવકોની બરબાદી એમણે મગનમાં જોઈ અને આ વાત એમણે એમની વાર્તાઓમાં વણી લીધી.

**(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મોબાઈલ:૦૯૮૨૪૦૧૯૯૨૫

### શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત

## વીસમો જૈન સાહિત્ય સમારોહ

રૂપ માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈના સૌજન્યથી ૨૦ મો જૈન સાહિત્ય સમારોહ ૨૦૧૦ માં જાન્યુઆરી ૨૯ અને ૩૦મી તારીખે રતલામ (મધ્ય પ્રદેશ) માં અને ૩૧ મી એ નાગેશ્વર (મધ્ય પ્રદેશ) માં યોજાશે.

આ સમારોહનું સંયોજન અને સંચાલન જૈન ધર્મના અભ્યાસી ડૉ. ધનવંત શાહ કરશે.

સમારોહનું વિષય શિર્ષક **'જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ'** છે.

સમારોહમાં ભાગ લેનાર વિદ્વાન મહાનુભાવોએ જૈન ધર્મના પ્રાચીન, મધ્યકાલિન અથવા અર્વાચીન કોઈપણ એક જૈન ગ્રંથ ઉપર ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજીમાં વિગતે લઘુ નિબંધ તૈયાર કરી એ નિબંધનું ૨૦ મિનિટ વાંચન અને ચર્ચા કરવાની રહેશે. ગ્રંથોની યાદી શ્રી મહાવીર જૈન વિદ્યાલયની મુંબઈ શાખામાંથી પ્રાપ્ત થશે. (ફોન નં. ૨૩૭૫ ૯૧ ૭૯ / ૨૩૭૫૯૩૯૯ / ૬૫૦૪૯૩૯૭ / ૬૫૨૨ ૮૩૮૬, ફેક્ષ નં. ૨૩૭૨ ૯૨ ૪૨, ઈ. મેઈલ-hosmjv@rediffmail.com)

નિબંધ પ્રસ્તુત કરનાર મહાનુભાવ વિદ્વાનોને પોતાના સ્થાનેથી આવવા-જવાનો પ્રવાસ ખર્ચ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી અર્પણ થશે, તેમ જ રહેવા વગેરેની વ્યવસ્થા ઉપર જણાવેલ નિમંત્રક ટ્રસ્ટ કરશે અને નિબંધ લેખકનું માનદ્ પુરસ્કારથી સન્માન કરશે.

પ્રાપ્ત નિબંધો ભવિષ્યમાં પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થશે.

વિદ્વાન નિબંધ લેખકો ઉપરાંત જૈન ધર્મના અભ્યાસુ અને જિજ્ઞાસુઓને પણ આ સમારોહમાં પધારવાનું રૂપ માણક ભંશાલી ટ્રસ્ટ તરફથી નિમંત્રણ છે. એ સર્વેની સર્વ વ્યવસ્થા પણ આ નિમંત્રક ટ્રસ્ટ કરશે.

જે વિદ્વાનો અને જિજ્ઞાસુ અભ્યાસીઓ આ સમારોહમાં પધારવા ઈચ્છતા હોય એઓશ્રીએ પત્ર દ્વારા શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી કચ્છી વિશા ઓશવાલ જૈન મહાજન વાડી, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, ચીંચ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯ એ સરનામે જાણ કરવાની રહેશે તેમ જ ઉપરના ફોન નંબર ઉપર વિદ્યાલયના શ્રી હેમંતભાઈ બી. શાહને તા. ૩૦-૧૧-૨૦૦૯ સુધી સંપર્ક કરવા વિનંતી છે.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ઑક્ટોમ્બર ૨૦૦૯ના અંકથી આગળ)

૫૮૬. પ્રમાદ : પ્રમાદ એટલે આત્મ વિસ્મરણ અર્થાત્ કુશળ કાર્યોમાં આદર ન રાખવો, કર્તવ્ય, અકર્તવ્યની સ્મૃતિ માટે સાવધાન ન રહેવું તે.
आत्म विस्मरण अर्थात् कुशल कार्यों में अनादर, कर्तव्य-अकर्तव्य की स्मृति में असावधानी ।
The mental feeling to be looked for in this connection is made up of the various impulses of attachment and aversion as also carelessness is pramhada or negligence.

૫૮૭. પ્રમોદ (ભાવના): પોતાથી વધારે ગુણવાન પ્રત્યે આદર કરવો અને તેની ચડતી જોઈ ખુશ થવું તે.
अपने से अधिक गुणवान् के प्रति आदर रखना तथा उसके उत्कर्ष को देखकर प्रसन्न होना ।
Gladness means to evince respect for one superior to oneself in merit and to feel pleased on seeing him flourishing.

૫૮૮. પ્રયોગક્રિયા : શરીર આદિ દ્વારા જવા આવવા આદિ સકષાય પ્રવૃત્તિ કરવી તે.
शरीर आदि द्वारा आने-जाने आदि में कषाययुक्त प्रवृत्ति ।
Kriya of the form of a bodily operation like coming, going etc. vitiated by passion.

૫૮૯. પ્રયોગજ : જે શબ્દ આત્માના પ્રયત્નથી ઉત્પન્ન થાય છે તે પ્રયોગજ કહેવાય છે.
जो शब्द आत्मा के प्रयत्न से उत्पन्न होता है वह ।
The sound produced through effort on the part of a soul is prayogaja or voluntary.

૫૯૦ પ્રવચનભક્તિ : શાસ્ત્રમાં શુદ્ધ નિષ્ઠાથી અનુરાગ રાખવો.
शास्त्र में शुद्ध निष्ठापूर्वक अनुराग रखना ।
Feeling of devotedness towards a scriptural text.

૫૯૧. પ્રવચનમાતા : પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને પ્રવચનમાતા કહેવાય છે.
पाँच समिति और तीन गुप्ति को प्रवचनमाता कहते है ।
A common designation for the five samitis and three guptis.

૫૯૨. પ્રવચન વત્સલત્વ: વાછરડા ઉપર ગાય રાખે છે તેમ સાધર્મિક ઉપર નિષ્કામ સ્નેહ રાખવો, તે 'પ્રવચન વત્સલ્ય'.
जैसे गाय बछडे पर स्नेह रखती है वैसे ही साधर्मियों पर निष्काम स्नेह रखना।
Feeling of disinterested love towards the co-religionists.

૫૯૩. પ્રવીચાર : વિષય સુખનો ભોગ
विषय सुख का भोग ।
Sexual enjoyment.

૫૯૪. પ્રવ્રાજક : જે પ્રવ્રજ્યા આપે તે પ્રવ્રાજક તે આચાર્યનો એક પ્રકાર છે.
जो प्रव्रज्या देते है वो प्रव्राजक है । वह आचार्य का एक प्रकार है ।
He who offers pravrajya is called pravrajaka. It is one of the sub type of acharya.

૫૯૫. પ્રશંસા : સાચા કે ખોટા ગુણોને પ્રગટ કરવાની વૃત્તિ તે 'પ્રશંસા'.
सच्चे या झूठे गुणों को प्रकट करने की वृत्ति ।
To praise oneself means to publicity point out as belongings to oneself merits that might or might not exist in oneself.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન-સ્વાગત

પુસ્તકનું નામ :
**મારા મહાવીર, તારા મહાવીર**
લેખક : **રોહિત શાહ**
પ્રકાશક : **અમર ઠાકોરલાલ શાહ**, ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં. ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦.
મૂલ્યઃ રૂા. ૬૦/-, પાના ૮+૧૦૪, આવૃત્તિ પ્રથમ. ૨૦૦૪.

ભગવાન મહાવીરના નામે વર્તમાન યુગમાં ચાલતા અનિષ્ટોને લેખક રોહિત શાહ નીડરપણે આલેખી આપણને સૌને વિચારતા કરી મૂકે છે.

સામેની વ્યક્તિ સાચી હોઈ શકે એવા અનેકાન્તના ઉજાસમાં મહાવીરને પામવાનો પ્રયત્ન કરવો આપણા સૌના માટે જરૂરી છે. મહાવીર મળે તો મૈત્રીમાં મળે વૈમનસ્યમાં નહિ; સાધનામાં મળે આડંબરમાં નહિ, દિલમાં મળે દેરાસરમાં નહિ. મહાવીરને પામવાની સાચી મથામણનો પ્રારંભ જૈનોની એકતા દ્વારા જ થઈ શકશે, 'મારા મહાવીર, તારા મહાવીર' એવા વિભાજનમાં મહાવીરને શોધવાના ઉધામા કરીએ તો મહાવીરથી વેગળા જ થઈ જઈએ.

પુસ્તકના ઓગણત્રીસ લેખોના શીર્ષકો દ્વારા જ કેટલીક વાતો તો સમજાઈ જાય છે. કટાક્ષયુક્ત શૈલી દ્વારા લેખક બૌદ્ધિકોને સ્પર્શી જાય તેવી ઘણી વાતો કહી જાય છે અને મહાવીર સિદ્ધાંતોને સમજાવી જાય છે.

X X X

પુસ્તકનું નામ : **સાધનાનું શિખર**
લેખક : **મુનિશ્રી અમરેન્દ્રવિજયજી**
પ્રકાશક : **જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ,**
C/o. દિનેશ એચ. દેઢિયા, ૪૦૫, કમલા નગર, સામે, એમ. જી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭. ફોનઃ (૦૨૨) ૬૪૫૧૪૬૭૧.
પ્રાપ્તિસ્થાનઃ નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨. મૂલ્યઃ રૂા. ૨૦/-, પાના ૬૪, આવૃત્તિ ત્રીજી ૨૦૦૮.

આધ્યાત્મમૂર્તિ પૂજ્ય મુનિવર શ્રી અમરેન્દ્રવિજયજી મહારાજ સાહેબની સર્વશ્રેષ્ઠ કૃતિ 'આત્મજ્ઞાન અને સાધના પથ' એ પુસ્તકમાંનું સાક્ષીભાવ-જ્ઞાતા દૃષ્ટાભાવની વિસ્તૃત છણાવટ કરતું આઠમું પ્રકરણ સ્વતંત્રરૂપે પ્રગટ કરવાની પૂજ્યશ્રીની ભાવના હતી. તે પ્રસ્તુત પુસ્તક દ્વારા પ્રસિદ્ધ થાય છે.

આત્મજ્ઞાનની કેટલીક વિચારણા કર્યા પછી લેખક મુનિવરશ્રી અંતિમ આલંબન અને ઉપાય તરીકે જ્ઞાત-દૃષ્ટાભાવ અને સાક્ષીભાવ ઉપર તરી આવે છે. સાક્ષીભાવ મુક્તિનો પરમ ઉપાય છે. તે સાધન પણ છે અને સાધ્ય પણ છે. ક્ષણ ક્ષણની ઘટનાઓને સાક્ષીભાવે નિહાળવાનો અનુરોધ અહીં કર્યો છે. તે ઉપરાંત સાધના પદ્ધતિઓની સવિસ્તર સમજુતી અહીં આપવામાં આવી છે.

ગંભીરતાથી આ પુસ્તકની ગહનતા વિચારવંત વાચકોને પ્રેરણા આપે એવી છે.

X X X

પુસ્તકનું નામ : **આપણે આત્મનિરીક્ષણ કરીશું ?**
લેખક : **મુનિશ્રી અમરેન્દ્રવિજયજી**
પ્રકાશક : **જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ,**
C/o. દિનેશ એચ. દેઢિયા, ૪૦૫, કમલા નગર, સામે, એમ. જી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭. ફોનઃ (૦૨૨) ૬૪૫૧૪૬૭૧. મૂલ્યઃ રૂા. ૬૦/-, પાના ૧૬૮, આવૃત્તિ છઠ્ઠી મે-૨૦૦૮.

મુનિશ્રી અમરેન્દ્ર વિજયજીના બધાં જ પુસ્તકો જૈન તથા જૈનેતર મુમુક્ષુઓને ઉપયોગી થાય તેવાં છે એ એમના લખાણની ખૂબી છે. પૂજ્ય મુનિશ્રીએ પોતાની કલમમાં જરાય કડવાશ કે તીખાશ લાવ્યા વિના ખૂબ જ સૌમ્ય ભાવે અને સંયત શૈલીએ સાચા ધર્મનું વૈજ્ઞાનિક અને મૌલિક વિશ્લેષણ કરીને આપણને નવનીત તારવી આપ્યું છે. અંતર્મુખતા અને આત્મજાગૃતિ ધર્મ સાધનાના પ્રાણ છે. આ પુસ્તક દ્વારા પૂજ્ય મુનિશ્રીએ સર્વ ધર્મો અને દર્શનોના નિચોડરૂપ એક સોનેરી સૂત્ર આપ્યું છે અને તે આ છે. 'નિર્વિકલ્પ ઉપયોગમાં કરવું એ જ આત્મધર્મ છે.'

આજે દરેક ધર્મ, મત, પંત સંપ્રદાયમાં કેવળ ક્રિયાકાંડ વધી રહ્યા છે. માત્ર ધર્મ પ્રવૃત્તિ વધી છે પરંતુ પોતાની વૃત્તિનું નિરીક્ષણ અને સંમાર્જન નહિવત્ થતું જોવાય છે. આ પુસ્તક જિજ્ઞાસુઓને શુદ્ધ અને સાચા ધર્મ તરફ અભિમુખ કરવાનું કાર્ય કરશે. ધર્મમાં રસ લેતી પ્રત્યેક વ્યક્તિએ આ પુસ્તક વસાવવું જોઈએ.

X X X

પુસ્તકનું નામ : **ચિત્તસ્થૈર્યની કેડીઓ**
લેખક : **મુનિશ્રી અમરેન્દ્રવિજયજી**
પ્રકાશક : ઉપરના પુસ્તક મુજબ. મૂલ્યઃ રૂા. ૧૫/-, પાના ૨૪, આવૃત્તિ ત્રીજી ૨૦૦૮.

મુનિ કે શ્રાવકની સાધના માત્ર વ્રત-નિયમ, પૂજા-પાઠ કે તપ-ત્યાગ પૂરતી સીમિત નથી. ભાવના, ધારણા-ધ્યાન-કાયોત્સર્ગ જેવા અભ્યંતર યોગમાં પણ એમણે ક્રમશઃ પ્રવેશ કરવાનો છે. તે માટે પ્રથમ ચિત્તને સ્વાધીન તથા એકાગ્ર કરવું જરૂરી થઈ પડે છે. પ્રસ્તુત પુસ્તિકામાં ચિત્ત સ્થિરતા તરફ દોરી જતી પગદંડીઓની પ્રાયોગિક-વ્યવહારિક જાણકારી આપવામાં આવી છે અને સંભવિત ભયસ્થાનો પ્રત્યે જાગૃત રહેવાને અનુરોધ પણ કરવામાં આવ્યો છે. ચિત્તસ્થૈર્યની દિશામાં આગળ વધવા ઈચ્છતા મુમુક્ષુઓને આ પુસ્તિકા મદદરૂપ બનશે.

X X X

પુસ્તકનું નામ : **જૈન સજ્ઝાય અને મર્મ**
લેખક : **મુનિશ્રી વાત્સલ્યદીપ**
પ્રકાશક : **અમરભાઈ ઠાકોરલાલ શાહ**
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. મૂલ્યઃ રૂા. ૬૦/-, આવૃત્તિ પ્રથમ, ૨૦૦૬.

મુનિ વાત્સલ્યદીપ જૈન સંઘના વિદ્વાન મુનિવર છે. તેઓ તેજસ્વી ચિંતક, પ્રભાવક, વક્તા અને ઉત્તમ સાહિત્યકાર તરીકે જૈન જગતમાં જાણીતા છે. તેઓનું સર્જન દેશ-વિદેશમાં અનેક ભાષામાં અને સમાજમાં લોકપ્રિય થયું છે.

જૈન સાહિત્યમાં 'સજ્ઝાય' વિરલ કાવ્ય પ્રકાર તરીકે પ્રાપ્ત થાય છે. ભજન જેવું જ કાવ્ય સ્વરૂપ ધરાવતી આ કાવ્ય રચના છે. મુનિશ્રી વાત્સલ્ય દીપે આ પુસ્તકમાં જૈન સજ્ઝાયનું સ્વરૂપ તેનો મર્મ અને કેટલીક પ્રખ્યાત સજ્ઝાયોના દૃષ્ટાંતો આપી જૈન સાહિત્યની સજ્ઝાય સમૃદ્ધિ આલેખી છે. તે ઉપરાંત મુનિશ્રીએ કરેલ સજ્ઝાયનું વિવેચન ગુજરાતી સાહિત્યમાં એક નવી આભા ઉપસાવે છે. પૂ. મુનિશ્રીની આ અનન્ય કૃતિમાં દાર્શનિક અને તાત્ત્વિક ગહનતા દ્વારા આત્મોન્નતિ માટેની પ્રેરણા પ્રાપ્ત થાય છે અને ગ્રંથ મુમુક્ષુઓને ધર્મમાર્ગે દોરે તેમ છે.

X X X

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11



# પંથે પંથે પાથેય...

## યે કહાની હૈ દીયે કી ઔર તુફાન કી

❑ જિતેન્દ્ર શાહ

*[કેથેરાઈન રસેલ-રિચ ૪૨ વર્ષીય અમેરિકન લેખિકા છે. બત્રીસ વર્ષે તે બ્રેસ્ટ-કેન્સરની વ્યાધિમાં સપડાયા. તેમનું પુસ્તક* The Red Devil-Memoir of Beating odds *૨૦૦૧માં પ્રસિદ્ધ થયું અને તે સાથે તેઓ સાહિત્ય-જગતમાં વિખ્યાત થઈ ગયા. તે પુસ્તકમાં બ્રેસ્ટ કેન્સરની સામે તેમણે કરેલા યુદ્ધના યાદગાર સ્મરણચિત્રો છે. દર્દને પડકારવાની હિંમત આપતા આ શબ્દચિત્રો પ્રેરણાદાયી છે. ઈન્ટરનેટ પર આવેલ તેમની સાથેની એક મુલાકાતના કેટલાક અંશ અહીં પ્રસ્તુત છે.]*

બ્રેસ્ટ-કૅન્સરની સામે હું યુદ્ધે ચઢી તે દરમ્યાન અનેકવિધ સારવારમાંથી મારે પસાર થવું પડ્યું. ટેમોક્ષીફેન, રેડિયેશન, કોમોથરેપી, હોરમોન સપ્રેસર વગેરે પ્રકારની સારવાર મારે લેવી પડી. આ બધી સારવાર જાણે ઓછી હોય તેમ મારે બોન-મેરો ટ્રાન્સપ્લાન્ટમાંથી પણ પસાર થવું પડ્યું જે એક પ્રકારની હાઈ ડોઝવાળી કેમોથરેપી જ ગણી શકાય. સારવાર બાદ મને લાગ્યું કે મેં કેન્સર પર વિજય મેળવી લીધો પરંતુ તેને વિજય ગણી શકાતો હોય તો તે તદ્દન પોકળ વિજય હતો. ટ્રાન્સપ્લાન્ટના ત્રણ વર્ષ બાદ અને મારી માતાના મૃત્યુના એક વર્ષ બાદ કૅન્સરે મારા પર ફરી જોરદાર હુમલો કર્યો.

અહીં એક અંગત લાગણી વ્યક્ત કર્યા સિવાય રહી નથી શકતી. હું દિલથી માનતી આવી છું કે ફરી હુમલા પાછળ માત્ર શારીરિક કારણો જ નહોતા. અશાંત અને ઉપદ્રવી લગ્નજીવને અને વ્હાલી માતાના અચાનક અવસાને જાણે મારી ભીતરને કોરી ખાધું અને કૅન્સરના બીજા હુમલારૂપે તે બહાર આવ્યું. આ તો માત્ર મારી માન્યતા છેઃ સાચી છે કે ખોટી તે માત્ર ઉપરવાળો જાણે છે! આવા વિષમ કાળમાં પણ મારી જિજીવિષા અને મારી ખુમારીએ મને ટકી રહેવાની પ્રેરણા આપી.

કૅન્સર સામેના બે દાયકાના યુદ્ધ દરમ્યાન લોકો ફરી અને ફરી મારા કૅન્સર-સ્ટેજ બાબત પૃચ્છા કરતા રહેતા. મારો ઉત્તર રહેતોઃ 'કદાચ ચોથા સ્ટેજમાં પ્રવેશી ચૂકી છું અને ડૉક્ટર્સની ધારણા મુજબ હવે વધુમાં વધુ બે વર્ષની મહેમાન ગણાઉં. દુઃખ સાથે કહી રહી છું કે મને મહેમાન કહેનાર કેટલાક ડૉક્ટર વિદાય લઈ ચૂક્યા છે અને હું બે દાયકાથી–કદાચ ત્રણ દાયકા પણ હોઈ શકે–ટકી ગઈ છું.'

કૅન્સરના દર્દીઓ અથવા જેમના સ્વજનો કૅન્સરગ્રસ્ત છે તે સહુને ડંકાની ચોટ પર કહી રહી છું કે કેન્સર સામેના યુદ્ધમાં હિંમત બિલ્કુલ ન હારશો. આશા-આસ્થાનો દીપ પ્રજ્વલિત રાખશો તો જ સમજાશે કે કૅન્સર પછી પણ જીવન છે અને તેને પુષ્પની જેમ મહેકતું રાખવું આપણા જ હાથમાં છે.

અનેક પ્રકારની સારવાર પછી પણ હું કોઈ પણ પ્રકારની ગંભીર આડઅસરમાંથી બચી ગઈ છું. (લેખિકાની આ અંગત માન્યતા છે કે હોરમોન્સ સપ્રેસરની સારવારને કારણે તે ગંભીર પ્રકારની આડ અસરમાંથી બચી ગયા હતા.) બીજા હુમલા પહેલાં અન્ય વ્યક્તિઓ જેવી જ હું સાધારણ દેખાતી હતી. દર્દી હોવાના કોઈ ચિહ્ન મારા અંગ પર દેખાતા નહોતા, પરંતુ બીજા હુમલાએ મને છિન્નભિન્ન કરી નાંખી. કૅન્સરની ગાંઠો વિકસવા લાગી–હાડકા બરડ થવા લાગ્યા. કરોડરજ્જુ જાણે સંપૂર્ણ ભાંગી ચૂકી હતી અને ગર્ભસ્થ બાળક-ભ્રૂણ જેવી મારી દેહાકૃતિ થવા લાગી. અગણિત લોકોએ માની લીધું મને વિદાય આપવાનો સમય આવી ચૂક્યો હતો; પરંતુ ના, તેમના ભાગ્યમાં હજી લાંબી રાહ જોવાનું લખાયું હતું!

ખરેખર કઈ સારવાર કામ કરી ગઈ અથવા સારવારથી પણ પરે તેવી કોઈ શુભેચ્છા કે આશિષ કામ કરી ગઈ તે હું જાણતી નથી; પરંતુ કંઈક ચમત્કાર અવશ્ય સર્જાયો. બીજા હુમલાના કેટલાક વર્ષો પછી હું ફરી ઊભી થઈ અને જીવનની રાહ પર ટટ્ટાર ચાલવા લાગી.

બીજા હુમલા પછી હું મારી જાતને–મારા જીવનને કઈ રીતે ગોઠવી શકી તે પ્રશ્ન પણ મને વારંવાર પૂછાયો છે.

ત્રાસદાયક માંદગી અને તેવી જ અથવા તેથી પણ વધારે ત્રાસદાયક સારવારના અંધકારભર્યા સમયને અજવાળવા, ઉજળો કરવા મેં એક 'આભાર સંહિતા' તૈયાર કરવાનું નક્કી કર્યું. જે કોઈ વ્યક્તિ અથવા જે કોઈ સંજોગ માટે મારા મનમાં 'આભાર'ની લાગણી પ્રકટતી તે બધા જ સંજોગ અને વ્યક્તિની મેં એક યાદી તૈયાર કરી. અને દિલથી તે સહુનો આભાર માનતી રહી. માંદગી ગંભીર પ્રકારની હોવા છતાં હું મજાની જિંદગી જીવી રહી હતી તેની પ્રતીતિ આ યાદીએ મને કરાવી. આ કાર્ય આટલા વર્ષોથી આજે પણ ચાલુ જ છે.

બીજા હુમલા પછી મારે પક્ષે થોડી આત્મખોજ મેં ચાલુ કરી. અહેસાસ કર્યો કે અત્યાર સુધી જીવન-સરિતાને કાંઠે બેસી મેં માત્ર છબછબીયા જ કર્યાં હતા–સરિતાના વહેણમાં તરવાનું વિસ્મૃત થઈ ગયું હતું. મેં મનોમન નક્કી કર્યું કે અસ્તિત્વના ખાલીપાને સભર કરવા કોઈ સર્જનાત્મક કાર્યમાં લાગી જવું.

બચપણથી જ સાહિત્યનો ગાંડો શોખ મને વળગ્યો હતો. તેમાં માંદગીને કારણે પ્રકૃતિ અંતર્મુખ બનતી ચાલી અને પંખીને ઉડવા આકાશ મળે તેમ હું સાહિત્ય-લેખન તરફ વળી ગઈ. સાહિત્ય-જગતમાં સ્થાન મળ્યા પછી ત્રણ-ત્રણ (i) Allure (ii) esq (iii) 17 સામયિકોના સંપાદનની જવાબદારી પણ માથા પર આવી ગઈ. કૅન્સરના ગરીબ દર્દીઓને સારવારના અભાવે મેં મારી આંખો સામે મરતા જોયા હતાં. તેવા દર્દીઓ માટે ફંડ એકઠું કરવા અનેક પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો.

નવી નવી ભાષા જાણવાનો-સમજવાનો મને શોખ હતો. આ શોખને કારણે જ હિન્દી ભાષાનું શિક્ષણ મેળવવા ઉદેપુર-રાજસ્થાનમાં એક વર્ષ રહી ત્યાંના સારા-માઠા અનુભવોને વ્યક્ત કરવા Dreaming in Hindi પુસ્તક લખ્યું.

લાંબી અને કષ્ટદાયક માંદગીને કારણે અનેકાનેક ડૉક્ટર્સના પરિચયમાં આવી. મેં એક વાત મનમાં નોંધી. કૅન્સર જેવા અસામાન્ય રોગ બાબત ડૉક્ટર્સ પાસે હંમેશાં સંપૂર્ણ જ્ઞાન નથી હોતું. તેમના સલાહ-સૂચનને અવગણવાની ભૂલ આપણે ન કરીએ પરંતુ તેમને ભગવાન માની બેસવાની ભૂલ તો બિલકુલ કરવા જેવી નથી હોતી. વૈકલ્પિક સારવાર (Alternate Medicine) બાબત પણ ડૉક્ટર્સ સાથે ખુલ્લા મનથી ચર્ચા કરી લેવી વ્યાજબી ગણાય. એક વાત કૅન્સરના દર્દીએ મનમાં ભંડારી રાખવી અનિવાર્ય ગણાય.

કૅન્સરનો રોગ કંઈ ઈશ્વરે આપેલ મૃત્યદંડ નથી–બિલકુલ નથી. લાખો માણસો કૅન્સર સાથે પણ સામાન્ય જીવન વ્યતિત કરે જ છે.

કૅન્સરના બીજા હુમલા પછી અને નવા જુસ્સા સાથે કાર્યરત થયા પછી એક પ્રશ્નનો ઉત્તર આપવો મને ખરેખર ગમે છે. લોકો પ્રેમથી મને પૂછે છેઃ 'કેવું છે તમારું હાલનું જીવન?' મારો ઉત્તર એક જ હોય છેઃ 'જીવનની ક્ષણે ક્ષણને માણી રહી છું.'

✱ ✱ ✱

'માતૃછાયા અપાર્ટમેન્ટ', ગ્રાઉન્ડ ફ્લોર,
Opp નં. ૫૭, અરૂણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા-૩૯૦ ૦૦૭.
(M) 099258-35527 (R) (080) 41520901

**Printed & Published by Nirooben Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.**

# પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૬૯ અંક : ૧૨ મુંબઈ, ડિસેમ્બર ૨૦૦૯ પાના : ૨૮ કીમત રૂપિયા દસ

## જિન-વચન

### પાપને રોકનાર

पाणिवह-मुसावाया-अदत्त-मेहूण-परिग्गहा विरओ ।
राईभोयणविरओ जीवो भवइ अणासवो ।।

–उत्तराध्ययन– ३०-२

પ્રાણીવધ, મૃષાવાદ (અસત્ય), ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહથી અટકી ગયેલો તથા રાત્રિભોજનથી વિરમી ગયેલો જીવ અનાશ્રવ (આશ્રવરહિત-નવાં પાપને રોકનાર) બને છે.

प्राणीवध, मृषावाद, अदत्त-ग्रहण, अब्रह्मचर्य, परिग्रह और रात्रि-भोजन से विरत जीव अनाश्रव (आश्रवरहित-नए पापकर्म से रहित) होता है ।

One who has abstained from injury to living beings, untruth, theft, sexual indulgence, possession of wealth and also from taking meals at night does not commit new sins.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

## આચમન

### ‘હું બાને વધારે ઓળખું છું’

૧૯૪૨ની જેલ વેળાએ બાપુ ઉપવાસનો વિચાર કરતા હતા. પણ તે વખતે બાની તબિયત દિવસે દિવસે નબળી પડતી જતી હતી. એટલે બાપુ જો ઉપવાસ શરૂ કરે તો બાની કેવી નાજુક સ્થિતિ થશે એની ચિંતા સરોજિનીદેવી, પ્યારેલાલજી, સુશીલાબહેન વગેરેને સતાવતી હતી. એ સૌને લાગતું હતું કે, બાની આવી સ્થિતિમાં તેઓ આટલી કપરી કસોટીને લાયક ન ગણાય.

બાપુજીની બા પ્રત્યેની વૃત્તિ સરોજિનીદેવીને બહુ ગમતી નહીં. તેમને એમ જ લાગતું કે, પોતાની ધૂનમાં બાપુ બાનો વિચાર જ કરતા નથી. તેથી સરોજિનીદેવી બાપુને ઘણી વાર ‘જાલિમ પતિ’ તરીકે જ સ્નેહભર્યા રોષમાં વર્ણવતાં. એટલે આ વખતે પણ જરા ગુસ્સે થઈને એક દિવસ સરોજિનીદેવીએ બાપુને સંભળાવ્યું કે, ‘બાપુ, તમારા ઉપવાસ બાપડાં બાને પૂરાં કરી નાખશે!’

બાપુ હસી પડ્યા અને કહે: ‘તમે લોકો કરતાં હું બાને વધારે ઓળખું છું. તમને લોકોને બાની બહાદુરીનો ખ્યાલ નહીં આવી શકે. તમે કોઈ બાને બરાબર ઓળખતાં જ નથી. મેં તો બા સાથે બાસઠ વર્ષ ગાળ્યાં છે ને! હું તમને કહું છું કે તમારા સૌના કરતાં બા વધારે હિંમત રાખનારી છે. મારા હરિજન ઉપવાસ દરમિયાન જ્યારે મેં જીવવાની આશા છોડી દઈ મારો સઘળો સામાન ઈસ્પિતાલના લોકોમાં વહેંચી નાખવાનું નક્કી કર્યું, ત્યારે બાએ પોતાને હાથે જ એ સામાન બીજાઓને વહેંચી આપ્યો હતો. તે વખતે બાની આંખ સુદ્ધાં ભીની થઈ ન હતી!’

તે દિવસે સાંજે બાપુ ઉપવાસ વિશે બાની સાથે વાતો કરી. બીજે દિવસે સરોજિનીદેવી વગેરેની આગળ બા બોલ્યાં: ‘આટલું બધું જૂઠાણું ચાલતું હોય ત્યારે બાપુથી મૂંગા કેમ બેસી રહેવાય? સરકારના જુલમોનો વિરોધ બતાવવા માટે બાપુ પાસે ઉપવાસ સિવાય બીજું સાધન પણ શું છે?’

બધાં ચૂપચાપ સાંભળી જ રહ્યાં.

❑ **મહેન્દ્ર મેઘાણી**

**સંપાદિત‘ગાંધી ગંગા’માંથી**

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | અલભ્ય ગ્રંથોને પુનઃ જીવન અર્પનાર, વિરલ શ્રુતોપાસક, દર્શન પ્રભાવક સરસ્વતી આરાધક પરમ પૂજ્ય મુનિરાજશ્રી જંબૂ વિજયજી | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | અષ્ટાપદજી – એક શક્યતા | ભરત હંસરાજ શાહ | ૬ |
| (૩) | એક પ્રેરક – પાવન જીવનચરિત્ર | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૧ |
| (૪) | જૈન યોગ પરંપરા અને પાતંજલ યોગસૂત્ર | ડૉ. જવાહર પી. શાહ | ૧૩ |
| (૫) | હીંડી કાવ્ય–કથા પરિચય | ડૉ. કવિન શાહ | ૧૪ |
| (૬) | સંસારમાં સુખ : સત્ય કે સ્વપ્ન | પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ | ૧૬ |
| (૭) | પત્ર-ચર્ચા | રમેશ પી. શાહ | ૧૭ |
| (૮) | જૈન ધર્મનો આધુનિક એન્સાઈક્લોપિડીયા જૈનપિડીયાનું પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન અને જૈનદર્શન વ્યાખ્યાન શ્રેણીનો પ્રારંભ | નેમુ ચંદરયા | ૧૯ |
| (૯) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન–૧૩ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૦ |
| (૧૦) | જયભિખ્ખુ જીવનધારા-૧૨ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૩ |
| (૧૧) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૧૨) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૩) | પંથે પંથે પાથેય... | ભોગીલાલ શાહ–ડૉ. ધનવંત શાહ | ૨૮ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/–(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/–(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/–(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/–(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/–(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર ‘પ્રબુદ્ધ જીવન’ પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને ‘પ્રબુદ્ધ જીવન’ વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ ‘પ્રબુદ્ધ જીવન’ને સદ્ધર કરવા ‘પ્રબુદ્ધ જીવન નિધિ’ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- ‘પ્રબુદ્ધ જીવન નિધિ’ અને ‘કન્યા કરિયાવર આજીવન લવાજમ’ આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **‘શ્રી મુંબઈ જૈન યુવક સંઘ’**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

●વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૧૨ ● ડિસેમ્બર, ૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૭ ● માગસર વદિ-તિથિ-૩૦●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## અલભ્ય જ્ઞાન ગ્રંથોને પુન: જીવન અર્પનાર, વિરલ શ્રુતોપાસક, દર્શન પ્રભાવક, સરસ્વતી આરાધક, પરમ પૂજ્ય મુનિરાજશ્રી જંબૂ વિજયજી

'પ્રxજી'ના જુલાઈ અંકમાં જૈન સાધુ-સાધ્વીના માર્ગ અકસ્માતની આપણે ચર્ચા કરી હતી, અને નવેમ્બર મહિનામાં જ આ માર્ગ અકસ્માતે જૈનોના આ માર્ગદર્શકોનો ભોગ લીધો!

નવમી નવેમ્બરે મહેસાણા-ઊંઝા, રોડ પર ટ્રકની હડફેટમાં ચાર સાધ્વીજીઓનો ભોગ લેવાયો, આ સમાચારની શાહી હજુ સૂકાઈ નથી ત્યાં જ થોડાંક દિવસ પછી રાજસ્થાનના બાડમેર નજીક જૈન સાહિત્યના મહાન સંશોધક અને જ્યોતિર્ધર પૂ. જંબૂ વિજયજી મ.સા. અને એઓશ્રીના શિષ્ય મુનિશ્રી નમસ્કાર વિજયજીનો આવા અકસ્માતે જ ભોગ લીધો. હમણાં જ ડિસેમ્બર ૫-૬ના એક દૈનિકમાં સમાચાર વાંચ્યા કે પાટણ પાસે એક મોટરે એક સાધ્વીજીને હડફેટમાં લીધા પણ એ બચી ગયા.

આ અંકના સૌજન્યદાતા :
શ્રી મણિલાલ ચુનીલાલ સોનાવાલા ટ્રસ્ટ

ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મુંબઈ, સમેતશિખર વગેરે માર્ગો ઉપર ચોમાસા સિવાય રોજ સેંકડો સાધુ-સાધ્વીજીઓ વિહાર કરતા હોય છે.

એક અનુમાન પ્રમાણે જૈનોના ચારેય ફિરકાના લગભગ ૧૨ હજાર સાધુ સાધ્વી-ભગવંતો હશે. છેલ્લા બે વર્ષમાં લગભગ ૩૦ સાધુ-સાધ્વી માર્ગ અકસ્માતનો ભોગ બન્યા હશે, કેટલાક આથી વધુ બમણી સંખ્યા પણ કહે છે. પરંતુ પ્રત્યેક વર્ષે નવા દીક્ષિત સાધુ-સાધ્વી જૈન સંઘમાં કેટલાં પ્રવેશે છે અને કેટલા કુદરતી કાળધર્મ પામે છે અને કેટલા આવા અકસ્માતનો ભોગ બને છે એ બધાનું ગણિત માંડીએ તો પ્રતિ વર્ષે જૈન સાધુ-સાધ્વીની સંખ્યા ઓછી થતી જણાશે એવું લાગે છે. આ અત્યંત ચિંતાનો વિષય છે.

કોઈ સંસ્થાનું આ સુયોજિત કાવત્રું હોય તો સરકારે તપાસ સમિતિની રચના કરવી જોઈએ, અને જૈન સંઘોએ પણ આ દિશામાં જાગૃત બની આવા અકસ્માતોના નિવારણના ઉપાયો સત્વરે યોજવા જોઈએ. એ પણ અહિંસક રીતેજ. કોઈ પણ કાળે કે સંજોગોમાં ન્યાય કે ઉપાય માટે જૈન ધર્મના સિદ્ધાંતોની હિંસા તો થવી ન જ જોઈએ.

આ બનાવો બન્યા પછી જાગૃત વિચારકોએ અનેક સૂચનો આપ્યાં જેવાં કે મુખ્ય માર્ગોની બાજુમાં જ પાદ વિહારીઓ માટે જુદી પગદંડીનું નિર્માણ થવું જોઈએ. ચાલવા માટે જમણી તરફ એટલે વિરુદ્ધ દિશા તરફ ચાલવું, જેથી સામેથી આવતા વાહનોનો ભય ન રહે. વ્હીલચેર રસ્તાની બાજૂમાં ચલાવવી જોઈએ. પ્રત્યેક વિહારી સાધુ-સાધ્વી સાથે સંઘે માણસો મોકલવા જોઈએ અને દરેકે રેડિયમની પટ્ટી સાથેનું વસ્ત્ર પહેરવું જોઈએ, અજવાળું થાય ત્યારે જ વિહાર કરવો જોઈએ, વગેરે, વગેરે. આ બધાં સૂચનો કેટલા વ્યવહારૂ છે એ એક ચર્ચાનો વિષય છે, પરંતુ સજાગ બનીને કાંઈક તો કરવું પડશે જ. ધર્મ કાર્ય માટે અન્યત્ર સ્થળ અને ક્રિયામાં માતબર દાનનો પ્રવાહ વહાવનાર જૈન શ્રીમંતો માત્ર એક-બે વર્ષ માટે એ ધનનો ઉપયોગ પાદ વિહારી મુનિ ભગવંતો માટે માર્ગની બાજુમાં રેલીંગ સાથે પાદચારી માર્ગના નિર્માણ માટે એ ધનના પ્રવાહને

વહેતો કરે તો એ પૂણ્ય તીર્થ રચનાના પૂણ્યથી ઓછું નહિ હોય. આ પ્રશ્નનો સત્વરે ઉપાય નહિ યોજાય તો એક ખૂણેથી એવો અવાજ જરૂર આવશે કે આવા કારણે જૈન સાધુ-સાધ્વીઓએ વાહનનો ઉપયોગ કરવો જોઈએ. આ વિચાર માત્ર જ જૈન શાસન માટે ઘાતક બની જશે, તો એનો અમલ કેટલા બધા દોષો લઈ આવશે?

જૈન સાધુ-સાધ્વીના વિહાર અટકશે તો ભગવાન મહાવીરનો વિશ્વ શાંતિનો સંદેશો ખૂણાના ઘરે ઘરે કઈ રીતે પહોંચાડાશે? આ પાદ વિહાર અને અન્ય તપના આચારને કારણે જ અન્ય ધર્મીઓ જૈન ધર્મને અહો ભાવથી જૂએ છે અને જૈન સિદ્ધાંતો તરફ આકર્ષાય છે.

**ગ્રંથોદ્ધારક પૂ. શ્રી જંબૂવિજયજી મ.સા.**

આ અકસ્માતે એક મહાન આત્માને જૈન સમાજ પાસેથી છીનવી લીધા. જૈન સાહિત્યને માથેથી જાણે આકાશ લુપ્ત થયું!

મારા મુરબ્બી મિત્ર ગુલાબભાઈ શાહ અને બિપિનભાઈ જૈન ડૉ. રમણભાઈ સાથે પૂ. જંબૂવિજયજી પાસે આગમ વાચના સાંભળવા જતા. ફોન ઉપર મને ગુલાબભાઈ કહે કે અમારો એ અનુભવ અદ્દ્ભૂત હતો. પૂજ્યશ્રીની વાણી ધીર ગંભીર અસ્ખલિત વહે...આપણે જાણે ભગવાન મહાવીરના સમયમાં તીર્થંકર મહાવીર વાણીનું શ્રવણ કરતા હોઈએ એવો પાવન પવિત્ર અનુભવ થાય. એમાંય એ આગમ વાણીના ગોપનીય અર્થો પોતાના ત્રીજા નેત્રથી પૂજ્યશ્રી આપણને સમજાવે અને ઉજાગર કરે ત્યારે તો આપણે ધન્યતાની પરમ કોટિએ હોઈએ એવી અનુભૂતિ થાય. આ મહાવીર વાણીનું શ્રવણ કર્યા પછી પૂજ્યશ્રી સાથે જિન ભક્તિમાં જઈએ ત્યારે પૂજ્યશ્રી જિન ભક્તિમાં લીન થયા હોય એ દૃશ્ય જોવું એ તો જાણે જીવનની એક અવિસ્મરણિય ધન્ય પળ!! ત્યારે આપણને ભક્તિનો મર્મ, અર્થ અને ધર્મ સમજાય.

જે જે શ્રાવક-શ્રાવિકા, સાધુ-સાધ્વી કે જિજ્ઞાસુ પ્રાજ્ઞજનોને આ પૂજ્યશ્રીનો જીવનમાં ક્યારેય પણ સત્ સંગ થયો હશે એ બધાં પરમ ભાગ્યશાળી જીવો છે.

આજથી ૮૭ વર્ષ પહેલાં ગુજરાતના બહુચરાજી પાસે દેથલી ગામમાં જિન શાસનને સમર્પિત એવા શ્રાવક ઘરમાં એઓશ્રીનો જન્મ (વિક્રમ સંવત ૧૯૭૯ના મહાસુદી એકમ) થયો. પિતા ભોગીલાલભાઈ અને માતા મણિબેન. શંખેશ્વર વિરમગામની વચ્ચે ઝિંઝુવાડા ગામ એ એઓશ્રીનું મોસાળ, પરંતુ બાળપણ વિત્યું પાસેના ગામ માંડલમાં, કારણ કે માંડલમાં એમના પિતાનો કારોબાર હતો તેમજ માંડલ એમના પિતાશ્રીનું મોસાળ પણ હતું. આ માંડલ ગામની ભૂમિ પણ અનોખી. આ ગામના પારણામાં ઘણાં ક્રાંતિકારીઓ અને જ્ઞાનીઓના પારણા ઝૂલ્યાં છે અને અનેક સાધુ-સંતો અને સાધકોના પગલાંથી એ ભૂમિ પાવન બની છે.

પૂજ્યશ્રીનું સંસારી નામ ચિનુભાઈ. પિતા ભોગીભાઈ પણ જૈન ધર્મના તત્ત્વચિંતક અને બાળવયથી જ જૈન ધર્મના ઊંડા–ઊંચા સંસ્કારથી એઓ વિભૂષિત હતા. એઓશ્રીએ વિ. સ. ૧૯૮૮માં આચાર્ય શ્રી વિજય મેઘસૂરિ પાસે યુવાન વયે દીક્ષા લીધી અને મુનિ ભુવન વિજયજી નામાભિધાન ધારણ કર્યું. આ પૂ. ભૂવન વિજયજી પણ આગમશાસ્ત્રના જ્ઞાતા, ઉત્કટ જિન ભક્ત અને સુપ્રસિદ્ધ મુનિજન.

આ કુટુંબમાં આ પૂર્વે પણ ઘણાં કુટુંબીજનોએ દીક્ષા લીધી હતી.

પિતાના પગલે પુત્ર ચિનુભાઈમાં પણ દીક્ષા ભાવ જાગૃત થયો. અને એઓશ્રીએ પણ ૧૫ વર્ષની વયે વિ. સ. ૧૯૯૩માં રતલામમાં પિતાને ગુરુસ્થાને સ્થાપી દીક્ષા પ્રાપ્ત કરી અને સંસારી બાળ ચિનુભાઈનું નામ જંબૂવિજયજી નામમાં રૂપાંતરિત થયું. ત્યાર પછી બે વર્ષ બાદ વિ. સ. ૧૯૯૫માં માતા મણિબેને પણ દીક્ષા લીધી અને સાધ્વી મનોહરશ્રીજીના નામે પ્રખ્યાત થયા. આ સંઘમાતાએ ૧૦૧ વર્ષની ઊંમરે પાલિતાણામાં તીર્થાધિપતિ આદિશ્વર દાદાના સાનિધ્યમાં પોતાનો દેહ છોડ્યો.

પૂ. જંબૂવિજયજીએ જીવનભર આ સંઘમાતાની અવિરત અને અનન્ય સેવા કરી હતી. અમારા ગુલાબભાઈ કહે, 'પોતાના સંસારી માતાની સેવા કરતા પૂ. જંબૂવિજયજીને નિરખવા એ પણ જીવનનો એક લ્હાવો હતો.'

પિતા-ગુરુ મુનિરાજશ્રી ભુવન વિજયજીએ પુત્ર-શિષ્ય જંબૂ વિજયજીના સાધુ જીવનને દેદિપ્યમાન કરવા વાત્સલ્યભર્યો પુરુષાર્થ કર્યો અને એને પરિણામે આપણને જૈન શાસન અને જૈન સાહિત્ય સર્વદા સ્મરણ કરે એવા ઉત્તમ શ્રમણ સિદ્ધયોગી પૂ. જંબૂ વિજયજી પ્રાપ્ત થયા.

જૈન સાધુ આચારના સર્વ નિયમોને પૂરી રીતે પાળતા પાળતા એઓશ્રીએ પોતાનું જીવન અધ્યયનને સમર્પિત કર્યું અને ઊંડો શાસ્ત્ર અભ્યાસ કર્યો.

આ સ્વાધ્યાય કાર્ય શાંતિથી થઈ શકે એ માટે પૂજ્યશ્રી સર્વદા નાના ગામોના ઉપાશ્રયમાં જ પોતાના શિષ્ય સમુદાય સાથે સ્થિર થતા. આવા સ્થાને એઓશ્રીના દર્શને જઈએ તો આપણને ભ્રમણ કરતું પુસ્તકાલય અથવા યુનિવર્સિટી લાગે.

ભારતના અનેક જૈન પુસ્તક ભંડારોની એમણે મૂલાકાત લઈ વર્ષોથી અસ્પર્શ રહેલાં એ જ્ઞાન ભંડારનો એમણે સ્પર્શ કર્યો અને એ ગ્રંથોને ઉકેલી એમને જીવંત કર્યા. એ તાડપત્રો અને હસ્તપ્રતોને માઈક્રો ફિલ્મીંગ દ્વારા જાળવીને આ પ્રાચીન જ્ઞાન વારસાને ભવિષ્યની પેઢી પાસે મૂકી આપ્યા. પ્રાચીન લિપિઓ ઉકેલવાના ભગીરથ કાર્ય માટે પૂજ્યશ્રી તિબેટી, જાપાનીઝ, સિંહાલી, પાલી, ફ્રેંચ, જર્મન, અંગ્રેજી વગેરે ૧૮ થી વધુ ભાષા શીખ્યા.

પોતાના ૭૪ વર્ષના દીક્ષા જીવન દરમિયાન હજારો માઈલનો પગ વિહાર કર્યો. બદ્રિનાથથી સમેત શિખરનો બે હજાર કિલોમિટરનો અવિસ્મરણિય વિહાર કર્યો અને નવ વખત તો સમેત શિખરની

યાત્રા કરી અને જીવનની પ્રત્યેક પળ એઓશ્રીએ જિન શાસન અને જૈન પ્રાચીન સાહિત્યને સમર્પિત કરી, પરંતુ આચાર્ય કે એવા કોઈ પદની ક્યારેય ઈચ્છા ન કરી. સર્વદા પોતાને 'જૈન મુનિ જંબૂવિજય' જ કહે અને લખે. પાંડિત્ય અને પાવનત્વનો આવો સુમેળ એક જ વ્યક્તિમાં ભાગ્યે જ મળે.

હિમાલયમાં બદ્રીકેદાર પર પૂજ્યશ્રીએ જિન મંદિરની પ્રતિષ્ઠા કરી, અને 'મારી હિમાલય યાત્રા' પુસ્તકનું સર્જન કર્યું. પત્ર રૂપે લખાયેલું આ પુસ્તક પત્ર-પ્રવાસ સાહિત્ય જગતનું અણમોલ નજરાણું છે.

પૂજ્યશ્રીના સત્સંગથી અનેક પરદેશીઓના જ્ઞાનમાં વૃદ્ધિ થઈ એટલું જ નહિ પણ એ સર્વે શાકાહારી અને જૈન આચારધર્મી બન્યા.

પૂજ્યશ્રી જ્યારે યુવાન હતા ત્યારે એ સમયના સમર્થ પંડિતો પં. સુખલાલજી અને પં. બહેચરદાસજી જેવા અનેક પૂજ્યશ્રીના જ્ઞાન પ્રત્યે આકર્ષાયા હતા.

પૂજ્યશ્રીએ જૈન તત્ત્વ સાહિત્યના ક્ષેત્રમાં જે જે અમૂલ્ય પ્રદાન કર્યું છે એની યાદી લખવા જઈએ તો એ યાદી દીર્ઘ બને. પૂજ્યશ્રીના સાહિત્ય કર્મ ઉપર પીએચ.ડી.ના ગ્રંથો લખાય એટલું વિપુલ અને ઊંડું સાહિત્ય કર્મ એઓશ્રીએ કર્યું છે. સાત વર્ષના અથાગ પરિશ્રમ બાદ દાર્શનિક પંડિત સુખલાલજી અને પ્રાકૃતના મહાવિદ્વાન પંડિત બેચરદાસ દોશી શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિએ લખેલા 'સન્મતિ પ્રકરણ ગ્રંથ'નું સટિક સંપાદન કર્યું. આ ગ્રંથમાં રહેલી ક્ષતિઓ તરફ એ સમયે ૨૩ વર્ષના યુવાન મુનિ જંબૂ વિજયજીએ ધ્યાન દોર્યું ત્યારે બધાં ચકિત થઈ ગયા અને જૈન તત્ત્વજ્ઞાનના અદ્ભુત અને ગહન ગ્રંથ 'દ્વાદશારં નયચક્રમ્'ના સંપાદનનું કામ એઓશ્રીને સોંપાયું.

૧૯ વર્ષે પ્રથમ ભાગ, ૪૦ વર્ષે ૩જો ભાગ પ્રગટ કરી મુળગ્રંથને પૂજ્યશ્રીએ જીવંત કર્યો. ૪૦ વર્ષના અવિરત પુરુષાર્થથી આ દાર્શનિક ગહન ગ્રંથનું પુનઃ સર્જન જેવું સંપાદન કાર્ય પૂજ્યશ્રીએ કર્યું. આ ઘટના માત્ર જૈન શાસનને જ નહિ, પરંતુ રાષ્ટ્રને ગૌરવ અપાવે એવું મહોદધિ કાર્ય આ પૂજ્યશ્રીએ કર્યું છે. (આ વિશે જિજ્ઞાસુને ગુજરાત સમાચાર-૩ ડિસેમ્બરના 'ઈંટ અને ઈમારત'માં ડૉ. કુમારપાળ દેસાઈનો લેખ વાંચવા વિનંતિ.)

માત્ર જ્ઞાનના ક્ષેત્રે જ નહિ, પણ કરુણાના ક્ષેત્રે પણ એઓશ્રી એટલા જ સક્રિય હતા. મુંગા જીવોની સેવા માટે પાંજરાપોળની પ્રવૃત્તિમાં સતત પ્રવૃત્ત રહ્યા, તેમજ ગરીબ વર્ગ માટે ઉપયોગી થવા સર્વદા પૂજ્યશ્રી તત્પર રહેતા. પૂજ્યશ્રી આવા કરુણાવતાર હતા.

પૂજ્યશ્રી જંબૂ વિજયજીની અકસ્માતે વિદાયથી માત્ર જૈન શાસન માટે જ નહિ પણ સમગ્ર ભારતીય સંસ્કૃતિને ખોટ પડી છે.

ભારતના ગ્રંથ ભંડારોમાં સમાધિસ્થ સ્થિતિમાં રહેલા એ પ્રાચીન પૃષ્ટો પાસે જઈને એ પૃષ્ટોને આપણે આ દુઃખદ સમાચાર આપીશું તો એમની આંખોમાં પણ અશ્રુ ઉભરાશે અને એજ આંખોમાં કોઈ મહાન આત્માની 'રાહ' જોવાની મુદ્રાના દર્શન પણ થશે.

પૂજ્યશ્રીના મહાન આત્માને નમો નમઃ

આવા અકસ્માતમાં કાળધર્મ પામેલા સર્વે સાધુ-સાધ્વીના આત્માને અમારા કોટિ કોટિ નમન.

❑ **ધનવંત શાહ**

## વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા ૦૨-૦૧-૨૦૧૦ શનિવારના રોજ સાંજના ૫-૦૦ કલાકે **મારવાડી વિદ્યાલય** હાઈસ્કૂલ, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪ ખાતે મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.
(૨) ગત વર્ષ ૨૦૦૮–૦૯ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના વૃત્તાંત તથા ઑડિટેડ થયેલા હિસાબો મંજૂર કરવા.
(૩) સને ૨૦૦૯–૧૦ ની સાલ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પદાધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની નિમણૂક
(૪) સને ૨૦૦૯–૧૦ ની સાલ માટે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટર્સની નિમણૂક કરવી .
(૫) પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૨૮-૧૨-૨૦૦૯ થી તા. ૩૦-૧૨-૨૦૦૯ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૬ સુધીમાં સંઘના નવા કાર્યાલયમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન પૂછવાની ઈચ્છા હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લેખિત મોકલવા તેઓને વિનંતી.

જે સભ્યોને ઑડિટ કરેલા હિસાબોની નકલ જોઇએ તો તેમની લેખિત અરજી મળતાં નકલ મોકલવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યાલયનું નવું સરનામું :**
૩૩, મહંમદી મીનાર, ભોંયતળિયે,
૧૪મી ખેતવાડી, A.B.C. ટ્રાન્સપોર્ટની
બાજુમાં, મુંબઈ–૪૦૦૦૦૪.

**નિરુબહેન એસ. શાહ**
**ડૉ. ધનવંત ટી. શાહ**
**મંત્રીઓ**

# શ્રી અષ્ટાપદજી – એક શક્યતા

❑ ભરત હંસરાજ શાહ

અરિહંત કૃપાથી ૧૯૯૩-૨૦૦૭ દરમ્યાન શ્રી કેલાસ માનસરોવરની યાત્રા પાંચ વખત કરવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું છે. હિન્દુ ધર્મ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મના પુસ્તકોમાં કૈલાસ અને માનસરોવરની યાત્રાને પવિત્રતમ લેખવામાં આવી છે. આ યાત્રાની ગણના અતિકઠિન યાત્રામાં થાય છે.

પવિત્ર શ્રી કૈલાસ પર્વત અને માનસરોવર તીબેટના નાગરી પ્રદેશમાં સ્થિત છે. પ્રથમ ત્રણ યાત્રાઓ ભારત સરકાર દ્વારા આયોજન અંતર્ગત કરી. આ યાત્રા આપણા દેશનું વિદેશ મંત્રાલય ઉત્તર પ્રદેશના કુંમાઉ મંડળ વિકાસ નિગમના સહયોગથી આયોજે છે. દર વર્ષે જુન, જુલાઈ અને ઑગસ્ટ) ૧૨ થી ૧૬ જુથ્થોમાં લગભગ ૪૦૦ થી ૬૦૦ યાત્રીઓને આ યાત્રા માટે ચાઈનીઝ વીઝા આપવામાં આવે છે. યાત્રા માટે આવેલ આવેદન પત્રોમાંથી એવી રીતે પસંદગી કરવામાં આવે છે કે જેથી દરેક જુથ જે લગભગ ૩૦ થી ૪૦ યાત્રીઓનું હોય છે, તેમાં ધર્મ, શિક્ષા, ભાષા, વ્યવસાય, ઉંમર દરેક રીતે ભારતનું પ્રતિનિધિત્વ થાય. અલબત્ત શારીરિક સુસજ્જતા અહીં પ્રાથમિક જરૂરીયાત છે. દિલ્હીથી શરૂ થતી અને દિલ્હીમાં પૂર્ણ થતી આ યાત્રા ૨૭/૨૮ દિવસની હોય છે. લગભગ ૧૪૪૦ કિ.મી. વાહન અને ૩૩૦ કિ.મી. પદયાત્રા અથવા ઘોડા યાકનો ઉપયોગ આ યાત્રા દરમ્યાન થાય છે. (જેમાં કૈલાસ પરિક્રમા ૫૪ કિ.મી. ૩ દિવસમાં અને માનસરોવર પરિક્રમા ૭૨ કિ.મી. ૨ દિવસમાં કરવાની હોય છે.) વધુમાં વધુ ૧૮૭૦૦ ફુટની ઉંચાઈ ઉપર સ્થિત 'ડોલમા પાસ' શ્રી કૈલાસ પરિક્રમા દરમ્યાન પહોંચવાનું હોય છે. નેપાળથી પણ આ યાત્રાએ જઈ શકાય છે. ચોથી યાત્રા વાયા કાઠમંડુ-લ્હાસા હવાઈ અને લ્હાસા દારચેન રોડ માર્ગે કરી છે. કાઠમંડુ-લ્હાસા ૧૦૦૦ કિ.મી. હવાઈ સફર દરમ્યાન એવરેસ્ટ શિખર જોવા મળ્યું. લ્હાસા-દારચેન કૈલાસ ૧૩૦૦ કિ.મી. રોડ માર્ગે થઈ. મારી આ યાત્રા લુપ્ત તીર્થ અટાપદ સંશોધન ટીમના સભ્ય તરીકે જૈન સેન્ટર ઓફ અમેરિકા-ન્યુયોર્ક મારફત સ્પોન્સર થઈ હતી. પાંચમી યાત્રા વાયા કાઠમંડુ-કોદારી-ઝંગમુ-ન્યાલમ-સાગા-પરયાંગ-કૈલાસ ૯૦૦ કિ.મી. મોટર માર્ગે ચાર દિવસમાં થઈ. મારી આ યાત્રા લુપ્ત તીર્થ અષ્ટાપદ સંશોધન ટીમના લીડર તરીકે જૈન સેન્ટર ઓફ અમેરિકા-મારફત સ્પોન્સર થઈ હતી. મારી આ યાત્રાઓ દરમ્યાન મને કૈલાસની બાહ્ય પરિક્રમા, આંતરિક પરિક્રમા અને નંદી પરિક્રમા નિર્વિઘ્ન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

મારી પ્રથમ યાત્રા જે હું એક સાહસ યાત્રા રૂપે કરતો હતો, એ દરમ્યાન ભારત સરકારની કૈલાસ માનસરોવર યાત્રા પ્રવાસ કાર્યક્રમ પુસ્તિકામાં શ્રી અષ્ટાપદજીનો ઉલ્લેખ મળ્યો. જૈનોના પ્રથમ તીર્થંકર આદિનાથ ઋષભદેવનું નિર્વાણસ્થાન અષ્ટાપદજીના નામે ઓળખાય છે. જૈન ધાર્મિક પુસ્તકોમાં એવું વિવરણ છે કે ચક્રવર્તી ભરત જે પ્રથમ તીર્થંકર આદિનાથ ઋષભદેવના પુત્ર હતા તેમણે શ્રી અષ્ટાપદજી ક્ષેત્રે ભવ્ય મંદિરો ચૈત્યોનું નિર્માણ કરાવ્યું છે.

ભારતનો એક વર્ગ જૈન ધર્મ પાળે છે. જો કે આ ધર્મમાં માનનારા વિદેશમાં પણ સ્થિર થયા છે. મુખ્યત્વે ગુજરાતી, કચ્છી, મારવાડી અને પંજાબી લોકો આ ધર્મને અનુસરે છે. અહિંસા, જ્ઞાન, દર્શન, ચરિત્ર, તપસ્યા આ ધર્મના મુખ્ય સિદ્ધાંત છે. આ ધર્મને માનનારા ૨૪ તીર્થંકરને પૂજે છે. આદિનાથ ઋષભદેવ, વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર અને વર્ધમાન મહાવીર સ્વામી ચોવીસમા તીર્થંકર છે. શાસ્ત્રોક્ત રીતે એવું માનવામાં આવે છે કે ભૂતકાળમાં પણ ચોવીસી હતી અને ભવિષ્યમાં પણ ચોવીસી આ ધર્મમાં આવશે. પ્રથમ તીર્થંકર અને ચોવીસમા તીર્થંકર વચ્ચે અનેક વર્ષોનો ગાળો હોય છે. કોઈપણ એક સમયે એકજ તીર્થંકર એ યુગની પ્રજાને માર્ગદર્શન આપવા વિદ્યમાન હોય છે. એક તીર્થંકરના નિર્વાણ પછી જ બીજા તીર્થંકર અવતરે છે. હાલની ચોવીસીના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામી ૧૫મી ઑક્ટોબર ૫૨૭ ઈસ્વી સન પૂર્વે નિર્વાણ પામ્યા.

એવું માનવામાં આવે છે કે તીર્થંકર જ્યારે દેશના (ઉપદેશ) આપે ત્યારે ઈન્દ્ર એમના આસન અને સભા માટે સમવસરણની રચના કરે છે. પ્રભુનું મુખ સમવસરણ ઉપર બિરાજવાથી ચારેય દિશામાં દેખાય છે. આ દેશના સાંભળવા દેવો, મનુષ્ય, પશુ, પક્ષીઓ એકત્રિત થાય છે. અને દરેકને તીર્થંકરની વાણી પોતપોતાની ભાષામાં સાંભળવા મળે છે. તીર્થંકર મહાવીર સ્વામીની આ દેશનાને આગમવાણી કહેવામાં આવે છે. પ્રભુએ આ દેશના દ્વારા માનવ સંસ્કૃતિને ધર્મ, વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૂગોળ, જ્યોતિષ, સમાજ શાસ્ત્ર, ઈતિહાસ, બ્રહ્માંડ વિગેરેનું અલૌકિક જ્ઞાન આપ્યું છે. એમના નિર્વાણ પછી દેશના આપેલ એમનું જ્ઞાન પછીના સંતોએ મુખામુખ અને પછી આગમગ્રંથ રૂપે વર્તમાન સંસ્કૃતિને આપ્યું છે. આ આગમ ગ્રંથોમાં વર્ણવેલ વિષયોનું અધ્યયન પંડિતો કરે છે. આ ગ્રંથોમાં દર્શાવેલ વૈજ્ઞાનિક અને ગણિતિક ખુલાસાઓ આશ્ચર્યચકિત કરી દે એવા છે.

સમયાનુસાર આ આગમગ્રંથોનું જ્ઞાન વ્યાખ્યાન અને લેખન દ્વારા તે સમયના આચાર્યો શીખતા શીખાવતા રહ્યા છે. લગભગ સાડા આઠસો વર્ષ પૂર્વે થઈ ગયેલા આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યસૂરિજી (વિ. સં. ૧૧૪૫-૧૨૨૯) જૈન ધર્મના નિર્વિવાદ મહાન આચાર્ય ગણાય છે. તેઓ કલિકાલસર્વજ્ઞ ઉપાધિત હતા. પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહ તેમજ કુમારપાળ રાજા તેમના પરમશિષ્ય ગણાતા હતા. આચાર્યશ્રીએ રચેલ ત્રિશષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર જૈન ધર્મનો એક ઉત્તમ ધર્મગ્રંથ ગણાય છે. આચાર્યશ્રીએ એમાં ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને નવ બળભદ્રનું વિસ્તૃત જીવનાલેખન કર્યું છે.

જૈન ધર્માનુસાર ચોવીસ તીર્થંકરના જન્મ, શિક્ષા, રાજ્યાભિષેક, દીક્ષા,

કેવળજ્ઞાન, સમવસરણ, દેશના અને નિર્વાણ આ ભૂમિમાં થયા છે.

| તીર્થંકર | જન્મસ્થળ | નિર્વાણ સ્થળ |
|---|---|---|
| ૧. આદિનાથ ઋષભદેવ | અયોધ્યા | અષ્ટાપદજી |
| ૨. અજીતનાથ | અયોધ્યા | સમ્મેત શિખરજી |
| ૩. સંભવનાથ | શ્રાવસ્તી | સમ્મેત શિખરજી |
| ૪. અભિનંદન સ્વામી | વિનિતાપુરી-અયોધ્યા | સમ્મેત શિખરજી |
| ૫. સુમતિનાથ | વિનિતાપુરી-અયોધ્યા | સમ્મેત શિખરજી |
| ૬. પદ્મપ્રભ | કૌશામ્બી | સમ્મેત શિખરજી |
| ૭. સુપાર્શ્વનાથ | વારાણસી | સમ્મેત શિખરજી |
| ૮. ચંદ્રપ્રભ | ચંદ્રાનમ-ચંદ્રપુરી | સમ્મેત શિખરજી |
| ૯. સુવિધિનાથ | કાકન્દી | સમ્મેત શિખરજી |
| ૧૦. શીતલનાથ | ભદીલપુર | સમ્મેત શિખરજી |
| ૧૧. શ્રેયાંસનાથ | સિંહપુર | સમ્મેત શિખરજી |
| ૧૨. વાસુપૂજ્ય | ચંપાપુરી | સમ્મેત શિખરજી |
| ૧૩. વિમલનાથ | કામ્પીલ્ય | સમ્મેત શિખરજી |
| ૧૪. અનંતનાથ | અયોધ્યા | સમ્મેત શિખરજી |
| ૧૫. ધર્મનાથ | રત્નાપુર | સમ્મેત શિખરજી |
| ૧૬. શાંતિનાથ | હસ્તિનાપુર-ગજપુર | સમ્મેત શિખરજી |
| ૧૭. કુંથુનાથ | હસ્તિનાપુર-ગજપુર | સમ્મેત શિખરજી |
| ૧૮. અરનાથ | હસ્તિનાપુર-ગજપુર | સમ્મેત શિખરજી |
| ૧૯. મલ્લીનાથ | મિથિલા | સમ્મેત શિખરજી |
| ૨૦. મુનિસુવ્રત | રાજગૃહ | સમ્મેત શિખરજી |
| ૨૧. નમીનાથ | મિથિલા | સમ્મેત શિખરજી |
| ૨૨. નમીનાથ | શૌર્યપુર | ગિરનારજી |
| ૨૩. પાર્શ્વનાથ | વારાણસી | સમ્મેત શિખરજી |
| ૨૪. મહાવીર સ્વામી | ક્ષત્રીયકુંડ ગ્રામ | પાવાપુરી |

જૈનો ઉપરોક્ત સ્થળોને પૂજે છે. એવું માનવામાં આવે છે કે શ્રી અષ્ટાપદજી પહોંચી ન શકાય એવું તીર્થ છે. બાકીના બધા તીર્થોની યાત્રા જૈનો કરે છે. શ્રી કૈલાસ માનસરોવરની મારી પહેલી યાત્રા પછી શ્રી અષ્ટાપદજી વિષે માહિતી ભેગી કરવાનું મેં શરૂ કર્યું. આ બાબત જૈનાચાર્યો, સાધુ ભગવંતો અને જૈન ધર્મના નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવતાં ઉપલબ્ધ સાહિત્ય માહિતી અત્રે રજુ કરી રહ્યો છું.

૧. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી કૃત 'ત્રિશષ્ટી શલાકા પુરૂષ ચરિત્ર',
પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ઋષભદેવના નિર્વાણ પ્રકરણમાં કૈલાસ પર્વતને અષ્ટાપદ માનવામાં આવ્યો છે. (પર્વ-૧, તપ, કાર્ય આદિ)

૨. .....વિજયજી કૃત વિવિધ પૂજા સંગ્રહ
કૈલાસ પર્વતને અષ્ટાપદ દર્શાવવામાં આવ્યો છે.

૩. આચાર્ય ધર્મઘોષવિજયજી કૃત વિવિધ તીર્થકલ્પ
એમાં અષ્ટાપદ મહાતીર્થ કલ્પ અને અષ્ટપદગિરિકલ્પમાં કૈલાસ પર્વત, માનસરોવર, સગર ચક્રવર્તી, રાવણનો ઉલ્લેખ છે.

૪. મુનિશ્રી જયંતવિજયજી કૃત પૂર્વ ભારતની જૈન તીર્થ ભૂમિઓ. એમાં પણ કૈલાસ પર્વતને અષ્ટાપદ માનવામાં આવ્યો છે.

૫. શ્રી હીરાલાલજી દુગ્ગળ કૃત-મધ્ય એશિયા ઔર પંજાબમાં મેં જૈન ધર્મ કી પ્રાચીનતા ઔર લોકમત.
અહીં પણ આ પુસ્તકના લેખકનું માનવું છે કે કૈલાસ પર્વત જ અષ્ટાપદ છે. લેખકે આ યાત્રા પણ કરી છે.

૬. પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટીકાના જગચિંતામણી ચૈત્યવંદન સૂત્ર ૧૧-૪માં પણ એવો જ અભિપ્રાય છે.

૭. સ્વામી પ્રણવાનંદજી લિખિત કૈલાસ માનસરોવર પુસ્તકમાં સ્વામીજીએ લખ્યું છેઃ એવું માનવામાં આવે છે કે જૈન ધર્મના પ્રથમ તીર્થંકર આદિનાથ ઋષભદેવ અહીં નિર્વાણ પામ્યા.

૮. મુંબઈ સમાચાર તા. ૨૨-૯-૯૬ શ્રી કનુ દેસાઈના એક લેખમાં જૈન ધર્મ અગ્નિતત્ત્વ અને હરિયાળી રહિત પ્રદેશનો સમન્વય છે. ભૌગોલિક દૃષ્ટિએ કૈલાસ પર્વત પણ વીરાન પ્રદેશમાં સ્થિત છે.

૯. મિ. જ્હોન સ્નેલિંગનું પુસ્તક-ધ સેક્રેડ માઉન્ટેન-આ પુસ્તકમાં લેખકે કૈલાસ પર્વતને એક અતિ વિશાળ હિન્દુ મંદિર સાથે આઉટલાઈન કરીને સરખાવ્યો છે.

૧૦. કૈલાસ માનસરોવરના યાત્રીઓને ભારત સરકાર તરફથી મળતા પુસ્તકમાં પણ અષ્ટાપદનો ઉલ્લેખ છે.

૧૧. ગીતા પ્રેસ ગોરખપુરના ૩૧મા વર્ષના વિશેષાંક 'કલ્યાણ તીર્થાંક'માં કૈલાસને અષ્ટાપદ અને તેને સિદ્ધક્ષેત્ર લખાવવામાં આવ્યું છે અને ત્યાં કોઈ સમયે જૈન મંદિર હતું જે હવે લુપ્ત થઈ ગયું છે એવું પણ લખ્યું છે. (પાના નં. ૫૩૪).

૧૨. ડૉ. દેવીપ્રસાદ મિશ્રાનું પુસ્તક જૈન પુરાણો કા સાંસ્કૃતિક અધ્યયન. આ પુસ્તકના પ્રકરણ ભૌગોલિક દશાના પાના નં. ૪૪૦ માં કૈલાસ પર્વતને અષ્ટાપદ અને તેનું સ્થાન હિમાલયન દક્ષિણ ભાગમાં દર્શાવ્યું છે.

૧૩. લૉસ એંજેલસ મ્યુઝીયમ ઑફ આર્ટસના શ્રી પ્રતાપાદિત્ય પાલનું પુસ્તક ધ પીસફુલ લીબરેટર્સ-જૈન આર્ટ ફ્રોમ ઈન્ડિયા. આ પુસ્તકમાં પણ લેખકે કૈલાસને અષ્ટાપદ માન્યું છે. (પાના નં. ૬૫).

૧૯૯૫-૯૬માં પૂજ્ય આચાર્ય શ્રી વિજયજનકચંદ્રસૂરિજી અને પૂજ્ય આચાર્ય શ્રી વિજય ધર્મધૂરંધરસૂરિજીને તેમજ રાષ્ટ્રસંત પૂજ્ય આચાર્ય શ્રી પદ્મસાગરસૂરિજી મ.સા.ને આ બાબતમાં હું મળ્યો હતો. એ સર્વેનો અભિપ્રાય પણ હકારાત્મક હતો. આચાર્ય ભગવંતોએ મને શ્રી અષ્ટાપદજી વિષે વધુ સંશોધન કરવા ખૂબ જ પ્રેરણા આપી છે. આશીર્વાદ આપ્યા છે. નવેમ્બર ૨૦૦૬માં નિર્વિવાદ વિદ્વાન પૂ. જંબૂવિજયજી મ.સા. સાથે આ વિષયમાં માર્ગદર્શન મેળવવાનો મોકો મને મળ્યો. પૂજ્યશ્રીએ આ તીર્થ આ (ભારત-તિબેટ) ભૂમિમાં જ હોવાનો અભિપ્રાય આપ્યો છે. જો કે

એમના મને આ તીર્થ બદ્રીનાથ પાસે હોવાની શક્યતા વધુ છે.

મારી આ યાત્રાઓ દરમ્યાન તીબેટ સ્થિત શ્રી કૈલાસ એ જ અષ્ટાપદજી છે એની શક્યતા બાબત મેં સંશોધન કરવાની વિનમ્ર કોશિશ કરી છે. યાત્રાના નિર્દિષ્ટ માર્ગથી હટીને જે જગ્યાઓના મેં દર્શન કર્યા અને ફોટોગ્રાફ્સ તેમજ સ્લાઈડ્સ લીધી છે તેના પરિણામો ઉત્સાહપ્રેરક છે:

૧. શ્રી કૈલાસના દક્ષિણાભિમુખ પાસે કંડારેલ (મારો અભિપ્રાય) પર્વત છે, એને નંદી પર્વત માનવામાં આવે છે. એના મધ્ય ભાગમાં શિલ્પકામ દેખાય છે. એ શિલ્પકૃત્યમાંની એક આકૃતિના હાથમાં સિતાર જેવા વાદ્યનો સ્પષ્ટ આભાસ છે. એ પર્વતની ટોચ ઉપર સિંહ બેઠો હોય એવી આકૃતિનો સ્પષ્ટ આભાસ છે. એના પૂર્વ ભાગના મધ્યમાં પ્રાણીની એક વિશાળ મુખાકૃતિ કંડારેલી લાગે છે. જે કદાચ સિંહ અથવા વાનર (હનુમાન)ની હોઈ શકે.

   'ત્રિશષ્ટી શલાકા પુરુષ ચરિત્ર'માં સિંહનિષધ્યા પ્રાસાદનું વર્ણન આવે છે. આ પર્વત એ વર્ણનને અનુરૂપ એક ભાગ જણાય છે.

૨. આ પર્વતની બાજુમાં અમુક પર્વતોની ટોચો પણ એક સમાન જણાય છે. પર્વતો દેખાવે દક્ષિણ ભારતના મંદિરો-ગોપુરમ જેવા લાગે છે.

   નજીકની એક પર્વતમાળામાં એક ગવાક્ષ (મંગળ મૂર્તિ માટેનો ગોખ) સ્પષ્ટ દેખાય છે. (ન્યારી ગોમ્પાની સામેનો પર્વત.)

   ઈજીપ્તમાં 'સ્ફીંક્સ'ના નામે ઓળખાતી માનવ સર્જીત કૃતિ જેવું એક પર્વતમાં ત્યાં પણ દૃષ્ટિગોચર થાય છે. (ન્યારી ગોમ્પાની સામેનો )

૫. આ પર્વતમાળામાં ઘણાં ભાગોમાં ઉપર કિલ્લાની દિવાલોનો પણ સ્પષ્ટ આભાસ છે. જૂના તીર્થો પર્વતો પર અને કિલ્લેબંધીમાં અત્યારે પણ હયાત છે. દા. ત. શ્રી શત્રુંજય મહાતીર્થ, શ્રી ગિરનારજી, શ્રી સમ્મેત શિખરજી ઈત્યાદિ.

ઉપરોક્ત દૃષ્યોથી એવું માનવાને પ્રેરિત થાય છે કે, કોઈક કાળે આ પ્રદેશમાં વિશાળ પાયા ઉપર માનવ સર્જીત કામ થયા હશે. દીર્ઘ કાળ દરમ્યાન વાતાવરણની અસર થકી આ સર્જનોને ઘસારો લાગ્યા છે. શું જૈન ધર્મમાં ઉલ્લેખિત અષ્ટાપદ વિવરણમાં આવતા મંદિરો, ચૈત્યો, સ્તૂપોના આ સંકેત જણાય છે?

ભારતના એક પ્રતિષ્ઠિત પખવાડિક 'ઈન્ડિયા ટૂડે' એ મારા સંશોધનમાં રસ લીધો હતો. મારા સંશોધન અને એને લગતા ફોટોગ્રાફ્સ બાબત એમણે ભારત સરકારની એક સંસ્થા 'ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટસ-નવી દિલ્હી'ના કલા-કોષ વિભાગના કોઑર્ડિનેટર પંડિત શાતકરી મુખોપાધ્યાયજીનો અભિપ્રાય લીધો છે. પંડિતજીએ પણ હકારાત્મક અભિપ્રાય આપ્યો છે. (ઈંડિયા ટૂડે ૨૧-૦૯-૯૬, પાના નં. ૬૨ ગુજરાતી અને ૩૦-૯-૯૬, પાના નં. ૧૫૮ ઈંગ્લિશ).

અહીં એ ઉલ્લેખ કરવો યોગ્ય છે કે આજે પણ જૈન સંતો અતિ વિદ્વાન છે. પણ એમની દૈનિક ક્રિયાઓ અને ગોચરી પાણી થકી શ્રી કૈલાસ માનસરોવરની યાત્રા એમને કઠિન છે. જૈન સંતો વાહનનો ઉપયોગ કરતા નથી. એમના આહાર પાણી પણ ધર્માનુસાર નિર્દિષ્ટ હોય છે. જે આ યાત્રા દરમ્યાન જાળવવા કઠિન છે. જૈન ધર્મના આગેવાનોને આ બાબત વિચારવા અને યોગ્ય કરવા મારી હાર્દિક વિનંતી છે. જેથી આ યાત્રા કરીને વિદ્વાન સંતો સમાજને અષ્ટાપદજી વિષે યોગ્ય અભિપ્રાય આપી શકે. તિબેટી ધર્માનુસાર વીસમા તીર્થંકર મુનિ સુવ્રત સ્વામી આ કૈલાસ ભૂમિમાં વિચર્યા છે. સંત મિલારપ્પા સૂર્યના કિરણો પકડીને કૈલાસ પર્વત ઉપર પહોંચ્યા છે. (જૈન ધર્મ ગ્રંથોમાં અનંતલબ્ધિનિધાન ગૌતમ સ્વામીની અષ્ટાપાદ યાત્રા આવી જ રીતે વર્ણવવામાં આવી છે.)

કેટલાંક સાંયોગિક પુરાવાઓ પણ અત્રે રજૂ કરું છું.

૧. કૈલાસ પર્વત ઉપર ચઢવું અતિ કઠિન જણાય છે. શ્રી અષ્ટાપદજીના વિવરણ સાથે આ બંધબેસતું છે.

૨. કૈલાસના દક્ષિણ મુખ પાસેનો કંડારેલો પર્વત નંદીના નામે ઓળખાય છે. નંદી એટલે બળદ. જે આદિનાથ ઋષભદેવજીનું લંછન (ચિહ્ન) છે. અનાદિકાળથી હિન્દુ ધર્મ પ્રમાણે કૈલાસને મહાદેવનું સ્થાન માનવામાં અને પૂજવામાં આવે છે. મહાદેવનું વાહન નંદી છે. આદિનાથ ઋષભદેવની નિર્વાણ તિથિ પોષ વદ તેરસ છે. વદ તેરસને શિવરાત પણ કહે છે. શું મહાદેવ એજ આદિનાથ છે?

૩. કૈલાસ પર્વતની સામે લગભગ ૪૦ કિલોમીટર દૂર બરફાચ્છાદિત એક જાજરમાન પર્વત છે. એનું નામ ગુરલામાન્ધાતા છે. માન્ધાતા એ સગરચક્રવર્તીના પૂર્વજનું નામ છે. સગરચક્રવર્તીનું નામ અષ્ટાપદ વર્ણનમાં આવે છે.

૪. માનસરોવરનો ઉલ્લેખ જૈન શાસ્ત્રોમાં છે.

૫. કૈલાસ પર્વત અને ગુરલામાન્ધતા પર્વતની વચ્ચે એક બીજું વિશાળ અતિ સુંદર સરોવર છે જેનું નામ સકાશતાલ અથવા રાવણતાલ છે. જૈન ધર્મમાં રાવણનો ઉલ્લેખ સુવિદિત છે. અષ્ટાપદ પર્વત પર રાવણ-મંદોદરીનું વીણા વાદન અને નૃત્ય જૈન ધાર્મિક પુસ્તકોમાં ઉલ્લેખાયેલા છે.

૬. આ પ્રદેશમાં અનુભવાતી અનુભૂતિ (Vibrations) અવર્ણનિય છે. શબ્દોમાં એ અભિવ્યક્ત કરી શકાય એવું નથી. આસ્તિક એને દિવ્ય અનુભૂતિ કહે છે. વૈજ્ઞાનિકોએ જોકે આ ભૂમિમાં ઉત્તમ ધાતુ ખનીજોનું ભરપૂર પ્રમાણ શોધવાથી આવા અનુભવને સમર્થન આપ્યું છે.

૭. એ ધરતી, સરોવરો, પર્વતો, વાદળો અને આકાશનું સંયોજન અલૌકિક, અતિ ભવ્ય, દૈવી જણાય છે. હું ધર્મે જૈન છું પણ ધર્મનું જ્ઞાન મને નહિવત છે. પણ જ્યારે-જ્યારે જૈન ધર્મ અને એની તીર્થ ભૂમિઓનો વિચાર કરું છું કે:

   જો આપણે સિદ્ધાચલ મહાતીર્થ પાલીતાણાને શાશ્વત તીર્થ જાણતા અને માનતા હોઈએ.

જો આપણે બિહાર પ્રદેશના સમ્મેત શિખરજી મહાતીર્થને વીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ જાણતા અને માનતા હોઈએ.

જો દિલ્હીથી સવાસો કિલોમીટર દૂર આવેલ હસ્તિનાપુરને પ્રથમ તીર્થંકર ઋષભદેવના વરસીતપની પારણાભૂમિ પૂજતા હોઈએ અને,

જો ધર્મગ્રંથોમાં વર્ણિત બીજી બધી તીર્થભૂમિઓને જાણતા પૂજતા હોઈએ તો શું આ–

**કૈલાસ પર્વત જ અષ્ટાપદ છે ?**

**નંદી પર્વત જ સિંહનિષદ્યા પ્રાસાદ છે ?**

જૈન ધર્મના પુજનીય સંતો અને વિદ્વાનોને મારી નમ્ર વિનંતી કે આ બાબત માર્ગદર્શન આપે.

પુરાતત્ત્વવિદોને મારી નમ્ર વિનંતી કે આ બાબત સ્પષ્ટ અભિપ્રાય આપે.

**નોંધ :**

૧. ઈંદિરા ગાંધી નેશનલ સેંટર ફોર આર્ટસ-નવી દિલ્હી દ્વારા જાન્યુઆરી ૧૯૯૯માં આયોજીત `International Seminar on Pilgrimage and Complexity' માં આ લેખ અને slides દેખાડવા મને આમંત્રિત કરવામાં આવેલ.

૨. આ લેખ અને ફોટોગ્રાફ્સ તથા ધાર્મિક ગ્રંથોમાં ઉલ્લેખિત લખાણોની ફોટોકોપીઓ મેં ૧૯૯૯માં આર્કિઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાને પાઠવ્યા છે. એમણે આ ફોટોગ્રાફ્સને 'માનવ સર્જીત' માનવામાં સહમતિ નથી આપી, સ્પષ્ટ નકારતા પણ નથી.

૩. Geologists આ ફોટોગ્રાફ્સ જોઈ એને Natural Formation માને છે. આમાં કદાચ માનવ સર્જીત કામ છે એવી મારી રજૂઆતને એ લોકો મારૂં illusion (દૃષ્ટિભ્રમ) માને છે.

૪. ૦૪-૦૧-૨૦૦૫ની રાત્રે Discovery Channel પર `Terra X' નામે pyramids ઉપર એક programme હતો. તેમાં એવું જણાવવામાં આવ્યું છે કે ચીલી દેશના એક પ્રાંતમાં Natural Mountains Series મનાતી અત્યાર સુધીની શ્રૃંખલાને હવે Chain of human made Pyramids તરીકે આર્કિઓલોજીસ્ટો દ્વારા સ્વીકારવામાં આવી છે.

૫. ભારતીય અવકાશ સંશોધન ISRO ના એક વૈજ્ઞાનિકે હાલમાં અભિપ્રાય આપ્યો છે કે 'કૈલાસ ક્ષેત્રમાં માનવ સર્જીત કામ થયું હોય એવો સંકેત સેટેલાઈટ ઈમેજીંગ પદ્ધતિથી માલુમ પડે છે.' એ જગ્યાને 'ધમાકિંગ નોરસંગ' કહેવાય છે અને તે કૈલાસની પૂર્વમાં લગભગ ૨ કિ.મી. દૂર છે.

૬. અમારી ચોથી યાત્રા દરમ્યાન તિબેટના ધાર્મિક પુસ્તક 'ગાંગ કર તાશી' (સફેદ કૈલાસ)માં ૨૦ મા તીર્થંકર મુનિ સુવ્રત કૈલાસ પ્રદેશમાં વિચર્યા છે એ દૂભાષિયા દ્વારા વાંચવા જાણવા મળ્યું.

૭. કૈલાસ પરિક્રમા દરમ્યાન દેખાતા ચુગુ ગોમ્પામા સ્થાપિત ઈષ્ટમૂર્તિ, જૈન તીર્થંકર મૂર્તિ શક્ય છે એવો મત મરીન આર્કિયોલોજી સુપ્રીન્ડેન્ટન્ટ ડૉ. આલોક ત્રિપાઠીએ પાંચમી યાત્રાની શરૂઆતમાં આપ્યો છે. એ મૂર્તિ આભૂષણો-વસ્ત્રોથી શણગારેલ છે. આ પ્રદેશમાં રહેતા બોનપા ધર્મી લોકો જૈન ધર્મીઓની જેમ જ 'ખમાસમણા' આપે છે. જે મેં ચુગુ ગોમ્પામાં જોયું છે.

૮. ૨૦૦૬ અને ૨૦૦૭ના તિબેટ ક્ષેત્રના પ્રવાસ દરમ્યાન ક્યાંક ક્યાંક સ્થાનિક ઘરોના દરવાજા પર સ્વસ્તિક, સિદ્ધશિલા તેમજ અષ્ટમંગલ જેવા પ્રતિક જોવા મળેલ છે.

૯. શ્રી અષ્ટપાદ તીર્થ સંશોધન ટીમ ૨૦૦૬ અને ૨૦૦૭ના મતાનુસાર મેં વર્ણવેલ આભાસો માનવ સર્જીત નથી પણ કુદરત, વાતાવરણ, હવામાન સર્જીત છે.

**તર્ક :**

૧. અમેરિકાના ડાકોટા પ્રદેશમાં માઉંટ રશમોર નામના પર્વતના મથાળે ચાર પૂર્વ રાષ્ટ્રપતિઓના 'મસ્તકો' કોતરેલા છે. આ માનવ સર્જીત કામ લગભગ ૭૦ વર્ષ જૂનું છે. ત્યાંની સરકાર આ 'મસ્તકો'ની અત્યંત સંભાળ લે છે, અને માને પણ છે કે ઘસારો લાગી રહ્યો છે. ૫૦૦ થી ૧૦૦૦ વર્ષ પછી આ ઘસારા થકી એ કૃતિઓને થતા નુકસાનની આપણે કલ્પના કરી શકીએ. કદાચ એ મુખાકૃતિઓ આભાસરૂપે રહી જાય એવું પણ બને. છતાં પણ એ માનવ સર્જીત કાર્ય બાબત કોઈ ને કોઈ શંકા નહીં હોય. કારણકે વર્તમાન ઈતિહાસ રૂપે સાક્ષી રહેશે. લખાણો સાક્ષી રહેશે. તો શું કૈલાસ પર્વત સન્મુખના નંદી પર્વત પર દેખાતા આભાસો બાબત, કુદરત સર્જીતને બદલે માનવ સર્જીત અભિગમ અસ્થાને છે? શક્યતાના અભિગમ માટે શાસ્ત્ર વર્ણનોનો આધાર શું અસ્થાને છે?

૨. પૂર્વકાળમાં શત્રુંજયગિરિ મૂળમાં પચાસ યોજન, શિખરમાં દસ યોજન અને ઉંચાઈ આઠ યોજનનું વર્ણન છે. (ત્રિ.શ.પુ.ચ. પાના નં. ૨૩૪ સર્ગ ૬) પહેલા વિસનગર પછી વલ્લભીપુર અને હવે પાલીતાણા તળેટી પણ સુવિદિત છે. શત્રુંજયગિરિને આ ઘસારો મનાય છે તો અયોધ્યાથી બાર યોજન દૂર અને ૩૨ કોશ ઉંચાણ (પૂ. દિપવિજયજી કૃત અષ્ટાપદપૂજા તથા પુ. જયંતવિજયજી કૃત પૂ. ભારતની જૈન તીર્થ ભૂમિઓ) અષ્ટાપદગિરિને ઘસારો અસ્થાને છે? અયોધ્યા નજીકની તળેટી દૂર થતાં થતાં તિબેટના દારચેન કસ્બા સુધી ગઈ એ વિચાર અસ્થાને છે?

૩. શાસ્ત્રો અને લોકસભામાં વપરાતા કેટલાક શબ્દો સરખાવીએ.

| | | | |
|---|---|---|---|
| કોડી | કરોડ | કોડી | વીસ |
| યુગ | હજારો વર્ષ | યુગ | ૨૦ વર્ષ |
| મણ | ૪૦ શેર | મણ | ૨૦ શેર |

શાસ્ત્રોમાં શંકા નથી પણ સમય પ્રચલીત કવિવાદ અને વૃદ્ધવાદ થકી સમય અને અંતર બન્ને બાબતોમાં મારી દુષ્ટબુદ્ધિ તર્કને પ્રોત્સાહન આપે છે.

આ મૂળ લેખ સર્વપ્રથમ ૧૯૯૬માં લખ્યો, સુધારા વધારા સાથેની આ રજૂઆત જૂન ૨૦૦૮ સુધીની છે.

વાચક મારી આ રજૂઆત સાથે અસહમત હોય તો મને ક્ષમા કરે. આ લેખ લખવાથી અને તર્ક રજૂ કરવાથી કોઈની ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચી હોય તો મારા અંતઃકરણપૂર્વક મિચ્છા મી દુક્કડંમ્. ✷ ✷ ✷

**નોંધ :–**

૧૦. મારી આ રજુઆતને સાહિત્યિક સમર્થન મળ્યું:

- ભોગીલાલ લહેરચંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડોલોજી-દિલ્હી-૧૯૯૮.
- ડૉ. બાલાજી જૈન ઈન્સ્ટીટ્યુટ કોબા ગુજરાત-૧૯૯૮.
- ડૉ. રમણલાલ સી. શાહ-મુંબઈ ૧૯૯૮.
- ઈન્દિરા ગાંધી નેશનલ સેંટર ફોર આર્ટસ-નવી દિલ્હી, ૧૯૯૮.
- અનંતાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડોલોજી (પોસ્ટ ગ્રેજ્યુએટ સેંટર) (મુંબઈ યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત) મુંબઈ–૧૯૯૮.
- ડૉ. લતા બોથરા, જૈન ભવન, કલકત્તા–૧૯૯૯.
- 'નમો તિત્થસ્સ' ટ્રસ્ટ નવી દિલ્હી–૧૯૯૯.
- ડૉ. કુમારપાળભાઈ દેસાઈ, અમદાવાદ–૧૯૯૯.

**આભાર :**

- ડૉ. રજનીકાંતભાઈ શાહ-ન્યૂયોર્ક (USA) ૨૦૦૬માં શ્રી અષ્ટાપદ રિસર્ચ ટીમ મેમ્બર તરીકે જેમણે મને સ્પોન્સર કર્યો હતો.
- શ્રી હેમુભાઈ શેઠ–મુંબઈ ૨૦૦૭માં શ્રી અષ્ટાપદ રિસર્ચ ટીમ મેમ્બર તરીકે જેમણે મને સ્પોન્સર કર્યો હતો
- આ શોધ પ્રયાસમાંમાર્ગદર્શક તેમજ સહયોગી સર્વેનો સદાય ઋણી રહીશ.

શોધ અધૂરી : જૈન સમાજ જાગૃત થાય એ જરૂરી. ✷ ✷ ✷

૧૫૦૧-૧૫૦૨, 'ત્રિદેવ' અપાર્ટમેંટસ, 'A' વિંગ,ભક્તિ માર્ગ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ–૪૦૦ ૦૮૦ (ભારત). ફોન નં. : ૨૫૯૦૩૩૭૧
E-mail:bharathansrajshah@yahoo.com

# પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતાની વિગત

૨૦૦૮–૦૯માં પ્રાપ્ત થયેલા પૂણ્યશાળી સૌજન્ય દાતાની યાદી અહીં આપી છે.

૨૦૧૦ ના વર્ષ માટે રૂા. ૨૦,૦૦૦નું અનુદાન આપી કોઈ પણ એક મહિના માટે આપ પણ સૌજન્ય દાતા બની ધનદાન સાથે જ્ઞાનદાનનો લાભ પામો એવી અમારી આપને અનુમોદના અને વિનંતિ છે.

આપના પ્રિય જનોની સ્મૃતિ અક્ષર દેહમાં જાગૃત રહે એ ઉત્તમ શ્રદ્ધાંજલિ છે.

આપના સૌજન્ય દાનથી 'પ્રબુદ્ધ જીવન'ના અક્ષરો ધબકતાં રહેશે. જ્ઞાન કર્મનો આ શુભ અવસર છે.

–પ્રમુખ, શ્રી મુ. જૈન. યુ. સંઘ

| ક્રમ | સૌજન્ય દાતાનું નામ | સ્મૃતિમાં | તારીખ | રકમ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી જિતેન્દ્ર રમણીકલાલ વોરા | માતુશ્રી સ્વ. તારાબેન રમણીકલાલ વોરા | ૧૬–૦૯–૦૮ | ૨૦,૦૦૦ |
| ૨ | શ્રીમતી ઝવેરબેન માણેકલાલ સંગોઈ | પૂ. પિતાશ્રી મગનલાલ હીરજી સંગોઈ<br>પૂ. માતુશ્રી રાજબાઈ ટોકરશી વીરજી વીરા | ૧૬–૧૦–૦૮ | ૨૦,૦૦૦ |
| ૩ | શ્રી કાન્તિલાલ રમણલાલ પરીખ-દિલ્હીવાળા | સ્વ. શ્રીમતી કંચનબેન કાન્તિલાલ પરીખ | ૧૬–૧૧–૦૮ | ૨૦,૦૦૦ |
| ૪ | શ્રીમતી ઇલાબેન મોદી | સ્વ. ચંપકલાલ મોદી | ૧૬–૧૨–૦૮ | ૨૦,૦૦૦ |
| ૫ | શ્રીમતી નિર્મલાબેન ચંદ્રકાન્ત ડી. શાહ | સ્વ. કુમારી સ્મિતા શાહ અને સ્વ. હર્નિશ શાહ | ૧૬–૦૧–૦૯ | ૨૦,૦૦૦ |
| ૬ | શ્રી કાન્તિલાલ રમણલાલ પરીખ-દિલ્હીવાળા | સ્વ. શ્રીમતી કંચનબેન કાન્તિલાલ પરીખ | ૧૬–૦૨–૦૯ | ૨૦,૦૦૦ |
| ૭ | શ્રીમતી દિનાબેન જિતેન્દ્ર વોરા | પિતાશ્રી સ્વ. રમણીકલાલ તારાચંદ વોરા | ૧૬–૦૩–૦૯ | ૨૦,૦૦૦ |
| ૮ | શ્રી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ | — | ૧૬–૦૪–૦૯ | ૨૦,૦૦૦ |
| ૯ | શ્રીમતી શારદાબેન બાબુભાઈ શાહ | સ્વ. બાબુભાઈ જયંતિલાલ શાહ | ૧૬–૦૫–૦૯ | ૨૦,૦૦૦ |
| ૧૦ | શ્રીમતી વીણાબેન સુરેશભાઈ ચોકસી | સ્વ. સરસ્વતીબેન સારાભાઈ ચોકસી | ૧૬–૦૬–૦૯ | ૨૦,૦૦૦ |
| ૧૧ | શ્રીમતી ભગવતીબેન પન્નાલાલ સોનાવાલા | — | ૧૬–૦૭–૦૯ | ૨૦,૦૦૦ |
| ૧૨ | શ્રીમતી શૈલાબેન હરેશભાઈ મહેતા<br>ઓનવર્ડ ફાઉન્ડેશન | સ્વ. નલિનીબેન મનહરલાલ દોશી | ૧૬–૦૮–૦૯ | ૨૦,૦૦૦ |
| ૧૩ | સ્વ. સુશીલાબેન ચીમનલાલ ઝવેરી | — | ૧૬–૦૯–૦૯ | ૨૦,૦૦૦ |
| ૧૪ | શ્રી પારેખ પરિવાર | પ્રજ્ઞા ચક્ષુ જ્યોતી મોહનલાલ પારેખ | ૧૬–૧૦–૦૯ | ૨૦,૦૦૦ |
| ૧૫ | શ્રી કાન્તિલાલ રમણલાલ પરીખ-દિલ્હીવાળા | સ્વ. શ્રીમતી કંચનબેન કાન્તિલાલ પરીખ | ૧૬–૧૧–૦૯ | ૨૦,૦૦૦ |
| ૧૬ | મણીલાલ ચુનીલાલ સોનાવાલા ટ્રસ્ટ | — | ૧૬–૧૨–૦૯ | ૨૦,૦૦૦ |

# એક પ્રેરક-પાવન જીવનચરિત્ર

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ-અમદાવાદના પદાર્થ વિજ્ઞાનના નિવૃત્ત પ્રૉફેસર અને 'ગુજરાતી વિશ્વકોશ'ના વિજ્ઞાન વિભાગના ઍડિટર પ્રૉ. પી.સી.પટેલ-લિખિત 'ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ'ના જીવનચરિત્રનું 'રંગધાર પ્રકાશન' દ્વારા તાજેતરમાં પ્રકાશન થયું છે.

અમારા વિદ્યાર્થીકાળ દરમિયાન મને યાદ છે કે ઉચ્ચ માધ્યમિક કે કૉલેજનું શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓ જીવનમાં ઉન્નત પ્રેરણા પ્રાપ્ત કરવા માટે લલિત સાહિત્યના પ્રમાણમાં આત્મકથા અને જીવનચરિત્રનું સાહિત્ય વિશેષ પ્રમાણમાં વાંચતા, જેમાં શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત 'મહાન વૈજ્ઞાનિકો', શ્રી છોટાલાલ પુરાણી કૃત 'વિજ્ઞાનના વિધાયકો', શ્રી રેવાશંકર સોમપુરા કૃત 'ભારતના મહાન વૈજ્ઞાનિકો', ડૉ. નરસિંહ શાહ કૃત 'લૂઈ પાશ્ચર', શ્રી વર્મા ને પરમાર કૃત 'આચાર્ય પ્રફુલ્લચંદ્ર રૉય', ડૉ. સુરેશ શેઠના કૃત 'મહાન વૈજ્ઞાનિકો'-જેવાં પુસ્તકોમાં વિજ્ઞાનવીરોના જીવનકાર્યની ઝાંખી પ્રાપ્ત થાય છે. થોડાંક વર્ષો પહેલાં ડૉ. પ્રસન્ન વકીલે વિજ્ઞાનવીર ડૉ. વિક્રમ સારાભાઈનું જીવનચરિત્ર પ્રગટ કરેલું, જેમાં ભક્તિભાવ વિશેષ ને ઑબ્જેક્ટિવ દૃષ્ટિનો અભાવ લાગે. આવાં કેટલાંક જીવનચરિત્રોમાં, પ્રૉ. પી. સી. પટેલનું ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ-વિષયક લખાયેલું તાજેતરનું પ્રકાશન જુદી ભાત પાડે છે.

અઢાર પ્રકરણોમાં આલેખાયેલું આ ચરિત્ર શરૂનાં ત્રણ પ્રકરણોમાં 'બાળપણ અને પરિવાર', 'શિક્ષણ, પ્રશિક્ષણ અને સેવા'માં-બે બાબતોએ મારું વિશેષ ધ્યાન ખેંચ્યું છે. આપણે ત્યાં લગભગ ત્રણેક દાયકાથી સંયુક્ત કુટુંબને બદલે વિભક્ત કુટુંબની રીતિએ જીવન જીવવાનો સ્વીકાર થતો ગયો છે. સંયુક્ત-વિભક્ત એવી બે સ્થિતિઓની વચલી કોઈ સ્થિતિ સૂચવવી આજે તો મુશ્કેલ છે! આ ચરિત્રમાં ચરિત્ર-નાયકને એના સંસ્કાર ઘડતરમાં ને વ્યક્તિત્વના વિકાસમાં સંયુક્ત-કુટુંબનાં તંદુરસ્ત ને વિધેયાત્મક પરિબળોએ જે ભાગ ભજવ્યો છે તે જાણ્યા બાદ એના લ્હાળા કરતાં લ્હાવાનો લ્હાવો વિશેષ પ્રમાણમાં મળ્યો જણાય છે. માતા-પિતાના ઉચ્ચ સંસ્કાર, બનેવીનું સતત મળતું માર્ગદર્શન, ભાઈને ફીના રૂપિયા હજાર આપવા, બહેન પોતાનાં ઘરેણાં ગિરે મૂકે, ભાઈઓ અને પિતરાઈ ભાઈઓનો સ્નેહ ને સાથ-સહકાર જોતાં મને સંયુક્ત કુટુંબનું હૃદય દર્શન થયું ને આજે એ લગભગ લુપ્તપ્રાય થયું છે એનું દુઃખ પણ થયું. લેખકે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં આ મુદ્દાને જીવંત ઉઠાવ આપ્યો છે.

આખા પુસ્તકમાં મને બીજો કોઈ આકર્ષક ને મહત્ત્વનો મુદ્દો લાગ્યો હોય તો તે છે-મણિગણમાં રહેલા સૂત્ર જેવો ગુરુ-શિષ્યનો ૐ સહનાવવતુ। સહ નૌ ભુનક્તુ। સહવીર્ય કરવાવહૈ। તેજસ્વિ નાવધીતમ્ અસ્તુ। મા વિદ્વિષાવહૈ।-એ ભાવનાસભર ઉભય હિતકારી ઉન્નત સંસ્કાર સંબંધ. મોડા આવવા બદલ વિદ્યાર્થી-કલામને ગણિતના શિક્ષક સોટીનો માર મારે પણ એ જ ગુરુ, કશા જ પક્ષપાત કે પૂર્વગ્રહ વિના સોમાંથી સો ગુણ આપી સદ્‌શિષ્યની પીઠ પણ થાબડે. ઉદારમતવાદી હિંદુ ગુરુ, તેજસ્વી મુસ્લિમ વિદ્યાર્થીને પોતાને ઘેર ભોજન માટે પ્રેમપૂર્વક આમંત્રે રૂઢિચુસ્ત ગુરુપત્ની આભડછેટ પાળી શિષ્યને દૂર બેસાડે ત્યારે ચીરાઈ જતું ગુરુહૃદય ને બીજે આમંત્રણે થતું ગુરુપત્નીનું હૃદય પરિવર્તન...વિદ્યાર્થી કલામને બિનસાંપ્રદાયિક બનવામાં, સર્વધર્મ સમભાવનો પદાર્થપાઠ શિખવવામાં કેટલું બધું કારગત નિવડ્યું હશે! જ્યારે વિદ્યાર્થીના જીવન ઘડતર ને ચારિત્ર્યની વાત આવે છે ત્યારે કલામ-રાષ્ટ્રપતિ કલામ-મોટામાં મોટી જવાબદારી માતા-પિતા ને ગુરુને શિરે નાખે છે. આજે તો ભોગપરક મનોવૃત્તિના ઉછાળના આક્રમણે મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. શહેરી સંસ્કૃતિના આક્રમણે, સ્વાતંત્ર્યપૂર્વ ભારતીય જીવનના પ્રવાહોમાં ખળભળાટ મચાવ્યો છે. આજના સરેરાશ ઉચ્ચ કેળવણી લેતા વિદ્યાર્થીઓમાં સંસ્કાર-ઘડતરની ખેવના ઓછી જણાય છે. આ ઉણપની જવાબદારી વિશેષરૂપે માતા-પિતા અને ખાસ તો શિક્ષકો-અધ્યાપકોની છે-એમ ડૉ. કલામ માને છે. એમની આ માન્યતા પાછળ અંગત અનુભવનું સમર્થ પીઠબળ રહ્યું છે. એમને મન આ તો મહતી શ્રદ્ધાનો પ્રશ્ન છે. ઊગતી પેઢીમાં એ ઉજ્જવળ ભારતનું દર્શન કરે છે; કારણ કે તેમને કેટલાક ઉત્તમ શિક્ષકો-જેવા કે ડૉ. વિક્રમ સારાભાઈ, સતીશ ધવન અને ડૉ. બ્રહ્મપ્રકાશ-એમનું સમર્થ માર્ગદર્શન મળ્યું છે...એટલે જ તેઓ ભારતના સર્વાંગીણ વિકાસ માટે, રાજકારણની શુદ્ધિ અને સમાજના સર્વક્ષેત્રે ઉન્નતિ ને ઉત્કૃષ્ટતા માટે મહાત્મા ગાંધી, સી. વી. રામન, જે.આર.ડી. તાતા, ફિરોજશા ગોદરેજ, લક્ષ્મણરાવ કિર્લોસ્કર, રામકૃષ્ણ બજાજ, રવીન્દ્રનાથ ટાગોર, ડૉ. રાધાકૃષ્ણન્, મદનમોહન માલવિયા, ડૉ. કુરીઅન-જેવા લોકનેતાઓની કામના કરે છે ને સને ૨૦૨૦ના વિકસિત ભારતના સ્વપ્નના પાંચ મુદ્દાઓમાં ત્રીજા મહત્ત્વના મુદ્દામાં શિક્ષણ અને સ્વાસ્થ્યનો સમાસ કરે છે.

સને ૧૮૫૭નો અંગ્રેજોને મન 'બળવો' હતો પણ આપણે માટે તો ભારતની સ્વતંત્રતાનું બીજનિક્ષેપ...અને ગાંધીજીની 'હિંદ સ્વરાજ'ની કલ્પના તા. ૧૫-૮-૧૯૪૭ના રોજ સ્વાતંત્ર્ય-વૃક્ષ રૂપે ફળી. ડૉ કલામની વિકસિત ભારતની ૨૦૨૦ની કલ્પના મ્હોરી ઉઠવી જોઈએ જો આપણે એમના સ્વપ્નને સંપૂર્ણપણે સમજી સામૂહિક પુરુષાર્થ કરીએ તો. એને માટે સ્વનિર્ભરતા અનિવાર્ય છે. આ સ્વનિર્ભરતા અને સ્વદેશાભિમાન પાછળ મહાત્મા ગાંધી, પ્રૉ. સી. વી. રામન, ડૉ. હોમી ભાભા અને ડૉ. વિક્રમ સારાભાઈની પ્રબળ પ્રેરણા છે. વિજ્ઞાન, ટેકનોલોજી, વિકાસ, સંશોધન ને પ્રબંધનના ક્ષેત્રે માર્ગદર્શન મેળવી, તેને આત્મસાત્ કરવાની ડૉ. કલામની સૂઝસમજ, કોઠાસૂઝ ને તત્પરતા કમાલની છે. તેઓ માને છે કે ખ્વાબ (સ્વપ્ન)થી ખ્યાલ (વિચારો)ના અંકુરો ફૂટે છે. આવા અંકુરોમાંથી વૃક્ષ તૈયાર થાય છે. સ્વપ્ન સેવવામાં ન આવે

તો વિચારો પણ ન આવે ને વિચારશૂન્ય જીવનમાં વિકાસ શો? ટૂંકમાં કહેવું હોય તો કહી શકાય કે ડૉ. કલામનું જીવન ગાંધી શૈલીનું છે. લેખક જણાવે છે તેમ લઘુતમ જરૂરિયાતોવાળું જીવન, પરમાર્થની ભાવના, ઈશ્વરમાં અપાર આસ્થા, સતત ઉદ્યમ, સર્વધર્મ સમભાવ, વિજ્ઞાન અને આધ્યાત્મિકતાના સમન્વયકર્તા અને તમામ પ્રવૃત્તિઓના કેન્દ્રમાં રાષ્ટ્રની ભાવના...વગેરે કલામનાં પરમ લક્ષણો છે! આ પુસ્તકનું ત્રીજું આકર્ષણ-બિંદુ મારે મન ઉપર્યુક્ત વિચારસરણીમાં રહેલું છે.

કવિવર ટાગોરની પેલી 'પ્રાર્થના' વિશ્વખ્યાત છે. 'ચિત્ત જ્યાં ભયશૂન્ય છે, શિર જ્યાં ઉન્નત રહે છે, જ્ઞાન જ્યાં મુક્ત છે...તે સ્વર્ગમાં તારે પોતાને હાથે નિર્દય આઘાત કરીને, હે પિતા! ભારતને જગાડ'. તો રાષ્ટ્રપતિ કલામની પ્રાર્થના છેઃ-'મારા લોકોને કામ કરતા કર, તેમના કઠોર પરિશ્રમથી બીજાં ઘણાં 'અગ્નિ' પેદા થાઓ જેથી તમામ અનિષ્ટોનો નાશ થાય. મારું રાષ્ટ્ર શાંતિને માર્ગે સમૃદ્ધ થાય, લોકો હળી મળીને રહે અને ગૌરવવંતા ભારતીય નાગરિક તરીકે મિટ્ટીમાં ભળવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય જેથી ફરીથી એવા ભારત (રાષ્ટ્ર)માં મારો ઉદય અને તેના યશથી આનંદોત્સવ કરું.' કોણ કહેશે કે કલામ કવિ નથી? દિલ અને દિમાગ વચ્ચેનો સંઘર્ષ વ્યક્ત કરતી તેમની આ પંક્તિઓઃ-

Is this happiness?
Did I explore space to enhance
0r did I provide weapons of destraction?

આ સંઘર્ષમાં પણ દેશની સ્વતંત્રતા, તેના રક્ષણ-સંગોપન માટે રાષ્ટ્રે તાકાતવાન થવાની જરૂર છે જેથી સબળ રાષ્ટ્રો કુદૃષ્ટિ કરે નહીં ને વિશ્વશાંતિ જળવાય એવી દેશદાઝ ને મંગલભાવના ગર્ભિત છે. મારે મન આ માટે પણ પુસ્તકનું ખૂબ ખૂબ મહત્ત્વ છે.

રૉકેટમેન, મિસાઈલમેન, ન્યૂક્લિયર વિજ્ઞાની વગેરેની તેમની સિદ્ધિઓને પ્રૉ. પટેલે આ રીતે મૂલવે છેઃ 'કલામ તેમની ૪૩ વર્ષની કારકિર્દીમાં વિવિધ તબક્કાઓમાં થઈને પસાર થયા છે. એમ. આઈ. ટી.માં તાલીમાર્થી, ઈસરોમાં રૉકેટમેન, ડી.આર.ડી.ઓ.માં. મિસાઈલમેન અને ડી.એ.ઈ.માં ન્યૂક્લિયર વિજ્ઞાની તરીકે અર્થપૂર્ણ કામગીરી અને જવાબદારી નિભાવી છે. તે પોતે પોતાની પ્રત્યેક પ્રવૃત્તિને આધ્યાત્મિકતાની નજરે જ નિહાળે છે. માટે તે શિક્ષણ દ્વારા બાળકોમાં આધ્યાત્મિકતાનું સિંચન કરવા માગે છે. ભૂત અને ભવિષ્યકાળને જોડવાની બાબત ઉપર તે ભાર મૂકે છે. આપણા દિલોદિમાગમાં રહેલી સુષુપ્ત શક્તિઓને પ્રજ્વલિત કરી કામે લગાડવાની છે. જાગ્રત મન દ્વારા કરેલા રચનાત્મક પ્રયત્નોથી રાષ્ટ્રમાં શાંતિ, સમૃદ્ધિ અને સુખ સંપન્ન કરી શકાય.'

લેખકનું ઉપર્યુક્ત અવતરણ આપવા પાછળનો મારો હેતુ પ્રૉ. પટેલની વિવેકશક્તિ ને ગદ્યશક્તિનો પરિચય કરાવવાનો છે. મૂળ વિના એક અક્ષર પણ પાડવો નહીં, નિરીક્ષણ-પરીક્ષણ દ્વારા સત્ય પ્રાપ્ત કરવું એવો વૈજ્ઞાનિક અભિગમ તેમણે આદિથી અંત તક આ પુસ્તકમાં અપનાવ્યો છે. વૈજ્ઞાનિક ને ટેકનિકલ પરિભાષાને પણ એમણે લોકગમ્ય બનાવી છે. ડૉ. કલામના માનવીય ગુણોને રોશન કરવામાં લેખકે રજમાત્ર કચાશ રાખી નથી.

ભારતની અન્ય ભગિની ભાષાઓમાં આનો અનુવાદ થાય ત્યારે સહી પણ અત્યારે તો હું માનું છું કે આ જીવન-ચરિત્ર પ્રત્યેક સ્કૂલ-કૉલેજ ને યુનિવર્સિટી લાયબ્રેરીમાં હોવું જોઈએ.

આવું પારદર્શક, પ્રેરક ને પાવન જીવનચરિત્ર આપવા બદલ હું પ્રૉ. પટેલને બિરદાવું છું, અભિનંદુ છું. ✱✱✱

ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ, રંગદ્વાર પ્રકાશન,
નવરંગ પુરા, અમદાવાદ-૯. મૂલ્ય રૂા. ૬૪-૦૦.

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,
C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે,
A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

### પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

**૧૧,૭૮૦૭૦/- તા. ૧૬-૧૦-૨૦૦૮ સુધીનો સરવાળો**

| | |
|---|---|
| ૧૦,૦૦૦/- | શ્રી પ્રજ્ઞાબેન ચંપકરાજ ચોકસી |
| ૫,૦૦૧/- | શ્રી જીતેન્દ્ર એ. શાહ |
| ૫,૦૦૦/- | શ્રી ભણશાલી ટ્રસ્ટ |
| ૫,૦૦૦/- | શ્રી જ્યોતિ શાહ |
| ૩,૬૦૦/- | શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ્ર શાહ |
| ૩,૬૦૦/- | શ્રી યોગેન શ્રીકાન્ત શાહ |
| ૩,૦૦૧/- | શ્રી પ્રેમજી રાયસી ગાલા |
| ૩,૦૦૧/- | શ્રી રસિક સી. મહેતા |
| ૩,૦૦૦/- | શ્રી પ્રસન્ન એન. ટોલીઆ |
| ૩,૦૦૦/- | વર્ષા આર. શાહ |
| ૨,૭૦૦/- | શ્રી ગુણવંત બી. શાહ |
| ૨,૫૦૦/- | શ્રી મગનલાલ એમ. સંઘવી |
| ૨,૫૦૦/- | શ્રી ભારતીબેન ભગુભાઈ શાહ |
| ૨,૫૦૦/- | શ્રી મનોજ નેમચંદ શાહ |
| ૨,૫૦૦/- | શ્રી નીનાબેન બી. શાહ |
| ૨,૦૦૦/- | શ્રી ગીતા જૈન |
| ૧,૮૦૦/- | શ્રી ગૌતમ પ્રમોદચંદ શાહ |
| ૧,૫૦૦/- | શ્રી એન. આર. પારેખ |
| ૧,૦૦૧/- | શ્રી અરૂણ શાન્તિલાલ જોષી |
| ૧,૦૦૦/- | શ્રી રમેશ એમ. શેઠ |
| ૧,૦૦૦/- | શ્રી દમયંતીબેન નવિનચંદ્ર શાહ |
| ૧,૦૦૦/- | શ્રી કલાવતીબેન મહેતા |
| ૧,૦૦૦/- | શ્રી અશ્વિન કે. શાહ |
| ૭૫૦/- | શ્રી દિલિપભાઈ કાકાબળીયા |
| ૫૦૦/- | શ્રી મનોજ રાજગુરૂ |
| ૧૨,૪૬,૫૨૪/- | **સરવાળો** |

# જૈન યોગ પરંપરા અને પાતંજલ યોગસૂત્ર–એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં

□ ડૉ. જવાહર પી. શાહ

યોગ શબ્દ ધાતુ યુજ્ પરથી સિદ્ધ થયો છે. યુજ્ ધાતુના બે અર્થ છે. એક અર્થ 'જોડવું' અને બીજો અર્થ 'સમાધિ' – મનની સ્થિરતા – એવો થાય. જો કે પ્રસંગોપાત કે પ્રકરણવાર તે અનેક અર્થોમાં વપરાય છે. જૈનાગમોમાં યોગ ધ્યાનના અર્થમાં પ્રયુક્ત થયો છે. અનેક આગમોમાં ધ્યાનનું લક્ષણ, તેના ભેદ-પ્રભેદો, આલંબન વગેરેનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે.

જૈન સાધુઓનો દૈનિક ક્રમ પણ પાંચ યમ, તપ, સ્વાધ્યાયાદિ નિયમ ઈન્દ્રિયજય રૂપ પ્રત્યાહારથી છવાયેલો છે. યોગ ઉપર એટલો ભાર આપવામાં આવ્યો છે કે મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિને ઔત્સર્ગિક માર્ગ અને પાંચ સમિતિને આપવાદિક માર્ગ ગણી તે દ્વારા શુદ્ધ ધર્મનો સમુદ્ભવ ગણાવેલ છે, તેને અષ્ટપ્રવચન માતા ગણેલ છે. નિર્યુક્તિ ગ્રંથોમાં પણ આગમોક્ત ધ્યાનનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. તત્ત્વાર્થસૂત્ર અને ધ્યાનશતક જેવા ગ્રંથોમાં પણ જૈન દર્શનમાન્ય યોગનું નિરૂપણ થયું છે. આ રીતે આગમ યુગ પર્યંત જૈન યોગનું સ્વરૂપ બહુધા આગમિક પરંપરાનુસાર રહ્યું.

દર્શનયુગનો પ્રારંભ ઈ. સ. પૂર્વેની બીજી સદીથી થયો હોવાનું માનવામાં આવે છે. તે પૂર્વેના વેદ-ઉપનિષદ યુગમાં યોગ શબ્દ ઋગ્વેદમાં 'જોડવું'ના અર્થમાં જોવા મળે છે, ધ્યાન-સમાધિ અર્થમાં નહિ. ઉપનિષદોમાં ધ્યાનમાર્ગનો વિકાસ થતો ગયો અને પ્રાચીન ઉપનિષદોમાં 'સમાધિ' અર્થમાં યોગ શબ્દ પ્રયોગ જોવા મળે છે. કેટલાક ઉપનિષદોમાં સ્થાન, પ્રત્યાહાર, ધારણાદિ યોગાંગોનું વર્ણન મળે છે.

ઉપનિષદોનું તત્ત્વચિંતન ભિન્ન ભિન્ન ઋષિઓ દ્વારા 'દર્શન'ના રૂપમાં અવતીર્ણ થયું. યોગદર્શનના પ્રણેતા મહર્ષિ પતંજલિ પણ એ સમયમાં થયા. તેમણે સાંખ્ય દર્શનના આધારે પાતંજલ યોગસૂત્રની રચના કરી. પૂર્વ મીમાંસાના અપવાદ સિવાય દરેક દર્શનોએ તત્ત્વજ્ઞાન સાથે મોક્ષપ્રાયક સાધન તરીકે યોગનો નિર્દેશ કરેલો છે. (પૂર્વમીમાંસા સ્વર્ગની ખેવના રાખે છે, અપવર્ગની નહિ!) યોગના સ્વરૂપ વિષે મતભેદ ન હોવાને કારણે અન્ય દર્શનકારોએ મહર્ષિ પતંજલિને સન્માન્ય ગણ્યા છે અને તેમનો દિશાનિર્દેશ સ્વીકાર્યો છે. ગીતામાં પણ યોગનો મહિમા કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ દ્વારા થયો છે.

યોગવિષયક જિજ્ઞાસા લોકોમાં એટલી વધી કે તેના બાહ્ય અંગો – આસન, પ્રાણાયામ, મુદ્રા વગેરેના ભેદોનું સવિસ્તર વર્ણન કરવામાં આવતા હઠયોગ નામની નવી શાખાનો પ્રાદુર્ભાવ થયો અને તેના ગ્રંથો હઠયોગ પ્રદીપિકા, ઘેરંડ સંહિતા, શિવ સંહિતા, ગોરખશતક વગેરે રચાયાં જેમાં વિવિધ મુદ્રાઓ, નેતિ, ધોતિ આદિ ષટ્કર્મ, કુંભક રેચક પૂરક – પ્રાણાયામ વગેરેનું વર્ણન જોવા મળે છે.

આ બધા ગ્રંથોમાં પાતંજલ યોગસૂત્ર એક વિશિષ્ટ ગ્રંથ છે. આ ગ્રંથમાં ચાર પાદ અને ૧૯૫ સૂત્રો છે. સમાધિપાદ, સાધનપાદ, વિભૂતિપાદ અને કૈવલ્યપાદ.

સમાધિપાદના ૫૧ સૂત્રોમાં મુખ્યત્ત્વે યોગનું સ્વરૂપ, ચિત્ત-સ્થિરતાના ઉપાયોનું વર્ણન છે.

સાધનપાદના ૫૫ સૂત્રોમાં ક્રિયાયોગ, યોગના આઠ અંગો તેના ફળ, હેય, હેયહેતુ, હાન અને હાનોપાય એ ચતુર્વ્યૂહનું વર્ણન છે.

વિભૂતિપાદના ૫૫ સૂત્રોમાં યોગજન્ય વિભૂતિઓનું વર્ણન છે.

કૈવલ્યપાદના ૩૪ સૂત્રોમાં સાંખ્ય પરિણામવાદનું મંડન, બૌદ્ધ વિજ્ઞાનવાદનું ખંડન અને કૈવલ્યાવસ્થાનું સ્વરૂપ વર્ણન છે.

પાતંજલ યોગ સૂત્રો પર વ્યાસભાષ્ય, વાચસ્પતિ મિશ્ર કૃત ટીકા અને ભોજદેવ કૃત રાજમાર્તણ્ડ ટીકા મળે છે.

યોગસૂત્રોમાં વાસના, કલેશ અને કર્મનું નામ જ સંસાર અને વાસનાદિનો અભાવ કે ચેતનની સ્વરૂપમાં સ્થિતિ એ જ મોક્ષ કહેલ છે. (तदा द्रष्टुः स्वरुपावस्थानम् ૧:૩) આમ શ્રી પતંજલિએ સર્વ ઉપાસકોને યોગમાર્ગમાં સ્થાન આપ્યું.

પરંતુ યોગસૂત્ર ચેતનને જૈનદર્શન માન્ય દેહપ્રમાણ માનતું નથી કે અણુપરિણામ માનતું નથી, પરંતુ સાંખ્ય, વૈશેષિક, નૈયાયિક અને શોક વેદાંતી જેમ વ્યાપક માને છે. એ જ પ્રકારે ચેતનને પરિણામી નિત્ય નથી માનતું કે બૌદ્ધ માન્ય ક્ષણિક/અનિત્ય નથી માનતું પણ કૂટસ્થ નિત્ય માને છે.

નિરીશ્વર સાંખ્યની જગ્યાએ આ યોગસૂત્રોમાં લોકોની ભાવના અને ભક્તિ વિષયક સંવેદનાઓ લક્ષમાં રાખી મહર્ષિ પતંજલિએ ઈશ્વરોપાસનાને સ્થાન આપ્યું. (ईश्वर प्रणिधाना द्वाः ૧.૩૩) તેમણે યોગસાધનામાં ઉપયોગી એવા પ્રતીકોની ભિન્નતાના વ્યામોહમાં અજ્ઞાનવશ ઉન્માદ ન જાગે તે માટે તેમને જે ઈષ્ટ લાગતા હોય તેવા ઈશ્વરનું ધ્યાન કે ઉપાસના કરવાની છૂટ આપી. (यथाभिमतध्यानाद्वाः ૧.૩૯). આમ પાતંજલ યોગસૂત્ર સાંખ્ય સિદ્ધાન્ત અને તેની પ્રક્રિયાને આધારરૂપે ગ્રહણ કરે છે. પરંતુ તેમાં જે વિશેષતા છે તે એ કે મહર્ષિ પતંજલિ ઈશ્વર સંબંધી જે વાત કરે છે તે સાંખ્યસિદ્ધાન્ત અનુસાર નથી. તેમજ ન્યાય કે વૈશેષિક દર્શનોમાં માનેલા ઈશ્વરથી પણ ભિન્ન છે. તેમણે ઈશ્વરને એક વ્યક્તિ તથા શાસ્ત્રોપદેશક માનેલ છે. ઈશ્વરમાં નિત્ય જ્ઞાન, નિત્ય ઈચ્છા અને નિત્યકૃતિનો સંબંધ ન માનીને તેને સ્થાને સત્ત્વગુણનો પરમ પ્રકર્ષ અને તે દ્વારા જગતનો ઉદ્ધાર જેવી વ્યવસ્થા ઘટાવી છે.

क्लेश कर्म विपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः । ૧.૨૪

तत्र निरतिशयं सर्वज्ञबीजम् । ૧.૨૫

पूर्वेषामपि गुरुः कालेनाऽनवच्छेदात् । ૧.૨૬

જૈન દર્શન સાથે યોગદર્શનનો વિચાર કરીએ તો બીજા દર્શનો કરતાં તે બન્નેમાં વધુ સામ્ય દેખાય છે. ઈશ્વર તત્ત્વ વિષેનું કથન જૈન દર્શન સમ્મત 'કેવલી' તત્ત્વ સાથે ઘણું મળતું આવે છે. મૂળ

યોગસૂત્રોમાં તથા તેના ભાષ્યમાં એવા અનેક શબ્દો, વિષયો અને યોગપ્રક્રિયાઓનું વર્ણન છે જે જૈનદર્શનમાં પ્રસિદ્ધ અને પ્રચલિત છે; પરંતુ જૈનેતર દર્શનોમાં સામાન્યતઃ જોવા મળતું નથી. ઉદાહરણો અનેક છે. જેવાં કે ભવ પ્રત્યય, સવિતર્ક સવિચાર, નિર્વિચાર, મહાવ્રત, કૃત કારિત અનુમોદિત, જ્ઞાનાવરણ, સવિક્રમ, નિરુપક્રમ, વજ્રસંહનન (વન ઋષભનારાચ સંહનન), સર્વજ્ઞ ઈત્યાદિ.

વૈદિક સાહિત્યમાં યોગવાસિષ્ઠ જેવા ગ્રંથો હઠયોગને અગ્રાહ્ય ગણે છે તો જૈન યોગ સાહિત્યમાં તો હઠયોગનું સ્થાન જ નથી. તેનો નિષેધ કરવામાં આવ્યો છે. યોગસૂત્ર ૧.૩૪માં પણ प्रच्छर्दन-विधारणाभ्यां वा प्राणस्य – પ્રાણનો નિરોધ કરવાથી શરીરમાં વ્યાકુળતા ઉત્પન્ન થાય છે અને મન પણ વિચલિત બને છે તેમ દર્શાવ્યું છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ પણ પાતંજલ યોગસૂત્રો પરની વૃત્તિમાં ૨૭ સૂત્રોમાં બે કાર્યો કર્યા છે. ૧. જૈન અને સાંખ્ય દર્શન વચ્ચે જે ભેદ છે તે સ્પષ્ટ કર્યો છે અને ૨. આ બે દર્શનો વચ્ચે જ્યાં માત્ર પરિભાષાનો જ ભેદ છે ત્યાં તેમણે સમન્વય કર્યો છે. તેમણે પ્રાણાયામને યોગનું અનિશ્ચિત સાધન કહી હઠયોગનું નિરસન કર્યું છે. अनैकान्तिकमेत् प्रसह्यताभ्याम् मनोव्याकुलीभावान् उसासं ण णरुंभइ (આ.નિ.૧૫૧૦) इत्यादि पारमर्षेण तन्निषेधाच्च इति वयम् ।। જો કે શુભચંદ્રજીના જ્ઞાનાર્ણવમાં પ્રાણાયામને નિરુપયોગી અને અનર્થકારી માને છે.

જૈનદર્શનમાં પ્રાણાયામનું આધ્યાત્મિક અર્થઘટન મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ કર્યું છે જેમાં બહિર્વૃત્તિને–બાહ્યભાવને બહાર ફેંકવો એ રેચક છે, અન્તર્વૃત્તિને ગ્રહણ કરવી એ પૂરક છે અને એ અન્તર્વૃત્તિને હૃદયમાં સ્થિર કરવી એ કુંભક છે.

મહોપાધ્યાયશ્રી યશોવિજયજીએ અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષત્ અને સ્વોપજ્ઞ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાનું સર્જન કર્યું છે તેમાં પાતંજલ યોગસૂત્રમાં સમાવિષ્ટ કેટલાક મુદ્દાઓ પર બત્રીસીઓ રચી છે. જેમાં પાતંજલ યોગ લક્ષણ વિચાર, યોગાવતાર, કલેશ-હાનોપાવ તથા યોગ માહાત્મ્ય બત્રીસીનો સમાવેશ થાય છે. સાતમી સદીમાં થયેલા સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિએ પણ યોગસૂત્રગત શબ્દોનું અનુસંધાન જૈન દાર્શનિક શબ્દો સાથે કરી પોતાની ગુણગ્રાહકતા, માધ્યસ્થભાવ અને સમન્વયશીલતાનો પરિચય આપ્યો હતો, તે જ પરંપરાને ઉપાધ્યાયજીએ વિકસિત કરી.

પાતંજલયોગ દર્શનમાં આઠ યોગાંગોનું વર્ણન છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. શ્રી હરિભદ્રસૂરિએ પોતાના યોગદૃષ્ટિ ગ્રંથમાં યોગાવસ્થાની આ વિકાસશીલ પ્રક્રિયાને આઠ ભૂમિકાઓમાં ઢાળી તેને 'યોગદૃષ્ટિ' નામ આપ્યું. એક એક દૃષ્ટિમાં એક એક યોગાંગનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ રીતે શ્રી હરિભદ્રસૂરિએ ગુણસ્થાનક સાથે પણ સાંકળી છે.

**ઉપસંહાર :**

જૈનયોગવિચાર અને પાતંજલ યોગસૂત્ર વિષે વિચારતા મહર્ષિ પતંજલિનો પ્રભાવ આગમોક્ત ધ્યાનપ્રણાલિ પર પડ્યો જેનું શ્રી હરિભદ્રસૂરિ અને ઉપા. યશોવિજયજીએ વિસ્તૃત વિવરણ કર્યું છે. જો કે શ્રી હેમચંદ્રાચાર્યએ તેમના યોગશાસ્ત્રમાં ક્રમશઃ સાધુ અને શ્રાવક જીવનનાં આચાર પ્રક્રિયા વર્ણવી છે. શુભચંદ્રાચાર્યજીએ જ્ઞાનાર્ણવમાં પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ધ્યાનનું વિસ્તૃત વર્ણન કર્યું છે તો કલિકાલ સર્વજ્ઞએ સ્વાનુભવ વર્ણવતા વિક્ષિપ્ત, યાતાયાત, શ્લિષ્ટ અને સુલીન જેવા મનના ભેદોની વાત કરી છે. આમ જૈન દર્શને હઠયોગની ઉપેક્ષા કરી રાજયોગ અને લય યોગને પ્રાધાન્ય આપ્યું છે. ✷✷✷

૬૫, શિવાલિક બંગલોઝ, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
ફોન નં.: (૦૭૯) ૨૬૯૩૦૯૯૮

# હીંડી કાવ્ય-કથા પરિચય

❑ ડૉ. કવિન શાહ

જૈન કાવ્ય પ્રકારોની વિવિધતામાં 'હીંડી' પ્રકારની માહિતી નીચે પ્રમાણે છેઃ

હીંડ–હેંડવું. (ગામઠી શબ્દપ્રયોગ) ભ્રમણ કરવું, ફરવું એવો અર્થ છે. જીવાત્મા કર્માધીન સ્થિતિમાં ભ્રમણ કરે છે. 'હીંડી' એટલે આત્માના ભ્રમણની કથા.

જૈન સાહિત્યમાં પ્રાકૃત ભાષામાં રચાયેલો ગ્રંથ વસુદેવ હીંડી સુપ્રસિદ્ધ છે. અન્ય રચના ધમ્મિલ હીંડી પ્રાપ્ત થાય છે.

**૧. વસુદેવ હીંડીનો પરિચય (ધર્મદાસ ગણિ)**

વસુદેવ હીંડી શ્રૃંગારપ્રધાન નયનરમ્ય કથા છે. તેમાં માનવ જીવનની વાસ્તવિકતાનું નમૂનેદાર આલેખન થયું છે. આ કૃતિ ધર્મકથાની હોવાની સાથે તેમાં રાજા, સાર્થવાહ, ચોર, વેશ્યા, ધૂર્ત, ઠગ વગેરે પાત્રોનું ચિત્રણ પણ કલાત્મક છે. તેમાં કૂતુહલવાળી કથાઓ છે જેના દ્વારા સમકાલીન લોક સંસ્કૃતિનું વાસ્તવિક દર્શન થાય છે. તેમાં પ્રભુભક્તિ અને જૈન ધર્મના પ્રચારની માહિતી પ્રાપ્ત થાય છે. કથાની વર્ણન શૈલી રોચક છે.

સંઘ દાસગણિની રચના 'વસુદેવ હીંડી' જૈન કથા સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમાં સર્જકની સર્જકપ્રતિભાની સાથે કથાની રીતે નિરૂપણ કૃતિને આસ્વાદ્ય બનાવવામાં નિમિત્તરૂપ છે. સર્જકે આ ગ્રંથમાં જિનેન્દ્રભક્તિના નિરૂપણ દ્વારા જનતાને ધર્માભિમુખ કરવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. એમની વર્ણન શૈલી આકર્ષક છે. જૈન કાવ્ય પરંપરાનુસાર સર્જકે ગુરુ વંદનાથી આરંભ કરીને જણાવ્યું છે કે શ્રી સુધર્માસ્વામી શ્રી જંબુસ્વામીને વસુદેવનું ચરિત્ર વર્ણવે છે. ત્રેસઠ શલાકા પુરુષોના ચરિત્ર સમાન આ ચરિત્ર પ્રેરક છે.

જૈન સાહિત્યમાં સંઘદાસ ગણિ નામના બે આચાર્યનો ઉલ્લેખ મળે છે. ૧. વસુદેવ હીંડીના પ્રથમ ખંડમાં ઉલ્લેખ છે. તેમાં સંઘદાસ ગણિનો 'વાચક' પદથી સંદર્ભ મળે છે. ૨. બૃહત્કલ્પ ભાષ્યમાં 'ક્ષમાશ્રમણ' નામથી ઉલ્લેખ છે.

મુનિ પુણ્યવિજયજી જણાવે છે કે ધર્મદાસ ગણિ નામના બે મહાત્મા જુદા છે. કારણ કે એક મહાત્મા વાચક પદ અને બીજા મહાત્મા ક્ષમાશ્રમણ પદથી અલંકૃત છે. આ અંગે બીજો મત એ છે કે એક જ વ્યક્તિ વિવિધ પદવી ધારણ કરે છે. આ અંગે કોઈ નિશ્ચિત વિચાર નિર્ણય થઈ શકતો નથી. આચાર્ય જિનભદ્ર ગણિએ વિશેષણવતી ગ્રંથમાં અવારનવાર વસુદેવ હીંડીનો ઉલ્લેખ કર્યો છે એટલે વસુદેવ હીંડીના કર્તા જિનભદ્ર ગણિના સમય પહેલાંના હતા એમ સમજી શકાય છે. ભાષા અને શૈલીની રીતે વિચારીએ તો પણ કર્તા (રચયિતા) બંને જુદા છે એમ સ્પષ્ટ થાય છે.

ગ્રંથની માહિતી જોઈએ તો વસુદેવ હીંડી બે વિભાગમાં પ્રાપ્ત થાય છે. પ્રથમ ખંડના કર્તા ધર્મદાસ ગણિ અને બીજા ખંડના કર્તા ધર્મસેન ગણિ મનાય છે. મધ્યખંડની રચના ધર્મસેન ગણિએ બે શતાબ્દી પછી ધર્મદાસ ગણિની જે રચના હતી ત્યાંથી આગળ વિસ્તાર કરીને ધર્મસેન ગણિએ ગ્રંથ રચના કરી છે. કર્તાએ પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે વસુદેવ રાજાએ ૧૦૦ વર્ષ સુધી ભ્રમણ કરીને વિદ્યાધરો અને માનવ રાજાઓની ૧૦૦ કન્યાઓ સાથે વિવાહ સંબંધ કર્યો હતો. સંઘદાસ ગણિએ પોતાની રચનામાં વસુદેવ રાજાના ૨૯ વિવાહનો ઉલ્લેખ કર્યો છે. પ્રથમ ખંડમાં પ્રભાવતીની કથાનો સંક્ષિપ્ત ઉલ્લેખ થયો છે જે અપૂર્ણ હોવાનો સંશય થાય છે. જ્યારે ધર્મસેન ગણિએ આ કથાને વિસ્તારથી વર્ણવી છે. સંઘદાસની કૃતિમાં ઉપસંહાર નથી જ્યારે ધર્મસેન ગણિએ અંતમાં વસુદેવ અને સોમશ્રીના પુનર્મિલનનો પ્રસંગ જણાવીને કૃતિ પૂર્ણ કરી છે. ધર્મસેન ગણિ વિશે સમય અને અન્ય વિગતો પ્રાપ્ત થતી નથી. તેઓ જણાવે છે કે પૂર્વે લખાયેલી કથાને આધારે આગળ વધારીને કથા પૂર્ણ કરી છે. બંને મહાત્માઓની કૃતિનો સમય ત્રીજી કે ચોથી શતાબ્દીનો માનવામાં આવે છે. આવશ્યક ચૂર્ણિમાં વસુદેવ હીંડીનો ઉલ્લેખ મળે છે. તે ઉપરથી અનુમાન કરવામાં આવે છે કે છઠ્ઠી શતાબ્દી પહેલાંની રચના છે. ભાષા, શૈલી અને રચનાની રીતે વિચારીએ તો પણ વસુદેવ હીંડી પ્રાચીન રચના છે એમ સ્પષ્ટ સમજાય છે.

શ્રુતસંશોધક મુનિ ચતુરવિજય અને મુનિ પુણ્યવિજયે ૧૨ હસ્તલિખિત પ્રતોને આધારે 'વસુદેવ હીંડી'નું પ્રકાશન કર્યું છે (સંપાદન). તેમ છતાં તે કૃતિ પૂર્ણ હોય એમ જણાતું નથી. પ્રિયંગુસુંદરી લમ્બ વિકૃત છે. તેમાં મહત્ત્વપૂર્ણ ૧૯/૨૦મા લમ્બ પ્રાપ્ત થયા નથી. ઉપસંહાર પણ મળતો નથી. છઠ્ઠા અધિકારમાં ધમ્મિલ હીંડીનો ઉલ્લેખ મળતો નથી. ડૉ. જગદીશચન્દ્ર જૈન આ માહિતીને પ્રાકૃત માને છે. વસુદેવ હીંડીમાં અંધકવૃષ્ણિ વંશના વસુદેવ રાજાની કથાનો વિકાસ દર્શાવવામાં આવ્યો છે. આ રચના મહારાષ્ટ્રી પ્રાકૃતમાં રચાયેલી ૧૧ હજાર અને ૨૯ લમ્બકમાં વિભાજિત થઈ છે. વસુદેવ હીંડીના મધ્યખંડમાં ૭૧ લમ્બમાં વિભાજિત ૧૭,૦૦૦ શ્લોકો પ્રમાણ છે. આ ગ્રન્થનું વસ્તુ દૃષ્ટિવાદ અને ગંડિકાનુયોગમાંથી સ્વીકારીને રચના થઈ છે. તેમાં વિદ્યાધરો વિશે ઘણી વિગતો પ્રાપ્ત થાય છે અને એમના ૬૪ પ્રકારની પણ માહિતી દર્શાવી છે.

સંઘદાસ ગણિએ વસુદેવ હીંડીમાં શ્રીકૃષ્ણના પિતા વસુદેવની ધર્મકથાને સ્થાન આપ્યું છે. વસુદેવના વિદેશ અને ભારતમાં ભ્રમણના પ્રસંગોને ધ્યાનમાં રાખીને રચના કરી છે. તેમાં જૈન ધર્મનો પ્રભાવ દર્શાવતા પ્રસંગોનું પણ વર્ણન થયું છે. મહાત્માએ પોતાની કલ્પનાશક્તિથી બૃહત્કથાની કામકથાનું લોકકથા અને ધર્મકથામાં રૂપાંતર કરીને સ્થાન આપ્યું છે. રાજા ઉદયનનો પુત્ર નરવાહનદત્તની કુશળતાનું અંધકવૃષ્ણિના વસુદેવના જીવનમાં અનુસરણ થયું છે. એમ કથામાં જણાવ્યું છે. આ કથા છ વિભાગમાં વહેંચાયેલી છે. ૧. કથોત્પત્તિ, ૨. પીઠિકા, ૩. મુખ, ૪. પ્રતિમુખ, ૫. શરીર, ૬. ઉપસંહાર.

હીંડી કાવ્ય પ્રકારની આ પ્રાચીન કૃતિ અને કાવ્ય વિશેની માહિતી વસુદેવ હીંડી એક અધ્યયન પુસ્તકને આધારે પ્રગટ કરવામાં આવી છે. જૈન સાહિત્યના કાવ્ય પ્રકારોમાં 'હીંડી' સંજ્ઞાવાળી વસુદેવ હીંડી અને ધમ્મિલ હીંડી એમ બે કૃતિઓ ઉપલબ્ધ થાય છે. જૈન સાહિત્યમાં આગમકાળ અને ત્યાર પછી **કથા** અને **ચરિત્ર** એક જ અર્થમાં પ્રયોજાયેલા શબ્દો જોવા મળે છે. વસુદેવનું ચરિત્ર એ કથા છે. કથામાં કલ્પનાનો વૈભવ હોય છે. ચરિત્રમાં જીવંત કે પૂર્વે થઈ ગયેલ વ્યક્તિના જીવનના પ્રસંગો મહત્ત્વના છે. આવા પ્રસંગોના વર્ણનના સંદર્ભે કથા શબ્દપ્રયોગ થયો હોય એમ માનવામાં આવે છે. શૈલીમાં કથા સમાન વર્ણન–કલ્પના–રસ વગેરે હોય પણ વાસ્તવિક રીતે પાત્ર કે પ્રસંગ એ ચરિત્રના વાસ્તવિક અંશ સમાન છે. એટલે વાસ્તવિકતા અને કલ્પનાના સમન્વયવાળી આવી અન્ય કથાઓ પણ રચાયેલી છે.

**ધમ્મિલ હીંડી**

વસુદેવ હીંડી એક વિસ્તૃત કથારૂપે પ્રાપ્ત થાય છે જ્યારે ધમ્મિલ હીંડી કથારૂપે મહત્ત્વપૂર્ણ રચના ગણાય છે. હીંડી સ્વરૂપની કૃતિમાં તેનું સ્થાન ઐતિહાસિક દૃષ્ટિએ ગૌરવવંતુ છે. તેમાં મુખ્યત્વે ધમ્મિલ નામના સાર્થવાહના પુત્રની કથા છે. આ કુમાર સંસારમાં પરિભ્રમણ (દેશ-વિદેશ) કરીને ૩૨ કન્યાઓ સાથે લગ્ન કરે છે. તેમાં શીલવતી, ધનશ્રી, વિમલસેના, વસુદત્તાખ્યાન, રિપુદમન, નરપતિ વગેરે લોક કથાઓનું કલાત્મક આલેખન થયું છે. આ હીંડીના રચયિતા સંઘદાસ ગણિ છે. કથા સાહિત્યના વિશિષ્ટ પ્રકારવાળી 'હીંડી' રચના જૈન સાહિત્યના કાવ્ય પ્રકારોમાં નોંધપાત્ર છે. તેનાથી સાહિત્યની વિવિધતા અને સમૃદ્ધિનું દર્શન થાય છે. ✷✷✷

૧૦૩-સી, બિલ્ડીંગ, જીવન જ્યોત એપાર્ટમેન્ટ,
વખારીયા બંદર રોડ, બિલીમોરા-૩૯૬ ૩૨૧.

# સંસારમાં સુખ : સત્ય કે સ્વપ્ન?

❑ પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

સ્તનપાન કરતા બાળકની એ સમયની રસમગ્નતા નિહાળી છે ખરી? આસપાસનું બધું જ ભૂલી જઈને સ્તનપાન કરતી વખતે એની સમગ્રતા ત્યાં કેન્દ્રિત બની જતી હોય છે. બાળક ગમે તેટલા જોરથી રડતો હોય, ભૂખનું દુઃખ અસહ્ય બનતા એ ગમે તેવા અને ગમે તેટલા ધમપછાડા મારતો હોય, પણ જ્યાં એની મા એને સ્તનપાન કરાવવાની શરૂઆત કરે, ત્યાં જ બાળક એમાં એવો તલ્લીન થઈને ડાહ્યોડમરો બની જતો જોવા મળે કે, પળ પૂર્વે રડવાની અને ધમપછાડા મારવાની એની એ સ્થિતિ આપણને આશ્ચર્યજનક અને અસંભવિત જેવી જ જણાય, તોય નવાઈ નહિ.

બાળકને સ્તનપાનની પળે તો દૂધ પીવા મળતું હોય છે, એથી જ એનામાં આવી તલ્લીનતા આવે, એ તો સમજી શકાય એવી વાત છે. પરંતુ એ જ્યારે સ્તનપાન સિવાયના સમયમાં અંગૂઠો ચૂસવાની ક્રિયા કરતો હોય છે, ત્યારે પણ એનામાં સ્તનપાનના સમય જેવી જ તલ્લીનતા જોવા મળતા એવું આશ્ચર્ય થવું સંભવિત ગણાય કે, અંગૂઠામાંથી દૂધ મળતું ન હોવા છતાં બાળકમાં કયા કારણે તલ્લીનતા જોવા મળતી હશે? ભૂખનું શમન નહિ, પણ કોઈ ભ્રાંતિ જ અંગૂઠો ચૂસતી વખતની બાળકની એ તલ્લીનતાના મૂળમાં હોવી જોઈએ? એ ભ્રાંતિ કઈ જાતની હશે? આવો પ્રશ્ન જાગવો અસહજ ન ગણાય. આ પ્રશ્નનું એવું સમાધાન પણ આપણે આપણી મેળે જ મેળવી લેતા હોઈએ છીએ કે, અંગૂઠો ચૂસતી વખતે બાળક એવી ભ્રાંતિનો ભોગ બન્યો હોય છે કે, હું જાણે સ્તનપાન જ કરી રહ્યો છું. પોતાના મોઢામાંની લાળ જ સૂચાતી હોવા છતાં બાળક એ લાળને જ દૂધ અને અંગૂઠાને જ સ્તન માનવાની ભ્રમણામાં રાચતો હોય છે, આ જાતની ભ્રમણા જ એ તલ્લીનતાના મૂળમાં હોય છે.

અંગૂઠો ચૂસતી વખતે બાળકને સ્તનપાનનો ભ્રમ હોવાનું સ્વીકારનારા સમગ્ર સંસારને પ્રસ્તુત સુભાષિત એવો સણસણતો સવાલ કરે છે કે, દુઃખોથી ભરપૂર આ સંસારમાં તમને સૌને થતી સુખાનુભૂતિ બાળકના આવા ભ્રમથી વિશેષ શું છે? સંસારમાં સુખ માનીને એમાં તલ્લીનતા અનુભવતો સંસાર સંસ્કૃતના એક સુભાષિતને બાળક કરતાંય વધુ મૂઢ ભાસે, એમાં કંઈ નવાઈ નથી. કારણ કે બાળક તો બાળક જ છે, એથી એ ભ્રમણાનો ભોગ બને, એ સહજ ગણાય. પરંતુ સમગ્ર સંસાર કંઈ બાળક નથી, એથી સંસાર માટે ભ્રમણાના ભોગ બનવું, સાહજિક ન ગણાય.

સંસારને ક્ષણભર વિચારમગ્ન બનાવી દે, એવો એ સુભાષિતનો આ સવાલ છે. આપણને થશે કે, શું સંસાર દુઃખમય જ છે? સંસારમાં થતી સુખાનુભૂતિ શું અગૂંઠો ચૂસવાથી થતી સ્તનપાનની ભ્રમણા જેવી જ છે? આ પ્રશ્નનો જવાબ સમજતાં પૂર્વે આપણે સુખવિષયક સુભાષિતની સમજણ અને આપણી સમજણમાં આભગાભ જેવો જે વિપરીત તફાવત છે, એને સમજી લેવાનો સૌ પ્રથમ પ્રયાસ કરીએ.

કોઈ જાતનો રોગ જ ન હોવો એ સુખ? રોગને દૂર કરવા માટેની દવા મળવી એ સુખ? ભૂખ-તરસની પીડા જ ન અનુભવાય એવી સ્થિતિ એ સુખ? કે ભૂખ-તરસ દૂર થઈ શકે એવી સામગ્રી મળવી એ સુખ? બહુ મહત્ત્વનો આ પ્રશ્ન છે. આના જવાબમાં સામાન્યમાં સામાન્ય સમજણ ધરાવતો માણસ પણ એમ જ કહેવાનો કે, રોગ જ ન હોવો, ભૂખ-તરસની પીડા જ પેદા ન થવી, એ જ સાચું આરોગ્ય કે સુખ ગણાય. દવા લેવાથી તો રોગનું દુઃખ દૂર થાય, ખાવાપીવાથી તો ભૂખ-તરસનું દુઃખ દૂર થાય, એટલા માત્રથી દવા મળવી કે ખાવાપીવાની સામગ્રી મળવી, એને કઈ સુખનો દરજ્જો ન જ આપી શકાય; બહુ બહુ તો એને દુઃખને ધક્કો મારનારી એક શક્તિ તરીકે હજી આવકારી-ઓળખાવી શકાય.

રોગ અને ભૂખ–તરસના વિષયમાં તો આપણો આ જવાબ ડહાપણના ઘરનો ગણાય. પણ આવો જ પ્રશ્ન સુખના વિષયમાં થાય, તો આપણે સાચો જવાબ વાળી શકીએ કે કેમ? એ સવાલ છે. સંસારના સુખના વિષયમાં આપણી અને સુભાષિતની માન્યતામાં પૂર્વ–પશ્ચિમ જેવો વિપરીત તફાવત પડી જાય છે. સુભાષિત રોગ ન જ હોવો, એવી સ્થિતિને સુખ ગણે છે. ભૂખ–તરસનું દુઃખ જ ન અનુભવાય, એવી દશાને સુભાષિત 'સુખ' તરીકે સંબોધે-સત્કારે છે. જ્યારે આપણે સંસારીઓ આવી ધન્ય-સ્થિતિ કે દશાના વિચારને જરા પણ અવકાશ પામ્યા વિના જ દવા મળવી અથવા તો ખાવાપીવાની સામગ્રી મળવી, આને જ સુખનો દરજ્જો આપીને સત્કારીએ છીએ. ખરેખર આવી દશા અને આવી સ્થિતિને 'સુખ' જેવો ઊંચો દરજ્જો આપીને સત્કારીએ છીએ. ખરેખર આવી દશા અને આવી સ્થિતિને 'સુખ' જેવો ઊંચો દરજ્જો આપી દેવો, એ તો ભ્રમણા અને ભ્રાંતિ જ ગણાય. અંગૂઠો ચૂસતાં ચૂસતાં સ્તનપાન જેવી તલ્લીનતા અનુભવતા બાળક જેવી બાલિશતાના ખાતે જ આ ભ્રમણાની ખતવણી કરી શકાય.

આટલી વાતનો ટૂંક સાર એવો તારવી શકાય કે, સુભાષિત જેને બહુ બહુ તો દુઃખને ધક્કો મારીને દૂર હડસેલનારા તત્ત્વ તરીકે ઓળખવા–ઓળખાવવા તૈયાર થાય, એ જ શક્તિને આપણે સાક્ષાત્ સુખ–સમ્રાટ તરીકેનો સત્કાર–સન્માન આપવા થનગની ઉઠ્યા વિના ન રહીએ.

સુભાષિતની નજરે સંસારમાં જેને સુખની અનુભૂતિ થાય, એ માણસ બાળક જેવો જ ગણાય. જે અંગૂઠાને સ્તન માનીને લાળને દૂધ માનતો હોય અને સ્તનપાનની જેમ અંગૂઠો ચૂસવામાં પણ

તલ્લીનતા અનુભવતો હોય. ભ્રમણામાં રાચતા આવા બાળક જેવા યુવા-પ્રૌઢ–વૃદ્ધ બાળકોનો જ આ સંસારમાં મોટેભાગે વસવાટ હોવાથી સુભાષિત આવા અબુધ બાળકોને બોધ આપતાં કહે છે કે, દુઃખોથી પૂર્ણ સંસારને સુખમય માનવાની ભવોભવની ભ્રમણાથી હવે તો મુક્ત બનો અને અંગૂઠો ચૂસવાની ભ્રાંતિને ભગાડી મૂકીને સ્તનપાન દ્વારા જ પુષ્ટિ મેળવવાની અને એનામાં જ તલ્લીનતા કેળવવાની ક્રાંતિનો શંખનાદ કરનારા બનો.

સુભાષિતનો આ શંખનાદ આપણે સાંભળીએ, અને હાડકા ચૂસનારા કૂતરાની કક્ષાથી ઉપર ઉઠવાની પ્રેરણા ગ્રહણ કરીએ. કૂતરાની કક્ષા જાણવા જેવી છે. કૂતરાને એવો ભ્રમ હોય છે કે, હાડકામાંથી લોહી મેળવી શકાય છે. આ ભ્રમ હોવાથી હાડકાને ગમે તેટલા ચાવવામાં કે નીચોવવામાં આવે, તોય એમાંથી લોહીનું એક ટીપું પણ ન જ મેળવી શકાય. આમ છતાં ભ્રમણામાં ભૂલેલો કૂતરો હાડકામાંથી લોહી મેળવવા એને એવી રીતે ચાવતો હોય છે કે, હાડકાંને ચાવતાં ચાવતાં એનું તાળવું લોહીલુહાણ બને, એથી એ હાડકાં રક્તરંજીત બને, પોતાના જ તાળવામાંથી નીકળેલા લોહીને એ કૂતરો હાડકામાંથી નીકળતું લોહી માનીને વધુ ને વધુ ચાવવા મથે અને આમ કરીને દુઃખી બનવા છતાં હાડકાંને ચાવવાની ભૂલને સુધારી લેવાનું ડહાપણ મરતા સુધી એ પામી શકતો નથી.

સંસારમાં સુખની ભ્રમણાનો ભોગ બનેલો જીવમાત્ર બાળક જ નથી, આ કૂતરાની કક્ષા-કતારમાં સ્થાન પામે એવો પણ છે. આ કક્ષાની ઉપર ઉઠવા આપણે અંગૂઠો ચૂસવાની કે હાડકાં ચાવવાની વૃત્તિ–પ્રવૃત્તિને દેશવટો આપીએ અને પ્રસ્તુત સુભાષિતે જે મનનીય માર્ગદર્શન કરાવ્યું છે, એ મુજબની બોલચાલને મુદ્રાલેખ બનાવવા દ્વારા સાચા સુખની સાચી સંપ્રાપ્તિ માટે ભેખ ધરીએ.

યુગયુગથી આપણે અંગૂઠો ચૂસવામાં તલ્લીન છીએ અને હાડકાંને ચાવી-ચૂસીને પુષ્ટિ મેળવવાની ભ્રમણામાં જ ભટકી રહ્યા છીએ, હવે અટકી જઈએ અને સુભાષિતે જે સંદેશ સંભળાવ્યો છે, એ શ્રવણ પર ચિંતન-મનન કરીને એ મુજબ વર્તન કરવા વહેલી તકે કટિબદ્ધ બનીએ. કારણ કે સંસારમાં સુખ એ સત્ય નથી, માત્ર સ્વપ્ન જ છે. ✷✷✷

જિતેન્દ્ર જ્વેલર્સ, ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવળ, મુંબઈ-૪૦૦૦૦૪

## પત્ર ચર્ચા

## વર્તમાન યુગમાં જૈન સાધુ સમાજે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ?

*[ 'પ્ર.જી.'ના જુલાઈ અંકના તંત્રી લેખ 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા' દ્વારા અમે ઉપરના વિષયની ચર્ચા માટે સમગ્ર સમાજને આમંત્રણ આપ્યું હતું. એ વિશે પ્રાપ્ત થયેલ પત્રો 'પ્ર.જી.'ના આગળના અંકોમાં અમે પ્રકાશિત કર્યા હતા, આ અંકમાં વધુ પત્રો અહીં પ્રસ્તુત કરીએ છીએ. અમોને જેમ જેમ પત્રો પ્રાપ્ત થતા જશે એ પ્રમાણે પ્ર.જી.ના અંકમાં પ્રસિદ્ધ કરતા રહીશું. સર્વેનો આભાર.* ❑તંત્રી]

### (૭)

### પ્રગતિ અને વિકાસ માટે પરિવર્તન જરૂરી

પ્રગતિ અને વિકાસ માટે પરિવર્તન જરૂરી છે. જે સ્થગિત રહે છે તે કાળક્રમે નાશ પામે છે. ગાડાંનાં પૈડામાં ચાકી હોય છે, જે સ્થિર રહે છે. પરિણામે પૈડું ફરતું રહે છે ને ગાડું ગતિમાં રહે છે. જો બંન્ને ચાકી અને પૈડું સ્થિર રહે તો ગતિની કોઈ શક્યતા રહેતી નથી.

ધર્મના બે ભાગ હોય છે. ૧. તત્ત્વદર્શન અને ૨. આચરણ ધર્મ. તત્ત્વદર્શન ચાકીનું કામ કરે છે. તેમાં કોઈ ફેરફાર કે બાંધછોડ થઈ શકે નહીં. આચરણ ધર્મ સમાજ, દેશ, કાળ ઉપર આધારિત છે. સમયે સમયે ફેરફાર થતા રહે છે–કરવા પડે છે. સ્થિરતા અને પરિવર્તનશીલતાના સંતુલન માટે ત્રીજા પરિબળની જરૂર પડે છે. તે ત્રીજું બળ એટલે વિવેકબુદ્ધિ.

વિવેક એટલે આમ કરવું–આમ ન કરવું તેની યાદી નહીં, પણ સતત જાગૃતિ. પૂર્ણ હોશમાં રહી, સ્વભાવમાં સ્થિર રહી, પ્રતિક્રિયામાં સંડોવાયા વગર સ્થિરતા અને પરિવર્તનશીલતા વચ્ચે સંતુલન કરવું. જૈન ધર્મની વાત કરીએ તો એક તરફ પંચ મહાવ્રત અને બીજી તરફ આ પંચ મહાવ્રતોની જીવનમાં પ્રવેશ માટેની આચારવિધિ. આચાર-સંહિતામાં એવા તો ફેરફાર ન થવા જોઈએ કે જેમાં આ પાંચ મહાવ્રતનો છેદ ઉડી જાય. જૈન દર્શનમાં જ્ઞાનનું મહત્ત્વ ઘણું જ છે. पढमं नाणं तयो दया। પ્રથમ જ્ઞાન પછી દયા. આપણી ભક્તિ પણ જ્ઞાનપૂર્વકની હોવી જોઈએ.

કોઈપણ પરંપરા, રિવાજ કે આચારધર્મને બદલતાં પહેલાં નીચે દર્શાવેલ ત્રણ કસોટી વિચારી લેવી જોઈએ.

૧. મૂળ હેતુ
૨. વર્તમાન સ્થિતિ
૩. વિવેક પૂર્વકનો ફેરફાર–મૂળ હેતુની જાળવણી સાથે

**૧. અતિચાર**

(A) **મૂળહેતુ :** આપણા દૈનિક જીવનમાં જે કંઈ પાપ થયા હોય – જાણ્યે-અજાણ્યે – એ બધા માટેનું અંતઃકરણપૂર્વકનું પ્રાયશ્ચિત્ત.

(B) **વર્તમાન સ્થિતિ :** પહેલાંની જીવનશૈલી જુદી હતી. ખેતી પશુપાલન મુખ્ય પ્રવૃત્તિ હતી. નાના ગામડા અથવા બહુ મોટા નહીં એવા શહેરોમાં લોકો રહેતાં. અતિચારમાં એ વખતની જીવનશૈલીને કારણે થતાં પાપોનો સમાવેશ કરાયો છે. દા. ત. છાણ-વાસીદા કર્યા, ગારમાટી કરી વગેરે.

આજે શું સ્થિતિ છે? આમાંનું એકેય પાપ આપણે કરીએ છીએ? છતાં પણ એ અંગે પ્રાયશ્ચિત્ત?

આજે આપણે કરચોરી કરીએ છીએ, ગાડી, બંગલા, જમીન વગેરેના સોદામાં, કંઈકને ફસાવીએ છીએ, માલમાં ભેળસેળ કરી લોકોને છેતરીએ છીએ. આ અંગેનું પ્રાયશ્ચિત્ત સંવત્સરી પ્રતિક્રમણમાં કરીએ છીએ ખરાં? આશ્ચર્ય નથી લાગતું કે જે નથી કરતા તેનું પ્રાયશ્ચિત્ત કરીએ છીએ અને કરીએ છીએ તેનું પ્રાયશ્ચિત્ત કરતાં નથી?

(C) **વિવેકપૂર્વકનો ફેરફાર :** પ્રાયશ્ચિત્તને આંતરિક તપ ગણવામાં આવ્યું છે તો અતિચારમાં વર્તમાન જીવનમાં આચરાતા પાપોનો સમાવેશ કરી પ્રાયશ્ચિત્ત કેમ ન કરીએ? આંતરિક તપનો હેતુ પણ જળવાશે.

(૨) **માઈકના ઉપયોગનો નિષેધ**

(A) **મૂળહેતુ:** વાયુકાય જીવોની હિંસા અટકાવવી. જૈન ધર્મની દેશના બને તેટલા સંસારી જીવો સુધી પહોંચાડવી.

(B) **વર્તમાન પરિસ્થિતિ :** ફોટા પડાવવા, પુસ્તકો છપાવવા, T. V. ઉપર પ્રસારણમાં આવવું, શ્રાવકોને ત્યાં શુભ પ્રસંગે ઉતારાતા વિડીયોમાં આવવું-આ બધામાં થતાં Flash (પ્રકાશ)ને કારણે સૂક્ષ્મ હિંસા તો થાય જ છે.

(C) **વિવેકપૂર્વક ફેરફાર :** જૈન દર્શનના પ્રસાર માટે છાપખાનામાં થતી સૂક્ષ્મ હિંસા તથા ફોટાઓ પડાવતા થતા પ્રકાશના ઝબકારાથી થતી સૂક્ષ્મ હિંસા આપણે ચલાવી લઈએ છીએ. તો માઈકના ઉપયોગથી થતી વાયુકાયની સૂક્ષ્મ હિંસા ન ચલાવી શકાય? માઈકના ઉપયોગને કારણે વ્યાખ્યાન ખંડમાં છેલ્લી હરોળમાં બેઠેલા શ્રાવકભાઈઓ-જે કાને કશું જ ન પડવાને કારણે ઝોકાં ખાતા હોય છે-તે ધર્મની વાત સાંભળશે. એમના જીવનમાં જ્યારે પૂણ્યોદય આવે ત્યારે આ વાવેતર ઊગી નીકળે એમ બની શકે.

(૩) **આંગી દ્વારા પ્રભુભક્તિ**

(A) **મૂળહેતુ:** પ્રભુની મૂર્તિની ભાવપૂજા અને દ્રવ્યપૂજા દ્વારા અંતરથી પ્રભુની સાથે તન્મય થવું.

(B) **વર્તમાન સ્થિતિ :** ભાવપૂજા કરતાં દ્રવ્યપૂજાનો વિસ્તાર એવો અને એટલો બધો થયો છે કે શ્રાવકો એક બીજા સાથે પોતાના પરિગ્રહની હરીફાઈ કરતા હોય એમ લાગે. આંગીમાં હજારો ફૂલોથી સજાવટ થાય. આ બધા ફૂલો શું કુદરતી રીતે પડી ગયેલા ફૂલો હોય છે?

મહિનાની ચોકકસ તિથિએ લીલોતરી ન ખાઈ એકેન્દ્રિય જીવોને જીવનદાન આપવું અને એકેન્દ્રિય ફૂલોને **ચૂંટીને** મૂર્તિને ચડાવવામાં જૈન દર્શનનો પાયાનો સિદ્ધાંત અહિંસા ધર્મ ક્યાં જળવાયો?

ભક્તિની ગમે તેટલી ઉત્કટતા હોય પણ તેથી આવી હિંસા ક્ષમ્ય ન બને. બીજા વર્ણોમાં તેમના ભગવાનને જીવતા જીવ ચડાવે છે. કારણ તેમની પણ તેમના ભગવાન પ્રત્યે તેમની ભક્તિ એટલી જ ઉત્કટ હોય છે. આપણને એ લોકોની હિંસા સામે આંગળી ચીંધવાનો નૈતિક અધિકાર ખરો?

(C) **વિવેકપૂર્વક ફેરફાર :** ભાવપૂજા વધારવી અને દ્રવ્યપૂજા બને તેટલી ઓછી કરવી. ચંદનનું તિલક, ધૂપપૂજા, ચામર પૂજા વગેરેથી ભક્તિપૂર્વક રસમય થઈ શકાય.

(૪) **વિહાર અને જીવલેણ અકસ્માતો**

(A) **મૂળહેતુ:** વિહાર દ્વારા દેશના, જૈન દર્શનના જ્ઞાનનો પ્રસાર કરવો, પ્રચાર નહિ. પ્રચારમાં આગ્રહ છુપાયેલો હોય છે-જે સ્યાદ્વાદના સિદ્ધાંતની વિરુદ્ધ છે.

ગામેગામ ફરવામાં શ્રમણ સંઘની રહેવાની અને ગોચરી માટેની વ્યવસ્થા શ્રાવક સંઘ કરે ને શ્રમણસંઘ જ્ઞાનનો ઉપદેશ આપે, દર્શનના સિદ્ધાંતો સમજાવે ને સમાજ જીવનને પરિશુદ્ધ કરતો રહે. આવા આદાન-પ્રદાનનો હેતુ વિહાર પાછળની ભાવનામાં હોવો જોઈએ.

(B) **વર્તમાન પરિસ્થિતિ :** મોટરગાડીઓની સંખ્યા વધતી જ રહે છે. એક મોટા શહેરને બીજા મોટા શહેર સાથે જોડતા માર્ગો પણ વધતા જ રહે છે. પ્રમાણમાં જીવલેણ અકસ્માતો વધતા રહે છે. આવા જીવલેણ અકસ્માતોની સંખ્યામાં સાધુ-સાધ્વી કરતાં અન્યજનોનું – એક ગામથી બીજે ગામ જતા મજૂરો, માતા કે દેવીના પવિત્ર સ્થાનોના દર્શને જતાં ભક્તો-વગેરેનું પ્રમાણ ઓછું નથી બલ્કે વધારે છે.

મોટર ગાડીના ઉપયોગની છૂટ આપવાથી જીવલેણ કાર-અકસ્માતો અટકાવી શકાશે?

(C) **વિવેકપૂર્વકનો નિર્ણય :** કદાચ એમ કહેવામાં આવે કે મોટર ગાડીના ઉપયોગથી સમય બચી જાય અને એટલા બચી ગયેલા સમયને કારણે વધારે સંસારી જીવોને બોધ પમાડી શકાય.

દા. ત. સુરતથી વડોદરા વિહાર કરતાં ત્રણ દિવસ થાય ને ગાડીમાં ત્રણ કલાકમાં પહોંચી જવાય.

આમાં એક વાત નજરઅંદાજ થઈ જાય છે. વિહારના ત્રણ દિવસ દરમ્યાન સુરત-વડોદરા હાઈ વે ઉપર અને આસપાસ વસેલા નાના મોટા ગામડાં કે નાના શહેરોને સાધુ-સાધ્વીને વહોરાવવાનો, તેમની વાણી સાંભળવાનો, તેમની વૈયાવચ્ચ કરવાનો લાભ મળે. જો ત્રણ કલાકમાં વડોદરા પહોંચી જાય તો આવા સ્થળોએ વસેલા અલ્પસંખ્યક જૈન કુટુંબો, અન્ય વર્ણના જૈન-પ્રેમીઓ માટે પણ સાધુ-સાધ્વીના દર્શન, તેમની વાણીનું શ્રવણ વગેરે એક સ્વપ્ન જ બની રહેવાનું. વિહારને કારણે મોટા શહેરો સિવાય અન્ય સ્થળોએ વસેલા શ્રાવકના સમાજજીવનનું દર્શન થાય ને તેમાં સુધારણા માટે શ્રમણ-સંઘ માર્ગદર્શન આપી શકે.

માનનીય તંત્રીશ્રીએ આ વિષય ઉપર મંતવ્યો મંગાવ્યા તેના જવાબમાં અંગત વિચારો રજૂ કર્યે છે. ક્યાંક ઉચિત શબ્દનો ઉપયોગ ન થવાને કારણે કોઈ વ્યક્તિ કે સમૂહની લાગણીને અજાણતાં જ મારાથી ઠેસ પહોંચી હોય તો मिच्छामी दुक्कडम् । ✷✷✷

**રમેશ પી. શાહ,**
ઝરણાં કુટીર, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ),
મુંબઈ-૪૦૦ ૦૫૭. ફોનઃ ૬૬૯૬૪૨૭૮.

## પંથે પંથે પાથેય...(છેલ્લા પાનાનું ચાલુ)

છે અને તેનાથી આપણી મુરઝાયેલી માનવજાત નવપલ્લવિત થાય છે તેમાં કોઈ શંકા નથી.

**નોંધ :** આ પછી મારી પૉંડિચેરીની બે મુલાકાતો દરમ્યાન સમાધી આગળ આવો ફરી કોઈ ચમત્કાર કે દિવ્ય અનુભૂતિ થઈ નથી જેની હું નિખાલસભાવે કબૂલાત કરું છું. ✱✱✱

(સત્ય ઘટના પર આધારિત)

C/2, સુરેશા એપાર્ટમેન્ટ, ઈશ્વર ભુવન પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯.

## યોગાનુયોગ આજે પણ ચમત્કારોની પ્રતીતિ કરાવે છે

❑ ધનવંત શાહ

ઉપરના પ્રસંગના અનુસંધાનમાં, આ અન્વયે મને થયેલા એક અનુભવને આપની સમક્ષ પ્રસ્તુત કરવાની ભાવના જાગે છે.

ભાવનગર શામળદાસ કૉલેજમાં અંગ્રેજીના પ્રાધ્યાપક મારા વિદ્વાન મિત્ર સાધક મનહર દેસાઈએ લગભગ દશેક વર્ષ પહેલાં એમનો પ્રથમ કાવ્ય સંગ્રહ 'અભિપ્સા' મને વાંચવા અને મનન કરવા મોકલ્યો. મનહર દેસાઈ સાહિત્ય જગતની બધી જ પ્રસિદ્ધિથી અળગા રહે. મનમાં ઊંચી કવિતા ઊગે, તો ક્યારેક એ કાવ્યને કોરા પાનાંનો સ્પર્શ કરાવે, નહિ તો નિજાનંદમાં જ મસ્ત! ક્યારેક તો વળી લખેલી કવિતાના પૃષ્ટોનું જાતે જ વિસર્જન કરી નાંખે! પૂ. અરવિંદ અને પૂ. માતાજીના અનન્ય ભક્ત.

આ 'અભિપ્સા' કાવ્ય સંગ્રહ મને મળ્યો તો ખરો. પણ મુંબઈની પ્રવૃત્તિઓમાં વાંચવાની ફુરસદ ન મળે. અને મનહર પણ એવી કોઈ યાદી માટે ટોક ટોક ન કરે એવો એ નિસ્પૃહ કવિ-સાધક જીવ.

એક વખત અમારા ઉદ્યોગના કામ માટે મારે મદ્રાસ-હવેનું ચેન્નાઈ-જવાનું થયું. વિચાર્યું કે ઍરપોર્ટ અને વિમાનના પ્રવાસમાં એકાંત મળશે એટલે જોયા વગર ચાર-પાંચ પુસ્તકો હેન્ડ બેગમાં પધરાવી દીધા!

પરંતુ વાંચવાનો સમય ન મળ્યો. મદ્રાસ પહોંચતા શનિ-રવિના રજાના દિવસોમાં પૉંડિચેરી જવાનું વિચાર્યું. શનિ રાત્રે પૉંડિચેરી પહોંચ્યો. રવિ સવારે તૈયાર થઈ માતાજીની સમાધિ પાસે જઈ નિરાંતે ત્યાં બેસવાનું વિચાર્યું. ઉતાવળે તૈયાર થયો, વળી વિચાર્યું કે સમાધિ પાસે બેસીને એકાદ પુસ્તકનું મનન-ચિંતન કરીશ. વિચાર્યા વગર થેલામાંથી પુસ્તક કાઢ્યું અને હાથમાં લઈને પૂ. માતાજીની સમાધિ પાસે પહોંચ્યો.

સમાધિના દર્શન કર્યા. નત મસ્તકે પ્રણામ કર્યા અને બાજુની પરસાળમાં બેઠો. સ્વસ્થ થયો. એ પુસ્તક હાથમાં લીધું, એ 'અભિપ્સા' હતું, આનંદ થયો. પણ આશ્ચર્યનું વર્તુળ તો મને હવે સ્પર્શવાનું હતું.

પુસ્તક ખોલ્યું, પ્રથમ પાને જ અર્પણમાં લખાણ હતુંઃ 'શ્રી અરવિંદ અને શ્રી માતાજીને અર્પણ'. આ પ્રસંગને કયો યોગાનુયોગ કહેશો ? ✱ ✱ ✱

## જૈન ધર્મનો આધુનિક એન્સાઈક્લોપિડીયા જૈનપિડીયાનું પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન અને જૈનદર્શન વ્યાખ્યાન શ્રેણીનો પ્રારંભ

❑ નેમુ ચંદરયા

આંતરરાષ્ટ્રીય ધોરણે જૈનદર્શનના પ્રચાર-પ્રસારનું કામ કરતી ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીએ ૨૫ ઑક્ટોબર ૨૦૦૯ના રોજ મુંબઈમાં આવેલા દાદરના યોગી સભાગૃહમાં ભવિષ્યની પેઢી માટેના જૈન ધર્મના મહત્ત્વના પ્રોજેક્ટ 'જૈનપીડિયા'નું નિદર્શન રાખ્યું હતું. આ જૈનપીડિયા દ્વારા ડીજીટાઈઝ્ડ જૈન હસ્તપ્રતોનો એનસાઈક્લોપીડિયા તૈયાર થશે, જેના વિશે લંડનની કિંગ્ઝ કૉલેજના મિ. પોલ વેચે વિસ્તૃત રીતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આપ્યું. અત્યંત સચિત્ર એવી હસ્તપ્રતોને એના તમામ સંદર્ભો સહિત તૈયાર કરવામાં આવશે. એનો મુખ્ય આશય તો વર્તમાન ભાષામાં તાર્કિક અને પ્રતીતિજનક રીતે જૈનોની આવતી પેઢીને માટે જ્ઞાનસંચય કરવાનો છે. વળી આ પ્રોજેક્ટ સંશોધકો અને અન્ય ધર્મના વિચારકો તેમ જ વિશ્વભરના લોકોને માટે પણ ઉપયોગી બનશે.

કાર્યક્રમના પ્રારંભે ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના કૉ-ઑર્ડિનેટર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ છેલ્લા વીસ વર્ષથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતી આ સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિનો પરિચય આપ્યો. જૈન ધર્મના તમામ સંપ્રદાયોને સાથે રાખીને કામ કરતી આ સંસ્થાએ બ્રિટનની બ્રિટીશ લાઈબ્રેરીની પંદરસો જેટલી હસ્તપ્રતોનું સુદીર્ઘ વિવરણ ધરાવતા ત્રણ વોલ્યૂમનું વિમોચન કર્યું હતું. આચાર્ય ઉમાસ્વાતિના 'તત્ત્વાર્થસૂત્ર'નો અંગ્રેજી અનુવાદ, જૈન ધર્મ અને પર્યાવરણ વિશે પુસ્તક, જૈનદર્શનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તક ઉપરાંત પરિસંવાદ અને સ્કૉલરોને સહાય આપવાનું કાર્ય કર્યું છે.

આ પ્રસંગે ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીની જૈનદર્શન વ્યાખ્યાનશ્રેણીનું પૂજ્યશ્રી રાકેશભાઈ ઝવેરીના 'અહિંસા પરમો ધર્મ' વિશેના વ્યાખ્યાનથી પ્રારંભ થયો. એમણે જૈનદર્શનમાં આલેખાયેલી અહિંસાની સૂક્ષ્મતા, તાર્કિકતા અને પ્રભાવકતા એમની પ્રભાવક શૈલીમાં દર્શાવ્યા. આ કાર્યક્રમમાં પચાસ વર્ષની યશસ્વી ઔદ્યોગિક કારકિર્દી ધરાવતા અને પંચોતેરમા વર્ષમાં પ્રવેશેલ રૂબી મિલ્સના મનુભાઈ શાહનું અભિવાદન કરવામાં આવ્યું. સંસ્થાના ચેરમેન શ્રી રતિભાઈ ચંદરયા, વાઈસ ચેરમેન શ્રી નેમુ ચંદરયા, પ્રતાપ ભોગીલાલ, રસિકભાઈ દોશી, અરવિંદ દોશી તથા અનેક અગ્રણીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને ડૉ. નલિનીબહેન મડગાંવકરે હૃદયસ્પર્શી શૈલીમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ અને સમાપન ધરમપુર આશ્રમના મુમુક્ષુઓના ભક્તિસંગીતથી થયો હતો.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી, બી-૧૦૧, સમય ઍપાર્ટમેન્ટ,
આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ઈન્ડિયા
ટેલિ.: ૯૧ ૭૯ ૨૬૭૬ ૨૦૮૨ ફેક્સઃ૯૧ ૭૯ ૨૬૭૬ ૧૦૯૧.
E-mail : kumarpalad@sanchrnet / kumarpalad@gmail.com

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન: ૧૪

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

**ચતુર્દશ અધ્યાય : ગુરુભક્તિ યોગ**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં ચૌદમો અધ્યાય 'ગુરુભક્તિયોગ' છે. આ પ્રકરણમાં ૫૨ શ્લોક છે.

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ 'ગુરુભક્તિ' વિશે ઘણું લખ્યું છે. તેમના સાહિત્યમાં અનેક સ્થળે આ માટે ખૂબ ભાર મૂકીને ગુરુભક્તિ કરવાનું સૂચવ્યું છે. અહીં પણ તેમ જ છેઃ

'ગુરુભક્તિયોગ'ના પ્રથમ શ્લોકમાં ગુરુભક્તિની તુલના જુઓઃ

सर्वथा सर्वदा ऽऽराध्यः सद्गुरुर्धर्मबोधकः।
मत्पश्चान्मत्समाःपूज्या, जैनधर्मप्रवर्तकाः ।।

(સત્સંગયોગ, શ્લોક–૧)

**'જે સદાય બધી રીતે ધર્મનો બોધ આપે છે તેવા સદ્ગુરુની સેવા કરવી જોઈએ. કારણ કે મારા પછી, જૈન ધર્મના પ્રવર્તક એવા સદ્ગુરુઓ પૂજ્ય છે.'**

શ્રી મહાવીર સ્વામી સ્વયં, સદ્ગુરુજનો, મારા જેવા જ પૂજ્ય છે તેમ અદ્ભૂત તુલના કરીને ગુરુજનોની મહત્તા પ્રસ્થાપિત કરે છે તેવું શ્રેષ્ઠ વિધાન અહીં સાંપડે છે. આ વિધાન ઘણું મૂલ્યવાન છે. પંચમહાવ્રતધારી મુનિ ભગવંતો પ્રત્યેનો આદર આપણે કેટલો દાખવીએ છીએ તે વિચારવું જોઈએ. મુનિજનો, ભગવાન સમાન છે. એ સદ્ગુરુઓની ભક્તિ અને ઉપાસના કરીએ તેટલી ઓછી છે. ભારતના જ નહિ, બલ્કે, વિશ્વના ધર્મોમાં સદ્ગુરુઓ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત રહેવાની હંમેશાં પ્રેરણા કરવામાં આવે છે. જેમની પાસે બધું જ હતું અને બધું જ મેળવવાની ક્ષમતા ધરાવતા હતા તેવા લોકો, સઘળા ય સુખનો ત્યાગ કરીને નીકળી પડ્યા અને આત્મસંગી બની ગયા. આવા આત્માર્થીજનો આપણાં સદ્ગુરુ છે. તેમની સેવા, ભક્તિ અને ઉપાસના એ તો જીવનનું સદ્ભાગ્ય છે. આજના સ્પર્ધાત્મક, વિષમ અને કલુષિત સમયમાં સૌ પ્રથમ તો ગુરુજન મળવા જ મુશ્કેલ છે અને મળ્યા પછી તેમના પ્રતિ પ્રીતિ, શ્રદ્ધા, ભક્તિ પ્રગટ થવા અધિક મુશ્કેલ છે અને જો આટલું થઈ ગયું હોય તે પછી પણ સદ્ગુરુ પ્રત્યે સેવા કરવામાં, શ્રદ્ધા રાખવામાં, ભક્તિ કરવામાં કચાશ રહી તો તે જીવનનું દુર્ભાગ્ય છે.

સદ્ગુરુ પ્રતિ અપાર શ્રદ્ધા કેળવવી જોઈએ. શ્રી મહાવીર સ્વામી પ્રત્યે શ્રી ગૌતમસ્વામીને હતી, તેવી શ્રદ્ધા કેળવવી જોઈએ. શ્રી શ્રેણિક મહારાજાને પણ પોતાના ગુરુ એવા ભગવાન મહાવીર પ્રતિ અવિહડ શ્રદ્ધા હતી. આ શ્રદ્ધામાંથી તેમને વિશુદ્ધ ક્ષાયક સમ્યક્ત્વ અને તીર્થંકરપદની પ્રાપ્તિ થઈ. ગુરુભક્તિમાંથી શું પ્રાપ્ત થઈ શકે તેનો આ શ્રેષ્ઠ પ્રસંગ છે. જીવન એક વાહન છે. આત્માની ઉન્નતિ માટેનું વાહન. આ વાહનનો સદુપયોગ કરીને ભક્ત, ગુરુજનો પ્રત્યેની અપૂર્વ ભક્તિ કરીને ભગવાન બની શકે.

એક ગુરુ-શિષ્ય પોતાના ખંડમાં સૂતા હતા. મધરાતે ગુરુ હાથમાં ધારદાર છરી લઈને શિષ્યની છાતી પર ચઢી બેઠા. શિષ્ય ઝબકીને જાગ્યોઃ ગુરુને હાથમાં છરી સાથે પોતાની છાતી પર જોયા! વળતી પળે, શિષ્ય આંખ મીંચીને સૂઈ ગયો!

સવારે ગુરુએ પૂછ્યું, 'તું રાત્રે ડર્યો કેમ નહિ?'

શિષ્યે પૂછ્યું, 'કેમ?'

ગુરુ કહેઃ 'હું તારી છાતી પર છરી લઈને બેસી ગયેલો ત્યારે!'

શિષ્ય કહેઃ 'ગુરુ જે કરે તે બરાબર જ હોય ને!'

કેવી અપૂર્વ હશે એ શ્રદ્ધા! આ શ્રદ્ધા, આ ભક્તિ આપણામાં પ્રગટ થાય તેવું કરવું રહ્યું. એક પ્રસંગ એવો પણ જાણેલો કે નદી કિનારે એક આશ્રમમાં ગુરુએ શિષ્યને પટ્ટીવાળો ટોપલો આપેલો ને કહેલું કે 'જા આમાં પાણી ભરી લાવ!' શિષ્ય તરત જ નદીમાં પાણી ભરવા ગયો! એ ટોપલો પાણીમાં નાંખે એટલી વાર ટોપલામાં પાણી ભરેલું દેખાય, બહાર કાઢે એટલે પાણી ટોપલાની પટ્ટીમાંથી નીતરી જાય! કિંતુ શિષ્ય કંટાળ્યો નહિઃ એને માટે ગુરુ-આજ્ઞા અગત્યની હતી. એ પ્રયત્ન કરતો જ રહ્યો. સવારની બપોર થઈ, બપોરની સાંજ થઈ. સાંજે ગુરુ સ્વયં આવ્યા ને શિષ્યના ખભે હાથ મૂક્યોઃ શિષ્યે ગુરુને જોયા ને આંખમાં પાણી આવી ગયા. કહેઃ 'ગુરુજી, આપની આજ્ઞા છે પણ...' ગુરુ કહેઃ 'બેટા, જે આજ્ઞા અપૂર્ણ રહેવા જ સરજાઈ છે તેના માટેનો આવો શ્રેષ્ઠ પ્રયત્ન એ જ મારી આજ્ઞાની પૂર્ણાહૂતિ છે!'

કેવી અપૂર્વ હશે એ ગુરુભક્તિ! એની પ્રાપ્તિ માટેનો સતત બોધ 'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'ગુરુભક્તિયોગ'માં સાંપડે છે.

સદ્ગુરુની કૃપાથી શું ન મળે? સદ્ગુરુની કૃપાથી માનવી માત્ર ઈશ્વર દર્શન જ નથી પામતો પણ સ્વયં ઈશ્વર બની જાય છે. સદ્ગુરુની કૃપામાં સકળસિદ્ધિ, સકળ સુખ, સકળ સમૃદ્ધિ, સકળ શાંતિ પ્રાપ્ત થાય છે! શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી લખે છેઃ

**'ગુરુની કૃપાથી અને આશીર્વાદથી શિષ્યગણ સર્વત્ર જય-વિજય પામે છે. જેના ઉપર ગુરુનો પ્રેમ છે તને સિદ્ધિ તેના હાથમાં રમે છે.'**

(ગુરુભક્તિયોગ, શ્લોક–૧૩)

અને જો ગુરુકૃપા નથી તો કંઈ નથી. સદ્ગુરુની કૃપા વિના કંઈ જ મળતું નથી. કેમકે, પરમાત્માની કૃપા, પરમાત્માનું પદ અને પરમાત્માનો આશ્રય પણ સદ્ગુરુની કૃપાને આધિન છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી લખે છેઃ

**'ગુરુની કૃપા વિના કોઈ પણ રીતે સિદ્ધિ મળતી નથી. ગુરુની કૃપા વિના કોઈપણ ક્યારેય પણ મારા પદને પણ પામી શકતા નથી!'**

(ગુરુભક્તિયોગ, શ્લોક–૭)

ગુરુની કૃપાનો આવો અપૂર્વ પ્રભાવ છે. જગતની તમામ સિદ્ધિ

અને જગતનું તમામ ઐશ્વર્ય સદ્ગુરુની કૃપામાં બિરાજમાન છે. સદ્ગુરુનો વિશ્વાસ પ્રાપ્ત કરવો, સદ્ગુરુની ભક્તિ કરવી, સદ્ગુરુની સેવા કરવી ઈત્યાદિ સંસ્કારો વિસરાતા જાય છે પણ છેવટ તેમના શરણમાં ગયા વિના ઉપાય નથી. મા-બાપની સેવા, શિક્ષકની સેવા, વડિલોની સેવા, સદ્ગુરુની સેવા, પ્રભુની સેવા વગેરે સંસ્કારનું સિંચન પરિવારમાં હંમેશાં કરવા જેવું છે. એ સંસ્કાર જ વળતા સુખ ખેંચી લાવશે. પરિવારને ઉત્તમ સંસ્કાર આપ્યા નહિ હોય તો તેની ઉદ્ધતાઈનો સૌથી પહેલો પરચો મા-બાપને જ મળે છે! માતા-પિતાને જીવનમાં શાંતિ અને આનંદ જોઈતા હોય તો પરિવારને આવા પ્રાથમિક અને નક્કર સદ્ગુણો શીખવ્યા વિના નહિ ચાલેઃ એક ચોર કોઈના ઘરમાં ઘૂસ્યો. એ ઘરમાં એક વૃદ્ધા અને તેનો પૌત્ર રહે. ગરીબ માણસો. એ ઘરમાં ચોર ઘૂસ્યો ને છોકરો જાગી ગયો પણ ડરી ગયો. ઘરમાં કંઈ હોય તો ચોરને મળે! ચોરે ભાગતા ભૂતની ચોટલી ભલી એમ માનીને પીત્તળનો એક પ્યાલો પડેલો તે ઉપાડ્યો. છોકરો ડરતા ડરતા બોલ્યોઃ 'હે ભાઈ, હું તમને ક્યારનો જોઉં છું પણ ડરના લીધે બોલતો નથી. એ પીત્તળનો પ્યાલો લઈ ન જાવઃ સવારે મારી દાદીમા તેમાં ચા પીવે છે. અને આ પ્યાલો તેમનો પ્રિય છે. પ્યાલો નહિ જુએ તો તે ચા નહિ પીવે માટે બીજું ગમે તે લઈ જાવ પણ પ્યાલો રહેવા દો!'

ચોર આભો બની ગયો આ સાંભળીને!

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'શ્રી જૈન મહાવીર ગીતા'માં આગળ કહે છેઃ

**'ગુરુની કૃપા અને આશીર્વાદથી મનુષ્યોના મન સ્થિર થાય છે. નહિ તો, ચિત્તની ચંચળતાને કારણે આત્માની સ્થિરતા થતી નથી.'**

**'આત્મક્રાન્તિ કરનારા મોક્ષના જે જે ગુપ્ત માર્ગો છે તે બધા જ શિષ્યોની યોગ્યતાના આધારે ગુરુ બતાવે છે.'**

(ગુરુભક્તિયોગ, શ્લોક-૧૪-૧૧)

માનવજીવનની સૌથી વિકટ સમસ્યામાં મનની ચંચળતા પણ છે. મનને નાથવું ક્યાં સહેલું છે? યોગી શ્રી આનંદઘનજીની 'મનડું કિમહિ ન બાજે હો કુંથુજિન!' રચના જગપ્રસિદ્ધ છે. મન એવી શક્તિ ધરાવે છે કે ક્ષણવારમાં આત્માનું ઉત્થાન અને ક્ષણવારમાં આત્માનું પતન સર્જી દે. મનની અસ્થિરતાના કારણે જીવનમાં વિશ્રામ સંભવ ક્યાં? અહીં મનની સ્થિરતાનો મંગલ માર્ગ કહેવાયો છે : ગુરુકૃપા. ગુરુકૃપા મળે તો મન સ્થિર થઈ જાય. મોક્ષ એટલે શું? આત્મક્રાન્તિ. મોક્ષ જીવને માટે અસામાન્ય ઉપલબ્ધિ છે. એમ સમજો કે જીવનું શિવમાં રૂપાંતરણ થઈ જાય છે. એ પ્રાપ્ત કરવા માટેના જે જે ગુપ્તમાર્ગો છે તે ગુરુજનો જાણે છે. શિષ્યમાં, ભક્તમાં, સેવકમાં જો યોગ્યતા દેખાશે તો ગુરુદેવ તે જરુર કહેશે. શિષ્યમાં પાત્રતા પ્રકટવી જોઈએ. ગુરુજનની કૃપા એટલે સિંહનું ધાવણ. જેમાં તે પડે તે સુવર્ણપાત્ર જોઈએ. બીજું પાત્ર તે જીરવી ન શકે. શિષ્યનું પાત્ર યોગ્ય બન્યું એટલે સુવર્ણપાત્ર બન્યું. હવે તેમાં ગુરુવરની કૃપા ઉતરે તો તે જીરવી જાણશે. ગુરુઓ આત્મક્રાન્તિ સર્જનારા મોક્ષના દિવ્ય અને ભવ્ય ગુપ્તમાર્ગો જાણે છે. શિષ્યને તેનું દર્શન ગુરુવર કરાવે એટલે ભવોદધિના તટ પર પહોંચાડી દે.

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી આગળ કહે છેઃ

**'મારી પરંપરાથી આવેલા આત્મશુદ્ધિ આપનારા માર્ગો ગુપ્ત છે તેને વિવેકી લોકો આગળ સૂરિવરો વ્યક્ત કરે છે!'**

(ગુરુભક્તિયોગ, શ્લોક-૧૬

અહીં શ્લોકનો અર્થ તો સ્પષ્ટ છે પણ તેમાં મૂકાયેલો 'વિવેકી' શબ્દ મહત્ત્વપૂર્ણ છે. શિષ્ય કેવો જોઈએ તેની સમજણમાં અહીં સ્પષ્ટતા વધે છે. શિષ્ય ભક્ત જોઈએ, નમ્ર જોઈએ, શ્રદ્ધાળુ જોઈએ તે તો ખરું જ પણ 'વિવેકી' જોઈએઃ તેની પાસે જ ગુરુજનો મોક્ષ માર્ગનું અનુપમદર્શન કરાવે છે!

થોડાંક શ્લોકાર્થ જોઈએઃ

**'કર્મના સંસ્કારના વિક્ષેપના નાશ માટેની ગુપ્તયુક્તિઓ પૂર્ણયોગથી ગુરુના આત્મીય બનેલા સારા શિષ્યો મેળવી શકે છે.'**

(ગુરુભક્તિયોગ, શ્લોક-૧૭

**'ગુરુની આજ્ઞાથી મહાન શિષ્યો સર્વસ્વ સમર્પણ કરે છે. વિશ્વના ઉદ્ધારક યોગીઓ થાય છે, અને સિદ્ધ તથા બુદ્ધ થાય છે.'**

(ગુરુભક્તિયોગ, શ્લોક-૧૯

**'સર્વ આધ્યાત્મિક શક્તિનું મૂળ કારણ ગુરુની કૃપા જ છે. ગુરુની અનેક જન્મમાં કરેલી સેવા વડે જ શિષ્ય કલ્યાણ પ્રાપ્ત કરે છે.'**

(ગુરુભક્તિયોગ, શ્લોક-૨૧

**'ગુરુની આજ્ઞા અને કૃપાથી મહાન આત્માઓ માતૃભક્તિમાં પરાયણ બને છે. ધર્મનો દ્રોહ કરનારા પણ મુક્તિ પામે છે. આવું કાર્ય કરવા માટે ઈશ્વર પણ સમર્થ નથી (એવો ગુરુનો મહિમા છે).'**

(ગુરુભક્તિયોગ, શ્લોક-૨૩

**'ગુરુના હૃદયમાં પ્રવેશેલા કર્મયોગી એવા શિષ્યોના ઈષ્ટકાર્યો કષ્ટસાધ્ય હોય તો પણ તરત જ સિદ્ધ થાય છે.'**

(ગુરુભક્તિયોગ, શ્લોક-૨૫

**'(શ્રી મહાવીરસ્વામી કહે છે:) મારી કૃપા પ્રાપ્ત કરવા માટે શિષ્યો ગુરુભક્તિમાં પરાયણ બને છે અને સેવા કાર્યો કરવા માટે તત્પર બને છે.'**

(ગુરુભક્તિયોગ, શ્લોક-૨૭)

**'ગુરુના આશીર્વાદથી આ પૃથ્વી ઉપર કંઈપણ સિદ્ધ થતું નથી એવું નથી (એટલે કે કંઈ જ અસંભવ નથી). ગુરુના આશીર્વાદથી મનુષ્યો બ્રહ્મજ્ઞાન (પણ) મેળવી શકે છે.**

(ગુરુભક્તિયોગ, શ્લોક-૨૯)

**'સદ્ગુરુની ભક્તિ વિના કદી પણ આત્મ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. જે શિષ્યોએ ગુરુની (સાથે) એકતા સાધી નથી તે નામમાત્રના જ શિષ્યો છે.'**

(ગુરુભક્તિયોગ, શ્લોક-૩૧

ગુરુપદ સાથે શિષ્યની ભક્તિ અને નિષ્ઠા અસીમ જોઈએ.

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'ગુરુભક્તિ યોગ'માં ગુરુપદનો મહિમા ખૂબ સમજાવે છે અને તેમાં સહેજ પણ કચાશ ન રાખવા ફરી ફરીને ગુરુભક્તિ કરવા તત્પર રહેવા કહે છે. ગુરુભક્તિથી જીવન સુખી થાય છે. ગુરુભક્તિથી ધર્મ ફળીભૂત થાય છે, ગુરુભક્તિથી મંત્ર સિદ્ધ થાય છે, ગુરુભક્તિથી પરમાત્મદર્શન થાય છે, ગુરુભક્તિથી પરમાત્માનું પદ પ્રાપ્ત થાય છે, ઇત્યાદિ બોધ અહીં સાંપડે છે.

શિષ્યની પાત્રતા પ્રકટાવવાની વાત મહત્ત્વની છે.

શિષ્ય કે ભક્ત કે સેવક નમ્ર, વિવેકી, ભક્તિવંત જોઈએ. આજની સામાજિક વિષમતા એ છે કે શિષ્યત્વ પ્રકટતું નથી. સાધુ કે ગુરુદેવ પ્રત્યેનો વહેવાર કે વર્તન કેવા જોઈએ તે શીખવનારી પાઠશાળા ખોલવાની જરુર ઊભી થઈ ગઈ છે. ગરજ પડે ત્યારે સાધુના પગમાં લાંબો થઈને સૂઈ જતો શિષ્ય, કે ભક્ત કે શ્રાવક કામ પત્યા પછી સાધુ સાથે ચતુરાઈ શરૂ કરે છે. તે દૃશ્ય કોઈપણ બુદ્ધિશાળી માનવીને માટે આઘાતક હોય છે. ત્યાગી સાધુ એક વિરલ વૈભવ છે. એની પાસે મતિપટુતા કે વાક્પટુતા નહિ હૃદયની શરણાગતિ સાથે જોડાવું જરુરી છેઃ તકલીફમાં હોય ત્યારે સાંઈબાબાની માનતા માને ને તકલીફ પતે એટલે સૌ પ્રથમ રમત સાંઈબાબા સાથે જ ચાલુ કરે! સાંઈબાબા કે સંત-સૌ સાથે આવા રમતવીરો મળતા–ભટકાતા હોય છે અને ત્યારે એ પાત્રતા વિનાના શિષ્ય કે ભક્ત પ્રત્યે ઈશ્વરતુલ્ય ગુરુવરના દિલમાંથી શું આશીર્વાદ પ્રકટશે?

શ્રાવકોએ પણ વિનય/વિવેક શીખવાની જરુર ઊભી થઈ છે. ગુરુએ શ્રાવક માટે પરમ ઉપકારક છે તો શ્રાવક ગુરુ માટે 'સંઘ' છે. સંઘના હોદ્દેદારો-ટ્રસ્ટીઓએ પણ વિનય/વિવેક શીખીને ટ્રસ્ટી બનવાની પાત્રતા કેળવવી જોઈએ ને ત્યાર પછી જ ટ્રસ્ટી થવું જોઈએ. માત્ર પૈસા કે લાગવગના જોરે ટ્રસ્ટી થનારા સંઘને પણ અશાંતિ આપે છે તો સાધુને તો શું શાતા આપે? ટ્રસ્ટી એટલે શું દંભ, અભિમાન, હૂંસાતૂંસી અને સંસ્થાનો માલિક? ટ્રસ્ટી એટલે શું સાધુના કામમાં દખલ કરનાર, ઉપેક્ષા ઊભી કરનાર કે અપમાન કરનાર? જે સંસ્થામાં પૈસા હોય ત્યાં ટ્રસ્ટી થનારાં ઘણાં હોય છે! જે એકવાર પણ ગુરુના અપમાનમાં નિમિત્ત બને છે તે ઘોર પાપી છે તેવું પૂર્વસૂરિઓ કહે છે. સાધુના પ્રવચનમાંથી સારી વાત માત્ર સાંભળવી પૂરતી નથી પણ જીવનમાં ઉતારવી પણ જરૂરી છે.

'ગુરુભક્તિયોગ' એક અપૂર્વ શિક્ષાપાઠ છે. ગુરુવરનું મળવું એટલે? કવિ રમેશ પારેખની આ માર્મિક પંક્તિ જુઓઃ 'દુર્લભ એ દશવેશ કે જેના કાળ સાચવે પગલાં!

સાધુના ચરણકમળ સેવ્યા વિના મોક્ષનો પરમ મહારસ મળવાનો સંભવ ક્યાં છે? **(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ,
જૈન જ્ઞાનમંદીર, જ્ઞાનમંદીર રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૮.

## એક ફૂલગુલાબી વ્યક્તિત્વ વિખૂટું પડ્યું

### શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંનિષ્ઠ કાર્યકર શ્રી રમણીકલાલ (જાપાનવાળા) ભોગીલાલ શાહ અને આ સંસ્થાના શુભેચ્છક એઓશ્રીના ધર્મપત્ની શ્રીમતી સુશીલાબેન તા. ૨૦-૧૧-૨૦૦૯ના રોજ અમદાવાદથી પાલીતાણા ધર્મકાર્યે જતા માર્ગ અકસ્માતનો ભોગ બન્યા.

આ અત્યંત દુઃખદ ઘટના છે.

તા. ૨૯-૭-૧૯૩૨માં સૌરાષ્ટ્રના વઢવાણમાં જન્મેલા શ્રી રમણીકભાઈ અભ્યાસ પૂરો કરી મુંબઈમાં ખટાઉ મિલમાં જોડાયા, ત્યાર પછી બાર વર્ષે જાપાનમાં વ્યવસાય કર્યો, અને છેલ્લા થોડા વર્ષોથી મુંબઈમાં સ્થાયી થઈ એજન્સી વ્યાપારમાં જોડાયા અને સાથોસાથ સામાજિક કાર્ય માટે પોતાનું જીવન સમર્પિત કર્યું.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે તેમનો સંબંધ છેલ્લા દશ વર્ષથી હતો. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિમાં તેઓ તન, મન, ધનથી ભાગ લેતા હતા. આ સંસ્થાના વિકાસના તેઓ એક પ્રેરક બળ હતા.

સ્વભાવે ફૂલગુલાબી વ્યક્તિત્વ ધરાવતા રમણીકભાઈ સર્વે મિત્રો, સ્નેહીઓ, અને સંબંધીઓના ચાહક હતા. એક ઉદારદિલ વ્યક્તિ તરીકે એમણે સર્વેના હૃદયની ચાહના પ્રાપ્ત કરી હતી. પ્રેમ કરવો અને પ્રેમ આપવો એ એમની જીવનસુવાસ હતી અને જરૂરતમંદ વ્યક્તિઓને ગુપ્ત રીતે મદદ કરી એ બધાને ઉપયોગી થવું એ એમનો જીવનમંત્ર હતો.

અંગત જીવનમાં પૂરી સાદાઈને વરેલા રમણીકભાઈના પરિચયમાં જે કોઈ આવે એ ભાગ્યે જ કળી શકે કે આ રમણીકભાઈ આટલા શ્રીમંત અને લાખોનું ગુપ્તદાન કરનાર વ્યક્તિ હશે. આવા એક, સદાય સ્મિત ધારણ કરનાર, મૃદુભાષી અને સત્યવક્તા તેમજ સાહિત્ય અને કળા તરફ અભિરૂચિ ધરાવનાર ઉમદા વ્યક્તિ હતા.

એઓશ્રીના ધર્મપત્ની સુશ્રાવિકા શ્રીમતી સુશીલાબેન પણ આ સંસ્થાને પોતાની સંસ્થા સમજી સંસ્થાની પ્રત્યેક પ્રવૃત્તિને સહકાર આપતા તેમજ નાલાસોપારાના શ્રી વલ્લભસૂરીશ્વરજી ઉદ્યોગ ગૃહ તેમજ અન્ય સંસ્થાઓને પોતાની સેવા આપતા.

શ્રી રમણીકભાઈની વિદાયથી આ સંસ્થાએ એક દિલબર સાથી ગુમાવ્યા છે અને ન પૂરાય એવી ખોટ પડી છે.

અમારા ગુલદસ્તામાંથી એક મઘમઘતા ફૂલને કાળે અમારી પાસેથી છીનવી લીધું છે. પરમાત્મા આ દંપતીના આત્માને પરમ શાંતિ અર્પે.

ઓમ અર્હમ્ નમઃ

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવાર**

# જયભિખ્ખુ જીવનધારા : ૧૩

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*[બાળપણની મધુર સ્મૃતિઓમાં મનની ગાંઠે સૌથી વધુ બંધાતી સ્મૃતિ શિક્ષકની હોય છે. એવા એક શિક્ષકનો બાળપણમાં થયેલો અનુભવ ભવિષ્યમાં સર્જક 'જયભિખ્ખુ'ની શૈલી ઘડવામાં કારણભૂત બન્યો. સ્મૃતિઓના શિલાલેખમાંથી સર્જનનો આકાર ઘડાય છે. જે જમાનામાં સમગ્ર ગુજરાતમાં શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર' મહાનવલનો મહિમા હતો, તે સમયે આજથી નેવું વર્ષ પહેલાંનું જયભિખ્ખુની બાલ્યાવસ્થાનું એક વિનોદી સ્મરણ જોઈએ આ તેરમા પ્રકરણમાં.]*

## તાતપરી સાહેબ

નિશાળના માહોલમાં નવા શિક્ષકનું આગમન હંમેશાં નવો રોમાંચ જગાડે છે. આગંતુક શિક્ષક પ્રત્યે સહુ કૌતુકભરી નજરે નીરખતા હોય છે અને પછી એમને વિશેની કથાઓ, દંતકથાઓ કે એમના વ્યંગભર્યાં નામો સર્જાતાં જાય છે. શિક્ષક કેમ ભણાવે છે, ત્યાંથી માંડીને વિદ્યાર્થીને કેવી કેવી સજાઓ કરે છે ત્યાં સુધીની વાતો વિદ્યાર્થીઓની જીભ પર રમતી હોય છે. શિક્ષકનો પહેરવેશ અને એના આચરણ પર વિદ્યાર્થીની બાજનજર સતત નોંધાયેલી હોય છે. એ સમયે વિદ્યાર્થીની સમગ્ર સૃષ્ટિનું કેન્દ્રસ્થાન હોય છે શિક્ષક.

વરસોડાની નિશાળના ઉપલા વર્ગ માટે એક નવા શિક્ષકનું આગમન થયું. નિશાળના વિદ્યાર્થીઓને માટે આ એક મોટા સમાચાર હતા, કારણ કે આ શિક્ષક મોટા શહેરમાંથી છેક આ ગામડામાં ભણાવવા માટે આવ્યા હતા. વળી એ ખૂબ ભણેલા છે એવી વાત ચોતરફ થતી હતી. એમાંય એમ કહેવાતું કે સાહિત્યને તો એ ઘોળીને પી ગયા છે!

વિદ્યાર્થીઓ અંદરોઅંદર વાત કરતા કે સાહેબને સાહિત્યની કોઈપણ વાત પૂછો, તો બીજી જ સેકન્ડે તેનો જવાબ આપી શકે છે અને એ પણ એવી રીતે કે એના ઉત્તરમાં પણ સાહિત્યની છટા અને છાપ તરત કાને વાગે. એમના વર્ગના મૉનિટરે તો બીજા ગોઠિયાઓને કહ્યું કે સાહેબ સાહિત્યના એટલા જાણકાર છે કે કોઈ કવિ કે લેખક વિશે વાત કરો, તો એના જન્મથી અવસાન સુધીની બધી વાત ગ્રામોફોનની રેકર્ડની માફક બોલી જાય છે. નરસિંહ મહેતા કે અખા જેવા કવિની વાત કરો તો એને વિશે એની કેટલીય પંક્તિઓનું પોપટની માફક રટણ કરે છે. કાન્ત કે કલાપીની વાત કરો, તો એમના જીવનની કેટલીય ખામીઓ અને ખૂબીઓ વહેતા ધોધની માફક શબ્દો કહી બતાવે છે.

ઉપલા વર્ગના આ શિક્ષકને પોતાની જાતને શિક્ષકને બદલે સાક્ષર તરીકે ઓળખાવવી વધુ પસંદ હતી. કોઈ એમને સાક્ષર કહે તો એમના ચહેરા પર આનંદ દેખાઈ આવતો. સામેથી કોઈ ન કહે તો ખાનગીમાં પોતાને સાક્ષરની કોટિના ગણાવતા. આ વિશે એટલા બધા સભાન કે સામાન્ય વાતચીતમાં પણ એ એમ બોલી જતાઃ 'અમ સાક્ષરો – સરસ્વતીના સેવકો – સર્જન, ચિંતન અને મનનમાં આ ક્ષણભંગૂર દેહની ક્ષુધા-પિપાસાને ભૂલી જઈએ એવા વિસ્મરણ-શીલ હોઈએ છીએ.'

આ સાક્ષર-શિક્ષકની વાત પણ સાચી હતી. જો એમને સાહિત્યસર્જન કરવાની ધૂન ચડે તો કલાકોના કલાકો સુધી ભોજન ઠંડું પડ્યું રહે. ક્યારેક તો ભોજન સામે પડ્યું છે, તે પણ ભૂલી જાય. સાહિત્યની મસ્તીમાં ડૂબી જાય તો સમયનું ભાન પણ ભૂલી જાય. કોઈ વાર એમની ઓરડીમાં આખી રાત ફાનસ બળતું રહે અને કોઈ કવિતા કે કોઈ વાક્યો નજીક અવરજવર કરનારને સંભળાય. સાહિત્યની મસ્તીમાં એ સદૈવ ડૂબેલા રહેતા.

વળી આ અત્યંત રસિક સાક્ષર હતા. રસ, અલંકાર અને કોઈ સ્ત્રી-દેહના અંગોના વર્ણન કરે ત્યારે રસનો સાગરકિનારો તોડીને સઘળે છલકાવી દેતા. ભર્તૃહરિનું 'શૃંગારશતક' અને 'નીતિશતક' એમને કંઠસ્થ હતું. સામેનો વિદ્યાર્થી કંઈ સમજે કે ન સમજે, પણ એ પોતે જ્યારે રસાનંદમાં હોય ત્યારે સંસ્કૃતના શ્લોકો ઉચ્ચારવા લાગતા. શ્રોતાને સમજાય છે કે નહીં કે એની શ્રવણશક્તિ જાગ્રત છે કે નહીં એની લેશમાત્ર ચિંતા કર્યા વિના પોતાનો સાહિત્યરસ વહેવડાવતા હતા.

એ જમાનામાં શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીએ રચેલા 'સરસ્વતીચંદ્ર'એ સાહિત્યજગત પર ગાઢ પ્રભાવ પાડ્યો હતો. ગુજરાતના પ્રજાજીવનમાં 'સરસ્વતીચંદ્ર'એ એક નવી હવા ફેલાવી હતી. એનાથી આ સાક્ષર-શિક્ષક કઈ રીતે અ-સ્પૃશ્ય રહી શકે. એમને તો 'સરસ્વતીચંદ્ર'નું ઘેલું લાગ્યું હતું. પોતાના રોજિંદા જીવનની ઘટનાઓ સાથે 'સરસ્વતીચંદ્ર'માં આલેખાયેલી ઘટનાઓનું સામ્ય બેસાડવા માટે મરણિયો પ્રયાસ કરતા હતા. એમના વ્યવહારમાં વારંવાર એના વાક્યો ફૂટી નીકળતા હતા અને જે કંઈ કવન કરતા, તેમાં પણ 'સરસ્વતીચંદ્ર'ના અક્ષરજગતનું પ્રતિબિંબ ઝીલતા હતા. વળી આ મહાનવલ અનેક વાર વાંચેલી હોવાથી એના કેટલાંય પૃષ્ઠો, પૅરેગ્રાફો અને સંવાદો એમને મુખપાઠ હતા. 'વિના સરસ્વતીચંદ્ર સાહિત્ય શું? વિના ચંદ્ર પૂર્ણિમા શું? વિના સુંદરી સ્વર્ગ શું?' એવી એવી ઉક્તિઓ રચ્યા કરતા હતા.

ઉપલા વર્ગના આ શિક્ષક ભીખા ('જયભિખ્ખુ'નું હુલામણું નામ)ની પડોશના એક ઘરમાં ભાડાથી રહેવા આવ્યા. શિક્ષક નજીકમાં વસતા હોય એટલે વિદ્યાર્થીઓ મધમાખીની જેમ એમની આસપાસ ભમ્યા કરે. ધીરે ધીરે ભીખાને એમની વાતોમાં રસ પડવા લાગ્યો. એમાં જ્ઞાન હતું, પરંતુ ક્યારેક એ માત્ર રમૂજ બની જતું. વિદ્યાર્થીઓ કોઈ પણ વાત કરે તો એનો સંસ્કૃત શબ્દોથી ભરેલી ભારેખમ ભાષામાં સૂત્રાત્મક રીતે ઉત્તર આપતા હતા.

ભીખાએ અને એના ગોઠિયાઓએ આ શિક્ષકને સમાચાર આપ્યા કે નજીકના ઘરમાં વસતી એક સ્ત્રીને એ લોહીલુહાણ થઈ જાય એટલો માર એના પતિએ માર્યો છે. આ સમાચાર સાંભળતાં જ 'સરસ્વતીચંદ્ર'પ્રેમી શિક્ષકને કુમુદસુંદરીની અવહેલના કરનારાએના અવિચારી પતિ પ્રમાદધનનું સ્મરણ થાય એ સ્વાભાવિક હતું. સરસ્વતીચંદ્ર સાથે જેના વિવાહ થવાના હતા એ કુમુદસુંદરીને પ્રમાદધન જેવા નિરક્ષર અને દુરાચારીને પતિ તરીકે સ્વીકારવા પડે છે અને જીવનભર સહન કરવું પડે છે. એ કથા સાથે વર્તમાન સમાચારને જોડતાં સાક્ષર બોલી ઊઠ્યા.

'ઓહ, આજની પ્રમદાઓને નસીબે પ્રમાદધનો જ છે. સંસારની કુમુદિનીઓને સદા કંઈ સરસ્વતીચંદ્રો લાધતા નથી. સંસાર-સરોવરના પોયણાંને મૂરઝાવવાના મહાભાગ્ય વરેલાં હોય છે.'

ભીખો અને એના દોસ્તો શિક્ષકનો આ ઉત્તર ન સમજાયાથી વધુ અંજાઈ ગયા. માત્ર બાહ્ય ઘટનાઓ નહીં, પરંતુ સ્વજીવનની ઘટનાઓને પણ આવી અતિ નાટકીય સાહિત્યિક ભાષામાં એ વ્યક્ત કરતા હતા. એક વાર એક વિદ્યાર્થીને એમણે સજા કરી. એ પછી વિદ્યાર્થીએ આવીને એમને કહ્યું કે તોફાન બીજાએ કર્યું હતું અને સજા એને મળી.

આમ પોતાનાથી ખોટી શિક્ષા કરવાનું અનુચિત કાર્ય થઈ ગયું. એટલે તરત બોલ્યા,

'ગઝબ હાથે ગુજારીને, હવે પસ્તાઈને શું ?'

આવી સાક્ષરી ભાષા બોલતા શિક્ષકશિરોમણિ નયનસુખ-શંકરભાઈ એમના વર્તન અને વાણીથી પ્રાચીન યુગને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરતા હતા.

એક જમાનામાં રામ અને લક્ષ્મણને માત્ર એક જ ગુરુ વશિષ્ઠ જ પૂર્ણ જ્ઞાન આપતા હતા. પાંચ પાંડવો અને સો કૌરવોના કોઈ બીજા ગુરુ નહીં, માત્ર ગુરુ દ્રોણાચાર્ય. કૃષ્ણ જેવા કૃષ્ણ અને સુદામા જેવા બ્રાહ્મણને કેટલા ગુરુ હતા? એક માત્ર સાંદીપનિ. જ્યારે અત્યારે વિદ્યાર્થીને વિદ્યાની પરિસમાપ્તિ કરતાં પૂર્વે કેટલા બધા ગુરુઓ થાય છે, આવી વિચિત્ર અને મૂલ્યનાશક પરિસ્થિતિ વિશે તેઓ કહેતા,

પ્રાચીનકાળમાં વિદ્યાર્થી એક જ ગુરુ પાસે અધ્યયન કરતો અને એનો જ શિષ્ય ગણાતો. આજે તો વિદ્યાર્થીની કેવી હાલત છે. 'એક વિદ્યાર્થીને અનેક ગુરુઓ.' નયનસુખશંકરભાઈ વાતચીત કરતા હોય ત્યારે વારંવાર 'ભાઈઓ, મારા કહેવાનું તાત્પર્ય' એવા શબ્દો બોલતા હતા. દસ વાક્યો બોલે, એમાં પાંચ વાક્યોના પ્રારંભે 'મારા કહેવાનું તાત્પર્ય' એ શબ્દો આવે જ. વિદ્યાર્થીઓ પણ શિક્ષકની આ ટેવ જાણી ગયેલા એટલે એમણે આ શિક્ષકનું નામ 'તાતપરી સાહેબ' રાખ્યું હતું.

કોઈ વિદ્યાર્થી જૂઠું બોલે તો કહેઃ 'તમે જૂઠું બોલી ફાવી નહીં શકો, અર્થાત્ મારા કહેવાનું તાત્પર્ય એ છે કે તમે અસત્માંથી સત્ નહીં ઉપજાવી શકો.'

એમના વર્ગમાં ક્યારેક વિદ્યાર્થીઓ અંદરોઅંદર ઝઘડી પડતા. ઝઘડો થાય એટલે તાતપરી સાહેબ પાસે ફરિયાદ કરવા આવી જાય. એક વિદ્યાર્થી પોતાની વાત કરે અને બીજો એની સામે દલીલ કરે. આ બધું સાંભળીને વિદ્યાર્થીઓ સાહેબના ચુકાદાની રાહ જુએ, ત્યારે ચુકાદાને બદલે વિદ્યાર્થીઓ મૂંઝાઈ જાય એવો ઉત્તર સાંપડતો. તેઓ કહેતા,

'મારે આમાં કાર્યકારણની પરંપરા શોધવી પડશે, અર્થાત્ મારા કહેવાનું તાત્પર્ય એ છે, કે તમે કલહનું જે કારણ આપો છો, તે તો ખંડકારણ છે, અર્થાત્ મારા કહેવાનું તાત્પર્ય એ છે કે આ વિષયમાં ખંડકારણ ને સમગ્રકારણની શોધ કરવી પડશે. તાત્પર્ય એ કે અધૂરા અન્વેષણથી કાર્યસિદ્ધિ સાંપડશે નહીં.'

તાતપરી સાહેબનું લગ્ન ગામડાની કોઈ કન્યા સાથે થયેલું. સાહેબ દર પૂર્ણિમાએ પોતાની પત્નીને હૃદયેશ્વરીના સંબોધનથી પત્રો લખે. આ પત્રો એટલે અત્યંત રસિક વિશેષણો, ઉપમાઓ અને અલંકારોની મુશળધાર વર્ષા. એમની પત્ની ખાસ કંઈ ભણેલી નહીં, છતાં પતિના કાગળો અતિ સ્નેહથી સંઘરી રાખે. સમય મળે એના અર્થો ઉકેલવા બેસે, પણ ઘણી મહેનતેય અર્થ ઉકેલી શકે નહીં અને પછી એ સાહસ માંડી વાળે. માત્ર એટલું ખરું કે એમના મોતીના દાણા જેવા અક્ષરો જોઈને એ ખુશ થાય અને ન સમજાય છતાં જેટલા કાગળો લખ્યા હોય, તે ફેરવીને એમાંના મોતીના દાણા જેવા અક્ષરો જોઈને રાજીની રેડ થાય. બાકી એને માટે ઉપમા, ઉપમેય અને અલંકારોના આ ઘનઘોર વનમાં એક પગલું પણ મૂકવું મુશ્કેલ હતું.

બન્યું એવું કે આવા સ્નેહભીનાં રસિક પત્રોનું પોટલું કન્યાના પિતાએ જોયું અને એમાંના પત્રો વાંચ્યા. એમના ગુસ્સાનો પાર ન રહ્યો. આવાં બધાં ટાહ્યલાં શાને કરો છો? એમ કહીને એમણે આખુંય પોટલું જમાઈરાજને પરત કર્યું અને જણાવ્યું કે, 'આવું બધું લખવાનું છોડીને ભણાવવાના કામમાં ધ્યાન આપો. આવા વંઠેલવેડા તમને શોભતા નથી. આમ કરશો તો મારી દીકરીનો ભવ બગાડશો.' પોટલું પાછું આવ્યું ત્યારે તાતપરી સાહેબે એને બોર બોર જેવડાં અશ્રુઓથી વધાવ્યું. પોતાના હૃદયની ભાવનાઓનો ક્યાં

કોઈ પ્રતિઘોષ આપી શકે તેવું છે? વિરલા સમજી શકે એવી પોતાની રસિકતાને કોણ પ્રીછશે? એમણે આ રસસાહિત્ય જતનથી સંગ્રહી રાખ્યું.

એક વાર તાતપરી સાહેબ સમી સાંજથી 'સરસ્વતીચંદ્ર' વાંચવા બેઠા હતા અને રાત જેમ ગળતી ગઈ, તેમ નવલકથાનો રસ જામતો ગયો. પછી તો એના એક એક વાક્ય પર સાપ મોરલી પર ડોલે એમ ડોલવા લાગ્યા. એકાએક ઊભા થઈને પોતાના ઓરડામાં કંઈ કંઈ બોલવા લાગ્યા. એવામાં બાજુના જ ખંડમાં મકાનમાલિક શેઠ રહેતા હતા. શેઠાણીએ શિક્ષકના ઓરડામાંથી આવતો અવાજ સાંભળીને સહજ જિજ્ઞાસાથી કાન સરવા કર્યા, તો અંદરથી શબ્દો સંભળાયા.

'ઘેલી...મ્હારી...'

સાંભળતાંજ શેઠાણી છળી ઊઠ્યાં. 'આ શું? પોતાની દીકરી ઘેલીનું નામ આ જુવાનિયો લે છે અને વળી એને 'મ્હારી' કહે છે. નક્કી! દાળમાં કંઈક કાળું છે.' એમણે કુંભકર્ણ નિદ્રામાં રહેલા શેઠને મહાપ્રયત્ને જગાડ્યા અને ઓરડાની નજીક લઈ આવ્યા, તો શિક્ષક મહાશયની શબ્દસમાધિ અખંડ હતી. અંદરથી શબ્દો આવતા હતા, 'ઘેલી...મ્હારી... વાહ... ઘેલી મ્હારી...' આ સાંભળતાં જ શેઠ લાલચોળ થઈ ગયા. એવામાં એમનો દીકરો જાગી જતાં એ લાકડી લઈને આવ્યો. કંઈક ચહલપહલ જોઈને પડોશીઓ પણ એકઠાં થયાં અને બધાએ વાત જાણી એટલે કહ્યું,

'ચાલો, બોરકૂટો કરી નાખીએ આ માસ્તરનો. માળો, છોકરાં ભણાવવા નીકળ્યો છે કે આબરૂદારની છોકરીઓ ભોળવવા.' એવામાં એક અનુભવી વૃદ્ધે આવીને કહ્યું, 'શેઠ, તમારા ઘરમાં તો પોલું નથી ને. આ તો સરકારના કાયદાનું કામ. આમાં તો જો મિયાં-બીબી રાજી, તો ક્યા કરેગા કાજી. ખાનગીમાં દીકરીનો તો દાણો ચાંપી જુઓ. પછી કરવો હોય તો બોરકૂટો કરો, નહીં તો ભારે ફજેતી થશે.'

'ઘરડાં ગાડાં વાળે એમ સહુને આ સલાહ સોળ આની અને એક વાલ લાગી. શેઠાણીએ ઘરઊંઘમાં સૂતેલી ઘેલીને ઢંઢોળીને કહ્યું, 'ઓહ, પેટે પથરો થઈને કાં ન પડી? સાત કુળને બોળવા બેઠી છે.'

ઊંઘમાંથી ઊઠેલી બેબાકળી ઘેલી વાત સમજી શકી નહીં. શેઠાણી બોલ્યાં, 'બીજા કોઈમાં તારું મન મોહાયું નહીં અને આમાં - માસ્તરમાં - મોહાયું. ફટ છે તને.'

ઘેલીએ કહ્યું, 'મા, શું વાત કરો છો? મેં જો કોઈ પારકા સામે મેલી નજરથી જોયું હોય તો મા-જોગણી મને ખાય. મને રૂંવે રૂંવે કીડા પડે.'

શેઠાણીને થયું કે નક્કી, ઘેલી આમાં કંઈ જાણતી નથી એટલે હવે આ શિક્ષકને જ સીધા કરવા પડશે. બારણાં પર ધડાધડ પરોણાના ઘા કર્યા અને ગોકીરો કર્યો,

'ઉઘાડ...એય બારણું ઉઘાડ. આવી બન્યું છે આજે તારું.'

આ 'આક્રમણ'થી શિક્ષકમહાશયની પ્રેમસમાધિનો ભંગ થયો અને દ્વાર ખોલ્યાં. એમના હાથમાં 'સરસ્વતીચંદ્ર' હતું.

'માસ્તર તારું ભમી ગયું લાગે છે. ક્યારના શું બોલી રહ્યા છો?'

સાક્ષરે આશ્ચર્યની અવધિ સાથે કહ્યું, 'હું શું બોલી રહ્યો છું? અરે, 'રસાત્મકં વાક્યં કાવ્યમ્' – રસથી ભરેલું વાક્ય એ જ સ્વયં કાવ્ય છે. ઓહ... શું એ વાક્ય?'

'એય, આ રસની રામાયણ ને વાક્યની પળોજણ છોડ. અને કહે કે કોઈ આબરૂદારના ઘરમાં ખાતર પાડવું, જે ઝાડનો તેં છાયો લીધો એને જ પાડવું એવું પાપ તેં આચર્યું છે ને.'

'શું કહ્યું, મારા દ્વારા પાપ? અસંભવ, અતિ અસંભવ.'

મામલો વીફરે તેમ હતો, ત્યાં બાજુમાં રહેતા સુશીલ શિક્ષિકા નિમુબહેન દોડી આવ્યા. એ વાત પારખી ગયા. એમણે કહ્યું, 'ભાઈઓ, આમાં કોઈને ચેતાવવા જેવું નથી. તમારી ઘેલી ખાનદાનનું ફરજંદ છે અને માસ્તર પણ સારા છે.'

'અરે, પણ આપણી દીકરીનું નામ લેતા અને 'મ્હારી' કહેતાં મેં કાનોકાન સાંભળ્યા છે.'

'એ વાત સાચી. પણ તમે અડધું સાંભળ્યું. એ બોલતા હતા 'ઘેલી મ્હારી કુસુમ!' અને એ વાક્ય એમના હાથમાં રહેલી નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના અંતમાં લેખકે લખ્યું છે. સાહેબને આમેય 'સરસ્વતીચંદ્ર' ખૂબ ગમે છે અને એથી આ વાક્ય પર આફરીન થઈ ગયા હશે. 'ઘેલી' શબ્દ જરા જોરથી, 'મ્હારી' શબ્દ જરા ધીરો અને 'કુસુમ' શબ્દ ખૂબ કોમળ રીતે બોલતા હશે એટલે તમે આગળનો ભાગ સાંભળી શક્યાં અને ભરમાયાં.'

બધા વિચારમાં પડ્યા, ત્યારે તાતપરી સાહેબ બોલ્યા, 'સાચી વાત છે નિમુબહેનની. એ નાનું શું વાક્ય એવું રસભર્યું સંપૂર્ણ કાવ્ય છે, કે એ માટે આફરીન તો શું, એની પાછળ ફકીર થઈ જઈશ. શ્રીમાન મહાશયો, શું કહું તમને? એ ફકીરી! એ જહાંગીરી ફકીરી!'

નિમુબહેને એ ગ્રંથ લઈને ઉપસંહારમાં લખેલું એ વાક્ય સહુને બતાવ્યું એટલે વાતાવરણ શાંત થયું, પરંતુ શેઠે વિદાય લેતા-લેતા કહ્યું, 'માસ્તર, હવે ત્રણ મહિનામાં વહુને બોલાવીને ઘર માંડી નાખો. નહીં તો બીજું મકાન શોધી લેજો.'

નિશાળના શિક્ષકનો આવો રમૂજભર્યો અનુભવ ભીખાના ચિત્તમાં જડાઈ ગયો. શાળાજીવનના કટુ અનુભવો સાથે આ રમૂજી અનુભવ સ્મૃતિપટ પર અંકિત થઈ ગયો.

(ક્રમશઃ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(નવેમ્બર ૨૦૦૯ના અંકથી આગળ)

૫૯૬. પ્રશમ : તત્ત્વના મિથ્યા પક્ષપાતથી ઉત્પન્ન થતા કદાગ્રહ આદિ દોષોનો ઉપશમ એ 'પ્રશમ'.
तत्त्वों के असत् पक्षपात से होनेवाले कदाग्रह आदि दोषों का उपशम प्रशम ।
The calming down of the vices like wrong insistence etc. that result from a misplaced partisanship of philosophical views-that is prasama.

૫૯૭. પ્રસ્તર (પ્રતર) : જે માળવાળા ઘર તળ સમાન છે તે.
जो कि मंजिलावाले घर के तले के समान है ।
Strata which are like storeys of a multistoreyed building.

૫૯૮. પ્રાણ : પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાયબલ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ અને વાયુ એ દશ પ્રાણ છે.
पाँच इन्द्रियाँ, मन-वचन-काय से तीन बल, अच्छ्वासनिःश्वास और आयु ये दस प्राण है।
The five sense organs, the three energies i.e.-manas, speech and body, out-breath and in-breath, life-quantum these are ten pranas.

૫૯૯ પ્રાણત (ઈન્દ્ર) : આનત અને પ્રાણત દેવલોકના ઈંદ્રનું નામ.
आनत और प्राणत देवलोक के इन्द्र का नाम।
The name of the indra of Anata and Pranata Kalpas.

૬૦૦. પ્રાણાતિપાતિકી ક્રિયા : પ્રાણીઓને પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાયબલ, ઉચ્છ્વાસનિઃશ્વાસ અને વાયુ એ દશ પ્રાણથી વિખૂટા કરવાની ક્રિયા 'પ્રાણાતિપાતિકી' છે.
प्राणियों को पाँच इन्द्रियाँ, मन-वचन-काया से तीन बल। उच्छ्वासनिःश्वास और आयु ये दस प्राणों से वियुक्त करने की क्रिया।
Action of the form of depriving the living beings of their Pranas or vital elements.

૬૦૧. પ્રાત્યયિકી ક્રિયા : નવાં શસ્ત્રો બનાવવાં તે પ્રાત્યયિકી ક્રિયા.
नये शस्त्रों का निर्माण करने की क्रिया।
The forging of new weapons.

૬૦૨. પ્રાદોષિકી ક્રિયા : ક્રોધના આવેશથી થતી ક્રિયા તે પ્રાદોષિકી ક્રિયા.
क्रोध के आवेश से होनेवाली क्रिया ।
Action undertaken under the impulse of anger.

૬૦૩. પ્રાપ્યકારી (ઈન્દ્રિય): જે ઇન્દ્રિય ગ્રાહ્ય વિષયો સાથે સંયુક્ત થઈને જ એમને ગ્રહણ કરે તે.
जो इन्द्रिय ग्राह्य विषयों को उनसे संयुक्त होकर ग्रहण करती है।
Those indriyas which grasp their object only through coming in contact with it.

૬૦૪. પ્રાયશ્ચિત : લીધેલ વ્રતમાં થયેલ પ્રમાદજનિત દોષોનું જેના વડે શોધન કરી શકાય તે 'પ્રાયશ્ચિત'.
धारण किए हुए व्रत में प्रमादजनित दोषों का शोधन करना ।
That through which it is possible to make clean sweep of the defects born of negligence arisen in connection with a vrata that has been accepted.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન-સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ :
**આત્મિક ગુણવિકાસની ભૂમિકાઓ**
લેખક : **મુનિશ્રી અમરેન્દ્ર વિજયજી**
પ્રકાશક : **જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ,**
C/o. દિનેશ એચ. દેઢિયા, ૪૦૫, કમલા નગર, એમ. જી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭. ફોનઃ (૦૨૨) ૬૪૫૧૪૬૭૧.
મૂલ્યઃ રૂા. ૧૦/-, પાના ૧૬, પ્રથમ આવૃત્તિ ૨૦૦૮.

પૂજ્ય મુનિશ્રીની સર્વશ્રેષ્ઠ કૃતિ 'આત્મજ્ઞાન અને સાધનાપથ'ના ચોથા પ્રકરણ અનુભૂતિજન્ય જ્ઞાનના રૂપ-સ્વરૂપની છબી આ નાનકડી પુસ્તિકામાં પ્રગટ થાય છે. જાત વિશેના તથા જગત વિશેના વ્યક્તિના ખ્યાલ અનુભૂતિ કેવી રીતે બદલી નાંખે છે તેનું નિરૂપણ મુનિશ્રીએ કર્યું છે. આધુનિક વિજ્ઞાનના નિષ્કર્ષોની ગહન છતાં રસપ્રદ ચર્ચા આ પુસ્તિકામાં કરી છે.

વાચકોને અંતર્મુખતાના ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે આ પુસ્તિકાનું શાંત મને વાંચન જરૂરી છે.

XXX

પુસ્તકનું નામ : **સેતુબંધ**
લેખક : **મુનિ રાજચંદ્ર વિજયજી**
પ્રકાશક : **શ્રી રત્નોદય ચેરીટેબલ ટ્રસ્ટ**
C/o. વિનસ મેડીકલ, ઉસ્માનપુરા, ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૧૪. ફોનઃ (ઑ.) ૨૭૫૪૦૩૧૨.
પ્રાપ્તિસ્થાન : આ. વિ. રામસૂરીશ્વરજી તત્ત્વજ્ઞાન સંસ્કૃત પાઠશાળા શાહ ભુવન, ધર્મનાથ દેરાસરની સામે, કાર્ટર રોડ નં. ૧, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬.

આ ગ્રંથના પ્રવચનકાર પૂ. તપાગચ્છાચાર્ય રામ-અભય દેવસૂરિના શિષ્ય તત્ત્વપ્રવચન પ્રજ્ઞ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય રત્નચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે આપેલા પ્રવચનોનું અવતરણ મુનિ રાજદર્શનવિજયજીએ કરેલ છે.

આચાર્ય દેવ શ્રી રત્નચંદ્રસૂરિજી મહારાજ સાહેબ જૈન જગતમાં તાત્ત્વિક પ્રવચનમાં કુશળ વક્તા તરીકે જાણીતા છે. આચાર્યદેવશ્રીના શિષ્ય રત્ન મુનિ રાજદર્શન વિજયજીએ પ્રવચનકારના આશયને સાચવીને રોજ-બરોજના પ્રવચનો લખવાનું સુંદર કામ કર્યું.

મહાત્માનું સાદાઈભર્યું જીવન સંસારીજનોને શી રીતે પ્રભુના શાસન સાથે જોડી આપે છે તે આ ગ્રંથનું પરમ લક્ષ્ય છે. આમ આ ગ્રંથનું નામ 'સેતુબંધ' સાચા શબ્દનો સેતુ રચી આપે છે.

આ ગ્રંથની વિશેષતા એ છે કે પ્રવચનમાં વ્યક્ત થતો પ્રભુના વચનોનો તાત્પર્યાર્થ મુનિશ્રીએ પાને પાને ઝીલ્યો છે. તત્ત્વાર્થની ભરપૂર એવા વિચારોને ઝબકાવતાં વીજળી સમા વાક્યો પ્રાસંગિક ઉદાહરણો અને દૃષ્ટાન્તો દ્વારા પ્રવચનના ગૂઢ વિષયને સરળ અને મધુર તથા હૃદયસ્પર્શી બનાવે છે.

આ સેતુબંધ આપણાં જીવનને પ્રભુની સાથે અને ધર્મની સાથે જોડનારો ગ્રંથ છે.

XXX

પુસ્તકનું નામ : **કથાબોધ**
સુવિશુદ્ધ દેશના દાતા વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના પ્રભાવક પ્રવચનમાંથી
સંયોજક : **પૂ. આ. શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**
પ્રકાશન : **મોક્ષમાર્ગ પ્રકાશન, સુરત**
પ્રાપ્તિસ્થાન : જિનવાણી પ્રચારક ટ્રસ્ટ, ૪૯, બૅંક ઑફ ઈન્ડિયા બિલ્ડિંગ, ૧૮૫, શેખ મેમન સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૩.
મૂલ્ય : રૂા. ૧૦૦/- પાના : ૩૪૦, આવૃત્તિ : પ્રથમ વિ. સં. ૨૦૬૫

વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આ. વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના શ્રીમુખે કહેવાયેલી કથાઓ તથા કથાપ્રસંગો ઘણાં વર્ષો પૂર્વે 'કથાઓ અને કથા પ્રસંગો-ભાગ-૧-૨' તરીકે પ્રકાશિત થયા હતા. તેને નજર સમક્ષ રાખીને કથા પરિચય સંકલિત કરવામાં આવ્યો છે. કોઈ ધર્માચાર્યના મુખે કહેવાતી કથાનું રૂપ-સ્વરૂપ કેવું હોય તેનું સચોટ દર્શન કરાવવા આ કથાઓ સમર્થ છે.

આ ગ્રંથની વિશેષતા એ છે કે 'જૈન પ્રવચન' સાપ્તાહિકના અંકોમાંથી સંયોજિત આ કથાઓ જે જે વિષયના ઉપદેશના સમર્થનમાં કહેવાઈ હતી તે વિષયના ઉપદેશમાંની કેટલીક હકીકતોનો દરેક કથાના પ્રારંભમાં અને અંતમાં સંગ્રહિત કરવામાં આવ્યો છે.

આ કારણે આ સંગ્રહ કેવળ કથાત્મક જ ન બનતાં મુખ્યત્ત્વે ઉપદેશાત્મક બન્યો છે. આ ગ્રંથની ૩૫ કથાઓ બોધાત્મક શૈલીથી વર્ણવાયેલ હોવાથી 'કથાબોધ' નામ સાર્થક સિદ્ધ થાય છે. આ ગ્રંથમાં લખાયેલ ૧ થી ૨૪ સુધીના કથાપ્રસંગો જૈન શાસનના કથાનુયોગ સાથે સંબંધિત છે જ્યારે ૨૫ થી ૩૫ સુધીના કથા પ્રસંગો બોધક બને તેવા હોવાથી અહીં સંકલિત કરવામાં આવ્યા છે.

કથાવાચનના રસિયાઓને આ ગ્રંથ ગમશે એ જ રીતે તત્ત્વાર્થીજનોને પણ પ્રિય થઈ પડશે.

XXX

પુસ્તકનું નામ : **શાશ્વત નવકાર મંત્ર**
લેખક : **ડૉ. રમણલાલ ચી. શાહ**
પ્રકાશક : **શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,**
૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
મૂલ્ય : રૂા. ૧૫૦/- પાના : ૨૬૨, આવૃત્તિ : પ્રથમ ઑગસ્ટ-૨૦૦૯.

નમસ્કાર મહામંત્ર જૈન ધર્મનો મુખ્ય મંત્ર છે. આ મંત્ર સકલ શ્રુતનો સાર છે અને સકલ તીર્થનો પણ સાર છે. નમસ્કાર મહામંત્ર પર અનેક ગ્રંથો લખાયા છે અને તેનો મહિમા વર્ણવતા ગ્રંથો પણ લખાયા છે. ડૉ. રમણભાઈ શાહે સમયે સમયે નમસ્કાર મહામંત્ર પર લખેલા લેખોનો આ સંગ્રહ નવકાર વિશેની સાચી, સૂક્ષ્મ અને સરળ સમજ આપી જાય છે. પ્રત્યેક પદનું સ્વરૂપ રમણભાઈએ લેખ સ્વરૂપે આપેલ છે. રમણભાઈમાં શાસ્ત્રી પદાર્થોને સરળ ભાષામાં રજૂ કરવાની અદ્‌ભુત કલા હતી. સર્વ સામાન્ય જનોને સમજાય તેવી સરળ અને સુબોધ શૈલીમાં નવકાર મહામંત્રના પદોનો અહીં પરિચય કરાવ્યો છે.

આ લેખોનું વાંચન કરતી વખતે સ્વયં રમણભાઈ આપણી સાથે હોય તેવી અનુભૂતિ આપણને થાય છે. નવકારમંત્રના આરાધકોને નવકાર મંત્રના પદોના અક્ષરોની સૂક્ષ્માતિસૂક્ષ્મ સમજ પ્રાપ્ત કરવી હોય તેણે આ પુસ્તક વાંચવા અને વસાવવા જેવું છે.

XXX

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11



## ચમત્કારો આજે પણ બને છે !

❑ ભોગીલાલ શાહ

પોંડિચેરી ખાતે મહર્ષિ અરવિંદ અને શ્રી માતાજીનું નામ તથા તેમના ધ્યાન અને મનની ચેતનાના ક્ષેત્રના પ્રયોગો અંગેની જાણ મને વર્ષોથી હતી. તેમના આ પ્રસિદ્ધ ચૈતષિક ધામની યાત્રા અને સમાધિના દર્શન કરવાનું ઘણું જ મન હતું, અને તે રોમાંચક પળ મારા જીવનમાં સાકાર થઈ.

મારા કુટુંબીજનો તથા મિત્રો સાથે દક્ષિણ ભારતના પ્રવાસે જવાનું થયું ત્યારે પોંડિચેરીની ખાસ મુલાકાતના કાર્યક્રમનો મેં આગ્રહ રાખ્યો.

શ્રી અરવિંદ અને શ્રી માતાજીના દિવ્ય ચેતનાને પૃથ્વી પર અવતરણ માટેના પ્રયોગોમાં મને ઝાઝી ગતાગમ પડતી નહિ છતાં કૂતુહલ ખાતર મેં તેમનું કેટલુંક સાહિત્ય વાંચેલું એટલે પોંડિચેરીની મુલાકાત મારે માટે કંઈક અંશે જિજ્ઞાસાનો વિષય હતો.

મહર્ષિ અરવિંદ અને શ્રીમાતાજીની સંયુક્ત સમાધિના દર્શને અમે સવારે ૧૦ વાગે પહોંચ્યા. સેંકડો મુલાકાતીઓ તથા પરદેશીઓ સમાધિ સ્થળના શ્રદ્ધાપૂર્વક દર્શન કરી ત્યાં ધ્યાનમાં બેસતા. સમાધિને તેની દરરોજની પ્રણાલી માફક સુંદર રંગબેરંગી ફૂલોથી શણગારવામાં આવી હતી. સતત ધૂપ અને દીપથી વાતાવરણ મધુર સુગંધથી સભર હતું. સર્વત્ર શાંતિ અને મૌનનો માહોલ પ્રવર્તતો હતો. ઘણાં બધાં ભાવિક ભક્તો સમાધિ આગળ તેમનું માથું ટેકવી ધ્યાનમાં દિવ્ય ચેતનાના અનુભવનો અહેસાસ કરી રહ્યા હતા. મેં તે જોઈ માત્ર કૂતુહલવશ શ્રદ્ધાપૂર્વક માથું ટેકવી આંખો મીંચી ધ્યાનમાં રહેવાનો પ્રયત્ન કર્યો, ત્યારે મને જે દિવ્ય અનુભવ થયો તેનું વર્ણન શબ્દાતિત હોવા છતાં યથાશક્તિ હું તે વ્યક્ત કરું છું.

સમાધિના સ્પર્શથી મારા મસ્તિષ્કમાં જાણે ચમત્કાર સર્જાયો હોય તેમ મારું મન સર્વ વિચારોથી મુક્ત બની વિચારશૂન્યતા (Thoughtlessness) ની અવસ્થાનો આભાસ થયો. હું જાણે કોઈ દિવ્ય પ્રકાશના મહાસાગરમાં તરતો હોઉં તેમ વજનવિહિન Weightlessnessની સ્થિતિનો અનુભવ કરવા લાગ્યો. જાણે કોઈ શ્વેત પ્રકાશની દુનિયામાં વિહરતો હોઉં તેવી ચૈતષિક સ્થિતિનો અનુભવ થયો. આ સ્થિતિ હું બહુ લાંબો સમય જીરવી ન શક્યો. પ્રયત્નપૂર્વક હું પાછી મૂળ સ્થિતિમાં આવવાની મથામણ કરી રહ્યો હતો... છતાં કોઈ ઘેરી નિંદ્રામાં હોઉં તેવી સુષુપ્ત અવસ્થામાં હતો. આ સ્થિતિ લગભગ દસેક મિનિટ સુધી રહી હશે. મારા ભાઈ મને જગાડતા હોય તેમ ધીમેથી બોલ્યાઃ ભોગીભાઈ ! ઊઠો, આપણે જવાનો સમય થઈ ગયો છે.

મારી આ દિવ્ય અનુભૂતિની વાત મેં મારા મિત્રોને કરી. શું આવા ચમત્કારો બની શકે ? જોકે હું વિજ્ઞાનનો વિદ્યાર્થી હોવાથી આવા દિવ્ય ચમત્કારો કે ગૂઢ અનુભવોમાં શ્રદ્ધા ધરાવતો નથી. આત્મા, પરમાત્મા, દિવ્ય અનુભૂતિ વગેરે પ્રત્યે હું તદ્દન વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ રાખું છું. સાબિત થઈ શકે કે જે તર્કબદ્ધ બુદ્ધિગમ્ય હોય તેવી જ ઘટનાઓ પ્રત્યે હું હકારાત્મક વલણ ધરાવું છું.

આ સમયે મને સ્વામી વિવેકાનંદના જીવનમાં બની ગયેલી એક દિવ્ય ઘટનાનું સ્મરણ થાય છે. સ્વામી વિવેકાનંદનું સંસારિક નામ નરેન્દ્ર હતું. તે જ્યારે કૉલેજમાં ભણતા હતા ત્યારે ફિલોસોફીના કોઈ પ્રોફેસરે તેમના એક વ્યાખ્યાનમાં સ્વામી રામકૃષ્ણ પરમહંસનો ઉલ્લેખ કરી એવી વાત કરેલી કે કલકત્તાના દક્ષિણેશ્વરના કાલી મંદિરમાં એક સાધુ રહે છે જે પોતાની જાતને એક ચમત્કારિક પુરુષ તરીકે ઓળખાવે છે તેમજ તેને ભગવાનનો સાક્ષાત્કાર થયેલો છે એટલું જ નહિ તે મા કાલી સાથે પ્રત્યક્ષ વાતચીત કરી શકે છે.

નરેન્દ્રને આ વાત હંબક લાગી અને એક દિવસે મિત્રો સાથે નક્કી કર્યું કે આપણે આ સાધુ બાવાના કહેવાતા ચમત્કારોને ઉઘાડા પાડી તેને નાકલીટી તણાવીએ.

અને એક સાંજે મિત્રો સાથે શંકા-કુશંકા તેમજ અહમ્‌ની માનસિકતા સાથે નરેન્દ્ર દક્ષિણેશ્વરના કાલી મંદિરમાં આ સાધુ સ્વામી રામકૃષ્ણ પાસે ગયા. જેવા આ મિત્રો શ્રી રામકૃષ્ણ પાસે બેઠા કે તરત જ તે બોલી ઊઠ્યા, 'નરેન્દ્ર તું આવી ગયો ? હું તો તારી કેટલા વખતથી પ્રતીક્ષા કરું છું.'

## પંથે પંથે પાથેય...

નરેન્દ્રે ઔપચારિકતા ખાતર પોતાનું મસ્તક આ સાધુ પાસે નમાવ્યું ત્યારે રામકૃષ્ણે એકાએક નરેન્દ્રના મસ્તકને હળવેથી પોતાના ચરણથી સ્પર્શ કર્યો. અને પછી તો જાણે એક સમત્કાર સર્જાયો. નરેન્દ્રને આખી પૃથ્વી જાણે ફરતી લાગી. તેમની જાત જાણે ઓગળવા લાગી અને તે પોતે શૂન્યાવકાશમાં વિલિન થતા હોય તેવો રોમાંચક છતાં ભયપ્રેરક અનુભવ થયો. નરેન્દ્ર બૂમ પાડી ઊઠ્યો, 'અરે ! તમે શું કરી રહ્યા છો ? મારાથી આ સ્થિતિ સહેવાતી નથી. મને પૃથ્વી પર પાછા લાવો.' ત્યારે સ્વામી શ્રી રામકૃષ્ણ મંદ મંદ હસી રહ્યા હતા. તેમણે ધીમેથી નરેન્દ્રને સ્પર્શ કર્યો અને બોલ્યો, 'જા, આજે આટલું બસ છે. ફરીથી મને મળવા એકલો આવજે.' પોતાના સ્મરણો વાગોળતા સ્વામી વિવેકાનંદ લખે છે. પોતાની શ્રી રામકૃષ્ણ સાથેની પ્રથમ ભેટથી જ તેમનામાં અજબ પરિવર્તન આવ્યું. તેમની બધી શંકા-કુશંકાઓ નષ્ટ થઈ ગઈ. જ્ઞાનનો અહમ્ ઓગળી ગયો અને પછી તો આપણે સૌ જાણીએ છીએ કે તેઓ આ મહાનગુરુના બધા શિષ્યોમાં સૌથી વ્હાલા શિષ્ય નિવડ્યા એટલું જ નહિ પણ ભારતીય સંસ્કૃતિને વિદેશમાં ઉજાળનાર આપણને શ્રેષ્ઠ ઉપદેશક સ્વામી વિવેકાનંદ મળ્યા.

ચમત્કારો આજે પણ બને છે ! આવી જ દિવ્ય અનુભૂતિ મહર્ષિ શ્રી અરવિંદના બંગાળી શિષ્ય શ્રી દિલીપકુમાર રૉય તેમજ તેમની શિષ્યા ઈન્દિરા દેવીને થયેલી, ધ્યાનસ્થ અવસ્થામાં એમને શ્રી કૃષ્ણના દર્શન થતાં તથા મધુર કૃષ્ણ ભજનો આપોઆપ સ્ફુરતા.

આજની ભૌતિકવાદી યાંત્રિક દુનિયામાં ભલે સત્તા અને ધનની આણ વર્તાતી હોય પરંતુ તેમ છતાં કોઈક અગોચર પ્રદેશમાંથી આપણા સંત-મહાત્માઓ તથા મહર્ષિ શ્રી અરવિંદે પ્રબોધેલી દિવ્યચેતના...અધિમન્ત્રનું અવતરણ થતું જ હોય

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૧૯)

**Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.**